શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# મહાભારત
# ગીતા-દર્શન

www.neelkanthvarni.com

# અધ્યાય પહેલો : અર્જુનવિષાદયોગ

૧) ગીતાનું સંગીત
૨) ગીતાના સંગીતનું આકર્ષણ
૩) ગીતા : ભગવાન શ્રીકૃષ્ણનું હૃદય
૪) ગીતાનું અક્ષયપાત્ર
૫) કઠિયારાની વાત
૬) ગીતાની બીજી જરૂરી વિચારણા
૭) ધર્મક્ષેત્રનો ઉલ્લેખ
૮) ઉન્નતિની વિરાટ સાધના
૯) મહાભારતના મેદાનમાં
૧૦) અર્જુન અને દુર્યોધન
૧૧) પ્રસંગ નાનો, પણ રહસ્ય મોટું
૧૨) ધર્મને વળગી રહેવાની જરૂર
૧૩) ગીતાના ઉપદેશની જરૂર શા માટે ?

**[૧] ગીતાનું સંગીત**

ગીતાનું સંગીત એ શબ્દો સાંભળતાવેંત કોઈ જિજ્ઞાસુ અજબ ભાવ અનુભવતાં બોલી ઊઠશે કે શું સંગીત ? ને તે પણ ગીતાનું ? સંગીત તો વીણાનું હોય, વાંસળીનું હોય, બીજાં વાજિંત્રોનું પણ હોય, ગીતા તો એક ગ્રંથ છે. તેનું વળી સંગીત કેવું ? આપણે કહીશું, ભાઈ, ગીતાનું પણ સંગીત છે. તેને સાંભળવાની શક્તિ તો મેળવો. પછી તે સંગીતનો સ્વાદ પણ લઈ શકશો. તે સંગીતના બજવૈયા કે સ્વરકાર ભગવાન શ્રીકૃષ્ણ છે. સંગીતની કળામાં તે ખૂબ જ કુશળ છે. તેમની વાંસળીનો સ્વાદ તો જેણે માણ્યો હોય તે જ જાણે. કહે છે કે ભલભલા સમાધિનિષ્ઠ મુનિવરોનાં મન પણ તેના પ્રભાવથી ડોલી ઊઠે છે ને પ્રેમથી દ્રવે છે. ભલભલા તપસ્વી પણ તેના રસથી રંગાઈને મંત્રમુગ્ધ બની જાય છે. એ તો ઠીક પણ ગોકુલ ને વૃંદાવનની ગાયો પણ તેના અમૃતમય ને દેવોને પણ દુર્લભ એવા રસાસ્વાદથી જાણે કે સમાધિસ્થ થઈને ઊભી રહે છે, ને પશુપક્ષી તથા વનસ્પતિ પણ તેથી નવજીવન અનુભવે છે. વાંસળી બધાંની અંદર, જડ કે ચેતનમાં, બધે જ પ્રાણસંચાર કરે છે.

વૃંદાવનની પુણ્યભૂમિમાં પૂર્ણિમાની રાતે અચાનક વાંસળી વાગી, તેના પરિણામે ગોપી જાગી, ને પછી તો સંસારને માટે એક મહાન સ્મૃતિરૂપ એવો રાસ રચાયો. વાંસળીના અમૃતમય આલાપથી મુગ્ધ બનેલી ગોપી વધારે મુગ્ધ બની, ને પોતાના પ્રિયતમ, પ્રાણથી પણ પ્રિય ભગવાન શ્રીકૃષ્ણની સાથે એકતાનો આનંદ અનુભવી રહી. ધન્ય એ વ્રજ, ધન્ય એ કૃષ્ણ ને ગોપી ને સૌનાય હૃદયતારને સાંધીને એક કરનારી ધન્ય એ વાંસળી. પણ એ વાંસળી કૃષ્ણના હૃદયમાં જ સમાઈ ગઈ. કૃષ્ણના પ્રેમ ને જ્ઞાનની એ તો મુર્તિ હતી. છતાં કૃષ્ણનો વાંસળી વગાડનાર ઉસ્તાદ કે સંગીતકારનો સ્વભાવ મટ્યો નહિ, બાલપણનો રસ કેવી રીતે મટી શકે ?

વર્ષો વીતી ગયાં, વૃંદાવનની શરદપૂર્ણિમાની રાસલીલા એક ભૂતકાળની સ્મૃતિ બની ગઈ, ને સ્વયં શ્રીકૃષ્ણ પણ એક મહાપુરૂષ બની ગયા, ત્યારે કુરૂક્ષેત્રની પુણ્યભૂમિમાં પણ ફરી પાછો રાસ રચાયો. પણ એ રાસ જ્ઞાનનો હતો, ને તેમાં ભાગ લેનાર એક પુરૂષ–મહારથી વીર અર્જુન હતો. ગોપીઓની જેમ જ ભગવાન તેનું પણ રક્ષણ કરવા તત્પર હતા. ગોપીઓની સાથે ભગવાને જેમ ગુહ્યાતિગુહ્ય લીલા કરી હતી, તેમ અર્જુનની સાથે પણ ગુહ્યતમ જ્ઞાન આપવાની લીલા કરી. અલબત્ત, રાતે નહિ પણ ધોળે દહાડે જ્ઞાનનો એ અદ્ભુત ને અલૌકિક તથા અભૂતપૂર્વ રાસ કોઈ એકાંત કુંજનિકુંજમાં નહિ. પણ ભીષણ યુદ્ધને માટે સજ્જ થઈ ઊભેલા લાખો શૂરવીરોની વચ્ચે રણમેદાનમાં રચાયો હતો. તેના પ્રભાવથી ગોપીઓની જેમ અર્જુનના પણ બધા સંશય છેદાઈ ગયા ને તેને શાંતિ મળી. પેલી વાંસળીએ ગોપીને મુગ્ધ કરી હતી, તો આ ચૈતન્યમયી જ્ઞાનવાંસળી ગીતા વાંચવા વિચારવાથી સૌ કોઈને મુગ્ધ કરે છે, ને પ્રેમ તથા શાંતિથી તરબોળ કરી દે છે. જડ અને મૃતવત્ થયેલાને જ નહિ, જ્ઞાનીને પણ જીવન આપે છે.

કુરૂક્ષેત્રની ભૂમિમાં કૃષ્ણ ને અર્જુન બન્નેની વૃત્તિઓનો શરૂઆતમાં રાસ રમાયો, ને તેના રહસ્યનો છેવટે શબ્દમાં અવતાર થયો. વેદની ઋચા જેવા સૂર વાંસળીમાંથી વહેતા હતા, તે જ જાણે વધારે સ્પષ્ટ, સ્થૂલ ને સાકાર બનીને વહેવા માંડ્યા. જે જગતના પ્રેમદેવતા ને ગોપીઓના પ્રાણાધાર હતા, તે એક બીજા

નવા અભિનયમાં જગતના ગુરૂ થયા, ને અર્જુનના પ્રકાશદાતા બની ગયા ! શ્રીકૃષ્ણની અંતરવાંસળીનું એ સંગીત સાંભળીને અર્જુનને તો આનંદ થયો જ છે, પણ યુદ્ધભૂમિથી દૂર–ખૂબ જ દૂર બેઠેલા સંજયને પણ આનંદ થયો છે, ને તે પણ ફરી ફરી આનંદ પામે છે. કૃષ્ણ ને અર્જુન તથા કુરૂક્ષેત્રની ભૂમિથી દૂર બેઠેલાને મહાભારતકાળથી દૂર અતીતકાળમાં આવી પડેલા આપણને પણ શું એવો જ આનંદ નથી થતો ? ગીતાનું સરલ, સ્પષ્ટ ને અસરકારક સંગીત શું આપણને પણ મુગ્ધ નથી કરતું ? મહર્ષિ વ્યાસનો ઉપકાર માનો કે એ શબ્દસંગીત સાંભળવાનું આપણને સદ્ભાગ્ય મળે છે. માનવજાતિ તેમની ઋણી છે. તેમણે જ ગીતાના છૂટા પડેલા સ્વરને ભેગા કર્યાં છે અથવા કહો કે છૂટાં પડેલાં ફૂલને એક કુશળ માળીની જેમ તેમણે ભેગાં કર્યાં છે, ને એક સર્વ સામાન્ય સૂત્રમાં ગુંથી લીધાં છે. આવી ઉત્તમોત્તમ માળાનું દાન કરીને તે મહાનમાં મહાન દાનેશ્વરી બની ગયા છે. ગીતાનો ગ્રંથ કહીએ તો પણ તે એક સંગીતમય ગ્રંથ છે એમાં શંકા નથી. તેના પ્રત્યેક વિચાર ને શબ્દેશબ્દમાં સંગીત છે.

**[ ૨ ] ગીતાના સંગીતનું આકર્ષણ**

એ સંગીતનો આસ્વાદ લેવાનું કામ શરૂ કરીએ તે પહેલાં ભૂતકાળમાં થઈ ગયેલા, વર્તમાનકાળમાં થયેલા ને ભવિષ્યમાં થનારા ગીતાના અમૃતમય સંગીતના બધા જ રસિયાઓને આપણે નમસ્કાર કરી લઈએ, મોટા કે નાના, પ્રકટ કે અપ્રકટ, ગીતાના ભાષ્યકારોને, વિચારકોને ને ગીતાજ્ઞાનના પ્રદાતા ગુરૂદેવોને આપણે નમસ્કાર કરી લઈએ. ગીતાના સંગીતને સર્વપ્રિય બનાવવામાં તેમનો ફાળો કાંઈ નાનોસૂનો નથી. તેની સાથે વંદન કરીએ હિમાલયની આ પવિત્ર ઋષિમુનિસેવિત ભૂમિને કે જે જ્ઞાન ને શાંતિની જનની છે, ને આધ્યાત્મિકતાની પ્રેરણાભૂમિ છે. વળી શુભ્રાતિશુભ્ર રૂપરંગે સુશોભિત બનીને વહી જનારી, પ્રેમ ને જ્ઞાનના પ્રવાહ જેવી આ ગંગાને પણ પ્રણામ કરીએ. જે જ્ઞાની ને તપસ્વીની આશ્રયદાત્રી છે, ને પવિત્રતા તથા તેજથી ભરેલી માતા છે. એ પછી પેલી કુરૂક્ષેત્રની ધર્મભૂમિને પણ વંદન કરીએ કે જેના હૃદય પર ગીતાનો અવતાર થયો છે, ને એ રીતે જેનો મહિમા વાંસળીના સ્વરથી પવિત્ર ને સુમધુર બનેલા વૃંદાવનથી જરાપણ ઉતરતો નથી. ભગવાન શ્રીકૃષ્ણ ને અર્જુનને વંદ્યા વિના તો કેવી રીતે રહી શકાય ? તેમના વિના તો ગીતાનો અવતાર જ ન થયો હોત. તેમને આપણા અનેકાનેક વંદન છે. શ્રીકૃષ્ણના ઋણમાંથી તો કોઈ છૂટી શકે તેમ જ નથી. તેમને તો હંમેશાં ને હરેક સ્થળમાં નમતા રહીશું. ગીતાના સંગીતનો સ્વાદ લેવાની તે શક્તિ આપે, ને તેને જીવનમાં ઉતારી શકાય તેવો આશીર્વાદ આપે તો જ આપણું કામ સરલ બને તેમ છે. કેમકે ગીતાના ગૂઢ સંગીતને સમજવાનું કામ કપરૂં છે. રઘુવંશની શરૂઆતમાં મહાકવિ કાલીદાસે કહ્યું છે તેમ, વામન પુરૂષ પોતે ના પહોંચી શકે તેટલે ઊંચે ઝાડ પર આવેલા ફળને લેવા હાથ ઊંચો કરે તેવું કપરૂં છે. જ્ઞાનના મહાન સમુદ્રને એક નાની સરખી નૌકાથી તરવા માટે તૈયાર થવા જેવી આ વાત છે.

સંગીતનો સ્વાદ કોણ માણી શકે ? એકાદ ઉસ્તાદ કે કોઈ સંગીતકાર. મારામાં આમાંની કોઈ યોગ્યતા નથી, છતાં ગીતાના સંગીતનું આકર્ષણ જ એવું અજબ છે કે તેથી આકર્ષાયા વિના રહી શકાય જ નહિ કામ ભલેને અશક્ય કે કપરૂં હોય, ભગવાનની કૃપા હોય તો તે પણ સરલ ને શક્ય બની શકે. તેની

કૃપાથી શું ના થઈ શકે ? સાગરનું પાન કરવાનું કામ કપરૂં છે પણ ભગવાનની કૃપા થાય તો સહેજમાં થઈ શકે. અગ્નિ પર આસન વાળીને બેસવાનું ને આંધળાએ જોવાનું અશક્ય જેવું છે, પણ પ્રભુની કૃપા થાય તો તે પણ શક્ય બની શકે એમાં સંદેહ નથી. તે કૃપાની ભિક્ષા માંગીને ને પ્રભુ પર શ્રદ્ધા રાખીને આ કામ શરૂ કરીએ છીએ. તે બોલે ને બોલાવે તેમ બોલીએ છીએ ને લખાવે તેમ લખીએ છીએ જે કામ તેનું છે તેને તે જ કરશે ને સંભાળશે. તેની એવી પ્રતિજ્ઞા છે. તેમાં વિશ્વાસ રાખીએ.

**[ ૩ ] ગીતા : ભગવાન શ્રીકૃષ્ણનું હૃદય**

ગીતાના એક પ્રખર વિદ્વાન ને પરમપ્રેમીએ એકવાર વાતવાતમાં મને કહ્યું, 'ગીતા એક એવું રતન છે જેનો જોટો સંસારમાં ક્યાંય ના મળે. તેનું જ્ઞાન ખૂબ જ અદ્‌ભુત છે. શ્રીકૃષ્ણે જીવનમાં અનેક જાતની લીલા કરી, કેટલાંય કામ કર્યાં, પણ ગીતાને ગાવાની લીલાથી તેમની લીલા વધારે શોભી ઊઠે છે. ગીતોપદેશ કરવાનું તેમનું કામ બધાં જ કામોમાં અગ્રપદે વિરાજે છે. ભગવાન શ્રીકૃષ્ણનું હૃદય પૂરેપૂરું ક્યાં વ્યક્ત થયું છે ? કૃષ્ણની વાણી રસ ને પ્રેરણાની ઉત્તમમાં ઉત્તમ કોટિએ ક્યાં પહોંચે છે ? કૃષ્ણના અનેકવિધ અલૌકિક જીવનનું રહસ્ય કયે ઠેકાણે ખુલ્લું થાય છે ? તેમના જીવનની ફિલસુફી ખૂબ જ સરળ, સ્પષ્ટ ને અસરકારક રીતે તથા સંપૂર્ણપણે ક્યાં પ્રગટ થાય છે ? એના ઉત્તરમાં કહેવું જોઈએ કે ગીતામાં ને ફક્ત ગીતામાં. એટલે જ ગીતા ભગવાન શ્રીકૃષ્ણનું હૃદય કહેવાય છે. જે સિદ્ધાંતો પોતાને પ્રાણપ્રિય હતા, ને જેમનામાં વિશ્વાસ રાખીને પોતે આ જગતમાં જીવ્યા હતા, તે સિદ્ધાંતોને સંસારના હિત માટે તેમણે ગીતાના ગૌરવભર્યા ગ્રંથમાં સમાવી લીધા છે. માટે તો ગીતા ઉત્તમ ને આદર્શ જીવનની આરસીરૂપ છે. તે આરસીનો પહેલેથી જ મેં ઉપયોગ કર્યો છે, ને તેની મદદથી મન ને અંતરની મલિનતાને દૂર કરવા હિંમત ભીડી છે.

ગીતા મુક્ત કે પૂર્ણ જીવનની કુંચી છે. તેની મદદ લઈને મુક્ત જીવનના મંદિરને કોઈપણ માણસ ઉઘાડી શકે છે, ને પૂર્ણ જીવનમાં પ્રવેશ કરીને ધન્ય પણ બની શકે છે. જગતમાં જન્મીને માતાના દૂધ ને પછી અનાજથી મારા શરીરનો ઉછેર થયો છે. પણ મનનો ઉછેર તો ગીતાના અમૃતથી જ થયો છે. બાલપણથી જ પિતાનું મૃત્યુ થયું હોવાથી હું એક રીતે અનાથ કે નિરાધાર બન્યો. પણ કોઈ પુણ્યના યોગે મને ગીતાનો આધાર મળ્યો. ગીતાથી હું સનાથ બન્યો, તે માતા ને પિતા બંનેના સુખથી પણ વધારે સુખ પામ્યો. ગંગાના દર્શન ને સ્નાન તથા પાનને પ્રત્યેક ભારતવાસી ઈચ્છે છે. મારા દિલમાં પણ તે માટેની તીવ્ર ઈચ્છા હતી–કહો કે ઝંખના હતી. પણ ગીતાનો આનંદ મળતાં જ તે ઈચ્છા શાંત થઈ ગઈ. ભગવાન શ્રીકૃષ્ણના અક્ષરના હિમાલયમાંથી નીકળેલી ગીતાગંગા મારે મન સાચી ગંગા બની ગઈ. તેના સ્નાન ને પાનનો મને નશો ચઢ્યો. એ નશો નુકશાનકારક નહિ પણ લાભકારક છે.

એક બીજી વાત કહું ? જેવી રીતે કૃષ્ણનું તેવી રીતે મહર્ષિ વ્યાસનું પણ સમજવાનું છે. વ્યાસે ગ્રંથો ઘણા લખ્યા, પણ ગીતાના લેખનમાં તો તે ડોલી ઊઠ્યા છે. આવી ગીતાના ગૌરવ વિશે શું કહું ?

**[ ૪ ] ગીતાનું અક્ષયપાત્ર**

ગીતાની આ જ્ઞાનગંગા કેવી મધુર રીતે વહી છે ! આવો એના અમૃતને અંજલિ ભરી ચાખીએ ને કૃતાર્થ થઈએ. ગીતાના સંગીતના સુંદર સ્વર સાંભળીએ. એથી બધાં દુઃખ ટળી જશે ને આનંદઆનંદ થઈ રહેશે. ગીતાનો રસ અક્ષય છે. નદીનાં નીર ચોમાસામાં ભરાય ને ઉનાળામાં પાછા સુકાઈ જાય, કૂવા પણ વખત પર ભરાય ને પાછા ખાલી થાય, તળાવ પણ રસ ને કસ વિનાનાં બની જાય, પણ ગીતાનો અમૃતરસ કદી પણ નહિ સુકાય, નહિ ઘટે કે ખાલી પણ નહિ થાય. કરોડો લોકો હજારો વરસોથી તે રસનું પાન કર્યા કરે છે, ને હજી પણ પાન કર્યા કરશે. એકની એક વસ્તુ રોજ રોજ વાપરવાથી તેનું આકર્ષણ ઓછું થાય છે એમ કહેવાય છે. પણ ગીતાના સંબંધમાં તે સાચું નથી. પેલા સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે સોનાને ફરીફરી તપાવવાથી તેની કાંતિમાં વધારો થતો જાય છે, તથા ચંદનને પણ વધારે ને વધારે ઘસવાથી તેની સુવાસ વધતી જાય છે, તેમ ગીતાનું વાંચનમનન વારંવાર કરવાથી તેના રસમાં વધારો થતો જાય છે. અરુચિવાળા માણસે પણ એકવાર જ્યાં ગીતાના અમૃતરસનો સ્વાદ લીધો, ત્યાં તેને એવો ચસકો લાગવા માંડે છે, રસની એવી તો અદમ્ય ભૂખ લાગવા માંડે છે કે તેને તૃપ્ત કરવાનું કામ ખૂબ જ મુશ્કેલ થઈ પડે. પછી તો તે ગીતાનો પરમ પ્રેમી થઈ જાય છે. ગીતાના નિરંતર અભ્યાસથી તેના રસમાં વધારો થતો જાય છે. છેવટે તેની રસાસ્વાદની ઈચ્છા શમી જાય, ને તેની તરસ કે ભૂખ પણ શાંત થઈ જાય, પણ ગીતાનો રસ ખૂટતો નથી. ગીતાનું અક્ષયપાત્ર તો એવું ને એવું જ ભરેલું રહે છે. ખાબોચિયાં ને નાની નદી જલદી સુકાઈ જાય છે, પણ ગંગા સદાય ભરેલી જ રહે છે. ઉનાળાની સખત ગરમીમાં પણ તેનું પાણી તન, મન અને અંતરને શીતળ કરે છે, ને ટાઢું હીમ જેવું થઈને વહ્યા કરે છે. યુગોથી પૃથ્વીના પ્રવાસે નીકળેલો તેનો પ્રવાહ કદી ખૂટતો કે થાકતો જ નથી. ગીતાની અમૃતગંગા પણ એવી જ અવિનાશી છે. ગંગાની જેમ તે પણ પતિતપાવની છે. કોઈ પણ સ્થળે ને કોઈયે કાળે માણસને તે શાંતિ આપી શકે છે. આનું નામ અમરતા. ગીતા અમરતાની મૂર્તિ છે.

સંસારમાં બે પ્રકારનું સાહિત્ય છે. એક તો ક્ષણજીવી સાહિત્ય ને બીજું સર્વકાલીન કે સનાતન સાહિત્ય ક્ષણજીવી સાહિત્ય અમુક સમય પૂરતું જ પ્રકાશ આપે છે. બધા સમયને માટે તે પ્રેરણા નથી આપી શકતું. પરંતુ સનાતન સાહિત્ય ગઈકાલ, આજ, આવતીકાલ ને બધા જ સમય માટે પ્રેરણા આપનારૂં છે. જ્યાં સુધી માનવજાતિ જીવે ત્યાં સુધી તેને અસર કરનારું છે, ગીતાનું સાહિત્ય આવું સનાતન છે. ગીતાને વ્યાસની બુદ્ધિનો નીચોડ કહી શકાય. ભારતીય ધર્મમાં પ્રસ્થાનત્રયીનું મહત્વ વિશેષ છે. ગીતા ભારતીય જ્ઞાનધારાનું પરિપૂર્ણ પ્રતીક છે, ભારતના આધ્યાત્મિક ઉદ્યાનનું પૂર્ણપણે ખીલેલું ફૂલ છે. એમાં સંદેહ નથી. મહાભારતના યુદ્ધમાં ને મહાભારત ગ્રંથમાં–બન્નેમાં ગીતા પ્રાણ જેવી છે. બીજા ગ્રંથોમાં વ્યાસ ભગવાનનું મસ્તિષ્ક કે બુદ્ધિધન વ્યક્ત થાય છે, ને સારી રીતે વ્યક્ત થાય છે, પણ ગીતામાં તો તે ઉપરાંત એક બીજી જ અનોખી વસ્તુ–વ્યાસનું હૃદય રજૂ થયેલું છે. જે ભાવના ને જીવનની ફિલસુફી વ્યાસને ખૂબ પ્રિય હતી, જે તેમના જીવનમાં આશા, પ્રેરણા ને પ્રકાશનું કામ કરતી હતી, તે તેમાં રજૂ થઈ છે. અટલે તે આટલી બધી અસરકારક બની ગઈ છે.

ગીતાની મહત્તા તેના રચનારને મન કેટલી બધી છે તેનો ખ્યાલ લાવવા ગીતાના દરેક અધ્યાયની નીચેના શબ્દોનો વિચાર કરો. તેમાં 'ભગવદ્ ગીતા સૂપનિષત્સુ' એવા ઉલ્લેખ છે. ભગવદ્ ગીતા એક

ઉપનિષદ્ છે એમ તેમાં કહેવામાં આવ્યું છે, ને ગીતાના બધા જ ટીકાકારો ને વિચારકોએ ચરણને માન્ય રાખ્યું છે. આપણે એમ પણ કહી શકીએ કે ગીતા બધાં જ ઉપનિષદોનું પ્રતિનિધિત્વ કરનારો કે ઉપનિષદોની વતી જવાબદારીપૂર્વક બોલનારો ગ્રંથ છે. જે તેનું શરણ લે, તેની શિક્ષાને જીવનમાં ઉતારે, તેના બધા જ સંશય છેદાઈ જાય, ને તેને શાંતિ ને માનસિક પ્રસન્નતાની પ્રાપ્તિ પણ થઈ જાય. આ અર્થ પ્રમાણે ગીતાને ઉપનિષદ્ કહેવાનું બરાબર જ છે, એ વાતનો આપણે પણ સ્વીકાર કરીશું, ને સહર્ષ સ્વીકાર કરીશું.

**[ ૫ ] કઠિયારાની વાત**

ગીતા જેવા મહાન ગ્રંથનો વારંવારનો વિચાર ખૂબ જ ઉપયોગી છે. આ બાબતમાં પેલી લોકવાર્તાને યાદ કરવા જેવી છે. વાર્તા એવી છે કે, એક કઠિયારો ખૂબ જ ગરીબ હતો. તેને એક મહાપુરૂષની મુલાકાત થઈ ગઈ. મહાપુરૂષે તેની કંગાલિયત જોઈને કહ્યું : આ જંગલમાં તું જ્યાં લાકડા કાપવા જાય છે ત્યાં હવે ના જઈશ. પણ જંગલમાં વધારે ને વધારે અંદર જજે. આમ કરવાથી બહુ જ થોડા વખતમાં તારી કંગાલિયત દૂર થઈ જશે, ને તું ધનવાન બની જઈશ. કઠિયારાને આ સાધારણ ઉપાય સાંભળીને બહુ આનંદ થયો. બીજે દિવસથી તે તો જંગલમાં અંદર ને અંદર જવા માંડ્યો. અંદર જતાં જ તેણે ચંદનનું જંગલ જોયું તે તો આનંદમાં આવી ગયો. કપાય તેટલાં ચંદનના લાકડાં કાપીને તે નગરમાં વેચવા ગયો. તો તે દિવસે તેને ખૂબ પૈસા મળ્યા.

બે ચાર દિવસ સુધી તે જ ચંદનનાં લાકડાં કાપ્યાં પછી તેને થયું કે પેલા મહાપુરૂષે તો જંગલમાં અંદર ને અંદર જવાનું કહ્યું છે, ફક્ત ચંદનના જંગલ પાસે અટકવાનું કહ્યું નથી. બીજે દિવસે તે ગયો, તો તેના હરખનો પાર રહ્યો નહિ. કેમ કે ત્યાં બધે દેવદારના ઝાડ હતાં ! તે દિવસે તેને વળી વધારે પૈસા મળ્યા. એમ કરતાં કરતાં તેને જંગલમાં તાંબુ, ચાંદી ને સોનાની ખાણ પણ મળી ગઈ, ને હીરા માણેક પણ તેના હાથમાં આવ્યાં. હવે તો તેના ભાગ્યનું કહેવું જ શું ? મહાપુરૂષે કહેલી વાણી ફળી, ને તે કઠિયારો થોડા વખતમાં તો સુખી ને શ્રીમંત બની ગયો.

આ વાત સાચી હો કે ખોટી, ને તે પ્રમાણે પેલો કઠિયારો ધનવાન ને સુખી બન્યો હોય કે નહિ, પરંતુ તેના પરથી ફલિત થતી શિક્ષા તો સાચી જ છે. તે શિક્ષા બે પ્રકારની છે. એક પ્રકારની શિક્ષા એવી છે કે જીવનનો વિકાસ કરવા માગનાર માણસે ખોટા સંતોષનો આશ્રય લીધા વિના હંમેશા આગળ ને આગળ વધતા રહેવું જોઈએ. જીવનનો વિકાસ ખૂબ જ વિરાટ છે. તેની ભૂખ જાગ્રત રાખીને માણસે આગળ ને આગળ પુરુષાર્થ કરતાં રહેવું જોઈએ. તો જ તેને સાચી મહાનતા ને શ્રી મળી શકે. બીજી શિક્ષા જ્ઞાનના સંબંધમાં છે ને ગીતા જ્ઞાનની પ્રત્યક્ષ પ્રતિમા હોવાથી, તેના સંબંધમાં પણ તે લાગુ પાડી શકાય છે. ગીતાના સંબંધમાં પણ તે શિક્ષા સાચી ઠરે છે.

કઠિયારાએ જંગલમાં વધારે ને વધારે અંદર પ્રવેશ કરીને જેમ કિંમતી પદાર્થો, ધન ને સુખની પ્રાપ્તિ કરી, તેમ ગીતામાં પણ વધારે ને વધારે પ્રવેશ કરવાથી માણસને કિંમતી પદાર્થોની પ્રાપ્તિ થાય છે : જેની કિંમત તાંબુ, ચાંદી ને સોનાના સિક્કાથી પણ અનેકગણી વધી જાય, એવાં ઉચ્ચ જીવનનાં મૂલ્યવાન સત્યો કે રહસ્યોની પ્રાપ્તિ થાય છે, જેને માટે તે ઝંખે છે ને સાચી કે ખોટી દિશામાં પ્રયાસ કરે છે. તે પરમ

શાંતિ, મુક્તિ ને પૂર્ણતાનો માર્ગ તેને માટે ખુલ્લો થાય છે, ને જીવનને સફળ કરવાની કુંચી તેના હાથમાં આવી જાય છે. આખરે તેની સર્વ પ્રકારની કંગાલિયત દૂર થાય છે, ને તે ધની ને ધન્ય બને છે.

સંસારમાં ધની ઘણા છે પણ તે બધા ધન્ય નથી. ધન્યતાનો અનુભવ કરનારા તેમાં બહુ જ ઓછા હોય છે. એવા એકાદ બે ધની પણ ભાગ્યે જ મળે છે જે પોતાને પૂરા સુખી ને ધન્ય માનતા હોય. આ ઉપરાંત, કંગાલિયત પણ અનેક જાતની છે. જેની પાસે ધન ના હોય તે જ કંગાલ છે એમ માનવાની જરૂર નથી. ધન હોય પણ સારું તન ના હોય, અથવા તે બંને હોય પણ ઉત્તમ એવું મન ના હોય, તો માણસ કંગાલ જ છે. ધનની કંગાલિયત બુરી છે એનો ઈન્કાર આ યુગમાં ભાગ્યે જ કરી શકાશે. તન અને મનની કંગાલિયત આજે ઠેરઠેર થતી જાય છે એ દુઃખદ છે. માણસે સુખી થઈને સમાજ કે સંસારને સુખી કરવો હોય તો આ મહત્વની ને તેને મરણતોલ કરી નાખનારી કંગાલિયતથી મુક્ત થવું જ જોઈએ. ગીતા એ માટેના રામબાણ ઉપાય બતાવે છે. તેના અમલથી માણસ સુખી, ધની ને વધારામાં ધન્ય પણ બની શકે છે. ગીતાનો કેવળ વિચાર કરીને બેસી રહેવાથી આ હેતુ નહિ સધાય. વિચાર સાથે અમલ કે વર્તનની પણ જરૂર છે. જીવનમાં જે નિયમો ને સિદ્ધાંતોને વફાદાર રહીને ચાલવાનું છે તેનો ખ્યાલ વિચારનો આશ્રય લીધા વિના કેવી રીતે આવી પડશે ? મંથન કર્યા વિના બેસી રહેવાથી માખણ ક્યાંથી નીકળશે ? એટલે વિચારની જરૂર પહેલી છે. પછી જ તે પ્રમાણે વર્તન કરવાનો કાર્યક્રમ ઘડી શકાય. આ વિચાર જ વિવેક છે; ને તેનું મહત્વ જ્ઞાનના માર્ગમાં સૌથી પ્રથમ માનેલું છે. તે વિના માણસ ભાગ્યે જ આગળ વધી શકે.

**[ ૬ ] ગીતાની બીજી જરૂરી વિચારણા**

શરૂઆતની આટલી વિચારણા પછી હવે ગીતાની બીજી જરૂરી વિચારણા પર આવીએ. આ વિચારણા વધારે ભાગે માણસના ધ્યાનમાં નથી આવતી. એટલે સુધી કે અઢાર અધ્યાયનો પાઠ કરનારા પણ તેને ભૂલી જાય છે, કે તેની તરફ ઉદાસીનતા સેવે છે. પરંતુ તે બરાબર નથી. મારી સમજ પ્રમાણે ગીતાના વાચક, પ્રશંસક કે અભ્યાસીએ આ વિચારણાને શરૂઆતમાં જ ધ્યાનમાં લેવી જોઈએ. ને તે પછી ગીતાનો અધ્યાયવાર વિચાર શરૂ થવો જોઈએ. આ વિચારણા શી છે ? તે મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય છે.

એક તો એ કે સારા કે નરસા કોઈયે સંજોગોમાં, દિલ બહેલાવવા, વખત પસાર કરવા કે બીજા કોઈયે કારણસર, માણસે જુગાર ના રમવો. કેમકે તે બધા જ સંજોગોમાં અનિષ્ટાકારક છે. પાંડવોને જે અનેક પ્રકારનાં કષ્ટોનો સામનો કરવો પડ્યો, ને છેવટે કૌરવોની સામે લડવા માટે શસ્ત્રો સજીને યુદ્ધના મેદાનમાં પણ ઉતરવું પડ્યું, તેના કેટલાંક કારણોમાંનું એક ખૂબ જ મહત્વનું કારણ જુગાર હતું. યુધિષ્ઠિર જો દુર્યોધન સાથે દ્યુત રમવા તૈયાર થયા ના હોત, તો તેને પરિણામે ઊભી થયેલી બીજી કેટલીક કઠિન સમસ્યાઓ ઊભી ના થાત, ને મહાભારત તથા ગીતાનો ઈતિહાસ આજે છે તેથી જુદો જ હોત. પણ દ્યુત રમવાની હા પાડીને યુધિષ્ઠિરે મોટી ભૂલ કરી.

એવી જ મોટી બીજી ભૂલ રજસ્વલા દ્રૌપદીને રાજસભામાં પકડી લાવવાની આજ્ઞા કરીને દુર્યોધને, ને તે આજ્ઞાનું પાલન કરીને દુઃશાસને કરી. પરસ્ત્રી માતસમાનના મંત્રનો એ ભંગ કૌરવોને માટે ઘણો જ ભયંકર થઈ પડ્યો. તેથી સંસારે જોઈ જાણી ના હોય એવી એક મહાન યાદવાસ્થળીનો પાયો નંખાયો. જુગારના

આશ્રયથી ને પરસ્ત્રીને માતા સમાન ગણવાના માનવના નીતિનિયમના ભંગથી કેવું ભયંકર પરિણામ આવી શકે છે તે મહાભારત સારી રીતે બતાવી આપે છે.

મહાભારતના યુદ્ધ પરથી ફલિત થતી બીજી જરૂરી શિક્ષા કે વિચારણા-અંદર અંદરનો કુસંપ કેટલો અનિષ્ટકારક નીવડે છે તે છે. કૌરવ-પાંડવ ભાઈ હોવા છતાં સંપથી ના રહ્યા. ખાસ કરીને કૌરવપક્ષે પાંડવોને સતાવવામાં બાકી ના રાખ્યું. ઈર્ષા, વેર કે શત્રુતાનાં બીજ તેમણે પોતાના હાથે જ વાવ્યાં. તો છેવટે પરિણામ શું આવ્યું ? તેમનો પોતાનો જ વિનાશ થઈ ગયો. આ શિક્ષાને સમજવી ને તેને જીવનમાં ઉતારવાની જરૂર છે. મહાભારતને રચાયે ને વંચાયે કેટલાંય વરસો વીતી ગયાં, પણ તેના સારરૂપ આ શિક્ષા તરફ માનવજાતિએ બહુ જ ઓછું ધ્યાન આપ્યું હોય તેમ લાગે છે.

કુસંપ ને વેર તેના પાલક પિતાનો જ નાશ કરી નાંખે છે. એ વાત તરફ માનવનું લક્ષ હજી બરાબર નથી દોરાયું, નહિ તો માનવજાતિ ક્રોધ, વેર કે ઈર્ષાની આગથી મુક્ત બની હોત. પણ ખરેખર તેવું નથી. પ્રત્યેક યુદ્ધને અંતે માનવ પસ્તાયો છે, ને શાંતિને માટે યુદ્ધનો ઈલાજ એ સાચો ઈલાજ નથી એ પણ તે સમજ્યો છે, છતાં તરત વિધુર થયેલા માણસને જેમ લગ્ન પર વૈરાગ્ય થાય, પણ પાછળથી તે લગ્નના ઉત્સવમાં મશગુલ પણ થઈ જાય, તેમ માનવે યુદ્ધને માટેની તૈયારી પુરજોશમાં ચાલુ જ રાખી છે. હજી યુદ્ધ ને વિનાશનો ભય સંસારમાંથી દૂર થયો નથી. ઘરમાં, ગામમાં, સમાજમાં, રાષ્ટ્રસમુહમાં હજી કુસંપ વધતો જ જાય છે. માનવે સુખી થવું હોય, શાંતિની ઝંખનામાં સફળ બનવું હોય, તો સંપ ને સચ્ચાઈ તથા પરસ્પર પ્રેમના મંત્રને તેણે અપનાવવો જોઈશે. દુર્યોધનની જેમ બીજાના હક પર તરાપ મારવાનું ને જે ખરેખર પોતાનું નથી તેને પચાવી પાડવાનું મલિન માનસ છોડી દેવું પડશે ને સત્ય ને સહકારનો મહિમા સમજવો પડશે. આ મંત્રનો અનાદર કરવાથી સંસારમાં કેટલીય લડાઈઓ લડાઈ છે, ને કેટલાય જાનમાલનો નાશ થયો છે, કેટલાય દેશો પરાધીન પણ બની ગયા છે. એટલે હવે તો માનવજાતિ આ બોધપાઠને સદા યાદ રાખે તે જરૂરી છે.

**[ ૭ ] ધર્મક્ષેત્રનો ઉલ્લેખ**

ગીતાની શરૂઆતમાં જ યુદ્ધના સમાચાર જાણવા આતુર થયેલા ધૃતરાષ્ટ્ર સંજયને પૂછે છે કે 'ધર્મક્ષેત્ર એવા કુરુક્ષેત્રમાં કૌરવ-પાંડવ બંને લડવા માટે ભેગા થયા હતા. તેમનું શું થયું ? તે વાત તો કહી બતાવો.' ને તેના ઉત્તરમાં સંજય મહાભારતના યુદ્ધની શરૂઆતનો થોડોક ઈતિહાસ ને ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આપેલો ગીતાનો ઉપદેશ રજૂ કરે છે. આ સાંભળીને એક વિદ્વાને મને કહ્યું : 'તમને નથી લાગતું કે ગીતામાં કેટલીક શંકાસ્પદ વાતો છે ? ગીતાનો ઉપદેશ સરલ છે એ સાચું. પણ તે ગૂઢ પણ એટલો જ છે. તે કેટલીક જગ્યાએ તો સમજવામાં ને સ્વીકારવામાં મુશ્કેલી ઊભી થાય છે.'

મેં પૂછ્યું, 'કેમ ? દાખલા તરીકે...'

તેમણે કહ્યું : 'દાખલા તરીકે તો કેટલીય વાતો કહી શકું, પણ તે તો પછી જેમ જેમ વખત મળશે ને આપણી વાતચીત વધશે તેમ તેમ કહીશ. હાલ તો ગીતાની શરૂઆતની જ બે શંકાસ્પદ વાતો બતાવું છું. કુરૂક્ષેત્રમાં કૌરવ ને પાંડવ લડવા માટે ભેગા થયા, એટલે તે સમરભૂમિ થઈ કે રણક્ષેત્ર બન્યું. અઢાર

અક્ષૌહિણી સેનાનો ત્યાં નાશ થયો. મોટામાં મોટી હિંસા થઈ, લોહીની નદીઓ વહી. તે ભૂમિને ગીતાની શરૂઆતમાં જ ધર્મક્ષેત્ર કહેવામાં આવે છે તે શું બરાબર છે ? તે ભૂમિ શું પાવન કહી શકાય ? છતાં આશ્ચર્ય એ છે કે ગીતામાં તેને ધર્મક્ષેત્ર કહીને પાવન કહેવામાં આવી છે.'

કુરૂક્ષેત્રની ભૂમિ મહાભારતના યુદ્ધ પહેલાં પણ પવિત્ર ધર્મભૂમિ હતી. ત્યાં અનેક જાતનાં ધર્મનાં અનુષ્ઠાનો થયાં હતાં. તેથી જ ગીતામાં તેને ધર્મભૂમિ કહેવામાં આવી છે. ગંગા પવિત્ર છે, ને કેટલાંય વરસોથી પવિત્ર મનાય છે. કોઈ તેના પાણીમાં સ્નાન કરે છે, કોઈ સંધ્યા-ગાયત્રી કરે છે, તો કોઈ જપ-ધ્યાન પણ કર્યા કરે છે. પણ તેવી જ રીતે કોઈ તેમાં ઊભા રહીને ગાળાગાળી કરે કે લડાઈ લડે કે ગંદકી પણ કરે, તો શું ગંગાની પાવનતા દૂર થઈ જવાની ને તે અપવિત્ર બનવાની ? તે જ પ્રમાણે હિમાલયની ભૂમિ દૈવી ને તપોભૂમિ ગણાય છે. પ્રાચીન કાળથી આ ભૂમિમાં વીતરાગ, સાધક ને સિદ્ધ એવા ઋષિમુનિઓએ વાસ કર્યો છે, ને સાધના કરી છે. પણ આજે આ ભૂમિમાં બધે ઋષિઓ જ રહે છે, ને સાધના કે ધર્મનાં કામ જ થાય છે એમ નથી. કાવાદાવા ને ચોરી તથા કુડકપટ કરનાર માણસો ને સાધકો પણ અહીં છે. પણ કેટલાક માણસો આ ભૂમિમાં કે ગંગાને કિનારે રહીને અધર્મ કરતા હોય તેથી શું આ દૈવી ભૂમિનો ને પતિતપાવની ગણાતી ગંગાનો મહિમા ઓછો થઈ જવાનો છે ? તેની મૂળ પવિત્રતામાં ફરક પણ પડવાનો છે ? માણસ તેની પાસે રહીને સારું નરસું ગમે તેવું કામ કરે પણ ગંગા ને હિમાલયની જે ભૂતકાલિન પવિત્રતા ને મહત્તા છે, તે તો એવી જ અખંડ રહેવાની છે. તે જ પ્રમાણે કુરૂક્ષેત્રની ભૂમિનું છે. કૌરવ ને પાંડવે ત્યાં યુદ્ધ કર્યું. પણ તે પહેલાંથી તે તો ધર્મભૂમિ હતી, પુણ્યક્ષેત્ર હતું. જેમ કૌરવ પાંડવે ત્યાં યુદ્ધ કર્યું, તેમ ધર્મના કામ પણ ત્યાં કેટલાંય થયા હતાં. વળી પાંડવો જે યુદ્ધ કરવા હાજર થયા હતા, તે પણ ધર્મની રક્ષા માટેનું જ યુદ્ધ હતું. તેથી તે મહિમાને યાદ કરીને જ ગીતાકારે તેને ધર્મક્ષેત્ર કહ્યું છે.

એક બીજી વાત, ધર્મક્ષેત્ર કે તીર્થસ્થાનમાં તો માણસો વધારે ભાગે પુણ્યકાર્ય કરવા ભેગા થાય છે. તીર્થક્ષેત્રના વાતાવરણથી માણસ સાત્વિક બને છે, ને પ્રભુની લીલાના રહસ્યનું જ્ઞાન મેળવે છે એવા ઉત્તમ સ્થાનમાં પણ કોઈને લડવાની કે અધર્મ કરવાની ઈચ્છા થાય તો શું સમજવું ? કાં તો તેને લડવાનું ને અધર્મ કરવાનું ખૂબ જ પ્રિય હશે, કે પછી લડવા ને અધર્મ કરવા સિવાય તેને માટે છૂટકો જ નહિ હોય, એટલે ધર્મક્ષેત્રમાં પણ કૌરવ પાંડવ લડવા તૈયાર થયા છે એમ કહીને ગીતાકાર કહેવા માંગે છે કે જોયું ? ઈર્ષા, ક્રોધ ને સ્વાર્થથી માણસ અંધ બને છે, કૌરવો તેવા અંધ હતા. તેથી ધર્મભૂમિમાં પણ તેમનું દિલ ના પલટાયું. ધર્મભૂમિની અસર પણ તેમને ના થઈ શકી. પાંડવો ધર્મપરાયણ હતા. છતાં તેમને માટે લડાઈ કરવા સિવાય કોઈ બીજો ઉપાય ન હતો. આ બે પ્રકારનો સંકેત કરવામાં ધર્મક્ષેત્રનો ઉલ્લેખ સારી પેઠે સફળ થાય છે. '

### [ ૮ ] ઉન્નતિની વિરાટ સાધના

પેલા વિદ્વાન ભાઈને સંતોષ થયો. તેમણે કહ્યું : 'આ વાત તો સમજાઈ ગઈ. પણ હવે બીજી વાત. સંજય ધૃતરાષ્ટ્રને યુદ્ધનું વર્ણન કરી બતાવે છે, ને ભગવાને કહેલો ગીતાનો ઉપદેશ પણ સંભળાવે છે. પણ તે તો યુદ્ધભૂમિથી ખૂબ જ દૂર હતો. ત્યાંથી યુદ્ધનું દૃશ્ય કેવી રીતે જોઈ શકાયું ને ગીતાનો ઉપદેશ પણ તેને

કેવી રીતે સંભળાયો ? કહે છે કે મહર્ષિ વ્યાસે તેને દિવ્યદૃષ્ટિ ને શક્તિ આપી હતી, તેને લીધે તે દૂર બેસીને પણ બધું જોઈ ને સાંભળી શક્યો. તો શું આ વાત સાચી માનવી ? આપણી દુનિયામાં તો આવું કાંઈ બનતું નથી. કે પછી આ એક વિનોદ છે ?'

મેં ઉત્તર આપ્યો કે, 'ભાઈ, મહર્ષિ વ્યાસે સંજયને દિવ્યદૃષ્ટિ આપી હતી એ વાત તદ્દન સાચી જ છે. ગીતાના અઢારમા અધ્યાયમાં જ સંજયે જાહેર કર્યું છે કે ગીતાનો આ રહસ્ય ઉપદેશ તેમણે મહર્ષિ વ્યાસની કૃપાથી સાંભળ્યો છે, ને યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણે પોતે પોતાના શ્રીમુખે અર્જુનને આ ઉપદેશ આપ્યો છે.'

વ્યાસદેવની કૃપાથી સંજય યુદ્ધભૂમિથી દૂર રહીને મહાભારતનું યુદ્ધ તો જોઈ શક્યાં, પણ શ્રીકૃષ્ણે આપેલો ઉપદેશ પણ સાંભળી શક્યા. આપણી દુનિયામાં આવું બને છે કે નહિ તે જુદી વાત છે. પણ શક્તિના આવા પ્રયોગો આપણી આજની દુનિયામાં જોવા ન મળતા હોય તેથી જ કાંઈ તેવા પ્રયોગો નિરર્થક નથી થઈ જતાં, તેથી જ કાંઈ તેમને પાયા વિનાના માની લેવાની જરૂર નથી. પ્રાચીનકાળમાં ને થોડા વખત પહેલાં થનારી કેટલીય વસ્તુઓ આજે નથી થતી.

ભાગવતમાં કર્દમ ઋષિએ એક વિમાન પોતાની સંકલ્પ શક્તિથી તૈયાર કર્યું હતું, તે બેસનારની ઈચ્છા પ્રમાણે ચાલનારું, કોઈના પણ ચલાવ્યા વિના ચાલનારું ને અનેક જાતના ભોગ પદાર્થોથી સંપન્ન હતું. રામાયણના આધાર પ્રમાણે રામનું પુષ્પક વિમાન પણ અજબ હતું. રામને અયોધ્યામાં ઉતારીને કોઈના પણ ચલાવ્યા વિના જ તે પાછું ફર્યું હતું. પહેલાંની ધનુર્વિદ્યા પણ કેવી અજબ હતી ? ચિત્તોડની રાજપુત સ્ત્રીઓ પોતાના શિયળની રક્ષા કરવા અગ્નિમાં કૂદી પડતી તેવી સ્ત્રીઓ આજે ના હોય કે તદ્દન ઓછી સંખ્યામાં હોય, ને કેટલીક સ્ત્રીઓને મન શિયળ રક્ષા કે શરીરની પતિવ્રતાનું ખાસ મહત્વ પણ ના હોય, તેથી તે ક્ષત્રિય સ્ત્રીઓના દ્રષ્ટાંત શંકાસ્પદ થઈ જાય છે કે ? હરિશ્ચંદ્ર ને રંતિદેવના માર્ગે ચાલવાનું કામ વધારે ભાગના માણસોને માટે આજે કપરું હોય, તેથી તેમણે આચરી બતાવેલા સત્ય ને જીવદયા કે સેવાના માર્ગને શંકાની દૃષ્ટિથી જોવાની જરૂર છે કે ? ધ્રુવજીને પાંચ વરસની નાની વયે પાંચેક મહિનાના સ્વલ્પ સમયમાં પ્રભુનાં દર્શન થયાં. તે માટે તેમણે તપશ્ચર્યા પણ ખૂબ ભારે કરી. તેવી તપશ્ચર્યા કરવાની આજે સાધારણ માણસમાં શક્તિ ન હોય, ને પાંચ કે સાત વરસની નાની વયમાં પ્રભુને પંથે પ્રયાણ કરનાર ભાગ્યે જ કોઈ મળતું હોય કે પછી કોઈયે મળતું ના હોય, તો તેથી જ શું ધ્રુવજીની સત્યતા પ્રત્યે અવિશ્વાસની નજરે જોવાનું ડહાપણ ભર્યું છે કે ?

હમણાં જ થઈ ગયેલા મહાત્મા ગાંધીજીની જેમ સાધારણ માણસને સત્ય, અહિંસા ને અભયને માર્ગે ચાલવાનું સરળ લાગતું ના હોય, તો તેથી પોતાની અંદર ત્રુટી જોવાને બદલે માણસે શું એમ માની લેવું કે સત્ય, અહિંસા ને અભયનું પૂરું આચરણ આ યુગમાં થઈ જ ના શકે ? તે જ પ્રમાણે પહેલાંના ઋષિઓમાં સાધનાની અજબ શક્તિઓ હતી. તેવી શક્તિઓનું વર્ણન પાંતજલ યોગદર્શનમાં વિસ્તારથી કરેલું છે. વિજ્ઞાનની મદદથી માણસ આજે દૂરના શબ્દો સાંભળી શકે છે. એટલું જ નહિ, પણ તે શબ્દો કહેનાર માણસને પણ સાથે સાથે જોઈ શકે છે. આવી શોધ સંસારમાં થઈ ચૂકી છે, તો પ્રાચીન કાલમાં તે વસ્તુ કેમ નહિ હોય ?

વિજ્ઞાને જે શક્તિ બાહ્ય જગતની મદદથી મેળવી છે તે જ શક્તિ ને તેથી પણ વધારે વિરાટ શક્તિ ઋષિ ને યોગીઓએ ઈશ્વરની કૃપા ને પોતાની અંદરના જગતના અનુસંધાનથી મેળવી હતી. વ્યાસે એ શક્તિનો જે સાધારણ પરિચય સંજયને આપ્યો છે તેને દૂરદર્શન ને દૂરશ્રવણ પણ કહેવામાં આવે છે એટલે તે બાબત જરાપણ શંકા કરવાની જરૂર નથી. માણસ ધારે તો આજે ને કોઈયે કાળે એ ને એથી પણ અજાયબીમાં નાખી દે એવી બીજી શક્તિઓ મેળવી શકે છે. તે માટે અખંડ સાધના કે ઉપાસનાની જરૂર રહે છે.

ભારત દેશ મુખ્યત્વે ધર્મપ્રાણ છે. ઈશ્વરની શોધને માટે સર્વસ્વનો ત્યાગ કરીને ફકીરી લેનાર માણસો આ દેશમાં જુના વખતથી થતા આવ્યા છે. આત્મિક રહસ્યોનો ઉકેલ કરવા માગનાર ને આત્મિક શક્તિઓનો પૂર્ણ વિકાસ કરવા પ્રયાસ કરનાર પુરૂષો પણ આ દેશમાં દરેક યુગમાં વત્તા કે ઓછા પ્રમાણમાં થતાં જ આવ્યા છે. તેવી રીતે આત્મિક શક્તિઓની પ્રાપ્તિ કરી ચૂકેલા પુરૂષો પણ આ દેશમાં હરેક સમયે થતા જ રહ્યા છે. આજના વિકૃત, વધારે ભાગે યંત્રમય ને આધ્યાત્મિક વિકાસથી વિમુખ એવા વાતાવરણની વચ્ચે પણ કોઈ કોઈ વાર આવા આત્મવીરોનાં દર્શન થઈ જાય છે. તો પણ એટલું સાચું છે કે સર્વસાધારણ માણસો આધ્યાત્મિક શક્તિને મેળવી કે સમજી શકવાના નહિ, કેમ કે તેવી શક્તિ માટે ભારે ત્યાગ ને પુરૂષાર્થની જરૂર રહે છે. માણસે તે માટે કેવળ ઈશ્વરપરાયણ થઈને જ જીવવું પડે છે કે આત્માના સતત અનુસંધાનમાં આનંદ માનવો પડે છે.

માનવ શરીરમાં કેટલી શક્યતા રહેલી છે, તે વાત દૂરદર્શન ને દૂરશ્રવણ જેવી શક્તિના વિચાર પરથી સમજી શકાય છે. જો સારી પેઠે સમજીએ તો આ વાત આપણે માટે લાભકારક છે, પ્રેરણાદાયક પણ છે. જીવનના દરેક ક્ષેત્રમાં આરોગ્યમાં, વિદ્યામાં, રસમાં, નવી નવી શોધખોળમાં, લોકહિતના કર્મમાં, વિકાસમાં, બધામાં વધારે ને વધારાની ઈચ્છા કર. જે અલ્પ છે તેમાં સુખ ક્યાંથી હોય ? સુખ તો ભૂ' માં એટલે વિરાટ ઈશ્વરમાં છે તે ઈશ્વરનું અનુસંધાન કર. દુનિયાની જ નહિ પણ આત્માની ઉપાસનામાં પણ રત બન. તો તું અનંત ને અખંડ સુખનો ભાગી બની શકીશ. વિકાસના આ એક મંત્રથી તું જીવનને ઉચ્ચ બનાવી શકીશ. માટે ઊઠ. આળસનો ત્યાગ કર, સમયની મહત્તાને સમજ, ને કમ્મર કસીને ઉન્નતિની વિરાટ સાધનામાં લાગી જા.

**[ ૯ ] મહાભારતના મેદાનમાં**

વારુ ત્યારે, ચાલો મહાભારતના મેદાનમાં. પહેલા અધ્યાયની શરૂઆતમાં જ ધૃતરાષ્ટ્ર સંજયને પૂછે છે કે કુરૂક્ષેત્રની ધર્મભૂમિમાં મારા ને પાંડુના પુત્રો–કૌરવો ને પાંડવો લડવા માટે ભેગા થયા હતા તેમનું શું થયું ? મને કહી સંભળાવો.

વ્યાસની કલમ ખૂબ કલાત્મક છે. ગીતાના પહેલા જ શ્લોકની બીજી લીટી તરફ બરાબર ધ્યાન દોરાયું ? ધૃતરાષ્ટ્રે કૌરવોને માટે **मामका** એટલે મારા એવો શબ્દપ્રયોગ કર્યો છે. ધૃતરાષ્ટ્ર વૃદ્ધ ને અંધ હતા, તેમનામાં ડહાપણ ને સ્વાર્થવૃત્તિનો અભાવ હોત, કૌરવ–પાંડવ વચ્ચે તેમને ભેદભાવ ન હોત તો કૌરવ–પાંડવના વિરોધની ખાઈ આટલી બધી ઊંડી ખોદાઈ હોત ખરી ? ધૃતરાષ્ટ્ર તો કૌરવોને જ મારા ગણે છે–

પાંડવો જાણે તેને મન પરાયા છે. આ બાબતમાં તે દુર્યોધનને મળતા આવે છે. આશ્ચર્ય એ છે કે ઉમર ગઈ, સંસારના અનેકરંગી અનુભવો પણ મેળવ્યા, છતાં હજી આ ભેદભાવ દૂર થયો નથી, ને સમદૃષ્ટિ આવી નથી.

સંજય ધૃતરાષ્ટ્રના પ્રશ્નના ઉત્તરમાં હવે મહાભારતનો પ્રારંભિક ઈતિહાસ રજૂ કરે છે. તે કહે છે કે દુર્યોધને પાંડવોની સેનાને જોઈ, ને પછી આચાર્ય દ્રોણની પાસે જઈને કહવા માંડ્યું, કે હે આચાર્ય, પાંડવોની આ મોટી સેનાને જુઓ : દ્રુપદના પુત્રે ને તમારા શિષ્યે તેને તૈયાર કરી છે. આ શ્લોકમાં પણ કલા છે. દ્રોણને સામે લડવા માટે તેમના પોતાના જ શિષ્યે તૈયારી કરી છે. છતાં તે વાતને સાંભળીને દ્રોણને જરાય નવાઈ લાગતી નથી કે પોતાના શિષ્યની સામે કેમ લડાય એવો વિચારે આવતો નથી. દુર્યોધનની જેમ શિષ્યો ને સ્નેહીઓ સાથે લડવામાં તેમને જાણે કાંઈ નવીનતા ના દેખાતી હોય એવી તેમની દશા છે. ને દુર્યોધન તો જુઓ. સામે પક્ષે લડનારા પોતાના જ ભાઈ છે, ને પોતે ધારે તો આ યાદવાસ્થળીને આંખના પલકારા માત્રમાં બંધ કરી શકે તેમ છે છતાં યુદ્ધની તૈયારી જોઈને પણ તેનું હૃદય રોઈ ઊઠતું કે હૈયું હાલતું નથી. ઊલટું, તે તો જાણે કોઈ મોટા ઉત્સવમાં શામેલ થયો હોય તેમ આનંદમાં મસ્ત છે. જે વાતને યાદ કરવા કરતાં મરવાનું બહેતર ગણાય તે વાતની યાદમાં તે બધું જ ભાન ભૂલી ગયો છે. તે તો પોતાના પક્ષનાં ગુણગાન ગાવાની શરૂઆત કરે છે, ને પોતાની સેના પાંડવોની સેના કરતાં કેટલી બધી પ્રબળ ને ભારે છે તેની કલ્પનાછબી દ્રોણાચાર્યની સામે રજૂ કરવામાં આનંદ માને છે. દુર્યોધને પોતાના ને પાંડવોના પક્ષના જે વીરોની નામાવલિ રજૂ કરી છે, તેનું પારાયણ કરવાની આપણે જરૂર નથી. આપણે તો યુદ્ધના ગીતાવિચારમાં મદદ કરી શકે એટલા ઉલ્લેખની જ જરૂર છે.

જેનું અમંગલ નક્કી હોય તેની દશા કેવી થાય છે તેની કલ્પના આપણને દુર્યોધનના રેખાચિત્ર પરથી સારી પેઠે આવી શકે છે. દુર્યોધનનો વિનાશ નજીક છે તેથી તેની દૃષ્ટિ પણ અંધ બની છે. તેનો વિવેક રૂંધાઈ ગયો છે, ને તેની ધર્મની કલ્પના કટાઈ ગઈ છે. જો તેમ ના હોત તો યુદ્ધના મેદાનમાં ઊભેલા પોતાના જ બંધુ ને સ્વજનોને જોતાંવેંત તેનું હૃદય ગમે તેટલું કઠોર હોત તો પણ પીગળી જાત. છેલ્લી ઘડીએ પણ તે પોતાની ભૂલ સમજી જાત ને તેને સુધારવાનો પ્રયાસ કરત. પશ્ચાતાપમાં ડૂબી જઈને પવિત્ર બનીને તે પાંડવોને ભેટી પડત, તેમને તેમનો ન્યાયી હિસ્સો આપત ને પોતે તથા પોતાના બધા જ સ્નેહી સુખી થાય તે માટેનું નમ્ર નિમિત્ત બની રહેત. પણ ગમે તેમ માનો, એમ કહો કે રામે ધાર્યું હોય તે જ થાય છે. **होवत सोही जो राम रचि राखा** અથવા ભર્તૃહરિની જેમ એમ કહો કે આ સંસારની શતરંજ પર કાળ માણસને બાજીના સોગઠાંની જેમ ફેરવે છે ને નચાવે છે. પણ દુર્યોધનને યુદ્ધની ભયંકરતાની ને વિનાશકતાની કલ્પના ના આવી. છેલ્લી ઘડીએ પણ તેની સાન ઠેકાણે ના આવી, એ વાતની આ ઈતિહાસ પરથી આપણને ખબર પડે છે. મતલબ કે દુર્યોધનને સમજાવવા શ્રીકૃષ્ણે કરેલો પ્રયાસ વ્યર્થ ગયો, ને યુદ્ધને સામે ઊભેલું જોઈને તેનામાં કાંઈ ફેર ના પડ્યો એટલે તેને સમજાવવા કે તેની સાથે કામ લેવા યુદ્ધ એ છેલ્લો ને અનિવાર્ય ઉપાય હતો. એ વાત તરફ ગીતાકાર આપણું ધ્યાન દોરે છે.

### [ ૧૦ ] અર્જુન અને દુર્યોધન

તેની તરત જ પછી તે એક બીજું પણ તેથી જુદું જ પાત્ર આપણી આગળ રજૂ કરે છે. તે પાત્ર અર્જુનનું છે. ગીતાકારે દુર્યોધનના પાત્રને પહેલાં રજૂ કર્યું છે, ને પછી અર્જુનના પાત્રને. આથી બંને પાત્રોની સરખામણી કરવાની આપણને સારી તક મળે છે. ત્યારે ગાંડીવધારી વીર અર્જુનની છબી પણ તમારા કલ્પનાના પટ પર ઊભી કરો. કૃષ્ણ ને અર્જુન ભારતવાસીઓનાં પ્રિય પાત્રો છે એટલે તેમની છબી ભારતવાસીઓનાં હૃદયમાં રમતી જ હોય છે, તો પણ કલ્પનાને જરા તેજસ્વી બનાવીને કુરુક્ષેત્રના મેદાનમાં પ્રયાણ કરો. કૌરવ ને પાંડવની સેના ભયંકર યુદ્ધ માટે તૈયાર થઈને એકમેકની સામે ઊભી રહી છે. અર્જુનના રથના ઘોડાની લગામ પકડીને ભગવાન શ્રીકૃષ્ણ પણ યુદ્ધના મેદાનમાં શોભી રહ્યા છે. સારીય સૃષ્ટિની ને ખાસ કરીને અર્જુન જેવા ભક્તોના તન ને મનની અથવા જીવનના રથની લગામ હાથમાં લેનાર ભગવાન સારથિના વેશમાં કેવા સુંદર લાગે છે ! અર્જુન પણ તે સુંદરતા જોઈ રહ્યો છે. પણ આ તો યુદ્ધનું મેદાન છે. એમ ફક્ત સુંદરતાનું પાન કરવાથી કેમ ચાલશે ! યુદ્ધને માટે તૈયારી કરવી જોઈએ. એટલે જ અર્જુન ભગવાનને કહે છે કે આ રથને બંને સેનાની વચ્ચે લઈ જઈને ઊભો રાખો. બંને પક્ષમાં લડવા માટે જે ભેગા થયા છે તે યોદ્ધાઓને હું જરા જોઈ લઉં !

અર્જુનના મનના કાર્યક્રમની શરૂઆત અહીંથી જ થઈ ને તેના પરિણામે જ ગીતાની જરૂર પણ ઊભી થઈ. અર્જુન કૌરવપક્ષના યોદ્ધાને જોવા માંડ્યો, તો તેમાં તેને કાકા, મામા, ભાઈ, ગુરૂ ને એવા એવા સ્નેહી કે સ્વજનો જ દેખાયા. આ જોઈને તેને અજબ લાગણી થવા માંડી. તેને થયું કે મારી સામે લડનારા તો મારા સ્વજનો જ છે. શું તેમની સાથે લડવું બરાબર છે ? ને આ લડવાનું છે શાને માટે ? એક ક્ષુદ્ર રાજ્યની ને સંસારના સુખની પ્રાપ્તિ માટે. એવા સાધારણ હેતુને માટે અમે એકમેકનાં ગળાં કાપવા તૈયાર થયા છીએ. એનાં કરતાં તો બધું છોડીને ભિક્ષુક બની જવું બહેતર છે. આવા આવા વિચારો તેને આવવા માંડ્યાં, ને તેની અસર તેના શરીર પર પણ થવા માંડી. તેનાં ગાત્રો ઢીલાં થવા માંડ્યા, શરીરે પરસેવો વળવા માંડ્યો. શોક ને ચિંતાને લીધે રૂંવાડા ઊભા થઈ ગયાં, ને જેને લીધે તેની ત્રિભુવનમાં વિખ્યાતિ હતી, તથા જે તેના જીવનના મુખ્ય પ્રાણ કે હથિયારરૂપ હતું, તે ગાંડીવ પણ તેના હાથમાંથી સરકી જવા માંડ્યું. તેના પગ ઢીલા થઈ ગયાં ને દિલનો ઉત્સાહ ઢીલો પડી ગયો. મન ભમવા માંડ્યું ને ત્વચામાં દાહ થવા માંડ્યો. આ બધાં લક્ષણો તેને ખૂબ જ અમંગલ કરનારાં લાગ્યાં. અર્જુનના મુખમાં મહર્ષિ વ્યાસે જે શબ્દો મૂક્યા છે તેથી તે સાફ દેખાય છે. પણ તેની ચર્ચામાં વધારે નહિ પડીએ, અહીં તો આપણે અર્જુન ને દુર્યોધનના પાત્રો વચ્ચેના વિરોધી વલણ તરફ જ દૃષ્ટિ ફેરવીશું.

દુર્યોધને પણ અર્જુનની જેમ બન્ને પક્ષના યોદ્ધાઓને જોયા છે, પણ તેના દિલના ભાવ અર્જુનના ભાવથી જુદા છે. તેને તો પોતાની બલવાન સેનાને જોઈને આનંદ થયો છે, તેના પગ ઢીલા નથી પડી ગયા, પરંતુ વધારે પાણીદાર બન્યા છે, અહંકાર ને વેરભાવનાનો તેને પાનો ચઢ્યો છે. તેણે તો બધા જ ચિન્હો પોતાની તરફેણમાં ને મંગલ જોયા છે. તેના હાથનાં હથિયાર જરા પણ ઢીલાં નથી પડ્યાં. ઊલટું, તે મજબૂત બન્યાં છે. આ બે વિરોધી પાત્રોનો વિચાર કરવાની તક આપીને ગીતાકાર આપણને કહેવા માગે છે કે કૌરવ ને તેમના નેતા દુર્યોધનનો વિચાર લડવાનો ને ગમે તે ઉપાયે પાંડવોને નિર્મૂળ કરવાનો જ છે. અર્જુન જેમને કાકા, મામા ને ગુરૂ કહે છે તે પણ વિવેકને દેશવટો આપીને લડવા માટે તૈયાર થયા છે. અર્જુને

પોતાના ભાવ પોતાના દિલમાં જ ન રહેવા દીધા. તેણે તો પોતાનો બધો જ કેસ શ્રીકૃષ્ણની આગળ રજુ કર્યો કેમ કે તે તેના સારથિ હતા. યુદ્ધના રથના જ નહિ, જીવનના રથના પણ સારથિ હતા અર્જુને પોતાનાથી થાય એટલી દલીલો કરી. તેનો કહેવાનો મુખ્ય સૂર એ જ હતો કે સ્વજનોની સાથે યુદ્ધ કરવું ઉચિત નથી. તેવા યુદ્ધથી પાપ લાગે છે, તેવા યુદ્ધથી સર્વ પ્રકારે નાશ થાય છે, માટે મારે તો યુદ્ધ નથી કરવું. રાજ્યને માટે લડવાની મારી ઈચ્છા નથી. એના કરતા તો સંન્યાસી થવાનું હું વધારે પસંદ કરીશ. લડવાથી મારૂં કાંઈ જ કલ્યાણ નહિ થાય. એના કરતાં તો કૌરવો મને નિઃશસ્ત્રને રણમાં મારી નાખે તો તેથી મારૂં મંગલ થશે.

ને એ બધી જ જુદી જુદી દલીલોને અંતે વાત ઘણી જ વધી ગઈ. અર્જુને ધનુષબાણ મૂકી દીધાં ને શોકમાં ડૂબી જઈ તે રથમાં બેસી ગયો. આ વખતની તેની છબી કેવી અનોખી લાગે છે ! લડવાની તૈયારી કરીને આવ્યો ત્યારે તેના મનમાં ઉત્સાહ હતો, પગમાં પાણી હતું. પણ હવે ? બધાં જ ઉત્સાહ ને પરિબળ પર પાણી ફરી વળ્યું. કેમ કે તેના મનમાં તોફાન શરૂ થયું. તે જાણે છે કે આ દશા વચગાળાની છે, કાયમી નથી. છતાં તેમની કસોટીનો ખરો સમય હવે આવીને ઊભો રહ્યો. નાટકનો અંત ખૂબ કરૂણ આવી ગયો. હવે તેને કેવી રીતે પલટાવવો ? પણ તે બાબત શ્રીકૃષ્ણ સારી રીતે જાણે છે કેમ કે તે એક અદ્‌ભૂત વૈદ છે. નાડીપરીક્ષા કરી, નિદાન શોધી લઈને ઉચિત ઉપાય બતાવવામાં તે કુશળ છે. હાલ તો અર્જુનની કુશળતા જતી રહી છે એ બતાવનારો પહેલા અધ્યાયનો છેલ્લો શ્લોક મહત્વનો શ્લોક છે. પહેલા અધ્યાયનો સાર તેના છેલ્લા શ્લોકમાં સારી પેઠે સમાઈ ગયો છે. તે એક શ્લોક વંચાય ને વિચારાય તો પણ બસ છે. આ રહ્યો તે શ્લોકઃ-

એમ કહી બેસી ગયો રથમાં પાર્થ પ્રવીણ,
ધનુષબાણ મૂકી દઈ થઈ શોકમાં  લીન.

**[ ૧૧ ] પ્રસંગ નાનો, પણ રહસ્ય મોટું**

અર્જુનની આ દશા કેવી હતી ? લડવા માટે તૈયાર થઈને તો તે આવ્યો હતો. આ પહેલાં યુદ્ધો પણ તેણે કેટલાંય કર્યા હતાં. યુદ્ધની કળામાં તે કુશળ ને એક્કો  હતો છતાં તેનો ઉત્સાહ ઢીલો પડી ગયો. જુસ્સો શમી ગયો, ને લડવાની ના કહીને તે ખિન્ન મનથી રથમાં બેસી ગયો. તેનું કારણ શું ? શું લડવા પરથી તેને વૈરાગ્ય થઈ ગયો ? યુદ્ધમાં જે જાનમાલની ભયંકર ખુવારી થવાની હતી તેની કલ્પનાથી તે કંપી ઉઠ્યો ? તેનું લડાયક દિલ શું જ્ઞાનના જાદુઈ સ્પર્શથી એકાએક પલટાઈ ગયું ? કહે છે કે અશોકના વિખ્યાત કલિંગવિજય પછી અશોકને યુદ્ધ પરથી વૈરાગ્ય થઈ ગયો. તેને થયું કે જે યુદ્ધમાં અનેક માનવો ને બીજા પ્રાણીની હત્યા થાય છે તે યુદ્ધનો સદાને માટે ત્યાગ કરવો. પાછલા જીવનમાં તેણે તે પ્રમાણે કરી બતાવ્યું. આ તો યુદ્ધનો મોટો પ્રસંગ છે. પણ નાના હિંસક પ્રસંગો પરથી પણ માણસને જ્ઞાન મળી જાય છે.

એક માણસ બેદરકારીથી પાણીની પીચકારી ઉડાડતો હતો. તે પીચકારી સામેની દિવાલ પર પડતી હતી. આ એક તદ્દન સાધારણ વાત હતી. પણ એકાદ બે મિનિટમાં તો તેનો બધો જ વ્યવસાય બંધ પડ્યો. તે નીચે બેસીને કૈં જોવામાં મશગુલ બની ગયો. થોડીવારમાં તો તેની આંખમાં પાણી પણ ભરાઈ ગયું. તેના મિત્રોને આશ્ચર્ય થયું. તેમણે કારણ પૂછ્યું તો તેણે જમીન તરફ તેનું ધ્યાન દોર્યું. ત્યાં કોઈ કીડી પડી હતી.

પેલા ભાઈએ કહ્યું : એમાં વળી રોવાનું શું છે ? તો તેણે જવાબ આપ્યો કે મેં મોટી ભૂલ કરી તેનું મને દુઃખ છે. આ કીડી દિવાલ પરથી જતી હતી. મારી પીચકારીથી તે નીચે પડી ને મરી ગઈ. પણ એમાં આટલું દુઃખી થવાનું શું છે ? આવું ને આથી યે ભયંકર તો માણસોથી કેટલું ય થાય છે. કીડીઓ કેટલી ય મરે છે. એક કીડી મરી તેમાં આટલું દુઃખ ? એ ભાઈને મન કીડીના જીવનનો કાંઈ હિસાબ ન હતો. પણ તેનો મિત્ર તો હજી દુઃખી હતો. તેણે કહ્યું : નહિ. પ્રત્યેક પ્રાણીને પોતાનો જીવ વ્હાલો છે. જીવન સૌને પ્રિય છે. આ જીવનથી જગતના એક પ્રાણીને વંચિત કરવાનો અપરાધ થયો તે માટે મને દુઃખ છે. આશ્ચર્ય તો એ છે કે તે માણસે પોતાના સમસ્ત જીવનમાં પછીથી પીચકારી મારવાનું જ મૂકી દીધું.

પ્રસંગ ઘણો નાનો છે, પણ તેનું રહસ્ય ઘણું મોટું છે. નાની વાતોની અસર જીવન પર ઘણી મોટી પડે છે. જેમને આવી નાની વાતો પર વિચાર નથી થતો તે મોટી વાતોનો વિચાર કરવામાં પણ વધારે ભાગે પાછો પડે છે. આવી નાની છતાં હિંસક મનોવૃત્તિ જ આગળ જતાં પાંગરવાં માંડે છે, ને માણસ બળદ ને ગાય તથા વાઘ, સિંહ ને હરણનો શિકાર કરવા માંડે છે, નિર્દોષ પંખીને કેદ કરવામાં ને મારવામાં આનંદ માને છે, ગૌરવ પણ અનુભવે છે, ને માણસોના ખૂન કરતાં પણ અચકાતો નથી. તેના ભયંકર કર્મ સામે વિરોધનો સૂર ઊઠાવશો તો તે તરત કહેશે એમાં શું ? મતલબ કે કોઈની પણ હત્યા કરવી એ તેને મન સાવ સાધારણ વાત છે. રાક્ષસીવૃત્તિ તે આનું જ નામ. આ વૃત્તિ જ્યાં જ્યાં જોવા મળે ત્યાં ત્યાં માનવના રૂપમાં રાક્ષસના વંશજો જીવી રહ્યા છે એમ સમજી લેવું.

### [ ૧૨ ] ધર્મને વળગી રહેવાની જરૂર

આ મુંઝવણમાં તે ભિક્ષુ કે સંન્યાસી થવાની વાત પણ કાઢી નાંખે છે. સ્વજનો સાથે લડવું તેના કરતાં તો ત્યાગી થઈને પેટ ભરવું ને જીવન પસાર કરવું શ્રેષ્ઠ છે, એમ તે કહેવા માંડે છે. ખરી રીતે ત્યાગી થવાની અસલી ભૂમિકા પર તે હજી પહોંચ્યો ન હતો. તે ક્ષત્રિય હતો, ને ક્ષત્રિયને છાજે તે રીતે તેને વ્યવહાર કરવાનો હતો. તેના જમાનામાં જે શાસ્ત્રીય પ્રણાલિકા પ્રચલિત હતી, તે પ્રમાણે હજી તેની ઈચ્છા હોય તો પણ તેને ત્યાગી થવાની વાર હતી. છતાં પોતાના યુદ્ધ કરીને ધર્મની રક્ષા ને અધર્મનો પ્રતીકાર કરવાના ધર્મનો ત્યાગ કરીને સંન્યાસીના 'નારાયણ હરિ'ના ધર્મને અપનાવવાની તેને ઈચ્છા થઈ. આ કાંઈ દ્રઢ વૈરાગ્ય કે વિચારના પરિણામરૂપે ન હતું. આ તો એક ઉભરો હતો, સ્મશાન વૈરાગ્યનું સ્વરૂપ હતું, ને તે પણ સાચું સ્વરૂપ ન હતું. સ્મશાનમાં કોઈની ચિતાને જલી જતી જોઈને કેટલીકવાર માણસ ફિલસૂફ બની જાય છે ને સંસારની અસારતાની વાતો કરવા માંડે છે. પણ તે કેટલીવાર સુધી ? સ્મશાનમાં હોય ત્યાં સુધી. અરે ત્યાં સુધી પણ ભાગ્યે જ. કઢાઈમાં દૂધ ઉકળતું હોય તેમાં અગ્નિની પ્રબળતાને લીધે ઉભરો આવે પણ લાકડાં ખેંચી લેવાથી કે અગ્નિ ઓછો કરવાથી તે ઉભરો શમી જાય, એમ સ્મશાનના ચિત્રોને નજરે જોવાથી કેટલીકવાર માણસને સંસારના મિથ્યાત્વનો ને સર્વ કાંઈ છોડી દઈને પ્રભુસ્મરણમાં લાગી જવાનો વિચાર થાય. પણ ઘેર આવે એટલે બધો જ રંગ ઊડી જાય.

કેટલીકવાર તો વિધુર થયેલા માણસો એક તરફ ચિતા જલતી હોય ત્યારે અર્જુનની જેમ ભિક્ષુધર્મ સ્વીકારવાની વાતો કરતાં કરતાં, લગ્નના નવા સંબંધની વાતો પણ શરૂ કરે. આવો વૈરાગ્ય ક્યાં સુધી ટકે ?

ને સ્મશાન વૈરાગ્યના ક્ષણિક ઉભરાની અસર નીચે આવેલો માણસ કદાચ સંન્યાસી બની જાય તો પણ, તેનો સંન્યાસ કેટલોક દીપે ને ટકી શકે ? દુઃખથી, શોકથી કે એવાં જ કોઈ સાધારણ કારણથી થયેલો ત્યાગ, ત્યાગની મહત્તાને કેવી રીતે વધારી શકે ? અર્જુનને કાંઈ વૈરાગ્ય થયો ન હતો. તેની વાણી તો મમતાના રંગે રંગાયેલી હતી. હજી ત્યાગના સાચા સ્વરૂપની સમજ તેને ન હતી. સાચી સમજ હોત તો પોતાના ક્ષત્રિય તરીકેના ધર્મનું પાલન કરીને પણ તે ત્યાગનો આનંદ મેળવી શકત. પણ એની ગુરૂકુંચી તેની પાસે ન હતી.

અર્જુનને એક બીજો વિચાર પણ આવી ગયો, ને તેણે તેના મન પર ભારે અસર કરી દીધી. ધનુષબાણનો ત્યાગ કરાવી તેને વિષાદગ્રસ્ત બનાવી દેવામાં એ વિચારનો હિસ્સો કાંઈ નાનોસૂનો ન હતો. એ વિચાર કયો હતો ? સ્વજનોને મારવાથી સુખ તો નહિ મળે પણ બદલામાં પાપ મળશે ને નરકયાતના ભોગવવી પડશે : એ વિચારે તેના મનને વધારે વિષાદમય કરી દીધું. પાપ ને પુણ્યનો વિચાર ઘણો પ્રાચીન છે. મહર્ષિ વ્યાસે મહાભારતમાં તેનો નીચોડ કરતાં કહ્યું છે કે બીજાને મદદરૂપ થવું, જે સૌથી પર કે ઉત્તમ છે તે પરમાત્માને માટે જીવન સ્થાપન કરવું, તે પુણ્ય છે ને બીજાને નુકશાન પહોંચાડવું તથા જે સૌથી શ્રેષ્ઠ છે તેવા પરમાત્માના નીતિ નિયમથી વિરૂદ્ધ ચાલી તેમને ભારરૂપ કે પીડારૂપ થવું તે પાપ છે.

**पुण्याय पापाय परपीडम्।**

પુણ્ય સમાયું પરોપકારે, પાપ ગણો પરપીડા.

પણ તેમાંય પાછો શાસ્ત્રોએ ઘણો સુધારો વધારો કર્યો છે. તે છતાં વ્યાસ ભગવાનની આ વ્યાખ્યા તો અટલ જ રહે છે. તે સૌનો સાર રજુ કરે છે. માણસ પોતે આ વ્યાખ્યાને જાણે છે. છતાં દરેક વખતે તે સ્પષ્ટરૂપે પાપ ને પુણ્યનો વિચાર કરી શકતો નથી. પાપ ને પુણ્યના નિર્ણય વખતે કેવળ કર્મનું બાહ્ય સ્વરૂપ જોઈને નિર્ણય કરવાનું બરાબર નથી. કર્મની પાછળ રહેલી ભાવના પણ જોવી પડે છે. યુદ્ધકર્મ હિંસાથી ભરેલું છે, કેટલાય જીવોની તેમાં હત્યા થાય છે, આ વાતની અર્જુનને ખબર હતી. છતાં આ વાતનો પ્રભાવ તેના મન પર પડ્યો ને તેને વિષાદ થયો એમ ન હતું. યુદ્ધ તો તેની પ્રિય વસ્તુ હતી. પણ આ યુદ્ધમાં તો સ્વજનોની સામે લડવાનું હતું. તેથી તેને પાપનો વિચાર આવી ગયો. યુદ્ધ કરવાથી સુખ નહિ મળે એવો ભય પણ તેથી જ ઉત્પન્ન થયો. પરિણામે તેની ખિન્નતામાં વધારો થયો.

### [ ૧૩ ] ગીતાના ઉપદેશની જરૂર શા માટે ?

આટલી વાતમાં આપણને ગીતાનું મૂળ મળી રહે છે. ગીતાના જન્મનું કારણ, ગીતાની પાછળ જે પ્રેરકશક્તિ છે તેનો આનાથી આભાસ મળી રહે છે. ગીતાની આ ભૂમિકા છે. ગીતાનો ઉપદેશ કરવાની જરૂર કેમ પડી, ને ગીતાનો ઉપદેશ મુખ્યત્વે કયા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે, તેનો ખ્યાલ આટલી વિચારણા પરથી આવી રહે છે. સ્વજનોને જોઈને અર્જુનને મોહ થયો છે, તેમને હણવાથી પાપના ભાગી થવાશે એમ લાગવાથી ગાંડીવને બાજુ પર મૂકી દઈને તે રથમાં બેસી ગયો છે. આવે વખતે પોતાનો ખરો ધર્મ શું છે તેનો નિર્ણય કરવાનું પણ તેને માટે મુશ્કેલ બન્યું છે. પોતાના કર્તવ્યને તે ભૂલી ગયો છે. આકાશમાં ચંદ્રમાનો પ્રકાશ થઈ રહ્યો હોય, ને જોનારને તેથી પરમ આનંદની પ્રાપ્તિ થતી હોય તેવી દશા કુરૂક્ષેત્રના મેદાનમાં રથમાં બેસીને આવેલા શસ્ત્રસજ્જ અર્જુનની હતી. ભગવાન શ્રી કૃષ્ણની સાથે તેની શોભા

વર્ણવી ના શકાય તેવી હતી. તેની આગળ બીજા બધા જ યોદ્ધા નાના મોટા તારા જેવા લાગતા હતા. પણ હવે તેને વિષાદ થયો. મુખ ઉપર અવિવેક, મોહ ને વિષાદનું વાદળું ફરી વળ્યું. તેથી તેની વીરતા ને તેનો ઉત્સાહ સર્વ કાંઈ ઠંડુ પડી ગયું. કુરૂક્ષેત્રના આ વિષાદમાં ડૂબેલા વીર અર્જુનની જરા કલ્પના તો કરો. તેની છબી તમારી અંતરની આંખ આગળ જરા ઊભી તો કરો.

ભગવાને ગીતાનો ઉપદેશ આપ્યો તેનું મુખ્ય કારણ અર્જુનને ફક્ત યુદ્ધ કરવા તૈયાર કરવાનું નહિ, પણ તેને વિષાદથી મુક્ત કરવાનું છે. આ વિષાદની માતા–મૂળ જનની અવિવેક કે મોહની વૃત્તિ છે. એટલે મોહનો નાશ કરવા કે દૂર કરવા ગીતામાં વધારે ભાગે પોતાના ધર્મનું યથાર્થ આચરણ કરવા પર, તેવું આચરણ કરવા છતાં પાપથી મુક્ત રહેવાની કલા પર ને પોતાના ને સૃષ્ટિના સંબંધની માહિતી પર વારંવાર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

પણ આ પ્રકાશ એકલા અર્જુનને માટે જ નથી. તે તો સારીય સૃષ્ટિને માટે એટલો જ ઉપયોગી છે. ભગીરથે મહાન વિપત્તિ વેઠી ને ગંગાનું અવતરણ થયું, તેથી સાગરના સાઠ હજાર પુત્રોનો ઉદ્ધાર તો થયો જ પણ સારી સૃષ્ટિને લાભ મળ્યો. તેના પર સારી સૃષ્ટિનો અબાધિત અધિકાર થયો. ચાહે તે જાય ને ગંગાના સ્નાન, પાન ને દર્શનથી ધન્ય બની જાય. કોઈ તેને ના પાડે છે ? તેવી રીતે ગીતાની આ પાવન ગંગામાં પણ ગમે તે સ્નાન કરે, ને તેનું પાન કરીને આનંદ કરે. કોઈયે જાતની રોકટોક કયાં છે ? અર્જુનને જે વિષાદ થયો તેવો વિષાદ માનવમાત્રને થાય છે. કુરૂક્ષેત્રના મેદાનમાં સૌને લડવાનું નથી. પણ જીવનનો જંગ તો સૌને માટે છે જ. જીવન એક કુરૂક્ષેત્ર છે. તેમાં કેટલાય પ્રશ્નો ને કેટલીય મુંઝવણો ઊઠે છે. બધા જ પ્રશ્નો માણસ ઉકેલી શકે છે એમ જ નથી. કેટલીય વાર તે મોહાસક્ત પણ બને છે. શું કરવું તે તેને સૂઝતું નથી. તે વખતે તે પ્રભુનું શરણ લે તો માર્ગ મેળવે. અર્જુનની પેઠે તે પ્રકાશ ને પ્રસાદ બંને મેળવી શકે. તે પ્રભુનો પ્રસાદ તે જ ગીતા. જીવનના જંગમાં ઉતરેલા બધા જ મહારથીઓને તેમાંથી પ્રકાશ મળી શકશે. જીવનની મહાયાત્રાના બધા જ યાત્રીઓ તેમાંથી ઉપયોગી ભાથું મેળવી શકશે.

☼ ☼ ☼

# અધ્યાય બીજો : સાંખ્યયોગ

૧) વિષાદનો પ્રસંગ
૨) અર્જુનનું હૃદય
૩) વ્યવહારમાં જ્ઞાન મળે કે નહિ
૪) મૃત્યુનો ભય
૫) મૃત્યુનો લાભ–નવજીવનની પ્રાપ્તિ
૬) મૃત્યુને જીતી શકાય છે
૭) મૃત્યુના ભયમાંથી મુક્તિ મેળવો
૮) શરીરની ક્ષુદ્રતા–આત્માની અમરતા
૯) મોટા માણસનો મોહ
૧૦) મૃત્યુનો શોક નકામો છે
૧૧) સ્વધર્મની વિચારણા
૧૨) સ્વધર્મની શિક્ષા
૧૩) કર્મની કુશળતા
૧૪) સ્થિતપ્રજ્ઞ પુરૂષની ઓળખાણ
૧૫) મહાપુરૂષની ઓળખાણ
૧૬) મહાનતાનો માર્ગ
૧૭) સ્થિતપ્રજ્ઞને મોહ કે પતન નથી
૧૮) સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનો ભાવાર્થ

**[ ૧ ] વિષાદનો પ્રસંગ**

પહેલા અધ્યાયમાં અર્જુનને થયેલા વિષાદની આપણે વાત કરી ગયા. વિષાદનો આ પ્રસંગ નીકળ્યો છે ત્યારે એક બીજો પ્રસંગ યાદ આવે છે. જેમ અર્જુનને તેમ રામને પણ વિષાદ થયો હતો, ને રામે સંસાર પ્રત્યેનો પોતાનો વૈરાગ્ય સારી રીતે વ્યક્ત કર્યો હતો. અર્જુનને જીવનના સારથિ તરીકે ભગવાન શ્રીકૃષ્ણ મળ્યા, તેમ રામને મહર્ષિ વશિષ્ઠનું પથપ્રદર્શન પ્રાપ્ત થયું. પરિણામ બંનેનાં એકસરખાં આવ્યા. અર્જુન ને રામ સાચું જ્ઞાન મેળવીને અલિપ્તભાવે કર્મ કરવાની કલા શીખી શક્યા ને સંસારને બે મહાન ગ્રંથરત્નોની પ્રાપ્તિ થઈ. ગીતા ને યોગવાશિષ્ઠ. બંને ભારતના મહાન વારસાગ્રંથ છે, ને માનવને માટે સર્વ સ્થળે ને સર્વ કાળે પ્રેરણા ને શક્તિની સામગ્રીથી ભરપૂર છે. ભારતીય ઋષિવરોની જીવન પ્રત્યેની દૃષ્ટિ એમાં સારી પેઠે સચવાયેલી છે. પોતાની ફરજ ને જીવનના વ્યવહારથી દૂર ભાગવાની વૃત્તિનો ત્યાગ કરવાનું તે શીખવે છે. વૈરાગ્યના ઉભરામાં ને વિષાદની ક્ષણિક અસર નીચે આવી જઈને માણસે પોતાનો વિવેક ખોવો ન જોઈએ એવો આ ગ્રંથોનો ઉપદેશ છે. તેની વાત આપણે ક્રમે ક્રમે કહીશું. અહીં તો અર્જુનના વિષાદનું શું થયું તે જોઈએ.

ભગવાન કૃષ્ણે અર્જુનને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, અર્જુન ! તારો આ મોહ ને સંશય અજ્ઞાનતાને લીધે થયેલો છે તેથી તે યોગ્ય નથી, જ્ઞાનની તલવારથી તેને કાપી નાંખ ને લડવા માટે તૈયાર થા, એટલે અર્જુનનો મોહ અજ્ઞાનમાંથી ઉપજેલો છે એ વાત તો આ શબ્દો પરથી જ સમજાઈ જ જાય છે, પરંતુ વધારામાં તેને દૂર કરવા ભગવાન પોતે કેવાં સાધનનો ઉપયોગ કરે છે, ને બીજાને કેવાં સાધનની ભલામણ કરે છે, તે પણ સારી પેઠે સમજી શકાય છે. જ્ઞાનના શસ્ત્રનો ઉપયોગ કરવાની ભગવાનની ભલામણ છે. એ શસ્ત્રનો ઉપયોગ કરી ભગવાને અર્જુનના મરી પરવારેલા ઉત્સાહ ને વિવેકને સજીવન કરી દીધો, ને અર્જુનને ખરા અર્થમાં વીર બનાવ્યો, ગીતાનો ઉપદેશ એ વીરતાની જ તાલીમ છે અથવા કહો કે મરવા જેવા બનેલા કે મરી ચુકેલાની સંજીવની બૂટી છે.

ભગવાન જરા પણ નિરાશ થયા નહિ. તેમના મુખ પર તો એવું જ સ્મિત ફરકી રહ્યું હતું. છતાં તેમણે ગંભીર બનીને અર્જુનને કહ્યું કે અરે અર્જુન ! આવે ખરે વખતે દુઃખ ને અપયશ આપનારો આ શોક તને ક્યાંથી થયો ? લડાઈ જેનો પ્રિય વ્યવસાય છે એવા તને, લડાઈના આ મેદાનમાં શંખનાદ થઈ રહ્યા છે ત્યારે, વળી નહિ લડવાનો વિચાર ક્યાંથી થયો ? ક્ષત્રિયને આ શોભે નહિ. માટે આ કાયરતા છોડી દે, ખોટા વિષાદને દૂર કરી દે, ને યુદ્ધ કરવાની તૈયારી કર.

પણ એટલી જ ઉપદેશવાણીથી અર્જુન કાંઈ માની જવાનો હતો ? તેનો શોક તો ઊંડો હતો, તે માટે તો ભગવાનના કેટલાય ઉપદેશ વચનોની જરૂર હતી. તેણે તો પહેલા અધ્યાયમાં છોડેલો સૂર ફરી પાછો છોડવા માંડ્યો. તેના હૃદયમાં એ જ સૂર ઊઠી રહ્યો હતો. યુદ્ધ મારો પ્રિય વ્યવસાય ખરો. યુદ્ધ કરવું એ ક્ષત્રિયનો ધર્મ પણ ખરો. પણ તેનીય મર્યાદા હોય કે નહિ ? કોની સાથે લડવાનું છે એ વિચાર તો કરવો જ જોઈએ ને ? આ યુદ્ધમાં તો ભીષ્મ ને દ્રોણ જેવા પૂજ્ય પુરૂષોની સામે લડવાનું છે. તેમના પર તીર છોડવાનું મન કેવી રીતે થાય ? તેવા પૂજ્ય પુરૂષોને મારવાથી સુખ ને શાંતિ કેવી રીતે મળી શકશે ? તેમને મારવાથી તો અમારા હાથ લોહીથી ખરડાઈ જશે. અમારા અંતરમાં ગ્લાનિ છવાશે. એ દશામાં અમને પ્રાપ્ત થયેલું

રાજ્યસુખ પણ શી રીતે સારું લાગશે ? સ્વજનોને મારવાથી અમારા દિલમાં કાયમને માટે ડંખ રહી જશે. પશ્ચાત્તાપની વેદનાનો કીડો અમારા અંતરને સદાયે કોરી ખાશે, ને જીવનમાં દુઃખ ને અશાંતિ વ્યાપી રહેશે. આ દશામાં મારે શું કરવું ? મારે યુદ્ધના મેદાનમાંથી પાછું વળવું કે કેમ એનો નિર્ણય પણ મારાથી થઈ શકતો નથી. માટે જ હું તમારે શરણે આવું છું. તમે જ મારા પ્રકાશદાતા ગુરૂદેવ છો. જે યોગ્ય લાગે તે ઉપદેશ મને આપો.

**[ ૨ ] અર્જુનનું હૃદય**

અર્જુનનું હૃદય કેટલું સરળ હતું તેની આ છેલ્લા શબ્દો પરથી ખાત્રી થાય છે. તેની લડવાની ઈચ્છા નથી. સ્વજનોની સાથેનું યુદ્ધ તેને બિલકુલ પસંદ નથી એમ કહી દેવા છતાં ખૂબી એ છે કે છેવટનો નિર્ણય કરવાનું કામ તે પોતાના પર નહિ પણ ભગવાન પર છોડે છે. ભગવાન પર તેને કેટલી શ્રદ્ધા છે તેનો સંકેત આ શબ્દો દ્વારા સહેજે મળી રહે છે. એ શ્રદ્ધાથી પ્રેરાઈને તો તેણે ભગવાનને પોતાના સારથિ તરીકે પસંદ કર્યા છે. તે ધારત તો એમ કહી શકત કે મારા રથને યુદ્ધમેદાનથી દૂર લઈ લો; હવે કોઈ પણ હિસાબે મારાથી લડી શકાય તેમ નથી. યુદ્ધ બધી જ રીતે ભયંકર ને અમંગલ છે. પણ તેમ કહેવાને બદલે 'હું નહીં લડું' એમ કહીને છેવટે ચૂપ થઈ જાય છે, ને પોતાનો બધો જ ભાર ભગવાન પર છોડી દે છે. આથી જેમ તેની શ્રદ્ધાભક્તિની સૂચના મળે છે, તેમ તેની અનિશ્ચિત મનોદશાનો પરિચય મળી રહે છે. યુદ્ધ પરથી હજી તેનું મન સંપૂર્ણપણે ઉતરી ગયું નથી. નહિ તો તે કોઈનીય સલાહની પરવા ના કરત, ને અશોકની જેમ અહિંસક બની કુરૂક્ષેત્રના મેદાનમાંથી પાછો વળત. પરંતુ ગીતાકાર આપણને કહેવા માંગે છે કે રખે માની લેતા કે અર્જુનનો વૈરાગ્ય એટલો બધો તીવ્રતમ બની ગયો છે. લડવાની વૃત્તિ હજી હઠી નથી. તેથી તો તે શસ્ત્રને ધારણ કરીને આવ્યો છે છતાં આ જે જ્ઞાનવૈરાગ્યના છાંટા તેના મુખમાંથી ઉડ્યા કરે છે તેનું મુખ્ય કારણ સ્વજનો સાથે લડવાનું તેને પસંદ નથી તે છે.

વારૂ ત્યારે, અર્જુને તો થોડીઘણી સુંદર દલીલ કરીને એક કુશળ વકીલની પેઠે પોતાનો કેસ રજૂ કરી દીધો. પણ ભગવાન તો પરિસ્થિતિ એટલી બધી હદે પહોંચી ગઈ તો પણ શાંત બનીને હજી હસ્યા જ કરે છે ! ભગવાન પર તો તેની કાંઈ અસર જ નથી. તે શાંતિની મૂર્તિ બનીને બેસી રહ્યા છે. જેને સારા સંસારની વ્યવસ્થા કરવાની છે તે આમ વાતવાતમાં અશાંત બની જાય તો કેમ ચાલે ? પોતાના ને બીજાના જીવનરથને ચલાવવાની જવાબદારી જેના શિર પર છે, તેણે પણ પ્રત્યેક અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં આમ જ શાંત રહેવું જોઈએ. પણ શાંત રહ્યા છતાં વધારે વખત સુધી મૂંગા રહેવાનું શું હવે બરાબર છે કે ? આ તો કટોકટીનો વખત છે. પળેપળની અહીં તો કિંમત છે. માટે જ ભગવાને હવે અર્જુનને સંબોધીને બોલવાનું શરૂ કર્યું.

**[ ૩ ] વ્યવહારમાં જ્ઞાન મળે કે નહિ**

કેટલાક વિદ્વાનો કહે છે કે ગીતાની સાચી શરૂઆત હવે અહીંથી જ માનવી જોઈએ. બીજા અધ્યાયના અગિયારમા શ્લોકથી જ ગીતાની જ્ઞાનગંગા ભગવાનના હૃદયના ગોમુખમાંથી શરૂ થાય છે. આપણે કહીશું કે

આ વાત બરાબર છે. છતાં તે ગંગા શરૂ થઈ શા માટે ? ગીતાના પહેલા ને બીજા અધ્યાયની શરૂઆતની વાત વાંચ્યા વિના તેનો ખ્યાલ સૌને કેવી રીતે આવી શકશે ? ગૌમુખથી ગંગા શરૂ થાય છે એ સાચું છે ; પણ હિમાલયની અંદરના ભાગમાં પણ તેનું અસ્તિત્વ નથી એમ કોણ કહી શકે ? મકાનનું મૂલ્ય વધારે છે એ ખરું, પણ પાયાનું મૂલ્ય ઓછું છે એમ પણ કોણ કહી શકશે ? પાયા પર તો મકાનનો આધાર છે. મૂળમાં તો વૃક્ષની સ્થિરતા રહેલી છે. એટલે જ આપણે કહીએ છીએ કે ગીતાના પ્રારંભના શ્લોકો પણ ભલે રહ્યા. તેમનું મૂલ્ય પણ ઓછું આંકવાની જરૂર નથી. ગીતાના મહાન અંકના ઉપોદ્‌ઘાત જેવા તે શ્લોકો ગીતા કેવા સંજોગોમાં કહેવાઈ તેનો ખ્યાલ આપે છે ને અર્જુનના મનનો પણ ચિતાર ધરે છે, તેનું મૂલ્ય ઓછું નથી.

ગીતા એકાંત જંગલમાં નહિ, પણ યુદ્ધના કોલાહલની વચ્ચે કહેવાઈ છે તેથી તેની કિંમત વધે છે, ને જીવનના કોલાહલની વચ્ચે જીવનારા માણસોને માટે પણ તે ઉપયોગી અને પ્રેરણા દેનારી છે એ સાબિત થાય છે. આ વસ્તુ ઘણી મહત્વની છે. કોઈ કોઈ વાર માણસો મને પ્રશ્નો પૂછે છે કે ‘સંસારના અટાપટા વ્યવહારની વચ્ચે રહીને પ્રભુપ્રાપ્તિ માટેનો પ્રયાસ કરી શકાય ખરો ? અથવા તો પ્રવૃત્તિની અંદર રહીને જ્ઞાન મેળવી શકાય ખરું ?’ આવા માણસોનો સ્વાભાવિક ખ્યાલ એવો હોય છે કે જ્ઞાનની પ્રાપ્તિ તો કોઈ એકાંત નદીતટના પ્રદેશમાં કે પર્વત પર જ થઈ શકે. સંસારના વ્યવહારનો ત્યાગ કરવો જ જોઈએ. તે વિના જ્ઞાન મળી શકે નહિ, શાંતિ પણ સાંપડી શકે નહિ, કે ઈશ્વરની કૃપા પણ થાય નહિ. પણ ગીતાનો વિચાર કરતાં સમજાશે કે આ દૃષ્ટિ અધૂરી છે, આ વિચારસરણી ભૂલભરેલી છે.

જ્ઞાન કે ઈશ્વરની કૃપા સંસારના વ્યવહારથી દૂર રહીને જ મેળવી શકાય છે એ માન્યતા બરાબર નથી. હા, કોઈ માણસ કોઈ કારણથી વ્યવહારથી દૂર જઈને એકાંતનો આશ્રય લે ને જ્ઞાન તથા ઈશ્વરની કૃપા મેળવવાનો પુરૂષાર્થ કરે, ને તે પુરૂષાર્થમાં સફળ પણ બને. પણ તેથી જ કાંઈ સૌએ એ માર્ગનું ફરજીયાત અનુકરણ કરવું જ જોઈએ એવો નિર્ણય આપી શકાતો નથી. માણસ વ્યવહારમાં રહે કે ના રહે તે તેની ઈચ્છા ને અનુકૂળતા પર અવલંબે છે. તે બાબતમાં બળજબરી કરવી બરાબર નથી. બળજબરી ફક્ત ઈશ્વરની કૃપા કે જ્ઞાનની પ્રાપ્તિ માટેની યોગ્યતા બાબતે થઈ શકે છે. માણસ વ્યવહારની વચ્ચે રહે કે ના રહે એ ગૌણ વસ્તુ છે. પ્રધાન વસ્તુ તો એ છે કે તેણે પોતાનું જરૂરી ઘડતર કરવું જોઈએ : આવશ્યક અધિકાર મેળવવો જોઈએ, તે થતાં બીજું બધું જ કામ થઈ રહે છે. ગીતાનો ઉપદેશ કોઈ નિતાંત એકાંત સ્થાનમાં કે જંગલમાં અપાયો નથી. તે તો વ્યવહારની વચ્ચે ને યુદ્ધના મેદાનમાં અપાયો છે. એક બાજુ શંખના નાદ થઈ રહ્યા હતા, ને તલવાર તથા ધનુષ્યબાણ ધારણ કરીને યોદ્ધાઓ લડવા માટે તલપાપડ થઈ રહ્યા હતા, એ વખતે ગીતાની અમરવાણી વહેતી થઈ છે. ગીતાની પતિતપાવની ને પુણ્યવાનને પણ વધારે પાવન કરનારી ગંગા એ વખતે પ્રકટ થઈ છે. ગીતાના જ્ઞાનનો આવિર્ભાવ કોઈ નિઃસ્તબ્ધ જંગલમાં નહિ, પણ કોલાહલમાં થયો છે.

અર્જુને શું કરવું તેની સમજ ન પડવાથી છેવટે ભગવાનનું શરણ લીધું, ને આકુળવ્યાકુળ થઈને પોકાર કરી દીધો કે હે પ્રભો ! હું તમારે શરણે આવ્યો છું. મને ઉપદેશ આપો. મારે માટે જે યોગ્ય હોય તે માર્ગ મને બતાવો. પરિણામે ભગવાને જ્ઞાનની પવિત્ર ગંગાને પ્રકટ કરી. તે જ પ્રમાણે પ્રવૃત્તિ કે વ્યવહારની વચ્ચે રહીને પણ જે ભગવાનનું શરણ લે, ને ભગવાનની મદદની માંગણી કરે, તે ભગવાનની વાણી સાંભળી

શકે, ભગવાનની કૃપા મેળવી શકે, જ્ઞાનની પવિત્ર ગંગામાં સ્નાન પણ કરી શકે. અર્જુનની આજુબાજુ ભયંકર પ્રવૃત્તિ હતી. છતાં તેણે ભગવાન તરફ દૃષ્ટિ ફેરવી તો તેને જ્ઞાન મળી શક્યું.

અર્જુન જો અહંકારમાં મસ્ત બનીને બેસી રહ્યો હોત તો જ્ઞાનગંગામાં ન્હાવાનો આ પવિત્ર લાભ તેને મળી શકત ખરો કે ? માણસે પણ પ્રવૃત્તિ કરતાં કરતાં ખૂબ નમ્રતા ધારણ કરવી જોઈએ. ભગવાન શ્રી કૃષ્ણને વાંસળી પર ખૂબ પ્રેમ હતો. વાંસળી પર ખૂબ પ્રેમ હતો. વાંસળીના મધુર સ્વરમાં જ્યારે તે પોતાના હૃદયને વહેતું કરતાં, ત્યારે માનવ, પશુ, ને પંખી તો શું, પણ જડ ગણાતા પદાર્થો પણ દ્રવી જતા. ગોપીઓએ વાંસળીને પૂછ્યું કે તારામાં આટલું બધું જાદુ છે તેનું કારણ શું ? વાંસળીએ જવાબ આપ્યો કે કારણ એ જ કે હું પોલી થઈ ગઈ છું. માણસ પણ જો પોલો થઈ જાય તો ભગવાનનો પ્યારો બની જાય, ને તેના જીવનમાંથી સ્વર્ગીય સંગીત છૂટવા માંડે. તેને ભારે કરનાર કોણ છે ? અભિમાન. સાધારણ ભાષામાં કહીએ તો હું ને મારૂં. આ અભિમાન દૂર થઈ જાય, ને ? 'હું ને મારૂં' ને ઠેકાણે 'તું ને તારું' થઈ જાય, એટલે જીવન ધન્ય બની જાય. અર્જુનના જીવનમાં આ સંદેશ સમાયેલો છે.

માણસે શાંતિના કેવા સ્વરૂપ બની જવું એનું ઉત્તમ ઉદાહરણ શ્રી કૃષ્ણના જીવનમાંથી મળી રહે છે. ગીતામાં પૂર્ણ કે મુક્ત પુરૂષનાં જે લક્ષણો છે તે બધાં શ્રીકૃષ્ણના જીવનમાં મૂર્તિમંત બની ગયાં છે. શ્રીકૃષ્ણની શાંતિ તો જુઓ, તેમના અદ્‌ભૂત મનોબળનો જરા વિચાર તો કરી જુઓ. જરાક ગડબડ થતી હોય તો માણસને વાંચવાનું, લખવાનું કે સ્થિરતાથી વિચાર કરવાનું પણ નથી ફાવતું. તે માટે માણસ તદ્દન શાંતિ શોધે છે. પણ ભગવાને તો યુદ્ધની કોલાહલવાળી ભૂમિમાં ઊભા રહીને જ ગીતાનો ઉપદેશ આપ્યો છે, તેમની આંતરિક શાંતિનું ઊંડાણ કેટલું બધું અગાધ હશે ? માટે તો તેમને પુરૂષોત્તમ ને યોગેશ્વર કહ્યા છે. એવી શાંતિ મેળવવા માણસે કમર કસવી જોઈએ. એવું મનોબળ માણસનો ઉત્તમ આદર્શ બની રહેવું જોઈએ.

ભગવાન તો શાંતિનું સાકાર સ્વરૂપ હતા. તેમની શાંતિનો કોઈયે પ્રકારના સંજોગોમાં ભંગ થાય તેમ ન હતું. એટલે જ અર્જુનનો વિષાદ જોઈને તે હસી રહ્યા હતા. પણ ખાલી હસતા જ રહેવાથી કાંઈ કામ સરે તેમ ન હતું. અર્જુને તો પોતાનો ઉભરો ઠાલવી દીધો ને ભગવાનના ઉપદેશની રાહ જોતો તે બે હાથ જોડીને બેસી પણ રહ્યો. હવે ભગવાને વિચાર કર્યો કે અર્જુનના વિષાદ રોગનો ઈલાજ કરવો જોઈએ. એ કામ તેમને માટે મુશ્કેલ ન હતું. વિષાદનો ઈલાજ કરવાની શરૂઆત કરતાં તેમણે કહ્યું કે હે અર્જુન, તારા શબ્દો તો ઘણા જ સુંદર છે. કોઈ પંડિતને છાજે તેવી ભાષા ને શૈલીમાં તેં યુદ્ધ ના કરવાના કારણો રજૂ કરી દીધાં છે પણ સ્વજનોનાં મૃત્યુના વિચારથી તને કંપારી છૂટી છે, તે જોઈને મને આશ્ચર્ય થાય છે. કેમ કે જે જ્ઞાની કે પંડિત છે તે જન્મ ને મરણના વિચારથી ડરતો નથી, ને મૃત્યુનો શોક પણ કરતો નથી. આ શબ્દોની શરૂઆત સાથે ગીતાની જ્ઞાનગંગાનો જન્મ થાય છે. તે ગંગાનું સ્વરૂપ આગળ જતાં વિવિધરંગી ને વિરાટ થતું જાય છે. એ સ્વરૂપ ક્રમેક્રમે મનન કરી શકાય તે માટે તેની અધ્યાયવાર વહેંચણી કરવામાં આવી છે. એ સ્વરૂપ પર ઉડતી નજર ફેરવવાનો પ્રયાસ આપણે આ નાનાસરખા વાર્તાલાપમાં કરી રહ્યા છીએ.

### [ ૪ ] મૃત્યુનો ભય

સ્વજનોના મૃત્યુના વિચારથી અર્જુનના પગ ઢીલા થઈ ગયા હતા, એટલે ભગવાને અર્જુનના મનમાંથી મૃત્યુનો ભય દૂર કરી દેવાનો પ્રયાસ પોતાના ઉપદેશ દ્વારા શરૂ કર્યો. મૃત્યુનો ભય કોને નથી ? સંસારમાં તે ભય સર્વત્ર વ્યાપેલો દેખાય છે. મૃત્યુની કલ્પના પણ માણસને કંપાવી કે ધ્રુજાવી મુકે છે. મરનારની પાછળ માણસો શોક કરે છે. રડે છે ને બીજાને પણ રડાવે છે. કેટલાક માણસો તો એવા છે કે જેમને મૃત્યુનો વિચાર પણ આવતો નથી. આ ભાડુતી ઘરને ખાલી કરીને સૌએ એક દિવસે એકાએક વિદાય થવાનું છે, એ વાતનું સ્મરણ પણ તેને રહેતું નથી, ને સંસારની ભાડુતી ધર્મશાળાને પોતાની માની, આ સંસારમાંથી કોઈવાર જાણે વિદાય થવાનું જ ના હોય એમ સમજી લઈ, તે અનેક જાતની સારીનરસી પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહે છે. સંસારને છોડીને જવાનું તેમને કડવું લાગે છે. મરણપથારીએ પડેલો માણસ સંસારને યાદ કરીને રડે છે. વિદાય લેવાનો વખત આવે છે, ત્યારે તેની નજર સામે સંસારના માયાવી રૂપો હાજર થાય છે, તેની મતિ મુંઝાય છે, નસો ખેંચાય છે, ને તેનો પ્રાણ કેમે કરીને શરીરમાં થયેલી મમતાનો ત્યાગ કરવા માટે તૈયાર થતો નથી.

એક માણસ પાસે પુષ્કળ ધન હતું. તેને અચાનક કોઈ રોગ થયો ને તે બિમાર પડ્યો. તેના એક મિત્રે તેની મુલાકાત લીધી તો તેની આંખમાંથી આંસુ નીકળી પડ્યાં. મિત્રે તેનું કારણ પૂછ્યું તો, તેણે પોતાનું દર્દ ઠાલવીને કહેવા માંડ્યું કે શું મારે પણ મરવું પડશે ? આ બધું એકઠું કરેલું ધન મૂકી દઈને શું મારે પણ આ સંસારમાંથી વિદાય થવું પડશે ? મિત્રે કહ્યું કે એમાં શંકા કરવાનું કારણ જ ક્યાં છે ? જે જન્મ્યું તે મરવાનું જ છે. મૃત્યુ સૌને માટે નક્કી છે. આ સંસારના પ્રવાસે આવીને જે જીવ જીવનની અવનવી ગાડીમાં બેસી ગયો, તે જન્મ મરણની રિટર્ન ટિકિટ લઈને જ આવે છે. પણ પેલા માણસની ચિંતા તો વધતી જ ગઈ. મૃત્યુનો વિચાર કરીને તે રડી ઊઠતો. તેની ઊંઘ ઊડી ગઈ, શાંતિ જતી રહી, ને તેના મુખની કાંતિ પણ ઉડી ગઈ. તેનું મૃત્યુ તો નક્કી વખતે થવાનું હતું તે વખતે થઈ જ ગયું. પણ તે પહેલાંનો બધો જ વખત તેણે ચિંતા ને વેદનામાં પસાર કર્યો. સ્વાભાવિક રીતે મરતાં પહેલાં જ તેનું જીવન મરણની આવૃત્તિ જેવું બની ગયું.

સંસારમાં આવા પ્રસંગ વારંવાર બન્યા કરે છે. તેનું કારણ મૃત્યુનો ખોટો ભય છે. માણસે મૃત્યુનો ભય દૂર કરવાની જરૂર છે એમ ગીતા શિક્ષા આપે છે. મૃત્યુનો ભય દૂર કરવા તેણે શું કરવું ? સૌથી પહેલાં તો તેણે સમજી લેવું કે જન્મ ને મૃત્યુ સ્વાભાવિક છે. એક સિક્કાના બે પાસાં જેવાં છે. તાપની સાથે છાયા રહે છે જ, ને દિવસની પાછળ રાત પણ લાગેલી છે. તે પ્રમાણે જન્મ ને મૃત્યુ એકમેક સાથે વળગેલાં જ છે. મરણ એક સ્વાભાવિક ને ટાળી ના ટળે તેવી ને ઘટ સાથે જડેલી વસ્તુ જ છે, તો તેનાથી ડરવાની જરૂર શી છે ? તેને ભેટવા માણસે સદાયે તૈયાર ને પ્રસન્નપણે તૈયાર શા માટે ના રહેવું ? તેનાથી ડરવામાં કાયરતા રહેલી છે.

**[ ૫ ] મૃત્યુનો લાભ–નવજીવનની પ્રાપ્તિ**

મૃત્યુથી ડરવાનું કારણ પણ શું છે ? સમસ્ત સંસાર એક ઈશ્વરની રચના છે. ઈશ્વરની યોજના પ્રમાણે જ તે ચાલે છે ને તે યોજના પણ મંગલ છે. માણસ સિંહ ને વાઘ તથા વીંછી ને સાપથી ડરે છે, ને શત્રુથી

બીએ છે. તે એમ માને છે કે તેનું જીવન એ બધા જીવોની સામે સલામત નથી. એ બધા જીવો તેને માટે નુકશાનકારક છે એમ સમજીને જ તે ડરે છે. મૃત્યુના ડરનું કારણ પણ એ છે કે માણસ મૃત્યુના સાચા સ્વરૂપને સમજતો નથી, ને મૃત્યુને અમંગલ તથા હાનિકારક માને છે. આ માન્યતા ખોટી છે. માણસ જો સારી પેઠે વિચાર કરે તો તેને જણાશે કે મૃત્યુ તેને માટે અમંગલ નથી પણ આશીર્વાદરૂપ છે. ગીતા માતાનું કહેવું છે કે માણસ જેમ જૂનું કપડું ઉતારીને નવું કપડું પહેરે છે, તેમ જૂનું શરીર છોડીને બીજું નવું શરીર ધારણ કરે છે. આ જૂનું શરીર છોડવાની ક્રિયાનું નામ મૃત્યુ છે. તેની જરૂર માણસને માટે કેટલી બધી ભારે છે ?

શરીર મોટું થાય છે તેમ તેમ ઘસાતું જાય છે. તેની શક્તિનો ક્ષય થતો જાય છે, તેવા શરીરને બદલીને નવા ને વધારે સારા શરીરને ધારણ કરવાનો લાભ આપીને ઈશ્વર માણસ ઉપર ઘણો મોટો ઉપકાર કરે છે. સંસારમાં જો મૃત્યુની વ્યવસ્થા ના હોત તો શું થાત તેનો વિચાર તો કરો. દરેક જીવને ગમે કે ના ગમે છતાં પોતાને જન્મથી વારસામાં મળેલા એક જ જાતના વાતાવરણમાં કાયમને માટે રહેવું પડત. મૃત્યુ દ્વારા તેને નવા વાતાવરણમાં ફેરબદલી કરવાનો લાભ મળે છે, ને નવા વાતાવરણમાં તે નવેસરથી પોતાનો સંસાર શરૂ કરી શકે છે. સંસારમાં કેટલાય જીવો જીવનભર દુઃખી દેખાય છે. કેટલાક જીવો બીજાના અહિત કે અમંગલને માટે જ જીવતા હોય તેવું લાગે છે. એવા જીવોના જીવન પર મૃત્યુનો પડદો પાથરીને ઈશ્વર તેમનું ને બીજાનું કલ્યાણ જ કરે છે. મૃત્યુ આવી રીતે મંગલકારક છે. માણસને ગમે કે ના ગમે, છતાં જન્મ ને મરણના ચક્રમાં તેણે ફરવાનું જ છે. જન્મ ને મરણના ચક્રમાં ફેરવનાર જે કર્મો છે તેના બંધનમાંથી તે મુક્તિ ના મેળવે, અથવા તો જન્મ ને મરણના નિયંતા ને સૃષ્ટિના સ્વામી પરમાત્માની સાથે તે સંબંધ ના કરે, ત્યાં સુધી આ ચક્રમાંથી છૂટવાનું તેને માટે મુશ્કેલ છે. એટલે જન્મ ને મરણમાંથી છૂટવા માટે માણસે ઈશ્વરનું શરણ લેવું જોઈએ.

**[ ૬ ] મૃત્યુને જીતી શકાય છે**

મૃત્યુને જીતી ના શકાય એમ માનવું ભૂલભરેલું છે. ઈશ્વરની કૃપાથી માણસ મૃત્યુંજય બની શકે છે ને શરીરને ઈચ્છા પ્રમાણે રાખી ઈચ્છા પ્રમાણે છોડી શકે છે. ભારતના પ્રાતઃસ્મરણીય ઋષિવરોએ આ માટેની સાધના તૈયાર કરી છે. મૃત્યુને જીતવા માટે ભારતમાં યોગના મહાન પ્રયોગો કરવામાં આવ્યા છે ને તે પ્રયોગો સફળ થયા છે. મરણ સૌને માથે ભમ્યા કરે છે, ને માણસ મૃત્યુનો ગુલામ છે, એ વાતોનું તે પ્રયોગોએ ખંડન કર્યું છે. માણસ પોતાની નબળાઈ ને લીધે મૃત્યુનો દાસ ને પ્રકૃતિનો ગુલામ છે ને જો તે ધારે ને શક્તિનો વિકાસ કરે, તો મૃત્યુ ને પ્રકૃતિનો સ્વામી બની શકે છે એ મહાન ને અનુભવસિદ્ધ વિચારનો વારસો ભારતના મહાન યોગીઓ સમસ્ત માનવજાતિને માટે મૂકતા ગયાં છે. ચાંગદેવે કાળ પર કાબુ કરવાની કળા હસ્તગત કરી લઈને ૧૪૦૦ વરસનું આયુષ્ય સાધ્ય કર્યું હતું, ને જ્ઞાનેશ્વર પાસેથી શાંતિ મેળવી હતી. વ્યાસ ને નારદ તથા હનુમાન અમર ગણાય છે, ને સાધકોને આજે પણ દર્શન આપે છે. સંત જ્ઞાનેશ્વરે જીવતાં સમાધિ લીધી તે પછી લગભગ ૩૦૦ વરસે મહાત્મા એકનાથને પોતાના સમાધિસ્થાન આલંદીમાં આવવાની પ્રેરણા કરીને પોતાનું દર્શન આપ્યું હતું. ભારતના યોગી પુરૂષો પોતાના જ મૃત્યુ પર નહિ, પણ બીજાના મૃત્યુ પર પણ કાબુ ધરાવતા હતા. જન્મ ને મરણ પર તેમનું સંપૂર્ણ સ્વામિત્વ હતું. આત્મા તો

અમર છે જ પણ શરીરની અમરતાના પ્રયોગ પણ તેમણે કર્યા હતા. માણસ મૃત્યુનો જય કરીને વરસો સુધી જીવી શકે. પણ એટલાં બધાં વરસો પછી પણ તેને શરીરત્યાગ તો કરવો જ પડે ને ? કેટલાક માણસો એવો પ્રશ્ન પૂછી ઊઠશે. તેમણે યાદ રાખવું જોઈએ કે મૃત્યુવિજય કરી ચૂકેલાં પુરૂષો ઈચ્છાનુસાર શરીર ધારણ કરીને છોડી શકે છે, ને શરીરમાં ઈચ્છાનુસાર રહી શકે છે. તે પ્રમાણે રહેવાથી લાભ છે કે કેમ તે જુદી વાત છે. પણ માનવના પુરૂષાર્થ સિદ્ધિના ઈતિહાસમાં મૃત્યુના વિજયનું સ્થાન મહત્વનું છે.

### [ ૭ ] મૃત્યુના ભયમાંથી મુક્તિ મેળવો

સાધારણ માણસો આવો વિજય ના કરી શકે, તેમને તેવા વિજયની જરૂર ના હોય. તેમને માટે તો ગીતા એક સુંદર માર્ગ બતાવી દે છે. ગીતા કહે છે કે મૃત્યુ સ્વાભાવિક ને અવશ્યં ભાવિ છે; માટે તેનો શોક નકામો છે. આટલી સિદ્ધિ માણસ મેળવી શકે, તો પણ ઘણું. તે મૃત્યુથી ડરે નહિ, મૃત્યુનો શોક ના કરે ને સમય આવે ત્યારે જરાય કષ્ટ કે વિષાદ વગર, હસતાં હસતાં શરીર છોડી શકે, તો પણ તેને માટે ઘણું છે. મૃત્યુનો સમય આવે છે તે પહેલાંથી જ તે રોકકળ કરી મૂકે છે ને શોકમાં ડૂબી જાય છે. લાંબા વખતથી જે શરીરને પોતાનું સમજીને પ્રીતિપાત્ર બનાવી દીધું છે, તેને છોડવાનો વખત આવતા તે ગભરાઈ જાય છે, ને અનેક પ્રકારના તર્કવિતર્ક કરવા માંડે છે. છતાં મૃત્યુ આગળ તેમનું કાંઈ ચાલતું તો નથી જ, મૃત્યુની જાળમાં તો તેમને જકડાવું જ પડે છે.

મરણ વખતે આવી કફોડી દશા ના થાય, ને મરણનો ભય સદાને માટે દૂર થાય, તે માટે માણસે તૈયારી કરી લેવાની જરૂર છે. મરણ કોઈયે કાળે ને સ્થળે ઉત્સવરૂપ બની જાય તેવી તૈયારી કરવાની જરૂર છે. જીવનમાં ઉત્તમ કર્મો કરતા રહેવાની જરૂર છે. જે જીવનને ઉત્સવરૂપ કરી શકશે, તેને માટે મૃત્યુ પણ મહોત્સવ જેવું બની જશે એમાં સંદેહ નથી. મૃત્યુનો અનુભવ માણસને રોજિંદા જીવનમાં થઈ શકે છે. આપણે નિદ્રાધીન બનીએ છીએ તે દરમ્યાન શરીર ને સંસારનું ભાન જતું રહે છે. એ નાનું મૃત્યુ છે. બહારગામ કે દૂર દેશાવરના પ્રવાસે ઉપડેલો માણસ પોતાના સ્નેહી સંબંધીથી દૂર જતો રહે છે. કેટલાય જુદા જુદા દેશોમાં તે પ્રવાસ કરે છે. મુંબઈનો માણસ દિલ્હી કે કલકત્તા જાય એટલે તે પોતાના ઘર ને કુટુંબથી વિખુટો પડે છે. આ પણ એક પ્રકારનું મૃત્યુ જ છે, પણ જીવતું મૃત્યુ છે. આ દશામાં માણસ દૂરના દેશમાં બેસીને પણ પોતાનાં સ્વજનોના સમાચાર મેળવી શકે છે, ને ઈચ્છા પ્રમાણે તેમને મળવા પણ જઈ શકે છે. ખરેખરા મૃત્યુમાં આ માટે અવકાશ નથી રહેતો. મરણ પામેલા માણસના સમાચાર તેનાં સ્વજનોને નથી મળતા, મરણ પામેલા માણસને પણ પોતાના ખબરઅંતર પહોંચાડવાનું તેના સ્વજનો માટે અસંભવ બને છે. એટલે રોજિંદા જીવનમાં માણસે મૃત્યુની તાલીમ લેવી જોઈએ.

### [ ૮ ] શરીરની ક્ષુદ્રતા–આત્માની અમરતા

ભગવાને અર્જુનને શરીરની ક્ષુદ્રતા ને આત્માની અમરતાનો ઉપદેશ પણ આપ્યો છે. ભગવાન કહે છે કે, હે અર્જુન, વિચાર તો કર કે તું કોનો શોક કરી રહ્યો છે ! શરીર તો નાશવંત છે. વહેલો કે મોડો તેનો નાશ નક્કી જ છે. નામ તેનો નાશ-એ વાત શરીરના સંબંધમાં સારી પેઠે જાણીતી છે. મૃત્યુ તો શરીરનો સ્વભાવ છે

તેનો વળી શોક કેવો ? ને જેને માણસ પોતાના સ્વજન ને સ્નેહી સમજે છે તે ખરેખર તેનાં સ્નેહી–સ્વજન છે કે ? જ્યાં સુધી આંખ ઉઘાડી છે ત્યાં સુધી જ તે બધા સંબંધો છે. આ જીવન જ કાંઈ એકમાત્ર જીવન નથી. જીવન તો અનંત છે. જુદા જુદા જીવનમાં જુદા જુદા સંબંધો તૈયાર કરે છે, તેમાંથી તેનું સાચું સ્વજન કોણ છે ? મમતા ને મોહની ગાંઠથી તે બંધાયેલો છે. તે ગાંઠને તોડી નાંખતા તેને તરત સમજાશે કે આ સંસારમાં તેનું પોતાનું એક ઈશ્વર વિના બીજું કોઈ જ નથી. તે ઈશ્વરમાં મમતા કરવી એમાં જ ડહાપણ રહેલું છે. જે માણસના સાચા સ્નેહી ને સુહૃદય છે, તથા જે માણસનું સર્વ પ્રકારે મંગલ કરવા સમર્થ છે.

જો આત્માનો વિચાર કરવામાં આવે તો આત્મા તો અવિનાશી છે, માટે તેનો શોક કરવામાં મૂર્ખતા રહેલી છે. આત્મા સદાયે અમર છે. તેને શસ્ત્રો છેદી શકતા નથી; અગ્નિ બાળી શકતો નથી ને પાણી પલાળી શકતું નથી. મૃત્યુનું શાસન સંસારના બધા જ પદાર્થો પર ચાલે છે, પણ આત્મા તે શાસનથી સ્વતંત્ર છે. મૃત્યુની છાયા બધે જ પથરાયેલી છે પણ અવિનાશી એવો આત્મા તે છાયાથી પર છે. ગીતાનો આ મહત્વનો સંદેશ છે. તે સંદેશને સમજી લેનાર માણસ પણ પોતાના કે બીજાના મૃત્યુનો શોક કરતો નથી. માણસ મરી ગયો એમ કહેવામાં આવે છે. પણ કોણ મરી ગયું એનો વિચાર તો કરો, શરીર જ મર્યું છે. શરીરની અંદરનો હંસલો ઊડી ગયો છે. તે હંસ જેવા આત્માને તો જન્મવાનું નથી ને મરવાનું પણ નથી. એટલે માણસ મરી ગયો એમ કહેવા કરતાં માણસનું શરીર છૂટી ગયું, અથવા તે ભગવાનના ધામમાં ગયો એમ કહેવું જોઈએ.

આ આત્મા જ માણસનું મૂળ સ્વરૂપ છે. પણ અજ્ઞાનવશ થઈને માણસ આ સાડાત્રણ હાથના પંચમહાભૂતના પૂતળાને પોતાનું સ્વરૂપ સમજી બેઠો છે. શરીરને આપવું જોઈએ તેથી વધારે મહત્વ આપીને શરીરના લાલનપાલનમાં તે રત રહે છે. શરીર તો સાધન છે. ગંદકીનું ઘર છે તેની અંદર આત્માનો પ્રકાશ પથરાયેલો છે તેથી તે કામકાજ કરે છે, ને જડ હોવા છતાં ચેતનમય માલુમ પડે છે. પણ તેનું ચેતન ક્યાં સુધી ટકી શકે છે ? તેની અંદર આત્માની સત્તા રહે છે ત્યાં સુધી જ. આત્માનો પ્રકાશ દૂર થાય એટલે તેની દશા કફોડી થઈ જાય. પછી તો તે કોઈ પ્રકારની ક્રિયા કરી શકતું નથી, વખત જતાં ગંધાવા માંડે છે, ને તેનો વેળાસર નિકાલ કરી નાંખવો પડે છે. આ પ્રમાણે તે માણસનું મૂળ સ્વરૂપ નથી. છતાં સંસારમાં એવા કેટલાય માણસો છે જે પોતાને શરીર પૂરતા જ મર્યાદિત માને છે, ને શરીરના જ લાલનપાલનમાં રત રહીને શરીરનો ગર્વ પણ ધારણ કરે છે.

આપણે એમ નથી કહેતા કે શરીરની સંભાળ ના રાખવી, ને તે ગંદકીનું ઘર છે માટે તેને સ્વચ્છ ને સુશોભિત પણ ના કરવું. અંદરની ગંદકીને દૂર કરવાની માણસની શક્તિ નથી પણ જેટલી ગંદકીનો નિકાલ કરી શકાય તેટલી ગંદકીનો નિકાલ તો તેણે કરવો જ જોઈએ. શરીરને સ્વચ્છ રાખવું જોઈએ. આ દેશ સંસ્કૃતિનો સ્વામી છે. આ દેશની પ્રજા ધર્મપરાયણ છે. ધર્મ ને ઈશ્વર માટે ગૌરવ લેનારાં માણસો આ દેશમાં બીજા કોઈપણ દેશ કરતાં વધારે પ્રમાણમાં વસે છે. શરીરની સાધારણતા ને આત્માની અમરતાનાં ગૌરવ ગીતો આ દેશમાં ઓછાં નથી ગવાયાં. ધર્મની કિંમત શરીર કરતાં અનેકગણી વધારે છે. તે સમજીને જરૂર પડ્યે ધર્મને માટે શરીરનું બલિદાન દેવા તૈયાર થનારાં હજારો સ્ત્રીપુરૂષો આ દેશમાં થાય છે. એટલે આ મહાન દેશની મહાન પ્રજાને શરીરની સાધારણતા ને આત્માની અમરતાનો સંદેશો કાંઈ નવેસરથી આપવાની જરૂર નથી, પરંતુ આ સંદેશને ઝીલવાની ને જીવનમાં ઉતારવાની જરૂર આ દેશની પ્રજા માટે ને બીજી બધી

પ્રજા માટે હજી ઊભી જ છે. એટલે તે સંદેશને યાદ કરવાની જરૂર છે. આ દેશની પ્રજા હજી શરીરના આકર્ષણ, મોહ ને વિલાસમાંથી ઊંચે આવી નથી એ વાત કડવી ને દુઃખદ છતાં દીવા જેવી ચોખ્ખી છે.

**[ ૯ ] મોટા માણસનો મોહ**

શરીરની મમતા ને શરીરના અધ્યાસમાં સાધારણ માણસો જ ફસાયેલા છે એમ નથી. જે લોકો પોતાને વિદ્વાન, પંડિત ને નેતા જેવા કહેવડાવે છે, ને જે સમાજમાં મોટા થઈને ફરે છે ને ઉપદેશ આપે છે, તે પણ તેમાં ડૂબેલા છે. મોટી ઉંમરના માણસો તો અનેક જાતના અનુભવ કરીને ઘડાઈ ગયા હોય, છતાં આ બાબતમાં ઉંમર પણ અપવાદરૂપ નથી. મોટી ઉંમરના માણસોમાં પણ શરીરની મમતા ને અહંતા દેખાઈ આવે છે. જેને સદ્‌ગુરૂનો ઉપદેશ મળ્યો હોય, તે માણસ કચરાની પેટી જેવા આ નાશવંત શરીરમાં પ્રીતિ કે મમતા કરતો નથી. તે તો શરીર ને આત્માને અલગ જાણે છે. તેથી આત્માનંદમાં મગ્ન રહે છે, ને શરીરના અધ્યાસથી છૂટી જાય છે.

શરીરના આકર્ષણ ને મોહમાંથી જેણે મુક્તિ મેળવી નથી, તેને સાચા અર્થમાં પંડિત, જ્ઞાની કે તત્વવેત્તા કહી ના શકાય, એવો ગીતામાતાનો નમ્ર અભિપ્રાય છે, ને તે અભિપ્રાયની તરફ દુર્લક્ષ કરવાનું બરાબર નથી. શરીરના આકર્ષણથી પ્રેરાઈને કેટલાક વયોવૃદ્ધ જ્ઞાનીઓ પણ પ્રભુતામાં પગલાં માંડે છે. તેનું મૂળ કારણ તેની વિષયાસક્તિ ને શરીરના ભોગોની ભૂખ જ છે. પોતાને જ્ઞાની માનતા ને મનાવતા માણસો માટે આ વસ્તુ શરમજનક છે.

આત્માના પ્રકાશનો પરિચય માણસે કેળવ્યો નથી, ને પોતે શરીર છે એવું જ્ઞાન તેણે દૃઢ કર્યું છે, તેથી જ તે મૃત્યુથી ડરે છે, વ્યાધિ ને વૃદ્ધાવસ્થાથી કંપે છે, ને શરીરની સગવડો ને યાતનાઓનો વિચાર કરીને પોતાના સાચા સિદ્ધાંત કેટલીક વાર પડતા મૂકે છે. આત્મા અમર છે એ વિચારની દૃઢતાને લીધે, માણસે સત્યને માટે મોટામાં મોટા ભોગ આપ્યા છે. શીખગુરૂના પુત્રો જીવતાં દિવાલમાં ચણાઈ ગયા છતાં ધર્મપરિવર્તન કરવા માટે તૈયાર ન થયા, ને ચિતોડની રજપૂત રમણીઓએ શીલની રક્ષા માટે અગ્નિમાં ઝંપલાવી દીધું; તે ઉપરાંત હરિશ્ચંદ્ર રાજા ને રાજા શિબિ તથા દિલીપે સત્ય ને ધર્મના પાલન માટે શરીરના કષ્ટોને ગૌણ ગણી લીધાં. એવા એવા તો કેટલાય પ્રસંગો ઈતિહાસમાં અમર બનીને માનવને પ્રેરણા પાતા આજે ઊભા રહ્યા છે. સોક્રેટીસે ઝેરનો પ્યાલો પીતાંપીતાં પણ આનંદ માન્યો, ને ઈશુએ શૂળી પરથી પણ ક્ષમા ને પારકાંના મંગલનો સૂર કાઢ્યો, તે શું બતાવે છે ? એ જ કે આત્માની અમરતાના અનુભવમાં તે પ્રતિષ્ઠિત હતાં, ને તે આત્માની સાથે એકતા સાધવાથી તેમને અક્ષય આનંદની પ્રાપ્તિ થઈ હતી.

એક સંત વિશે એવું કહેવાય છે કે તે રાતદિવસ આત્માના આનંદમાં જ ડૂબેલા રહેતા હતા. પોતાની અંદર ને સંસારમાં બધે જ એક અવિનાશી પરમાત્માનો પ્રકાશ પથરાયેલો છે, એ અનુભવ તેમને થઈ ચૂક્યો હતો, ને તેથી તેમના હૃદયમાંથી ભય, રાગદ્વેષ ને ભેદભાવ સદાને માટે દૂર થઈ ગયો હતો. આત્માના આનંદમાં મસ્ત બનીને તે એક વાર કોઈ જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક વાઘે તેમના પર એકાએક હુમલો કર્યો. બીજો કોઈ સાધારણ માણસ હોત તો તે આ ભયંકર હુમલાથી હેબતાઈ જ જાત. પરંતુ તે સંતપુરૂષ તો હસવા માંડ્યા, ને શિવોડહમ્ નો મધુર ધ્વનિ કરવા લાગ્યા. વાઘે તેમના શરીરને ફાડી ખાધું.

છતાં તે મહાન પુરૂષે નાસવાનો કે મદદ માટે પોકાર કરવાનો પ્રયાસ પણ ના કર્યો. વાઘમાં તે ઈશ્વરને જ જોતા હતા. શરીરની અસરથી પણ તે ઉપર ઊઠી ચૂક્યા હતા પછી તેમને ભયનું કોઈ કારણ જ ક્યાં હતું ? શરીરથી ઉપર ઊઠવાની આ દશાને પ્રાપ્ત કરવાનું કામ ઘણું કઠિન છે પણ અશક્ય નથી. ને પ્રયાસ કરે તો કોઈ પણ તે દશાએ પહોંચી શકે છે એ નક્કી છે.

એટલે જ ભગવાને અર્જુનને કહ્યું છે કે હે અર્જુન, તું આત્મજ્ઞાન ને આત્મભાવમાં સ્થિતિ કર. આત્માનો કદાપિ ને કોઈ કારણથી નાશ કરી શકાતો નથી. માણસનું મૂળ સ્વરૂપ આત્મા છે. શરીર તો તેથી જુદી જ વસ્તુ છે. નાશ શરીરનો થાય છે, આત્માનો નહિ. આ વાતને સમજી લેવાથી તને શોક નહિ થાય. કરોડો મૃત્યુમાં પણ માણસને મારવાની તાકાત નથી એ તું સારી પેઠે સમજી લે અને કદાચ એમ માનીએ કે આત્માનો જન્મ થાય છે, ને આત્માનું મરણ પણ થયાં કરે છે, તો પણ શોક કરવાનું કારણ ક્યાં છે ? જે જન્મે છે તે મરે છે, ને મરે છે તે જન્મે છે. આ વસ્તુ સહજ હોવાથી કોઈ તેને અટકાવી કે ખાળી શકે તેમ નથી. તેનો શોક કરવાથી પણ કોઈ ફાયદો નથી. આ સંસારમાં જુદાજુદા જીવોનો સમાગમ કર્મના નિયમ કે ઋણાનુબંધ પ્રમાણે થયા કરે છે. કર્મનો સંબંધ પૂરો થતાં તે સંબંધ પણ પૂરો થઈ જવાનો છે. તે સંબંધો સ્થાયી કે સનાતન નથી પણ ચંચલ છે. પછી માણસે સંસારના જુદા જુદા સંબંધોમાં મોહ શા માટે કરવો જોઈએ ? જે વસ્તુ પોતાની નથી, ને કોટિ ઉપાય કરવાથી પણ પોતાની થઈને કાયમને માટે રહેવાની નથી, તેમાં મમતા કરવાથી શો ફાયદો ? માણસે સમજી લેવું જોઈએ કે આ સંસારમાં એક ઈશ્વર વિના તેનું કોઈ જ નથી. એક ઈશ્વરની જ સગાઈ સાચી છે. ઈશ્વરમાં પ્રીતિ કરવાથી જ લાભ છે. તો પછી શોક કરીને દુઃખી થવું ને અજ્ઞાનનું પ્રદર્શન કરવું એ શું બરાબર છે ?

**[ ૧૦ ] મૃત્યુનો શોક નકામો છે**

મરણ વખતે ને મરણ પછી શોક ના થાય ને મન સ્વસ્થ રહે તે માટે વિવેકના દીપકને જગાવવાની જરૂર છે. બીજી જરૂરત ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાની ને ઈશ્વર જે કરે છે. તે સારું જ કરે છે એવી પાકી સમજની છે. આવી સમજવાળા વિવેકી પુરૂષો મરણથી દુઃખી થતા નથી. ભારતમાં હમણાં જ થઈ ગયેલા મહાપુરૂષ શ્રી રમણ મહર્ષિની માતાની આખરી દશા આવી ત્યારે મહર્ષિએ તેમની ખૂબ સેવા કરી. મહર્ષિ તેમની પાસે આખો દિવસ બેસી રહ્યા, તેમના શરીર પર હાથ ફેરવી રહ્યા, ને તેમના કહ્યા પ્રમાણે તેમણે પોતાની અલૌકિક શક્તિથી માતાને મુક્તિ અપાવી દીધી. પણ તે પછી શું થયું તે ખબર છે ? માતાના મૃત્યુ પછી પતાવવાની વિધિ પતાવીને તેમણે આશ્રમવાસીઓને કહ્યું કે ચાલો, હવે આપણે જમી લઈએ. આપણને કાંઈ સુતક લાગે વળગે નહિ. અને આશ્રમવાસીઓની સાથે બેસીને તેમણે ભોજન કર્યું. બધા માણસોને કદાચ આ પદ્ધતિ પસંદ ના પડે, પણ તેની પાછળ અનાસક્તિ ને મોહમુક્તિની જે ભાવના છે તે સુંદર છે, ને સૌનેય પસંદ પડશે એમાં શંકા નથી. નરસી ભગતે સ્ત્રી ને પુત્રના મૃત્યુ વખતે ઈશ્વરની ઈચ્છામાં આનંદ માનીને ગાયું છે કે : ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ !

એ પ્રમાણે ગાવાની ને સમજવાની શક્તિ સૌમાં ના હોય એ વાત સમજી શકાય તેમ છે; પણ મૃત્યુના પ્રસંગને ઈશ્વરની ઈચ્છા માની શાંતિપૂર્વક પસાર કરવાની શક્તિ તો માણસે મેળવવી જ જોઈએ. રમણ

મહર્ષિ ને નરસી જેવા મહાત્માઓ કાંઈ કઠોર ના હતા. તેમનું દિલ લાગણી વિનાનું ને પથ્થરિયું ન હતું. તે તો પ્રેમની પ્રતિમા જેવા હતા. જે સારાય સંસારને ઈશ્વરનું સ્વરૂપ સમજીને પ્રેમ કરે, તે પોતાને પ્રેમ કરનાર ને મમતાની નજરે જોનાર માણસો પર ને બીજા કોઈયે જીવો પર દ્વેષભાવ કે ધૃણા કેવી રીતે કરી શકે ? તે વસ્તુની કલ્પનામાં પણ અજ્ઞાન રહેલું છે. રમણ મહર્ષિએ માતાની સ્મૃતિ માટે આશ્રમમાં માતૃભૂતેશ્વર મંદિરની રચના કરી છે. તે તેમનો માતા પ્રત્યેનો પ્રેમ બતાવી આપે છે. એટલે માતા પ્રત્યેનો પ્રેમ તો તેમના હૃદયમાં હતો જ, પણ મોહ ન હતો. મૃત્યુનો શોક ન હતો. તેથી તેમણે નાહક વિષાદ ના કર્યો. આ વાતમાંથી ઘણું શીખવાનું છે. મહાપુરૂષોનાં જીવન જ બીજાને સારું શિક્ષારૂપ છે. સાધારણ માણસોએ પણ મૃત્યુથી પ્રભાવિત ને શોકિત ના થવાની શક્તિ કેળવવી જોઈએ.

રોવા ને કૂટવાની પ્રથા આપણે ત્યાં સર્વ-સાધારણ જેવી થઈ ગઈ છે ને માણસોને તેમાં ગૌરવ ને આનંદ લાગે છે એ વિચિત્ર છે. કેટલીક સ્ત્રીઓ તો રોવામાં ને વિવિધ રીતે છાતી કુટવામાં નિષ્ણાત જેવી કે સિદ્ધહસ્ત મનાય છે ને તેમની હાજરીમાં ઓર રંગ જામે છે એવો કેટલાકનો અનુભવ છે. મૃત્યુનાં ગંભીર ને પ્રેરણાત્મક પ્રસંગને આપણે કેવું વિચિત્ર સ્વરૂપ આપી દીધું છે તે આ બધી વાતો પરથી સહેજે જાણવા મળે છે. મૃત્યુ તો એક રીતે માણસની સેવા કરે છે, ને માણસને માટે આશીર્વાદ બનીને આવે છે સંસારમાં ડૂબેલા, ભાન ભૂલેલા ને મોહમય બનેલા માણસને તે સાવચેત કરે છે, ને શિક્ષા આપે છે કે હે માનવ, મને ભૂલતો નહિ. સંસારના રંગ જેમ આવનારા ને જનારા છે તેમ જીવન પણ આવનારું ને જનારું છે. જીવન ઘણું સુંદર છે. પણ મારો સંબંધ તેની સાથે સદાને માટે જોડાયેલો જ છે તે પણ તું જાણી લેજે. પણ મારાથી ડરીશ નહિ, હું તો તારો મિત્ર છું; નવા જીવનનું દાન કરીને તારા પર ઉપકાર કરું છું. સંસારમાં ના લપટાવવાનો તને બોધપાઠ આપું છું ને તારે અમર બનવું હોય, મારા પર વિજય મેળવી લેવો હોય, તો તેની પણ તને યાદ આપું છું. તેનો ઉપાય પણ બતાવી દઉં છું. મને મારવાનો ને મારા પર શાસન કરવાનો ઉપાય જાણવો છે ? મારા ને સારાય સંસાર પર જેનું શાસન ચાલે છે, ને આ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ ને વિનાશકતાનું જે મૂળ કારણ છે, તે પરમકૃપાળુ ને સર્વશક્તિમાન સ્વામીનું શરણ લઈ લે; પરમાત્માની પ્રાપ્તિ કરી લે. બીજો કોઈ માર્ગ નથી. મારા પર વિજય મેળવવાની બીજી કોઈ કુંચી નથી. જોને તારા ઋષિઓએ પણ કહ્યું છે કે **नान्य पंथा विद्यतेऽयनाय ।** કોઈપણ સંજોગોમાં મારો શોક તો ના જ કરીશ.

### [ ૧૧ ] સ્વધર્મની વિચારણા

આ પછી અર્જુનનો શોક દૂર કરવા ભગવાને બીજી પણ કેટલીક વિચારસરણી રજૂ કરવા માંડી. એ વિચારસરણીને ટૂંકમાં સ્વધર્મની વિચારણા કહી શકાય. ભગવાને કહેવા માંડ્યું કે અર્જુન, તારા સ્વધર્મનો તો વિચાર કર. તું ક્ષત્રિય છે. ક્ષત્રિયનો ધર્મ શામાં રહેલો છે ? અધર્મના નાશમાં ને ધર્મની રક્ષામાં. તે માટે લડવું પડે તો પણ લડવા તૈયાર રહેવું જોઈએ. ધર્મની રક્ષા માટે ને ધર્મસંગત સાધન દ્વારા થતા યુદ્ધથી ક્ષત્રિયનું મંગલ થાય છે. ધર્મને માટે લડવાની વૃત્તિ તને વારસામાં જ મળી છે. આ ધર્મયુદ્ધનો અનાદર કરીને જો તું શોક સાથે પાછો જઈશ, તો પરિણામ કેટલું ખરાબ આવશે તેની તને ખબર છે કે ? ડાહ્યા માણસો પોતે જે કરે છે તેના સારાનરસા પરિણામનો પહેલેથી જ વિચાર કરે છે. તું પણ જે પગલું ભરે તેનો

વિચાર પહેલેથી ને શાંત મનથી સારી પેઠે કરી લે જે, જેથી શોકની દશામાં ઉતાવળથી ભરેલા પગલા માટે પાછળથી પસ્તાવું ન પડે. તેં દલીલો તો ઘણીયે કરી છે. આ યુદ્ધનો આશ્રય લેવાથી પાપ લાગશે એમ પણ તું કહે છે પણ તને ખબર નથી કે જો તું યુદ્ધ નહિ કરે તો તને ભારે પાપ લાગશે. કેમ કે સ્વધર્મનું પાલન ન કરવું એ મોટામાં મોટો અપરાધ છે. દરેક માણસ તારી જેમ જો સ્વધર્મને છોડી દે ને મનમાન્યું આચરણ કરવા માંડે તો તેનું પરિણામ કેટલું ખરાબ આવે ? સંસારની વ્યવસ્થા ને સલામતી ટકે નહિ, ને બધે સંકરતા કે ગડબડ ઊભી થાય. આનાથી વધારે ગેરલાભ ને અપરાધ બીજો કયો હોઈ શકે ? તું તો વિચારશીલ ને ધર્મની મર્યાદાને પાળનારો છે, વીર છે.

જો લડાઈના મેદાનમાંથી નિરાશ થઈને તું લડ્યા વિના જ પાછો ફરીશ; તો તારી વીરતાને કલંક લાગશે, તારા નિર્મલ યશમાં અપયશની રેખા દોરાશે, ને તારા નામને બટ્ટો લાગશે. લોકો કહેતા ફરશે કે અર્જુન જેવા વીરની પામર દશા તો જુઓ ! ગાંડીવને ધારણ કરીને ને ભગવાનને પોતાના સારથિ બનાવીને તે રણમાં તો આવ્યો, ને હોંશે હોંશે આવ્યો, પણ કાકા મામા ને બીજાં સ્નેહીજનોને જોઈને તેના પગ ઢીલા થઈ ગયા. તે ખોટા મોહમાં પડીને કુરુક્ષેત્રના મેદાનમાંથી પાછો ફર્યો, ને એ રીતે શરીરમાં પ્રાણ રહ્યાં તે છતાં કૌરવોના અધર્મનો તેણે સામનો ન કર્યો. લોકો આ રીતે તારી અપકીર્તિ કરશે. તે શું તને સારી લાગશે ? સમજુ માણસો તો પોતાની અપકીર્તિ થાય, પોતાના નામને ને કામને કલંક લાગે, તેના કરતાં મરણને વધારે સારું માને છે. લોકો તને વીર માને છે પણ તું લડાઈ કર્યા વિના પાછો ફરશે તો તે બધા એમ સમજશે કે તું ભયનો માર્યો રણમાંથી પાછો ફર્યો છે. મોટા મોટા યોદ્ધા ને મહારથીઓના શંખનાદ ને તેમના ઘોડાઓની ગગનભેદી ગર્જના સાંભળીને તું ડરી ગયો ને તારું હૃદય ઠંડુગાર થઈ ગયું, એવી એવી વાતો આ રણમેદાનમાં ફેલાવા માંડશે, ને જે તને માનની દૃષ્ટિથી જુએ છે તેમની નજરમાં તું હલકો દેખાઈશ. તારી શક્તિની વગોવણી ને ઠેકડી કરતાં કેટકેટલાં માઠાં વચનો સંસારમાં ફેલાઈ જશે. ભલા, આવી રીતે નિંદા, ટીકા ને તિરસ્કારને પાત્ર થવાનું તને સારું લાગે છે કે ? જરા વિચાર તો કર. તારા તો બંને હાથમાં લાડુ છે. તને તો બંને રીતે લાભ છે.

ધર્મની રક્ષા માટેના આ યુદ્ધમાં કાં તો તું જીતીશ, ને કાં તો હારીશ, ત્રીજું કોઈ પરિણામ તો આમાં આવવાનું નથી. હવે જો તું જીતીશ તો રાજ્યની પ્રાપ્તિ કરીશ. ને મરીશ તો સ્વર્ગ મેળવીશ કેમ કે ધર્મયુદ્ધમાં મરાયેલ ક્ષત્રિયને સ્વર્ગ મળે છે. આ પ્રમાણે બંને રીતે તું સુખી થઈશ, ને આનંદ તથા ઐશ્વર્યનો ભાગી બની જઈશ. આ તો ઠીક, પણ સ્વધર્મનું પાલન કર્યાનો સંતોષ મળશે તે વધારામાં. જો તું સ્વધર્મનું પાલન નહિ કરે તો વિષાદનાં આ કામચલાઉ વાદળ દૂર થઈ જતાં તને પશ્ચાતાપ થશે. સ્વધર્મનું આચરણ ના કર્યું એ વાતની યાદ આવતાં દુઃખ થશે ને એ રીતે અશાંતિ ને અસંતોષનો કીડો તને કોલી ખાશે. પશ્ચાત્તાપના અગ્નિમાં તું જીવનભર જલ્યા કરીશ. શું આ તને સારું લાગે છે ? માટે મનને સ્થિર કર, ને મૂકી દીધેલા ગાંડીવને ફરીથી ધારણ કર. હજી કાંઈ જ બગડ્યું નથી.

અર્જુને શરૂઆતમાં કરેલી દલીલોનો ભગવાને આ રીતે રદિયો આપ્યો તેનો મૂળ સૂર એક જ છે, ને તે એ કે માણસે સ્વધર્મનું બધા જ સંજોગોમાં પાલન કરવું. દરેક માણસને પોતાનો સ્વધર્મ હોય છે. સ્વધર્મને નક્કી કરવા બહુ વાદવિવાદમાં પડવાની જરૂર નથી. ઈશ્વરની કૃપાથી માણસ આ સંસારમાં જન્મે છે, ને આ

સંસારની સામગ્રીનો લાભ લે છે. તે ઈશ્વરને પ્રેમ કરવાનો, ઓળખવાનો પ્રયાસ કરવાનો ને સંસારને ગમે તે રીતે કામ આવવાનો ધર્મ તેને જન્મથી જ વારસામાં મળે છે. જે દૈવી શક્તિ તેના જેવા અનેક જીવોને જીવન આપે છે, ને જેણે તેનાં જન્મતાં પહેલાં જ માતાના શરીરમાં તેને માટે દૂધની વ્યવસ્થા કરી છે. એટલે જે દયાળુ છે, તેની દયાને સદાય યાદ રાખવી ને તેના પ્રેમને જીતવા પ્રયાસ કરવો એ તેનો સ્વધર્મ છે, ને તેને લઈને જ તે આ જગતમાં જન્મે છે. જે ઈશ્વરે તેને આ જગતમાં મોકલ્યો છે તે ઈશ્વરની પાસે પાછા પહોંચવા પ્રયત્નશીલ રહેવું, ને તે ઈશ્વરના આદેશ પ્રમાણે જીવનમાં ચાલવું એ તેનો સ્વધર્મ છે. એનું પાલન કરવા તેણે સદાય તૈયાર રહેવું જોઈએ. આ ઉપરાંત બીજા કેટલાક સ્વધર્મની પ્રાપ્તિ તેને જન્મની સાથે જ થઈ જાય છે. જે માતા પોતાના ઉદરમાં તેની રક્ષા કરે છે, ને દૂધ પાઈને તેને ઉછેરે છે, તે માતા તથા પાલન કરનાર પિતા પ્રત્યેના સેવાધર્મને આ સંસારમાં તે સાથે લાવે છે. વળી જે ઘરમાં તે જન્મે છે તે ઘર ને તેના સભ્યો, તેનાં ગામનાં સભ્યો ને સમાજ પ્રત્યે પણ તેની કેટલીક ફરજો છે. સંસારમાં જેના પર કોઈનો એકહથ્થુ અધિકાર નથી, પણ ઈશ્વરનો જ અધિકાર છે, તે હવા, પાણી, સૂર્ય, ચંદ્ર ને નક્ષત્રોનો પ્રકાશ તે વાપરે છે. આ ધરતી પર પણ તે વિચરે છે. તે ઋણના બદલામાં સંસારની કાંઈક પણ સેવા કરી છૂટવાનો ધર્મ તેને વારસામાં મળે છે. આ તો કુદરત કે ઈશ્વર દ્વારા પ્રાપ્ત થયેલો ને શરીર સાથે સંકળાયલો સ્વધર્મ છે. પણ જેમ જેમ તે જીવન જીવતો જાય છે, તેમ તેમ બીજી પણ કેટલીક ફરજો, કેટલાક ધર્મો તેને પ્રાપ્ત થાય છે. તે ફરજોનું પાલન કરવા તેણે સદાયે તૈયાર રહેવું પડે છે.

**[ ૧૨ ] સ્વધર્મની શિક્ષા**

સ્વધર્મનો નિર્ણય કરવાનું કામ કાંઈ સહેલું છે ? પોતાની ફરજના નિર્ણયમાં માણસ કેટલીયવાર પાછો પડે છે, ને અર્જુનની જેમ મુંઝવણ અનુભવે છે. જીવનના આ મહાન સમરક્ષેત્રમાં કેટલીકવાર અજ્ઞાન ને મોહવશ થવાને લીધે તે ક્ષેત્રસંન્યાસ લેવાના ઘાટ ઘડવા માંડે છે ને કેટલાક કિસ્સાઓમાં તો વાત એટલી બધી વધી જાય કે તે આપઘાત કરવા પણ તૈયાર થાય છે. જીવનમાં અવિવેકના પ્રસંગ ઘણા આવે છે. એવે વખતે માણસે શું કરવું ? શું તેણે નાહિંમત બનીને બેસી રહેવું કે જીવનની જીત માટેના જંગમાં ઝઝૂમવાનું મૂકી દેવું ? શું તેણે વિષાદ મગ્ન થઈ જવું ? ગીતામાંથી તેનો જવાબ જડી રહે છે.

ગીતાકારે અર્જુનના પાત્ર દ્વારા આ બધા પ્રશ્નોનો સચોટ ઉત્તર આપી દીધો છે. તે કહે છે કે જીવનની ઉન્નતિના સાધનમાં, કલ્યાણના કામમાં વિઘ્નો તો આવવાનાં જ. તે મુશ્કેલીઓથી માણસ મહાત બને ને વિઘ્નો તેના માર્ગમાં આડખીલીરૂપ બની રહે એમ પણ બનવાનું. આ ઉપરાંત, માણસનું જ્ઞાન કાંઈ પૂર્ણ તો નથી જ. સારા ને નરસાનો નિર્ણય કરવામાં માણસ દરેક વખતે સફળ થાય છે એમ પણ નથી. આવે વખતે જીવનમાં મૂંઝવણ ઊભી થવાની ને માણસની દશા અર્જુનની જેમ વિચિત્ર થઈ જવાની. ધર્માધર્મ કે કર્તવ્યનો નિર્ણય કરવામાં તેનું મન મૂઢતાની દશા અનુભવવાનું. એટલે જ માનવને કાયમને માટે પ્રેરણા આપવા ગીતાકારે અર્જુનના અમર પાત્ર દ્વારા સૌને સંદેશ પહોંચાડ્યો છે કે વિમૂઢતા ને અવિવેક થાય તો લેશ પણ ગભરાયા વિના માણસે પોતાના અંતરના રથમાં બેઠેલા ભગવાનને શરણે જવું. સારાં ને નરસાનો નિર્ણય કરવામાં બુદ્ધિ પાછી પડે ત્યારે તેણે પ્રભુને પ્રાર્થના કરવી, ને પ્રભુની પ્રેરણા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો.

પ્રભુ તેની તદ્દન નજીક અંતરના અંતરતમમાં વિરાજેલા છે. તેમને શોધવા માટે તેણે ક્યાંય દૂર જવું પડે તેમ નથી. બ્રહ્માંડમાં બધે જ તે રહેલા છે. તે ક્યાં છે એ પ્રશ્ન નથી; ક્યાં નથી તે જ પ્રશ્ન છે. નરસીએ ગાયું છે કે 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ.' કવિ દલપતરામે સરલ શબ્દોમાં તે જ વાત કહી દીધી છે. તે તો કહે છે કે 'ખાલી જગ્યા ખોળિયે કણી મૂકવા કાજ ' તો તેવી ખાલી જગ્યા પણ પ્રભુ વિનાની મળતી નથી. પ્રભુ બધે જ વિરાજે છે.

ગીતા કહે છે કે મુશ્કેલીના વખતે ધીરજ ને શાંતિ ધારણ કરીને પ્રભુની પાસે પહોંચી જાઓ. તેને પ્રાર્થના ને પુકાર કરો. વિપત્તિના વાદળ આપોઆપ દૂર થશે, ને વિઘ્નો હટી જશે. પ્રભુની કૃપાના પ્રતાપથી, તમારાં અંતરના અંધાર ભરેલા આકાશમાં વિવેકરૂપી સૂર્યનો ઉદય થશે ને તેનાં ચેતનમય કિરણોથી જીવનને પ્રકાશ મળશે. આ ઉપાય અકસીર છે પણ તે માટેની શરત એ છે કે માણસે અર્જુનની જેમ સરલતાની મૂર્તિ બનવું ને પોતાનો બધો ભાર ભગવાનને સોંપી દેવો. કહો કે પોતાના જીવનરથનું સારથિપદ ભગવાનને સોંપી દેવું. બાકી સંકટ કે મૂંઝવણથી ડગી જઈને સ્વધર્મના પાલનમાં પાછા પડવાનો બાલિશ વિચાર તેણે કદાપિ કરવાનો નથી, પોતાની ફરજનું પાલન કરતાં કદાચ ખપી જવાનો પ્રસંગ આવે તો પણ શું ? ફરજને માટે કરેલી કુરબાનીનો સંતોષ તો તેને રહેશે જ. એ સંતોષ સ્વર્ગ જેવો સુખદાયક છે. ને ફરજનું પાલન પૂરું થશે તો તો તેના જીવનની ધન્યતા કેટલી અપાર હશે એ કોણ કહી શકે તેમ છે ? માટે ફરજનું પાલન કરવા માણસે નિરંતર તૈયાર રહેવાનું છે

માણસે સમજી લેવાનું છે કે સંસારમાં એકલું સુખ, એકલી શાંતિ કે એકલો લાભ નથી. અમૃતની સાથે જેમ વિષ, તેમ સુખની સાથે દુઃખ, શાંતિ સાથે અશાંતિ ને લાભની સાથે હાનિ નક્કી રહેલા છે. જીવનની સાથે મરણ પણ તેવું જ જોડાયેલું છે. સંસારમાં જે સારું કે નરસું છે, વિષમય કે અમૃતમય છે, તે તેને ચંચલ ના કરે, ને તેની સ્વધર્મનિષ્ઠા કે કર્તવ્યપરાયણતાને ડગાવી ના શકે, તે તેણે ધ્યાન રાખવાનું છે. અમૃતના આસ્વાદથી તે અહંકારી કે અતિશય ઉન્મત ના બની જાય ને ગરીબી, રોગ, દુઃખ ને ચિંતાના વિષની ઝેરી અસરથી જડ બનીને જીવન ના ખોઈ બેસે તે માટે તેણે સાવધ રહેવાનું છે. કર્તવ્યના ક્ષેત્રમાં પોતાનાં કે પારકાંનો વિચાર કરીને તેણે ફરજનાં પાલનમાં પછાત રહેવાનું નથી. સત્ય ને ન્યાયનો પક્ષ લઈને જીવનમાં તેણે સદાય આગળ વધવાનું છે. ભગવાને અર્જુનને આપેલી આ શિક્ષા માનવમાત્રની મહત્વની શિક્ષા છે.

**[ ૧૩ ] કર્મની કુશળતા**

આટલે સુધી જ્ઞાનની વાત કહીને ભગવાન કહે છે, કે હે અર્જુન, હવે તને યોગબુદ્ધિ વિશે કહું છું તે સાંભળ. આ બુદ્ધિથી શો લાભ થશે ? ભગવાન ઉત્તર આપે છે કે તેથી કર્મના બંધનનો નાશ થશે. આટલું તો કહ્યું, પણ કર્મબંધનનો નાશ કરનારી યોગબુદ્ધિનું સાંગોપાંગ વર્ણન કરવાને બદલે તે આ લોક ને પરલોકના સુખવૈભવ કે ભોગવિલાસની ઈચ્છાવાળા માણસો જે જાતનાં કર્મો કરે છે તેની જરા વાત કરે છે. આ વાત પણ મહત્વની હોવાથી આપણે તેનો ઉડતો ઉલ્લેખ કરી જઈશું.

આ સંસારમાં માનવસમાજનો એક વર્ગ એવો છે કે જે આ સંસારમાં વધારે ને વધારે ભોગ મેળવવાની ઈચ્છા રાખે છે, ને આ જીવન દરમ્યાન જ સ્વર્ગ જેવા કોઈ સુખમય લોકમાં-રેલ્વેમાં સીટ રીઝર્વ

થાય છે તેમ-પોતાનું સ્થાન રીઝર્વ થાય તેવી ઈચ્છા રાખે છે ને તે ઈચ્છા પૂરી કરવા યજ્ઞ જેવાં વેદમાં કહેલા કર્મ પણ કરે છે. ગીતાએ આવા માણસોને ઉત્તમ કોટિના નથી માન્યા. ગીતાની દૃષ્ટિએ તેવા માણસો કૃપણ છે, ટૂંકી દૃષ્ટિના છે. માણસને બાંધનારી બેડી લોઢાની હોય કે સોનાની પણ તે બેડી છે જ, ને તેને બાંધવાનું કામ કરે છે, વળી ઝેર પિત્તળના પ્યાલામાં પીવામાં આવે કે ચાંદીના પ્યાલામાં, તે ઘાતક નીવડે છે એ નક્કી છે. તે જ પ્રમાણે ઈશ્વર પ્રીત્યર્થે કર્મ કરવાનું જ બરાબર છે. સંસાર ને સ્વર્ગના વિનાશી પદાર્થોની લાલસા રાખી અનેક જાતના કર્મ કરવામાં અજ્ઞાન જ રહેલું છે.

જો ઈચ્છા રાખવી જ છે તો જે વિનાશી છે તેની શા માટે રાખવી ? એક બાજુ દમડી પડી હોય ને બીજી બાજુ મુદ્રામણિ કે પારસ હોય, તો દમડીની ચાહના કોણ કરે ? પણ જેને કોઈ પ્રકારની ચાહના કે કામના નથી, તેને પારસ પત્થરનું પણ શું કામ ? એ માટે માણસે પરમાત્માનું શરણ લેવું જોઈએ, વિનાશી વસ્તુઓનું નહિ. ઉપનિષદ્‌માં નચિકેતાની વાત આવે છે. નચિકેતા બાળક હતા. પરંતુ સંસાર ને સ્વર્ગનાં બધાં સુખોને સાધારણ ને ચંચલ માનીને તેણે પરમાત્માની જ ઈચ્છા કરી. તેમ માણસે પરમાત્મામાં જ પ્રીતિ કરવી જોઈએ, ને પરમાત્માની ચાહના કરવી જોઈએ. પરમાત્મા સિવાય બીજા ક્ષુદ્ર પદાર્થોની ચાહનામાં મૂર્ખતા રહેલી છે.

કર્મની કુશળતામાં યોગ રહેલો છે. એકલું કર્મ યોગમય બનતું નથી, પણ તે કુશળતાપૂર્વક કરાય તો યોગમય બની જાય છે, ને કર્મયોગની તે સાધના માણસને બંધનથી મુક્ત કરીને તારી દે છે. કર્મયોગની એ સાધનાનાં બે ઉપયોગી અંગો પર ભગવાને અહીં પ્રકાશ ફેંક્યો છે. તેમાં પહેલું અંગ આલોક ને પરલોકની સુખની ઈચ્છાનો ત્યાગ કરીને ઈશ્વરપરાયણ બનીને કર્મ કરવાનું છે. એટલે કે માણસે પોતાની બુદ્ધિ ને કર્મનો સંબંધ ભગવાનની સાથે જોડી દેવાનો છે. આ વિશે વિસ્તારથી ઉલ્લેખ આગળ પર કરીશું. અહીં તો એક બીજો વિચાર કરીએ. માણસે આ લોક ને પરલોકના સુખની લાલસા રાખવાની નથી, તેમ આ લોક કે પરલોકના દુઃખથી ડગી જઈ કે ભયભીત થઈને તેણે કર્તવ્યનો રાહ છોડવાનો પણ નથી. સાચું સુખ તેની અંદર છે. તે સુખના અક્ષયવિગ્રહ જેવા પરમાત્મા પણ તેની અંદર વાસ કરે છે. તે પરમાત્માને પામી લેવાથી કે ઓળખવાથી તેને અક્ષય આનંદની પ્રાપ્તિ થશે, ને તેનું જીવન સફળ થશે.

કેટલાક માણસો કહે છે કે ગીતાએ કર્મ કરવાનું કહ્યું છે, પણ ફળની ઈચ્છા ના રાખવી એમ ઉપદેશ આપ્યો છે, તે બરાબર છે ? તો પછી કોઈ માણસ ઈશ્વરની ઈચ્છા રાખી કર્મ કરે તો તે શું બરાબર છે ? ભગવાનના દર્શનની ઈચ્છા રાખવામાં પણ તે રીતે તો ત્રુટિ રહેલી છે એમ નથી લાગતું ? આ વિશે આપનો શો અભિપ્રાય છે ?

વાત એમ છે કે આ વિશેનો મારો અભિપ્રાય જાહેર કરવા મેં એક સ્વતંત્ર લેખ આ અગાઉ લખ્યો છે. છતાં અહીં થોડી ચર્ચા કરી લઈએ. ફળની ઈચ્છા રાખીને માણસ કર્મ કરે, તેમાં કાંઈ હરકત નથી. મારી સમજ પ્રમાણે ગીતા તેનો વિરોધ નથી કરતી. ગીતાને કહેવાની વાત જરા જુદી છે. માણસ ફળની ઈચ્છા રાખીને કર્મ કરે છે, પણ ફળની અસર તેના પર થયા કરે છે. ધારો કે કોઈ વિદ્યાર્થી છે તે વિદ્યા મેળવવાને માટે નિશાળે જતો હોય. પરીક્ષાનો વખત આવ્યો, વિદ્યાર્થી ધારો કે પરીક્ષામાં નાપાસ થયો તો તેની અસર તેના પર કેટલી બધી ભારે થાય છે ! જીવનની મોટી બાજી હારી બેઠો હોય તેવી નિરાશાનો તે અનુભવ કરે

છે, ને મિત્રો તથા વડીલોથી દૂર ને દૂર સંતાતો ફરે છે. મિત્રો ને વડીલો પણ શું કરે છે ? આવે વખતે શાંતિના બે શબ્દ કહીને ઉત્સાહ ને આશ્વાસન આપનારા મિત્રો ને વડીલો ઓછા હોય છે, પરિણામે તેની નિરાશામાં વધારો થાય છે. પરીક્ષાના પરિણામથી નાસીપાસ થયેલા કેટલાક વિદ્યાર્થી મગજ પરનો કાબુ ખોઈ બેસે છે, ઘર છોડીને નાસી જાય છે, ને આપઘાત કરવાની તૈયારી કરે છે. મુંબઈમાં રાજાબાઈ ટાવરનું મકાન સૌથી ઊંચું ગણાય છે. પણ નિશાળની ને જીવનની પરીક્ષામાં નિષ્ફળ ગયેલા વિદ્યાર્થીઓએ તે મકાન પરથી પડતું મૂકી જીવનનો અંત આણવાનો કેટલીકવાર પ્રયાસ કર્યો છે. આવા પ્રયાસને વખોડી કાઢવો જોઈએ. નિશાળની કે જીવનની જુદી જુદી પરીક્ષામાં નાપાસ થવાય તેથી શું ? નાહિંમત કે નિરાશ બનવાને બદલે તેણે હિંમત ને આશાથી સજ્જ થઈને ફરીવાર પુરૂષાર્થ કરવા માટે તૈયાર થવું જેઈએ.

એક બીજી વાત પણ સમજવા જેવી છે. નિષ્ફળતાથી નાહિંમત ન થવાય તે ધ્યાનમાં રાખવાનું જેમ જરૂરી છે, તેમ સફળતાથી અતિશય હરખઘેલા ને છેવટે અભિમાની કે ઉન્મત્ત બની જઈને પોતાનો માર્ગ ચુકી ના જવાય, તે માટે જાગ્રત રહેવાનું છે વિજય ને પરાજય બંનેની વધારે પડતી અસરથી માણસે મુક્ત રહેવાનું છે. માણસે કર્મ કરવાં, કર્મના ફલની ઈચ્છા પણ રાખવી પણ પોતાની ઈચ્છા પ્રમાણે ફલ મળે ના મળે તો પણ મનની સ્થિરતાનો ભંગ થવા દેવો નહિ. આનું નામ કર્મની કુશળતા. એટલે ભગવાનને ભજનાર ભક્ત ભગવાનના દર્શનની ઈચ્છા રાખે તેમાં કાંઈ જ ખોટું નથી. પાંચ વરસના બાળક ધ્રુવજી મધુવનમાં તપ કરવા માંડ્યા, તે શું ભગવાનના દર્શનની ઈચ્છા વિના કે ? વાલ્મિકી ને તુલસી તથા સમર્થ રામદાસની તપશ્ચર્યા ભગવાન શ્રી રામના દર્શનને માટે નહોતી કરાઈ ? સૂરદાસ ને મીરાંના દિલમાં શ્રીકૃષ્ણને માટે લગની નહોતી લાગી, ને કૃષ્ણને માટે જ તેમણે સાધના નહોતી કરી ? ઈશ્વર કહો કે આત્મિક ઉન્નતિ કે શાંતિ કહો, સાધનાનું લક્ષ્ય તે જ છે. તેને માટે જ સાધના કરાય છે, ને તે લક્ષ્ય પૂરું ના થાય ત્યાં સુધી સાધના પૂરી થતી નથી એટલે સાધનાની સિદ્ધિ કે ભગવાનના દર્શનનું ફલ નિરંતર નજર સામે રાખીને સાધના કરવામાં કોઈ જાતનો દોષ નથી. ભગવાનનાં દર્શન કે સાધનાની સિદ્ધિમાં વિલંબ લાગે તો હિંમત હારી બેસવામાં ને પ્રયાસ મૂકી દેવામાં દોષ છે.

કર્મના ફલનો ત્યાગ કરવાનો ઉપદેશ આપીને ગીતા આ પ્રમાણે કર્મના ફલની સારી ને માઠી અસરનો ત્યાગ કરવાનું શીખવે છે. અથવા કર્મના ફલથી અલિપ્ત રહેવાનો પાઠ આપે છે. બાકી કર્મના ફલની ઈચ્છા ના રાખવાથી શું વળશે ? માણસ ફલની ઈચ્છા નહિ રાખે તો ફલ તેને મળશે જ. કર્મના ફલમાંથી મુક્તિ મેળવવાનું કામ અસંભવ જેવું છે. ફલની ઈચ્છા રાખીને કર્મ કરવાથી માણસ પોતાની સમગ્ર શક્તિને પોતાના ધ્યેયને સિદ્ધિ કરવાના કામમાં લગાવી શકશે એ લાભ થશે તે નફામાં.

કર્મના ફલનો ત્યાગ કરવાનો બીજો અર્થ પણ લઈ શકાય છે. કર્મના ફલની ઈચ્છાનો ત્યાગ કરવાનો નથી પણ ફલનો ત્યાગ કરવો એટલે જે ફલ મળે તે ભગવાનનું માની ભગવાનને અર્પણ કરી દેવું. ભગવાનનાં ચરણોમાં તેનો ત્યાગ કરવો એટલે કે ભગવાનને માટે ને ભગવાનની સૃષ્ટિને માટે તેનો ઉપયોગ કરવો. પોતાનું જ્ઞાન, પોતાને મળતું ધન ને બલ તથા ઐશ્વર્ય માણસે પોતાની જ સુખાકારી માટે નહિ, પણ બીજાના હિત માટે પણ વાપરવું. તે પર પોતાનો જ નહિ, પણ ભગવાનનો ને ભગવાનની સમગ્ર સૃષ્ટિનો

હક્ક સ્વીકારવો. આમ કર્મફળનો ત્યાગ ખરેખર માનસિક છે, ભાવનાની દૃષ્ટિએ ત્યાગ છે; ને વસ્તુઃ પદાર્થનો ત્યાગ નથી એ સૌએ સમજી લેવાની જરૂર છે.

**[ ૧૪ ] સ્થિતપ્રજ્ઞ પુરૂષની ઓળખાણ**

જે માણસનું મન પરમાત્મામાં જોડાઈ ગયું છે, જેણે પરમાત્માની સાથે એકતા સાધી છે, ને જે પૂર્ણતાની પ્રાપ્તિ કરીને નરમાંથી નારાયણ બન્યો છે; જેની બુદ્ધિ ને જેનો પ્રાણ પરમાત્મામાં પ્રતિષ્ઠા પામ્યા છે; ને વિવેકથી વિભૂષિત થઈને જેણે જીવનની ધન્યતાનું પાન કર્યું છે; તેવા મહાપુરૂષને કેવી રીતે ઓળખી શકાય ? પૂર્ણ પુરૂષની પરીક્ષાનાં બાહ્ય ચિન્હો કેવાંક હોઈ શકે ? બીજા અધ્યાયને અંતે અર્જુને આ જ પ્રશ્ન પૂછ્યો છે, ને ભગવાને તેનો સારી પેઠે ઉત્તર આપ્યો છે. આ પ્રશ્ન કેટલાય માણસો તરફથી પૂછવામાં આવે છે. આપણે કહીશું કે પ્રભુની કૃપા મેળવી ચૂકેલા મહાપુરૂષોને બહારનાં ચિન્હો પરથી ઓળખવાનું કામ સદાને માટે સહેલું નથી. કેટલાક માણસો લાંબી દાઢી ને જટા, શરીરે ભસ્મ, મૌનધારણ ને એવી એવી બહારની વસ્તુ પરથી મહાત્માઓની કિંમત કરે છે. પરંતુ મહાત્માઓની એ મૂડી નથી. એ વસ્તુ ના હોય તે છતાં પણ માણસ મહાત્મા હોઈ શકે છે.

મહાત્માપણાને બહારની વસ્તુઓ સાથે બહુ ઓછો સંબંધ છે. એક ભાઈએ પોતાનો અભિપ્રાય જાહેર કરતાં કહ્યું કે જેને પરમશાંતિ મળી જાય તેનું મુખ લાલાશવાળું બની જાય. જેનું મુખ ફીક્કું હોય તેને હજી શાંતિ નહિ મળી હોય એમ સમજી લેવું. પણ આ અભિપ્રાય તદ્દન અર્થ વગરનો છે. પરમશાંતિની પ્રાપ્તિને ચહેરા પરની લાલાશ સાથે કાંઈ જ સંબંધ નથી, તે સારી પેઠે સમજી લેવાની જરૂર છે. પરમશાંતિમાં જે માનતાં જ નથી, ને પરમશાંતિને મેળવવા માટે જે પુરૂષાર્થ કરતા નથી, તેવા માણસોનાં મુખ પર લાલાશ દેખાય છે, તે તો તંદુરસ્તીની નિશાની છે. તેને વળી પૂર્ણતા ને પરમશાંતિ સાથે શું લાગેવળગે ? જેને પરમશાંતિ મળી હોય તેવા માણસનો ચહેરો ફીક્કો પણ હોઈ શકે છે. તે પરથી તેને શાંતિની પ્રાપ્તિ નહિ થઈ હોય એમ માનવાની જરૂર નથી. તે પ્રમાણે જેને પરમશાંતિ મળી હોય તે પુરૂષ જટા ને દાઢી વધારે કે મૌન રાખે ને શરીરે ભસ્મ ચોળે એવો પણ નિયમ નથી. એ તો બધા બહારના વિષયો છે, અને તે માણસની રૂચિ પર આધાર રાખે છે. તેને પરમશાંતિ ને પૂર્ણતા સાથે કોઈ પણ જાતનો સંબંધ નથી માટે તેમની પ્રત્યે દુરાગ્રહ રાખવો ને મહાપૂરૂષોની કસોટી કરવા પ્રયાસ કરવો તેમાં મૂર્ખતા રહેલી છે. બહારના દેખાવ પરથી સાચા મહાત્માઓની પરીક્ષા ભાગ્યે જ કરી શકાશે.

રામકૃષ્ણ પરમહંસદેવની પાસે એક પંડિતજી આવ્યા. તેમણે પરમહંસદેવની સાથે એક જ આસન પર બેસીને કહેવા માંડ્યું કે શું તમે પરમહંસ છો ? વાહ, ખરા પરમહંસ. લોકો તમને પરમહંસ કહે છે પણ લોકો શું જાણે ? તેમને કોઈએ ભરમાવ્યા લાગે છે. ઠીક પરમહંસ, જરા હુક્કો તો પિલાવો. પરમહંસદેવે તેમને હુક્કો આપ્યો. તે હુક્કો ગગડાવવા માંડ્યા એટલામાં તેમની નજર દિવાલ પર ટીંગાવેલા પરમહંસદેવના સુંદર કોટ પર પડી. તે જોઈને તે બોલી ઊઠ્યા, શું તમે કોટ પણ રાખો છો ? વાહ ! પણ પરમહંસદેવ પણ ક્યાં ગાંજ્યા જાય તેવા હતા ? તેમણે પંડિતજીનું ધ્યાન ઓરડાના ખૂણા તરફ દોર્યું. ત્યાં

નવા સુંદર બુટ પડ્યા હતા. તે જોઈને તો તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેમને નક્કી થયું કે પરમહંસદેવ ઢોંગી છે, ને તેમની જાળમાં લોકો ફોકટ ફસાયાં છે. નમસ્કાર કર્યા વિના જ તે તો ત્યાંથી ઊઠી ગયા.

સાંજનો સમય થયો હોવાથી ગંગા કિનારે જઈને તે સંધ્યા કરવા માંડ્યા. થોડા વખત પછી તેમને એમ લાગ્યું કે કોઈ તેમનું આકર્ષણ કરી રહ્યું છે. સંધ્યા પુરી કરીને જલદી પરમહંસદેવના ઓરડામાં આવ્યા, તો ત્યાં શું જોયું ? પોતાના રોજના નિયમ પ્રમાણે પરમહંસદેવ આસન પર બેસી ધ્યાનમાં મગ્ન હતાં. તેમનાં નેત્રમાંથી આંસુ વહી રહ્યાં હતાં. મુખ પર જે ભાવો હતા તે અદ્‌ભુત હતાં. તે જોઈને પંડિતજીનું હૃદય પલટાઈ ગયું. પરમહંસદેવના સાન્નિધ્યમાં તેમને અજબ શાંતિ લાગવા માંડી. પરમહંસદેવ સાચા મહાપુરૂષ છે તેની તેમને ખાત્રી થઈ. તેમને સમજવામાં પોતે ભૂલ કરી છે તે વાતનો તેમને પશ્ચાતાપ થયો. એટલામાં તે મહાપુરૂષનું ધ્યાન પૂરૂં થયું, ને તેમણે નેત્રો ઉઘાડ્યાં. એટલે પંડિતજી તેમના ચરણમાં પડ્યા. તેમની આંખમાંથી પશ્ચાતાપનું પાણી વહેવા માંડ્યું. પોતે કરેલી ભૂલ માટે તેમણે પરમહંસદેવની માફી માગી. પરમહંસદેવે કહ્યું, મહાત્માઓની કસોટી બહારના દેખાવ પરથી કરવી નહિ. બની શકે તો તેમના હૃદયમાં ડૂબકી મારવી. તેમના હૃદયને એળખવા પ્રયાસ કરવો ને તે પરથી તેમના વિશે નિર્ણય કરવો. નહિ તો તેમને નમસ્કાર કરીને રસ્તે પડવું. બાકી પૂરતી તપાસ વિના બે ત્રણ બાહ્ય વસ્તુઓની મદદથી તેમના વિશે અભિપ્રાય આપવા નીકળી પડવું એ અપરાધ છે.

પરમહંસદેવનાં આ વચનો સૌએ યાદ રાખવા જેવાં છે. એનો અર્થ એમ નથી કે માણસે મહાત્માઓના બાહ્ય સ્વરૂપ પર નજર જ ના કરવી અથવા તે દ્વારા એમ પણ નથી સમજવાનું કે મહાત્માઓએ પોતાના બાહ્ય જીવનધોરણ કે સ્વરૂપ પ્રત્યે દુર્લક્ષ રાખવું. સાર એટલો જ છે કે બહારની રીતે વિચિત્ર લાગતા જીવન ને સાધનવાળા માણસો પણ અંદરખાનેથી કેટલીકવાર મહાપુરૂષ ને ગાંઠે બાંધ્યા રતન હોય છે. મૂળ વાત તો એ છે કે આ સંસારમાં મહાપુરૂષોનું મિલન થવું મુશ્કેલ છે. ગીતાએ જેમને સ્થિતપ્રજ્ઞ કહ્યા છે તેવા પુરૂષો કરોડોમાં કો'ક જ મળે છે ને પૂર્વજન્મનાં સત્કર્મોના ફળરૂપે તેમનું મિલન થઈ જાય, તો પણ તેમને ઓળખવાનું કામ કઠિન છે. તે પોતે જ જ્યાં સુધી કૃપા કરીને પોતાનું રહસ્ય ના ખોલે, ને પોતે કોણ છે ને કેવા છે તેની સમજ ના આપે, ત્યાં સુધી તેમને ઓળખવાનું કામ કપરૂં છે. જેમ ઈશ્વર અગમ્ય છે તેમ સંતો પણ અગમ્ય.

ઈશ્વરને કોણ ઓળખી શકે ? જેના પર તે કૃપા કરે, ને કૃપા કરીને અર્જુનની જેમ અજ્ઞાનનું આવરણ હઠાવી દઈને જેને તે દિવ્ય દૃષ્ટિ આપે તે જ. પણ ઈશ્વર કાંઈ કૃપાળુ નથી એવું થોડું જ છે ? તેની કૃપા માટે માણસે તૈયાર રહેવાનું ને આતુર બનવાનું છે. તેવી રીતે ઈશ્વરની કૃપા મેળવી ચૂકેલા સંતોને મળવાની જેને લગની લાગે, ને જેનું દિલ તેવા મહાપુરૂષોને મળવા માટે તલપાપડ બની જાય તેને મહાપુરૂષોનું દર્શન જરૂર થઈ શકે, ને તેમને સેવીને લાભ પણ ઊઠાવી શકે. એટલે મહાપુરૂષોને મળવાની તમન્ના જગાવી દો તો મહાપુરૂષો આપોઆપ મળશે.

એક બીજી વાત. મહાપુરૂષોની પાસે જવાનું થાય ત્યારે હૃદય ખુલ્લું રાખીને જજો. મહાત્માઓને મળવાનો અવસર આવે ત્યારે મનને મોકળું મૂકીને તેમને મળજો. કોઈપણ પ્રકારના પૂર્વગ્રહથી પીડાયા વિના તેમનો લાભ ઊઠાવવા તત્પર રહેજો. તેમને સમજવામાં, તેમના વિશે અંતિમ અભિપ્રાય બાંધી લેવામાં

કદીપણ ઉતાવળ કરશો નહિ. તેમની ટીકા કરવાના ક્લેશકારક સાહસથી સદાય દૂર રહેજો. જવાનું થાય તો ગુણગ્રાહી વૃત્તિથી જજો. પરિણામે તમને લાભ જ થશે. હાનિ તો નહિ જ થાય. મહાપુરૂષોની પાસે જઈને બહુ ઊંડી ચર્ચામાં વિના કારણ ઉતરી ના પડતા. તેમની પાસે જઈને તમારી બુદ્ધિનું પ્રદર્શન કરવા તમે જ વક્તા ને ઉપદેશક ના બની બેસતા. તેવા પુરૂષો જે કહેશે તે લાંબા ને નક્કર અનુભવના આધાર પર કહેશે. માટે તેની ઉપેક્ષા ના કરતા. તેમની વાત પર વારંવાર વિચાર કરજો. આવી ટેવ કેળવશો તો તેમની દ્વારા લાભ ઊઠાવી શકશો, ને તેમને કૈંક અંશે ઓળખી પણ શકશો.

**[ ૧૫ ] મહાપુરૂષોની ઓળખ**

મહાપુરૂષોને ઓળખવાનો સાચો ઉપાય તો તેમની કૃપામાં રહેલો છે. છતાં તેના બીજા ઉપાય પણ છે, ને ગીતાએ તેની માહિતી પૂરી પાડી છે. અર્જુન ભગવાનને પૂછે છે કે હે પ્રભો જે ખરેખર મહાન છે, તમારી કૃપા પામેલા ને સમાધિનિષ્ઠ છે, ને જેમની બુદ્ધિ સ્થિર છે, તે કેમ રહે છે, સંસારમાં કેમ ફરે છે, તેમને ઓળખવાની રીત શી છે ? તેના ઉત્તરમાં ભગવાન જે રીત બતાવે છે, તે જોઈએ.

મહાપુરૂષો શાંતિના સાકાર સ્વરૂપ જેવા હોય છે, તેમની પાસે જનાર ને બેસનારને વત્તાઓછા પ્રમાણમાં શાંતિ મળી રહે છે. ગંગા સદા શીતલ છે. તેમાં ન્હાનારને શીતલતા આપોઆપ મળી જાય છે. ચંદનની શીતલતા પણ પ્રસિદ્ધ છે. તેના ઉપયોગથી પણ ઠંડક મળે છે. સંતોની શીતલતા તેથીયે વધી જાય છે. કેમ કે સંતોના સહવાસથી શરીરને જ નહિ, મનને પણ શાંતિ મળે છે. તેમની પોતાની દશા કેવી દૈવી હોય છે ! ગમે તેવા અશાંત વાતાવરણમાં રહેવા છતાં તેમની શાંતિનો ભંગ થતો નથી. ચારે બાજુ અવાજ કે કોલાહલ થઈ રહ્યો હોય અથવા ચારેકોર પ્રવૃત્તિ હોય છતાં પણ સ્થિતપ્રજ્ઞ મહાપુરૂષો શાંત જ રહે છે, ને ઈશ્વર સાથેની એકતાના આનંદમાં મગ્ન બને છે. તેમની અનેરી અવસ્થાનું વર્ણન કરવા ગીતામાતા સાગરનું ઉદાહરણ રજૂ કરે છે. તે કહે છે કે કોઈ પાણીથી ભરપૂર ને ગંભીર સાગરની કલ્પના કરો. તેમાં નદી, નાળાં ને ઝરણાં વહ્યા કરે છે, તથા વરસાદનું પાણી પણ પડ્યા કરે છે. પાણીની કેટલી બધી સંપત્તિ સાગરમાં પડેલી છે તેનો વિચાર તો કરો ? પોતાના બલ દ્વારા કોઈના પર આધિપત્ય જમાવવાનો પ્રયાસ તેણે કર્યો છે ? જે આવે તેને તે પોતાના વિશાળ ઉદરમાં સમાવી લે છે. ઉછળતાં તરંગોથી સૌનું સ્વાગત કરે છે, ને કોઈ યે જાતના ભેદભાવ વિના સૌને પોતાની અંદર ભેળવી દે છે.

મુંબઈના ચોપાટીના દરિયાને કદી જોયો છે ? જગન્નાથપુરી ને સૌરાષ્ટ્રના દરિયા કિનારે તો શાંતિ છે પણ ચોપાટીના દરિયા પાસે તેવું નથી, ચોપાટીના દરિયા પાસે તો રાતદિવસ હજારોની સંખ્યામાં મોટરો દોડાદોડ કરે છે, ને ભીમકાય બસો પણ દોડ્યા કરે છે. માણસોની અવરજવર પણ ઓછી નથી. તેમાંય વળી સાંજ પડે એટલે દરિયાકિનારે માણસોની ભીડ જામે છે. કેટલા બધા માણસો ! કોઈ બોલે, કોઈ ગાય, કોઈ પોકાર પાડે તો કોઈ ન્હાય; કોઈ દોડે પણ ખરા. પણ એ બધી પ્રવૃત્તિની વચ્ચે પણ સાગરની દશા કેવી હોય છે ? બહારની ધમાલથી તેની શાંતિમાં ભંગ પડે છે ખરો કે ? કોલાહલ ને અશાંતિનું કાયમને માટે પાન કરીને શંકર બનીને બેઠો હોય તેમ તે શાંત ને મંગલ જ રહે છે. કોઈ મહાન યોગેશ્વરની જેમ પોતાના આનંદમાં મગ્ન રહે છે. ને તેનું સંગીત પણ કદી ખૂટે છે ? કેટલું સતત ને સંવાદમય છે તેનું સંગીત !

દિવસો, મહિના ને વરસોથી, એનું એ જ ગર્જન ને એનો એ જ આલાપ. એ સાગરને યાદ કરીને મહાપુરૂષોની આંતરિક અવસ્થા વિશે વિચાર કરો તો મદદ મળશે.

મહાપુરૂષો પણ શાંતિના સાગર જેવા, પોતે પોતાના અંદર મસ્ત હોય છે. બહારથી તે શાંત ને ગંભીર દેખાય, પણ તેમની અંદર ડોકિયું કરો તો તે સદાય પ્રવૃત્તિપરાયણ દેખાશે; સતત સંવાદથી ભરેલા દેખાશે. તેમની પાસે જઈને તમે કહેવા માંડો કે તમે તો ઘણા મહાન છો, સંત છો, તો તરત જ કહી ઊઠશે કે ના, મહાન તો એક ઈશ્વર છે. હું તો તેના ચરણની રજ છું. તેના ચરણના દાસ જેવા સંતપુરૂષોનો પણ દાસ છું, ને તેમની ચરણરજને શિર પર ચઢાવું છું. ઈશ્વરના પ્યારા થવાનો મારો પ્રયાસ છે. સંતોની કૃપા મેળવવાનો મારો મનોરથ છે. હું તો એક સાધારણ પ્રાણી છું. વાત સાચી છે.

સંતોની દશા બાલક જેવી નમ્ર, નિર્દોષ ને નિખાલસ હોય છે. જેમ બાળકને કહેવામાં આવે કે તું નિર્દોષ છે, તો તેને તે વિચિત્ર લાગે છે. તેણે કાંઈ નવું સાંભળ્યું છે એમ તેને લાગતું નથી કેમ કે સંસારમાં નિર્દોષતા વિના બીજું હોઈ જ ના શકે એવી તેની ભાવના હોય છે. તેમ માણસ નિર્દોષ બને, નમ્ર બને, ને ઈશ્વરની કૃપા મેળવીને પરિપૂર્ણ કે ધન્ય બને, એ તો તેની ફરજ છે, તેનો સ્વભાવ છે, એમાં તે નવું શું કરી રહ્યો છે જેથી તેને લોકોત્તર કે મહાન કહેવામાં આવે, ને પ્રશંસાના પારિતોષક માટે પ્રમાણભૂત માનવામાં આવે, તે તેની સમજમાં આવતું જ નથી. ચોમાસું આવે ને મુશળધાર વરસાદ વરસે ત્યારે નદી ને ઝરણાં પાણીથી ઉભરાઈ જાય છે, તેમ વિદ્યા ને વિશેષતાથી સાધારણ માણસો ભલે છલકાઈ ઊઠે ને સંયમ ખોઈ બેસે, મહાપુરૂષો તો પોતાની શાંતિ સાચવી રાખે છે, ને નિષ્ઠામાં મશગુલ રહે છે.

પરમાત્મામાં જ આસક્ત એવા તે મહાત્માને સંસારના કોઈયે સુખ કે રસની કામના હોતી નથી. પરમાત્માને પ્રાપ્ત કરીને પ્રેમ ને સમતાની મૂર્તિ બનેલો તે મહાત્મા સંસારની શોભામાં અનેકગણો વધારો કરતાં જીવે છે. એવા મહાપુરૂષોનું દર્શન જેને થાય છે, તેના હજારો જન્મોના પુણ્યોનો ઉદય થયો એમ જ સમજી લેવું.

**[ ૧૬ ] મહાનતાનો માર્ગ**

અલ્પતાનો અંત લાવી મહાનતા મેળવવાનું કામ કપરૂં છે. ગીતામાં સ્થિતપ્રજ્ઞ પુરૂષનાં લક્ષણ કહેવામાં આવ્યા છે. તેમને જીવનમાં ઉતારવાનું કામ કઠિન પણ છે. માણસ ધારે તો કઠિનને પણ સરળ બનાવીને મહાન બની શકે છે. આ સંસારમાં કઠિન કહેવાતાં કેટલાય કામ માણસે પોતાની કુશળતાથી સરળ કર્યા છે. ભયંકર ઉછાળા મારતા સાગર પર તે સફર કરે છે, મૃત્યુનો ભય મૂકીને સાપ ને રીંછ જેવા ઝેરી ને જંગલી પ્રાણીઓને વશ કરે છે, મોટા મોટા પર્વતોને ઓળંગે છે, ને તેમ કરવામાં ગૌરવ માને છે. ત્યારે આ વાત તો તેના પોતાના જ વિકાસની છે. તે દ્વારા જે લાભ મળે છે તે અપાર છે. પછી તેમાં તે પ્રમાદ શા માટે કરે ? ભારતીય ઈતિહાસમાં શંકર, શુકદેવ ને જડભરત સ્થિતપ્રજ્ઞ ગણાય છે. દત્તાત્રેય ને જનક પણ તેવા મનાય છે. તેમના જીવનનો વિચાર કરીને માણસ પ્રયાસ કરે તો પોતે પણ તેવો બની શકે.

જે માણસ મહાન બનવા કે સાચો માનવ થવાનો પુરૂષાર્થ કરશે, તેના માર્ગમાં વિઘ્નો તો આવવાનાં જ. એ વિઘ્નો બહારનાં જ હોય છે એમ ના માનતા. બહારનાં વિઘ્નો ઉપરાંત માણસની અંદરનાં વિઘ્નો પણ

આવે છે, ને તેમની શક્તિ વધી જાય છે. બહારનાં વિઘ્નોને પાર કરનાર પુરૂષ પણ કેટલીકવાર અંદરનાં વિઘ્નોથી ડગી જાય છે. માણસનું મન જુદા જુદા વિષયોના રસમાં રમવાને ટેવાયેલું છે. ઈન્દ્રિયોના આકર્ષણથી તે બંધાયેલો છે. તે આકર્ષણથી પર થઈને તેણે મનનો કાબુ કરવાનો છે. મનને માંકડાં જેવું કહ્યું છે. તેને વશ કર્યા વિના મહાનતા મળવી મુશ્કેલ છે. સંસારમાં વિદ્યાવાન, ધનવાન ને બલવાનને મહાન માનવામાં આવે છે, પણ ગીતામાતાની દૃષ્ટિ એ બાબત જરા જુદી છે. જેણે મન ને ઈન્દ્રિયો પર કાબુ કર્યો છે, ને પરમાત્મામાં પ્રીતિ કરી છે, તે જ મહાન છે ને પૂજ્ય છે એમ ગીતાનું કહેવું છે.

બહુ નાની વયમાં જ્યારે મને આધ્યાત્મિક માર્ગે આગળ વધવાની ઈચ્છા થઈ, ત્યારે ગીતા મારે માટે ખૂબ ઉપયોગી થઈ પડી. તેમાંય સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોએ મને ખૂબ પ્રેરણા પૂરી પાડી. તે લક્ષણો વાંચતાં મને લાગ્યું કે સ્થિતપ્રજ્ઞ–પુરૂષ બધી લૌકિક કામનાનો ત્યાગ કરે છે, ને આત્માનંદમાં મગ્ન બને છે, પણ મારા મનમાં તો કામના થયા કરે છે. તેને છોડી મારે આત્માનંદમાં મગ્ન બનવું જોઈએ. સ્થિતપ્રજ્ઞ–પુરૂષ સુખથી હરખઘેલો થતો નથી ને દુઃખથી ડગતો નથી; તેને ભય ને ક્રોધ થતા નથીઃ પરમાત્મા વિના બીજા કોઈમાં તે રાગ કરતો નથીઃ  શું મારી દશા આવી છે કે ? સુખ ને દુઃખ તેમ જ સારી ને નરસી પરિસ્થિતિમાં મારી દશા શું સરખી રહે છે કે ? કામ ને ક્રોધથી હું પૂર્ણપણે મુક્ત થયો છું કે ? તેમાંથી છૂટવાનો પ્રયાસ નિરંતર ચાલુ છે ખરો ? મારે સદ્ગુણી બનવું જોઈએ, શાંત થવું જોઈએ, ને બીજી બધી વસ્તુના રસનો ત્યાગ કરી પરમાત્માના રસના અનુરાગી થવું જોઈએ. તો પરમાત્માની કૃપા થાય ને હું મહાન બની શકું. પછી મારી ત્રુટિને દૂર કરવાના ને ઉત્તમ ગુણોને ગ્રહણ કરવાના પ્રયાસમાં મેં મારાં મનને લગાડી દીધું. તેવી રીતે કોઈપણ માણસ કરી શકે છે. પોતાના ગજા પ્રમાણે તેને થોડો ઘણો આનંદ જરૂર મળશે, ને સરવાળે લાભ જ થશે. વ્યવહારમાં કે એકાંતમાં જ્યાં પણ રહેવાનું થાય ત્યાં રહીને માણસે આ માટે તાલીમ લેવાની છે. સુખ ને સંપત્તિથી ફુલાવું નહિ, ને દુઃખથી ડગવું નહિ, તથા ભય ને ક્રોધ તથા કામને વશ થવું નહિ. આની સાથે સાથે તેણે પ્રભુનું શરણ લેવું.

### [ ૧૭ ] સ્થિતપ્રજ્ઞને મોહ કે પતન નથી

જે પરમાત્મા સાથે એકતા સાધીને મહાન કે સ્થિતપ્રજ્ઞ બને, તે પછીથી કોઈ કારણથી મોહ પામે છે ? વિકાસની છેવટની દશાએ પહોંચ્યાં પછી તેનું પતન થાય છે ખરું ? જે મુક્ત થયો તે ફરીથી બંધનમાં સપડાય છે ખરો ? જે સમજુ છે તે સમજી જશે કે એ પ્રશ્નો જ અસ્થાને છે. મોહ ને પતન માટેનો અવકાશ અધકચરી કે અપૂર્ણ દશામાં છે. પરમાત્માને પામી પૂર્ણ થયા પછી તેવો અવકાશ નથી રહેતો. લોઢાનો ટૂકડો પારસના સ્પર્શથી સોનું થયો પછી તેને ફરી લોઢું થવાનો ભય ક્યાં છે ?

અર્જુનને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો શા માટે કહેવામાં આવ્યાં એમ કોઈને પ્રશ્ન થશે. તેનો ઉત્તર એ છે કે જીવનનું ધ્યેય શું છે તે જાણવાની ને તે ધ્યેય પર પહોંચેલા પુરૂષો વિશે જાણવાની ઈચ્છા અર્જુને પોતે જ બતાવી છે. તેને કર્મ કરવાનું હતું પણ તે કુશળતાપૂર્વક કરવાનું હતું. કર્મ કરીને તે મહાન બને ને અનાસક્ત થાય તે માટે આ બધી માહિતી જરૂરી હતી. આજે પણ તે એટલી જ ઉપયોગી છે. જીવનને સફળ કરવાની ઈચ્છા હોય તો સૌ તેનો લાભ લઈ શકે છે. આ માહિતી મેળવીને અર્જુનને કેટલો આનંદ થયો હશે તે કોણ

કહી શકે ? વાંચનાર ને સાંભળનારને આટઆટલાં વરસ વીતી ગયાં તો પણ આનંદ થાય છે તો પછી અર્જુનને તો ભગવાને ઉપદેશ આપ્યો હતો. ભગવાનના સ્વરૂપનો સ્વાદ લેતાં ને તેમનું શબ્દસંગીત સાંભળતાં તેને અપાર આનંદ આવ્યો હશે તે નક્કી છે.

**[ ૧૮ ] સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનો ભાવાર્થ**

ભગવાને કહેલાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનો ભાવાર્થ આ પ્રમાણે સમજી શકાય :

(૧) સ્થિતપ્રજ્ઞ પુરૂષ કામનાનો ત્યાગ કરીને મનને તેના મૂળ સ્વરૂપ પરમાત્માનું મિલન કરાવે છે તેથી તેને પરમાનંદની પ્રાપ્તિ થાય છે. તે સદા આત્માનંદમાં મગ્ન રહે છે.

(૨) દુઃખના ડુંગર તૂટી પડે તો પણ તે દુઃખી થતો ને શોક કરતો નથી. સુખ ને સંપત્તિથી છલકાઈ કે ફુલાઈ જતો નથી. તે ભય, ક્રોધ ને રાગદ્વેષથી મુક્ત હોય છે.

(૩) પરમાત્મામાં જ તે આનંદ માને છે. પરમાત્માને પ્રેમ કરે છે. સારા કે નરસા વાતાવરણ કે પદાર્થની પ્રાપ્તિથી તે હરખાતો કે શોક કરતો નથી. તેના પરમાત્મ પ્રેમમાં કોઈ જાતનો વિક્ષેપ નથી પડતો.

(૪) કાચબો જેમ અંગોને સંકોચી લે છે, તેમ તે ઈન્દ્રિયોને બહારના પદાર્થોમાંથી પાછી વાળી સ્થિરતાનો આનંદ અનુભવે છે.

(૫) પહેલાં તે વિષયોથી દૂર રહી સંયમ કરે છે, તેથી તેનો વિષયરસ દૂર થાય છે. છતાં વિષયરસનો સ્વાદ લેવાની જે સૂક્ષ્મ વૃત્તિ તેના દિલમાં રહી ગઈ હોય છે, તે ક્યારેક પાંગરવાનો સભંવ રહે છે. પરમાત્માનું દર્શન કરવાથી તે વૃત્તિ પણ દૂર થાય છે ને તે સંપૂર્ણપણે પવિત્ર બની રહે છે.

(૬) તે મનને વશ કરે છે, મનની ગુલામીનો નાશ કરે છે.

(૭) રાગ ને દ્વેષથી રહિત થઈને તે મનનો કાબુ કરે છે. ઈન્દ્રિયોથી વિષયોને વિવેકી બનીને ભોગવે છે ને બીજા જરૂરી કર્મ કરે છે. તેથી તેને પરમાત્માની કૃપાની પ્રાપ્તિ થાય છે.

(૮) તેથી તેનાં દુઃખ દૂર થાય છે. તેની ચિંતા મટી જાય છે ને તેની બુદ્ધિ સત્વર સ્થિર થાય છે.

(૯) પરમાત્માની સાથેની એકતાનો અનુભવ ના કરનાર ને મન તથા ઈન્દ્રિયોનો કાબુ ના કરનારને શુદ્ધ બુદ્ધિની પ્રાપ્તિ થતી નથી તથા ઉત્તમ ભાવના પણ તેમનામાં ઊઠતી નથી. ઉત્તમ ભાવના વિના શાંતિ મળવી મુશ્કેલ છે. સ્થિતપ્રજ્ઞને સ્થિરતા, વિવેક ને સુખશાંતિની પ્રાપ્તિ થઈ હોય છે.

(૧૦) સાધારણ માણસો સંસારના ક્ષણભંગુર પદાર્થોમાં આનંદ માને છે ને લપટાય છે ને દેખતા છતાં અંધ ને જાગતાં ઊંઘતા જેવા છે. સ્થિતપ્રજ્ઞ પુરૂષની વાત તેથી જુદી જ હોય છે. વિષયોનો રસ દૂર કરીને તે પરમાત્માના પ્રેમરસનો અનુભવ કરવાની ઈચ્છા રાખે છે. પરમાત્માનો અનુભવ કરતાં જ્ઞાનની દૈવી દુનિયામાં તે સદાય જાગતો રહે છે. એક પળનો પણ પ્રમાદ કરતો નથી, ને લેશ પણ ગફલતમાં પડતો નથી.

(૧૧) સાગરમાં સમાઈ જતા જુદા જુદા પાણીના પ્રવાહોની પેઠે કામનાઓ તેમના મનમાં સમાઈ જાય છે. તે તેને ચંચલ કરતી, નથી, ને તેની શાંતિ ને સન્મતિની મર્યાદાને તોડી દઈને તેને ઉચ્છ્રંખલ ને અશાંત નથી બનાવતી.

(૧૨) તે કોઈની પણ સ્પૃહા વિનાનો હોય છે. કોઈની ખોટી પરવા કે ખુશામત નથી કરતો. મમતા ને અહંતાથી રહિત હોય છે. અભિમાન તો તેને અડકી શકતું પણ નથી. તે શિશુ જેવો સરલ ને નમ્ર હોય છે.

(૧૩) કોઈયે સંજોગોમાં, કોઈયે કારણથી, તેને મોહ નથી થતો; તે અજ્ઞાની નથી બનતો. તેના અંતરમાં પ્રકટી ચૂકેલી જ્ઞાનની જ્યોતિ તેને કાયમી પ્રકાશ પૂરો પાડે છે.

(૧૪) છેવટે શરીર છૂટતાં, તે મુક્તિ મેળવે છે. શરીરમાં રહીને જ તેણે મુક્તિ મેળવી હોય છે પરંતુ શરીર છૂટ્યા પછી તેને ફરી શરીર ધારણ કરવાની કે જન્મવાની ફરજ પડતી નથી.

☼ ☼ ☼

# અધ્યાય ત્રીજો : કર્મયોગ

૧) વિષાદયોગ વિષે
૨) ત્રીજા અધ્યાયની શરૂઆત ને તેનું કારણ
૩) અર્જુનની જિજ્ઞાસા : જ્ઞાન મોટું કે કર્મ ?
૪) ભગવાનનો ઉત્તર
૫) જ્ઞાન ને કર્મ કે ત્યાગ ને કર્મનો સંબંધ
૬) કર્મ વિના કોઈ રહી શકતું નથી
૭) કર્મનો યોગ
૮) સંયમની સમજ : મિથ્યાચારમાંથી બચો
૯) વિવેકાનંદ ને વેશ્યાનો પ્રસંગ
૧૦) અર્જુનનો અધિકાર
૧૧) અંદરનો ત્યાગ પણ જરૂરી છે
૧૨) યજ્ઞની વિચારણા
૧૩) કર્મમાં યજ્ઞની ભાવના
૧૪) કામ ભાવનાથી કરો
૧૫) રોજનાં કર્મોમાં યજ્ઞની ભાવના
૧૬) મહાપુરૂષોને કાર્ય નથી
૧૭) પૂર્ણ પુરૂષ બીજાને મદદરૂપ છે
૧૮) કર્મની જરૂર
૧૯) જ્ઞાની અને અજ્ઞાનીનાં કર્મમાં ફેર
૨૦) સ્વધર્મનું પાલન કલ્યાણકારક છે
૨૧) પાપમાં પ્રેરાવાનું કારણ
૨૨) જીવનના ઘડતરમાં લાગી જાવ

**[ ૧ ] વિષાદયોગ વિષે**

બીજની અંદર વૃક્ષ રહેલું છે એ આશ્ચર્ય થાય તેવી વાત જરૂર છે. પણ સાચી વાત છે એની સૌને ખબર છે. બીજમાંથી જ છેવટે વિરાટકાય વૃક્ષ તૈયાર થાય છે એ ક્યાં સાચું નથી ? બીજમાં વૃક્ષ રહેલું છે એમ કહેવામાં આવે છે. પુરૂષ અનાજ ખાય છે તેનું કેટલાય ક્રમમાંથી પસાર થયા પછી વીર્ય બને છે. તે દેખાવમાં સાધારણ છે. પણ તેમાંથી અસાધારણ એવી માનવ સૃષ્ટિ તૈયાર થાય છે એ જાણીતી વાત છે. તે પ્રમાણે ગીતાની અસાધારણ સૃષ્ટિનું છે. પહેલા અધ્યાયની શરૂઆતમાં સ્વજનોને જોવાથી અર્જુનને શોક થયો. તે શોક દેખીતી રીતે સાધારણ હતો. સંસારમાં તેને મળતા એક યા બીજા શોકના પ્રસંગો વારંવાર બને છે. સદ્ભાગ્યે અર્જુનના સંજોગો જુદા હતા. પ્રભુની કૃપા વિના સજ્જન કે સંતપુરૂષોનો મેળાપ થતો નથી એમ કહેવામાં આવે છે. તેવો મેળાપ થઈ જાય તો સંશય છેદાઈ જાય છે, મૂંઝવણ મટે છે, ને માણસને શાંતિ મળે છે.

માનવ સત્ય, પ્રકાશ ને અમરતાનો પ્રવાસી થવાનો પ્રયાસ કરે છે. પણ તે પ્રયાસ શું ધાર્યા જેટલો સહેલો હોય છે કે ? માટે જ તે ઈશ્વરના દૂત જેવા દૈવી પુરૂષોનો સાથ શોધે છે. એકલો માણસ તરવાની કળાને જાણતો નથી. તે સાગરમાં કેવી રીતે તરી શકે ? તરતાં જાણનાર કે તરવામાં પારંગત પુરૂષની પાસે શરૂઆતમાં તેણે શીખવું પડે છે. તેમ સંસારને સલામત રીતે તરી જવા માટેની કળા શીખવા મહાપુરૂષોની જરૂર પડે છે. મહાપુરૂષોનું મિલન થતાં ને માર્ગદર્શન મળતાં કામ સહેલું થાય છે. તેવા પુરૂષો ભાગ્ય વિના મળતા નથી એમ કહેવાય છે, પણ અર્જુનનું ભાગ્ય તો જુઓ ! તે ભાગ્યનો સંપૂર્ણપણે પ્રકાશ થયો હોય, અર્જુનના પૂર્વ પુણ્યોનો એકાએક ઉદય થયો હોય, તેમ તેને પોતાના રાહબર ને પથપ્રદર્શક તરીકે ભગવાન શ્રીકૃષ્ણ પોતે મળ્યા છે. તેમની છત્રછાયામાં અર્જુન સદાને માટે સલામત છે. અર્જુનને જે વિષાદ થયો છે તે છે તો સાધારણ, પણ તેની આસપાસના વિશેષ સંજોગોને લીધે તે પણ વિશેષ બની ગયો છે. પોતાના ભૂલાઈ ગયેલા વિવેકજ્ઞાનની સાથે મેળાપ કરાવનારો થયો છે ને ભગવાનને ઓળખવામાં, ભગવાનના રહસ્યને જાણીને ભગવાન સાથે યોગ સાધવામાં કે એકાકાર થવામાં ઉપયોગી નીવડ્યો છે. એ પ્રમાણે સાધારણ વિષાદ પણ યોગમય બની ગયો છે. તે સાધનાના સ્વરૂપ જેવો થયો છે. એટલે જ ગીતાકારે પહેલા અધ્યાયને અર્જુન વિષાદયોગ એવું મોટું નામ આપેલું છે.

કુરૂક્ષેત્રનાં મેદાનમાં આવવા અર્જુને તૈયારી કરી, ત્યારે તેને આવા ઉત્તમ ભાગ્યની શી ખબર ? શોક થયો ત્યારે પણ તેને શી ખબર કે તેનો શોક પોતાને ને બીજાને માટે ઐતિહાસિક બની જશે ? બીજમાં રહેલા વૃક્ષની જેમ અર્જુનના વિષાદના બીજની અંદરથી ગીતાના ઉપદેશનું આટલું મોટું વિશાળ વૃક્ષ ઊગી નીકળશે તેની કલ્પના પણ કોને આવી શકે એમ છે ? પણ આજે તો તે એક ચોક્કસ સત્ય થયું છે, ને જગતને ઉપયોગી જીવનદાન આપનારૂં સાબિત થયું છે. કેટકેટલા થાકેલા ને સંસારતાપે તપેલા પ્રવાસીઓ આ વૃક્ષની છાયામાં બેસીને આનંદ કરે છે ને સ્વર્ગસુખ માણે છે, તે કોણ કહી શકે ?

**[ ૨ ] ત્રીજા અધ્યાયની શરૂઆત ને તેનું કારણ**

બીજા અધ્યાયમાં ભગવાને સ્વધર્મના પાલનની શિક્ષા આપી, પણ સાથે સાથે વિવેકપૂર્વક કર્મ કરવા જોઈએ એમ પણ કહ્યું. આટલું કહીને બેસી રહ્યા હોત તો હરકત ન હતી પણ આનંદમાં આવ્યા હોય તેમ તે બે ડગલાં આગળ પણ વધી ગયા. ગાયનના રસિયા માણસને ગાવાનું કહેવામાં આવે, તો તે એકને બદલે કેટલીકવાર અનેક ગીત ગાઈ નાખે છે પછી તેને કાબૂમાં રાખવાનું કઠિન થાય છે. ઉપદેશ–જે ભજનવાણીથી જરાય ઉતરતો નથી-પણ આગળ ને આગળ ચાલ્યા કરે છે. કોઈ વાર આપણને થાય કે હવે ઉપદેશ પૂરો થશે, ત્યાં તો અધ્યાયને અંતે કોઈ એવી વાત આવીને ઊભી રહે કે જેને માટે બીજો અધ્યાય શરૂ કરવો જ પડે. ભગવાને વિવેકપૂર્વક કર્મ કરવાનો ઉપદેશ આપીને ગાડીને રોકી દીધી હોત તો વાત આગળ ના વધત. પણ તેમણે તો બે સ્ટેશન આગળ કરી લીધાં. લૌકિક ને પરલૌકિક ભોગવાસનાનો ત્યાગ કરવાનો ને પરમાત્મા સાથે એકતા સાધવાનો તેમણે ઉપદેશ આપ્યો. આ વાત જ્ઞાન સિવાય થાય નહિ. એટલે તેનો ને તેની પ્રાપ્તિ કરી પૂર્ણ થયેલા મહાપુરૂષનો મહિમા પણ ગાયો. એટલે અર્જુનની જિજ્ઞાસા વધી. તેનું દર્શન આપણને ત્રીજા અધ્યાયની શરૂઆતમાં જ થઈ રહે છે.

**[ 3 ] અર્જુનની જિજ્ઞાસા : જ્ઞાન મોટું કે કર્મ ?**

ત્રીજા અધ્યાયની શરૂઆતમાં પોતાની જિજ્ઞાસા રજૂ કરતાં અર્જુન પૂછે કે પ્રભુ ! તમે કર્મના વખાણ તો કરો છો; પણ સાથે સાથે કર્મના, ત્યાગનાં કે જ્ઞાનનાં પણ વખાણ કરો છો. આથી તો મારી મૂંઝવણ વધે છે. મને દુવિધા થાય છે. મારે કર્મ કરવું કે કર્મનો ત્યાગ કરીને જ્ઞાનના માર્ગનો આધાર લેવો એ મને સમજાતું નથી. આ પરિસ્થિતિમાંથી મારે માર્ગ કેવી રીતે કાઢવો ? મેં તો તમારી પાસેથી કોઈ ચોક્કસ નિર્ણયની આશા રાખી હતી. ત્યારે તમે તો ગોળગોળ વાત કરતા હો એમ લાગે છે. તે વાત મૂકી દો ને કર્મ ને જ્ઞાનમાં શું ઉત્તમ છે તે કહી દો. કર્મ ને કર્મનો ત્યાગ એ બેમાં શું શ્રેષ્ઠ છે તે મને સમજાવો, જેથી હું કોઈ એક માર્ગને અપનાવી શકું.

અર્જુનને જે પ્રશ્ન થયો છે તે પ્રશ્ન કેટલાંય માણસોને થાય છે. ઉત્તમ શું છે, ને શાંતિ શાનાથી મળી શકે તેમ છે, કર્મથી કે કર્મનો ત્યાગ કરીને ફક્ત જ્ઞાનનો આધાર લેવાથી, એ પ્રશ્ન ભલભલા માણસોને પણ મુંઝવે છે. ગીતામાતા તેનો ઉત્તર આપવામાં બહુ ડહાપણ બતાવે છે. એકાંતમાં રહેનારા ને વ્યાવહારિક સંબંધો કાપી ચૂકેલા કોઈ જ્ઞાની પુરૂષને પૂછો તો તે તરત ઉત્તર આપશે કે ભાઈ જગત મિથ્યા છે. સંસારમાં કર્મ કરીને સુખની ઈચ્છા રાખવી મિથ્યા છે. આ કાંઈ સાચું જગત છે ? આ તો મૃગજળ છે. પાણીની ઈચ્છાથી પાસે પહોંચો પણ હાથમાં કાંઈ જ ના આવે. કર્મ કરવાથી વળશે શું ? કર્મનો મોહ છોડી દો ને અમારી જેમ ત્યાગી બનીને એકાંતમાં આસન વાળો તો સુખી થશો ને શાંતિ પણ ત્યારે જ મળશે. પણ બધાનાં સંબંધમાં આવું થોડું બને છે ?

કેટલાક માણસો કર્મ કરવામાં જ માને છે. તેમને કામ વિના ચેન પડતું જ નથી. પેલા વ્યવહારત્યાગી ને એકાંતવાસી પુરૂષોને કામ આપો તો તેમને નહિ ગમે. કામ વિનાનું જીવન તેમને આનંદમય લાગશે પણ આ કામગરા માણસોને જો કામ નહિ મળે તો બેચેન બનશે. કામ એ જ તેમનું જીવન છે. કામ વિના તે તરફડાટ કરશે, જીવનનો આનંદ ખોઈ બેસશે. તેવા માણસોની સલાહ લો તો તમને જુદો

જ અભિપ્રાય આપશે. તે કહેશે, ભાઈ, એમાં પૂછવા જેવું છે જ શું ? કામ વિના ઠામ ક્યાં છે ? જે કરે તે પામે. કામ કરો તો તમારો ને બીજાનો ઉદ્ધાર કરી શકશો. એક સારા કર્મવીર નેતાની મુલાકાત વખતે એક ભાઈએ પોતાને પ્રિય એવા એક સંતપુરૂષનો પરિચય આપ્યો ને કહ્યું કે આ મહાત્મા હિમાલયમાં વધારે ભાગે વાસ કરે છે. થોડીવારે તેમને તે સંતપુરૂષનો ફોટો પણ બતાવ્યો. તે જોઈને પેલા કર્મવીર તરત બોલી ઊઠ્યા : પણ આવા પુરૂષો હિમાલયમાં રહે તેથી બીજાને શો લાભ ? સમાજનું તેથી શું હિત સધાય ? સમાજમાં રહીને તેમણે કામ કરવું જોઈએ.

આવા માણસો એમ માનતા લાગે છે કે કામ વસ્તીમાં જ થાય. એકાંતમાં ના થાય પણ તે માન્યતા ભૂલી છે. શું વસ્તીથી દૂર રહીને એકાંતમાં પણ માણસ કામ નથી કરી શકતો કે ? કાશ્મીરનું રક્ષણ કરવા માટે કેટલાય સૈનિકો શ્રીનગર ને જમ્મુ જેવાં સ્થળોમાં ફરે છે, ને નિરંતર પ્રવૃત્તિ કરે છે, પણ દસ દસ હજાર ફીટ જેટલા ઊંચા પર્વતીય પ્રદેશ પર પણ કોઈ કોઈ સૈનિકોને રહેવું પડે છે. ત્યાં નથી બજાર કે નથી યાતાયાતનાં ખાસ સાધન કે વસ્તી. ઠંડી પણ અસહ્ય હોય છે. મેદાની પ્રદેશની પેઠે ત્યાં કોઈ મોજશોખનાં સાધન પણ નથી. ત્યાં તો કષ્ટ ને યાતના છે છતાં નિર્જન સ્થાનમાં હસતાં હસતાં વસવાટ કરીને તે સૈનિક ચોકી કરે છે. આખા દેશનું આવું છે. ભારતમાં બધા સૈનિકો વસ્તીમાં જ વસે છે એવું નથી. પહાડની કંદરાઓમાં ને ઊંચાઈ પર પણ તેમને રહેવું પડે છે. તેવા એકાંત સ્થળોમાં પોસ્ટઓફિસો પણ હોય છે. ત્યાં રહેનારા માણસો ને સૈનિકો શું દેશની સેવા નથી કરતા ? તો પછી હિમાલય જેવાં એકાંત પ્રદેશમાં રહેનારા પુરૂષો સમાજને માટે કૈં ઉપયોગી કામ નહિ કરતા હોય એમ પહેલેથી જ શા માટે માની લો છો ? તેવા પુરૂષનો સંપર્ક સાધી જરા તપાસ તો કરો કે તે શું કરે છે ? શીખ ગુરૂ ગોવિંદસિંહે બદરીનાથના માર્ગમાં આવતી ફૂલની ખીણ પાસે પૂર્વજન્મમાં લાંબો વખત તપશ્ચર્યા કરી હતી. એ સ્થાન શું વસ્તીથી દૂર એકાંતમાં નથી ? સમર્થ રામદાસે શું એકાતમાં રહીને વરસો સુધી તપ નહોતું કર્યું ? પ્રેમ ને અહિંસાનો પાઠ આપનાર બુદ્ધે એકાંતવાસ નહોતો કર્યો ? વ્યાસ, વાલ્મિકી ને તુલસી શું એકાંતવાસી ન હતા ? માનવજાતિના મંગલ માટે શરૂઆત કરતાં પહેલાં ઈસુએ એકાંતનો આશ્રય લઈને શું પ્રખર તપ નહોતું કર્યું ? દયાનંદ સરસ્વતીએ શું હિમાલયવાસ નહોતો કર્યો ? તે સૌનો એકાંતવાસ શું નિરર્થક હતો કે ? તેમનાથી શું સમાજને લાભ નથી થયો ?

વિચારોના આ બે પ્રવાહો જગતમાં જોવા મળે છે. એક કર્મને બિલકુલ માનતો નથી, ને બીજો કર્મનો એટલો બધો પક્ષપાતી છે કે કર્મ વિનાની દશાને જરાય પસંદ કરતો નથી. આ બે પ્રવાહો વચ્ચે ઉત્તર ને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે. આ બંને પ્રવાહની અંદર અટવાતો એક ત્રીજા પ્રવાહ પણ છે. તેનું વલણ સ્થાયી કે ચોક્કસ નથી, જેની અસર નીચે આવે તેની અસરથી રંગાય એવી તે પ્રવાહમાં રહેતા માણસોની દશા છે. એવા માણસો ઘણા જોવા મળે છે. કોઈ મહાન કર્મવીરના સમાગમમાં આવે તો તેમની કર્મઠ થવાની ફિલસૂફી વધારે જોશ ધારણ કરે, ને તે મહાન કર્મવીર થવાના સ્વપ્નાં સેવે. થોડા વખત બાદ કોઈ ત્યાગી પુરૂષના સમાગમમાં આવે, ને તેમની કથાવાર્તા શ્રવણ કરે, એટલે તેમનો સૂર ફરી જાય ને નવો રાગ ગાવા માંડે કે કે પ્રવૃત્તિ તો પ્રપંચ છે. આ દશા તંદુરસ્ત દશા નથી. આગળ જતાં પોતાની દશા પણ ત્રિશંકુ જેવી ને નાદુરસ્ત ના થઈ જાય, તે માટે અર્જુન આ અધ્યાયની શરૂઆતમાં જ ભગવાન પાસે આ વિશે ખુલાસો માંગી

લે છે અથવા ચોક્કસ અભિપ્રાયની માગણી કરે છે. બંને બાજુ ઢોલકી બજાવવાનું મૂકી દઈ હે પ્રભુ, હવે એક જ ઉત્તમપક્ષની સૂચના આપો. તે પ્રમાણે ચાલીને હું મારૂં જીવન સફળ કરી શકું, એમ અર્જુન પ્રાર્થના કરે છે.

**[ ૪ ] ભગવાનનો ઉત્તર**

અર્જુનની પ્રાર્થનાનો ભગવાને જે ઉત્તર આપ્યો છે તેમાં તેમની ઉદારતાનો પરિચય થાય છે. તેમના ઉત્તરમાં કટ્ટરતાનો તદ્દન અભાવ છે. તે ઉત્તરને સમજવાનો પ્રયાસ થાય તો જ્ઞાન કે કર્મ ને ત્યાગ કે વ્યવહારના અટપટા વિવાદનો અંત આવે. જ્ઞાનીઓ જ્ઞાનને જ મહત્વનું માને છે, ને કર્મવીરો કર્મના ગુણગાન ગાતાં થાકતાં નથી. ત્યાગીઓ ત્યાગને અપનાવવાથી જ સૌનો ઉદ્ધાર થઈ શકશે, એમ ખાત્રીપૂર્વક માને છે, ને કર્મવીરો વ્યવહારને જ સર્વ પ્રકારની ઉન્નતિનું સાધન કહીને ત્યાગને નિરર્થક મનાવવા સદાયે તૈયાર રહે છે. પોતાને પસંદ હોય તે માર્ગની પ્રશંસા કરવામાં હરકત નથી. પણ તેથી આગળ વધીને માણસ જ્યારે પોતાને પસંદ ના હોય તે માર્ગનો વ્યર્થ વિરોધ કરે, ને તે માર્ગને ઉપેક્ષા ને ઈર્ષાની દૃષ્ટિથી જુએ, ત્યારે તેનું વલણ બરાબર છે એમ કહી શકાય નહિ.

માણસો કટ્ટર ને કડવા તથા સંકુચિત શા માટે બને છે ? હૃદય કે મનનાં બારણા બંધ રાખે છે તેથી બંધ ઘરની અંદર અજવાળું કેવી રીતે આવે ને તે વિના, ગંદકી દૂર પણ કેવી રીતે થાય ? કટ્ટરતા ને સંકુચિતતા પણ ગંદકી છે. જે માણસો ખૂબ કટ્ટર છે, તે પોતાના જ કક્કાને ખરો માને છે, તેમને આપણે પૂછીશું કે શરીરને માટે વધારે જરૂરી શું છે, માથું કે પેટ ? શરીરમાંથી મસ્તક લઈ લઈએ તો શું તે સારૂં લાગે ? મસ્તક કેવલ શોભા માટે નથી. ઈશ્વરે તેને ભાવના ને વિચારોનું કેન્દ્ર બનાવ્યું છે. એવા મસ્તક વિના શરીર શોભી શકે ? શું તંદુરસ્ત ને સુંદર શરીરમાં મસ્તકનું સ્થાન મહત્વનું નથી ? તે જ પ્રમાણે પેટનો વિચાર કરો. ઊંઘમાં પણ પેટનું કામ ચાલુ રહે છે. તે પ્રબળ કર્મવીર છે. જીવનની સાથે સાથે તેને કર્મ વારસામાં મળે છે. પેટનું કામ દેખાતું નથી છતાં તેનું કામ શરીરધારણ માટે કેટલું જરૂરી છે ? પોતાની પ્રવૃત્તિ બંધ કરીને જો તે બેસી જાય તો શરીરનો સંચો કામ કરી શકે ? તેની તંદુરસ્તી ને શક્તિ પર તેની કેટલી બધી અસર પહોંચે ? પેટમાં પ્રજ્વલિત થયેલો જઠરાગ્નિ પણ એવો છે. એમ માનો કે પેટ એક યજ્ઞની વેદીમાં જાગેલો અગ્નિ છે જે આહુતિ ના મળતાં ઓલવાઈ જાય છે. વિધિ પૂરી થતાં યજ્ઞ પણ પૂરો થાય છે. પણ ઉદરનો અગ્નિ તો ઓલવાતો જ નથી. તેનો યજ્ઞ તો નિરંતર ચાલુ જ રહે છે એ યજ્ઞની મૂળ આધારભૂમિ જેવા પેટ વિના શરીરનું કામ ચાલી શકે ખરું ?

ત્યારે પેટ ને મસ્તક બંનેમાં વધારે ઉપયોગી ને મંગલ કરનારૂં કોણ - એ પ્રશ્ન કરવામાં આવે તો આપણે શું કહીશું ? આપણે તો કહીશું કે બંને ઉપયોગી ને મંગલકારક છે. એકલા પેટને મહત્વનું માનીને બેસી રહેવાની શિક્ષા આ દેશની પ્રજાને તો નથી જ મળી ને મારી સમજ પ્રમાણે સંસારના ઉત્તમ કહેવાતા ઉપદેશકોએ આ દેશની બહારની પ્રજાને પણ એવી શિક્ષા નથી આપી. પેટની ઉપેક્ષા આપણને પસંદ નથી. તેની જરૂરી કિંમત ને પ્રતિષ્ઠા કરવા આપણે સદાય તૈયાર છીએ. પણ આપણે રાક્ષસોના વંશજ થવું નથી. સાચા માનવ ને દેવ બનવું છે. તેથી મસ્તકની ઉપયોગિતા પણ સમજવી પડશે. મસ્તકને પણ નિરોગી બનાવવું પડશે. તંદુરસ્ત પેટ તંદુરસ્ત મસ્તકના ઘડતરમાં ઘણો અગત્યનો ભાગ ભજવશે. તે બંને મળીને

એક સુંદર ને ઉપયોગી વ્યક્તિત્વની રચના કરશે, એટલે પેટ ને મસ્તક બંને જીવનને માટે મંગલકારક છે. તે જ પ્રમાણે જીવનની સમૃદ્ધિ માટે જ્ઞાન ને કર્મ બંને જરૂરી છે. ત્યાગને વ્યવહાર બંને ઉપયોગી છે. સંસારમાં કેટલાંક માણસો પેટપરાયણ જોવા મળે છે. મસ્તકને કેળવવા પાછળ તેમનું ધ્યાન તદ્દન ઓછું હોય છે. તે પ્રમાણે કેટલાક બુદ્ધિજીવી વધારે હોય છે તે પેટ પ્રત્યે વધારે ભાગે દુર્લક્ષ કરે છે. તેવી રીતે કેટલાક લોકોને જ્ઞાન ને ત્યાગ વધારે પસંદ પડે છે, તો કેટલાકને કર્મ ને વ્યવહાર ગમે છે. જેવી જેની રૂચિ તે પ્રમાણે તે પોતાની પસંદગી કરે છે. ખીચડી ને રોટલી બંને ઉપયોગી છે આ વાત યાદ રહે તો વિવાદ ને કડવાશનો અંત આવે. ભગવાન અર્જુનને આ જ વાત સમજાવે છે.

**[ ૫ ] જ્ઞાન ને કર્મ કે ત્યાગ ને કર્મનો સંબંધ : સિદ્ધિ માટે કર્મ જરૂરી છે**

આ ઉપરાંત, એક બીજી વાત છે. પેટ ને માથું જેમ શરીરના બે અવયવ છે, તેમ જ્ઞાન કે કર્મ કે કર્મસંન્યાસ ને કર્મયોગ તંદુરસ્ત માણસનાં બે જરૂરી અંગો છે. માણસ ત્યાગી હોય કે સંસારી, કર્મની જરૂર તો તેને રહેવાની જ એમ ભગવાન કહી બતાવે છે એ વાત પણ સમજવા જેવી છે. કોઈ કોઈ માણસ જ્ઞાની થવા માગે, પણ જો બધાં જ કર્મો મૂકી દઈને તે આળસુ બનીને બેસી રહે તો શું જ્ઞાની થઈ શકશે ? જ્ઞાન મેળવવા માટે તેણે પ્રખર પરિશ્રમ કરવો પડશે. જ્ઞાનની ઈચ્છાવાળો માણસ બધી જાતની ક્રિયા કે પ્રવૃત્તિ મૂકી દઈને આખો દિવસ ઊંઘવા માંડે, તો શું તેને જ્ઞાન મળી શકે ખરું કે ? જ્ઞાનની ઈચ્છાથી તેણે નમ્રતાની મૂર્તિ બનીને સદ્‌ગુરૂ કે જ્ઞાનીપુરૂષનું શરણ લેવું જોઈએ. જ્ઞાનના ભંડાર જેવા ગ્રંથોની પાસે પહોંચવું જોઈએ ને છેવટે પોતાની અંદર જે જ્ઞાનના પૂર્ણ સ્વરૂપ જેવા પરમાત્મા છે, તેમનો સાક્ષાત્કાર કરવા તૈયાર થવું જોઈએ. જ્ઞાની પુરૂષ એકાંતમાં વાસ કરે છે. મનની એકાગ્રતા માટે એકાંતમાં અનુકૂળ વાતાવરણ હોય છે. જ્ઞાની કે યોગીપુરૂષ ત્યાં રહીને ઈશ્વર કે પોતાના સ્વરૂપના વિચારમાં મગ્ન બને છે, તથા ધારણા, પ્રાણાયમ કે ધ્યાન કરે છે. એકાંતવાસી ભક્તપુરૂષ જપ ને સંકીર્તનનો આધાર લે છે. ઈશ્વરની પ્રાર્થના ને પ્રાપ્તિમાં તે વધારે ને વધારે ડૂબતો જાય છે. શું આ બધું કર્મ નથી ?

માણસ બહુ દોડદોડ કરે ને આમતેમ ફર્યા કરે, તો જ કર્મ કરે છે તેમ નથી. કેટલાય માણસોને કાંઈ જ કામ નથી હોતું. કહો કે તેઓ બેકાર હોય છે પણ ઘરમાં બેસે તો તેમનો વખત કેમ જાય ? વળી બેકારમાં ગણતરી થાય ને બધાની આંખે ચડાય તે વધારામાં એટલે તે ફરવા નીકળે છે. દિવસનો વધારે ભાગ આખા ગામમાં કે શહેરમાં આંટાફેરા કરીને જ તે પૂરો કરે છે. છતાં તે કામગરા કહેવાય છે. પણ એકાંતમાં રહેનારા કે એક ઠેકાણે બેસી રહેનારા માણસો પણ કામ કરે છે. કામને બેસી રહેવા કે ફરવા ને દોડાદોડ કરવા સાથે કાંઈ સંબંધ નથી. એટલે જે બેસી રહે છે તે કામ નથી કરતા એમ ના સમજતા. તે પ્રમાણે કામ કોલાહલ કે એકાંતમાં જ થાય એમ પણ ના સમજતા. કામ ગમે ત્યાં થઈ શકે છે. એકાંતમાં રહેનારા પુરૂષો પણ કર્મ કરે છે. પછી તે કર્મ ઈશ્વરની ઉપાસનાનું હોય, ધ્યાન કે જપનું હોય, પોતાના સુધારનું હોય કે જ્ઞાન મેળવવાનું ને આપવાનું હોય. માણસ કંઈ જ ના કરે, ને કોઈ લાગણી કે આવેશની અસર નીચે આવી જઈને એકાંતનો આધાર લે, ને કર્મ કે પુરૂષાર્થનો ત્યાગ કરીને પ્રમાદી બને, તો શું તેની ઉન્નતિ થઈ શકે ખરી ? વ્યવહારમાં રહેનાર માણસ પણ કામકાજ છોડીને બે હાથ જોડીને આળસુ થઈને બેસી રહે, તો તેનો ઉદય કેવી રીતે થઈ

શકે ? વિદ્યાર્થીને શરૂશરૂમાં કેટલી બધી મહેનત કરવી પડે છે ! તે તેના જ ભલા માટે છે તેથી તેને જ્ઞાન મળે છે, ને લાભ થાય છે. પોતાના શિક્ષકનો વાદ લઈને તે મહેનત ના કરે, ને વાંચે કરે નહિ, તો તેને જ્ઞાન ક્યાંથી મળે ? તેણે વિચાર કરવો જોઈએ કે પોતાના ગુરૂ હાલ વાંચતા કે પરિશ્રમ કરતા નથી. અત્યારે તો જ્ઞાનની મૂર્તિ જેવા છે. પણ એ દશાએ તે એમનેમ નથી પહોંચ્યા. વિદ્યાર્થી દશામાં તેમણે ભારે પરિશ્રમ કર્યો છે તેનું આ ફળ છે કે તે જ્ઞાનની મૂર્તિ બન્યા છે. આ રીતે વિચાર કરવાથી તેને પ્રેરણા મળશે ને ગુરૂનું ખોટું અનુકરણ કરી પુસ્તકોને કબાટમાં મૂકી દઈ ને તે બેસી નહિ જાય, ઉલટું તે વધારે ને વધારે પરિશ્રમી બનશે.

માણસે અંતરના અંતરતમમાં લખી રાખવાની જરૂર છે કે સંસારમાં જે સિદ્ધિ દેખાય છે તેની પાછળ પરિશ્રમ રહેલો છે. કર્મનું ફળ ભોગવતા માણસોએ પહેલાં એક યા બીજા પ્રકારે કર્મ કરેલું છે. જે સડક પર થઈને તમે ચાલો છો, ને આ ઉપરાઉપરી મોટરો દોડે છે, તે સડક શું કોઈપણ જાતની ક્રિયા વિના બની છે કે ? થોડાંક વરસો પહેલાં ચોપાટીના દરિયા પાસે શું હતું ? ગાઢ જંગલ. પણ આજે મોટા રસ્તા ને મકાનો છે. તેને માટે કેટલી બધી મજૂરી કરવી પડી હશે તેનો વિચાર કરો. માળી પોતાના બગીચામાં ઊગેલા ફૂલોની માળા બનાવે છે તે પહેલા તેણે કેટલી ધીરજ રાખવી પડે છે ને કેટલો બધો પરિશ્રમ કરીને બાગને તૈયાર કરવો પડે છે ! સાધારણ સાધકો કોઈ સિદ્ધપુરુષનું દર્શન કરીને કેટલીકવાર ડઘાઈ જાય છે. તે જોઈને તેમને એમ થાય છે કે આપણે પણ કામકાજ છોડીને આમ બેસી રહીએ તો સિદ્ધાવસ્થાએ પહોંચી જઈએ ને પૂજાઈએ. પણ તે માન્યતા ખોટી છે. સિદ્ધપુરુષે સિદ્ધિ કે શાંતિની પ્રાપ્તિ કાંઈ એક બે દિવસમાં નથી કરી. તેને માટે તેણે સતત કર્મ કર્યું, પરિશ્રમ કર્યો છે. વ્યવહાર કે પરમાર્થ-ગમે તેમાં તપ વિના સિદ્ધિ ક્યાં છે ? શ્રમ વિના સફળતા ક્યાં છે ? એટલે જ શ્રમની સાથે છુટાછેડા લઈને બેસી જાય છે તેની ઉન્નતિ અટકી જાય છે. કર્મનો ત્યાગ કરીને બેસી જવા માત્રથી કોઈને શાંતિ કે સિદ્ધિ મળી જતી નથી. ગીતાની આ શિક્ષા છે. તે કહે છે કે હે માનવ, તું કર્મ કર. નિરંતર કર્મ કર. તું જ્ઞાની હો, યોગી હો કે ભક્ત હો, સંસારમાં હો, સાંસારિક વ્યવહારની બહાર હો, ઉન્નતિનો એક જ અકસીર ઉપાય છે કે તું કર્મ કર.

**[ ૬ ] કર્મ વિના કોઈ રહી શકતું નથી**

ને કર્મ કર્યા વિના રહી પણ કોણ શકે ? ગીતા કહે છે કે માણસના જીવનમાં કર્મ તાણા ને વાણાની પેઠે સંકળાયેલું જ છે. કોઈ પ્રાણી એક ક્ષણ પણ કર્મ કર્યા વિના રહી શકતું નથી. કોઈ પૂછશે કે શું આ વાત સાચી છે ? આપણે કહીશું જરૂર સાચી છે. તમે પોતે વિચાર કરો એટલે આ વાત સમજાઈ જશે. ધારો કે કોઈ માણસ હાથપગ હલાવવાના બંધ કરીને બેસી રહે તો પણ તે કર્મ તો કરવાનો જ. માણસ એકલા શરીરથી કર્મ કરે છે એવું થોડું છે ? મનથી પણ કર્મ કરવામાં આવે છે. માણસો સત્સંગમાં બેસે છે, પણ મન દ્વારા દૂર દેશાવરમાં ને પોતાના ઘરમાં પહોંચી જાય છે. મનોમન કેટલીક વાતો પણ કરી લે છે. સ્વપ્નમાં શરીર સૂઈ જાય છે પણ મન જાગે છે, ને જુદાં જુદાં દૃશ્યો જુએ છે તે બધા જાણે છે. આ તો મનની વાત થઈ પણ ઈન્દ્રિયોથી પણ કર્મ થાય છે. જુઓને, આપણે બધા વિશાળ ખંડમાં બેઠા છીએ. મારૂં મુખ બોલે છે, ને તમારા કાન સાંભળવાનું કામ કરે છે. હાથ કોઈને ગ્રહણ કરે છે. એક ઠેકાણે બેઠા છતાં આંખ કેટલું બધું કામ કરે છે !

કોઈને તે ઓળખી કાઢે છે, ને કોઈને નથી ઓળખતી. આ બધી ઈન્દ્રિયોને રોકીને ને મનનો સંયમ કરીને કોઈ બેસી જાય કે ઊંઘવા માંડે તો પણ કર્મ તો ચાલુ જ રહેવાનું.

માણસ કશું જ નહિ કરે તો પણ જીવનને ધારણ કરવા તેણે શ્વાસોચ્છ્વાસની ક્રિયા તો કરવી જ પડશે. એ પણ એક કર્મ જ છે. યોગી શ્વાસને પણ રોકી લેશે, ને સમાધિસ્થ થઈ જશે છતાં તે દિશામાં પણ તે કર્મથી મુક્ત તો નથી જ કેમ કે તે સમાધિમાં સ્થિત છે ને સમાધિમાં સ્થિત થવું તે પણ એક ઉત્તમ જાતનું કર્મ જ છે. સૃષ્ટિ સારી ગતિશીલ છે. તે સતત રીતે સૂર્યની આસપાસ ફરવાનું કામ કર્યા જ કરે છે. સૃષ્ટિના પદાર્થો પણ પોતાની માતાની પેઠે ક્રિયા કર્યા કરે છે. માતાનો સ્વભાવ તેમને વારસામાં મળ્યો છે. જુઓને, આ પવન કેવો પ્રસન્નતાપૂર્વક વહ્યા કરે છે ! પાણી પણ પ્રમાદી બનીને બનીને બેસી રહેતું નથી. સૂર્ય, ચંદ્ર ને નક્ષત્રો ઊગે છે ને અસ્ત થાય છે. તે નિયમિત રીતે કર્મ કર્યા જ કરે છે. પાણીની વરાળ, વરાળનાં વાદળ, વાદળનો વરસાદ ને એમ ચક્ર ચાલતું જ રહે છે. જુદી જુદી જાતની ઋતુઓ આવે છે ને જાય છે. દિવસ ને રાતનો ક્રમ આજે યુગો થયા છતાં એકધારો ચાલુ જ છે. કર્મ આમ સંસારનો પ્રાણ છે. સૃષ્ટિનું સત્વ છે. આવી કર્મ, કર્મ ને કર્મના મંત્રનો જપ કરી રહેલી સૃષ્ટિમાં માણસ એકલો કર્મ વિના કેવી રીતે રહી શકે ? ખાવું, પીવું, ઊંઘવું, વિચારવું, શ્વાસ લેવો, પોતાનું ને બીજાનું હિત કરવું, એવાં એવાં અનેક જાતનાં કામ તે કર્યા જ કરે છે. એટલે જ ભગવાનની ઉપદેશવાણી જેવી ગીતા કહે છે કે કર્મ કર્યા વિના સંસારમાં કોઈ રહી શકતું નથી. એ કથન સાચું છે.

### [ ૭ ] કર્મનો યોગ

કર્મ વિના માણસ રહી શકતો નથી પણ તેનો અર્થ એ નથી કે બુદ્ધિને ગીરે મુકીને તેણે આંખ મીંચીને મનમાં ફાવે તેવાં કર્મ કરવાં. ના, ગીતા કર્મનાં વખાણ કરે છે : જીવનના મંગલને માટે કર્મને જરૂરી પણ માને છે. પણ તેણે કર્મયોગ નામે સુંદર શબ્દનો પ્રયોગ કર્યો છે તે પ્રમાણે માણસે બધાં કર્મોને યોગમય કરી દેવાં જોઈએ. કર્મને યોગમય કરી દેવાથી તેનું સ્વરૂપ બદલાઈ જાય છે, ને તે મુક્તિ, શાંતિ કે ઈશ્વરને મેળવવાનાં કામમાં મદદરૂપ થઈ શકે છે. એટલે માણસે એકલાં કર્મ કરવાનાં નથી પણ કર્મયોગની સાધના કરવાની છે, કર્મનો યોગ કરવાનો છે.

કોની સાથે ? વિવેક એટલે જ્ઞાન કે ભગવાનની સાથે. આમાં કર્મયોગની ખૂબી રહેલી છે, માણસ જ્યારે સંપૂર્ણપણે જાગ્રત રહીને વિવેકી બનીને કર્મ કરે છે, ને તે કર્મનો સંબંધ ભગવાનની સાથે જોડી દે છે. ત્યારે તેનાં કર્મ સાધનામય કે યોગમય થઈ જાય છે, ને તેના મૂલ્યમાં ખૂબ વધારો થાય છે. તેવાં કર્મ જીવનને તારી શકે છે, ને માણસનો ઉદ્ધાર કરે છે. તેથી તાપ, શોક ને બંધનનો અંત આવે છે. આ પ્રમાણે કર્મ ને જ્ઞાનની સાથે દોસ્તી થાય તો જ જીવનને ઉજાળી શકાય એમ ગીતામાતાનું કહેવું છે.

### [ ૮ ] સંયમની સમજ : મિથ્યાચારમાંથી બચો

કર્મયોગ વિશે વધારે વિચાર કરીએ તે પહેલાં ગીતાએ રજૂ કરેલો એક બીજો વિચાર જોઈ જઈએ. એ વિચાર શો છે ? ગીતા કહે છે કે માણસે સંયમ સાધવો જોઈએ, ને તનનો તથા મનનો બંને પ્રકારનો સંયમ

સાધવો જોઈએ. ધારો કે એક માણસ એકાંત સ્થાનમાં ઈન્દ્રિયોને રોકીને આંખ બંધ કરીને બેસી જાય છે. બહારથી જોતાં એમ લાગે છે કે તે કાંઈ જ કરતો નથી અથવા પરમાત્માના ધ્યાનમાં મગ્ન છે. પણ ખરી રીતે વસ્તુસ્થિતિ તેવી ના હોય. આંખ બંધ હોવા છતાં તેની આંખ આગળ જુદાં જુદાં દૃશ્યો રજૂ થતા હોય. સિનેમાના પડદા પર જેમ નવાં નવાં દૃશ્યો રજૂ થાય છે તેમ તેના મન પર ઈન્દ્રિયોના પદાર્થો અંકાતા જતા હોય. આ દશામાં શું થાય છે ! તે પરમાત્માનું ધ્યાન ધરવાને બદલે ઈન્દ્રિયોના વિષયોનું ધ્યાન ધરે છે, ને વીતી ગયેલી વાતોને યાદ કરીને તથા બીજી નવી વાતો કલ્પના દ્વારા તાજી કરીને તે સુખદુઃખ ભોગવે છે, ને ઈન્દ્રિયોનો રસાસ્વાદ માણે છે. એક ઠેકાણે બેઠેલો ને કૈં પણ કામ કરતો ના હોય તેવો દેખાવ છતાં તે ન જાણે કેટલું બધું કામ કરી નાંખે છે. કોઈની સાથે વાતો કરે છે તો કોઈ ને ધિક્કારે છે. સારી સારી વાનગીઓ ખાવાનો લ્હાવો પણ લૂંટે છે ને કામ તથા ક્રોધ પણ કરે છે. એકાંતનો આશ્રય લેનારા કે ઈશ્વરનું ચિંતન કરવા માટે આંખ બંધ કરીને બેસી રહેનારા ઘણા સાધકોનો આવો અનુભવ છે. જે સાધક નથી તે પણ આ વાત અનુભવે છે. કોઈ માણસ દુનિયાની દૃષ્ટિએ બ્રહ્મચારી હોય, પણ તેનું મન કામવાસનાના રસમાં ડૂબેલું હોઈ શકે છે. મનથી તે સ્ત્રીના લાવણ્યનો વિચાર કર્યા કરે, ને સ્ત્રી–પુરૂષના વિલાસનું ચિંતન કરીને માનસિક આનંદનો અનુભવ પણ કર્યા કરે. તે જ પ્રમાણે કોઈ કુંવારી, પરણેલી કે વિધવા સ્ત્રી બહારથી સ્વચ્છ ને સંયમી દેખાય, પણ અંદરથી મેલી હોય, એટલે કે શરીરના વિલાસ તેમજ વિષયસુખની કલ્પના કરીને આનંદ કરતી હોય, એમ પણ બને. તો તે દશામાં મનથી વિષયનો સ્વાદ લેવાનું કામ ચાલું છે એટલે તેને સંયમ ના કહેવાય, મિથ્યાચાર ગણાય.

એકાદશીને દિવસે લોકો ઉપવાસ કરે છે પણ કેટલીકવાર સારીસારી વાનગીઓની ચર્ચા કરે છે. તેમ કરવાથી મોંમા પાણી છૂટે છે, ને તેમને આનંદ થાય છે એનું પરિણામ કેટલીકવાર બહુ ભારે આવે છે, ને સ્વપ્નમાં પણ તે ખાયા કરે છે. આ પ્રમાણે શરીરની ક્રિયા બંધ છે, પણ મનની ક્રિયા ચાલુ જ રહે છે. આને સંપૂર્ણ સંયમ કેવી રીતે કહેવાય ? આ તો મિથ્યાચાર છે, આ તો બગલાના જેવું થયું. નદી કિનારે ફરવા ગયેલાં છોકરાં બગલાને જોઈને કેટલીયે વાર ભરમાઈ જાય છે. કોઈ કહે છે, બગલો વૈરાગી બની ઊભો રહ્યો છે. કોઈ કહે છે, હવે તેને સંસારમાં સુખ નથી દેખાતું એટલે સંન્યાસી થવાનાં સ્વપ્નાં સેવતો લાગે છે. કોઈ કહે છે, ના ના, એ તો ધ્યાનમાં કોઈ યોગીની જેમ સમાધિમાં ડૂબી ગયો છે. પણ થોડીવાર પછી બગલો પાણીમાં ઝાપટ મારે છે ને માછલાને ગળીને પાછો પહેલાં જેવો ઊભો રહે છે, ત્યારે છોકરાંઓનો ભ્રમ ભાંગી જાય છે. તે કહેવા માંડે છે કે આ તો ધ્યાનનો ઢોંગ કરે છે. દેખાય છે કેવો ડાહ્યો ! પણ ધ્યાન માછલાનું ધરે છે, તેની નજર પાણીમાં જ ફર્યા કરે છે ! વધારે ભાગના માણસોની દશા આ બગલા જેવી છે. બહારથી શાંત લાગે, કૈં જ નથી કરતા એમ દેખાય, પણ અંદરખાને ભારે કામ કરી રહ્યા હોય, એકાંતમાં રહીને પણ વિષયસુખને યાદ કરે. વસ્તુને બહારથી ત્યાગે, અથવા વસ્તુ તેમને ત્યાગે તેથી બહારનો ત્યાગ પાળે, પણ મન દ્વારા તેને ભજતા હોય.

એક માણસે ત્યાગ કરીને કોઈ તીર્થમાં વાસ કર્યો. તેણે વ્યવહાર છોડી દીધો ને વેશ પણ બદલ્યો, તેથી તેની પૂજા થવા માંડી. તીર્થમાં વાસ કરીને નિરંતર પ્રભુસ્મરણ કરવાની તેની ઈચ્છા હતી. તે પ્રમાણે તેણે પ્રભુસ્મરણ શરૂ કર્યું. પરંતુ તેનું ધ્યાન એક બીજી જ વાતમાં દોરાયું. તેના આશ્રમની સામે કોઈ વેશ્યા

રહેતી હતી. તેની પાસે કેટલાય લોકો આવતાં. તે જોઈને આ ત્યાગી પુરૂષને વેશ્યા પર તિરસ્કાર થયો. એક દિવસ વેશ્યા પાસે જઈને તેમણે ઉપદેશ આપ્યો : અરે, તું કેવા પાપમાં પડી છે ! આવું ઉત્તમ શરીર મેળવીને તેં પાપ જ કર્યા કર્યું છે. એ પાપનું પોટલું બાંધીને તારે કેટલાય જન્મો સુધી ફરવું પડશે. માટે હજી ચેત, પ્રભુનું સ્મરણ કર તો તારો ઉદ્ધાર થાય.

વેશ્યા સંસ્કારી હતી એટલે સાધુના શબ્દો તેના અંતરમાં ઉતરી ગયા. તેણે નિશ્ચય કર્યો કે હવે આ પાપકર્મ બંધ કરવું. તે તો પોતાના ઘરમાં બેસીને રોજ પ્રભુનો વિચાર કરવા માંડી, ને પ્રભુનું નામ લેવા લાગી. પણ માણસો હજી આવ્યા જ કરતા હતા. તેમની સાથે તેમને ખુશ કરવા તે હાવભાવ કરતી, પણ તેનું દિલ સદાયે ડંખ્યા કરતું, તે વ્યાકુળ મનથી પ્રભુને પ્રાર્થના કરતી કે, હે પ્રભુ, મને આ પાપજાળમાંથી છોડાવો. હવે આ બાજુ પેલા સાધુની શી દશા થઈ તે જોઈએ. તેને હવે ભજન સાધનમાં રસ લાગ્યો નહિ. તેના પુરાણા સંસ્કાર તાજા થયા. આખો દિવસ તે વિચારવા માંડ્યો કે વેશ્યા જુદા જુદા માણસો સાથે કેવી લીલા કરતી હશે ! તે વિચારથી તેનું હૃદય રસ માણતું પણ વેશ્યાને ત્યાં તો માણસો આવ્યે જ જતા. તેને થયું કે વેશ્યા બહુ જડ છે. મારા ઉપદેશની તેને કાંઈ અસર થઈ નથી. ખરેખર તે ઘણી પાપી છે. પછી તો તેણે વિચાર કર્યો કે વેશ્યાને તેના પાપનો હિસાબ બતાવવો. બસ, સવારે ઊઠીને તે આશ્રમના દ્વાર પાસે બેસતો, ને વેશ્યાને ત્યાં જેટલા માણસો જાય તેટલા પત્થર એક તરફ એકઠા કરતો. રાત સુધી તે આ કામને ખૂબ ચીવટથી કરતો. થોડા દિવસમાં તો પત્થરનો ઢગલો ખૂબ મોટો થઈ ગયો. આ કામમાં તે પ્રભુને પણ ભૂલી ગયો.

એટલામાં તો વેશ્યાનું મૃત્યુ થયું. થોડા દિવસે તે પણ મૃત્યુ પામ્યો. તેને નરકમાં લઈ જવામાં આવ્યો તેથી તેને ખૂબ નવાઈ લાગી તેણે પૂછ્યું કે પેલી વેશ્યા ક્યાં છે ? મારૂં સ્થાન તો સ્વર્ગમાં છે. તમે મને ભૂલથી અહીં લાવ્યા લાગો છો. દૂતોએ કહ્યું, ના ઈશ્વરના રાજ્યમાં કોઈ ભૂલ નથી. વેશ્યા પાપી હતી પણ પાછલી જિંદગીમાં તેનું જીવન સુધરી ગયું હતું. પરિણામે તેને પાપ તરફ ઘૃણા થઈ, ને પાપમાંથી છૂટવા તેણે પ્રભુની સાચા દિલથી પ્રાર્થના કર્યા કરી એટલે તેના પર પ્રભુની કૃપા ઉતરી, ને તેને સારા લોકની પ્રપ્તિ થઈ છે. સ્વર્ગનું દ્વાર તેને માટે ખુલ્લું થયું પણ તમારી વાત જુદી જ થઈ. પાપ ને પાપી તરફ તમને ઘૃણા હતી, પણ પાપની ગણતરી કરવાનો પ્રયાસ કરતાં છેવટે તમારૂં મન પણ પાપમાં રમવા માંડ્યું. તમે સાધનાનો માર્ગ ભૂલ્યા એટલે તમને નરક મળ્યું છે એમાં કોઈ પ્રકારની ભૂલ થઈ નથી.

**[ ૯ ] વિવેકાનંદ ને વેશ્યાનો પ્રસંગ**

કેટલાંક માણસોને પોતાની ઈચ્છા વિરૂદ્ધ અમુક જાતનું જીવન જીવવું પડે છે. કોઈ તે જીવનનાં શિકાર બન્યાં હોય છે. બદી ભરેલા જીવનમાં રહ્યા છતાં તેમનો આત્મા સદાય જાગ્રત રહે છે, ને બંધનોનો ત્યાગ કરી વધારે સારા જીવનમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યા કરે છે. એવા માણસોને તેમના બહારના જીવન પરથી તિરસ્કાર કે સૂગની દૃષ્ટિથી જોવાનું કામ ઠીક નથી, એ વાત સદા યાદ રહેવી જોઈએ.

સ્વામી વિવેકાનંદના જીવનમાં એક પ્રસંગ આવે છે. એક વાર એક ભોગપરાયણ શ્રીમંત રજવાડી પુરૂષે તેમને પોતાની સાથે પ્રવાસમાં રહેવાનું આમંત્રણ આપ્યું. તેમની સાથે ભારે રસાલો હતો. નાચગાન

રસિયા હોવાથી તેમણે એક વેશ્યાને પણ બોલાવી રાખી હતી. રાતે જલસો રાખ્યો હતો તેમાં વેશ્યા તરફથી નાચગાન થવાનાં હતાં. વિવેકાનંદજીને તે જાણીને ભારે દુઃખ થયું. પેલા શ્રીમંત પુરૂષ ને વેશ્યા પર તિરસ્કાર પણ થયો, ને તેમણે જલસામાં આવવાની સખ્ત શબ્દોમાં ના પાડી. તેમના શબ્દો સાંભળીને વેશ્યાને ઘણું દુઃખ થયું. પણ તે કાંઈ બોલી ના શકી. રાત પડી ને જલસો શરૂ થયો. વિવેકાનંદજી તેમાં હાજર ન હતા. વેશ્યાને તેનું દુઃખ હતું. તેનું હૃદય રોતું હતું. આખરે જ્યારે ગાવાનો વખત થયો ત્યારે પોતાના દિલના દર્દને ઠાલવતાં તેણે ગાવા માંડ્યું કે હે પ્રભુ, મારામાં ઘણાયે દુર્ગુણ છે. પણ તેના તરફ તમે દૃષ્ટિ ના કરશો, તમે કૃપાળુ છો, સમદર્શી છો, કેવળ ઈચ્છા માત્રથી મને પાર કરી શકો છો તો મારા દુર્ગુણ તરફ તમે ના જોશો. આ રહ્યું સૂરદાસનું એ પ્રસિદ્ધ પદઃ-

પ્રભુ, મોરે અવગુણ ચિત્ત ન ધરો !
સમદરશી હે નામ તિહારો, ચાહે તો પાર કરો !
પ્રભુ, મોરે અવગુણ ચિત્ત ન ધરો !

રાત્રિની અસીમ શાંતિમાં સરી આવતું એ ગીત વિવેકાનંદજીએ પોતાના તંબુમાં સુતાં સુતાં સાંભળ્યું. તેમાં પ્રકટ થતો ભાવ, અનુરાગ ને પશ્ચાતાપનો ભાવ અજબ હતો. સ્વામીજી તે સહેલાઈથી સમજી શક્યા. કેમ કે તે પોતે ત્યાગી ને તત્વજ્ઞાની હોવા ઉપરાંત એક મહાન કલાકાર હતા. તેમનું હૃદય હાલી ઊઠ્યું. પોતાની શય્યા પર તે સૂઈ ન શક્યા. પોતાના સખત શબ્દો માટે તેમને દુઃખ થયું હોય તેમ ઉતાવળે પગલે ગાયન ચાલતું હતું ત્યાં આવ્યા, ને વેશ્યાને પ્રણામ કરીને તેની પાસે બેસી ગયા. તેમની આંખ ભીની હતી. વેશ્યાને કેટલો આનંદ થયો હશે તે વાત સમજી લેજો. સ્વામીના સત્સંગથી તેનું જીવન બદલાઈ ગયું. ને સ્વામીજીનું હૃદય તો દુઃખી ને દીન તથા અનાથ પ્રત્યે પહેલેથી જ અનુકંપા ભરેલું હતું. તે હૃદયમાં વેશ્યાને માટે પણ હમદર્દી કેમ ન હોઈ શકે ?

આ બંને વાતોનો સાર એ છે કે માણસના બાહ્ય આચાર પરથી જ તેનું મૂલ્ય નથી અંકાતું. તેના મનની દશા પણ ધ્યાનમાં રાખવી પડે છે. ગીતા કહે છે કે બહારથી કર્મનો ત્યાગ કરીને બેસી જાઓ, પણ તમારું મન જો કર્મના ઘાટ ઘડ્યા જ કરતું હોય, તો તેથી ખાસ લાભ નહિ થાય. તે દશામાં તમારો ત્યાગ નબળો ને સત્વ વિનાનો બની રહેશે. એટલે ઉત્તમ વસ્તુ તો એ છે કે જેમ બહારથી કર્મનો ત્યાગ કરો છો તેમ અંદરથી પણ ત્યાગ કરો. જે વસ્તુને છોડી દો, તેની લાલસા કે કામનાને મનમાંથી પણ કાઢી નાખો. વિષયના રસમાંથી મુક્ત થયેલા મનને પરમાત્માના ધ્યાન ને વિચારમાં લગાવી દો. તેમ ના કરી શકો, તો પછી કર્મ કર્યા કરો. પણ કેવી રીતે ? આંખો મીંચીને નહિ, પણ વિચારપૂર્વક મનનો સંયમ કરો ને જરૂરી કર્મ કરો પણ કર્મમાં ડૂબી જઈને ભાન ભૂલી જતા નહિ.

### [ ૧૦ ] અર્જુનનો અધિકાર

કર્મનો ત્યાગ કરીને એકાંતમાં બેસી પ્રભુપરાયણ જીવન જીવવાની અર્જુનમાં શક્તિ ન હતી. હજી તો હમણાં જ, કૌરવોની સેનામાં સ્વજનોને જોઈને તે લડીશ નહિ એમ કહેવા લાગ્યો, તે પહેલાં તો તેનો લડવાનો વિચાર હતો જ. નહિ તો ગાંડીવને ધારણ કરીને કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં આવત જ શા માટે ? તેને

યુદ્ધ જેવા ઘોર કર્મ પરથી વૈરાગ્ય જ થયો હોત, તો રણમેદાનમાં આવવાને બદલે પહેલેથી તે કાશી, પ્રયાગરાજ કે હરદ્વાર તરફ ક્યાંક યાત્રામાં જ નીકળી પડ્યો હોત. પણ કર્મના સંસ્કાર તેના દિલમાં કાયમ હતા. પોતાના ભાઈઓ ને દ્રૌપદીના અપમાનના ઘા તેના દિલમાં હજી તાજા હતા. બદલો લેવાની વૃત્તિ જ તેને યુદ્ધની તૈયારીથી ભરેલી ને ભીષણ બનેલી ધર્મભૂમિમાં દોરી લાવી હતી. એ દશામાં ભગવાને તેને કહ્યું કે ત્યાગ ને જ્ઞાનનો માર્ગ પણ ઉત્તમ છે પણ તારે માટે તો કર્મનો માર્ગ જ સારો છે. કર્મ ને જ્ઞાન જુદાં છે એમ ના સમજીશ. જ્ઞાનપૂર્વક કર્મ કર ને જે કરે તે ત્યાગની ભાવનાથી ને આસક્ત થયા વિના કર. એટલે એક કાંકરે બે પક્ષી મરશે. ફરજનું પાલન થશે, ને તારું મંગલ પણ સધાશે.

### [ ૧૧ ] અંદરનો ત્યાગ પણ જરૂરી છે

ભગવાનનો આ ઉપદેશ બહુ મહત્વનો છે. આપણે ત્યાં ત્યાગ થાય છે, ને માણસો જ્ઞાનની ખોજમાં નીકળી પડે છે. પણ તેમના દિલમાં પહેલાંના ખોટા સંસ્કાર હયાત હોવાથી ત્યાગનો સાચો આનંદ તેમને મળી શકતો નથી. ત્યાગના સાચા આનંદ માટે અંદરના ત્યાગને કેળવવાની જરૂર છે તે તરફ જેટલું ધ્યાન આપી શકાય તેટલું ઓછું છે. મનમાં કામના ને વાસનાનો અડ્ડો હોય તો બહારનો ત્યાગ કે સંન્યાસ શું ફળ આપી શકે ?

ત્યાગી પુરૂષે ઈશ્વર પર જ આધાર રાખવો જોઈએ. ઉપાસના ને સાધના કોઈ બાહ્ય સાધન વિના થઈ શકે છે. માણસોએ પણ વિવેકી બનવાની જરૂર છે. બહારના દેખાવ પરથી કોઈને ત્યાગી કે વૈરાગી ને ભોગી સમજી લેવાને બદલે, અંદરની દુનિયામાં ડોકિયું કરતાં શીખવાની જરૂર છે, અંદરની યોગ્યતાને ઓળખીને પ્રોત્સાહન આપવાની જરૂર છે. બહારનું વાતાવરણ મહત્વનું છે તેની ના નહિ, પણ તેને જ સર્વ કાંઈ સમજી, તે પરથી માણસને માટેનું સર્ટિફિકેટ તૈયાર કરવામાં ભૂલ છે. કર્મયોગનો ઉપદેશ આપતાં આ વાત પર ભગવાન આપણું ધ્યાન ખેંચે છે ને જે દશામાં હોઈએ તે દશામાં રહી, જે કામ કરતાં હોઈએ તે કામ કરતા રહેવાનું કહી મનનો ત્યાગ કેળવવાનું કહે છે, મનની તાલીમ લેવાનો આદેશ આપે છે. ઉજ્જવળ જીવનની ઈચ્છાવાળા સૌ કોઈને એ આદેશ ઉપયોગી છે.

### [ ૧૨ ] યજ્ઞની વિચારણા

આટલી ચર્ચા પછી ગીતામાતા એક બીજી વિચારણા રજૂ કરે છે. તે વિચારણા યજ્ઞની છે. ગીતામાતા કહે છે કે સૃષ્ટિની શરૂઆતમાં બ્રહ્માએ પ્રજાને કહ્યું કે તમારી સાથે આ યજ્ઞની ઉત્પત્તિ પણ કરવામાં આવી છે. તે યજ્ઞનો આશ્રય લઈને તમે સુખી થઈ શકશો, યજ્ઞથી દેવતાઓ પ્રસન્ન બનશે ને તમને ઉત્તમ ફલ, સુખ ને સમૃદ્ધિનું દાન કરશે. બ્રહ્માના આદેશ પ્રમાણે જૂના વખતમાં યજ્ઞો થતા હતાં. આજે તે અટક્યા છે, કે પ્રમાણમાં ઘણા ઓછા થયા છે. યજ્ઞની વિધિ માટે આજે વાતાવરણ પણ ભાગ્યે જ અનુકૂળ રહ્યું છે. આ સંજોગોમાં શું કરવું ? ગીતા તેનો સુંદર ઉકેલ કરી બતાવે છે. તે કહે છે કે જુઓને, યજ્ઞની પાછળ ભાવના શી છે ? પોતાની પાસે જે ઉત્તમ હોય તે દેવોને અર્પણ કરવું એ જ ને ? તો તમારી પાસે જ કૈં સારું હોય તે તમે દેવોના પણ દેવ એવા પરમાત્માને અર્પણ કરો, ને પરમાત્માની ને પરમાત્માની સૃષ્ટિની સેવામાં તેનો

ઉપયોગ કરો. તો તમે મહાન યજ્ઞ કર્યો ગણાશે. માણસ સંસારમાં રહીને કર્મ તો કરવાનો જ : કર્મ કરવામાં કાંઈ ખોટું પણ નથી; પણ જે કર્મ કરાય તે યજ્ઞની ભાવનાથી કરવું. તો તેવાં કર્મ તેને માટે મંગલકારક થઈ જશે. કર્મને યજ્ઞની ભાવનાથી કરવાં એટલે પોતાની ને બીજાની તથા સંસારના સ્વામી પરમાત્માની સેવા માટે કરવાં. ઈશ્વરે પોતાને સોંપેલી ફરજને અદા કરવાની દૃષ્ટિએ, ઈશ્વરની પ્રસન્નતા માટે કરવાં ને કર્મના પાશથી મુક્ત રહીને કરવાં.

કર્મના પાશથી મુક્ત થવું એટલે શું ? કર્મનો નાશ કયો છે ? સૌથી પહેલાં તો અહંકાર. માણસ જે કર્મ કરે છે, તે વધારે ભાગે અહંભાવથી પ્રેરાઈને કરે છે. કાંઈ સારું થયું હોય તો મેં કર્યું એવું ગુમાન તેને આવી જાય છે. ઈશ્વરની ઈચ્છા વિના એક પાંદડું પણ હાલી શકે એમ નથી, એમ સમજીને તેણે અહંકારનો ત્યાગ કરવો જોઈએ. આ ઉપરાંત કર્મનો બીજો પાશ કર્મના ફલની આસક્તિ છે. કર્મના ફલની ઈચ્છા માણસ રાખે તેનો કાંઈ જ વાંધો નથી; પણ જે ફલ મળે તેની સામે બડબડાટ કરવાની કે તેને મેળવીને ફુલાઈ જવાની ટેવ હાનિકારક છે. તે ટેવ જ માણસને સુખ ને દુઃખના ઝુલા પર ઝુલાવ્યા કરે છે. તેથી તેનો ત્યાગ કરવો જોઈએ. બીજા અધ્યાયમાં તે તરફ ધ્યાન પણ ખેંચવામાં આવ્યું છે હવે આ અધ્યાયમાં કર્મયોગની સમૃદ્ધિ માટે ગીતામાતા એક બીજી વાત ઉમેરે છે કે કર્મની સાથે યજ્ઞની ભાવના ભેળવી દેવી. યજ્ઞ કરવાની બ્રહ્માએ આજ્ઞા કરી છે. તેને યાદ કરીને તે કહે છે છુટક યજ્ઞો ના થાય તો કાંઈ જ હરકત નથી. તમારા નાના કે મોટા દરેક કામમાં યજ્ઞની ભાવના જોડી દો એટલે ઘેર બેઠાં વ્યવહાર કરતાં ને વિના ખર્ચે તમે યજ્ઞ કરી શકશો.

યજ્ઞની ભાવનાનું રહસ્ય સૌએ સારી પેઠે સમજી લેવાનું છે. માણસે સમજી લેવું જોઈએ કે સંસારમાં જે છે તે બધું ઈશ્વરનું છે, તેના પર તેનો એકલાનો નહિ, પણ જીવમાત્રનો અધિકાર છે. એટલે પોતાની પાસે જે કૈં હોય તે દ્વારા વધારેમાં વધારે જીવોનું હિત કરવાની તેની ભાવના હોવી જોઈએ, ને તેનો અમલ કરવા તેણે સદાય તૈયાર રહેવું જોઈએ. કેવલ પોતાના સુખમાં મસ્ત બનીને બેસી રહેવાને બદલે બીજાને સુખી કરવા પણ તત્પર થવું જોઈએ. તો જ સંસારનું કલેવર બદલી શકાય. યાદ રાખો કે કોઈને આપવાથી વસ્તુ ઘટતી નથી; પણ વધે છે ને બીજા જીવને મદદ કરવાનો આનંદ મળે છે તે નફામાં. આપવામાં સદા સુખ તો છે જ, પણ જે આપે છે તેની મૂડી ઘટતી નથી, પણ વધે છે, ને ઈશ્વર તરફથી બીજું અનેક ઘણું મળે છે, એટલે માણસે હૃદયને વિશાળ ને ઉદાર કરવાની જરૂર છે.

### [ ૧૩ ] કર્મમાં યજ્ઞની ભાવના

માણસો કર્મો કરે છે પણ યજ્ઞની ભાવનાથી કરતા નથી. એટલે કર્મો કસ વિનાનાં ને બોજારૂપ બની જાય છે. કર્મ થાય છે, પણ તેનો આનંદ મળતો નથી વળી જીવનના વિકાસમાં તે ખાસ ભાગ ભજવતાં નથી. આના ઉપાય તરીકે ગીતામાતા કર્મને સાધનાના પ્રવાહ જેવા કરી દેવાની શિક્ષા આપે છે. તે શિક્ષા પ્રમાણે ચાલો તો કર્મથી બંધનમાં વધારો ના થાય, પણ બંધન હોય તો તે પણ ટળી જાય, ને મુક્તિનો આનંદ મળે. વળી કર્મ દ્વારા ઈશ્વરની ઉપાસના કરી શકાય.

કર્મ ભાવના સાથે થવું જોઈએ. પગે ચાલીને માણસો વ્રજભૂમિની ને બદરીકેદાર જેવાં તીર્થોની યાત્રા કરે છે. અમે ઋષિકેશમાં હતાં; ત્યારે એક માણસની મુલાકાત થઈ. તે દક્ષિણ ભારતમાંથી પગરસ્તે પ્રવાસ કરીને આવતો હતો. કેટલાય મહિને તે ઋષિકેશ આવ્યો હતો. હવે તેને બદરીનાથ જવું હતું ને તે પછી પગે ચાલીને પાછું પોતાના ગામમાં પહોંચવું હતું. શું આવા માણસોને થાક નહિ લાગતો હોય ? છતાં તેમના મુખ પર ઉત્સાહ ક્યાંથી આવે છે ? તેમની ભાવનામાંથી. તીર્થોના દર્શનની દિલમાં રહેલી ભાવના તેમને સદાયે પ્રેરણા આપે છે. તે ભાવના જ તેમને કષ્ટો, મુસીબતો ને મુંઝવણોની વચ્ચેથી પાર કરીને અજાણ્યા પંથના પ્રવાસી બનાવે છે. તેમને માટે પ્રવાસ એક યજ્ઞ બની જાય છે. તીર્થોનાં દર્શનથી પ્રભુની કૃપા ને પ્રસન્નતા મેળવવાની લગન તેમને તાકાત આપીને દૂર દૂર સુધી લઈ જાય છે. કૈલાસની યાત્રા કટલી કઠિન કહેવાય છે ! છતાં કઠિનતાનો સામનો કરીને માણસો તે યાત્રા પૂરી કરે છે. પ્રભુની લીલાનું દર્શન કરવાની ભાવના તેમને કઠિનતામાં પણ આનંદ આપે છે. તે ભાવનાથી થયેલું કર્મ તેમને માટે કલ્યાણકારક થાય છે, ને સાધનામય બની જાય છે. ભાવનામાં એવી શક્તિ છે. ભાવનાને લીધે નાનામાં નાનું કામ પણ મોટું થાય છે, ને રસવાળું બની જાય છે.

**[ ૧૪ ] કામ ભાવનાથી કરો**

ઘરમાં જેને માથે રસોઈ કરવાની ફરજ આવે છે તેનું કામ ભારે છે. કેટલીક સ્ત્રીઓને રસોઈ કરવાનો કંટાળો આવે છે. તૈયાર રસોઈ મળે તે તેમને સૌથી સારૂં લાગે છે પણ બધાંના નસીબમાં તૈયાર રસોઈ ક્યાંથી હોય ? કો'કને રસોઈ કરવી જ પડવાની. તે પ્રમાણે રસોઈ કરનાર રસોઈ કરે છે પણ બડબડાટ કરવાનું છોડતાં નથી. એટલે રસોઈનું કામ તેમને માટે સેવાનું કામ બનવાને બદલે વેઠનું કામ થઈ જાય છે. પરિણામે તેમને આનંદ નથી મળતો. તેનું કારણ ભાવનાની ખામી છે. તે ભાવનાનો સંબંધ કામ સાથે જોડી દેતાં શીખવું જોઈએ. જેને માથે રસોઈની જવાબદારી છે તે સારી પેઠે જાણી લે કે પોતે એક આવશ્યક ને મહાન સેવા બજાવવાની છે.

રસોઈ એક યજ્ઞ છે. ઘી ને તલ દ્વારા થતા યજ્ઞો તો કોઈકવાર જ થાય છે પણ રસોઈનો ચુલાયજ્ઞ તો નિરંતર ચાલુ રહે છે. જેમ પહેલાંના ઋષિઓને ત્યાં યજ્ઞનો અગ્નિ કદી ઓલવાતો નહિ. તેમ ચુલાનો યજ્ઞ ચોવીસે કલાક ચાલુ હોય એવાં ઘર પણ ઘણાં છે. યજ્ઞથી સ્વર્ગાદિ મળે છે એમ કહેવાય છે. પણ ચુલાયજ્ઞમાં તૈયાર થતી સામગ્રીથી તો સ્વર્ગસુખ સત્વર મળે છે એ સૌનો અભિપ્રાય છે. એ યજ્ઞ પર તો માનવનું સમસ્ત જીવન ટકી રહ્યું છે. માનવના ઉદરમાં જે યજ્ઞ ચાલે છે તેની તૃપ્તિ માટે એ યજ્ઞ જરૂરી છે. એટલે રસોઈ કરનાર કેટલી ભારે સેવા કરે છે એનો ખ્યાલ કરો. તે યજ્ઞ કરે જ નહિ તો બીજા બધાં જ યજ્ઞો બંધ થઈ જાય. રસોઈ બનાવનાર આ ભાવનાને ભૂલે નહિ તો તેને આનંદ આવશે. તેને સમજાશે કે ઘરનાં જુદાં જુદાં સભ્યો ઈશ્વરના પ્રતિનિધિ છે. તેમની સેવા કરવાનું પોતાને આ રીતે સદ્ભાગ્ય મળ્યું છે તે સદ્ભાગ્યનો વિચાર કરવાથી તેનો બડબડાટ દૂર થશે ને તેને અનેરો આનંદ મળશે. રસોઈ જેવું કામ એક શુષ્ક ક્રિયા કે વેઠ બનવાને બદલે તેને માટે જીવનના વિકાસની સાધના બની જશે, યોગમય બની જશે.

**[ ૧૫ ] રોજનાં કર્મોમાં યજ્ઞની ભાવના**

આ રીતે જીવનમાં બધાં જ કર્મોનું સમજી લેવાનું છે. રોજના વ્યવહારમાં સાધારણ જેવાં કર્મો પણ ભાવના સાથે કરવાથી યોગમય બની જાય છે. મળત્યાગ કરવો એ એક સાધારણ કર્મ છે પણ તેને તમે અસાધારણ બનાવી શકો છો. મળને જોઈને તમે વિચાર કરો કે શરીર આવા મળનું ઘર છે. બહારથી તે સારું લાગે છે એટલું જ. અંદરથી તો ખૂબ જ અશુદ્ધ છે. રોજ રોજ ગંદુ થયા જ કરે છે. આવા શરીરમાં પ્રીતિ કરવાનું શું કામ ? બે જ વાતને લીધે શરીર મૂલ્યવાન છે. એક તો તેનાથી પરમાત્માનું દર્શન કરીને પૂર્ણતા મેળવી શકાય છે તે, ને બીજું તેનાથી કોઈકનું હિત સાધી શકાય છે. આ શરીર દ્વારા તે બે વાતો જ સાધવી જોઈએ ને પછી પ્રાર્થના કરો કે હે પ્રભુ, શરીરના રંગરાગ ને આકર્ષણમાં અમારું મન ફસાય નહિ, અમારાં કે કોઈનાય શરીરમાં અમને મમતા થાય નહિ ને આ શરીર દ્વારા તમારી પ્રાપ્તિ કરવાની સાથે સાથે કોઈને મદદરૂપ બની શકાય એવો આશિર્વાદ આપી દો.

ખાતા પહેલાં ને ખાતી વખતે ભાવના કરો કે ખોરાક પ્રભુની પ્રસાદી છે. તે શરીરમાં જતાં ઉત્તમ લોહી બનશે, શક્તિ મળશે, શરીર સમૃદ્ધ બનશે. શરીરમાં ઉલ્લાસ ને યૌવન તથા તાજગી ફરી વળશે. શરીર વ્યાધિરહિત બનશે. મન પણ મજબૂત બનશે, ઉત્તમ વિચારો ને ભાવનાથી ભરાઈ જશે. તે દ્વારા જીવનના વિકાસમાં ને બીજાની સહાયતામાં મદદ મળશે. શરીરની અંદર વિરાજેલા પરમાત્માને અર્પણ કરતા હો તેમ ભાવના રાખીને ખોરાક લો, તો તેનું સ્વરૂપ બદલાઈ જશે. તેમાં તમને ખૂબ રસ લાગશે. ખાવાની સાધારણ ક્રિયા આમ તમારે માટે યજ્ઞક્રિયા કે યોગ બની જશે. જુઓને, જરા વિચાર તો કરો. બોર વીણવાનું કામ કેટલું સાધારણ ગણાય ! છતાં તેવા સાધારણ કામમાં ઉત્તમ ભાવના ભળવાથી શબરીને માટે તે કામ મહાન સાધનાના અંગ જેવું બની ગયું.

ઈશ્વરની સેવા ને પ્રસન્નતાની ભાવનાથી તે કરવા માંડો ને તમારી જાતની શુદ્ધિ સાધતાં સાધતાં તે રસપૂર્વક કરો તો તેનું મૂલ્ય વધી જશે. તે કર્મયોગ બની જશે. પ્રભુએ આપણને જે બુદ્ધિ ને ભાવના આપી છે, તેનો ઉપયોગ ના કરવાથી જીવનનું નાટક ક્લેશકારક ને કરૂણ બની જાય છે. કર્મમાં યજ્ઞની ભાવના ભેળવી દેવાથી એક બીજું સુંદર પરિણામ એ આવે છે કે માણસ સ્વાર્થી કે એકલપેટો બનતો નથી. પોતાની પાસે જે કૈં છે તેનો ઉપયોગ પોતાને જ માટે કરવાને બદલે, બીજાને પણ તેથી શક્ય લાભ પહોંચાડવા માણસ સદાય તૈયાર રહે છે. આથી સમાજમાં શોષણ, અનાચાર ને કૃત્રિમ ભેદભાવનો અંત આવે છે. સંપત્તિ ને શક્તિ એક જ ઠેકાણે એકઠી થતી નથી, પણ ફરતી રહે છે, ને સૌને કામ આવે છે. આથી ઘર્ષણ ને વર્ગવિગ્રહ થતા નથી. માણસ માત્ર પોતાના જ સુખનો વિચાર કરીને બેસી રહેતો નથી પણ બીજાના સુખમાં પણ આનંદ માને છે, બીજાના સુખ માટે માર્ગ તૈયાર કરવામાં ગૌરવ અનુભવે છે. પોતાનાં જ ઉત્થાન ને કલ્યાણના મંત્રનો જપ કરવાને બદલે સૌના ઉત્થાન ને મંગલનો તે સાધક બને છે. સંસારમાં જો બધા જ મનુષ્યો યજ્ઞની ભાવનાથી કર્મ કરે તો સંસાર સાચે જ સ્વર્ગમય બની જાય.

**[ ૧૬ ] મહાપુરૂષોને કાર્ય નથી**

ત્યારે એવી કોઈ દશા આવે છે જ્યારે કર્મ પૂરું થાય ? ગીતા કહે છે કે માનવજીવન પૂર્ણતાની પ્રાપ્તિ માટે છે. માનવ એક પ્રવાસી છે. કેટલાય જન્મોથી તે જીવનના પુણ્યપ્રવાસે નીકળ્યો છે. પ્રવાસ કરતો કરતો ને સારાં નરસાં કર્મનું ઋણ ચુકવતો પોતાના મૂળ સ્વરૂપ પરમાત્માની પાસે તે પહોંચી જાય, ત્યારે તેનો પ્રવાસ પૂરો થાય. જે માટે આ જીવન શરૂ થયું છે તે હેતુ સિદ્ધ થાય, પછી તેને કરવા જેવું કોઈપણ કર્મ રહેતું નથી. માણસ જન્મ લે છે તે પછી કેટલાંય કર્મો કરે છે. તે બધાં કરવા જેવાં કર્મો હોય છે એમ જ નથી. કરવા જેવું કર્મ તો એક જ છે કે માણસ આ સંસારમાં આવીને પોતાના સ્વરૂપને ઓળખી લે. જન્મ ને મરણ તથા સુખ ને દુઃખના ચક્રમાં ફરતાં ફરતાં પોતે જેને ભૂલી ગયો છે, અથવા જેનાથી દૂર પડી ગયો છે, તે સંસારના સ્વામી પરમાત્માને તે ઓળખી લે. આની સાથે સાથે, બની શકે ત્યારે ને તેટલું કોઈનું હિત કરી લે. બીજાં તો બધાં કામ કે કર્મ છે. તેમના વિના ચાલી શકશે પણ પરમાત્માનો સાક્ષાત્કાર કરવાના આ કામ વિના નહિ ચાલે. આ કામ કેવલ કામ કે કર્મ નથી; પણ કરવા યોગ્ય કર્મ છે તેથી ગીતાએ તેને કાર્ય કહ્યું છે. કાર્ય નામનો નવો શબ્દ તેને માટે વાપરવાનું કારણ એ જ છે.

ગીતા કહે છે કે ઈશ્વરને ઓળખીને જીવનને પરિપૂર્ણ કરવાના એ કાર્યને માટે જ જીવન મળેલું છે. પણ સંસારના મોહ ને આકર્ષણથી અંજાઈ જઈને માણસો કાર્યને ભૂલી ગયા છે. પરિણામે તેમના જીવનમાં ક્લેશ, શોક ને ચિંતા તથા અશાંતિએ ઘર કર્યું છે. પોતાનું ઘર મૂકીને થોડા દિવસ માટે કોઈ માણસ યાત્રાએ નીકળે, તે પોતાને ઘેર પાછો પહોંચવાને બદલે યાત્રાના જ કોઈ સ્થળમાં ઘરબાર કરીને બેસી જાય, તેવી દશા મોહમાં ડૂબેલા માણસોની છે. તે પોતાના સાચા ઘરને ભૂલી ગયા છે, યાત્રાના રહસ્યને પણ ભૂલી ગયા છે, ને નકલી ઘરમાં પ્રીતિ કરી બેઠા છે. ગીતા કહે છે કે પોતાના મૂળ વતનમાં પાછા ફર્યા વિના કોઈને પણ શાંતિ નથી થવાની. ઈશ્વરથી દૂર રહીને કોઈયે માણસ સુખ શાંતિ કે કુશળતાની પ્રાપ્તિ નથી કરી શકવાનો. તમારામાંથી કોઈ પૂછશે કે તો પછી મુકતાત્મા એવા મહામાનવની દશાનું જરા વર્ણન તો કરો. આપણે તેના જવાબમાં એટલું જ કહીશું કે તેવા મહાપુરૂષ પરમશાંતિની મૂર્તિ જેવા હોય છે. તે પોતે પોતાની અંદર જ તૃપ્ત હોય છે. પરમાત્મામાં જ તેની પ્રીતિ હોય છે. પરમાત્મામાં જ તેને આનંદ લાગે છે, ને પરમાત્મા વિના તેને કાંઈ દેખાતું નથી. જડ ને ચેતનમાં બધે તેને પરમાત્માનું જ દર્શન થયા કરે છે.

### [ ૧૭ ] પૂર્ણ પુરૂષ બીજાને મદદરૂપ છે

ત્યારે શું આ દશાએ પહોંચ્યા પછી તે કોઈને કામ નહિ આવે ? તેનું પોતાનું જીવન તો પરિપૂર્ણ બન્યું, પણ બીજાને તે મદદરૂપ નહિ બને ? જરૂર બનશે. તેવો મહાપુરૂષ આ સંસારમાં કેવલ શ્વાસ લેશે તો પણ બીજાને માટે પ્રેરણાદાયક બની રહેશે. તેનું દર્શન માનવજાતિને જીવનના પૂર્ણ વિકાસની પ્રેરણા પાશે ને ઈશ્વરી માર્ગે પ્રવાસ કરતા સાધકોને સંદેશ દેશે. સંસારમાં ગળાબૂડ ડૂબેલા ને ઈશ્વરને ભૂલેલાં માણસોને માટે તેનું જીવન લાલબત્તી જેવું બનશે. સંસારમાં આપણે જોઈએ છીએ કે દરેક વસ્તુ દ્વારા બે જાતના હેતુ સરી રહે છે. સૂર્યનો પ્રકાશ તેની શોભામાં વધારો કરે છે, ને સાથે સાથે સ્વાભાવિક રીતે જ, બીજાને માટે માર્ગદર્શક બની રહે છે. ફૂલ જે ડાળી પર ખીલે છે તેની શોભાને વધારે છે પણ સાથે સાથે આજુબાજુના વાતાવરણમાં સુવાસ પણ ફેલાવે છે. નદી પોતાના આનંદમાં મગ્ન બનીને સાગરની દિશામાં વહ્યે જાય છે, પણ તેની સાથે

લોકકલ્યાણનો હેતુ આપોઆપ સરી રહે છે. તેવી જ રીતે મહાપુરૂષોનું જીવન સંસારને માટે મદદરૂપ જરૂર બને છે. તેમનું જીવન સંસારને માટે નકામું નથી બનતું. તે જીવન તેમનું એકલાનું નહિ, પણ સમસ્ત સંસારનું થઈ જાય છે. ઈશ્વરને ભૂલીને જડવાદના ઉપાસક થઈ જતા માનવને તેવા મહાપુરૂષો નીતિ ને આધ્યાત્મિક જીવનનો રાહ બતાવે છે. માનવના અંધાર ભરેલાં જીવનને અજવાળવામાં તે ખૂબ મદદરૂપ બને છે.

કેટલાક માણસો બોલી ઉઠશે કે માનવ પોતે શાંતિ મેળવીને બેસી રહે તેથી બીજાને શો લાભ ? પોતે પૂર્ણ થઈને બેસી રહેવું એ તો સ્વાર્થ કહેવાય. પોતાની જ ઉન્નતિ માટે સાધના કરવી એ પણ શું સ્વાર્થ નથી ? આપણે જવાબ વાળીશું કે જીવનની પૂર્ણતા માટે સાધના કરવામાં જો સ્વાર્થ રહેલો હોય તો તેથી ડરવાનું કાંઈ કારણ નથી. તે એક ઈચ્છવા જેવો સ્વાર્થ છે ને તેની સિદ્ધિમાં લાગવું એ પ્રત્યેકનો ધર્મ છે. માણસ સમાજનો ઘટક છે. તેના જેવા અનેક માણસો મળીને સમાજ બને છે. એટલે તે જે કૈં કરશે તેની સારાય સમાજ પર જરૂર અસર પડશે. ધારો કે તમે જે ગામમાં રહેતા હો તે ગામને સાફ કરવાની તમારી શક્તિ ના હોય; અથવા ગમે તે કારણથી તમે આખા ગામને સાફ કરી શકતા ના હો; પણ તમારા ઘરની સફાઈ કરીને બેસી રહેવાથી પણ શું તમે ગામની સફાઈમાં સહાય નથી કરતા ? સૂર્ય સૌને પ્રકાશ પહોંચાડે છે. પણ તે આથમે છે, ત્યારે ઘરમાં દિપક કરવામાં આવે છે. તેનો પ્રકાશ આખા જગતમાં નથી પહોંચતો. માટે તેને નકામો કહીને ફેંકી દઈશું કે ? આખા ગામમાં તેનો પ્રકાશ ના પહોંચે પણ આપણા ઘરમાં તો પડે છે ને ? ઘરનું અંધારૂ તો તેનાથી દૂર થાય છે જ. તે પ્રમાણે જે માણસ પોતાના વિકાસ માટે સાધના કરે છે. તે પોતાની સાથે સમાજની સેવા પણ કરે છે આવા પૂર્ણ ને મુક્ત પુરૂષોએ સંસારમાં જબરજસ્ત ધર્મના આંદોલનો ઊભા કર્યા છે. ઈશુ, બુદ્ધ, જરથુસ્ત, મહમ્મદ, કૃષ્ણ ને શંકર તથા નાનક ને મહાવીર જેવા પુરુષો એવા મુક્ત પુરૂષો જ હતા. જો કે બધા પુરૂષો એવું વિરાટ કામ નથી કરી શકતા, પણ બીજાને મદદરૂપ થવામાં તો માને જ છે એટલે તે નાના પાયા પર પણ કામ કરે છે. કામ કરવાની વાત માણસની રુચિ પર અવલંબે છે.

કેટલાક માણસો બાહ્ય રીતે કોઈ પણ કામ કરવાની ઈચ્છા નથી રાખતા. તે માને છે કે સંસારની વ્યવસ્થાનો ભાર ઈશ્વર પોતે ઉપાડી લેશે. આપણે તેની ચિંતા કરવાની જરૂર નથી. આપણી ચિંતાથી વળશે પણ શું ? માણસો પોતાનાં કર્મ પ્રમાણે ફલ ભોગવે છે એમ માનીને તે શાંત થઈને એક બાજુ બેસી જાય છે. છતાં કોઈ તેમની પાસે જાય, ને તેમની મદદની ઈચ્છા કરે, તો મદદ કરે છે. બીજી જાતના માણસો પૂર્ણ કે મુક્ત થયા પછી પણ વિરાટરૂપે કે વધારેમાં વધારે કામ કરવામાં માને છે. અંધારામાં અટવાતાં ને પ્રકાશની ઝંખના કરતાં માણસોને તે પ્રકાશ બતાવે છે, માર્ગ ભૂલીને આમતેમ અથડાતાં માણસોને માર્ગ બતાવે છે, ને તેમ કરવામાં આનંદ માને છે. આ સારું પણ છે કેમકે ઈશ્વરની કૃપા પામેલા બધા જ માણસો જો મૂક બનીને બેસી જાય, તો જેમને ઈશ્વરની કૃપા મેળવવી છે, તેમને માર્ગ કોણ બતાવે ? શાંતિ ને મુક્તિ મેળવી ચૂકેલા મહાપુરૂષ જો કોઈનેય મદદ ના કરે, તો સંસારમાં શાંતિ ને મુક્તિ માગનારને માર્ગદર્શન ક્યાંથી મળે ? એટલે ઈશ્વર જ તેમના અંતરમાં અનુકંપા ઉપજાવે છે. તેથી પ્રેરાઈને તે બીજાના હિતના કામમાં પડે છે.

**[ ૧૮ ] કર્મની જરૂર**

સંસારના મંગલને માટે આ પ્રમાણે કર્મ કરવાની જરૂર છે. લોકકલ્યાણની ભાવનાથી કર્મ કરતા રહેવાની જરૂર છે. ગીતાનો એવો આદેશ છે. જેને પૂર્ણતાની પ્રાપ્તિ નથી થઈ, તેને તો કર્મ કર્યા વિના ચાલે જ કેમ ? તેને તો આળસુ થઈને બેસી રહ્યે કેમ પાલવે ? બધાં જ પ્રકારના પ્રમાદનો ત્યાગ કરીને તેણે કર્મપરાયણ બનવું જોઈએ, પુરૂષાર્થી થવું જોઈએ. જીવનના ધ્યેયની સિદ્ધિ એદી બનીને ઊંઘ્યા કરવાથી કેવી રીતે થઈ શકશે ? આ સંસારમાં જે પણ મહાન બની ગયા, તે સતત પુરૂષાર્થ કરવાથી જ તેવા થઈ શક્યા છે. પળેપળનો હિસાબ રાખીને કામ કરવું જોઈએ, તો જ સિદ્ધિ પ્રાપ્તિ થઈ શકે. એટલે જ ભગવાન કહે છે કે હે અર્જુન, તું કર્મ કર. આજે તો તું સાધક છે. પણ પૂર્ણ, મુક્ત ને સિદ્ધ થઈ ગયા પછી પણ કર્મને ના છોડતો. ઉત્તમ પ્રકારનાં કર્મો કરીને તું સૌનું હિત કરી શકીશ. જીવનના કેટલાય પ્રવાસી તારે પગલે ચાલશે, ને પોતાનું જીવન ઉજ્જવલ કરશે.

ઉપદેશકનું પોતાનું જીવન તેના ઉપદેશ પ્રમાણે ના હોય, તો તેની અસર કેવીક થાય ? કેટલાક માણસો સભામાં ધર્મ ને નીતિના મહત્વ પર ભાર મૂકે છે, પણ તેમનું જીવન અધર્મથી ભરેલું હોય છે તેથી તેમનું કથન ભાગ્યે જ અસરકારક બને છે. શ્રીકૃષ્ણ ભગવાનના ઉપદેશની વિશેષતા જ એ છે કે તે તેમના જીવન સાથે ઓતપ્રોત થઈ ગયેલી વસ્તુ છે. ભગવાન પોતે પૂર્ણ પુરૂષોત્તમ હતા. તેમને કર્મ કર્યા વિના ચાલે તેમ હતું, જીવનના પાછલા કાળમાં તે જંગલમાં જઈને બેસી શકે તેમ હતું, છતાં તેમ કરવાને બદલે તે અર્જુનનો રથ હાંકવા તૈયાર થયા હતા તે શું બતાવે છે ? એ જ કે જીવન દ્વારા બીજાના મંગલ માટે કામ કરવામાં તે સાચેસાચ માનતા હતા. જે વાતમાં તે માને છે, તે જ વાતનો ઉપદેશ તે અર્જુનને આપી રહ્યા છે. તેથી તે ઉપદેશ આટલો બધો અસરકારક બને છે.

**[ ૧૯ ] જ્ઞાની અને અજ્ઞાનીનાં કર્મમાં ફેર**

ત્યારે જ્ઞાની ને અજ્ઞાનીના કર્મમાં કૈં ફેર ખરો ? ગીતા કહે છે કે અજ્ઞાની અહંભાવથી કર્મ કરે છે; પણ જ્ઞાનીને અહંભાવ નથી. અજ્ઞાની કર્મના ફલથી સુખી ને દુઃખી થાય છે; પણ જ્ઞાની કર્મના ફલમાં સમતા રાખે છે. અજ્ઞાની સંસારમાં ભાન ભૂલી કે ડૂબી જાય છે. જ્ઞાની તેમાં ડૂબતો નથી, પણ કમલની જેમ અલગ ને અલગ રહે છે. અજ્ઞાની કર્મના નશામાં આવી જઈને ભાન ભૂલી જાય છે. કર્મ શાને માટે છે તેને તે ભૂલી જાય છે. જીવનના ધ્યેયની તેને વિસ્મૃતિ થાય છે. જ્ઞાનીને કર્મનો કેફ ચડતો નથી. કર્મના નશામાં તે કદાપિ ભાન ભૂલતો નથી. આ સંસારમાં પોતાનું જીવન શાને માટે છે, ને પોતે શું કરવાનું છે, તેને તે યાદ રાખે છે. જીવનની સિદ્ધિ કે ઈશ્વરની પ્રાપ્તિ માટે તે કર્મ કરે છે, ને યોગ્ય કર્મ કરીને જીવનની સિદ્ધિ કરી લે છે. અજ્ઞાની કોઈ લૌકિક કામનાને પૂરી કરવા કર્મ કરે છે; પણ જ્ઞાનીનાં કર્મ ઈશ્વર માટે થતાં હોય છે. જ્ઞાની પ્રભુ પ્રીત્યર્થે જ કર્મ કરે છે. માણસ કર્મ કરે છે તેની ના નથી પણ તેણે જ્ઞાની બનીને કર્મ કરવાનાં છે, વિવેકને જાગ્રત રાખીને જ કર્મ કરવાનાં છે, માણસો કર્મ કરે છે, પણ વિવેકને ગીરો મૂકીને, ના કરવાના જેવા કામ પણ તે કરે છે. પરિણામે તેમને ને બીજાને તે કર્મો ક્લેશકારક થાય છે. માણસને તે મજબૂત બંધનમાં બાંધી દે છે, ને દુઃખ આપે છે. એટલે ગીતા કહે છે કે વિવેકપૂર્વક કર્મો કરો. જ્ઞાની પણ અજ્ઞાનીની પેઠે કર્મો કરશે,

પણ તેનામાં વિવેક હોવાથી, કર્મો તેને બાંધી નહિ શકે. કર્મોની મદદથી તે કોઈ બંધન હશે તો તેને પણ કાપી નાખશે.

**[ ૨૦ ] સ્વધર્મનું પાલન કલ્યાણકારક છે**

દુઃખ, ક્લેશ, દીનતા કે બીજા કોઈયે કારણથી પોતાની ફરજ છોડવાનો વિચાર કરવાની જરૂર નથી. દુઃખ કે ક્લેશ તો શું, પણ મૃત્યુ આવે તો પણ ફરજ છોડવાનો વિચાર ના કરવો એમ ગીતા સંદેશ આપે છે. દુઃખ, દીનતા કે મૃત્યુથી પણ ફરજ કે સ્વધર્મને વધારે ઉત્તમ માનો.

પ્રસિદ્ધ સંત શ્રી જ્ઞાનેશ્વર મહારાજના પિતા વિઠ્ઠલ પંતના જીવનમાં આવો જ પ્રસંગ બન્યો હતો. એકવાર કોઈ કારણથી ઘર છોડીને તે કાશી ગયા. ત્યાં પ્રસિદ્ધ સંતપુરૂષ શ્રી રામાનંદ સ્વામી રહેતા હતા. તેમની પાસે જઈને તેમણે કહ્યું કે મારે કોઈ જવાબદારી નથી, હું એકલો જ છું માટે મને સંન્યાસની દીક્ષા આપો. રામાનંદે તેના વચનમાં વિશ્વાસ રાખીને તેમને દીક્ષા આપી. તે પછી કેટલેક વખતે મહાપુરૂષ રામેશ્વરની યાત્રાએ નીકળ્યા. રસ્તામાં વિઠ્ઠલપંતના ગામ આલંદીમાં તેમણે ઉતારો કર્યો. ત્યાં મારુતિ–મંદીરમાં તેમણે વાસ કર્યો. વિઠ્ઠલપંતના પત્ની રુકમણીબાઈ મારુતિ–મંદીરમાં દર્શન કરવા આવતા. તે પ્રમાણે તે દર્શન કરવા આવ્યા. દર્શન કર્યા પછી તેમણે રામાનંદ સ્વામીના ચરણોમાં પ્રણામ કર્યા, એટલે રામાનંદે તેમને 'પુત્રવતી થા' એવો આશિર્વાદ આપ્યો. તે સાંભળીને રુકમણીબાઈને હસવું આવ્યું. સ્વામીજીએ તેનું કારણ પૂછ્યું, તો તેણે કહ્યું : 'મહારાજ, મારા પતિએ તો કાશી જઈને સંન્યાસ લીધો છે, એમ મેં સાંભળ્યું છે. તમારો આશીર્વાદ સાચો કેવી રીતે પડશે ? એ વિચારથી જ મને હસવું આવે છે. આ જાણીને સ્વામીજી વિચારમાં પડી ગયા. તેમને નક્કી સમજાયું કે વિઠ્ઠલપંતે તેમની પાસેથી દીક્ષા લીધી છે ને પોતે તેમને ચૈતન્યાશ્રમ નામ આપ્યું છે. તે જ આ સ્ત્રીનો પતિ હોવો જોઈએ. તેમને ચિંતા થઈ. સ્ત્રીનો ત્યાગ કરીને તથા નિઃસંતાન દશામાં ત્યાગ કરીને વિઠ્ઠલ પંતે સંન્યાસ લીધો, ને પોતે તેને સંન્યાસ આપ્યો તે મોટી ભૂલ થઈ છે, એમ લાગવાથી તેમને દુઃખ થયું. રામેશ્વર જવાનો સંકલ્પ છોડી દઈને તે પાછા કાશી ગયા. સાથે રુકમણીબાઈના પિતા સિધો પંતને પણ લેતા ગયા. કાશી જઈને તેમણે ચૈતન્યાશ્રમને બોલાવીને તેના પૂર્વાશ્રમની હકીકત પૂછી, ને પોતે આલંદીથી પાછા ફર્યા છે એમ કહી દીધું. તે સાંભળીને ચૈતન્યાશ્રમનું શરીર ઢીલું થઈ ગયું. તે રામાનંદનાં ચરણોમાં પડી ગયા. તે વખતે સિધો પંત પણ પોતાની કન્યાને લઈને ત્યાં આવી પહોંચ્યા. સ્વામીજીએ વિઠ્ઠલ પંતને ઊભા કરીને કહ્યું કે તારી પત્નીનો ફરી સ્વીકાર કર. સ્વદેશ જઈને ગૃહસ્થી બન ને ધર્માચરણ કર. ગુરૂની આજ્ઞા પ્રમાણે પછી તેમણે આલંદીમાં આવીને ફરી નિવાસ કર્યો. સ્વધર્મનો ત્યાગ કરવાની ભૂલ ગુરૂની મદદથી તે સુધારી શક્યા તો પરિણામે સંસારને લાભ જ થયો. પંદર વરસની નાની વયમાં જ્ઞાનેશ્વરી જેવા અદ્ભુત ગ્રંથની રચના કરનાર સિદ્ધજ્ઞાની ને યોગી શ્રી જ્ઞાનેશ્વર ને નિવૃત્તિનાથ તથા સોપાન ને મુક્તાબાઈનાં જીવન સંસારને માટે મહામૂલ્યવાન થઈ પડ્યાં. સ્વધર્મનો ત્યાગ કરીને બેસી રહેવાથી સંસારનું કેટલું અહિત થાય તે સમજવા માટે આટલી વાત પૂરતી છે.

ભગવાન કહે છે કે હે અર્જુન, ફરજના પાલનમાં તું પ્રમાદ ના કર. ક્ષણિક આવેશમાં આવી જઈને તારો ધર્મ શું છે તે ના ભૂલ. શાંતિ રાખ, ને પૂરો વિચાર કર.

**[ ૨૧ ] પાપમાં પ્રેરાવાનું કારણ**

આટલા ઉપદેશ પછી અર્જુનને હવે વાચા ફૂટે છે. વધારે એક પ્રશ્નની રજૂઆત કરતાં તે કહે છે કે કેટલીકવાર માણસની ઈચ્છા નથી હોતી છતાં તે બળજબરીથી પાપમાં પડે છે કે દુષ્કર્મ કરે છે, તો તેનું કારણ શું ? તેની ઈચ્છા વિરૂદ્ધ તેને દુષ્કર્મમાં દોરી જનારી વસ્તુ કઈ છે ? ને ત્રીજા અધ્યાયને અંતે ભગવાન તે પ્રશ્નનો જવાબ આપે છે. ખરી રીતે તો જે અર્જુનનો પ્રશ્ન છે તે સૌનોય પ્રશ્ન છે. સામાન્ય રીતે વિચાર કરીએ તો કેટલાક માણસોને માટે તે પ્રશ્ન સાચો છે. આધ્યાત્મિક માર્ગના જિજ્ઞાસુઓ મને કેટલીકવાર આ પ્રશ્ન પૂછે છે. તેમને માટે આપણે વિચાર કરીએ તે જરૂરી છે.

સૌથી પહેલાં તો આપણે એ વાતને ચોખ્ખી કરી દઈશું કે દરેક વખતે ઈચ્છા ના હોય તો પણ માણસ પાપકર્મ કરવા પ્રેરાય છે એમ નથી. વધારે ભાગના માણસો ઈચ્છાપૂર્વક, સંપૂર્ણપણે સાવધ રહીને પાપ કરે છે, ને આનાથી પણ બે ડગલા આગળ વધીને પાપ કરવામાં આનંદ પણ માને છે. કેટલાકને માટે પાપકર્મ કરવાનું એટલું બધું સહજ બની જાય છે કે પોતે કોઈ પાપ કરી રહ્યાં છે એમ તેમને લાગતું નથી ને પાપનો ડંખ તેમના દિલમાં જાગતો નથી. વિવેકનો નાશ થવાથી પાપ કરવા છતાં, પોતે પુણ્ય જ કરી રહ્યા છે એમ તે માને છે ને મનાવે છે. માણસની ઈચ્છા ના હોય છતાં તે પાપ કરે છે, એ વાતને સિદ્ધાંત તરીકે સ્વીકારી લેવાથી માનવીની નબળાઈને પોષણ મળશે, ને ઈચ્છા શક્તિ તથા હિંમત કેળવીને માણસ પાપનો પ્રતીકાર ના કરી શકે, એવી લૂલી માન્યતા મજબૂત બનશે. આમાં માનવનું અપમાન છે; માનવના પુરૂષાર્થને માટે આ માન્યતા શરમરૂપ ને પડકારરૂપ છે માટે તેને સિદ્ધાંત તરીકે માની લેવાની જરૂર નથી. સિદ્ધાંતરૂપે તો એમ જ માનવું બરાબર છે કે પાપ કરવું કે ના કરવું એ માણસના હાથની વાત છે. જો તેની ઈચ્છા ખરેખર પાપ કરવાની નહિ હોય, તો તેને પાપમાં પ્રેરવાની તાકાત દુનિયાની કોઈયે વસ્તુમાં નથી.

જીવનમાં દેવ કે દાનવ બનવું એ તેના હાથની વાત છે. છતાં પણ વ્યવહારિક જીવનમાં, કેટલીકવાર અપવાદરૂપે એવું બને છે કે માણસનું દિલ ડંખતું હોય છતાં તે પાપ કરવા પ્રેરાય છે; પાપ સારું નથી એમ સમજ્યા છતાં તે પાપ કરવા પ્રેરાય છે; પાપ કરવાનું પસંદ ના હોય છતાં સાનભાન ભૂલીને, આંખે પાટા બાંધીને, તે પાપ કરવા પ્રેરાય છે. તેનું કારણ શું ? એવે વખતે તેને પાપમાં કોણ પ્રેરે છે ? મહાભારતમાં મહર્ષિ વ્યાસે તેનો ઉત્તર આપવાનો પ્રયાસ કર્યો છે. માણસ જેને કરવા યોગ્ય માને છે, તેમાં તેની પ્રવૃત્તિ થતી નથી ને જેને અધર્મ સમજે છે તેમાંથી તે નિવૃત્ત થતો નથી. દુર્યોધનની દશા આવી હતી. પોતે અધર્મ કરી રહ્યો છે, પાંડવો સાથે વેર બાંધી પોતાને જ માટે આફત વહોરી રહ્યો છે, છતાં છેલ્લી ઘડીએ પણ તેને ધર્મ ને ન્યાયપૂર્વક પગલું ભરીને પોતાનું ને બીજાનું જીવન બચાવી લેવાનું ગમતું નથી. એનું કારણ શું ? તેના ઉત્તરમાં તે કહે છે કે મારા હૃદયમાં બેઠેલા કોઈક દેવ–પરમેશ્વરની ઈચ્છા પ્રમાણે, તે જેમ કરાવે તેમ, હું બધું કરું છું.

દુર્યોધનના જેવી જ દશા રાવણની હતી. વિભીષણ, હનુમાન અંગદ ને મંદોદરીએ વારંવાર સમજાવવા છતાં રાવણે રામ સાથે વેર બાંધ્યું. સીતાએ પણ તેને શિખામણ આપી છતાં તેણે અધર્મ કરવાનું ચાલુ જ રાખ્યું. સાધારણ માણસોના જીવનમાં પણ આવા નાનામોટા પ્રસંગો બને છે પણ તેના ખુલાસારૂપે

જો ઉપર કહેલા દુર્યોધનના શબ્દો સ્વીકારી લઈએ તો પરિસ્થિતિ સુધરવાને બદલે બગડે છે. માણસના દિલમાં રહેલા દેવોના પણ દેવ પરમેશ્વર તેને અધર્મ તથા પાપકર્મમાં પ્રેરે છે, એમ માનવામાં અજ્ઞાન રહેલું છે. પરમેશ્વર તો પવિત્ર ને મંગલ છે, તથા સત્યસંકલ્પ છે. તેમની પ્રેરણા પણ પવિત્ર, મંગલ ને સાચી જ હોય. અધર્મ ને પાપની પ્રેરણા તે કદાપિ ના કરે એમ માનવું જ બરાબર છે. નહિ તો પછી માણસ જે પાપ કરે, તેની બધી જ જવાબદારી પરમેશ્વરને માથે આવે. ને કેટલાકને પુણ્ય તરફ ને કેટલાકને પાપ તરફ તથા કોઈને ધર્મમાં ને કોઈને અધર્મમાં પ્રેરવાથી તે મહાન પક્ષપાતી સાબિત થાય. હા, દુર્યોધનના વચનોનો વિશાળ અર્થ કરીને આપણે એમ માની શકીએ કે ઈશ્વરની યોજના પ્રમાણે સંસાર ચાલ્યા કરે છે.

માણસે જે કર્મ કર્યાં છે તેનું ફળ ઈશ્વર આપે છે ને તે ફળને ભોગવવાનું નક્કી હોવાથી જ તે પાપ ને પુણ્યમાં પ્રેરાય છે. બાકી ઈશ્વર પોતે પાપ ને પુણ્ય કરાવે છે એમ માનવું ખોટું છે. દુર્યોધન કાંઈ એમ નથી કહેતો, પરમેશ્વર તેને અધર્મમાં પ્રેરે છે. તે તો હૃદયમાં રહેલા કોઈ એક દેવનો ઉલ્લેખ કરે છે. તે જ તેને દોરે છે એમ તે કહે છે. પણ તેના હૃદયમાં શું પરમેશ્વરનો વાસ હતો કે ? તેના અંતરના આસન પર તો ઈશ્વરે નહિ પણ કુટિલકર્મી શયતાને અડ્ડો જમાવ્યો છે. તેના હૃદયમાં અધર્મનો જ વાસ છે. એને તે દેવતા માનવાની ભૂલ કરતો હોય તો ભલે; બાકી તેના દિલનો દેવ શયતાન છે, ને તેના જ અવાજને સાંભળી તે પ્રમાણે તે ચાલી રહ્યો છે. સ્થિતિ એટલી હદે પહોંચી ગઈ છે કે પોતાના દિલમાં ખરેખર કોણ બેઠું છે, ને પોતાના પર ખરેખર કોણ રાજ્ય ચલાવે છે, દેવતા કે દાનવ, તે જ કદાચ તેને ખબર નથી, પણ વિવેકી માણસને તેની ખબર પડ્યા વિના રહેશે કે ?

માણસ ગમે તેટલું છુપાવે, પણ તેના કર્મો છૂપાં રહી શકતાં નથી. તે કર્મો પરથી તેને દોરનાર કે પ્રેરણા આપનાર શક્તિ કેવી છે, દૈવી કે આસુરી, તે સહેજે સમજી શકાય છે. અધર્મ, અનીતિ, અન્યાય, પાખંડ ને પાપ કરનાર માણસ મોહાસુરની સત્તાથી વશ થયેલો છે ને પોતાની અંદર દેવતાનો સ્વાંગ સજીને બેઠેલા પાપ ને અધર્મરૂપી દાનવની દોરવણી પ્રમાણે ચાલે છે એ નક્કી સમજજો. આ પ્રમાણે વિચાર કરશો તો દુર્યોધનના શબ્દોનું રહસ્ય વધારે સ્પષ્ટ સમજાઈ જાશે. માણસના દિલમાં જે કામ ને ક્રોધરૂપી રાક્ષસ છે તે જ માણસને બળજબરીથી પાપમાં પ્રેરે છે. તેની ઈચ્છા ના હોય તો પણ તે અધર્મ કરાવે છે. કામવાસના કે કામના માણસને ભાન ભૂલાવે છે. તેની અસર નીચે આવીને માણસ વિવેકને વિસરી જાય છે. કહે છે કે કામથી માણસ અંધ બને છે. કામી માણસ રાતદિવસ કે સ્વજનસ્નેહી કશાનો વિચાર કરતો નથી. ક્રોધ પણ માણસને અંધ બનાવે છે. ક્રોધી માણસને બોલવાનું, ચાલવાનું ભાન નથી રહેતું. તે ભયંકરમાં ભયંકર કામ કરી નાખે છે. ખુની પણ થઈ જાય છે. આ બંનેનો સરદાર અજ્ઞાન છે. આ ત્રણેનો અંત આણવામાં આવે તો જ જીવન સફળ થાય.

### [ ૨૨ ] જીવનના ઘડતરમાં લાગી જાવ

એક બીજી વાત પણ સમજવા જેવી છે. માણસે જે કર્મો કર્યાં છે તેના પ્રભાવથી તેની ઈચ્છા ના હોય તેવા સ્થળમાં ને કલ્પના ના હોય તેવી પરિસ્થિતિમાં રહેવું પડે છે. તે કર્મો તેને સારીનરસી દશામાં દોરી જાય છે. છતાં એ વસ્તુ સાચી છે કે કર્મ કરવામાં માણસ સ્વતંત્ર છે. તે ધારે તો સારાં કામ કરી શકે છે, ને

ઉજ્જવલ ભાવિ ઘડી શકે છે. કેવલ કર્મોને દોષ દઈને બેસી રહેવાનું બરાબર નથી. ઈશ્વરને પણ દોષ દેવો ઠીક નથી. કેટલાક માણસો કાળને દોષ દે છે ને કહે છે શું કરીએ ? કલિયુગના દોષો જ એવા છે કે માણસ તેમાં સપડાયા વિના રહી જ ના શકે. સત્યયુગ કે ત્રેતા-દ્વાપર યુગમાં જન્મ મળ્યો હોત તો સારું; પણ એ કથન પણ પાયા વિનાનું છે. યુગ ગમે તેવો હોય તેમાં રહીને જ આપણે કામ કરવાનું છે, ને ઉત્તમ માનવ બનીને જીવનનું ધ્યેય મેળવવાનું છે. યુગ ગમે તેવો હોય, તમે કેવા છો, ને કેવા બનવા માગો છો, તે જ પ્રશ્ન છે. દૃઢ નિશ્ચય કરીને પ્રયાસ કરો તો યુગની ચિંતા તમને નહિ રહે.

તુલસીદાસજી કહે છે કે કલિયુગમાં એક મોટી વિશેષતા એ છે કે તેમાં માનસિક પુણ્ય થાય છે, પણ પાપ થતું નથી. **। मानस पुण्य होई नहि पापा ।** શરીર ને ઈન્દ્રિયોનો સંયમ કરો, ને તે દ્વારા થતા પાપનો ત્યાગ કરો. તો પ્રભુની કૃપા મેળવી શકો. ખોટા દસ્તાવેજ ને સહીસિક્કા કરવાનું, ભેળસેળ કરવાનું, લાંચ લેવાનું ને આપવાનું, ચોરી, લૂંટ, હિંસા ને વ્યભિચાર કરવાનું તથા જૂઠું બોલવાનું બંધ કરો તો બેડો પાર થઈ જાય. રસ્તો ઘણો સરળ ને સાફ છે. નબળાઈને છોડીને આગળ વધો તો જીવન કૃતાર્થ બની જાય. યુગનો કે કોઈનો દોષ ના કાઢશો. દોષ તમારો જ કાઢજો. શું ચૈતન્ય, નાનક ને કબીર કલિયુગમાં જ નથી થયાં ? રામકૃષ્ણદેવ, તુકારામ, મીરાં ને નરસિંહ આ યુગમાં જ નથી થયા ? દયાનંદ ને ગાંધીજી શું આ યુગમાં જ નથી જન્મ્યા ? વિવેકાનંદ ને રામતીર્થ કલિયુગની જ ઉપજ ન હતા ? છતાં તે મહાન થયા. તમે પણ તેમની જેમ તમારી નબળાઈઓનો નાશ કરો, તમારા દોષો દૂર કરો, તો મહાન બની શકો. કયા માર્ગે જવું એ તમારા હાથની વાત છે.

☼ ☼ ☼

# અધ્યાય ચોથો : કર્મબ્રહ્માર્પણયોગ


૧) કર્મયોગનું રહસ્ય
૨) કર્મયોગની પુરાણી પરંપરા
૩) જીવન અનંત છે
૪) પૂર્વજન્મનું જ્ઞાન થઈ શકે છે
૫) જીવન સતત છે
૬) ઈશ્વરનો અવતાર
૭) ઈશ્વરના અવતારનું કારણ અને રહસ્ય
૮) કર્મ ને અકર્મની સમજ
૯) કર્મમાં અકર્મ
૧૦) અકર્મમાં કર્મનું દર્શન
૧૧) કર્મની ગતિ ગહન છે
૧૨) સાચો પંડિત કોણ ?
૧૩) જ્ઞાનનો યજ્ઞ આવશ્યક છે
૧૪) જ્ઞાન માટે જરૂરી વાતો
૧૫) જ્ઞાનનો મહિમા

**[ ૧ ] કર્મયોગનું રહસ્ય**

ગાંડીવધારી અર્જુન ભગવાન શ્રી કૃષ્ણને સારથિ કરીને કૌરવો સામે લડવા માટે આવે છે. તે નહિ લડું એમ કહીને રથમાં બેસી જાય છે. તેને લડવા માટે ફરીથી તૈયાર કરવાનું માથાભારે કામ ભગવાનને માથે આવી પડે છે. તે કામની શરૂઆત કરતાં કરતાં વચ્ચે અનેક જાતના બીજા પ્રશ્નોની ચર્ચા થાય છે. અર્જુન લડવા માટે આવ્યો છે એ સાચું પણ ભગવાન તેને નવા જ યોદ્ધાઓની સાથે લડવાનું કહે છે. કામ ને ક્રોધના આ યોદ્ધા માણસની અંદર છે. બુદ્ધિ, મન ને ઈન્દ્રિયો તેમનાં આશ્રયસ્થાન છે. તે સ્થાનમાં તે તંબુ તાણીને બેઠા છે. તે યોદ્ધાઓની તાકાત વિશે ગફલતમાં ના રહેતા એમ ભગવાન આપણને શીખવે છે. અર્જુનને પણ તે એ જ સંદેશ આપે છે. બહારના યોદ્ધાઓ ને ભીમકાય પહેલવાનો કે મલ્લોની સામે લડવું સહેલું છે. પણ આ અંદરના યોદ્ધાનો સામનો કરવાનું મુશ્કેલ છે. અર્જુન ફક્ત બલવાન ને જંગલી થઈને જગતમાં જીવે એ તેમને મંજૂર ન હતું. અર્જુન મહામાનવ બને, એવી તેમની ઈચ્છા હતી. કર્મ કરનાર કોઈ યંત્રની જેમ જીવવાને બદલે વિવેકવાળો કર્મયોગી થઈને તે જીવે એવી તેમની ઈચ્છા હતી. તેથી જ તેમણે અર્જુનને અંદરના નવા શત્રુનો પરિચય કરાવ્યો. અર્જુન લડે એવી તેમની ઈચ્છા જરૂર હતી પણ આંખો મીંચીને લડે એ તેમને પસંદ ન હતું. એ કર્મયોગીની પેઠે ને કુનેહ કે કુશળતાથી લડે એ તેમની ઈચ્છા હતી. તે માટે તૈયારી કરવા તેમણે આજ્ઞા કરી છે. એ આજ્ઞા દરેક માણસને માટે ને દરેક સ્થળકાળ પૂરતી સાચી છે. જીવનને ઉજ્જવલ બનાવવું હોય તો માણસે કુનેહ કેળવવી જોઈએ. કામ ને ક્રોધ જીતવા જોઈએ. અહંકાર ને મમતા ને રાગ ને દ્વેષને હણવા જોઈએ. એમ કરવાથી માણસ કર્મયોગી બની જાય છે ને નાનામાં નાનું કામ પણ તેને માટે મંગલ ને ઉન્નતિકારક થઈ પડે છે.

અમે ઋષિકેશમાં રહેતાં હતાં. ત્યાં માતાજીએ એક શીખ દરજીની દુકાનમાં કબજો સીવડાવા આપ્યો. દરજી વૃદ્ધ હતો. માતાજીને તેની સાથે થોડો પરિચય હતો એટલે તે સારું સીવશે એવી ખાત્રી હતી. થોડા દિવસ પછી માતાજી કબજો પાછો લેવા ગયાં. કબજો તૈયાર થઈ ગયો હતો પણ બરાબર ન હતો. ઉતાવળ ને બેદરકારીમાં દરજીએ તેને ગમે તેમ સીવી નાંખ્યો હતો. માતાજીએ સાધારણ ઠપકો આપ્યો ને બેદરકારીનું કારણ પૂછ્યું, તો તેણે પોતાની ભૂલ થઈ એમ કહેવાને બદલે કહ્યું કે તમે તો મહાત્માજીની સાથે રહો છો. તમારે તો ગમે તેવું ચાલે ! જોયો આ જવાબ ? આ જવાબ આ દરજી જેવા ઘણા માણસોનું માનસ રજૂ કરે છે. કેટલાક માણસો એમ જ માની બેઠા છે કે સાધુ મહાત્મા તો જેવું તેવું ખાય, જેવું તેવું પહેરે, ને જેવા તેવા સ્થળમાં રહે. તેમને વળી સારી વસ્તુની જરૂર જ શું ? આવા લોકો સાધુ મહાત્માને ગંદા ને ગંદકીના ઉપાસક માનતા લાગે છે પણ તેમની માન્યતા ખોટી છે. ઈશ્વર તો પવિત્રતાનું પ્રતીક છે. તેમને શરણે જનાર ને પૂજનાર પુરૂષો પણ પવિત્ર જ હોય ને પવિત્રતાનો જ આગ્રહ રાખે. તેમને ગંદકી, બહારની કે અંદરની કોઈ યે જાતની ગંદકી ગમે જ કેમ ? ઈશ્વરની દુનિયા પણ ચોક્કસ નિયમોના આધાર પર, સંપૂર્ણ વ્યવસ્થા પ્રમાણે ચાલે છે. તે દુનિયાના મહાત્મા પુરૂષોને પછી ગડબડ ને બેદરકારી કે અવ્યવસ્થા કેવી રીતે ગમે ? સંતપુરૂષ સદાયે સત્ય, શિવ ને સુંદરનો ઉપાસક છે; પવિત્રતાનો પક્ષપાતી છે ને નિયમ તથા વ્યવસ્થાનો સમર્થક છે. જે વખતે જેવું મળે તેનાથી તે ચલાવી જરૂર લે; પણ તેનો અર્થ એમ નથી કરવાનો કે તે પ્રમાદ ને બેદરકારી તથા અવ્યવસ્થાનો પોષક છે.

સાધારણ માણસે પણ પ્રત્યેક કામને ખૂબ ધ્યાનપૂર્વક કરવાનું છે. વધારેમાં વધારે સુંદર, પ્રાણવાન ને રસિક બનવાનું છે. કર્મની કુશળતાનો આ સિદ્ધાંત કર્મયોગમાં ઘણો મહત્વનો છે. ભગવાન અર્જુનને ફક્ત કામ કરનારો માણસ નહિ; પરંતુ કર્મયોગી બનાવવા ચાહે છે. એટલે જ છેલ્લા અધ્યાયમાં તેનું ધ્યાન કેટલીક બીજી વાતો તરફ દોરે છે. ચોથા અધ્યાયની શરૂઆતમાં આટલી સમજ જરૂરી છે.

**[ ૨ ] કર્મયોગની પુરાણી પરંપરા**

હવે આપણે આગળ ચાલીએ. ભગવાન કહે છે કે હે અર્જુન, જે કર્મયોગ વિશે હું તને કહી રહ્યો છું તે કર્મયોગ સૌથી પહેલાં તને જ કહી રહ્યો છું એમ ના સમજીશ. આ કર્મયોગ ઘણો પ્રાચીન છે. સૌથી પહેલાં મેં આ યોગનું જ્ઞાન સૂર્યદેવતાને આપ્યું હતું. સૂર્યે મનુને ને મનુએ ઈક્ષ્વાકુને તે જ્ઞાન આપ્યું. એ પ્રમાણે કેટલાય કાળથી ચાલતો આવેલો તે યોગ વખત જતાં જરા ભૂલાઈ ગયો હતો. આજે તેનું જ્ઞાન હું તને ફરી આપું છું. તું મારો પ્રેમી, ભક્ત ને સખા છે. તેથી કર્મયોગનું ઉત્તમ રહસ્ય તારી આગળ ખુલ્લું કરું છું.

આ શબ્દો જરા મનન કરવા જેવા છે. ભગવાને સૌથી પહેલાં કર્મના રહસ્યનું જ્ઞાન કોને આપ્યું ? સૂર્યને. તેનો અર્થ શું ? આપણે માટે તેનો ઉપયોગી અર્થ એ જ છે કે આ સંસારમાં કર્મયોગના રહસ્યને સમજનાર ને સમજાવી શકનાર જો કોઈપણ હોય તો તે સૂર્ય છે. સૂર્યનો વિચાર કરવાથી કર્મયોગની જરૂરી દીક્ષા મળી જાય છે. સૂર્ય આખો દિવસ કામ કરે છે. છતાં તેને થાક નથી. કોઈ દિવસ થાકી કે કંટાળી જઈને તેણે પોતાનું કામ મૂકી દીધું એમ થયું નથી. તેની પાસે જાવ તો બળી મરો. એટલો બધો તેનો પ્રતાપ છે. સાધારણ ગરમીથી આપણે કંટાળી જઈએ છીએ ને દુઃખી થઈએ છીએ. પણ પ્રચંડ ગરમીની વચ્ચે વાસ કરનાર સૂર્ય કેટલી બધી શાંતિ જાળવે છે ! ધીરજને ધારણ કરીને સહનશીલતાની મૂર્તિ બની બીજાને તે કેવો પ્રકાશ ધરે છે ! આવેશમાં આવી જઈને કે કંટાળી જઈને તે પોતાનું કામ મૂકી દે તો ? અર્જુનની જેમ ક્ષેત્રસંન્યાસ લેવાનું નક્કી કરીને તે નહિ લડું કે નહિ પ્રકાશું એમ કહીને નિષ્ક્રિય બનીને રથમાં બેસી જાય તો ? સંસારની દશા કેવી થાય ? સંસાર પર અંધકારના ઓળા ઉતરી પડે, ને વનસ્પતિ, પંખી, પશુને પ્રાણીની દશા કફોડી થાય. એટલે તો સારૂં છે કે તે બધે પ્રકટ્યા કરે છે, ને જગતને જીવન ધરે છે.

હવે લગભગ બધે અઠવાડિયામાં એક દિવસ રજા પડે છે પણ સુરજદેવતાની સતત ક્રિયાશીલતાનો તો વિચાર કરો. તે રજાને માટે જરાય આંદોલન કર્યા વિના પોતાનું કામ કર્યે જાય છે. વખાણવા જેવી વાત તો એ છે કે પોતાના દ્વારા સંસારનું જે હિત થાય છે તે માટે તેના દિલમાં જરાય અભિમાન થતું નથી. તે તો નમ્રતાની મૂર્તિ બનીને પોતાનું કામ કર્યે જ જાય છે. એ કામ પણ તેને માટે સહજ કે સ્વાભાવિક બની ગયું છે. સાધારણ માણસો કોઈની સેવા કરે છે તો બદલામાં સ્તુતિ ને માનમરતબાની ઈચ્છા રાખે છે પણ સૂર્યની નિઃસ્પૃહતા તો જુઓ. પોતાના કામ માટે તેને માનની જરૂર નથી. સેવાના ક્ષેત્રમાં કોઈએ લાંબો વખત જીવન ગાળ્યું હોય તેને માનપત્ર આપવામાં આવે છે, ને સમાજ તરફથી તેમની સેવાની કદર કરીને થેલી પણ અર્પણ થાય છે. આથી સેવા કરનાર માણસો ખુશ પણ થાય છે. સેવકોને જો માન આપવામાં ના આવે, ને તેમની ઈચ્છા પ્રમાણે ઊંચું ને આગળ પડતું આસન ના મળે, તો તે તરત બબડી ઊઠે છે કે કામની કદર નથી. પણ સૂર્યને એ પ્રમાણે બબડાટ કરતાં કોઈ સાંભળે છે કે ?

સૂર્યની સેવા કોઈયે સેવક કરતાં જૂની ને મોટી છે. કોઈ ના કરી શકે તેવું ને સારી સૃષ્ટિના મંગલનું કામ તે કરે છે છતાં તેણે કોઈવાર માનપત્રની માગણી કરી ? આપોઆપ તેને ઉચ્ચોચ્ચ સ્થાનની પ્રાપ્તિ થઈ છે; તેને શ્રેષ્ઠ આસન મળ્યું છે. સુખ ને દુઃખ, હર્ષ ને શોક, શંકા ને સમાધાન તથા રાગ ને દ્વેષ, બધાની પાર પહોંચ્યો હોય તેમ કશાથી ચંચલ થયા વિના ને ડગ્યા વિના તે પોતાનું કામ કર્યે જાય છે. આ દશા તેને માટે સ્વાભાવિક બની ગઈ છે. આથી વિરૂદ્ધ દશાની તેને કલ્પના પણ નથી. સૂર્યનું દર્શન આપણે વારંવાર કરીએ છીએ. સૂર્યને અંજલિ આપીએ છીએ ને પૂજા પણ કરીએ છીએ; પરંતુ આ રહસ્યનો વિચાર ભાગ્યે જ કરીએ છીએ. નહિ તો આપણને સૂર્ય પાસેથી ઘણું શીખવાનું મળે. ને જીવનના ઘડતરમાં તે કામ લાગે તે શિક્ષામાંથી બોધપાઠ લઈને આપણે સાચા કર્મયોગી થઈ શકીએ.

જેમ સૂર્ય પાસે અંધારૂં ટકતું નથી, તેમ આપણી પાસે પણ અજ્ઞાન ને અવગુણોનો અંધકાર ટકે નહિ; જો સૂર્યની જેમ આપણે પણ કોઈપણ જાતના બદલાની ઈચ્છા વિના સહજભાવે કર્મ કર્યા કરીએ. કર્મનો અહંકાર આપણને અડે નહિ. પ્રતિષ્ઠા, પૈસા ને પદની લાલસાથી આપણે દૂર રહીને કામ કરીએ, પણ કરારની આશા છોડી દઈએ. કામ કરીને કોઈના પર ઉપકાર કરીએ છીએ એવા મિથ્યા અભિમાનનો અંત આણીએ. કામના બદલામાં કોઈ નિંદા કરે કે સ્તુતિ સંભળાવે, સુખી કે દુઃખી થયા વિના આપણું કામ કર્યા જ કરીએ. હર્ષ ને શોક, સુખ ને દુઃખ ને માન ને અપમાનમાં દૃઢ ને અડગ રહીએ. આપણી શાંતિ કદી તૂટે નહિ, પ્રસન્નતા ખૂટે નહિ, ને સેવાની સહજ ધૂન છૂટે નહિ. સૂર્યની શક્તિ અનંત છે, તેનો પ્રકાશ ભારે છે. પણ તે બીજાને ત્રાસરૂપ નથી, મદદરૂપ છે. સંસારનો નાશ કરવાની શક્તિ હોવા છતાં તે સંસારની રક્ષા કરે છે તે પ્રમાણે આપણી સમગ્ર શક્તિ બીજાના હિત માટે વપરાવી જોઈએ. તેનાથી ભૂલેચૂકે પણ કોઈનું બુરૂં ના થાય તેનું ધ્યાન રહેવું જોઈએ. સંસારને માટે સૂર્ય શાપરૂપ નહિ, આશીર્વાદ રૂપ બને, ને આપણા વિચાર ને કર્મો કોઈયે સંજોગોમાં શાપરૂપ તો ના જ બને એ સારી પેઠે યાદ રાખવું જોઈએ. કર્મ આપણો સ્વભાવ થવો જોઈએ. કર્મ આપણે કરીએ નહિ, પણ આપણા દ્વારા સ્વભાવિકરૂપે થયા કરે, એવી દશા કેળવવી જોઈએ, કર્મનો કંટાળો તો કોઈયે કાળે ના આવે. કર્મનો થાક પણ ના લાગે, એ માટે આપણે સાવધ રહેવું જોઈએ. કર્મના પ્રભાવથી આપણી શાંતિ વધવી જોઈએ, ને આપણો ઉત્સાહ દ્વિગુણિત થવો જોઈએ.

આટલી વાત પછી હવે તમે જ વિચાર કરો કે સંસારમાં સૂર્યના જેવો કર્મયોગી બીજો કોઈ છે ? સૂર્યદેવતા દ્વારા કર્મયોગનું રહસ્ય બીજા કોને મળ્યું ? મનુને. મનુ ને શતરૂપા સંસારના બે મૂળ આદિ માતાપિતા ગણાય છે. આજે જે સૃષ્ટિ છે તે તેમની જ છે. કર્મનું રહસ્ય મેળવીને તેમણે સંસારનો વિસ્તાર કર્યો ને માનવજાતિ કલાપૂર્વક જીવી શકે, ને પરસ્પર પ્રેમ ને વ્યવસ્થા જાળવી શકે, તે માટે તેમણે ધાર્મિક ને સામાજિક કોડ તૈયાર કર્યો. તેને જ આપણે મનુસ્મૃતિ કહીએ છીએ. મનુ ભગવાનને લાગ્યું કે માનવજાતિ જંગલી દશામાં જીવે તે ઠીક નહિ. તેથી તેમણે ઉત્તમ જીવનના આદર્શ રજૂ કર્યા, ને નીતિ, રાજકારણ, કેળવણી, ધર્મ જેવાં જીવનનાં બધાં જ જરૂરી અંગો વિશે સિદ્ધાંતો ઘડ્યા. મનુ ભગવાન આ પ્રમાણે મહાન મનન કરનારા હતા. તેમણે તે વખતના રાજાને પણ કર્મયોગનું જ્ઞાન આપ્યું. તેનો ઉપયોગ કરીને રાજાઓ પોતાની સાથે પોતાની પ્રજાનું પણ મંગલ કરવા માંડ્યા. આજે તે મહાપુરૂષો નથી, પણ મનન કરવાનો સ્વભાવ માણસની અંદર રહેલો છે. તે સ્વભાવનો વિકાસ કરીને માણસ આજે પણ કર્મયોગી બની શકે છે, ને

મનુ જેવો મહાન થઈ શકે છે. અર્જુન એવો જ મહાન બને એવી ભગવાનની ઈચ્છા છે તેથી જ ભગવાન તેને આ બધી પ્રેરક વાતો કહી રહ્યા છે તેથી અર્જુનને જરૂર આનંદ થતો હશે એમ કલ્પી શકાય છે. આપણને પણ આનંદ થાય છે. ને કોને ના થાય ? ભગવાનની પાસે ઊભા રહીને તેમનો દૈવી ઉપદેશ સાંભળવાનું સૌભાગ્ય આપણને પ્રાપ્ત થયેલું નથી. છતાં તેમની દૈવી વાણીનો લાભ ઊઠાવવા આપણે આજે પણ સ્વતંત્ર છીએ. તે લાભ ગંગાના સ્નાનના કે અમૃતના પાનના લાભથી જરા પણ ઉતરતો નથી. તે લાભ લેતી વખતે આનંદ ના થાય એવા કુટેલા હૃદયના માણસો બહુ ઓછા મળશે. જો કે એવા કુટેલા હૃદયના માનવો સંસારમાં કેટલાય પ્રમાણમાં મળી આવશે; પણ જડતામાં જીવી રહેલા તેમને 'માનવ'ની માનદ સંજ્ઞાથી સંબોધિત કરવા તે શું યોગ્ય છે કે ? વિચારોના દૈવી ને શીતલ સ્નાનથી જેમને આનંદ ના આવે, તેમને માનવ કરતાં પશુ જેવી કોઈ બીજી સૂચિમાં મૂકવાનું જ વધારે ડહાપણભર્યું ગણાશે. અર્જુન તો સાચો માનવ છે; નરનો અવતાર છે; ને ઉત્તમ માનવ બનવાની તેની ઈચ્છા છે માટે જ ભગવાનની વાણી તેને આનંદ આપે છે.

**[ 3 ] જીવન અનંત છે**

પણ ભગવાનની આટલી વાણી સાંભળવાથી તો અર્જુનને વિસ્મય થયું. તેણે તરત પ્રશ્ન કર્યો કે સૂર્ય ને મનુને થયે તો કેટલોય કાળ વીતી ગયો. તમે તો હમણાં જ થયા છો. તો પછી તમે સૂર્ય ને મનુને કર્મયોગનો ઉપદેશ આપ્યો એ વાત કેવી રીતે માનવી ? વાત સાચી છે. સાધારણ માણસને આ પ્રમાણે શંકા થાય તે સમજી શકાય તેમ છે. ભગવાન અર્જુનની શંકાનું સમાધાન કરતાં કહે છે કે મારા ને તારા આજ સુધીમાં કેટલાય જન્મો થઈ ગયાં છે. મને તે બધાનું જ્ઞાન છે પણ તું તેને ભૂલી ગયો છે. આ શબ્દોમાં એક વિશેષ સિદ્ધાંત સમાયેલો છે. ઉપનિષદમાં પણ નચિકેતા યમની પાસે આવા જ પ્રકારની શંકા રજૂ કરતા કહે છે કે મૃત્યુ પછી જીવન નથી રહેતું, ને કોઈ કહે છે કે રહે છે. તો તે બંનેમાં સાચું શું ? ઉપનિષદના તે સંબંધી ઉત્તરનો ગીતા સ્વીકાર કરે છે, ને કહે છે કે જીવન અનંત છે. આ શરીરમાંનું એક જ જીવન કાંઈ જીવન નથી. આવાં કેટલાય શરીરો બદલાતાં બદલાતાં જીવાત્મા આ ચાલુ શરીરમાં આવ્યો છે. તેની યાત્રા ઘણી જૂની છે, ને હજી પણ ચાલુ રહેવાની છે. જ્યાં સુધી પૂર્ણતાની પ્રાપ્તિ નહિ થાય, સંસારના સ્વામીનો જ્યાં સુધી તેને સાક્ષાત્કાર નહિ થાય ત્યાં સુધી તેણે આ અનાદિકાળથી ચાલી રહેલી મહાયાત્રામાં ફર્યા જ કરવાનું છે. આ વિજ્ઞાન અટલ છે. આ લેખ સનાતનકાળથી લખાઈ ચૂક્યો છે. તેમાંથી તે છૂટી શકે તેમ નથી.

કેટલાક માણસો પૂછે છે કે ઈશ્વરે માણસની આંખ આગળ પડદો શા માટે રાખ્યો છે ? માણસને ભૂતકાળમાં થઈ ગયેલા જન્મોનું જ્ઞાન આપવામાં ઈશ્વરને હરકત શી હતી ? પણ આ પ્રશ્ન નકામો છે. તમે ઈશ્વરનો ગુણ જુઓ કે દોષ કાઢો પણ તમારી આંખ આગળ પડદો છે એ એક વાસ્તવિક્તા છે. એટલે વાસ્તવદર્શી થઈને જે છે તેમાં સંતોષ માની લો એમાં જ ડહાપણ છે. એ ઉપરાંત ઈશ્વરની પ્રત્યેક યોજના મંગલ છે એમાં શ્રદ્ધા રાખો. ભૂતકાળમાં થઈ ગયેલા એવા જન્મોનું જ્ઞાન માણસને નથી એ તો સાચું. પરંતુ વધારામાં, આ જ જન્મમાં થઈ ગયેલા એવા કેટલાય પ્રસંગો છે જેનું જ્ઞાન કે સ્મરણ માણસને નથી. વીતેલા કાળની વાતોને ભૂલવાનું માણસને માટે કેટલીકવાર મંગલકારક હોય છે. જીવન એ જ રીતે ચાલે છે, ને સુખમય બને છે. જીવનની રચના જ એવી છે કે માણસ જૂનાને ભૂલતો જાય છે ને નવાની સાથે અનુકૂળ

થાય છે. દુઃખ ને વેદનાને ભાર હળવો કરીને માણસ આગળ ને આગળ વધતો જાય છે. નિરાશાને ભૂલી જઈને આશાની પાંખ પર ઊડવા માંડે છે. જો જીવનના બધાં જ સુખદુઃખ યાદ જ રહેતા હોત, ને આ જીવનનાં સુખદુઃખની સાથે બીજા બધા જ જન્મોનાં સુખદુઃખ તાજાં રહેતાં હોત, તો માણસનો બોજો ઘણો વધી જાત, પણ પરિસ્થિતિ તેવી નથી એટલે ઘણી રાહત છે. વિસ્મૃતિ આમ આશીર્વાદરૂપ છે. પૂર્વજન્મોનું જ્ઞાન થઈ જાય તો વધારે ભાગના માણસોને આ જીવનમાં રસ પણ ના રહે, જીવનનું રહસ્ય પણ ઉઘડી જાય, ને જીવન અવ્યવસ્થિત થાય તે નફામાં. આ જન્મમાં જે સંબંધી છે તે ગયા જન્મોમાં જુદા સંબંધવાળા જ નીકળે. તેમની સાથેના સંબંધો દુઃખદ પણ બની જાય તે નફામાં. તેથી ભવિષ્યનું જ્ઞાન પણ માણસને નથી તે સારું છે. સંસારનાં સઘળા માણસો એક પ્રકારની આશામાં જીવ્યા કરે છે. તે આશાનો તાંતણો ભાવિના જ્ઞાનથી વધારે ભાગે તૂટી પણ જાય. વળી ભવિષ્માં જે દુઃખો આવવાના છે તેના સ્મરણથી જીવન અત્યારથી જ દુઃખી બની જાય.

એક માણસે એક મહાન સંતની સારી પેઠે સેવા કરી. તેથી તે સંતપુરૂષ પ્રસન્ન થયા. સેવાના બદલામાં તેમણે કોઈ વરદાન માંગવા કહ્યું. સેવકે કહ્યું : તમે પ્રસન્ન થયા હો તો મને મૃત્યુનું જ્ઞાન થઈ જાય એવો આશીર્વાદ આપો.

સંતપુરૂષે તેને સમજાવ્યો કે મૃત્યુની માહિતીમાં મજા નથી. પણ તેને માન્યું જ નહિ. ત્યારે તેમણે કહ્યું કે : 'જા આજથી તને તારા મૃત્યુનું જ્ઞાન થઈ જશે.'

તેમના વચન પ્રમાણે તેને પોતાના મૃત્યુની માહિતી મળી ગઈ. પણ તેથી તો તે ધ્રૂજી ઊઠ્યો. તેનું મૃત્યુ અઠવાડિયાની અંદરઅંદર જ થવાનું હતું. તે તો રડવા માંડ્યો. જે આનંદથી તે જીવન જીવતો હતો તે આનંદ દૂર થઈ ગયો. ખાવાનું, ફરવાનું સુવાનું બધું તેને માટે અકારૂં પડ્યું. અત્યારથી જ મરી જવા જેવી તેની દશા થઈ ગઈ. બીજે જ દિવસે તે સંતની પાસે ગયો તેમનાં ચરણોમાં ઢળી પડ્યો અને ધ્રૂજવા લાગ્યો. ધ્રુજવાનું કારણ પૂછતાં તેણે કહ્યું કે મૃત્યુનું જ્ઞાન થયું ત્યારથી જ મારા હોશકોશ ઊડી ગયા છે. હવે તો એવી કૃપા કરી દો કે મૃત્યુનું મળેલું જ્ઞાન હું સંપૂર્ણપણે ભૂલી જાઉં, ને મૃત્યુ તો આવશે જ, પરંતુ વચ્ચેનો વખત હું શાંતિપૂર્વક પસાર કરી શકું. સંતપુરૂષે દયા કરીને તેને ફરી આશીર્વાદ આપ્યો ને તેનું દુઃખ દૂર કર્યું.

આની સામે પરીક્ષિતની વાત મૂકી શકાય તેમ છે. શમીક ઋષિના ગળે મરેલા સાપને વીંટાળીને તે જંગલમાંથી પાછો ફર્યો, ત્યારે ઋષિના પુત્રે તેને શાપ આપ્યો કે સાતમે દિવસે તક્ષક નાગના કરડવાથી તારું મૃત્યુ થશે. આ જાણીને પરિક્ષિતને શોક થયો. પણ તે સમજુ હતો. એટલે એ જ્ઞાનનો તેણે પોતાના હિતમાં ઉપયોગ કર્યો. શુકદેવની પાસેથી સાત દિવસ સુધી ભગવાનનાં ગુણગાન સાંભળીને તેણે શાંતિ મેળવી. છતાં પણ, એવા પ્રસંગ તો અપવાદરૂપે જ બનવાના. વધારે ભાગે તો મૃત્યુના જ્ઞાનથી માણસ મુંઝાઈ જવાનો. તેથી તે જ્ઞાન પર પડદો નાખીને પ્રભુએ ઠીક જ કર્યું છે, ને જેને કલ્યાણ કરવું છે, તે તો મૃત્યુના ચોક્કસ જ્ઞાન વિનાયે કરી શકે છે. મૃત્યુ છે, એ જ્ઞાન તો સૌને છે જ. એટલે તે જ્ઞાનનો ઉપયોગ માણસ જીવનના મંગલ માટે કરી શકે છે. આ સંસારમાંથી સૌએ વહેલું કે મોડું વિદાય થવાનું જ છે એ વાત યાદ રાખીને માણસ આજથી જ પોતાની હિતસાધનામાં લાગી શકે છે. આ જીવન આપણા પહેલાના જીવનનાં કર્મોનું ફળ

છે. અનંત જન્મોથી આપણે કર્મો કર્યા કરીએ છીએ. એ કર્મોના સારાનરસા ફળને પણ ભોગવીએ છીએ. આ ચક્ર ચાલ્યા જ કરે છે. પરમાત્માનો સાક્ષાત્કાર થવાથી જ આ ચક્રનો અંત આવી શકાશે.

**[ ૪ ] પૂર્વજન્મનું જ્ઞાન થઈ શકે છે**

ત્યારે શું માણસને પોતાના પૂર્વજન્મનું  જ્ઞાન થાય ખરું ? હા, માણસ પ્રયાસ કરે, તો તેને પોતાના એક જ નહિ, પણ અનેક જન્મોનું જ્ઞાન થઈ શકે છે. તે માટે સાધનાની જરૂર પડે છે. તે સાધના સાચી દિશામાં થવી જોઈએ. સાચી સાધના દ્વારા યોગી પુરૂષ ધ્યાનની પરિપકવ દશામાં, પૂર્વજન્મને જાણી શકે છે, ને ભક્તપુરૂષ ઈશ્વરની કૃપાથી તે જ વસ્તુને સમજી શકે છે. પોતાના જ નહિ, બીજાના પૂર્વજન્મને  જાણવાની શક્તિ પણ યોગીપુરૂષોમાં હોય છે.

હમણાં કેટલાંક વરસો પહેલાં ભારતમાં સાંઈબાબા નામે એક સિદ્ધપુરૂષ થઈ ગયા. તેમની શક્તિઓ અલૌકિક હતી. તે ગમે તે માણસના ભૂત ને ભાવિની વાત કહી શકતા. પશુપક્ષીના પૂર્વજ્ઞાનની માહિતી પણ તે મેળવી આપતાં. એકવાર તે શિરડી ગામથી દૂર ખેતરમાં ફરવા ગયા હતા. બપોરનો વખત હતો એટલે ક્યાંક છાયા નીચે બેસવાનો તેમનો વિચાર હતો, એટલામાં એક બીજો માણસ આવ્યો. બંને એક ઝાડની છાયામાં બેઠા, તે ચલમ પીતા પીતા વાતો કરવા માંડ્યા. થોડા વખત પછી કોઈ દેડકાનો ભયભરેલો અવાજ આવ્યો. પેલા માણસે બાજુના ઝરણાંની પાસે જઈને જોયું તો એક સાપે દેડકાને મોંમાં પકડી લીધો હતો. દેડકો ભયથી અવાજ કરતો હતો. સાંઈબાબાને તેણે આ સમાચાર આપ્યા ને કહ્યું કે ચાલો, તે દેડકાને છોડાવીએ. સાપ તેને ગળી જશે. પણ સાંઈબાબા તો શાંતિપૂર્વક આ શબ્દો સાંભળી રહ્યા. ચલમ પીવાનું તેમણે ચાલુ જ રાખ્યું. તે માણસે તેમની આવી ઉદાસીનતાનું કારણ પૂછ્યું. તો તેમણે કહ્યું કે દેડકાના અવાજથી જરાપણ ચિંતિત થવાની જરૂર નથી. સાપ તેને ગળી નહિ જાય. તે બેઉ રોજ ભેગા થાય છે, એકમેક પ્રત્યે વેર ઠાલવે છે, ને છૂટા પડે છે. હમણાં તેમની ચિંતા કર્યા વિના ચલમ પી. પછી ત્યાં જઈશું. દેડકાનો અવાજ આવ્યા જ કરતો હતો. પેલા માણસને ચિંતા થતી હતી પણ સાંઈબાબા તો શાંતિથી વાતો કર્યે જતા હતા.

આખરે ચલમ પૂરી કરીને તે ઊભા થયા, ને પેલા માણસને તેમણે આજ્ઞા કરી કે ચાલો, હવે સાપની પાસે જઈએ. સાપની પાસે પેલા માણસે જે જોયું તેથી તેના આશ્ચર્યનો પાર ના રહ્યો. સાપે દેડકાંને પોતાના મોઢામાં જ રાખ્યો હતો. પણ વધારે નવાઈ તો તે માણસને એ પછીથી લાગી. ઝરણાની તદ્દન નજીક પહોંચીને સાંઈબાબાએ સાપ ને દેડકાંને સંબોધીને કહ્યું,  'કેમ રે વીરભદ્રાપ્પા, આ બસપ્પાને શા માટે મોંમા પકડી રાખ્યો છે ? પૂર્વજન્મના વેરને લીધે સાપ ને દેડકો થઈને જન્મ્યા તો પણ હજી નથી ભૂલ્યા કે ? આમ ક્યાં સુધી કર્યા કરશો ? એ શબ્દો કહેતાવેંત સાપે દેડકાને છોડી દીધો, ને બંને પાણીના પ્રવાહમાં દોડી ગયા. પેલા માણસને તો આ જોઈને આશ્ચર્ય જ થયું. તેણે સાંઈબાબાને આ બધી વાતનું કારણ પૂછ્યું. બાબાએ કહ્યું, 'ચાલ, પેલા ઝાડ નીચે બેસીએ. પછી તને આ બંનેના પૂર્વજન્મની વાત કહું.' એ પછી બંને એક ઝાડ નીચે બેઠા. ત્યાં તેમના પૂર્વજન્મની વાત સાંઈબાબાએ ખૂબ સવિસ્તર રીતે કહી સંભળાવી, સાંઈબાબાની શક્તિ કેટલી લોકોત્તર છે એનો પ્રત્યક્ષ પુરાવો મળતાં તે માણસ ખરેખર ગદ્‌ગદ્ થઈ ગયો.

પ્રસિદ્ધ મહાપુરૂષ શ્રી રામકૃષ્ણ પરમહંસદેવની શક્તિ પણ એવી જ અજબ હતી. તેમણે સ્વામી વિવેકાનંદને કહ્યું કે તું સપ્તર્ષિમાંનો એક છે તે હું જાણું છું. તારી દ્વારા સંસારમાં મહાન કામ થવાનું છે.

એટલે પૂર્વજન્મનું જ્ઞાન થઈ શકે છે એ વાત સાચી છે. દરેક માણસ તે જાણી શકતો નથી. જાણીને જીરવી શકવાની શક્તિ પણ દરેક માણસમાં નથી હોતી. મહાપુરૂષો ને ઊંચી કોટીના સાધકો આ જ્ઞાનને જીરવી શકે છે. પોતાના પૂર્વજન્મનું જ્ઞાન તેમને કેટલીકવાર ખૂબ લાભદાયી થાય છે. તેવા જ્ઞાનથી તેમને વધારે ભાગે પ્રેરણા ને ઉત્સાહ મળે છે. તેથી સાધનાની અમુક દશાએ પહોંચતાં તેમને પોતાના પૂર્વજન્મનું જ્ઞાન થાય છે. કેટલીકવાર માણસ સાધક ના હોય તો પણ પૂર્વજન્મનું જ્ઞાન તેને અપવાદરૂપે વારસામાં મળે છે. પણ એવા પ્રસંગ ખૂબ વિરલ પ્રમાણમાં જોવા મળે છે. કેટલાકને કોઈ સિદ્ધ મહાત્માપુરૂષોની કૃપા થતાં, સ્વપ્નાદિ દશામાં પણ પૂર્વજન્મનું જ્ઞાન થાય છે. છતાં વધારે ભાગના માણસોને તેની જરૂર નથી હોતી. તે વિના જીવન ચાલે છે, ને સારી રીતે ચાલે છે. ઈશ્વરદર્શન કરવાની જરૂર માનવમાત્રને છે, તે પ્રમાણે પૂર્વજન્મના જ્ઞાનની જરૂર છે જ એમ નથી. પૂર્વજન્મના જ્ઞાન વિના પણ માણસને શાંતિ ને મુક્તિ મળી શકે છે, ને ઈશ્વર દર્શન થયું હોય તેવા માણસોમાંથી પણ બહુ થોડાને પૂર્વજન્મનું જ્ઞાન હોય છે. એટલે માણસે તે માટે બહુ ચિંતા કરવાની જરૂર નથી. પૂર્વજન્મ ગમે તેવો હોય, આ જીવનનું મૂલ્ય તેને માટે વધારે છે. આ જીવનને ઉજ્જવલ કરવાનું તેના હાથમાં છે.

**[ ૫ ] જીવન સતત છે**

સંસારના સારા મનાતા સઘળા ધર્મો પૂર્વજન્મ કે જીવનની સતતતાનો સ્વિકાર કરે છે. જે ધર્મો એમાં નહોતાં માનતા, તેમણે પણ હવે પોતાનો સૂર બદલ્યો છે. મુસલમાન ને ખ્રિસ્તી ધર્મમાં કયામતના દિવસ કે ઈન્સાફના દિવસની કલ્પના વજુદ વિનાની છે એમ હવે સમજુ માણસોને સમજાવવા માંડ્યું છે. ભારતીય ધર્મે તો જીવનની સતતતાના સિદ્ધાંતો શરૂઆતથી જ રજૂ કર્યા છે. હવે દુનિયાના બીજા સારા ધર્મોએ ભારતીય ધર્મની આ વિશેષતાને પોતાની અંદર સમાવી લેવાનો પ્રયાસ કરવા માંડ્યો છે. જીવનની સતતતાનો આ સિદ્ધાંત સાચો છે. ભારતના સાધારણ પ્રજાજનોને પણ તેવી સમજ છે. આ સિદ્ધાંત કલ્પના નથી પણ વાસ્તવિક્તા છે. તે અનુભવના આધાર પર ઘડાયેલો ને સિદ્ધ થયેલો છે, એ સમજવાની જરૂર છે.

આ જીવન શાને માટે છે ? જીવનની પાછળ કોઈ હેતુ છે કે કેમ ? ડાહ્યા માણસો તરત કહી ઊઠશે કે જીવનનો હેતુ જરૂર છે. આ સંસારની દરેક વસ્તુની પાછળ કાંઈ ને કાંઈ રહસ્ય રહેલું છે. દરેક વસ્તુનો કાંઈ ને કાંઈ ઉપયોગ છે. પછી જીવનનો ઉપયોગ ના હોય એવું કેમ બને ? આટલા મોટા ને મૂલ્યવાન જીવનની પાછળ કોઈ હેતુ ના હોય, અથવા તો આવા સુંદર જીવનનો કોઈ આદર્શ ના હોય, એવું બને જ નહિ. વિચાર કરતાં જણાય છે કે જીવન નિરંતર ગતિ કર્યા કરે છે; વિકાસ કરે છે. જીવનધારી માનવ સુખ, શાંતિ, સમૃદ્ધિ ને જ્ઞાનની ઈચ્છાથી કર્મ કરે છે, ને જીવે છે. પુરૂષાર્થ કરીને તે વિકાસ પણ કરે છે ને સુખ, શાંતિ, જ્ઞાન ને સમૃદ્ધિ તથા શક્તિની ઈચ્છા કરે છે. એ ઈચ્છા ક્યારે શમશે ? તે પૂર્ણ બને ત્યારે. જીવનનો વિકાસ પૂરો થતાં શાંતિ, સમજ ને શક્તિની શોધ પણ પૂરી થશે, ને ત્યારે જીવનના ધ્યેયનો અંત આવશે. એ ધ્યેયની પ્રાપ્તિ આજ સુધી કેટલાય માનવોએ કરેલી છે. અને આપણે સૌ એ ધ્યેય તરફ ધીરે ધીરે, જાણમાં, કે અણજાણમાં

ગતિ કરી રહ્યા છીએ. એ ધ્યેયને કોઈ પૂર્ણતા કહે છે તો કોઈ મુક્તિ કહે છે. કોઈ આત્મદર્શન તો કોઈ પરમાત્માની પ્રાપ્તિ કહીને તેનો ખ્યાલ આપે છે. કોઈ પરમશાંતિ કે નિર્વાણ પણ કહે છે. ગીતાએ બ્રાહ્મી સ્થિતિના નવા શબ્દનો પ્રયોગ કરીને તેનું વિસ્તારથી વર્ણન કર્યું છે, ને તે સ્થિતિએ પહોંચેલા પુરૂષને માટે સ્થિતપ્રજ્ઞનું સુંદર નામ રજૂ કર્યું છે. આપણને નામની સાથે કોઈ વિખવાદ નથી. જુદાં જુદાં નામો દ્વારા આપણે યાદ રાખવા જેવી વાત એ છે કે જીવન વિકાસ કરવા માટે છે; વિકાસ કરીને પૂર્ણતાની પ્રાપ્તિ કરવા માટે છે ને પૂર્ણતાની પ્રાપ્તિ કરી શકાય છે. માનવજીવનનો મહાન હેતુ એ જ છે. એ જ જીવનનું ધ્યેય છે.

ને જીવનનું ધ્યેય સ્વીકારી લઈએ, તો પછી તે ધ્યેય પૂરું થાય નહિ, ત્યાં સુધી જીવન પૂરું થાય નહિ એ વાત પણ સ્વીકારવી જ જોઈએ. જીવન પૂર્ણતા માટે હોય, કે પરમશાંતિ ને મુક્તિને મેળવવા માટે હોય, તો તે ના મળે ત્યાં સુધી જીવન ચાલુ જ રહેવું જોઈએ. એ વાત પણ સહેજે સમજી શકાય છે. સાગરના પાણીની વરાળ થઈને તેનાં વાદળ બંધાય છે, ને છેવટે વરસાદ વરસે છે. સાગર પાસે ઊભો રહેલો માણસ આ વાત જાણે છે. છતાં તે એક જ પળમાં વરાળ ને વરસાદની માંગણી કરે તો ? તેને નિરાશ થવું પડે. વરાળનો વરસાદ થાય છે તેની ના નહિ, પણ તેને માટે તેણે ધીરજ ધારણ કરવી જોઈએ. કેમકે વરાળમાંથી વરસાદ થાય તે દરમ્યાન કેટલાક બીજા ફેરફારની જરૂર હોય છે. જીવન પણ પૂર્ણતા માટે છે એ સાચું. પણ તે પૂર્ણતા આ એક જ જીવનમાં મળી જશે એમ નથી. તેને માટે એક જીવન પણ બસ થાય ને આવાં અનેક જીવન પણ ધારણ કરવાં પડે. તે સંબંધી કોઈ બાંહેધારી આપી શકાય તેમ નથી. જીવનની વહેતી નદી કોણ જાણે કેટલાય જીવનના કિનારાને સ્પર્શ કરીને આ પ્રમાણે વહ્યા કરશે ને વિકાસ કરશે. પણ તે પૂર્ણતાના સાગરને મળશે એ નક્કી છે. જ્યાં સુધી પૂર્ણતા નહિ મળે, ત્યાં સુધી જીવન પર જીવન ચાલુ જ રહેશે.

એટલે જન્માંતરનો સિદ્ધાંત આપોઆપ ફલિત થાય છે, ને સાચો ઠરે છે. બીજી રીતે પણ એને ટેકો મળે છે. જીવનનો વિચાર કરતાં જણાશે કે માણસો જીવનમાં સારાં નરસાં કર્મ કર્યા કરે છે તે સૌને પોતાનાં કર્મનું ફલ ચાલુ જીવનમાં મળે છે જ એમ નથી દેખાતું. કેટલાય માણસો સારાં કર્મો કરે છે છતાં તે જીવનભર વધારે ભાગે દુઃખી થાય છે. બીજા ખરાબ કામ કરનાર ને અધર્મનો આશ્રય લેનારા માણસો આનંદ કરે છે. ખરાબ કામનું ખરાબ ફળ તેમને આ જીવનમાં મળતું નથી. સારા કામને માટે મહેનત કરનાર માણસની મહેનત અધુરી રહી જાય છે. જન્માંતરને માનીએ તો જ આનું સુખદ સમાધાન મળી શકે છે. એટલે જન્માંતરના આદર્શની પાછળ વ્યવસ્થા રહેલી છે. કરેલું કર્મ નિષ્ફળ જતું નથી એ શ્રદ્ધા જન્માંતરના આદર્શથી વધારે મજબૂત બને છે છતાં વધારે મજબૂત ને ચોક્કસ પુરાવા તો પોતાના ને બીજાના પહેલાંના જન્મોનું જ્ઞાન ધરાવનારા મહામાનવોના છે. કેમકે તે પુરાવાની પાછળ કેવલ તર્ક નથી, પણ અનુભવ છે. અનુભવથી સિદ્ધ થયેલી વસ્તુની સત્યતા વધારે સંગીન રીતે સાબિત થાય છે. એવો અનુભવ કરવા માટે માનવ માત્ર સ્વતંત્ર છે. ઈશ્વરની કૃપા થશે તો એવો અનુભવ મળી શકશે.

### [ ૬ ] ઈશ્વરનો અવતાર

એવા અનુભવના છાંટા ગીતામાં ઠેર ઠેર ઊડેલા છે. આ ચાલુ અધ્યાયમાં પણ ભગવાન કહે છે કે હે અર્જુન, તારા ને મારા અનેક જન્મો થઈ ગયા છે. હું જો કે પરિપૂર્ણ છું છતાં પણ મારી ઈચ્છાથી ને મારી

દૈવી શક્તિનો આશ્રય લઈને વારંવાર જન્મ ધારણ કરું છું. જન્માંતરની વાતને સિદ્ધ કરવા માટે ભગવાન આમ કોઈ તર્ક કે દલીલબાજીનો આધાર લેતા નથી, પણ પોતાના અનુભવની વાત કરે છે. ગીતાની આ એક મોટી ખૂબી છે. ગીતા એક રીતે કૃષ્ણ ભગવાનની જીવનપોથી છે. ભગવાને તેમાં પેતાના જીવનનો પડઘો પાડ્યો છે. પોતાના અનુભવની ભાષાને રજૂ કરી છે. કલ્પનાની પાંખે ઊડવાને બદલે કે કેવલ સૂકા વિચારોના વમળમાં વિહાર કરવાને બદલે ભગવાને તેમાં પોતાના અનુભવના આલાપ રજૂ કર્યા છે. અનુભવના આધાર પર જ તેમણે અર્જુનની સઘળી શંકાઓનું સમાધાન કરવાનો પ્રયાસ કર્યો છે. તેથી તે પ્રયાસ સફળ થયો છે. ભગવાનની આ વિશેષતા છે.

સાચા ગુરૂ કે શિક્ષકમાં કેવી લાયકાત હોવી જોઈએ તે ભગવાન પોતાના દ્રષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. તે કહે છે કે તેણે અનુભવના આધાર પર ચાલવું જોઈએ. જે બોલે તે પાળવું જોઈએ, ને પાળેલું કહેવું જોઈએ. તો જ તેનો ઉપદેશ સાચો ને અસરકારક થઈ શકે. ગીતા કહે છે કે જીવનમાં તમારા આત્માને ને અનુભવને સદાય વફાદાર રહેજો ને સંસારની વિરૂદ્ધ જવું પડે તો પણ વિરૂદ્ધ જઈને અનુભવના આધાર પર બોલજો. ખાલી તર્કનો આધાર લેતા નહિ. ખાસ કરીને આત્મિક રહસ્યનો તાગ મેળવવા, આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિ કરવા આની જરૂર છે. શાંતિનો આધાર તર્કપ્રધાન બુદ્ધિ પર નહિ, પણ અનુભવ પર રહે છે, એ નક્કી છે. અનુભવના આધાર પર અર્જુનની શંકાનું સમાધાન કરવા માટે ભગવાને પોતે શા માટે જન્મ લેવો પડે છે તે વાત કહે છે. સાધારણ માણસ તો કર્મના પાશથી જકડાયેલો હોય છે. તેની ઈચ્છા ના હોય તો પણ કર્મના પ્રભાવથી તેણે જન્મ લેવો જ પડે. જન્મ ને મરણના ચક્રમાં ફરવાની ટિકિટ કર્મની શરૂઆત કરીને તેણે લઈ જ લીધી છે એટલે જન્મ ને મરણની મુસાફરી કર્યા વિના તેને છૂટકો નથી. પણ ભગવાન તો સંસારના સ્વામી છે. તેમને કર્મનું બંધન નથી. તો પછી તે શા માટે જન્મ લે છે ? ગીતામાતા તેનો ઉત્તર આપતાં કહે છે કે જ્યારે જ્યારે ધર્મનો હ્રાસ થાય ને અધર્મનું જોર વધે, ત્યારે ભગવાન પ્રકટ થાય છે. પ્રકટ થઈને સજ્જનો ને ભક્તોની રક્ષા કરે છે, ને દુષ્ટ પ્રકૃતિના અધર્મી માણસોનો વિનાશ કરે છે.

ઈશ્વરને ઓળખીને ઈશ્વરમય થઈ ચૂકેલા સંતપુરૂષો ઈશ્વરના દૂતો છે; ને સંસારમાં ધર્મસ્થાપના જેવાં કામ વધારે ભાગે તેમને હાથે જ થાય છે અથવા કહો કે તેમની મારફત ઈશ્વર તેવા કામ કરે છે, આવા મહાપુરૂષો યુગપુરૂષ કે અવતારી પુરૂષો કહેવાય છે. એટલે ઈશ્વરમય થઈ ચૂકેલા સંતપુરૂષોમાં ઈશ્વરનો વિશેષ પ્રકાશ પથરાયેલો હોય છે. તે પ્રકાશનું દર્શન કરવાની જરૂર છે. ઈશ્વરમાં ને ઈશ્વરને પહોંચી ચૂકેલા સંતોમાં ભેદ નથી. ઉપનિષદ્ પણ એ વાતની સાક્ષી પૂરતાં કહે છે કે **ब्रह्मविद् ब्रह्मेव भवति ।** બ્રહ્મને જાણનાર બ્રહ્મ જ થઈ જાય છે.

### [ ૭ ] ઈશ્વરના અવતારનું કારણ અને રહસ્ય

ઈશ્વરના અવતારને માટે પાંચ મહત્વનાં કારણ બતાવ્યાં છે. (૧) ધર્મની ગ્લાનિ (૨) અધર્મનું જોર (૩) સાધુ કે સજ્જનની રક્ષા (૪) દુષ્ટોનો નાશ ને (૫) ધર્મની સ્થાપના. આ પાંચમાંથી ત્રીજું કારણ ઘણું મહત્વનું છે. આ પાંચ કારણને ટૂંકાવીને કહી શકાય કે ધર્મની સ્થાપના ને અધર્મીનો નાશ કરવા ને સજ્જન કે ભક્તજનની રક્ષા કરવા ભગવાન જન્મ લે છે કે પ્રગટે છે. એ બધાં કામમાંથી ભક્તોની રક્ષાનું એક જ કામ

એવું ભારે છે કે જેને માટે ભગવાનને પોતાને વારંવાર અવતાર લેવો રહે કે પ્રકટવું પડે. ભગવાનની સાથે એકાકાર થઈ ગયેલા સંતોથી એ કામ પૂર્ણપણે નહીં થઈ શકે. પાંચ વરસના ધ્રુવજી મધુવનમાં તપ કરવા ગયા તેમને રસ્તામાં જ દેવર્ષિ નારદ મળ્યા પણ તેમના દર્શનથી તેમની ભૂખ ભાંગી નહિ, તેમનું અંતર ભગવાનના દર્શન માટે તલસતું હતું. તેથી નારદજીનો મંત્ર લઈને તે વનમાં તપ કરવા નીકળી પડ્યા. તેમના દિલમાં ભગવાનની કૃપા મેળવવાની જે લગની હતી તે ભગવાન વિના બીજા કોઈયે પદાર્થથી શમે તેમ ન હતી. આખરે તેમને શાંતિ આપવા ભગવાનને તેમની સામે પ્રકટવું પડ્યું. પ્રહ્લાદની રક્ષા કરવા પણ તેમને નૃસિંહરૂપ લેવું પડ્યું ને એવી રીતે કેટલીયવાર તે પ્રકટ થયા છે. તુકારામ ને નરસી તથા મીરાંના જીવનમાં તે વારંવાર પ્રકટ થયાં છે.

કદાચ ધર્મની સ્થાપના ને અધર્મીજનોના નાશનાં કામ કોઈ મહાપુરૂષો દ્વારા થઈ શકે, પણ વિરહની આગમાં જલી રહેલા ભક્તોની રક્ષા કરવાનું કામ ઈશ્વર વિના કોઈનાથી થઈ શકે તેમ નથી. ભક્તો ઈશ્વરને જોવા ઝંખે છે. ઈશ્વરને માટે પ્રાર્થે છે, પુકારે છે ને તલસે છે. ઈશ્વરને માટે તેમનું રોમેરોમ રુદન કરે છે. ઈશ્વરને માટે તપે છે ને કઠિનમાં કઠિન સંકટ સહે છે. ઈશ્વરના દર્શન વિના તેમને શાંતિ ક્યાંથી મળે ? ઈશ્વરે તેમને શાંતિ આપવા તેમની સામે પ્રકટ થવું જ પડે છે. તે નહિ પ્રકટે તો ભક્તોને ચેન નહિ પડે ને જીવન નહિ મળે માટે તેમણે પ્રકટ થવું જ પડે છે. તેમના દર્શનથી ભક્તો આનંદમાં આવી જાય છે ને જીવનની ધન્યતાનો અનુભવ કરે છે. તેમના દુઃખ દર્દ, દારિદ્રય ને બંધનોનો અંત આવે છે ને તે પ્રેમ, શાંતિ ને આનંદની મૂર્તિ બની રહે છે.

ઈશ્વર અવતાર લે છે. પણ સાધારણ માણસ કરતાં કેટલીક વાર જુદી જ રીતે પ્રકટે છે. કર્મોના બંધનથી તે મુક્ત રહે છે, તથા ઈચ્છાનુસાર પ્રકટી ને અદૃશ્ય થઈ શકે છે. તેમની શક્તિ અનંત હોય છે. સાધારણ માણસની પેઠે તે કર્મ કરતા દેખાય છે. ઘડીમાં હસે છે; તો ઘડીમાં રડે છે; ને સાધારણ માણસના જેવી ચેષ્ટા કરે છે. પણ પોતે પ્રકૃતિના સ્વામી હોવાથી, પ્રકૃતિના પ્રભાવ નીચે કદી પણ આવી શકતા નથી કે માયાની સત્તા પણ તેમના પર ચાલી શકતી નથી. અહંકાર, મમતા કે અવિદ્યાનો લેશ પણ અંશ તેમની અંદર હોતો નથી. તેમના કર્મો અલૌકિક હોય છે. તે તેમને બાંધી શકતાં નથી.

અવતાર સંબંધી વિચાર આપણે ત્યાં સારી પેઠે થયા છે, ને હજી પણ થતા જાય છે. સાધારણ માણસોને પણ એમાં રસ આવે છે. એકવાર અમે ગાડીમાં સફર કરતા હતા. જે ડબ્બામાં અમે બેઠા હતા તેમાં એક બીજા ભાઈ પણ હતા. તેમને ધર્મ ને ઈશ્વરમાં પ્રેમ હતો. કેટલીક વાતો થયા પછી તેમણે મને કહ્યું કે રામ ને કૃષ્ણ બંને અવતાર પરંતુ તેમનામાં ઘણો ભેદ છે. મેં પુછ્યું, કેવી રીતે ? તો તેમણે કહ્યું : જુઓને, શ્રીકૃષ્ણ ભગવાન પૂર્ણાવતાર કહેવાય છે, ને રામ મર્યાદા પુરૂષોત્તમ ગણાય છે. કૃષ્ણ ચંદ્રવંશના છે ને રામ સૂર્યવંશના. ચંદ્રની કલા ૧૬(સોળ) છે ને સૂર્યની ૧૨(બાર). એ પ્રમાણે રામ ને કૃષ્ણમાં ભેદ છે.

આપણે ત્યાં આવી દલીલો બહુ થાય છે. તે ભાઈએ બીજી પણ કેટલીક દલીલો કરી, ને તે વિશે મારો અભિપ્રાય પૂછ્યો તો મેં કહ્યું કે મને પોતાને ઈશ્વરના અવતારોમાં એવા મોટા–નાના ભેદ પાડવાનું બરાબર નથી લાગતું. અવતાર બધા ઈશ્વરના છે. પછી તેમની અંદર ભેદ ઊભો કરવો ઠીક નથી. આપણે ચંદ્રને ૧૬ કલાનો ને સૂર્યને ૧૨ કલાનો કહી ચંદ્રવંશી કૃષ્ણને સૂર્યવંશી રામ કરતાં શ્રેષ્ઠ કહીએ છીએ. પણ વૈજ્ઞાનિકો

સુર્યમાંથી પૃથ્વીને ને પૃથ્વીમાંથી ચંદ્રને છૂટા પડેલાં કહે છે. તેમની દૃષ્ટિએ તો સૂર્ય વધારે શક્તિશાળી કહેવાય. એટલે મોટા કે નાનાની ચર્ચામાં ઊતરવું ઠીક નથી, ઈશ્વર સૌથી શ્રેષ્ઠ છે. તેના બધા જ અવતારો સરખા છે. કોઈની શક્તિ વધારે પ્રમાણમાં પ્રકટ થયેલી જણાય કે કોઈની ઓછા પ્રમાણમાં. શક્તિના પ્રાકટ્યનો આધાર સમય ને સંજોગો પર રહે છે. તેથી તેમની વચ્ચે પૂર્ણને ઓછા પૂર્ણની દિવાલ ઉભી કરવાની જરૂર નથી. ધારો કે બે માણસો કરોડપતિ હોય; તેમાંથી એક જાહેર કરી સખાવત કરે : ધર્મશાળા, કુવા, દવાખાના, પુસ્તકાલય વગેરે બંધાવે. તેથી તે જાહેર રીતે ધની ગણાય. બીજો માણસ જાહેર રીતે ધન ના વાપરે પણ ગુપ્ત રીતે દાન કરે કે સખાવત કરે તે જાહેર રીતે ધની ના ગણાય પણ તે ધની નથી કે ઓછો ધની છે એમ કોણ કહી શકે ? ધની બંને સરખા છે, ફક્ત ધન વાપરવાની પદ્ધતિમાં બંને જુદા પડે છે. તે પ્રમાણે રામ ને કૃષ્ણ બંને સરખા છે. કૃષ્ણે પોતાના શક્તિરૂપી ધનને છેક બાળપણથી જ ખુલ્લે હાથે ખરચ્યું છે, ને હેરત પમાડે તેવાં કામ કર્યા છે. પણ રામે મર્યાદાનો માર્ગ પસંદ કર્યો છે. શક્તિ ને નીતિ બંનેની મર્યાદા પારખીને તેમણે લીલા કરી છે. રાજા તરીકે, પુત્ર,પતિ ને ભાઈ તરીકે ધર્મના જ ઉચ્ચોચ્ચ નિયમો છે તેનું તેમણે પાલન કર્યું છે. માટે તે મર્યાદા પુરૂષોત્તમ કહેવાય છે. એ વાત ભૂલી જઈને તેમની ને કૃષ્ણની વચ્ચે મોટા નાનાનો ભેદ પાડવો એ કામ મારી સમજ પ્રમાણે સારું નથી.

**[ ૮ ] કર્મ ને અકર્મની સમજ : કર્મમાં અકર્મનું દર્શન**

પોતાના અવતાર વિશે વાત કરતાં ભગવાન એક બીજી જરૂરી વસ્તુ તરફ આપણું ને અર્જુનનું ધ્યાન ખેંચે છે. તે કહે છે કે અવતાર લઈને હું જુદાં જુદાં કર્મ કરું છું, પરંતુ કર્મો મને બાંધી શકતાં નથી. તે પ્રમાણે આ સંસારમાં માણસ કર્મ કરે, પણ કર્મથી બંધાય નહિ, તે માટે સાવધ રહેવું જોઈએ. આ માટે ભગવાન કર્મ ને અકર્મની વિચારણા રજુ કરે છે ને કહે છે કે જે માણસ કર્મમાં અકર્મ જુએ છે, ને જે અકર્મમાં કર્મનું દર્શન કરે છે, તે માણસ બુદ્ધિમાન ને કર્મના રહસ્યને સાચા અર્થમાં જાણવાવાળો છે. તે વાંચીને કે સાંભળીને કેટલાક માણસો મુંઝવણમાં પડે છે ને તરત પૂછવા માંડે છે કે કર્મ ને અકર્મ એટલે શું તથા કર્મમાં અકર્મ ને અકર્મમાં કર્મનું દર્શન કેવી રીતે થાય ? તેમના સમાધાન માટે થોડીક વિચારણા કરી લઈએ.

જે માણસો પ્રવૃત્તિ કર્યા કરે છે તેમને કેટલાક કર્મઠ કહે છે, ને જે પ્રવૃત્તિ કરતા દેખાતા નથી, ને બાહ્ય દૃષ્ટિએ નિવૃત્તિપરાયણ જેવા લાગે છે, તેમને અકર્મી તરીકે ઓળખાવે છે. પણ ગીતામાતાને એ વાત મંજૂર નથી. તે જાહેર કરે છે કે કર્મ કરવા છતાં માણસ અકર્મી રહી શકે છે. કર્મ ને અકર્મનાં ભેદ ઉપર ઉપરના છે. ડાહ્યો માણસ તે ભેદની પાર પહોંચી જાય છે. કર્મ ને અકર્મ અલગ અલગ નથી. માણસે કર્મમાં અકર્મનું દર્શન કરવું જોઈએ. એટલે કર્મ કરવા છતાં કૈં ના કરતો હોય તેવી દશાનો અનુભવ કરવો જોઈએ ને કર્મ કરવા છતાં કર્મની અસરથી મુક્ત રહેવું જોઈએ. આ માટે કેટલીક વસ્તુ ધ્યાનમાં રાખવા જેવી છે. આપણે જોઈએ છીએ કે માણસોમાં કર્તાપણાનું અભિમાન હોય છે. આ કામ મેં કર્યું, હું ના હોત તો આ કામ થાત જ નહિ, એવો અહંકાર માણસોના મનમાં ભરેલો હોય છે. તે અહંકારનો ત્યાગ કરવાની જરૂર છે, ને આપણાથી કાંઈ જ થઈ શકે તેમ નથી, ઈશ્વર જ બધું કરાવે છે, એમ માનીને નમ્રતા ધારણ કરવાની જરૂર છે. અર્જુનને આ જ ઉપદેશ આપવામાં આવ્યો છે કે અર્જુન, તું લડીશ તો જ આ યોદ્ધાનો નાશ થશે એવો મિથ્યા અહંકાર

રાખીશ નહિ. યોદ્ધાઓ તો મરવાના જ છે. તું તો મારા હાથમાં હથિયાર બન ને મારી આજ્ઞા માનીને યુદ્ધ કર. તો કર્મ કરવા છતાં પણ તું કર્મની અસરથી મુક્ત રહીશ.

ભાગવતમાં એક પ્રસંગ આવે છે : એકવાર ગોપીઓને વિચાર થયો કે દુર્વાસાને ભિક્ષા કરાવવી. દુર્વાસાનું સ્થાન જમનાજીને સામે કિનારે હતું. ત્યાં જવા માટે જમનાને પાર કરવી પડે. ગોપીઓથી કેવી રીતે થાય ? તેમણે ભગવાન શ્રીકૃષ્ણની આગળ પોતાની ચિંતા રજુ કરી. કૃષ્ણે કહ્યું : એમાં ડરવાનું કે ચિંતા કરવાનું શું છે ? જમનાજી પાસે જઈને કહેજો કે હે જમનામૈયા, જો શ્રીકૃષ્ણ બાલબ્રહ્મચારી હોય તો અમને માર્ગ આપો, તો તે તરત માર્ગ આપશે. ગોપીઓ તો આ સાંભળીને નવાઈ પામી. કૃષ્ણને તો અનેક રાણીઓ હતી. તેમને બાલબ્રહ્મચારી કેવી રીતે કહેવાય ? પણ કૃષ્ણ ભગવાને કહ્યું કે મારી વાતમાં તમે શંકા ના કરશો. તેને અજમાવી જુઓ એટલે તમારી શ્રધ્ધા વધી જશે.

ગોપીઓ તો ચાલી નીકળી. જમનાજી પ્રચંડ વેગમાં વહી રહી હતી. ત્યાં આવીને તેમણે કહ્યું કે જો શ્રીકૃષ્ણ બાલબ્રહ્મચારી હોય તો અમને માર્ગ આપો. તો જમનાજીએ તરત માર્ગ આપ્યો. જમનાને પાર કરીને તે દુર્વાસા મુનિના આશ્રમમાં ગઈ. દુર્વાસા મુનિને ભિક્ષા કરાવી. ભિક્ષા પૂરી થયા પછી ઘેર જવા રવાના થતાં તેમને ફરી એ જ ચિંતા ઊભી થઈ કે જમનાજીને પાર કેવી રીતે કરીશું ? તેમની ચિંતા જાણીને દુર્વાસા મુનિએ પૂછ્યું કે આટલી મોટી જમનાને પાર કરીને તમે આવ્યાં કેવી રીતે ? તેમણે ભગવાને કહેલો ઉપાય બતાવ્યો. તે સાંભળીને મુનિએ કહ્યું : ત્યારે હવે જતી વખતે બીજો ઉપાય અજમાવો. જમનાજીને કહેજો કે દુર્વાસા સદા ઉપવાસી હોય તો અમને ફરીવાર માર્ગ કરી આપો. ગોપીઓને ફરી નવાઈ લાગી. પોતાની સામે આટલી બધી ભિક્ષા ખાઈ ગયા, ને એક નહિ પણ અનેક થાળ સાફ કરી ગયા, તોય દુર્વાસા પોતાને ઉપવાસી કહે, એ કેવી રીતે માની શકાય ? દુર્વાસા મુનિએ તેમને કહ્યું કે જુઓ, હું કામ કરું છું, પણ કર્તાપણાના અભિમાનથી મુક્ત થઈને કરું છું. ભિક્ષા તો હું શરીરની અંદર બેઠેલા પરમાત્માને જ અર્પણ કરું છું એટલે હું સદાય ઉપવાસી છું. તે પ્રમાણે શ્રીકૃષ્ણ પણ સ્ત્રીઓની વચ્ચે રહેવા છતાં અહંભાવથી રહિત ને વિષયાસક્તિથી મુક્ત છે, એટલે બ્રહ્મચારી જ છે. એમાં શંકા નથી. એ સાંભળીને ગોપીઓને સંતોષ થયો. જમનાજીએ તેમને માર્ગ કરી આપ્યો ને તે ઘેર આવી.

એટલે કર્મમાં અકર્મની દશા જાણવા માટે, કર્મ કરવા છતાં પણ અકર્તા રહી શકાય તે માટે માણસે 'હું કરું છું' એવા કર્તાપણાના અભિમાનમાંથી છૂટવાની જરૂર છે. અહંકારનો ત્યાગ કરીને નમ્ર બનવાની જરૂર છે. તે પછી જે કામ કરવામાં આવે તે પ્રભુપ્રીત્યર્થે કરવાની જરૂર છે. સંસારમાં એક ઈશ્વર જ રહેલા છે, ને સંસાર ઈશ્વરનું જ સ્વરૂપ છે, એમ માનીને સદા તેની સેવા કરવાની જરૂર છે. કોઈને કાંઈપણ આપવાનો પ્રસંગ આવે તો તેને ઈશ્વરનો પ્રતિનિધિ સમજી તે આપવું હોય તે આપવાથી લાભ થશે. મહાપુરૂષો કહી ગયા છે કે દુઃખી, અપંગ, ભૂખ્યાં ને અનાથમાં પણ ઈશ્વરનું દર્શન કરો. તેમની અંદર રહેલા ઈશ્વરને તમારી સેવા અર્પણ કરો. એમના કથન પ્રમાણે આજે પણ કેટલેક ઠેકાણે દીન ને દુઃખીની સેવા થાય છે; નગ્ન ને ચિંથરેહાલને વસ્ત્રો અપાય છે, ને ભૂખ્યાને અન્નનું દાન દેવાય છે. ભારતના ઋષિવરોએ ફક્ત માનવમાં નહિ, પણ જીવમાત્રમાં ઈશ્વરનું દર્શન કરવાનું કહ્યું છે, ને જીવમાત્રની સેવા કરવાનો સંદેશ આપ્યો છે. આ આખુંયે જગત ઈશ્વરના નિવાસરૂપ છે, ને ઈશ્વરથી છવાયેલું છે. તેમાં વસનારા જીવો ઈશ્વરના પ્રતિનિધિ જેવા છે.

તેમનામાં માણસે ઈશ્વરનું દર્શન કરતાં શીખવાનું છે. જેને જગતના જુદા જુદા જીવોમાં ઈશ્વરનું દર્શન નહિ થાય. તેને બીજે કોઈ યે ઠેકાણે નહિ થશે.

આપણે ત્યાં સાધુસંન્યાસીને માટે ભિક્ષાની પ્રથા છે. સાધુસંન્યાસી ઘરને આંગણે આવી ઊભા રહે છે, ને નારાયણ હરિ બોલે છે. તે સાંભળીને કેટલાક મોં બગાડે છે, તો કેટલાક બકવાદ કરે છે. શા માટે ? કેમ કે તેમને લાગે છે કે આ એક બલા આવી. કોઈ માગણ આવે તો પણ તેમને એવું જ ખરાબ લાગે છે, પણ તેમાં સમજણનો દોષ રહેલો છે. સાધુસંન્યાસી કે માગણ આપણે ત્યાં આવીને નારાયણ હરિ બોલે છે તે શા માટે ? એટલા માટે કે તે આપણને એક અમૂલ્ય વસ્તુની યાદ કરાવે છે. તે કહેવા માગે છે કે જોજો, મને કોઈ સાધારણ માગણ માનતા નહિ; મને બોજારૂપ સમજીને કાંઈક આપવું પડશે એમ માનીને મોં પણ બગાડતા નહિ. મારામાં નારાયણ પોતે છે. ભગવાન નારાયણ કે હરિ પોતે મારા રૂપમાં પધાર્યા છે. માટે ઈચ્છા હોય ને કરી શકાય તો મારી સેવા કરજો ને ખૂબ નમ્રતાપૂવર્ક, બીજા કોઈયે પ્રકારની માંગણી કર્યા વિના, તે ઘરને આંગણે ઊભો રહે છે. આપણે કાંઈ આપીએ તો ઠીક ને ના આપીએ તો ઠીક, થોડીવાર રાહ જોઈને, જરાય બડબડાટ કર્યા વિના તે ચાલવા માંડે છે. આપણા ઋષિઓએ કહ્યું છે કે અતિથિને દેવ જેવા માનજો. પણ એ આજ્ઞાનું પાલન હવે આપણામાં ઓછું થતું જાય છે. આજે અતિથિ પણ જાતજાતના ને ભાતભાતના વધી પડ્યા છે, છતાં વિવેકને જાગ્રત રાખીને, સૌમાં ઈશ્વરની ઝાંખી કરવાનો પ્રવાસ કરતા રહી, બીજાને બનતી મદદ કરીએ, તો તે પદ્ધતિ આપણને પોતાને જ લાભકારક થશે એમાં સંદેહ નથી.

### [ ૯ ] કર્મમાં અકર્મ

કર્મ કરવા છતાં અકર્મનો આનંદ મળી શકે તે માટે એક બીજી કલા પણ જાણવાની જરૂર છે. એ કલા ફલમાં સમતા રાખવાની કલા છે. કર્મ કરવામાં વાંધો નથી, કર્મના ફલની ઈચ્છા રાખવામાં પણ વાંધો નથી, પણ જે ફલ મળે તેની અસરથી મુક્ત રહેતાં શીખવાનું છે. સાધારણ રીતે જોવામાં આવે છે કે પોતાની ઈચ્છા પ્રમાણે ફલ મળતાં માણસ ઉન્માદમાં આવી જાય છે ને કેટલીકવાર અહંકારી થાય છે, ને ઈચ્છા પ્રમાણે ફલ ના મળે તો દુઃખી થાય છે. આ વસ્તુ સારી નથી. માણસે એવું મનોબળ કેળવવાનું છે કે જેથી કર્મના ફળથી ચંચલ ના બને. ઈચ્છા પ્રમાણે ફલ ના મળે તો પણ પુરૂષાર્થ મૂકી દઈ બે હાથ જોડીને બેસી જવાનું નથી. તે ઉપરાંત, જે ફલ મળે તેનો ઈશ્વરના ચરણોમાં અથવા ઈશ્વરને માટે ત્યાગ કરવાનો છે. ઈશ્વર ને ઈશ્વરના સંસારને માટે પોતાની બધી જ મિલ્કતનો ઉપયોગ કરવા તૈયાર રહેવાનું છે. આ પ્રમાણે કુશળતાપૂર્વક કર્મ કરવાથી કર્મ કરવા છતાં અકર્મનો આનંદ મળી શકશે, જાણે કૈં જ કરતા ના હો તેમ લાગવા માંડશે, ને કર્મ સહજરૂપે થયા કરશે. એટલે કર્મમાં અકર્મની દશા ભોગવવા માટે મુખ્યત્વે આટલી વસ્તુની જરૂર છે :

(૧) કર્તાપણાના અભિમાનનો ત્યાગ કરવો.

(૨) કર્મ પ્રભુ કરાવે છે એમ માનીને પ્રભુને અર્પણ કરવું, તથા પ્રભુ માટે કરવું ને

(૩) ફલમાં સમતા રાખવી.

કર્મમાં અકર્મનું દર્શન કરવાની આ વાત ગીતાની પોતાની છે. ભગવાન અર્જુનને આ વાત સમજાવીને કહે છે કે તું કર્તાપણાના અહંકારમાંથી મુક્ત થા, ને હું કરાવું છું એમ માનીને કર્મ કર. આગળ

પર આ વાતનો વિસ્તાર કરીને તે તો ત્યાં સુધી કહે છે કે જેનામાં અહંભાવ નથી, ને જેની બુદ્ધિ કર્મથી લેપાતી નથી, તે કદાચ આખા જગતનો નાશ કરી નાંખે તો પણ વાસ્તવમાં કોઈનો નાશ કરતો નથી, ને કર્મથી બંધાતો નથી. સંસારમાં રહીને કર્મ કરતાં પણ અકર્મી બનવાની આ કલાનો ઉપયોગ કરીને કોઈયે માણસ કર્મના બંધનથી મુક્ત બનીને પોતાના જીવનને સુખી બનાવી શકે છે. આ કલામાં નિષ્ણાત હોવાથી જ ભગવાન પોતે જુદાં જુદાં કર્મ કરે છે છતાં તેમાં બંધાતાં નથી.

**[ ૧૦ ] અકર્મમાં કર્મનું દર્શન**

આજે સાધુનું નામ સાંભળીને કેટલાક માણસોના મોં બગડી જાય છે. તેમને લાગે છે કે સાધુઓ આળસુ છે. તેમણે સમાજનું સત્યાનાશ વાળ્યું છે માટે તેમને ભિક્ષા આપવાનું બંધ કરવું જોઈએ. તેમને માટેના અન્નક્ષેત્રો પણ બંધ કરવાં જોઈએ. તેમને પલટનમાં ભરતી કરવા જોઈએ. નહિ તો ગોળીએ મારવા જોઈએ એવી પણ તે સલાહ આપે છે. આપણે સાધુસંસ્થાની વધારે પડતી વકીલાત કરવા માંગતા નથી; પણ તેના પર નકામો રોષ ઠાલવીને તેને નાબૂદ કરવાની પણ ભલામણ કરતા નથી. સાધુસંસ્થામાં દોષ હશે, ને છે. પણ દુનિયામાં દોષ ક્યાં નથી ? ગુણ ને દોષનું મિશ્રણ એ જ જગત છે. માટે સારો માર્ગ તો એ છે કે દોષ દૂર કરવાની ભલામણ કરો. કોશીશ કરો ને પદ્ધતિ બતાવો. પગે ગુમડું થયું હોય તેથી પગને કાપી નાંખવાની જરૂર નથી. ગુમડાને ઠીક કરો એ જ બરાબર છે. જરા વિચાર તો કરો કે સાધુ ક્યાંથી આવે છે ! તે કાંઈ આકાશમાંથી ઊતરી આવતા નથી. તે તો તમારામાંથી કે સમાજમાંથી જ આવે છે. તમે શું સંપૂર્ણપણે સારા છો ? તમારો સમાજ પણ શું અણિશુદ્ધ છે ? ત્યારે સાધુ પણ તમારા જેવા છે.

આ સમાજમાં એવા કેટલાંય માણસો છે જે બીજાનું કાંઈ જ હિત કરતાં નથી, પણ વધારામાં બૂરૂં કર્યા કરે છે. તેમને પણ ગોળીએ દેવાની ભલામણ કરવાની કોઈ હિંમત કરતું નથી. તો પછી સાધુઓને માટે તેવી ભલામણ શા માટે ? રોટલાનો ટુકડો તો તમે કુતરાં ને બિલાડાને પણ નાંખો છો. એટલો દયાધર્મ તો તમારો ધર્મ પણ શીખવે છે. તો પછી સાધુને કે માણસને રોટલો આપવામાં શી હરકત છે ? તમારી ઈચ્છા હોય તો આપો; નહિ તો ના આપો. તેમાં કોઈ પ્રકારની બળજબરી છે જ ક્યાં ? એટલે અન્નક્ષેત્રોને બંધ કરવાની સાહસવૃત્તિ અસ્થાને છે. વળી સાધુ આળસુ જ હોય છે એમ માની ના લેશો. કેટલાક માણસો બહારથી શાંત દેખાતાં હોય પણ અંદરથી મહાન ને સતત કર્મ કરી રહ્યાં હોય છે. તેમનું કર્મ આપણા કર્મ કરતાં જુદું હોય, બહુ દોડાદોડ વગરનું હોય, છતાં તે કર્મ કરતાં હોય છે. તેમને આળસુ માનીને મોં બગાડવાનું બરાબર નથી.

આપણા શરીરનો વિચાર કરો. ઉપરથી તે કેવું શાંત ને અકર્મી દેખાય છે ? તેને કોઈ કામ જ નથી એમ લાગે. પણ અંદરથી જુઓ તો કેટલું બધું કર્મ દેખાય છે ! કેટલી બધી રક્તવાહિનીઓ રક્તને વહાવતી તેમાં શોભી રહી છે ! જઠર ને ફેફસાંનું કામ રાતદિવસ ચાલ્યા જ કરે છે ! હૃદયને પણ એક પળનો આરામ ક્યાં છે ! લીંટ, પ્રસ્વેદ ને મળમૂત્ર નીકળ્યા જ કરે છે. વાળ પણ વધ્યે જ જાય છે. શરીરમાં પણ ફેરફાર થતો જાય છે. તે વધે છે, ને યુવાન ને વૃદ્ધ પણ બને છે. આખરે એક દિવસ તે કામ કરતું અટકી જાય છે. શરીરના સંચા રાતદિવસ કામ કર્યા જ કરે છે. અઠવાડિયામાં તો શું, પણ મહિનામાં એક દિવસની રજા પણ

તે માગતા નથી. તેમના જેવા મૂંગા કર્મયોગી કે સેવક બીજા કોણ છે ? ઉપરઉપરથી જોનારને તેમની સેવાનો ખ્યાલ પણ ક્યાં આવે છે ?

મહાભારતના યુદ્ધની શરૂઆતનો વિચાર કરો. અર્જુનને શોક થયો છે, ધનુષબાણને મૂકી દઈને તે બેસી ગયો છે ને યુદ્ધ ના કરવા માટે દલીલો કર્યા કરે છે. ભગવાન શ્રીકૃષ્ણ પણ રથમાં બેઠા છે. તે બહારથી શાંત છે, પણ તેમનાં મનમાં કેટલું બધું કર્મ ચાલી રહ્યું છે ! અર્જુનને કેવી રીતે સમજાવવો, ભીષ્મ, દ્રોણ ને કર્ણનો નાશ કરી પાંડવોને કેવી રીતે વિજય અપાવવો, એ વિચાર તેમના મનમાં સતત ચાલી રહ્યા છે !

એટલે સંસારમાં કોઈ અકર્મી નથી. શ્વાસ લેવો તે પણ કર્મ છે. તે પ્રમાણે જીવન હશે ત્યાં સુધી કર્મ ચાલુ જ રહેશે. કેટલીકવાર તે બહારથી દેખાય કે કેટલીકવાર ના દેખાય, કેટલીકવાર વિશાળ રૂપમાં કે કેટલીકવાર સાધારણ રૂપમાં થતું દેખાય, પણ કર્મ સદા થયા જ કરે છે. આ પ્રમાણે સમજવું તેનું નામ વિવેક. તે જ બુદ્ધિમાની. આ પ્રમાણે બહારથી અકર્મ જેવી દેખાતી દશામાં પણ કર્મનું દર્શન કરવાની જરૂર છે. ગીતાનો આ સંદેશ છે. તેને જીવનમાં ઉતારવાથી ઘણા કોયડા ઉકલી શકે, ને વિસંવાદ શમી જશે.

અકર્મમાં કર્મનું દર્શન કરવાનો બીજો અર્થ એ છે કે અહંકારથી રહિત થઈને પ્રભુપ્રીત્યર્થે કર્મ કરવાં ને એ રીતે થયેલાં સહજ કર્મોને જ કર્મ કહેવાં અથવા ઉત્તમ કર્મ માનવાં. આ બંને અર્થો સારા છે, ને લક્ષમાં લેવા જેવા છે. ગીતામાતા કહે છે કે બુદ્ધિમાન માણસે કર્મમાં અકર્મનું ને અકર્મમાં કર્મનું દર્શન કરવું. તે કથનને આ પ્રમાણે સમજી શકાશે.

**[ ૧૧ ] કર્મની ગતિ ગહન છે**

પણ કર્મનું રહસ્ય સમજવાનું કામ કેટલું બધું કપરૂં છે ? કયા કર્મનું ફલ ક્યારે મળે છે ને ક્યાં મળે છે તે કોઈ જ સમજી શકતું નથી. કર્મનું ફલ મળે છે એ નક્કી. પણ કેટલા વખતમાં તે કોઈનાથી કહી શકાય તેમ નથી. સારા કર્મનું સારું ફલ ને ખરાબનું ખરાબ ફલ નક્કી છે. પણ તેને માટે કેટલો સમય લાગશે તે તો એક ઈશ્વર જ જાણે છે. માટે જ ગીતા કહે છે કે કર્મની ગતિ ગહન છે. તેનો પાર કોઈનાથી પામી શકાય તેમ નથી. કેટલીકવાર કર્મના ફલને માણસ એક જ જન્મમાં ને તરત મેળવે છે તો કેટલીકવાર બીજા જન્મમાં પણ ભોગવવું પડે છે. આ વિશે પ્રસિદ્ધ ભક્ત શ્રી સદન કસાઈના જીવનની એક વાત જાણવા જેવી છે. તે એકવાર શ્રી જગન્નાથપુરીની યાત્રાએ નીકળ્યા હતા. રસ્તામાં એક ગામ આવ્યું. ત્યાં તેમને એક ઘરમાં રાતવાસો કર્યો. તે ઘરમાં રહેનારી સ્ત્રીને સદન કસાઈ પર મોહ થયો. રાતે તે સ્ત્રીનો પતિ સૂઈ ગયો ત્યારે તે સદન કસાઈની પાસે આવીને કહેવા માંડી : તમારા રૂપથી હું મોહિત થઈ છું. તમે મારો સપ્રેમ સ્વીકાર કરો ને મારી સાથે ભોગ કરીને મને સુખ આપો.

સદન ભક્તે તેની માગણી તુચ્છકારી કાઢીને તેને કેટલીક શિખામણ આપી. બાઈને લાગ્યું કે સદન કસાઈ તેના પતિથી ડરે છે એટલે તે ઘરમાં ગઈ ને થોડી જ વારમાં ઊંઘતા પતિનું માથું કાપીને પાછી ફરી. ભક્તને તો એ જોઈને ઘણું દુઃખ થયું. પણ તે સ્ત્રી કહેવા માંડી કે તમે મારા પતિથી ડરતા હતા તેથી મેં તેમને દૂર કરી દીધા છે હવે તમે કશાયે સંકોચ વગર મારી ઈચ્છા પૂરી કરો.

બાઈની ભયંકરતા જોઈને સદન ભક્તનું શરીર કંપી ઊઠ્યું. કેટલી બધી ભયંકરતા ! પરપુરૂષના સ્પર્શનું ક્ષણિક સુખ ભોગવવા માટે પોતાના પતિનું મસ્તક કાપતાં પણ જેને સંકોચ ના થયો, તે બાઈ કેટલી કામુક ને ક્રૂર હોવી જોઈએ ? પણ તેની કામુકતા ને ક્રૂરતા આગળ ભક્તે જરાપણ નમતું ના મૂક્યું. તેની કામવાસના તૃપ્ત કરવાની ભક્તે સખત શબ્દોમાં ના પાડી તેથી તો તે સ્ત્રી ઉશ્કેરાઈ ગઈ. પતિનું ખૂન છતાં પોતાનો આશય પૂરો ના થયો એ જોઈને તેણે નાટકનો અભિનય બદલી નાંખ્યો, ને જોરજોરથી રોવા માંડ્યું. શાંત રાત્રિમાં તેનું રુદન સાંભળીને ગામના માણસો દોડી આવ્યા. સદન ભક્તના તરફ સંકેત કરીને બાઈએ કહ્યું કે, 'આ ભક્ત જેવો દેખાતો માણસ ધૂતારો છે. દયા કરીને તેને અમે અમારા ઘરમાં રાતવાસો આપ્યો. પણ અત્યારે દયા કરવાનું ક્યાં રહ્યું છે ? મારા પતિ સૂઈ ગયા પછી તેણે મારી છેડતી કરવા માંડી, મેં વિરોધ કર્યો એટલે મારા પતિનું તેણે ખૂન કર્યું છે. તેના મારગમાંથી કાંટો કાઢીને હવે તે બેઠો છે. તેની બાજી ઉઘાડી પડી ગઈ એટલે ચૂપ બનીને બેસી રહ્યો છે. આ ઢોંગી ને ખૂનીને હવે સજા થવી જોઈએ' આમ કહીને તે બાઈ પોતાનું સર્વસ્વ હણાઈ ગયું એમ બોલીને રડવા માંડી.

સદન ભક્તને પકડવામાં આવ્યા. બીજે દિવસે ગામના મુખિયાઓએ તેને દંડ કર્યો. પહેલાંના વખતમાં દંડની પ્રથા જુદી હતી તે પ્રમાણે સદન ભક્તનો એક હાથ કાપી નાખવો એમ ઠર્યું. આ બધું થયું પણ ભક્તે તેની સામે જરાય બબડાટ કે વિરોધ ના કર્યો. દરેક કામમાં મંગલ જોવા ટેવાયેલા ભક્તે આ કામમાં મંગલ જોયું ને ઈશ્વરની પ્રસાદીનું દર્શન કર્યું. તેમનો હાથ કાપી નાંખવામાં આવ્યો, ને અધુરી યાત્રા તેમણે ફરી શરૂ કરી. જગન્નાથપૂરીમાં પહોંચીને તેમણે ખૂબ પ્રેમથી પ્રભુસ્મરણ કરવા માંડ્યું. સમય જતાં એક ધન્ય દિવસે તેમને ઈશ્વરનું દર્શન થયું. તેમને ખૂબ આનંદ થયો. કેટલીક વાતો થયા પછી તેમણે પ્રભુને પોતાના કપાયેલા હાથ વિષે પૂછ્યું. આ જીવનમાં તો મેં તમારૂં ભજન જ કર્યું છે. પાપકર્મ કરતાં હમેશાં પાછો પડ્યો છું છતાં મને કોઈ પણ અપરાધ વિના આ મહાન દંડ મળ્યો તેનું કારણ ?

ભગવાને કહ્યું : ભાઈ કર્મનો નિયમ નક્કી છે. માણસ તેને સમજી શકતો નથી એટલે આવી શંકા ઊભી કરે છે. આ જન્મમાં તેં પાપ કર્યું નથી પણ આની પહેલાનાં જન્મમાં તેં એક મોટો અપરાધ કર્યો હતો એના પરિણામરૂપે તને આ દંડ મળ્યો છે. વાત એમ છે કે પૂર્વજન્મમાં એકવાર તું તારા ઘર પાસે ઊભો હતો તે વખતે એક ગાય તારી પાસે અસહાય દશામાં આવીને ઊભી રહી, તે ગાયની પાછળ એક કસાઈ આવતો હતો. તે તારી પાસે આવ્યો, એટલે તેં તે ગાયને બચાવવાનો પ્રયાસ કરવાને બદલે, તારા હાથની મદદથી, તે ગાયને સુપ્રત કરી. કસાઈએ તે ગાયની કતલ કરી. હવે આ જન્મમાં ગાયને પેલી તારા પર મોહિત થનારી સ્ત્રીનું શરીર મળ્યું ને કસાઈ તેનો પતિ થયો. આ જન્મમાં તે તેની સ્ત્રીને હાથે મરી ગયો. તેં તારા હાથે ગાયને પેલા કસાઈને સુપ્રત કરેલી, એટલે આ જન્મમાં તારા તે હાથને દંડ મળ્યો. જા, હવે તેં મારૂં દર્શન કર્યું છે એટલે તારી ઈચ્છા હશે તો મારી કૃપાથી તારો હાથ ઠીક થઈ જશે. કર્મની ગતિ ઘણી જ ગહન છે.

ખરેખર, કર્મની ગતિ ઘણી ગહન છે, છતાં ચોક્કસ છે. આ સંસારમાં કેટલાંક સારૂં શરીર લઈને જન્મે છે, તો કેટલાક તદ્દન ખરાબ, રોગી ને ખોડવાળું. કેટલાંક બાળકો એવું તો મીઠું બોલે છે કે તેમને સાંભળીને સગાં સ્નેહી ધરાતાં નથી; તો કેટલાંક બાળકો જન્મથી જ મુંગાં રહે છે, ને કેટલાય રોગો વારસામાં લઈને

આવે છે. માણસોને સ્વાભાવિક રીતે જ કોઈના પર પ્રેમ થાય છે, ને કોઈના પર વેર. કલ્પનામાં પણ ના હોય તેવા સંજોગોમાં, કલ્પનામાં પણ ના આવે તેવા માણસોનો માણસને પરિચય થાય છે; જુદાં જુદાં પાત્રો સાથે પ્રીતિ થાય છે, ને એક દિવસ અચાનક તેના પર કાળદેવતાનો પડદો પડતાં, માણસ તેમનાથી દૂર ને દૂર ધકેલાઈ જાય છે. પાસે રહેવાં છતાં દૂર જેવો બની જાય છે. એક માણસ સુખ ને સંપત્તિને માટે પ્રયાસ કરે છે, છતાં દુઃખ ને વિપત્તિ જ ભોગવે છે. બીજો માણસ કામ એવાં કરે છે કે તેને દુઃખ જ મળે, છતાં તેને વગર માગ્યે ને વગર પ્રયાસે સુખ ને સુખ જ મળ્યા કરે છે એક માણસની અવસ્થા થઈ ગઈ છે, ને તેના પર દુઃખના ડુંગર પડ્યા કરે છે, છતાં તેનું મન સંસારસુખમાંથી છૂટું થઈને ભગવાનના ચરણોમાં લાગતું નથી. જ્યારે બીજા માણસને સુખ ને સાહ્યબીનો પાર નથી. સંસારનું સમગ્ર સુખ તેની સામે હાજર છે છતાં તેનું મન તેમાં લાગતું નથી, ને બચપણથી જ તે સંસાર સુખનો ત્યાગ કરીને ઈશ્વરને માર્ગે પ્રયાણ કરવા નીકળી પડે છે. ગીતામાતા કહે છે કે આ બધાનું કારણ માણસનાં પોતાનાં કર્મ છે. કર્મ પ્રમાણે જ તેને શરીર ને જીવન મળે છે, ને કર્મ કરીને તે આ જીવનને વધારે સુંદર બનાવી લેવા જીવનને આકાર આપે છે. ફક્ત કર્મનું પૂર્ણ જ્ઞાન તેને હોતું નથી એટલે તેને તેની સમજ પડતી નથી એટલું જ. કર્મની આવી સમજથી ઘણો લાભ થાય છે. માણસ તટસ્થ બનીને જીવનને જોતાં શીખે છે, ને રાગદ્વેષથી મુક્ત બને છે.

**[ ૧૨ ] સાચો પંડિત કોણ ?**

આ પ્રમાણે સમજીને જે શાંતિપૂર્વક જીવે છે તે જ પંડિત છે. પંડિત થવા માટે કાંઈ શાસ્ત્રોના પુષ્કળ અધ્યયનની જરૂર નથી. ઘણા વિષયો ને ઘણી ભાષાઓની માહિતીની પણ આવશ્યક્તા નથી. જે સદ્‌ગુણો ને સારા શુદ્ધ વિચારો તથા ચારિત્ર્યથી પંડિત છે તે જ પંડિત છે. કામ ને ક્રોધના વિષમય વેગથી જે વ્યાકુળ બને છે, જૂઠ ને કપટનો આશ્રય લે છે, ને દંભ કરે છે; તથા અહંકાર, સ્વાર્થ ને મમતાથી જેનું જીવનમંદિર ખંડીત છે, તે પંડિત નથી. પંડિત તો તે છે જેને સંસારના અસાર વિષયોમાં નહિ, પણ પ્રભુમાં પ્રીતિ છે; સંસારમાં જે પ્રભુની ઝાંખી કરે છે ને જે યજ્ઞની ભાવનાથી વિવેકપૂર્વક કર્મો કરવા છતાં અકર્તાપણાનો અનુભવ કરે છે તે સદા સંતોષી છે. ઈશ્વર વિના કોઈની ચાકરી કે ખુશામત કરતો નથી ને બીજા કોઈને પોતાનું હૃદય દેતો નથી. મન ને ઈન્દ્રિયોનો સંયમ કરીને તે હંસની જેમ વિવેકી બનીને આ સંસારમાં રહે છે. તે કોઈનો દ્વેષ કરતો નથી કે કોઈથી બીતો નથી. સંસારના રંગરાગથી સદા દૂર રહે છે, ને દયા, પ્રેમ, ક્ષમા ને સેવાભાવની મૂર્તિ બનીને જીવે છે. ઉત્તમ કર્મયોગી, પંડિત કે જ્ઞાની આવો હોય છે. આ જ તેની યોગ્યતા છે. તે કેટલું ભણ્યો છે, કે તેણે કેટલી ડીગ્રી મેળવી છે, એ વાત જરા પણ મહત્વની નથી. બહુ સંભવ છે કે એક માણસ કૈં જ ભણ્યો ના હોય, સ્કૂલ કે કોલેજમાં ગયો ના હોય, ને પોતાનું નામ પણ લખી જાણતો ના હોય છતાં તેનામાં આ બધી યોગ્યતા હોય તો તે જ્ઞાની ને પંડિત છે. ને તે જ રીતે એક માણસે ઘણાં પુસ્તકો વાંચ્યા હોય, ને ઘણી ડીગ્રી મેળવી હોય, પણ તેનામાં ઉપર્યુક્ત યોગ્યતા ના હોય, તો ગીતાની દૃષ્ટિએ તે પંડિત નથી, જ્ઞાનીયે નથી, પણ જ્ઞાનનો ભાર ઉપાડનાર માત્ર માનવપશુ છે. જે જ્ઞાન હૃદયના મલને દૂર કરી માણસને પવિત્ર ના બનાવે, ને તેને બંધનથી મુક્ત કરીને સચરાચરમાં એકત્વનું દર્શન કરતાં ના

શીખવાડે તે જ્ઞાન ગીતાની દૃષ્ટિએ ભારરૂપ જ છે. તેવા જ્ઞાનથી સંપન્ન માનવને ગીતા પંડિતનો ઉમળકાભર્યો ઈલ્કાબ આપતી નથી.

કેટલાક પંડિતોને લેખો લખવાની ટેવ હોય છે. લેખક તરીકે તે પોતાનું નામ લખે છે, તેની સાથે 'સકલશાસ્ત્રવિશારદ, ન્યાયતીર્થ, વેદાંતવાદી' એવા ઈલ્કાબ પણ લખે છે. અંગ્રેજી ભણેલા લેખકોમાંના કેટલાક પોતાના નામની પાછળ પોતાની ડીગ્રીઓ રજૂ કરે છે. ખાસ વાત તો એ છે કે આધ્યાત્મિક લેખો લખતી વખતે પણ તેમને પોતાની ડીગ્રી લખ્યા વિના ચાલતું નથી. પણ આધ્યાત્મિક વિષયના લેખો સાથે એ ડીગ્રીઓનું શું કામ છે ? કોઈપણ લખાણનું મૂલ્ય તેની અંદરના મસાલા પરથી નક્કી થશે, ડીગ્રી પરથી નહિ. અમુક અંગ્રેજી કે સંસ્કૃત ડીગ્રીઓ મેળવી એટલે માણસ આધ્યાત્મિક વિષયો પર સારી રીતે લખવાની ને બોલવાની યોગ્યતા મેળવી શકે છે એમ માનવું ભૂલભરેલું છે. આધ્યાત્મિકતાને અસરકારક રીતે રજૂ કરી શકાય તે માટે તેને જીવનમાં ઉતારવાની જરૂર પડે છે. એ જ લાયકાત વધારે ઉપયોગી છે. તેના મોહમાં પડવાથી લાભ થશે; બાકી ડીગ્રીઓનો મોહ નકામો છે.

જે જ્ઞાનનો અનુભવ કરે છે, ને પરમાત્માનો સાક્ષાત્કાર કરવા પ્રયાસ કરે છે, તે સાચો જ્ઞાની ને પંડિત છે. ભલે પછી તેની પાસે એક પણ ડીગ્રી ના હોય, કે પુસ્તક ને પાઠશાળામાં પણ તેનો પ્રવેશ ના હોય. માણસ પાસે પંડિતાઈ હોય, તો તેનો ઉપયોગ તેણે લોકોને રાજી કરવા કે ચર્ચા કરવામાં ના કરવો જોઈએ. અસલના પંડિતો શાસ્ત્રાર્થ કરવા નીકળતા. શાસ્ત્રાર્થ કરીને દિગ્વિજયી થવાની લાલસા તેમના દિલમાં થયા કરતી. સામેના પંડિતોને શાસ્ત્રાર્થ કરવો ના હોય તો પણ તે બળજબરી શાસ્ત્રાર્થ કરવા તૈયાર થતા. શાસ્ત્રાર્થ કરવાની એ લાલસા પાછળ અહંકાર હતો. માણસ પંડિત બને કે જ્ઞાની થાય, પણ જો તે અહંકારથી રહિત થઈને નમ્ર ના બને તો તેને અજ્ઞાની ને અધૂરો માનજો. અહંકારી માણસને શાંતિની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. જેણે પણ શાંતિ મેળવવી હોય તેણે અહંકારથી રહિત થવું જ જોઈએ. જ્ઞાન માણસને વધારે ને વધારે ભારે બનાવનારૂં ના હોવું જોઈએ. ઝાડને ફળ આવતાં તે જેમ ઝૂકી જાય છે ને પાકી ગયેલા ચોખા જેમ વધારે ને વધારે નરમ થાય છે, તેમ જ્ઞાનીએ સ્વભાવે સરલ ને કોમલ બનવું જોઈએ, ને નમ્રતા ધારણ કરવી જોઈએ.

આપણે ત્યાં કેટલાક લોકો પંડિત ને જ્ઞાની કહેવાય છે પણ મોટી ઉંમરે પણ તે પ્રભુતામાં પગલાં મૂકવા તૈયાર થાય છે. માણસ એકવાર લગ્ન કરે તે સમજી શકાય તેવું છે. પણ ઉંમર પાકી થતાં બીજી કે ત્રીજીવાર લગ્ન કરવા તૈયાર થાય, તે સાધારણ માણસને માટે કદાચ ઠીક હોય તો પણ પંડિત ને જ્ઞાનીને માટે જરા પણ ઠીક નથી. ભારતની બહારના એક પંડિત ને તત્વજ્ઞાનીએ થોડા વખત પર મોટી ઉંમરે ફરીવાર લગ્ન કર્યું. એ સમાચાર સાંભળીને અમારે ત્યાં નાના સરખા ગામડામાં રહેતી, એક સાધારણ ભણેલી માતા હસી પડેલી. તેમાં કાંઈ નવાઈ પામવા જેવું નથી. ભારતના સાધારણ ભણેલા કે નિરક્ષર માણસો પણ સમજે છે કે જે જ્ઞાની કે પંડિત છે તે કામિની કે કામવાસનાની મોહજાળમાંથી મુક્ત જ હોય. બીજા સાધારણ માણસોની જેમ તે પણ જો કામક્રોધમાં ડૂબેલા હોય, તો તેમનામાં ને બીજામાં ફેર શું ? તેમનામાં વિશેષતા શી રહી ? જ્ઞાનીપુરૂષ કામક્રોધ ને લૌકિક લાલસાઓથી મુક્ત હોવો જોઈએ એમ આપણને ગળથુથીમાંથી જ શીખવવામાં આવ્યું છે. શરીરના વધારે પડતા લાલનપાલનમાં ને જાતીય વાસનાઓને ઉશ્કેરવામાં ને

પોષવામાં આપણે માનતા નથી. વાસનાઓ પર કાબૂ કરવામાં આપણે વીરતા માણીએ છીએ. તેથી જ સંયમી ને વીતરાગી મહાપુરૂષોનાં ચરણોમાં આપણે વંદન કરીએ છીએ, ને જીતેન્દ્રિય પુરૂષોને પૂજ્ય કહીએ છીએ.

**[ ૧૩ ] જ્ઞાનનો યજ્ઞ આવશ્યક છે**

ઉત્તમ આચરણવાળા પંડિત કે જ્ઞાનીનાં બધાં કર્મો યજ્ઞની ભાવનાથી પ્રેરાઈને થતાં હોય છે. તેનું નાનામાં નાનું કર્મ પણ યજ્ઞની ભાવનાથી ભરેલું છે. ઈશ્વરની ને ઈશ્વરના સંસારની પ્રસન્નતા માટે તે કર્મ કરે છે. લોભ, લાલસા ને બીજાના અહિતની ભાવના વિનાનાં તેનાં કર્મો ખૂબ પવિત્ર હોય છે. વળી જે કર્મ કરે છે તે તેની ચિત્તશુદ્ધિમાં મદદરૂપ બને છે. કર્મ કરનારે ચિત્તની શુદ્ધિ તરફ ખાસ ધ્યાન આપવું જોઈએ. જેમ સાબુથી મેલ દૂર થાય છે, તેમ મનની મલિનતા દૂર કરવા કર્મ કરવા જોઈએ. માણસો વધારે ને વધારે ચોખ્ખા કપડાં પહેરવાનો આગ્રહ રાખે છે, તેમાં કાંઈ ખોટું નથી. પણ તે જોઈને વિચાર થાય છે કે તેવી જ રીતે દરેક માણસ મનને વધારેમાં વધારે ચોખ્ખું રાખવાનો આગ્રહ રાખે તો ? તેની શોભા કેટલી બધી વધી જાય ! જે સેવાના કામમાં પડ્યા છે, ને વધારે કે ઓછા માણસોને દોરવાની જવાબદારી જેમના હાથમાં છે, તેવા માણસોએ ચારિત્ર્યની ચોક્ખાઈ તરફ વધારે ને વધારે ધ્યાન આપવું જોઈએ. સાધકોએ પણ મનની શુદ્ધિને મહત્વની માનવી જોઈએ કેમ કે મનની શુદ્ધિનું સ્થાન સાધનામાં ઘણું મહત્વનું છે; ને તે વિના કોઈ સાધના ભાગ્યે જ ફલવતી થઈ શકે છે.

પોતાની ને બીજાની સેવા તથા ઉન્નતિ માટે શુદ્ધિ ખૂબ જરૂરી છે. એ સદા યાદ રહેવું જોઈએ. આવી શુદ્ધિ માટે ગીતાએ કેટલાક વિશેષ કર્મ બતાવ્યાં છે. તેમને વિકર્મ કહેવામાં આવે છે. આ બધાં જુદાં જુદાં કર્મ કે કર્મમય યજ્ઞોનું વર્ણન ગીતા જરા અટપટી ભાષામાં કરે છે. તે કહે છે કે કેટલાક માણસો પ્રાણાયામ કરે છે, મૌન રાખે છે, મિતાહારી બને છે, કોઈ પણ શબ્દ ના સંભળાય એવા સ્થળમાં વાસ કરે છે, ને એમ જુદી જુદી રીતે પોતાની શુદ્ધિ ને ઉન્નતિ કરવા યજ્ઞનો આશ્રય લે છે. કેટલાક યજ્ઞો એવા છે કે જેમાં જુદાં જુદાં દ્રવ્યો એટલે સાધનોની જરૂર પડે છે. એમાંય આજે જે યજ્ઞો શરૂ થયા છે તે તો દ્રવ્ય એટલે પૈસા વિના થતા જ નથી. જે સંન્યાસી કે ત્યાગી છે તે પણ આ યજ્ઞ કરે છે, કરાવે છે, ને પૈસાની કોથળીઓ લઈને બ્રાહ્મણોને દક્ષિણા આપવા બેસે છે, એ બહુ વિચિત્ર જેવી વાત છે. વધારે આશ્ચર્ય તો એ છે કે આવા સંન્યાસી શાસ્ત્રોના આદેશને નામે યજ્ઞ કરે છે ને કરાવે છે. પણ કયા શાસ્ત્રે સંન્યાસીને ધનની વહેંચણી કરવાનો ને શ્રીમંતો પાસે તે ધનની માગણી કરવાનો આદેશ આપ્યો છે તે તેઓ કહી શકશે કે ? શાસ્ત્રોની આજ્ઞા પાળવી જ છે તો તેને પૂરેપૂરી પાળો. કેવળ સગવડિયા આજ્ઞા પાળવાનો અર્થ શો છે ? ત્યારે શું સંન્યાસી યજ્ઞ પણ ના કરી શકે ? જરૂર કરી શકે. પણ તે યજ્ઞ દ્રવ્યમય ના હોય, પૈસાની કોથળીઓ લઈને તેમાં પોતે વ્યાસપીઠે કે યજમાનપદે બેસવાનું ના હોય. તેમજ પૈસા માટે કોઈ શ્રીમંત પર આધાર રાખવાનો પણ ના હોય. તેનો યજ્ઞ તો જ્ઞાનયજ્ઞ છે. ને તે ઉત્તમ પ્રકારના યજ્ઞનો તેણે આધાર લેવો એવી ગીતામાતાની આજ્ઞા છે.

તે યજ્ઞનું ફળ શું છે ? પરમાત્માનો સાક્ષાત્કાર ને પરમાત્મામાં સદાની પ્રતિષ્ઠા. ગીતામાતા શેરો મારે છે કે દ્રવ્યયજ્ઞના કરતાં જ્ઞાનનો યજ્ઞ શ્રેષ્ઠ ને વધારે કલ્યાણકારક છે. માટે ડાહ્યા માણસે તેનો જ આશ્રય

લેવો. મૌન રાખનાર ને પ્રાણાયામ ને મંત્રજાપ જેવી ક્રિયાઓ કરનારે પણ સદા ધ્યાનમાં રાખવું કે તે ક્રિયાઓ જડ કે યંત્રમય ના બની જાય. તેની પાછળ વિવેકનું પીઠબળ હોવું જોઈએ. તે ક્રિયાઓ સાધન છે એનું ધ્યાન રહેવું જોઈએ. તે શુદ્ધ ના બને, પણ તે દ્વારા જીવનશુદ્ધિ સાધી શકાય. આનંદની અનુભૂતિ થાય, ને પરમાત્માની પ્રાપ્તિ દ્વારા જીવન પૂર્ણ ને મુક્ત બને એનું સ્મરણ રહેવું જોઈએ. જ્ઞાની પુરૂષ પોતે જ યજ્ઞમય થઈ જાય છે. તેનું જીવન યજ્ઞની વેદી જેવું પવિત્ર બની જાય છે. વિવેક કે જ્ઞાનનો અગ્નિ તેમાં નિરંતર સળગ્યા જ કરે છે. તેને બીજા યજ્ઞોની જરૂર નથી. ગીતા કહે છે કે પ્રત્યેક પુરૂષે આવી રીતે યજ્ઞમય થઈ જવાનું છે. જીવનનાં નાનામોટા બધાં કર્મો જીવનની પૂર્ણતાના મહાન યજ્ઞની આહુતિ જેવાં બની રહેવાં જોઈએ. માનવના કર્મો ને માનવજીવનનું એ જ ધ્યેય છે કે તે દ્વારા તે પાતાની જાતને ઓળખી લે. પોતાની અંદર રહેલા ઈશ્વરને ઓળખી લે, ને સંસારના રહસ્યને જાણી લે. જુદાં જુદાં કર્મો, સાધના ને ઉપાસના આ મહાન ધ્યેયને સિદ્ધ કરવા માટે જ છે. પરમાત્માની અનુભૂતિ માટે જ જુદાં જુદાં સાધનો છે. જ્ઞાન એટલે કેવળ જાણવાનું નહિ, પણ અનુભવવાનું અથવા આચરણમાં ઉતારવાનું. પરમાત્માના દર્શન માટે અથવા સ્વરૂપની જાણ માટે જ આ જીવન ને જીવનધારી માનવની ઝંખના છે. તે ઝંખના પૂરી થતાં જીવનમાં શાંતિ છવાઈ જશે, પૂર્ણતા પથરાશે, ને પ્રકાશ પ્રકટી રહેશે.

### [ ૧૪ ] જ્ઞાન માટે જરૂરી વાતો

એ ઉત્તમ જ્ઞાન કેવી રીતે મળે ને કોની પાસેથી મળે ? ગીતા કહે છે કે જે જ્ઞાની ને તત્વદર્શી હોય તેની પાસેથી પરમાત્માનું પરમ જ્ઞાન મળી શકે. પરમાત્માની પાસે પહોંચવાનો માર્ગ પણ તેવા મહાપુરૂષો જ બતાવી શકે જેણે પરમાત્માની પાસે પહોંચવાનો પરિશ્રમ કર્યો હોય. પરમાત્માની પ્રાપ્તિ માટેની સાધના કરીને જેણે સફળતા ને શાંતિ મેળવી હોય, તે જ પરમાત્માને મેળવવાનો માર્ગ બતાવવા માટે વધારે લાયક ગણી શકાય. ગીતા કહે છે કે આત્મજ્ઞાન આપનાર માણસ કે ગુરૂ કેવળ જ્ઞાની ના હોવો જોઈએ, પણ સાથે સાથે તત્વદર્શી એટલે પરમાત્મતત્વનું દર્શન કરી ચૂકેલો હોવો જોઈએ. એવા ગુરૂનું જ્ઞાન કેવળ બુદ્ધિનું જ્ઞાન નહિ હોય. તેની પાછળ અનુભવ ને નક્કર અનુભવ હશે એટલે તે વધારે કિંમતી થઈ પડશે. આજે જ્ઞાન કે વેદાંત ઘણે ઠેકાણે શીખવાય છે. ઘણા માણસો તે શીખે છે પણ ખરા. પણ વધારે ભાગે ગ્રંથ જ શીખવાય છે. આથી સાચી શાંતિ નથી મળતી. સાચી શાંતિ મેળવવા માટે ગ્રંથના જ્ઞાન દ્વારા જરૂરી સમાધાન મેળવીને માણસે પોતાની અંદર ઊંડા ઉતરવું જોઈએ, ને સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો જોઈએ. જેમણે ઈશ્વરનું દર્શન કર્યું હોય તેવા પુરૂષોની પાસે બેસીને પ્રેરણા મેળવવી જોઈએ. તો જ શાંતિ સાંપડી શકે. આજે તો જે માણસ ધર્મ કે તત્વજ્ઞાનનાં થોડાં પુસ્તકો વાંચી જાય, ને કેટલાંક પુસ્તકો વિશે બોલવાની કે લખવાની શક્તિ મેળવે, એટલે તે તત્વજ્ઞાની કહેવાય છે. પણ પુસ્તકોના જ્ઞાનથી કોઈ સાચો તત્વજ્ઞાની થઈ શકતો નથી. તત્વજ્ઞાની થવા માટે જ્ઞાન ઉપરાંત અનુભવની પણ જરૂર પડે છે. તે પ્રમાણે પોતાની અંદર ને સારાય સંસારમાં રહેલા પરમાત્મતત્વનું જે દર્શન કરે છે, તે જ સાચો તત્વજ્ઞાની છે, એ સમજી લેવાનું છે.

આવા તત્વજ્ઞાની મહાપુરૂષનો સમાગમ થઈ જાય તો આપણું કામ સહેલું થઈ જાય. જીવનની મુક્તિ ને પૂર્ણતાનો માર્ગ મોકળો થઈ જાય. આવા મહાપુરૂષની છાયામાં આપણી બધી જ શંકાઓ શાંત થઈ જાય,

ચિંતા ટળી જાય, ને જીવનની સાધના સફળ થાય. અંતરમાં રહેલું જૂગજૂનું આવરણ હઠી જાય, ને જીવનમાં પ્રશાંતિ ને પ્રકાશ પથરાય. માટે તો આવા મહાપુરૂષને આપણે સદ્‌ગુરૂનું સુંદર નામ આપીએ છીએ. તે આપણી કાયાપલટ કરી દે છે, આપણો નવો અવતાર કરી દે છે. એટલે તો આપણે તેના ગુણગાન ગાતાં થાકતાં નથી, ને તેને ઈશ્વરની હરોળમાં બેસાડીએ છીએ. તે મહાપરૂષને પોતાને કોઈ શંકા નથી, કોઈ મુંઝવણ નથી કે તૃષ્ણા નથી. જીવનનું ધ્યેય તેણે પૂરું કર્યું છે. ખરેખર, કેટલાય જન્મોના પુણ્યોદય ને ઈશ્વરની કૃપા વિના એવા મહાપુરૂષોનો મેળાપ નથી થતો.

પણ કોઈ રીતે તેમનો મેળાપ થઈ જાય તો તેમનો લાભ લેવા શું કરવું ? તેમની પાસે જે અનુભવસિદ્ધ જ્ઞાન છે, તેની પ્રાપ્તિ માટે કાંઈક તો કરવું પડશે ને ? ગીતા કહે છે કે પહેલાં તો તેવા મહાપુરૂષોના ચરણમાં પ્રણિપાત કરજો. શા માટે ? પ્રણામ કરીને આપણે તેમની પૂજા કરીએ છીએ, સાથે સાથે આપણી નમ્રતા પણ બતાવીએ છીએ. જે અહંકારથી ભારેખમ થયા છે ને સદાયે અક્કડ રહે છે તેમણે અહંકારનો ત્યાગ કરીને નમ્ર થવું જોઈએ ને તત્વજ્ઞ મહાપુરૂષોના ચરણમાં પડવું જોઈએ. માણસ સાધારણ હોય તો પણ તેને નમન કરવામાં નુકશાન કૈં જ નથી. શ્રી રામકૃષ્ણદેવ પોતાને કોઈ પ્રણામ કરે તે પહેલાં જ સૌને વંદન કરતા. તુલસીદાસ પણ લખે છે કે સારા સંસારને સીતા ને રામમય જાણીને બે હાથ જોડીને હું વંદન કરું છું. ખાસ કરીને દેવતા, ગુરૂ, વડીલ ને સંતને તો વંદન કરવા જ જોઈએ. બાહ્ય શિષ્ટાચારની જરૂર પણ કાંઈ ઓછી નથી.

સંતમહાત્મા કે મહાપુરૂષને વંદન કરીને બેસી રહેશો તેથી પણ શું વળશે ? તેવા મહાપુરૂષની સન્નિધિમાં શંકાનું સમાધાન આપોઆપ થઈ જશે એ સાચું છે. છતાં કોઈ વાતનો ખુલાસો મેળવવો હોય તો મહાપુરૂષો પાસેથી મેળવી લેવો જોઈએ. તે માટે પ્રશ્નો પણ પૂછવા જોઈએ. જ્યાં ને જ્યારે ઈચ્છા થઈ ત્યાં ને ત્યારે અર્જુને ભગવાનને પ્રશ્નો પૂછ્યા જ કર્યા છે. પરિણામે ભગવાને આટલું બધું અમૂલ્ય જ્ઞાન પીરસ્યું છે. તે પ્રમાણે જે ના સમજાય તે પૂછવું જોઈએ. કેટલાક માણસો મહાત્મા પુરૂષો પાસે જઈને શૂન્ય–મનસ્ક જેવા બેસી રહે છે. એવા માણસોને કાંઈ જાણવાનું નથી મળતું ત્યારે ટીકા પણ કરે છે કે અમને તો કાંઈ ના મળ્યું. પણ એવી ટીકા નકામી છે. મૂંગે મોઢે બેસી રહેવાથી પણ ઘણું મળે છે પણ માણસની અંદર તેને ગ્રહણ કરવાની શક્તિ હોવી જોઈએ. તેને એ રીતે કાંઈ ના મળે તો તેણે જે મેળવવું કે જાણવું હોય તે માટે પ્રશ્ન પૂછવા જોઈએ કે જિજ્ઞાસા બતાવવી જોઈએ. આવી ટેવ પાડવામાં આવે તો મહાપુરૂષોના દર્શનનો ફેરો અફળ નહિ જાય.

આ સાથે એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવાની છે. કેટલીક વાતો એવી છે જેની માહિતી મહાપુરૂષો પાસેથી થોડી જ વારમાં નહિ મળે. તે માટે તેમના દિલને પ્રસન્ન કરવું પડશે, ને તે માટે મન મૂકીને તેમની સેવા કરવી પડશે. સેવા પૈસાથી જ થાય છે એમ ના સમજતા. શરીરથી પણ સેવા થઈ શકે છે ને મહાપુરૂષોની શિક્ષા પ્રમાણે ચાલવું એ પણ એક જાતની સેવા જ છે. લાંબા વખત સુધી સેવા કરવાથી મહાપુરૂષો પ્રસન્ન થાય છે ને જીવનને ન્યાલ કરી દે છે. સેવાથી મેવા મળે છે એમ કહેવાય છે તે સાચું જ છે. માટે મહાપુરૂષોની સેવા કરવા સદાય તૈયાર રહેજો. સેવાથી પ્રસન્ન થઈને મહાપુરૂષો જ્ઞાન ને સાધનાનાં ઊંડા ને ગુપ્ત રહસ્યો પણ તમારી પાસે ખોલી દેશે. લાંબા વખત સુધી શ્રદ્ધા રાખીને સેવા કરવાથી મહાપુરૂષોની

કૃપા મળી જાય છે એમાં શંકા નથી. ગીતાએ આ વાત તત્વજ્ઞ મહાપુરૂષોના સંબંધમાં કહી છે એ સાચું છે. છતાં જેમની પાસે આપણે કાંઈપણ શિક્ષણ મેળવવું છે, તેમના તરફ નમ્રતા ને આદરભાવ ધારણ કરવાની જરૂર છે. જે ઘમંડી ને અક્કડ છે તે શિક્ષણ મેળવવા માટે યોગ્ય ઉમેદવાર જ નથી.

મોટા ઘરોમાં કેટલીકવાર ગીતા-ભાગવત જેવા ગ્રંથોનો નિત્યપાઠ કરવા માટે બ્રાહ્મણ કે શાસ્ત્રી મહારાજને બોલાવવામાં આવે છે. એક શ્રીમંતને ઘેર એવી રીતે એક શાસ્ત્રી મહારાજ જાય છે ને રોજ ભાગવત વાંચે છે. ઘરની શેઠાણી તે સાંભળે છે, પણ કેવી રીતે તે ખબર છે ? શાસ્ત્રી મહારાજ બી.એ. ભણેલા છે. છતાં તે જમીન પર એક આસન પર બેસે છે ને શેઠાણી ઊંચે હીંચકા પર બેસીને ધીમા ધીમા હીંચકા ખાતાં ભાગવત સાંભળે  છે. આ વસ્તુ રોજિન્દી થઈ ગઈ છે. શેઠાણીની સમજમાં આવતું નથી કે ભાગવત સાંભળતાં પહેલાં સારી પેઠે બેસવાનો શિષ્ટાચાર શીખી લેવો જોઈએ. શાસ્ત્રી મહારાજના એક મિત્ર તેમની સાથે એક વાર આ શેઠાણીને બંગલે ગયા. તો આ વિચિત્ર દૃશ્ય જોઈને વિસ્મય પામ્યા. તે જરા સ્વમાની હતા. એટલે પોતાના શાસ્ત્રીમિત્રને પૂછ્યું કે શુકદેવે શું આવી રીતે ભાગવત સંભળાવ્યું હતું કે ? પરીક્ષિત ઊંચા આસન પર બેઠેલા કે શુકદેવ ? પરીક્ષિત તો સમ્રાટ હતા. છતાં જ્ઞાન મેળવવા તે બે હાથ જોડીને નમ્રભાવે શુકદેવની સામે બેઠા તો આ તો શેઠાણી છે. પરીક્ષિત કરતાં મોટી તો નથી જ છતાં તે હીંચકા પર ઝૂલે છે, ને તમે બેસીને કથા સંભળાવો છો તે શું શિષ્ટાચારને અનુકૂળ છે કે ? તમારી જગ્યાએ હું હોઉં તો એક દિવસ પણ આ રીતે કથા ના કરું.

તેના જવાબમાં શાસ્ત્રી મહારાજે કહ્યું કે શું થાય ? હું પણ જાણું છું કે આ રીતે કથા કરવી બરાબર નથી. છતાં પૈસા મળે છે એટલે એકાદ કલાક રોજ વાંચી જઉં છું. જોયું ? પૈસાની પાસે જ્ઞાન લાચાર થયું ને નમી પડ્યું ! પણ એટલી બધી લાચારી ભોગવવાની જરૂર નથી. પૈસા કરતાં જ્ઞાન ને સિદ્ધાંતને મહત્વના માનો. જેમના સમાગમમાં આવો તેને નીતિની મર્યાદા સમજાવો, ને તેના પાલનનો આગ્રહ રાખો. પૈસા કરતાં જ્ઞાનનો દરજ્જો અનેકગણો વધારે છે. કેટલાક શ્રીમંતોને શ્રીમંતાઈનો ને કોઈને સત્તા, પદવી ને પ્રતિષ્ઠાનો ગર્વ હોય છે. કોઈ શાસ્ત્રી કે સંતનું નામ સાંભળતાં તેમને પોતાની મુલાકાત માટે તે બોલાવે છે. કેટલાક શાસ્ત્રી ને સંતો  તેમની મુલાકાતે જાય છે પણ ખરા. પણ તે પદ્ધતિ સારી નથી. જેને દર્શન કરવાની કે કાંઈક જાણવાની ઈચ્છા છે તેમણે પોતે સંત કે વિદ્વાનની પાસે જવું જોઈએ. જેની પાસેથી કૈંક મેળવવાની ઈચ્છા છે, તેની પાસે જઈને ઊંચા આસન પર બેસવું પણ બરાબર નથી. તેમની પાસે તો નમ્રતાની મૂર્તિ થઈને જવું જોઈએ ને તે નમ્રતાની છાપ આપણા વ્યવહારનાં બધાં જ પાસામાં પડવી જોઈએ.

સ્કૂલ ને કોલેજોમાં જનારા વિદ્યાર્થી વર્ગે પણ આ વાતને યાદ રાખવી જોઈએ. વિદ્યાર્થીઓનું વર્તન ઉદ્ધતાઈભર્યું નહિ, પણ નમ્ર જોઈએ. કોલેજોમાં વિદ્યાર્થીઓ અધ્યાપકો સામે આંદોલનો ચલાવે છે, ને અધ્યાપકો વર્ગ લેવા આવે છે ત્યારે ઘોંઘાટ કરી મૂકે છે; તથા પગ પછાડીને ને કેટલીકવાર અધ્યાપકોની પીઠ પાછળ કાગળનાં વિમાન નાખીને ઉપહાસ કરે છે, એ બધું જંગલીપણું છે. તેને બદલે તેમણે શિષ્ટાચારી થવાની જરૂર છે. જ્ઞાન આપનાર ને લેનાર બન્ને આદર્શ હોવા જોઈએ. આપણે ત્યાં આ જમાનામાં પણ એવા કેટલાક શિક્ષકો છે જે બાળકો પર ધાકધમકી ને મારપીટના પ્રયોગો કરે છે. ભય ને ત્રાસથી ભરેલા એ શિક્ષકો શિક્ષણના ઉત્તમ કામને માટે બિલકુલ લાયક નથી. પોતાની પુરાણી રીતરસમોનો ત્યાગ કરીને તેમણે

પ્રેમ ને સમજાવટ તથા મીઠાશથી કામ લેવું જોઈએ. પહેલાંના ગુરૂઓ પાસે જંગલનાં જનાવરો પણ શાંત થઈને બેસી રહેતાં. આજના કેટલાય ગુરૂઓ પાસે બાળકો ભયની લાગણી અનુભવે છે ને ગુરૂઓ પણ અશાંતિની મૂર્તિ બની તેમની સાથે જનાવર જેવો વ્યવહાર કરે છે. એ વસ્તુનો અંત આવવો જોઈએ.

**[ ૧૫ ] જ્ઞાનનો મહિમા**

પરમાત્માનું દર્શન કરીને પરમાત્મામય થઈ ચૂકેલા જ્ઞાની પાસેથી જ્ઞાન મળવાથી ખૂબ લાભ થાય છે. એ જ્ઞાનનું આચરણ કરીને પોતાના સ્વરૂપનું કે પરમાત્માનું દર્શન કરવાથી જીવન અમૃતમય બની જાય છે. અશાંતિ ટળી જાય છે, ને પરમાનંદની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનીઓનું કહેવું છે કે માણસને પોતાના સ્વરૂપનું ભાન નથી એટલે તે ભય, દુઃખ, અશાંતિ ને શોક અનુભવે છે. પોતાના સ્વરૂપનું જ્ઞાન થતાં કે પરમાત્માનું દર્શન થતાં તેને સમજાશે કે આ આખુંયે જગત પરમાત્મામય છે. જુદાં જુદાં રૂપોમાં રહેલા એક પરમાત્માનું તેને દર્શન થશે. તેમ થતાં તેના જીવનમાંથી ભય દૂર થશે; કામ ને ક્રોધ પણ ટળી જશે. કેમ કે જ્યાં બધે એક ઈશ્વર જ છે, ત્યાં તે કોના પર ક્રોધ કરે, કોને માટે કામી બને ને ભય પણ કોનો ધરે ? નાના ને મોટા પણ કોને ગણે ? તે તો બધામાં એક ઈશ્વરનું જ દર્શન કરશે, ને શાંતિ તથા આનંદ મેળવી, બંધનમાંથી મુક્તિ મેળવશે. તે પરમાત્માનું અનુભવસિદ્ધ જ્ઞાન થતાં ફરીવાર તેને મોહ ને શોક નહિ થાય. જ્ઞાનામૃતનો આસ્વાદ લઈને તે અમર બની જશે.

જ્ઞાનનો મહિમા અનેરો છે જ્ઞાન જેવી પવિત્ર વસ્તુ બીજી કોઈ નથી, જે આત્મજ્ઞાન માણસની બધી જ સમસ્યાઓનો ઉકેલ કરીને શાંતિ આપે છે, તે જ્ઞાનની બરાબરી બીજું શું કરી શકે એમ છે ? સંસારનું સમસ્ત ઐશ્વર્ય પણ આત્માના જ્ઞાન કે પરમાત્માના દર્શનની બરાબરી કરી શકે તેમ નથી. સાધના કરવાથી તે જ્ઞાન માણસને પોતાની અંદર જ મળે છે. તેને માટે અસીમ શ્રદ્ધા જોઈએ. જિતેન્દ્રીયપણું જોઈએ ને લગન જોઈએ. પરમાત્માના દર્શનને માટે પણ આની જરૂર છે. આ આત્મજ્ઞાન મેળવ્યા પછી માણસ કર્મ કરશે તો પણ કર્મ તેને બાંધી શકશે નહિ. પછી તો તે નિર્લેપ રહીને કર્મ કર્યા કરશે. અહંતા ને મમતાથી મુક્ત થઈને તે કર્મ ને કર્મના ફલને ઈશ્વરના ચરણોમાં જ અર્પણ કરશે. એટલે ભગવાન કહે છે કે અર્જુન, તારો મોહ અજ્ઞાનને લીધે ઉત્પન્ન થયો છે તેને તું જ્ઞાનની તલવારથી છેદી નાંખ, ને બધા પ્રકારની શંકાઓનો ત્યાગ કરીને લડવા માટે તૈયાર થઈ જા. અત્યાર સુધી અર્જુન ધનુષબાણથી લડવાની કલા જાણતો હતો, ભગવાને તેને જ્ઞાનના નવા પાણીદાર શસ્ત્રની દીક્ષા આપી, ને તે શસ્ત્રનો પ્રયોગ કરવાની આજ્ઞા કરી. આપણે પણ જીવનમાંથી જડતા, શોક, મોહ, અવિવેકને અલ્પતાને દૂર કરવા ઈચ્છતા હોઈએ તો આ આત્મજ્ઞાનનો આશ્રય લઈને પરમાત્માની વધારે ને વધારે પાસે પહોંચવાનું છે.

જેણે નવજીવન મેળવવું હોય, ને અમૃતમય થવું હોય તે જ્ઞાનની સંજીવની બૂટીનો આશ્રય લે, ને જે સૌનાય જીવનદાતા છે તે પરમાત્માનો પ્રેમ મેળવે, પરમાત્માનું સેવન કરે. જીવનના જંગમાં નિર્લેપ રહીને વિજય મેળવવાનો આ અકસીર ઉપાય છે, ને જે ચાહે તે એનો લાભ લઈ શકે છે. ચાલો, જાગીએ ને ચેતીએ તથા સફળ થઈએ ને અમૃતમય બનીએ.

☼ ☼ ☼

# અધ્યાય પાંચમો : કર્મસંન્યાસયોગ


૧) શરૂઆત
૨) સંન્યસ્તની ઉપેક્ષા નકામી છે
૩) કર્મયોગ પણ જરૂરી છે
૪) કર્મસંન્યાસથી શ્રેષ્ઠ કર્મયોગ
૫) સાચો સંન્યાસી કે ત્યાગી
૬) ત્યાગી અને વેરઝેર
૭) ત્યાગી અને સ્ત્રી
૮) ત્યાગ અને કર્મ સંકળાયેલા છે
૯) સંન્યાસ કે ત્યાગ સહેલો નથી
૧૦) કર્મયોગીની દશા
૧૧) જીવનના શ્રેયનું કામ
૧૨) મોહનું કારણ અજ્ઞાન છે
૧૩) મોહ દૂર થતાં સમતા આવે છે
૧૪) જીતેન્દ્રિય થઈ શકાય છે
૧૫) સુખ કે શાંતિ મેળવવાનો માર્ગ

**[ ૧ ] શરૂઆત**

ઈશ્વરની કૃપાથી ગીતાના સનાતન ને સ્વર્ગીય સંગીતનો સ્વાદ લેતાં લેતાં આપણે આજે પાંચમા અધ્યાયની પાસે આવી પહોંચ્યા છીએ. ગીતાની જ્ઞાનગંગામાં સ્નાન કરવાનું સદ્ભાગ્ય આપણને પ્રાપ્ત થયું છે. ગીતાની જ્ઞાનગંગાનું સ્થાન સૌને માટે ખુલ્લું છે. તેનો લાભ લઈ લો તો બીજા કોઈયે સ્નાનની જરૂર નહિ રહે. ગીતાના ઉત્તમોત્તમ તીર્થની યાત્રા કરો એટલે તીર્થયાત્રાનું બધું જ ફળ મળી જશે ને ગીતાના શ્રવણ, મનન ને આચરણનો યજ્ઞ કરો એટલે બીજા બધા જ યજ્ઞોનો આનંદ સાંપડી જશે. ગીતા ભગવાનની વાણી છે; ભગવાનના હૃદયની સિતાર પરથી છૂટેલી સુરાવલી છે. તેનો મહિમા મંત્રથીયે વિશેષ છે. તેનો સ્વાદ લેવાથી સુખશાંતિનો અનુભવ થાય છે, સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે, ને તરી જવાય છે. ગીતામાં એટલી બધી શક્તિ ક્યાંથી આવી ? તેના ઉત્તર માટે ભગવાન શ્રીકૃષ્ણ ને વ્યાસના જીવન પર નજર ફેરવવી જોઈએ. ભગવાનની તો વાત જ કરવાની નથી પણ તેમની વાણીને શબ્દોની માળામાં ગુંથનાર મહર્ષિ વ્યાસ ભગવાનના પરમ કૃપાપાત્ર મહાન તપસ્વી હતા. ગીતાની ભાષા જીવનના મહાન યોગી ને તપસ્વીની ભાષા છે. તેથી તે આટલી બધી પ્રેરણાત્મક ને તારક બની શકી છે. કેવળ વિદ્વતા કે બૌધિક પ્રતિભાથી સંપન્ન થયેલો માણસ આવી અલૌકિક વાણીને ભાગ્યે જ લખી કે રજૂ કરી શકે.

ચોથો અધ્યાય પૂરો તો થયો પણ તેને અંતે અર્જુનની દશા કફોડી બની ગઈ. ત્રીજા અધ્યાયની શરૂઆતમાં અર્જુનની જિજ્ઞાસા એ હતી કે જ્ઞાન મોટું કે કર્મ, ને કર્મયોગ મોટો કે કર્મસંન્યાસ ? ભગવાને તેને સમજાવવાનો પ્રયાસ કર્યો ને કહ્યું કે જ્ઞાન ને કર્મ બંને પોતપોતાની રીતે મોટાં છે. એટલું જ નહિ, પણ બંને પરસ્પર સંકળાયેલાં છે. કર્મના ત્યાગનો મહિમા ભગવાને ગાયો, ને સાથે સાથે કર્મયોગનાં પણ વખાણ કર્યા, એથી અર્જુનના મનનું સમાધાન ના થયું ને તેની શંકા પણ ચાલુ રહી. પાંચમાં અધ્યાયની શરૂઆતમાં જ આ શંકાનો પડઘો પડે છે. અર્જુન ભગવાનને પૂછે છે કે હે પ્રભો, તમે ઘડીકમાં કર્મને વખાણો છો, ઘડીમાં ત્યાગની પ્રશંસા કરો છો, તેથી મારૂં મન મુંઝાય છે. બંનેમાંથી જે વધારે કલ્યાણકારક ને શ્રેષ્ઠ હોય તે એક જ માર્ગનો મને ઉપદેશ આપો તો સારૂં. બંને બાજુ ઢોલકી વગાડવાનું બંધ કરીને હવે કોઈ એક ને નક્કી વાતનો ઉપદેશ આપો એવી મારી ઈચ્છા છે.

અર્જુનની ઈચ્છાને પૂરી કરવા માટે ભગવાને પોતાની ચર્ચા ચાલુ રાખી. ભગવાને કહ્યું કે અર્જુન, સંન્યાસ ને કર્મયોગ બંને કલ્યાણકારક છે. તે બંનેમાંથી કોઈ એકમાં જ માણસનું શ્રેય સાધવાની શક્તિ છે, ને બીજાની કિંમત કાંઈ જ નથી એમ માનવું ભૂલભરેલું છે. જીવનનું મંગલ કરવાની શક્તિ બંનેમાં છે, ને તે બંનેમાંથી કોઈપણ એકનો આશ્રય લેવાથી જીવન ઉજ્જવલ બની શકે છે. વાત સાચી છે. ભગવાનનાં એ વચનોની સાથે આપણે સહમત થઈશું. જેના જીવનમાં પોતાની ને બીજાની સેવાની ભૂખ જાગી છે ને જેને શાંતિની તથા મુક્તિની તરસ લાગી છે, તેને માટે શું કલ્યાણકારક છે, સંન્યાસ કે કર્મયોગ. એમ પૂછવાનો કાંઈ અર્થ જ નથી. સંન્યાસ ને કર્મયોગ બંને કલ્યાણકારક છે, તે બંને માર્ગો માનવને માટે આશીર્વાદરૂપ છે. જીવનનું મંગલ કરનારા માર્ગો તરીકે તે બંનેને આપણે માનવની સામે મૂકીએ છીએ. પોતપોતાની રૂચિ ને સગવડ પ્રમાણે માનવ તે બંનેમાંથી કોઈ એકનો અથવા બંનેનો આધાર લઈ શકે છે. જીવનની કંગાલિયત

ને નૈતિક તથા આધ્યાત્મિક ગરીબીને દૂર કરવાની શક્તિ તે બંનેમાં છે. બંને જીવનને મહાન, મંગલ, મુક્ત ને શક્તિશાળી તથા શાંતિમય કરી શકે છે. જીવનની દરિદ્રતા બંનેથી દૂર થાય છે માટે તે બંને આવકારદાયક ને આશીર્વાદરૂપ છે.

આપણે મુખ્ય મહત્વ આપવાનું છે તે મારી દૃષ્ટિએ સંન્યાસ કે કર્મયોગને અથવા પ્રવૃત્તિ કે નિવૃત્તિને નહિ પણ જીવનના મંગલને, જીવનની શાંતિને, મુક્તિ તથા પરમાત્માના સાક્ષાત્કારને. જીવનનું મૂળ ધ્યેય એ જ છે ને એ જ કલ્યાણકારક કે આશીર્વાદરૂપ છે. તે ધ્યેયની સદાની સ્મૃતિ ને તેની પ્રાપ્તિ માટેનો પુરૂષાર્થ મંગલકારક છે. તેની વિસ્મૃતિ નુકશાનકારક છે. તે ધ્યેયની પ્રાપ્તિ માણસ પોતાની ઈચ્છાનુસાર ગમે તે માર્ગે કરે, તેમાં આપણને હરકત હોય જ શા માટે ? જીવનની આ મહાયાત્રામાં આપણે યાત્રી બનીને આપણા મૂળ ઘરમાંથી નીકળ્યા છીએ. આપણે આપણા પ્રિયતમ પરમાત્માની પાસે પાછા પહોંચવું છે ને શાંત, મુક્ત ને પૂર્ણ થવું છે. આ કામ આપણે પ્રવૃત્તિની વચ્ચે રહીને કરીએ કે નિવૃત્તપરાયણ થઈને કરીએ, વ્યવહારમાં ને માનવસમૂહની વચ્ચે રહીને કરીએ કે જ્યાં માનવનું દર્શન કો'કવાર જ થઈ શકતું હોય એવા-એકાંત વન કે પર્વતમાં વસીને કરીએ; સંસારી થઈને સ્ત્રી, સંતાન ને સંબંધીઓ સાથે રહીને કરીએ કે તેમની સાથે રહેવાનું નાપસંદ કરીને એકલા જ રહેવાનું પસંદ કરીને કરીએ. બધા માણસોની રૂચિ ને પસંદગી સરખી નથી હોતી. માટે બધા એક જ માર્ગે ચાલશે એ માન્યતા ભૂલભરેલી છે. તેથી આપણે સાધન કે માર્ગોની બાબતમાં બને ત્યાં સુધી ઉદાર ને વિશાળ બનવું જોઈએ. આ જ માર્ગ સાચો છે ને બીજા બધા જ ખોટા છે તથા આ જ માર્ગ કલ્યાણકારક ને બીજા બધા અકલ્યાણ કરનારા છે. જો જો, આ મને પસંદ છે તે માર્ગનો જ આશ્રય લેજો તો જીવશો ને ગતિ પામશો, નહિ તો મર્યા, ને દુઃખ તથા દુર્ગતિ પામશો એ નક્કી સમજજો - એવો હઠાગ્રહ નકામો છે, તેથી તેનો અંત આવવો જોઈએ.

**[ ૨ ] સંન્યાસ્તની ઉપેક્ષા નકામી છે**

કેટલાક માણસો કર્મ ને વ્યવહારનો પક્ષપાત કરે છે, ને સંન્યાસ તથા સંન્યાસીની ટીકા ને નિંદા કરે છે. એ વિશે મેં આગળ પણ ઈશારો કર્યો છે. જે લોકો સંન્યાસ લે છે તે સમાજને ભારરૂપ થાય છે, ને સમાજની પ્રગતિમાં અંતરાયરૂપ બને છે, એવો ખ્યાલ તેમના મનમાં રમી રહ્યો હોય છે. મેદાની પ્રદેશોની વાત જવા દઈએ, ને પર્વતીય પ્રદેશોની વાત કરીએ તો પણ એવા ખ્યાલવાળા કેટલાય લોકો ત્યાં જોવા મળે છે. દેવપ્રયાગમાં સાધુસંન્યાસીને માટે અન્નક્ષેત્ર નથી. ત્યાં સાધુસંન્યાસી વસતિમાં ફરીને ભિક્ષા મેળવી લે છે. વધારે ભાગે તેમને ભિક્ષા મળી જાય છે પણ ખરી. પરંતુ ત્યાંની વસતિમાં પણ કેટલાક વિચિત્ર વિચારવાળા માણસો વસે છે ખરા. મને તો શી ખબર, કેમ કે મારી કુટિયા ગામથી જરા દૂર છે ને ગામમાં આવવા-જવાનું પણ મારે ભાગ્યે જ બને છે. પણ મારી કુટિયાએ બેત્રણ સારા સંતો આવ્યા હતા. તેમણે પોતાના અનુભવની વાત કહેતાં કહ્યું હતું કે ગામમાં ભિક્ષા માંગવા ગયા તો એક બે ઘેરથી એવો જવાબ મળ્યો કે મહારાજ, તમે તો સશક્ત છો. અમારી જેમ ધંધો કરો તો આવી રીતે ભિક્ષા માંગવા આવવું પડે કે ? બીજું કાંઈ ના કરો ને પલટનમાં ભરતી થઈ જાવ તો પણ ઠીક થાય !

આનું નામ અજ્ઞાન. સાધુસંન્યાસી ભિક્ષા માગવા આવે તેનો અર્થ એમ નથી કે તે કોઈના પર બળજબરી કરે છે. તમારા દ્વારે આવીને તે ઈશ્વરના નામે ઊભા રહે છે. તેમની ઝોળીમાં કાંઈ નાંખવું કે ના નાંખવું અથવા તેમને કાંઈ આપવું કે ના આપવું તે તમારી મરજીની વાત છે. સંન્યાસીને આપવાની ભિક્ષા ફરજીયાત નહિ પણ મરજીયાત છે. તે કાંઈ સરકારી ટેક્ષ નથી કે જે ભરવો જ પડે, ને ના ભરો તો કામ ન ચાલે. સરકાર પ્રજાની રક્ષા કરે છે, તથા પ્રજાની સુખાકારી માટે કામ કરે છે. બદલામાં પ્રજા તેને કર આપવાનું સારું સમજે છે. તે પ્રમાણે સાધુસંન્યાસી સમાજની સુખાકારી માટે મદદરૂપ ને સંસ્કૃતિની રક્ષા કરનારા છે. આપણે તેમને રોટી આપીએ છીએ, તેનાં બદલામાં તે આપણને ને સમાજના બીજા સભ્યોને ઘણું ઘણું આપે છે એટલે તેમને ભિક્ષા આપવામાં હરકત કશી જ નથી. એમ સમજીને તમારે ભિક્ષા આપવી હોય તો આપો, ને ના આપવી હોય તો ના આપો. એમાં તમે સંપૂર્ણપણે સ્વતંત્ર છો. તમારે ઘેર કોઈ સાધુ–સંન્યાસી આવે તો તમારે કરવાનું કામ આટલું જ છે. પણ એથી આગળ વધીને તમારૂં સાધારણ કામ મૂકી દઈને તમે વકીલાત કરવાનું શરૂ કરો, ને તેમને કોઈ ધંધો કરવાની કે પલટનમાં ભરતી થવાની વણમાગી સલાહ આપો તે તદ્દન અસ્થાને છે ને તેમાં અજ્ઞાન વિના બીજું કાંઈ જ નથી. સંન્યાસ પણ ઉપયોગી છે ને કેટલાક માણસોને પોતપોતાની રુચિ ને પરિસ્થિતિ પ્રમાણે તેનો આશ્રય લેવાની જરૂર પડે છે તેવા માણસોને માટે તે આશીર્વાદરૂપ થઈ પડે છે–અભિશાપરૂપ નહિ. એ સમજી લેવાની જરૂર છે. એવી કેટલીક જરૂરી સમજથી સંન્યાસ ને સંન્યાસી તરફની ઉપેક્ષાવૃત્તિ દૂર થશે, ને સમાજના ઉપયોગી અંગો તરીકે તેમનું મહત્વ સમજી શકાશે. ત્યારે જ ગીતાના એ ઉપદેશનો મર્મ સમજાશે કે સંન્યાસ પણ જીવનને માટે કલ્યાણકારક છે, જીવનની ઉચ્ચોચ્ચ ઉન્નતિમાં મદદરૂપ છે.

**[ ૩ ] કર્મયોગ પણ જરૂરી છે**

જે સંન્યાસી છે તેમણે પણ એવી કેટલીક જરૂરી સમજ મેળવવાની છે, જેથી તે કર્મયોગને ધૃણાની દૃષ્ટિથી ના જુએ. કેટલાક સંન્યાસીઓમાં કેટલીક ગેરસમજ હોય છે. તેનાથી પ્રેરાઈને તે એમ માને છે ને બીજાને મનાવવા પ્રયાસ કરે છે કે પોતપોતાનાં કર્મ છોડીને બધા સંન્યાસી કે ત્યાગી થઈ જાય તો જ સુખી થાય, પણ એ માન્યતા ખોટી છે. આ સંસારમાં બધાં માણસો પોતપોતાની રૂચિ પ્રમાણે કર્મ કરતાં રહે તે જ સારું છે. સંન્યાસ તો અમુક જરૂરી યોગ્યતાએ પહોંચેલા થોડાક માણસોને માટે જ છે. જો બધા જ માણસો તેનો આશ્રય લેવા જાય, તો પોતાને નુકશાન કરવાની સાથે સાથે સમાજના વ્યવસ્થિત માળખાઓને પણ તે નુકશાન પહોંચાડે, એમાં જરાય સંદેહ નથી. એટલે ત્યાગી કે સંન્યાસીએ બધા પોતાની જેમ ત્યાગી થઈ જાય એવા દુરાગ્રહનો ત્યાગ કરવો જોઈએ. સૌને એક જ ત્રાજવે તોળવાની ખરાબ ટેવ છોડી દેવી જોઈએ તથા પોતપોતાના સ્થાનમાં રહેલાં સૌના મહત્વનો સ્વીકાર કરવો જોઈએ. જે સંસારમાં પ્રવૃત્તિની વચ્ચે રહે છે, વ્યવહાર કરે છે, તેમની કિંમત કદી ઓછી આંકવાની જરૂર નથી. વિચાર તો કરો કે ત્યાગ ને સંન્યાસની આખી સંસ્થા કોના આધાર પર ટકી રહે છે ? તેને કોણ પોષે છે ને સાથ આપે છે ! વ્યવહારવાળા કે ગૃહસ્થાશ્રમી માણસો જ તેમને ભિક્ષાદિ આપીને મદદ કરે છે, ને પોષે છે. એ વસ્તુ તદ્દન સાચી છે. તો પછી તેમનો અનાદર કરવામાં ડહાપણ છે ખરું કે ? તેમને શુદ્ધ, ને છે તેથી વધારે શક્તિશાળી કરવા કોશીશ

કરવામાં આવે તે ભલે, પણ તેમને નકામા કહીને હસી કાઢવાનું કામ જરાપણ સારું નથી એ નક્કી છે. આ પ્રકારનું કામ પણ અજ્ઞાન ને કટ્ટરતાનો નમૂનો છે. ગીતા આની સામે લાલ બત્તી ધરે છે ને ગુણગ્રાહી થવાનું શીખવે છે. છતાં કેટલાય ત્યાગી કે સંન્યાસી પુરૂષો એ શિખામણ પ્રમાણે ચાલતા નથી એ ખરેખર ખેદજનક છે.

હિમાલયમાં કેટલીકવાર સાંજનો સમય ઘણો સુંદર લાગે છે. આકાશના ગુલાબી રંગો પર્વતીય પ્રદેશમાં ઘણા આછા દેખાય છે. છતાં કેટલીકવાર તેને જોતાં તૃપ્તિ થતી નથી. એવા એક સાંજે અમે આશ્રમની બહાર બેઠાં હતાં. એટલામાં એક સંન્યાસી મહારાજ આવી પહોંચ્યા. તે ગુજરાતમાં એક આશ્રમમાં રહેતા હતા, ને બદરીકેદારની યાત્રાએ નીકળ્યા હતા. તેમની સાથે કેટલીક વાતો થઈ. છેવટે તેમણે મને પૂછ્યું : 'તમે અહીં કેટલા વખતથી રહો છો ?'

મેં કહ્યું : 'ચારેક વરસ થયાં.'

તે કહે : 'ઘણી સારી વાત છે. સ્થાન પણ સારું છે. પણ તમે હજી બ્રહ્મ તો નથી થયા ને ?'

મેં પૂછ્યું : 'એટલે ? બ્રહ્મ થવું એટલે શું ?'

'મારી જેમ ભગવાં કપડાં ધારણ કરો, એટલે સીધા બ્રહ્મ થઈ જવાય.' તેમણે જવાબ આપ્યો, 'મને તો ગુરૂએ ભગવું પહેરાવ્યું ને દીક્ષા આપી ત્યારથી બ્રહ્મ થઈ ગયો. હવે આમતેમ આનંદથી ફર્યા કરું છું.'

મેં કહ્યું : 'એમ જ હોય તો તો બ્રહ્મ થવાનું કામ ઘણું સહેલું છે ગુરૂ તો બધે જ મળે છે, ને દીક્ષા આપીને કાન ફૂંકનારા ગુરૂ પણ સહેલાઈથી મળી રહે. બ્રહ્મની પ્રાપ્તિ માટે ને બ્રહ્મમય થવા માટે ઋષિમુનિને આકરાં તપ કરવા પડ્યાં હતાં. એટલે બ્રહ્મ થવાનું કામ આમ બોલી જવા જેટલું સહેલું નથી. કોઈ પણ પ્રકારના સાધન કે પરિશ્રમ વિના એમ સહેલાઈથી બ્રહ્મમય થવું અશક્ય છે.'

'પણ તમે ભગવું પહેરીને જુઓ તો ખરા કે બ્રહ્મમય થવાય છે કે નહિ ? ' તેમણે ચાલુ રાખ્યું.

મેં કહ્યું : "ના, મારે ભગવાંની જરૂર નથી. મને ભગવાંનો મોહ નથી. બધાએ તે પહેરવું જ જોઈએ તેમ પણ હું માનતો નથી. ભગવું તો એક નિશાની છે. તેનો રંગ અગ્નિ જેવો છે. જેમ અગ્નિ પોતાની અંદર હોમાતી વસ્તુને બાળી નાખે છે તેમ ભગવું પહેરનાર માણસે પોતાની કામના ને વાસનાને, અહંવૃત્તિ તથા મમતાને, જ્ઞાનના અગ્નિથી બાળી દીધી છે એમ જાણી શકાય છે. આ જણાવવા ને પહેરનાર માણસે પોતે નિરંતર જાણવા માટે ભગવું પહેરાવાય છે. પણ બધાએ તેનો આશ્રય લેવો જ જોઈએ એવો દુરાગ્રહ નકામો છે. જે બ્રહ્મમય થાય છે તે તો બીજા બધા પ્રત્યે સમતા ને સહાનુભૂતિ રાખે છે, સૌમાં પરમાત્માનું દર્શન કરે છે ને નમ્રતા ધારણ કરે છે. તમે તો નમ્રતા ને સહાનુભૂતિ ધારણ કરવાને બદલે કટ્ટર બન્યાં છો એટલે તમે બ્રહ્મમાં નહિ પણ ભ્રમમાં રમો છો. હજી જીવન બાકી છે, ત્યાં સુધી ચેતી જશો ને સૌને ભગવાં પહેરાવીને બ્રહ્મમય બનાવવાની ભ્રમણા દૂર કરશો તો પરમાત્માની કૃપાથી ખરેખર બ્રહ્મમય બની શકશો. બાકી હાલની દશા જોતાં તો તમારું ભાવિ નબળું છે."

પણ વરસોથી પડેલા વિચાર ને સંસ્કાર એમ કાંઈ એકાદ વાત સાંભળવાથી જાય ખરા ? જરૂર જાય. વાલ્મિકી જેવાનું ઉદાહરણ તેમાં સૂર પુરાવે છે. ઓરડામાં ઘણા દિવસનો અંધકાર જામેલો છે પણ દીપકનો પ્રકાશ થતાં તે તરત જ અદૃશ્ય થાય છે. તે પ્રમાણે જૂના સંસ્કાર પણ થોડીવારમાં જ પલટાવી શકાય ખરા.

પણ તે ક્યારે ? માણસના દિલમાં તેમને પલટાવવાની સાધારણ પણ ઈચ્છા હોય ત્યારે. તે ઉપરાંત તેને પલટાવનાર વ્યક્તિ કે વાતાવરણ પણ પૂરતું પ્રબલ ને અસરકારક હોય ત્યારે. સંન્યાસી મહારાજને પોતાની ત્રુટિ કોઈ ઉપાયે દેખાતી જ ન હતી એટલે તેમને માટે પલટો ખાવાની આશા જ ક્યાં હતી ?

આવી રીતે કેટલાય સંન્યાસીઓમાં કટ્ટરતા ને અજ્ઞાન દેખાય છે. તે દૂર કરવાની ગીતામાતાની આજ્ઞા છે. સંન્યાસ ને કર્મયોગ બેમાં શું કલ્યાણકારક છે તેમ અર્જુને પૂછ્યું છે. તેના ઉત્તરમાં ભગવાને કોઈ એકને કલ્યાણકારક કહ્યું નથી. તેમ કહ્યું હોત તો તે દ્વારા વિરોધ ને વૈમનસ્યનું એક બી વવાત, પણ ભગવાન એવું શા માટે કરે ? તે તો કુશળ હતા. સાચી વસ્તુને સમજવાની તેમની શક્તિ હતી. એટલે તેમણે નાહકના વિવાદનો અંત આણ્યો છે ને સાચી તથા મુખ્ય વસ્તુ પર પ્રકાશ ફેંક્યો છે. એંસી વરસની વયે કુરૂક્ષેત્રના મેદાનમાં અર્જુનનો રથ ચલાવવા તૈયાર થયેલા કૃષ્ણ કેટલા મોટા કર્મયોગી હશે તેનો ખ્યાલ કરો. સાંજ પડે છે ને લડાઈનો સમય પૂરો થાય છે ત્યારે તે ઘોડાને પાણી પાય છે, ખવડાવે છે ને પંપાળે છે. તેમનામાં કટ્ટરતા હોત તો તે કર્મનો જ મહિમા ગાવા મંડી પડત, ને ત્યાગ કે સંન્યાસને વગોવત. પણ તેમ નથી થયું. કેમ કે તે કટ્ટરતાથી રહિત છે. કર્મયોગ ને સંન્યાસ બંને જીવનને માટે ઉપકારક છે એમ તે જાણે છે ને તેથી તે બંનેને કલ્યાણકારક કહી બતાવે છે. તેમને પગલે ચાલીને આપણે પણ કટ્ટરતામાંથી મુક્ત થવાનું છે, ને વિશાળ ને ઉદાર હૃદયનાં બનવાનું છે.

**[ ૪ ] કર્મસંન્યાસથી શ્રેષ્ઠ કર્મયોગ**

કોઈ બોલી ઊઠશે કે તમારી વાત સાચી છે. આ સ્વભાવથી જ વિરોધવાળી દુનિયામાં વધારે વિરોધ કે વિવાદ ઉપજાવવાની જરૂર નથી. પણ ભગવાને શું એમ નથી કહ્યું કે સંન્યાસથી કર્મયોગ ઉત્તમ છે ? પાંચમાં અધ્યાયની શરૂઆતમાં ભગવાને પોતાનો એવો અભિપ્રાય ચોખ્ખા શબ્દોમાં આપી દીધો છે. તેમને આપણે જરા શાંતચિત્તે વિચાર કરવાનું ને પછી જ કોઈ નક્કી અભિપ્રાય પર આવવાનું કહીશું. આપણે કહીશું કે ભાઈ જરા વિચાર તો કરો, ગીતાને જરા ધ્યાનપૂર્વક વાંચો તો ખરા. પછી તમને ભગવાનના શબ્દોનું રહસ્ય સમજાશે. ભગવાને એમ નથી કહ્યું કે સંન્યાસ કરતાં કર્મયોગ ઉત્તમ છે. તેમણે કહ્યું છે કે કર્મસન્યાસ કરતા કર્મયોગ ઉત્તમ છે. ભગવાન ને તેમની વાણીને રજૂ કરનાર મહર્ષિ વ્યાસ ભાવો ને શબ્દોના મહાન શિલ્પી છે. બહુ સંભાળીને ને કુશળતાથી એક નિષ્ણાતની જેમ તે શબ્દો વાપરે છે, એક કુશળ કારીગરની જેમ તે શબ્દોની કારીગરી કરે છે. તેનું જરા ધ્યાનપૂર્વક મન મૂકીને નિરીક્ષણ તો કરો.

ત્યારે સંન્યાસ ને કર્મસંન્યાસ બે જુદાં છે ! જરૂર એમાં શંકા કરવા જેવું છે જ શું ? સંન્યાસ એટલે ત્યાગ. માણસ ઘરનો ત્યાગ કરે છે, ધનનો કરે છે, ને લૌકિક વ્યવહારોનો પણ ત્યાગ કરે છે. એ ત્યાગ શું કામ થાય છે ? પરમાત્માની પ્રાપ્તિ કરવામાં મદદ મળે તે માટે. પોતાનું બધું ધ્યાન એક પરમાત્મામાં જ લગાડીને કે આત્મિક વિકાસના અગત્યના કામમાં એકાગ્ર કરીને, પરમશાંતિ, મુક્તિ કે પૂર્ણતા મેળવી શકાય તે માટે. તે માટે તે નિવૃત્તિને પસંદ કરે છે, ને જરૂર વિનાના બીજા બધા જ વ્યવહારોને ટૂંકાવી નાખે છે. તે છતાં તે કર્મ તો કર્યા જ કરે છે. ચાહે તે કર્મ જ્ઞાનપ્રાપ્તિનું કે યોગસાધનાનું અથવા લોકસેવાનું કે પરમાત્માના દર્શનનું હોય. કર્મનું સ્વરૂપ ફરી જાય છે પણ જ્યાં સુધી તે સાધક છે, ત્યાં સુધી કર્મ તો કરે જ

છે. પણ બધા માણસોનું આવું થોડું જ હોય છે ? કેટલાક માણસોની વાત આથી જુદી જ હોય છે. તે સંન્યાસ લે છે, પણ કર્મનો પણ સંન્યાસ લે છે. તેમના જીવનનું કોઈ ખાસ ધ્યેય હોતું નથી, ને તે ધ્યેયની પૂર્તિ માટે તે પુરૂષાર્થ પણ કરતા નથી. સંન્યાસી કે ત્યાગી થઈને તે ફાવે ત્યાં ફરતાં રહે છે, ને ભિક્ષા માગીને કે બીજી રીતે પેટ ભરે છે. પણ પેટ તો કૂતરાં બિલાડા પણ નથી ભરતાં કે ? ત્યાગી જો પેટ ભરીને જ બેસી રહે તો તેનો ત્યાગ શોભે કેવી રીતે ? ભિક્ષા લઈને તેણે તપ કરવાનું છે ને જ્ઞાન મેળવીને પૂર્ણતાએ પહોંચવાનો પ્રયાસ કરવાનો છે. ત્યાગ કરીને ત્યાગના આદર્શની પ્રાપ્તિ કરવાની છે. પ્રમાદી, આળસુ ને જડ જેવા બની જવાથી આ બધું કેવી રીતે બની શકશે ? આજે કેટલાય પુરૂષો ત્યાગ કરે છે, ને સુસ્ત બને છે. પોતાના કે બીજાના હિતનું કોઈ જ નક્કર કામ તે કરતા નથી, રમતારામ થઈને ભોળી ને ધર્મઘેલી જનતાની શ્રદ્ધાનો ગેરલાભ ઉઠાવીને તે આનંદ કરે છે ને કેટલાક સંજોગોમાં તો જુદાજુદા પ્રપંચ ને ચોરી જેવાં અનીતિનાં કામોમાં પણ ભાગ લે છે. આ પુરૂષો ત્યાગી કે સંન્યાસી હોત તો તે સારું પણ તે તો કર્મસંન્યાસી છે.

આવા આળસુ ને એદીખાનાની મૂર્તિ જેવા ત્યાગી પુરૂષો કરતાં તો જે માણસો વ્યવહારમાં રહીને, પોતાની ફરજ સંભાળીને પોતાની ને બીજાની ઉન્નતિને માટે સાવધ રહીને, વિચારપૂર્વક કર્મ કરે છે, તે માણસો ઉત્તમ છે. ભલે તે આત્મિક ઉન્નતિના કામમાં ઝાઝું ધ્યાન ના આપતા હોય ને સાંસારિક સુધારણા ને પ્રવૃત્તિઓમાં જ રત રહેતા હોય તો પણ તે પેલા કાંઈ જ ના કરનારા ને પોતાને ને બીજાને ભારરૂપ થનારા કર્મસંન્યાસીથી ઉત્તમ છે એવો ભગવાનનો અભિપ્રાય છે. એટલે જ ભગવાન કહે છે કે સંન્યાસ ને કર્મયોગ બંને કલ્યાણકારક છે. તેમાં કોઈ ઉત્તમ કે અધમ નથી, પણ કર્મના સંન્યાસ કરતાં કર્મનો યોગ વધારે સારો ને ઉત્તમ છે. આ રીતે સમજવામાં આવે, તો ખોટી શંકા ને ખોટા વિવાદનો અંત આવે. માટે જ મેં કહ્યું છે કે ગીતાનો વિચાર ખૂબ ધ્યાન દઈને કરવાની જરૂર છે તે સંબંધી સાહસ કરવું નકામું છે. જ્યાં સમજ ના પડે, ને શંકા થાય, ત્યાં શાંતિ રાખીને ભગવાનને પ્રાર્થના કરજો. એટલે તમારા દિલમાં સત્યનો પ્રકાશ જરૂર પથરાશે. વિવેકની એવી અદ્ભૂત શક્તિનું તમને દાન મળશે કે જેથી દૃષ્ટિ દૈવી બનશે. મૂંઝવણોનો અંત આવશે. ભગવાનને પ્રાર્થના કરવાથી આ બધું જરૂર શક્ય બનશે.

### [ ૫ ] સાચો સંન્યાસી કે ત્યાગી

ત્યારે સાચો કોણ સંન્યાસી કે ત્યાગી ? ગીતા કહે છે કે કોઈ માણસ ઘર છોડે, સ્વજન છોડે કે સ્ત્રી ને સંતાન છોડે, ને નામ તથા વેશ બદલી નાખે, તેથી તેને ત્યાગી કે સંન્યાસી કહી શકાય નહિ. ગીતામાં જ્યાં જ્યાં ત્યાગની વાત આવે છે ત્યાં કામક્રોધ ને લોભ તથા અહંકાર ને મમતાનો ત્યાગ કરવાનું કહેવામાં આવે છે. પણ ઘરબાર ને સ્વજનોનો ત્યાગ કરવાનો ઉપદેશ કોઈ યે ઠેકાણે મળતો નથી એનું કારણ એ છે કે માણસ બહારના ત્યાગ કે વેશપલ્ટા કરતાં અંદરના ત્યાગને મહત્વનો માને એવી ગીતાની સૂચના સાચી છે. કેમકે અંદરનો ત્યાગ જ સાચો છે. દુર્ગુણોને છોડવાનું કામ કેટલું કપરૂં છે તે સૌ જાણે છે. વળી અહંકાર, મમતા ખોટા વિચાર ને વિકારનો ત્યાગ કરવાનું કામ પણ ઓછું કઠિન નથી. ભલભલા પંડિત ને પહેલવાનો પણ એ કામમાં પાછા પડે છે. જે માણસ એ કામ કરવા તૈયાર થાય છે, ને તેમાં સફળ થવાનો પુરૂષાર્થ કરે છે, તે સાચો વીર છે, ને મહાન પણ તે જ છે. પોતાના દુર્ગુણો ને દુષ્ટ વિકારોની સાથે સાથે પોતાના

જીવનનો ને જીવનની મિલ્કતનો જે પરમાત્માના પવિત્ર ચરણોમાં ત્યાગ કરે છે તે જ સાચો ત્યાગી છે, ને સાચો સંન્યાસી પણ તે જ છે. તેવા પુરૂષની પાસે ત્યાગનું લેબલ કે ત્યાગનો પરવાનો નહિ હોય તેથી તે ત્યાગી નથી એમ નથી. તેણે અંદરનો સાચો ત્યાગ કરેલો છે તેથી ગમે ત્યાં ને ગમે તે દશામાં રહેવા છતાં તે ત્યાગી જ છે. તેને કોઈના પર દ્વેષ કે વેરભાવ નથી, તેમજ કોઈ દુન્યવી સુખની કામના પણ નથી. તે સૌના પર પ્રેમ રાખે છે. સૌનું હિત ચાહે ને કરે છે, તથા સૌમાં રહેલા પરમાત્માનું દર્શન કરે છે. માન ને અપમાન ; નિંદા ને સ્તુતિ તથા સુખદુઃખથી તે ચલિત થતો નથી, પોતાના સ્વભાવને સુધારીને તેણે મન ને ઈન્દ્રિયોનો કાબુ કર્યો હોય છે, ને અજ્ઞાનને દૂર કરી જ્ઞાનના પાવન પ્રદેશમાં સ્થિતિ કરી હોય છે આવો પુરૂષ સાચો સંન્યાસી ને ત્યાગી છે. તે ગમે તે નામ કે રૂપમાં ને સ્થળમાં હોય તો પણ સદાયે વંદનીય છે એમાં સંદેહ નથી.

**[ ૬ ] ત્યાગી અને વેરઝેર**

જેની અંદર રાગ ને દ્વેષ ભરેલાં છે, ને અહંકાર તથા મમતા રહેલાં છે, તેને સાચો ત્યાગી કે સંન્યાસી કેવી રીતે કહી શકાય ? જે સંયમી નથી ને સ્વચ્છંદી છે, તે પણ ત્યાગીના ઉત્તમ વર્ગમાં બેસવા માટે અધિકારી નથી. સંન્યાસી કે ત્યાગી પુરૂષ ખૂબ સંયમી હોવો જોઈએ.

ત્યાગી કે સંન્યાસીમાં પણ અંદરઅંદર વેરઝેર દેખાય છે. મોટાઈ ને અહંકારના રોગથી તે પણ પીડાય છે ને કેટલીકવાર તો લઠ્ઠ થઈને પરસ્પર લડવા પણ નીકળી પડે છે. અલબત્ત, બધા સંન્યાસીઓ આવા નથી હોતા. પણ જે સંન્યાસીઓ આવા છે તે ત્યાગની મહાન સંસ્થાને માટે શરમરૂપ છે એમાં શંકા નથી. કુંભમેળામાં જુદા જુદા પ્રકારના સાધુઓનાં સરઘસ નીકળે છે. તે સાધુઓમાં જે પોતાને શ્રેષ્ઠ સમજે છે તેમની અંદર સરઘસમાં સૌથી પહેલું કોણ રહે તે વિષે વિવાદ થાય છે. હરદ્વારના કુંભમેળામાં મોટા મનાતા મંડલેશ્વરો વચ્ચે એવો વિવાદ થયો હતો. મોટા મોટા સાધુઓમાંથી કોનો હાથી સૌથી પહેલો ચાલે તે પ્રશ્ન પર ટપાટપી થઈ હતી. ને તેનો અંત કેવો આવ્યો તે ખબર છે ? એક યોગીરાજ ને મહાન પુરૂષ સંન્યાસી મહારાજે હાથી પર ચઢવાનું ને સરઘસમાં નીકળવાનું બંધ રાખ્યું. તેમને મનાવવાના પ્રયાસો થવા માંડ્યા. મેળામાં મહાત્માઓના દર્શન માટે એકઠા થયેલા કેટલાય લોકો આ દૃશ્ય જોતા હતા, ને વિચારતા હતા કે ત્યાગી થયા પછી પણ જો મોટા-નાનાના અહંકારને વળગી રહેવાનું હોય તો તેવો ત્યાગ શું કામનો ? તેવા ત્યાગી કરતાં તો આપણે સંસારી માણસો જ વધારે સારા છીએ. આવા ત્યાગીઓનાં જીવનમાંથી આપણને અપનાવવા જેવું શું મળે ? સરઘસમાં આગળ ચાલવામાં મોટાઈ માનનાર ને આગળ ચાલવા ના મળતાં ગુસ્સે થઈને સરઘસનો બહિષ્કાર કરવા તૈયાર થનાર સાધુઓ એવા બાહ્ય વિવાદોનો ત્યાગ કરીને, માનાપમાનમાં સમતા ધારણ કરવાનો પ્રયાસ કરવાની સાથે સાથે સાચા સાધુ કે સંત થવાનો પુરૂષાર્થ કરશે, ને સંતપુરૂષનાં સાચા લક્ષણોને વળગી રહેવાનો આગ્રહ રાખશે તો સાધુસમાજનું ને ત્યાગમય જીવનનું વધારે શ્રેય સાધી શકશે ને પોતાનું પણ મંગલ કરશે એમાં સંદેહ નથી.

**[ ૭ ] ત્યાગી અને સ્ત્રી**

ત્યારે સંન્યાસી કે ત્યાગીની સાથે કોઈ સ્ત્રી રહેતી હોય તો ? તેવો માણસ ત્યાગી કે સંન્યાસી કહેવાય કે નહિ ? આ પ્રશ્ન ઘણા માણસોના મનમાં ઊઠે છે. કેટલાક માણસોની વૃત્તિ જ એવી હોય છે કે કોઈ ત્યાગી પુરૂષની સાથે સ્ત્રી જોઈને તેમનું દિલ શંકાશીલ બને છે, ને અનેક પ્રકારના તર્કવિતર્ક કરવા માંડે છે. કેટલાક તો ત્યાગી પુરૂષનું પતન થયું એવો અભિપ્રાય પણ આપવા માંડે છે. તે સંબંધમાં આપણે એટલું જ કહીશું કે ત્યાગી પુરૂષની સાથે કોઈ કારણથી કોઈ સ્ત્રી રહેતી હોય, તેથી ત્યાગી પુરૂષનું પતન થઈ ગયું એમ માનવાનું સાહસ કરવાનું બરાબર નથી. ત્યાગી પુરૂષે બનતાં સુધી તો કોઈપણ પુરૂષ કે સ્ત્રીના સંગમાં ના રહેવું જોઈએ. પણ જુદાં જુદાં માણસો સાથેના સમાગમ ને સંબંધ આપસના ઋણાનુંબંધ ને ઈશ્વરની ઈચ્છા પ્રમાણે નક્કી થાય છે. તે પ્રમાણે કોઈ ત્યાગી પુરૂષને કોઈ એક કે વધારે પુરૂષ કે સ્ત્રી સાથે રહેવાનો યોગ થાય તો તેટલાથી જ તેનું પતન થયું એવો ઉતાવળિયો અભિપ્રાય આપવા માંડવું તે ઠીક નથી.

સ્ત્રીની સાથે રહેવાથી માણસનું પતન થાય છે જ એમ નથી. માણસ સ્ત્રીને કયી દૃષ્ટિથી ને કેવા રૂપમાં જુએ છે તેના પર તેના ઉત્થાન કે પતનનો આધાર રહે છે. સ્ત્રીની સાથે રહીને માણસ આગળ પણ વધી શકે છે, ને તેની અંદર માનું દર્શન કરી શકે છે. એથી ઉલટું, જો તેનું અંતર કામના વાસના કે વિકારથી ભર્યું હોય, ને સ્ત્રીને તે મલિન નજરે જોતો હોય તો તેનું પતન થાય છે. સ્ત્રી પોતે ખરાબ નથી પણ માણસની દૃષ્ટિ ખરાબ છે. તે દૃષ્ટિને સુધારીને સ્વચ્છ કરવાથી સ્ત્રીની હાજરી બાધક નહિ પણ સાધક બને છે. એટલે પ્રત્યેક પ્રસંગે પરિસ્થિતિનો પુરતો વિચાર કર્યા પછી જ અભિપ્રાય આપવો જોઈએ.

પણ રૂઢ વિચારવાળા કેટલાક માણસોમાં સહાનુભૂતિ, સમજ ને ઉદારતાનો અભાવ હોય છે, ને તેને લીધે તે લાંબો ને પુરો વિચાર કરવાની તસ્દી જ લેતા નથી. તેમના મનમાં રૂઢ થઈ ગયેલા સંસ્કારને તે કોઈપણ કાળે છોડવા માગતા નથી. તેવા માણસો તો કોઈ ત્યાગી કે સંન્યાસીને કોઈ સ્ત્રી સાથે જોશે એટલે મોઢું ચઢાવીને તરત બોલી ઊઠશે કે જોયું ? કેવી માયામાં સપડાયા છે ! પણ સ્ત્રી માયામાં સપડાવનારી છે તેમ માયાથી મુક્ત કરનારી પણ છે તે વાત તે ભાગ્યે જ જાણે છે.

હમણાં જ અહીં એક દંડી સંન્યાસી પધાર્યા હતા. સારા વિદ્વાન હતા. ભારતમાં અનેક ઠેકાણે ફર્યા હતા. તેમણે વાતવાતમાં એક વાર પોતાના શ્રોતાજનોને હિમાલયના મહાત્માઓ વિશે કહ્યું. તે દરમ્યાન ગંગોત્રીમાં રહેતા સ્વામી કૃષ્ણાશ્રમની વાત પણ કરી, ને અભિપ્રાય આપ્યો કે કૃષ્ણાશ્રમ પહેલાં તો સારા તપસ્વી હતા. પણ હવે તેમની સાથે એક પહાડી સ્ત્રી રહે છે ને તેને લીધે તેમનું પતન થયું છે. શ્રોતાજનો બધું રસપૂર્વક સાંભળ્યે જતા હતા. કૃષ્ણાશ્રમજી કેટલાય વરસથી ગંગોત્રીમાં રહે છે. ગંગોત્રીમાં સખત ઠંડી પડે છે છતાં તે નગ્ન રહે છે. કેટલાક વરસોથી ગંગોત્રીની પાસેના ગામની એક સ્ત્રી તેમની સેવામાં રહે છે. આ સ્ત્રી જ્યારે સૌથી પહેલાં તેમની સાથે રહેવા ગઈ, ત્યારે સાધુ સમાજમાં ભારે વિવાદ જાગ્યો હતો. એટલે સુધી કે તે વાત સાધુઓ તરફથી તે વખતના ટિહરી સ્ટેટના રાજાને પણ પહોંચાડવામાં આવી હતી. તે વિશે તપાસ પણ થઈ હતી. હિમાલયમાં સાધુઓ વધારે ભાગે આશ્રમોમાં રહે છે પણ તે આશ્રમોમાં કોઈ સ્ત્રી સભ્ય ભાગ્યે જ જોવા મળે છે. એટલે કૃષ્ણાશ્રમની સાથે જ્યારે પેલી પર્વતીય સ્ત્રીએ રહેવાનું શરૂ કર્યું, ત્યારે ભારે ચકચાર જાગી. છતાં જે થવાનું હતું તે તો થયા જ કર્યું.

આજે ગંગોત્રીમાં કૃષ્ણાશ્રમની સાથે તે સ્ત્રી રહે છે. કૃષ્ણાશ્રમે પોતાની મઢુલીની પાસે જ તે સ્ત્રીને માટે એક મઢુલી બનાવી છે. પણ એટલાથી જ કૃષ્ણાશ્રમનું પતન થયું એમ કેમ કહેવાય ? હા, તે સ્ત્રીના પરિચયમાં આવીને જો કૃષ્ણાશ્રમજી તપ કરવાનું ભૂલી ગયા હોય, ને બ્રહ્મચારી મટી ભોગી થયા હોય, તો તેમનું પતન થયું છે એમ કહી શકાય. પણ તે તો હજી પણ હિમાલયના એ ઠંડા સ્થાનમાં મૌનવ્રત રાખીને નિવાસ કરે છે ને એ જ રીતે પદ્માસન વાળીને શાંતિપૂર્વક બેસી રહે છે. વધારામાં તે સ્ત્રીનો વિકાસ થયો હોય તેમ દેખાય છે. જેઓ દર્શનાર્થે આવે છે તેમની સાથે તે વાત કરે છે ને તેમને સ્વામીજીનાં દર્શને લઈ જાય છે. તેમણે ભગવા વસ્ત્રો ધારણ કર્યા છે, ને સ્વામીજીની સાથે રહીને તેમની સેવા કરવાનો સંકલ્પ કર્યો છે. બંનેમાંથી કોઈયે પથચ્યુત થયું હોય તેવું દેખાતું નથી.

તો પછી પતન કોનું થયું ? શું બીજાને માથે આળ ચઢાવનાર માણસનું જ પતન નથી થયું ? માણસ સ્ત્રીની સાથે રહે કે વાત કરે એટલે તેનું પતન જ થઈ જાય એવી ફિલસુફીમાં માનવાનું ને પૂરતી જાત તપાસ વિના ગમે તેવા માણસ વિશે ગમે તેવો અભિપ્રાય આપવાનું કામ આપણને પસંદ નથી; ને કોઈપણ ડાહ્યા માણસને પસંદ નહિ પડે તેની આપણને ખાત્રી છે. એમ તો મહાન યોગી શ્રી અરવિંદની પાસે શું એક વિદેશી સ્ત્રી નથી રહ્યાં ? શું રામના મહાન કૃપાપાત્ર ભક્ત ને સંત રામદાસની પાસે કૃષ્ણાબાઈ નથી રહ્યાં ? તેમનાં સંબંધમાં પણ મનગમતા અભિપ્રાય આપનારા કેટલાક માણસો હશે, પણ વધારે ભાગના માણસોને માટે તો તે માતા થઈ પડ્યાં છે. એટલે સંસારમાં કોઈ ઠેકાણે કોઈ પ્રસંગ એવો બને કે જે આપણી રૂચિની વિરૂદ્ધ હોય, તો તેથી મનગમતા અભિપ્રાય આપવાનું સાહસ કરવું બરાબર નથી. ખાસ કરીને મહાન પુરૂષોના સંબંધમાં કાંઈ પણ કહેતા પહેલાં વારંવાર વિચાર કરવો જોઈએ.

છતા એટલી વાત તો સાચી છે કે જેમ સાપની સાથે રહીને શાંત રહેવું કઠિન છે, તેમ વિકાર ઉત્પન્ન કરનારી વ્યક્તિ કે વસ્તુની સાથે રહીને નિર્વિકાર રહેવું પણ એવું જ કઠિન છે. એટલે માણસે પ્રત્યેક પગલે સાવધાન રહેવાની જરૂર છે. દિલમાં વધારે ને વધારે પવિત્રતા જન્માવવાની જરૂર છે. આ કામ કરોડોમાં કો'ક જ કરી શકે છે. એટલે વધારે ભાગના માણસોને તો શાસ્ત્રો ને સંતોએ બહારના વાતાવરણનું ખૂબ જ ધ્યાન રાખવાનું કહ્યું છે તે સારું જ છે.

કેટલાક વખત પહેલાં એક સાધારણ શંકરાચાર્ય ગુજરાતનાં ગામડાની મુલાકાતે આવ્યા હતા. તેમની સાથે તેમની સ્ત્રી પણ હતી. તે ખુલાસો કરતાં કહેતા કે શું વશિષ્ઠ ને અરૂંધતિ ન હતી કે ? તેમની વાત સાચી હતી. પણ વશિષ્ઠ ને અરૂંધતિનું જીવન કેટલું સંયમી હતું તે ખબર છે ? વળી શંકરાચાર્યે પત્ની સાથે ના જ રહેવું જોઈએ એવી મર્યાદા છે તેનું પાલન જરૂરી છે. નહિ તો સમાજમાં અવ્યવસ્થા થાય. એટલે ત્યાગી કે સંન્યાસીએ સ્ત્રીની સાથે કોઈપણ સંજોગોમાં કામવાસના કે મલિન ભાવથી જ ના રહેવું જોઈએ, એ વાત સાથે આપણે સાચે જ સંમત થઈશું.

### [ ૮ ] ત્યાગ અને કર્મ સંકળાયેલા છે

આટલી વાત કર્યા પછી આપણે આપણા મૂળ મુદ્દા પર આવીએ છીએ કેમ કે ભગવાન હવે પહેલાંની વાતને ફરી વાર કહે છે. પહેલાંની વાત જ્યારે ફરીવાર કહેવામાં આવે ત્યારે શું સમજવું ? એ જ કે તે બહુ

મહત્વની છે. ભગવાન કહે છે કે હે અર્જુન, જ્ઞાન ને યોગ કે ત્યાગ ને કર્મ કાંઈ જુદી કે વિરોધાભાસી વસ્તુઓ નથી. એ વાતને તું હૃદયમાં લખી રાખજે. ડાબા ને જમણા પગની પેઠે તે જીવનમાં બે જરૂરી અંગ છે અથવા પંખીની બે પાંખની જેમ જીવનની સ્થિરતા ને પ્રગતિ માટે ઉપયોગી છે, બંને પરસ્પર સહાયક છે. માણસ તે બંનેનું આચરણ કરી શકે છે અથવા તો તે બંનેમાંથી કોઈ એકનો આધાર લઈને બંને દ્વારા મળનારા ફળને એટલે કે શાંતિ, મુક્તિ કે પૂર્ણતા ને પરમાત્માની પ્રાપ્તિને મેળવી શકે છે. એટલે જ્ઞાન મોટું કે કર્મ, ત્યાગ મોટો કે વ્યવહાર એ વસ્તુના વિવાદમાં પડવાની જરૂર નથી. તેવા વિવાદમાં પડવાથી કાંઈ જ લાભ નથી. ઉલટું નુકસાન છે કેમ કે તેથી કટ્ટરતા ને દ્વેષ વધે છે. એટલે જ ભગવાન કહે છે કે તેવા વિવાદમાં પડનારા પુરૂષો પંડિત કે પ્રાજ્ઞ નથી, પણ બુદ્ધિમાં બાલક જેવા છે. તેમને માટે ભગવાને 'બાલાઃ' એટલે બાલકો એવા શબ્દનો ખાસ પ્રયોગ કર્યો છે. માટે વિવાદ ને વિખવાદ વધારવાની જરૂર નથી.

સંસાર વિવાદ ને વિખવાદથી ભરેલો છે. તેને ઓછો કરવાને બદલે વધારવાનું કામ સારું નથી. ખાસ કરીને જ્ઞાની કે પંડિત પુરૂષોને માટે તો નહિ જ. પરંતુ વાત જુદી દેખાય છે. જ્ઞાની કે પંડિત પુરૂષો જ બુદ્ધિનું પ્રદર્શન કરવા માટે બિનજરૂરી વિવાદ ઊભો કરે છે, ને તેમાં જ આનંદ માને છે. જૂના વખતમાં આખલાની સાઠમારી ઘણી થતી. અરે માણસો પણ પરસ્પર લડવામાં આનંદ માનતા, ને તે જોવા માટે બીજા કેટલાય માણસો ભેગા થતા. હજી પણ તે પદ્ધતિ ચાલે છે ખરી. પંડિતોની પદ્ધતિ પણ તેવી જ છે. પણ ફેર એ છે કે તેમાં બુદ્ધિની લડાઈ ચાલે છે; વિદ્વતા કે ભાષાની કુસ્તી થાય છે. શબ્દોની સાઠમારી ચાલે છે. જેમને તે જોવાનો લાભ મળ્યો હશે તે આ વાતને સહેલાઈથી સમજી શકશે. ગીતામાતા આપણને સૂચના આપે છે કે વિદ્વતાથી અહંકારી કે દંભી ના બનશો પણ નમ્ર થજો. વિદ્યા હોય તો તેથી વિવાદ ને વિખવાદ ના વધારશો. પણ વિવાદ કે વિખવાદને સમાવી દેજો ને પ્રકાશ પામીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવા પ્રયાસ કરજો. વિદ્વતાની ખરી નિશાની એ છે કે તે દરેક વસ્તુને તેના મૂળ રૂપમાં જુએ છે ને ઓળખે છે; દરેક વસ્તુનું મહત્વ જાણે છે, ને વસ્તુને સન્માનથી જુએ છે. જ્યાં ભેદભાવ છે ત્યાં તે ભેદભાવને દૂર કરવાનું કામ કરે છે.

**[ ૯ ] સંન્યાસ કે ત્યાગ સહેલો નથી**

ત્યાગ કે સંન્યાસ કાંઈ રમત નથી. તેનો આશ્રય લેવાનું કામ કઠિન છે. તેને પચાવવાનું કપરૂં છે. માણસ સ્વભાવથી સમાજમાં ભળવા માટે ટેવાયેલો છે. તેને એકાંતમાં રહેવું ભાગ્યે જ ગમે છે. એ વિચારથી પ્રેરાઈને તો આપણે ત્યાં નજરકેદની સજા શોધવામાં આવી છે. માણસને ખાવાપીવાની, વાંચવાની ને વસવાની સારામાં સારી સગવડ આપવામાં આવે છતાં તેને એકલા રહેવું મુશ્કેલ લાગે છે. મિત્રો ને બીજા માણસોને મળવાનું ને પ્રિયજનો સાથે ફરવાનું તેને સારું લાગે છે. જરાક કામમાંથી નવરાશ મળી એટલે તેને ક્યાંક જવાની કે કોઈની સાથે વાતે વળગવાની ઈચ્છા થાય છે. ઉપનિષદકાર સાચું કહે છે કે વિધાતાએ મન ને ઈન્દ્રિયોને પહેલેથી જ બહિર્મુખ બનાવી છે, એટલે તે બહારના પદાર્થોમાં ફર્યા જ કરે છે. તેમના પુરાણા પ્રવાહને પલટાવીને તેમને અંતર્મુખ કરવાનું કામ શું સહેલું છે કે ? લાંબા વખત લગી એકાંતમાં રહીને તેમણે પ્રભુપરાયણ કરવાનું કામ સરલ છે કે ? માણસો કેટલીક વાર ક્ષણિક આવેશમાં આવી જાય છે ને કહેવા માંડે છે કે ભાઈ, હવે તો આપણને કંટાળો આવી ગયો છે, વૈરાગ્ય થઈ ગયો છે. બસ હવે તો આપણે

બધું છોડીને ચાલી નીકળીશું. કાશીવાસ કરીશું કે પછી વૃંદાવન કે હિમાલય જઈને રહીશું. એમ પણ કહે છે કે હવે તો સંસાર કડવો લાગે છે. તેમાં કાંઈ જ સુખ નથી. હવે તેને છોડી દેવાનો જ વિચાર છે.

આપણે તેમને સલાહ આપીએ કે ભાઈ, એમ કાંઈ બધું છોડી ના દેવાય, બધું છોડીને ત્યાગી થઈને ઈશ્વરપરાયણ થવાનું કામ કપરૂં છે. વળી બહાર વાતાવરણ પણ જોઈએ તેવું સારૂં નથી. માટે ઘરમાં રહીને જ પ્રભુપરાયણ બનો તો તે વધારે જોરથી બોલવા માંડે છે કે ના, હવે તો સંસારમાં ગમતું જ નથી. પણ જ્યારે સંસારને છોડીશુ ત્યારે અમે તો વીરતાપૂર્વક ને દિવસે છોડીશું. બુદ્ધ ભગવાનની જેમ રાતે નહિ છોડીએ. ભલેને અમારા વૈરાગ્યની બધાને ખબર પડી જાય. બોલવામાં ને કરવામાં કેટલો બધો ફેર છે !

આવા એક ભાઈ થોડાંક વરસો પહેલાં હિમાલયમાં આવી ગયા હતા. ચારપાંચ મહિના ત્યાં રહ્યા પણ ખરા. પણ પછી તેમના શ્રીમતી તેમને મળવા ને બની શકે તો મનાવવા આવ્યાં ને થોડા દિવસના ગજગ્રાહ પછી તે પોતાને મૂળ વતન પાછા ફર્યા. એક બીજા ભાઈ મુંબઈમાં રસોઈનું કામ કરતા હતા તે નોકરી છોડી દઈને હિમાલય આવ્યા. રસ્તામાં હરદ્વારમાં પોતાના કપડાં ને પૈસા પંડાઓને આપી દીધા. મારી પાસે દેવપ્રયાગમાં આવ્યા ત્યારે તેમની પાસે એક પહેરેલું ધોતીયું હતું. મને કહે, મને કોઈ મહાન ગુરૂનું નામ–ઠામ આપો. મેં હવે હિમાલયમાં રહેવાનો નિર્ણય કર્યો છે, ને એવા સમર્થ સદ્ગુરૂની સેવા કરવાની ને શાંતિ મેળવવાની મારી ઈચ્છા છે. મેં જવાબ આપ્યો કે તમારો હેતુ ઘણો સારો છે. પણ મારી જાણમાં એવા કોઈ સમર્થ સદ્ગુરૂ નથી જે તમને શાંતિ આપી શકે. હા, સેવા કરાવવા તૈયાર થનારા સંતો ઘણા મળશે. તમે આ જીવનને પચાવી શકશો નહિ. વળી તમારી સમજ પણ કાચી છે. એટલે મારી તો તમને એ જ સલાહ છે કે તમે ફરી મુંબઈ જાવ ને કરતા'તા તે કામ શરૂ કરો. ત્યાં રહીને તમે વૈરાગ્ય કેળવો ને પ્રભુનો પ્રેમ વધારો.

પણ તે ભાઈને મારી વાત ગમી નહિ. તેમણે કહ્યું કે મને વૈરાગ્ય થઈ ગયો છે ને તેથી હું આટલે દૂર આવ્યો છું. હવે હું પાછો નહિ જઉં. એમ કહીને તે વિદાય થયા. બીજે દિવસે વહેલી સવારે તે મારી પાસે આવી પહોંચ્યા, ને કહેવા માંડ્યા : મેં મુંબઈ જવાનો નિર્ણય કરી લીધો છે. કરી શકો તો મને પાંચેક રૂપિયાની મદદ કરો. હું અત્યારે જ મોટરમાં બેસીને ઋષિકેશ જવાની ઈચ્છા રાખું છું.

મેં પૂછ્યું : કેમ ? તમે તો અહીં જ રહેવા માગતા'તાને ?

'હા, વિચાર તો હતો' તેમણે ઉત્તર આપ્યો. 'પણ મને આ વાતાવરણ નહિ ફાવે. મુંબઈ જ મારા માટે સારૂં છે. મારા શેઠ પણ સારા છે. તે મને જોઈને ખુશ ખુશ થશે ને નોકરીમાં રાખી લેશે.'

મેં તેમને ધીરજ તથા હિંમત આપીને કામકાજ કરતાં કરતાં સાધના કરવાની પદ્ધતિ બતાવી, ને કહ્યું કે તમારો નિર્ણય સારો છે. તે માટે તમને ધન્યવાદ ઘટે છે. પોતાની ભૂલને સમજીને સુધારી લેવામાં ડહાપણ ને વીરતા છે. મારી પાસે તમને મદદ કરવા જેટલી રકમ નથી. પણ એક સાધુપુરૂષનો પરિચય આપું છું તે તમને જરૂર મદદ કરશે ને તે ભાઈ વિદાય થયાં

### [ ૧૦ ] કર્મયોગીની દશા

ગીતા કહે છે કે કર્મના પ્રભાવથી જેનું હૃદય શુદ્ધ થઈ ગયું છે, તે માણસ જે કર્મ કરે છે તે ઈશ્વરની પ્રેરણાથી જ કરે છે. ઈશ્વરનો અવાજ તે સાંભળી શકે છે, ને તે પ્રમાણે પગલા ભરે છે. તેવા પુરૂષની દશા

બાળકના જેવી છે. જેમ માતાની હાજરીમાં બાળક નિશ્ચિંત થઈને ફરે છે, તેમ તે નિશ્ચિંત થઈ જાય છે. તેની પાસે પોતાનું કહી શકાય તેવું કાંઈ જ નથી. ઈશ્વરના હાથમાં પોતાની જાતનું સમર્પણ કરીને તે જીવે છે. એટલે ઈશ્વર તેની બધી સંભાળ રાખે છે. માતા બાળકને ખવડાવે છે, પીવડાવે છે, સુવાડે છે ને સંભાળે છે, તેમ ઈશ્વર તેની માવજત કરે છે. ઈશ્વર જેમ દોરે તેમ દોરાય છે, ને જેમ કરાવે તેમ કર્યે જાય છે. ઈશ્વરના સ્મરણમાં તે મસ્ત રહે છે, ને સંસારમાં બધે ઈશ્વરનું દર્શન કર્યા કરે છે. કર્મયોગની ઉચ્ચોચ્ચ કક્ષાએ જે પહોંચી જાય છે તેનું જીવન આમ પવિત્ર, ઈશ્વરપરાયણ ને ધન્ય બની જાય છે; તેના જીવનમાંથી ભય, કપટ ને અહંકાર તથા રાગદ્વેષનો અંત આવે છે, ને તે શાંતિમય બની જાય છે; પ્રેમ, મધુરતા ને આનંદની મૂર્તિ બની જાય છે. કર્મ તેને માટે સહજ થઈ જાય છે. જે કર્મ કરે છે તે તેને માટે ભારરૂપ નથી થતું. કર્મને ઈશ્વરનું ને ઈશ્વરની પ્રસાદી જેવું માનીને તે શાંત ચિત્તે કર્મ કર્યા કરે છે, ઈશ્વરની સૃષ્ટિને માટે કર્મ કર્યા કરે છે, ને એ રીતે કર્મ દ્વારા ઈશ્વરની સેવા ને પૂજા કરે છે. કર્મ તેને માટે આ રીતે જીવનની મહાન સાધનાનું એક ઉપયોગી અંગ થઈ રહે છે.

ત્યાગી થઈને માણસ એકાંતમાં જાય છે, ને ધ્યાન ધારણા કરી સમાધિનો આનંદ મેળવે છે. તે પ્રમાણે વ્યવહારની વચ્ચે રહીને કામ કરતાં કરતાં પણ ધ્યાન તથા સમાધિનો આનંદ મેળવી શકાય છે. તે કેવી રીતે તેની ખબર છે ? પરમાત્માના પ્રેમના પ્રભાવથી હૃદયને શુદ્ધ કરવાની સાથે સાથે ઈશ્વરના સ્મરણ ને પ્રેમનો આધાર લો, ને કર્મ કર્યા કરો. એ રીતે કર્મ કરવાથી મન ઈશ્વરનાં ચરણોમાં જ જોડાયેલું રહેશે. મન સદા ઈશ્વરનું ધ્યાન ધર્યા કરશે, ને એકાગ્રતામાં વધારો થતાં, ઈશ્વરપ્રેમની સમાધિનો આનંદ મળી રહેશે. સમાધિ એટલે શું ખબર છે ? પરમાત્મામાં મનને જોડી દેવું કે પરમાત્મા સાથે એકતાર થઈ જવું, કામ કરતાં કરતાં તે થઈ શકે છે.

ધર્મવ્યાધ મહાન ભક્ત હતા. તેની વાત સાંભળી છે ? તે માંસ વેચવાનો ધંધો કરતા, ને દુકાને બેસતા. પણ તેમનું મન ઈશ્વરમાં જોડાયેલું જ રહેતું. ઈશ્વરના ચરણો છોડીને તેમનું મન બીજે ક્યાંય પણ જવાનું પસંદ ન હતું કરતું. ગાંધીજી કેટલું બધું કર્મ કરતા ! તે કર્મ કેટલું વિવિધ હતું ! પણ કર્મને તે ઈશ્વરનું સમજતા, વળી કર્મ કરવા છતાં ઈશ્વરને ભૂલતા નહિ. જીવનના છેલ્લા દિવસે તેમને ગોળી વાગી, ત્યારે તેમના મુખમાંથી શું નીકળ્યું ? બીજો કોઈ માણસ હોત તો ગભરાઈ જાત પણ તે તો જરા પણ ગભરાયા નહિ. તે વખતે તેમણે 'મારા દેશનું શું થશે.' એમ પણ કહ્યું નહિ. તેમના મુખમાંથી તો 'હે રામ' એ જ શબ્દો નીકળ્યા. તેથી સાબિત થયું કે કર્મ કરતા રહ્યા તે છતાં પણ તેમનું મન ઈશ્વરમાં લાગ્યું હતું. તેમના હૃદયમાં રામનો અનુરાગ હતો, નહિ તો પ્રતિકૂળ પરિસ્થિતિમાં આમ એકાએક ઈશ્વરની યાદ કેવી રીતે આવે ? કર્મ તેમને મન જીવનની સાધનાનું અંગ હતું. તે દ્વારા તે ઈશ્વરની સાથે એકતાનતા અનુભવવા માગતા હતા, ને તે કામમાં તે પોતાની પદ્ધતિ પ્રમાણે સફળ થયા હતા. તે પ્રમાણે તમે પણ કર્મ કરો, ને મનને ઈશ્વરમાં જોડી દો; તો એક પ્રકારની સમાધિદશાનો આનંદ મેળવી શકશો.

આ દશાની પ્રાપ્તિનું કામ શું વાતો કરવા જેટલું સહેલું છે કે ? અલબત્ત, તે અઘરૂં છે, પણ પ્રમાદ છોડીને પુરૂષાર્થ કરવા મંડી જાવ તો સહેલું બની શકે. એકાંતમાં રહીને ધ્યાનધારણા કરનારા યોગીનાં કામ કરતા વ્યવહારમાં પ્રભુપરાયણ થવાનો પ્રયાસ કરનારા કર્મયોગીનું કામ કંઈ ઓછું કપરૂં નથી. છતાં તે

મહત્વનું છે. એટલે માણસે તે કરવું જ જોઈએ. જીવન મહામૂલ્યવાન ને શક્તિશાળી છે. ઝડપી પણ એવું જ છે. માટે વાતો કરીને ને સાંભળીને બેસી રહેવાને બદલે પુરૂષાર્થનો આશ્રય લો તો ધ્યેયસિદ્ધિની વધારે ને વધારે પાસે પહોંચી શકાશે, ને એક દિવસ સિદ્ધિ પણ મેળવાશે. સંસારમાં રહીને વ્યવહાર કરનારે ખૂબ વિવેકી થવું જોઈએ. જે વિવેકને ગિરો મૂકે છે, ને આંખ મીંચીને મરજી પડે તેવાં કર્મ કરે છે, તેનો ઉદ્ધાર અસંભવ છે. વિવેકી માણસ સારા ને નરસાનો સદા વિચાર કરે છે, સાચા ને ખોટાની સમજ કેળવે છે ને પછી જીવનના મંગલ માટે સારા ને સાચાને પકડી કે પસંદ કરી, ખરાબ ને ખોટાનો ત્યાગ કરે છે. કર્મ કરવા છતાં તેને અહંકાર થતો નથી. કર્મ તેને માટે બંધનકારક થતું નથી, પણ બંધનહારક થાય છે. કર્મના પ્રભાવથી જીવનની શુદ્ધિ કરીને તે શાંતિ મેળવી લે છે ને પરમાત્માના પ્રેમનો અનુભવ કરે છે. એમ કહો કે પરમાત્માની અનૂભૂતિ પણ કરી લે છે. વિવેકી ને વિચારવાન માણસને માટે કર્મ આ પ્રમાણે જીવનના પરમ મંગલની સાધના થઈ જાય છે; પરમાત્માની પાસે પહોંચાડનારા પાવનપંથની કેડી બની જાય છે; ને જીવનની સિદ્ધિ માટેની સ્વાભાવિક સામગ્રી બની રહે છે. કર્મયોગથી આ પ્રમાણે જીવનનું કલ્યાણ કરી શકાય છે. તે કરવાની પ્રેરણા ને કલા આપણને ગીતામાતા પૂરી પાડે છે. આળસ છોડીને આપણે તેનો લાભ લઈએ તો જીવનને ઉજ્જવળ કરી શકીએ.

**[ ૧૧ ] જીવનના શ્રેયનું કામ**

પણ જીવનના શ્રેયને માટે કામ કરવાનું કેટલું મુશ્કેલ છે ? કેટલાક લોકો આ પ્રમાણે બોલી ઊઠશે. તેમને આપણે કહીશું કે ભાઈ, મુશ્કેલ કાંઈ જ નથી. જીવનના શ્રેયનું કામ તો મુશ્કેલ નથી જ. તે કરવા માટે તો આપણો જન્મ છે. માનવશરીરની સાથે આપણી જાતનું શ્રેય કરવાની વૃત્તિ આપણને વારસામાં મળી છે. તે વૃત્તિને કેળવો ને પોષો, એટલે કામ ઘણું સહેલું થઈ જશે. જીવનના મંગલનો માર્ગ સરલ છે. તેને વધારે સરલ કરવા માટે કમર કસીને તૈયાર બનો. પ્રલોભનો ને વિધ્નોની  સામે અડગ રહીને પ્રગતિ કરતા રહો તો સમજાશે કે આત્મિક કલ્યાણના કામ જેવું સરલ કામ બીજું કોઈ નથી.

પરંતુ પરિસ્થિતિ જુદી જ છે. જે પોતાનું સહજ કર્મ છે, તેને ભૂલીને માણસ સંસારના અનેક અટપટા ને અવનવા વ્યવસાયોમાં પડ્યો છે. સંસારનું અવલોકન કરો તો આ વાત સહેજે સમજાશે. દુન્યવી પદાર્થોની તૃષ્ણામાં પડીને માણસ સંસારમાં ભારે પરિશ્રમ કરે છે ને અશાંતિમાં જીવે છે. ઈશ્વરના અનુરાગમાં મસ્ત બનીને ઈશ્વરને માટે જીવન જીવનારા માણસો આ સંસારમાં કેટલાં છે ? પરમાત્માની પ્રીતિ કરીને પરમાત્માના સાક્ષાત્કાર માટે પરિશ્રમ કરનારા માણસો શું આંગળીને વેઢે ગણી શકાય એટલા ઓછા નથી ? વધારે ભાગના માણસો તો સંસારના મોહમાં જ મસ્ત છે ને જીવનના શ્રેયની સાધનાથી છેક અજાણ છે એ ઓછા દુઃખની વાત નથી ? ઉપનિષદ્‌માં કહ્યું છે કે જીવનમાં બે માર્ગ છે - એક શ્રેય ને બીજો પ્રેય. એક આત્માના ઉદ્ધારનો અથવા પોતાની જાતના કલ્યાણનો માર્ગ ને બીજો સંસારના સુખનો માર્ગ. જે ડાહ્યો છે, વિવેકી છે, તે સમજે છે કે સંસારના સઘળા પદાર્થો ભેગા થાય, ને વિષયનું સંપૂર્ણ સુખ સાંપડી જાય, તો પણ માનવને શાંતિ મળે તેમ નથી કે જીવન પૂર્ણ ને મુક્ત થઈને સફળ થાય તેમ પણ નથી. શ્રી ને સંપત્તિથી સંપન્ન પુરૂષોને પણ શાંતિની પ્રાપ્તિ માટે પરમાત્માની અનુભૂતિ કરવાના માર્ગે વળવું પડ્યું છે. એથી ઉલટું,

પરમાત્માનું શરણ લેનાર તેમજ આત્મિક કલ્યાણને માટે પ્રયાસ કરનારા પુરૂષો સંપૂર્ણ સુખી, શાંતિમય ને બડભાગી દેખાયાં છે. વિવેકી પુરૂષ આ જાણે છે ને તેથી જ પોતાના હિતનો વિચાર કરી, પોતાની જાતના મંગલનો માર્ગ સ્વીકારે છે. જે અવિવેકી ને ટૂંકી દૃષ્ટિવાળા છે, તે સંસારના સુખમાં મગ્ન બને છે, ને જીવનના ઉત્તમ લાભને ખોઈ બેસે છે.

આનો અર્થ એમ નથી કે સંસારના પદાર્થો, વ્યવસાયો ને વિષયોનો ત્યાગ કરીને માણસે કેવળ પરમાત્માપરાયણ થઈ રહેવું એમ આપણે કહીએ છીએ. ના, આપણું કથન તેવું નથી. માણસ પરમાત્મામય બને તે જરૂર ઈચ્છવાયોગ્ય છે. પણ બધા જ માણસો એક સાથે તેવા બની જશે એમ માનવું વ્યર્થ છે. તેમ થાય તો પણ, સંસાર પ્રત્યે ધૃણા જગાવવાની શિક્ષા નકામી છે. સંસાર પણ પરમાત્માનું જ સ્વરૂપ ને પરમાત્માની રચના છે એટલે તેનો તિરસ્કાર નકામો છે. સંસારના વ્યવહાર ભલે ચાલ્યા કરે; કળ ને કારખાનાં, રેલ ને સ્ટીમર ભલે પોતાનું કામ કર્યા કરે; જુદા જુદા વ્યવસાય કરીને માણસ ભલે પોતાની પસંદગી ને પદ્ધતિ પ્રમાણે આનંદ મેળવે; આપણને તેમાં કાંઈ જ હરકત નથી. આપણે તો એક જ વસ્તુ તરફ સૌનું ધ્યાન ખેંચવા માગીએ છીએ કે આ જીવન કાંઈ સંસારના વ્યવસાયો કરવા ને સંસારનું સુખ ભોગવવા માટે જ નથી. તેની શક્યતા ને શક્તિ ઘણી ભારે છે. માટે તે દ્વારા સંસારનો આનંદ લેવાની સાથે સાથે ઈશ્વરનો પરમાનંદ પામવાનો પ્રયાસ કરો : અલ્પતા, અશાંતિ ને બંધનથી મુક્તિ મેળવો, ને આત્મિક કલ્યાણ પણ કરી લો. શ્રેય ને પ્રેયનો સમન્વય કરવાની અથવા શ્રેય ને પ્રેયની બંને પાંખે ઉડવાની શિક્ષા આપણે સામાન્ય માનવને આપીએ છીએ. અથવા કહો કે તે માટે નમ્રપણે ભલામણ કરીએ છીએ. એ શિક્ષા ગીતામાતાની શિક્ષા સાથે બંધબેસતી કે સુસંગત છે.

**[ ૧૨ ] મોહનું કારણ અજ્ઞાન છે**

પરંતુ આ શિક્ષાને યાદ રાખીને તે પ્રમાણે પ્રગતિ કરવાનો પ્રયાસ કરનારા પુરૂષો કેટલા ? વધારે ભાગે તો માણસ સાચી વાત વિસરી જઈ ખોટાની પાછળ પડીને બરબાદ થાય છે. જો કોઈ માણસ પોતાનો પડછાયો પકડવાની ઈચ્છા કરે તો શું તે પડછાયો પકડી શકવાનો છે ? આ માણસની જેમ કદાચ વરસો સુધી પડછાયાની ઈચ્છાથી કોઈ માણસ પરિશ્રમ કરે, તો પણ શું પડછાયો પકડી શકાય ખરો ? સંસારના વધારે ભાગનાં માણસો આવાં હોય છે. તેઓ મૂળ પદાર્થને ભૂલીને કે મૂકી દઈને પડછાયાની પાછળ પડે છે. શું છાયા જેવા સંસારના વિષયોની પાછળ પડ્યા પછી, ને વરસો સુધી પડ્યા પછી પણ સાચા ને સંપૂર્ણ સુખની પ્રાપ્તિ થઈ શકે છે ? કેવી રીતે થઈ શકે ? પડછાયાની પાછળ પડવાથી કોઈ દિવસ પ્રકાશની પ્રાપ્તિ થઈ શકતી નથી. તે પ્રમાણે પરમાત્માને મૂકી દઈને જે સંસારની પાછળ પડે છે તે સુખ ને શાંતિ તથા પ્રકાશને ખોઈ બેસે છે.

જીવનમાં જેને શાંતિ મેળવવાની ઈચ્છા છે, તેણે મનમાં ગાંઠ વાળી લેવી જોઈએ કે ધૂળમાં મંથન કરવાથી જેમ તેલ નીકળી શકતું નથી, ને અંધકારને એકઠો કરવાથી પ્રકાશની પ્રાપ્તિ થઈ શકતી નથી, તેમ સંસારના સમસ્ત વિષયોને એક સાથે સેવવાથી પણ પરમ સુખ, શાંતિ, મુક્તિ કે પૂર્ણતાની પ્રાપ્તિ થઈ શકતી નથી. ગમે તેટલા ઉપાય અજમાવવામાં આવે તો પણ પરમાત્માની પ્રાપ્તિ વિના પરમશાંતિની

પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. શાંતિ ને મુક્તિને માટે તો માણસે પોતાની અંદર ડૂબકી મારવી જોઈએ ને પોતાના દિલમાં બેઠેલા દેવનું દર્શન કરવું જોઈએ. માણસ આ વસ્તુને ભુલી જાય છે તેથી દુઃખી થાય છે ને અશાંતિનો ભોગ બને છે. એટલે કે અજ્ઞાનને લીધે તે મોહમાં પડે છે, ના કરવાનાં કામ કરે છે, ક્લેશ ઉઠાવે છે, ને જીવનને બરબાદ કરે છે.

મોહને દૂર કરવા માટે માણસે વિવેકનો આશ્રય લેવો જોઈએ ને પ્રભુપરાયણ બનીને પ્રભુની મદદ માગવી જોઈએ. કેટલીકવાર યોગ્ય સમજનો અભાવ હોવાથી તે ખોટો માર્ગ અખત્યાર કરે છે, ખોટા ઉપાય અજમાવે છે ને પોતાની શક્તિને બરબાદ કરે છે. માણસે સમજી લેવું જોઈએ કે મોહનો નિવાસ બહાર નહિ પણ પોતાની અંદર છે ને તેમ સમજીને તેને દૂર કરવા માટે પોતાની અંદર સુધારો કરવો જોઈએ.

ઋષિકેશમાં એક સારા વિદ્વાન સંન્યાસી હતા. તે કોઈ કોઈવાર મારી પાસે આવતા હતા. એકવાર તે કહેવા માંડ્યા, 'પહેલા તો હું રમતારામની જેમ ફર્યા કરતો. બહુ આનંદ આવતો પણ હમણાંથી ઉપાધિમાં પડ્યો છું. એક મંદિર ને મકાન બાંધ્યું છે તેની વ્યવસ્થા કરવી પડે છે. તે માટે બહારગામ પણ જવું પડે છે, પણ મન બેચેન રહે છે. કોઈવાર તો એમ થાય છે કે મંદિર ને મકાન મૂકી દઈને પાછો પહેલાંની જેમ આમતેમ ફરતો ફરૂં. એ વિના જીવનમાં શાંતિ નહિ મળે. હવે તો આ જીવનથી કંટાળ્યો છું.'

મેં કહ્યું : વાત બરાબર છે પણ એમ કંટાળો લાવવાથી જ કાંઈ સમસ્યા ઉકલી જશે ખરી કે ? તમે મંદિર ને મકાન બાંધ્યું છે ને તમારે તેની વ્યવસ્થા કરવી પડે છે તેમાં શું થઈ ગયું ? તે કાંઈ ઉપાધિ નથી. ઉપાધિનું મૂળ કારણ તમારા મનમાં છે. તેને દૂર કરો એટલે શાંતિનો અનુભવ જરૂર થઈ જશે. બધું છોડીને ગામેગામ ફરવાથી શાંતિ મળશે એમ કોણ કહી શકે તેમ છે. ગામેગામ ફરીને રમતારામનું જીવન જીવવાથી માણસ કેટલીકવાર રખડું થઈ જાય છે. આજે આ ગામ તો કાલે પેલું ગામ–એમ ફરતા રહેવાથી શું જીવનની નિયમિતતા સચવાય છે કે ? વધારે ભાગના માણસોને રખડવાનો ચસ્કો લાગે છે. તે નિયમપૂર્વક સાધના કરી શકતા નથી. એટલું જ નહિ, પણ શાંતિથી એક ઠેકાણે બેસી શકતા પણ નથી. એટલે તે માર્ગનો આધાર લેવાની જરૂર નથી. મોહ કે ઉપાધિ મનમાં છે; કોઈ મંદિર કે મકાનમાં નથી. આ મન બધે જ છે. સંસાર પણ બધે ફેલાયેલો છે. તેની બહાર જવા માગો તો પણ ક્યાં જવાય છે ? એટલે ફરવાનું કે એક સ્થળે રહેવાનું તો ગૌણ છે. મુખ્ય વસ્તુ મનને પલટાવવાની, કેળવવાની ને પ્રભુમાં આસક્ત થવાની છે. આત્મિક જીવનનું સાચું રહસ્ય એમાં જ સમાયેલું છે. એ રહસ્યને સમજવાથી જ મોહ મટી શકશે, ને ઉપાધિ ટળી શકશે.

ગીતામાતાનો સંદેશ પણ આવો જ છે. તે કહે છે કે જેમનું અજ્ઞાન વિવેકના પરમ પ્રકાશથી દૂર થઈ ગયું છે, તેમનામાં જ જ્ઞાનનો પ્રકાશ પથરાઈ જાય છે. તે જ્ઞાનની સરખામણી સંસારના કયા પદાર્થ સાથે થઈ શકે ? આપણને તે જ્ઞાનનો કાંઈક ખ્યાલ આપવા માટે ગીતામાતા સૂર્યનું દ્રષ્ટાંત આપે છે. જ્ઞાનનો પ્રકાશ કેવો છે તેના ઉત્તરમાં ગીતા કહે છે કે તે સૂર્ય જેવો છે. સૂર્યમાં અંધકાર ક્યાં છે ? તેવી રીતે પરમાત્માના જ્ઞાનની અંદર લેશ પણ અંધકાર નથી. સૂર્ય જેમ પોતાની અંદર ને બહાર બધે જ પ્રકાશ પાથરી દે છે તેમ જ્ઞાન માણસની અંદર ને બહાર બધે અજવાળું કરી દે. જ્ઞાનના પ્રભાવથી માણસની બુદ્ધિ, નિષ્ઠા, સ્મૃતિ ને ધારણા બધું પ્રભુમય થઈ જાય છે. માણસનો પ્રાણ પ્રભુના પ્રેમપ્રકાશથી રંગાઈ જાય છે ને જીવન પ્રભુપરાયણ ને ધન્ય બની જઈ, દુઃખ દર્દ ને જન્મમરણથી મુક્તિ મેળવે છે. આવા જ્ઞાનનો પ્રકાશ

જેના અંતરમાં પથરાઈ જાય છે, તેને મોહ થતો નથી, ને ઉપાધિ લાગતી નથી. એટલે માણસે જીવનની ધન્યતા માટે પ્રભુપરાયણ થઈને જ્ઞાનના પવિત્ર પ્રકાશથી તન, મન ને અંતરને અલૌકિક ને પવિત્ર કરવા પ્રયાસ કરવો જોઈએ.

**[ ૧૩ ] મોહ દૂર થતાં સમતા આવે છે**

જેના હ્રદયમાં જ્ઞાનનો પવિત્ર પ્રકાશ પથરાઈ ચૂક્યો છે, ને જેનો મોહ મટી ગયો છે, તેનામાં સમતા આવી જાય છે. તેની દૃષ્ટિ દૈવી થાય છે, ને સૌમાં રહેલા પરમાત્માનું દર્શન કરીને કૃતાર્થ થાય છે. તેની પાસે પરમ શાંતિનો એવો ખજાનો આવી જાય છે જે કોઈ કાળે ને કોઈયે ઉપાયે ખૂટતો નથી. સાધારણ માણસની શાંતિ સીમિત હોય છે. જુદી જુદી પરિસ્થિતિના પ્રભાવ નીચે તે ટકી શકતી નથી. પણ જ્ઞાની પુરૂષની શાંતિ અસીમ હોય છે. બધા જ પ્રકારના વાતાવરણમાં તે કાયમ રહે છે. કર્મ કે વ્યવહારની વચ્ચે પણ તેનો ભંગ થતો નથી, તેની દૃષ્ટિ અલૌકિક બની જાય છે. તેને માટે સંપૂર્ણ જગત નંદનવન જેવું બની જાય છે. કલ્પવૃક્ષનો મહિમા શાસ્ત્રોમાં જાણીતો છે, કલ્પવૃક્ષની નીચે બેસીને માણસ જે કામના કરે તે કામના પૂરી થઈ જાય છે એમ કહેવાય છે. પણ જ્ઞાની પુરૂષની વાત તો જુઓ. તેને માટે બધાં વૃક્ષો કલ્પવૃક્ષ જેવા બની જાય છે. તેને કોઈ કામના જ નથી. એટલે તે પૂરી કરવાની વાત જ ક્યાં રહે છે ! પાણીના બધા પ્રવાહો તેને માટે ગંગાજળ જેવા પવિત્ર બની જાય છે; ને બધી જાતની વાણી વેદવાણી જેવી મંગલ થઈ રહે છે.

સમદૃષ્ટિ ને તેના પરિણામે પ્રાપ્ત થનારી દશાની પ્રાપ્તિ સતત સાવધાની ને ઊંડું આત્મનિરીક્ષણ માગી લે છે. પરમાત્માને પ્રાપ્ત કરવાની ઉત્કટ ઈચ્છા ક્યારે જાગી શકે ? સૂરજનો ઉદય આકાશમાં ક્યારનોય થઈ ગયો છે. છતાં પણ હજી સુધી તેનો પ્રકાશ આપણા તરફ આવતો નથી. તેનું કારણ એ કે આકાશમાં વાદળાં ઉમટ્યાં છે. પ્રકાશ તેને લીધે દબાઈ ગયો છે. ધીરે ધીરે વાદળ વીખેરાઈ જશે, એટલે પ્રકાશ આપણી આજુબાજુ ફેલાવા માંડશે. તે પ્રમાણે અંતરના આકાશમાં સંસારના વિષયોની વાસનાના વાદળ ફેલાયેલાં છે. તેના પ્રભાવથી પરમાત્માને પ્રાપ્ત કરવાની ઈચ્છા મજબૂતપણે જાગી શકતી નથી. પરમાત્માની કૃપા પામીને જીવનને ધન્ય કરવાની ઈચ્છાવાળા માણસે સમજી લેવું જોઈએ કે ઈન્દ્રિયોનું સુખ અસાર છે. પરમાત્માની કૃપાના સુખ પાસે તે સુખ કાંઈ જ વિસાતમાં નથી. એ પ્રમાણે સમજી લઈને પરમાત્માની કૃપાપ્રસાદી મેળવવા માટે તેણે તૈયાર થવું જોઈએ.

'હે અર્જુન, જે વિવેકી ને ડાહ્યા પુરૂષો છે, તે દુઃખના ઘર જેવા ઈન્દ્રિયોના ભોગોમાં ભૂલેચૂકે પણ રમતા નથી.' એમ કહીને ભગવાન કહે છે કે ઈન્દ્રિયોના ભોગવિલાસમાંથી જેનું મન પાછું વળ્યું નથી, તેને વિવેકી કે જ્ઞાની કહી શકાય નહિ.

**[ ૧૪ ] જીતેન્દ્રિય થઈ શકાય છે**

તો શું ઈન્દ્રિયોના આકર્ષણ ને ભોગની સામે માણસ અચલ રહી શકે ખરો ? કામ ને ક્રોધ તથા જુદાં જુદાં રસાસ્વાદની વૃત્તિની સામે અડગ રહીને માણસ શું જીતેન્દ્રિય બની શકે ખરો ? ગીતા કહે છે કે તેમાં શંકા કરવાની જરૂર જ નથી. માણસ ધારે તો પુરૂષાર્થ કરીને જીતેન્દ્રિય બની શકે છે. માણસ જો પોતાની

પામરતાને દૂર કરે, ને સાવધ રહીને પ્રયાસ કરે તો વિષયના રસાસ્વાદની ગુલામીમાંથી છૂટી શકે છે. આ બાબત ગીતામાતાનો નિર્ણય ચોખ્ખો ને આખરી છે. તે કહે છે કે ઈન્દ્રિયોનો વિજય કરીને જ્યાં સુધી માણસ પરમાત્માનો સાક્ષાત્કાર ના કરે, ત્યાં સુધી તેને સુખની પ્રાપ્તિ થતી નથી. આ નિર્ણય ધ્યાનમાં રાખી તે પ્રમાણે જીવનનું ઘડતર કરવા તૈયાર થવાનું છે. ઈન્દ્રિયોનું આકર્ષણ એવું છે કે ભલભલા પંડિતો પણ તેની જાળમાં સપડાય છે. ગરીબ ને અમીર, વિદ્વાન ને અભણ તેમજ પાપી ને પુણ્યશાળી પણ તેમાં ફસાઈ જાય છે. ઈન્દ્રિયોના વિષયોને વારંવાર ભોગવવાથી શું તે મટી શકશે ? નહિ જ. તેને મટાડવા માટે તો વિચાર કે વિવેક ને પરમાત્માની પ્રાર્થનાનો આધાર લેવો જોઈએ ? વિવેક દ્વારા નક્કી કરો કે શરીર કે ઈન્દ્રિયોના ભોગમાં સુખ નથી. માટે તેનો ત્યાગ કરવો જોઈએ. ભોગની વાસનાને ઉત્તેજે તેવા પદાર્થોથી શરૂઆતમાં, કામચલાઉ ઉપાય તરીકે, દૂર રહેવું જોઈએ. તે ઉપરાંત જ્યારે મન ચંચલ ને નિર્બળ બને, ત્યારે પ્રાર્થનાનો આધાર લો. ઈશ્વરની મદદ માગો. જો સાચા દિલથી પ્રાર્થના કરશો ને ઈશ્વરની મદદ માગશો તો મદદ જરૂર મળશે. વિઘ્નો દૂર થઈ જશે, મુશ્કેલી સાફ થશે, ને અંતરાયોનો અંત આવશે.

પ્રાર્થનાની શક્તિ ઘણી ભારે છે. તેનો આધાર લઈને તમે ઈશ્વર સાથે સંબંધ બાંધી શકો છો. ગમે તે ઉપાયથી તમારે મનના સ્વામી થવું જોઈએ ને જીતેન્દ્રિય બનવું જોઈએ. બીજા માણસો ગમે તે કરે, પણ જીવનમાં વહેલામાં વહેલી તકે પરમશાંતિ, મુક્તિ કે પૂર્ણતા મેળવવાની જેને ઝંખના છે, ને જે આ વિનાશી સંસારમાં રહીને અવિનાશી પરમાત્માનું દર્શન કરવાની ઈચ્છા રાખે છે, તેવા આત્મિક પંથના પ્રવાસીઓએ તો આ બાબતમાં જરા પણ પ્રમાદ કરવાની જરૂર નથી. પરમાત્માના મિલનનું સુખ સૌથી ઉત્તમ ને મધુર છે એમ માનીને, બીજા બધા જ સુખને સલામ કરી, પરમાત્મસુખનો સ્વાદ લેવા તલપાપડ બનવું જોઈએ. પરમાત્માના ગુણ ને પરમાત્માનું પદ અસીમ છે. તે રૂપનું દર્શન કરવાની લાગણી જેના દિલમાં લાગી ગઈ છે તે સંસારના કોઈયે સાધારણ કે ભારે રૂપથી પ્રભાવિત નહિ બને, ને સંસારની કોઈયે વ્યક્તિ કે વસ્તુમાં આસક્ત નહિ બને. સંસારનું સુખ સંપૂર્ણપણે પ્રાપ્ત થાય તો પણ અપૂર્ણ ને અસાર છે, એવો લેખ તે પોતાના હૃદય પર સદાને માટે લખી રાખશે.

**[ ૧૫ ] સુખ કે શાંતિ મેળવવાનો માર્ગ**

સુખને માટે જે માણસ પોતાની બહારના સંસારમાં વલખાં મારે છે, તે સમજતો નથી કે સુખનો અક્ષય સાગર તો પોતાની અંદર જ છે. પોતાની અંદર દૃષ્ટિ કરવાથી તે સાગરનું દર્શન થઈ શકશે તેની તેને જાણ નથી. કબીર કહે છે કે :

'તેરા સાહિબ હૈં ઘટમાંહી,

બાહર નૈનાં ક્યોં ખોલે ?"

એ પ્રમાણે બહારની આંખ બંધ કરીને અંદરની આંખ ઉઘાડે છે, ને પોતાના હૃદયમાં ડોકિયું કરે છે, તેને હૃદયમાં ને રોમેરોમમાં સાહેબ કે ઈશ્વરનું દર્શન થઈ જાય છે. ઈશ્વર જ પરમસુખ, શાંતિ ને આનંદનો સાગર છે. જે ઈશ્વરનું દર્શન કરી લે છે, તેને પરમસુખની પ્રાપ્તિ થઈ જાય છે એમાં શંકા નથી. એટલે સુખની ઈચ્છાવાળા પુરૂષે પોતાની અંદર રહેલા પરમેશ્વરનું દર્શન કરવા પ્રયાસ કરવો જોઈએ.

મને વારંવાર પૂછવામાં આવે છે કે જીવનમાં સુખ ને શાંતિ મેળવવાનો ઉપાય શો ? તેના ઉત્તરમાં એ જ કહું છું કે ભાઈ, સુખ ને શાંતિ બંને એક જ છે. તેને મેળવવાનો માર્ગ પણ એક જ છે; પરમેશ્વરની પ્રાપ્તિ. પરમેશ્વરનું દર્શન કરો, એટલે સુખ શાંતિની ચોક્કસ બાંહેધરી મળી જશે. પરમેશ્વરના દર્શનને માટે પ્રયાસ કરો એટલે સુખશાંતિનો લેખ તમારે માટે કાયમને માટે લખાઈ જશે. બીજો કોઈ ઉપાય નથી. આ એક જ ઉપાય છે, તેને અજમાવો તો સુખ છે નહિ તો દુઃખ જ દુઃખ છે. પરમેશ્વરનું દર્શન સહેલું બને તે માટે હૃદયની શુદ્ધિ સાધો.

પાંચમા અધ્યાયના અંત ભાગમાં ભગવાને આ મહત્વની વાત તરફ આપણું સૌનું ધ્યાન દોર્યું છે. આપણે તેને યાદ રાખીએ ને જીવનને સફળ કરીએ. પાંચમા અધ્યાયનું પારાયણ તો જ સાર્થક બને.

☼ ☼ ☼

# અધ્યાય છઠ્ઠો : આત્મસંયમયોગ

૧) પંડિતો પણ મોહમાં રમે છે
૨) સાચા સંન્યાસનો વિચાર
૩) દંડી સ્વામીની વાત
૪) સંન્યાસીનો વિચાર
૫) ઋષિકેશના બીજા એક સંન્યાસીની વાત
૬) કાર્યકર્મ એટલે શું ?
૭) સંન્યાસી કે યોગી કાર્યકર્મ કરે છે
૮) કર્મફળનો આશ્રય ન લેવો
૯) સંન્યાસ ને યોગ એક છે
૧૦) સાધનામાં કર્મ જરૂરી છે
૧૧) બે જાતની સાધના યોગારૂઢ દશા
૧૨) યોગારૂઢ પુરૂષનાં લક્ષણ
૧૩) માણસ પોતે પોતાનો મિત્ર થઈ શકે છે
૧૪) એકાંતની આવશ્યક્તા
૧૫) મનની સ્થિરતા સાધનાથી થઈ શકે છે
૧૬) અનુભવની અવસ્થા
૧૭) આહાર–વિહારના નિયમ વિશે
૧૮) યોગનો વિચાર
૧૯) મનને વશ કરવાનું કામ સહેલું છે
૨૦) અભ્યાસ અને વૈરાગ્ય
૨૧) સાધનાથી જ શાંતિ મળે છે
૨૨) યોગભ્રષ્ટ વિશે
૨૩) યોગી થાવ

### [ ૧ ] પંડિતો પણ મોહમાં રમે છે

ગયા અધ્યાયમાં આપણે વિચારી ચૂક્યા કે ઈશ્વરના શરણ ને અનુગ્રહ વિના શાંતિ મળવી અશક્ય છે, તે માટે હૃદયશુદ્ધિ જરૂરી છે. જ્યાં સુધી દંભ પાખંડ ને અજ્ઞાનમાં માણસને આનંદ આવે છે, ત્યાં સુધી તેના પર ઈશ્વરનો અનુગ્રહ ભાગ્યે જ થઈ શકે છે, માટે માણસે દંભ, પાખંડ ને કપટ છોડી અજ્ઞાનમાંથી મુક્ત થવા માટે પ્રયાસ કરવો જોઈએ. જે માણસ દંભ કે પાખંડનો આધાર લઈને બીજાને છેતરવાનું કામ કરે છે, તેનો ઉદ્ધાર કદી પણ થઈ શકતો નથી. છતાં ખેદની વાત છે કે માણસ દંભ ને પાખંડનો આધાર લે છે, સાધારણ માણસો જ નહિ, પણ જે અસાધારણ કહેવાય છે તેવા શાસ્ત્રી ને પંડિતો પણ દંભ ને પાખંડનો તથા અજ્ઞાનના અસુરનો આશ્રય લેતા હોય છે. વિદ્વાનો પણ મોહમાં પડે છે, ને ધનની લિપ્સામાં પડીને અવનવા કીમિયા કર્યા કરે છે.

વિચાર ને વર્તનમાં માણસે સાફ થવું જોઈએ, પવિત્ર રહેવું ને પ્રામાણિક બનવું જોઈએ. આત્મિક વિકાસમાં આ વાત ખૂબ મહત્વની છે ને અભણ કે સાધારણ માણસોએ જ નહિ, પણ વિદ્વાનોએ પણ તેનું મનન ને પાલન કરવાનું છે.

### [ ૨ ] સાચા સંન્યાસનો વિચાર

પવિત્ર આચારવિચાર, પ્રેમ, સમતા ને પ્રભુપરાયણતાના સર્વોચ્ચ શિખર પર પહોંચવાથી જ માણસ સંત, મહાત્મા, વિરક્ત કે સંન્યાસી થઈ શકે છે. એ યાદ રાખવા જેવું છે. યાદ રાખીને બેસી રહેવાનું નથી, પણ તેનો અમલ કરવા તૈયાર થવાનું છે. તો જ જીવનની ઉન્નતિ થઈ શકે. સંસારમાં જે જે સંતપુરૂષો થયા છે, તે વિચાર ને વર્તનનો મેળ કરવાથી જ થયા છે. માટે મહાન થવા ઈચ્છનારે વિચાર, વર્તન ને પવિત્રતાથી જીવનને શોભાવવું જોઈએ.

યાદ રાખો કે કેવલ ઘરબારનો ત્યાગ કરવાથી તેમજ કપડાં ને નામ બદલવાથી જ કોઈ મહાત્મા, સંન્યાસી કે યોગી બની જવાતું નથી. કાગડાની પાંખને રંગી દઈએ ને ધોળી કરીએ તેથી કાગડો શું હંસ બની જાય છે કે ? માણસો કોઈ કારણથી ઘરબારનો ત્યાગ કરે છે, ને નામરૂપને બદલી સાધુનો સ્વાંગ સજીને ફરતા ફરે છે. પણ ત્યાગ કરીને ઉત્તમ સાધુ કે યોગી થવા માટે સાધના કરતા નથી. અશાંતિ ને અલ્પતાને દૂર કરવા ને પરમાત્માનું દર્શન કરવા પુરૂષાર્થ કરતા નથી, તેમજ ત્યાગી જીવન શાને માટે છે તેનો વિચાર પણ કરતા નથી. પોતાના અમૂલ્ય જીવનનો સદ્‌ઉપયોગ કરીને તે મહાન ને મુક્ત બની શક્યા હોત પણ અજ્ઞાન, અનાધિકાર ને આળસને લીધે જીવનને ભારરૂપ બનાવી તથા બરબાદ કરીને તે કોઈ સલામત સ્થળમાં બેસી રહે છે કે આમતેમ ફરતા ફરે છે. આવા માણસો ધર્મપરાયણ મનાતા આ દેશમાં હજારોની સંખ્યામાં જોવા મળે છે. દેશનો ઉડતો પ્રવાસ કરનારા પુરૂષો આ વાતને સહેજે સમજી શકશે. અધુરા, અનાધિકારી ને અજ્ઞાની માણસો સાધુસમાજની ગંદકીરૂપ છે તે ગંદકી આપણા દેશની આધ્યાત્મિક મિલ્કતને શોભારૂપ નથી. તેનો ઈલાજ કરવાની જરૂર છે.

ગીતા કહે છે કે આળસુ બનીને તન કે મનથી કોઈયે કામ કર્યા વિના બેસી રહેવાથી કોઈ યોગી કે સંન્યાસી થઈ શકતું નથી. અગ્નિને ના અડવાથી પણ કોઈ ત્યાગી કે સંન્યાસી બની શકતું નથી. સંન્યાસીએ અગ્નિને ના અડવું એ નિયમ ઘડવાનું મુખ્ય કારણ તેને રસોઈ બનાવવાની ક્રિયામાંથી મુક્ત કરવાનું છે. સંન્યાસી જો હાથે રસોઈ બનાવે, તો રસોઈનાં સાધનો પણ તેને એકઠાં કરવા પડે. તેને માટે બીજા પર આધાર રાખવો પડે. તેનો ઘણો સમય રસોઈ કરવામાં ને રસોઈની આગળ પાછળની ક્રિયા કરવામાં જ જતો રહે. વળી તે ઈચ્છા પ્રમાણેની ને જુદી જુદી વાનગીઓ બનાવે એટલે સ્વાદજય કરવાનું કામ પણ તેને માટે મુશ્કેલ બને. એટલે સંન્યાસીએ અગ્નિને અડવું નહિ અથવા પોતાને હાથે રસોઈ ના બનાવવી એવું કહેવામાં આવ્યું છે. રસોઈનો પ્રશ્ન હલ કરવા માટે શાસ્ત્રોએ તેને ભિક્ષાનો માર્ગ બતાવ્યો છે. ભિક્ષા માગીને તે જીવે, ને તે ભિક્ષા પણ માગીને ના લેવી; જે વખતે જે ભિક્ષા મળે તેનો બડબડાટ વિના સ્વીકાર કરવો એ શાસ્ત્રની આજ્ઞા છે. કેટલાક સંન્યાસી માંગીને ભિક્ષા લે છે; તો કેટલાક એક જ સ્થળે રોજ કે વારંવાર જાય છે ને કોઈવાર ઈચ્છા પ્રમાણે ભિક્ષા ના મળતાં ક્રોધે ભરાય છે ને શાપ આપવા પણ તૈયાર થાય છે. એ પદ્ધતિ બરાબર નથી.

**[ 3 ] દંડી સ્વામીની વાત**

ઋષિકેશમાં અમારી પાસે એક દંડી સંન્યાસી આવતા હતા. તે વસ્તીમાં ભિક્ષા માગતા હતા. અમારી પાસે આવતા ત્યારે કહેતા કે હું ભિક્ષા લેવા આવતો નથી. તમારા જેવા તપસ્વી અહીં વાસ કરે છે તેમની કુશળતા જોવા આવું છું. હું ઉત્તર આપતો કે જ્યારે ઈચ્છા થાય ત્યારે પ્રેમપૂર્વક આવવું. તે ઊભા ઊભા જ વાતો કરતા ને પછી વિદાય થતા.

એક દિવસ તેમણે આવીને થોડીક આડીઅવળી વાત કર્યા પછી કહ્યું કે સાધુ સંન્યાસી ઘર પર આવે તો તેમને ખાલી હાથે પાછા ના જવા દેવા જોઈએ. છેવટે કાંઈ ન મળે તો પાણી ને ગોળની ગાંગડી પણ આપવી જોઈએ.

તેમની ઈચ્છા મુજબ અમે તેમને તે દિવસે ગોળની ગાંગડી આપી ને તે ચાલતા થયાં.

પણ પછી તો તેમનો આવવાનો ક્રમ જરા ટૂંકો થયો. પહેલા મહિનામાં એકાદવાર ભાગ્યે આવતા. તેને બદલે હવે દસબાર દિવસે આવવા માંડ્યા. અમે તેમનો સત્કાર કરવા તેમને એકાદ ફૂલ આપતા. એક દિવસ તે કહેવા માંડ્યા કે ગુજરાતી ખીચડી ખૂબ સરસ બને છે. મને ખાવાની ઈચ્છા થઈ છે.

મેં કહ્યું : ભલે અમારી રસોઈ જરા મોડી બને છે. પણ કાલે જરા વહેલી બનાવીશું. ગામમાંથી ભિક્ષા લઈને કુટિયા પર જવાનું થાય ત્યારે આવી જજો. ખીચડીની ભિક્ષા જરૂર તૈયાર રાખીશું.

બીજે દિવસે લાંબા વખત લગી રાહ જોઈ, પણ તે આવ્યા જ નહિ. આખરે અમે જમ્યાં ને વધેલી ખીચડી ગાયને નાખી દીધી. બે ત્રણ દિવસ પછી સ્વામીજી પાછા આવ્યા ત્યારે તેમણે ખુલાસો કર્યો કે તે દિવસે અહીં આવવાની વાત તો હું ભૂલી જ ગયો ! જો કોઈ જમવાનું આમંત્રણ આપે તો તે યાદ રહે છે, બાકી છૂટક ભિક્ષા લેવા જવાનું યાદ નથી રહેતું. મને આ ખુલાસો જરા વિચિત્ર લાગ્યો. છેવટે એક દિવસ તે

રસોઈ બની ગઈ ત્યારે આવી પહોંચ્યા. એટલે અમે તેમને રસોઈમાંથી પણ ભિક્ષા આપી. જો કે વધારે ભાગે તો ફલ આપવાની જ પદ્ધતિ રાખી હતી.

અમારી બાજુના મકાનમાં એક સંન્યાસી રહેતા હતા. તેમની સાથે તેમની પુત્રી પણ રહેતી. એટલે તેમની રસોઈ ઘેર જ બનતી. થોડા વખતમાં તે સંન્યાસી મહારાજનું શરીર છૂટી ગયું. એટલે તેમની પુત્રી એકલી પડી. તે ખૂબ શોકમગ્ન રહેતી. દંડી સ્વામી શરૂઆતમાં તો કહેતા કે જે ખૂબ આનંદમાં હોય ને જે શોકમાં હોય તેની ભિક્ષા હું નથી લેતો, પણ પછી તો માગીને પણ ભિક્ષા લેવા માંડ્યા. એકવાર તે બેન જરા શોકમાં હતી. પિતાજીના મૃત્યુનું દુઃખ તાજુ હોવાથી તે કેટલીકવાર રસોઈ પણ બનાવતી ન હતી. એવે એક દિવસે દંડી સ્વામી જઈ ચઢ્યા પણ ભિક્ષા ન મળી એટલે તરત પાછા ફર્યા. મારી પાસે આવીને કહેવા માંડ્યા કે પહેલાંના લોકો તો બરાબર વિચાર કરતા કે કયે વખતે કોણ ભિક્ષા લેવા આવશે ને કોને માટે રસોઈ તૈયાર રાખવી જોઈએ. હવે તો વખત ફરી ગયો છે.

મેં કહ્યું : વાત સાચી છે. પણ પહેલાંના સાધુસંન્યાસી પણ કેવા હતા ? કયે વખતે ને ક્યાં ભિક્ષા લેવા જવું જોઈએ તેનો તે સંપૂર્ણ ખ્યાલ રાખતા. બેન પોતે સંન્યાસી જેવી છે. એ કાંઈ સંસારી નથી. બીજાની દયા પર તે જીવે છે. કેટલીકવાર તો ખાતી પણ નથી. તેની પાસે ભિક્ષા માગવાનું શું સારું છે ? ગામમાં ભિક્ષા આપનારા ઘણા છે તે ઉપરાત અહીં તો અન્નક્ષેત્ર પણ છે. ભિક્ષાની ક્યાં કમી છે ?

### [ ૪ ] સંન્યાસનો વિચાર

સંન્યાસી મહારાજને મારી વાત કેવી લાગી તે તો તે જ જાણે પરંતુ વાત સાંભળીને તે તરત વિદાય થયા. આ વાત હું એટલા માટે કહી રહ્યો છું કે ત્યાગી કે સંન્યાસીએ કેટલા સત્યશીલ ને સાવધ રહેવાની જરૂર છે તેનો ખ્યાલ આવે. માણસ કયા પ્રદેશમાં રહે છે તે બહુ મહત્વનું નથી પણ તે શું કરે છે, ને તેનું ચારિત્ર્ય ને જીવન કેવું છે તે જ મહત્વનું છે.

કેટલીકવાર માણસો મને પૂછે છે કે હિમાલયમાં બધા ધર્માત્મા જ રહે છે, અથવા શું ઈશ્વરદર્શી મહાન સંતો જ ત્યાં નિવાસ કરે છે ? તેમને આ વાત પરથી પણ કેટલુંક જાણવા જેવું મળી રહેશે. માણસ હિમાલય પર જાય, એવરેસ્ટ શિખર પર જાય કે ગમે ત્યાં જાય, પોતાના મનને તો લેતો જ જાય છે. વિચાર, ભાવ ને સંસ્કારોથી તિજોરી જેવું મન તેની સાથે જ રહે છે. એટલે જ્યાં જાય છે ત્યાં પોતાનો નવો પણ રૂચિપૂર્વકનો સંસાર શરૂ કરે છે. એ મનને વિશુદ્ધ કરવાથી કે પલટાવવાથી જ માણસ મહાન બની શકે છે. સાધારણ માણસની જેમ સંન્યાસી, યોગી કે પ્રભુપરાયણ પુરૂષને માટે પણ આ વાત સાચી છે. તેવો પુરૂષ જો બહારનો જ ત્યાગ કરીને બેસી રહેશે, તો કામ કેવી રીતે ચાલશે ? એકલા બહારના ત્યાગથી કોઈ સાચો ત્યાગી કે સંન્યાસી થઈ શકતો નથી. જીવનનો આનંદ પણ તેથી મળતો નથી. સાચા ત્યાગી કે સંન્યાસી થવા ને જીવનનો આનંદ મેળવવા માટે માણસે અંદરનો ત્યાગ પણ કરવો જોઈએ. દુર્ગુણોને દૂર કરી, સ્વભાવથી કામ, ક્રોધ, લોભ ને અહંકાર જેવી ગંદકીને દૂર કરી મમતા ને મદમાંથી તેણે મુક્તિ મેળવવી જોઈએ. સંસારના સઘળા સુખને અસાર સમજી પરમાત્માની પ્રાપ્તિ ને પ્રીતિ માટે તૈયાર થવું જોઈએ. ત્યાગ કે સંન્યાસ ત્યારે જ સાર્થક થઈ શકે, જીવનના વિકાસમાં તે ત્યારે જ મદદરૂપ બની શકે.

યાદ રાખો કે ત્યાગ કે સંન્યાસ કાંઈ ધ્યેય નથી. બહારનો ત્યાગ કે સંન્યાસ કોઈ એવી વસ્તુ નથી કે જેનો આશ્રય લઈને માણસ કૃતકૃત્ય બની શકે. પરમપદ, પૂર્ણતા ને કૃતકૃત્યતાને માટે તો મહાન તપ કે સાધનાની જરૂર પડે છે. બહારનો ત્યાગ તે માટે જરૂરી છે જ એમ નથી. જેને જરૂર હોય તે તેને અપનાવે પણ તેને અપનાવીને બેસી રહેવાથી જ કલ્યાણ થઈ જશે એમ માનવું ભૂલભરેલું છે. ત્યાગ કે સંન્યાસ તો સાધન છે. તેનો ઉપયોગ કરીને માણસે આગળ વધવાનું છે. આ વાતને વિસરી ગયેલા સાધુસંન્યાસીઓ હિમાલયમાં પણ ઓછા નથી. આ દશા દુઃખદ છે. કેટલાક સાધુ સંન્યાસી નાની નાની વાતો માટે લડી મરે છે. દંડી સંન્યાસી કહેશે કે અમે તો દંડવાળા, માટે બીજા સંન્યાસી કરતાં મોટા. બીજાની સાથે એક પંક્તિએ બેસીને અમે જમી ના શકીએ. મોટાઈનો આવો ગર્વ શા માટે ? જેણે ઘરબાર છોડ્યાં છે તે ગર્વને નથી છોડતા એ કેટલું અજબ છે ! સાચો ત્યાગ તો અહંકાર, મમતા ને મનના મેલનો છે. તે ત્યાગ કરીને જે પરમાત્માની કૃપા મેળવે છે કે મેળવવા પુરૂષાર્થ કરે છે, તે જ સૌથી મોટો છે. બાકી તો નામ, રૂપ કે વેશપલટાના આધાર પર આ સંસારમાં કોઈને મોટા ને કોઈને છોટા માનવા તેમાં અજ્ઞાન વિના બીજું કાંઈ જ નથી. ઈશ્વરની સૃષ્ટિમાં સઘળા જીવો સરખા છે. તેમાં ભેદભાવ કરવો ઠીક નથી. જે ભેદભાવમાંથી મુક્તિ મેળવે તે જ જ્ઞાની છે, ને સાચો સંન્યાસી પણ તે જ છે.

કેટલાક સંન્યાસીઓ એવો આગ્રહ રાખે છે કે સૌએ તેમની જેમ સંન્યાસી થવું જોઈએ ને ભગવાં ધારણ કરવાં જોઈએ. કેટલાક સાધુઓ જટાદાઢી રાખવાનો, અમુક રીતે તિલક કરવાનો ને ભસ્માદિ ચોળવાનો આગ્રહ કરે છે. આ બધો દુરાગ્રહ છે, ને તેવા દુરાગ્રહનું કારણ અજ્ઞાન છે. મને કેટલાક લોકો પૂછે છે કે તમે ભગવાં કેમ નથી પહેરતા કે દાઢી કેમ નથી રાખતા ? હું કહું છું કે ભગવાં પહેરવાના ને દાઢી રાખવાના તબક્કામાંથી હું પસાર થઈ ચૂક્યો છું. તેના પ્રયોગ મેં કર્યા છે, પણ તેને વળગી રહેવાનું મને મારે માટે સારૂં નથી લાગતું. જેને સારૂં લાગે તે તેવા બહારનાં રૂપરંગને વળગી રહે. તેનો મને વાંધો નથી પણ તેને વળગી રહેવાનો દુરાગ્રહ સૌને માટે રાખવો બરાબર નથી. ગીતાના અઢારે અધ્યાયને ઉથલાવી નાંખો તો પણ બહારનાં રૂપરંગ માટેનો એવો દુરાગ્રહ કોઈ પણ ઠેકાણે જોવા નહિ મળે. ભગવાં વસ્ત્રો ને સંન્યાસની આ પ્રથા તો હમણાંથી શરૂ થઈ છે. આદ્ય શંકરાચાર્યે તેની વ્યવસ્થા કરી છે. તે પહેલાં પણ ભારતમાં સંતપુરૂષો તો હતા જ. તે બધા શું ભગવાં વસ્ત્રોમાં રહેતા હતા કે ? ઉપનિષદ્ ને વેદકાળના સંતો ને મહર્ષિઓ શું સફેદ વસ્ત્રો નહોતા પહેરતા ?

ભારતીય સંસ્કૃતિ તો ઘણી વિશાળ ને ઉદાર છે. તેમાં દરેક જાતની રૂચિ ને માન્યતાવાળા માણસોને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ, કબીર ને નાનક, શ્રી સાઈબાબા, મહાત્મા ગાંધીજી, રમણ મહર્ષિ ને અરવિંદ જેવા મહાપુરૂષોના જીવનમાં આ સંદેશ છૂપાયેલો છે. તે શું સફેદ વસ્ત્રો નહોતા પહેરતા ? છતાં તે પરમશાંતિ મેળવીને પ્રભુમય બની શક્યા છે. માણસો આવો વિવેક કરી શકતાં નથી એટલે જ ગોટાળો ઊભો કરે છે. હિમાલયના પ્રદેશમાં તો આ વિશે ભારે ગેરસમજ પ્રવર્તે છે. જે ભગવાં વસ્ત્રો પહેરે તેને ત્યાં સ્વામી, સંન્યાસી કે મહાત્મા માનવામાં આવે છે, ને જે સફેદ પહેરે તેને બ્રહ્મચારી કહેવામાં આવે છે, સફેદ પહેરનારો માણસ સ્ત્રી સંતાનને છોડીને આવ્યો હોય ને મોટી ઉંમરનો હોય, તો પણ બ્રહ્મચારી કહેવાય છે. સંન્યાસી કરતાં તેનો દરજ્જો નીચો ગણાય છે. આવી ગેરસમજનો અંત આવવો જોઈએ, ને

પરમાર્થના પંથમાં બધા જ પથિકો સરખા માનના અધિકારી ગણાવા જોઈએ. ગીતામાતાનું કથન આવું જ છે. એટલે સાંપ્રદાયિક ભેદભાવમાં પડ્યા વગર જીવનની ઉન્નતિ માટેની જરૂરી યોગ્યતા તરફ તે આપણું ધ્યાન ખેંચે છે.

**[ ૫ ] ઋષિકેશના બીજા એક સંન્યાસીની વાત**

ભિક્ષા માગવા આવનાર પેલા દંડી સ્વામીની વાત મેં આગળ લખી છે. તે પરથી કોઈ એમ ના સમજે કે હિમાલયમાં બધા જ સાધુઓ એવા હોય છે. વિવેકી સાધુઓ કોઈ નથી. ભિક્ષા માટે ફરનારા કોઈ કોઈ સાધુ સંન્યાસી વિવેકી પણ હોય છે. ઋષિકેશમાં અમારે ત્યાં એક બીજા સંન્યાસી આવતા હતા. અમારા નિયમ પ્રમાણે અમે તેમને પણ એક ફલ આપ્યું. એકવાર ફલ મળવાથી તે વારંવાર આવવા માંડ્યા. મકાન પાસે આવીને નારાયણ હરિ કરીને તે ઊભા રહેતા ને એકાદ મિનિટ રાહ જોઈને ચાલવા માંડતા. એક દિવસ અમારી પાસે ફલ પણ ન હતું એટલે અમે તેમને કાંઈ ના આપ્યું. તેમને ભિક્ષા સારા પ્રમાણમાં મળતી એટલે કાંઈ હરકત જેવું પણ ન હતું. બીજીવાર તે આવ્યા ત્યારે અમારી રસોઈ તૈયાર હતી એટલે અમે તેમને તૈયાર ભિક્ષા આપી. પાછા તે એકાદ દિવસ પછી આવ્યા. તે વખતે હું કોઈની સાથે વાર્તાલાપ કરતો હતો. તે પરથી તે સમજી ગયા કે હું પણ ત્યાગી છું, ને તેમની જેમ બીજા પર જીવું છું. માતાજી તેમને ભિક્ષા આપવા ગયાં. એટલે તરત જ બોલી ઊઠ્યા કે શું તમે ત્યાગી છો, સાધુ છો ?

મેં જવાબ આપ્યો કે લગભગ એવું જ જીવન જીવું છું.

આ સાંભળીને તેમને ઘણું દુઃખ થયું. તેમણે કહ્યું : મને તો એમ કે તમે આ મંદિરના કોઈ કર્મચારી છો. આવી ખબર હોત તો હું અહીં ભિક્ષા લેવા ના આવત. ત્યાગી પુરૂષે ત્યાગીની પાસે ભિક્ષા લેવાની હોય નહિ. હવે હું ભિક્ષા લેવા નહિ આવું પણ કોઈ વાર તમારા દર્શન માટે આવીશ.

તેમનો વિવેક જોઈને મને આનંદ થયો. છતાં મેં કહ્યું કે જ્યારે ઈચ્છા થાય ત્યારે જરૂર આવવું. અતિથિ ને અભ્યાગતની સેવા ત્યાગી પુરૂષો પણ અનુકૂળતા પ્રમાણે કરી શકે છે. ભિક્ષા લેવા આવશો તો અનુકૂળતા પ્રમાણે ભિક્ષા આપીશું. નહિ તો આદરપૂર્વક હાથ જોડીશું.

પણ પછી તે સંન્યાસી મહારાજ દેખાયા નહિ. અમે પણ થોડા જ દિવસોમાં ઋષિકેશ છોડીને મુંબઈ જવા રવાના થયા.

સાર એ છે કે ત્યાગી કે સંન્યાસીએ સદાય જાગ્રત રહેવું જોઈએ, ને વિવેકી બનવું જોઈએ. સંન્યાસ લીધો તો ખરો, પણ પછી એવું વર્તન કરવું જોઈએ કે જેથી સંન્યાસ શોભે. તો જ સંન્યાસ સફળ થાય ને સંન્યાસનો આનંદ પણ મળી શકે.

**[ ૬ ] કાર્ય કર્મ એટલે શું ?**

યોગી કે સંન્યાસીની બીજી એક વિશેષતા કયી છે ? ગીતામાતા તે તરફ આપણું ધ્યાન દોરતાં કહે છે કે જે સંન્યાસી કે યોગી છે તે કાર્ય કર્મનો આશ્રય લે છે. આજ વાતને જો બીજી ભાષામાં કહીએ તો કહી શકાય કે જે કાર્ય કર્મને કરે છે, તે જ સંન્યાસી ને યોગી છે. કાર્ય કર્મ સિવાયના બીજા કર્મો સંન્યાસી છોડી દે

છે. ત્યારે કર્મનો અર્થ શો છે તે જાણવું જોઈએ. કાર્ય કર્મ એટલે કરવા યોગ્ય કર્મ. માનવજીવન મેળવીને જે કર્મ કરવા જેવાં છે તે કર્મ. ત્યારે વળી પાછો પ્રશ્ન થાય છે કે માનવજીવન મેળવીને કરવા જેવું કર્મ કયું છે, અથવા તેવા કર્મ જો એકથી વધારે હોય તો તે કયા છે ? આ બાબત માટે બધાં શાસ્ત્રો ને સઘળા સંતો સહમત છે. તેઓ એક સૂર છોડતાં કહે છે કે માનવજીવન પરમાત્માની પ્રાપ્તિ કરીને મુક્તિ, પરમશાંતિ કે પૂર્ણતા મેળવવા માટે છે. બંધન, દુઃખ ને દર્દ દૂર કરવા માટે છે ને બીજાની સેવા સારું છે. માનવશરીર દ્વારા કરવા જેવું ખાસ કામ આ જ છે. આ જીવનનો સદ્દુપયોગ કરવાની જરૂર છે. ને જીવન પૂરું થઈ જાય, આ ઉત્તમ ને મહામૂલ્યવાન શરીર છૂટી જાય, તે પહેલાં જીવનનાં આ ઉત્તમોત્તમ કામને કરી લેવાનું છે. બીજા બધાં જ કામને ગૌણ ગણીને આ પ્રધાન કામમાં મન પરોવવાનું ને લગનપૂર્વક લાગી જવાનું છે.

વિદ્યાર્થી સારો હોય તો તેને જાણવાની કેવી લગન હોય છે ! ને લોભી લોકોને વધારે ને વધારે ધન કમાવાની લગન પણ ઓછી નથી હોતી. ભારતમાં જ્યારે અંગ્રેજી સત્તા હતી, ત્યારે તે સત્તાનો અંત લાવવાની લગન દેશના કેટલાક નેતાઓમાં કેટલી ભારે હતી ! તેથીયે વધારે લગન આપણા જીવનમાં જે વિદેશી સત્તાનું શાસન ચાલી રહ્યું છે, તેનો અંત આણવા માટે હોવી જોઈએ. ને દેશની આઝાદી માટે આપણા નેતાઓ ને આપણી પ્રજાને જે કષ્ટો વેઠ્યાં ને ભોગો આપ્યા, તેથી પણ વધારે સંકટ સહન કરવા ને તેથી પણ વધારે પ્રમાણમાં કુરબાની કરવા આપણે તૈયાર રહેવું જોઈએ. પ્રખર પુરૂષાર્થી થઈને રાતદિવસ કામ કરવું જોઈએ, તો જ આપણે વિજયી બનીએ ને જીવનનું કરવા યોગ્ય સર્વોત્તમ કામ કરીએ. એટલે આપણે પૂર્ણપણે મુક્તિ મેળવીએ, ને આપણાં તન, મન ને અંતર આઝાદીના અનેરા આનંદથી ઉભરાઈ ઊઠે. આપણા જીવનમાં જે રાક્ષસી રાજ અથવા શયતાનનું શાસન છે, તેનો અંત આવે, ને રામરાજની સ્થાપના થાય. આનંદ, શાંતિ, સલામતિ ને સુખાકારીથી જીવન શોભી ઊઠે, ને સર્વ પ્રકારના ક્લેશ ને દુઃખદર્દનો અંત આવે. આ કામ કરવા માટે જ આપણું જીવન છે. સંસારના લગભગ બધા ઉત્તમ ધર્મો ને ડાહ્યા પુરૂષોનો એ અભિપ્રાય છે. આ કામ કરી લીધું તો જીવનમાં ઉત્તમમાં ઉત્તમ ધન કમાયા નહિ તો જીવનનું મહત્વનું ધન ખોઈ નાખ્યું, ને નુકશાનમાં પડ્યા. આ કામને જ કરવા જેવું અથવા કાર્ય કર્મ કહેવામાં આવે છે ને ગીતાએ તે કરવાની ભલામણ કરી છે. દેવર્ષિ નારદે પોતાનાં ભક્તિસૂત્રોમાં કહ્યું કે સંસારમાં જન્મ લઈને માણસે પરમાત્મામાં જ પ્રીતિ કરવા જેવી છે, ને પરમાત્માની સંપૂર્ણ કૃપા મળે તે માટે પરમાત્માના પ્રેમી મહાપુરૂષોનો સંગ કરવા જેવો છે. શરીરધારણ કરીને કરવા જેવું મુખ્ય કામ આ જ છે.

### [ ૭ ] સંન્યાસી કે યોગી કાર્ય કર્મ કરે છે

હવે તમે વિચાર કરો તો જણાશે કે જગતમાં બધા જ માણસો કાર્ય કર્મ કરતા નથી. પરમાત્માની પ્રીતિ ને પ્રાપ્તિ દ્વારા પોતાની જાતની મુક્તિ ને પૂર્ણતા મેળવવાનું કામ કરનારા માણસો આંગળીને વેઢે ગણાય તેટલા વિરલ છે. સંસારનું નિરીક્ષણ કરો, તો મહાયોગી ભર્તૃહરીએ જે અભિપ્રાય આપ્યો છે, તે સાચો છે એમ લાગ્યા વિના રહેશે નહિ. જો કે ભર્તૃહરીને થયે કેટલાંય વરસો વીતી ગયાં છે, છતાં તેમના શબ્દો આજે પણ એટલા જ સાચા છે એ વાતનો સ્વીકાર કર્યા સિવાય ચાલે તેમ નથી. તે કહે છે કે રોજ રોજ સૂર્ય ઊગે છે ને આથમે છે, ને રોજ રોજ જીવન ઓછું થતું જાય છે. માણસ માને છે કે પોતે મોટો થયો. પણ

દિવસે દિવસે તેનું આયુષ્ય ઓછું થતું જાય છે, એટલે તે કાળની દૃષ્ટિએ નાનો થતો જાય છે. માણસની દશા તો જુઓ, તે અનેક જાતના કામ કરે છે. કેટલાક પ્રશ્નો ઊભા કરે છે ને ઉકેલે છે. કેટલાય કોયડા તેની સામે ઊભા થાય છે. સુખ ને દુઃખ, માન ને અપમાન, નિંદા ને સ્તુતિ, લાભ ને નુકશાન, તાપ ને છાયા તથા જનમ ને મરણના જોડકાંના ઝૂલે ઝૂલનારા માણસને ખબર નથી પડતી કે કાળ કેવી રીતે ને ક્યારે પૂરો થાય છે. સવાર થાય છે ને સાંજ પડે છે ને પાછી સવાર થાય છે. કુદરતનો ક્રમ એ પ્રમાણે સતત રીતે ચાલ્યા જ કરે છે ને એમ એક દિવસ આ ભાડૂતી ઘરને ખાલી કરવાનો વખત પણ આવી જાય છે. સ્વજન, સગાં તથા સ્નેહી ને શત્રુ–અરે સારો સંસાર અહીં જ રહી જાય છે, ને જીવાત્મા બધું છોડીને, કર્મોના પોટલાને માથા પર ઊંચકીને, આગેકૂચ કરે છે. વ્યાધિ ને વાર્ધક્ય તથા બીજા અનેક જાતના દુઃખવાળું આ જીવન વિવેકી માણસોને સુખ આપી શકતું નથી. જે અવિવેકી છે તે તેમાં રમ્યા કરે છે. ડાહ્યા પુરૂષોને મોહ ને મમતામાં આનંદ નહિ આવવાનો. તેમનું મન તો મોહસાગરને તરી જવા માટે તૈયાર થવાનું, ને પરમાત્માના પ્રેમ ને પરમ આનંદનો સ્વાદ લેવા તે તલપાપડ બની જવાના પણ અજ્ઞાની માણસો આથી ઉલટું જ કરવાના. તે તો મોહરૂપી મદિરાના પાનમાં જ મસ્તી માનવાના.

માનવજીવન મેળવીને જે કામ વહેલામાં વહેલી તકે કરવા જેવું છે, તે પરમાત્માનું કામ સંસારમાં સાધારણ માણસો જ ભૂલ્યા છે એમ નથી. કેટલાક ત્યાગી, સાધુ કે સંન્યાસી પણ તે કામ ભુલ્યા છે ને મોહમદિરાની અસર નીચે આવીને અવિવેકી બન્યા છે. મોહરૂપી ડાકિની ખૂબ શક્તિશાળી છે. માણસ જરા પણ ગફલતમાં રહી જાય, એટલે તે તેના અંતરમાં પગપેસારો કરે છે ને પછી પોતાના પગ પહોળા કરે છે. એટલે ત્યાગી પુરૂષોએ પણ ખૂબ ચેતતા રહેવાની જરૂર છે. સંસારના રંગરાગમાં રહીને તેમણે પુષ્કળ સાવધાની રાખવાની છે. જે સાવધ રહે છે ને જીવનપંથને કુશળતાપૂર્વક કાપે છે, તે જ આ ચિત્રવિચિત્ર સંસારમાં સલામત રહી શકે છે. સંન્યાસી તથા ત્યાગીને પણ સાવધાની ને કુશળતાની જરૂર છે.

જીવન એક કલા છે, મહાન નાટક છે; તેનો અભિનય ત્યાગી કે સંન્યાસી પુરૂષે પણ ખૂબ સાવધાનીપૂર્વક કરવાનો છે. કેટલાક ત્યાગી પુરૂષોની તપાસ કરતાં જણાય છે કે તેઓ આ વાત ભૂલ્યા છે ને બીજી આડીવાતમાં પડી ગયા છે. સંન્યાસ કે ત્યાગનું મુખ્ય ધ્યેય પરમાત્માનું દર્શન અથવા મુક્તિ કે પૂર્ણતાની પ્રાપ્તિ છે. તે ધ્યેયને સાકાર કરવામાં જ સંન્યાસીની સાર્થકતા છે. આની સાથે એ પણ યાદ રાખવાનું છે કે ત્યાગી કે સંન્યાસીએ બીજાની સેવા-સહાયતા સારું તૈયાર રહેવાનું છે. આ બે પ્રકારના કામ જ તેણે કરવાનાં છે. તેમાં પણ પોતાની જાતનાં વિકાસનું કામ તો ખૂબ જ મહત્વનું છે. તે કરવાની અનુકૂળતા મળે તે માટે જ તે ત્યાગ કરે છે ને એકાંતસેવન કરી, બીજી સાંસારિક ઉપાધિથી મુક્ત થઈ સાધનાનો આશ્રય લે છે. શાસ્ત્રોએ તેને ત્યાગ કરવાની છૂટ આ માટે જ આપેલી છે છતાં ખેદની વાત છે કે માણસો કેવલ બહારનો ત્યાગ કરીને બેસી જાય છે, ને તે પછી જીવનની ઉન્નતિ માટે કાંઈ જ સાધના કરતા નથી.

કેટલાક સાધુઓ કે ત્યાગી પુરૂષો બહુ બહુ તો પુસ્તકોનું અધ્યયન કરે–કરાવે છે. પણ તેટલાથી શું વળે ? ત્યાગી જીવનનો આદર્શ એથી ઘણો મોટો છે. કેટલાક ત્યાગી કે સંન્યાસી પુરૂષો આશ્રમ ને મઠની પ્રવૃત્તિઓમાં જ સર્વસ્વ સમજીને બેસી રહે છે, તો કેટલાક ધર્મશાળા ને મકાનો બંધાવવાની પ્રવૃત્તિમાં જ આનંદ માને છે. કેટલાક યજ્ઞ કરવામાં ને દવાખાના વગેરે બાંધવામાં કર્તવ્યતા સમજે છે. તે બધી પ્રવૃત્તિઓ

સારી છે, ને બીજાના લાભની છે, તેની ના નહિ. પણ એ બધી પ્રવૃત્તિઓની આડમાં પરમાત્માદર્શન કે પૂર્ણતાની મુખ્ય પ્રવૃત્તિ ભૂલવી જોઈએ નહિ. આપણે કહેવાની મુખ્ય વાત આ જ છે. ગીતામાતા પણ આજ વાત કહે છે કે ત્યાગી અથવા સંન્યાસી કાર્ય કર્મ કરવાનું કદી પણ ભૂલતો નથી.

**[ ૮ ] કર્મફલનો આશ્રય ન લેવો.**

આની સાથે સાથે ગીતામાતા એક બીજી વાત તરફ આપણું ધ્યાન દોરે છે. તે કહે છે કે સંન્યાસી કે યોગી કાર્ય કર્મ કરે છે. પણ કર્મફલનો આશ્રય લેતો નથી. એટલે શું ? કેટલાક માણસો એવા અર્થ કરે છે કે કર્મફલનો આશ્રય લેતો નથી એટલે કર્મફલની ઈચ્છા રાખતો નથી. પણ એ અર્થ મારી સમજ પ્રમાણે બરાબર નથી. એ વિશે આપણે આગળ વિચાર કર્યો છે. કર્મફલનો આશ્રય લેવો એટલે શું તે સમજવા એક બીજો વિચાર કરો. આપણે સાધારણ રીતે કહીએ છીએ કે એક માણસ બીજાને આશ્રય આપે છે. એટલે બીજાની સંભાળ રાખે છે, ને બીજાનું પોષણ કરે છે. આશ્રય લેનારા માણસ આશ્રય આપનાર પાસેથી મદદ ને પોષણ મેળવે છે. તે પ્રમાણે કર્મના ફલનો આશ્રય લેનાર માણસ કર્મના ફલની અસર નીચે આવે છે. કર્મના ફલનો દાસ કે ગુલામ થાય છે ને કર્મના ફલ દ્વારા પોષણ મેળવે છે. ગીતામાતા કહે છે કે આ વાત સારી નથી.

માણસે કર્મના ફલની સારી કે નરસી અસરથી મુક્ત રહેવું ને કર્મના ફલના ગુલામ ના થવું. કર્મના ફલથી પ્રભાવિત ના થવું. કર્મના ફલ દ્વારા પોતે જ પોષણ ના મેળવવું, પણ વધારેમાં વધારે જીવોના હિતને માટે તેનો ઉપયોગ કરવો. કર્મનું ફલ ગમે તેવું આવે તો પણ તેથી મદોન્મત્ત, અહંકારી કે નિરાશ થવાને બદલે છેવટ સુધી યોગ્ય કર્મ કરતા જ રહેવું. આ પ્રમાણે કમલ જેમ પાણીથી લેપાતું નથી, ને વાદળના રંગથી આકાશ રંગાતું નથી, તેમ કર્મના ફલથી લેપાયા વિના–નિર્લેપ રહીને જે કર્મ કરે છે, તે જ જ્ઞાની છે, યોગી છે, ભક્ત છે, સંન્યાસી પણ તે જ છે. છઠ્ઠા અધ્યાયની શરૂઆતમાં જ ભગવાન આપણને આ મહાન શિક્ષા આપે છે.

આટલી ચર્ચા પછી હવે તમે વિચાર કરો કે સંન્યાસી કે યોગી થવા માટે ઘરબાર છોડવાની જરૂર છે કે ? નામ ને રૂપ બદલવાની અથવા વેશપલટો કરવાની પણ જરૂર છે કે ? સંન્યાસી કે યોગી થવા માટેનાં લક્ષણોને કેળવો એટલે જ્યાં હો ત્યાં તમે સંન્યાસી કે યોગી થઈ જશો. ઘરમાં કે વનમાં ગમે ત્યાં હો, ને ગમે તે રૂપમાં હો, આ વાત ધ્યાનમાં રાખો એટલે તમે મહાન બની જશો, ને જીવનનું શ્રેય સાધી શકશો.

**[ ૯ ] સંન્યાસ ને યોગ એક છે.**

જીવનમાં જેને યોગી થવું છે, અથવા પરમાત્માના દર્શન દ્વારા જેને પરમશાંતિ મેળવવાની ઈચ્છા છે, તેણે સંસારની મમતા ને આસક્તિનો ત્યાગ કરવો જ જોઈએ. બહારથી તજે ને અંદરથી તો તેને ભજે એવી ભયંકર દશાનો તેણે ત્યાગ કરવો જોઈએ. બહારથી તજે ને અંદરથી પણ તજે તેવી ઉત્તમ દશા માટે તો કાંઈ કહેવાનું જ નથી. તે દશા કલ્યાણકારક છે, પણ માણસ બહારથી જોતાં વિષયોની વચ્ચે રહેતો દેખાય, ને વિષયોને ભજતો જણાય, છતાં અંદરથી તો તેણે વિષયરસનો ત્યાગ કરેલો હોવો જોઈએ. જુદાં જુદા કામ

કરવા છતાં તે કામથી અલિપ્ત રહેવો જોઈએ. સંસારના બધા જ પદાર્થો વિનાશી છે. તે સૌ સાથે મળીને પણ માણસને શાંતિ આપી શકે તેમ નથી. ને મુક્તિ ને પૂર્ણતાનું દાન દઈ શકે તેમ પણ નથી. પોતાના મનમાં એ ગાંઠ તેણે કાયમને માટે વાળી લેવી જોઈએ. પોતાની નબળાઈઓનો ત્યાગ કરવાની તમન્ના તેને લાગી જવી જોઈએ. જીવનમાં એકમાત્ર પરમાત્મા જ મેળવવા જેવા છે. તેમને મેળવ્યા વિના જીવનની સમસ્યા ઉકલે તેમ નથી. જીવનના દુઃખદર્દ દૂર થાય તેમ નથી, ને જીવન અમૃતમય થાય તેમ નથી એ વિચાર તેના દિલમાં દૃઢ થઈ જવો જોઈએ. તો જ તે યોગી બની શકે.

સંન્યાસ લઈને પણ માણસે શું કરવાનું છે ? બહારનો કે અંદરનો ત્યાગ કરીને પરમાત્માની પ્રાપ્તિ માટે જ પુરૂષાર્થ કરવાનો છે. પરમશાંતિ, મુક્તિ કે પૂર્ણતા પામવા પ્રયાસ કરવાનો છે ને બંધન, અલ્પતા ને દુઃખથી છૂટવાનું છે. એ રીતે સંન્યાસ એક સાધના છે. પરમાત્મા સાથેના યોગ અથવા મિલન માટેની સાધના છે.

આ પ્રમાણે યોગ ને સંન્યાસ એક છે, બંનેનું ધ્યેય એક જ છે, ને તે પરમાત્માનું દર્શન, સ્વરૂપનો સાક્ષાત્કાર અથવા પૂર્ણતા, વાસના, વિકાર, મમતા, આસક્તિ, અહંકાર ને દુર્ગુણોનો ત્યાગ કર્યા વિના યોગ થાય નહિ, ને યોગ કે પરમાત્મદર્શનની સાધના વિના ત્યાગ કે સંન્યાસ શોભે નહિ. ત્યાગ કે સંન્યાસનો આનંદ મળે નહિ. યોગ વિના સંન્યાસ અધૂરો રહી જાય, ને સંન્યાસ કે ત્યાગના સંકલ્પ વિના, ત્યાગીની આધારભૂમિ વિના, યોગની ઈમારત થાય નહિ. આમ બંને પરસ્પર પૂરક છે, સંકળાયેલા છે, ને એક છે. તેમને અલગ ગણાવવાનો કે જુદાં પાડવાનો પ્રયાસ નિરર્થક છે. તેને અલગ કરવાનો પ્રયાસ કરવાથી જીવન બેડોળ બને છે, રસ વિનાનું થાય છે, ને સાધનાની જરૂરી શક્તિને ખોઈ બેસે છે. સંન્યાસ એટલે ત્યાગની ભાવના ને યોગ એટલે પરમાત્માના મિલનના વિચારનો વિવેકી માણસે એકીસાથે સ્વીકાર કરવો જોઈએ. પરમાત્માના દર્શન માટે સાધના કરનાર માણસે વિષયોની રસવૃત્તિનો ને દુર્ગુણોનો ત્યાગ કરી દેવો જોઈએ તો જ જીવન દીપી શકે.

### [ ૧૦ ] સાધનામાં કર્મ જરૂરી છે.

પરંતુ યોગની સાધના કાંઈ એમનેમ થાય છે કે ? પરમાત્માનું દર્શન કરીને ધન્ય થવાની સાધના કાંઈ પ્રમાદી બનીને બેસી રહેવાથી અથવા એકાદ બે દિવસ થોડીગણી મહેનત કરવાથી જ પૂરી થાય છે કે ? તે માટે તો ભગીરથ પ્રયાસ જોઈએ. વિચાર તો કરો કે ભગીરથ રાજાને સ્વર્ગમાં વહેતી ગંગા પૃથ્વી પર લાવતાં કેટલો પરિશ્રમ કરવો પડ્યો હશે, કેટલું તપ ને કેટલું કર્મ કરવું પડ્યુ હશે ! એક કૂવો કે સાધારણ તળાવ તૈયાર કરતાં પણ કેટલી મહેનત કરવી પડે છે ? તો આ તો અમૃતનો કૂવો તૈયાર કરવાનો છે. અંતરના અંતરતમમાં વહેતી શાંતિ, સુખ ને પૂર્ણતાની પાવન ગંગા ને ભગીરથ બનીને તન, મન ને અંતર તથા રોમરોમમાં વહેતી રમતી કે વિહરતી કરવાની છે !

### [ ૧૧ ] બે જાતની સાધના અને યોગારૂઢ દશા

જીવનના વિકાસને માટે અથવા સાધનાના આનંદને માટે સતત તપની કે કર્મની જરૂર છે. એ વાત આપણે કહી ગયા. તેની સાથે એક બીજી વાત પણ યાદ રાખવાની છે. તે એ કે પરમાત્માના દર્શનથી જેને ધન્ય બનવું છે ને તે માટે જે સાધના કરે છે તેવા સાધકે શરૂઆતમાં હૃદયશુદ્ધિ પર ખૂબ ભાર મૂકવો જોઈએ. સત્વગુણી કે સદ્ગુણી બનવા તરફ તેણે ખૂબ ધ્યાન રાખવું જોઈએ. સદ્ગુણી બનવાથી આગળની સાધનાનું કામ સહેલું થઈ જાય છે. દર્પણ જેટલું મેલું તેટલું જ તેમાં પડનારું પ્રતિબિંબ ઝાંખું પડવાનું. મેલી બુદ્ધિ ને મેલા મનના માણસને પરમાત્મદર્શનની સાધનામાં સફળતા મળવી મુશ્કેલ છે, એ તે દ્રષ્ટાંત પરથી સમજી લેવું. માટે બધા જ મહાપુરૂષો મન કે હૃદય શુદ્ધિ પર ભાર મૂકે છે. સંસારના જુદાં જુદાં કર્મો હૃદયની શુદ્ધિ કરવામાં મદદ કરે છે. સંસારના જુદાં જુદાં કર્મ કરનાર માણસ જો જાગૃત બને તો પોતાની શુદ્ધિ કરી શકે છે, ખરી રીતે તો વ્યવહારમાં રહીને જ હૃદયશુદ્ધિ થઈ શકે, ને વ્યવહારમાં જ તેની કસોટી થાય છે.

સાધનાની ક્રિયાઓ બે પ્રકારની છે : એક તો બહિરંગ ને બીજી અતરંગ. પૂજા, પાઠ, સ્તવન, જપ, આસન, પ્રણામ ને સ્વાધ્યાય જેવી ક્રિયાઓ બહારની છે ને ધ્યાન, સમાધિ, પ્રભુ માટેની ઉત્કટ ભક્તિ જેવી ક્રિયાઓ અંદરની ક્રિયાઓ કહેવાય છે. સાધનાની શરૂઆતમાં તો બહારની ક્રિયાઓ ખૂબ ઉપયોગી થાય છે પણ પછી અંદરની ક્રિયાઓનો આધાર લેવો પડે છે. સાધનાના સાચા આનંદને માટે તે જરૂરી છે. સાધનાના સિદ્ધિ પણ તે વિના થઈ શકતી નથી. અંદરની ક્રિયા કે સાધના મુખ્યત્વે માનસિક છે. તે દ્વારા મનને તાલીમ મળે છે, મનનો સંયમ થાય છે, ને મનની પાર પહોંચીને પરમાત્માનો અનુભવ કરાય છે. જેમ ફૂલ ને ફળ એકમેક પર આધાર રાખે છે ને બાલ્યાવસ્થા ને યૌવન એકમેક સાથે સંકળાયેલા છે, તેમ બહારની ને અંદરની સાધના સંકળાયેલી છે. પહેલાં બહારની સાધના, પછી અંદરની મહત્વની સાધનામાં સાધકે પ્રવેશ કરવો જ જોઈએ. તે વિના સાધનાની ઉચ્ચોચ્ચ ઈમારત પર ચઢીને તે જીવનની ધન્યતા મેળવી ના શકે. સાધનાની ઈમારત પર ચઢી ચૂકેલા માણસને ગીતામાતાએ યોગારૂઢ કહ્યો છે ને તેવા યોગારૂઢ થવા માટે મનની તાલીમ મેળવવા પર ભાર મૂક્યો છે.

**[ ૧૨ ] યોગારૂઢ પુરૂષનાં લક્ષણ.**

સાધનામાં આગળ વધેલા કે યોગારૂઢ પુરૂષનાં બે મહત્વનાં લક્ષણ ભગવાને કહી બતાવ્યાં છે. શરીર, મન ને ઈન્દ્રિયોના કર્મોમાં તે પુરૂષને રાગ થતો નથી. તે કર્મો તેને બાંધી શકતાં નથી, કે લલચાવી શકતાં નથી આ વાત તદ્દન સાચી છે. તેમાં કરવા જેવું કશું જ નથી. અનુભવી પુરૂષો આ વાતને સહેલાઈથી સમજી શકશે. વળી જેમને અનુભવ નથી, તે વિચારની મદદથી પણ આ વાતનો સાર સમજી શકશે. માણસો પકવાન ખાય છે, ને હોંશે હોંશે ખાય છે. પણ વિષ્ટા ખાવાની ઈચ્છા થાય છે ખરી ? ડાહ્યા માણસો તરત બોલી ઊઠશે કે એ શું બોલ્યા ? વિષ્ટા તે કોઈ ખાવાની ચીજ છે ? તે ખાવાની ઈચ્છા કદી થાય નહિ ! જ્યાં ખાવાની ઈચ્છાનો જ અભાવ છે, ત્યાં આસક્ત થવાની તો વાત જ શી ? તે જ પ્રમાણે પ્રભુના કૃપાપાત્ર ભક્તો, જ્ઞાનીઓ ને યોગીઓ પણ કહે છે કે શરીર, મન ને ઇંદ્રિયોનાં કર્મોમાં કે સંસારના વિષયી પદાર્થોમાં છે જ શું ? તેની અંદર આસક્ત થવા જેવું છે જ શું ? આસક્ત થવું જ છે તો જે રસનો સાગર છે, આનંદ ને સુખનો મૂળ ખજાનો છે ને પ્રેમનો ભંડાર છે, તે પરમાત્મામાં જ શા માટે આસક્ત ના થવું ?

એક માણસને ધનવાન બનવાની ઈચ્છા છે. તેને માર્ગમાં જતાં ધારો કે એક પૈસો ને એક હીરો મળે. હવે તમે જ વિચાર કરી જુઓ કે ધનવાન થવા માટે તે પૈસાને લે કે હીરાને ? જો તે સમજદાર હશે તો હીરાને જ લઈ લેશે એ દેખીતું જ છે, તે જ પ્રમાણે આ જીવનની મહાયાત્રામાં નીકળેલાં માણસો ધની ને ધન્ય થવા ઈચ્છે છે. સુખ, શાંતિ ને સમૃદ્ધિની ઈચ્છાથી તે ફરી રહ્યાં છે, સંસારના રસ ને પરમાત્મા બંનેની વચ્ચે તેમણે પસંદગી કરવાની છે. તો તે કોને પસંદ કરશે ? ઝેર ને અમૃત એ બેમાંથી કોઈ એકની પસંદગી કરતી વખતે દેવ ને દાનવ બંનેએ અમૃતને જ પસંદ કર્યું હતું. તેમ વિવેકી માણસે પરમાત્માની જ પસંદગી કરવાની છે. એનો અર્થ એમ નથી કે સંસારના પદાર્થ કર્મ કે રસને વિવેકી માણસ ધિક્કારે છે. ધિક્કાર જેવો શબ્દ તો તેના શબ્દકોષમાં છે જ નહિ. સંસારના પદાર્થ, કર્મ ને રસની વચ્ચે રહીને પણ તે પરમાત્માને ભૂલતો નથી. એ તેનો સહજ સ્વભાવ થઈ જાય છે. બાળક જેમ માને ભૂલતું નથી; માનો પ્રેમ તેના હૃદયમાં ને રોમેરોમમાં વણાઈ ગયો હોય છે, તેવી રીતે તેના હૃદયમાં એક પરમાત્માની જ વીણા વાગી રહી હોય છે, ને તેના રોમેરોમમાં પરમાત્માનાં પ્રેમનો અખંડ રાસ રમાતો હોય છે. બાળક પોતાની રમત તથા રમકડાં રમવાના રસને તિરસ્કારતું નથી; તે રસ ને રસવાળાં પદાર્થો તેને આનંદ આપે છે. પણ તેને માની પાસેથી જે રસ ને આનંદ મળે છે, તેની આગળ તેને તેની કાંઈ વિસાત જણાતી નથી. વિવેકી પુરૂષની દશા પણ કૈંક અંશે તેવી જ છે. પરમાત્માના પરમ રસ આગળ બીજા પદાર્થોનો રસ તેને કાંઈ જ મહત્વનો લાગતો નથી. તેથી તે તેની અંદર આસક્ત પણ થતો નથી.

એવા મહાપુરૂષના મનમાં સાંસારિક પદાર્થોની પ્રાપ્તિના વિચાર તો હોય જ ક્યાંથી ? સંસારના સુખની તૃષ્ણા તેના દિલમાં હોતી નથી. બધી જ ઈચ્છા ને તૃષ્ણા પર તેણે પાણી ફેરવી વાળ્યું હોય છે. બધી કામનાને દૂર કરીને તે નિષ્કામ થયો હોય છે. ફક્ત એક જ ઈચ્છા, તૃષ્ણા કે કામના તેના દિલમાં રમી રહી હોય છે. તે કઈ કામના તે જાણો છો ? પરમાત્માને પ્રાપ્ત કરવાની–પરમાત્માની પરિપૂર્ણ કૃપા પામવાની કે પૂર્ણ થવાની. આ કામના કલ્યાણકારક છે, ને કોઈયે સંજોગોમાં છોડવા જેવી નથી. એ છૂટી ગઈ તો જીવનનો બધો આનંદ પણ છૂટી ગયો. જીવનનો રસ પણ જતો રહ્યો એ નક્કી સમજવું. તે કામનાના બીજમાંથી જ્યારે અંકુર ફૂટે છે, એટલે કે જ્યારે તે સફળ થાય છે ને પરમાત્માના પરમ દર્શનથી જીવન ધન્ય બને છે, ત્યારે તે કામના આપોઆપ દૂર થાય છે. પોતાનું કામ પૂરું કરીને તે શાંત થાય છે. સાધનાની છેવટની કક્ષાએ પહોંચેલો મહાપુરૂષ આ પ્રમાણે બધી જ કામનાથી મુક્તિ મેળવે છે. જીવનમાં તેને માટે ચાહવા જેવું કશું જ નથી રહેતું. આ દશાનું વર્ણન કરતાં ગીતા કહે છે કે તેવો મહાપુરૂષ સર્વે જાતના સંકલ્પનો ત્યાગ કરે છે, અથવા કહો કે સર્વસંકલ્પ સંન્યાસી બને છે.

**[ ૧૩ ] માણસ પોતે પોતાનો મિત્ર થઈ શકે છે.**

આત્મિક વિકાસની ઉચ્ચોચ અવસ્થાએ પહોંચવા કે પરમાત્માની સંપૂર્ણ કૃપા મેળવી, પૂર્ણ, મુક્ત ને કૃતાર્થ બનવા સૌ કોઈ સ્વતંત્ર છે. આત્મિક ઉન્નતિ માનવનો જન્મજાત અધિકાર છે. તે અધિકારનો ઉપભોગ કરવા તેણે તૈયાર થવાનું છે. માણસ ધારે તો પરમાત્માનું દર્શન કરીને કૃતાર્થ થઈ શકે છે. ત્યાગી કે સંસારી તથા સ્ત્રી કે પુરૂષ બધાંને માટે આત્મિક ઉન્નતિનાં દ્વાર સદાને માટે ઉઘાડાં જ છે. તેનો લાભ લેવાની છુટ

સૌનેય છે. પણ માણસો એ છુટનો ઉપયોગ ભાગ્યે જ કરે છે. વધારે ભાગનાં માણસો સંસારમાં જાણે ખાવા–પીવા, ભોગ ભોગવવા ને છેવટે વિદાય થવા માટે આવ્યા હોય, તેમ જીવન જીવે છે. જીવનની શક્યતા ને મહાનતાનો વિચાર તે ભાગ્યે જ કરે છે. આવાં માણસો જીવનના વિકાસ તથા અમૂલ્ય એવા આત્મિક ધનથી વંચિત રહી જાય છે. આ દશા દુઃખદ ને માનવની અજ્ઞાનતાની પરિચારક છે. દુઃખદ દશાનો અંત આવવો જોઈએ ને જીવનના ઉચ્ચ વિકાસ માટે માણસે તૈયાર થવું જોઈએ. પરમાત્માની પ્રાપ્તિ કરવા, જીવનને પવિત્ર, પ્રેમમય ને મંગલ બનાવવા તથા અલ્પતાને તોડી પૂર્ણતામાં પ્રવેશ કરવા ને વામનમાંથી વિરાટ બનવા દિલમાં નાદ લાગી જવો જોઈએ, ને મૃત્યુંજય બનવા માટે તલપાપડ બનવું જોઈએ. પરમાત્માની ઝાંખી કરી પરમાનંદ મેળવવા માટે દિલમાં થનગનાટ થવો જોઈએ. ઉચ્ચ ભાવના ને મહત્વાકાંક્ષાથી હૃદય રંગાઈ જવું જોઈએ.

મહાન થવાનો માર્ગ સૌને માટે ઉઘાડો છે. ઉચ્ચ વિચારોને સેવવાની સ્વતંત્રતા પણ સૌને સરખી જ છે. તેનો ઉપયોગ કરવા માટે તૈયાર થવાની જરૂર છે. નરમાંથી નારાયણ બનવાનો પ્રયાસ કરવાની જરૂર છે. માણસે હાથે કરીને પોતાનું પતન કર્યું છે. પોતાની જાતને નાની ને નિરર્થક માની લઈને તે સાધારણ જંતુની જેમ જીવ્યા કરે છે, ને કેટલાક સંજોગોમાં તો તે નરાધમ બને છે, ને ના કરવા જેવાં કામ કરે છે; બીજાનું બૂરું કરે છે, ને અનીતિ, અધર્મ તથા અત્યાચાર ને પાપનો ભાગી બને છે. યાદ રાખો કે અનીતિ ને અધર્મના કામ કરનાર માણસ પોતાને હાથે જ પોતાના પતનની ખાઈ તૈયાર કરે છે, ને છેવટે તેમાં ડૂબી મરે છે. માણસ આમ પોતે જ પોતાનો શત્રુ બને છે. પણ જો તે ધારે તો પોતાનો મિત્ર થઈ શકે છે, નીતિ, સદાચાર તથા પ્રભુનો આધાર લઈને સંસારના શોક, ક્લેશ ને દુઃખને જે તરી જાય છે, ને જન્મમરણની યંત્રણામાંથી મુક્તિ મેળવે છે તે પોતાની જાત પર મહાન ઉપકાર કરે છે, ને તેથી પોતે પોતાનો મહાનમાં મહાન મિત્ર ઠરે છે. એવી રીતે પોતે પોતાના મિત્ર થવા, પોતાનું મંગલ કરવા કે પોતાની જાતનો ઉદ્ધાર કરવા તૈયાર થવાની જરૂર છે. ગીતામાતાનો આ સંદેશ છે.

**[ ૧૪ ] એકાંતની આવશ્યકતા**

આત્મિક ઉન્નતિની ઈચ્છાવાળા પુરૂષે એકાંત સ્થાનમાં વાસ કરવો એવી ગીતાની સૂચના છે. યોગના ગ્રંથોમાં પણ એકાંતવાસનો મહિમા સારી પેઠે ગાવામાં આવ્યો છે. એકાંતમાં મન જલદી સ્થિર થાય છે, ને શાંત બને છે. જ્યાં ખૂબ અવાજ થતો હોય, ધમાધમ હોય, ને બીજા અનેક જાતના વિક્ષેપ હોય, ત્યાં શાંતિપૂર્વક રહેવાનું ને મનને એકાગ્ર કરવાનું કે પ્રભુના ધ્યાનમાં જોડવાનું કામ કપરૂં બને છે. માણસની કેટલીક શક્તિ વાતાવરણનો સામનો કરવામાં ને વાતાવરણને પોતાને અનુકૂળ બનાવવામાં જ ચાલી જાય છે. એકાંતમાં મનની એકાગ્રતાનું કામ સહેલાઈથી થાય છે. એટલે સાધનાની શરૂઆતમાં એકાંતસેવન ખૂબ લાભકારક છે. માણસ પર વાતાવરણની અસર કાંઈ ઓછી નથી થતી. માણસ ઘરમાં રહે છે ને મંદિરમાં જઈને બેસે છે, એ બે ક્રિયાઓ તેના પર કેવી જુદી જુદી અસર કરે છે ! ઘર કરતાં મંદિરમાં તેને વધારે શાંતિ લાગે છે, ને ત્યાંના શાંત વાતાવરણમાં તેનું મન સહજ શાંતિ ધારણ કરે છે. નદીના કિનારા કેટલા સુંદર લાગે છે ! સમુદ્રના તટ પર પણ કેટલો આનંદ આવે છે ! સુંદર ને સુવાસિત પુષ્પોથી સુશોભિત થયેલા

બાગબગીચા પણ કેટલા રમણીય લાગે છે ? ત્યાં જવાથી વધારે શાંતિ ને આનંદ મળશે તથા રસ પડશે એમ માનીને તો આપણે ત્યાં જઈએ છીએ. એટલે એકાંત સુંદર ને શાંતિમય સ્થાનોમાં રહેવાથી અથવા રહીને સાધના કરવાથી લાભ થાય છે એ વાત નક્કી છે.

આજે તો એકાંતસેવનની વૃત્તિ ઓછી થઈ હોય તેમ દેખાય છે. માણસને એકાંતમાં ઓછું ફાવે છે. પ્રવૃત્તિ ને પ્રવૃત્તિના જાપ જપનારો માણસ સંગ વિના ભાગ્યે જ રહી શકે છે. નિવૃત્તિ તેને ગમતી નથી ને એકાંત પણ ફાવતું નથી. મોટા શહેરો કેટલાં પ્રવૃત્તિમય બની ગયાં છે ! તેમાં જીવનારો સામાન્ય માણસ ભરચક વસતી, ધમાલ ને સંકડામણથી ભરેલા માળાઓમાં જીવે છે. કેટલાંક લત્તા ને કેટલાંક મકાનો તો એવાં છે કે જ્યાં રહેવાથી તંદુરસ્ત જીવન પણ જીવી ના શકાય તો પછી ધ્યાન, ધારણા ને સમાધિ કે પરમાત્માના દર્શનને માટે શાંત સાધનામય જીવન તો કેવી રીતે જીવી શકાય ?

છતાં પણ તેને માટે કોઈને દોષ દેવાનો પ્રયાસ કરવાની જરૂર નથી. દોષ દેવો હોય તો માણસને પોતાને જ દેવાનો છે. મોહ, મમતા ને અજ્ઞાનનો શિકાર બનેલો માણસ પોતાની મેળે જ પોતાની બેડીમાં બંધાયો છે, ને પોતાની જાળમાં જકડાયો છે. તેને લીધે તે અશાંતિ, દીનતા ને દુઃખનો ભોગ બન્યો છે. તેમાંથી છૂટવાનો એક જ ઉપાય પરમાત્માના શરણનો છે પરમાત્માનું શરણ લેવાથી તે સર્વ રીતે સુખી, શ્રીમાન ને સંપન્ન થઈ જશે.

એકવાર અમે હેન્ગીંગ ગાર્ડન ગયા તો ત્યાં કેટલાક વિલાસમય સ્ત્રીપુરૂષો જોયાં. આશ્ચર્ય એ હતું કે તેમને મન તેવો વિલાસ સાવ સ્વાભાવિક હતો. માણસોની હાજરીમાં પણ તેમને કોઈ શરમ ન હતી. જાહેર સ્થાનોમાં આવાં વિલાસ કરનારા માણસોની હાજરી જરાય ઈચ્છનીય નથી. પ્રજાના માનસ પર તેની બહુ જ ખરાબ છાપ પડે છે. છતાં ઢાલની બીજી બાજુ પણ હોય છે. તેમાં કેટલાંક સારા દૃશ્યો પણ જોવા મળે. હેન્ગીંગ ગાર્ડનમાં એક દિવસ અમે વહેલી સવારે ફરવા ગયેલા, ત્યાં ગયા પછી સૂર્યનાં કિરણ લેવા સમુદ્ર તરફ જોતાં બેઠા. એક ભાઈ ત્યાં બંધ આંખે બેઠા હતા, સૂર્યનાં કોમળ કિરણો તેમના ચહેરા પર પડી રહ્યાં હતાં. કેટલું સુંદર ! તે જોઈને મને વરસો પહેલાંના પ્રસંગ યાદ આવ્યાં. મુંબઈમાં હતો ત્યારે હું પણ હેન્ગીંગ ગાર્ડનનો લાભ લેતો. સૂર્યની સામે આ પ્રમાણે બેસતો, ને ધ્યાન ધરતો. ખૂબ આનંદ આવતો. ગાર્ડન તો મારા ઘર જેવું હતું. દિવસનો વધારે ભાગનો વખત હું ત્યાં જ પસાર કરતો. એકાંતની એ અમૂલ્ય સંપત્તિનો લાભ લેવાય તો કેટલો લાભ થાય ? ગાર્ડનનો લાભ બધાથી ના લેવાય પણ પોતાની અનુકૂળતા પ્રમાણે, પોતાની પાસેના એકાંત સ્થાનનો લાભ તો લેવાય ને ? તેવો લાભ બધાં લઈ શકે. છેવટે પોતાના ઘરમાં પણ એકાંત શોધી શકાય. આખો દિવસ પ્રવૃત્તિ રહે પણ રાતે તો નિવૃત્તિ મળે ને ? તે વખતે સૂતાં પહેલાં એકાંત મેળવી શકાય. તે પ્રમાણે વહેલી સવારે પણ એકાંત મળી શકે, બાકી તો મનને શાંત કરો, સદ્‌ગુણ ને સાત્વિકતાથી ભરી દો એટલે તે એકાંતમય બની રહેશે. તેવું મન સહેજે એકાગ્ર થશે, ને પ્રભુના ચિંતન ને ધ્યાનમાં લીન બનશે. બહારની ગડબડથી તે બેચેન નહિ બને.

માણસો કેટલીકવાર વૈરાગ્યના ઉભરાની અસર નીચે આવીને એકાંતનો આશ્રય લે છે પણ તેમનું મન ત્યાં લાગતું નથી. માણસે તદ્દન નિવૃત્તિ કે એકાંતનો આશ્રય લેતાં પહેલાં તે માટેની યોગ્યતા કેળવવી જોઈએ. સાધનામાં મન લગાડવું જોઈએ, ટાઢ, તાપ, સુખદુઃખ ને માનાપમાનને સહન કરવાની તાલીમ

લેવી જોઈએ ને નિર્ભય બનવું જોઈએ. જેને પ્રભુ પર શ્રદ્ધા છે તેને વળી ભય શાનો ? તે તો જાણે છે કે પ્રભુ પોતે તેની રક્ષા કરવા સદા તૈયાર છે ને સંસારમાં સઘળે તે પ્રેમમય પ્રભુ જ રહેલા છે. એકાંતમાં પણ તે એકલવાયાપણાનો અનુભવ નથી કરતો. પ્રભુ પોતાની અંદર ને બહાર હાજર છે, એ શ્રદ્ધા તેના દિલમાં અડગ રીતે રહેલી હોય છે. જેમ માણસ પ્રેમમય ને પવિત્ર થતો જાય છે, તથા પરમાત્માનો પ્રકાશ પામતો જાય છે, તેમ તેમ તે નિર્ભય બનતો જાય છે, ને છેવટે સંપૂર્ણપણે નિર્ભય બને છે. ભારતમાં આવા અભયની મૂર્તિ જેવા મહાત્માઓ ઘણી મોટી સંખ્યામાં થઈ ગયા છે. તેમના આશ્રમમાં વાઘ ને સિંહ તથા ગાય ને હરણ પાસે પાસે બેસતા; તેમને પોતાને તો કોઈનો ભય ન હતો, પરંતું તેમની પાસે આવનારનો ભય પણ ભાગી જતો. ભૂતકાળમાં જ આવું હતું એમ નથી. વર્તમાનકાળમાં પણ પ્રેમ ને નિર્ભયતાની મૂર્તિ જેવા એવા કેટલાક સંતો છે, ને ભવિષ્યમાં પણ થતા રહેશે. એકાંતમાં રહેનારા કે રહેવા માંગતાં સાધકોએ તેમના જીવનમાંથી ઘણું શીખવાનું છે, ને સાપ, વીંછી, જંગલી જનાવર તથા ચોર લૂંટારાના ભયમાંથી મુક્ત થવાનું છે. જે નિર્ભય હશે તે જ એકાંતમાં રહી શકશે.

સાધકે બ્રહ્મચર્યના પાલનનું પણ ખૂબ ધ્યાન રાખવાનું છે. બ્રહ્મચર્ય વિના સાધનામાં સફળતા ભાગ્યે જ મળે. શરીરની શક્તિનો દુરૂપયોગ કરવો તે મૃત્યુને નોતરવા જેવું છે. માટે શક્તિનો સંયમ કરવો, મન ને ઈન્દ્રિયોનો સંયમ કરવો ને પવિત્ર તથા શાંત સ્થાનમાં રહેવાની ટેવ પાડવી. વ્યવહારમાં રહીને સાધના કરનાર માણસને પણ આ વસ્તુઓ ખૂબ ઉપયોગી છે એ યાદ રાખવાનું છે.

**[ ૧૫ ] મનની સ્થિરતા સાધનાથી થઈ શકે છે.**

કેટલીકવાર મને સાધકો તરફથી પૂછવામાં આવે છે કે જપ કે ધ્યાન કરવા બેસીએ છીએ ત્યારે મન સ્થિર કેમ રહેતું નથી ? જપ ને ધ્યાનમાં આનંદ કેમ નથી આવતો ? તેના ઉત્તરમાં મારે કહેવું પડે છે કે મન સ્થિર રહેતું નથી, ને આનંદ આવતો નથી તેનું મુખ્ય કારણ પાયાનો અભાવ છે. જેમ મજબૂત મકાનને માટે મજબૂત પાયાની જરૂર છે, તેમ સ્થિરતાપૂર્વકની સંગીન સાધનાને માટે સંગીન તૈયારીની જરૂર છે. માણસોમાં વધારે ભાગે એવી તૈયારીનો અભાવ હોય છે, એટલે આગળનું કામ નીરસ જેવું થઈ પડે છે. પહેલા ધોરણને પાસ કરીને કોઈ વિદ્યાર્થી સીધો સાતમા ધોરણમાં બેસી જાય ને પછી ફરિયાદ કરે કે સાતમા ધોરણની વાતોમાં મારૂં મન લાગતું નથી તો તેની ફરિયાદના જવાબમાં શું કહીશું ? આપણે તરત જ કહીશું કે ભાઈ, મન ના લાગે તેમાં નવાઈ જેવું કાંઈ જ નથી. જો ક્રમવાર અભ્યાસ કર્યો હોત તો આવી ફરિયાદ રહેત જ નહિ.

તે પ્રમાણે સાધકોને પણ આપણે કહીશું કે તમે પાયાને મજબૂત કર્યો નથી એટલે કે દૈવી સંપત્તિને મેળવી નથી, સદાચાર ને સદ્ગુણોથી સુશોભિત થવા પાછળ બરાબર ધ્યાન આપ્યું નથી; મનની ને સ્વભાવની મલિનતાને દૂર કરવા પૂરો પ્રયાસ કર્યો નથી; તેમજ સંસારના વિષયોના રસને ઓછો કરી પરમાત્માના પ્રેમરસને પીવા માટે આતુરતા જગાવી નથી એટલે મન સ્થિર થતું નથી, જપ તથા ધ્યાનમાં આનંદ આવતો નથી. છતાં નિરાશ થવાની જરૂર નથી. આવી મુશ્કેલીઓનો સામનો સૌને કરવો પડે છે. આવી ફરિયાદો બધા જ સાધકો કરે છે. તેવી ફરિયાદોથી નાહિંમત થવાની જરૂર નથી. આગળ વધેલા

માણસોને પણ આવી મુશ્કેલી સતાવે છે. તેથી હતાશ થયા વિના કામ ચાલુ જ રાખવું. મન જો સ્થિર થઈ જશે ને આનંદ આવવા માંડશે તો પછી બાકી શું રહેશે ? પછી તો પરમાત્માની પૂર્ણ કૃપા જ બાકી રહેશે. તે તો છેવટની દશા છે. ને તેને આવતાં સમય લાગશે આ તો વચગાળાની દશા છે. તેને સંભાળપૂર્વક પસાર કરો, ને સાધના કરતાં જ રહો. સાધનાના પ્રભાવથી આવી ફરિયાદો આપોઆપ દૂર થઈ જશે.

**[ ૧૯ ] અનુભવની અવસ્થા**

ગમે તેટલા ભારે અધ્યયનથી, વિદ્વતા કે તર્કથી છેવટની શાંતિ મળી શકશે નહિ. છેવટની શાંતિને મેળવવા માટે તો અનુભવની દુનિયામાં ઉતરવું પડે છે, અથવા કહો કે સાધનામાં પ્રવેશ કરવો પડે છે. શાંતિ ને સુખનો સનાતન ખજાનો માણસની પોતાની અંદર છે. તેને મેળવવા પોતાની અંદર જ દૃષ્ટિપાત કરવો જોઈએ. એ ગીતામાતાની ને ભારતનાં બધાં ઉત્તમ શાસ્ત્રોની શિક્ષા છે. એટલે છઠ્ઠા અધ્યાયમાં ગીતામાતા આપણી સામે પોતાની અંદર ઉતરીને પરમ શાંતિ મેળવવાની વિધિની રજૂઆત કરે છે.

એકાંત સ્થાનમાં સત્વગુણી બનીને અનુકૂળ રીતે આસન પર બેસવું, ને પછી યોગ કે સાધનાની શરૂઆત કરવી. શાને માટે ? એકાંતમાં બેસીને જે સાધના યોગની શરૂઆત કરવાની છે, તેનો હેતુ શો છે ? પોતાની જાતની શુદ્ધિ. શુદ્ધિ ? હા શુદ્ધિ. જો કે યોગસાધનાની શરૂઆત કરતાં પહેલાં હૃદયની શુદ્ધિ તો કરવી જ પડે છે. પરંતુ યોગની આગળની સાધના તે શુદ્ધિને સંપૂર્ણ કરે છે. હૃદયની શુદ્ધિ સંપૂર્ણ ક્યારે થાય ? જ્યારે તેની અંદર પરમાત્માનું પ્રતિબિંબ દેખાય ત્યારે, પરમાત્માનું દર્શન થાય ત્યારે. દર્પણની પૂરી શુદ્ધિ ત્યારે જ થાય છે જ્યારે તેમાં આપણું સ્વરૂપ સુંદર રીતે દેખાઈ આવે છે. જો હૃદયશુદ્ધિ સંપૂર્ણ સધાઈ હોત, તો પરમાત્માનું દર્શન સહેલું ને સહજ બની જાત. એટલે પરમાત્માનું દર્શન ના થાય ત્યાં સુધી તે અધૂરી છે એમ જ માનવાનું છે ને તેને પૂર્ણ કરવાનો પ્રયાસ કરતા રહેવાનું છે. આ પ્રયાસ કે સાધનાને યોગ કહે છે. માટે જ ગીતા કહે છે કે યોગ પોતાની જાતની વિશુદ્ધિ માટે છે. **योगमात्म विशुद्धये ।**

સમુદ્રને તળિયે રહેલાં મોતીને શોધી કાઢવા ખલાસીઓ કેવી ભયંકર સાધના કરે છે ! આત્માનું મોતી તેથી પણ ભયંકર ને સતત સાધના માગી લે છે. તે મોતીને શોધવા માટે સાધકે પોતાની અંદર ને અંદર ઉતરવાનું છે. જ્યારે આત્માનું મોતી મળી જાય છે, ત્યારે યોગ પૂરો થાય છે, ને સાધનાનો અંત આવે છે.

યોગના સાધકે સાધના કરતી વખતે શરીર, મસ્તક ને ડોકને સીધાં રાખવા ને નાસિકાગ્ર દૃષ્ટિ કરીને સ્થિર રીતે બેસવાની ટેવ પાડવી. આ વાતની ચર્ચા કરતાં ઋષિકેશમાં એક વિદ્વાન સંન્યાસી મહારાજે મને કહ્યું કે આ પદ્ધતિથી મન સહેલાઈથી સ્થિર થઈ શકે છે. આંખને બંધ રાખવાથી ઊંઘ આવવાનો સંભવ રહે છે. આંખને અડધી ઉઘાડી રાખવાથી તેવો સંભવ પણ રહેતો નથી. પણ મને તે ખુલાસો બરાબર ના લાગ્યો. આંખને અર્ધી ઉઘાડી રાખીને સ્થિરતા રાખવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી. તે વાત જરાક જેટલો અનુભવ કરવાથી સહેજે સમજી શકાશે. જે સાકાર ભક્તો છે, તે તો શરૂઆતમાં ઉઘાડી આંખે પ્રભુની મૂર્તિ કે છબીને જુએ ને જપ તથા ધ્યાન કરે તે વધારે સારું છે. તેમ કરવાથી આનંદ ને એકાગ્રતાનો અનુભવ વધારે પ્રમાણમાં ને સરળતાથી થશે. બાકી જે જ્ઞાની ને યોગી છે તેમને માટે આંખ બંધ કરવાનું કે નાકના આગળના ભાગ તરફ જોવાનું એમ બે પ્રકારના વિધાન મળે છે, તેમાંથી પોતાને અનુકૂળ લાગે તેનો આધાર

લઈને આગળ વધી શકાય છે. બાકી આંખને બંધ રાખીને સાધના કરવાની પદ્ધતિ કઠિન છે એમ માનવું ભૂલભરેલું છે. વધારે ભાગના સાધકોને તો તે જ સાધન વધારે સહેલું લાગે છે.

પરમાત્માના દર્શન માટે આ પ્રમાણે નિયમિત ને સતત સાધના કરવી જોઈએ. ધીરે ધીરે મન શાંત થતું જશે, ને સાધનામાં આનંદ આવશે. યોગશાસ્ત્રમાં કહેલી કુંડલિની પણ જાગૃત થશે ને ધ્યાનની દશા પાકી થશે તેમ બીજા અનેક અનુભવોની પ્રાપ્તિ થશે. ધ્યાનની પાકી દશા પછી જે અનુભવો થાય છે, તેનું વર્ણન પાતંજલ યોગદર્શનમાં સારી પેઠે કરવામાં આવ્યું છે. તેમાં જ્યોતિદર્શન, સિદ્ધ પુરૂષોનાં દર્શન, પૂર્વજન્મનું જ્ઞાન તથા ભૂતભાવિના જ્ઞાનના અનુભવો ખાસ ઉલ્લેખનીય છે. એવા અનુભવોથી સાધકને આનંદ આવે છે. પણ તેવા અનુભવો સૌ કોઈને થાય છે જ એમ નથી. સાધકોના વ્યક્તિગત અનુભવો જુદા જુદા હોય છે. છતાં સાધનામાં એકાગ્રતા ને આનંદનો અનુભવ તો બધા જ સારા સાધકોને થાય છે.

ધ્યાનના લાંબા અભ્યાસથી ધીરે ધીરે મનનો લય થાય છે, ને સાધક સંસાર તથા શરીરના ભાનને તદ્દન ભૂલી જાય છે. સાધનાના સાચા આનંદની પ્રાપ્તિ યોગમાર્ગના સાધકને આ પછી જ થઈ શકે છે. આ દશાની પ્રાપ્તિ વિના યોગની સાધના હજી સાધારણ શરૂઆતની દશામાં છે એમ જ કહી શકાય. શરીરથી ઉપર જવાની દશા ખૂબ અલૌકિક છે ને લાંબા વખતની સાધના કર્યા પછી જ મળી શકે છે. તે દશાની પ્રાપ્તિ પછી જીવનમાં ઉલ્લાસ ફરી વળે છે, શાંતિ છવાઈ જાય છે, ને પરમાત્મારૂપી પરમ મોતી હાથ લાગે છે. જીવન ધન્ય બની જાય છે. પરમાત્માની અનુભૂતિ કરીને જેણે પરમશાંતિની પ્રાપ્તિ કરી લીધી, તેનું કુળ પાવન થયું ને તેની જનેતાનો જન્મ પણ સફળ થયો.

**[ ૧૭ ] આહાર-વિહારના નિયમ વિશે.**

ગીતામાતા આ પછી એક બીજી પણ જરૂરી વાત તરફ આપણું ધ્યાન દોરે છે, તે કહે છે કે યોગની સાધના કરનારે આહારવિહારની નિયમિતતા પર ખૂબ ધ્યાન આપવું જોઈએ. અકરાંતિયાંની જેમ ઘણું ખાનાર માણસને યોગસાધનાનો આનંદ મળી શકતો નથી. તથા જે તદ્દન ખાતા જ નથી કે ભૂખ્યા ને ઉપવાસી રહે છે, તે પણ યોગની સાધના કરી શકતા નથી. એદી બનીને ઊંઘ્યા કરનારા કુંભકર્ણના ભાઈ જેવા માણસો તથા ઉજાગરા કરનારા માણસો, એ બેમાંથી કોઈયે જાતના માણસો યોગ કરી શકતા નથી. યોગસાધના માટે માણસે સંયમી બનવાની જરૂર રહે છે. બોલવામાં, ચાલવામાં, ખાવામાં ને સુવામાં નિયમિત ને નિયમનમય બનવું પડે. ખૂબ ખાવાથી શરીર સુસ્ત થાય છે, સારી પેઠે ધ્યાનાદિ ક્રિયાઓ થઈ શકતી નથી, ને ધ્યાનાદિ કરતી વખતે ઉંઘ આવે છે. તદ્દન ના ખાવાથી કે ઉપરાઉપરી ઉપવાસ કરવાથી શરીર નબળું થઈ જાય છે, ને સાધના કરવાનું કામ પણ કઠિન થાય છે. એટલે શરીરનું સારી રીતે પોષણ થઈ શકે તેવો ને તેટલો ખોરાક લેવો જોઈએ તેમજ આરામ પૂરતી ઊંઘ પણ લેવી જોઈએ.

ગયાના વૃક્ષ નીચે બુદ્ધ ભગવાન બેઠા હતા. તેમનું શરીર કૃશ થઈ ગયું હતું. જ્યાં સુધી શાંતિ ના મળે ત્યાં સુધી વૃક્ષ નીચેથી ઊઠવું નહિ એવી તેમની ઈચ્છા હતી. તે વખતે તેમની પાસેથી ગાયિકાઓનું ટોળું પસાર થયું. તે ગાતું હતું કે, હે વીણા વગાડનારા ! વીણાના તારને એટલા જોરથી બજાવશો નહિ કે તાર તૂટી જાય ને ગીત જ ના નીકળે, તેમજ એટલી ધીરેથી પણ તેના પર આંગળી મૂકશો નહિ કે તેમાંથી સૂર જ

ના છૂટે. સુંદર ને મધુર સ્વર નીકળે એવી રીતે તેના પર હાથ ફેરવજો. ગાયિકાઓનું ટોળું તો પસાર થઈ ગયું પણ તેની સ્મૃતિરૂપે જે ગીત રહી ગયું તેમાંથી બુદ્ધ ભગવાનને ઘણી જરૂરી પ્રેરણા મળી. તે પ્રેરણા પછી તેમણે સહજ રૂપે મળેલી ખીરનું ભોજન કર્યું, ને તેમને શાંતિ મળી.

**[ ૧૮ ] યોગનો વિચાર.**

ત્યારે યોગ એટલે શું ?

સંસારનું નિરીક્ષણ કરવાથી સમજાય છે કે જીવો ક્લેશ, કષ્ટ ને પરિતાપ ભોગવી રહ્યા છે. માનવોની દશા પણ દુઃખદ છે. માનવને પોતાના સત્યસ્વરૂપ પરમાત્માનું જ્ઞાન નથી; પરમાત્માથી તે દૂર છે અથવા કહો કે પરમાત્માનો સંબંધવિચ્છેદ કરીને તે સંસારની સાથે સંબંધ બાંધી બેઠો છે, ને સંસારમાં રત છે. પરમાત્માને તે ભૂલ્યો છે; પોતાના મૂળ સ્વરૂપને ભૂલ્યો છે ને તેને પરિણામે સુખ ને દુઃખ, હર્ષ ને શોક તથા જીવન ને મૃત્યુ વચ્ચે ઝોલાં ખાયા કરે છે. પરમાત્માથી તેનો વિયોગ થયો છે. પરમ શાંતિ, મુક્તિ ને પરમાનંદથી પણ તે દૂર હોઈ તેનો વિયોગ થયો છે, ને પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ શક્તિથી પણ તે દૂર છે. તે માર્ગને અપનાવવાથી કે યોગનો આશ્રય લેવાથી માણસ વિયોગીને બદલે સંયોગી કે યોગી બની જશે; પરમાત્માને મેળવી લેશે ને પોતાના સત્ય સ્વરૂપમાં સ્થિતિ કરશે; તથા સર્વ પ્રકારના દુઃખમાંથી મુક્તિ મેળવશે.

ધ્યાન જેવા માર્ગ દ્વારા સાધના કરનારો યોગી જ્યારે આગળ વધે છે, ત્યારે તેનું મન ઉપરામ બની જાય છે, ને ઉપરામતાની એ દશામાં તે પોતાના મૂળસ્વરૂપ આત્માને જુએ છે અથવા તો પરમાત્માનો અનુભવ કરે છે. તે વખતે તેને ઈન્દ્રિયાતીત દશાનો અનુભવ થાય છે. તે દશાની પ્રાપ્તિ પછી તે પરમસુખ, શાંતિ ને પરમાનંદની મૂર્તિ બને છે. ફુવારામાંથી છૂટતી અનંત ધારાઓ જેમ આનંદ સહજ છુટ્યા કરે છે. અનુભવની એ ઉત્તમોત્તમ દશાના લાભ પાસે સંસારના સાધારણ લાભ કે ત્રિલોકની પ્રાપ્તિનો લાભ પણ કાંઈ જ વિસાતમાં નથી. તે દશા મળ્યા પછી ગમે તેટલું ભારે દુઃખ પડે તો પણ યોગીને તેની ખબર પડતી નથી. તે દશામાં તેના શરીરને કાપી કે બાળી નાખવામાં આવે તો પણ તેને ખબર પડતી નથી. તે મહાન દશાની પ્રાપ્તિ થઈ જાય એટલે યોગસાધના સફળ થાય છે. યોગની સાધનાનું મુખ્ય ફળ આ જ છે. આજે કેટલાક માણસો આસન, પ્રાણાયામ, ષટક્રિયા ને મુદ્રા જેવી ક્રિયાઓને જ યોગ માની લે છે પણ તે તો યોગનાં જુદાં જુદાં અંગ છે. યોગનો ખરો મર્મ તો ઘણો ઊંડો છે. યોગની સાચી સફળતા પરમાત્માનાં દર્શન દ્વારા પરમસુખની પ્રાપ્તિમાં ને સર્વ દુઃખોની નિવૃત્તિમાં રહેલી છે. પરમાત્માના દર્શનને માટે આ અધ્યાયમાં ભગવાને ધ્યાનયોગ બતાવ્યો છે. તેની કેટલીક ચર્ચા શરૂઆતમાં થઈ ગઈ છે.

ત્યારે ઊંઘમાં ને યોગની આ મહાન દશા સમાધિમાં કાંઈ ફેર ખરો ?

જરૂર. બંને વચ્ચે આભ–જમીનનો ફેર છે. ઊંઘમાં મનની વૃત્તિઓ બહારના જગતમાં ફરવાનું છોડી દે છે, ને મનમાં એકઠી થાય છે. કલ્પના ખાતર સૂર્યાસ્તની કલ્પના કરો. સૂર્યાસ્ત થાય છે, ત્યારે સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે સૂર્યનાં કિરણો સંસારના પદાર્થો પરથી પાછાં વળીને સૂર્યમાં ભેગા થાય છે. સૂર્યોદય થતાં તે પાછા સંસારની યાત્રાએ નીકળી પડે છે. તે પ્રમાણે ઊંઘમાં મન રહે છે પણ મનની વૃત્તિઓ મનમાં ભેગી થાય છે. સમાધિમાં જે દશા છે તે તેથી જુદી જ હોય છે. સમાધિમાં મનની વૃત્તિઓ મનમાં ભેગી

થાય છે એ તો ખરું, પણ એથી આગળ વધીને મન પણ પોતાના મૂળ સ્વરૂપ પરમાત્મામાં મળી જાય છે. આને લીધે જ્યારે સમાધિમાંથી માણસ જાગે છે, ત્યારે તેનો સ્વભાવ વધારે વિશુદ્ધ થઈ ગયેલો દેખાય છે, શાંતિ જેવાં સદ્‌ગુણોથી ભરેલો દેખાય છે, ને તેનું મન પરમાત્માના રંગે રંગાયેલું તથા મમતા ને અહંતાથી રહિત બને છે. ઊંઘમાંથી ઊઠેલા માણસમાં આવા સ્વાભાવિક કે માનસિક ફેરફારો જોવા મળતા નથી. ઊંઘમાં શ્વાસોચ્છ્‌વાસ ચાલુ રહે છે પણ સમાધિમાં શ્વાસોચ્છ્‌વાસની ગતિ બંધ પડી જાય છે ને કેટલીક ઊંચી સમાધિમાં તો નાડી તેમજ હૃદયના ધબકારા પણ બંધ થયેલા દેખાય છે. આ પ્રમાણે ઊંઘ ને સમાધિ એક નથી.

કેટલાક માણસો આવેશમાં આવીને પડી જાય છે, તો કોઈ કીર્તન કે કથા કરતાં ઢળી પડે છે. તેમને સમાધિ થઈ એમ કહેવામાં આવે છે પણ તે સમાધિ નથી. વધારે ભાગના લોકો તો આવેશ અથવા સમાધિના નામે ઢોંગ જ કરતા હોય છે. પણ જે માણસો આવેશમાં આવીને ખરેખર શરીરનું ભાન ભૂલીને પડી જાય છે, તેમને સમાધિ થઈ એમ કહી શકાય નહિ. સમાધિ થાય ત્યારે માણસ નીચે પડી જતો નથી પરંતુ જે દશામાં સમાધિ થતી વખતે હોય તે દશામાં જ રહે છે. શ્રી રામકૃષ્ણ પરમહંસદેવને કેટલીકવાર ઊભા ઊભા સમાધિ થતી. તે વખતે તેમનું શરીર જે દશામાં તે ઊભા હોય તે જ દશામાં રહેતું, નીચે પડતું નહિ. એટલે જો શરીર નીચે પડે તો તે દશાને સમાધિ નહિ પણ ભાવાવેશની દશા કહેવી જોઈએ.

પરમાત્માનું દર્શન કરી ચૂકેલો પુરૂષ સમદર્શી બની જાય છે. સમાધિમાં જેણે આત્મદર્શન કરી લીધું ને પરમશાંતિ મેળવી લીધી, તે પુરૂષ સમદૃષ્ટિવાળો થઈ જાય છે. સંસાર વિષમ એટલે ભેદભાવવાળો છે. તેમાં જુદા જુદા ગુણધર્મ ને રૂપરંગના અનેક પદાર્થો રહેલા છે. તેમાં રહેલા માણસોની દૃષ્ટિ પણ વધારે ભાગે વિષમ હોય છે. માણસો કોઈને મિત્ર માને છે ને કોઈને શત્રુ; કોઈને માઠી નજરથી જુએ છે તો કોઈને કડવી કે તીખી; કોઈને પોતાનાં માને છે તો કોઈને પરાયા; કોઈનું દુઃખ જોઈને દ્રવે છે તો કોઈનું દુઃખ દેખીને હસે છે. કોઈના સુખથી સુખી થાય છે તો કોઈના સુખની ઈર્ષા કરે છે. આવી જાતની વિષમતા દૂર કરીને માણસ સૌને પ્રેમ કરતો ને સૌને મીઠી નજરથી જોતો થાય ને સૌમાં રહેલા એકમાત્ર પરમાત્માનું દર્શન કરે, ત્યારે તે સમદર્શી બને છે. સમદર્શી બનવું એટલે સંસારમાં સઘળે સમાનરૂપે રહેલા પરમાત્માનું દર્શન કરવું ને ભેદભાવથી પર થવું. પરમાત્માની કૃપા પામેલા પુરૂષની દશા ઘણી ઉત્તમ હોય છે. રાગદ્વેષથી મુક્ત થઈને તે પરમપ્રેમ ને આનંદની મૂર્તિ બનીને જીવી રહે છે. સૌમાં પ્રભુનું દર્શન કરવાથી તેને કોઈનો ભય રહેતો નથી કે કોઈ સાથે વેર થતું નથી. જ્યારે બધે પ્રભુ જ વિરાજી રહ્યા છે, ત્યારે કોનો ભય ને કોની સાથે વેર ? પ્રહ્‌લાદનું જીવન સમદર્શીપણાનો ઉત્તમ દાખલો પૂરો પાડે છે. પ્રહ્‌લાદને બધે પ્રભુનું દર્શન થતું હતું. તેલની ઉકળતી કઢાઈમાં ને ધગધગતા સ્થંભમાં પણ તેણે પ્રભુને જોયા, પરિણામે પ્રભુએ તેની રક્ષા કરી ને તેનો વાળ પણ વાંકો ના થયો.

સંસારમાં વ્યવહારની વચ્ચે રહીને પણ સૌએ સમદર્શી થવાની કોશીશ કરવાની છે. અંદર અંદરની ફાટફૂટ ને ઈર્ષા દૂર કરવાની છે. અંદર અંદરના કુસંપને કાઢી નાખવાનો છે, ને બધામાં પ્રભુની સત્તાની ઝાંખી કરવાની ટેવ પાડવાની છે. માણસ બધામાં પ્રભુને જોતા શીખશે તો પછી કોનાથી મોહાશે, કોનાથી લોભાશે, કોનાથી ડરશે ને કોની સાથે શત્રુતા કરશે ? કામ, ક્રોધ ને લાભ તથા ભય તો પછી આપોઆપ

પલાયન થઈ જશે. માટે જીવનનો સાચો આનંદ લેવો હોય તો સમદર્શી થવાની ટેવ પાડો. આ રામબાણ ઉપાય છે. પરમાનંદની પ્રાપ્તિને માટે આ અકસીર ઈલાજ છે. તેની અજમાયશ કરો. વહેલામાં વહેલી તકે અજમાયશ કરો તો જીવન સુખી ને સફળ બની જશે. મિત્ર ને શત્રુના ભેદ ભૂંસી નાખો, મોટા ને નાના તથા ઉચ્ચ ને નીચના મિથ્યા ભેદ મિટાવી દો. સૌને સુખી કરવા કોશીશ કરો.

બે વાત યાદ રાખો : એક તો એ કે મને દુઃખ થાય છે તેમ સૌને થાય છે. માટે કોઈપણ જીવને દુઃખી કરવાનું કામ ના કરવું. કોઈનું દુઃખ દેખીને રાજી ના થવું ને બનતાં સુધી મૂઢ બનીને બેસી ના રહેવું પણ સૌના દુઃખને દૂર કરવા બનતો પ્રયાસ કરવો. બીજી યાદ રાખવાની વાત એ છે કે મને જેમ સુખની ઈચ્છા છે તેમ સૌનેય છે, ને મારી જેમ સૌને સુખ સારું લાગે છે. આ વાત યાદ રાખીને મન વચન ને વર્તન દ્વારા સૌને સુખી કરવા પ્રયાસ કરવો. જો બધાં માણસો આમ કરવા મંડી જાય તો સમાજ, ગામ, શહેર, દેશ ને દુનિયાનો દેખાવ ફરી જાય; વેરઝેર, વિખવાદ ને કડવાશ દૂર થઈ જાય, ને પ્રેમ, સંપ ને સહકારની પાવન ગંગા પૃથ્વીના પટ પર કાયમને માટે કિલ્લોલ કરતી વહેવા માંડે. અઢળક માલ ને જાનની ખુવારી કરતા ભયંકર યુદ્ધો પણ શમી જાય, ને માનવજાતિ ખરેખર શાંતિસંપન્ન ને સુખી થાય. અરે, થોડાક માણસો પણ આ ઉત્તમ સંદેશને જીવનમાં ઉતારે તો પણ સંસારનું ખૂબ જ મંગલ થાય એમાં સંદેહ નથી માટે સમદર્શી થવાનો પ્રયાસ કરો. દૃષ્ટિમાં પ્રેમનું અંજન આંજીને બધે પ્રેમમય પ્રભુની ઝાંખી કરવાનો પ્રયાસ કરો ને જીવનનો સાચો આનંદ પ્રાપ્ત કરો.

પ્રેમ કે ભક્તિ અથવા જ્ઞાનની ગંગાને હૃદયને આંગણે ઉતારો એટલે બધે મંગલતાનું દર્શન થશે. ગંગા, હિમાલય, સાગરનાં ઉછાળા મારતા તરંગ, બગીચાનાં ફોરમવંતા ફૂલ ને વૃક્ષ તથા પત્થર ને રસ્તાની રજમાં પણ પરમાત્માનો પ્રકાશ દેખાશે; સુંદર ને અસુંદર ને મંગલ ને અમંગલ બધામાં પ્રભુની ઝાંખી જણાશે; ને બધી દશામાં ને બધે સ્થળે આનંદ આનંદ થઈ રહેશે.

**[ ૧૯ ] મનને વશ કરવાનું કામ સહેલું છે.**

જીવનની ઉન્નતિનો આટલો વિચાર આપણે ગીતામાતાનાં વચનો પ્રમાણે કરી લીધો. પણ તમારામાંના કેટલાક બોલી ઉઠશે કે શું સમદર્શી થવાનું કામ સહેલું છે ? કામ, ક્રોધ ને લોભના લશ્કરને જીતીને વશ કરવાનું શું સહેલું છે ? યોગની સાધનામાં મનને લગાડવાનું કામ તો ખૂબ કપરૂં છે. આ મનની દશા તો જુઓ, માતેલા સાંઢના જેવું મન આમતેમ ભટક્યા કરે છે. તે કેમે કર્યું કબજામાં રહેતું નથી. વાવાઝોડું કેટલું ભયંકર હોય છે ! તેને વશ કરવાનું કામ સહેલું છે કે ? મનને વશ કરવાનું ને ધ્યાન ધારણા જેવી સાધનામાં લગાડવાનું કામ પણ તેવું જ મુશ્કેલ છે.

સંસારની શરૂઆતથી જ, મનને કાબુ કરવાનો પ્રયાસ માનવે શરૂ કર્યો ત્યારથી, તેવા પ્રયાસની મુશ્કેલીની માનવને ખાત્રી થઈ છે. ભગવાનના વિચાર સાંભળીને અર્જુને પણ તમારા જેવા જ પ્રશ્નો પૂછ્યા છે ને તમારા જેવી જ મુંઝવણ રજૂ કરી છે. પણ તેવી મુંઝવણથી કાંઈ હિંમત હાર્યે ચાલશે કે ? માતેલા સાંઢને વશ કરવામાં જેમ બળ ને કળ બંનેની જરૂર પડે છે, તેમ બળ ને કળથી મનને વશ કરવાનો પુરૂષાર્થ કરો તો કામ સહેલું થઈ જશે. આ સંસારમાં અસંભવ જેવી વસ્તુ કોઈ જ નથી. પ્રયાસ કરવાથી બધી વસ્તુ સિદ્ધ

થઈ શકે છે. સાથે સાથે એ સાચું છે કે પામર માણસો મનને વશ કરવાની સાધનામાં કદી પણ સફળ થઈ નહિ શકે. ચંચલ, પ્રમાદી ને વિષયલોલુપ માણસો મનના માતેલા સાંઢ પર સવાર નહિ થઈ શકે. તે કામ તો ખંતીલા ને બહાદુર માણસોનું છે ને તેવા ઉદ્યોગી, વીર ને ધીર પુરૂષો જ તે કામ કરી શકશે. મનને વશ કરવાનું કામ અઘરૂં છે એમ માનીને અત્યારથી જ હિંમત હારીને, ઢીલા પગ કરીને બેસી ના જતા. મન કોઈ બહારની વસ્તુ નથી. તે તો તમારી અંદરની વસ્તુ છે. બહારની વસ્તુઓ પર અધિકાર જમાવવા તમે સફળ થાવ છો. તો મન પર અધિકાર કેમ ના કરી શકો ? ધારો તો જરૂર કરી શકો. તેમાં મુશ્કેલ જેવું કાંઈ જ નથી. તે તો સહેલું કામ છે. સહેલા કામને મુશ્કેલ માની પહેલેથી જ નિરાશ ને હતોત્સાહ થઈને બેસી ના જતા.

પહેલીવાર અમે બદરીનાથ ગયા ત્યારે ચાલીને ગયા હતા. રસ્તામાં કેટલીકવાર ખૂબ થાક લાગતો. તાપ ને થાકથી શ્રમિત થવા છતાં ધર્મશાળા આવે ત્યાં સુધી ચાલ્યા વિના છૂટકો જ નહોતો. રસ્તામાં કોઈ પર્વતીય માણસ મળે તો તેને પૂછતા કે ધર્મશાળા કેટલે દૂર છે ? તો તે જવાબ આપતા કે હવે થોડે દૂર છે, જરાક ચાલશો એટલે આવી જશે. તેથી અમે ઉત્સાહમાં આવીને ચાલવા માંડતા પણ ધર્મશાળા ના દેખાતી. ત્યારે કોઈ બીજા માણસને પણ એ જ પ્રશ્ન પૂછતા તો તેનો ઉત્તર મળતો કે હવે બહુ જ પાસે છે. વળી અમે આશામાં ને આશામાં આગળ ચાલ્યા જતા. એમ લાંબે વખતે ધર્મશાળા આવતી પણ અમારો રસ્તો આશામાં ને આશામાં ખૂટી જતો. આને બદલે જો તે માણસો અમને એમ કહેત કે ધર્મશાળા ખૂબ જ દૂર છે, ને ત્યાં જતાં તો થાકી જશો. તો અમારી દશા કેવી થાત ? અમે નિરાશ થઈ જાત, ને એક ડગલું પણ ચાલી ના શકત. તે પ્રમાણે સાધકે પહેલેથી જ નિરાશ થઈ જવાનું નથી, ને કોઈ પરમાર્થના પંથનો પ્રવાસી સાધક નિરાશ થાય તેવી માહિતી પણ આપવાની નથી. પોતાનો ને બીજાનો ઉત્સાહ વધારવાનો છે ને એમાં ખોટું કાંઈ જ નથી.

જો ધારો તો મનને સહેલાઈથી વશ કરી શકો છો, ને આજ સુધી કેટલાય માણસોએ મેળવ્યો તેવો પરમાત્મદર્શન ને સાધનાનો આનંદ તમે પણ મેળવી શકો છો. મનમાં દૃઢ નિશ્ચય કરો. તેનો અમલ કરવા પુરૂષાર્થ કરો, પડો ત્યાંથી ફરીવાર ઊભા થઈને આગળ વધવાનું શરૂ કરો ને ભૂલો ત્યાંથી ફરી ગણવાનું શરૂ કરો. એ રીતે મનને વશ કરવાના કામમાં જરૂર સફળ થશો. મનોબળને મજબૂત કરીને માણસે શું શું નથી કર્યું ? તમે પણ તેવું મનોબળ તૈયાર કરો એટલે ધારેલું કામ કરી શકશો.

### [ ૨૦ ] અભ્યાસ અને વૈરાગ્ય.

ભગવાને અર્જુનને આ જ વાત કહી છે, ને સાથે સાથે મનને વશ કરવા માટે બે રામબાણ ઉપાય બતાવ્યા છે : અભ્યાસ ને વૈરાગ્ય. પહેલાંના વખતમાં યોદ્ધાઓ લડવામાં ઢાલ ને તલવારનો ઉપયોગ કરતા અથવા તો તીર ને કામઠું વાપરતા. તેમ અજ્ઞાન ને અશાંતિરૂપી યોદ્ધાને તેમના સરદાર મનની સામે લડવા માટે અભ્યાસ ને વૈરાગ્યનાં બે શસ્ત્રોનો ઉપયોગ કરવાનો છે. વૈરાગ્ય ઢાલ છે ને અભ્યાસ તલવાર છે. અથવા કહો કે વૈરાગ્ય ધનુષ્ય છે ને અભ્યાસ તલવાર છે અથવા જરા જુદા શબ્દોમાં કહો કે અભ્યાસ ને વૈરાગ્યની બે પાંખ છે, તેમનો આધાર લઈને સાધકે સલામત થવાનું છે ને ઉન્નતિના આકાશમાં ઉડવાનું છે.

સંસારના બધા પદાર્થોમાંથી રાગને કાઢી નાખો ને તેને પ્રભુમાં જોડી દો. આ બે કામ કરો એટલે વૈરાગ્યની સાધના પૂરી થઈ એમ કહી શકાશે.

એક માણસ નવલકથા વાંચે છે. વાંચવામાં તે એટલો બધો મગ્ન બની જાય છે કે આજુબાજુ શું બની રહ્યું છે તે પણ ભૂલી જાય છે. કોઈ પાસે આવીને ઊભું રહે છે તો પણ તેને કેટલીકવાર ખબર નથી પડતી. વાંચવામાં તેનું મન આટલું બધું ડૂબી જાય છે તેનું કારણ ? કારણ તેને નવલકથા ખૂબ ગમે છે. સંસારનો બધો રસ જાણે નવલકથામાં જ ઉતરી ગયો હોય એવું તેને લાગે છે. તેથી વાંચવાના રસમાં તે ખાવાપીવાનું પણ ભૂલી જાય છે. નવલકથા પૂરી ના થાય ત્યાં સુધી બીજું કોઈયે કામ કરવાનું તેને ગમતું નથી. નવલકથામાં તેને રાગ થયો છે એટલે બીજી વસ્તુનો રાગ આપોઆપ દૂર થાય છે, ને એકાગ્રતા સહજ થાય છે. એકાગ્રતાનું આ જ રહસ્ય છે. પરમાત્મામાં રાગ થાય ને પરમાત્મા જ સુખદાયક ને મેળવવા જેવા છે એમ સમજાય, તો બીજા પદાર્થોનો રાગ દૂર થઈ જાય, ને પરમાત્માના સ્મરણ, મનન ને ધ્યાનમાં મન એકાગ્ર બની જાય.

ભૂખ લાગે છે એટલે બાળક તરત માની પાસે દોડી જાય છે ને ખોરાકની માંગણી કરે છે. તેને ખાવાનો લાભ મળી જાય છે. ધરાયેલું બાળક તો ફરતું ફરે છે. તેને એ લાભ ક્યાંથી મળે ? સંસારના વિષયોથી ધરાઈ ગયેલા માણસો તે પ્રમાણે વિષયોમાં જ રમ્યા કરે છે. પણ જેનું મન ઈશ્વરના પ્રેમની ઝંખના કરતું રોઈ ઊઠે છે ને તે દશામાં જે ઈશ્વરની પાસે પહોંચી જાય છે, તેને ઈશ્વરની કૃપાથી એકાગ્રતાનો આનંદ જરૂર મળી જાય છે, ઈશ્વરરૂપી માતા તેને એકાગ્રતા ને આનંદ બંને આપે છે. માટે સંસારમાંથી મમતા દૂર કરો, આસક્તિ કાઢી નાખો, ને ઈશ્વરમાં પ્રીતિ કરવા તૈયાર થાવ. મન આપોઆપ વશ થઈ જશે. ધ્યાન, જપ કે બીજી જે પણ સાધના કરો, તેમાં રસ ઉત્પન્ન કરો. પછી મન દોડાદોડી કરવાનું બંધ કરીને સ્થિર થઈ જશે.

સાથે સાથે હિંમત હાર્યા વિના અભ્યાસ ચાલુ રાખો. જે સાધના કરો તે નિયમિતપણે કરતા રહો. સતત સાધના કરવાથી રસ આપોઆપ આવશે ને મન સ્થિર બનશે. બાળક નિશાળે જવાનું શરૂ કરે ત્યારે ભણવાનું તેને દરેક વખતે સારું લાગે છે ખરું ? કેટલાંક બાળકોને તો ભણવાનું ગમતું જ નથી ને નિશાળનું નામ સાંભળીને તે રોવાનું શરૂ કરે છે. છતાં માબાપ તેમને નિશાળે મોકલે છે. શરૂઆતમાં તો નિશાળે જવાનું તેમને કડવું લાગે છે, પણ પછી તેમનું મન લાગી જાય છે ને નિશાળ તેને મીઠી લાગે છે. પછી તો તેમને નિશાળે જવાની ના કહેવામાં આવે તો તે રડવા માંડે છે, એવી દશા થઈ જાય છે. સતત અભ્યાસથી મનની પણ એવી દશા થઈ જાય છે ને પછી તો મનને સાધનામાં એટલો બધો આનંદ આવે છે કે ઈશ્વરસ્મરણ ને ધ્યાનનું કામ મૂકીને તેને ક્યાંય જવાનું જ નથી ગમતું. આઠે પહોર તે સાધનાના આનંદમાં જ મસ્ત રહે છે.

અભ્યાસ કેટલીય જાતનો હોય છે : સારા પુસ્તકોનું શ્રવણ, મનન, વાંચન, આત્મપરીક્ષણ ને સારા પુરૂષોનો સમાગમ પણ અભ્યાસ કહેવાય છે. તેથી પણ મન વશ થાય છે. તેમાંય સંતપુરૂષોનો સમાગમ તો ભારે મદદરૂપ થાય છે. તેમના સમાગમમાં સારા વિચારો ને સારા ભાવો વધારે દૃઢ બને છે. મન ઈશ્વર તરફ સહેલાઈથી વળે છે માટે સંતસમાગમ જરૂર કરવો. તે ના મળે તો સારાં પુસ્તકો તો જરૂર વાંચવાં. મનની નબળાઈને ઓળખીને દૂર કરવા કોશીષ કરવી. તેમ કરવાથી મન વશ થશે ને સાધનામાં લાગી જશે.

માણસો ફરિયાદ કરે છે કે સાધના કરવાનું મન તો ઘણું થાય છે, પણ સમય મળતો નથી. પ્રભુસ્મરણ ને સત્સંગનો આનંદ પણ લેવો છે પરંતુ ફુરસદ નથી, તેવી તેમની ફરિયાદ નકામી છે. તેવા લોકો મેળામાં જવાનું હોય તો જરૂરી કામ મુકી દઈને પણ તૈયાર થઈ જાય છે. ટોળટપ્પાં મારવાનો વખત કાઢી શકે છે, ને આળસુ થઈને પડ્યા રહે છે કે ફર્યા કરે છે. પણ પોતાની ભલાઈનું કામ કરવાનો વખત કાઢી શકતા નથી. તેનું કારણ વખત નથી તે નહિ, પણ ભલાઈના કામમાં તેમને રસ નથી તે છે. વખત કાંઈ બધાને મળતો નથી જેમને કાંઈ જ કામ નથી, તેવા નવરા માણસો જ સાધનાના કામમાં પડે છે એમ નથી. વખત તો માણસે પોતે કાઢવાનો છે. જેને રસ છે તે તો ગમે તેમ કરી વખત કાઢી લે છે. ને વખત કાઢવો જ જોઈએ. જ્યારે મરણ આવશે ત્યારે કામ મૂકીને વખત કેવી રીતે કાઢશો ? માટે સમય નથી મળતો એ ફરિયાદ નકામી છે. ખાવાનો, ફરવાનો ને ઊંઘવાનો સમય મળે ને સાધનાનો સમય કેમ નથી મળતો તે કહેશો ? ગમે તેમ કરીને સમય કાઢીને તમારી ઉન્નતિના કામમાં લાગી જાવ, લગીર જેટલા જીવનનો સદ્ઉપયોગ કરવા કમર કસો તો જ આનંદ મેળવી શકશો.

**[ ૨૧ ] સાધનાથી જ શાંતિ મળે છે.**

મંથન કરીને માખણ તો કાઢયું. પણ તેને મોમાં ના મૂકો ને જોયા જ કરો તો શું ભૂખ ભાગી જશે કે ? ભલભલા થાકેલા માણસનો થાક પણ મટાડી દે ને ભલભલા દુઃખીનું દુઃખ પણ ઘડીભર તો દૂર કરીને તેને રસ ને આનંદની નદીમાં નવરાવી દે એવા સિતારના સ્વર છૂટ્યા જ કરે છે. તેનો સ્વાદ લેવાની કોઈ ફી નથી. તેમજ તેનો આનંદ લેવા માટે કોઈ જાતની યોગ્યતા મેળવવાની જરૂર નથી. કેટલાય લોકો રાત્રિની શાંતિમાં બાગમાં બેઠા બેઠા તે સાંભળે છે પણ એક માણસ કાનમાં આંગળી ઘાલીને ઊભો રહે છે, ને તે જ દશામાં ત્યાંથી ચાલવા માંડે છે. તમે જ કહો કે સિતારના સંગીતનો સ્વાદ તેને મળશે કે ? પ્રભુનું પ્રેમસંગીત પણ સમસ્ત સંસારમાં વાગી રહ્યું છે. માણસ હાથે કરીને તેને ના સાંભળે તો તેમાં તેને નહિ તો બીજા કોને દોષ દેવો ? દુઃખને દૂર કરનારી ને શાંતિ તથા મુક્તિની તરસ મટાડનારી પ્રભુની પ્રેમગંગા સદાને માટે વહ્યા જ કરે છે. પ્રમાદી માણસ હાથે કરીને તેનો સ્વાદ ન લે તો તેમાં દોષ બીજા કોને દેવો ? ભગવાન કૃષ્ણની વાણી પણ ખૂબ મંગલ ને મધુર છે. આપણા ગજા પ્રમાણે આપણે તેનું મંથન કરીએ છીએ મંથનમાંથી નીકળેલું જ્ઞાનરૂપી અમૃત આપણને આનંદ આપે છે. પણ તેને જોઈને ને તે વિશે સાંભળીને બેસી રહીશું તો ભૂખ કેમ ભાગશે, સ્વાદ કેમ મળશે, ને અમૃતમય પણ કેમ થવાશે ? જ્ઞાનનું નાણું જો ગાંઠે બાંધી રાખીશું, લોભિયાની જેમ તેના પર હાથ ફેરવી તેને પંપાળ્યા કરીશું, તો જન્મજન્માંતરનું દળદર કેવી રીતે દૂર થશે ? માટે ગીતાના વિચારમાંથી કે તેના સંગીતમાંથી જે સારું ને કામનું લાગે તેને ગાંઠે બાંધીને બેસી ના રહેતા પણ તેને વટાવવા કે જીવનમાં ઉતારવા તૈયાર રહેજો. શાંતિ તો જ મળશે ને જીવન પણ ત્યારે જ સફળ બનશે આ વાત યાદ રાખવાની છે.

**[ ૨૨ ] યોગભ્રષ્ટ વિશે.**

સારાં કે નઠારાં કર્મોનું ફળ અહીં ને અહીં મળે છે એવું થોડું છે ? કેટલીકવાર ફળ તરત જ મળે છે, ને કેટલીકવાર જન્માંતરમાં મળે છે. આને લીધે સાધારણ લોકો ધીરજ ખોઈ બેસે છે. સાધનાનું ફળ પણ તરત જ મળે છે એવું નથી. માણસના પુરૂષાર્થ ને સાધનાના પ્રકાર પર તેનો આધાર રહે છે, પણ ફળ મળે છે એ નક્કી છે. કેટલાક સાધકો ખૂબ શ્રદ્ધાવાળા હોઈ મનને વશ કરવા પ્રખર પ્રયાસ કરતા હોય. કોઈ કારણથી તેમનું મન સાધનામાંથી ચળી જાય–સાધનામાં જોડાઈ ના શકે, અથવા પ્રયાસ કર્યા છતાં પણ કેટલીક વાર સાધકને સિદ્ધિ ના મળે, તો તેવા સાધકોનું શું થાય ? તેમણે કરેલી સાધના શું નકામી જાય છે ? તેમની મહેનત બાતલ થાય છે ? અર્જુને આવો પ્રશ્ન ઊભો કર્યો છે.

તેના જવાબમાં ભગવાન કહે છે કે એવા સાધકનો પ્રયાસ નકામો જતો નથી. ધનુષ્યમાંથી છૂટેલું બાણ નક્કી સ્થળે પહોંચશે જ. તેવી રીતે કરેલું કર્મ ફળ આપશે જ, એ નિયમ અફર છે. તેમાં શંકા કરવાની જરૂર નથી. આ સંબંધમાં બાંહેધરી આપતાં તે કહે છે કે કલ્યાણનું કામ કરનારનું કદી પતન થયું નથી, તેમજ તેની દુર્ગતિ થતી નથી. આવી લેખિત બાંહેધરી ભગવાન વિના બીજું કોણ આપી શકે એમ છે ? જે પોતાનું કે બીજાનું કલ્યાણ કરવાની સાધના કરે છે, તેનું કલ્યાણ જ થાય છે. એવો દસ્તાવેજ ભગવાને કરી આપ્યો છે, માટે નિરાશ થયા વિના સાધના કરો. સાધનાનું ફળ એક જીવનમાં ના મળે તેથી શું થયું ? એક જન્મમાં સિદ્ધિ ના મળે તેથી પણ શું થયું ? જીવન તો અનંત છે. કરેલું કર્મ નકામું જતું નથી. સરકારને ધીરેલા પૈસા સરકાર બદલાય તોય પાછા મળે છે. તે ના મળે તો પણ કરેલું કર્મ તો નકામું જતું જ નથી. માટે હિંમત રાખીને પુરૂષાર્થ કરો; કલ્યાણનાં કર્મ કરતાં જ રહો; સાધનાને ને શ્રદ્ધાને કોઈપણ સંજોગોમાં ના મૂકો. જેમ પ્રવાસીઓનાં પોટલાં ગાડી બદલવા છતાં પ્રવાસીઓની સાથે જ રહે છે, તેમ શરીર બદલવું એ તો ગાડીના ડબ્બા બદલવા જેવું છે. તે બદલવા છતાં પુરૂષાર્થનું પોટલું સંસારની અનંતયાત્રાએ નીકળેલા પ્રવાસી માનવીની સાથે જ રહે છે. બીજા જીવોને માટે પણ આ સાચું છે. સાધકોએ ભગવાનના આ ઉત્તરમાંથી આશા, પ્રેરણા ને સમાધાન મેળવીને આગળ વધવાનું છે.

યોગભ્રષ્ટ પુરૂષનું શું થાય છે ? તે શરીર છૂટ્યા પછી ઉત્તમલોકમાં જાય છે. ત્યાં કેટલોક વખત રહે છે ને પછી પવિત્ર ને ગુણવાન માતાપિતાને ત્યાં જન્મે છે અથવા યોગીઓના કુળમાં જન્મે છે. જન્મમાં બાલપણથી જ તેનાં પહેલાંના સંસ્કાર જાગી ઊઠે છે ને પરમાત્માની પાસે પહોંચવાનો તે પ્રયાસ કરે છે. પછી થોડા જ વખતમાં તે પરમાત્માને ઓળખી લે છે ને મુક્તિ મેળવે છે.

વધારે ભાગના માણસો એમ માને છે કે જેનો યોગ કે જેની સાધના અધૂરી રહી હોય તેવા સાધકને માટે આ બધું કહેવામાં આવ્યું છે. પણ સાચી વાત તેવી નથી. જે સાધકોનું મન કોઈ કારણથી સાધનામાંથી ચલિત થઈ ગયું હોય, ને કોઈ વસ્તુના મોહમાં પડવાથી જે સાધનાને પૂરી કરી શક્યા ના હોય, તેવા યોગભ્રષ્ટ પુરૂષોને માટે જ આ વાતો કહેવામાં આવી છે. આવા પુરૂષ તરીકે જડભરતને લઈ શકાય. પુર્વજીવનમાં તે મહાન તપસ્વી હતા. પણ મૃગની મમતામાં અને તપમાં પ્રમાદ કરવાથી તેમને બીજા જન્મમાં મૃગ થવું પડ્યું ને તે પછી તે જડભરતરૂપે જન્મ્યા. તે જન્મમાં તેમનું જ્ઞાન સંપૂર્ણ થયું ને તે પૂર્ણતાની પ્રાપ્તિ કરી શક્યા. છતાં અધૂરી સાધનાવાળા સાધકોને માટે પણ ગીતાના આ શબ્દો લાગુ પડી શકાય છે. તેમાં નુકશાન કાંઈ જ નથી, લાભ જરૂર છે.

**[ ૨૩ ] યોગી થાવ**

આ બધી વાત કહીને અધ્યાયને અંતે ભગવાન કહે છે કે હે અર્જુન, તું યોગી થા. ભગવાનનો એ સંદેશ સૌએ સમજવાનો છે. કેવલ તપથી શાંતિ નહિ મળે; જ્ઞાન જો ફક્ત બોલવા પૂરતું હશે તો તેથી પણ શાંતિ નહિ મળે ને ઉપાસના તથા કર્મ પણ જો શુષ્ક ને પ્રભુપ્રેમથી રહિત હશે, તો તેથી પણ જીવનની ધન્યતા નહિ મળે. શાંતિ, મુક્તિ, પૂર્ણતા ને જીવનની ધન્યતા મેળવવા માટે તો માણસે યોગી થવું જોઈએ. એટલે કે પરમાત્માનું દર્શન કરવું જોઈએ. પોતાની અંદર ને બહાર બધે તેનું દર્શન કરવું જોઈએ. પરમાત્માનો વિયોગ દૂર કરવો જોઈએ તો જ તે પરમાનંદ પામી શકે ને અમૃતમય પણ ત્યારે જ તે બની શકે. શ્રદ્ધાભક્તિને વધારી ભગવાનનું દર્શન કરવા પ્રયાસ કરવો ને છેવટે ભગવાન સાથે એક થઈ જવું એ જ સાધનાનું રહસ્ય છે. યોગનું ફળ પણ તે જ છે. તે ફળ મેળવનાર જ સાચો યોગી છે ને તેવો યોગી જ ભગવાનને સૌથી પ્રિય ને શ્રેષ્ઠ લાગે છે. એવા યોગી થવા માટે આપણે તૈયાર થઈએ. આજે આપણે ક્યાં છીએ તેનો વિચાર કરીએ હવે ક્યાં જવું છે તેનો નકશો પણ નજર સામે રાખીએ ને કેવી રીતે ને કેટલા વખતમાં જવું છે તે પણ નક્કી કરીએ; પછી દૃઢ નિશ્ચય કરીને કામે લાગી જઈએ. જ્યાં જવાનું છે ત્યાં જરૂર પહોંચી શકીએ. આ સંસારમાં કોઈને માટે કશું જ અશક્ય નથી. એ વાતમાં વિશ્વાસ રાખીએ.

☼ ☼ ☼



# અધ્યાય સાતમો : જ્ઞાનવિજ્ઞાનયોગ

૧) ઈશ્વરદર્શનનો સમય ચોક્કસ નથી
૨) એક અંજલિ
૩) બે પ્રકારની સ્તુતિ
૪) માયાનો પ્રભાવ
૫) માયાને તરવાનો ઉપાય : ભક્તિ
૬) માયાને તરવાનો ઉપાય : ભગવાનના થાવ
૭) નિર્ભય બનો
૮) માયાને તમે જ પકડી છે
૯) ગીતાનાં શરણથી પણ માયાને તરાય છે
૧૦) સારા અને નરસા માણસો વિશે
૧૧) મારી પાસે આવનારા જુદા જુદા માણસો
૧૨) ચાર જાતના ભક્તો : જ્ઞાની ભક્ત
૧૩) કામનાવાળા ભક્તોનો તિરસ્કાર ન કરો
૧૪) જિજ્ઞાસુ ભક્ત
૧૫) આર્ત ભક્ત
૧૬) ગજેન્દ્રની વાત
૧૭) જ્ઞાની ભક્ત સૌથી ઉત્તમ છે
૧૮) જ્ઞાની ને પૂર્ણ મહાત્મા ખૂબ દુર્લભ છે
૧૯) પ્રભુ આપણને પ્રેરણા ને પ્રકાશ આપે

**[ ૧ ] ઈશ્વરદર્શનનો સમય ચોક્કસ નથી.**

ગીતાના સંગીતનો આસ્વાદ લેતાં લેતાં આપણે આગળ ને આગળ વધ્યે જઈએ છીએ, નવાં નવાં રસભર્યા સૂર છૂટતા જાય છે. તેથી આપણને આનંદ પણ થાય છે. પણ પહેલાંના સૂરને ભૂલી જવાનું કામ ઠીક નથી. ભૂલી જવાની ટેવ આપણે માટે નુકશાન કરનારી સાબિત થશે. બદરીનાથની યાત્રાએ આવનારા માણસોના માર્ગમાં કેટલાંક તીર્થો, સુંદર સ્થળો ને કેટલાંય આનંદ આપતા દૃશ્યો આવે છે. જેમ જેમ તે માણસો આગળ વધે છે, તેમ તેમ નવાં નવાં ને વધારે સુંદર સ્થળો આવે છે. પણ તેમને જોવાનાં આનંદમાં જુના સ્થળોને તે ભૂલી જાય છે ? ના, કેમ કે જુના કે જોયેલા સ્થળો વિશે જ્યારે પણ તેમને પૂછવામાં આવે છે, ત્યારે તેમના પડદા પર તે સ્થળો તાજાં થાય છે, ને તેમનું વર્ણન સાંભળી આપણને આનંદ આવે છે. આપણી યાત્રા પણ તેવી થવી જોઈએ. જે જોયું, સાંભળ્યું કે વિચાર્યું તેનું મનન ચાલુ રહેવું જોઈએ. આ બાબતમાં તમે પશુને ગુરૂ કરી શકો છો, ને તેમની પાસેથી વાગોળવાની ક્રિયામાંથી શિક્ષા લઈ શકો છો. સારું લાગે તેને વાગોળો ને પચાવો, એટલે તમે શક્તિશાળી બનશો.

કેટલીકવાર મને પૂછવામાં આવે છે કે યોગી થવું હોય તો કેટલા વખતમાં થઈ શકાય ? ઈશ્વરપ્રાપ્તિ કેટલા વખતમાં થાય ? પરમાત્માનું દર્શન એક જન્મમાં થાય ખરું ? અમારા સંસ્કાર તો ઘણા અલ્પ છે, તો અમને પરમાત્માની કૃપા મળે ખરી ? શાસ્ત્રો ને સંતો તો સાધનાના માર્ગને ખાંડાની ધાર જેવો કહે છે. તો શું અમારાથી તેના પર ચાલી શકાય ને તેને પાર કરી શકાય ? કેટલીકવાર ઉત્સાહમાં આવી જઈને લાંબા વખત સુધી સાધના કરીએ છીએ પણ ખાસ અનુભવ થતો નથી. એટલે સાધના મૂકી દઈએ છીએ. તો સાધના કર્યા છતાં અમને આનંદ કેમ આવતો નથી ને ખાસ અનુભવ કેમ થતો નથી ?

ગયા અધ્યાયમાં ભગવાને યોગી થવાનું કહ્યું છે, તેમજ શ્રદ્ધાપૂર્વક ભક્તિ કરવાનું પણ કહ્યું છે. પણ યોગી કેટલા વખતમાં થઈ શકાય તે કહ્યું નથી. કેટલા વખતમાં કોણ યોગી થઈ શકશે, અથવા કેટલા વખતમાં કોને ઈશ્વરપ્રાપ્તિ થઈ શકશે, તે ચોક્કસ કહી શકાય તેમ નથી.

ઈશ્વરનું દર્શન એક જન્મમાં પણ થઈ શકે છે. એક જન્મમાં તમે પૂર્ણ યોગી બની શકો છો, ને પરમાત્માનો સાક્ષાત્કાર પણ કરી શકો છો ને તે માટે તમને કેટલાય જન્મો લાગી જાય એમ પણ બની શકે છે. તમારી લાયકાત ને ચાલ પર તેનો આધાર રહે છે. જો તમે લાયકાતની દૃષ્ટિએ નબળા હશો, ને કીડી કરતાંય ધીરી ચાલે ચાલતા હશો, તો કેટલાય જન્મે પરમાત્માની પાસે પહોંચી શકશો. પણ લાયકાત મેળવીને જો ઈશ્વરના દર્શનને માટે ઝડપથી પ્રયાસ કરશો, ને જંગલમાં ઝરણ ને ચંચલ હરણ જેમ વેગમાં દોડે છે, તેમ જો સાધનાનાં માર્ગે વેગથી આગળ ને આગળ વધ્યે જશો, તો ઈશ્વરનું દર્શન જલદી-એક જ જન્મમાં-કરી શકશો. આકાશમાં ઉડનારા પંખી કેવાં સડસડાટ ઉડ્યે જાય છે ! પંખા જેવી પાંખથી એકધારાં ઉડનારાં પંખી આ જ વાત કહી રહ્યાં છે. તમારી જાતની ઉન્નતિના આકાશમાં પણ એ જ રીતે ઊડો, તો કામ સહેલું થઈ જશે. બાકી પ્રમાદ કરશો, નાહિંમત ને નિરાશ બનશો ને આડામાર્ગે અટવાઈ જશો તો ન જાણે કેટલા જન્મે પરમાત્માનો સાક્ષાત્કાર કરીને જીવનને શાંતિમય, મુક્તિમય, સફલ ને ધન્ય બનાવી શકશો.

આ પ્રસંગે મને હિમાલયમાં પગપાળા કરાતી બદરીકેદારની યાત્રા યાદ આવે છે. દર વરસે કેટલાંય માણસો તે યાત્રાનો લાભ લે છે, સાધારણ રીતે માણસો રોજના પંદરેક માઈલ સહેજે ચાલે છે, પણ કેટલાક આરામપ્રિય ને કમજોર માણસો રોજના દશ માઈલ ને કેટલીકવાર તો તેથી પણ ઓછું ચાલે છે. જે ચાલવામાં પાવરધા છે તે તો રોજના અઢાર માઈલ પણ ચાલી જાય છે. એટલા માઈલ કાપી નાખવા તેમને મન રમત વાત થઈ પડે છે. હવે તમે જ વિચાર કરો કે એ બધા માણસોને હિમાલયની યાત્રા પૂરી કરતાં શું જુદોજુદો કે વત્તો ઓછો વખત નહિ લાગે ? કોઈ માત્ર પંદર દિવસમાં, કોઈ વીશ દિવસમાં તો કોઈ એકાદ મહિનામાં કે તેથીયે વધારે વખતમાં બદરીકેદારની યાત્રા પૂરી કરશે. જીવનની સાધનાયાત્રાનું પણ તેવું જ સમજવાનું છે. જેવી ને જેટલી ઝડપ તેવો ને તેટલો સમય તેને પૂરી કરવામાં લાગશે એ નક્કી છે.

ધ્રુવજીએ પાંચ જ મહિનામાં ભગવાનનું દશર્ન કર્યું. એ પહેલાં તેમની સાધના ન જાણે કેટલાંય વરસોથી ચાલતી આવી હશે, પણ તે જન્મમાં તેમને પાંચ જ મહિના લાગ્યા. કેમકે તેમનો વૈરાગ્ય દૃઢ હતો; નિશ્ચય પણ દૃઢ હતો ને તે નિશ્ચયનો અમલ કરવાનો પુરૂષાર્થ પણ પ્રખર હતો. પરીક્ષિત રાજાએ શુકદેવજીનું શરણ લઈને સાત જ દિવસમાં શાંતિ મેળવી લીધી, તક્ષકનો ભય દૂર કરીને સાત જ દિવસમાં શાંતિ મેળવી શક્યા. બુદ્ધ ભગવાને પણ મક્કમ નિરધાર કરીને ગયાજીના બોધિવૃક્ષ નીચે આસન વાળ્યું તો તેનું પરિણામ કેટલું ચમત્કારિક આવ્યું ? સાત જ દિવસમાં શાંતિ ને બોધિની પ્રાપ્તિ ! તે પ્રસંગોમાંથી શીખવાની કે ગાંઠે બાંધવાની વાત એ જ છે કે દૃઢ નિશ્ચય કરો ! શાંતિ, પૂર્ણતા ને પરમાત્માને માટે તલસાટ ઊભો કરો; અંતરના અંતરતમમાં ઈશ્વરને માટે ઈચ્છા ઉત્પન્ન કરીને, આરઝુ જગાવીને પ્રેમપૂર્વક પ્રાર્થના કરો, પ્રયાસ કરો ને રોવા માંડો તો ઈશ્વરનું દર્શન વહેલામાં વહેલી તકે મળી શકે ને આત્મિક ઉન્નતિનું સ્વપ્ન સહેલું બને.

મારી તમને સલાહ છે, કહો કે વિનંતિ છે, કે તમારી જાતને નાની કે નીચી માની લેતા નહિ. તમારા વિશે નબળા કે ખોટા ખ્યાલો બાંધી દુર્બળતાના પીંજરામાં પહેલેથી જ ને કવખતે કેદ થઈ જતા નહિ. પોતાની જાતને ક્ષુદ્ર ગણવી ને પોતાના વિશે હલકા વિચારો રાખવા એ જરાય ઈચ્છવા જેવું નથી; એમાં પોતાની જાતનું અહિત રહેલું છે, ને મહાન અપરાધ સમાયલો છે. વિચાર, ભાવના ને મહત્વકાંક્ષાને પવિત્ર, પ્રબળ ને ઉત્તમ રાખો. પછી તે પ્રમાણે કામ કરવા મંડી પડો એટલે જરૂર સફળ થશો. જે પુરૂષો મહાન બની ગયા છે તે કાંઈ આકાશમાંથી ઊતરી આવેલા પુરૂષો ન હતા. દેવાંશી પણ ન હતા. તેમને માથે કાંઈ શીંગડા ન હતાં. તેમનું શરીર તમારા જેવું જ સાધારણ હતું. કેટલાક તો તમારાથી પણ વધારે નબળાઈવાળા હતા. પણ તે જાગ્યા, સત્યના સેવક થયા, ને પોતાની જાતના ઘડવૈયા થવાના સંકલ્પથી આગળ વધ્યા તો ઈશ્વરની કૃપા પામીને ખરેખર મહાન થઈ શક્યા. તમે પણ તેવી મહાનતા શા માટે ન મેળવી શકો ? મહાનતાનો માર્ગ સૌને માટે ઉઘાડો છે.

પ્રભુના મંદિરનાં દ્વાર સૌને માટે ખુલ્લાં છે, પ્રભુના હૃદયમાં બિરાજવાનો ને પોતાના હૃદયમંદિરમાં પ્રભુને પધરાવવાનો અધિકાર બધાંને છે. પંઢરપુરના વિઠોબાના દર્શને કોઈવાર ગયા છો ? કમર પર બંને હાથ રાખીને ભગવાન વિઠ્ઠલ ઊભા છે. તેમના મુખ પર કેટલું મધુર ને મંગલ સ્મિત છવાયું છે ! સ્મિત કરીને તે સૌને સત્કાર કરે છે, જેની મરજી થાય તે ત્યાં જાય, સ્મિતને ઝીલે, ચરણમાં મસ્તક મૂકે ને વિદાય થાય. કોઈને રોકટોક જ નહિ. કલકત્તામાં દક્ષિણેશ્વરની કાલી માતાની મુલાકાત લીધી છે ? મુખ પર મધુમય સ્મિત

સજીને તથા બંને આંખમાં અમી આંજીને તે પણ સૌનું સ્વાગત કરે છે. 'મા'ની શોભાનો પાર નથી. એક હાથે તે સૌને અભયદાન આપે છે, ને બીજે હાથે પોતાનું સર્વ કાંઈ આપવાનો અભિનય કરે છે. ઈશ્વરનો દરબાર આમ સૌને માટે ખુલ્લો છે. ગંગાના પાણીમાં સ્નાન કરવાનો પ્રતિબંધ કોઈના પર નથી. પ્રભુનો પ્રેમરસ તે પ્રમાણે છે છતાં કોઈ લાભ ન લે ને હાથે કરીને પોતાને દરિદ્ર, દુઃખી ને અભાગી માને, દીન ને હીન સમજે, તો કોઈ શું કરે ?

**[ ૨ ] એક અંજલિ.**

ગીતાનો વિચાર કરવાના કામમાં આપણે આગળ ને આગળ વધી રહ્યા છીએ. ગીતા જેવા મહાન ગ્રંથનો વિચાર કરવાનું સહેલું નથી. જેમ હિમાલય પર્વત પર ચઢવાનું કામ કઠિન છે, તેમ ગીતાના રહસ્યને હાથ કરવાનું કામ પણ કઠિન છે. દરિયાના તળિયે ડૂબકી મારીને મોતી મેળવવાનું કામ કેટલી બધી મહેનત માગી લે છે ? ગીતાના જ્ઞાનસિંધુને તળિયે ડૂબકી મારીને વિચારનાં મહામુલ્યવાન મોતી મેળવવાનું કામ એથી પણ વધારે મહેનત માગી લે છે. પ્રભુની કૃપા વિના તેવા ભગીરથ કામમાં ભાગ્યે જ સફળ થઈ શકાય. સંતોની કૃપા પણ જોઈએ જ. પ્રભુ ને સંતોમાં ખાસ ફેર નથી. પ્રભુની પેઠે સંતો પણ દયાથી ભરેલા હોય છે. એટલે તેમની કૃપા મારા પર વરસી રહેશે એમાં શંકા નથી. જો કે મારી શક્તિ ઘણી અલ્પ છે ને બુદ્ધિ સીમિત છે; મારામાં વિવેક કે વિચારનો છાંટો પણ નથી તો પણ મને તેની વધારે ચિંતા નથી. સંતો ને મહાપુરૂષોની મારા પર કૃપા છે. એટલે મારા કાલાઘેલા બોલને તે ચલાવી લેશે ને મીઠા કરીને માનશે તેની મને ખાત્રી છે. 'મા'ની પાસે બાળક ફાવે તેમ રમત કરે છે ને કેટલીકવાર તો હસવું આવે તેવી રીતે વર્તે છે, પણ માતા તેની મશ્કરી કે હાંસી ઉડાવતી નથી. બાળકની નિર્દોષ રમત જોઈને માનું હૈયું પ્રેમના પુરથી ઊભરાઈ જાય છે. એ વાત કંઈ નવી નથી પણ અનાદિકાળથી ચાલી આવે છે. પ્રભુ ને પ્રભુની પ્રતિમા જેવા પ્રેમી સંતો પણ મારે મન 'મા' જેવા છે. તે મારી કાલીઘેલી બોલી ને નિર્દોષ રમત જોઈને હાંસી નહિ ઉડાવે તેની મને ખાત્રી છે કેમ કે તેમને મારા પર પ્રેમ છે, પુષ્કળ પ્રેમ છે, ને તેમણે મને પોતાનો કરીને માનેલો છે, તેમનો સ્વભાવ જ એવો છે કે તે બીજાના રજ જેટલા ગુણને પહાડ જેટલા ગણીને જુએ છે, ને તેમની દૃષ્ટિ એવી પવિત્ર છે કે તેને બધે પવિત્રતા ને મંગલતાનું જ દર્શન થાય છે. વળી મારી નિર્ભયતાનું એક બીજું કારણ એ છે કે આ કામ મારું નહિ પણ 'મા'નું પોતાનું છે. પ્રભુ પોતે જ આ કામ કરી રહ્યા છે. જ્યારે પરિસ્થિતિ ખરેખર આવી છે ત્યારે મારે ચિંતા કે સંકોચ કરવાનું કારણ જ ક્યાં છે ? તેમને જે રીતે ઠીક લાગે તે રીતે આ કામ કરે. તેમાં મારે માટે ભયનું કારણ શા માટે હોવું જોઈએ ?

શ્રી શંકરાચાર્ય ભગવાનની ટીકા તો સુંદર છે જ. પણ બીજા મહાપુરૂષોએ ગીતા પર જે જુદી જુદી ટીકા કરી છે તે પણ સુંદર જ છે. તેમાંયે પંદર વરસની છેક નાની વયમાં જ્ઞાનેશ્વરી જેવી મહાન ટીકા કરનાર સંત જ્ઞાનેશ્વરની ટીકા ખૂબ જ સુંદર ને સરસ છે. આજ સુધી લખાયેલી ગીતાની આવી કેટલીય ટીકાઓ ને વિચારણાઓની આગળ મારી વિચારણા શું વિસાતમાં ? છતાં પણ તેથી મને પોતાને લાભ થાય છે. ને તેની પાછળ સંતો ને સંતોના સ્વામી પરમાત્માની પ્રેરણા ને શક્તિ છે, માટે જ આ કામ હું પ્રેમથી કરી રહ્યો છું. 'મા'ની છત્રછાયામાં બાળક જેમ નિર્ભય રહે ને ફરે, તેમ હું પણ તેમની છાયામાં નિર્ભય છું.

સંતો ને સંતોના સ્વામી પ્રભુના ચરણોમાં આટલી પ્રણામાંજલિ ધરીને હવે આગળ વધીએ.

**[ ૩ ] બે પ્રકારની પ્રકૃતિ**

ભગવાન કહે છે કે હે અર્જુન, મારી પ્રકૃતિ બે જાતની છે. એક તો પરા ને બીજી અપરા. અથવા કહો કે એક સાધારણ ને બીજી અસાધારણ. અપરા અથવા સાધારણ પ્રકૃતિ આઠ પ્રકારની છે. (૧) પૃથ્વી (૨) પાણી (૩) પવન (૪) અગ્નિ (૫) આકાશ (૬) મન (૭) બુદ્ધિ ને (૮) અહંકાર. પરા અથવા અસાધારણ પ્રકૃતિમાં જીવનો સમાવેશ થાય છે. સંસારમાં જે છે તે બધા જ પદાર્થો આ બે જાતની પ્રકૃતિમાંથી બનેલા છે એમ કહો કે સંસાર ભગવાનની પ્રકૃતિમાંથી થયેલો છે એટલે ભગવાનનું સ્વરૂપ છે. એ જ ભાવમાં ભગવાન કહી રહ્યા છે કે હે અર્જુન, મારા વિના આ સંસારમાં બીજું કાંઈ જ નથી. જેમ દોરમાં મણકા પરોવ્યા હોય, અથવા ફૂલ ગૂંથીને માળા બનાવી હોય, તેમ આ આખુંયે જગત મારી અંદર ગૂંથાયેલું, પરોવાયલું કે ઓતપ્રોત થયેલું છે. મારા વિના સંસારનું અસ્તિત્વ જ નથી. રસથી ભરેલા પદાર્થોમાં હું જ રસરૂપે રહેલો છું, ને સૂર્ય તથા ચંદ્રમાં, ગ્રહ ને નક્ષત્રમાં પ્રકાશરૂપે પણ હું જ રમી રહ્યો છું. વેદોમાં ૐકાર રૂપે પણ હું જ છું. સંસારમાં જે કાંઈ પવિત્ર, પ્રકાશમય કે રસમય છે, તે મારું જ સ્વરૂપ છે. પંખીના સ્વરમાં ને શિશુના શબ્દોમાં મારી જ મધુરતા રહેલી છે. વનસ્પતિ ને વૃક્ષોમા હું જ વિરાજી રહ્યો છું ને વિશાળ સાગર તથા સુંદર સરિતાના રૂપમાં હું જ મારા હૃદયને ખુલ્લું કરીને વહી રહ્યો છું.

ભગવાન વિના સંસારમાં કાંઈ જ નથી. જુદા જુદા પદાર્થોનું રૂપ લઈને એક ભગવાન જ પ્રગટ થઈ રહ્યા છે ને લીલા કરી રહ્યા છે એ વાતનો અનુભવ કરવાની જરૂર છે. ભગવાનના વિરાટ વિશ્વરૂપનું દર્શન કરવાનું છે. સંસારમાં બધે ઈશ્વર રહેલા છે, ને બધાં રૂપોમાં તે જ રમી રહ્યા છે, એવું જ્ઞાન થાય, ને તે પ્રમાણે અનુભવ કરાય, તો જીવન મંગલમય, પ્રેમમય ને આનંદમય બની જાય. એ અનુભવી દશા પર માણસે પહોંચવાનું છે એ દશા પર પહોંચેલા ઉપનિષદના ઋષિઓએ પોતાના અંતરના આનંદને શબ્દોમાં ઠાલવતાં કહ્યું છે કે સંસારમાં બધે આ અમૃતમય પરમાત્મા જ રહેલા છે. આગળ, પાછળ, ઉપર ને નીચે, જમણા તરફ ને ડાબી તરફ બધે તે પરમાત્માનો જ વાસ છે. પરમાત્મા બધે જ ફેલાયેલા છે, ઉત્તમ છે, ને સર્વશક્તિમાન પણ તે જ છે. કવિ દલપતરામે પોતાની સરલ, સાદી પણ સુંદર, સચોટ ને સુમધુર ભાષામાં ગાયું છે કે,

આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ
ઘાસચાસની પાસ પણ વિશ્વપતિનો વાસ.

કવિ કહે છે કે ઈશ્વર વિના રજ જેટલી જગ્યા પણ ખાલી નથી. ખરું છે, બહાર તો શું પણ માણસની અંદર પણ તેવી ખાલી જગ્યા ક્યાં છે ? તનમાં, મનમાં, અંતરમાં ને રોમેરોમમાં ઈશ્વરનો વાસ છે. છતાં આવા વ્યાપક ને આટલાં બધા સમીપ રહેતા ઈશ્વરને ઓળખવામાં માણસ પાછો પડે છે ને કેટલીકવાર તેનો ઈન્કાર કરવા પણ તૈયાર થાય છે, એ શું ઓછી નવાઈની વાત છે ?

ઈશ્વરને જોવા માટે માણસે અજ્ઞાનના આવરણને દૂર કરવું જોઈએ, વિવેકને જગાવવો જોઈએ ને અંતરની આંખ ઉઘાડવી જોઈએ. તે આંખ ઉઘડે તો ઈશ્વર તેને પાસે જ દેખાય ને બધે તેમનો અનુભવ થાય. ગમે તેટલાં પુસ્તકો વાંચો, જપ ને તપ તથા યજ્ઞાદિ કરો, તીર્થોમાં ફરો, પંડિતોને પણ મહાત કરે તેવી મેધા

મેળવો. પણ અંતરની આંખ ઉઘડ્યા વિના ને ચરાચરમાં પ્રભુનું દર્શન થયા વિના સાધના ફળે નહિ; શાંતિ મળે નહિ, ને બંધન ટળે નહિ. જપ, ધ્યાન, યાત્રા, અભ્યાસ ને બીજી ક્રિયાઓથી કરવાનું કામ આ જ છે. તે બધી ક્રિયાઓની મદદથી અંતરની આંખ ઉઘાડવાની છે ને છેવટે ચરાચરમાં પ્રભુની ઝાંખી કરવાની છે. જેમની અંતરઆંખ ઉઘડી જાય છે તેમને પ્રભુની ઝાંખી થઈ જાય છે. શુકદેવની દશા આવી હતી. રાધા ને ગોપીઓની દશા પણ આવી હતી. તેમને સર્વત્ર પ્યારા પ્રભુનું દર્શન થતું.

આપણે પણ પ્રભુનું શરણ લઈને, સંતોના ચરણમાં ઢળીને, પ્રાર્થના કરીએ કે હે પ્રભુ, અમારી આંખ આગળથી અજ્ઞાનના આવરણને હઠાવી દો, ને કૃપા કરી દો.

**[ ૪ ] માયાનો પ્રભાવ.**

પરમાત્મા પોતાની પાસે છે, ને પોતે પણ પરમાત્માસ્વરૂપ છે. છતાં માણસ એ વાત ભૂલી ગયો છે; ને તેથી દુઃખી, દરિદ્ર થઈ ફર્યા કરે છે. આ કેટલી બધી નવાઈ ઉપજાવે તેવી વાત છે, તેનો જરાક વિચાર તો કરો. કોઈ માણસના ગજવામાં અપાર ધન હોય. છતાં તે વાતને ભૂલી જઈને તે દરિદ્ર થઈને ફર્યા કરે ને માગણ બને, તો કેટલું આશ્ચર્ય લાગે ? કેટલાંક માણસો ગાંઠે પૈસા બાંધીને કોઈ વસ્તુ ખરીદવા બજારમાં નીકળી પડે છે. પણ બજારમાં જઈને પૈસાની વાત વિસરી જાય છે, ને પૈસા વિના વસ્તુ લીધા વિના ઘેર પાછાં ફરે છે. તપાસ કરે છે ત્યારે કેટલેય વખતે તેમને યાદ આવે છે કે પૈસા તો તેમની ગાંઠે જ બાંધેલા છે. માણસની દશા પણ તેવી જ છે. ગાંઠે બાંધેલા રતનની જેમ પરમાત્મા તેની પાસે જ છે, પ્રાણ કરતાં પણ વધારે પાસે છે છતાં તે વાતને તે વિસરી ગયો છે ને સંસારના સુખશાંતિ ને સમૃદ્ધિના બજારમાં આમતેમ ફર્યા કરે છે. પોતાને દીન ને હીન માનીને રડે છે, ને દુઃખી થાય છે. તેનું કારણ શું ? સંસારનો રસ, વિષયોનું સુખ, અજ્ઞાન ને લાંબા વખત લગી તેમાં રમવા કે ભમવાથી થયેલી ભ્રાંતિ. તેને માયા પણ કહે છે. તેમાં ફસાઈને માણસ ભગવાનને ભૂલી જાય છે, ને જે ખોટું છે તેને સાચું ને સાચાને ખોટું માની બેસે છે. માયાનો પડદો જેના પર પડી ગયો છે. તેને પાસેમાં પાસે રહેલા પરમાત્માનું દર્શન પણ થઈ શકતું નથી. માયાનો પ્રભાવ જ એવો છે. વ્યવહારમાં ડૂબેલા સાંસારિક માણસો જ નહિ પણ મોટા મોટા મુનિ, યોગી, જ્ઞાની ને તપસ્વી પણ તેની જાળમાં સપડાય છે. પોતાની સુંદરતાથી જે સૌને મોહિત કરે છે, તે પણ આ નટખટ માયાના મોહમાં પડીને સૂધબૂધ ભૂલી જાય છે. કીડીથી કુંજર ને રજથી માંડીને ગજ સુધીના સઘળા પ્રાણી ને પદાર્થો માયાવતી દેવીની આંખના ઈશારા પ્રમાણે ચાલી ને નાચી રહ્યા છે. ભગવાનની જેમ તેમની શક્તિ જેવી માયા પણ સર્વવ્યાપક હોય તેમ બધે જ ફેલાયલી છે. માનવ તો શું, દેવો પણ તેની અસર નીચે આવી જાય છે. તેની આણ બધે જ પ્રવર્તે છે.

ભગવાન પોતે કહે છે કે હે અર્જુન, મારી માયા દૈવી શક્તિથી ભરેલી છે. ત્રણ જાતના ગુણથી ભરેલી છે, ને તરવી મુશ્કેલ છે. પેસિફિક કે એટલાન્ટિક મહાસાગરને તરી જવાય, સુએઝની નહેર ને સંસારના બધા જ દરિયાને કદાચ તરી જવાય, પણ માયાને તરવાનું કામ એથીયે મુશ્કેલ છે. પોતાના સ્વભાવમાં રહેલાં તમોગુણ ને રજોગુણને જીતીને સત્વગુણી બનવું ને છેવટે ઈશ્વરનું દર્શન કરી ત્રણે ગુણોથી પર થવું એથીયે કપરૂં છે. લોઢાના ચણા ચાવવા જેવું છે. ભલભલા પહેલવાનો, મલ્લો ને કુસ્તીબાજો પણ એ કામમાં સફળ

થઈ શકતા નથી. માયા તેમને પણ-આંખ બંધ કરીને ઉઘાડે એથી પણ ઓછા વખતમાં-ગુલાંટ ખવડાવી દે છે ને મહાત કરે છે. એ માયા મહામસ્તાની છે. મોટામોટા મુનિ ને પંડિત પણ તેની મસ્તીમાં મોહાઈ જાય છે. ભગવાન કહે છે કે તેના મોહમાંથી છૂટવાનું કામ કઠિન છે.

**[ ૫ ] માયાને તરવાનો ઉપાય : ભક્તિ.**

તો પછી શું માણસે નિરાશ થઈ જવું ? માયાને વશ કરવાનું કે તરવાનું કામ કઠિન હોય તો માણસે શું હતાશ બનીને બેસી રહેવું ? કદાપિ નહિ. ભગવાનના કહેવાનો અર્થ એવો નથી. ભગવાન તો માયાને તરવી મુશ્કેલ છે એમ કહે છે. જેથી આપણે સાવધાન થઈએ ને માયાને તરવાના કામમાં બધી શક્તિને કામે લગાડીએ. માણસે સંસારમાં મુશ્કેલ લાગતાં કેટલાંય કામ કર્યાં છે. સંસારના જીવો ને પદાર્થોને વશ કર્યા છે. તેવો માણસ માયાને વશ ના કરી શકે એમ બને જ નહિ. એટલે કોઈયે સંજોગોમાં તેણે નિરાશ થવાની જરૂર નથી. રણમાં લડવા નીકળતી વખતે જ શત્રુની શૂરવીરતાની વાતો સાંભળીને જેના પગ ઢીલા પડી જાય છે, ને જેના શરીરમાં કંપ તથા હૈયામાં ફફડાટ થાય છે, તેવો યોદ્ધો રણમાં જઈને શત્રુની સામે કેવી રીતે લડી શકશે ને વિજય પણ કેવી રીતે મેળવી શકશે ? માટે શરીરમાં કંપ ને હૈયામાં ફફડાટ લાવવાની જરા પણ જરૂર નથી. હિંમત રાખો, ઉત્સાહ ધરો ને વીર બની વિજય મેળવવાનો માર્ગ શોધી કાઢો. તો જરૂર ફત્તેહ થશે.

રામાયણમાં સંત તુલસીદાસે લખ્યું છે કે : ‘માયા ને ભક્તિ બંને નારી જાતિ છે. તે બંનેમાં ભગવાન રામને ભક્તિ ખૂબ વહાલી છે. માયા તો તેમની સામે ને તેમની આંખને ઈશારે નાચતી નર્તકી છે. ભક્તિ તેમની પ્રિયતમા હોવાથી સ્વાભાવિક રીતે જ તેની પર તેમની કૃપા છે. કહો કે ભગવાન ભક્તિને વશ છે ને ભક્તિની અનુકૂળતા સાચવે છે, તેથી માયા તેનાથી ડરે છે. રખેને ભક્તિનું કાંઈ અહિત થાય ને ભગવાનનો ખોફ વહોરવો પડે એવા વિચારથી તેને સદા ભય લાગે છે. જેના હૃદયમાં ભગવાનની અપાર ને અનન્ય ભક્તિ જાગી ઊઠે છે. તેને જોઈને માયાને સંકોચ થાય છે. ભગવાનના તેવા પરમ ભક્તની પાસે માયાનું જોર જરા પણ ચાલતું નથી. એટલા માટે જે મુનિ છે તે પરમ જ્ઞાની છે, તે સર્વ પ્રકારના સુખના ભંડાર જેવી ભક્તિની માંગણી કરે છે. ભગવાનનું આ રહસ્ય વધારે ભાગે કોઈના જાણવામાં આવતું નથી. ભગવાનની કૃપા વિના તે જણાતું નથી ને જે જાણી લે છે, તેને સ્વપ્ને પણ મોહ થતો નથી. માયાના પ્રભાવથી તે પર થઈ જાય છે.’

એટલે કે ભક્તિનો આશ્રય લેવાથી માયાનું જોર ઢીલું પડી જાય છે. જેના હૃદયમાં ભગવાનની ભક્તિ છે તેને માટે માયાનો ભય રહેતો નથી. તુલસીદાસજી ફરી લખે છે કે, ‘ભગવાનની ભક્તિ તો ચિંતામણી છે. જેના અંતરમાં તે વસી જાય છે તેના અંતરમાં સદાને માટે પ્રકાશ છવાઈ જાય છે. પ્રકાશને માટે તેને પછી દીપક, દીવેટ કે ઘીની જરૂર પડતી નથી. તેવા માણસની પાસે મોહ ફરકી શકતો નથી, લોભની વાત તેને ગમતી નથી. તેના અંતરમાંથી અજ્ઞાનનો અંધકાર મટી જાય છે, ને બીજી તૃષ્ણાઓ ટળી જાય છે. કામ, ક્રોધ ને લોભ જેવા લૂંટારા તેની પાસે જતા નથી. જેના હૃદયમાં ભક્તિ જાગી જાય છે, તેને માટે વિષ અમૃતમય ને દુશ્મન હિત કરનારો મિત્ર થઈ જાય છે. બધા જ જીવો જેના હુમલાને લીધે દુઃખી

થાય છે, તે માનસરોગ તેને થતો નથી. ભગવાનની ભક્તિનો મણિ જેના દિલમાં વસી જાય છે તેને સ્વપ્ને પણ દુઃખ પડતું નથી. ભક્તિનો મણિ તેના હાથમાં આવી જાય છે તે સંસારમાં સૌથી ચતુર છે.'

માટે માયાને તરવા માટે હૃદયમાં ભક્તિ જગાવી દો. પ્રભુના પ્રેમને પ્રકટ કરી દો. પ્રભુના પ્રેમના પ્રકાશ પાસે માયાનો અંધકાર એક ક્ષણ પણ ટકી નહિ શકે. ભગવાનની ભક્તિ કરનારે માયાથી ડરવાની જરૂર નથી.

**[ ૬ ] માયાને તરવાનો ઉપાય : ભગવાનના થઈ જાઓ.**

થોડા વખત પહેલાં અમે કાશ્મીરમાં આવેલા પ્રસિદ્ધ ધામ અમરનાથના દર્શને ગયા હતા. અમરનાથની યાત્રા ઘણી વિકટ છે. પર્વતના ચડાઈ ઉતરાઈના રસ્તા ઘણા ભયંકર છે. અમરનાથની યાત્રાનો લગભગ ત્રીસ માઈલનો છેલ્લો રસ્તો અમે ઘોડા પર બેસીને કાપ્યો હતો. ઘોડા પર મુસાફરી કરવાનું કામ પણ સહેલું ન હતું. ઘોડા પર બેઠેલા કેટલાક માણસોને પડી જવાની બીક લાગતી. વધારે ભાગે તો ઘોડા એકલા ચાલતા. પણ રસ્તો વધારે ભયંકર હોય, ત્યારે ઘોડા પર બેઠેલા માણસો ગભરાતા ને ઘોડાવાળાને બોલાવતા. ઘોડાવાળા દોડી આવતા ને ઘોડાની લગામ પકડતા ને પછી તે ઘોડાને ધીરે ધીરે દોરતા. એટલે બેઠેલા માણસોને સલામતી લાગતી. જીવનનો માર્ગ તેથીયે વધારે અટપટો છે. તે માર્ગે ચાલનારે ઘણી સાવધાની રાખવી પડે છે. માણસ જો પોતાની લગામ ભગવાનના હાથમાં સોંપી દે, તો જીવનના ભયસ્થાનો તેનો વાળ પણ વાંકો ના કરી શકે, ને માયા પણ તેને ડરાવી કે ભરમાવી ના શકે. એટલે જીવનનું મંગલ ચાહનાર માણસને આપણે કહીએ છીએ કે તમારા ઘોડાની લગામ ભગવાનના હાથમાં સોંપી દો. તમારા મનને ભગવાનનું કરી દો. ભગવાનનું શરણ લો. ભગવાનની પ્રાર્થના કરો ને ભગવાનની મદદ માંગો. ભગવાનની કૃપાથી તમારી જીવનયાત્રા સફળ થશે. ભગવાનની માયામાંથી મુક્તિ મળશે. માયાને વશ કરવા માટે માયાનો વિરોધ કે સામનો કરવાનું છોડી દો. માયા ભગવાનની છે, તમે ભગવાનનું શરણ લો, ભગવાન સાથે પ્રીતિ કરો એટલે ભગવાન પોતે માયાને દૂર કરી દેશે. આ જ એક અકસીર માર્ગ છે.

ભગવાન કહે છે કે હે અર્જુન, સાચું છે કે મારી માયા ભયંકર છે. તેને તરવાનું ને વશ કરવાનું કામ કપરૂં છે. પણ તે તો કાયર માણસોને માટે. જે મને ભૂલી ગયા છે, મારાથી દૂર છે, ને સંસારના રંગરાગમાં ડૂબેલા છે, તેવા માણસો પણ માયાને પાર કરીને પરમ શાંતિની પ્રાપ્તિ કરી લે છે.

**[ ૭ ] નિર્ભય બનો.**

માયાના રંગમાં રંગાવાનો પ્રસંગ આવે ત્યારે ભયભીત ના થવું. મોહ ને અજ્ઞાનથી દુર્બળ ના બનવું પણ તેનો સામનો કરવો. માયાની શક્તિ ભારે છે એ વાત સાચી છે પણ પરમાત્માની શક્તિ એથી પણ વધારે ભારે છે. તે સર્વશક્તિમાન પરમાત્મા તમારી અંદર ને બહાર બધે જ બેઠેલા છે. તેમનું અનુસંધાન સાધો એટલે માયાથી ડરવાનું કોઈ જ કારણ નહિ રહે. માણસે પોતાને ઘણો દુર્બળ માની લીધો છે. તેથી તે દીન ને હીન થઈને સંસારમાં ફરે છે. માયા તેના પર તેથી જ જોર ચલાવે છે. જ્યારે માણસ જાગી ઊઠશે,

પોતાની શક્તિ ને પોતાના ગૌરવને ઓળખી લેશે, ને પોતે પરમાત્મા સ્વરૂપ છે એમ સમજીને, પોતાના શુદ્ધ, બુદ્ધ ને મુક્ત સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થશે, ત્યારે પરમાત્માની કૃપાથી માયા તેને કાંઈ જ નહિ કરી શકે.

એટલે હિંમત રાખો. આત્મશ્રદ્ધાને કેળવો ને મનોબળ પેદા કરો. કાયર ને ડરપોક તો કદાપિ ના બનશો. પ્રભુની શક્તિ પર વિશ્વાસ રાખી પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલો ને પ્રભુના પ્રેમી બની જાવ, પછી ચિંતા મટી જશે. નાવે પોતાનું સર્વ કાંઈ નાવિકને અર્પણ કર્યું છે. નાવિકના હાથમાં તેણે પોતાના ભાવિ ને વર્તમાનને મૂકી દીધું છે. હવે તેને તરવાનો કે ડૂબવાને ક્યાં ભય છે ? નાવ તરે કે ડૂબે તેમાં લાભ કે નુકશાન નાવિકને છે, તે પ્રમાણે તમે પણ તમારૂં સર્વ કાંઈ સંસારના સૂત્રધાર ને નાવિકને સોંપી દો ને તમે પણ તેના જ થઈ જાવ. પછી તે તમારી ચિંતા કરશે ને તમારી જવાબદારી ઉપાડી લેશે. જીવનના આઘાત ને પ્રત્યાઘાતથી તે તમારી રક્ષા કરશે, ને તમને જરૂર સલામત રીતે પાર ઉતારશે. માટે જીવનના જંગમાં એક તેનો જ આધાર લો. બીજા બધા આધાર નકામા છે. જીવનની શાંતિ ને સલામતિ માટે જે ઈશ્વરનું શરણ લેશે, ને ઈશ્વર પર આધાર રાખી જીવન પસાર કરશે, તે જરૂર સુખી થશે.

ઈશ્વરનું શરણ લેનાર ને ઈશ્વરને પ્રેમ કરનારા પુરૂષોથી માયા સદા દૂર રહે છે. બીજા બધા જ માણસોને માયા મોહ પમાડે છે પણ ઈશ્વરના ભક્તો અથવા હરિજનોથી તે દૂર રહે છે. એટલે જ કહે છે કે 'માયા સૌને મોહ પમાડે, હરિજનથી રહી હારી રે'. ઈશ્વરના દૂત જેવા સંતોની શક્તિ પણ ક્યાં ઓછી છે ? સંતો પ્રભુના પ્રતિનિધિ છે. પ્રભુની કૃપાના સાકાર સ્વરૂપ જેવા છે. જે તેમને શરણે જાય તે પણ સલામત ને સુખી થઈ જાય છે. તેમની કૃપા જેના પર થઈ જાય તે મોહ ને માયાથી મુક્ત બની જાય છે, ને બંધનથી પર થાય છે. કવિ ને સંત પ્રીતમદાસે લખ્યું છે કે સંત કૃપાથી છૂટે માયા. તે પ્રમાણે સંતોની સેવા કરો. સંતોનો સમાગમ કરો. સંતોના દર્શન માટે આતુર બનો ને સંતોની કૃપા માટે સદા તલસ્યા કરો. સંતોની સુવાસ ચંદનની સુવાસથી પણ ચઢે છે. તે સુવાસ જેને મળી જાય છે, તેને સંસારની ગંદકીનો ભય રહેતો નથી. સંતો સંસાર સાગરની પાર પહોંચ્યા છે. માયા પર તે શાસન ચલાવે છે. તેમના શરણમાં જનાર પણ તેમની કૃપા મેળવીને સંસાર સાગરને સહેલાઈથી તરી જશે, ને માયાનો સ્વામી બનશે.

**[ ૮ ] માયાને તમે જ પકડી છે.**

એક માણસે કૂવામાં પડતું મૂક્યું. કૂવામાં પડતી વખતે તેણે હોહા કરી મૂકી. તેનો ને કૂવા પરનાં માણસોનો કોલાહલ સાંભળીને ત્યાં કેટલાંય માણસો જમા થઈ ગયાં. તેમાંના એકે કૂવામાં દોરડું નાખ્યું, પણ કૂવામાં પડેલા માણસની મરજી જુદી જ હતી. તેણે દોરડાને પકડવાનો જરાયે પ્રયાસ ના કર્યો ને છેવટે તેનું મરણ થયું. હવે તમે જ વિચાર કરો કે તે માણસની મરજી કૂવામાંથી બહાર નીકળવાની હોત તો શું તેને માટે કોઈ ઉપાય ન હતો ? ઉપાય તો હતો જ. પણ માણસે તેનો લાભ ના લીધો પછી શું થાય ? માયામાં પડેલા માણસોનું આમ જ સમજવાનું છે. માયામાંથી બહાર નીકળવું હોય તો તેમને માટે સાધનોનો અભાવ નથી. ઉપાય પણ છે. સંતો ને મહાત્માઓએ તે માટેના માર્ગ બતાવેલા છે. તે માર્ગે તેણે ચાલવાનું છે. તો તે જરૂર માયાના બંધનમાંથી મુક્તિ મેળવી શકશે. શરીરસુખ, લાલસા, ધન ને યશની લિપ્સા ને દંભ, દર્પ ને અભિમાન જેવા દુર્ગુણોની પકડમાંથી તે જરૂર છૂટી શકશે. યાદ રાખો કે માયાએ માણસને પકડ્યો નથી, પણ

માણસે માયાને પકડી છે. બે હાથે લાકડું લઈને ઊભેલો માણસ લાકડું છૂટતું નથી એવી બૂમો પાડે તે જોઈને બીજાને કેવું લાગે ? ડાહ્યા માણસો તરત બોલી ઊઠે કે ભાઈ, એમાં બુમો શા માટે પાડે છે ? લાકડું તો તેં પકડ્યું છે. લાકડાએ કાંઈ તને પકડ્યો નથી. લાકડાને છોડી દે એટલે તે છૂટી જશે, ને તારો પણ છુટકારો થઈ જશે. તે પ્રમાણે આપણે માયાથી કંટાળેલા માણસને કહીશું કે ભાઈઓ, કંટાળો છો શા માટે ? માયા તમે જ ઊભી કરી છે. કરોળિયાની જેમ તમારી જાળમાં તમારી મેળે જ તમે બંધાયા છો. હવે બબડાટ શા માટે કરો છો ?

માયા કોઈ ભયંકર રાક્ષસી નથી, કે જે તમારો કેડો જ ના મૂકે. તમારી ઈચ્છા હશે તો તે તમને છોડી દેશે. નાનાં બાળકો કેટલીકવાર 'મા'ની પાસે દોરીથી હાથ બંધાવે પછી હાથ છોડવા માટે રોવા માંડે છે. માતા કહે છે કે હાથ બંધાવા માટે તો તું મારી પાછળ પડેલો. છતાં 'મા' કાંઈ બાળકની વેદના જોઈ શકે છે ? બાળકને રોતું જોઈ તે દોડી આવે છે, ને તેના બાંધેલા હાથ છોડી નાંખે છે. તમારા હાથપગ પણ ગમે તે કારણે બંધાયા હોય, તેમને છોડી નાખવાની ને માયાના નાનાં મોટાં બધા જ બંધનોથી મુક્ત થવાની તમારી ઈચ્છા હોય તો રડવા માંડો, ટળવળાટ કરી મુકો ને ઈશ્વરરૂપી 'મા' ને પોકાર પાડો. તમારો પોકાર તે જરૂર સાંભળશે ને તમને બધાં જ માયાવી બંધનોથી મુક્ત કરશે.

**[ ૯ ] ગીતાનાં શરણથી પણ માયાને તરાય છે.**

ભગવાન કહે છે કે મારૂં શરણ લે છે તે જ પુરૂષ કે સ્ત્રી માયાને તરી શકે છે. તેનો એક બીજો અર્થ પણ કરી શકાય છે. ભગવાન ને તેમની વાણી બે એક છે. ગીતા ભગવાનની વાણી છે. ભગવાનનું હૃદય ગીતામાં સંપૂર્ણપણે રેડાઈ ચૂક્યું છે. એટલે જ ગીતાના મહાત્મ્યમાં કહેવામાં આવ્યું છે કે ગીતા ભગવાનનું હૃદય ને જીવન છે. ગીતા આ પ્રમાણે કોઈ સાધારણ ગ્રંથ નથી. તરસ્યા કે ભૂખ્યાં થયેલા બાળકોને માતા પોતાના ખોળામાં લઈને જે પયપાન કરાવે છે ને શાંતિ આપે છે, તેમ શાંતિને માટે તલસતાં બાળકોને ગીતા શાંતિ આપે છે, અમૃત આપે છે, ને ભગવાનની પાસે પહોંચાડે છે. એટલે તો તેને ગીતામાતા કહેવામાં આવે છે. તે માતાનું શરણ લે તે પણ માયાને તરી શકે છે. ગીતાનો આશ્રય લેનાર માણસ સંસારમાં સદાને માટે સલામત બની જાય છે, ને સંસારની યાત્રા સફળતાપૂર્વક પૂરી કરે છે. એટલે તો ગીતાને નાવની ઉપમા આપવામાં આવી છે. તેનો આધાર લેનાર મોહ, માયા, વિષાદ ને અજ્ઞાનના સાગરને સહેલાઈથી તરી શકે છે. ગીતાની જેમ પ્રભુએ પ્રેરેલી વાણીવાળા બીજા બધાં જ ધર્મગ્રંથો વિશે આ પ્રમાણે સમજી લેવાનું છે. તે સૌમાં માણસને શાંતિ આપવાની ને પ્રેરણા પાવાની શક્તિ છે. પણ આપણે ગીતાનો વિચાર કરી રહ્યા છીએ. એટલે કહીશું કે ગીતાનું શરણ લેનાર માણસને બીજા કોઈયે ધર્મગ્રંથનું શરણ લેવાની જરૂર રહેતી નથી. ગીતાનું સ્વર્ગીય ને સનાતન સંગીત જે સાંભળે છે તેને શાંતિ માટે બીજા કોઈયે સંગીતની જરૂર રહેતી નથી. ગીતામાતાના સંદેશને જીવનમાં ઉતારનારને માયાનો ભય રહેતો નથી.

**[ ૧૦ ] સારા અને નરસા માણસો વિશે.**

કેટલાક માણસોને સ્ત્રીસંતાન, સગાંસ્નેહી ને ઘર તરફ નફરત હોઈ તેમાં રસ લેતાં માણસોને તે માયામાં પડેલાં માને છે. એકાંતમાં રહેનારા સાધુપુરૂષો પણ જો કોઈ નાનીમોટી પ્રવૃત્તિ કરે, તો તે માયામાં પડી ગયા એમ કહેવામાં આવે છે, પણ તે પ્રમાણે કહેવું ને માનવું બરાબર નથી. સ્ત્રીસંતાન ને સગાંસ્નેહીની વચ્ચે રહેવાથી કોઈ માયામાં પડી જતું નથી. ઘરમાં રહેવાથી ને પ્રવૃત્તિ કરવાથી પણ કોઈ માયામાં પડી જતું નથી. માયાનું સ્વરૂપ તો જુદું છે. માણસ બહારથી જોતાં ગમે તેવા વાતાવરણમાં રહે તે વસ્તુ બહુ મહત્વની નથી. મહત્વની વાત તો એ છે કે તે ભગવાનને ભૂલે છે કે નહીં અથવા તો પોતાની જાતના વિકાસથી વિમુખ થાય છે કે નહીં. તેના પરથી જ તે માયામાં પડ્યો છે કે કેમ તે નક્કી થાય છે. જે ભગવાનને ભૂલી જાય છે અથવા પોતાની અંદર રહેલા પરમાત્માને ઓળખવાનો પ્રયાસ કરતા નથી, તે માયામાં ડૂબેલા છે. તે ઉપરાંત જે અહંકાર, મમતા, સ્વાર્થખોરી ને રાગદ્વેષમાં રમી રહ્યા છે, તે પણ માયાના શિકાર થયેલા છે. તેવા માણસો માનવતા વિહોણા બને છે. તેમનામાં માણસાઈ મરી પરવારે છે. તે નરાધમ કહેવાય છે. અહંકાર ને અજ્ઞાનમાં ડૂબીને તે સંસારમાં રાક્ષસના જેવાં કર્મો કરે છે, ને મૂઢ થઈને ફરે છે. દુષ્ટ કર્મો કરનારા તે માણસો સંસારમાં ત્રાસ ફેલાવે છે ને પોતાને તથા બીજાને નુકશાન કરે છે. માયાના દાસ બનેલા તે માણસો ભગવાનનું શરણ લેતા નથી ને ભગવાનની પ્રાપ્તિ કરી શકતાં નથી.

પરંતુ તેમનાથી ઊલટી પ્રકૃતિનાં માણસો પણ સંસારમાં છે, પછી ભલે તેમની સંખ્યા ઘણી થોડી હોય. તેવા માણસો સારાં કર્મો કરવામાં ને બીજાને મદદ કરી સુખ પહોંચાડવામાં સદા સુખ સમજે છે. દ્વેષ ને નિંદાની સાથે તેમણે છુટાછોડા લીધા છે, ને અજ્ઞાનની સાથે તેમને બનતું નથી. માખણ પોતે શીતળ છે, પણ તેને અગ્નિ પર મૂકવાથી લાકડાનો તાપ પામીને તે દ્રવી જાય છે ને ગરમ થાય છે. તે પ્રમાણે સજ્જનો હોય છે. તે શીતળ સ્વભાવના પણ પારકાનું દુઃખ જોઈને દ્રવી જાય છે ને વેદનાનો અનુભવ કરે છે. બીજાના દુઃખને દૂર કરવા માટે તે બનતો પ્રયાસ કરે છે. બીજાના સુખથી તે સુખી થાય છે. સંસારના સઘળા જીવો સુખી થાય એવી તેમની કામના હોય છે. તે પોતે દુઃખ ભોગવે છે, પણ બીજાને સુખ આપવા માટે સદા તૈયાર રહે છે. ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ વાતાવરણમાં પણ તે ભગવાનને ભૂલતાં નથી. સત્ય, પ્રેમ ને દયા જેવા સદ્ગુણોને મૂકતાં નથી, ને મોહ, માયા, મમતા ને અહંકારને ઝૂલે ઝૂલતાં નથી. પરમાત્માને ઓળખવા માટે તે સદાય પુરૂષાર્થ કરે છે. સંસારમાં જ્યાં વસે ત્યાં આંખ ઉઘાડી રાખી ડગલે ને પગલે સાવધ રહીને ચાલે છે. એવા માણસો બધાની વચ્ચે રહે તો પણ કશામાં ફસાતાં નથી, ને કશામાં લેપાતા નથી. સંસાર ને તેમાં મળેલું શરીર એક વિશાળ ધર્મશાળા ને તેની અંદરની નાનકડી ઓરડી જેવું છે. તેની અંદર મમતા કર્યા વિના તેમની મદદથી પરમાત્માને ઓળખી લેવા ને પરમશાંતિ, મુક્તિ ને પૂર્ણતા મેળવી લેવી, એ જ કામ કરવા જેવું છે, ને વહેલામાં વહેલી તકે કરવા જેવું છે. એ લેખ તેમના દિલમાં લખાઈ ચુક્યો હોય છે. તેવા માણસોનું જીવન ધન્ય છે. સંસારમાં પ્રકટ થઈને તેમણે પોતાના માતાપિતાને મહિમાવાળાં ને પાવન કર્યાં, ને પોતાનું કુળ ઉજાળ્યું. તેવા પુણ્યશાળી પુરૂષો જ ભગવાનનું શરણ લે છે, ને ભગવાનની ભક્તિ કરે છે.

**[ ૧૧ ] મારી પાસે આવનારા જુદા જુદા માણસો.**

એનો અર્થ એમ નથી કે સારાં કર્મ કરે છે, તે જ ભગવાનને ભજે છે. ખરાબ કર્મો કરનાર માણસો પણ ભગવાનને ભજે છે. પણ ભગવાનની ભક્તિના પ્રભાવથી ખરાબ કર્મ કરનાર પણ સુધરી જાય છે, ને તે સારાં કર્મો કરે છે. વધારે ભાગે આવું બને છે. તે વાત જવા દઈએ તો પણ એટલી વાત તો જરૂર કહી શકાય કે ભગવાનને ભજનારા માણસો એક જાતના નથી હોતા. એ વાત સમજવા માટે એક બીજી વાત કરીએ.

જે માણસો સંતમહાત્માના દર્શને જાય છે તે કેટલાંય જુદા જુદા હેતુથી જાય છે. મારી પાસે કેટલાંય જુદા જુદા માણસો આવે છે. એક માણસે મારી પાસે આવીને કહ્યું કે મારી સ્ત્રી ખૂબ બિમાર છે. કૃપા કરીને તેને આશીર્વાદ આપો તો બિમારી ટળી જાય. બીજાએ કહ્યું : મારી સ્ત્રી સાથે મારે બિલકુલ બનતું નથી તો કોઈ કીમિયો બતાવો કે જેથી સ્ત્રી વશ થઈ જાય ને અનુકુળ બની જાય. એકવાર એક બીજા માણસે આવીને કહ્યું કે કેટલાક વખતથી મને ગ્રહદશા નડી રહી છે. આશિષ આપો તો દશા ફરી જાય. બીજા એક ભાઈએ કહ્યું; ઘરમાં ભૂત હોય એમ લાગે છે. અમે તેમાં રહેવા જઈએ છીએ તો બિમાર જ પડીએ છીએ. કોઈ ઉપાય કરો કે ભૂત ભાગી જાય. કોઈ માણસો ધન માટે આશીર્વાદ માગે, કોઈ સંતાનની ઈચ્છાથી આવે, તો કોઈ ધંધાની ઉન્નતિ માટે આવે. મારે તેમને કહેવું પડે કે ભાઈઓ, મારી પાસે કોઈ કીમિયો નથી. આશિષ આપવાની શક્તિ પણ નથી. હું તો બાળક છું. પ્રભુનું શરણ લો ને પ્રભુની મદદ માંગો તો દશા સુધરી જશે, ને બધી રીતે આનંદ થશે. પ્રભુ બહુ દયાળુ છે. તેને પોકારો તો તે દયા જરૂર કરશે.

કેટલાક માણસો જુદી જુદી જાતના હોય છે. તેમને મારા વિશે માહિતી મેળવવાનું થાય એટલે મારી પાસે આવે છે ને મારા જીવન વિશે, મારા વસવાટ વિશે ને મારા જીવનના ધ્યેય વિશે પ્રશ્નો પૂછે છે. બીજા કેટલાક કુતૂહલવૃત્તિથી પણ આવે છે કે ચાલો, જરા જોઈએ તો ખરા કે મહાત્મા કેવા છે ! તે લોકો પોતાની જિજ્ઞાસા પૂરી કરીને ચાલવા માંડે છે. કોઈ દુઃખના માર્યા પણ આવે છે. સંસારના કડવા અનુભવોથી તેમનું અંતર ઉકળી ઊઠ્યું હોય છે. ક્લેશ ને તાપથી તે તપી ગયા હોય છે ને વિપત્તિથી મૂંઝાયા હોય છે. એવા માણસો પણ શાંતિ મેળવવા માટે આવે છે. પ્રેમના બે મીઠા મધુર બોલ સાંભળવાની ઈચ્છાથી તે પણ આવે છે. તે પણ વત્તીઓછી શાંતિ મેળવીને પાછા જાય છે.

આ ઉપરાંત એક બીજી જાતના માણસો પણ મારી પાસે આવે છે તે માણસો વિવેકી છે ને સમજે છે કે સંતોની પાસે જવાથી શાંતિ મળે છે. તેમને પૂછો કે મહાત્માના દર્શન માટે શા માટે જાવ છો ? તો તે તરત કહેશે કે મહાત્માના દર્શને ના જઈએ તે બને જ કેમ ? એમના દર્શન માટે જવું એ તો અમારો સ્વભાવ છે. માછલીને પૂછો કે તું પાણીમાં શા માટે રહે છે, તો તે શું કહેશે ? ને સૂરજનો પ્રકાશ પામીને ખીલી ઊઠતા કમળને પૂછો કે કમળ, તું કેમ ખીલી ઊઠે છે, તો તે શું જવાબ આપશે ? હજારો સ્ત્રીઓના ટોળામાં એક નાના શિશુને છૂટું મૂકી દો તો તે શું કરશે ? એકેક સ્ત્રીની પાસેથી પસાર થતાં થતાં તે છેવટે પોતાની માતાની પાસે પહોંચી જશે ને તેની ગોદમાં બેસી જશે. હવે તમે તે શિશુને પૂછો કે બીજી બધી સ્ત્રીઓને મૂકી દઈને માતાની પાસે જ તું કેમ ગયું, તો તે શું કહેશે ? તે પ્રમાણે સંતોના દર્શન માટે અમે કેમ જઈએ છીએ તે કેવી રીતે કહી શકીએ ? પ્રભુ ને તેમના પ્રેમી સંતોની પાસે ના જઈએ તો બીજે ક્યાં જઈએ ? તેમની પાસે જવાથી અમને શાંતિ મળે છે. તેમના સમાગમમાં અમને સ્વર્ગથી પણ વધારે સુખ લાગે છે. સર્વ પ્રકારના યજ્ઞો ને તીર્થોનું

ફલ અમને તેમના દર્શન ને સંગમાં સાકાર થતું લાગે છે. તેમની પાસે ગયા વિના અમને આરામ મળે જ કેમ, ને ચેન પણ કેમ પડે ? સંતસમાગમ કરવો એ તો અમારો સ્વભાવ છે.

**[ ૧૨ ] ચાર જાતના ભક્તો : જ્ઞાની ભક્ત.**

ખરેખર આ માણસોનો સ્વભાવ જ એવો હોય છે કે સંત કે મહાપુરૂષોના સમાગમ વિના તેમને ચેન પડતું જ નથી. કોઈ પણ જાતના લૌકિક લાભની ઈચ્છા વિના તે મહાપુરૂષોનો સંગ કરે છે. એટલા માટે કે તે વિના તે રહી શકતા જ નથી. એ પ્રમાણે ગીતામાતા કહે છે કે ભગવાનને ભજનારા ભક્તો પણ ચાર જાતના હોય છે. (૧) આર્ત (૨) જિજ્ઞાસુ (૩) અર્થાર્થી અથવા કામનાવાળા ને (૪) જ્ઞાની.

જ્ઞાની ભક્તો સંતોની પાસે જનારા છેલ્લી જાતના વિવેકી પુરૂષો જેવા જ હોય છે. ભગવાનની ભક્તિ કરવી, ભગવાનનું સ્મરણ–મનન ને સંકીર્તન કરવું ને ભગવાનને પ્રેમ કરવો એ તેમનો સ્વભાવ જ હોય છે. તે વિના તે રહી શકતા જ નથી. શ્વાસ લેવા ને છોડવાની જેમ ભગવાનને યાદ કરવાનું ને ભજવાનું કામ તેમને માટે સહજ બની ગયું હોય છે. ભગવાનને પ્રેમ કરવાનો તેમનો સ્વભાવ કુદરતી થઈ ગયો હોય છે. ભગવાનની ભક્તિ કરીને બીજી કોઈયે કામના પૂરી કરવાની તેમને તૃષ્ણા નથી. તમે તેમને પૂછો કે ભગવાનને શા માટે ભજો છો તો તે જવાબ દેશે કે શા માટે ભજો છો એ કોઈ પ્રશ્ન છે ? પતિવ્રતા સ્ત્રીને પૂછવામાં આવે કે તું તારા પતિમાં પ્રેમ ને શ્રદ્ધા શા માટે રાખે છે, તો તે શું કહેશે ? પોતાના પતિમાં તે નિષ્ઠા નહિ રાખે તો બીજા કોનામાં રાખશે ? પતિ પર પ્રેમ રાખવો એ તેને માટે સ્વાભાવિક વસ્તુ છે. બે મિત્રોને પણ પરસ્પર પુષ્કળ પ્રેમ હોય છે. તેમના પ્રેમ માટે તેમની પાસે ખુલાસો માગો તો તે પણ શું કહેશે ? તે કહેશે કે પ્રેમ કરવાનું કામ અમારે માટે સ્વાભાવિક છે. તે પ્રમાણે ભગવાન સૌના સ્વામી, પ્રાણ ને સખા છે. તેમને પ્રેમ ન કરીએ તો બીજા કોને કરીએ ? તેમને પ્રેમ કરવા ને ભજવા માટે તો આ જીવન છે. જીવનની બધી શક્તિ એટલા જ માટે છે. તેમને યાદ કરવામાં ને ભજવામાં અનંત સુખ રહેલું છે. તેમને ભજ્યા વિના અમારાથી રહેવાતું જ નથી.

સંસારના બધા જ પદાર્થો વિનાશી છે. તે માણસને પરમ સુખ આપી શકતા નથી, ને અમરતા આપવાની પણ તેમની શક્તિ નથી. સંસારમાં જે સુંદરતા, પ્રકાશ, જ્ઞાન ને મધુરતા દેખાય છે તે પરમાત્માના પડછાયા જેવી છે. પરમાત્માની સુંદરતા ને મધુરતા એથી અનેકગણી વધારે છે ને પરમાત્માનું બલ, જ્ઞાન ને તેજ પણ તેથી ચઢિયાતું છે. પરમાત્માની પ્રાપ્તિથી જ માણસ મુક્તિ મેળવે છે. બંધન, અલ્પતા, અશાંતિ ને દુઃખમાંથી મુક્તિ મેળવવાનો બીજો કોઈ જ માર્ગ નથી. એ પ્રમાણે સમજી લેનાર માણસ પરમાત્માને મૂકી દઈને સંસારના બીજા વિષયોમાં કદી પણ ડૂબી જશે કે ?

પ્રભુના રૂપ, ગુણ, નામ ને આકર્ષણનો મહિમા જ એવો અજબ છે. ભગવાન શ્રી કૃષ્ણની વાંસળી વાગતી એટલે ગોપી નશામાં આવી જતી. જમનાજીનાં નીર પણ પ્રેમની અસરથી થંભી જતા, પંખી વૃક્ષ ને વેલી આનંદમાં આવતાં, ગાયો પણ સ્તબ્ધ થઈને સમાધિદશાનો અનુભવ કરતી ઊભી રહેતી, ને જડચેતનમાં બધે મોહિની ફરી વળતી. ભગવાનનો સંદેશ ને પ્રેમ એવો ભારે છે પ્રેમની મૂર્તિ જેવા પ્રભુ માનવની અંદર ને બહાર બધેથી પોતાનો સંદેશો સંભળાવી રહ્યા છે. બધેથી પોતાનો પ્રેમ રેલી રહ્યા છે. જેને

કાન છે તે સાંભળે છે, ને અંતર છે તે અનુભવે છે. તેને સાંભળીને, અનુભવીને, મુગ્ધ થયા વિના કોણ રહી શકે ? એવો પથ્થર હૃદયનો માણસ કોણ હોય જે ભગવાનના પરમપ્રેમની અસર નીચે ના આવે ?

પ્રભુના વિના રહી જ ના શકાય એટલી હદે આપણા પ્રેમને વધારવાનો છે. સંસારના વિષયોમાંથી મનને પાછું વાળી, પ્રભુના સ્વરૂપમાં લગાડી દેવાનું છે. આંખ ને અંતરમાં પ્રભુને માટે આતુરતા જગાવવાની છે, ને પ્રભુના જ સ્મરણ-મનનમાં મસ્ત બનવાનું છે. જીવન ઘણું ટૂંકું છે, ને કરવાનું કામ મોટું, લાંબુ ને કપરૂં છે. માટે પ્રમાદ ના કરશો, સમયને નકામો ના ગુમાવશો. દરેક ક્ષણનો હિસાબ રાખજો ને બરાબર ઉપયોગ કરજો. તો જ ધારેલું કામ કરી શકશો ને કૃતાર્થ બનશો. આ ચાલુ જીવનમાં જ પ્રભુનું દર્શન કરી લો ને જે મેળવવું હોય તે મેળવી લો. આવું ઉત્તમ કામ કરી લો. નિશ્ચય કરો ને કામમાં લાગી જાવ તો જરૂર સફળ થશો.

**[ ૧૩ ] કામનાવાળા ભક્તોનો તિરસ્કાર ન કરો.**

પણ તમારામાંથી કોઈ બોલી ઉઠશે કે બધા માણસો કાંઈ કોઈપણ જાતની લૌકિક ઈચ્છા વિના ભગવાનને ભજે ખરા કે ? વાત સાચી છે. ભગવાન પણ આપણને એ જ વાત કહે છે. તેમનું કહેવું છે કે કેવલ જ્ઞાની ભક્તો મને ભજે છે એમ ના માનતા. જુદી જુદી જાતના-આ લોક ને પરલોકની ઈચ્છાવાળા માણસો પણ મને ભજે છે. જુઓને, માણસો મંદિરમાં જાય છે. તેમાંના કોઈ કોઈ કહે છે કે પ્રભુ, અમે જીવીએ છીએ ત્યાં સુધી સુખી રહીએ ને મૃત્યુ પછી સ્વર્ગ કે વૈકુંઠમાં જઈએ એવું કરજો. કોઈ કહે છે કે પ્રભુ, અમારો ધંધો સારા ચાલે એવો આશીર્વાદ આપજો. તો કોઈ સ્ત્રીપુરૂષ, સંતાનની પ્રાપ્તિ, મુકદ્દમામાં જીત, લોટરી કે સટ્ટામાં સફળતા, રોગની નિવૃત્તિ, નોકરી ધંધાની પ્રાપ્તિ ને એવી બીજી કેટલીક ઈચ્છાઓ રજૂ કરે છે, ને તે પુરી કરવાની પ્રાર્થના કરે છે. તેવી રીતે ભગવાનને ભજનારા ભક્તનું પણ સમજવાનું છે. જ્ઞાની ભક્તો સાત્વિક હોય છે, ખૂબ પવિત્ર હોય છે, ને અનન્ય અનુરાગથી ભરેલા હોય છે. તેમના દિલમાં ભગવાનનો ભાવદરિયો સદા ઉછાળા મારતો હોય છે. ભગવાનને મળવા માટે તે આતુર થયા હોય છે, તેમાંના કેટલાક આગળ વધેલા ભક્તો તો બધે ભગવાનનું દર્શન કરે છે ને ભગવાનની લીલાનો અનુભવ કરે છે. પણ અર્થાર્થી અથવા કામનાવાળા ભક્તોના સંબંધમાં એવું સમજવાનું નથી. તે ભક્તો તો કોઈ કામના રાખીને જ ભગવાનને ભજે છે ને કેટલીયવાર યજ્ઞો ને અનુષ્ઠાન કરે છે, ને કોઈવાર નાનાંમોટાં વ્રત ને તપ પણ કરે છે. જ્ઞાની ભક્તોની જેમ એક ભગવાનના દર્શનની ઈચ્છાથી તે ભક્તિ કરતા નથી. પણ ભગવાન સિવાય બીજી વસ્તુઓની કામના રાખે છે.

છતાં તેમનો તિરસ્કાર કરવાની જરૂર નથી. તેમની તરફ મોં મચકોડવાથી કે તેમને દીન, હીન ને અજ્ઞાની માનવાથી પણ કાંઈ નહિ વળે. તેમને સહાનુંભૂતિથી જોવાની જરૂર છે. જરા વિચાર તો કરો કે આ સંસારમાં એવા હજારો માણસો છે જે ઈશ્વરને માનતાં જ નથી. ઈશ્વરની જરૂર તેમને જરા પણ લાગતી નથી. બીજા હજારો માણસો એવાં છે જે ઈશ્વરને નિરંતર યાદ કરતાં નથી. ઈશ્વરની કૃપા મેળવવાની તેમને ઈચ્છા જ થતી નથી. તે બધા માણસો કરતાં જે ઈશ્વરને યાદ કરે છે, ઈશ્વરની કૃપાની કામના રાખે છે, ને તે માટે ઈશ્વરને પ્રાર્થના કરે છે, તેમનો દરજ્જો શું ઊંચો નથી ? શું તે વધારે આગળ નથી ? ભલે તે ઈશ્વરને કોઈ

કામનાથી ભજતા હોય, પણ ભજે છે તો ખરાં ને ? કામના રાખીને પણ તે ઈશ્વરનું શરણ તો લે છે ને ? કોઈ રાક્ષસ કે શયતાનને તો તે ભજતા નથી ને ? કામના પૂરી કરવા માટે પણ ઈશ્વરનો આધાર લે છે ને એ રીતે ઈશ્વર તરફ વળે છે, તેમાં ખોટું શું ? એમ કરતાં કરતાં તેમના હૃદયમાં ઈશ્વરનો પવિત્ર પ્રેમ પ્રક્ટી ઊઠશે ને બધી જ લૌકિક તથા પરલૌકિક કામનાને છોડી દઈને એક ઈશ્વરના દર્શનને માટે જ તે ઈશ્વરને ભજવા માંડશે. માટે તેમને પણ સહાનુભૂતિથી જોતાં શીખો. તેમને પણ પ્રભુના પ્યારા ને કૃપાપાત્ર સમજો ને તેમની તરફ તિરસ્કાર રાખવાનું બંધ કરો.

સંસારનાં વધારે ભાગનાં માણસો દુઃખથી પીડાય છે. આધિવ્યાધિ ને ઉપાધિથી હેરાન થાય છે. તેમને ખાવા માટે અન્ન ને રહેવા માટે ઘર નથી. પહેરવા માટે પૂરતાં વસ્ત્રો ને પૂરતું ધન પણ તેમની પાસે નથી. બીજાં એવાં કેટલાંય માણસો છે જેમને એક યા બીજી જાતનાં દુઃખો છે. ક્લેશ, કષ્ટ ને ચિંતામાં તે સપડાયાં છે. બીજા કેટલાંક અત્યાચાર, અનાચાર ને અન્યાયનાં ભોગ બનેલાં છે. એવાં માણસો સંસારમાં દરેક દેશ ને કાળમાં વધારે કે ઓછા પ્રમાણમાં રહેવાનાં જ. તેવાં માણસો સુખી થવા ને કામના પૂરી કરવા ઈશ્વર તરફ મીટ માંડે તો તેમાં ખોટું શું છે ? માણસ જો સાચા દિલથી ઈશ્વરને ભજે, ને ઈશ્વરના પ્રેમથી તરબોળ બને, તો ઈશ્વર તેની બધી સંભાળ રાખે છે, ને તે ઈચ્છે કે ના ઈચ્છે, ને પ્રાર્થના કરે ના કરે, તો પણ તેનાં બધાં જ દુઃખ દૂર કરી, તેની બધી કામના પૂરી કરે છે. આ પ્રમાણે જે સમજે છે તે તો એક ઈશ્વરને જ ભજે છે, ને બધો ભાર ઈશ્વરને સોંપીને, ઈશ્વરની કૃપા જ કામના કરે છે,

એ વાત સાચી છે કે માણસ જ્યાં સુધી સાંસારિક રીતે સલામત ના હોય, ત્યાં સુધી ઈશ્વરને મન મૂકીને ભજી શકતો નથી. ભૂખ્યો માણસ ઈશ્વર કરતાં રોટલાને જ પહેલો ભજશે, ને ઈશ્વરને ભજશે તો પણ રોટલા માટે જ ભજશે. એ સમજી શકાય તેવું છે. તે પ્રમાણે નિર્ધન ધનની ને રોગી આરોગ્યની ઈચ્છાથી ઈશ્વરનું શરણ લેશે. અત્યાચારીના હાથમાં પડેલો માણસ અત્યાચારમાંથી છૂટવા માટે ને બીજી ઉપાધિવાળો માણસ ઉપાધિમાંથી મુક્ત થવા માટે ઈશ્વરને યાદ કરશે. એ વાત દીવા જેવી ચોખ્ખી છે. એ વાતનો સ્વીકાર કર્યા વિના છૂટકો જ નથી. તમને ગમે કે ના ગમે, ને ઈશ્વરની નિષ્કામ ભક્તિના ચોકઠામાં આ વાત બેસે કે ના બેસે, તો પણ તમારે સ્વીકાર કરવો જ જોઈએ.

સાધારણ માણસનો સ્વભાવ જ એવો રહેવાનો. લૌકિક કામનાને છોડી શકવાના જ નહિ. ને ના છોડે તો પણ શું ? તેવી રીતે પણ તે સંતમહાત્મા ને ઈશ્વરનું શરણ લેવા પ્રેરાય તેમાં કાંઈ જ ખોટું નથી. એમ માનીને તમારા દિલને ઉદાર રાખજો, ને તેમને પણ માનની નજરથી જોજો.

**[ ૧૪ ] જિજ્ઞાસુ ભક્ત.**

આ પછી જિજ્ઞાસુ ભક્તનો વારો આવે છે. જિજ્ઞાસુ ભક્ત કેવો હોય છે તે જાણો છો ? ભગવાન ને ભગવાનની સૃષ્ટિના સંબંધમાં વધારે ને વધારે જ્ઞાન મેળવવામાં તેને આનંદ આવે છે. તે માટે શાસ્ત્રોને ઉથલાવે છે, સંતો તથા વિદ્વાનોની પાસે જાય છે, ને વધારે ને વધારે જ્ઞાન મેળવે છે. તીર્થોમાં ફરીને પણ તે ભગવાનના રૂપ ને ગુણની તથા ભગવાનની શક્તિની માહિતી મેળવતાં ધરાતો જ નથી. એ માહિતી મેળવવાથી છેવટે તેના દિલમાં શ્રદ્ધા જાગે છે ને તે ભગવાનનો પ્રેમી બની જાય છે. ભગવાનનું દર્શન કરીને

પણ ભગવાન વિશે વધારે ને વધારે માહિતી મેળવવામાં જ તેને આનંદ આવે છે. આવા ભક્તોને કેવલ પંડિત કે પોથીપરાયણ ના સમજતા. પંડિત કે પોથીના પૂજારી કરતાં તેમની કિંમત વધારે છે. કેમ કે તે પવિત્ર છે, ભક્ત છે, ને ભગવાનની કૃપા મેળવવા માટે પ્રયાસ કરે છે. કહો કે તે ભગવાનની પરમ કૃપાના ઉમેદવાર છે. તેમનું જ્ઞાન સૂકું નથી હોતું.

જિજ્ઞાસુ ભક્ત ભગવાનના મહિમાને જાણે છે, ને ભગવાનમાં પ્રેમ જોડે છે. સુખમાં ને દુઃખમાં, સારી કે નરસી દશામાં તે ભગવાનને વળગી રહે છે, ને ભગવાનને જ મેળવવાનો નિશ્ચય કરે છે. તેની શરૂઆતની જિજ્ઞાસા કુતૂહલમાંથી પ્રેમમાં ને છેવટે આસક્તિમાં ફેરવાઈ જાય છે. ભગવાનનું જ્ઞાન મેળવીને તેનું મન ભગવાનમાં લાગી જાય છે, ને તેને ભગવાનનું જ ધ્યાન લાગે છે. પ્રેમ પાકો થાય છે તેમ તેને ભગવાનના વિના ચેન જ પડતું નથી. ભગવાનને જ વરવાનો નિશ્ચય કરીને તે ભગવાનની પૂજા કે આરાધનામાં લાગી જાય છે. ભગવાન વિના પોતાના પ્રિયતમ તરીકે તે કોઈનેય પસંદ કરતો નથી. ભગવાનની કૃપા તેને જરૂર મળી જાય છે. આ વાત સમજાઈને ? સમજાઈ હોય તો તેને ભૂલશો નહિ ને તમે પણ ભગવાનને વરવા ને ભગવાનના પ્યારા ભક્ત થવા માટે તૈયાર થજો. બીજી બધી જ વાતોમાંથી મન હટાવી લઈને એક ભગવાનમાં જ તેને સ્થિર કરજો. પરિણામે તમે ભગવાનનો પ્રેમ જરૂર મેળવશો ને તમારૂં જીવન સફળ, સુખી ને ધન્ય બનશે. જીવનનો સાચો આનંદ ત્યારે મળી શકશે.

**[ ૧૫ ] આર્ત ભક્ત.**

જ્ઞાની, અર્થાર્થી ને જિજ્ઞાસુ ભક્તની વાત કર્યા પછી હવે આર્ત ભક્તની વાત આવે છે. આર્ત ભક્ત કેવો હોય છે તે જાણો છો ? પોતાનું દુઃખ દૂર થાય તે માટે તે ખૂબ આતુર ને દુઃખી થઈને ભગવાનને ભજે છે. ભગવાનની કૃપા માટે રડે છે ને પ્રાર્થે છે. હૃદયના ઊંડાણમાંથી પોકાર પણ પાડે છે. એ પોકાર એવો જબરો હોય છે, પ્રબળ હોય છે કે ભગવાન તેને સાંભળ્યા વિના ને તેનો ઉત્તર આપ્યા વિના રહી શકતા નથી.

આર્ત ભક્તની પ્રાર્થના કે અરજ સાંભળીને ભગવાન પ્રકટ થાય છે, કૃપા કરે છે, ને તેનાં બધાં દુઃખ દૂર કરે છે. દુઃખમાં ડૂબેલો ને સંકટમાં સપડાયેલો જીવ રૂદન કરતાં ગાઈ ઊઠે છે કે હે પ્રભુ પધારો ! તમારા વિના મારે કોઈ જ આધાર નથી. હે પ્રભુ, મારી રક્ષા કરો. મને દુઃખમાંથી મુક્ત કરો. હવે જરા પણ વાર ન લગાડો. બે હાથ જોડીને પ્રાર્થના કરૂં છું કે હવે જલદી પધારો. સંસારના સઘળા પદાર્થોમાંથી મનને પાછું વાળી લઈને તે ભગવાનની કૃપા માટે આતુર બને છે. ભગવાનની કૃપાનો ભિખારી બને છે. 'માત તાત સગાં સહોદર જે કહું તે આપ મારે' એવી ભાવના અનુભવતાં એક ઈશ્વર પર આધાર રાખીને તે બેસી રહે છે. ચાતક જેમ મેઘના બિંદુ માટે આતુર થઈને બેસે છે, તેમ ભગવાનની કૃપા માટે તે આતુર થાય છે.

જેમ કામના પૂરી થઈ જાય એટલે અર્થાર્થી કે કામનાવાળા ભક્તની ભાવભક્તિ શમી જાય તેવો સંભવ રહે છે, તેમ આર્ત ભક્તનું દુઃખ દૂર થતાં તેની ભક્તિ પણ શાંત થઈ જાય એવું બની શકે છે. તેની સાથે સાથે તેની ભક્તિ વધવાનો કે ચાલુ રહેવાનો સંભવ પણ રહે છે. કેટલીકવાર એવું બને છે કે દુઃખી માણસ ભગવાનને ભજે છે, ને ભગવાનની વધારે ઓછી કૃપા મેળવે છે. પછી તે સુખ આવે તો પણ ભગવાનને ભૂલી શકતા નથી. આમ થાય તે ઈચ્છવા જેવું છે. કેવલ દુઃખમાં નહીં, સુખમાં પણ ભગવાનને

યાદ કરવા જોઈએ. દુઃખ પડે છે ત્યારે માણસ ભગવાનને યાદ કરે છે પણ જો સુખમાં તે ભગવાનની યાદ ચાલુ રાખે, ને ભગવાનને ભાવથી ભજે, તો દુઃખ પડવાનો સંભવ જ રહે નહિ.

દ્રૌપદીના વસ્ત્રને ભરસભામાં ખેંચવામાં આવ્યું, ત્યારે પહેલાં તો તેણે પોતાની લાજ રાખવા બને તેટલો પ્રયાસ કર્યો. પણ કાંઈ જ વળ્યું નહિ, ત્યારે છેવટે તેણે ભગવાનને કરૂણ સ્વરે પોકાર કર્યો : હે પ્રભુ, હવે મને ઉગારી લો, દુઃશાસનને હાથે ભરસભામાં મારી લાજ લેવાનો પ્રયાસ થઈ રહ્યો છે. હવે તમે મને ઉગારો. મારી લાજ રાખો–લજ્જા મોરી રાખો શ્યામ હરિ.

દ્રૌપદીનો પ્રેમપોકાર સાંભળીને ભગવાન કૃપા કરવા દોડી આવ્યા. દ્રૌપદીની સાડી તેમણે અનંત કરી દીધી ને પોતાના પર શ્રદ્ધા રાખનારની લાજ રાખી. એટલે તો કહેવાય છે, આજે પણ ગવાય છે કે :

'દ્રૌપદીકી લાજ રાખી તુમ બઢાયો ચીર.'

**[ ૧૬ ] ગજેન્દ્રની વાત.**

દ્રૌપદીનું ઉદાહરણ આર્તભક્તિનું ઉદાહરણ છે. આજે તો તેને વરસો વીતી ગયાં છે. પણ ઈશ્વરના જગતના નિયમો દેશ ને કાળથી પર છે. બધા જ સમયને માટે તે સરખા લાગુ પડે છે એટલે આજે પણ જે આતુર બનીને ઈશ્વરની મદદ માટે પોકાર પાડશે, તે મદદ જરૂર મેળવી શકશે. ઈશ્વરની કૃપાથી તેનું દુઃખ જરૂર દૂર થશે ને તેને ઈશ્વરની અદ્‌ભુત શક્તિનો પરિચય મળશે. આજે ધર્મ ને ભક્તિ ઓસરતાં જાય છે ને માણસોનાં મન વધારે ભાગે સંસારના સુખમાં ડૂબતાં જાય છે, ત્યારે પણ ભગવાનની શક્તિમાં શ્રદ્ધા રાખનાર ને દુઃખના પ્રસંગે ભગવાનને પોકાર કરી કૃપા મેળવનારાં કોઈ કોઈ માણસો થતાં જાય છે એ ઓછા આનંદની વાત નથી.

આર્તભક્તનું બીજુ ઉદાહરણ ગજેન્દ્રનું છે. તે ખૂબ જાણીતું છે. ગજેન્દ્ર મહાપરાક્રમી હતો. એકવાર તે પોતાની સ્ત્રી ને સંતતિ સાથે ફરવા નીકળ્યો હતો. ફરતાં ફરતાં તે એક સુંદર સરોવર પાસે આવી પહોંચ્યો. સરોવરને જોઈને તે ખૂબ આનંદ પામ્યો, ને પોતાની સ્ત્રીઓ સાથે તેમાં જળક્રીડા કરવા ઉતર્યો. ઉન્મત બનીને તે આનંદ કરી રહ્યો હતો. એટલામાં એક મગરે તેનો પગ પકડ્યો. તેથી ગજેન્દ્ર ગભરાયો ને અકળાયો. બહાર આવવાના તેના બધા જ પ્રયાસો નકામા ગયા. મગર તેને પાણીમાં આગળ ને આગળ ખેંચતો ગયો. છેવટે ગજેન્દ્રની શક્તિ ખૂટી ગઈ. ત્યારે તેણે ભગવાનને યાદ કર્યા. પૂર્વજન્મના કોઈ મહાન સંસ્કારને લીધે તેને ભગવાન યાદ આવ્યા. તેણે પોકાર કર્યો કે : હે પ્રભુ, સંકટ વખતે તમે જ બધાના બેલી છો. હે સર્વવ્યાપક પરમાત્મા, હું તમને પ્રણામ કરું છું. હું અજ્ઞાનના આવરણમાં ઢંકાયેલો છું. મને તેમાંથી મુક્ત કરો ને ભય તેમજ મૃત્યુમાંથી છોડાવો. હે કરુણાના સાગર, હે દયાના ભંડાર, તમે મારી મદદે આવો ને મારો ઉદ્ધાર કરો. તમારી શક્તિ અનંત છે. તમે સૌથી શ્રેષ્ઠ ને શરણાગતવત્સલ છો. તમારો મહિમા અપાર છે. તમારી માયાનો પાર કોઈ પણ પામી શકે તેમ નથી. હું તમારે શરણે આવ્યો છું. તમે મારો ઉદ્ધાર કરો.

સાચા હૃદયની પ્રાર્થના ભગવાને ક્યારે નથી સાંભળી ? ગજની પ્રાર્થના સાંભળીને તે દોડી આવ્યા ને સુદર્શન ચક્રથી મગરનો નાશ કરી, ગજને તેમણે છૂટો કર્યો. જે સાચા હૃદયથી પોકાર કરે છે, તેની વ્હારે ભગવાન જરૂર પધારે છે, એમાં શંકા નથી. ગજની આ વાત શ્રીમદ્ ભાગવતના આઠમાં સ્કંધમાં વિસ્તારથી

આપેલી છે, જેને તે વાંચવી હોય તે વાંચી શકે છે. અહીં તો તેનો સાર જ આપ્યો છે કેમ કે વિસ્તાર કરવાની અહીં જરૂર નથી. આર્તભક્તિની આવી બીજી વાતો તમે પણ જાણતા હશો પણ બહુ વાતોના ચક્કરમાં ન પડશો. તેનો સાર લઈને તમે પણ પ્રભુને ભજતાં ને પોકારતાં શીખજો. તો જ જીવનનો આનંદ મેળવી શકશો ને પ્રભુના પ્યારા પણ ત્યારે જ બની શકશો.

**[ ૧૭ ] જ્ઞાની ભક્ત સૌથી ઉત્તમ છે.**

ચાર જાતના ભક્તોની વાત કરીને ભગવાન હવે એક બીજી વાત તરફ આપણું ધ્યાન ખેંચે છે. તે વાતને સમજવા માટે બીજી એક વાતનો વિચાર કરીએ. ધારો કે એક માબાપના ચાર પુત્રો છે. ચારે બુદ્ધિમાન છે પણ ચારેના સ્વભાવ જુદા જુદા છે. ચારે માબાપથી જુદા રહે છે. એકનો સ્વભાવ એવો છે કે જ્યારે દુઃખ પડે ત્યારે તે માબાપને વધારે યાદ કરે છે, ને માબાપ પાસે દોડી આવે છે. માબાપ ખૂબ માયાળુ છે, એટલે દુઃખના વખતમાં તેને બનતી મદદ કરે છે, ને ધીરજ તથા હિંમત પણ આપે છે. બીજો પુત્ર સુખી છે. તે પણ કોઈ કોઈવાર માબાપની મુલાકાત લે છે. પણ તેનું કારણ જુદું હોય છે. વાત એમ છે કે તેને નવું નવું જાણવાનો ને નવી નવી વાતો સાંભળવાનો શોખ છે. તેથી તે માબાપ પાસે આવે છે, ને નવી નવી માહિતી મેળવીને વિદાય થાય છે. ત્રીજો પુત્ર વળી જુદી જ જાતનો છે. તે પણ કોઈવાર માતાપિતા પાસે આવે છે પણ શા માટે તે જાણો છો ? દરેક વખતે કોઈ ને કોઈ વસ્તુ લઈ જવાની ઈચ્છાથી તે આવે છે. ખાવા, પીવા, લ્હેર કરવા ને જાય ત્યારે કોઈને કોઈ કામની વસ્તુ લઈ જવા માટે જ તે આવે છે. આ ત્રણે પુત્રો માબાપની સંભાળ લેતા નથી. ફક્ત પોતાના કામને માટે માબાપ પાસે આવે છે. માબાપને શું જોઈએ છે ને શી તકલીફ છે તેનો ખ્યાલ પણ રાખતા નથી ને તેમને કોઈ ખાસ કામ હોય, કે કોઈવાર બિમારી થઈ હોય, તો તે મોં જ બતાવતા નથી. પણ ચોથા પુત્રનો સ્વભાવ જરા જુદો છે. તે ગમે તેવું ભારે કામ આવી પડ્યું હોય, તો પણ માબાપ પાસે આવે છે. જોઈતી વસ્તુ લાવવી, ઘરમાં ગોઠવવી બધી જ જવાદારી તે ઉપાડે છે. તે કહે છે કે માબાપની સેવા ના કરીએ તો કોની કરીએ ? માબાપ તો દેવતા છે. તેમની સેવા કરવાનો બાળકનો ધર્મ છે. મારૂં જીવન ગમે તેટલું વૈભવી ને સુખી હોય, તો પણ માબાપની સેવા વિના નકામું છે. તેમની સેવાનો મંત્ર તો મને છેક બાળપણથી વારસામાં મળેલો છે. તેને કેમ ભૂલાય ? શ્વાસ રહેશે ત્યાં સુધી તેને ભૂલવાનું કામ તદ્દન અશક્ય છે.

હવે તમે વિચાર કરો કે એક માબાપના આ ચાર પુત્રોમાં સૌથી સમજદાર કોણ છે ? માબાપની પ્રત્યે વધારે ભક્તિભાવ કોનો છે ? માબાપની અંદર કોની નિષ્ઠા વધારે છે ને સૌથી શ્રેષ્ઠ પુત્ર કોણ છે ? માબાપની નજર તો સમાન છે. પોતાના બધા જ બાળકો પર તેમને સરખું હેત હોય એમ સમજી શકાય તેવું છે. પણ તેમના હૃદયને વધારે પ્રમાણમાં કોણ જીતી લેશે ? તેમનો પ્રાણ કોણ કહેવાશે ? કયા પુત્રનો પ્રાણ તેમનામાં વધારે ને નિયમિત લાગેલો રહેશે ? કયા બાળકને માટે તેમના અંતરમાં ઉમળકો આવશે ? કોને જોઈને તેમનો આનંદ વધારે પ્રમાણમાં ઊભરાશે ? તેમના પ્રેમનાં છાંટાં વધારે પ્રમાણમાં કોના પર પડશે ? કોણ તેમના દિલમાં સ્થાન કરશે ને તેમની સેવા ને કૃપાનો વધારે લાભ કોને મળશે ? તમે જરૂર કહેશો કે કેમ ? એમાં પૂછવા જેવું છે જ શું ? વધારે ચિંતા કરવાની પણ શી જરૂર છે ? કોઈ પણ જાતની કામના

વિના સુખમાં ને દુઃખમાં સમજપૂર્વક માબાપની સેવા કરનારો છેલ્લો પુત્ર જ માબાપના દિલમાં ઘર કરશે, ને તેમના હૃદયને જીતી લેશે. છેલ્લો પુત્ર જ સૌથી શ્રેષ્ઠ છે. માબાપ પ્રત્યે તેની ભક્તિ વધારે છે. તેને જોઈને માબાપની સેવા ને કૃપાનો વધારે લાભ તેને જ મળશે.

આ વાત સમજાઈને ? જો સમજાઈ હશે તો આપણે જેનો વિચાર કરીએ છીએ તે ભગવાનની વાત તમે સહેલાઈથી સમજી શકશો. ભગવાન કહે છે કે હે અર્જુન, મારા ચાર જાતના ભક્તો છે. તે ચારેમાં જે જ્ઞાની ભક્ત છે તે મને વધારે પ્રિય છે ને તે સૌથી શ્રેષ્ઠ છે. બીજા બધા ભક્તો સારા છે, તેની ના નથી, પણ મારામાં એકનિષ્ઠ ભક્તિવાળો જ્ઞાની ભક્ત તો સૌથી ઉત્તમ છે. તે મારા પર સૌથી વધારે પ્રેમ રાખે છે. તેનું મન મારામાં જ રમ્યા કરે છે. મારું સેવન કરવું ને મારી ભક્તિ કરવી એ તેનો સ્વભાવ જ છે. તે વિના તેને ચેન જ નથી માટે હું પણ તેને મારા પ્રાણ જેવો માનું છું ને ખૂબ પ્રેમ કરું છું.

**[ ૧૮ ] જ્ઞાની ને પૂર્ણ મહાત્મા ખૂબ દુર્લભ છે.**

ભગવાનના આ શબ્દો ખૂબ ધ્યાનમાં રાખવાના છે. માણસે તેમાંથી પ્રેરણા મેળવીને ભગવાનમાં અનન્ય પ્રેમ ઉત્પન્ન કરવાનો છે, ભક્તિ કોઈ રમત નથી. તે તો એક મહાન કલા છે. તેનો આધાર લઈને ભગવાનની કૃપા મેળવીને પોતાનો ઉદ્ધાર કરવા માણસે તૈયાર થવાનું છે. જ્ઞાન, ભક્તિ અથવા વિવેક ને પ્રેમનો તેણે હસ્તમેળાપ કરવાનો છે. જ્ઞાન કે સમજ વિનાની ભક્તિ ખાસ ફળ નહિ આપી શકે. તે પ્રમાણે ભક્તિ કે પ્રેમ વિનાનું જ્ઞાન પણ નીરસ થશે, ભારરૂપ બનશે; ને માણસ જો પૂરતો સાવધ નહિ હોય તો તેને ભગવાનના દરબારમાં નહિ પહોંચાડી શકે. માટે વિવેક ને પ્રેમ કે જ્ઞાન કે ભક્તિનો સમન્વય કરતાં શીખવાનું છે. બંને વચ્ચે મિત્રતા કરી દેવાની છે. આ જીવન એક મહાન પ્રયોગશાળા છે. તેમાં માણસ નવા નવા પ્રયોગો કર્યા જ કરે છે. તે પ્રમાણે પ્રયોગ કરતાં ને સાચી વસ્તુ શીખતાં શીખતાં કોઈ એક જીવનમાં તે આવો મહાન જ્ઞાની ભક્ત થઈ શકે છે, ને ભગવાનનું દર્શન કરી ભગવાનની પૂર્ણ કૃપા મેળવી લે છે. એટલે જ ગીતામાતાએ 'ઘણા જન્મો પછી' (बहूना जन्मनामते) એવો પ્રયોગ કર્યો છે. ભગવાનની પૂર્ણ કૃપા મેળવ્યા પછી તેની દશા કેવી થઈ જાય છે તે કોણ કહી શકે ? એ દશા વધારે ભાગે ચર્ચા કે વિચારણા કરવાની નહિ, પણ અનુભવની છે. અનુભવ કરવાથી જ એનો સાચો ખ્યાલ આવી શકે છે. તો પણ આપણે એટલું કહીશું કે ભગવાનની કૃપાથી તે ભક્તને આખું જગત ભગવાનમય લાગે છે; ભગવાન વિના બીજું કૈં જ નથી એમ તે અનુભવે છે; જયાં જુઓ ત્યાં તેને ભગવાન જ દેખાય છે.

તમને વિચાર થશે કે એટલી બધી ઊંચી દશાએ પહોંચેલા મહાત્મા, ભક્ત કે સંત કેટલા હશે ? તમારો વિચાર પારખીને ગીતામાતાએ પહેલેથી જ કહી દીધું છે કે મારાં પ્યારાં બાળકો એવા સંત, ભક્ત કે મહાત્મા દુર્લભ જ નહિ, પણ અત્યંત દુર્લભ છે. પ્રભુની કૃપા થઈ હોય, ને તમારા પોતાનાં પુણ્ય ઉઘડ્યાં હોય, તો તેમનું દર્શન થઈ શકે છે, તેમની સાથે વાતચીત કરી શકાય છે, ને વધારે કે ઓછા વખત સુધી તેમની સાથે રહેવાનો લ્હાવો પણ ત્યારે જ મળે. એવા સંતો કાંઈ હજારોની સંખ્યામાં નથી, તે તો બહુ ઓછા છે.

દરેક કાળમાં પંડિત કે જ્ઞાની મળી શકે, દાતા પણ મળી શકે, વીર ને ભક્ત કે યોગી પણ મળી શકે, ને સાધારણ કે અસાધારણ એવા સાધુ ને તપસ્વી પણ મળી શકે, પણ ઈશ્વરનું દર્શન કરી ચૂકેલા ને

સંસારમાં બધે ઈશ્વરનું દર્શન કરનારા સંત કે જ્ઞાની ભક્તનું મળવું મુશ્કેલ છે, ખૂબ મુશ્કેલ છે. તે તો ભાગ્યે જ મળી શકે.

પણ તેથી નિરાશ થવાની કે હિંમત હારવાની જરૂર નથી. તમારી તીવ્ર ઈચ્છા હશે તો તેવા સંતનું દર્શન તમને થઈ શકશે, ને જ્યાં હશો ત્યાં તમને તેની કૃપાનો લાભ મળી શકશે. તેવા પુરૂષો સંસારમાં સદાયે જીવ્યા કરે છે, ને સંસારનું અનેક રીતે કલ્યાણ કરે છે. તમે પોતે પણ પરમાત્મામય જ છો એટલે તો તમને મહાન, અજ ને અવિનાશી, પરમાત્માના પ્યારા તથા અમૃતમય કહેવામાં આવે છે. તમારી એ યોગ્યતાને ભૂલી જઈને તમે તેથી ભ્રષ્ટ થયા છો એટલું જ. તે ભૂલને સુધારો ને તમારા મહિમાને ઓળખી લો, તો તમે પણ પ્રભુની કૃપા મેળવીને તેવા મહાન સંત બની શકશો.

**[ ૧૯ ] પ્રભુ આપણને પ્રેરણા ને પ્રકાશ આપે.**

બધા માણસો એક ભગવાનને ભજતા નથી. કેટલાક માણસો જુદા જુદા દેવોને ભજે છે. જેની જેવી રૂચિ તે પ્રમાણે તે પોતાના દેવની પસંદગી કરે છે ને જુદી જુદી કામના પૂરી કરવા માટે તેમની ઉપાસના કરે છે. માણસો સંતાન મેળવવા, રોગ દૂર કરવા, વિદ્યાવાન થવા, પ્રભુતામાં પગલાં માંડવા ને એવી જુદી જુદી ઈચ્છા પૂરી કરવા જુદા જુદા દેવોનું શરણ લે છે ને બાધા રાખે છે. ઈચ્છા પૂરી થાય એટલે તેમની શ્રદ્ધા વધે છે. માણસો ઈચ્છા ને કામનાના દાસ છે તેથી દેવો પાસે પણ તે ઈચ્છા લઈને જ જાય છે. દેવોને તે કોઈ વેપારી માનતા લાગે છે. ચપટી ચોખા, ધન કે ઘરેણાંના બળથી તે દેવોની મારફત કામ કાઢી લેવા માગે છે. ભગવાન જુદા જુદા દેવો મારફત કેટલીક વાર ભક્તોના મનોરથ પૂરા કરે છે, પણ સાચા ભક્તો તો ભગવાનને જ ભજે છે. ભગવાનની શક્તિ તે જાણે છે. એટલે ભગવાનને છોડીને બીજા કોઈને શરણે જતા નથી. હીરા ને રતનને મૂકી દઈને કાંકરીની આશા કોણ કરે ? દેવો તો પ્રભુના દાસ છે. તેમની શક્તિ ને તેમનો વૈભવ પ્રભુની શક્તિ ને શ્રી પાસે તુચ્છ છે. ડાહ્યા માણસો તો સદા પ્રભુનું જ શરણ લે છે, ને પ્રભુની કૃપા વિનાની બીજી બધી જ કામનાનો તે ત્યાગ કરે છે. કેમ કે તેવી કામનાથી સુખ મળતું નથી. ઊલટું, તે કામનાઓ માણસને પોતાના મજબૂત બંધનથી બાંધે છે, સંકલ્પવિકલ્પથી ભરી દે છે, બેચેન બનાવે છે, ને જન્મ ને મરણ ને હર્ષ ને શોકના ચક્રમાં ફેરવ્યા કરે છે. તે કામનાઓથી તેને ઈશ્વરની પ્રાપ્તિ થઈ શકતી નથી, કે મુક્તિ પણ મળી શકતી નથી. કામનાના પ્રભાવથી તે મોહ ને મમતાના કાદવમાં વધારે ને વધારે ઊંડો ઉતરતો જાય છે.

મોહ ને મમતાના શિકાર થયેલ માણસો જુદી જુદી ઈચ્છા રાખતાં સંસારમાં ફર્યા કરે છે. પરંતુ જેમનાં પુણ્યો ઉઘડ્યાં છે તેવા માણસોની વાત જુદી છે. મોહ ને મમતાથી પર થઈને તે ભગવાનને ભજે છે, ને મનને ભગવાનમાં જોડે છે એનો અર્થ એમ નથી કે પુણ્યશાળી માણસો જ ભગવાનને ભજે છે. માણસે પુણ્યના ઉદય માટે રાહ જોવાની નથી; પણ પોતે પુણ્યશાળી કે સદાચારી થવા પ્રયાસ કરવાનો છે. ને તેવો પ્રયાસ કરતાં કરતાં ભગવાનને યાદ કરતા રહેવાનું છે. આ જીવન કાંઈ જેમ તેમ જીવી કાઢવા કે વેડફી નાખવા માટે નથી. તેની પાછળ મહાન હેતુ રહેલો છે. તેનો સદ્ઉપયોગ કરીને ભગવાનનું દર્શન કરવાનું છે. ભગવાનની કૃપા મેળવવાની છે; ને સર્વ પ્રકારનાં બંધનમાંથી છૂટવાનું છે. આ માટે જે મહેનત કરે છે તે જ

વીર છે, પંડિત છે, જ્ઞાની ને વિવેકી છે ને મહાપુરૂષ પણ તે જ છે. આ માટે મહેનત કરીને જેણે ભગવાનની કૃપા મેળવી લીધી છે, તેને આપણાં પ્રણામ છે. આપણે તે માટે પ્રેરણા ને પ્રકાશ આપે.

☼ ☼ ☼

# અધ્યાય આઠમો : અક્ષરબ્રહ્મયોગ

૧) અર્જુનની જિજ્ઞાસા
૨) અંતઃકાળની વાત
૩) અંતઃકાળ પર આધાર રાખવાનું છોડી દો
૪) બાળપણથી જ પ્રભુ સ્મરણની ટેવ પાડો
૫) શરીર છોડવાની વિધિ
૬) ઓમકારથી પરમગતિ મળે છે
૭) કાયાપલટ કરવાની જરૂર
૮) યુગની ચિંતા નકામી છે
૯) જન્મમરણમાંથી છૂટવા પ્રભુભક્તિનો ઉપાય
૧૦) જન્મમરણ વિશે બે વિચારો
૧૧) અનન્ય ભક્તિથી ભગવાન મળે છે
૧૨) બે જાતની ગતિ
૧૩) બધા જ સમયે યોગમુક્ત થવાની જરૂર

**[ ૧ ] અર્જુનની જિજ્ઞાસા**

સાતમા અધ્યાયને અંતે ભગવાન અર્જુનને કહે છે કે હે અર્જુન, જે મને અધિભૂત, અધિદેવ ને અધિયજ્ઞ સાથે જાણી લે છે, તે મારામાં મનને જોડીને જ્યારે શરીર છોડવાનો વખત આવે છે, ત્યારે મને જાણી ને પામી લે છે. એમાં બિલકુલ સંદેહ નથી. ભગવાને આ બધું કહેવા માટે એક શ્લોકનો જ ઉપયોગ કર્યો છે. પણ તે શ્લોકમાં એક બીજા નવા અધ્યાયનું બીજ રહેલું છે. ભગવાનની કળા જ એવી છે. તે કળાને શબ્દોના સુંદર રૂપમાં રજૂ કરનાર મહર્ષિ વ્યાસની કળા પણ એટલી જ અજબ છે. તેનો પરિચય આપણને ગીતામાં અનેક જગ્યાએ થઈ રહે છે. અહીં પણ આપણને એ જ કળાનું દર્શન થાય છે. સાતમો અધ્યાય પૂરો થાય છે ત્યારે જે શ્લોક આવે છે તે અર્જુનને એકવાર ફરી વિચાર કરતો કરી મૂકે છે. કેમ કે તે શ્લોકમાં જે શબ્દો વપરાયા છે તે અર્જુનથી તદ્દન અજાણ્યા છે. તે શબ્દોનો અર્થ સમજવાનું અર્જુન માટે મુશ્કેલ થઈ પડે છે. એ મુશ્કેલીની ઝાંખી આઠમા અધ્યાયની શરૂઆતમાં સહેલાઈથી થઈ શકે છે.

પોતાની મુશ્કેલી દૂર કરવાની પ્રાર્થના કરતા અર્જુન પૂછે છે કે, હે પ્રભો, (૧) બ્રહ્મ શું છે ? (૨) અધ્યાત્મ શું છે ? (૩) કર્મ શું છે ? (૪) અધિભૂત કોને કહેવાય ? (૫) અધિદૈવ ને અધિયજ્ઞ પણ કોને કહેવાય ? ને (૬) પોતાની જાતનો સંયમ કરનારા માણસો શરીરને છોડતી વખતે તમને કેવી રીતે જાણે છે ? હે મધુસુદન, જેમ તમે અધર્મી ને અત્યાચારી માણસોનો નાશ કરવામાં કુશળ છો, તેમ ભક્તોના અજ્ઞાનનો નાશ કરવામાં પણ કુશળ છો. ભક્તોની વિપત્તિ ને મૂંઝવણને દૂર કરવાની કળા તમે સારી રીતે જાણો છો. ભક્તોને શાંતિ આપવી ને બધી જાતની શંકાથી મુક્ત કરવા એ તો તમારો સ્વભાવ છે, ને તમારો પ્રિય વ્યવસાય છે. માટે મારી મુશ્કેલી દૂર કરો ને મને ખુલાસો કરીને શાંતિ આપો. જોયું ? ગીતાનો વિચાર બરાબર સાવધાન રહીને કરો છો ને ? સાવધાન હશો તો તરત સમજી શકશો કે કુરૂક્ષેત્રના મેદાનમાં લડવા આવેલો અર્જુન જીવનના રહસ્યમય જંગને જીતવાની કળા શીખતો જાય છે, ને ભગવાનનો નમ્ર શિષ્ય થઈને જ્ઞાનવિજ્ઞાન ને ભક્તોની કોલેજમાં નવા નવા પાઠ લેતો જાય છે. તેના પાઠ માનવ જાતિને માટે કેટલા ઉપયોગી છે તે આપણે જાણીએ છીએ.

અર્જુનના પ્રશ્નોના ટૂંકા ઉત્તરમાં ભગવાન કહે છે કે (૧) જે પરમ અવિનાશી પરમાત્મા છે તે બ્રહ્મ કહેવાય છે. (૨) તેમનો જે સહજ સ્વભાવ તે અધ્યાત્મ કહેવાય છે. (૩) જે વિનાશી વસ્તુ છે તે અધિભૂત કહેવાય છે. (૪) અવિનાશી આત્મા અધિદૈવ છે. તે જુદા જુદા શરીરધારીઓનાં શરીરમાં હું અધિયજ્ઞ થઈને રહેલો છું. તે પછી, શું કરવાથી માણસને મૃત્યુ પછી ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય તે વિશે થોડો પ્રકાશ ફેંકે છે.

**[ ૨ ] અંતઃકાળની વાત**

અંતઃકાળે માણસની દશા કેટલીકવાર ખૂબ કફોડી થઈ જાય છે. તે વખતે સગાંસંબંધી ને સ્નેહીજનો તેની આજુબાજુ વીંટળાઈ વળે છે. મરણના પડછાયા તેની આસપાસ ફરવા માંડે છે. મરણના વિચારથી તેને કંપારી છૂટે છે. જે દુનિયામાં તે આજ સુધી રહ્યો, ને અનેક જાતના ભોગો ભોગવ્યા, તે દુનિયા તેની નજર સામે તરવરે છે. તેને છોડીને જવાનો વખત આવ્યો એ વિચારથી તે થથરે છે. દુનિયામાંથી વિદાય લેવાનો

વિચાર તેને ગમતો જ નથી. બહુ ઓછા માણસો એવા હોય છે જે શરીરને છોડવાનો વખત આવે ત્યારે તેને આનંદથી છોડે છે. બીજા માણસો તો મરણના વિચારથી જ મરણતોલ જેવા બની જાય છે. તેમના સાંધા ઢીલા પડી જાય છે. તેમને ભગવાનની યાદ આવે એ શું સહેલી વાત છે કે ? ભગવાનનું નામ લેતાં લેતાં શરીર છોડવાનું કામ તેમને માટે સહેલું છે કે ? અંતકાળે જો જીભ પર ભગવાનનું નામ આવી જાય ને હૃદયમાં ભગવાનનું ધ્યાન જામી જાય, તો માણસને ભગવાનની પ્રાપ્તિ થઈ જાય. ગીતામાતાએ આ સહેલો ને સચોટ ઉપાય બતાવ્યો છે પણ માણસોથી તો તેવો સહેલો ઉપાય પણ અજમાવી શકાતો નથી. સંસારના રંગરાગ ને વિષયોમાં તે એટલા બધા ડૂબેલા છે કે મરણ વખતે પણ તેમની નજર સામે સંસારના વિષયો જ ઊભા રહે છે, ને તેમના મનને તેની અંદર લપટાવે છે. વિષયો વિના તેમને બીજું કાંઈ ગમતું જ નથી. વિષયોની જાળમાં અંતકાળે પણ જકડાઈ ના જવાય, ને ભગવાનમાં મનની વૃત્તિ જોડીને કૃતાર્થ થવાય, તે માટે સમજુ માણસો સદા સાવધ રહે છે, ને પ્રાર્થના તથા પ્રયાસ કરે છે. અંતરના ઊંડાણમાંથી તે પોકાર કરે છે, ને ભગવાનની પાસે ભીખ માગે છે કે હે પ્રભુ ! અંતકાળે જ્યારે શરીર છોડવાનો વખત આવે, ત્યારે તમારૂં મધુર નામ લેતાં લેતાં શરીર છૂટે એવી કૃપા કરજો. ભક્તોના દિલના આવા આવા ભાવોને રજૂ કરનારું પેલું સુંદર ગીત પણ સારી પેઠે જાણીતું છે. તેમાં કહેવામાં આવ્યું છે, અથવા કહો કે ભગવાનને અરજ કરવામાં આવી છે કે,

ઈતના તો કરના સ્વામી, જબ પ્રાણ તનસે નિકલે,
ગોવિંદ નામ લેકર યહ પ્રાણ તનસે નિકલે.

અંતકાળે કોઈ સારા સ્થાનમાં રહેવાની ઈચ્છા પણ માણસને થાય છે. સારા સ્થાનમાં રહેવાથી ને શરીર છોડવાથી ઉત્તમ ગતિ મળી જાય છે એમ માનીને કેટલાક માણસો કાશી, પ્રયાગ, વૃંદાવન તથા હરિદ્વાર જેવાં તીર્થ સ્થાનોમાં જાય છે, ને વસવાટ કરે છે. ભક્તે તે ભાવનાને પણ રજૂ કરી છે ને કહ્યું છે કે,

શ્રી વૃંદાવનકા સ્થલ હો ઔર જમનાજી કા તટ હો,
ઔર સાંવરા નિકટ હો, જબ પ્રાણ તનસે નિકલે.

પણ અંતકાળે ભગવાનમાં મન રહેવાનું કામ શું એટલું બધું સહેલું છે કે ? ગાવામાં ને ગાયેલું જીવવામાં કે અનુભવવામાં ઘણો ફેર છે. શાંતિ, સફળતા કે સિદ્ધિ કેવળ ગાવાથી નથી મળતી, પણ અનુભવવાથી મળે છે. આપણે કહીએ છીએ કે અન્ન તેવો ઓડકાર, તે કાંઈ ખોટું નથી. જેવું બીજ વાવશું તેવું લણી શકીશું. કોદરાને વાવીને કોઈ ઘઉંની આશા રાખે તો તેને શું ઘઉં મળી શકે ? તે પ્રમાણે મકાઈ વાવીને બાજરીની ઈચ્છા પણ ના રખાય. જીવનના સિદ્ધાંત ને માણસના પોતાના સ્વભાવનું પણ એવું છે. આખા જીવન દરમ્યાન જે વિચારો, ભાવો ને ભાષાનું રટણ કર્યું હોય તે જ ભાવ, વિચાર ને ભાષા અંતકાળે પણ હાજર થઈ જાય છે. જે માણસ આખાયે જીવન દરમ્યાન સંસારના વિષયોના રસમાં ફસાયલો રહે, તે જીવનની અંતકાળે એકદમ ભગવાનને યાદ કરી લેશે એમ માનવું ભૂલભરેલું છે. છતાં કેટલાક માણસો એ વાતને સમજતા નથી. તે કહે છે કે જીવનભર ધર્મનું આચરણ કરવાની ને પ્રભુનું નામ લેવાની શી જરૂર છે ? ગીતાએ તો સહેલો ઉપાય બતાવ્યો છે. તે પ્રમાણે આપણે હમણાં ભલેને લ્હેર કરીએ ને સંસારનો લ્હાવો લઈએ. અંતકાળ આવવા માંડશે એટલે સીધા વૈકુંઠમાં પહોંચી જઈશું. અંતકાળે ભગવાનના નામને જપવા

માંડીશું એટલે ભગવાનના દરબારની ટિકિટ મળી જશે. મુક્તિ કે પરમપદનો પાસપોર્ટ તૈયાર થઈ જશે. કેટલાક વધારે ડાહ્યા મનાતા માણસો ડહાપણનો નમૂનો બતાવતા કહે છે કે અંતકાળે ભગવાનનું નામ લેવાનું ને ભગવાનમાં મન જોડવાનું કામ તો ઘણું જ સહેલું છે. અમે નામ નહિ લઈએ તો પણ વાંધો નથી. મરણ–પથારી પર પડ્યા હોઈશુ ત્યારે બીજા માણસો તો પ્રભુનું નામ લેશે ? તે સાંભળીને અમે પણ પ્રભુનું નામ લેવા માંડીશું એટલે ગીતાની શરત પૂરી થશે, ને અમારી સીધી સદ્ગતિ થઈ જશે.

આ માણસો ગીતાના સગવડીયા ભાગનો જ વિચાર કરે છે. તેમને ખબર નથી કે મરણ વખતે પ્રભુનું નામ લેવાનું કામ એટલું સહેલું નથી. બીજા માણસો પ્રભુના નામનું કીર્તન કરે છે ને પાસે બેસીને સારી કથા કરે છે, છતાં મરણ પથારી પર પડેલો માણસ પોતાના જ વિચારમાં મસ્ત રહે છે. કથા ને કીર્તનની તેના પર કાંઈ જ અસર થતી નથી. જે માણસે જીવનભર પ્રભુનું નામ લીધું હોય, તે જ માણસને છેવટની ઘડીએ પ્રભુની યાદ આવી શકે છે. માટે તો ગીતામાતા કહે છે કે જીવનમાં જે ભાવો ને વિચારોનું રટણ કર્યું હોય તે જ ભાવો ને વિચારો છેલ્લી ઘડીએ યાદ આવે છે. માટે જીવનની પ્રત્યેક પળે પ્રભુનામ લેવાની ટેવ પાડવી જોઈએ. પ્રભુની યાદ ચાલુ રાખવા ને પ્રભુમાં પ્રેમ કરવા તૈયાર રહેવું જોઈએ. પ્રભુની યાદ કાંઈ યાંત્રિક રીતે લેવાની નથી. 'મુખમેં રામ ને બગલમેં છૂરી'ની નીતિ કાયમ રાખીને પ્રભુનું નામ લેવાનું નથી. બહારથી ભગતનો ડોળ કરીને અંદરખાનેથી સંસારના વિષયોને પ્રાણપ્યારા માની તેમનું સેવન કરવાનું નથી. એવી નીતિ ને એવું સેવન સદાયે પ્રાણઘાતક નીવડશે, તેનું આખરી પરીણામ ઘણું ખરાબ આવશે. બહારથી ટીલાંટપકાં, માળા, સેવાપૂજા ને કીર્તન જેવો ભક્તિનો સ્વાંગ સજ્યો હોવા છતાં મન જો વિષયોની જ રમત રમતું હશે તો અંતકાળે વિષયો આંખ આગળ ઊભા રહશે, ને ભક્તિનો અભિનય નકામો થઈ પડશે કે પોકળ સાબિત થશે. એટલે ભક્તિનો ખોટો અભિનય પણ છોડી દેવો જોઈએ ને મન પ્રભુમાં લગાડવું જોઈએ. તો જ જીવન સફળ થાય. જીવનભરના પુરૂષાર્થ ને સાચા પુરૂષાર્થ વિના આ કેવી રીતે બની શકે ?

### [ ૩ ] અંતઃકાળ પર આધાર રાખવાનું છોડી દો

એટલે રોજ પ્રભુસ્મરણ કરો. રોજના કર્મો વિચાર કરીને ને પવિત્ર રીતે કરો. રોજના જીવનને ચોખ્ખું કરો; ચોખ્ખું રાખો ને અંતકાળ પર આધાર રાખવાનું છોડી દો. જીવનમાં વહેલામાં વહેલી તકે સદ્ગતિ મેળવી લો. મરણ પછી સદ્ગતિ મેળવવાની આશા રાખીને બેસી રહેવું નકામું છે. જે મેળવવું હોય તે મરણ પહેલાં જ મેળવી લો. પ્રત્યેક પળને કિંમતી સમજો ને પ્રત્યેક પળે પ્રભુની કૃપા મેળવવા તૈયાર થાવ.

મરણ સૌને માથે ભમ્યા કરે છે. આ સંસારમાં કોઈ અમર નથી, છતાં માણસ એ વાતને ભૂલી જાય છે ને સંસારમાં લપટાય છે એ મોટું આશ્ચર્ય છે. એક દિવસ આ ભાડૂતી ઘરને ખાલી કરીને વિદાય થવાનું છે, એ વાત યાદ રાખીને માણસે વહેલામાં વહેલી તકે પોતાના હિતનું કામ કરી લેવા તૈયાર થવું જોઈએ. મૃત્યુનો કાંઈ ભરોસો થોડો જ છે ? માણસો હાલતાં ચાલતાં ને વાતચીત કરતાં પણ શાંત થઈ જાય છે. આજે જે તદ્દન સાજા દેખાતા હોય તે કાલે સમાપ્ત થઈ જાય છે. સાધારણ માણસો તો શું પણ મોટા મોટા વિદ્વાનો ને સંતોને માટે પણ આ સાચું છે.

એક સંતપુરૂષે જીવનનો પાછલો સમય શાંતિથી પસાર કરવા માટે એક તીર્થસ્થાનમાં વાસ કર્યો. વીસેક વરસ થઈ ગયાં પણ જીવન તો લંબાતું જ ચાલ્યું. એકવાર કોઈ સત્સંગી પુરૂષે તેમને પોતાને ત્યાં બોલાવ્યા. તેમનું આમંત્રણ સ્વીકારીને તેમણે તીર્થસ્થાન છોડ્યું. પોતાના ભક્તો પાસેથી થોડી આર્થિક મદદ મેળવીને એક આશ્રમ બનાવવાની તેમની ઈચ્છા હતી. પણ ઈશ્વરની ઈચ્છા જુદી જ હતી. તે સંતપુરૂષ પોતાના સત્સંગી ભક્તને ત્યાં પહોંચ્યા તે જ દિવસે માંદા પડ્યા, ને ત્રણેક દિવસમાં તેમનું શરીર શાંત થઈ ગયું. મરણ કેટલું અનિશ્ચિત છે તેની ખાત્રી માટે તેમના ભક્તોને આ પ્રસંગ પૂરતો થઈ પડ્યો. જો કે મરણનો વખત તો નક્કી જ છે પણ તેનું જ્ઞાન નહિ હોવાથી તે એકાએક આવી પડતું હોય એવું લાગે છે. પણ મરણને નક્કી માનીને માણસે જાગવાની જરૂર છે. જીવનને પ્રભુમય કરી દેવા માટે પ્રયાસ કરવાની જરૂર છે. તે માટે બાળપણથી જ સારા સંસ્કાર ને સારી ટેવો પાડવાનો પ્રયાસ કરવો જોઈએ.

બાળક ખાવાપીવાની, રમવાની ને કોઈવાર લગ્ન કરવાની રૂચિ બતાવે, તો કોઈને નવાઈ લાગતી નથી. માબાપ તે રૂચિને પૂરી કરવા તૈયાર થાય છે. પણ સંતસમાગમની, ઈશ્વરને મેળવવાની, જીવનભર કુંવારા રહીને બીજાની ભલાઈનાં કામ કરવાની ને યોગ જેવી કોઈ સાધના કરવાની ઈચ્છા બતાવે, તો તેમને નવાઈ લાગે છે. મોટા મોટા માણસોને પણ નવાઈ લાગે છે ને કેટલીકવાર તે ઈચ્છાને દાબી દેવા માટે પ્રયાસ પણ કરવામાં આવે છે. પોતાનાં બાળકો બીજાની જેમ કોઈની મશ્કરી કરે, કોઈને ડરાવે, ધમકાવે, દબાવે, ને ગમે તેમ કરીને ધન મેળવવાની કળામાં પાવરધા બને, તે પછી એકાદ સ્ત્રી ને થોડાંક સંતાનોનો કાફલો લઈને સંસારની યાત્રા કરે, એવી ઈચ્છાવાળા માબાપ વધારે હોય છે. પણ બાળકો સંસારથી ઉપરામ થઈને પ્રભુપરાયણ થવાની તાલીમ લેવાની વાતો કરે, એ તેમને ભાગ્યે જ પસંદ પડે છે.

બાળક જો કોઈ સંતનું જીવન વાંચે કે ગીતા, ભાગવત કે રામાયણ જેવો ગ્રંથ લઈને બેસે, તો માબાપ કે વડીલો મોં મચકોડશે, ને તરત બોલી ઊઠશે કે આ શું ? અત્યારથી ગીતા-ભાગવત ? અરે, ભાઈ ગીતા-ભાગવત તો હજી અમે પણ નથી વાંચતા ! એ તો બધું નવરા ને સંસાર છોડીને એકલા ફરનારા માણસોને માટે છે. આપણે વળી ગીતા-ભાગવત શું ? કોઈ સંતપુરૂષના દર્શને જવાની રૂચિ બતાવે તો પણ બાળકને એવો જ ઉત્તર આપવામાં આવે છે. તેમાં વળી કોઈ સંતપુરૂષના સમાગમમાં તે વારંવાર આવવા માંડે તો તો જાણે આભ તૂટી પડવાનું હોય તેમ માબાપ ને વડીલવર્ગ ચિંતાતુર થઈ જાય છે. બાળક માળા લઈને બેસે તે પણ તેમને ગમતું નથી. ભજન ગાય તે પણ તેમને ભાગ્યે જ પસંદ પડે છે, ને જો તે કુંવારા રહેવાની વાત કરે તો તો પૂછવું જ શું ? બ્રહ્માની જવાબદારી જાણે પોતે જ ઉપાડતા હોય તેમ તે ભારેખમ બની જાય છે, ને પોતાનો ને સંસારનો વંશ નહિ રહે તો શું થશે એની મૂંઝવણમાં પડી જાય છે.

### [ ૪ ] બાળપણથી જ પ્રભુ સ્મરણની ટેવ પાડો

નાના હતા ત્યારે અમે પણ કોઈની પાસે સાંભળેલું કે રામ રામ બોલીએ એટલે ભૂત ને ભય બંને ભાગે છે. આ ઈલાજ અમારે માટે અકસીર થઈ પડ્યો. પહેલાં રાતે બહાર પેશાબ કરવા જતાં જરા બીક લાગતી. પણ આ ઈલાજ જાણ્યા પછી રામરામ કરતાં બહાર નીકળવા માંડ્યું, ને માનવા માંડ્યુ કે રામ દેખાતા નથી પણ સૌની રક્ષા કરવા તૈયાર છે. એથી ભય ભાગી ગયો. બાળપણના સંસ્કાર મોટી ઉંમરમાં

ઘણા મજબૂત થઈ જાય છે. એ વાતની ખાત્રી કરવા નામદેવનું ઉદાહરણ પ્રસિદ્ધ છે. ભગવાન વિઠ્ઠલને દૂધ પાવાનો નામદેવે આગ્રહ કર્યો, કેમ કે ભગવાન દૂધ પીએ છે તે વાત તેમના મગજમાં ઠસી ગઈ હતી. પાછળથી તે એક મહાન ભક્ત થઈ ગયા.

એટલે પ્રભુના સ્મરણની ટેવ પણ બાળપણથી જ પાડવી જોઈએ. ઘડપણમાં ગોવિંદના ગુણ ગાવાની વૃત્તિ છોડી દેવી જોઈએ. પ્રભુસ્મરણ તો સમસ્ત જીવનને માટે જરૂરી છે. તે કાંઈ ઘડપણનો જ ઈજારો નથી. ઘડપણમાં તો સરકારી નોકરીમાંથી પણ માણસોને છૂટા કરવામાં આવે છે, કેમકે તેમની શક્તિઓ ઘસાઈ જાય છે. તો પછી ઈશ્વરની સેવા ને તપશ્ચર્યા તો તેથી પણ વધારે શક્તિ માગી લે છે. ઘડપણમાં જ્યારે બધી શક્તિ સૂકાઈ જશે, ત્યારે સેવા, તપ કે સાધના કેવી રીતે થઈ શકશે, ને ઘડપણ આવશે એ ક્યાં નક્કી છે ? આ ચંચલ ને ક્ષણે ક્ષણે પલટાતા સંસારમાં કોણ માણસ અમર છે, ને કાલની કોને ખબર છે ? આ સંસારમાં માણસ ઘડપણ સુધી જીવશે જ એની જરા પણ ખાત્રી ક્યાં છે ? ને ખાત્રી હોય તો પણ પ્રભુપ્રાપ્તિ જેવા મહત્વના કામને માટે પ્રમાદ સેવીને ઘડપણ પર આધાર રાખીને બેસી રહેવાનું શું બરાબર છે ? પોતાની જાતના ઉદ્ધારનું કલ્યાણકારક કામ તો માણસે વહેલામાં વહેલી તકે કરી લેવું જોઈએ. તેમાં ઢીલ કરવી ઠીક નથી. જીવનની દરેક ક્ષણે પ્રભુનું અનુસંધાન સાધી ને પ્રભુની પરમ કૃપા મેળવવા સમજુ માણસે તૈયાર થવું જોઈએ. ને આ જ જીવનમાં વહેલામાં વહેલી તકે ઉત્તમમાં ઉત્તમ ગતિ કે પદ મેળવવાનો પ્રયાસ કરવો જોઈએ. રોજના જીવનમાં શુદ્ધ રહેવાની ને પ્રભુસ્મરણ કરવાની ટેવવાળો માણસ અંતકાળે પ્રભુની સહેલાઈથી યાદ કરી શકશે, ને પ્રભુને મેળવી પણ લેશે. માટે જ ભગવાન કહે છે કે હે અર્જુન, જીવનની હરેક ક્ષણે તું મારૂં સ્મરણ કર ને જીવનનું આવી પડેલું યુદ્ધ કર. અર્જુનને અપાયેલા એ સંદેશામાં દરેકનો સંદેશો સમાયેલો છે. જીવનના જંગમાં ઉતરેલા માણસે વીરતાપૂર્વક લડવાનું છે, ને રાક્ષસી વૃત્તિ તથા વાસનાઓને મારવાની છે.

**[ ૫ ] શરીર છોડવાની વિધિ : પૂર્ણ પુરૂષને કોઈ વિધિની જરૂર નથી.**

આ તો સાધારણ માણસોની વાત થઈ જે વ્યવહારમાં રહે છે, ને સંસારના જંગમાં ઉતરેલા છે. તેમને માટે સૂચના થઈ. પણ ત્યાગી ને એકાંતવાસી માણસોને માટે પણ આ સૂચના કામની છે. તેવા માણસોને માટે પણ આ વાત ધ્યાનમાં રાખવાની છે. તેવા માણસોએ પણ એવી ટેવ પાડવાની છે કે અંતકાળે મન પરમાત્મામાં જોડાયલું રહે. આજે પણ કેટલાક યોગીઓ શરીરનો ત્યાગ કરતી વખતે પોતાની યોગશક્તિનો ઉપયોગ કરે છે, ને પરમાત્મા સાથે એક થઈ જાય છે. યોગશક્તિના એવા બે પ્રકારોનું ભગવાન અહીં વર્ણન કરે છે. તેમાંનો પહેલો પ્રકાર પ્રસિદ્ધ જ છે. એ પ્રકાર પ્રમાણે શરીર છોડનારા યોગી પુરૂષો અંતકાળે પદ્માસન જેવું કોઈ આસન વાળીને બેસે છે ને બન્ને ભ્રમર વચ્ચે પ્રાણને સ્થિર કરી, સૃષ્ટિના સ્વામી પરમાત્મામાં મન પરોવી દે છે. ને પછી શરીરનો કાંચળીની પેઠે ત્યાગ કરે છે. શરીરનો ત્યાગ કરવાની આ કળા સાધારણ પુરૂષો કે સાધકોને સિદ્ધ નથી હોતી. સાધારણ માણસો તો શરીરમાં બંધાયેલા હોય છે. જેમ શરીરથી કપડાંને અલગ અનુભવાય છે તેમ આત્માથી શરીરને અલગ અનુભવવાનું તેમને માટે મુશ્કેલ હોય છે. એવા માણસો યોગની પદ્ધતિ પ્રમાણે શરીર છોડી શકતા નથી. તે પદ્ધતિ પ્રમાણે શરીર છોડવા માટે પુષ્કળ સાધનાની જરૂર

પડે છે. એવા અભ્યાસ માટે મહાન મનોબળની જરૂર પડે છે. સંયમ ને નિયમ પણ પાળવા પડે છે. સાધારણ માણસો તેમાં પાછા પડે છે. કોઈ વીરલા પુરૂષો જ તે માર્ગે પ્રયાણ કરે છે. તેવા માણસોને પોતાના પ્રયાણકાળની પહેલેથી જ ખબર પડી જાય છે. તે પ્રમાણે બીજાને સૂચના આપીને તે શરીર છોડી દે છે. દેવપ્રયાગ પાસે થોડાં વરસો પહેલાં એક બંગાલી મહાત્માએ તે પ્રમાણે શરીર છોડી દીધું હતું. ભારતમાં એવા મહાન સંતો ઘણા થઈ ગયા છે.

શરીર છોડવાની એવી જ એક બીજી વિધિનો ભગવાન ઉલ્લેખ કરે છે. તે પ્રમાણે યોગીપુરૂષ મન, બુદ્ધિ ને શરીરનો કાબૂ કરે છે, મસ્તકમાં પ્રાણને સ્થિર કરે છે ને ૐકારનો ઉચ્ચાર તથા પ્રભુનું સ્મરણ કરતાં શરીર છોડી દે છે. તેવો યોગી પણ પરમાત્મામાં એક થઈ જાય છે. પણ મેં આગળ કહ્યું તેમ સતત સાધના વિના આ રીતે પણ શરીર છોડવાનું કામ સહેલું નથી.

ને પૂર્ણપુરૂષને શરીર છોડતી વખતે એવી વિધિની જરૂર છે જ એમ મને નથી લાગતું. હા, જેમને તેવી વિધિનો આશ્રય લેવો હોય તે લઈ શકે છે, પણ બધા જ પૂર્ણ પુરૂષોએ તેવી વિધિ કરવી જ જોઈએ એવો આગ્રહ નકામો છે. પૂર્ણ પુરૂષ તો જીવતાં જ પ્રભુને પામી ચૂક્યો ને પ્રભુમય બની ચૂક્યો છે. શરીરમાં રહીને પણ તે પ્રભુ સાથેની એકતાનો અનુભવ કરી ચૂક્યો છે. તેને પ્રભુમય થવા માટે અંતકાળે કોઈ વિશેષ વિધિ કરવાની જરૂર નથી. કોઈને તેવી વિધિની ઈચ્છા હોય તો તે ભલે કરે; બાકી તેની જરૂર છે જ એમ માનવાનું કોઈ કારણ નથી. જેણે જીવતાં જ પ્રભુનું દર્શન કર્યું છે. ને પરમગતિ મેળવી લીધી છે, તે પુરૂષ ઊભા ઊભા, ચાલતા ચાલતા ને સૂતા રહીને શરીર છોડે તો પણ શું ? તેવી રીતે શરીર છૂટવાથી પણ તેની ગતિમાં કોઈ જ ફેર પડવાનો નથી. પૂર્ણ કે પ્રભુને પામેલો પુરૂષ ઉઘાડી આંખે ને પ્રાણને ભ્રમરની વચ્ચે કે મસ્તકમાં રોક્યા વિના જે દશામાં હોય તે સહજ દશામાં જ શરીર છોડે તો પણ શું ? કાશી, કેદાર કે પ્રયાગ જેવા તીર્થસ્થાનમાં શરીર છોડવાને બદલે કોઈ સાધારણ સ્થાનમાં શરીર છોડે તો પણ શું ? તેને હવે કયા વિશેષ પુણ્યની ને કયી વિશેષ ગતિની ઈચ્છા છે ? માનો તો બધાં સ્થળો કાશી, કેદાર ને પ્રયાગ જેવાં પવિત્ર છે, કેમ કે બધે પ્રભુનો વાસ છે. સંસારના પ્રત્યેક પરમાણુમાં તેને પ્રભુના પ્રકાશનું દર્શન થાય છે. ઉચ્ચ ને નીચના ભેદ તેના દિલમાંથી દૂર થયા છે. તે પ્રમાણે બધી જ ક્રિયાઓ તેને માટે પ્રભુમય ને તેથી અલૌકિક થઈ ગઈ છે. કોઈ પણ કામ કરતાં તેનું અંતર પ્રભુ સાથે જ જોડાયેલું રહે છે. તેને વળી સાધનાની, કોઈ વિશેષ ક્રિયાની પણ ક્યાં જરૂર છે ? કોઈ કહેશે કે જરૂર ના હોવા છતાં ટેવ કે પરિપાટીને વશ થઈને યોગીપુરૂષો સાધનાની વિશેષ ક્રિયા કરતાં કરતાં શરીર છોડે છે. તેમની વાત આપણે જરૂર ધ્યાનમાં લઈશું. પણ તેમને વધારામાં કહીશું કે બધાએ તેવી ક્રિયા કરવાની જરૂર છે જ એમ માનવું ભૂલભરેલું છે. આ બાબત માટે ભગવાન બુદ્ધનો પ્રસંગ ખૂબ વિચારવા જેવો છે.

બુદ્ધ ભગવાને શરીર છોડતી વખતે તેમના શિષ્ય આનંદને જરૂરી સલાહ આપી, ને પછી પોતે સૂતાં સૂતાં જ શરીરનો ત્યાગ કર્યો. બુદ્ધ ભગવાને કેટલીય વાતોની જેમ આ વાત પર પણ એ રીતે નવો પ્રકાશ ફેંક્યો છે. ભગવાન ઈશુનો પ્રસંગ પણ વિચારવા જેવો છે. તેમણે વધસ્થંભ પર શરીરે ખીલાં ઠોકાતા હતા ત્યારે શરીરનો ત્યાગ કર્યો. તેમને માટે વધસ્થંભ ઉત્તમ આસન થઈ પડ્યું. એટલે પૂર્ણ પુરૂષોને કોઈ બહારની વિધિ કરવાની જરૂર નથી. તે ગમે તે રીતે શરીર છોડી શકે છે. હા, યોગમાર્ગના સાધકોએ ગીતામાતાએ

કહેલી વિધિ ખાસ ધ્યાનમાં લેવાની છે. કેમ કે મુખ્યત્વે તે તેમને માટે છે. તે પ્રમાણે શરીર છોડવાથી તેમને પ્રભુની પ્રાપ્તિ થઈ શકશે, ને અંતકાળે પણ પરમગતિ મળી રહેશે. ભક્તિમાર્ગના સાધકો અંતકાળે પ્રભુના નામ ને રૂપમાં મન જોડવાથી જે દશામાં હશે તે દશામાં રહીને પણ પ્રભુપ્રાપ્તિ કરી શકશે.

**[ ૬ ] ઓમ્‌કારથી પરમગતિ મળે છે.**

ઓમ્‌કારનો ઉચ્ચાર કરતાં જે શરીર છોડે છે તે પરમ ગતિ મેળવે છે, અથવા તો પરમાત્માની પ્રાપ્તિ કરી લે છે. ગીતામાતાનો એ સંદેશ છે. શરીર છોડ્યા પછી પરમગતિ કે પરમાત્માની પ્રાપ્તિ કરવા માટે ગીતામાતાએ કેટલો સહેલો ને સીધો ઉપાય બતાવ્યો છે ! મા જેમ બાળકની સંભાળ રાખે છે, ને તેને માટે જુદી જુદી વાનગીઓ બનાવે છે, તેમ ગીતામાતા પોતાના બાળકોની રૂચિ જોઈને તેમના પોષણ માટે જુદી જુદી વાનગીઓ પીરસે છે; જીવનના કલ્યાણનાં નવાં નવાં સાધન બતાવે છે. સાધનાની એક જ પવિત્ર નદી પર ગીતામાતાએ સાધકોની સગવડ સારૂં જુદા જુદા આરા કે ઘાટ બાંધી દીધા છે. તેમાંના કોઈયે ઘાટ પર પહોંચીને સાધક સાધનાનો આનંદ મેળવી શકે છે, ને પ્રભુની કૃપાના પાણીમાં સ્નાન તથા આચમન કરી શકે છે. અમૃતના ભાગ પાડીને તેને જુદા જુદા પ્યાલામાં ભરવામાં આવે; તેમાંથી કોઈયે પ્યાલાને પી લેવાથી અમૃતમય થઈ જવાય છે, તેમ જીવનના કલ્યાણનો અમૃતરસ ગીતામાતાએ જુદા જુદા પ્યાલામાં ઠાલવી દીધો છે. તે માટેનાં જુદા જુદા સાધન બતાવ્યાં છે. તેમાંથી કોઈ પણ એક કે વધારે સાધનનો આધાર લઈને જીવનનું કલ્યાણ કરી શકાય છે, ને પરમશાંતિ, મુક્તિ ને પરમાત્માને પામી શકાય છે. તેમાંય આ સાધન તો અજબ છે. શરીર છૂટે તે વખતે ઓમ્‌કારનું ઉચ્ચારણ કરો એટલે પરમપદ ને પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય. જીવનના મંગલને માટે કેટલો સહેલો ઉપાય છે ? આટલો સહેલો ઉપાય છે છતાં તમારે તેનો આધાર ના લેવો હોય તો તમે જાણો. પછી ભગવાનનો, સંતનો કે શાસ્ત્રોનો દોષ કાઢશો નહિ. તેમણે તો તમારી જીવનયાત્રાનો સરલ માર્ગ બતાવી દીધો છે, તે પર ચાલવું કે નહિ તે તમારે પસંદ કરવાનું છે.

કોઈ કહેશે કે અમને ઓમ્‌કાર પર એટલો પ્રેમ નથી. છતાં પણ અમારે તેનો આધાર લેવો જ જોઈએ ? ઓમ્‌કાર વિના શું ગતિ ના થાય ? ભગવાને ઓમ્‌કાર પર એટલો બધો ભાર કેમ મૂક્યો છે ? શું આ નકામો પક્ષપાત નથી ? આપણે તેમને જવાબ આપીશું કે ભાઈઓ, ગીતામાં ભગવાને જે સંગીત પીરસ્યું છે, તેની ખૂબી જ એ છે કે તે ઉદાર છે. પક્ષપાત કે સંકુચિતતાનો કડવો સૂર તેમાં એક પણ નથી. ભગવાને ઓમ્‌કાર વિષે જે કહ્યું છે તે જ બીજાં નામને લાગુ પડે છે. ભગવાને કહ્યું છે કે અંતકાળે મારૂં સ્મરણ કરીને શરીર છોડી દો એટલે પરમગતિ નક્કી છે. એનો અર્થ એ થયો કે અંતકાળે ભગવાનના નામમાં મન લગાડવું જોઈએ. ને ભગવાનનું કોઈ એક જ નામ થોડું છે ? ઓમ્‌કાર સિવાય પણ બીજાં કેટલાંય નામ છે. માટે તો ભગવાનને હજારો નામવાળા–सहस्रनाम्ने– કહીને પ્રાર્થના કરાય છે. એ બધાં જ નામ સરખી શક્તિવાળા છે. તેને અંતરમાં ઉતારો, ને અંતકાળે પણ તેને યાદ કરો. તો પ્રભુની કૃપા નક્કી છે.

**[ ૭ ] કાયાપલટ કરવાની જરૂર**

અંતકાળે ભગવાનનું નામ લો તો ઉત્તમ ગતિ જરૂર મળે. ગીતામાતાએ તો સહેલામાં સહેલી વાત કહી દીધી છે. પણ તેવા ને તેથી પણ સહેલા ઉપાયના કેફમાં તમે ના પડતા. કાંઈ પણ મહેનત કર્યા વગર, અંતકાળે ભગવાનનું નામ લઈને સહેલાઈથી પ્રભુના ધામમાં પહોંચી જવાના મનસૂબા ના કરતા. જીવનની છેલ્લી ક્ષણમાં પ્રભુનામના આધારે વૈકુંઠના વિમાનને ઘેર ઉતારવાની ને તેમાં ચઢી જઈને સીધા વૈકુંઠમાં જવાની આશા ના રાખતા. ભગવાનના નામમાં ને કામમાં વાલ્મિકી ને શબરીની જેમ એકાકાર બની જજો. તેમના પ્રેમમાં બને તેટલા વધારે ને વધારે ડૂબી જજો. પ્રભુના પ્રેમરસથી તન, મન ને અંતરને સારી રીતે રંગી દેજો. પ્રભુની કૃપાના ચાતક બનજો, ને પ્રેમના મહાન યોગી બની જજો. પ્રેમના પ્રભાવથી તમારૂં રોમરોમ પલટાઈ જશે. તમારા અંતરમાં અનેરો આનંદ છવાઈ જશે, ને તમારૂં મુખ પવિત્રતા ને શાંતિથી સુશોભિત બનશે. ઈશ્વરના અનન્ય ચિંતનથી તમારો નવો અવતાર થઈ જશે.

આજની પ્રજા માટે આ સંદેશ ખૂબ જરૂરી છે. આજે પુસ્તકો લાખોની સંખ્યામાં છપાતાં જાય છે, ને વાંચનારા પણ લાખોની સંખ્યામાં વધતાં જાય છે. વિજ્ઞાનની નવી શોધો થતી જાય છે, ને બહારના સુખની ઈચ્છા માણસના દિલમાં વધતી જાય છે. નવી નવી સંસ્થાઓ ને પ્રવૃત્તિઓ શરૂ થાય છે પણ માણસ હજી ખાસ આગળ વધ્યો નથી. તે તો જ્યાં હતો ત્યાંનો ત્યાં જ રહ્યો છે. દુર્ગુણ, દૈન્ય, સ્વાર્થ, ભુખમરો, વાસનાઓ ને વિકારો તેને ઘેરી વળ્યાં છે. સંસારમાં આજે બધે જ અસમાનતા દેખાય છે. ગરીબ ને તવંગર ને મોટા-નાનાના ભેદભાવ વધતા જાય છે. માણસે હજી જીવનના ધ્યેયને જાણ્યું નથી, ને તેને જાણીને સિદ્ધ કરવા માટે પુરૂષાર્થ કર્યો નથી. આ દશામાં તેને શાંતિ કેવી રીતે મળી શકે ? સંસાર પણ શાંતિમય કેવી રીતે થઈ શકે ? માણસે પોતે શાંતિ મેળવવી હોય ને સંસારને શાંતિમય કરવો હોય તો પોતાની કાયાપલટ કર્યા વિના ચાલવાનું નથી. પોતાની ભૂમિકાને બદલીને પોતાનો સુધારો કર્યા વિના ચાલવાનું નથી. પોતાની દૃષ્ટિ બદલવાની છે ને બહારના સંસારમાં રસ લેવાની સાથે સાથે પોતાની અંદરના સંસારમાં રસ લેવાનો છે. તેણે સાચા માનવ થવાનું છે, ને સાચા માનવ થઈને જીવવાનું છે. એ વિના જીવવાની શાંતિ, સિદ્ધિ કે સદ્ગતિ સંભવી શકે તેમ નથી. આ મુદ્દાની વાતને ધ્યાનમાં નહિ લે ત્યાં લગી પોતાના કે બીજાના ઉદ્ધારના બધા જ પ્રયોગો માણસને હાથે નકામાં જ જવાના, ને બધી જાતના સુધારાનું ફળ નહીં જેવું જ આવવાનું.

### [ ૮ ] યુગની ચિંતા નકામી છે.

પણ માણસો તો પોતાના બચાવને માટે યુગની વાત પણ રજૂ કરે છે. તેવા કેટલાક માણસો મારી પાસે આવે છે, ને કહે છે કે, આ યુગ જ એવો છે. તેમાં માણસનું મન મેલું જ રહેવાનું ધર્મ, નીતિ ને પ્રભુને માણસ વધારે ભાગે ભૂલી જવાનો તેમને મારે નમ્રતાપૂર્વક કહેવું પડે છે કે વાત ઠીક છે. પણ તમે ધારો તો આ યુગમાં પણ મહાન બની શકો છો. ધર્મનીતિને ભૂલેલા માણસો તો વધારે ઓછી સંખ્યામાં સંસારમાં દરેક વખત થતાં જ રહ્યાં છે. રામ ને કૃષ્ણના વખતમાં પણ રાવણ ને કુંભકર્ણ તથા કંસ, જરાસંઘ ને શિશુપાલ જેવા માણસો શું નહોતા ?

કલિયુગના નામથી બહુ ભડકવાની જરૂર નથી. કલિયુગ ગમે તેવો ખરાબ હોય તો તેનાથી ડરી જઈને હિંમત હારી જવાથી શું વળશે ? કાયરતા છોડો, હિંમત ધારણ કરો, ને ધર્મ કે નીતિમાં મન જોડો, તો

કલિયુગ તમારી પાસેથી ખસી જશે. આ ખટપટ, કંકાસ, ભેદભાવ ને કજીયાનો યુગ છે. જ્યાં જુઓ ત્યાં આ વસ્તુઓનો અડ્ડો દેખાય છે, તે વસ્તુઓને તમે દૂર કરો. ને તમારી અંદર પ્રેમ, દયા, સંપ ને સહકાર જગાવી દો, એટલે તમારા જીવનમાં સત્યયુગ પ્રકટ થશે; ને જ્યાં જશો ત્યાં સત્યયુગ તમારી સાથે સાથે આવશે. કલિયુગનો ભય પછી તમને જરા પણ નહિ રહે.

કલિયુગ વિશે એક બીજી વાત પણ જાણવા જેવી છે. શ્રીમદ્ ભાગવતમાં એક પ્રસંગ આવે છે. પરીક્ષિતને રાજગાદી આપીને પાંડવો હિમાલય જાય છે, ને ત્યાં દેહત્યાગ કરે છે. પરીક્ષિત એકવાર દિગ્વિજય કરવા નીકળે છે. રસ્તે જતાં તેને જણાય છે કે પોતાના ધર્મમય રાજ્યમાં કલિયુગે પ્રવેશ કર્યો છે. તે જાણીને તે ચિંતાતુર થાય છે, ને કલિનો નાશ કરવાની તૈયારી કરે છે. કલિ પોતાનો નાશ ના કરવાની વિનંતિ કરે છે. આખરે પરીક્ષિત રાજા તેને રાજ્યની બહાર ચાલ્યા જવાની આજ્ઞા કરે છે. કલિ ખૂબ કાલાવાલા કરે છે, ને પોતાને રહેવા દેવાની જગ્યા આપવા વિનવે છે. તેની વિનવણીથી રાજા તેને રહેવાની પાંચ જગ્યા આપે છે. તે પાંચ જગ્યા (૧) જુગાર (૨) મદ્ય (૩) સ્ત્રી (૪) કસાઈખાનું કે હિંસા ને (૫) સુવર્ણ છે. એટલે આ પાંચ વસ્તુઓથી સાવધ રહેવાની જરૂર છે. જુગાર રમવો નહિ. મદિરાપાન કે બીજી કોઈ પણ કેફી વસ્તુનું સેવન કરવું નહિ. સ્ત્રીના મોહમાં પુરૂષે ને પુરૂષના વધારે પડતા મોહમાં સ્ત્રીએ પડવું નહિ. પરપુરૂષ ને પરસ્ત્રીનો સમાગમ કરવો નહિ. હિંસા કરવી નહિ. કતલખાનાને ટેકો કે આશ્રય આપવો નહિ. ને જેમતેમ કરીને ધન મેળવવા પ્રયાસ કરવો નહિ. આ યુગમાં જો આટલું કરી શકાય તો ઘણું છે. અરે 'પરધન પત્થર જાણીયે ને પરસ્ત્રી માત સમાન'ના નિયમનું પાલન થાય તો પણ ઘણું છે. એ નિયમનું પાલન કરવાથી માણસ કલિયુગથી બચી શકશે.

આજે તો માણસ પૈસા પાછળ આંખ મીંચીને દોટ મૂકી રહ્યો છે, ને કામવાસનાથી પ્રેરાઈને કેટલાય શરમજનક કામ કરી રહ્યો છે. હિંસાના શસ્ત્રો ને સાધનો સારા પ્રમાણમાં શોધાય છે, ને સુધરેલી રીત પ્રમાણે કોઈ જાતના વિચાર વિના સામુહિક હિંસા કરવામાં આવે છે. તેમાં વધારે ભાગે અંગત સ્વાર્થ ને તૃષ્ણા વિના બીજું કોઈ જ કારણ નથી હોતું. કતલખાનાં તો આજે બધે જ ફેલાઈ ગયાં છે. ભારત જેવા ધર્મ પ્રાણ દેશમાં પણ તે પર પ્રતિબંધ મૂકવાનો કોઈ ખાસ પ્રયાસ થતો નથી. જુગાર ને મદ્યપાન પણ એક યા બીજા વેશમાં ચાલ્યા કરે છે. માણસે હિંમત ને આત્મબળ કેળવીને એ બધાં દૂષણોમાંથી છૂટવાનો પ્રયાસ કરવો જોઈએ, તો તેને આ જ જીવનમાં સત્યયુગનો આનંદ મળી શકે. જેટલા માણસો એવો પ્રયાસ કરે, તેટલા માણસો સત્યયુગમાં જીવી શકે ને સમસ્ત સંસારમાં પણ એ રીતે સત્યયુગ ઉતરી શકે. માટે યુગની ચિંતા નકામી છે. તમારો સુધારો કરો, ઈશ્વરનું શરણ લો. ઈશ્વરની કૃપાનો સ્વાદ મેળવી લો એટલે આ યુગમાં ને આ જ જીવનમાં તમારૂં જીવન સફળ થઈ જશે, ને તમને ઉત્તમ પદની પ્રાપ્તિ થશે.

### [ ૯ ] જન્મમરણમાંથી છૂટવા પ્રભુભક્તિ–એકમાત્ર ઉપાય છે.

જન્મ ને મરણના ચક્રમાંથી છૂટવું હોય, તો પ્રભુની પ્રાપ્તિ કર્યા વિના કોઈ ઉપાય નથી. દુઃખના દરિયા જેવા સંસારને તરીને સહીસલામત રીતે પાર ઉતરવું હોય તો પરમાત્માના દર્શન વિના બીજો કોઈ માર્ગ નથી. બધાં જ દુઃખ ને બંધનમાંથી મુક્ત થવા માટે પ્રભુની કૃપા મેળવ્યા વિના છુટકો નથી. જન્મ ને

મરણના ચક્રનો ભય સંસારના પ્રત્યેક પ્રાણીના માથા પર ભમ્યા કરે છે. એ ભયથી મુક્ત હોય તેવું પ્રાણી ત્રિલોકમાં પણ કોઈ નથી. સ્વર્ગના દેવો પણ તેમાં સપડાયેલા છે. જન્મને મરણનું મહાચક્ર તેમને માથે પણ ફર્યા કરે છે. સ્વર્ગના ભોગો ભલે ભારે હોય; ત્યાંનું જીવન ભલે વિલાસી ને સુખમય હોય, પણ અમરતા તો ત્યાં પણ નથી. ત્યાંના નિવાસી દેવતાઓને મૃત્યુના ગુલામ બનવું પડે છે ને ફરી જનમવું પડે છે. બ્રહ્માનું આયુષ્ય પણ કેટલું મોટું છે ! શાસ્ત્રો કહે છે કે સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપર ને કળિયુગ હજાર વાર પૂરા થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ પૂરો થાય છે. હવે વિચાર કરો કે એ હિસાબ જો સાચો હોય, તો બ્રહ્માનું એકંદર આયુષ્ય કેટલું મોટું હશે ! પણ તેવા મોટા જીવનને અંતે પણ મરણ તો નક્કી જ છે.

હિરણ્યકશિપુ કેટલો ચતુર હતો ! મરણનો ભય તેને ખૂબ ભારે હતો. તેણે ભયંકર તપ કર્યું ને ખૂબ ચતુરાઈ વાપરીને એવું વરદાન માગી લીધું કે જેથી મરવું જ ના પડે. કાયમ માટે અમર રહેવાનો ને મરણના ચક્રમાંથી છૂટવાનો તેણે જાણે કે દસ્તાવેજ કરાવી લીધો. જુઓ તો ખરા, કોઈ કુશળ વકીલની જેમ દસ્તાવેજમાં તેણે કેવી અટપટી શરતો મૂકી છે ! ભગવાન પાસે શરતો રજુ કરતાં તે કહે છે કે દિવસે ના મરું, રાતે ના મરું; ઘરમાં ના મરું, ઘરની બહાર ના મરું; માણસથી ના મરું ને પશુ કે પ્રાણીથી પણ ના મરું. કેટલા ગૌરવથી તેણે આ માંગણી રજૂ કરી છે ! પણ એ માંગણીમાં જ તેના મરણની છાયા પડેલી છે. મૃત્યુએ તેમાંથી પણ માર્ગ કર્યો, ને પ્રહ્લાદની રક્ષા માટે નૃસિંહ ભગવાનની સાથે આવી હિરણ્યકશિપુનો નાશ કર્યો. મોટા મોટા મહારથી ને વીર પુરૂષોની જ્યારે આવી દશા છે, તો પછી સાધારણ પ્રાણીઓનું તો કહેવું જ શું ?

દુર્વાસા મુનિએ સુદર્શન ચક્રના ભયમાંથી છૂટવા માટે ભગવાનનું ને ભગવાનના ભક્તનું શરણ લીધું, તેમ તમે પણ ભગવાનનું ને ભગવાનના સાચા ભક્તોનું શરણ લો. સંતોની ને ભગવાનની દયા માગો. તેમની સેવા કરો. એ વિના જન્મ ને મરણના ચક્રમાંથી છૂટવાનો બીજો કોઈ જ ઉપાય નથી. ભગવાનની કૃપા વિના આવાગમનમાંથી કોઈયે છૂટી શકે તેમ નથી. પરમાત્માની પાસે પહોંચ્યા વિના કોઈને પણ અમરપદ મળી શકે તેમ નથી, ને જન્મ ને મરણની રમતમાંથી કોઈ છૂટી શકે તેમ નથી.

### [ ૧૦ ] જન્મમરણ વિશે બે વિચારો

કેટલાક માણસો એમ પણ કહેતા જોવામાં આવે છે કે જન્મ ને મરણના ચક્રમાં ફરે છે કોણ ? આત્મા તો અજર ને અજન્મા તથા અમર છે. જન્મ ને મરણ તો શરીરના થાય છે. પછી જન્મ ને મરણનો શો ભય છે ? તેમને આપણે કહીશું કે ભાઈઓ તમારી દશા જરા નિરોગી છે. ગીતામાતાએ બીજા અધ્યાયમાં આ જ વાત કહી છે, તે તમારા ધ્યાનમાં હશે. તે વાત યાદ રાખો ને તે પ્રમાણે ચાલો તો તો સારું. પણ વખત આવતાં માણસ એ વાત ભૂલી જાય છે. ડાહ્યા પુરૂષોનો એવો અનુભવ છે.

જુઓને, જે વિદ્વાન છે, તેમને મરણનો શોક થાય છે. આત્મા મરતો નથી એ વાત તે ભૂલી જાય છે. તેમને સમજાવો તો પણ તે સમજતા નથી. આ ચલાયમાન સંસારમાંથી કોઈ સ્નેહી કે સ્વજનનું મરણ થાય ત્યારે આત્માની અમરતાની વાત ભૂલી જઈને તે શોકમાં પડે છે, ને રોકવા છતાં પણ રોતાં રોકાતાં નથી. તેમને પોતાને સંસારમાંથી વિદાય થવાથી વાત ગમતી નથી. તેનું કારણ જીવન તરફનો તેમનો પક્ષપાત કે રાગ નહિ તો બીજું શું છે ? એક કીડીને પણ પોતાના જીવનનો આટલો રાગ છે. તે જમીન પરથી જતી હોય,

ત્યારે તેને પકડવાનો પ્રયાસ કરો જોઈએ. જરાક સ્પર્શ થતાં દોડાદોડ કરી મૂકે છે. ઝડપથી નાસવા માંડે છે. જીવનનો રાગ આમ બધા જીવોમાં છે. મરણનો શોક પણ બધા જીવોને છે. આત્માની અમરતાની ફિલસૂફીને જાણી લેવા માત્રથી કે તેને ગોખવાથી તેનો રાગ ને શોક નહિ ટળે. ભૂખ્યા માણસ પાસે પકવાનની વાતો કરવાથી તેના મોંમા પાણી છૂટે, પણ તેનું પેટ ના ભરાય. પેટ ભરવા માટે તો તેણે ખાવું જ પડે. તે પ્રમાણે કેવલ વાતોથી, સમજવાથી કે બુદ્ધિથી જન્મ ને મરણમાં તટસ્થ રહેવાની શક્તિ નહિ મળે, તેવી શક્તિ માટે તો ખાવું પડશે. એટલે મહાન પુરૂષોએ બતાવેલા માર્ગે ચાલીને સાધના કરવી પડશે. મન ને અંતરને ચોખ્ખાં કરીને પરમાત્માનું શરણ લેવું પડશે ને પરમાત્માની આરાધના કરવી પડશે. છેવટે પરમાત્માનું દર્શન કરવું પડશે.

પરમાત્માની પાસે પહોંચો એટલે જીવનનો સાચો આનંદ મળી રહેશે, ને મરણ પણ મંગલમય થઈ જશે. જન્મમરણ પછી તેમને ડરાવી નહિ શકે. તે તો તમારે માટે રમત થઈ રહેશે. સંસારના રંગમંચ પર વારંવાર આવવાનું થશે તો પણ પછી તમને આનંદ જ આનંદ રહેશે.

### [ ૧૧ ] અનન્ય ભક્તિથી ભગવાન મળે છે

પણ પરમાત્માની પાસે પહોંચવું કેવી રીતે ? પરમાત્માનું દર્શન થાય કેવી રીતે ? પરમાત્માને મેળવવાનો માર્ગ કયો ? આપણે જોઈએ છીએ કે જેને જે વસ્તુની લગની લાગે છે, તેને તે વસ્તુ મળી રહે છે. તે વસ્તુના વિચાર તેને રાતદિવસ આવ્યા કરે છે. તેને માટે તે કુરબાની કરે છે, મહેનત કરે છે, ને છેવટે તે વસ્તુ મેળવીને જ જંપે છે સંસારમાં વિજ્ઞાનની જે મોટી મોટી શોધો થઈ છે તે આ જ રીતે થઈ છે. શોધ કરનારા વૈજ્ઞાનિકો પોતાની પ્રયોગશાળામાં દિવસો સુધી પૂરાઈ રહ્યા હતા; પોતાના પ્રયાસમાં ગુલતાન થઈ ગયા હતા ને શોધ કર્યા પછી જ શાંતિનો શ્વાસ લઈને બહાર નીકળ્યા હતા. ધર્મ ને તત્વજ્ઞાનનાં રહસ્યોની શોધ કરનારા સંતો ને વિચારકો પણ દિલમાં લગન લઈને એકાંતમાં રહ્યા હતા, ને વરસો સુધી મુસીબતોની વચ્ચે પણ અડગ રહ્યા હતા. નવા નવા પ્રદેશો શોધવાની લગનવાળા માણસો કેટલા બધા પ્રદેશોને ખુંદી વળે છે ! ભૂખ ને તરસ, સુખ ને દુઃખ, તાપ ને છાયાની પરવા કર્યા વિના તે પોતાનો પ્રવાસ ચાલુ જ રાખે છે. પરમાત્માનું દર્શન કરવા માટે પણ એવી લગનીની જરૂર પડે છે. પરમાત્માની પાસે પહોંચવા માટે એવી ઉત્કટ ઈચ્છા ને તલ્લીનતાની જરૂર પડે છે. પોતાનું સર્વ કાંઈ કુરબાન કરી દેવું પડે છે. તલસવું ને પ્રાર્થવું પડે છે. એ લગની, તલસાટ, તલ્લીનતા ને ઉત્કટ ઈચ્છા તથા કુરબાનીને ભક્તિ કહેવામાં આવે છે, તેને પ્રેમ પણ કહે છે. જેના દિલમાં એ પ્રેમ જાગી જાય, એ ભક્તિનો જેના દિલમાં વાસ થઈ જાય, તેને પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે. પરમાત્માની પ્રાપ્તિનો સાચો ઉપાય એમાં જ સમાયેલો છે. એ ઉપાયની અજમાયશથી આજ સુધી અનેકને પરમાત્મા મળી ગયા છે ને અનેકનાં જીવન ઉજળાં થયાં છે. પરમાત્માને ત્યાં ભેદભાવ નથી. પક્ષાપક્ષી પણ જરાય નથી. જે ઈચ્છા કરશે, તે બધા જ તેમને પામી શકશે. જેના દિલમાં ભૂખ લાગશે, ને પ્રભુને માટે જે તરસ્યા ને તપેલા થઈ જશે, તેમને પ્રભુનું દર્શન જરૂર થઈ જશે.

### [ ૧૨ ] બે જાતની ગતિ

ત્યારે જ્ઞાની કે યોગી પુરૂષે અમુક જ વખતે શરીર છોડવું એવો કોઈ નિયમ છે ખરો ? મહાભારતના પ્રસંગ જાણનાર જાણે છે કે ભીષ્મપિતામહે યોગબળથી છ મહિના સુધી શરીર સાચવી રાખ્યું હતું, ને પછી ઉત્તરાયણમાં શરીર છોડયું હતું. કેમ કે ઉત્તરાયણમાં શરીર છોડવાનો મહિમા શાસ્ત્રોએ બતાવેલો છે. આ વિશે ગીતામાતા પણ બે માર્ગ બતાવે છે અથવા કહો કે બે પ્રકારની ગતિનું વર્ણન કરે છે. એક તો શુકલ ગતિ ને બીજી કૃષ્ણ ગતિ. ગીતામાતા કહે છે કે જે જ્ઞાની પુરૂષો અગ્નિ હોય, જ્યોતિ હોય, દિવસ હોય, શુકલપક્ષ હોય ને ઉત્તરાયણ હોય ત્યારે શરીર છોડે છે, તે પરમાત્માની પાસે પહોંચી જાય છે ને ધુમાડો, રાત્રી, કૃષ્ણપક્ષ ને દક્ષિણાયનના છ મહિના હોય ત્યારે જે યોગી શરીર છોડે છે, તે ચંદ્રલોકને પામે છે ને ફરી જન્મે છે. આ બે ગતિ સનાતન જેવી મનાયેલી છે. તેમાંથી એક ગતિ ફરીવાર જન્મ અપાવે છે, ને બીજી ગતિ મુક્તિ આપે છે.

જુદા જુદા વિચારકોએ આ ગતિ વિશે જુદા જુદા વિચારો રજુ કર્યા છે એટલે આ ગતિ વિશે ચોક્કસ સમજવા માગતા માણસને જરા મૂંઝવણ થાય છે. જો બંને ગતિમાં કહેલા શબ્દોને સાચા માની લઈએ તો કેટલાક પ્રશ્નો ઊઠે છે. એવા કેટલાક સાધારણ માણસો કે સાધકો થઈ ગયા છે જે દિવસે, શુકલ પક્ષ ને ઉત્તરાયણમાં શરીર છોડી ગયા છે. તો શું તેટલા જ પરથી તેમની મુક્તિ થઈ ગઈ એમ માની લેવું ? કેટલાક મહાન જ્ઞાની, યોગી ને ઈશ્વરદર્શી પુરૂષો દક્ષિણાયનમાં, કૃષ્ણપક્ષમાં ને રાતે શરીર છોડી ગયા છે. તો શું તેમનો ફરી જન્મ થશે એમ સમજવું ? ભારતમાં થયેલ છેલ્લા કેટલાક મહાપુરૂષોનો વિચાર કરો તો વાત વધારે ચોક્ખી થશે. આપણે જે મહાપુરૂષોની વાત કરીએ છીએ તે એકલા ભારતના નહિ, પણ સારા સંસારના મહાન પુરૂષો છે. તેમની મહાનતા વિશે સૌ કોઈ એકમત છે. શ્રી રમણ મહર્ષિ, દયાનંદ સરસ્વતી, શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ ને સિદ્ધ પુરૂષ શ્રી સાંઈબાબા. આ ચાર જ મહાપુરૂષોનો વિચાર કરો. રમણ મહર્ષિનું શરીર ૧૪મી એપ્રિલે છૂટ્યું, ને રાતના ૮–૪૦ વાગે. મહર્ષિ દયાનંદે દિવાળીની રાતે શરીર છોડી દીધું. રામકૃષ્ણદેવે ચોમાસામાં ૧૫મી ઓગસ્ટે ને રાતે એક વાગે લગભગ શરીરનો ત્યાગ કર્યો. ને સાંઈબાબાએ દશેરાને દિવસે શરીર છોડ્યું. તો શું એ બધા સમર્થ પુરૂષો ન હતા ? તે તો જીવતાં જ મુક્ત થઈ ચૂક્યા હતા, ને ઈશ્વર સાથે એકાકાર થયા હતા તો શું દક્ષિણાયનમાં રાતે શરીર છોડવાથી તેમની ઈશ્વર સાથેની એકતામાં કે મુક્તિમાં બાધ આવશે ખરો ?

મને તો તેવું નથી લાગતું. હું તો એમ માનું છું કે તેવા જ્ઞાની ને યોગી પુરૂષોને જીવતાં જ ગતિ મળેલી છે. મરણ પછીની કોઈ બીજી ગતિને માટે તેમણે અમુક પક્ષ કે સમયમાં શરીર છોડવાની જરૂર નથી. તેમનું શરીર ગમે તે કાળે પડે તેમાં કાંઈ જ હરકત નથી. સાધારણ સાધકોએ પણ શરીર છોડવાના કાળની ચિંતામાં પડવાની જરૂર નથી. તેમણે તો પોતાની સાધનાની ચિંતા કરવાની છે. આખા જીવનને પવિત્ર ને પ્રભુપરાયણ કરવાની કોશિષ કરવાની છે. આખા જીવનમાં જે પવિત્ર સંસ્કાર છે તે કોઈ અમુક પક્ષ કે કાળમાં શરીર પડે તો મરી કેવી રીતે જાય ? સંસ્કાર કાંઈ એવા છીછરા નથી.

ગીતામાતાનો આ જ ઉપદેશ છે. બે જાતની ગતિનું વર્ણન કર્યા પછી તે તરત કહે છે કે આ તો ફક્ત શ્રુતિ છે. ગીતાકારના શબ્દપ્રયોગ પર બરાબર ધ્યાન આપો. તે કહેવા માંગે છે કે આ કાંઈ શ્રુતિ એટલે વેદની વાત નથી. બે જાતની ગતિની વાતને ગીતા જો વેદવચન કે વેદની આજ્ઞા માનીને સ્વીકારવા કહેતી હોત તો તે માટે શ્રુતિ શબ્દનો પ્રયોગ કરત. પણ આ વેદનો મત છે એમ કહેવાનું ગીતામાતાનું નથી. તો

પછી શું તે સ્મૃતિનો મત કે સ્મૃતિવચન છે ? શ્રુતિ પછી સ્મૃતિનું સ્થાન મહત્વનું છે. ગીતા કહે છે કે ના, બે જાતની ગતિ સ્મૃતિના આધાર પર જ નક્કી થયેલી છે એમ કહેવાનો પણ ઈરાદો નથી. શ્રુતિ કે સ્મૃતિના બલ પર આ ગતિની પ્રામાણિકતા બતાવવાનો મારા વિચાર નથી. એટલે ગીતામાતાએ સ્મૃતિ શબ્દ પણ નથી વાપર્યો. તેણે તો શ્રુતિ નામનો ત્રીજો જ પ્રયોગ કર્યો છે. એટલે તે કહેવા માગે છે કે આ એક વિચારસરણી છે. પરંપરાથી ચાલી આવેલી લોકોની માન્યતા છે.

### [ ૧૩ ] બધા જ સમયે યોગમુક્ત થવાની જરૂર

ત્યારે શું ભગવાનનો આ વિશે કશો જ ચોક્કસ અભિપ્રાય નથી ? આપણે કહીશું કે છે, જરૂર છે. ભગવાન પોતાનો ખાસ અભિપ્રાય આપતા કહે છે કે હે અર્જુન, આ બે જાતની ગતિની વિચારસરણીને જાણનાર યોગી કે મહાપુરૂષ કોઈ વાર મોહમાં પડતો નથી, તેને ભ્રમ થતો નથી. માટે હે અર્જુન, તું બધા જ કાળમાં યોગમુક્ત થઈ જા, યોગી થઈ જા. જોયું ? ભગવાનના કથનનો ભાવાર્થ એવો છે કે સાધક કે મહાપુરૂષે બે જાતની ગતિની વાત સાંભળીને મોહમાં પડવાનું નથી. અમુક જ સમયે શરીર છોડવા માટે તેણે આગ્રહ રાખવાનો નથી. તેણે તો યોગી થઈ જવાનું છે. ઈશ્વર સાથે યોગ કરવાનો છે. પછી ગમે તે વખતે શરીર પડે તો પણ તેને હરકત નહિ આવે.

સ્ટેશન પર બેઠેલા માણસો શું કરે છે ? એન્જિન દેખાતાં તે ઊભા થઈ જાય છે, ને સામાન સંભાળવા માંડે છે. પછી ગાડી આવતાં જ્યાં જગ્યા મળે ત્યાં બેસી જાય છે. જીવનના પ્રવાસનું પણ એવું જ છે. શરીરનો છેલ્લો સમય ક્યારે આવશે તેની કોને ખબર છે ? જે જ્ઞાની ને યોગી છે તેણે તો પ્રત્યેક પળે તૈયાર રહેવાનું છે. સાધારણ માણસે પણ આભાસ છોડીને પરમાત્મા સાથે યોગ સાધી લેવાનો છે. પછી શરીર ભલે ને ગમે ત્યારે પડે ! રાતે જ નહિ પણ મધરાતે પડે તો પણ શું ? કૃષ્ણપક્ષ ને ઉત્તરાયણ કે દક્ષિણાયાનમાં પડે તો પણ શું ? પરમાત્મા સાથે એકતા સાધીને જે જીવતાં જ ઉત્તમ પદની પ્રાપ્તિ કરી ચૂક્યો છે તેને શરીર છોડ્યા પછી બીજા કયા પદની પ્રાપ્તિ કરવાની છે કે તેણે વળી શરીર છોડવા માટે મુહૂર્ત જોવું પડે ને અમુક જ કાળની રાહ જોવી પડે ?

એટલે સાચા સાધકે કાળની ચિંતા કરવાની જરૂર નથી. તેણે તો વહેલામાં વહેલી તકે ઈશ્વરનું દર્શન જ કરી લેવું. તેની બધી જ ચિંતા મટી જશે. મારી સમજ પ્રમાણે સંસારમાં બે જ જાતની ગતિ છે. ઈશ્વરને પામેલા માણસોની ગતિ ને બીજી ઈશ્વરને ના પામેલાની ગતિ. જે ઈશ્વરને મેળવી ચૂક્યા છે તે તો ખરેખર મુક્ત ને કૃતાર્થ થયા છે ને જે ઈશ્વરથી દૂર છે, વાસના ને વિકારના દાસ છે, તે જન્મમરણમાં ફરવાવાળા જ છે. તે ચાહશે તો પણ તેમાંથી તેમને મુક્તિ નહિ મળી શકે. ભલે ને તે દિવસે શુકલ પક્ષમાં કે ઉત્તરાયણમાં શરીર છોડે. તેથી તે પરમાત્માની પ્રાપ્તિ નહિ કરી શકે. માણસની યોગ્યતા પરથી જ તેની ગતિ નક્કી થઈ શકે છે.

☼ ☼ ☼

# અધ્યાય નવમો : રાજવિદ્યારાજગુહ્યયોગ

૧) સત્સંગની જરૂર
૨) જ્ઞાનનો પ્રભાવ
૩) રાજવિદ્યા રાજગુહ્યયોગનું નામ
૪) પ્રભુશરણની શક્તિ
૫) કર્મ કરતાં નિર્લેપ રહેવાની જરૂર
૬) ભક્તે ઉદાર થવું જોઈએ
૭) સ્વભાવનો સુધાર
૮) જગત વિકારી કેમ છે ?
૯) મહાપુરૂષો સદા ભગવાનને ભજે છે
૧૦) ભગવાન ભક્તોનો યોગક્ષેમ ચલાવે છે
૧૧) હિમાલયના એક મહાત્માની વાત
૧૨) ભક્તોને ભગવાન પોતાનો મેળાપ કરાવે છે
૧૩) સમર્થ સંતો પણ ભક્તોને મદદ કરે છે
૧૪) ભગવાનની કૃપા
૧૫) જીવનનું મંગલ
૧૬) સ્વર્ગ કરતાં પૃથ્વી ઉત્તમ છે
૧૭) સ્વર્ગ વિશે વિચાર
૧૮) બધું ભગવાનને અર્પણ કરો
૧૯) ભગવાન પક્ષપાતી નથી
૨૦) ભગવાનનું મંદિર સૌને માટે ખુલ્લું છે
૨૧) જીવનને ભગવાનમય કરી દો

**[ ૧ ] સત્સંગની જરૂર**

છેલ્લા અધ્યાયમાં ભગવાને અર્જુનને અને આપણને યોગી થવા આદેશ આપ્યો. પણ સંસારના અટપટા વાતાવરણમાં રહીને યોગી થવાનું કામ શું સહેલું છે ? સંતપુરૂષો કહે છે કે સહેલું જરાય નથી. પણ જો માણસ ધારે તો સાવધ રહીને તેને સહેલું કરી શકે છે. લાંબા વખતના એકધારા અભ્યાસથી ગમે તેવું કઠિન કામ પણ સહેલું બની શકે છે. જુઓને, નદીના પ્રખર વેગે વહી જતા પાણીમાં આ માણસો તરવા પડ્યા છે તે કેવા સહેલાઈથી તરી રહ્યા છે ? આપણને કહેવામાં આવે તો આપણે શું એટલી સહેલાઈથી તરી શકીશું ? આપણામાં જે તરવાની કળા જાણતા હશે તે તો તરી શકશે પણ બીજાને જરૂર મુશ્કેલી પડશે. નદીમાં તરનારા આ બધા માણસો પણ શું આજે ને આજે જ તરતાં શીખી ગયા છે ? આજ સુધી તેમને કેટલીય મહેનત કરવી પડી હશે, કેટલાય પ્રયોગ કરવા પડ્યા હશે, કેટલીકવાર નાસીપાસ પણ થવું પડ્યું હશે. ત્યારે આખરે તે તરવામાં પાવરધા થયા હશે. તે પ્રમાણે આપણે પણ શીખીએ ને પ્રયોગ કરીએ તો એક દિવસ સફળ તરનારા થઈ જઈએ. સંસારના વિરાટ સાગરને તરનારા યોગી થવા માટે પણ કેટલીક સતત તાલીમ લેવાની જરૂર પડે છે. સંસારના અટપટા વાતાવરણમાં રહીને જો તાલીમ લઈએ તો પ્રભુના પ્યારા યોગી જરૂર થઈ શકીએ.

આવી તાલીમમાં સત્સંગ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. સારા ગ્રંથો ને પુરૂષોનો સંગ જીવનને પલટાવી દેવામાં ને પ્રાણમય બનાવવામાં અજબ મદદ કરે છે. આપણે ત્યાં એક વાત જાણીતી છે. કહે છે કે જંગલમાં સાપ ને નોળિયાની લડાઈ થાય છે. લડતાં લડતાં નોળિયાને ઝેર ચઢે છે, ત્યારે તે જંગલમાં દોડી જાય છે, ને નોળવેલ સુંઘી લે છે. તેથી તેનું ઝેર ઉતરી જાય છે, ને સાપ સાથે લડવા તે ફરી પાછો તૈયાર થાય છે. વળી લડાઈ થાય છે ને ઝેર ચઢતાં વળી તે નોળવેલ સુંઘી લાવે છે. છેવટે સાપને મારી નાખીને તે ઝંપે છે. સંસારના અટપટા વાતાવરણમાં ને વ્યવહારમા પડેલા માણસોને માટે સત્સંગ નોળવેલની ગરજ સારે છે. સારા ગ્રંથ ને સંતના સમાગમથી તેમને ચઢેલું ઝેર ઓછું થઈ જાય છે ને તેમને સ્થિરતા ને શાંતિ તથા નવજીવનની પ્રાપ્તિ થાય છે. સારા સ્થળોનો સંગ પણ એવું જ ઉત્તમ પરિણામ લાવે છે. યોગી થવાની તાલીમ આપવામાં સત્સંગ બહુ મહત્વનો ભાગ ભજવે છે. તેથી તો આપણે ત્યાં સત્સંગનો મહિમા આટલા બધા પ્રબળ પ્રમાણમાં ગાવામાં આવ્યો છે. સત્સંગ તો સંજીવની બુટી છે. જડ જેવો માણસ પણ તેથી ચેતન મેળવે છે, ને શક્તિશાળી બને છે. સદ્‌ગુણી માણસોને માટે તો તે પરમ હિતકારક સાબિત થાય છે. પણ જે દુર્ગુણવાળા, કુકર્મી ને પાપી છે. તેમને માટે પણ તે રસાયન થઈ જાય છે. તેમને પણ તે નવો અવતાર આપે છે.

મહાપુરૂષોનો પ્રભાવ અજબ હોય છે. માણસના હૃદયને પલટાવી નાંખવામાં તે સફળ થાય છે. આપણે પણ મહાપુરૂષોનો સંગ કરવાની જરૂર છે. તેમના સમાગમમાં આનંદ લેતા થવાની જરૂર છે. તો આપણું જીવન પણ પલટાઈ જાય. તેમની આજ્ઞા પ્રમાણે ચાલવાથી આપણને પણ લાભ થાય અને આપણો નવો અવતાર થાય. તેમની કૃપાથી આપણે પ્રભુના પ્યારા યોગી બનીને સંસારના સાગરને સહેલાઈથી તરી શકીએ.

**[ ૨ ] જ્ઞાનનો પ્રભાવ**

નવમા અધ્યાયની શરૂઆતમાં ભગવાન કહે છે કે હે અર્જુન, હવે હું તને છૂપામાં છૂપું જ્ઞાન કહી રહ્યો છું. તે જ્ઞાન કેવલ સૂકું નથી પણ અનુભવ સાથે મળી ગયેલું છે. તે જ્ઞાનને અનુભવની મહોર વાગી છે. તેને જાણવાથી શું પરિણામ આવશે ? ભગવાન કહે છે કે તેને જાણી લેવાથી અશુભ વસ્તુથી છૂટાશે. ભગવાનના આ શબ્દો ઘણાં મહત્વના છે. તેમાંથી બે પ્રકારનો સંદેશ મળી રહે છે. પહેલો સંદેશ એ છે કે એકલા પુસ્તકિયા જ્ઞાનથી શાંતિ મળતી નથી. મગજમાં ઘણી માહિતી ભેગી કરવાથી કોઈ ખાસ હેતુ સરી શકતો નથી. જે માહિતી મેળવી છે તે જીવનમાં ભળી જવી જોઈએ. જ્ઞાન પચીને જીવનમાં ઉતરી જવું જોઈએ. તો જ શાંતિ મળી શકે ને જીવન ધન્ય બની શકે.

બીજો સંદેશ એ છે કે જ્ઞાન અશુભ વસ્તુથી છોડાવે છે. અશુભ વસ્તુ એટલે દુર્ગુણ, કામ, ક્રોધ, અહંકાર જેવી દુષ્ટ વૃત્તિઓ ને બુરાં કર્મો તથા તે સૌના સરદાર તરીકે કામ કરનારું અજ્ઞાન. જેને જ્ઞાન મળે છે તેની અંદરથી એ બધી વસ્તુઓ દૂર થાય છે. જ્ઞાનનો મહિમા એવો ભારે છે. જ્ઞાનને કેટલીકવાર પ્રકાશરૂપ કહેવામાં આવે છે તે સાચું છે. પ્રકાશની શક્તિ તો તમે જાણો છો. તે જ્યાં પથરાય છે ત્યાંથી અંધારૂં નાસી જાય છે.

આ ઓરડો અત્યારે બંધ છે ઘરની રચના જૂના વખતની છે. એટલે કોઈ બારીની સગવડ પણ નથી. ફક્ત એક બારણું છે પણ તેની બેત્રણ મોટી ફાટમાં થઈને ઓરડામાં સૂર્યના કિરણ આવે છે. એટલે ઓરડામાં અજવાળું થઈ જાય છે. દિવાલ પર જે સંતપુરૂષોના ફોટા છે તે પણ ખૂબ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. ને ઓરડો બંધ છે છતાં આ લખવાનું કામ ચાલે છે. બેચાર ફાટમાંથી આવતા કિરણોનો મહિમા આવો અગાધ છે તો પછી સૂર્યનાં બધાં કિરણોનો પ્રતાપ કેટલો ભારે હશે ? જ્ઞાનનો પ્રતાપ એથી પણ ભારે છે, કેમ કે સૂર્યનો પ્રકાશ તો બહારની વસ્તુઓને જ અજવાળે છે. પણ જ્ઞાનનું અજવાળું માણસની અંદર ને બહાર બંને તરફ પડે છે. જ્ઞાનને લીધે અંદરની ને બહારની બંને દુનિયા પ્રકાશિત બને છે. માણસનું મન પવિત્ર થાય છે, ને મનનો મેલ દૂર થાય છે. જ્ઞાનનો પ્રકાશ પડે પછી અજ્ઞાનરૂપી અંધકાર રહે જ ક્યાં ? અશુભ ને અસત્ય વસ્તુમાંથી માણસને છૂટો કરવો એ જ્ઞાનનું રોજિંદુ કામ છે. આટલી વાત સમજ્યા કે નહિ ? જો ના સમજ્યા હો તો ફરી ફરી વિચાર કરીને સમજી લો. જો આટલી વાત સમજ્યા હશો તો સહેલાઈથી સમજી જશો કે જે જૂઠનો આધાર લેતો હોય, ને જૂઠમાં રમતો હોય તેને જ્ઞાની કહેવાય નહિ. જેનામાં દુર્ગુણ, દુષ્ટ વૃત્તિ, વાસના ને વિષયસુખની લાલસા હોય, તેને જ્ઞાન મળ્યું છે એમ કહી શકાય નહિ. જેનામાં અહંકાર, મોહ ને રાગદ્વેષ હોય, તેને જ્ઞાની કહેવાય નહિ. ને જે પરમાત્માથી વિમુખ હોય, તેને પણ જ્ઞાનીનું ઉત્તમ બિરુદ આપી શકાય નહિ. જે જ્ઞાનના ગ્રંથો વાંચે, ઉપદેશ આપે, પણ અંતરમાં વિષયોને ભજે ને માનવતાને શરમાવનારાં કામ કરે તે સાચો જ્ઞાની નથી. સાચો જ્ઞાની ભલેને ઉપદેશ ના આપે કે ગ્રંથ વાંચે કે લખી ના શકે, તો પણ હૃદયની નિર્મલતાને લીધે તથા પરમ સત્યસ્વરૂપ પરમાત્માને ઓળખવાને લીધે તેની મહત્તા વધે છે. આનો અર્થ એ થયો કે જેનું આચરણ ઊંચું છે તે પુરૂષ જ્ઞાની છે, ને સદાય વંદનીય છે. તે મહાપુરૂષ કે દેવતા છે. તેના ચરણોમાં પ્રણામ કરવા આપણે સદાય તૈયાર રહેવું જોઈએ. આપણા તેને પ્રણામ છે.

જે વાત અર્જુનને તે આપણને પણ લાગુ પડે છે. ભગવાને આપેલા જ્ઞાનનો લાભ લઈને આપણે પવિત્ર થવાનું છે. ચારિત્ર્યના ચોખ્ખા થવાનું છે, ને જે ખોટું છે તેનો ત્યાગ કરી સાચાને ભજવાનું છે, તે વિના જ્ઞાન મેળવવાનું આપણું કામ અધૂરૂં રહેશે. બૂરા વિચાર તો આપણી પાસે ફરકી પણ ના શકે એવી શક્તિ મેળવવાની છે.

**[ ૩ ] રાજવિદ્યા રાજગુહ્યયોગનું નામ**

ગામમાં બધા કૂવા કાંઈ ખારા નથી હોતા. મીઠા કૂવા પણ કેટલાય હોય છે. પણ કોઈ કોઈ કૂવાનું પાણી તો ખૂબ મીઠું હોય છે. મીઠું મધ જેવું જ સમજી લો. પાણીના રસિયાં માણસો બીજા કૂવા છોડીને ત્યાં પાણી ભરવા દોડી જાય છે. આ ગામની વાત જ એવી છે ને ! આ ગામમાં વાવ છે. તેનું પાણી મીઠું છે પણ લોકોને વાળા નીકળ્યા છે. એટલે તેનું પાણી પીવાનું બંધ કર્યું છે. સારા પાણીના બીજા કૂવા છે પણ વધારે લોકો તો પેલા મીઠા કૂવે જ દોડી જાય છે. કારણ કે મીઠા કૂવાનું પાણી પણ સારું ને પાચક છે. ગીતાનો સ્વાદ પણ એવો મીઠો છે. બીજા શાસ્ત્રો સારાં છે પણ ગીતા તો મીઠા કૂવાની ગરજ સારે છે. અજ્ઞાનનું અજીર્ણ થયું હોય તેવા માણસો તેનો સ્વાદ લઈને તંદુરસ્ત બને છે, ને જે તંદુરસ્ત હોય તે વધારે શક્તિ મેળવે છે. પણ ગીતાના તો અઢાર અધ્યાય. જાણે અઢાર કૂવા જ સમજી લો. તેમાં નવમા અધ્યાયને અંતે એવું તો મીઠું ઝરણ પ્રકટે છે કે જેનો સ્વાદ આપણા અંતરમાં કાયમને માટે રહી જાય. સમુદ્રમંથનમાંથી જેવું અમૃત નીકળ્યું હતું, તેથી પણ વધારે શક્તિશાળી અમૃત આ અધ્યાયને અંતે નીકળે છે. એનો અર્થ એમ નથી કે ગીતામાં બીજે ક્યાંય એવું અમૃત નથી. અમૃતના છાંટા તો ગીતામાં ઠેરઠેર વેરાયેલા પડ્યા છે. તેમાંના કોઈયે છાંટાથી માણસ અમૃતમય થઈ જાય છે, ને ધારેલો હેતુ સરી રહે છે, પણ આ અધ્યાયને અંતે જે અમૃત વેરાયું છે તે તો બધા અમૃતના અર્ક જેવું છે. તેનું પાન કરવાથી માણસ કૃતાર્થ થાય છે. એ અમૃત કયું છે તેનો વિચાર તો આપણે પાછળથી કરીશું. હાલ તો એટલું જ કહીશું કે ભગવાન જે ગુહ્ય જ્ઞાન આપવા માગે છે, તેનો સાર એમાં સારી પેઠે સમાઈ ગયો છે. તેથી જ આ અધ્યાયને રાજવિદ્યા રાજગુહ્યયોગનું નામ આપવામાં આવ્યું છે.

**[ ૪ ] પ્રભુશરણની શક્તિ**

આ ગુહ્ય જ્ઞાનમાં મુખ્ય સાર વસ્તુ એ છે કે માણસે પ્રભુપરાયણ થઈ જવું. પ્રભુના નામસ્મરણ, ગુણગાન ને ચિંતનમાં તેણે મશગુલ બનવું ને પ્રભુનુ ધ્યાન ધરવું. જો આટલું થાય તો માણસ સુખી બની શકે. પ્રભુનું શરણ લેવાથી તેને પ્રભુકૃપા મળે ને પ્રભુની કૃપાનો અનુભવ કરીને તેનું જીવન ધન્ય બને. જે માણસોને આ વાતમાં શ્રદ્ધા નથી, તે પ્રભુની પ્રાપ્તિ કરી શકતાં નથી.

પ્રભુના મંદિરના બારણાં સૌને માટે ઉઘાડાં છે. જે ધારે તે તેમાં પ્રવેશ કરી શકે છે, ને પ્રભુની કૃપાનો લાભ લઈ શકે છે. પ્રભુની કૃપા મેળવીને તેનું જીવન ધન્ય બની જાય છે. નાતજાતના ભેદ વિના કોઈયે માણસને માટે આ વાત સાચી છે. પ્રભુની કૃપાના એકાદ કિરણની પણ જેને પ્રાપ્તિ થાય છે, તેનું મન સંસારના રસમાં લાગતું નથી. ચૈતન્ય મહાપ્રભુના શિષ્ય શ્રી હરિદાસજીને ભગવાનની લગની લાગી હતી.

ભગવાનના નામના ત્રણ લાખ જપ કરવાનો તેમનો રોજનો નિયમ હતો. એકવાર કેટલાક માણસોએ એક વેશ્યાને તેમને મોહમાં નાખવા મોકલી. વેશ્યાએ હરિદાસજીને પ્રણામ કર્યા ને તેમની પાસે બેઠી. હરિદાસજી તો ભગવાનના પરમ પ્રેમી. સવારના વહેલા જપમાં બેસે તે નક્કી જપ કરતાં કરતાં દિવસ પૂરો થઈ જવા આવે. વેશ્યા તો રાહ જોઈને થાકીને ત્યાંથી વિદાય થઈ. બીજે દિવસે પણ આવીને તે બેઠી પણ હરિદાસજીની તો એ જ દશા. વેશ્યા સામે જોવાનો પણ વખત નહિ, તો વેશ્યાના મોહમાં તો તે ક્યાંથી પડે ? પૂરા ત્રણ દિવસ થઈ ગયા પણ પ્રભુના સ્મરણમાં મસ્ત બનેલા હરિદાસજીને વેશ્યાની સાથે વાત કરવાનો પણ વખત ના મળ્યો. વેશ્યાને ભારે અજાયબી લાગી. તેનું દિલ પલટાઈ ગયું. ગદ્ગદ્ સ્વરે તેણે હરિદાસજીને પૂછ્યું કે હું તમારી પાસે આટલા બધા વખતથી બેઠી છું, છતાં તમે મારી તરફ જોતા પણ નથી. તેનું શું કારણ ? હરિદાસજીએ જવાબ આપ્યો કે પ્રભુના સ્મરણમાં એવો રસ છે. તેની પાસે બીજા કોઈએ રસની રૂચિ રહેતી નથી. એ વચનોના પ્રભાવથી ને સંત હરિદાસજીના સત્સંગથી વેશ્યાનો નવો અવતાર થયો. તેને પોતાના જીવન પર ધૃણા થઈ. પછી તો તેણે હરિદાસજીને ગુરૂ કર્યા. તેમની પાસેથી પ્રભુના નામની દીક્ષા લીધી ને પ્રભુસ્મરણમાં પોતાનો સમય પસાર કરવાનું શરૂ કર્યું. ભક્તોમાં તે હરિદાસીના નામથી જાણીતી થઈ. પ્રભુની કૃપાથી તે પણ મહાન બની ગઈ.

**[ ૫ ] કર્મ કરતાં નિર્લેપ રહેવાની જરૂર**

ભગવાન કહે છે કે આ સંપૂર્ણ જગત મારાથી વ્યાપ્ત છે. જગતમાં બધે જ હું રહેલો છું. જે જ્ઞાની છે તે ભગવાનના આ શબ્દોનો અનુભવ કરે છે. જગતમાં તે બધે જ ભગવાનનું દર્શન કરે છે. તે જાણે છે કે જડ ને ચેતન બધે એક ભગવાન રહેલા છે. ભગવાન જગતની રચના કરે છે, છતાં સંસારનું કર્મ તેમને બાંધી શકતું નથી. કેમ કે તેમની અંદર કોઈ જાતનો અહંભાવ હોતો નથી. સંસારનું કર્મ તે સહજ ભાવે કરે છે. વળી મમતાથી રહિત થઈને કરે છે. જ્ઞાની પુરૂષે પણ એ રીતે સહજ ભાવે ને મમતાથી રહિત થઈને કર્મ કરવાનું છે. તો તે સંસારમાં લેપાઈ ના શકે. સાધારણ માણસો કર્મ કરે છે, પણ કર્મની અસરથી રંગાયા વિના રહી શકતા નથી. સારા કે નરસા કર્મની અસર તેમના પર જરૂર થાય છે. કર્મ પ્રમાણે તેમના મનનો રંગ બદલાયા કરે છે. આ વસ્તુ ઠીક નથી. ખૂબ સાવધ રહીને માણસે તેનો અંત લાવવો જોઈએ. કર્મ કરો પણ કર્મની સારી કે નરસી અસરથી દૂર રહો.

પહેલાના વખતમાં યુદ્ધો કેવાં થતાં તે ખબર છે ? યુદ્ધ વસ્તુ ખૂબ ભયંકર છે. તેનો આશ્રય લેનાર માણસ ભલે થોડા વખત માટે, પણ ભયંકર બની જાય છે. છતાં પહેલાંના વખતમાં સાંજના વખતે જ્યારે લડાઈ બંધ પડતી, ત્યારે યોદ્ધાઓ પરસ્પર ભેગા મળતા, ને વિરાધી પક્ષોની છાવણીમાં જઈને ઘવાયેલાની સારવાર કરતા. કેટલી ઉદારતા ! માણસે એવી ઉદારતા કેળવવાની જરૂર છે. અત્યારે તો કોઈ સાધારણ વાતમાં મતભેદ પડે કે બોલચાલ થાય તો માણસો ગુસ્સે થઈ જાય છે, ને અબોલા લઈ લે છે. મતભેદ પડવાના કે બોલચાલ થવાના સાધારણ કામની કેટલી બધી ભારે અસર થાય છે ! આ વસ્તુ બરાબર નથી. માણસે સાગર જેવા ગંભીર ને ગહન બનવું જોઈએ. જેમ સાગરની અંદર મીઠા, ખારાં ને ખાટાં સર્વ પ્રકારનાં પાણી સમાઈ જાય છે, તેમ મીઠાં ને કડવા બધા અનુભવોને તેણે પોતાની અંદર સમાવી લેવા જોઈએ.

તેનાથી તેની માનસિક શાંતિનો ભંગ થવો ના જોઈએ. જુદાં જુદાં કર્મોની અસર નીચે આવ્યા છતાં તેણે ભાન ભૂલવું ના જોઈએ. વિવેકને કાયમને માટે તાજો રાખીને તેણે બધાં કર્મ કરવા જોઈએ.

એવી રીતે કર્મ કરવાની જરૂર છે. શું તમે એવી રીતે કર્મ કરો છો ? શું કર્મનું પરીણામ ધાર્યા પ્રમાણે ને સારું આવે તો તમે અહંકારમાં આવી જાવ છો કે કુલાઈને ભાન ભૂલી જાવ છો ? કર્મ કરો. પણ તેમાં જો ઈચ્છા પ્રમાણે સફળતા ના મળે તો શું તમને દુઃખ થાય છે ? ને એટલી હદ સુધી દુઃખ થાય છે કે છેવટે કર્મ કરવાનો વિચાર જ છોડી દો ? શું બધામાં એક પ્રભુ રહેલા છે એ વાત યાદ રાખીને તમે કર્મ કરો છો ? શું તમારી આંખમાં રાગ અને દ્વેષ ભરેલા છે ? કોઈને શત્રુ ને કોઈને મિત્ર તથા કોઈને પોતાના ને પરાયા માનીને તમે વ્યવહાર કરો છો ? આ બધા પ્રશ્નોના ઉત્તર જો હા માં આવતા હોય, તો નક્કી સમજજો કે તમારી કર્મ કરવાની પદ્ધતિમાં મોટો દોષ રહેલો છે, ને તે દૂર થયા વિના તમને કર્મનો આનંદ નહિ મળી શકે. કમલ જેમ કાદવમાં રહ્યા છતાં પણ નિર્મલ રહે છે, ને તલવારને ઢાલમાં રાખ્યા છતાં પણ તે ઢાલથી તદ્દન અલિપ્ત રહે છે, તેમ વ્યવહારમાં રહીને નિર્મલ ને અલિપ્ત રહેવા માટે કર્મની કળાને જાણી લેવાની જરૂર છે. કર્મની કળાને જાણી લો પછી કર્મ કરો તો જરા પણ હરકત ના આવે. કર્મ કર્યા વિના સંસારમાં કોઈને પણ ચાલતું નથી. કર્મ તો કરવાનું જ છે તો પછી ઉત્તમ કામો કેમ ના કરવા કે જે આપણો ઉદ્ધાર કરે ? આપણામાંના બધા જ પોતાનો ઉદ્ધાર ઈચ્છે છે. કોઈ પોતાના પતનની ઈચ્છા કરતું નથી. ભગવાને કર્મ વિષે જે ગુહ્યજ્ઞાન આપ્યું છે, તે જાણવાની જરૂર એટલા માટે જ છે.

**[ ૬ ] ભક્તે ઉદાર થવું જોઈએ**

કેટલાક માણસો એવા હોય છે કે સાકાર રૂપમાં કોઈ કામના પૂરી કરવા માટે ઈશ્વરની ઉપાસના કરે છે. તે સંકુચિત હૃદયના ને કટ્ટર હોય છે, એટલે ઈશ્વરના જે રૂપને માને છે તેને જ સૌથી શ્રેષ્ઠ ગણે છે. આટલાથી અટકતા હોત તો તો સારું, પણ વધારામાં ઈશ્વરનું દર્શન કરતા નથી. આવા માણસોને જ્ઞાની કે વિવેકી ના કહી શકાય, પોતાને ગમે તે ઈશ્વરના રૂપને માનવાની ને ભજવાની સૌને છૂટ છે પણ બીજાના રૂપને સાધારણ કે હલકું સમજવાની છૂટ કોઈને પણ ના હોઈ શકે. ધારો કે કોઈ રામને માને છે અથવા તો ઈશ્વરનું રામરૂપ તેને વધારે ગમે છે, તો તે રામને ભલે માને ને ભજે. પણ કૃષ્ણ, શંકર, માતા, ક્રાઈસ્ટ, મહમ્મદ કે બુદ્ધને તેણે સાધારણ કે હલકા માનવા ના જોઈએ. તેણે તો તેમને પણ પ્રિય સમજવા જોઈએ, તેમના ભક્તોને પણ તેણે માનની નજરે જોવા જોઈએ. તેને બદલે જો તે તેમની ટીકા, ઉપેક્ષા કે નિંદા કરવા માંડે, તો તે અવિવેકી છે એમ જ સમજી લેવું. ઈશ્વર કોઈ એક જ ધર્મ કે સંપ્રદાયે ખરીદી લીધો છે, ને કોઈ એક જ સ્વરૂપના માળખામાં સમાયલો છે, એમ માનવાની જરૂર નથી. તેના પર તો બધા જ ધર્મોનો સરખો અધિકાર છે. તેના રૂપ પણ અનંત છે. માટે એ બાબતમાં ખૂબ જ ઉદાર થવાની જરૂર છે. બુદ્ધ, ઈશુ, મહમ્મદ, રામ, કૃષ્ણ, શક્તિ ને શંકર બધાં એક જ ઈશ્વરનાં જુદા જુદા રૂપ છે ને ઈશ્વરનાં બીજા હજારો રૂપ થઈ શકે છે. એ સૌને વંદન કરવા આપણે તૈયાર રહેવું જોઈએ. એ બાબત કોઈ જાતની કટ્ટરતા સેવવાની જરૂર નથી. જે વિવેકી છે, તે પોતાને પસંદ ઈશ્વરી સ્વરૂપની ઉપાસના તો કરે જ છે; પણ બીજાં સ્વરૂપોમાં પણ ઈશ્વરનું દર્શન કરે છે. સૌને સરખા માનપાત્ર સમજે છે.

**[ ૭ ] સ્વભાવનો સુધાર**

બીજી વાત એ છે કે પોતાના ઉપાસ્ય ઈશ્વરી સ્વરૂપનું તે બધે જ દર્શન કરે છે. રામને ભજનાર ભક્ત જડ ને ચેતનમાં બધે જ શ્રી રામનો મહિમા અનુભવે છે ને કૃષ્ણનો ભક્ત ચરાચરમાં શ્રી કૃષ્ણનું દર્શન કરે છે. એ રીતે સૌનું સમજી લેવાનું છે. માણસ ગમે તે રૂપની ઉપાસના કરે પણ જેની ઉપાસના કરે તેની ઝાંખી તેણે જગતના નાના મોટા બધા જ પદાર્થોમાં કરવી જોઈએ. એ વસ્તુ મહત્વની છે.

કોઈ કોઈ ભક્તો ભગવાનનું કીર્તન કરે છે, ધ્યાન ધરે છે, ને ભગવાનના સ્મરણ મનનમાં મસ્ત રહે છે. પણ પારકાંની પીડા તેમને સ્પર્શી શકતી નથી. બીજાનું દુઃખ જોઈને તેમનું દિલ દ્રવી ઊઠતું નથી, તેમને માટે શું સમજવું ? એ જ કે તેમની ભક્તિ એકાંગી છે. ભગવાન પ્રત્યેની તેમની ભાવના અધૂરી છે. તેમની દૃષ્ટિમાં દોષ છે, તેથી તે બીજાની અંદર રહેલા ઈશ્વરને જોઈ શકતા નથી. ઈશ્વર સૌની અંદર વાસ કરે છે. એ સત્યને જે સમજે છે તે તો સૌમાં રહેલાં ઈશ્વરને અનુભવે છે. તે પારકાની પીડા જોઈને દ્રવી ના ઊઠે તે બને જ કેમ ? પારકાની પીડા જોઈને તે કઠોર કેવી રીતે રહી શકે ? એવા મહાન ભક્તને માટે નરસૈંયાએ કહ્યું છે કે ‘તે પીડ પરાઈ જાણે રે’, ખરી વાત છે. સખત તાપને લીધે પથ્થર પણ તપી જાય છે, ને કઠણ લોખંડ પણ જો તપાવવામાં આવે તો કોમળ થઈ જાય છે, તો પછી જેનામાં માનવતા છે તે તો બીજાનું દુઃખ જોઈને દ્રવી જાય, એમાં આશ્ચર્ય શું છે ? ભક્તિ કે કોઈયે જાતની ઉત્તમ સાધના માણસને માણસાઈથી છૂટાછેડા લેવાનું કદી પણ શીખવતી નથી. તે તો તેને વધારે મહાન બનાવે છે ને માણસાઈની મૂર્તિ કરે છે. જે વ્યક્તિ ભક્ત, જ્ઞાની કે સાધક હોવાનો દાવો કરે, તે બીજા પ્રત્યે નિષ્ઠુર કેવી રીતે હોઈ શકે ? આપણે જેવા ઉત્તમ વ્યવહારની આશા આપણે માટે રાખીએ છીએ, તેવી આશા બીજા પણ રાખે છે એમ સમજીને બીજા પ્રત્યે આપણે ઉત્તમ વ્યવહાર કરતાં શીખવું જોઈએ. દંભ, કપટ, દ્વેષ ને કઠોરતાનો ત્યાગ કરવો જોઈએ. કેમ કે તે વિના ગમે તેવા ભક્ત, જ્ઞાની કે સાધકની શોભા નથી.

થોડાં વરસો પહેલાં અમે ઈડર પ્રદેશના એક ગામમાં ગયા હતા. ત્યાં એક ભક્તરાજ આવતા હતા. તે વખતે તે ભક્તરાજ ત્યાં હાજર હતા. તેમના તરફથી રાતે રોજ કીર્તન ભજન થતાં. કીર્તનનો સમય પણ રાતનો. રાતે દસેક વાગે નિરાંતે બધાં ભેગાં થાય ને ભજન ગવાતા જાય. કેટલીક વાર તો ભજન ઠેઠ મળસ્કા સુધી ચાલે. પણ જરા નવાઈની વાત એ જોઈ કે એક પણ પુરૂષ તે ભજનમાં સામેલ થતો નહિ. સ્ત્રીઓની તો ઠઠ જામતી, સ્ત્રીઓ પણ કેવી ? કેટલીક તો ભજનમંડળીમાં સરદાર જેવી ગણાતી. તે સ્ત્રીઓ કેટલીકવાર ભજન ગવડાવે, ને વધારે મસ્તીમાં આવી જતાં નાચવા ને કૂદવા પણ માંડે. કેટલીકવાર કોઈ કોઈ સ્ત્રી સાચી કે ખોટી બેહોશ પણ બની જાય. તેવી સ્ત્રીઓનો દરજ્જો જરા વધારે ઊંચો ગણાતો. બધી સ્ત્રીઓ વધારે ભાગે વિધવા જ હતી. એ બાજુ વિધવા સ્ત્રીઓ વધારે હોય છે.

એક વાર અમારે બાજુના ગામમાં જવાનું થયું. અમારી સાથે બીજા પણ ભાઈ હતા. તેમની કોઈ કુટુંબી બેન એમને પોતાને ઘેર લઈ ગઈ. ઘરમાં તે બેનનાં સાસુમા બેઠાં હતાં. તેમણે અમને જોઈને મોં મચકોડ્યું. અમને બોલાવ્યા પણ નહિ. બેન હિંમતવાળી હતી. હિંમત કરીને તેણે અમને દૂધ વગેરે પાયું ને અમારી સાથે કેટલીક વાતો કરી. થોડીવાર વાતો કરીને છેવટે અમે ઊભા થયા. છતાં બેનનાં સાસુમા તો

ખાસ કાંઈ જ બોલ્યાં નહિ ! તેમના કંઠમાં માળા લટકતી હતી. કપાળે જરા ભસ્મ હતી. તેથી અમને તેમના વિશે કાંઈક માહિતી મેળવવાનું મન થયું. બેને માહિતી આપતાં કહ્યું કે પેલા ભક્તરાજનાં તે અનન્ય શિષ્યા હતાં. ભક્તરાજની મંડળીના તે સરદાર હતાં, ને ભજનો ગાવા–ગવડાવવામાં ખૂબ કુશળતા ધરાવતાં હતાં. ભજનો ગાતાં તે નાચવા માંડતાં ત્યારે કોઈવાર તેમને સમાધિ પણ થઈ જતી. ભક્ત સ્ત્રીઓના મંડળમાં તે કેટલીક સ્ત્રીઓનાં ગુરૂ પણ થઈ પડ્યાં હતાં. છતાં અમારા જેવા સાધારણ અતિથિ તરફ તેમણે જે વર્તાવ કરી બતાવ્યો તે શું તેમના ગૌરવને અનુરૂપ હતો ? કદાપિ નહિ. જેટલો વખત અમે તેમના ઘરમાં રહ્યા તેટલો વખત તેમનું મોઢું ગંભીર અને કઠોર જ રહ્યું-જાણે દીવેલ પીધું હોય તેમ. તેના પર આનંદ કે ઉત્સાહની છાયા પણ ન હતી. મીઠાશનો છાંટો પણ તેમની આંખમાં નહોતો દેખાતો.

વધારે ઊંડા ઉતરતાં જણાયું કે તે પોતાના દીકરાની વહુ પ્રત્યે ખૂબ કઠોર હતાં. તેને પૂરું ને સારું ખાવાનું પણ ના આપતાં. તેની સાથે વાત ના કરતાં ને તેને ત્રાસ આપતાં. કારણ ગમે તે હશે પણ આ જાતનો વર્તાવ ને સ્વભાવ તેમને માટે જરા પણ સારો ના ગણાય. કોઈનેય માટે સારો ના ગણાય. ગળામાં માળા લટકાવીને ભજન ગાવાથી જ કોઈ ભગત થઈ જતું નથી. કપાળે ભસ્મ લગાડવાથી કે મરજાદી થવાથી પણ ભગત, જ્ઞાની કે સાધકમાં ખપાતું નથી. કીર્તન કરતાં કરતાં નાચવાથી ને સાચા કે ખોટા બેહોશ થઈને પડી જવાથી કે વેશપલટો કરવાથી પણ ભગવાનના પ્યારા થઈ શકાતું નથી. જ્યાં સુધી માણસનું હૃદય પલળે નહિ, તેનો સ્વભાવ સુધરે નહિ, ને તે વધારે ને વધારે સદ્‌ગુણી બને નહિ, ત્યાં સુધી તે સાધક જ્ઞાની, ભક્ત કે સજ્જન થઈ શકે નહિ. માણસની મુખ્ય મિલકત માણસાઈ છે. તે જળવાય ને વધે તો જ તે મહાન ગણાય. તેની ઉપેક્ષા કોઈયે કારણસર ને કોઈયે સંજોગોમાં બરાબર નથી. ભક્તિ કે સાધના કોઈ નશો નથી. તે તો એક ઔષધિ છે, જે તેનું સેવન કરે છે તેનું સમસ્ત જીવન પલટાઈ જાય, ને તેનો સ્વભાવ શુદ્ધ બને છે.

### [ ૮ ] જગત વિકારી કેમ છે ?

મારી પાસે આવનારા કોઈ કોઈ માણસો મને પૂછે છે કે ભગવાન તો પરિપૂર્ણ પરમાનંદસ્વરૂપ ને પરમ શાંતિમય છે. તેમની અંદરથી જો જગત થતું હોય, તો જગત વિકારી, અપૂર્ણ ને સુખદુઃખ તથા હર્ષશોકથી ભરેલું કેમ દેખાય છે ? હું કહું છું કે ગીતામાતાએ એના વિશે જે ખુલાસો કર્યો છે તેનો વિચાર કરો. ગીતામાતા કહે છે કે જગતના કર્તા ભગવાન છે. પણ ભગવાનની જે પ્રકૃતિ છે તેમાંથી જગત થાય છે. ભગવાનની પ્રકૃતિ સાધારણ ને અસાધારણ બે જાતની છે. તે વિકારવાળી છે. સત્વ, રજ ને તમ–ત્રણ ગુણથી ભરેલી છે. એટલે જગત પણ વિકારવાળું છે. બાળકમાં એકલા પિતાના નહિ, પણ માતાના ગુણ પણ ઉતરે છે. માતાપિતાના મિશ્રિત સંસ્કાર બાળકને વારસામાં મળે છે. જગતનું પણ તેવું સમજવાનું છે. પરમાત્મારૂપી પિતા જ તેને માટે જવાબદાર હોત, તો તે પરમાત્મા જેવું જ હોત, ને પરમાત્માની જ વિશેષતાને વારસામાં લઈને જન્મત, પણ સાથે માતા પણ છે. પ્રકૃતિમાતા પણ તેને માટે જવાબદાર છે. એટલે માતાના ગુણધર્મ તેની અંદર પ્રકટ થાય એ સમજી શકાય તેવું છે. પ્રકૃતિ નટખટ છે એ કોણ નથી જાણતું ? ગીતામાતા આવો

સચોટ ખુલાસો કરે છે. છતાં જો મારી દૃષ્ટિએ કહું તો મને તો આવા પ્રશ્નો ને તેની ચર્ચામાં ઉતરવું નિરર્થક લાગે છે.

જગત જેવું છે તેવું આપણી સામે છે. તે આવું ખરેખર કેમ છે તે વિશે આપણે વિચાર જરૂર કરી શકીએ, અથવા તર્કવિતર્ક કરીએ. છતાં તે વાત જગતના કર્તાને આધીન હોઈ, તેનું ખરું રહસ્ય આપણે ભાગ્ય જ શોધી શકીએ. તે વિશે કોઈ ખાસ હઠાગ્રહ કરવો નકામો છે. વિકારી જગતમાં રહીને આપણે અવિકારી બની શકીએ કે કેમ, અથવા સુખ ને દુઃખ તથા હર્ષ ને શોકના જોડકાથી છૂટીને પરમશાંતિ સુખ મેળવી શકીએ કે કેમ ને કેવી રીતે તે જ વસ્તુ મને વધારે મહત્વની લાગે છે.

ધારો કે એક માણસ કોઈ કારણથી કુવામાં પડી ગયો છે. તેનો અવાજ સાંભળીને કેટલાંક માણસો કુવા પર ભેગાં થાય છે. કુવામાં પડેલો માણસ કુવામાં કેવી રીતે પડ્યો એની ચર્ચામાં જ બધાં માણસો ઉતરવા માંડે તો શું તે ઠીક ગણાશે કે ? ગયા વરસે ગંગાજીમાં પુષ્કળ પૂર આવ્યું હતું. પૂર ઉતર્યા પછી પણ ગંગાજી વિશાળ રહેતી હતી. કેટલાક રસિયા માણસો તેમાં તરવા પડતા. કમનસીબે તેમાંના કેટલાક ડૂબી પણ જતા. ડૂબકા ખાતા માણસોને જોઈને કિનારા પર લોકો ભેગા મળતા. તેમાંના કેટલાક તરવાનું જાણતા છતાં તે પરસ્પર વાતો જ કર્યા કરતાં. ગંગાની ભયંકરતાની તથા મુત્યુની ચોક્કસતાની ચર્ચામાં તે ઉતરી પડતા. પણ બધા માણસો કાંઈ એવા હોય છે ? કોઈ વીરલ માણસો પણ નીકળી આવતા. અમારી નજર સામે તે ગંગામાં કૂદી પડતા, ને ડૂબતા માણસને બચાવવાનો બનતો પ્રયાસ કરતાં. એવા માણસોને જોઈને અમને બહુ આનંદ થતો. ને સૌને થાય એ સ્વાભાવિક છે.

કૂવા પર ભેગાં થયેલાં માણસો પણ મૂળ વાત ભૂલી જઈને જો ચર્ચામાં ઉતરી પડે, તો તેથી કોને આનંદ મળે ? નકામી ચર્ચા કરીને વખત બગાડવાનો કાંઈ અર્થ નથી. કૂવામાં પડેલો માણસ ગમે તે કારણથી પડ્યો હોય, છતાં કૂવામાં પડ્યો છે એ નક્કી છે. હવે તો તેને બહાર કાઢવાની જ જરૂર છે. માટે કૂવા પર ભેગાં થઈને વાતો કરનારા માણસોને કહેવું જોઈએ કે ભાઈઓ, બીજી ચર્ચા મૂકી દો. હવે જો બની શકે તો ગમેતેમ કરીને અંદર પડેલા માણસોને બહાર કાઢવાનો પ્રયાસ કરો. ચર્ચા તો પછી નિરાંતે થઈ શકશે.

જગત વિષે પશ્ન પૂછનારને પણ આપણે એમ જ કહીશું કે ભાઈઓ જગત જેવું છે તેવું તમારી સામે જ છે. તે આવું કેમ છે તેની ચર્ચા કરવાની જરૂર છે જ એમ નથી. મુખ્ય વાત એ છે કે તમે કૂવામાં પડેલા છો. કાળના પ્રવાહમાં તણાઈ રહ્યા છો, ને પરમ શાંતિ, પૂર્ણતા ને સ્થિરતાને ચાહો છો. તેને મેળવી લેવાનાં સાધન શોધી કાઢો. તેની મદદથી અજ્ઞાનના કૂવામાંથી બહાર નીકળો. બીજા બધા મુદ્દાઓમાં વખત ગુમાવવાને બદલે આ કામનો મુદ્દો યાદ રાખો તો તેમને વધારે લાભ થશે. જીવનને સફળ કરવા માટે બહુ વાણીપંડીત થવાની જરૂર નથી. અગમનિગમની વાતો ઉકેલવાની પણ જરૂર નથી. તે માટે તો સફળતાના જરૂરી સાધનને સારી પેઠે સમજી લઈને તેનો ઉપયોગ કરવાની જરૂર છે માટે નકામી વાતોમાં વખત ગુમાવી ના દેશો. સમય ટૂંકો, ઝડપી ને કિંમતી છે કામ ભારે છે. આડવાતોમાં પડી જશો તો કરવાનું કામ ચૂકી જશો.

**[ ૯ ] મહાપુરૂષો સદા ભગવાનને ભજે છે.**

આ જીવન ટૂંકું છે. જ્ઞાનીઓ તેને પાણીના પરપોટા જેવું કહે છે. પરપોટો પાણીમાં જન્મે છે ને ફુટી જાય છે. જીવનનું પણ તેવું જ સમજવાનું છે. પરપોટાની પેઠે તે આજે છે ને કાલે ફુટી જશે, અરે, કાલે શું કામ ? એક ઘડી પછી આ જીવનનું શું થશે તેની કોને ખબર છે ? તાપ ને છાયાની જેમ જીવનના રંગો બદલાયા જ કરે છે. જે કાલે હતો તે આજે નથી, ને આજે છે તે કાલે નહિ હોય. આવા જીવનનો વિશ્વાસ શો ? જે મહાપુરૂષો છે તે તો આ જીવનમાં વહેલામાં વહેલી તકે પરમાત્માની કૃપા મેળવવાનો નિરધાર કરે છે સાધારણ માણસો પરમાત્માની પ્રાપ્તિ કરવાના કામને મુલતવી રાખે છે ને બીજા સાંસારિક કામ પહેલાં કરે છે. પણ મહાપુરૂષોની વાત જુદી છે. પોતાની પૂર્ણતાના જરૂરી કામને મુલતવી રાખવાનું તેમને પસંદ નથી. તે કહે છે કે માણસો ખાવાનું, પીવાનું ને સુવાનું તથા લગ્નાદિ કરવાનું મુલતવી નથી રાખતા તો પછી પરમાત્માની પ્રાપ્તિના કામને કેવી રીતે મુલતવી રખાય ? પોતાની જાતના ઉદ્ધારના કિંમતી કામમાં આળસુ બનીને બેસી કેમ રહેવાય ? તે કામ તો વહેલામાં વહેલી તકે કરી લેવું જોઈએ. તેમાં આળસ કરવી એટલે પોતાને માટે મૃત્યુ નોતરવું; અથવા પતનની ખાઈ ખોદવી. માટે તેવા મહાપુરૂષો એકેક ક્ષણનો હિસાબ રાખે છે, ને પોતાના ઉદ્ધારના કામમાં લાગી જાય છે. આ જીવન પૂરું થાય તે પહેલાં જ પરમાત્માને મેળવી લેવાનો તે પ્રયાસ કરે છે. જીવન અનંત છે. આકાશમાં ટમટમતા તારાઓ જેમ ગણ્યા ગણાય નહિ તેટલા હોય છે, તેમ જીવનનો હિસાબ પણ કોઈથી કરી શકાય તેમ નથી, છતાં પણ પોતાના વિકાસની વાતને બીજા જીવન પર મુલતવી રાખવાનું ઠીક નથી. એમ સમજીને મહાપુરૂષો આ જ જીવનમાં ને વહેલામાં વહેલી તકે પૂર્ણતા મેળવવા તલપાપડ થઈ જાય છે.

ઈશ્વરને માટે જેના દિલમાં લગની લાગે છે, તેમની વાત એવી જ છે. તે તો વાત મુલતવી રાખીને એક ઈશ્વરના જ દર્શન માટે અધીરા બને છે. પોતાના દિલમાં ઈશ્વરની મંગલ મૂર્તિની પધરામણી કરીને ઈશ્વરના કૃપાપાત્ર થવા માટે તે સદા તૈયાર રહે છે. ઈશ્વર વિના બીજા કોઈનોયે રાગ તેમના હૃદયમાં રહેતો નથી. ઈશ્વરના પ્રેમસંગીતથી તેમનું રોમેરોમ રસાળ બની જાય છે. ભાવવિભોર હૃદયથી તે ઈશ્વરને ભજે છે; ઈશ્વરની આરાધનામાં મસ્ત બને છે; ને ઈશ્વરની યાદમાં ચકચુર થઈ જાય છે. ઈશ્વરનું સ્મરણ તેમને માટે પરમસુખ ને શાંતિનું સ્થાન થઈ જાય છે. ઈશ્વર વિના તેમને કાંઈ રુચતું નથી, ને તેમનું મન કશામાં લાગતું નથી. ઈશ્વરને મેળવવા માટે તે જુદી જુદી જાતનાં તપ ને વ્રત કરે છે, ને સાધના તથા પ્રાર્થનામાં સમય પસાર કરે છે. સંસારના સઘળા પદાર્થોમાં ઈશ્વર રહેલો છે. એમ માનીને સૌમાં રહેલાં ઈશ્વરને વંદન કરે છે.

આપણે ત્યાં નમસ્કાર કરવાનો રિવાજ છે તે શું બતાવે છે ? આપણે કોઈને નમસ્કાર કરીએ છીએ એટલે કાંઈ તેના સ્થૂળ શરીરને નમતા નથી; પંચમહાભૂતના પુતળાને હાથ જોડવાનો આપણો આશય નથી હોતો. આપણે તો તેની અંદર રહેલા ઈશ્વરને નમીએ છીએ. સામેનો માણસ આપણને હાથ જોડે છે કે નમે છે એટલે તે પણ આપણી અંદરના ઈશ્વરને નમે છે. આ મહાન ભાવનાને સમજી લઈએ તો આપણે સૌને પ્રેમ કરતાં શીખી જઈએ; સૌના પ્રત્યે મીઠું વર્તન કરીએ, ને કોઈની હિંસા ના કરીએ, કોઈનું બુરૂં ના કરીએ કે તાકીએ, કે કોઈને દગો ના દઈએ. નમસ્કાર કરવાની ટેવ રોજીંદી થઈ પડી છે પણ તેની પાછળની ભાવના મરી પરવારી છે. માટે તો માણસો જેને નમસ્કાર કરે છે તેને જ પાછળથી ગાળો દે છે; તેની નિંદા કરે છે ને તેનું બુરૂં તાકે છે. એટલે નમસ્કાર કરવાની ઉત્તમ ક્રિયાની પાછળની ભાવનાને જીવતી કરવાની ને અમલી

બનાવવાની જરૂર છે. મહાપુરૂષો ને ઈશ્વરના પ્યારા ભક્તોના હૃદયમાં એ ભાવના સદાય જીવતી હોય છે. તેમના નાનામોટા દરેક કર્મમાં તે ભાવના ટપકતી હોય છે. સારી સૃષ્ટિને તે વંદન કરે છે ને સારી સૃષ્ટિનું મંગલ ઈચ્છે છે.

આ તો ભક્તોની વાત થઈ. પણ જે જ્ઞાની છે તે પણ બધે પ્રભુનું દર્શન કરે છે ને સૌનું મંગલ ચાહે છે. પરમાત્માનો અનુભવ કરીને કૃતાર્થ થવા માટે તે પણ સદા તલસ્યા કરે છે. ટમકતા તારામાં ને ચમકતી ચપલામાં, સાગરનાં મોજાં ને નદીના નીરમાં, ફૂલની ફોરમમાં ને આકાશની અનંતતામાં, બધે તેને એક ઈશ્વરનો અનુભવ થાય છે. સારા કે નરસા બધા પદાર્થો તેને મન પ્રભુની પ્રતિમા જેવા બની જાય છે. સાધારણ માણસને સંસાર વિના બીજું કશું દેખાતું નથી, પણ જ્ઞાનીની વાત જુદી છે. જ્ઞાનીને પૂછો તો તે તરત બોલી ઉઠશે કે મને ઈશ્વર વિના કાંઈ જ દેખાતું નથી. ઈશ્વર નથી એમ કહો છો ? ઈશ્વર વિના બીજું શું છે એ જ કહેશો ? તમારી દૃષ્ટિમાં દોષ છે તે દૂર કરો. એટલે તમને પણ મારા જેવો જ અનુભવ થશે, ને મારા કથનની ખાત્રી થશે. એવા ભક્ત ને જ્ઞાનીની મહાન દશાએ આપણે પહોંચી જઈએ તો કેટલો આનંદ થશે ? એ વિના જીવનમાં સાચો આનંદ ખરેખર નથી જ. પ્રભુની કૃપાથી આપણને એ દશા વહેલામાં વહેલી તકે મળે; કહો કે સૌને મળે.

**[ ૧૦ ] ભગવાન ભક્તોનો યોગક્ષેમ ચલાવે છે.**

ગીતામાં ભગવાને કેટલીક બાંહેધરીઓ આપી છે અથવા કહો કે કેટલીક પ્રતિજ્ઞા કરી છે, એમાંની બે પ્રતિજ્ઞા ધ્યાન ખેંચનારી છે. ભગવાન કહે છે કે મારા ભક્તોનો કદી નાશ થતો નથી, મારા ભક્તોનું કદી અમંગલ થતું નથી. એ પ્રતિજ્ઞાનો વિચાર આપણે આગળ પણ કરી ગયા છીએ. આ અધ્યાયમાં બીજી મહાન પ્રતિજ્ઞા આવે છે. ભગવાન કહે છે કે જે લોકો મારૂં અનન્યભાવે સ્મરણ મનન કરે છે ને મારી ભક્તિ કરે છે, તેમના યોગ ને ક્ષેમની જવાબદારી હું ઉપાડી લઉં છું. યોગ એટલે જીવનની જરૂરતોની પ્રાપ્તિ ને ક્ષેમ એટલે ભક્તોની સંભાળ ને ઉન્નતિ. કેટલી સરસ પ્રતિજ્ઞા છે ? ભગવાનના પ્રેમમાં મસ્ત બનનારની બધી જ ચિંતા ભગવાન પોતે ઉપાડી લે છે. તેની ઉન્નતિ પણ તે જ કરે છે. પોતાનો ભક્ત જો કોઈ કારણથી સંસારના મોહમાં ફસાઈ જાય કે પ્રલોભનમાં પડી જાય, તો ભગવાન તેને તેમાંથી બહાર કાઢે છે. તેની રક્ષા કરવા માટે ભગવાન સદા તૈયાર રહે છે. તેના માર્ગને સાફ કરે છે, ને છેવટે પોતાનું દર્શન આપીને તેને ન્યાલ કરે છે. પોતાનો ભક્ત જો કોઈ કારણથી ગફલતમાં પડી જાય, ને સાચો રસ્તો ભૂલી જાય, તો ભગવાન તેને મદદ કરે છે, તેની વહારે આવે છે, ને તેને સાચો રસ્તો બતાવે છે.

પ્રભુની કૃપાથી સાધારણ માણસો પણ આ પ્રમાણે પોતાની જાતના કલ્યાણમાં પ્રભુની મદદ મેળવી શકે છે. તો પછી જે ભક્તો છે તેમને માટે તો કહેવું જ શું ? પ્રભુને દિવસરાત યાદ કરનારા ને પ્રભુને પોતાના જીવનનો ધ્રુવતારો બનાવી બેઠેલા માણસોની સંભાળ પ્રભુ ડગલે ને પગલે રાખે એમાં શી નવાઈ છે ? પોતાના ભક્તોને યોગ્ય ગુરૂ કે મહાપુરૂષોનો મેળાપ કરાવી દેવો એ પણ પ્રભુનું કામ છે. તેમને સાધનાના જુદા જુદા અનુભવો કરાવીને શાંતિ આપવાનું કામ પણ તે જ કરે છે. જે પ્રભુનું નિરંતર સ્મરણ કરે, ને પ્રભુની કૃપા મેળવવા મહેનત કરે છે, તેમની સમજમાં આ વાત સહેલાઈથી આવી શકશે.

**[ ૧૧ ] હિમાલયના એક મહાત્માની વાત.**

હિમાલયમાં ઉત્તરકાશી નામે સ્થાન છે. કેટલાંક વર્ષો પહેલાં ત્યાં એક મહાત્મા રહેતા હતા. તેમણે ત્યાગ કર્યા પછી ભારે પરિશ્રમ કર્યો હતો. સખત તપ, વ્રત ને અનુષ્ઠાન કર્યા હતાં પણ તે છતાં તેમને શાંતિ મળી ન હતી. છેવટે તેમને કંટાળો આવ્યો. શાંતિ વિનાનું જીવન તેમને સાલવા લાગ્યું. તેમણે વિચાર કર્યો કે શાંતિ ન મળે ત્યાં સુધી ચેન નહિ વળે. હવે તો આ શરીરને ફગાવી દેવું જોઈએ. કાં તો શરીર પડી જાય, કાં તો શાંતિ મળે. બાકી અશાંતિની આ દશામાં જીવવાનું જરા પણ ઠીક નથી.

ઉત્તરકાશીથી તે ગંગોત્રી ગયા, ને ગંગોત્રીથી લગભગ બે માઈલ દૂર એક ગુફામાં તેમણે આસન જમાવી દીધું. શાંતિ મળે કે પછી શરીર પડે પણ અન્નજલ ન લેવાં એવો નિર્ણય કરીને તે પ્રભુનું સ્મરણ કરતાં સમય પસાર કરવા માંડ્યા. સમય કોની રાહ જુએ છે ? તે તો ઝડપથી ચાલ્યો જ જાય છે. તમે તેને પસાર કરો કે તે તમને પસાર કરે. બાકી તે રાહ જોઈને રોકાઈ રહેવાનો તો નહિ જ. મહાત્માજીનો સમય પણ પસાર થવા માંડ્યો. ત્રણ દિવસ થઈ ગયા પણ શાંતિ ના મળી. મહાત્માજીની ચિંતા વધતી જતી હતી. શરીર છોડી જ દેવું હોય તો ક્યાં વાર લાગે એમ છે ? ગંગામાતામાં પડવાથી શરીર શાંત થઈ શકે એમ છે, પણ મહાત્માજીના મનમાં આશા હતી. ભગવાનની દયા પર તેમને વિશ્વાસ હતો. ભગવાન ને સંતોના શબ્દોમાં શ્રદ્ધા હતી-પોતાના ભક્તની રક્ષા કરવી ને બધી કામના પૂરી કરવી એ તો તેમનું વ્રત છે-એ વ્રતમાં તેમને શ્રદ્ધા હતી.

ને આખરે એ શ્રદ્ધા સાચી ઠરી. ચોથે દિવસે સવારે ગુફામાં પ્રકાશ થઈ રહ્યો. મહાત્માજીએ જરાક અચરજ ને આનંદ સાથે જોયું તો પોતાની સામે ભગવાન દત્તાત્રેય ઊભા હતા. તેમણે ભોજપત્રની કૌપીન પહેરી હતી. શરીર ખૂબ તેજોમય હતું. કેટલું સુંદર ને મંગલ દર્શન ! પણ તેથીયે વધારે મંગલ વાણીમાં તે બોલ્યા : બેટા, આ એકાંત જંગલની ગુફામાં આમ અન્નજલ છોડીને કેમ બેઠો છે ?

મહાત્માજીએ ઉત્તર આપ્યો કે 'મારે શાંતિ જોઈએ છે.'

શાંતિ ? દૈવી પુરૂષે કહ્યું, તું શાંતિસ્વરૂપ જ છે. આ સ્થાનમાંથી તું જલદી નીચે ચાલ્યો જા, ને ઉત્તરકાશીમાં વાસ કર. તને શાંતિ જરૂર મળી જશે. ને એટલું કહીને તે અંતર્ધ્યાન થઈ ગયા.

મહાત્માજીની સાધના ફળી. તેમના આનંદની અવધિ ના રહી. ભગવાન દત્તાત્રેયની આજ્ઞા પ્રમાણે તે ઉત્તરકાશી આવ્યા. ત્યાં થોડા જ વખતમાં તેમને નિર્વિકલ્પ સમાધિ થઈ ને શાંતિ મળી. પરમશાંતિની મૂર્તિ બનીને તેમણે બાકીનું જીવન પૂરું કર્યું.

આ અનુભવ સાચો છે. આવા અનુભવ સાધકોમાંના ઘણાને થતા હશે. માણસો કહે છે કે અમે તો ઘણી ઈચ્છા રાખીએ છીએ પણ અમને તો કાંઈ જ મળતું નથી ને કોઈ ખાસ અનુભવ થતો નથી. એટલે આવી વાતો સાચી હોય તો પણ તેમાં શ્રદ્ધા નથી. મારે કહેવું પડે છે કે જે સૂર્યની દિશામાં જાય છે તેને પ્રકાશ મળે છે. તેવી રીતે ફૂલના બાગમાં જઈને બેસનારા માણસને ફૂલની ફોરમ પણ જરૂર મળે છે. તમે પણ જો અનુભવની ઈચ્છા કરતા હશો, ને તે માટે બરાબર પ્રયાસ કરતા હશો, તો તમને પણ અનુભવ થશે એ વાતમાં વિશ્વાસ રાખજો. બધા સાધકોને એક જાતના અનુભવ થતા નથી. બધાના અનુભવો કેટલીકવાર જુદા

જુદા હોય છે. પણ તમારી ગાડી જો યોગ્ય પાટા પર ચાલતી હશે, તો એક કે બીજી જાતના અનુભવ તમને જરૂર થશે એમાં શંકા કરવાની જરૂર નથી. ઈચ્છા રાખવા છતાં અનુભવ ના થાય તો સાધનાને મૂકી ના દેતા. નિરાશ પણ ન થતા. ઈશ્વરમાં ને તમારી જાતમાં અશ્રદ્ધા ના કરતા. સાધનાની ગાડીને ચાલુ જ રાખો. તેને આગળ ને આગળ ધપાવ્યે જ રાખો. આવા બીજા પુરૂષોને થયેલા અનુભવોને નજર સામે રાખીને પ્રેરણાનું ભાથું ભરો ને ઉત્સાહ, આશા, હિંમત વધારો.

જે મહાત્મા પુરૂષની વાત આપણે કરી ગયા, તેમને શું એક જ દિવસમાં આવો દૈવી અનુભવ થયો હતો કે ? બાર વરસ તો તેમણે આકરી તપશ્ચર્યા કરી. કેટલોક વખત ફલાહારી તો કેટલોક વખત દૂધ પર રહ્યા. કેટલાં બધાં વ્રત ને અનુષ્ઠાન કર્યાં. ત્યારે છેવટે શાંતિ માટે તેમનું હૃદય રોઈ ઊઠ્યું છે. તેમને આ રીતે શાંતિ મળી. માટે તમે કોઈયે સંજોગોમાં નિરાશ થશો નહિ. તમારૂં કામ સદાય ચાલુ રાખો. ઈશ્વર પોતાનું કામ જરૂર કરી લેશે, તે જરાય ગાફેલ નથી. તેના દરબારમાં તો પાઈએ પાઈનો હિસાબ છે. પોતાની પ્રતિજ્ઞા પણ તે જાણે છે. ભક્તોને માટે તેણે જે બાંહેધરી આપી છે, તેની તેને ખબર છે. સમય થતાં તે તમને જરૂર અનુભવ આપશે, ને તમારી સામે પ્રકટ થઈને તમને પરમ શાંતિમાં સ્નાન કરાવશે.

**[ ૧૨ ] ભક્તોને ભગવાન પોતાનો મેળાપ કરાવે છે.**

જે ભક્તો હૃદયમાં રાગ ભરીને ભગવાનને ભજે છે, તેમને બીજી કયી વસ્તુની ઈચ્છા હોય ? મહાપુરૂષોના દર્શનના ને તેમની સાથે વાતચીત કરવાના જે અનુભવો તેમને થાય છે, તેથી તેમને આનંદ જરૂર થાય છે. પણ તેમનો સાચો આનંદ તો ભગવાનના દર્શનમાં રહેલો છે. કોઈ બાળકને ગમે તેટલા સારા વાતાવરણમાં મૂકો, ને તેને ખાવાપીવાના તથા રમવાના બધા જ સુંદર પદાર્થો પૂરા પાડો તેથી તેને આનંદ જરૂર થશે, પણ તે આનંદમાં તે પોતાની 'મા'ને ભૂલી જશે કે ? કદાચ થોડા વખત માટે ભૂલી જાય, પણ પછી તો તે 'મા'ને માટે રડવા માંડશે, ને 'મા'ને મળવા તલપાપડ બની જશે. કેમ કે 'મા'નો પ્રેમ તેના જીવન સાથે જડાયેલો છે. તે કદી દૂર થઈ શકે તેમ નથી. તમે હજારો ઉપાય કરો, પણ તેના દિલમાંથી 'મા'ના આસનને દૂર કરવામાં સફળ નહિ થઈ શકો. 'મા'ની પાસે તેને જે હૂંફ ને સુખ મળે છે, તે જુદી જ છે. તેની સરખામણી સંસારના કોઈયે સુખની સાથે થઈ શકે તેમ નથી.

ભક્તોની વાત તેવી જ છે. સાધનાના બીજા અનુભવો તેમને આનંદ જરૂર આપે છે પણ તેથી તેમને પૂરો આનંદ મળતો નથી. તેમનો પૂરો આનંદ તો ભગવાનના દર્શનમાં જ રહેલો છે. તે આનંદને અનુભવવા માટે તે તલપાપડ થઈ જાય છે. તેમનું હૃદય ભગવાનના દર્શનને માટે રડી ઊઠે છે, તેમની ભાવના ને ભક્તિ જોઈને ભગવાન તેમને સમય પાકતાં દર્શન આપે છે. તે દ્વારા આપણને ભગવાનની મહાન દયા, કરુણા ને ભક્તવત્સલતાનો પરિચય થાય છે. જે મારૂં અનન્ય ભાવે સ્મરણ કરે છે, તેમને હું મારો મેળાપ કરાવી આપું છું, ને તેમનું સર્વ પ્રકારે કલ્યાણ કરું છું, એ ભગવાનનું વચન ખરેખર સાચું છે. તેનો અનુભવ કરવાની છૂટ સૌ કોઈને છે. યોગ એટલે ભગવાનનો મેળાપ એવો અર્થ કરવાથી આ પ્રમાણે સમજી શકાય છે.

**[ ૧૩ ] સમર્થ સંતો પણ ભક્તોને મદદ કરે છે.**

પોતાનું અનન્ય ભાવે સ્મરણ કરનારા ભક્તોની સંભાળ રાખવા ભગવાન સદા તૈયાર રહે છે. પોતાના પ્રેમી માણસોના જીવનની જરૂરતો પૂરી પાડવાનું તેમનું વ્રત છે. યોગ ને ક્ષેમની વાતને એ રીતે પણ સમજી શકાય. ભગવાનને અનંત આંખવાળા કહ્યા છે. વળી તે અનંત પગ ને હાથવાળા છે એટલે સંસારના કોઈયે ખૂણામાં પડેલા ભક્તની દશાનું દર્શન કરીને તેને તે મદદ કરે છે. આ વાતમાં જો આપણે વિશ્વાસ કરતા થઈ જઈએ તો આપણી ચિંતા ઓછી થઈ જાય ને મુંઝવણ મટી જાય. સુખ ને દુઃખમાં તથા સારી ને નરસી દશામાં આપણી સંભાળ રાખનાર કોઈ છે એ વાત આપણી સમજમાં આવી જાય. જીવનને ચલાવવાની ચિંતા આપણને સતાવે નહિ તે વાત સાચી છે. ભક્તોને માથે ભગવાનનો વરદ હાથ કાયમને માટે મૂકાયેલો છે. પછી તેમને કોનો ભય છે ? ભગવાન જેવા સંરક્ષક છે, પછી ભક્તોને પોતાની રક્ષા માટે ભય શા માટે હોવો જોઈએ ?

સુદામાની દરિદ્રતા દૂર કરનાર, મીરાંને વિષ તથા સાપથી બચાવનાર ને નરસી ભગતની હૂંડી સ્વીકારનાર ભગવાન જવાબદારી ઉપાડી લેવા તૈયાર છે, પછી ભક્તોએ પોતાની ફિકર શા માટે કરવી જોઈએ ? પોતાની આજીવિકાની ચિંતા કરવાની પણ જરૂર નથી. આજીવિકા માટે કોઈ કામકાજ કરવું હોય તો ભક્તો ખુશીથી કરી શકે છે. પણ ઈશ્વરના સ્મરણ મનન વિના બીજું કામકાજ ન કરે તો કંઈ જ હરકત નથી. ઈશ્વર તેમની આજીવિકાની જવાબદારી ઉપાડી લેશે. આપણી બેન્કો કરતાં ઈશ્વરની કૃપાબેન્ક ઘણી જ સદ્ધર છે. ભક્તો ઈશ્વરનું સતત સ્મરણ કરે છે, ને તે બેન્કમાં તેને જમા કરે છે. બદલામાં તેમને ઈશ્વરની કૃપાનું પરમ ધન મળી જાય છે. આટલું જાણ્યા છતાં પણ આપણે ઈશ્વરનું સ્મરણ ન કરીએ તો આપણા જેવા અણસમજુ બીજા કોણ હોઈ શકે ? ભગવાનની કૃપાનો વિચાર કરી તથા ભગવાને આપેલી બાંહેધરીનો ખ્યાલ કરી, ભગવાનનું સતત સ્મરણ કરવા આપણે તૈયાર થવું જોઈએ, ને ભગવાનના ચરણસેવક બનવું જોઈએ.

પોતાના ભક્તોની જવાબદારી ભગવાન કેવી રીતે ઉપાડી લે છે ! જુદે જુદે વખતે તે જુદી જુદી લીલા કરે છે. જે સિદ્ધ કોટીના સંતો છે તે પણ પોતાના ભક્તોની સંભાળ રાખે છે. તેમને મદદ કરવા તે સદા તૈયાર રહે છે.

**[ ૧૪ ] ભગવાનની કૃપા**

ઈ.સ. ૧૯૪૪ માં બદરી, કેદાર, ગંગોત્રી ને જમ્નોત્રીની યાત્રા કરીને અમે ઋષિકેશ આવ્યા. ત્યાં આવ્યા પછી માતાજીને મરડો થયો. ઝાડામાં લોહી પણ પડવા માંડ્યું. તેથી થોડા વખતમાં તેમની નબળાઈ ઘણી વધી ગઈ. અમારી સાથેના મનુભાઈને કોલેરા લાગુ પડ્યો. કોઈ કામ માટે તે દહેરાદૂન ગયા, ને પછી ત્યાં જ બિમારીમાં પટકાઈ પડ્યા. માતાજીની દશા ઘણી ગંભીર થઈ ગઈ. પણ પ્રભુએ કૃપા કરી. લગભગ એકાદ માસની ભયંકર બિમારી પછી તેમને એક રાતે ભગવાન રામના તેજોમય સ્વરૂપનું દર્શન થયું, ને તે દિવસથી તેમને આરામ થવા માંડ્યો. જરાક ભોજન લેવાનું પણ શરૂ થયું. પછી તો એક દિવસ તેમને જલેબી ખાવાની ઈચ્છા થઈ. પણ લાચારી હતી. સાધારણ ભોજન કરવા જેટલા પૈસાની કમી હતી, ત્યાં વળી જલેબી લાવવાના પૈસા ક્યાંથી કાઢવા ? માતાજીને મેં મારી તકલીફ જણાવી. તે સમજી ગયાં.

તે જ દિવસે લગભગ અગીયારેક વાગ્યાના સુમારે, અમે રહેતા હતા તે ધર્મશાળામાં એક બાઈ આવી પહોંચી. ધર્મશાળામાં બધે ફરતાં ફરતાં પૂછવા માડી કે અહીં એક ગુજરાતી બ્રહ્મચારી રહે છે તેમની ઓરડી ક્યાં છે ? કોઈ માણસે તેમને અમારી ઓરડી બતાવી. ઓરડીની અંદર આવીને તેણે મારી સામે થાળી ધરી, ને તેમાંનું ભોજન લઈ લેવાનું કહ્યું. મને ખૂબ આશ્ચર્ય થયું. બાઈ ઘણી સ્વરૂપવાન હતી. તેણે સુંદર વસ્ત્રો પહેર્યાં હતા, ઘરેણાં પણ ઘણા પહેર્યાં હતા. તેમની આકૃતિ પરથી તે કોઈ મારવાડી બાઈ હોય તેમ લાગતું હતું. મેં તેનું ભોજન લેવાની ઘણી આનાકાની કરી. પણ તેનો આગ્રહ જોઈને છેવટે તે લઈ લીધું. અજાણી બાઈ મારી પાસે ક્યાંથી ને કેવી રીતે આવી હશે તે વિશે વિચાર કરતાં મેં તેની પ્રસાદી લીધી. ખોલીને જોયું તો મને વધારે આશ્ચર્ય થયું. બાઈએ અમારે માટે ગરમ પુરી, શાક ને જલેબી આણી હતી.. જલેબી જોઈને માતાજીને પણ આનંદ થયો. પ્રભુની કૃપા ને તેની લીલા વિના આમાં બીજું શું હોઈ શકે, એમ માનીને અમે સમાધાન કર્યું. બાઈ તો તરત જ રવાના થઈ. તે ક્યાં ગઈ તેની ખબર ના પડી. પછી તે દેખાઈ જ નહિ. આવા પ્રસંગથી ઈશ્વરની કૃપામાં અમારી શ્રદ્ધા વધે એ દેખીતું હતું.

ભગવાનની કૃપાના પ્રસંગો સાધકોના જીવનમાં વધારે કે ઓછા પ્રમાણમાં બન્યા જ કરે છે. પ્રભુનું સ્મરણ મનન કરનારને તેનો અનુભવ થઈ શકે છે. માટે પ્રેમપૂર્વક પ્રભુસ્મરણ કરો ને પ્રભુના પ્રેમી બનો. તમે તમારૂં કામ કરો, એટલે કે પ્રભુસ્મરણ કરો. આગળનું કામ પ્રભુ પોતે સંભાળી લેશે. તે તમારો વાળ પણ વાંકો થવા નહિ દે.

### [ ૧૫ ] જીવનનું મંગલ

આ બધી વાતનો અર્થ એવો નથી કે માણસે કંઈ જ ના કરવું ને હાથપગ જોડીને બેસી રહેવું. ના એવું સમજવામાં ભૂલ છે. માણસની અંદર લાગણી ને વિવેક છે, ત્યાં સુધી તેણે સાવધ રહીને પોતાની સંભાળ રાખવી જોઈએ. છતાં સાધારણ માણસ પણ ઈશ્વર પર શ્રદ્ધા રાખે, ને તેની કૃપાથી બધું આવી મળે છે એમ સમજે, તો તેને લાભ થશે. ઈશ્વર પર શ્રદ્ધા રાખીને ઈશ્વરને પોતાના રક્ષક માનીને, તેણે કામકાજ કરતા રહેવું જોઈએ. જેમને ઈશ્વરનાં ચરણોમાં પરમ પ્રેમ છે, તેમની વાત જુદી છે. તે તો રાતદિવસ ઈશ્વરનાં સ્મરણ ને રટણમાં મગ્ન રહે છે. ઈશ્વર વિના તેમને કોઈ આધાર નથી. ઈશ્વર વિના તેમનું પ્રેમપાત્ર સંસારમાં બીજું કોઈ નથી. તેમણે પોતાનો બધો ભાર ઈશ્વરને સોંપ્યો હોય છે. ઈશ્વરની કૃપાના ચાતક બનીને તે જીવન પસાર કરે છે. તેમના જીવનની રક્ષા કરવાનું કામ પણ ઈશ્વર જ કરે છે.

ભગવાન પોતાના ભક્તોની રક્ષા કરવા સદાય તૈયાર રહે છે. છતાં આપણે તેમની ભક્તિ કરતા નથી, ને તેમનું શરણ લેતા નથી એ આશ્ચર્ય છે. ભગવાનનું શરણ લેવાથી આપણે નિર્ભય બની જઈએ ને ચિંતારહિત થઈએ. લાંબે વખતે તેમનું દર્શન કરીને કૃતાર્થ પણ બની શકીએ. છતાં આવા સર્વ પ્રકારે કલ્યાણ કરનારા ભગવાનને ભૂલીને આપણે રાત દિવસ સંસારમાં ફર્યા કરીએ છીએ ને દુઃખ તથા દરિદ્રના ભોગ બનીએ છીએ તે ખરેખર આશ્ચર્ય છે. માણસો બેડીથી બંધાયેલા છે. બેડીના બંધનમાંથી છૂટવાનો ઉપાય પણ તેમને બતાવવામાં આવે છે. તે ઉપાયને અજમાવવાથી તે કાયમને માટે સુખી થઈ શકે તેમ છે છતાં પણ તે

ઉપાય કરતાં નથી, ને જીવનનાં જીવન સુધી બંધાયેલા જ રહે છે, એ આશ્ચર્ય જ છે. સમજુ માણસોએ તો બંધનને તોડવાનો ઉપાય અજમાવવો જોઈએ.

જુઓને, પ્રભુની દયા કેવી અપાર છે ! બાળકના જન્મ પહેલાં જ માતાના શરીરમાં તેની દયાથી દૂધ પ્રગટ થાય છે. હાડકાં ને માંસની વચ્ચે થનારી આ દૂધની રચના કેટલી અજબ છે ! સંસારની કોઈયે રચના સાથે તેની સરખામણી થઈ શકે તેમ છે ? અથવા તો સંસારનાં કોઈયે માનવીથી તેવી રચના થઈ શકે તેમ છે ? કોશેટામાં રહેનારા કીડાનો વિચાર તો કરો. તેને ખોરાક પૂરો પાડનારી શક્તિ કેટલી બધી શક્તિશાળી હશે ? કીડીને કણ ને હાથીને મણ આપનાર ઈશ્વર તેનું પોષણ કરે છે. જલમાં ને વાયુમંડળમાં વસનાર હજારો જીવોને જીવન આપનાર તે જ છે, છતાં માણસ તે વિરાટ શક્તિને ભૂલી જાય છે તે આશ્ચર્ય છે. તેથી જ તે દુઃખી થાય છે, ને અશાંતિનો ઈજારો લઈને ફરે છે. એ દશામાંથી મુક્ત થવા માટે તેણે ઈશ્વરને પ્રેમ કરવાની જરૂર છે. ઈશ્વરના સતત સ્મરણમાં લાગી જવાની જરૂર છે. કીડી ખૂબ નાની છે. પણ તેનો પુરૂષાર્થ કેટલો બધો ભારે છે ! જમીન પર થઈને તે ઝડપથી દોડી જાય છે. તેને જરા ઊભા રહેવાનું કહો તો શું તે ઊભી રહેશે કે ? ના, તે તો પોતાના કામમાં રત છે. આળસુ થઈને વખત ખોવાનું તેને પાલવે તેમ નથી. તમે પણ તેવી રીતે પુરૂષાર્થી બનો ને ઈશ્વર સ્મરણમાં સતત રીતે લાગી જાવ તો સુખી બનશો. ભગવાનને ભૂલવાથી આ સંસારમાં કોઈ સુખી થઈ શક્યું હોય તો કહી બતાવો. ભગવાનને ભૂલવાથી કોઈને બંધનમાંથી મુક્તિ મળી હોય, ને પૂર્ણતા સાંપડી હોય તો કહી બતાવો. ભગવાનને ભૂલવાથી જીવનમાં કોઈને ઉત્તમ ગતિ મળી શકી નથી. એ વાત યાદ રાખો, ભગવાનને નિરંતર રટવાનું વ્રત લઈ લો. આ શરીરને ભગવાન ને ભગવાનના સ્વરૂપ જેવા સંસારની સેવા માટે વાપરવા સંકલ્પ કરી લો. આ સુંદર સંસારમાં શ્વાસોશ્વાસ લેવાનું મળ્યું છે, તે પુરૂં થાય તે પહેલાં જીવનનું મંગલ કરી લો.

### [ ૧૬ ] સ્વર્ગ કરતાં પૃથ્વી ઉત્તમ છે

સ્વર્ગ મેળવવાની ઈચ્છાવાળા માણસે યજ્ઞ કરવો એમ કહેવામાં આવ્યું છે. ગીતામાતા કહે છે કે યજ્ઞ કરનારને જો તેની ઈચ્છા હોય તો સ્વર્ગ મળે છે. સ્વર્ગલોક મૃત્યુલોક કરતાં વધારે સુખમય છે, પણ મૃત્યુલોકથી ઉત્તમ નથી. સ્વર્ગલોક તો એક જાતની ભોગભૂમિ છે. તે ભૂમિના ભોગ પૂરાં થતાં જીવાત્માએ ફરી મૃત્યુલોકમાં આવવું પડે છે. મૃત્યુલોકમાં જો તે પ્રભુનું શરણ લે, ને જ્ઞાન, ભક્તિ કે યોગનો આધાર લે, તો તેને મુક્તિ મળે. ગીતામાતાના કહેવા પ્રમાણે મૃત્યુલોકનું મૂલ્ય ઘણું મોટું છે. આપણે બધા મૃત્યુલોકના માનવીઓ છીએ, પણ સ્વર્ગના દેવતા કરતાં આપણું સ્થાન જરા પણ ઉતરતું નથી. તેમના કરતાં આપણુ ભાગ્ય ઘણું મોટું છે, ફક્ત તે ભાગ્યનો આપણે ઉપયોગ કરવાનો છે. આપણી અંદરની દાનવતાને દૂર કરી સાચા માનવ થવા કોશિષ કરવાની છે, ને પછી પ્રભુપરાયણ થઈને આપણે દેવતા બનવાનું છે. આ બધું કરવામાં આ મૃત્યુલોક જ ઉત્તમ ક્ષેત્ર છે. આ ક્ષેત્રમાં તમે જેવું બી નાખશો તેવું ઊગી નીકળશે. માટે સારું બી નાખવા સદાય તૈયાર રહો.

કેટલાક માણસો કહે છે કે આ પૃથ્વી જેવી ગંદી જગા બીજા કોઈ નથી. આપણને તો સ્વર્ગમાં રહેવા મળ્યું હોત તો સારૂં. પણ તેવા માણસોએ પોતાની ભૂલ સમજી લેવી ઘટે છે. પૃથ્વી ગંદી જ છે એમ માની

લેવાને કોઈ કારણ નથી. તળાવમાં કાદવ ને કમળ બંને છે. ચંદ્રમામાં પણ પ્રકાશ ને કાળાશ બે સાથે વસે છે. બદરીનાથના પ્રદેશમાં એક બાજુ બરફ જેવા ઠંડા પાણીવાળી અલકનંદા નદી વહી જાય છે. તેમાં આંગળી બોળો તો તે કળી પડે તેવું થાય. પછી ન્હાવાની હિંમત તો કોની ચાલે ? પણ અલકનંદાની બીજી બાજુ કિનારા પાસે જ, ઉકળતા પાણીના કુંડ છે. તેમાંથી વરાળ નીકળે છે. યાત્રી તેમાં સ્નાન કરે છે. પ્રભુની લીલા કેવી અજબ છે ! કુદરત કેટલી અજાયબીથી ભરેલી છે ! આપણી પૃથ્વીમાં પણ તે પ્રમાણે સારી ને નરસી બે જાતની વસ્તુઓ રહેલી છે. ભલા ને બુરા બંનેનો તેમાં વાસ છે, ને સુગંધ તથા દુર્ગંધ બંનેનું તેમાં દર્શન થાય છે. કૃષ્ણ ને કંસ ને રામ ને રાવણ બંનેનો તેમાં વાસ છે. ઈશ્વર ને શયતાન બંનેની તે ક્રીડાભૂમિ છે. તેનો તિરસ્કાર કરવાની જરૂર નથી.

તમારે શું જોઈએ છે તે તમે પસંદ કરી લો, પછી ચિંતા કરવાનું કોઈ કારણ નથી. પૃથ્વીનો તિરસ્કાર ને સ્વર્ગની ઈર્ષા કે આશા કરવાની જરૂર નથી. કેમ કે તેથી કોઈ હેતુ નહિ સરે. જે પૃથ્વી પર આપણે વસીએ છીએ, ને જેની સાથે આપણું ભાગ્ય જડાયેલું છે. તે પૃથ્વીને પ્રેમ કરવા, સુંદર કરવા ને તેનાથી લાભ ઊઠાવવા આપણે તૈયાર થવું જોઈએ. એમ કરવાથી આપણે પૃથ્વીને સ્વર્ગમય કરી શકીશું. પોતપોતાના જીવનને સુંદર બનાવવાનો જો બધા જ પ્રયાસ કરે તો પૃથ્વી વધારે સુંદર બને એમાં શંકા નથી. પૃથ્વીમાં કેટલીક ગંદકીને માણસે પોતે પોતાને હાથે ઊભી કરી છે, ને કેટલીક ગંદકી તે પોતે પોષે છે. તેને દૂર કરવાનો પ્રયાસ કરીને તે સંસારમાંથી નરકની નિશાની દૂર કરી શકે, ને સ્વર્ગનું સર્જન કરી શકે.

સ્વર્ગ કોઈ ઈર્ષા કરવા જેવી વસ્તુ નથી. સ્વર્ગમાં અપ્સરાઓ મળશે, આનંદ મળશે, પણ ભગવાનની પ્રાપ્તિ તો આ પૃથ્વી પર જ થઈ શકશે. પૂર્ણ જીવનની સાધના પણ આ પૃથ્વી પર ને આ પંચમહાભૂતના શરીર દ્વારા જ થઈ શકશે. માટે પૃથ્વીને પ્રેમ કરો, ને સ્વર્ગનાં નકામા સ્વપ્ના છોડી દો અથવા તમે જેવા સ્વર્ગની ઈચ્છા કરતા હો તેવા સ્વર્ગની રચના આ પૃથ્વી પર જ કરવાનો પુરૂષાર્થ કરો. પ્રભુ તમને જરૂર સફળ કરશે. સ્વર્ગ ગમે તેવું સારું હોય તો પણ શું ? તેના સ્વપ્નાં સેવવાથી શું વળશે ? આપણે તો પૃથ્વી પર જ રહેવાનું છે. એટલે આપણે તો પૃથ્વી સાથે જ કામ છે.

જે સતી છે તે પોતાના પતિને જ પ્રેમ કરે છે. તેને કહો કે બીજો પુરૂષ વધારે નિરોગી ને સુંદર છે, માટે તું તેને ભજ તો શું તમારી વાત તે માની લેશે ? તે તો તરત જવાબ દેશે કે હું તો સતી છું. મારાથી વેશ્યા થઈ શકાય નહિ. બીજો પુરૂષ ગમે તેવો કોડીલો કે કામણગારો હોય, અગ્નિની સાક્ષીએ હું જેની સાથે ફેરા ફરી છું, ને જેને મેં દીલ દીધું છે, તેનાથી સુંદર કે શ્રેષ્ઠ મારે મન બીજો કોઈ નથી. માટે હું તો તેની જ સેવા કરીશ ને તેને જ ભજીશ.

એક ગરીબની ઝૂંપડી સામે કોઈ શ્રીમંતે પોતાનો મહેલ ઊભો કરી દીધો. દેખીતી રીતે તે ઘણો જ સુંદર લાગે છે પણ તેથી શું ગરીબ માણસ પોતાની નાની સરખી ઝૂંપડીને તોડી પાડશે ? અથવા તો ઝૂંપડીમાં રહેવાનું બંધ કરશે ? પોતાના પરિવાર સાથે ઝૂંપડીમાં તેને જે નિર્દોષ આનંદ મળી રહ્યો છે, તેને લીધે ઝૂંપડી તેને મન મહેલથી પણ મહાન ને વૈકુંઠપુરી જેવી બની ગઈ છે. તેનો તિરસ્કાર કરી મહેલમાં રહેવાનો નિરર્થક સ્વપ્નાં તે સેવશે કે ?

આપણા નાના સરખા ઘરની બાજુમાં મીઠાઈનું બજાર હોય તેથી શું થયું ? મીઠાઈને જોઈને આપણે રોટલા પ્રત્યે સૂગ કેળવવાની જરૂર નથી. મીઠાઈ સુંદર લાગે તો પણ રોજરોજ તેના પર રહેવાનો ધંધો આપણને ભારે પડી જશે. શરીરને બગાડી નાખનારો સાબિત થશે. પણ રોજનો રોટલો આપણને જરૂરી તાકાત આપી રહેશે. તેવી જ રીતે આપણને આ પૃથ્વીનું સમજી લેવાનું છે. ગામમાં નદી ન હોય તેથી કાંઈ મીઠા પાણીના કૂવાઓને તોડી પાડવાની જરૂર નથી. બગીચામાં આપણા મનપસંદ ફૂલને ઉગાડવા માટે બીજાં બધાં જ ફૂલ સાથે આખા બગીચાને તોડી પાડવાની જરૂર નથી.

જે પૃથ્વી પર શ્વાસ લેવાનો છે તેને આપણે પૂજવી જોઈએ; જનેતાની જેમ સન્માનવી જોઈએ; ને તેને સર્વોત્તમ સમજીને હૃદયમાં સ્થાન આપવું જોઈએ. જરા વિચાર તો કરો કે આ પૃથ્વીની શોભા કેવી અનેરી છે ! તેનો સૌથી મોટો ગુણ એ છે કે માણસને તે બધાં જ બંધનોથી મુક્ત કરે છે, ને પરમાત્માની પાસે પહોંચાડે છે. એ ગુણ ઘણો મોટો છે તેને લીધે તેની કિંમત પણ ઘણી મોટી થઈ જાય છે.

**[ ૧૭ ] સ્વર્ગ વિશે વિચાર**

આપણે ત્યાં કેટલાક વિદ્વાનો છે. તેમની માન્યતા મુજબ સ્વર્ગ ને નરક આ પૃથ્વી પર જ છે. જુઓને, માણસ સુખી છે ને દુઃખી પણ છે. કેટલાકને ખાવાનું મળે છે, ને ખૂબ મળે છે, તો કેટલાકને છેક ભૂખ્યા રહેવું પડે છે. કોઈ આલીશાન ઈમારતમાં રહે છે, તો કો'ક ગંદા ઘરમાં, ને કોઈકને તો ઘર પણ નથી. કોઈની પાસે ઘણાં કપડાં છે, તો કોઈની પાસે શરીર ઢાંકવાનું પૂરતું સાધન પણ નથી. કોઈ નિરોગી છે, તો કોઈ રોગમાં સબડી રહ્યા છે. કોઈ સંયમ સાધે છે, તો કોઈ સ્વચ્છંદતા કરે છે. કોઈ અત્યાચાર, અનાચાર ને પશુને પણ શરમાવનારા ભોગવિલાસ કરી પોતાને ને બીજાને જીવતા દોજખમાં ધકેલી દે છે. કોઈના વિચાર પવિત્ર છે તો કોઈના છેક મેલાં. કોઈના કર્મ સારાં ને બીજાને ઉપયોગી છે, તો કોઈનાં છેક જ નઠારાં, ને પોતાનું ને બીજાનું અમંગલ કરનારાં, આ બધું શું સ્વર્ગ ને નરકનું સૂચન નથી ?

આ સંસારની તપાસ કરો તો સ્વર્ગ ને નરકનાં આવાં કેટલાય ચિત્રો જોવા મળશે. આ ચિત્રો માણસે પોતે ઊભા કર્યા છે, દોર્યા છે, ને માણસ પોતે તેમને દૂર કરી કે સુધારી શકે છે. વાત સાચી છે. આ વિચારને આપણે સારો માનીને આવકારીએ છીએ, પણ બીજા કેટલાક વિદ્વાનો કહે છે કે આ પૃથ્વીઓ જેવી ન જાણે કેટલી પૃથ્વીઓ આ બ્રહ્માંડમાં છે. આપણે હજી તેને જાણી શક્યા નથી. આપણા ઋષિઓ પાસે ઈશ્વરની કૃપાથી મળેલી દૈવી દૃષ્ટિ હતી, તેથી તે બ્રહ્માંડના ને શરીરની અંદરના રહસ્યને જાણી શક્યા છે, ને તેનું વર્ણન કરી ગયા છે. તેમના એ જ્ઞાનનો વારસો આપણે શા માટે ન લેવો ? તેને લેવામાં કે સ્વીકારવામાં કાંઈ જ હરકત નથી. તે તો કહે છે કે પૃથ્વીના જેવું સ્વર્ગ પણ એક લોક છે. ને એવા તો ન જાણે કેટલા લોક છે ! આપણે તેમની માન્યતાને પણ સાચી માનીશું ને સ્વીકારીશું.

તે ઉપરાંત, વિદ્વાનોનો એક બીજો વર્ગ પણ છે તે કહે છે કે સ્વર્ગ આ પૃથ્વીમાં જ છે. આ પૃથ્વીના જ એક પ્રદેશને સ્વર્ગ કહેવામાં આવે છે. પોતાની માન્યતાને વધારે ચોખ્ખી કરતાં તે કહે છે કે હાલ જે પ્રદેશ તિબેટને નામે ઓળખાય છે, તે જ જુના વખતનાં શાસ્ત્રોમાં કહેલું સ્વર્ગ છે, ને હાલનું અમેરિકા પાતાળ છે, હાલનો બ્રહ્મદેશ તે પ્રાચીનકાળનો બ્રહ્મલોક છે. ત્યાંનો રાજા બ્રહ્મા કહેવાતો. વાત સારી છે ને, ને કેટલાક

સારા મનાતા વિદ્વાનો તરફથી તેને રજુ કરવામાં આવે છે. વાત જરા નવી લાગે તેવી છે એટલે કેટલાક માણસોને બહુ આકર્ષે છે. પણ તેના વિશે નક્કી અભિપ્રાય આપતાં પહેલાં થોડોક વિચાર કરવાની જરૂર છે.

આપણે ત્યાં શાસ્ત્રોમાં સ્વર્ગ વિશે કેટલાક ઉલ્લેખ છે. તે પ્રમાણે સ્વર્ગમાં દેવો રહે છે, તેમજ સુંદર અપ્સરાઓ વાસ કરે છે. તે દેવો ને અપ્સરાઓ ઈચ્છા પ્રમાણે શરીર ધારણ કરીને પૃથ્વીના ગમે તે ભાગમાં વિચરણ કરે છે. તે આકાશગમન કરી શકે છે તથા વરદાન આપવાની શક્તિ ધરાવે છે. ઘણું દાન ને પુણ્ય કરનારા તથા યજ્ઞ કરનારા જીવો ત્યાં જાય છે. યુધિષ્ઠિર જેવા મહાપુરૂષો ત્યાં જઈ શક્યા છે. ગંગાજી સ્વર્ગથી આવ્યા એમ કહેવાય છે. યુધિષ્ઠિર ને ગંગા હિમાલયમાં થઈને જ પોતાનો માર્ગ કરે છે. તે પરથી સ્વર્ગ એ તરફ છે એમ કેટલાકનું કહેવું છે. છતાં સ્વર્ગનો બીજો ઉલ્લેખ જુઓ. કઠોપનિષદમાં બાળક નચિકેતા ને યમની વાત આવે છે. તેમાં નચિકેતા કહે છે કે સ્વર્ગલોકમાં કોઈ જાતનો ભય નથી. ત્યાં મૃત્યુનું ચક્ર ચાલતું નથી તેમજ ઘડપણ આવતું નથી. ભૂખ ને તરસ બન્નેથી મુક્ત થઈને ત્યાંના જીવો સદાને માટે આનંદ કરે છે. સ્વર્ગનો આ ઉલ્લેખ બીજા શાસ્ત્રોમાં પણ જાણીતો છે.

હવે તમે એની સાથે તિબેટની અત્યારની દશાનું ચિત્ર સરખાવી જુઓ ને વિચારી જુઓ કે એ ઉલ્લેખ સાચો ઠરે છે ? તિબેટનું કુદરતી સૌંદર્ય ગમે તેવું હોય તેની સાથે આપણને ખાસ લેવાદેવા નથી. આપણે તો તિબેટના લોકોની દશાનો વિચાર કરવાનો છે. શું તિબેટના લોકો દેવ જેવા શક્તિવાળા ને રૂપાળા છે ? ત્યાંની સ્ત્રીઓ શું અપ્સરા જેવી સુંદર છે ? રંભા ને તિલોત્તમાની વંશજ જેવી સ્ત્રીઓ ત્યાં વસે છે ? શું ત્યાંના લોકોને ઘડપણ નથી આવતું ? ઠંડીને લીધે યુવાની લાંબી દેખાતી હોય તો ભલે પણ તેને અંતે પણ શું ઘડપણ નથી આવતું ? શું ત્યાંની પ્રજા ભૂખ ને તરસથી મુક્ત છે ? તિબેટ ઠંડો દેશ છે એટલે ત્યાંની પ્રજાને તરસ ઓછી લાગે એ સમજી શકાય તેવું છે. પણ શું ભૂખ પણ તેમને નથી લાગતી ? શું ત્યાંની પ્રજાને કોઈ દુઃખ નથી ને સદાને માટે આનંદ જ આનંદ છે ?

તિબેટની દશાની જેમને ખબર છે, તે તો તરત કહેશે કે ના, તિબેટની દશા તેવી નથી. ત્યાંની પ્રજા દુઃખી છે, અભણ છે, સંસ્કાર વિનાની છે. જીવનની જરૂરતો તેમને ભારે મુશ્કેલીથી મળી શકે છે, અન્ન ને વસ્ત્રની સમસ્યા તેમને માટે ભારે મૂંઝવનારી છે. ભૂખ તો તેમને ખૂબ લાગે છે, ને જે જાતનો ખોરાક તે ખાય છે, તે દેવો તો શું પણ આપણા જેવા સાધારણ માણસોને પણ ભાગ્યે જ ગમે. પુરાણકાળના દાનવોને મળતો તેમનો આહાર આપણને કેવી રીતે ગમી શકે ? ઘડપણ ને રોગ તથા મરણનું જોર તિબેટમાં સારા પ્રમાણમાં છે. ચોર ને લૂંટારાનો ત્રાસ પણ ભારે છે એટલે ભય પણ છે જ. ત્યાંના લોકો આકાશગમન તો શું, પણ સાધનોના અભાવને લીધે પૂરેપૂરું ને સલામત રીતે પૃથ્વીગમન પણ કરી શકતા નથી. એને જ જો સ્વર્ગ કહેવામાં આવે તો તે સ્વર્ગ તમને જ ભલે મુબારક હો ! અમારે તે સ્વર્ગનું કામ નથી, ને તેવા સ્વર્ગમાં રહેવા જવાની અમારી ઈચ્છા પણ નથી. જો એવા સ્વર્ગમાં જવા માટે ઢંઢેરો પીટાવવામાં આવે, તો ભાગ્યે જ કોઈ માણસ ત્યાં જવા માટે તૈયાર થશે. સ્વર્ગના સુખોનાં ગુણગાન ગાનારા આપણા વિદ્વાનો પણ ત્યાં જઈને વાસ કરવા ભાગ્યે જ તૈયાર થશે.

આ વાત સાચી છે. તિબટને સ્વર્ગ કહેવાનું આપણને મન નથી થતું. સ્વર્ગના વર્ણનને મળતી કોઈયે વસ્તુ ત્યાં ક્યાં છે ? તે વિના એને એમ ને એમ સ્વર્ગ કેવી રીતે કહી શકાય ? કોઈ કહેશે કે તિબેટની દશા

હાલ ખરાબ હશે. પણ પહેલાંના વખતમાં તેવી નહિ હોય, તે વાત ઈતિહાસકારોના નિર્ણયની છે. તે ભલે તેની શોધખોળ કરે. આપણે તો કહીશું કે શાસ્ત્રોમાં કરાયેલું સ્વર્ગનું વર્ણન કાયમનું વર્ણન છે. જૂના ને નવા બધા કાળને માટે તે સાચું છે. એટલે આ વિદ્વાનોની માન્યતા વિશે આપણે એટલું જ કહીશું કે માન્યતા બરાબર નથી, પણ પાંગળી ઠરે છે, એટલે અનુભવનો આધાર લો. આપણા ઋષિઓએ ઊંડા અનુભવો કરીને આ બધી વાતો આપણી સામે રજૂ કરી છે. તેમને ટાઢાં પહોરનાં ગપ્પાં મારવાની જરૂર નથી, કપોલકલ્પિત સમજવાની પણ જરૂર નથી. તમારી સમજમાં તે વાતો ના આવે, તો ખામોશી રાખો. અનુભવ કરો ને પછી જ કોઈ નિર્ણય પર આવો. જે અનુભવની વાત છે, તેનો ઉકેલ એકલી બુદ્ધિ નહિ લાવી શકે.

આની સાથે સાથે એ વાત પર આપણે બધાનું ધ્યાન દોરીશું કે આપણી આ પૃથ્વીને પવિત્ર, શાંતિમય ને સુખમય કરવા આપણે બનતો પ્રયાસ કરીએ. પૃથ્વી પરથી દુઃખ, દર્દ, શોષણ, ભૂખમરો ને ત્રાસનો અંત લાવીએ. સેવા, સંપ, પ્રેમ ને સહકારના મંત્રને અપનાવીએ, ને સંસારને સ્વર્ગમય કરીએ. આપણા ને બીજાં બધાનાં જીવનને પવિત્ર, સુખી ને સમૃદ્ધ કરવાનો પ્રયાસ કરીએ, ને તે માટે નિસ્વાર્થ સેવારૂપી કર્મનો યજ્ઞ કરીએ. બીજા યજ્ઞો કરનારાને મર્યા પછી સ્વર્ગ મળે છે. એ વાત શાસ્ત્રોએ કહેલી છે. પણ આપણે જે સ્વર્ગ મેળવવું છે તે માટે મરણ પછીના બીજા જીવનની જરૂર નથી. ઉત્તમ કર્મોનો યજ્ઞ ચાલુ કરો એટલે આ જ જીવનમાં તમારે અને બીજાને માટે સ્વર્ગ ઉતારી શકશો એ ચોક્કસ છે. માટે ઉત્તમ વિચારો કેળવો. સદ્‌ગુણોની મૂર્તિ બનો. દુર્ગુણોને ભસ્મિભૂત કરી દો. વાસના ને ખોટા વિકારોની આહુતિ આપી દો. જીવનને સુખમય કરવા માટે આ કામ વહેલામાં વહેલું શરૂ કરો.

આજે હોળી છે, પણ વધારે ભાગના માણસો શું કરશે ? લાકડાં ભેગાં કરીને બાળી મૂકશે. સારાં કપડાં પહેરશે, ને ખાશે પીશે ને મજા કરશે. એવી ક્ષણિક મજાથી શું વળે ? કાયમની ને સાચી મજા મેળવવા માટે અસત્ય ને બુરાઈની હોળી કરવા કાયમને માટે તૈયાર રહેવું જોઈએ. ને સૌના સ્વામી, સખા ને સુહૃદ પરમાત્માનું શરણ લેવું જોઈએ. ત્યારે જ જીવનમાં કાયમી આનંદ મળી શકે ને સંસાર સ્વર્ગમય બને. એટલે દિલમાં જે દાનવ બેઠો છે તેને દૂર કરીને સાચા માનવીની સ્થાપના કરો, ને તેને વિકસીને દેવ બનવા દો એટલે અંતરમાં સ્વર્ગ ઉતરશે, રોમેરોમમાં સ્વર્ગ ઊતરશે ને જ્યાં જશો કે જીવશો ત્યાં સ્વર્ગ ને સ્વર્ગ જ વિલસશે.

**[ ૧૮ ] બધું ભગવાનને અર્પણ કરો**

ભગવાન કહે છે કે જે પ્રેમ કરીને મને પત્ર પુષ્પ, ફળ કે પાણી અર્પણ કરે છે. તેની અર્પણ કરેલી વસ્તુને હું સ્વીકારું છું ને આરોગું છું. એટલે કે ભગવાનના ચરણમાં પ્રેમપૂર્વક ધરેલી બધી વસ્તુ ભગવાનને પહોંચી જાય છે. ભગવાન ભક્તની અર્પણ કરેલી વસ્તુ તેના દેખતા આરોગે છે પણ ખરા. ફક્ત તે માટે ભક્તના દિલમાં ભાવ હોવો જોઈએ. નામદેવ બાળક હતા છતાં તેમના દિલમાં ભગવાનને દૂધ પાવાની તાલાવેલી લાગી ગઈ તો ભગવાને તેમની સામે સાક્ષાત્ થઈને દૂધ પીધું. એવી તાલાવેલી કોના દિલમાં છે ? આજે તો માણસો કોઈ રોજીંદ્દ કામ કરતા હોય તેમ ભગવાનને પ્રસાદ ધરે છે. ભગવાન તેમના પ્રસાદની ફક્ત સુવાસ લે છે, એથી તેમને સંતોષ લાગે છે. જો પ્રકટ થઈને કે પ્રકટ થયા વિના, ભગવાન બધો પ્રસાદ

આરોગી જતા હોત, તો વધારે ભાગના ભક્તો બીજી વાર પ્રસાદ કરતાં પહેલાં વિચાર કરત. માણસ જો ભાવવિભોર બની જાય, ને પોતાનો પ્રસાદ ખાવાનો ભગવાનને નામદેવની જેમ આગ્રહ કરે, તો આજે પણ તે જરૂર સફળ થાય. ભગવાન તેની ભાવના જરૂર પૂરી કરે.

એટલું બધું કરવાની શક્તિ ના હોય તો એક બીજો માર્ગ પણ છે. તમારી પ્રત્યેક ક્રિયાનો સંબંધ ભગવાનની સાથે જોડી દો. એમ કરવાથી તમારા જીવનમાં મહત્વનો ફેરફાર થઈ જશે ને તમને ખૂબ લાભ થશે. નાની કે મોટી કોઈયે ક્રિયા ભગવાનને અર્પણ કરતાં શીખી લો. તેથી તેની ભાવના ને તેના સ્વરૂપમાં ફેર પડી જશે. જુઓ, ખાવાની ક્રિયા તદ્દન સાધારણ છે. પણ તેમાં ભગવાનને ભેળવી દો એટલે તે અસાધારણ બની જશે. કેટલાક માણસો યંત્રની જેમ ખાય છે. ટપાલની પેટીમાં કાગળ નાખીએ તેમ મોઢામાં ખોરાક નાખતા જાય છે. પૂરું ચાવતા નથી ને શાંતિ પણ રાખતા નથી કેટલાક માણસો ખાતી વખતે રોષ ને શોક થાય કે ચિંતા ફેલાય ને ભોજનનો આનંદ ઉડી જાય એવી વાતો રજૂ કરે છે. કેટલીક સ્ત્રીઓને એવી ટેવ હોય છે કે જમતી વખતે પુરૂષોને ઠપકો આપે અથવા પુરૂષની પાસે ઘરનો ઈતિહાસ રજૂ કરે, ને પુરૂષ જમી લે ત્યાં સુધી તે ચાલ્યા જ કરે. પુરૂષનું મન જ એથી બગડી જાય. કેટલાક પુરૂષો પણ એવા હોય છે. તેમના તીખા વર્તનથી સ્ત્રીઓનો જમવાનો વખત પણ સુધરતો નથી. એવા માણસોએ સુધરવું જોઈએ.

ખોરાક ખાવો એ એક કળા છે. તેની અસર જીવન પર બહુ ભારે પડે છે. શરીરની ને મનની સુખાકારી પણ તેના પર આધાર રાખે છે એટલે તે કળાને સમજી લેવાની જરૂર છે. ખોરાકનો એકેક ગ્રાસ ખાતી વખતે ખૂબ શાંતિ રાખવી. એવો વિચાર કરવો કે શરીરની અંદર બેઠેલા દેવતાને આ પ્રસાદ અર્પણ કરવામાં આવે છે. તેમાંથી શુદ્ધ લોહી બનશે, ઉત્તમ પ્રકારનું બળ મળશે, ને તે દ્વારા ઉત્તમ કામ કરી શકાશે. વળી જમતા પહેલાં અન્ન મનોમન ભાવના કરીને ભગવાનને અર્પણ કરવું તેથી તે પ્રસાદમય બનીને તન ને મનને પવિત્ર કરશે. જેમને જમાડવામાં આવે છે તે ભગવાનના સ્વરૂપ છે એમ સમજવું. તેથી તેમની સાથેનો વ્યવહાર સરલ, સાફ ને પ્રેમમય બનશે. ને જમનાર તથા જમાડનાર બંનેને આનંદ મળશે. આ વાત ફક્ત ઘરનાં માણસો પૂરતી લાગુ નથી પડતી. બહારનાં માણસોને માટે પણ આ વાત સાચી સમજવાની છે. આપણે ત્યાં કોઈ અતિથિ આવે તો તેને ભગવાનનું સ્વરૂપ જ સમજવાની ટેવ પાડવી. આપણે જમવા બેઠા હોઈને, ને કોઈ બીજો ભૂખ્યો માણસ આપણે ત્યાં આવે, તો આપણા ભોજનમાંથી તેની તૃપ્તિ માટે ભોજન જરૂર આપી દેવું. તેમ કરવાથી આનંદ મળી શકશે.

હિમાલયમાં ગંગોત્રીથી આગળના સ્થાનમાં એક મહાત્મા રહેતા હતાં. અમે જ્યારે ગંગોત્રી ગયા ત્યારે તેમની મુલાકાત થઈ હતી. તેમના સ્થાનની પાસે ગંગાજી વહી રહ્યાં હતાં. અમે ગયા એટલે તેમણે અમને સત્કાર્યા. તેમના હાથમાં માળા હતી. આશ્રમમાં બીજા શિષ્યો પણ હતા. મહાત્માજીની ઉંમર ઘણી હતી. તે વારંવાર 'જગદીશ જગદીશ'ના જપ કર્યા કરતા. સાંજ પડવાની તૈયારી હતી એટલે અમે જવાની ઊઠવાની રજા લીધી, પણ તેમણે અમને ખૂબ આગ્રહ કરીને જમવા બેસાડ્યા. તે ફલાહાર કરતા. તેમના શિષ્યોએ કહ્યું કે દિવસ દરમ્યાન જે કોઈ આવે તેમને જમાડવાનો તેમનો નિયમ હતો. સાંજ પડ્યા પછી તે દિવસમાં એકવાર જમતા. બધામાં તે જગદીશનું દર્શન કરતા હતાં. એટલે જે આવે તેને જમાડવામાં તેમને અજબ આનંદ આવતો. બીજાને જમાડવાથી તેમને શું મળતું હશે તે કોણ કહી શકે ? પણ એટલું તો સહેજે કહી

શકાય તેમ છે કે બીજાને જમાડીને પાછળથી જમનાર તે મહાત્માનું હૃદય ઘણું વિશાળ, પ્રેમાળ ને ઉદાર હોવું જોઈએ. તમે પણ જો એકલપેટા ના બનો, ને બીજાને ખવડાવીને ખાવામાં આનંદ લો, તો તમારૂ હૃદય વિશાળ, ઉદાર ને પ્રેમમય બની જાય. તમે ખાવાની નાની સરખી ક્રિયા દ્વારા આ રીતે પ્રભુની પાસે પહોંચી શકો છો.

ભગવાન કહે છે કે જે જે કરો છો તે મારે ચરણે ધરો; જે ખાઓ તે પણ મને અર્પણ કરો ને જે તપ કરો તે મારે માટે જ કરો ને મને અર્પણ કરો. તપશ્ચર્યાને ભગવાનને ચરણે કેવી રીતે ધરી શકાય ? એક રીત તો એ છે કે માણસે ભગવાનને માટે જ તપ કરવું જોઈએ. ભગવાન સિવાય કોઈયે વસ્તુની કામના તેણે પોતાના હૃદયમાં ના રાખવી જોઈએ. તે ઉપરાંત, પોતાની તપશ્ચર્યા કે સાધના તેણે ચાલુ જ રાખવી જોઈએ. ભગવાનની પ્રસન્નતા માટે તે કરતા જ રહેવું જોઈએ. સાધના દ્વારા જે શક્તિ મળે તેનો ઉપયોગ પણ તેણે ભગવાનની સૃષ્ટિના હિત માટે જ કરવો જોઈએ. એ રીતે પોતાની સાધના કે તપશ્ચર્યા ભગવાનને અર્પણ કરી શકાય. આનું નામ સંન્યાસ. સંન્યાસ લેવા માટે કાંઈ ઘર છોડવાની કે વેશ બદલવાની જરૂર નથી. મન, વચન ને કાયાને પ્રભુની સૃષ્ટિના કામમાં લગાડો; મન, વચન ને કાયાથી પ્રભુની પ્રસન્નતાને માટે કામ કરો ને જીવનની નાનીમોટી બધી પ્રવૃત્તિને પ્રભુની સાથે જોડી દો, એટલે સંન્યાસનો આનંદ મળી જશે. યોગનું રહસ્ય પણ પછી સમજાઈ જશે. કર્મના બંધનમાંથી મુક્તિ મળશે ને પ્રભુની પરમ કૃપાનો અનુભવ થશે. પ્રભુનું દર્શન પછી દૂર નહિ રહે.

**[ ૧૯ ] ભગવાન પક્ષપાતી નથી.**

કોઈ કોઈ માણસો તરફથી પૂછવામાં આવે છે કે 'ભગવાન શું પક્ષપાતી છે ? ભક્તો તરફ શું ભગવાનનો વધારે પક્ષપાત છે.' આપણે કહીશું કે ના તેવું નથી. ભગવાન તો સમદર્શી છે. પોતાનાં સઘળાં સંતાનો પર તે સરખો પ્રેમ રાખે છે. હા, જે ભક્તો તેમની કૃપા માટે તરસ્યા થાય છે ને તલસે છે, તે તેમની કૃપા પામી શકે છે. ભગવાન તેમની વિશેષ સંભાળ રાખે છે પણ તે કાંઈ પક્ષપાત નથી. એ તો પોતાના નિયમનું તટસ્થપણે થતું પાલન છે. પરીક્ષામાં હજારો વિદ્યાર્થી બેસે છે. તે બધા કાંઈ પાસ નથી થતા. કેટલાક નાપાસ પણ થાય છે. તેથી શું એમ કહેવાશે કે પાસ થયેલા વિદ્યાર્થી તરફ પરીક્ષા લેનારે પક્ષપાત બતાવ્યો ? પરીક્ષા લેનાર તો તટસ્થ છે. તેને કોઈ તરફ પક્ષપાત નથી પણ તેની પાસે પરીક્ષા લઈને પાસ કરવાનું અમુક ધોરણ છે. તે ધોરણ સાથે બંધબેસતા વિદ્યાર્થીને તે કોઈયે જાતના રાગદ્વેષ વિના પાસ કરે છે, ને બીજાને નપાસ કરે છે. એમાં પક્ષપાત ક્યાં છે ? તે પ્રમાણે ભક્તો પર ભગવાન કૃપા કરે છે ને જે ભક્ત નથી, તે ભગવાનની વિશેષ કૃપાથી વંચિત રહે છે. એ તો ઈશ્વરના દરબારનો એક નાનો સરખો છતાં નક્કી ને સૌને લાગુ પડનારો નિયમ છે. એમાં પક્ષપાતને સ્થાન ક્યાં છે ?

નદી કિનારે બે માણસો છે. બંને તરવૈયા છે. તેમાંથી એક માણસ ઊભો થાય છે, તે નદીમાં જઈને પાણી પીવા માંડે છે બીજો માણસ કિનારે બેસીને બૂમો પાડે છે કે ભાઈઓ, સાંભળો આ નદી કેવી પક્ષપાત કરનારી છે તે તો જુઓ. મારી તરસ આ બીજા માણસથી જરા પણ ઓછી નથી છતાં નદીએ મને એક છાંટો પણ ન આપ્યો. ને આ માણસની કોઈ સગી હોય કે તેને લાંબા વખતથી ઓળખતી હોય તેમ, તેને જેટલું

પીવું હોય તેટલું પાણી પાય છે. તો નદીની પાસેથી પસાર થનારા વટેમાર્ગુઓ તેને શું કહેશે ? શું તે એમ નહિ કહે કે ભાઈ, નદી તો કોઈની સગી થતી નથી. તે કોઈને ઓળખતી પણ નથી. છતાં કોઈ પણ જાતના ભેદભાવ વિના સૌ કોઈ તેની ઓળખાણ કરી શકે છે. તેનું સગપણ સાધી શકે છે. કિનારે બેસીને બૂમો પાડવાથી શું વળશે ? આળસ છોડીને ઊભા થાવ. નદીની પાસે પહોંચો ને પાણી પીવા માંડો એટલે તે માણસની જેમ તમને પણ જેટલું જોઈએ તેટલું પાણી મળશે ને તમારી તરસ પણ મટી જશે.

ભગવાનની પ્રેમનદી પણ સૌને માટે વહી રહી છે. ભગવાનની કરૂણા ને કૃપાની ગંગા પણ સારાય સંસારને માટે સરી રહી છે. તેનો લાભ લેવા માટે સૌ કોઈ સ્વતંત્ર છે. જેની ઈચ્છા હોય તે તેનો લાભ લઈ શકે છે. જે તેનો લાભ લે છે તે કૃતાર્થ થાય છે. તેમની યુગો જુની તરસ મટી જાય છે, તમે પણ તેનો લાભ લો, ને કૃતાર્થ બનો. ભગવાનની કૃપાનો અનુભવ તમને પણ થશે. પોતાની કૃપા વરસાવવા માટે ભગવાન સદાય તૈયાર છે. હજારો હાથે તમને મદદ કરવા તૈયાર છે, છતાં જો તમે દૂર ને દૂર રહેશો, તો તેમની કૃપાનો અનુભવ કેવી રીતે કરી શકશો ? માટે આળસ છોડો, ને તેમને પામવા ને પ્રસન્ન કરવાનો પુરૂષાર્થ કરો એટલે શાંતિ થશે, ને બધી જ શંકા મટી જશે.

**[ ૨૦ ] ભગવાનનું મંદિર સૌને માટે ખુલ્લું છે.**

ભગવાનની ભક્તિ કરી ભગવાનનું દર્શન કરવાનો અધિકાર સૌને છે. જ્ઞાન ને યોગના માર્ગ જરા અટપટા છે. તેમાં અધિકારની જરૂર પડે છે પણ પ્રભુના પ્રેમનો માર્ગ તો જુઓ. તેમાં કોઈ અધિકારની જરૂર જ નહિ. ફક્ત તે માર્ગનો લાભ લેવાની ઈચ્છા હોવી જોઈએ. તેને જો અધિકાર કહેવો હોય તો કહી શકો. બાકી તો બધાને તેમાં સરખો અધિકાર છે. સ્ત્રી, વૈશ્ય ને શુદ્ર પણ પ્રભુના પ્રેમનો લાભ લઈ શકે છે. વેદપાઠ કરવાનો ને બીજી કેટલીક ધાર્મિક ક્રિયાઓ કરવાનો અધિકાર સ્ત્રી, વૈશ્ય ને શુદ્રને છે કે કેમ, તેની આપણે ત્યાં ઘણી ચર્ચા ચાલે છે, ને તે વિશે હજી પણ ઉહાપોહ થાય છે. પણ ગીતામાતા પોતાની ઉદારતા ને પ્રીતિનો પરિચય કરાવતાં કહે છે કે પ્રભુનો માર્ગ સૌને માટે ઉઘાડો છે. પ્રભુનું શરણ લઈને સૌ કોઈ તરી શકે છે.

ગીતાના ગાનાર ભગવાન શ્રીકૃષ્ણ બે હાથ ફેલાવીને સૌ કોઈને સત્કારવા ને આલિંગન કરવા તૈયાર ઊભા છે. તેમને ત્યાં કોઈ ભેદભાવ નથી. પાપીઓને પણ પુણ્યશાળી કરવા ને પોતાના કૃપાપાત્ર બનાવવા તે સદા તૈયાર છે. ખરી રીતે તો તેમના ઉપદેશનું સુમધુર સંગીત તેમના પોતાના જીવનના પડઘારૂપ છે. તેમના જેવા મહાપુરૂષની પાસે અભણ જેવી ગોપીઓ પણ બેસી શકે. ગોપીઓને પણ તેમણે પ્રેમ કર્યો. શબરી ને મીરાં પર તેમણે કૃપા કરી. જ્ઞાનમાર્ગમાં રસ લેનારી ઉપનિષદ્કાલની ગાર્ગી ને મૈત્રેયી પણ તેમના વિરાટ ને મૂળ સ્વરૂપને સમજી શકી ને કૃતાર્થ થઈ. ધર્મવ્યાધ સદન કસાઈ ને રાંકાબાંકા જેવાં કેટલાંય સ્ત્રીપુરૂષો તેમનું શરણ લઈને જીવનને સફળ કરી ગયાં. ધ્રુવ ને પ્રહ્લાદ જેવા બાળકો પણ તેમનું દર્શન કરી શક્યાં. એવા પ્રભુની વાણીમાં કટ્ટરતા ક્યાંથી હોય ? સંકુચિતતાની ગંધ પણ તેમાં ક્યાંથી હોય ? એટલે જ ગીતામાં આપણને આ ઉદાર મતનું દર્શન થઈ શકે છે.

સ્ત્રી, વૈશ્ય, શુદ્ર કે પાપી કોઈ પણ હોય, પ્રભુના મંદિરમાં પ્રવેશ કરવાનો સૌને હક છે. ગીતાના આ શબ્દોને સમજીને જીવનમાં ઉતરવાની જરૂર છે. જેમ પ્રભુનું મંદિર સૌને માટે ખુલ્લું છે, તેમ તમારૂં

હૃદયમંદિર સૌને માટે ખુલ્લું રાખો. સૌને પ્રભુના સંતાન ને પ્રભુની કૃપાનાં સરખાં હકદાર સમજો ને સૌને પ્રેમ કરો. કોઈને ધિક્કારશો નહિ. નામ, રૂપ, ધન, પદ કે રંગના આધાર પર કોઈને ઊંચાં ને કોઈને નીચાં માનશો નહિ. ભેદભાવની કૃત્રિમ દિવાલ ઊભી કરીને સૃષ્ટિના સ્વામીનું અપમાન કરશો નહિ. પ્રભુની કૃપા મેળવવા તૈયાર થનાર ને પ્રયાસ કરનાર સૌને સરખા આદરથી જોજો, ને સૌની અંદર રહેલા પ્રભુના પવિત્ર પ્રકાશને નિહાળતાં ને નમતા શિખજો. ગીતાના સંગીતનું શ્રવણ ત્યારે જ સફળ થશે.

**[ ૨૧ ] જીવનને ભગવાનમય કરી દો**

સ્ત્રી, વૈશ્ય, ને શુદ્ર પણ ઈશ્વરની કૃપાના અધિકારી થઈ શકે છે, તો પછી બ્રાહ્મણનું તો કહેવું જ શું ? જે દુરાચારી ને પાપી છે તે પણ ઈશ્વરનું શરણ લઈને ધન્ય બની જાય છે, તો પછી સદાચારી ને સજ્જનનું તો કહેવું જ શું ? તેમને તો ઈશ્વરની કૃપા મળે જ એમાં શંકા શી ? એટલે ઈશ્વરની કૃપા મેળવવા માટે સૌ કોઈ સ્વતંત્ર છે. ઈશ્વરનું દર્શન કરવાનો અધિકાર બધાને છે. આજે તો વધારે ભાગના માણસો પોતાનો આ જન્મજાત અધિકાર ભૂલ્યા છે. માનવ શરીર મેળવીને તે ન કરવાના કામ કરે છે. આ વસ્તુ બરાબર નથી. માણસે વહેલામાં વહેલી તકે ચેતવું જોઈએ, ને ઈશ્વરનું શરણ લેવું જોઈએ. ઈશ્વરની કૃપા માટે તલપાપડ બનવું જોઈએ.

સંસાર ચલાયમાન છે. વળી દુઃખમય પણ છે. તેની અંદર વસતા જીવો જુદી જુદી જાતના દુઃખો ભોગવી રહ્યા છે. અશાંતિની હોળી લગભગ બધા જીવોના જીવનમાં જલી રહી છે. આપણે જે ઉજવીએ છીએ તે હોળી તો વરસમાં એક જ વાર આવે છે. પરંતુ વગર લાકડાં ને વગર અંગારે સળગનારી આ અશાંતિની હોળી તો જુઓ. તે તો દિવસ ને રાત, પ્રત્યેક પળે સળગ્યા જ કરે છે. તેને શાંત કરવા માટે પ્રત્યેક પ્રાણી તલસ્યા કરે છે ને ઝંખે છે. પણ શાંતિ કેવળ તલસવા કે ઝંખવાથી થાય ખરી ? તે માટે તો પ્રભુના પ્રેમરસમાં ન્હાવું જોઈએ, પ્રભુની સાથે એકાકાર બનવું જોઈએ. તેમજ ધર્મ ને નીતિના માર્ગ પર ચાલવું જોઈએ પ્રભુ પોતે પરમ સુખ ને શાંતિના ભંડારરૂપ છે. એટલે તેમની પાસે પહોંચનારને પરમસુખ ને શાંતિ સહેજે મળી જાય છે. માટે જ ભગવાન કહે છે કે મને ભજ. એ શબ્દોમાં ભગવાનના લાંબા ઉપદેશનો સાર સમાઈ જાય છે.

એની સાથે સાથે ભગવાન એક બીજી ગુહ્ય વાત કહી દે છે. નવમા અધ્યાયમાં જ નહિ પરંતુ આખી ગીતાના સારરૂપ એ વાત ઘણી ઉપયોગી છે. ભગવાન કહે છે કે, હે અર્જુન, તું મારામાં મનવાળો થા ને મારો ભક્ત થા. જીવનને યજ્ઞમય કરી દે ને સૌમાં મારી ઝાંખી કરીને મને નમસ્કાર કર. આ પ્રમાણે મારા પરાયણ બન. તન, મન ને અંતરને મારામાં જોડી દે. તો તું મને મેળવી લેશે એમાં શંકા નહિ.

ભગવાનના આ શબ્દોને યાદ રાખીને જીવનને વહેલામાં વહેલી તકે યજ્ઞમય કરી દો. ભગવાન પ્રાપ્તિ માટે તેને તૈયાર કરી દો. ભગવાન વિના મનને કૈં ગમે જ નહિ એવી ટેવ પાડી દો. ગોપીઓ સંસારમાં કામ કરતી, પણ તેમનું મન નિરંતર ભગવાનમાં રહેતું. તમારી દશા પણ એવી જ કરી દો. ભગવાનના સાચા સેવક ને પ્રેમી ભક્ત બની જાવ. ભગવાનનું દર્શન કરવા ને ભગવાન સાથે વાતો કરવા

આતુર થાવ. ભગવાનની પ્રેમસુધામાં સદાને માટે સ્નાન કર્યા કરો. એમ કરવાથી તમે પણ મહાત્મા ને ધર્માત્મા બની જશો, તથા ભગવાનની કૃપા પામી શકશો.

પ્રભુના પ્રેમના ફુવારાને હૃદયમાં ઉડતો કરી દો. પ્રેમના પ્રભાવથી હૃદય પ્રભુ માટે રોતું થઈ જાય, મન સતત પ્રભુની ઝંખના કર્યા કરે, પ્રભુનું રટણ કર્યા કરે એવું કરી દો. સંસારના વિષયોને ભજવાનું મૂકી દઈને, સંસારની મોહમાયાથી અલિપ્ત થઈને પ્રભુને જ ભજવા માંડો. સંસારમાં સઘળા સ્થળે એક પ્રભુની જ ઝાંખી કરો. હૃદયને પવિત્ર કરો; મનને નિર્મળ ને સ્થિર કરી ને તેને પ્રભુના પ્રેમપ્રકાશથી ભરી દો. આટલી તૈયારી કરશો તો પ્રભુનું દર્શન દૂર નહિ રહે. ચરાચરમાં પ્રભુના વિરાટ સ્વરૂપની ઝાંખી થશે ને જીવન ધન્ય બનશે. જન્મમરણના ચક્રમાંથી ને દુઃખ, દર્દ કે ક્લેશમાંથી છૂટવાનો બીજો કોઈ જ માર્ગ નથી. પરમાત્માના દર્શન માટે તલપાપડ બનો તથા સાધના કરો. પરમાત્માની પ્રાપ્તિ કરીને આ જીવન દ્વારા જ ધન્ય થઈ શકાય છે.

☼ ☼ ☼

# અધ્યાય દસમો : વિભૂતિયોગ


૧) બે જરૂરી વાતો

૨) પ્રભુની કૃપા ક્યારે થાય ?

૩) ગીતાના આગળના ઉપદેશનું કારણ

૪) ભગવાનને જાણવાથી બધું જણાઈ જાય

૫) ભગવાનમાં આસક્ત બનો

૬) ભક્તોએ જ્ઞાનની ચિંતા કરવાની જરૂર નથી

૭) વિભૂતિ દર્શનની રીત

૮) પાસેના પદાર્થોમાં પ્રભુદર્શન કરો

૯) ભગવાનની બીજી વિભૂતિ : સૂર્ય અને ચંદ્ર

૧૦) ભગવાન શંકર અને સાગર

૧૧) જપયજ્ઞ

૧૨) હિમાલય ને ગંગા

૧૩) વિદ્યામાં અધ્યાત્મવિદ્યા

૧૪) નારદ ને કપિલ

૧૫) કામદેવ

૧૬) મહર્ષિ વ્યાસ

૧૭) વસંતઋતુ ને સંધ્યા

૧૮) હરણ, મોર અને વરસાદ

૧૯) સિંહ

૨૦) પ્રભુ બધામાં છે

૨૧) દુઃખથી ડગવું નથી

૨૨) એક બાળકની વાત

**[ ૧ ] બે જરૂરી વાતો**

નવમા અધ્યાયમાં ભગવાને કહી દીધું કે તમે જ મારું જ શરણ લો, મને ભજો, પ્રેમ કરો, ને મારામય બનીને મારી કૃપા મેળવવાનો પ્રયાસ કરો. આપણે એ વાંચી કે સાંભળી તો ગયા, વિચારી પણ ગયા, પણ તે પ્રમાણે કરવાની જરૂર છે. કરવાનું કામ કેટલું બધું કપરૂં છે ! છતાં પણ તેમાંથી પાર ઉતર્યા વિના છૂટકો નથી.

સંસારમાં જુઓ તો સહેજે જણાશે કે માણસો પેટ, પૈસા, પદ ને પ્રતિષ્ઠા જેવી વસ્તુને વધારે મહત્વ આપે છે ને તેને મેળવવા માટે મહેનત કર્યા કરે છે. એ વસ્તુઓ વધારે મહત્વની નથી એમ કહેવાનો મારો આશય નથી. તેમનું મહત્વ પણ જીવનમાં છે પણ તે મહત્વને વધારે પડતું માની લેવાય ને તેને સિદ્ધ કરવાની મહેનતમાં જીવનની બીજી વધારે મહત્વની વાતોને ભૂલી જવાય, તેની સામે મારે વાંધો છે. પદ, પૈસા, ને પ્રતિષ્ઠા કરતાં પણ વધારે જરૂરની વસ્તુ માણસાઈ છે. તેની જાળવણી માણસે બધા જ સંજોગોમાં કરવી જોઈએ. તેને મૂકી દેવાથી ગમે તેવા માણસની કિંમત ઘટે છે. તે ઉપરાંત બીજી જરૂરી વસ્તુ પરમાત્માના દર્શનની છે. જીવનની પૂર્ણતાને માટે તેની પણ જરૂર છે. તેથી જીવનમાં બળ મળે છે. છતાં દુઃખની વાત છે કે માણસો ધન, પદ કે પ્રતિષ્ઠાને જેટલું મહત્વ આપે છે, તેટલું મહત્વ આ બે કિંમતી વસ્તુઓને આપતા નથી.

સંસારનું જે ભેદભાવવાળું ને ભયંકર સ્વરૂપ જોવા મળે છે તેનું એક કારણ આ પણ છે, એટલે સંસારને સુખમય, શાંતિમય ને મંગલમય કરવો હોય, તો માનવતા કેળવવા માટે પ્રયાસ કરવાની જરૂર છે. દુર્ગણ ને દુષ્ટ વાસના તથા વિકારોની દુર્ગંધને દૂર કરવાની જરૂર છે. તેમ થાય તો જીવન સુવાસિત બની જાય. તે સાથે પરમાત્માના પૂજારી થવાની જરૂર છે. પરમાત્માની પ્રસન્નતાને માટે કામ કરવાની જરૂર છે. એ બે વાતો જો જીવનમાં ઉતરે તો સ્વર્ગની કલ્પના દૂર રહે નહિ. સંસારનું સ્વરૂપ પણ ફરી જાય. માનવ જાતિનો પ્રત્યેક પ્રતિનિધિ એ માર્ગે ક્યારે વળશે ?

આજે તો માનવજાતિને માથે દુઃખ, દર્દ ને ભયનો ભાર વધી રહ્યો છે. વાતો શાંતિની પણ તૈયારી કે સાધના અશાંતિની થઈ રહી છે. યુદ્ધ, ખુન ને યંત્રણાની ઘેલછા હજી ગઈ નથી. શોષણ ને રંગભેદની નીતિ હજી ચાલ્યા જ કરે છે, તેને પોષવામાં આવે છે. માનવને દબાવવાના, હડધૂત કરવાના, ગુલામીમાં સબડતો રાખવાના ને ભેદભાવથી જોઈને ઊંચો ને નીચો ગણવાના પ્રયાસ હજી ચાલ્યા જ કરે છે. એક બાજુ માણસ લ્હેર કરે છે, અમનચમનમાં ફરે છે, ને માલમલિદા ઉડાવે છે. બીજી બાજુ ભુખ, દુઃખ ને કંગાલિયતને લીધે માણસો મરે છે, ટળવળે છે, ને પરવશ બને છે. તેમને જોઈને કોઈને દયા પણ આવતી નથી, ને તેમનું દુઃખ દૂર કરવાના પ્રયાસ પણ કોઈ કરતું નથી. માનવજાતિનું આ કદરૂપું ચિત્ર દૂર કરવાના કેટલાય ઉપાય છે, ને બીજા પણ કેટલાક હશે. તેમાં ગીતાએ બતાવેલા બે ઉપાય ઘણા અસરકારક છે. એક તો ચારિત્ર્યની સુધારણા ને બીજો પરમાત્માની પ્રાપ્તિ. આ બન્ને ઉપાય કિંમતી ને કામના છે તેથી તેની ભલામણ આપણે સૌને કરીશું. સુખી ને દુઃખી બંને પ્રભુનું શરણ લે ને પ્રભુની કૃપા માટે પ્રાર્થના કરે એમ આપણે ઈચ્છીશું. સુખી માણસ પ્રભુનું શરણ લઈને પ્રભુકૃપા માટે પ્રાર્થના કરશે, તો પ્રભુની કૃપાથી તેને વિવેક મળશે. પ્રકાશ મળશે,

તે છકી નહિ જાય, દુઃખી પ્રત્યેનું પોતાનું કર્તવ્ય સમજવાની તેને શક્તિ મળશે. પોતાની ફરજ અદા કરવાનું બળ પણ તે મેળવી શકશે, ને દુઃખી માણસ પ્રભુની કૃપાથી તે દુઃખને શાંતિ સાથે સહન કરવાની શક્તિ મેળવશે. પ્રભુની કૃપાથી તે દુઃખની પાર પણ પહોંચી જશે, ને પ્રભુની વધારે ને વધારે પાસે પહોંચશે. ગમે તે દશામાં માણસે પ્રભુને પ્રેમ કરતાં શીખવું જ જોઈએ.

**[ ૨ ] પ્રભુની કૃપા ક્યારે થાય ?**

પ્રભુની કૃપા ક્યારે થાય ? પ્રભુની કૃપા મેળવવા જે પ્રયાસ કરે છે, તેમણે પોતાના પ્રયાસ પ્રમાણિકપણે ને બનતાં વધારે પ્રમાણમાં કરવા જોઈએ. પ્રભુની કૃપા મેળવવાનું કામ ધારવામાં આવે છે તેટલું સહેલું નથી. તે માટે તો સતત પ્રાર્થના, તપ કરવાની જરૂર પડે છે. માણસો ધન, પદ ને પ્રતિષ્ઠાને માટે જેટલી મહેનત કરે છે, તેથી સોમા ભાગની મહેનત પણ પ્રભુની કૃપા મેળવવા માટે કરતા નથી. ધંધામાં નુકશાન જતાં માણસો રડે છે ને બેચેન બને છે. મુંબઈમાં અમે હતા ત્યારે એક જાણીતા વેપારીને ચાલીસેક લાખની ખોટ આવી. તેથી તેના હોશકોશ ઊડી ગયા. તેના જીવનમાં આનંદ રહ્યો નહિ.

પણ પરમાત્માના દર્શન વિના જીવનમાં જૂના વખતથી જે મોટી ખોટ પડેલી છે, તેનો વિચાર કરીને કોણ રડ્યું, કોણ બેચેન બન્યું, ને કોના હોશકોશ ઊડી ગયા ? કોના જીવનનો આનંદ તેના વિચારથી ઊડી ગયો. કોને ચિંતા થઈ, ને કોની આંખમાંથી વેદનાનું એક ટીપું પણ ટપકી પડ્યું ? ધંધામાં નુકશાન જતાં, બિમારી કે ક્લેશ થતાં ઊંઘ ઊડી જાય છે ને પથારીમાં પાસા ફેરવતાં જ રાત પૂરી થાય છે. તેવી રીતે પ્રભુના સ્મરણમાં કોની રાત પૂરી થઈ ? જન્મમરણ, દુઃખદર્દ ને બંધનની બિમારીનો વિચાર કરીને કોની ઊંઘ ઊડી ગઈ, ને કોને અસંતોષ થયો ? પછી પ્રભુની કૃપા ક્યાંથી મળે ? પ્રભુની કૃપા માટેની તરસ જેના દિલમાં લાગી જાય છે, તેને પ્રભુની કૃપા ને પ્રભુનું દર્શન જરૂર મળે છે એ ચોક્કસ છે.

**[ ૩ ] ગીતાના આગળના ઉપદેશનું કારણ**

ગીતામાં જે જ્ઞાનનાં રહસ્યો ખુલતાં જાય છે, તે ઘણાં ગૂઢ છે છતાં તે ખુલ્લાં થતાં જાય છે. કેમ કે ભગવાનને અર્જુન પર ખૂબ પ્રેમ છે. અર્જુન પણ ભગવાન પ્રત્યે અપાર લાગણી ધરાવે છે. ભગવાન અર્જુનની આગળ પોતાનું હૃદય ખુલ્લું કરે છે ને કેટલીક વાતો તો પૂછ્યા વિના જ કહી દે છે. તેનું કારણ શું ? કારણ કે ભગવાનને અર્જુન પર પરમ પ્રેમ છે. પ્રેમમાં મગ્ન બનેલા ભગવાન યુદ્ધના મેદાનમાં પણ જ્ઞાનવિજ્ઞાન ને ભક્તિની કોલેજ ખોલીને ઊભા રહ્યા છે. કર્મ ને યોગની યુનિવર્સિટીની સ્થાપના કરીને ઊભા રહ્યા છે ને વેદ તથા ઉપનિષદ્‌ના જ્ઞાનના સાગરને ગીતાની ગાગરમાં સફળતાથી સમાવી રહ્યા છે. એ સાગર કોઈ સાધારણ સાગર નથી, પણ સુધાની સાગર છે. એમાં એકવાર સ્નાન કરો, એકવાર તેના બિંદુનું પણ પાન કરો, એટલે તમે પોતે અમૃતમય બની જાવ. એવો એનો મહિમા છે. અર્જુનને એમાં નિરંતર સ્નાન કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે. કેમ કે ભગવાન તેને પોતાનો પ્રેમી માને છે.

અર્જુનની આગળ જ્ઞાનવિજ્ઞાનનાં રહસ્યોને ખુલ્લાં કરવાનું પ્રયોજન શું ? ભગવાન તેમ કરીને કયો હેતુ સાધવા માગે છે ? હેતુ વિનાનું કોઈ કામ આ સંસારમાં થતું નથી. નાના કે મોટા દરેક કામની પાછળ

કોઈ ને કોઈ હેતુ તો હોય જ છે. વિદ્યાર્થી મહેનત કરીને ભણે છે, તેની પાછળ જ્ઞાન મેળવવાનો કે જીવનને સુખી કરવાનાં હેતુ હોય છે. દેશ સૈનિકોને સાચવે છે, તાલીમ આપે છે, ને શાંતિના સમયમાં પણ ખર્ચ કરીને પોષે છે, તેનું કારણ એ કે અશાંતિ ઊભી થાય, ને દેશની વ્યવસ્થા ને સલામતીનો ભંગ થાય ત્યારે દેશના રક્ષક બનીને તે કામ કરે, ને યુદ્ધના વખતમાં સ્વતંત્રતાને સાચવી રાખે. તાપ ને વરસાદની વચ્ચે અડગ રહીને ખેતરમાં કામ કરનારા ખેડૂતને જોયો છે ? તે શું કામ કરી રહ્યો છે. એમ પૂછો તો તે શું કહેશે ? આવતીકાલને ઉજ્જવલ કરવાની તેને આશા છે. કામ ના કરે તો તે ખાય શું ? ધરતીને હરીભરી કરવામાં તેનું જીવન રહેલું છે. કામ કરવા પાછળ એ પ્રમાણે મહાન હેતુ રહેલો છે.

અર્જુનની આગળ જ્ઞાનને રજૂ કરવાનું જે મહાન કામ ભગવાને શરૂ કર્યું છે, તેની પાછળ પણ કોઈ હેતુ ન હોય તેવું કેમ બને ? અર્જુન આટલો મોટો મહારથી. તેને શોક થયો છે. મોહના વમળમાં તે પડી ગયો છે, તેની તાકાત ઠંડી પડી ગઈ છે, આમ ને આમ ચાલ્યા કરે તો કેમ ચાલે ? કોઈ ઉપાયે તેનો શોક દૂર થાય, મોહ મટી જાય ને તેની તાકાત તાજી થાય, તથા તેનો શમી ગયેલો જુસ્સો ફરી તેજ થાય એવી ભગવાનની ઈચ્છા છે. અંધકારમાં પડેલા માણસને પ્રકાશની બૂમો પાડતો જોઈને પ્રકાશમાં રહેતા માણસને દયા આવે, ને પ્રકાશ પૂરો પાડવાની ઈચ્છા થાય, તે પ્રમાણે પ્રકાશની માગણી કરનારા અર્જુનને પ્રકાશ પૂરો પાડવાની ભગવાનની ઈચ્છા છે. આમાં કોઈ અજાયબી પામવા જેવું નથી ભગવાન તો કૃપાળુ છે. દયાના સિંધુ છે, પરમ પ્રકાશરૂપ છે. જે તેમની કૃપા માગે, તેને તે કૃપા પૂરી પાડે છે. દયાની ઝંખના કરનાર જીવો પર તે પોતાની દયા વરસાવે છે. અંધારામાં પડેલા ને આથડી રહેલાં જે જીવો તેમને પ્રાર્થે, પોકારે, ને પ્રકાશની ઈચ્છા કરે, તેમને તે પ્રકાશ પહોંચાડે છે. અર્જુનની જેમ બધા જ જીવોને માટે આ સાચું છે.

ઝાડ પોતાની પાસે આવનારને એમ નથી કહેતું કે તું મારી પાસે ના આવીશ ને મારી છાયામાં ના બેસીશ : કેમ કે મને ઉગાડનાર બીજો છે. ઉગાડનાર ગમે તે હોય, ઝાડ તો સૌને સરખા ભાવથી જુએ છે. જે તેને પાણી પાય છે, તે પણ તેનો લાભ લઈ શકે છે, ને જે કુહાડાથી તેના પર ઘા કરે છે, તે પણ તેનો લાભ લઈ શકે છે. ઝાડ પર સૌનો સરખો અધિકાર છે. તેવું જ ભગવાનનું છે. તેમની કૃપા કોઈ પણ મેળવી શકે છે. જેની મરજી હોય તે તેમની પાસે પહોંચી શકે છે. પોતાની પ્રીતિ કે ભક્તિ કરનારની બધી રીતે રક્ષા કરવી એ તો તેમની પ્રતિજ્ઞા છે. ભક્તો ને શરણાગતોને સર્વ પ્રકારે સહાય કરવી એ તો તેમનો સ્વભાવ છે. તેમને ભજનારા, પ્રાર્થનારા ને મદદ માટે પોકારનારા બધા જ જીવોને વત્તેઓછે અંશે એ સ્વભાવનો અનુભવ છે. અર્જુન પણ અત્યારે એ જ સ્વભાવનો અનુભવ કરી રહ્યો છે. તેના હિતની કામનાથી જ ભગવાન ગીતાના આ રસમય સંગીતના સૂર છોડી રહ્યા છે, દસમાં અધ્યાયના પહેલા શ્લોકમાં ભગવાન આ વાત કહી દે છે. તે કહે છે કે, "અર્જુન, મારાં વચનો તું હજી પણ સાંભળ. હજી પણ ધ્યાન દઈને, જીવનને પલટાવવામાં મોટી મદદ કરનારા, મારા શબ્દોને તું સાંભળ. તું મારો પ્રેમી છે તેથી તને આ ઉપદેશ આપી રહ્યો છું, ને કોઈ પણ રીતે તારું ભલું થાય, પરમ મંગલ થાય, એવી ઈચ્છાથી આપી રહ્યો છું."

### [ ૪ ] ભગવાનને જાણવાથી બધું જણાઈ જાય

ભગવાનને જાણવા મોટા મોટા મુનિવરો મથે છે. ભગવાનનો પાર પામવા માટે મોટા મોટા મહર્ષિઓ મહેનત કરે છે ને તપ કરે છે છતાં પણ તે તેમનો પાર પામી શકતા નથી. દેવો પણ તેમાં નિષ્ફળ નીવડે છે. તેમનું જીવન તો વધારે ભાગે ભોગવિલાસથી ભરેલું હોય છે. ભગવાનને મેળવવાની ઈચ્છા તેમને ભાગ્યે જ થાય છે. મનુષ્યોમાંથી પણ કોઈ વિરલાને જ ભગવાનની કૃપા મેળવવાનું મન થાય છે, એ વાત આપણે આગળ પર કરી ગયા છીએ. એનો અર્થ એવો નથી કે ભગવાનને કોઈ જાણી શકતું જ નથી, કે ભગવાનની કૃપા મેળવવામાં કોઈને સફળતા મળતી નથી. વાત એવી નથી.

જે સાચા દિલથી ભગવાનનું શરણ લે છે, ને ભગવાનની કૃપા મેળવવા માટે તલસે છે, તે ભગવાનનું દર્શન કરી શકે છે, તેમની કૃપાથી તેમને જાણી પણ લે છે. જેનામાં અભિમાન, દંભ ને આડંબર છે, તે પ્રભુના રહસ્યને જાણવામાં સફળ થઈ શકતા નથી એથી ઉલ્ટું, નમ્ર, સાચા ને સરળ સ્વભાવના માણસો પ્રભુની કૃપા મેળવી શકે છે. તેવા માણસોને ઈશ્વરના રહસ્યનું જ્ઞાન પણ વત્તાઓછા પ્રમાણમાં થઈ શકે છે. ટૂંકમાં કહીએ તો પ્રેમ એ જ પ્રભુની પાસે પહોંચવાની ને પ્રભુના રહસ્યને જાણવાની ચાવી છે. પ્રેમ જ પ્રભુની કૃપાનું અસરકારક સાધન છે. તે સાધનથી જે સજ્જ થાય છે તેની આગળ પ્રભુ પોતાનું દિલ ખોલી દે છે. બાજીગર જુદી જુદી જાતના ખેલ કરે છે, ને લોકોને ચકિત કરે છે. તેના ખેલની કળા કોઈ જાણી શકતું નથી. જોનારા બધા જ માણસો આનંદ ને આશ્ચર્યમાં આવી જઈને તાળીઓ પાડે છે, પૈસા નાખે છે, ને મોંમા આંગળા પણ ઘાલે છે. પણ બાજીગરની પાસે જે છોકરો હોય છે તેને બધી કળાની ખબર હોય છે, એટલે એને કાંઈ આશ્ચર્ય થતું નથી. આપણા એક મહાન ભક્ત કવિએ આ વાત કહેતાં ગાયું છે કે :

"બાજીગરની બાજી તે તો, જંબુરો સૌ જાણે જોને."

સાધારણ માણસો ભગવાનની લીલાને સમજી શકતા નથી. જ્ઞાની ને પંડિતને પણ તે ગૂઢ, ગુહ્ય ને ગહન લાગે છે. તેનો પાર પામવામાં તે પાછા પડે છે. તેને જાણવા માટે તે તર્કવિતર્કનો આધાર લે છે, પણ અપંગ થયલા મુસાફરની જેમ એકલો તર્ક ક્યાં સુધી પહોંચી શકે ને કેટલુંક કામ કરી શકે ? માટે તેમને નિષ્ફળતા મળે છે પરંતુ પ્રેમી ભક્તોની વાત જુદી છે. પ્રભુની લીલાનું રહસ્ય જાણવાની જરાપણ ચિંતા કર્યા વિના તે તો સીધા પ્રભુને પ્રેમ કરવા મંડી જાય છે ને પ્રભુનું દર્શન કરવા તૈયાર થાય છે. પ્રભુના આ મહાન ને માયાવી ખેલનો ઉકેલ શોધવાની પંચાતમાં પડ્યા વિના, પ્રભુની પાસે પહોંચવા માટે જ તે અધીર થાય છે ને પ્રયાસ કરે છે. પરિણામે તેમને પ્રભુનું દર્શન થઈ જાય છે, પ્રભુની કૃપાનો લાભ મળે છે, ને પ્રભુની ગહન લીલાનું જ્ઞાન પણ થઈ જાય છે. એ બધું આપોઆપ થાય છે. સંસારમાં પણ આપણે આમ થતું જોઈએ છીએ.

કોઈ માણસ ગરીબ હોય છે તે એકાએક ધની ને વૈભવી બની જાય છે. રસ્તા પર રહેનારો ને મહેનત કરીને ગુજારો કરનારો માણસ એકાએક સત્તા પર આવી જાય છે, ને મહેલ જેવા મકાનમાં રહેતો થઈ જાય છે હજી ગઈકાલ સુધી જેને ભાગ્યે જ કોઈ ઓળખતું હતું, તેનું નામ એકાએક જાહેર થઈ જાય છે, છાપે ચઢી જાય છે, ને હજારો લોકો તેની આસપાસ ટોળે વળે છે. લોકોને તેથી નવાઈ લાગે છે. તેના જીવનમાં આટલો મોટો ફેરફાર કેવી રીતે થઈ ગયો, તે વિશે કેટલાક લોકો મનમાં ફાવે તેવા તર્કો કરે છે. પણ તર્કથી તેમનું સમાધાન ભાગ્યે જ થઈ શકે છે. તર્કથી તો કેટલીકવાર રહસ્ય વધતું જાય છે, ને વાત વધારે ગુંચવાતી જાય

છે. પરંતુ કેટલાક અંગત મિત્રો ને માણસો તર્કનો આધાર નથી લેતા. સાચા કે ખોટા ઘાટ ઘડવામાં તે સમયને બરબાદ નથી કરતા. તે તો સીધા પેલા મિત્ર કે જાણીતા ભાઈની પાસે પહોંચી જાય છે ને ખાનગી રીતે તેની સાથે વાત કરીને તેની એકાએક જીવનપલટાની બધી વાત જાણી લે છે. એ રીતે તે પોતાનું કુતૂહલ કાઢી નાંખે છે,

ભગવાનના પ્રેમી ભક્તોનું પણ તેવું જ છે. ભગવાનના ને ભગવાનની સૃષ્ટિના રહસ્યને જાણવાની તેમને ઈચ્છા નથી. તે માટે તર્કવિતર્કની રમતમાં પડવાનું તેમને ગમતું નથી. તે તો બધી ઈચ્છા ને બધા પ્રકારની રુચિને રજા આપીને એક પ્રભુના દર્શનની ઈચ્છા જાગ્રત કરે છે, ને પ્રભુની પૂર્ણ કૃપા માટે રુચિ રાખીને જગતમાં જીવે છે. જગત ક્યારે થયું, કેમ થયું, ને કેવી રીતે થયું, એ ચર્ચામાં ઉતરવાનું તેમને ગમતું નથી. એ રીતે સમયને બરબાદ કરવાનું તેમને પસંદ નથી. પ્રભુથી દૂર રહેનારને પ્રભુની ગહન કળાનો ખ્યાલ ભાગ્યે જ આવી શકશે. પ્રભુ ને પ્રભુના જગતની નક્કર માહિતી મેળવવા માટે સીધા પ્રભુ પાસે જ પહોંચી જાઓ. પ્રભુને ભજવા માંડો. પ્રભુનો સાક્ષાત્કાર કરવા માટે કમર કસો. પ્રભુને પ્રાર્થના કરો. એમ કરવાથી તમને પ્રભુનું દર્શન થશે, ને તેમની કૃપાથી તેમનું બધું રહસ્ય જણાઈ જશે. વેદોમાં, ઉપનિષદોમાં ને ધર્મનાં જુદાં જુદાં કુરાન, બાઈબલ ને બીજા પુસ્તકોમાં આવ્યું છે, તે બધું ને તેથી પણ અનેરું જ્ઞાન પ્રભુ તમને પૂરું પાડશે. પ્રભુ પોતે તમારી સામે ઊભા રહેશે, પછી શું રહેશે ? તમે તેમના બાળક બનો, પ્રેમી બનો, એટલે પોતાના વિશેની બધી મહત્વની વાત તે તમને જણાવી દેશે. મૂળને જાણો, એટલે ડાળી પાંદડાંનું જ્ઞાન આપોઆપ મળી રહેશે. જેને જાણવાથી જાણવા જેવું બીજું બધું જ જણાઈ જાય છે, તે પ્રભુને જ પકડી લો એટલે બીજું બધું જ જણાઈ જશે.

પ્રભુને જાણી લે છે તે સર્વ પ્રકારે કૃતાર્થ થાય છે; એવો ગીતામાતાનો કોલ છે. સર્વ પ્રકારનાં પાપ ને તાપમાંથી છૂટીને તે આનંદ કરે છે. તેના બધાં જ બંધનો તૂટી જાય છે. મુક્તિનાં પ્રદેશમાં બંધન ક્યાંથી હોય ? પ્રભુ તો શાંતિ ને મુક્તિસ્વરૂપ છે. તેમને મેળવી લેનાર સ્વતંત્ર ને શાંતિસ્વરૂપ બની જાય છે. તેનાથી ભૂલેચૂકે પણ કોઈ ખોટું કામ થતું નથી. આ શબ્દોમાં ગીતામાતા આપણને સંદેશ આપે છે કે પરમાત્માને ભૂલી જઈને કરાતી કોઈયે સાધના પૂર્ણ શાંતિ આપી શકતી નથી. ઈશ્વરની સાથે અબોલા લઈને કરાતી કોઈયે તપસ્યા માણસને પાપ, તાપ ને બંધનમાંથી છોડી શકતી નથી, ને ભગવાનની ગેરહાજરીવાળી કોઈયે યોજના જીવનનો પૂરો વિકાસ કરી શકતી નથી, તથા જીવનને પરિપૂર્ણ ને સફળ કરી શકતી નથી. માટે શાંતિની ઝંખના કરનારા સાધકો ને સંસારમાં રમનારા મારા બાળકો, તમે પરમાત્માનો સાક્ષાત્કાર કરવા તલપાપડ બનો. પ્રભુની પૂર્ણ કૃપાને માટે તલસાટ ઊભો કરો ને ઈશ્વરને તમારા જીવનમાં ને જીવનની ઉન્નતિની યોજનામાં મહત્વનું સ્થાન દો. માનવજાતિને ગીતાનો ને ગીતાના ગાનાર ભગવાનનો આ મહત્વનો સંદેશ છે. તેના તરફ સૌએ ધ્યાન આપવાની જરૂર છે. માનવજાતિના પ્રત્યેક સભ્યનું ધ્યાન આ સંદેશ તરફ વહેલામાં વહેલું દોરાય એમ આપણે ઈચ્છીશું ને પ્રભુને પ્રાર્થના કરીશું

**[ ૫ ] ભગવાનમાં આસક્ત બનો**

ભગવાન કહે છે 'હે અર્જુન, પહેલાં થઈ ગયેલા સપ્તર્ષિ ને ચાર મનુ મારી દ્વારા ઉત્પન્ન થયેલા છે. મારા સંકલ્પથી તે જન્મ્યા છે. તેમનામાંથી આ માનવસૃષ્ટિનો વિસ્તાર થયો છે. તે ઉપરાંત પ્રકૃતિ પણ મારા જ આધારે ટકી રહી છે. અહિંસા, સમતા, સંતોષ, તપ, દાન જેવા ભાવો મારામાંથી જ પ્રગટ થાય છે. આમ કહીને ભગવાન અર્જુનનું ને આપણું ધ્યાન એ વાત તરફ દોરવા માંગે છે કે જગતમાં જે કાંઈ છે તે સર્વનું કારણ તે છે. તે જ સૌના કર્તા છે, ધાતા છે ને સૌને જીવન કે શક્તિ આપનારા પણ તે જ છે. સમજુ માણસો આ વાતને સારી પેઠે જાણે છે. ને તેથી તે ભગવાનને ભજવા માટે તૈયાર થાય છે. સૃષ્ટિ કેટલી સુંદર છે ! તેની સુંદરતા ને વિવિધતા કેવી અજબ છે ! છતાં પણ સમજુ માણસો તેના કેફમાં પડતા નથી ને તેનો વિચાર કરીને બેસી રહેતા નથી. તે તો સૃષ્ટિની સુંદરતા ને વિશેષતા જોઈને તેના સર્જકનો વિચાર કરે છે. સૃષ્ટિને જોઈને આપણે સૃષ્ટિના સ્વામી પરમાત્મા પર મુગ્ધ બનવું જોઈએ.

ફૂલ કેટલું સુંદર છે ! તેની સુવાસ પણ કેટલી હૃદયસ્પર્શી છે ! તેને જોઈને આપણે સુંદરતા ને સુવાસના મૂળ સ્વરૂપ જેવા પરમાત્માનો વિચાર કરવો જોઈએ. કોઈ સુંદર સ્ત્રી કે પુરૂષને જોઈને પણ તેનો વિચાર કરવો જોઈએ. માણસો સ્ત્રી કે પુરૂષના બહારના રૂપ પર મોહ પામે છે. તે વાત સમજદાર માણસને માટે સારી નથી. સ્ત્રી કે પુરૂષનું રૂપ માણસને મોહ પમાડે છે એ એક ભારે અજાયબી છે. માણસ મન, ઈન્દ્રિયો ને વૃત્તિનો ગુલામ છે એની જાહેરાત એથી સારી રીતે થઈ જાય છે. જરા વિચાર તો કરો કે આ શરીરમાં મોહ પામવા જેવું શું છે ? હાડ, માંસ ને લોહીથી ભરેલું શરીર તેની અંદરના ચેતનને લીધે જ ચેતનમય બને છે, ને કામ કરે છે. અંદરનું ચેતનતત્વ દૂર થતાં જ તે નકામું થઈ જાય છે, ગંધાવા માંડે છે, ને તેનો વહેલામાં વહેલી તકે નિકાલ કરવાની તૈયારી કરવી પડે છે. આવા શરીરમાં મોહ પામવાનું કે આસક્ત થવાનું શું કારણ છે ? છતાં માણસો અજ્ઞાન ને મોહને લીધે તેમાં બંધાય છે એ એક નવાઈ લાગે તેવી છતાં નક્કર હકીકત છે.

છતાં બધા માણસો એકસરખા નથી હોતા. ડાહ્યા માણસો પણ આ સંસારમાં છે. ભલે તે ઘણી ઓછી સંખ્યામાં હોય. તે તો શરીરની સુંદરતાને જોઈને ને તેની અંદર રહેલા ચેતનતત્વની શક્તિનો જ વિચાર કરે છે. શરીર આટલું સુંદર છે, તો તેને ચલાવનાર શક્તિ ને તેનું ને સમસ્ત સંસારનું સર્જન કરનાર પરમાત્મા કેટલા સુંદર હશે ? એવો વિચાર કરીને તે પરમાત્મા પર મોહિત થાય છે, ને વારી જાય છે. સંધ્યા ને ઉષાના રંગો, નદી ને પર્વત તથા આંખમાં સમાય નહિ તેવા વિશાળ સાગરના તરંગો, સૂર્ય, ચંદ્ર ને તારા, ફૂલ, વૃક્ષ ને વેલી, પંખીની સુરાવલિ તથા પાંખો ને ઋતુના જુદા જુદા રંગો જોઈને તેને પરમાત્માની મહાન કળાનો વિચાર આવે છે ને તે કળા પર તે ફીદા થઈ જાય છે. સંસારની સુંદરતામાં ડૂબી કે બંધાઈ જઈને તે ભગવાનને ભૂલી જતો નથી. સુંદરતાનો તિરસ્કાર પણ કરતો નથી. સુંદરતા, પ્રેમ, શક્તિ ને પવિત્રતાને સન્માને છે, માણે છે, ને મીઠી નજરથી જુએ છે. પણ એટલેથી જ તેનું કામ પૂરૂં થતું નથી. સંસારની સુંદરતા, શક્તિ, પ્રીતિ ને પવિત્રતા જેની સુંદરતા, શક્તિ, પ્રીતિ ને પવિત્રતા પાસે રજ બરાબર પણ નથી, તે પરમાત્માના મહિમાનું પ્રત્યેક વસ્તુમાં દર્શન કરવાની તેને ટેવ પડી જાય છે. જેમ નાની પગદંડી પર થઈને છેવટે મોટા ધોરી રસ્તા પર જવાય તેમ સંસારમાં જે વિશેષતા છે, તેનું દર્શન કરીને તે પરમાત્માના વિરાટ ને સર્વશક્તિમાન પરિપૂર્ણ સ્વરૂપ પાસે પહોંચી જાય છે.

ગીતામાતા કહે છે કે સંસારના સુંદર સ્વરૂપને જોઈને તમે અંજાઈ જશો નહિ, આ સંસારમાં આસક્ત થવા જેવું છે જ શું ? પદાર્થને છોડીને પડછાયામાં આસક્ત થવાથી શું વળશે ? તેમાં આસક્ત થવાનું ડહાપણ ભર્યું છે કે ? સંસાર તો પ્રભુનો પડછાયો છે. તેમાં આસક્ત થવાનું જરા પણ ડહાપણભર્યું નથી. જો આસક્ત થવું જ છે તો સંસારના સ્વામીનું દર્શન કરવા તલપાપડ બનો.

**[ ૬ ] ભક્તોએ જ્ઞાનની ચિંતા કરવાની જરૂર નથી**

વિવેકી માણસો પ્રેમપૂર્વક ભગવાનની ભક્તિ કરવામાં જ આનંદ માને છે. ભગવાનના પ્રેમનો આસ્વાદ લેવામાં તેમને અજબ આનંદ આવે છે. ભગવાનની વાતો વિના તેમને કાંઈ ગમતું નથી. તેમની દશા કેવી હોય છે તે જાણો છો ? તેમનું મન ભગવાનમાં જ રમ્યા કરે છે. ભગવાનનાં ચિંતન, મનન ને ધ્યાનમાં જ તે મગ્ન રહે છે. મીનના પ્રાણ જેમ જળમાં હોય છે, તેમ તેમના પ્રાણ ભગવાનમાં રહે છે. ભગવાન જ તેમનું જીવન બની જાય છે. તેવા પ્રેમીપુરૂષો ભેગા મળે છે ત્યારે પરસ્પર ભગવાનની વાતો કરે છે ને ભગવાન વિશેના અનુભવોની આપ-લે કરીને આનંદે છે. તેમને ભગવાન વિના કોઈ સ્વજન, સ્નેહી કે સગું નથી. જેમ કામીનું મન કામમાં જ રમે છે ને તેના રોમેરોમમાં કામના પડઘા પડ્યા કરે છે, તેમ તેમનું મન ભગવાનના ભાવથી ભરેલું હોય છે, ને તેમના રોમેરોમમાં ભગવાનના પ્રેમના પડઘા પડ્યા કરે છે, એવા ભક્તોનું દર્શન કોઈને માટે પણ કલ્યાણકારી સાબિત થાય છે. તેમના સમાગમથી સૌને લાભ થાય છે. તેમની વાણી બધાને માટે મંગલ ને શાંતિ આપનારી થઈ પડે છે. તેમના સમાગમથી માણસનું જીવન પલટાઈ જાય છે.

એવા પુરૂષોએ જ્ઞાનને માટે ચિંતા કરવાની જરૂર નથી. અજ્ઞાનરૂપી અંધકારથી ડરવાની જરૂર પણ નથી. જેમણે ઈશ્વરનું શરણ લીધું છે, તેમને આ સંસારમાં શાનો ભય છે ? તેમણે કોઈ જાતની ચિંતા કરવાની પણ જરૂર નથી. તેમના પર ઈશ્વરની છત્રછાયા છે. ઈશ્વરની મીઠી નજર તેમના પર કાયમને માટે મંડાયેલી છે. તે તો તન, મન ને વચનથી સદા ભગવાનને ભજ્યા જ કરે, ભગવાનને પ્રેમ કર્યા જ કરે. એ જ કામ તેમણે કરતાં રહેવાનું છે. બાકીનું બીજું બધું કામ ભગવાન પોતે કરી લેશે. જ્ઞાનનો પવિત્ર પ્રદીપ થઈને તે પોતે તેમના હૃદયમાં પ્રકટ થશે, ને તેમના અજ્ઞાનરૂપી અંધકારનો કાયમને માટે નાશ કરશે. તેમને એવી બુદ્ધિ, વિચારશક્તિ કે વિવેક આપશે કે જેનો ઉપયોગ કરીને તે સંસારમાં નિર્લેપ રહેશે, ને પોતાનું કલ્યાણ કરી લેશે. ભક્તોની સંભાળ આવી રીતે ભગવાન પોતે રાખે છે. એટલે તેમણે કોઈ વાતની ચિંતા કરવાની જરૂર નથી.

'મા' ના ખોળામાં બેઠેલા આ બાળકના તરફ નજર કરો. તેના મુખ પર કેટલી શાંતિ છે ! સ્વર્ગસુખથી પણ વધારે સુખનો અનુભવ કરતું હોય તેમ તે શાંતિથી બેઠું છે. કોઈ જાતની ચિંતા તેને સ્પર્શી શકતી નથી. ઈશ્વરરૂપી 'મા' ના ખોળામાં બેઠેલા ભક્તો પણ એવી રીતે નિશ્ચિંત હોય છે. ઈશ્વરે તેમની બધી જવાબદારી ઉપાડી લીધી છે પછી તેમને માટે ચિંતા કરવાનું કારણ ક્યાં છે ? તે તો ભગવાનની ભક્તિ કરે, ને ભગવાનના સ્વરૂપનું દર્શન કરે અને સમગ્ર સંસારમાં ભગવાનની ઝાંખી કરે છે.

**[ ૭ ] વિભૂતિ દર્શનની રીત**

ભગવાન કહે છે કે સંસારનાં જુદાં જુદાં રૂપો મારાં જ રૂપો છે. એ દૃષ્ટિને આપણે કેળવવાની છે. વૈદિક ઋષિઓમાં એ દૃષ્ટિ હતી. સંસારના સઘળા પદાર્થોમાં તે પ્રભુનું દર્શન કરતા. ઉષાના રંગો, સૂર્ય ને સરિતામાં પ્રભુના સ્વરૂપની ઝાંખી કરીને તેમણે સ્તુતિ કરી છે, ને પોતાના હૃદયના ભાવ ઠાલવ્યા છે. આ બધું બ્રહ્મ છે, પરમાત્મામય છે, ને ઈશ્વરથી આચ્છાદિત થયેલું છે, એ શબ્દોનો અનુભવ કરનાર સંસારમાં તે પહેલા જ છે. કેટલાક લોકો તેમની હાંસી ઉડાવે છે, ને તેઓ જુદા જુદા કેટલાય પદાર્થોની પૂજા કરે છે, એવો આરોપ મૂકે છે પણ તે આરોપ ખોટો છે. સાચી વાત તો એ છે કે તેમની દૃષ્ટિ પવિત્ર હતી. તેમનું હૃદય પણ પવિત્ર હતું. એટલે તેમને બધે પવિત્રતા જ દેખાતી ને પવિત્રતારૂપે રહેલા પ્રભુનું તે બધે દર્શન કરતાં. તેમની જેમ જે પવિત્ર થાય, તે પણ સંસારમાં બધે જ પ્રભુનું દર્શન કરી શકે.

શરૂઆતમાં માણસે પોતાની તદ્દન પાસેની ને આસપાસની વસ્તુમાં ભગવાનનું દર્શન કરતાં શીખવાનું છે. પોતાને પ્રિય લાગતા પદાર્થોમાં તેણે ભગવાનની વિભૂતિ જોવાની છે ને દૂરના પદાર્થોમાં ને પ્રિય તથા અપ્રિય, સારા ને નરસા, મંગલ ને અમંગલ, પવિત્ર ને અપવિત્ર તથા મોટા ને નાના - બધા જ પદાર્થોમાં ભગવાનનું દર્શન કરવાનું છે. પુરૂષ, સ્ત્રી, બાળક, યુવાન ને વૃદ્ધમાં તથા પશુપ્રાણી, વૃક્ષવેલી, ફળ ને ફૂલ તથા પથ્થર ને ધૂળ બધામાં તેણે ભગવાનની ઝાંખી કરવાની છે. એ કામ કઠીન છે, છતાં ક્રમે ક્રમે થઈ શકશે, ને પછી તો એ અવસ્થા આવશે કે જ્યારે ભગવાન વિના બીજું કૈં દેખાશે જ નહિ. સંસારમાં સઘળે એક ભગવાનની ઝાંખી થશે ને વૈદિક ઋષિઓની જેમ તે પણ બોલી ઊઠશે કે, આ પૃથ્વી પ્રભુમય છે, ચરાચરમાં પ્રભુ પ્રકટ થયા છે ને વ્યાપી રહ્યા છે. પૃથ્વી ખરે જ પ્રભુમય છે.

**[ ૮ ] પાસેના પદાર્થોમાં પ્રભુદર્શન કરો**

સૌથી પહેલાં પાસેની વસ્તુઓમાં પ્રભુદર્શન કરતા શીખવાનું છે. પાસેમાં પાસેની વસ્તુ કઈ છે ? પ્રાણ અથવા વધારે સારા શબ્દોમાં કહીએ તો આત્મા. એટલે આત્મામાં પરમાત્માનું દર્શન કરવું જોઈએ. શરીરમાં વિરાજેલા પરમાત્માના પ્રકાશથી જ શરીર શક્તિશાળી બને છે ને કામ કરે છે. વાણી, મન, આંખ, કાન ને નાક જેવી ઈન્દ્રિયોને પ્રેરણા ને ચેતન દેનાર તે જ છે. સૌની અંદર આ પરમાત્મા રહેલા છે. માટે સૌની અંદર તેમની ઝાંખી કરવી જોઈએ. તેમ કરીએ તો આપણા સ્વભાવ ને વર્તનમાં ઘણો ફેર પડી જાય ને સુધારો થાય. સૌની અંદર પ્રભુ છે એમ સમજીને આપણે સૌને પ્રેમ કરતા થઈ જઈએ. ને સૌને મદદરૂપ થવા તૈયાર રહીએ. આપણે માટે જેવા સારા વર્તાવની આશા રાખીએ છીએ તેવો જ સારો વર્તાવ આપણે બીજા પ્રત્યે કરીએ. સ્વાર્થની ગંધ પણ આપણામાંથી કાયમને માટે ચાલી જાય.

માણસ જો જાગ્રત થાય તો તેને પ્રભુની વિભૂતિનું દર્શન પોતાની આજુબાજુ સહેલાઈથી થઈ શકે. પ્રભુનું વિભૂતિદર્શન કરવા તેણે બહુ દૂર જવાની જરૂર નથી. જગતમાં જાગતાવેંત તેને સૌથી પહેલાં કોનું દર્શન થાય છે ? 'મા' નું. 'મા'ની ગોદમાં તેને સૂવા મળે છે ને 'મા'નું દૂધ પીને તે ઉછરે છે. મા તેની કેટલી બધી સંભાળ રાખે છે ! તેને કેટલા પ્રેમથી ઉછેરે છે ! તેને જોઈને 'મા'નું હૈયું હસી ઊઠે છે. તેના દુઃખથી 'મા' પણ દુઃખી થાય છે. 'મા'નો આ માયાળું સ્વભાવ જીવનભર ચાલુ રહે છે. મોટી ઉંમરે પણ જો પોતાના

સંતાનને કાંઈ થાય, તો 'મા'નું દિલ દ્રવી જાય છે. પ્રેમ ને મધુરતાનું મહાદાન 'મા'ને જાણે વારસામાં જ મળેલું છે. તેનો ઉપયોગ પોતાને માટે કરવાને બદલે, બીજાને માટે તેને વાપરી નાખે છે. તેની આંખમાં અમી, તેના અંતરમાં અમી, તેની વાણી ને તેના સ્પર્શમાં પણ અમી. એમ કહો કે તે અમીની પ્રતિમા છે. એવી માતા શું પ્રભુની પરમ વિભૂતિ નથી ? તેના સાન્નિધ્યમાં શું પ્રભુની વધારે ને વધારે સ્પષ્ટ ઝાંખી થતી નથી ? એટલે આપણા ઋષિઓએ કહ્યું છે કે **मातृदेवो भव ।** માતાને દેવતા બરાબર માનજો. પ્રભુની દૈવી શક્તિનો અવતાર 'મા'ના રૂપમાં થયો છે એમ સમજજો. પ્રભુના પ્રેમ ને માધુર્યનું સાકાર સ્વરૂપ તે મા છે.

ચંડીપાઠની કથા વાંચી છે ને ? સંસારમાં શુંભ ને નિશુંભ તથા ચંડ ને મુંડ ને મહિષાસુર જેવા મહાબલવાન અસુરો ત્રાસ ફેલાવી રહ્યા હતા. ત્યારે તેમનો નાશ કરવા માટે દેવતાઓએ માતૃશક્તિને જ આગળ કરી હતી. મા ત્યારે રણચંડી બનીને રણમાં રમી રહી હતી. પરમાત્મા ને મહામાયા એક છે. મહામાયા સંસારનું સર્જન કરવામાં મદદ કરે છે. તેના શાંત ને ભીષણ જેવા અનેક સ્વરૂપો છે. આપણે ત્યાં કેટલાય ભક્તો પરમાત્માને મા રૂપે જ ભજે છે. પરમાત્માને મા રૂપે ભજવામાં તેમને બહુ જ આનંદ આવે છે. આ વિશ્વદેવતાનું સાધારણ છતાં સુંદર સ્વરૂપ તે મા. સૌની યે મા. તે મા ની અંદર જગન્માતાનું દર્શન કરવું ને તેની સેવા કરવી એ જીવનનો મહાન લ્હાવો છે. ગણપતિએ પૃથ્વીની પ્રદક્ષિણા કરવાને બદલે ‘મા’ પાર્વતીની પ્રદક્ષિણા કરી લીધી. તો તેમને પૃથ્વીની પ્રદક્ષિણા કરવાનું ફળ મળી ગયું. એમાં કાંઈ આશ્ચર્ય નથી.

મા ની ભૂલાઈ ગયેલી મહત્તાને આપણે તાજી કરવી જોઈએ. આજે આપણે શું 'મા'ની અંદર દેવત્વનું દર્શન કરીએ છીએ અથવા પ્રભુની ઝાંખી કરીએ છીએ ? કેટલાક માણસો 'મા'નું કહ્યું જ માનતા નથી. 'મા'ના દેવત્વની તો શું, 'મા'ની માનવતાની પૂજા પણ કરતા નથી. કેટલાક યુવાનો માતૃભક્ત હોય છે. પણ તે કુંવારા હોય ત્યાં સુધી જ. પરણ્યા પછી તેમની ભક્તિ સ્ત્રી તરફ વળી જાય છે, ને તે સ્ત્રીભક્ત થઈ જાય છે. કોઈ કોઈ યુવાનો તો ભાન ભૂલીને 'મા'ને ગાળો દે છે, ત્રાસ આપે છે, ને મારપીટ પણ કરે છે.

એક પંડિતજી સંસ્કૃતના પરમ અભ્યાસી હતા. ગીતા ને ભાગવત પર કથા કરે ત્યારે સાંભળનારા અંજાઈ જતા. મંત્રમુગ્ધ થઈ જતા ને વાહવાહ કરતા, પણ છાશવારે તે પોતાની 'મા'ની સાથે તકરાર કરતા, ને 'મા'ને ગાળો દેતા. તેમનામાં ગમે તેટલી વિદ્વતા હોય તો પણ તેને શું કરવાની ? જે વિદ્વતા જીવનમાં પ્રેમ કરવાના ને સારી રીતે બોલવાના એક સાધારણ નિયમને શીખવી ના શકે, તે વિદ્વતાને શું કરવાની ? ના, તેવી વિદ્વતા તમે ના માગશો. તમે માતૃભક્ત બનજો. માતાની અંદર જગન્માતાનું દર્શન કરજો, ને તેની સેવા કરવા સદાય તૈયાર રહેજો.

જે માતાને માટે તે પિતાને માટે. પિતામાં પણ પ્રભુની ઝાંખી કરવાની છે. તે પછી આપણા ઘરના સભ્યોમાં પ્રભુના પ્રકાશનું દર્શન કરી, સૌની સાથે પ્રેમ ને મીઠાશથી રહેવાનું છે. ઘરના માનવસભ્યો જ નહિ; પણ ગાય, ભેંસ, બળદ ને બકરી જેવાં પ્રાણીમાં પણ પ્રભુના પ્રકાશનું દર્શન કરવાનું છે. તેમની સેવા કરવાની છે. તે પ્રાણીઓ દુઃખી ના થાય ને આપણી દ્વારા તેમને બનતું સુખ મળે, તે જોવાનું છે. એ આપણી ફરજ છે.

અમે એક ખેતરમાં ગયા હતા. ત્યાં કૂવા પાસે બે બળદ બાંધ્યા હતા. ખેડુત ઘેર ગયો હતો, તેની સાથે કામ કરનાર માણસ ત્યાં ઊભો હતો. બળદનાં હાડકાં દેખાતાં હતા. તે વિશે વાત નીકળતાં તેણે કહ્યું કે 'આ બળદને સવારથી બાંધી રાખ્યા છે. સામે પૂળાનો ઢગલો પડ્યો છે. બળદ ભૂખ્યા છે. અત્યારે સાંજ પડવાની તૈયારી છે. તેમને ખાવાનું નજીવું જ મળ્યું છે. સામે પૂળાનો ઢગલો પડ્યો છે. પણ તેને અડકવાની પણ મને મનાઈ છે એટલે હું શું નાખું ? આજે એકાદશી છે. પણ આ બળદને તો રોજ એકાદશી જેવું ચાલે છે. તેમની પાસેથી કામ સારી પેઠે લેવામાં આવે છે. પણ તેમને પૂરતું ખાવાનું મળતું નથી. પછી હાડકાં ક્યાંથી પૂરાય ?' ખેડૂતના સાથીદારની વાત સાંભળીને અમને અજબ લાગણી થઈ આવી. માણસ બળદ પાસે કામ લે છે પણ તેમને ખાવાનું આપતો નથી. એ કેટલું અજબ છે ! એને ઘાતકીપણું નહિ તો બીજું શું કહી શકાય ? પોતાના જ પશુને જે ના પોષે, તે બીજાને તો શું પોષે ? એવી નિર્દયતાનો અંત આણવો જોઈએ, ને માણસે પશુ, પંખી ને પ્રાણીમાં પ્રભુનું દર્શન કરીને તેમની સેવા કરવી જોઈએ. સેવા કરવાની શક્તિ ના હોય, તો માણસ તેમને આશ્રય ના આપે એ જ બરાબર છે.

પાસેના જીવોમાં પ્રભુની ઝાંખી કરવાની ટેવ પાડવી જોઈએ, કુટુંબમાં, ગામમાં, શહેરમાં, દેશમાં ને પછી સમગ્ર સંસારમાં પ્રભુદર્શન કરવું જોઈએ. એવો અનુભવ કાંઈ ઘડીના છઠ્ઠા ભાગમાં નહિ થાય. તે માટે નિરંતર પ્રયાસ કરવો પડશે ને સતત તકેદારી રાખવી પડશે. એ પ્રમાણે ટેવ પાડવાથી તમારો સ્વભાવ જ એવો થઈ જશે કે તમને બધામાં પ્રભુની સહજ ઝાંખી થવા માંડશે. ભય ને ધિક્કાર તથા કામ ને ક્રોધ પછી આપોઆપ દૂર થઈ જશે. આપણે ભાવમય, પવિત્ર ને નિર્વિકાર બની શકીએ તે માટે ભગવાને સરળ ને સચોટ માર્ગ બતાવ્યો છે. તેમણે કહ્યું છે કે સૌમાં મારું દર્શન કરો. સંસારના જુદા જુદા જડ ને ચેતન પદાર્થો મારી વિભૂતિરૂપ છે એમ માનો. એમ માનવાથી તમે કામ, ક્રોધ, ભય તથા રાગદ્વેષમાંથી મુક્ત બનશો.

**[ ૯ ] ભગવાનની વિભૂતિ : સૂર્ય અને ચંદ્ર**

હવે ભગવાને કહેલી પોતાની વિભૂતિઓમાંથી થોડીક વિભૂતિઓનો વિચાર કરીએ. ભગવાન કહે છે કે 'જ્યોતિર્મય વસ્તુઓમાં હું સૂર્ય છું.' સૂર્યને જગતનો પ્રાણ કહ્યો છે. સૂર્યની ઉપાસના પણ આપણે ત્યાં સારી પેઠે પ્રચલિત છે. સૂરજનો ઉદય થતો જ ના હોત, તો જગત કેવું દેખાત તેની કલ્પના કરો, જ્યાં જુઓ ત્યાં અંધકાર. જગતમાં બીજું કાંઈ જ જોવા ના મળત. માણસે વીજળીની શોધ કરી છે. પણ વીજળીનો પ્રકાશેય ક્યાં સુધી પહોંચી શકત ? તે કાંઈ સૂરજનું સ્થાન લઈ શકત ? સૂરજનો પ્રકાશ આખી અવનવીમાં પહોંચી જાય છે. શિયાળાની કડકડતી ઠંડીમાં તેનું મૂલ્ય ઘણું વધી પડે છે. ઠંડીમાં ઠરી ગયેલાં ને થરથરતાં માણસો બહાર આવે છે ને સૂરજના ઉષ્મા આપનારાં કિરણોની રાહ જુએ છે. પર્વતીય પ્રદેશોમાં તો સૂરજ ખરેખર જીવનનું દાન દેનારો સાબિત થાય છે. ઉનાળામાં પણ જ્યાં સખત ઠંડી પડે છે, તેવા પર્વતીય પ્રદેશોમાં મોટા ભાગે માણસો ઘરની બહાર બેસે છે ને સૂર્યકિરણનો આનંદ લે છે. એવા સૂર્યને લોકો સન્માને ને પૂજે તેમાં આશ્ચર્ય ક્યાં છે ? ખેડૂતોને માટે ને રોગીને માટે પણ સૂરજ કેટલો આશીર્વાદ છે ! પ્રભુની પરમ મહાન વિભૂતિ તરીકે માણસો તેને સહેલાઈથી જાણી શકે છે. સંસારના એક મૂંગા સેવક તરીકે તેનું સ્થાન ઘણું ઊંચું છે. તેથી તો વૈદિક ઋષિઓએ તેની સ્તુતિ કરી છે, ને તેની આરાધના કરી છે.

જે માણસો ઓરડાને બંધ કરીને અંધકાર વચ્ચે જપ કે ધ્યાન કરવા બેસે છે, તેમાંના કેટલાક પોતાનું મન સ્થિર નથી રહેતું એવી ફરિયાદ કરે છે. તેવા માણસો સૂર્યનાં તાજાં કિરણોનો આનંદ લેતાં જપ કે ધ્યાન કરે એવી મારી નમ્ર વિનંતિ છે. તેમને અચૂક લાભ થશે. જેમનું મન સ્થિર થઈ શકે છે તેવા માણસો પણ મારી વિનંતી ધ્યાનમાં લે. તેમને વધારે મદદ મળશે એ નક્કી છે. ગોપીઓ મહી વેચવા જતી તેમાં બે કામ થતાં. મહી વેચાતું ને ભગવાન શ્રી કૃષ્ણનું દર્શન થતું. એ પ્રમાણે સૂર્યના સામે ધ્યાનાદિ કરવાથી તંદુરસ્તી ને મનની સ્થિરતાની પ્રાપ્તિ બંને કામ આપોઆપ થઈ જાય છે એવો મારો અનુભવ છે.

સૂર્યની શક્તિ આવી અજબ છે, છતાં આપણે ત્યાં એવા કેટલાય લોકો છે કે તેનો લાભ લેતા નથી. જ્યાં સૂર્યના કિરણ પહોંચી ના શકે એવી સાંકડી, ગીચ ને અંધારી ઓરડીઓમાં કેટલાક લોકો રહે છે. એવા લોકો અનુકૂળતા પ્રમાણે વખત કાઢીને સૂર્યકિરણોનો થોડોક પણ લાભ લે એમ આપણે ઈચ્છીશું. જે લોકો તેનો લાભ લે છે, તેમને આપણે કહીશું કે "ભાઈઓ, સૂરજને કોઈ જડ વસ્તુ ના સમજતા. તેને દેવતા માનજો. પ્રકાશ ને પ્રાણથી ભરેલી ઈશ્વરની વિભૂતિ સમજજો. એમ સમજીને તેને વંદન કરજો. તેનો લાભ લેજો ને તેની સામે બેસીને ઉત્તમ ભાવના કરજો." વૈદિક ઋષિઓએ જેવી ભાવના કરી છે. તેવી ને બીજી જુદી જુદી ભાવનાઓ તમે કરી શકો છો.

વૈદિક ઋષિઓ કહે છે કે

"હે સૂર્ય, તું પ્રકાશ સ્વરૂપ છે, અમને પ્રકાશ આપ !<br>
તું વીર્યસ્વરૂપ છે, અમને વીર્ય આપ !<br>
તું ઓજસ્વી છે, અમને ઓજસ્વી બનાવ !<br>
તું સહનશીલતાની મૂર્તિ છે, અમને સહનશીલ બનાવ !<br>
તું બળવાન છે, અમને બળવાન કર !<br>
તું ચેતનમય છે, અમને ચેતનમય કરી દે, ને<br>
તું જેમ સદ્‌ગુણોનો ભંડાર છે, તેમ અમને સદ્‌ગુણોનો ભંડાર બનાવી દે !"

સૂર્યનું સ્વરૂપ ઉગ્ર છે, પણ ચંદ્રમાનું સ્વરૂપ શીતળ છે. ચાંદનીથી ભરેલી રાત કેટલી સુંદર લાગે છે ! સૂરજના રૂપ સામે ત્રાટક કરવું હોય તો ભારે થઈ પડે. સૂરજના ભયંકર તેજને વધારે વખત સુધી જોવાનું કામ કપરૂં છે. પણ ચંદ્રનું તેજ એટલું બધું ઉગ્ર કે ભયંકર નથી. તેની સામે તો ધરાઈ ધરાઈને જોઈ શકાય. તેનું અમૃત ખૂટ્યું ખૂટે નહિ તેવું છે. તેનો આસ્વાદ તમે લીધા જ કરો. પણ કદી ધરાશો કે થાકશો નહિ. આવા ચંદ્રમાને ભગવાન પોતાની વિભૂતિ કહે છે તે બરાબર જ છે. ભગવાનની વિભૂતિ એકલી ઉગ્ર જ છે એમ નથી, તે શીતળ પણ છે. વળી એમ પણ સમજવાનું છે કે સૂરજ ને ચંદ્રમાની જેમ તારા પણ ભગવાનની વિભૂતિરૂપ છે. મોટી વસ્તુઓની આડમાં નાની વસ્તુઓને ભૂલી જવાની નથી.

**[ ૧૦ ] ભગવાન શંકર અને સાગર**

રૂદ્રોમાં શંકર ભગવાનને પોતાની વિભૂતિ કહ્યા છે. શંકરના જીવનથી કોઈ અજાણ નથી. સમુદ્રમંથન વખતે સંસારને બચાવવા માટે વિષનું પાન કરનાર ભગવાન શંકરને કોણ નથી જાણતું ? કામદેવને

ભસ્મિભૂત કરનાર પવિત્ર ને નિર્વિકાર મહાપુરૂષ તરીકે પણ તે પ્રસિદ્ધ છે. તેમના નામ પરથી જ તેમના ગુણ ને તેમની શક્તિનો ખ્યાલ આવી જાય છે. તે સદાને માટે શાંતિ આપનારા ને કલ્યાણ કરનારા છે. યોગીઓ તેમના કૃપાકટાક્ષની યાચના કરે છે, ને ભક્તો પણ તેમના દર્શન માટે ઝંખે છે. તેમનું દર્શન કદી નકામું જતું નથી. ભક્તો પર પોતાની કૃપાનો વરસાદ તે ખુલ્લા હાથે વરસાવે છે. તે પ્રસન્ન પણ જલદી થાય છે. માટે તો તેમને આશુતોષ કહ્યા છે. તેમનું સ્વરૂપ જરા ભય લાગે તેવું છે પણ તે તો જે ભક્ત નથી તેમને માટે. ભક્તોને માટે તો તેમનું સ્વરૂપ સદાયે મંગલ ને સુખકારક છે. જુદાં જુદાં બધા રૂપોમાં તે પ્રકટ થાય છે. એવી રીતે ભગવાન શંકરના સ્વરૂપને જોવાનું છે. ત્યાગની તો તે મૂર્તિ છે. અપરિગ્રહની પ્રતિમા છે. સંસારથી ઉદાસીન હોવા છતાં સંસારના હિત માટે તે સદાય જાગ્રત રહે છે. તેમના જીવનમાંથી આપણે સંસારમાં નિર્લેપ રહીને સેવા કરવાનો મંત્ર ગ્રહણ કરી શકીએ છીએ. વળી વિરોધી વાતાવરણમાં રહીને પણ શાંતિમય ને સદાશિવ બનવાની દીક્ષા લઈ શકીએ છીએ.

જગતમાં બધે જ અમૃત નથી, વિષ પણ છે. સુખની સાથે દુ:ખ, ઉત્થાનની સાથે પતન ને છાયાની સાથે તાપ પણ રહેલાં છે. તે બધામાં માણસે અડગ બનીને બેસવાનું છે, અચલ રહેવાનું છે ને શંકરની જેમ બધી જ દશામાં શાંત રહીને પરમાત્મામય થવાનું છે. પરમાત્મામાં અખંડ સમાધિ ધરવાની છે. કષ્ટ ને નિંદાના વિષછાંટાથી ડરવાનું નથી. કહે છે કે ભગવાન શંકર કૈલાસમાં રહે છે. કૈલાસ કેટલું બધું ઊંચું છે ! ત્યાં પહોંચવાનું કામ કેટલું બધું કપરૂં છે ! ત્યાં પડતી ઠંડી પણ કેટલી બધી અસહ્ય હોય છે ! ભારતીય યોગીઓ કહે છે કે મસ્તકમાં પરમચેતનાનો વાસ છે. તેમના કહ્યા પ્રમાણે મસ્તક પરમાત્માનું હેડક્વાર્ટર– મુખ્ય સ્થાન છે. યોગીઓ સમાધિ દ્વારા ત્યાં પહોંચી શકે છે પણ ત્યાં પહોંચવાનું કામ કૈલાસ પહોંચવા કરતાં પણ વધારે કઠિન છે. ત્યાં પહોંચનારને ઠંડીનો અનુભવ થાય છે. તે ઠંડી જરા જુદી જાતની હોય છે. તેથી તેનું તન ને મન શીતળ થાય છે. ત્રિતાપ ટળી જાય છે ને બીજી ગરમી પણ શમી જાય છે. એ દશાના અનુભવ પછી તે શિવસ્વરૂપ થઈ જાય છે. એવા શિવસ્વરૂપ બનવા માટે આપણે તૈયાર થઈએ, પ્રયાસ કરીએ, ને પ્રયાસમાં સફળ થવા માટે ભગવાન શંકરના આશીર્વાદ લઈએ. તેમના આશીર્વાદ લઈને આપણે કામવાસનાને કચડી નાખીએ કે જીતી લઈએ, ને પવિત્રતા તથા વિશુદ્ધ પ્રેમરૂપી પાર્વતીની સાથે આનંદ કરીએ. ભગવાનની વિભૂતિ તરીકે શંકરનું નામ સાંભળીને આપણા દિલમાં આવા આવા અનેક તરંગ ઊઠ્યા કરે છે. તે તરંગ મનની સપાટી પર કેવળ અથડાયા ના કરે, પણ જીવનમાં ઊંડા ઉતરી, જીવનના મૂળ પ્રવાહ સાથે મળી જાય, એવું આપણે ઈચ્છીશું. ત્યાગ ને કરૂણાની મૂર્તિ જેવા ભગવાન શંકરને આપણે વંદન કરીએ છીએ. એકવાર નહિ પણ અનેકવાર વંદન કરીએ છીએ. ખૂબ ખૂબ પ્રેમપૂર્વક વંદન કરીએ છીએ.

સાગરને પણ ભગવાન પોતાની વિભૂતિ કહે છે. સાગરને ગુરૂ બનાવીને માણસ તેની પાસેથી ઘણી વાતો શીખી શકે છે. કેટલીક વાતોનો ઉલ્લેખ આપણે અત્યાર સુધી અવારનવાર કર્યો છે. સાગરને જોઈને કોનું અંતર ઉછાળા નથી મારતું ? એની પાસેથી કાંઈ વધારે ના શીખીએ ને ઉદારતા ને અતિથિસત્કારની ભાવનાં શીખીએ તો પણ ઘણું છે. સાગર કેટલો ઉદાર છે ! જે આવે તેને પોતાના ઉદરમાં સમાવવા તે સદા તૈયાર રહે છે. કોઈ તરફ રાગ કે દ્વેષ ના મળે, મોટા-નાનાના ભેદ પણ ના મળે, જેટલા પ્રેમથી તે, પ્રેમ ને મધુરતાની મૂર્તિ જેવી ગંગાને ભેટવા તૈયાર રહે છે, તેટલા જ પ્રેમથી સાધારણ ઝરણા કે જળપ્રવાહને

પોતાના હૃદયમાં સ્થાન આપે છે. કોઈના તરફ પક્ષપાત ના મળે. અતિથિને જોઈને તો તે ગાંડા જેવો બની જાય છે. કોઈ આવો, કોઈ આવો એમ કહેતા રાતદિવસ તે પોતાની લાગણીનાં તરંગો ઉછાળ્યાં કરે છે. સાધનામાં સિદ્ધિ મેળવીને સ્થિતપ્રજ્ઞની જેમ શાંતિ બનીને તે બેસી રહ્યો છે. આપણને પણ સાધના કરવાની ને સિદ્ધિ મેળવીને ધન્ય થવાની દીક્ષા આપે છે. તેને જોઈને શું આપણને ઈશ્વરની યાદ નથી આવતી ?

**[ ૧૧ ] જપયજ્ઞ**

ભગવાનના નામમાં મસ્ત બનેલા આ કીર્તનકારને જુઓ. ભગવાનના નામનું કીર્તન કરી કરીને તે આનંદ કરે છે. કેટલો આનંદ ! તેની આંખમાંથી પ્રેમનું પાણી વહી જાય છે, ને તેના શરીરમાં પ્રેમનો અવતાર થયો હોય એમ જણાય છે. કીર્તન સાંભળનારા માણસો પણ મંત્રમુગ્ધ બની ઊભા રહે છે. તેમને શાંતિનો અનુભવ થાય છે કીર્તનમાં એવી શક્તિ છે. ભક્તિ કરનાર ને સાંભળનાર બંને પરમ શાંતિના કોઈ અજબ પ્રદેશમાં પ્રવેશ કરે છે. જપ કે કીર્તન જોરથી થાય કે મનમાં, કોઈ પણ રીતે આનંદ આપે છે એ નક્કી છે. ભગવાનની પાસે પહોંચવામાં જપ કે કીર્તન ઘણી મદદ કરે છે. જપ કે કીર્તનથી મનની એકાગ્રતા સહેલાઈથી થઈ જાય છે, ને પ્રભુની કૃપા પણ મળી રહે છે. માટે જ સંતો ને શાસ્ત્રોએ તેના પર આટલો ભાર મૂક્યો છે. ભગવાન તેનો મહિમા વધારીને કહે છે કે યજ્ઞોમાં હું જપયજ્ઞ છું. બોલો હવે બીજા કોઈ યજ્ઞો કરવાની જરૂર છે ખરી ? જપયજ્ઞ જેવો સીધો ને સચોટ માર્ગ છે, પછી બીજા અટપટા માર્ગો ને યજ્ઞોનો આશ્રય શા માટે લેવો જોઈએ ? ધન ને દ્રવ્યનો વ્યય કરીને બીજા યજ્ઞોના આડંબર કરવાની જરૂર જ ક્યાં છે ? વિશ્વશાંતિ કે બીજી કોઈયે ઈચ્છાથી પ્રેરાઈને બીજા યજ્ઞો કરવાનું શું કામ છે ? ભગવાનની પરમ વિભૂતિ જેવા જપયજ્ઞોનો આધાર લો એટલે તમારી અંદર શાંતિ છવાઈ જશે ને વિશ્વશાંતિ પણ થઈ જશે. બીજી પણ કોઈ કામના હશે, તો તે પણ પૂરી થશે. બધી જાતની કામના લઈને બેસશો તો તે કામના પણ પૂરી થશે. જપયજ્ઞના પ્રભાવથી ભગવાન તમને દર્શન આપશે, તમારી સામે પ્રકટ થશે. માટે બીજા યજ્ઞોનો મોહ મૂકીને એક જપયજ્ઞનો જ આધાર લો. ભગવાનના શબ્દોમાં સમાયલો એ સાર લક્ષમાં લો.

**[ ૧૨ ] હિમાલય ને ગંગા**

હિમાલયનું દર્શન કદી કર્યું છે ખરૂં ? હિમાલયને ભગવાન પોતાનું સ્વરૂપ કહે છે. એથી કોઈએ આશ્ચર્ય પામવાની જરૂર નથી. આકાશને અડવા માટે હરિફાઈ કરનારાં એકેકથી ચડિયાતાં શિખરવાળો હિમાલય ભગવાનની યાદી આપતો ઊભો રહ્યો છે એમાં શંકા નથી. કેટલાં વરસોથી આવી સહજ સમાધિ ધારીને તે ઊભો રહ્યો છે તે કોણ કહી શકે ? તેના દર્શનથી દિલને આરામ ને આનંદ બંને મળે છે. તેની પાસે ને સાથે, તેના પાવન પ્રદેશમાં રહેવાનું સૌભાગ્ય મને વરસોથી મળ્યું છે, તેથી હું મારી જાતને બડભાગી માનું છું. હિમાલયનું દર્શન કરતાંવેંત મારું અંતર ઉછાળા મારે છે. કેટલો આનંદ થાય છે તે કેવી રીતે કહી શકાય ? જીવનના આઘાત ને પ્રત્યાઘાતની વચ્ચે આવી રીતે અડગ બનીને ઊભા રહેવાનું છે. તેની મને યાદ આવે છે, ને ભારત ને સંસારના મહાપુરૂષોની પણ યાદ આવે છે. એ રીતે જાણે કે પ્રેરણાનું ભાથું મળે છે. કોઈ જીવનમુક્ત ને પૂર્ણ યોગી હોય તેવા ભાવથી હું તેના તરફ જોઉં છું, ને તેને પ્રણામ કરૂં છું. ઉતરતી

યુવાનીનો લાંબો વખત તેના પ્રદેશમાં પસાર કરવાની તક મળવાથી મને કેટલાય સાધારણ ને અસાધારણ અનુભવો થયા છે, ને તેથી તેના તરફનો મારો આદરભાવ વધી ગયો છે. દુન્યવી દૃષ્ટિએ તેનો પ્રદેશ ભલે જરા કંગાલ અને સુકો હોય, આધ્યાત્મિક માર્ગના મુસાફરોને માટે તો ત્યાં શાંતિની અખૂટ સામગ્રી ભરી છે એમાં શંકા નહિ. સિદ્ધ મહાપુરૂષોનું ત્યાં કાયમનું નિવાસસ્થાન છે એમાં પણ શંકા નહિ. સાધકોને તો ત્યાં આનંદ જ આવશે. સાધારણ માણસોને પણ પોતપોતાના ગજા પ્રમાણે શાંતિનો અનુભવ થશે એમાં સંદેહ નહિ. શાંતિ ને સુંદરતા બંને હિમાલયની સહચરી છે. તે બંનેનો લાભ ત્યાં જનારાને મળી રહેશે. તેને જોતાંવેંત પ્રભુના મહિમાની યાદ આવે છે, ને તેનાં ચરણોમાં મસ્તક નમી પડે છે.

હિમાલય ને યાદ કરીએ એટલે ગંગામાતાની યાદ પણ કુદરતી રીતે આવે જ. હિમાલય ને ગંગા બંને વરસોથી પરસ્પર સંકળાયેલા છે. બંને સાધકોને શાંતિ આપે છે ને જે પતિત છે તેને પાવન કરે છે. ગંગાનું દર્શન પણ કેટલું આહ્લાદક છે ! આકાશ જેવી નિર્મળ ગંગાના પ્રવાહને જોતાવેંત સ્વર્ગસુખનો અનુભવ થાય છે. તેને જોતા જ રહીએ, ને તેના પાણીને પીયા જ કરીએ, પણ કંટાળો આવે નહિ, ને તૃપ્તિ વળે નહિ. હરદ્વાર ને ઋષિકેશની ગંગા કેટલું સુંદર સ્વરૂપ ધારણ કરે છે ! પણ તેની ઉપરના પ્રદેશની પર્વતીય ગંગા પણ ઓછી રમણીય નથી. કાલિદાસે કહ્યું છે કે મધુર આકૃતિવાળા માણસોને માટે કયી વસ્તુ શણગારરૂપ નથી ? તેમાં જરાક ફેરફાર કરીને કહી શકાય કે જેમની સંપૂર્ણ આકૃતિ મધુર કે સુંદર છે તેમનું કયું અંગ સુંદર હોતું નથી ? ચંદ્રમાને ગમે તે તરફથી જુઓ, પણ તે સુંદર જ દેખાય છે. તેવી રીતે ગંગાને કોઈયે પ્રદેશમાંથી જુઓ–ગંગાનું કોઈયે સ્વરૂપ જુઓ, તે સુંદર લાગ્યા વિના રહેશે નહિ.

પહેલેથી જ મને નદી પર પ્રેમ છે. નદીને જોઈને મને આનંદ થાય છે. ગંગા તો નદીઓની માતા છે. તેનો લાભ લેવાનું સદ્‌ભાગ્ય મને વરસોથી મળ્યું છે. ગંગાની સ્તુતિ પણ મેં કરી છે. આજે પણ ગંગાનું દર્શન થતાં હૃદય લળી પડે છે ને ભાવવિભોર બને છે. આત્મિક ઉન્નતિને માટે પાછલી અવસ્થામાં સંસારનાં સુખોનો ત્યાગ કરીને ગંગા તીરે વસવા તૈયાર થનાર તપસ્વીઓ ને રાજાઓ તાજા થાય છે ને નજર સામે તરવરે છે.

ગંગા નામ જ કેટલું પ્યારૂં લાગે છે ! તે નામને સાંભળતાવેંત હૃદયમાં માનની લાગણી ઊભી થાય છે. હજારો લોકો તેને માનની નજરે જુએ છે, તેના પાણીમાં સ્નાન કરે છે, ને તેના કિનારે બેસીને સ્તોત્રપાઠ, જપ ને ધ્યાન કરે છે. કેટલાક લોકો તેમાં ગંદકી પણ કરે છે. છતાં ગંગા તેમના પર ગુસ્સે થઈને તેમને કડવાં વચન કહેતી નથી. આપણે ચારિત્ર્યના કેવા ચોક્ખા થવું જોઈએ તે વાત ગંગામાતાની પાસેથી શીખી શકાય છે. ગંગાનું જીવન જ બીજાને માટે છે. બીજાની સેવા કરવા તે સદાય તૈયાર છે. સેવાનો તેને કેફ નથી, ને થાક પણ નથી. સેવા તો તેનો સહજ ધર્મ કે સ્વભાવ છે. બાકી તો પ્રભુના પ્રેમમાં મસ્ત બનીને તે વહ્યા કરે છે. સ્વર્ગમાંથી સંસારમાં ઊતરી આવી છે છતાં પણ સંસારથી તે પ્રભાવિત થતી નથી. સંસારના મોહમાં પડીને સંસારસુખના સ્વાદને માટે, પોતાની યાત્રાને તે કદી પણ બંધ કરતી નથી. પ્રેમનું એક જ ગીત ગાતી ગાતી પોતાના પ્રીતમ પ્રભુ તરફ તે તો નિરંતર વહ્યા કરે છે. પાસે જનારા લોકોને તે જાણે કે સંદેશ આપે છે કે ભાઈઓ, સંસારમાં રહેવા છતાં સંસારથી અલિપ્ત રહેજો. સંસારના રંગરાગને જુઓ તો ભલે, પણ તે રંગરાગમાં ડૂબશો નહિ. આ જીવનની મહાન યાત્રા તમે એટલા માટે જ શરૂ કરી છે.

પરમાત્માની પાસે પહોંચવા માટે જ તમારો આ જીવનપ્રવાહ છે, તેને પરમાત્માની પાસે પહોંચતા સુધી, પૂર્ણતાની પ્રાપ્તિ લગી, સતત સાવધ થઈને વહેતો જ રાખજો. સાથે બીજાને સહાય કરવા તૈયાર રહેજો.

**[ ૧૩ ] વિદ્યામાં અધ્યાત્મ વિદ્યા**

વિભૂતિના વર્ણન વખતે ભગવાને કહ્યું છે કે બધી વિદ્યામાં હું અધ્યાત્મ છું. અધ્યાત્મવિદ્યા માટેનો ભગવાનનો એ કોઈ વ્યર્થ પ્રલાપ કે વધારે પડતો અનુરાગ નથી. તેમાં તો મહાન સંકેત રહેલો છે. ભગવાન કહેવા માગે છે કે બીજી કોઈયે વિદ્યાથી માનવને શાંતિ કે પૂર્ણતાની પ્રાપ્તિ થઈ શકતી નથી. જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ તથા સ્વભાવના બંધન ને અલ્પતામાંથી બીજી કોઈયે વિદ્યા તેને મુક્ત કરી શકતી નથી. બીજી કોઈયે વિદ્યા તેને પુરૂષોત્તમ ને સર્વજ્ઞ કે સર્વશક્તિમાન બનાવી શકતી નથી ને જીવન તથા જગતનું રહસ્ય પણ બીજી કોઈયે વિદ્યા તેની સામે ખુલ્લું કરી શકતી નથી. શિલ્પવિદ્યા, શસ્ત્રવિદ્યા, જ્યોતિષ, સંગીત કે બીજી કોઈયે વિદ્યા અધ્યાત્મવિદ્યાની બરાબરી કરી શકતી નથી. માણસ બીજી બધી જ વિદ્યામાં સંપન્ન હોય, પણ જો અધ્યાત્મવિદ્યાથી રહિત હોય, તો તે વિદ્યાવાન તો કહેવાશે. માન, પદ ને પૈસા પણ મેળવી શકશે, પરંતુ પોતાનું શ્રેય ભાગ્યે જ સાધી શકશે. ભગવાનનો આ સંકેત છે. તેને સમજવાની જરૂર છે.

આજે માણસ જ્ઞાનવિજ્ઞાનનાં અનેક ક્ષેત્રોમાં પ્રવેશ કરતો જાય છે. જ્ઞાનવિજ્ઞાનની નવી નવી શોધો પણ કરે છે. પણ જો તે સાચો માનવ બનવાની કળા ન શીખે, તો તેની પ્રગતિ છેવટે અપૂર્ણ, અધુરી ને અપંગ જ રહેશે. જે દેશમાં અધ્યાત્મ વિદ્યાનો પ્રચાર વધારે હોય ને તેમાં રસ લેનારા લોકો પણ વધારે હોય તે દેશ સુધારાની ઉચ્ચોચ્ચ કોટિએ પહોંચેલો ને સૌથી શ્રેષ્ઠ છે એ નક્કી સમજી લેવું. જે વ્યક્તિ આધ્યાત્મિક રંગે રંગાયેલી હોય, તેને ઉત્તમ માનવી ને આદરની અધિકારી પણ તેને જ ગણવી.

એકલી અધ્યાત્મ વિદ્યાના રસથી કાંઈ જ હેતુ નહિ સરે એ પણ સાથે સમજી લેવું. માણસો અધ્યાત્મ વિદ્યાના રસિયા હોય છે, પણ તેમનું જીવન કેટલીકવાર આધ્યાત્મિકતાથી કોરું રહી જાય છે. વિદ્યાનો ઉપયોગ તે ફક્ત વિનોદ માટે ને ચર્ચા કરવા માટે જ કરે છે. તે વિદ્યાને જીવનમાં ઉતારવા સાથે તેમને ઝાઝી લેવાદેવા નથી હોતી. તેવી વિદ્યાથી શું વળે ? જે વિદ્યા જીવનને પલટાવવામાં મદદ કરે, ને જીવનને ઉજ્જવલ ના કરે તે વિદ્યાથી શું વળે ? અંતરમાં સતત જલી રહેલી અશાંતિની આગને જે ઓળખે નહિ, ને મુક્તિ ને પૂર્ણતાની તીવ્ર તરસને ઠારે નહિ તે વિદ્યાને શું કરવાની ? વિદ્યાનો રસ માણસની રગેરગમાં ઉતરી જવો જોઈએ.

અધ્યાત્મવિદ્યાના રસિયા થવાનો અર્થ ધર્મપુસ્તકોના અધ્યાયમાં ઊંડા ઉતરવું, ને ચર્ચા, લેખન ને પ્રવચનમાં કુશળ થવું એવો નથી. તેવી કુશળતાથી વધારે લાભ નહિ થાય. વાતોડિયા માણસો ઘણા છે. તેવા માણસો પોતાને પંડિત કે વિદ્વાન કહેવડાવે છે, ને જેની તેની સાથે વાતોમાં ને પછી ચર્ચામાં ઉતરી પડે છે. ઉપદેશો પણ ઘણાય ઉપરાઉપરી આપે છે, પણ તે તો બીજાને માટે. તેમને તો તેને પાળવાની જાણે બાધા છે. ગીતા, ભાગવત, ઉપનિષદ, રામાયણ, કુરાન ને બાઈબલ સમજાવનારા ઘણા મળે છે. તેમાં રસ લેનારા પણ ઘણા મળે છે, પણ તેમના જીવનમાં ડોકિયું કરો તો જુદી જ વાતો જોવા મળે છે. તેથી તેમને શાંતિ મળતી નથી. જ્યાં સુધી કહેવામાં ને કરવામાં ભેદ હોય ત્યાં સુધી શાંતિ કેવી રીતે મળી શકે ? વિચાર

ને વર્તન વચ્ચે મેળની જરૂર છે, અધ્યાત્મવિદ્યાના રસિયાઓએ નમ્ર ને પવિત્ર બનવું જોઈએ. મન ઈન્દ્રિયોનો સંયમ કરવો જોઈએ, ને પરમાત્માને પ્રેમ કરી પરમાત્માનો સાક્ષાત્કાર કરતાં શીખવું જોઈએ. અધ્યાત્મવિદ્યા એટલા જ માટે છે. પરમાત્માને ઓળખવામાં જ તેની ધન્યતા રહેલી છે. માણસને તે મુક્ત ને પૂર્ણ કરે છે. એવી મહાન ઉપકારક અધ્યાત્મવિદ્યાને પ્રભુની વિભૂતિ માનીને આપણે વંદન કરીએ છીએ. અધ્યાત્મવિદ્યા એક જાતની ગંગા જ છે ને ? ગંગા જેમ પતિપાવનની છે, તેમ અધ્યાત્મવિદ્યા પણ પતિત અને પુણ્યશાળી - બંનેને પાવન કરનારી છે. ભગીરથની જેમ ભગીરથ પ્રયાસ કરીને મહાપુરૂષો તેને પૃથ્વી પર લઈ આવ્યા છે. ગંગાની પેઠે સ્નાન ને પાનથી તે પણ સૌને પાવન કરે. તેને આપણા વંદન છે.

### [ ૧૪ ] નારદ અને કપિલ

આધ્યાત્મિકતાની સાથે નારદજીનું નામ કેટલું બધું ગાઢ રીતે સંકળાયેલું છે ! ભારતનાં ધર્મપુસ્તકો નારદજીની વાતથી ભરપુર છે. નારદજી આમ તો લગભગ બધી જ કળા ને વિદ્યાના જાણકાર હતા, પણ તેમને વધારે યાદ કરવામાં આવે છે તે તો તેમના પ્રેમને માટે, ભગવાન પ્રત્યેની તેમની ભક્તિ માટે. પ્રભુના પ્રેમમાં મગ્ન બની નિરંતર ફરતા રહેવું ને પ્રભુના ગુણગાન કરતાં રહેવું એ જ તેમનું પ્રિયમાં પ્રિય કામ છે. હાથમાં વીણા લઈને જ્યારે તે ભાવવિભોર બનીને ભગવાનના મધુર નામનું સંકીર્તન કરે છે, ત્યારે પૃથ્વીમાં પવિત્રતાના પરમાણું ફરી વળે છે. પશુ, પક્ષી, વનસ્પતિ ને વન તથા પર્વત રસાળ બને છે ને ચરાચરમાં પ્રેમ, આનંદ ને ચેતનાનું મોજું ફરી વળે છે. નારદજી તો પ્રેમ ને આનંદની પ્રત્યક્ષ મૂર્તિ છે. પૂર્ણતાની પ્રતિમા છે. ભગવાને તેમને પોતાની વિભૂતિ કહી છે તે યોગ્ય જ છે.

રત્નાકર લૂંટારાને ઉપદેશ આપીને મહર્ષિ વાલ્મિકીના રૂપમાં ફેરવી નાખવામાં મહાન મદદ કરનાર ને બાળક ધ્રુવને પ્રભુના નામનો મહિમા બતાવી, પ્રભુદર્શન માટે પ્રેરણા કરનાર નારદજી ભક્તોના હૃદયમાં કાયમને માટે અંકિત રહેશે. તેમના અમર જીવનમાંથી પ્રેરણા લઈને આપણે પવિત્ર થઈએ. બીજાનું લઈ લેવાની લૂંટારા વૃત્તિનો ત્યાગ કરીએ, ને પ્રભુના પ્યારા બનીએ. પ્રભુના પ્રેમમાં દિવસ ને રાત સ્નાન કરીએ. પ્રભુના પ્રેમમાં મસ્ત બનીને પ્રભુની કૃપા મેળવવાથી જ શાંતિ ને મુક્તિ મળી શકશે, ને જીવન સફળ બનશે. સરસ્વતી નદીને કાંઠે શોકમાં મગ્ન બનીને બેઠેલા મહર્ષિ વ્યાસને નારદજીએ આ જ ઉપદેશ આપ્યો હતો. મહર્ષિ વ્યાસનો શોક તેથી દૂર થયો એમ કહેવાય છે. તે ઉપદેશનું પાલન કરવાથી આપણો શોક પણ પલાયન થઈ જશે ને મોહ મટી જશે એ નક્કી છે.

'સિદ્ધોમાં હું કપિલ છું.' એમ ભગવાને કહ્યું છે. કપિલ તો મહાન જ્ઞાની ને યોગી હતા. સાંખ્યશાસ્ત્રના જનક તરીકે તે સારી પેઠે પ્રસિદ્ધ છે. તેમની સિદ્ધિ ને યોગ્યતા અપાર હતી પણ મને તો તેમના જીવનની એક વાત વધારે વખાણવા જેવી લાગી. તે વાત કઈ ? માતા દેવહૂતિને આપેલો ઉપદેશ. આપણે ત્યાં સિદ્ધો, જ્ઞાની ને યોગીઓ ઘણા થયા છે. ભક્તોનો પણ તોટો નથી. મોટા ભાગના પુરૂષોએ પોતાના માતાપિતા તરફ ઉદાસીનતા બતાવી છે, પોતાની સ્ત્રી ને પોતાના સંતાનો તરફ પણ તેમણે જોઈએ તેટલું લક્ષ આપ્યું નથી. એના કારણમાં ગમે તે વાતો કહેવામાં આવે પણ એ વાત સાચી છે એમાં શંકા નથી. જે લોકો બધે ભગવાનનું દર્શન કરવાનો ઉપદેશ આપે છે, ને પ્રાણીમાત્રમાં પ્રભુ રહ્યા છે એમ શીખવે છે, તે પોતે જ

પોતાનાં સ્વજનો ને માતાપિતાનો ત્યાગ કરે છે એટલું જ નહિ, પણ તેમની તરફ ઉદાસીનતા ને ઘૃણા રાખે છે, એ જોઈને આપણને સાચે જ અચંબો થાય છે. કોઈની તરફ કોઈ કારણથી શરૂઆતમાં કદાચ ઉદાસીનતા રાખવી પડે તે સમજાય તેવું છે, પણ જીવનના અંત સુધી તેવી ઉદાસીનતા રાખવાનું યોગ્ય છે એમ આપણે માની શકતા નથી. સમસ્ત સંસારમાં એક ઈશ્વરનું દર્શન કરવાનું છે. મહાપુરૂષોએ આપણને એ પ્રમાણે શીખવ્યું છે. તે સંસારમાં શું માતાપિતા ને સ્વજનો પણ નથી ? કોઈ કારણથી તેમને છોડીને દૂર જવાનું થાય તે ભલે, પણ તેમની તરફ તિરસ્કારની નજરે જોવાનું જરા પણ બરાબર હોય એમ મારા માનવામાં તો આવી શકતું નથી. આપણા શાસ્ત્રો તો માતાપિતામાં દેવતાનું દર્શન કરવાની શિક્ષા આપે છે. કેટલાક લોકો આ વાત ભૂલી ગયા છે તેથી કોઈ ત્યાગી કે એકાંતવાસી પુરૂષની પાસે તેની માતા કે તેના પિતા જોઈને મોં મચકોડે છે ને કહે કે 'જોયું ? કેવા માયામાં પડ્યા છે ? માતાપિતાની માયા હજી છુટતી નથી !" તેમનું એ કથન અજ્ઞાનથી ભરેલું છે. માતાપિતા કે બીજા કોઈની સાથે રહેવાથી કોઈ માયામાં પડી જતું નથી ને તેમનાથી દૂર બની એકલા રહેવાથી કોઈ મુક્તિ પણ મેળવી શકતું નથી. માયાથી મુક્તિ મેળવવાનું કામ એટલું સાધારણ નથી. માયાનો મુખ્ય સંબંધ મનની સાથે છે. તે મનની શુદ્ધિ ને ભાવના જોઈને જ કોઈનો દાસ છે કે કેમ તે વિશે નિર્ણય આપી શકાય છે. પણ માણસો તો કેવળ સપાટી પર જુએ છે, ને પોતાની દૃષ્ટિ પ્રમાણે દુનિયાનું દર્શન કરીને નિર્ણય બાંધે છે. સાધારણ માણસો જ નહિ, જે વિદ્વાન ને વિરક્ત છે, તેમની વાત પણ આવી છે.

ગયે વરસે નર્મદા તટની યાત્રા કરીને અમે વડોદરા આવી પહોંચ્યા. ત્યાં એક સંન્યાસી મહારાજનું મિલન થયું. કેટલીક વાતો થઈ. નર્મદા તટ પરના એક સુંદર સ્થાનમાં એક મહાત્મા પુરૂષ પોતાની વૃદ્ધ માતા સાથે રહે છે, તેમની વાત પણ નીકળી. સંન્યાસી મહારાજે કહ્યું કે તે તો માયાવી મહાત્મા છે. તેમના આશ્રમમાં એક વાર એક મહાપુરૂષ જઈ ચઢ્યા. તેમણે વાત નીકળતાં તરત કહી દીધું કે "તમારું મોટું બંધન તમારી મા છે.'

મેં કહ્યું કે 'એ મહાપુરૂષની વાત મારે ગળે નથી ઉતરતી. માતાની સાથે રહેવાથી ને માતાની સેવા કરવાથી કોઈ મહાત્મા કે માણસ બંધનમાં કેવી રીતે પડી જાય છે તે કહેશો ? તે મહાત્મા તો જ્ઞાની છે. બંધનમાં પડવાનું તેમને પસંદ નથી. બંધનમાંથી મુક્તિ મેળવીને પ્રભુની કૃપા મેળવવા માટે તો તેમણે ત્યાગ કર્યો છે. માતાની સેવા બંધનરૂપ છે એમ સમજાય તો તે તેનો આશ્રય લે જ નહિ. બધા માણસોનો સ્વભાવ એક સરખો નથી હોતો. સાધનાના માર્ગ પણ સૌને માટે એકસરખા નથી. કઈ વસ્તુ કોને માટે બંધન કરનારી કે મુક્તિ દેનારી છે, તે તેને જ પસંદ કરવા દો, તેને જ નક્કી કરવા દો. બધાને માટે આપણને ગમે તેવો એક સરખો ચુકાદો આપનારા આપણે કોણ ? માતાની સાથે રહેવા છતાં તેમની ભાવના કેવી છે તે આપણે કેવી રીતે કહી શકીએ ?

ભારતમાં છેલ્લે છેલ્લે થઈ ગયેલા રમણ મહર્ષિના આશ્રમમાં પાછલી અવસ્થામાં શું તેમની માતા પણ રહેતાં નહોતા ! માતાનો અંતકાળ નજીક આવ્યો ત્યારે લાંબા વખત લગી તેમની પાસે બેસીને શું તેમણે તેમને મુક્તિ અપાવી ન હતી ? તેથી શું તે બંધનમાં પડી ગયા ? શ્રી રામકૃષ્ણ પરમહંસની પાસે શું તેમની માતા નહોતા રહ્યાં ? માતાનો અંતકાળ સાચવવાને માટે શું શંકરાચાર્ય ભગવાન પોતાના વતનમાં પાછા ન

હતા ફર્યા ? માતાના શરીરની છેલ્લી ક્રિયા શું તેમણે પોતે જ કરી ન હતી ? રામના દર્શન પછી તીર્થોમાં ફરતાં ફરતાં સમર્થ રામદાસ પોતાની માતા પાસે ભિક્ષા માગવા ઊભા રહ્યા, ને અંધ માતાની આંખ પર હાથ ફેરવીને તેને દૃષ્ટિ આપી એ વાત શું જાણીતી નથી ? તેથી શું તે બધા મહાપુરૂષો બંધનમાં પડી ગયા કે ? તો પછી નર્મદા કિનારાના મહાત્મા માયામાં કે બંધનમાં પડી ગયા એમ કેમ માનો છો ?

માણસને બંધનમાં નાખનાર વસ્તુ મન છે, અહંકાર, મમતા ને રાગદ્વેષ જેવાં તેનાં સંતાન છે, સંસારના વિષયો, શરીર ને ઈન્દ્રિયોનાં સુખોની લાલસા, ઈશ્વર વિમુખતા ને અવિદ્યા છે. બધા જ શાસ્ત્રોનો આ એકસરખો અભિપ્રાય છે. માટે નકામા વિચારો છોડી દો ને સાચા વિચારો ગ્રહણ કરો. માતા તો તીર્થરૂપ છે. તેની સેવા ને પોતાની સાધના માટે મહેનત કરનાર પુરૂષ પર ઈશ્વરના અનંત આશીર્વાદ વરસી રહે છે. તમે માતા, પિતા કે કોઈ સ્નેહીની સાથે ના રહો તે ભલે. તે બધું તમારા હાથમાં નથી. તે તો સંસ્કારાધીન છે. પ્રભુની ઈચ્છા પ્રમાણે બન્યા કરે છે. કોઈના સંસ્કાર જુદા હોય, ને પ્રભુની ઈચ્છા તેને માતા, પિતા કે કોઈ બીજાની સાથે રાખવાની હોય, તો તેને જોઈને મોં મચકોડશો નહિ. તેની ટીકા કે નિંદા કરશો નહિ. ને તેને માયા કે બંધનમાં પડેલો માનવાની ભૂલ કે ઉતાવળ પણ કરશો નહિ. કોઈ પણ નિર્ણય પર પહોંચતા પહેલાં પુરતો વિચાર કરજો, પુરતી તપાસ કરજો ને જેના વિશે નિર્ણય કરવાનો છે તેના વિચારને પણ જાણી લેજો. આ બધું કર્યા વિના તેના વિશે મનને ફાવે તેમ વાતો કર્યા કરવી એ અપરાધ જ છે.''

મારા વિચારો સાંભળીને સંન્યાસી મહારાજ શાંત પડ્યા. તે વખતે મહર્ષિ કપિલ ને માતા દેવહૂતિની યાદ મને ના આવે તે બને જ કેમ ? વરસો પહેલાંનો કાળ મારી નજર સામે હાજર થયો, સુંદર ને પવિત્ર એવી નદી વહી રહી છે, જેને કિનારે શાંત ને સુંદર આશ્રમ છે. ફૂલ ને વનરાજિથી શોભતા આશ્રમના આંગણામાં મહર્ષિ કપિલ ને માતા દેવહૂતિ બેઠાં છે. માતા જિજ્ઞાસુ છે, તેમનું હૃદય અશાંત છે. કપિલ તેમને ઉપદેશ આપે છે. માનો કે તેમના તપી રહેલા અંતર પર શાંતિની ધારા કરે છે. કેટલું સુંદર દૃશ્ય ? ઘરબ્હારને છોડનારા ને માતા તરફ જીવનભર નહિ જોનારા પુરૂષો સંસારે જોયા છે. પણ માતામાં જગદંબાનું દર્શન કરનાર ને તેને શાંતિ આપવા પ્રયાસ કરનાર પુરૂષો સંસારને કોઈ ધન્ય ક્ષણે જ જોવા મળે છે. કપિલનું દર્શન કરીને મારું હૃદય ધન્ય થયું. એવા કપિલને ભગવાન પોતાના મહાન પ્રતિનિધિ તરીકે પસંદ કરે એમાં શું આશ્ચર્ય છે ? કપિલના જીવન પરથી બોધપાઠ લઈને તમે પણ માતૃભક્ત બનજો. જ્ઞાન ને વિજ્ઞાનના રસિયા થજો. ને પરમાત્માનો સાક્ષાત્કાર કરીને આ જ જીવનમાં સિદ્ધ, ધન્ય બનજો. મહર્ષિ કપિલની આપણા સૌના પર કૃપા હો !

### [ ૧૫ ] કામદેવ

કામદેવને પ્રભુએ પોતાનું સ્વરૂપ કહ્યું છે. એ જાણીને કામના રસિયા લોકોને ગૌરવ થશે. પોતે કામની પૂજા કરીને પ્રભુની જ પૂજા કરી રહ્યાં છે, એમ પણ કેટલાક કહેવા માંડશે. પણ તેમણે જરા જાગ્રત થવાની જરૂર છે. દરેક જાતનો કામનો બચાવ પ્રભુના નામે કરવાની જરૂર નથી. પ્રભુ કહે છે કે સંતાનને ઉત્પન્ન કરનારી ને સંતાનને ઉત્પન્ન કરવામાં કામ આવનારી કામવાસના મારું સ્વરૂપ છે. એટલે પ્રભુના નામે અતિશય કામુક થવાની ને બધી જાતની કામવાસનાનો બચાવ કરવાનું બરાબર નથી. પહેલાંના ઋષિઓ ને

આદર્શ ગૃહસ્થો પ્રજા માટે જ સ્ત્રીસમાગમ કરતા. પહેલાંની ઋષિપત્નિઓ ને સ્ત્રીઓનું પણ તેવું જ હતું. પ્રજાની ઉત્પત્તિમાં પણ નિયમ હતો, એક સંતાન થાય તે પછી પાંચેક વરસ સુધી સંયમ પાળવામાં આવતો. પ્રજાની જરૂર ના હોય ત્યારે કે પ્રજા થઈ શકે તેમ ના હોય ત્યારે સ્ત્રીપુરૂષ સંયમ જ પાળતા ને સાથે મળીને પોતાની ને બીજાની ભલાઈનાં ઉત્તમ કામ કરતાં. કામવાસનાના એવા કલ્યાણકારક સ્વરૂપનું દર્શન આજે લગભગ અદૃશ્ય થઈ ગયું.

આજે તો લોકો વિલાસપ્રિય વધારે બન્યાં છે, ને શરીર તેમજ ઈન્દ્રિયોના આકર્ષણ ને આસ્વાદમાં ફસાયાં છે. સંયમનું મહત્વ ઘટીને લગભગ ભૂલાઈ ગયું છે. ભોગ ને વિલાસના નવા નવા સાધનો શોધાતાં જાય છે, ને લોકો તેનો લાભ છૂટથી લેતા જાય છે. માણસ શરીર ને ઈન્દ્રિયોનો આનંદ લઈ શકે ને છતાં તેના પરિણામથી બને ત્યાં સુધી અછૂત રહે તેવાં કૃત્રિમ સાધનો શોધાતા જાય છે. જુગારના અઠ્ઠાઓની જેમ કામદેવતાના અઠ્ઠા જેવાં અનીતિનાં ધામોને શોધી શોધીને દૂર કરવાં જોઈએ. તેની સાથે માનવમનને સુધારવું જોઈએ. કેમ કે કામુક્તાનો મુખ્ય અઠ્ઠો તો તે જ છે. ધર્મ ને નીતિનું શિક્ષણ માનવમનને સુધારવામાં મહત્વનો ફાળો આપી શકે છે. તેની સાથે સાથે સમાજમાં જુદી જુદી દિશામાં સફાઈનું કામ શરૂ કરવું જોઈએ. જ્યારે માણસ પ્રજોત્પત્તિને માટે ને મર્યાદિત પ્રમાણમાં કામનો આશ્રય લેશે ત્યારે તે દેવતા બની જશે, ને પ્રજોત્પત્તિ માટે પણ કામનો આશ્રય છોડી દઈને પૂરો સંયમી બની જશે, ત્યારે તે પ્રભુમય થઈ જશે, એમાં સંદેહ નથી. હાલ તો તે વધારે ભાગે પશુદશા કરતાં ય બદતર દશામાં જીવી રહ્યો છે. તે દશામાંથી તેણે છૂટવાનું છે.

**[ ૧૬ ] મહર્ષિ વ્યાસ**

મહર્ષિ વ્યાસના નામ ને કામને કોણ નથી જાણતું ? માનવ જાતિના આધ્યાત્મિક ઈતિહાસમાં તેમનું નામ ને કામ અમર રહેશે.

મહાભારતમાં મહર્ષિ વ્યાસ લખે છે કે હાથ ઊંચા કરી કરીને લોકોને હું ધર્મ ને નીતિને માર્ગે ચાલવાનું કહું છું પણ લોકો મારું સાંભળતા નથી. આપણે કળિયુગની ભયંકરતાથી વાત કરીએ છીએ ને આજના યુગના લોકોને દોષ દઈએ છીએ પણ મહર્ષિ વ્યાસના શબ્દો પરથી લાગે છે કે તેમના વખતમાં પણ ધર્મ ને નીતિથી વિમુખ લોકો હતા. વ્યાસ ભગવાનની શિખામણ સાંભળનારા લોકો એ વખતે પણ ઘણાં જ ઓછા હતા. એનો અર્થ એ નથી કે તેમના શબ્દોને આપણે ધ્યાનમાં ના લઈએ. તેમના શબ્દો ધર્મના સાર જેવા છે. કોઈનું પણ કલ્યાણ કરવાની તે શક્તિ ધરાવે છે. તે પ્રમાણે ચાલવાનો પ્રયાસ કરીએ તો આપણું જીવન સુખી, શાંતિમય ને પ્રભુની કૃપાથી સંપન્ન બની શકે.

ગીતાની અલૌકિક ફૂલમાળાને ગુંથનાર પણ મહર્ષિ વ્યાસ જ છે. સંસારમાં બીજું કોઈયે કામ ના કરત ને એક ગીતાની ફૂલમાળાને ગુંથવાનું કામ કરત તો તેમની કીર્તિ કાયમ રહી જાત ને માનવજાતિ તેમની ઋણી રહેત. તે માળાની સુવાસ કેટલી બધી અનુપમ છે તેનો વિચાર તો કરો. તે સુવાસનો સ્વાદ લઈને રસિક ને અરસિક બધા જ માણસો ડોલી ઉઠે છે. આજે વરસો વીતી ગયાં પણ તે માળા નથી કરમાઈ કે નથી જરા પણ સુવાસ વિનાની બની. હજી તે એવી જ તાજી છે. હજી આજે જ બની હોય તેવી તાજી છે, ને તેની

સુવાસ પણ એવી જ સુંદર છે. વરસો વીતી જશે, પણ તેનું સ્વરૂપ આવું જ સુંદર રહેશે, ને તેની સુવાસ પણ આવી જ અદ્ભૂત રહેશે. આ સંસાર ચંચલ છે, પરિવર્તનશીલ છે. તેમાં પ્રકટ થતાં બધાં જ રૂપો પ્રકટે છે, ને જરા, વ્યાધિ ને મરણને શરણ થાય છે. પણ વ્યાસ ભગવાને પ્રકટ કરેલા શ્રીમદ્ ભગવદ્ગીતાના રૂપનું એવું નથી. એ તો જાણે ઘડપણ, રોગ ને મરણથી રહિત હોય તેવું લાગે છે. એમાં કાંઈ અચરજ પામવા જેવું નથી. ભગવદ્ગીતા તો સાક્ષાત્ ભગવાનની ભાષા છે. ભગવાનના હૃદયમાંથી તે જન્મેલી છે. ગંગા કરતાં તે લેશ પણ ઓછી પવિત્ર નથી. શિવસ્વરૂપ ભગવાન વ્યાસે તેને ઝીલી લીધી છે. મૃત્યુલોકના મંગલ માટે તેમને જ તેને વહેતી મૂકી છે. પછી તેને કાળ ને ગુણધર્મની અસર ક્યાંથી હોય ? માનવજાતિને આવી મહાન ને અમર ભેટ આપવા બદલ આપણે મહર્ષિ વ્યાસનો વારંવાર આભાર માનીશું ને તેમનાં ચરણોમાં વારંવાર વંદન કરીશું ! લેશપણ સંકોચ ને શંકા વિના આપણે તેમને પ્રભુના પ્રતિનિધિ–પ્રભુસ્વરૂપ જરૂર ગણીશું.

**[ ૧૭ ] વસંતઋતુ ને સંધ્યા**

ઋતુઓમાં ભગવાન પોતાને વસંત ઋતુ કહે છે, તે સાચું છે. વસંત ઋતુ કેટલી સુંદર છે ! ફૂલ હરિયાળીથી શોભતી વસંત ઋતુ ભગવાનની યાદ આપ્યા વિના રહી શકતી નથી. ચારે બાજું ફૂલો ખીલ્યાં હોય ને હરિયાળી છવાઈ ગઈ હોય એવા કોઈ વનમાં કે બગીચામાં જઈને બેસો તો ખરા. તમારૂં અંતર આનંદથી ઉભરાઈ ઊઠશે. વૃક્ષ ને વેલીને જોઈને તથા પંખીની સુરાવલિને સાંભળીને તમારો પ્રાણ નાચી ઊઠશે ને તમારૂં મન શાંતિ ને આનંદનો અનુભવ કરશે. ફૂલોમાં ફોરમ થઈને ભગવાન પોતે જ પ્રકટી ઊઠ્યા હોય ને પંખીની સુરાવલિમાં તે જ બોલી રહ્યા હોય, એમ લાગ્યા વિના રહેશે નહિ. તમારી આજુબાજુ બધે એક ભગવાન જ છવાઈ ગયા હોય, ને જુદા જુદા રૂપ ને રંગને ધારણ કરીને તે જ હસી રહ્યા હોય, એવો ભાસ થશે. ભગવાન જ જાણે સુંદરતા બનીને તમારી આંખ ને તમારા અંતરને આરામ ને આનંદ આપતાં બધે છવાયા હોય એવો તમને અનુભવ થશે. વસંત ઋતુના અવનવા વાતાવરણમાં આ પ્રમાણે તમે ભગવાનનો સાક્ષાત્કાર સહેલાઈથી કરી શકો છો.

વહેલી સવારે આકાશમાં ઊઠતા ઉષાના રંગો કદી જોયા છે ? વહેલા ઊઠવાની ટેવવાળા માણસો ઘણા થોડા હોય છે. કોઈ કોઈ માણસો તો તડકો ચઢે પછી નિરાંતે ઊઠે છે. કોઈ કદાચ વહેલા ઊઠે છે તો પછી આળસુ થઈને પથારીમાં પડ્યા રહે છે. એવા માણસો વહેલી સવારે પૂર્વ દિશાના આકાશમાં રૂપ ને રંગનો જે અખૂટ વૈભવ ખુલ્લો થાય છે, તેના દર્શનથી વંચિત રહે છે. ઈશ્વરની દૈવી દુનિયાનું એક મહાન દૃશ્ય તે ખોઈ નાખે છે. ઉષાના રંગોનું દર્શન કરવાનો આનંદ તેમને મળી શકતો નથી.

જે ઉષાને માટે તે જ સંધ્યાને માટે. સંધ્યાના રંગો ઉષાના રંગોથી જરા જુદા હોય છે પણ તેમને જોવાનો આનંદ પણ ઓછો નથી હોતો. સંધ્યાના રંગો જોવામાં પણ મને ઘણો રસ પડતો. દૂર સાગરમાં સૂરજ સમાઈ જતો હોય તેવું દૃશ્ય સૂર્યાસ્ત વખતે ઊભું થતું ને પછી સંધ્યાના ગુલાબી રંગો આકાશમાં ફરી વળતા. ગમે તેવા પ્રતાપી પુરૂષે પણ સૂરજની જેમ સંસારમાંથી વિદાય લેવાની છે. ઊગીને આથમવાનું બધાને માટે નક્કી છે. એ વિચાર કાયમને માટે મનમાં ઊઠ્યા કરતો. ઊગીને આથમવું ના પડે તે માટે શું કરવું જોઈએ ? એ પ્રશ્ન તરત જ ઊભો થતો. મહાપુરૂષોનાં જીવન નજર સામે હાજર થતાં, ને ઉત્તર મળતો

કે યોગી બનવું જોઈએ. પરમાત્મા પર પ્રીતિ કરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવો જોઈએ. તે માટે મહાપુરૂષો કે સંતોનો સમાગમ કરવો જોઈએ ને સત્ય ને પ્રેમ, સરળતા ને પવિત્રતાનો મંત્ર અપનાવવો જોઈએ. ટૂંકમાં કહીએ તો ધર્મ ને નીતિના માર્ગે ચાલવું જોઈએ. સંધ્યાના દર્શનથી જીવનની ઉન્નતિ ને પરમાત્માની પ્રાપ્તિ કરવાનો વિચાર આમ આપોઆપ આવતો. એમ પણ થતું કે સૂરજનો પુરૂષાર્થ કેટલો પ્રખર છે ! તેનાથી સંસારને કેટલી બધી મદદ મળે છે ! શક્તિના ભંડાર જેવા સૂરજનું જીવન જ બીજાને માટે છે. આકાશના એક ભાગમાંથી તે દેખાતો બંધ થાય છે ત્યારે આકાશમાં તેની કીર્તિ જેવી ગુલાબી ફરી વળે છે ! માણસનું જીવન પણ એવું પરોપકારી હોવું જોઈએ. તેનું મરણ પણ યશસ્વી બનવું જોઈએ. ઉષા ને સંધ્યાના દર્શનથી માણસ સંસારના સ્વામીનો વિચાર કરતાં શીખે છે. તેમના મહિમાનો અનુભવ કરે છે, ને તેમની પાસે ને પાસે પહોંચવા પ્રેરાય છે, એ વાત ચોક્કસ છે. આપણા મહાપુરૂષોએ ઉષા ને સંધ્યામાં ઈશ્વરી પ્રકાશનું દર્શન કરી તેમને વંદનીય કહ્યાં છે, તેનું કારણ આ જ છે.

**[૧૮] હરણ, મોર અને વરસાદ**

હરણનાં ચંચળ નેત્રોમાં શું પ્રભુનો પ્રકાશ નથી નીતરતો ? એ નેત્રોમાં શું પ્રભુની ઝાંખી નથી થતી ? મોર કળા કરે છે, ત્યારે તેના પીંછામાં જાણે હજારો આંખવાળા પ્રભુ પ્રકટી ઊઠતા હોય એમ નથી લાગતું ? તેના પીંછાના રંગ કોણે કર્યા હશે ? તે કેટલા બધા એકસરખા ને આકર્ષક હોય છે ! તેને જોઈને શું ઈશ્વરનો વિચાર નથી આવતો ? વાદળનો ગડગડાટ થાય છે ને મોર નાચે છે. વાદળ આકાશમાં ને મોર પૃથ્વી પર, પણ બન્ને વચ્ચે કેવો પ્રેમસંબંધ છે ! પ્રેમની મીમાંસા આપણે મોર પાસેથી સમજવા જેવી છે.

ને વરસાદની અબજો ધારાઓ પૃથ્વી પર ટપકી કે વરસી પડે છે ત્યારે પણ શું પ્રભુનો વિચાર નથી આવતો ? વરસાદને જોઈને ઈશ્વરની અનંતતાનો ખ્યાલ આવે છે એ વરસાદની ધારામાં સ્નાન કરવાનો આનંદ કેટલો બધો અનેરો છે ! વરસાદ પૃથ્વીને માટે જીવનરૂપ છે. પૃથ્વીમાં પ્રાણ રેલીને તેને તે ચેતનવંતી કરી દે છે. વરસાદને જોઈને આજે પણ મારું હૃદય આનંદથી નાચી ઊઠે છે. વરસાદની પ્રત્યેક ધારામાં પ્રભુનો પ્રેમસંદેશ સમાયો હોય એવું લાગ્યા કરે છે. સૂકાં હૈયાને ભીનાં કરવા ને જે ભીનાં છે તેમને વધારે રસવંતા કરવાની તેમાંથી પ્રેરણા મળે છે. પૃથ્વી ને આકાશના તૂટેલાં હૈયાંને વરસાદ જાણે કે એક કરે છે. થોડીવાર સુધી તો બન્ને વચ્ચે એકતા કરી દે છે. તૂટેલાં હૈયાંને સાંધવાનું કે એક કરવાનું કામ કેટલું ઉપકારક છે ! વરસાદની પાસેથી તે માટે પ્રેરણા લઈને માણસ ઘણું કરી શકે તેમ છે. એવા વરસાદને ભગવાનની વિભૂતિ કહેવામાં આપણને કશી હરકત નથી.

ખરી રીતે તો કુદરત આખી પ્રભુની વિભૂતિ છે. કુદરતની ગોદમાં રહેતા માણસને પ્રભુનો પરિચય સહેલાઈથી થઈ શકે છે. કુદરતને ખોળે ખેલનારાં ઝરણાં કેટલાં સુંદર લાગે છે ! ઝરણાનું પાણી કેટલું નિર્મળ છે ! પ્રભુએ પોતાનું પ્રેમાળ હૃદય જાણે ખુલ્લું કર્યું હોય એવી તેમની શોભા છે. તેની અંદર પાંખ પલાળીને આનંદના ગીત ગાતાં ઉડનારા પંખી પ્રભુના દૂત જેવા લાગે છે ! નવા નવા શણગારથી સુશોભિત થનારી કુદરત માણસોનો શોક દૂર કરે છે, ને તન ને મનનો થાક મટાડે છે. રાતે આકાશમાં જ્યારે હજારોની સંખ્યામાં તારા ઊગી નીકળે છે, ત્યારે કોનું અંતર આનંદ નથી અનુભવતું ? જાણે હજારો આંખો ઉઘાડીને

પ્રભુ પોતે પૃથ્વીને નિહાળી રહ્યાં હોય એવું લાગે છે. એવાં એવાં દૃશ્યોમાં જે પ્રભુની વિભૂતિનું દર્શન નથી કરી શકતા તેમનું હૃદય રસ વિનાનું જડ છે એમ જ કહેવું જોઈએ.

**[૧૯] સિંહ**

સિંહ તો વનનો રાજા કહેવાય છે. ભગવાન તેને પણ પોતાની વિભૂતિમાં ગણાવે છે. સંગ્રહસ્થાનનો સિંહ તો બંદી છે. તેને પીંજરામાં પુરાવું પડ્યું છે. આઝાદીમાં જે આનંદ છે તે ગુલામીમાં ક્યાંથી હોય ? તો પણ તે સ્વભાવે આઝાદ છે, સમ્રાટ છે. એટલે તેની ખુમારી ખૂટી નથી. પીંજરામાંથી કોઈ કારણસર તેને બહાર કાઢવામાં આવે છે, એટલે તેને ખુલ્લાં વન જંગલની યાદ આવે છે, આઝાદીના નશામાં આવી જઈને પીંજરામાંથી બહાર નીકળવા તે કોશીષ કરે છે પણ પીંજરાની આજુબાજુના મજબૂત સળિયા સામે તેનું જોર જરા પણ ચાલતું નથી એટલે તે અસહાય બનીને બેસી જાય છે. લાંબે ગાળે બહાર નીકળવાની કોશીષ કરવાનું પણ તે મૂકી દે છે. તેની સમજમાં આવી જાય છે કે પોતે તો બંદી છે. પીંજરમાં જ જીવવાનું ને પીંજરની દુનિયામાં આનંદ માનવાનું તેને માટે સહજ થઈ જાય છે. પછી તો તેની દશા ઘણી વિચિત્ર થઈ જાય છે. પીંજરની જે દુનિયા શરૂઆતમાં તેને વિષ જેવી લાગે છે તે લાંબે ગાળે અમૃતમય થઈ જાય છે. ને પછી તો પીંજરમાંથી બહાર નીકળવાની તક આપવામાં આવે, તો પણ કેટલીકવાર તેનો લાભ લેવાનું તેને ગમતું નથી.

માણસોને માટે પણ આ વસ્તુ સાચી છે. સિંહની જેમ માણસ પણ આ ધરતીનો રાજા છે. શુદ્ધ, બુદ્ધ, સ્વભાવથી મુક્ત, પ્રભુનો પ્યારો ને અનંત શક્તિનો ભંડાર છે. પણ ન જાણે કેટલાય કાળથી તે પોતાને હાથે તૈયાર કરેલા પીંજરામાં કેદ થયો છે. સમ્રાટ હોવા છતાં તેની દશા ગુલામ જેવી છે. ગુલામીમાંથી છૂટવા માટે શરૂઆતમાં તો તે ફફડાટ કરે છે. પણ તે ફફડાટ કો'ક બડભાગીના દિલમાં જ લાંબા વખત સુધી ચાલુ રહે છે. વધારે ભાગના માણસોનો ફફડાટ તો શમી જાય છે. તે પછી તો તે સંસારના વાતાવરણથી એવા ટેવાઈ જાય છે, એવા રીઢા થઈ જાય છે કે પોતાની મુક્તિ, આઝાદી કે પૂર્ણતાનો વિચાર પણ તેમને આવતો નથી. સંસારના બંધનોમાંથી છૂટવાનો કે બહાર નીકળવાનો માર્ગ તેમને બતાવવામાં આવે છે, તો પણ તેનો લાભ લઈને મુક્તિ મેળવવાનું મન તેમને થતું નથી. આવી મનોદશાવાળા માણસોના જીવનના આનંદથી તમે હાથ ધોઈ ના બેસતા, તમે પુરૂષસિંહ છો એ યાદ રાખજો, માનવ સમ્રાટ છો એ યાદ રાખજો. તમારું જીવન પૂર્ણતા ને આઝાદીનો આનંદ મેળવવા માટે છે એ ધ્યાનમાં રાખજો. પ્રમાદ તજીને નિરંતર પુરૂષાર્થ કરજો, ને અલ્પતા ને બંધનના બધા જ તારને તોડી દઈને કૃતાર્થ બનજો. અજ્ઞાન ને પામરતાના પીંજરમાંથી મુક્ત બનજો. પ્રેરણાની આવી ઉત્તમ ભેટ દેનાર સિંહને ભગવાનની વિભૂતિ માનવામાં આપણને કાંઈ જ હરકત નથી.

વડોદરાના કમાટીબાગમાં મેં સિંહને કેટલીયવાર જોયો છે. વડોદરામાં થોડો વખત વાસ કરવાનો વખત મળ્યો ત્યારે કમાટીબાગની મુલાકાત હું રોજ લેતો. દિવસનો વધારે ભાગ કમાટીબાગમાં ગાળતો, એટલે કમાટીબાગ મારા માટે અર્ધા ઘર જેવો થઈ ગયેલો. સિંહને જોઈને મને વારંવાર વિચાર આવતો કે માણસ પોતે બંધનમાં રહેવાનું પસંદ કરતો નથી, પણ બીજાં પંખી ને પ્રાણીને બંધનમાં નાખે છે ! તે પણ

શા માટે તે જાણો છો ? કેવલ પોતાના આનંદ કે વિનોદ માટે, શોખ માટે. એ શોખ શું સારો છે ? સારો હોય કે ના હોય, મને તો તે ખરાબ લાગે છે. છેક શરૂઆતથી જ મેં એ માટે વિરોધ કર્યો છે. માણસો પોતાની તથા બીજી પ્રજાની ગુલામી સામે વિરોધનો સૂર ઊઠાવે છે, ને તે ગુલામીની નાબૂદી માટે સંયુક્ત રીતે મહેનત પણ કરે છે. સમજુ માણસો તેને આવકાર આપે છે. તે રીતે મૂંગા પશુપંખીઓએ ગુલામી સામે પણ અવાજ ઊઠાવવો જોઈએ, ને તેમની ગુલામી નાબૂદ કરવા, કરાવવા પ્રયાસ કરવો જોઈએ. તેમને કેદ કરીને આનંદ લેવાની ને જ્ઞાન મેળવવાની શોખવૃત્તિ માણસે સમજદાર થઈને છોડી દેવી જોઈએ. આનંદ ને જ્ઞાન મેળવવાના બીજા સલામત માર્ગો તેમણે શોધી કાઢવા જોઈએ. સુધરેલી માનવજાતિનું ધ્યાન આ તરફ જેટલું વહેલું દોરાય તેટલું ઓછું છે.

સિંહ આમ તો ઘાતકી ગણાય છે, પણ તેની અંદર પ્રભુનો વાસ છે. તે પ્રભુનું દર્શન કરનારને કોઈએ પ્રકારનો ભય રાખવા કારણ નથી. આપણા ઋષિઓ એકાંત ને ભયંકર જંગલમાં રહેતાં ત્યાં વાઘ, વરૂ, સિંહ, રીંછ, રાક્ષસ ને સાપ-વીંછીની પણ વસતિ હતી. પણ ઋષિઓ તેમના ભયથી ડરીને નાસી ગયા નથી. તે તો તેમની વચ્ચે પ્રેમ ને શાંતિને કાયમ રાખીને વસી રહ્યા હતા, કેમકે તે બધાની અંદર તે પ્રભુનો પ્રકાશ જોતા હતા.

**[ ૨૦ ] પ્રભુ બધામાં છે**

પ્રભુ અમુક મોટા ને સારા પદાર્થોમાં જ રહેલા છે એમ નથી. તે તો નાની વસ્તુમાં પણ રહેલા છે. ખરાબ દેખાતા પદાર્થોમાં પણ તેમનો વાસ છે. પાપી ને પુણ્યશાળી બધામાં તે સમાયેલા છે. કોયલ ને કાગડામાં પણ તે રહેલા છે. વસંત ઋતુની શોભામાં તો તે છે જ પણ પાનખરમાં પણ તે નથી એમ કોણ કહી શકે ? અંધકાર ને પ્રકાશ તથા ઉત્તમ ને અધમ, બધામાં તેનો પ્રકાશ પથરાયેલો છે. બાળક, યુવાન ને વૃદ્ધમાં પણ તે જ છે. મોટી ને સારી દેખાતી વસ્તુમાં પણ તેનું દર્શન કરીને છેવટે નાની ને ખરાબ લાગતી વસ્તુમાં પણ તેનું દર્શન કરો. ધૂળ ને પત્થરમાં પણ તેની જ પ્રતિમાનું દર્શન કરો.

આનું નામ જ્ઞાન. અભેદભાવ પણ આનું જ નામ. એનો ઉદય થતાં બધે પરમાત્માનું દર્શન થશે, ને જીવન સુખી બનશે. એ દર્શનથી જે આનંદ મળશે, તેનું શબ્દોમાં વર્ણન કરવા કોઈ પણ વ્યક્તિ શક્તિમાન બની નથી. ખૂબ આનંદ મળશે, જીવન સફલ બનશે, એમ કહીને બધા જ અટકી જાય છે. કેમકે મુખ્યત્વે તો આ વાત કરવાનો, સાંભળવાનો કે કહી બતાવવાનો નહિ, પણ અનુભવવાનો વિષય છે. અનુભવ કરવાથી જ તેનું સાચું રહસ્ય સમજી શકાય છે. સાચો આનંદ પણ ત્યારે જ મળે.

ભગવાન કહે છે કે 'હે અર્જુન, મેં તો તને મારી ઉપર ઉપરની સાધારણ વિભૂતિઓનું જ વર્ણન કર્યું છે. મારી બધી જ વિભૂતિઓનું વર્ણન કરવાનું કામ કઠિન છે ને તેવા વર્ણનને સાંભળીને કરવું છે પણ શું ? ટૂંકમાં તું એટલું સમજી લે કે મારા વિના આ સંસારમાં કૈં જ નથી. સંસારમાં જડ ને ચેતનમાં બધે હું વ્યાપક બનીને રહેલો છું. સંસારમાં જે કાંઈ વિભૂતિમય, સુંદર ને પવિત્ર તથા પ્રકાશમય દેખાય છે, તે મારા તેજના અંશ બરાબર છે એમ સમજજે."

ભગવાનના આ વચન સાંભળીને આપણે ભગવાનમાં પ્રીતિ કરીએ ને આસક્ત થઈએ. ભગવાનના સુંદર, સુમધુર ને સર્વોત્તમ સ્વરૂપનું દર્શન કરવા તૈયાર થઈએ ને ચરાચરમાં તેમની ઝાંખી કરીને ધન્ય બનીએ. આ કામ જરા કઠિન તો છે જ, પણ પ્રભુની કૃપા માગીને જો પુરૂષાર્થ કરીશું તો સહેલું બની જશે.

**[ ૨૧ ] દુઃખથી ડગવું નહિ**

જીવનમાં દુઃખ કે વિપત્તિ આવે, તો તેથી ડરી જશો નહીં. ડગી જશો નહીં, ને મુંઝવણમાં પણ પડી જશો નહીં. એમ તમે માનતા નહીં કે તમે એકલા જ છો, ને તમારા દુઃખની દવા કરનાર દાક્તર કોઈ જ નથી. ના. તમે તદ્દન એકલા થવા માંગો, તો પણ એકલા થઈ શકો તેમ નથી. કેમકે પરમ કૃપાળુ પરમાત્મા બધે જ વ્યાપેલા છે. તેમની હાજરી તમારી અંદર ને બહાર બધે જ છે. તમને મદદ કરવા તે સદાને માટે તૈયાર છે. તેની મદદ માંગો તો તમારૂં દુઃખ ને તમારી મુંઝવણ જરૂર ટળી જશે. તમારા દુઃખ કરતા પ્રભુની દયા ઘણી ભારે છે, માટે દુઃખથી ડરીને બેસી ના જશો. મોટા મોટા ભક્તોને જે દુઃખ પડ્યા છે, તેની પાસે તમારા દુઃખ શી વિસાતમાં છે ? ધ્રુવ, પ્રહ્‌લાદ, મીરાં ને નરસી તથા સગાળશા શેઠ જેવાને જે દુઃખ પડ્યા છે, તેની આગળ તમારૂં દુઃખ કેટલું સાધારણ લાગે છે ! છતાં તમે તેને જોઈને હતાશ થાવ છો, ગભરાઈ જાવ છો, ને રોકકળ કરી મૂકો છો. તેને બદલે પ્રાતઃસ્મરણીય ભક્તોની જેમ તમારી પાસેમાં પાસે રહેનારા ને તમારી વાણી ને કાયાને ચેતન દેનારા પ્રભુનું શરણ લો. તેની મદદની માગણી કરો, ને બને તેટલા વધારે ને વધારે પ્રેમથી તેનું સ્મરણ કરો. તમારૂં દુઃખ ઘડીના છઠ્ઠા ભાગમાં દૂર થઈ જશે.

ચરાચરમાં બધે જ ભગવાનની વિભૂતિનું દર્શન કરનારા જે કેટલાક મહાપુરૂષો, જ્ઞાની, યોગી ને ભક્તો આપણે ત્યાં થઈ ગયા છે તેમાં પ્રહ્‌લાદનું નામ ખાસ ધ્યાન ખેંચે તેવું છે. જડ ને ચેતનમાં ભગવાનની ઝાંખી કરનારા મહાપુરૂષોમાં પ્રહ્‌લાદજીનું નામ મોખરે આવે છે. ભગવાન વિના કોઈ સ્થાન ખાલી નથી એ વાત તેમના દિલમાં બાળપણથી જ ઠસી ગઈ હતી. ખાસ વખાણવા જેવી વાત તો એ છે કે આસુરી વૃત્તિવાળા વિરોધી માણસો ને વિરોધી વાતાવરણની વચ્ચે રહીને પોતાની શ્રદ્ધાભક્તિ તેમણે ટકાવી રાખી હતી. કેટલાક માણસો કહે છે કે "શું કરીએ ! સમય જ એવો ખરાબ છે કે ધર્મ ને નીતિથી ચાલી શકાતું નથી ને પ્રભુનું નામ પણ લેવાતું નથી. તેવા માણસોએ પ્રહ્‌લાદના જીવનમાંથી પાઠ લેવા જેવો છે. પ્રહ્‌લાદની આજુબાજુ બધે ઝેર જ હતું. તેમની ચારે તરફ વહી રહેલા ઝેરને જોઈને તે નાહિંમત થયા નહીં, પરંતુ ભગવાન શંકરની જેમ તેનું પાન કરીને પોતે સદાશિવ બની રહ્યા, ને ભગવાનની પૂર્ણ કૃપા પામ્યા.

**[ ૨૨ ] એક બાળકની વાત**

એક બાળકને તેના પિતાએ કહ્યું કે, 'ભાઈ, આ ફળ તને ખાવા માટે આપું છું. પણ શરત એટલી છે કે જે જગ્યાએ કોઈયે ના હોય તે જગ્યાએ તારે આ ફળ ખાવાનું છે.' બાળકે કહ્યું, 'સારૂં.' પછી તો ફળને લઈને તે વનમાં ગયો, નદી કિનારે ગયો, ને છેવટે ઘરનાં એકાંત ઓરડામાં ગયો પણ ફળને તે ખાઈ શક્યો નહિ. છેવટે તેના પિતા પાસે તે પાછો ફર્યો. પિતાએ કારણ પૂછ્યું તો તે કહેવા લાગ્યો કે, 'પિતાજી ! ફળ ક્યાં ખાઉં ? તમે તો મને એવું કહ્યું હતું કે કોઈ ના હોય ત્યાં ફળ ખાજે. પણ પરમાત્મા બધે જ રહેલા છે. તેમના

વિના કોઈ જગ્યા ખાલી નથી એવું તમે જ મને કહેતા હતા એટલે હું ફળ ક્યાં ખાઉં ?' બાળકની વાત સાંભળીને પિતાને આનંદ થયો. તેમણે હસતાં તે બાળકને શાબાશી આપતાં કહ્યું કે, 'હરકત નહિ. હવે પરમાત્મા જ્યાં હોય ત્યાં તું ફળ ખા.' પછીથી તે બાળકે ફળ ખાવા માંડ્યું.

પ્રહ્લાદની પેઠે મીરાં પણ ભગવાનને સર્વત્ર જોતી હતી. સંસારને ભગવાનની વિભૂતિરૂપ સમજતી હતી. ગોપીઓની ને શુકદેવની દશા પણ એવી હતી. ભગવાનના સાચા ભક્તો ને જ્ઞાનીઓની દશા એવી જ હોય છે. એ દશાએ પહોંચ્યા પછી જીવન ધન્ય બને છે. ભેદભાવનું કૃત્રિમ ને બેસૂરૂં સંગીત તેમાં જાગી શકતું નથી. આપણે પણ એ દશાએ પહોંચીએ ને આજ લગી થઈ ગયેલા અનેક મહાપુરૂષોની જેમ ઈશ્વરની પૂર્ણ કૃપા મેળવીને ધન્ય થઈએ, એટલી પ્રાર્થના ઈશ્વર પાસે કરી લઈશું.

☼ ☼ ☼

# અધ્યાય અગિયારમો : વિશ્વરૂપદર્શનયોગ


૧) કૃપાકટાક્ષની કિંમત ઘણી ભારે છે
૨) અનુભવની જરૂર
૩) વિશ્વદર્શનની અર્જુનની ઈચ્છા
૪) દિવ્યચક્ષુ
૫) દિવ્યચક્ષુનું દાન
૬) વિરાટરૂપનું દર્શન
૭) અર્જુનની પ્રાર્થના
૮) અર્જુનનના ભયનું કારણ
૯) અર્જુન વધારે ભાગે જિજ્ઞાસુ છે
૧૦) બધાએ ભયભીત થવાની જરૂર નથી
૧૧) સુંદર સ્વરૂપ વધારે ગમે
૧૨) વિશ્વના રૂપમાં ભગવાનનું દર્શન
૧૩) ભગવાનની ઉપદેશવાણી
૧૪) ભગવાનની વાણીની પ્રેરણા
૧૫) અર્જુનની પ્રાર્થના
૧૬) અપરાધની ક્ષમા માગવી
૧૭) અર્જુનની પ્રાર્થનાનો બોધપાઠ
૧૮) ચર્તુર્ભુજ રૂપના દર્શન માટે અર્જુનની પ્રાર્થના
૧૯) ભગવાનનો ઉત્તર
૨૦) એક બીજો મહ્ત્વનો સંદેશ

### [ ૧ ] કૃપાકટાક્ષની કિંમત ઘણી ભારે છે

ગયા અધ્યાયમાં આપણે સંતો ને સંતોના સ્વામી ભગવાનના કૃપાકટાક્ષની માગણી કરવાની વાત કરી. તેના પરથી રખેને એવી શંકા કરતા કે તેમના કેવળ કૃપાકટાક્ષથી શું વળશે ! યાદ રાખજો કે એ કૃપાકટાક્ષ સંતો ને ભગવાનનો છે. કોઈ સાધારણ માણસોનો નથી. સાધારણ માણસના કૃપાકટાક્ષની અસર પણ કેવી અજબ હોય છે ! માણસને તે પ્રસન્નતા ધરે છે, ને મંત્રમુગ્ધ કરે છે તો પછી ભગવાન ને તેમના પ્રાણ જેવા સંતોના કૃપાકટાક્ષનું તો કહેવું જ શું ? માણસનો ઉદ્ધાર કરવાની તે પુરતી શક્તિ ધરાવે છે. એક જ કૃપાકટાક્ષથી માણસનું બધું કામ પૂરું થાય છે.

કમલે પોતાની બધી પાંખડી બીડી દીધી હોય છે તેના પર સૂરજનું કૃપાકિરણ પડે છે એટલે તરત પ્રસન્ન થાય છે ને ખીલી ઊઠે છે. તેવી રીતે ભગવાન ને સંતોનો એક જ કૃપાકટાક્ષ દિલનાં બંધ બારણાંને ઉઘાડી નાંખે છે, ને રોમેરોમને પાવન ને પ્રફુલ્લ કરી દે છે. વરસો ને જન્મોથી જમા થયેલા અજ્ઞાનનો અંધકાર દૂર કરીને માણસની અંદર ને બહાર બધે જ તે પ્રકાશ પાથરી દે છે. તપશ્ચર્યા, સાધના, વ્રત ને યજ્ઞોથી જે કામ થાય નહીં તે તેનાથી થઈ જાય છે. એટલે એની કિંમત આંકવામાં ભૂલ કરતા નહીં. યોગી, મુની ને તપસ્વી પણ તેની ઝંખના કરે છે, ને કેટલાય પ્રેમી ભક્તો ને સાધકો તેની કામના કરતા જુદી જુદી જાતના કષ્ટો વેઠે છે. એ કૃપાકટાક્ષ મળી જાય તો બધું જ મળી જાય. દુઃખ ને દરિદ્રતા ટળી જાય, બંધન ને અલ્પતા મટી જાય ને જીવન જુદું જ બની જાય છે. તો એક જ કૃપાકટાક્ષ જરૂરી છે. પણ તેમાં માણસને સુખી, ધની ને ધન્ય કરી દેવાની શક્તિ છે.

### [ ૨ ] અનુભવની જરૂર

અર્જુને ભગવાનની પ્રાર્થના કરી. ભગવાનની મદદ માટે અરજી કરી, તો ભગવાને તેના પર કૃપા કરીને તેના કલ્યાણનો માર્ગ બતાવવાની શરૂઆત કરી. કેટલાંય છૂપાં રહસ્યો રજૂ કરવાની સાથે ભગવાને તેની પાસે પોતાના વિભૂતિનું પણ વર્ણન કર્યું, તે માટે અર્જુન આ અધ્યાયની શરૂઆતમાં જાણે કે આભાર માને છે. તે કહે છે કે 'હે પ્રભુ ! મારા પર કૃપા કરીને મારા હિત માટે તમે મને જે ઉત્તમ વચનો કહ્યાં છે તેથી મને ઘણો આનંદ થયો છે ને મારો મોહ જતો રહ્યો છે. એક તો ભગવાન પોતે ઉપદેશ આપનારા ને અર્જુન જેવો જિજ્ઞાસુ તે ઉપદેશરૂપી અમૃતનું પાન કરનારો. પછી ધાર્યું પરિણામ આવે નહીં એવું બને જ કેમ ? મોહરૂપી અંધકાર જ્ઞાનનો પ્રકાશ થતાં ક્યા સુધી ટકી શકે ? અર્જુનનો મોહ પણ મટી જાય એ સમજી શકાય તેવું છે. પરંતુ અર્જુનના શબ્દો પરથી એમ માની લેતાં નહીં કે અર્જુનને મોહથી મુક્ત કરવાનું ભગવાનનું કામ પૂરું થયું છે. ગીતાની શરૂઆત કરવાનું કારણ તે જ હોવાથી હવે ગીતા પણ પૂરી થશે. અર્જુનને ભગવાનની વિભૂતિ જાણવાનો વિચાર થયો હતો. એક જ ભગવાન આ સંસારમાં જુદા જુદા સ્વરૂપોમાં કેવી રીતે રમી રહ્યા છે તે જાણવાની તેને ઈચ્છા થઈ હતી, ભગવાને તેની ઈચ્છા પૂરી કરવા માટે પોતાની વિભૂતિનું વર્ણન કર્યું. તેથી તેને શાંતિ થઈ, તેની શંકાનું સમાધાન થયું પણ મોહની કાયમને માટે નિવૃત્તિ થવાથી જે પરમ શાંતિ મળે છે તે પરમ શાંતિનો સ્વાદ હજી તેને મળ્યો નથી. તેના મોહનો નાશ હજી

પૂરેપૂરા પ્રમાણમાં થયો નથી. તેની ઈચ્છા હજી વધતી જાય છે. એની ખાત્રી તમને આગળ પર થઈ રહેશે. વસ્તુસ્થિતિ આવી છે. માટે જ હજી ગીતાને આગળ ગાવાની જરૂર ઊભી થઈ છે.

**[ 3 ] વિશ્વરૂપદર્શનની અર્જુનની ઈચ્છા**

અર્જુન વિભૂતિયોગનું વર્ણન સાંભળીને બેસી રહ્યો નહીં. તેણે તરત કહેવા માંડ્યું કે 'હે પ્રભુ, તમારી જુદી જુદી વિભૂતિઓનું વર્ણન સાંભળીને મને આનંદ થયો છે. તમે જગતના જુદા જુદા પદાર્થોમાં રહેલા છો તે જાણીને મારી પ્રસન્નતાનો પાર રહ્યો નથી, પણ તેથી તો મારી જિજ્ઞાસા વધી ગઈ છે. તમારા વિશ્વવ્યાપક વિરાટ રૂપનું દર્શન કરવાની મને તાલાવેલી લાગી ગઈ છે. તમે તો એક છો છતાં અનેકરૂપે કેવી રીતે રહ્યા છો ? કુરૂક્ષેત્રના મેદાનમાં મારા રથના સારથિ થઈને તમે ઊભા રહ્યાં છો. મારી સગી આંખે હું એ વસ્તુ જોઈ રહ્યો છું. ઊભેલા બીજા યોદ્ધાઓને પણ એ વાતની ખબર છે. છતાં તમે કહો છો કે હું આખા સંસારમાં વ્યાપક છું ને સમસ્ત સંસારરૂપે રહેલો છું તો તે વાત કેવી રીતે માનવી ? જો કે તમે જે કહો છો તેમાં મને શ્રદ્ધા છે, મારે મન તેની કિંમત ઘણી વધારે છે. તેથી તમારી વાતને હું ઉડાવી દેવા કે ખોટી ઠરાવવા માંગતો નથી. તમારે બદલે કોઈ બીજા માણસ હોત, ને તે જો આવું કહેત, તો તેની વાતને મેં લવારા બરાબર માની હોત, અથવા તો ગૌણ ગણીને હસી કાઢી હોત, અથવા વધારે સાફ શબ્દોમાં કહું તો ગાંડપણમાં જ ખપાવી દીધી હોત, કેમ કે હું કોઈ સાધારણ ગુરૂનો ચેલો નથી. પણ અહીં તો વાત જુદી જ છે.

તમે મારા ગુરૂ છો. તમારા તરફ હું ભક્તભાવે જોઉં છું ને મુશ્કેલી તથા અશાંતિના કપરા વખતે શાંતિ માગવા તમારા શરણે આવ્યો છું મારી મુશ્કેલ મુસાફરીમાં હું મૂંઝવણ અનુભવું છું. કોઈ સાથી મારી સાથે રહ્યાં નથી. જે માર્ગે જવાનું છે તેથી પણ હું અજાણ છું, માટે તો મેં તમને સાથી કર્યા છે, ભોમિયા બનાવ્યા છે, ને મારા માર્ગદર્શક તરીકે સ્વીકાર્યા છે. આજ સુધી મને તમારી પાસેથી શાંતિ મળી છે, તેમ હજી પણ મળશે, ને હંમેશા મળતી રહેશે તેની મને ખાત્રી છે. જેમ કોઈ જનમભરનો કંગાલ માણસ કોઈ કરોડપતિની મિત્રતા મળતાં ઉત્સાહ ને આશા સાથે ઊભો રહે, તેમ હું તમારી પાસે ઊભો રહ્યો છું. તરસ્યો પ્રવાસી અચાનક કોઈ જળાશય જુએ ને તેને જે આનંદ થાય, તેવો ને તેથીય વધારે આનંદ મને થઈ રહ્યો છે, કેમ કે તમારી કૃપાનું જળાશય તો જન્મોજન્મની તરસ કાયમને માટે મટાડનારૂં છે. માટે હવે મારા પર કૃપા કરો ને હજી પણ વધારે કૃપા કરો. તમારી વાત મારા દિલમાં ઠસી જાય, ને મને જરા પણ શંકા ના રહે, તે માટે હે યોગેશ્વર, તમે મને તમારું વિરાટ રૂપ બતાવો. તમારા વિશ્વરૂપનું મને દર્શન કરાવો. તમારા વિશ્વવ્યાપક સ્વરૂપને ધારણ કરીને તમે મારી સામે પ્રસન્ન થઈને ઊભા રહો. તમારું પરમ ઐશ્વર્યથી ભરેલું રૂપ જોવા માટે મારું દિલ ખૂબ જ આતુર બની ગયું છે. તો હે યોગેશ્વર, મને તમારું વિશ્વરૂપ બતાવો.'

અર્જુનના મુખમાં ભગવાન વ્યાસે યોગેશ્વર શબ્દ મૂક્યો છે, તે દ્વારા તે આપણને કહેવા માગે છે કે શ્રીકૃષ્ણ કોઈ સાધારણ માણસ નથી. સાધારણ માણસની માફક અર્જુનના રથનું સારથિપદ સંભાળવા માટે હાલ તે બહાર પડ્યા છે એટલું જ, બાકી તેમની શક્તિ તો ઘણી ગજબની છે. બાલપણથી આજ સુધી તેમણે જે મહાન, અસાધારણ કે લોકોત્તર કામ કર્યા છે, તે પરથી તે વાતની ખાત્રી થઈ શકે છે. તેમનામાં યોગના ફળ જેવી બધી શક્તિઓ ભરેલી છે, એટલે તે શક્તિના પ્રભાવથી વિશ્વરૂપનું દર્શન કરાવવાનું કામ તેમને

માટે જરા પણ મુશ્કેલ નથી. મહર્ષિ વ્યાસ યોગેશ્વર શબ્દ પર આપણું ધ્યાન ખેંચીને એ સૂચના આપવા માગે છે. એક મહાન યોગી પણ પોતાની યોગશક્તિના પ્રભાવથી જુદી જુદી જાતના સ્વરૂપ ધારણ કરી શકે છે તથા અવનવા કામ કરે છે, તો પછી ભગવાન શ્રીકૃષ્ણ તો યોગીઓના યોગી છે, પ્રભુ પોતે છે. તેમને માટે ક્યું કામ કઠિન કે અશક્ય છે ? વિશ્વરૂપદર્શન જેવા કોઈયે રૂપનું દર્શન ભક્તોની ભાવના પૂરી કરવા માટે તે કરાવી શકે છે.

અર્જુનને એ બાબત કશી શંકા નથી છતાં વિશ્વરૂપનું દર્શન કરાવવાની પ્રાર્થના તે અત્યંત નમ્ર ને સરલ શબ્દોમાં કરે છે. 'હે પ્રભુ, તમારા વિરાટ સ્વરૂપને મારાથી જોઈ શકાય તેમ હોય, તો મને તેનું દર્શન કરાવો.' એ શબ્દોમાં કોઈ જાતની બળજબરી નથી, પણ ભાવભરી વિનંતિ છે. તેના ઉત્તરમાં ભગવાન કહે છે કે 'હે અર્જુન, મારા વિરાટ રૂપને તું જોઈ શકીશ ખરો. પરંતુ આ જડ ચક્ષુથી જોઈ શકશે નહિ. તે માટે તો તારે બીજા દિવ્ય ચક્ષુ ધારણ કરવા પડશે. તે ચક્ષુ તને આપું છું. તેનાથી તું મારા અલૌકિક સ્વરૂપનું દર્શન કરી લે.'

**[ ૪ ] દિવ્યચક્ષુ વિષે**

અહિં કોઈને વિચાર થશે કે દિવ્ય ચક્ષુ એટલે શું ? ભગવાને શું અર્જુનને પોતાનાં સાધારણ ચક્ષુ ફોડી નાખીને તેની જગ્યાએ કોઈ નવાં ચક્ષુની ગોઠવણી કરવા કહ્યું છે ? આપણે કહીશું કે ના, દિવ્ય ચક્ષુનો અર્થ એવો નથી. ચક્ષુ તો જે છે તેનાં તે જ રાખવાનાં છે, પણ તેની ભાવના ફેરવવાની છે અથવા કહો કે તેની દૃષ્ટિ સામાન્ય રીતે ભેદભાવ, અહંતા, મમતા તથા રાગદ્વેષથી ભરેલી છે. તે દૃષ્ટિ તેની અંદરની વૃત્તિની છાયા છે. માણસના મનમાં કે અંતરમાં જે કૈં સારું કે ખરાબ હોય છે, તે તેની દૃષ્ટિમાં રજૂ થાય છે. માણસના હૃદયમાં શું છે તેની વધારે કે ઓછી ઝાંખી કરવા માટે આંખ એક સરસ સાધનરૂપ છે. આંખ દ્વારા તમે માણસના અંતરના ઊંડાણમાં ડોકિયું કરી શકો છો. એ અંતરને પલટાવવા કે સુધારવાથી આંખમાં પણ સુધારો થઈ શકે છે એટલે આંખને દૈવી બનાવવા માટે અંતરને દૈવી બનાવવાની જરૂર છે. અંતરમાંથી રાગ ને દ્વેષ, મમતા ને અહંકાર તથા ભેદભાવને દૂર કરવાની જરૂર છે, અંતરનાં મેલને દૂર કરવાની જરૂર છે. એ કામ થઈ જાય એટલે આંખ દૈવી બને ને દૃષ્ટિ પવિત્ર થઈ જાય. આંખમાંથી પ્રેમ, પવિત્રતા, શાંતિ કે સત્યતા ને પાવનતા ટપકે. આનું નામ દિવ્ય ચક્ષુની પ્રાપ્તિ. ચક્ષુ તો એનાં એ જ છે પણ તેમાં ફેરફાર થઈ ગયો છે. સાધારણને બદલે તે અસાધારણ બની ગયાં છે. મલિનને બદલે નિર્મલ થયાં છે ને અજ્ઞાનને બદલે જ્ઞાનના પ્રકાશથી પાવન થયાં છે. એવાં ચક્ષુની દૃષ્ટિ પણ જુદી જ હોવાની. કમળાના રોગીની આંખ કાંઈ બદલાતી નથી. આંખ તો એની એ જ હોય છે, પણ તેની દૃષ્ટિમાં કેવો ફેર પડી જાય છે ! જગત તેને જુદી જ જાતનું દેખાય છે ! તેમ અંતર પવિત્ર, પ્રેમમય ને જ્ઞાનથી ભરપુર બનતાં જગત જુદું જ દેખાય છે, કેમ કે માણસની દૃષ્ટિમાં ફેર પડે છે.

એક સ્ત્રીને એક માણસ પોતાની પત્ની માને છે, ને બીજો તે જ સ્ત્રીને માતા સમજે છે. એક માણસ બીજાને મિત્ર સમજે છે ને બીજો માણસ તેને શત્રુ ગણે છે. માણસોની આંખ તો એક જ છે. તેમની દૃષ્ટિ જુદી છે. માટે જ જગત જુદું દેખાય છે, ને જુદી ભાવના થાય છે. એ દૃષ્ટિને દૈવી બનાવવાની જરૂર છે અથવા કહો

કે મનનો પલટો કરવાની જરૂર છે. એ માટે જ જુદી જુદી સાધના થાય છે ને તપ તથા વ્રત કરવામાં આવે છે. મહાપુરૂષોની કૃપા પણ એટલા માટે જ માગવામાં આવે છે. એ દિવ્ય ચક્ષુ ઊઘડે તો આપણું કામ થઈ જાય, જીવનમાં શાંતિ છવાઈ જાય, ને જગતમાં બધે પ્રભુની ઝાંખી થાય. પ્રભુનું દૈવી દર્શન પછી દૂર ના રહે. આપણી ને પ્રભુની વચ્ચેનો પડદો હઠી જાય. પ્રભુનું દર્શન આપણને અંદર ને બહાર બધે જ થઈ જાય, ને જીવન સુખી બને. આ સંસારમાં કેટલાક ક્લેશ, કેટલીક ગેરસમજૂતી, કેટલાક યુદ્ધ ને ઘર્ષણ દૃષ્ટિના ભેદને લીધે ને દૃષ્ટિની જડતાને લીધે જ થાય છે. જુલમ ને જોહુકમી પણ તેને લીધે જ ચાલ્યા કરે છે. દૃષ્ટિ જો સુધરી જાય અથવા માણસના મનમાં સુધારો થઈ જાય, તો ક્લેશ ને ઘર્ષણ ઓછાં થાય, ને જગત વધારે જીવવા જેવું બની જાય. માટે તો વિવેકી માણસો તે દિવ્યચક્ષુને ઝંખે છે, ને તેને માટે પ્રાર્થના કરે છે.

**[ ૫ ] દિવ્યચક્ષુનું દાન**

અર્જુનનું ભાગ્ય કેટલું ભારે છે તે તો જુઓ. ભગવાનની તેના પર કેટલી બધી કૃપા છે ! જેને મેળવવા માટે સતત સાધના કરવી પડે ને વરસો જ નહિ પણ જન્મોની મહેનત પછી પણ જે ભાગ્યે જ મળે, તે દિવ્ય દૃષ્ટિની ભેટ કરવા ભગવાન તેની સામે તૈયાર થઈને ઊભા રહ્યા છે ! તેનું પ્રારબ્ધ પૂરેપૂરું પ્રકાશી ઊઠ્યું છે. તેનાં સત્કર્મોનો સૂરજ સોળે કળાએ ખલી ઊઠ્યો છે. ભાગ્યની દેવી તેને વરવા માટે વરમાળા લઈ ને જાણે ઊભી રહી છે.

અર્જુનનું ભાગ્ય જુદું છે. એટલે ભગવાન તેને કહે છે કે "હું તને દિવ્યચક્ષુ આપું છું. તારા પર વિશેષ કૃપા કરું છું. તારે ચિંતા કરવાની જરૂર નથી. મારી આપેલી દિવ્યદૃષ્ટિથી તું મારા પરમ ઐશ્વર્યથી ભરેલા વિરાટસ્વરૂપનું દર્શન કર."

તમારામાંથી કોઈકને થશે કે ભગવાન આપણને પણ આવી રીતે ક્યારે કહેશે ? તમારામાં જે સાધકો હશે, ને ભગવાનના દર્શન માટે પ્રયાસ કરતા હશે, તેમને પણ આવા વિચારો આવશે ને થશે કે અર્જુનની જેમ ભગવાનના દર્શનનો લાભ આપણને પણ ક્યારે મળશે ? અમારા ભાગ્યનો સૂરજ પણ સોળે કળાએ ક્યારે ખીલી ઊઠશે ? અમારું પ્રારબ્ધ પણ પરિપૂર્ણપણે ક્યારે પ્રકાશી ઊઠશે ? ને ભગવાનની કૃપાથી અમારું જીવન પણ ક્યારે સફળ બનશે ? એવા વિચારોથી આપણે પ્રસન્ન બનશું ને એ વિચારોમાં સ્નાન કરનારા સાધકોને ધન્યવાદ આપીશું. કેમકે આજે વધતા જતા હજારો ઈશ્વરવિમુખ માણસોમાં એવા ઈશ્વરપ્રેમી માણસો બહુ જ ઓછી સંખ્યામાં જોવા મળે છે. ભાગ્યની દેવીની તેમના પર કૃપા છે એમાં શંકા નહિ. કેમકે તે વિના તેમને એવા ઉત્તમ વિચાર ભાગ્યે જ આવી શકે. તેવા સાધકોને ધન્વાદ આપીને આપણે કહીશું કે તમારા વિચાર ચાલુ રાખજો ને તમારી ભાવનાને પોષતા રહેજો. ધીરજ, હિંમત ને આશા ગુમાવશો નહિ. શ્રદ્ધાપૂર્વક ભગવાનની કૃપા માટે તલસતા રહીને તમારી સાધના ચાલુ રાખજો. તો ભગવાન તમારી સામે પણ ઊભા રહેશે, ને પોતાની મધુર વાણીથી તમને પણ કૃતાર્થ કરશે. ભગવાનનું મંગલમય સ્વરૂપ જોવાનો આનંદ તમને પણ મળી રહેશે. હાલ તો ગીતામાતાની મદદથી તમારી કલ્પનાની આંખ આગળ ભગવાનના અલૌકિક સ્વરૂપનું દર્શન કરી લો.

**[ ૬ ] વિરાટરૂપનું દર્શન**

'જુદાં જુદાં રંગ ને આકારવાળાં મારાં હજારો રૂપોનું દર્શન હે અર્જુન, તું કરી લે.' એમ કહીને ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને પોતાના વિરાટ રૂપનું દર્શન કરાવી દીધું. ઘડીના છઠ્ઠા ભાગમાં–આંખ મીંચીને ઉઘાડી એટલીવારમાં તો બધી બાજી પલટાઈ ગઈ ! કુરૂક્ષેત્રના મેદાનમાં અર્જુનના જીવનરથનું સારથિપદ સંભાળનારા ભગવાન ક્ષણવારમાં વિરાટ બની ગયા, ને આકાશમાં ને પૃથ્વીમાં બધે જ વ્યાપક બની રહ્યા. વામન ભગવાને જેમ ત્રણ પગલાં પૃથ્વી માગીને વિરાટ રૂપ ધારણ કર્યું ને બલિરાજાને આશ્ચર્યમાં મૂકી દીધાં, તેમ ભગવાન શ્રીકૃષ્ણે વિરાટ રૂપ ધારણ કરીને અર્જુનને આશ્ચર્યમાં મૂકી દીધો. ભગવાનનું વિરાટ રૂપ કેવું છે તે જોવાની અર્જુનમાં ધીરજ પણ ના રહી. અણધારી ને અણદીઠેલી વસ્તુ અચાનક બની જાય ત્યારે જેવી નવાઈ લાગે છે તેવી નવાઈ લાગવાથી થોડીવાર તો અર્જુન શૂન્યમનસ્ક જેવો બની ગયો.

ભગવાનનું સ્વરૂપ કેટલું અલૌકિક ને આશ્ચર્યકારક હતું ! આખું જગત તેમાં એકઠું થયું હોય એમ લાગતું હતું. તે રૂપ હજારો મુખવાળું, હજારો આંખવાળું ને ખુબ જ અદ્ભુત હતું. અનેક જાતના દૈવી શણગારોથી સુશોભિત ને અનેક દૈવી હથિયારોવાળું હતું. કેટલીયે અલૌકિક સુવાસથી ભરેલી માળાઓ ને સુંદર વસ્ત્રોથી તેની શોભા વધી રહી હતી. ચારે તરફ ફેલાયેલું તે રૂપ અનંત ને અનેક પ્રકારના આશ્ચર્યથી ભરેલું હતું. તે કેટલું બધું તેજસ્વી હતું ! તેના પ્રકાશનું તો કહેવું જ શું ! હજારો સૂરજનો ઉદય જો આકાશમાં એકી સાથે થાય તો તેનો જે પ્રકાશ થાય તે પ્રકાશ કરતાં પણ તેનો પ્રકાશ વધી જાય એટલું બધું તે પ્રકાશમય હતું. જાણે પ્રકાશનો પૂર્ણાવતાર થયો હોય એવું તે સ્વરૂપ જોતાંવેંત જ આંખને આંજી નાંખે તેવું હતું. તેના તરફ સ્થિર દૃષ્ટિથી જોવાનું પણ મુશ્કેલ હતું. આખું યે જગત જુદા જુદા રૂપમાં વહેંચાઈને જાણે તે રૂપમાં ભેગું મળ્યું હતું. આવા રૂપની તેણે કલ્પના પણ કરી ન હતી. એટલે આવા વિરાટ રૂપને જોતાંવેંત તેની નવાઈનો પાર રહ્યો નહીં. તેને રોમાંચ થઈ ગયો. તે આભો બનીને ઊભો રહ્યો ને મસ્તક નમાવી, બે હાથ જોડીને સુધબુધ ભૂલીને શું કરવું તેનો વિચાર કરવા માંડ્યો.

**[ ૭ ] અર્જુનની પ્રાર્થના**

ભગવાનનું વિરાટ રૂપ જોઈને અર્જુનની દશા ઘણી વિચિત્ર થઈ ગઈ. તેણે ગદ્ગદ્ કંઠે કહેવા માંડ્યું કે 'હે પ્રભુ, તમારા વિરાટ શરીરમાં પ્રાણીઓના અનેક સમૂહને હું જોઈ રહ્યો છું. અનેક ઋષિમુનિ, તપસ્વી ને દેવોનું દર્શન કરી રહ્યો છું. તમારું સ્વરૂપ ઘણું વિશાળ છે. તેની શરૂઆત ને તેનો મધ્યભાગ તથા અંત મારા જોવામાં આવતો નથી. તમારા અનંત સ્વરૂપને અનેક હાથ, પગ, પેટ, મુખ ને આંખ છે. અનેક પ્રકારના મુકુટોથી તે શોભી રહ્યું છે. ગદા ને ચક્રથી સજ્જ થયું છે. જાણે તેજનો ભંડાર હોય એવું તે સ્વરૂપ એટલું બધું પ્રકાશવાન છે કે તેની તરફ દૃષ્ટિ કરવાનું પણ મુશ્કેલ છે. છતાં તમારી કૃપાથી તેનું દર્શન હું કરી રહ્યો છું ને છેક પાસે ઊભો રહીને કરી રહ્યો છું. હજારો તપેલા સૂરજના જેવા તેજવાળું તમારું સ્વરૂપ તમારી કૃપા વિના કોઈનાથી પણ જોઈ શકાય તેવું નથી.

હે પ્રભુ, તમે અજન્મા ને અવિનાશી છો. આ વિનાશી સંસારમાં એકમાત્ર તમે જ મેળવવા ને જાણવા જેવા છો. આ સંસારના એકમાત્ર મૂળ કારણ, રક્ષક, નિયંતા ને આધારરૂપ તમે જ છો. યુગો ને કલ્પો વીતી

ગયાં, સંસારના અનેકરૂપો પ્રકટ થયાં ને બદલાઈ પણ ગયાં, છેવટે સમાપ્ત પણ થઈ ગયાં, પણ તમે હજી અપરિવર્તનશીલ ને અમર છે. તમારો નાશ કોઈ કાળે થઈ શકે તેમ નથી. મૃત્યુ પર તો તમારું શાસન ચાલે છે. કાળના તમે સ્વામી છો. પ્રકૃતિ પર તમારું પ્રભુત્વ છે. માનવકલ્યાણને માટે ધર્મની જે મર્યાદા કરવામાં આવી છે, તેના તમે રક્ષક છો. જ્યારે જ્યારે ધર્મનો હ્રાસ થાય, ને અધર્મ તથા અનીતિનું જોર વધી પડે, ત્યારે ત્યારે તમે એક યા બીજા રૂપે પ્રકટ થઈને ધર્મની રક્ષા કરો છો. ધર્મને માર્ગે ચાલનારા માણસો, ભક્તો ને સંતોની રક્ષા કરો છો, ને અનીતિ તથા અધર્મનો અંત લાવો છો. માનવતાનાં નિયમની વિરૂદ્ધનાં ઘોર કર્મો કરીને જે માનવરાક્ષસો સંસારમાં અન્યાય, અધર્મ, અનાચાર ને આતંક ફેલાવે છે, તથા સંસારમાં સ્વર્ગને બદલે નરકની નિશાનીઓ વધારવાનું કામ કરે છે, તેમને તમે દંડ આપો છે, દુઃખમાં નાખો છો, ને તેમના તથા બીજાના મંગલને માટે તેમનો પણ નાશ કરી દો છો.

જુદાં જુદાં યુગમાં જુદાં જુદાં રૂપ લઈને તમે માનવજાતિના મંગલને માટે ધર્મ ને નીતિના સનાતન સિદ્ધાંતોની રજૂઆત કરો છો. સંસારના હિતની તમારા હૃદયમાં રહેલી ઊંડી લાગણીનો તમે એ રીતે પરિચય આપો છો. ઘરનો વડીલ પુરુષ પોતાના ઘરના પ્રત્યેક સભ્યની સારી પેઠે સંભાળ રાખે છે. પુરૂષ, સ્ત્રી, સંતાન, પશુ, પ્રાણી તથા વનસ્પતિ ને ઘરના બધાં સભ્યોનું તે ધ્યાન રાખે છે, તેમ તમે આ સંસારના પ્રત્યેક પદાર્થોનું ધ્યાન રાખો છો. સંસારની નાની-મોટી, જડચેતન બધી જ વસ્તુની સંભાળ રાખો છે. આ રીતે સંસાર પર તમારો મહાન ઉપકાર રહેલો છે. એને યાદ રાખીને સંસાર તમારી જેટલી સેવા કરે તેટલી ઓછી છે. તમારા વાસ્તવિક ને મૂળ સ્વરૂપનું રહસ્ય કોઈ જાણી શકે તેમ નથી. તમે જો કૃપા કરી દો, ને જણાવો, તો જ માણસ તેને સાધારણ પ્રમાણમાં જાણી શકે છે. માટે સંતો ને શાસ્ત્રોએ તમારી કૃપાનો મહિમા પ્રાચીન કાળથી ગાયા કર્યો છે, ને તેને લક્ષમાં લઈને કરોડો માણસોએ આજ સુધી તમારી કૃપા મેળવવા પ્રયાસ કર્યો છે.

પ્રાર્થના ને પ્રશસ્તિના પ્રવાહમાં આગળ વધતાં અર્જુન કહે છે કે 'હે પ્રભુ ! તમારી શક્તિ અનંત છે. તેનો મુકાબલો કરવાની તાકાત બીજા કોઈમાં નથી. ભલભલા બળિયાઓ પણ તમારી પાસે નિર્બળ બની ગયા છે. તમારા હાથ હજારોની સંખ્યામાં ફેલાયેલા છે. વેદોએ તમને હજારો હાથવાળા કહ્યા છે તે સાચું છે. હજારો હાથે તમે ભક્તોને મદદ કરવા સદા તૈયાર રહો છો. ચંદ્ર ને સૂર્ય તો તમારી આંખમાંથી જ નીકળ્યા હોય તેમ લાગે છે. સૂર્યના પ્રકાશની પેઠે તમારી આંખો પ્રખર પ્રકાશથી ભરેલી છે, પરંતુ ચંદ્રની જેમ તે મધુરતાથી મઢેલી પણ છે. તેનું એકવાર ભૂલેચૂકે પણ દર્શન કરનાર માણસ કાયમને માટે તેના મોહમાં પડ્યાં વિના રહી શકતો નથી. તમારા તેજથી જ આ સમગ્ર સંસાર તપી રહ્યો હોય એમ દેખાય છે. સંસારની પોતાની પાસે જરા પણ પ્રકાશ નથી. તમારા ઉછીના લીધેલા પ્રકાશથી સંસાર પ્રકાશિત થઈ રહેલો દેખાય છે. તમારું સ્વરૂપ કેટલું બધું વિરાટ છે ! સ્વર્ગ, પૃથ્વી, આકાશ ને બધી જ દિશાઓમાં ફેલાઈ જઈને વ્યાપક બનેલું તમારું સ્વરૂપ કેટલું લોકોત્તર લાગે છે ! દેવતાઓ પણ તેને માપી શકે તેમ નથી. તો પછી મારા જેવા સાધારણ માણસનું તો શું ગજું ? યોગી, જ્ઞાની ને તપસ્વી પણ તેનો પાર પામી શકે તેમ નથી, તો પછી હું તો તેનો પાર કેવી રીતે પામી શકું ? કીડી કાંઈ સાકરનાં પર્વતને માપી શકે છે ? વિરાટ સ્વરૂપને માપવાનું કામ મારે માટે પણ એ પ્રમાણે કઠિન છે.

તમારું રૂપ ઘણું અદ્‌ભુત ને ભયંકર છે. તેના પ્રભાવથી જાણે ત્રણ લોક ભયભીત થયા હોય તેમ લાગે છે. તમારા ભયંકર સ્વરૂપમાં દેવોના સમૂહ પ્રવેશ કરતાં હોય તેમ લાગે છે. તેમાંના કેટલાક દેવો ભયને લીધે તમને હાથ જોડીને નમસ્કાર કરી રહ્યા છે. સિદ્ધ પુરૂષો તથા મહર્ષિનાં મંડળો તમારો જયજયકાર કરે છે, તમારી પાસે પોતાના ને સંસારના કલ્યાણ માટે આશીર્વાદ માગે છે, અનેક જાતની સ્તુતિ કરીને તમારી પ્રસન્નતા માટે પ્રયાસ કરે છે. તમારા વિના આ સંસારમાં બીજું સ્તુતિ કરવા યોગ્ય છે જ કોણ ? બીજાની સ્તુતિ કરવાથી વળે પણ શું ? તમારી સ્તુતિથી શાંતિ, સુખ, સમૃદ્ધિ સર્વ કાંઈ મળે છે, ને સ્તુતિ કરનારની બધી જ કામના પુરી થાય છે. તમારી સ્તુતિથી માણસ દુઃખ, દર્દ ને બંધનમાંથી મુક્ત બને છે. માટે વિવેકી પુરૂષો કોઈની પણ ખુશામત કરવાનું છોડી દઈને એકમાત્ર તમારી જ સ્તુતિનો આધાર લે છે.

માણસો, સિદ્ધો ને મહર્ષિઓ તો ઠીક પણ રૂદ્રો, આદિત્યો, વરૂણ, મરૂત જેવા દેવતાઓ ને યક્ષ તથા ગાંધર્વોના સમૂહો પણ આશ્ચર્યચકિત્ત થઈને તમારી તરફ જોયા કરે છે. તમારા વિરાટ સ્વરૂપમાં તે બધા સમાઈ ગયેલા લાગે છે. વિકરાળ દાંતવાળું તમારું સ્વરૂપ જોઈને સંસારના સૌ ભયભીત થયેલા દેખાય છે ને સંસારની વાત શા માટે કરું ? સાચી વાત તો એ છે કે હું પોતે ભયભીત થઈ ગયો છું. તમારું રૂપ અનેક જાતના રૂપ ને રંગથી ભરેલું છે, વિશાળ ને તેજસ્વી નેત્રોવાળું છે, ફાડેલાં મુખોવાળું છે. આવા રૂપને જોઈને તમે જ વિચાર કરો ને કહો કે કોને શાંતિ થાય ને કોની ધીરજ કાયમ રહે ? હું આમ તો મહારથી ને વીર છું, પરંતુ તમારું આ વિકરાળ રૂપ જોઈને મારી ધીરજ પણ ખૂટી ગઈ છે. મારું મન બેબાકળું બની ગયું છે, ને મને શાંતિ નથી. ભડભડતા અગ્નિથી ભરેલાં, કાળના ઘર જેવાં તમારાં મુખને જોઈને હે દેવોના દેવ પ્રભુ ! હે જગનિવાસ, મને કાંઈ વધારે સૂઝતું નથી, દિશા દેખાતી નથી, શાંતિ મળતી નથી. માટે તમે પ્રસન્ન થાવ ને મારી શાંતિનો ઉપાય કરો.

એક બીજી પણ નવાઈ લાગે તેવી વસ્તુ મારા જોવામાં આવી રહી છે. ભીષ્મ, દ્રોણ, કર્ણ ને અમારાં તથા કૌરવોના બીજા મુખ્ય મુખ્ય યોદ્ધાઓ તમારાં ભયંકર દાઢવાળાં મુખોમાં ઝડપથી પ્રવેશતા દેખાઈ રહ્યાં છે. તેમાંના કેટલાકના તમારા દાંતોની વચ્ચે આવવાને લીધે ચુરા થઈ ગયાં છે. તેમનાં અંગાગ ઓળખાય નહિ તેવી રીતે અલગ થઈ રહ્યાં છે. આ બધું કેટલું આશ્ચર્યકારક ને ભયંકર છે ! આવા ઘોર દૃશ્યોને જોઈને ગમે તેવો કઠોર કે પત્થર દિલનો માણસ પણ શું શાંતિ જાળવી શકે ને કંપ્યા વિના રહી શકે ? તો પછી મારી શાંતિ તો કેવી રીતે ટકી શકે ? આ દેખાવ કેટલો બધો હૃદયને હચમચાવી મુકનારો છે ! કવિની ભાષામાં કહીએ તો કહી શકાય કે જેવી રીતે નદીઓના જુદા જુદા પ્રવાહો સાગરમાં મળવા માટે પુરજોશમાં દોડી જાય છે, તેવી રીતે તમારા તેજોમય મુખોમાં વીરોના ને સાધારણ માણસોના સમૂહો દોડી દોડીને પ્રવેશ કરે છે. અથવા તો પ્રદીપ્ત થયેલા અગ્નિમાં પતંગિયા પ્રવેશ કરે છે ને વિનાશ પામે છે, તે પ્રમાણે તમારાં મુખોમાં લોક લોકાંતરો ખૂબ જ વેગથી પ્રવેશ કરી રહ્યા છે. તેમનો પણ નાશ ના થાય તો બીજું શું થાય ? જ્વાલાઓથી ભરેલાં મુખોથી તમે જાણે લોક લોકાંતરોને ચાટી રહ્યા છો. તમારું અલૌકિક ને ઉગ્ર તેજ સમગ્ર સંસારને તેજોમય કરી રહ્યું છે. આવા ઉગ્ર સ્વરૂપવાળા તમે કોણ છો ? તમારા મૂળ સ્વરૂપને જાણવાની મારી ઈચ્છા છે. તમારા વિશે મને કશી જ ખબર નથી. તમારી શક્તિ ને પ્રવૃત્તિનું રહસ્ય મારી સમજમાં આવી શકતું નથી. હું ગમે તેટલો પ્રયાસ કરીશ તો પણ તમારું ને તમારી શક્તિનું રહસ્ય મારી સમજમાં કદી પણ

નહિ આવી શકે. તમારા કદી પણ નહિ જોયેલા ને જાણેલા સ્વરૂપની સમજ મને કોઈ કાળે ને કોઈયે રીતે નહિ પડી શકે. તમારી કૃપા વિના તમને કોણ સમજી શકે તેમ છે ? તમારી દયા વિના તમારા મહિમાનો અનંત તાગ મેળવવામાં કોણ સફળ થઈ શકે તેમ છે ? તમે કૃપા ના કરો તો તમારી શક્તિને લેશ પણ કોણ સમજી શકે તેમ છે ? તેને સમજવાનું મારી જેમ કોઈનું યે ગજુ ક્યાં છે ? માટે જ હું તમને પ્રાર્થના કરું છું. અરજ ગુજારૂં છું, કાકલૂદીભરી વિનંતિ કરું છું, તમારે દ્વારે ભિક્ષા માગું છું, કે હે 'દેવોના પણ દેવ ! તમે પ્રસન્ન થાવ ને મારા પર કૃપા કરો. મારી ધીરજ ને શાંતિ તો જ પાછી આવશે.'

**[ ૮ ] અર્જુનનના ભયનું કારણ**

જોયું ? અર્જુને પોતાની મેળે જ ભગવાનના વિરાટ રૂપની માગણી કરી, પણ તે રૂપને જોઈને હવે તેને ગભરાટ છુટ્યો છે, ને તેનું મન પણ બેચેન બન્યું છે. વિરાટ રૂપનું દર્શન કરીને તે ધીરજ ખોઈ બેઠો છે. તેને ભય લાગ્યો છે કે આ રૂપ કાયમને માટે પોતાની નજર સામે તો નહિ રહે ને ? તે સમેટી નહિ લેવાય તો ? તે કલ્પના જો સાચી હોય તો કેટલી ભયંકર છે ?

ગામડામાં દાણા ભરવાની કોઠી હોય છે તે જાણો છો ને ? ના જાણતા હોય તો જાણી લેજો. તે કોઠી માટીની હોય છે, એક બાળકને તે કોઠી અંદરથી કેવી હોય છે તે જોવાનું મન થયું. ખૂબ હઠ લેવાથી માતાએ તેને કોઠી પર ચડાવ્યો પણ બાળક રમતિયાળ હતો. તેણે તો કોઠીની અંદર જવાની હઠ લીધી. માતાએ તેને રાજી કરવા તે નાની સરખી કોઠીમાં ઉતાર્યો. બાળકને એ નવી દુનિયામાં પહેલાં તો સારૂં લાગ્યુ, પણ પછી તો તે બેચેન બન્યો ને રોવા માંડ્યો. બહાર આવવા માટે તેણે મા ને બૂમો પાડવા માંડી. મા ની કૃપા વિના તે બહાર નીકળી શકે તેમ ક્યાં હતો ? મા નું હૃદય કઠોર થોડું જ હોય છે ? પ્રાર્થના ને પોકારથી પીગળી જઈને મા એ બાળકને બહાર કાઢ્યો. અર્જુનના સંબંધમાં પણ એવું જ બન્યું છે. વિશ્વરૂપને જોઈને તે બેબાકળો બની ગયો ને ભગવાનની પ્રસન્નતા માટે તે પ્રાર્થના કરે છે.

કોઈ જિજ્ઞાસુને પૂછવાનું મન થશે કે વિશ્વના દર્શનથી અર્જુનને ભય ને ગભરાટ કેમ થયો ? તેને શાંતિ કેમ ના વળી ? તેના ઉત્તરમાં આપણે કહીશું કે વિશ્વરૂપનો દેખાવ જ ભયંકર હતો. અર્જુને કરેલું વિશ્વરૂપનું વર્ણન વાંચીને કે સાંભળીને કેટલાક લોકોને ભય લાગે છે તથા અશાંતિ થાય છે. કેટલાકના છાતીના ધબકારા વધી જાય છે. તો પછી અર્જુન તો તે રૂપને પોતાની સામે જ જોઈ રહ્યો છે. તેને ગભરાટ થાય એ સમજી શકાય તેવું છે. બીજી વાત એ છે અર્જુનને જે વિશ્વરૂપ દર્શનનો લાભ મળ્યો છે તે ભગવાનની કૃપાથી મળ્યો છે. તેને માટે એક સાધકની તેમ તેની સાધનાની તૈયારી નથી. એટલે તેને અનુકૂળ થવાનું કે જીરવી શકવાનું પણ તેને માટે મુશ્કેલ થયું છે. સાધનાના અનુભવો કોઈ કારણથી જ્યારે અચાનક થાય છે ત્યારે સાધકોની દશા કેટલીક વાર અર્જુનના જેવી જ થઈ જાય છે. સાધારણ માણસો પણ એવે વખતે કોઈ વિચિત્ર લાગણીનો અનુભવ કરે છે. માણસ પોતાના ગજા બહારની વસ્તુને ભાગ્યે જ સહી શકે છે.

**[ ૯ ] અર્જુન વધારે ભાગે જિજ્ઞાસુ છે**

વિશ્વરૂપના દર્શનને સહન કરવાનું અર્જુનને માટે મુશ્કેલ કેમ થઈ પડ્યું તેનું બીજું કારણ આમાંથી સહેજે જડી રહેશે. અર્જુન જ્ઞાની ને ભક્ત હતો. ભગવાને તેની આગળ પોતાની વિભૂતિઓનું વર્ણન કર્યું. તેથી તેને વિશ્વરૂપનું દર્શન કરવાનું કુતુહલ થયું હતું. વિશ્વરૂપ જોવાની ભૂખ તેના દિલમાં જાગી ન હતી, તેનું અંતર કાંઈ વિશ્વરૂપના દર્શન માટે તલસતું ન હતું. ભક્તોના હૃદયમાં ભગવાનના દર્શનને માટે જે અનુરાગ, આતુરતા ને વેદના જાગી જાય છે તેનો તેના હૃદયમાં જન્મ થયો ન હતો. ભગવાનના દર્શન માટે ભક્તો બેચેન બને છે. દિવસો, મહિના ને વરસો સુધી ઝંખે છે ને લગન લઈને ફરે છે. અર્જુનના દિલમાં તેવી બેચેની, ઝંખના કે લગની ન હતી. તેને તે વિશ્વરૂપનું દર્શન કરવાની કેવલ ઈચ્છા થઈ હતી. વિશ્વરૂપ કેવું હશે, ભગવાન જુદી જુદી જાતની વિભૂતિથી સંપન્ન હશે કે કેમ, ને ભગવાન સંસારના જુદા જુદા પદાર્થો રૂપે રહ્યા હશે કે કેમ, તે જાણવાની અર્જુનને ઈચ્છા હતી. તે ઈચ્છા પણ કાંઈ અદમ્ય નહોતી.

ભગવાનના દર્શનની ભક્તોની ઈચ્છા અદમ્ય હોય છે. કોઈ પણ રીતે તે મટતી નથી કે સફળ થયા વિના રહેતી નથી. તે ઈચ્છાની સફળતા વિના ભક્તોનું જીવન વેદનામય ને અશાંત જ રહે છે. તે ઈચ્છાને પૂરી કરવા માટે ભક્તો સખત ને સતત પુરૂષાર્થ કરે છે. તપ, વ્રત ને બીજી સાધના કરે છે. આખરે તે સફળ થાય છે ત્યારે જ તેમને નિરાંત વળે છે. એવા ભક્તો ભગવાનના દર્શનથી શાંતિ મેળવે છે. પણ અર્જુનની વાત જુદી જ છે. ભગવાનના  વિરાટ રૂપનું દર્શન કરવાની તેને લગની નથી. વિશ્વરૂપના દર્શન માટે તે આકુળવ્યાકુળ પણ બન્યો નથી. વિશ્વરૂપના દર્શન પહેલાંની પ્રાર્થનામાં તે શું કહે છે તે તો જુઓ. તે કહે છે કે 'હે પ્રભુ, તમારું વિશ્વરૂપ જોવાનું મારે માટે શક્ય હોય, તો તે રૂપ મને બતાવો.' ભક્તોની ભાષા આવી ગણતરી વાળી નથી હોતી. તે તો કહે છે કે 'હે પ્રભુ, તમારું વિશ્વરૂપ જોવાનું મારે માટે શક્ય હોય કે ના હોય, તમારા સ્વરૂપનું દર્શન મને કરાવો જ કરાવો. તમારી કૃપા થતાં કઈ વસ્તુ અશક્ય રહે છે ? તમારી કૃપાથી તમારું દર્શન પણ મારે માટે શક્ય બનશે.' કદાચ નમ્રતા ને શરણાગતિનો ભાવ બતાવવા તે એવી ભાષા બોલી બતાવે, તો પણ તેના હૃદયમાં ભગવાનના દર્શનની લગની તો હશે જ.

એટલે વિશ્વરૂપ દર્શનનો વિચાર કરીએ તો અર્જુન ભક્ત કે સાધક કરતાં જિજ્ઞાસુ વધારે પ્રમાણમાં છે, એ વાતની ખાત્રી થયા વિના રહેશે નહિ. છતાં પણ તે શરણાગત છે. વળી ભગવાનનો તેના પર અપાર પ્રેમ છે. ભગવાન તેની દરેક સારી ઈચ્છા પુરી કરવા તેને પોતાનો પ્યારો ભક્ત કે યોગી બનાવી તેના જીવનનું કલ્યાણ કરીને, તેની મારફત પોતાનું કામ કરાવી લેવાનો નિર્ણય કરીને ઊભા રહ્યા છે. આને લીધે જ, જે જ્ઞાન ને અનુભવોને મેળવવા માટે વરસો સુધી મહેનત કરવી પડે ને સખત મહેનત કરવી પડે, છતાં પણ તે મળે કે કેમ તે એક કોયડો જ બની રહે, તે જ્ઞાન ને અનુભવ તેને કુરૂક્ષેત્રના મેદાનમાં વિના પ્રયાસે મળી રહ્યા છે. ભગવાનની કૃપાના પ્રભાવનું જ આ ફળ છે. ભગવાનની કૃપા કેવાં કેવાં ચમત્કારી કામ કરી શકે છે તે જાણવા માટે અર્જુનનું ઉદાહરણ પૂરતું થઈ પડે છે. તે જાણીને સૌએ ભગવાનનું શરણ લેવા ને ભગવાનની કૃપા મેળવવા તૈયાર થવાનું છે.

**[ ૧૦ ] બધાએ ભયભીત થવાની જરૂર નથી**

વિરાટ રૂપનું દર્શન કરવાથી અર્જુનને ભય થયો એ જાણીને બધાએ ભયભીત થવાની જરૂર નથી. તમારામાંથી કોઈ સાધકોને વિરાટ રૂપના દર્શનની ઈચ્છા હોય તો તેમણે હિંમત ને ધીરજ ખોઈને અશાંત બની જવાની જરૂર નથી. વિરાટ રૂપના દર્શનથી બધાને ભય થશે જ એમ માની લેવાની જરૂર નથી. ભગવાન ધારે તો તમને ભય ના થાય એવી રીતે પોતાના વિરાટ રૂપનું દર્શન કરાવી શકે તેમ છે. તે સર્વ શક્તિમાન છે. પોતાની શક્તિથી તે બધું જ કરી શકે છે. એટલે ભગવાનને પ્રાર્થના કરજો કે 'હે પ્રભુ, તમારા વિરાટ સ્વરૂપનું દર્શન કરાવો, પણ તે રૂપ સુંદર, મંગલ ને સતત જોઈ શકાય તેવું હોવું જોઈએ. તે વિરાટ રૂપ હશે એટલે તેમાં ભયાનકતા પણ હશે. સુંદરતાની સાથે અસુંદરતા પણ હશે. પણ અમને તેથી ભય ના થાય, અમંગલમાં મંગલતા ને અસુંદરતામાં સુંદરતા દેખાય એવી દૈવી દૃષ્ટિનું અમને દાન કરો. પછી હરકત નથી. તમારા વિરાટ સ્વરૂપના દર્શનથી પછી અમને શાંતિ ને શાંતિ જ મળશે.'

**[ ૧૧ ] સુંદર સ્વરૂપ વધારે ગમે**

ભગવાન ભયંકર ને સુંદર બંને રૂપમાં રહેલા છે પરંતુ તેમનું સુંદર સ્વરૂપ મને વધારે ગમે છે. હિરણ્યકશિપુનો નાશ કરવા જ્યારે નૃસિંહ ભગવાન પ્રકટ થયા, ત્યારે તેમનું વિકરાળ રૂપ જોઈને પ્રહ્લાદને પણ ભયની લાગણી થઈ આવેલી. ભયને દૂર કરવાની કૃપા કરવા તેમણે ભગવાનને પ્રાર્થના પણ કરેલી. ભક્તોની રુચિ એ પ્રમાણે સુંદર ને મંગલ સ્વરૂપના દર્શન તરફ વધારે રહે એ સમજી શકાય તેવું છે. અર્જુન વીર હતો. વળી ભગવાનની કૃપા પામી ચૂક્યો હતો. એટલે તે ભયભીત થવા છતાં પણ ભગવાનનું સ્વરૂપ જોઈ શકતો હતો. તેને બદલે જો કોઈ બીજો સાધારણ માણસ હોત, તો તેનું હૃદય બંધ પડી જાત એમાં શંકા નહિ. અર્જુનના અંતરમાં વિશ્વરૂપના દર્શનથી એક જાતનો આનંદ તો ઊભરાતો જ હતો, પણ તેને ભય થતો હતો. એ ભયનું કારણ સહેજે સમજી શકાય તેવું છે.

વિશ્વરૂપ દર્શનમાં એક બીજી વિશેષ વસ્તુ એ હતી કે દ્રોણ, કર્ણ ને ભીષ્મ જેવાં કેટલાય યોદ્ધાઓના ભગવાનના મુખના ભયંકર દાંત વચ્ચે ચગદાઈને ચૂરા થઈ જતા હતા એ દૃશ્ય જોઈને અર્જુનને શું કંપારી ના છૂટે ? તેમને મારીને રાજ્ય ભોગવવા કરતાં ભિક્ષા માગીને પેટ ભરવું સારું છે, એમ માનનાર અર્જુન શું એ દૃશ્ય જોઈને જરાપણ ભયભીત ના થાય ? અર્જુનમાં અહંભાવ હતો. ભીષ્મ ને દ્રોણ જેવા વીર યોદ્ધાઓને મારવાથી પાપ લાગશે એવી માન્યતા દૂર કરવા ને તેના અહંકારને કાઢી નાંખવા ભગવાને તેને એ દૃશ્ય બતાવી દીધું. એ દ્વારા ભગવાન અર્જુનને ખાત્રી કરાવી આપવા માગે છે કે ભીષ્મ ને દ્રોણ જેવા યોદ્ધાઓનો નાશ નક્કી છે. પોતાની યોજનાના નક્શામાં તેમનો નાશ થયેલો જ છે. અર્જુને તો માત્ર તે યોજના પ્રમાણે ચાલવાનું છે, ને તેને પૂરી કરવામાં નિમિત્ત થવાનું છે. એ વાતનો ઉડતો ઉલ્લેખ આગળ પર આવી જશે.

**[ ૧૨ ] વિશ્વના રૂપમાં ભગવાનનું દર્શન**

અર્જુનને જેવા વિશ્વરૂપનું દર્શન થયું છે તેવું દર્શન બહુ જ ઓછા માણસોને થઈ શકે. અબજોમાંથી ભાગ્યે જ એકાદ માણસને થઈ શકે. પણ વિશ્વના રૂપમાં ભગવાનનું દર્શન તો ચાહે તે વખતે થઈ શકે. ખાસ કરીને સાધકોએ એવા દર્શન માટે તૈયાર રહેવાનું છે. વિશ્વના રૂપમાં ભગવાનનું દર્શન કરવાની તેમણે ટેવ

પાડવાની છે. વૈદિક ઋષિઓ કહે છે કે આ સંપૂર્ણ સંસાર એકમાત્ર પરમાત્મા સ્વરૂપ છે. પરમાત્મા તેમાં વિવિધ રૂપે પ્રકટ થયા છે. સ્થાવર ને જંગમ જે કાંઈ દેખાય છે તે પરમાત્માનું જ સ્વરૂપ છે, ગીતામાતાએ ગયા અધ્યાયમાં આ જ વાત કહી છે, ને વૈદિક ઋષિઓની સાથે સૂર પુરાવ્યો છે. એ વાતનો અનુભવ કરવા સાધકોએ સદા તૈયાર રહેવું જોઈએ. સાધનાનો સાચો આનંદ એમાં જ રહેલો છે.

જગતમાં જે જે વસ્તુ દેખાય તે બધી પરમાત્માના સ્વરૂપ જેવી છે એમ સમજીને બધે પરમાત્માના પ્રકાશનું દર્શન કરવાનો પ્રયાસ કરો તો તમને અજબ આનંદ આવશે. પશુ, પક્ષી, પ્રાણી, વનસ્પતિ, સાગર–સરિતા ને ઝરણાં સૌમાં ભગવાનની ઝાંખી કરો. પત્થર ને મૂળમાં પણ પ્રભુનું દર્શન કરો. કુદરતની સાથે સાથે માનવમાં પણ પ્રભુના પ્રકાશને જોવાની ટેવ પાડો. આ દુનિયા બહુરૂપી છે. તેમાં વસનારા જીવો પણ જુદા જુદા છે. કોઈ સુખી છે તો કોઈ દુઃખી, કોઈ પુષ્કળ પ્રમાણમાં ધની છે, તો કોઈ નિર્ધન, કોઈ રોગથી રિબાય છે, તો કોઈ નિરોગી છે. કોઈ ચિંતા, કલેશ ને કષ્ટથી મુક્તિ મેળવીને ફરે છે, તો કોઈ દુઃખ, દર્દ ને ચિંતામાંથી ઊંચા જ આવી શકતા નથી. કોઈ હસે છે, તો કોઈ રડે છે, કોઈ આનંદમાં મ્હાલે છે તો કોઈ અસહ્ય શોકમાં સબડી રહ્યા છે. કોઈ નવાં નવાં નામ ને રૂપ લઈને સંસારની યાત્રા કરવા શિશુ થઈને જન્મે છે, ને કોઈ સંસારમાંથી વિદાય લેતા દેખાય લેતા દેખાય છે. કોઈ મિત્રો, સ્નેહી ને સાથીઓથી ઘેરાયેલા છે, તો કોઈ એકલા કે અટૂલા છે. તેમને સ્નેહના બે શબ્દો કહેનારું, સાથ દેનારું કે હૂંફ આપનારું કોઈ જ નથી. કોઈ અન્યાય કરે છે, અત્યાચારી બને છે, ને અધર્મનો આશ્રય લે છે, તો કોઈ અન્યાય, અત્યાચાર ને અર્ધમમાંથી છૂટવા માટે હાહાકાર કરે છે. મોટાં શહેરમાં જઈને જુઓ તો ચોરે ને ચૌટે કેટલાં બધાં માણસો દેખાય છે ? સભા, સરઘસ ને મેળામાં કેટલા લોકો જોવા મળે છે ? સ્ટેશનો ને ગાડીઓમાં પણ કેટલી ઠઠ જામે છે ? આ બધા લોકો ને જુદાં જુદાં દૃશ્યો જોઈને શું ભગવાનનું વિરાટ રૂપ યાદ નથી આવતું ? આ બધું વિરાટરૂપનું દર્શન જ છે. ફક્ત તે દર્શન કરવા તમારે તૈયાર થવાનું છે. તે દર્શન કરવાની લાયકાતરૂપી દિવ્ય દૃષ્ટિ મેળવવાની છે. કારખાનામાં કામ કરનારા મજૂરો ને ખેતરોમાં કામ કરનારા કિસાનોમાં પણ ભગવાનના વિરાટ રૂપનું દર્શન કરો. ભગવાનનું વિરાટ રૂપ આ સંસારના સ્વરૂપમાં તમારી સામે જ ફેલાયલું છે. તમારી ચારે તરફ પથરાયેલું છે. તેને ઓળખતાં શીખો, તો અપાર આનંદ મળી રહેશે. સંસારના પ્રત્યેક પદાર્થને ભગવાનના વિરાટ રૂપનો અંશ કે અવયવ માનીને પ્રેમ ને ભક્તિભાવે વંદન કરો.

આ સંસારને સાધારણ કે જડ સમજતા નહીં. સંસાર તો ભગવાનનું સાકાર સ્વરૂપ છે. તેના અણુમાં દેવત્વ રહેલું છે. તેની પ્રત્યેક વ્યક્તિ કે વસ્તુમાં ભગવાનનું દર્શન કરવાની દૈવી દૃષ્ટિ મેળવી લો તો જીવનમાં આનંદ આનંદ થઈ જશે. પ્રભુની ઝાંખી તમારે માટે પછી સહજ બની જશે. એકલવ્યની વાત તો જાણો છો ને ? દ્રોણાચાર્યે તેને ધનુર્વિદ્યા શીખવવાની ના પાડી તો તેણે શું કર્યું ? જંગલમાં જઈને તેણે ગુરૂ દ્રોણાચાર્યની મૂર્તિ બનાવી, ને તેના સાન્નિધ્યમાં ધનુર્વિદ્યાના પ્રયોગો શીખવા માંડ્યા. તેના હૃદયમાં શ્રદ્ધા ને ભક્તિ હતી. પથ્થરના રૂપમાં દ્રોણાચાર્ય પોતાની સામે હાજર છે એવી શ્રદ્ધા રાખીને તેણે પોતાની જાતની કેળવવા માંડી, તો થોડા જ વખતમાં તે ધનુર્વિદ્યામાં પારંગત થઈ ગયો. પથ્થરમાં ગુરૂનું દર્શન કરવાથી તેને મહાનતા ને સિદ્ધિ મળી ગઈ, તો પછી જે પથ્થરમાં પ્રભુતા જુએ કે પ્રભુનું દર્શન કરે, તે તો મહાન બને જ તેમાં શી નવાઈ ? તેની કાયાપલટ થઈ જાય તેમાં શું આશ્ચર્ય ? સંસારની કોઈયે વસ્તુને ઈશ્વરમય

માનીને તથા તેની સેવા ને પૂજા કરીને તમે વિરાટ સ્વરૂપવાળા ઈશ્વરની પ્રાપ્તિ કરી શકો છો. વૃંદાવનની ગોપીઓ શ્રીકૃષ્ણને ભગવાન જાણી પ્રેમ કરતી ને ભજતી હતી. પરિણામે તેમને શાંતિ ને ઉત્તમ ગતિની પ્રાપ્તિ થઈ. ભગવાન શ્રીકૃષ્ણે તેમની ભાવના જાણી લઈને તેમની આગળ પોતાના દૈવી સ્વરૂપના રહસ્યને ખોલી નાખ્યું. એવી રીતે તમે ભગવાનના કોઈયે સ્વરૂપને પ્રેમ કરો, માનો ને સેવો. જો તમારી ભાવના સાચી હશે, ને શુદ્ધ તથા ભગવાનમય હશે તો તે દ્વારા તમને ભગવાનના રહસ્યની ઝાંખી જરૂર થશે.

સંસારની પ્રત્યેક વસ્તુ પરમાત્મામય છે. કોઈ પણ વસ્તુમાં પરમાત્માની ઝાંખી કરીને તે વસ્તુ સાથે સંબંધ સાધો, એટલે તમારો બેડો પાર થઈ જશે, તમારું જીવન પરમાત્મામય બની જશે, એ જ મારે કહેવાનું છે. વસ્તુ ભલેને નાની કે મોટી, સાધારણ કે અસાધારણ ને પ્રસિદ્ધ કે અપ્રસિદ્ધ હોય, તેમાં તમે પરમાત્માની ઝાંખી કરો છો એટલે તેની કિંમત વધી જાય છે. તમારી ભાવનાની ભવ્યતાને લીધે તે મહત્વની બની રહે છે. સાધારણ લાગતી વસ્તુમાં પરમાત્માનું દર્શન કરતાં શીખો, એટલે લાંબે વખતે સારાય સંસારમાં પરમાત્માનું દર્શન કરી શકશો. અસાધારણ વસ્તુમાં પરમાત્માનું દર્શન કરવાની શરૂઆત કરીને છેવટે બધી વસ્તુમાં તેમનું દર્શન કરવાનું છે. યોગી, જ્ઞાની ને ભક્ત સૌને માટે આવું દર્શન જરૂરી છે. જે વિરાટસ્વરૂપ પ્રભુની પોતાની અંદર છે તે બહાર પણ વ્યાપક થઈને રહેલ છે. તેમનું અંદર ને બહાર બધે જ દર્શન કરવાનું છે. વિરાટ રૂપદર્શનની એ દશાએ પહોંચવાનો આદેશ ભારતના સંતો ને ધર્મગ્રંથોએ વારંવાર આપ્યો છે. ગીતામાતાનો આદેશ પણ એવો જ છે.

**[ ૧૩ ] ભગવાનની ઉપદેશવાણી**

ભગવાનના વિરાટ રૂપને જોઈને અર્જુનની અવસ્થા ઘણી વિચિત્ર થઈ ગઈ. વિકરાળ રૂપને જોઈને તેણે ગદ્‌ગદ્ સ્વરે પ્રાર્થના કરી, ને ભગવાનને કહેવા માંડ્યું કે, 'આવા ભયંકર રૂપને ધારણ કરનાર તમે કોણ છો તે મને કહી બતાવો.' તેના ઉત્તરમાં ભગવાને કહ્યું કે 'હું કાળ છું. કાળસ્વરૂપ છું. લોકોના નાશને માટે તૈયાર થયો છું. હું સંસારનો નાશ કરનાર છું. તને એમ લાગે છે કે યુદ્ધમાં ઊભેલા વીરોનો નાશ તમારા વિના થઈ શકે તેમ નથી પણ એ વાત સાચી નથી. જો તું એમ માનતો હોય તો ખાંડ ખાય છે. તું નહિ હોય તો પણ આ યુદ્ધ તો થવાનું જ છે ને યોદ્ધાઓ પણ મરવાના છે. કેમ કે તે મારી યોજના છે. કુરૂક્ષેત્રના મેદાનમાં ભયંકર યુદ્ધ કરાવવું ને તેમાં લાખો લોકોનો સંહાર કરવો એ મારું નક્કી કરેલું ભાવિ છે. મને તારા પર પ્રેમ છે, તારું કલ્યાણ કરવાની મારા દિલમાં લાગણી છે, માટે મેં તને સંહારનું એ ભાવિ ચિત્ર આ વિરાટ રૂપ દ્વારા બતાવી દીધું છે. આ યાદવાસ્થળી મેં જ ઊભી કરી છે ને આ ઘોર સંહારલીલાની શરૂઆત હું જ કરાવી રહ્યો છું. આ બધી મારી જ બાજી છે. તારે તો તેને જાણીને, મારી ઈચ્છાને સમજી લઈને, હું નચાવું તેમ નાચવાનું છે, ચલાવું તેમ ચાલવાનું છે, ને કરાવું તેમ કરવાનું છે. એ પ્રમાણે મારી લીલાનો સમજપૂર્વકનો અભિનેતા બની જા. પછી તારે પાપ કે પુણ્યની ચિંતા કરવાની જરૂર નહિ રહે. મને ઓળખી લે, ને પાપ તથા પુણ્ય મારા જ ચરણમાં ધરી દે. તારી બધી જ જવાબદારી મેં ઉપાડી છે. પછી તને શાની ચિંતા છે ?

હું પરમાત્મા છું. સૌના પ્રાણ, સ્વામી ને સુહૃદ છું. તારો હિતચિંતક છું. તારું કલ્યાણ કરવાની મારી પ્રતિજ્ઞા છે. મારા ભક્તનો કદી પણ નાશ થતો નથી. એ માટે મેં તને બાંયેધરી આપી છે, છતાં પણ તું ચિંતા

કેમ કરે છે ? કેમ મૂંઝવણમાં પડે છે ને શું કરવું ને શું ના કરવું તેના વિચાર વાયુમાં, કર્તવ્ય ને અકર્તવ્યના વમળમાં શા માટે સપડાય છે ? હું તારું અહિત થાય, પતન થાય, ને છેવટે તારી અપકીર્તિ ને તારો વિનાશ થાય એવું કામ તારી પાસે કદી પણ કરાવું ખરો કે ? તું મારો ભક્ત છે, શરણાગત છે એટલે તારા કરતાં મને તારી વધારે ચિંતા છે. તારું કલ્યાણ કરવાની વાત મારા ધ્યાન બહાર નથી. આકાશ તૂટી પડે, સાગરમાંથી અંગારા વરસવા માંડે, ને પૃથ્વી પર પાણી ફરી વળે, એવી કેટલીક અશક્ય જેવી ઘટનાઓ પણ શક્ય બને, તો પણ મારા ભક્તોની હિતકામના મારા દિલમાંથી દૂર થઈ શકતી નથી, ને મારા ભક્તોને ઉની આંચ આવે તે પણ મને પસંદ પડતું નથી. તો પછી તારું અકલ્યાણ થાય ને તારા પાપકર્મમાં વધારો થાય, એવું તો હું ઈચ્છી જ કેમ શકું ? માટે બધી ચિંતા છોડી દે. મૂંઝવણનો ત્યાગ કરી દે. અશાંતિનો અંત લાવી દે. ખોટા તર્કવિતર્કનો ત્યાગ કરીને હવે ઊભો થઈ જા. હણહણતા ઘોડાની જેમ હણહણાટ કરીને વીર બની મારી આજ્ઞાનો અમલ કરવા તૈયાર થા. મારો આજ્ઞાંકિત ને કૃપાપાત્ર ભક્ત થઈને યશસ્વી બન. શત્રુભાવથી ભરાઈ જઈને લડવા આવેલા આ સામે ઊભેલા યોદ્ધાઓને જીતી લે ને વિશાળ તથા સમૃદ્ધ રાજ્યનો ઉપભોગ કર. એ યોદ્ધાઓનું તેજ તો મેં પહેલેથી જ હરી લીધું છે. તે મારાથી મરાઈ ચૂકેલા જ છે. તારે તો કેવલ નિમિત્ત બનવાનું છે. મારા હાથના હથિયાર થવાનું છે. માટે હે ધનુર્વિદ્યામાં કુશળ અર્જુન ! હે વીર ! ખોટા વિચારનો ત્યાગ કર. દ્રોણ, ભીષ્મ, કર્ણ, જયદ્રથ ને બીજા યોદ્ધાઓનો નાશ કરવામાં તું આનાકાની ના કર, દુઃખી પણ ના બન. તારા બંધુ સાથે તું યુદ્ધમાં જીતી જઈશ એ વાતની હું તને ખાત્રી આપું છું. કહેતો હોય તો તે માટેનો લેખ લખી આપું કે દસ્તાવેજ કરી આપું. માટે વીર બનીને ઊભો થા. મારા હાથનું હથિયાર બન ને લડ.'

**[ ૧૪ ] ભગવાનની વાણીની પ્રેરણા**

ભગવાનની વાણી કેવી જોરદાર ને જવાબદારી ભરી છે ! કુંભકર્ણની જેમ જે ઘોર ઊંઘમાં પડ્યા હોય તે પણ જાગીને બેઠા થઈ જાય, તથા ભલભલા નિર્વીર્ય માણસને પણ પાનો ચઢી જાય ને તે ટટ્ટાર થઈ જાય. મરવા પડેલા માણસો પણ ચોકામાંથી જીવતા થઈને જાગી જાય, એવી તેની શક્તિ છે. જીવનના જંગમાંથી હાથ ધોઈ બેઠેલા ને પાછાં વળેલાં માણસોની તે સંજીવની છે. નિરાશ ને હતાશ થયેલા જીવો તેની શક્તિથી હિંમત ને આશાવાળા બનશે. શોકમાં મગ્ન બનેલા ને દુઃખમાં ડૂબેલા દિલને તે સુખ ને શાંતિ દેનારી તથા આનંદ આપનારી સાબિત થશે. જે અજ્ઞાન ને અંધકારમાં અટવાતાં હશે તેમને પ્રકાશ પૂરો પાડનારી પૂરવાર થશે. તે વાણી અર્જુનને ઉદ્દેશીને કહેવામાં આવી છે, પરંતુ તેમાં માનવમાત્રને માટે સંદેશ રહેલો છે. માણસ પોતે આ જીવન-મરણના જંગમાં પડેલો છે. તેમાં તેણે કામ, ક્રોધ, અહંકાર જેવા અનેક યોદ્ધાઓ સામે લડવાનું છે. તેમની સાથેની લડાઈમાં નિરાશ થયે નહિ પાલવે. ભગવાનને શરણે જઈને ભગવાન પર શ્રદ્ધા રાખીને તેણે લડવાનું છે. બીજું, તેણે કોઈ કારણે અહંકાર કરવાનો નથી. ભગવાનના હાથના હથિયાર થઈને ને નમ્રાતિનમ્ર બની જઈને ભગવાનની પ્રેરણા પ્રમાણે કામ કરવાનું છે. એમ કરવાથી કર્મ કરવા છતાં નિર્લેપ રહેવાની શક્તિ આવે છે. પોતાની જાતને ઈશ્વરનું હથિયાર માનીને કામ કરનાર માણસ ઈશ્વરની પ્રેરણા મુજબ પોતાને ફાળે આવેલું કામ કરે છે, પણ તે સમજે છે કે ઈશ્વર પોતાની પેઠે બીજાં હજારો

હથિયાર ઉપજાવી શકે છે. તેથી અમુક કામ પોતાના વિના નહિ થાય કે પોતે નહિ હોય ત્યારે અમુક માણસોનું ને બ્રહ્માની સૃષ્ટિનું ભલું નહિ થઈ શકે, તેમનું ભલું કરનાર કોઈ બીજા માણસ મળી નહિ શકે એવી ભ્રમણામાં પડતો નથી. ઈશ્વરની શક્તિમાં તેને શ્રદ્ધા છે. તે શક્તિ પોતાની જેમ બીજા બધાનું મંગલ કરવા તૈયાર છે એમ તે સારી પેઠે સમજે છે. સંસારની શરૂઆતથી જ તે સૌની સંભાળ લેતી આવી છે, ને છેવટ સુધી સંસારની સંભાળ લેશે એની તેને ખાત્રી છે.

આવી ખાત્રીપૂર્વક જે જીવે છે તેને જ જીવનનો સાચો આનંદ મળી શકે છે. જીવનમાં સુખદુઃખમાં તે ભાન ભૂલી જતો નથી, ને સંસારના મોહમાં ફસાતો નથી. અભિમાન ને અજ્ઞાનના કેદખાનામાંથી છૂટીને મુક્તિનો આનંદ લૂટી શકે છે. તમે પણ આ વાત સમજી લેજો, ને ઈશ્વરના હાથના હથિયાર બનીને તમારે માટે નક્કી થયેલું કામ કરતા રહેજો. ગીતામાતાએ અત્યંત કરૂણા કરીને જે જીવન સફળતાની કુંચી બતાવી છે એ સારી પેઠે યાદ રાખજો ને આ કામ તો મેં કર્યું, મારા વિના તો આ કામ થઈ શકત નહિ; એ તો હું હતો એટલે બધી બાજી સીધી થઈ, નહિ તો તમારી લાજ જવા બેઠેલી; મારા જેવો બળિયો માણસ તમારી પડખે છે પછી તમારે શો ભય છે, એ તો હું છું એટલે, નહિ તો બધાને ખબર પડી જાય એવા પ્રલાપ કરવાનું બંધ કરજો. ગીતામાતાના જ્ઞાનના આધાર પર તમારા એ લવારા નકામાં છે. તેમની કાંઈ જ કિંમત નથી. તમારા વિના આ સંસારમાં કાંઈ પહાડ તૂટી પડવાનો નથી. બ્રહ્માની સૃષ્ટિ પણ તમારા વિના અટકવાની નથી. તેનો કાર્યક્રમ તમારા વિના પણ ચાલ્યા કર્યો છે, ને ચાલ્યા કરવાનો છે એ નક્કી સમજી લેજો. એ સમજવાનો આનંદ કેટલો ઓર આવે છે એ અનુભવ કરીને જોઈ લેજો.

**[૧૫] અર્જુનની પ્રાર્થના**

ભગવાનના શબ્દોની અસર અર્જુન પર કેવી થઈ ? એ પ્રશ્નનો ઉત્તર મારે ભાગ્યે જ આપવો પડશે. સુંદર સંગીતનો સ્વાદ લઈને સાધારણ માણસ પણ આનંદી બની નાચી ઊઠે, તો પછી જે ખરેખર રસિક છે તેમને તો આનંદ થાય એમાં કહેવાનું હોય જ શું ? રણભેરીના અવાજ ને બારોટની મારફત થતાં વીરપુરૂષોનાં ગુણગાન સાંભળીને ગમે તેવો બાયલો કે કાયર માણસ પણ ઘડીભરને માટે વીર બની જાય, તો અર્જુન તો સ્વભાવથી જ વીર હતો, જન્મે ને કર્મે બહાદુર હતો. તેની નસોમાં લડવૈયાનું લોહી હતું. તે મહાવીર બની જાય, સુસ્તી છોડીને બેઠો થઈ જાય, ને તેની ભ્રમણા ભાંગી જાય, એમાં જરાપણ શંકા ક્યાં છે ? એમાં પૂછવાનું પણ શું છે ? એ વાત તો એક સાધારણ માણસથી પણ સમજી શકાય તેવી છે. તેની ભ્રમણા તો ભાગી જ ગઈ, વધારામાં, ભગવાનના મહિમાનું વધારે પ્રમાણમાં ભાન થવાથી, તેનું વધારે પ્રમાણમાં સમાધાન થયું. તેનું હૃદય વધારે પ્રમાણમાં ભાવવિભોર બની ગયું. તેને વિસ્મય, ભય ને આનંદ ત્રણેનો અનુભવ થઈ રહ્યો હતો તેથી તે કંપવા માંડ્યો ને બે હાથ જોડીને વળી પાછો ભગવાનની આગળ દિલ ઠાલવવા લાગ્યો. તેની આ વખતની લાગણી પણ ઘણી અસરકારક છે. તેના શબ્દો હૃદય–સોંસરા ઉતરી જાય તેવા સીધા, સાદા ને સરલ છે. તેમાં પ્રકટ થતાં ભાવો પણ સહજ છે. એ શબ્દોની મોહિની ને શક્તિ અજબ છે. સૌએ તેમને ગાવા, સમજવા ને યાદ રાખવા જેવા છે. ગીતાના સમગ્ર સંગીતમાં અર્જુનના એ શબ્દમય પ્રાર્થના સંગીતનું મહત્વ ઘણું વધારે છે.

અર્જુન કહે છે કે, 'હે પ્રભુ ! તમારાં ગુણગાન ગાઈને જગતના જુદા જુદા જીવો આનંદ કરે છે કે હરખાય છે, તે યોગ્ય જ છે. તમારા સ્તવનનો પ્રભાવ જ એવો છે. તેનો આશ્રય લેનાર શોકથી મુક્તિ મેળવીને પરમાનંદનું પાન કરે છે. તેનું બધું દુઃખ દૂર થાય છે ને તમારી કૃપાનો સ્વાદ મેળવીને તે કૃતાર્થ થાય છે. રાક્ષસો ને દુષ્ટ માણસો તમારા ભયંકર સ્વરૂપને જોઈને ભય પામે છે. ચારે બાજુ હાહાકાર થઈ રહ્યો છે, ને સિદ્ધપુરૂષો તમને પ્રેમ ને પૂજ્યભાવથી પ્રેરાઈને વંદન કરે છે. તે બધા મહાપુરૂષો તમને નહિ તો બીજા કોને વંદન કરશે ? તમે સૌના સ્વામી છો. સંસારના મૂળ કારણ છો. બ્રહ્માના પણ પિતા છો, અનંત છો, દેવોના પણ દેવ ને અવિનાશી છો, સંસારમાં પણ સર્વત્ર રહેલા છો ને સત્ય તથા અસત્ય લાગતા બધા પદાર્થોથી ઉત્તમ ને પર છો. એવા તમારા વિરાટરૂપને તે બધા શા માટે વંદન ના કરે ? તમારા ચરણમાં તે પોતાની ભક્તિભાવની અંજલી શા માટે ના આપે ? પોતાના પ્રેમની માળા તે તમને શા માટે ના ચઢાવે ? મેઘને જોઈને મોર નાચી ઊઠે છે, તેમ તમને જોઈને તેમનું અંતર શા માટે આનંદથી ના ઉભરાય ? તે તમારી સ્તુતિ કર્યા વિના કેવી રીતે રહી શકે ?

તમે સૌના આદિ છો. પુરાતન છો ને વિશ્વના એકમાત્ર આધારરૂપ છો. સૌને જાણનારા છો, છતાં પ્રેમ, જ્ઞાન ને યોગ જેવાં સાધનથી તમે જણાઈ શકો છો. તમે ઉત્તમોત્તમ ગતિ, સ્થાન ને ધામ રૂપ છો. શાસ્ત્રોએ તમને ચરાચરમાં રહેલા કહ્યા છે તે બરાબર છે. આજે હું એ વાતની સત્યતાનો અનુભવ કરી રહ્યો છું. સંસારના જુદા જુદા પદાર્થોરૂપે તમે જ રહેલા છો. વાયુ, યમ, અગ્નિ, વરૂણ, ચંદ્રમા તથા સૂરજના રૂપમાં તમે જ પ્રકટી રહ્યા છો, ને બ્રહ્મા થઈને સંસારનું સર્જન પણ તમે જ કરો છો. તમારો મહિમા ઘણો ભારે છે. તમારી શક્તિ અપાર છે. તમારા ગુણ અનંત છે. તમારી બરાબરી કરી શકે એવું આ બ્રહ્માંડમાં કોઈ જ નથી. એવા તમને હું નમન કરું છું, ને ફરી ફરી અનેકવાર નમન કરું છું. તમને આગળથી નમું છું ને બધી બાજુથી પ્રેમપૂર્વક નમું છું. તમારું બલ ને પરાક્રમ અનંત છે. તમને હું વારંવાર નમું છું.

**[ ૧૬ ] અપરાધની ક્ષમા માગવી**

આ વખતે અર્જુનને યાદ આવે છે કે શ્રીકૃષ્ણને તે આજ સુધી સખા માનતો હતો. તેણે કૃષ્ણને કોઈ કોઈ વાર તૂંકારા પણ કર્યા હતા, તો કોઈ વાર છેક સાધારણ નામથી બોલાવ્યા હતા. કોઈવાર પ્રેમ કે પ્રમાદને લીધે તેમનો ઉપહાસ પણ કર્યો હતો. એ બધું યાદ આવતાં તેને દુઃખની લાગણી થઈ આવે એ સ્વાભાવિક હતું. કોઈ માણસની મહત્તા ના જાણવાથી કેટલીકવાર આપણાથી તેનો અજ્ઞાનમાં અનાદર થાય છે. તેની સાથે ના લેવા જેવી છૂટ લેવાય છે, ને કેટલીકવાર તેને તકલીફ કે ત્રાસ આપવામાં નિમિત્ત બનાય છે. પછી કોઈ કારણથી અચાનક તેની મહાનતાનું ભાન થતાં ને સાચી વસ્તુ સમજાતાં આપણને પશ્ચાતાપ થાય છે, દુઃખ થાય છે, ને તેની માફી માંગવાનું મન થાય તે વખતે આપણી દશા કેવી કરૂણ થઈ જાય છે ! પત્ર દ્વારા કે પ્રત્યક્ષપણે તેની આગળ હૃદય ખોલતી વખતે ગદ્ગદ્ થઈ જવાય છે. હૈયું ભરાઈ આવે છે, ને આંખો ભીની થાય છે. વરસાદ વખતના આકાશ જેવી દિલની દશા થાય છે. તેના પસ્તાવા કે દુઃખનો ભાર ઓછો થતાં વાદળથી મુક્ત થયેલા આકાશની જેમ તે સ્વચ્છ થાય છે, ને હલકું બને છે.

અર્જુનની દશા પણ એવી જ છે. તે પ્રાર્થનામાં પોતાના દિલને ખોલતાં કહે છે કે "મેં તમને મિત્ર માનીને હે કૃષ્ણ, હે યાદવ, હે સખા એવાં ને બીજા કઠોર વચન કહ્યાં છે, ને રમતી વખતે, બેસતી વખતે, જમતી વખતે, ને સુતી વખતે તમારું અપમાન પણ કર્યું હશે. તમારા મહિમાને ના જાણવાથી, એકાંતમાં કે લોકોની વચ્ચે, પ્રેમ કે પ્રમાદને વશ થઈને મેં તમારો મન, વચન ને કાયાથી અપરાધ પણ કર્યો હશે. તમારું દિલ બહુ ઉદાર છે. તમે પ્રેમ, દયા, ક્ષમા ને મધુરતાના મહાસાગર છો, સંસારના પાલક છો, ભક્તોનો ભય દૂર કરનારા છો. તો મારા બધા અપરાધોને–મારી બધી ભૂલોને તમે માફ કરી દો. હું તમારી પાસે ક્ષમા માગું છું. મને ક્ષમા આપો. તમે સંસારના પિતા છો. સૌના પૂજ્ય ને સૌથી મહાન છો. તમારો પ્રભાવ સૌથી વધારે ને અજર છે. તમારી બરાબરી કરી શકે તેવું આ સંસારમાં બીજું કોઈ નથી. તમારું રૂપ સંસારના રૂપથી અનેકગણું ઉત્તમ છે. તમારું જ્ઞાન ને બલ સમસ્ત સંસારના જ્ઞાન ને બલથી ચડિયાતું છે. તમારા ગુણ પણ અનંત છે. તમારી સરખામણીમાં કોઈ ટકી શકે તેમ નથી. તો પછી તમારાથી અધિક તો કોઈ હોઈ શકે જ કેમ ?"

'હે પ્રભુ ! તમારી સામે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને તમને પ્રસન્ન કરવાનો હું પ્રયાસ કરું છું. મારા પર કૃપા કરીને તમે પ્રસન્ન થાવ. બાળક ગમે તેવો તોફાની હોય, પણ પિતાના દિલમાંનો તેને માટેનો પ્રેમ ઓછો થતો નથી. તેના અપરાધ પિતા ઉદાર દિલે જતા કરે છે. બે મિત્રો પણ એકમેકની ભૂલોને મોટું મન રાખીને ભૂલી જાય છે ને પરસ્પર પ્રેમથી ભેગા મળે છે. તેમની મિત્રતા કોઈયે કારણથી તૂટતી નથી. પુરૂષ પણ પોતાની પ્રિયતમા પત્નીની ભૂલોને યાદ રાખીને બેસી રહેતો નથી. પત્નીના અપરાધ જતા કરીને તેના પર તે પોતાના પ્રેમનો વરસાદ વરસાવે છે. ગુરૂ પણ પોતાના શિષ્યને સદા મીઠી નજરથી જુવે છે. શિષ્યના અપરાધથી તે તેને તજી દેતા નથી, તેનો તિરસ્કાર પણ કરતા નથી. પરંતુ તેને સાચી વસ્તુ સમજાવીને પોતાના પ્રેમનો અધિકારી બનાવે છે. માતાનું પણ એવું જ છે ને ? બાળક તોફાન કરે, સામે થાય, પજવે કે ગમે તેવો નાનો મોટો અપરાધ કરે તો પણ માતા તેને તજી દેતી નથી. તેને છાતીએ લગાડવા તે સદા તૈયાર રહે છે ને તેના હિતની ચિંતા કરે છે. જ્યાં સાચો પ્રેમ છે ત્યાં એવું જ બને છે. તો પછી તમે તો પિતાના પણ પિતા, માતાની પણ માતા, ગુરૂના પણ ગુરૂ, સૌના સખા સ્વજન ને પ્રિયતમ પરમાત્મા છો. જાણ્યે અજાણ્યે મારા જે અપરાધ થયા હોય તેને તમે ક્ષમા કરજો. પ્રેમ કે પ્રમાદથી થયેલી મારી ભૂલને તમે માફ કરજો.'

### [ ૧૭ ] અર્જુનની પ્રાર્થનાનો બોધપાઠ

અર્જુનની પ્રાર્થના કેવી ભાવભરી છે ! તેમાંથી સૌએ બોધપાઠ લેવાનો છે. અર્જુન ભગવાનને પોતાના અપરાધ માફ કરવા માટે વિનંતી કરે છે. તે પ્રમાણે બીજા માણસો પણ કરે છે. અર્જુનના અપરાધ કાંઈ ભારે નથી પણ ભારે અપરાધવાળા કે પાપી માણસો પણ પોતાના અપરાધ કે પાપકર્મોની માફી માટે ભગવાનને પોકારે છે. તેમના પોકાર સાંભળીને ભગવાન તેમના પર દયા કરે છે, ને તેમને પોતાના પ્રેમના અધિકારી કરી દે છે. ભગવાન જો આવું ના કરત, તો અપરાધીને માટે ઉદ્ધારની આશા રહે જ નહિ. તેમના ભાગ્યમાં પતન ને દુઃખની ગર્તામાં સદા માટે સડવાનો લેખ જ લખાઈ જાય. પણ વસ્તુસ્થિતિ તેવી નથી. અપરાધી

પોતાના અપરાધને સમજે, સ્વીકારે ને તે માટે પશ્ચાતાપ કરીને ફરી તેને ના કરવાનો નિર્ણય કરે, એટલે થયું. એટલી મહત્વની શરતોમાંથી તે પસાર થાય, એટલે તેનું ભાગ્ય ઉઘડી જાય, ને તેના પર ભગવાનની દયા થઈ જાય. ભગવાનની દયાનો આ નિયમ છે. એટલે તો આજ સુધીમાં કેટલાય પાપી ને અપરાધી પસ્તાવાના ઝરણામાં સ્નાન કરીને પુણ્યશાળી બની ગયા ને ભગવાનની કૃપા પામી ગયા.

ભગવાનનાં આ નિયમમાંથી આપણે પ્રેરણા લેવાની છે. ભગવાન જ્યારે અપરાધીને ઉદાર દિલે માફ કરવા ને પ્રેમ કરવા તૈયાર રહે છે, ત્યારે આપણે પણ તેમ કરવા શા માટે તૈયાર ના રહિયે ? ભગવાનની કૃપા માગનારાં માણસોની જેમ કેટલાંય માણસો–સંબંધી સ્વજનો ને મિત્રો કોઈ કારણથી મતભેદ કે મનમુટાવ થવાથી આપણાથી અલગ થયા છે. તે આપણી સાથે ફરી મળવા ને પ્રેમ કરવા ઈચ્છે છે તો ઉદાર મનથી આપણે તેમને શા માટે ના સત્કારવાં ? આપણાં કરતાં ભગવાનની શક્તિ વધારે છે પણ ભગવાનની અંદર જે સારું છે. તેને ગ્રહણ કરવામાં આપણને કોઈ હરકત ના હોવી જોઈએ. અપરાધીને વેર કે તિરસ્કારભાવથી જોવાને બદલે પ્રેમભાવે જોવાની જરૂર છે. માટે કોઈને વેરભાવે જુઓ નહીં. કોઈએ કાંઈ ભૂલ કરી હોય, તો તેને કાયમી દુશ્મન માનો નહીં. સૌમાં પ્રભુની ઝાંખી કરી સૌને પ્રેમ ને સહાનુભૂતિથી જોવાની ટેવ પાડો. વેર વેરથી નહિ પણ પ્રેમથી જ શમે છે એ યાદ રાખો. જેમણે ભૂલ કરી છે તો ભૂલને સમજી તમારા પ્રેમની ઈચ્છા કરતાં હોય, તો તેમને ભેટવા ને પ્રેમપાત્ર કરવા સદા તૈયાર રહો. તમે કોઈની ભૂલ કરી હોય, તો તમારે માટે પણ એ જ નિયમ લાગુ પાડો એટલે કે ભૂલને સમજી, સ્વીકારી, ફરી ના કરવાનો નિર્ણય કરો, ને તમારો પ્રેમસંબંધ ફરી ચાલુ કરો. સંસાર એ રીતે જ ચાલી શકશે. તમે અમૃતરૂપ છો તે ભૂલીને વિષમય ના બનશો. ધિક્કાર કે દ્વેષને દિલમાં સ્થાન ના દેશો. કોઈનું ખરાબ ના તાકશો. કોઈના ખરાબમાં રાજી પણ ના થશો. કોઈને સંપત્તિમાન ને સુખી જોઈને દુઃખી ના બનશો, ને નાહક વિપત્તિ પણ ના વ્હોરશો. તન, મન, વચન ને વર્તનમાં સરળ, સ્નેહાળ ને સુધામય બનજો.

માણસો કોઈ કારણથી પરસ્પર લડે છે, ગાળો દે છે, મ્હેણાં મારે છે, ને એકમેકને વેરી માનીને જુદાં પડે છે. વરસો સુધી તે પરસ્પર બોલતાં નથી, મળતાં નથી ને કોઈ જાતનો વ્યવહાર કરતાં નથી. માર્ગે મળે તો પણ તે આડું કે ઊંધું જોઈને ચાલે છે. એવા માણસો મને મળે છે ત્યારે મારે કહેવું પડે છે કે આટલું બધું વેર રાખીને તમારે શું સાપ થવું છે ? આ સંસારમાં સૌએ ખાલી હાથે વિદાય થવાનું છે. સારું ને નરસું, પાપ ને પુણ્ય ને વેર ને પ્રેમ એ જ સાથે આવે છે, ને બીજા જન્મમાં માણસને સુખ કે દુઃખ આપે છે. તો તમારે શું જોઈએ છે, સુખ કે દુઃખ - તે તમે જ પસંદ કરી લો. સંસારની મહાયાત્રામાં આ શરીર તો એક ધર્મશાળા છે. તેમાં રહીને ધર્મ કરી લો. સારું છે તે કમાઈ લો. તેમાં ઉતારો કરીને નકામો કચરો કરશો નહિ. હૃદયને ઉદાર ને પ્રેમાળ રાખો. પિતા ને પુત્રની વચ્ચેના, ગુરૂ ને શિષ્યની વચ્ચેના, મિત્ર મિત્ર સાથેના ને પતિ ને પત્નીના ઝઘડા કેટલી બધી શરમજનક કક્ષાએ પહોંચી જાય છે તે આપણે જાણીએ છીએ. તેનો અંત આવવો જોઈએ. પણ અંત કેવી રીતે આવે ? અગાસીમાં દાટો મારવાથી તેમાં ભરેલું પાણી શું નળ વાટે નીચે પડવા માંડશે ? તે પ્રમાણે દિલમાંથી સંકુચિતતાને કાઢી નાખો. દિલને ઉદાર ને મનને મોકળું કરી દો પછી તેની અંદર ગંદા જળનો જમાવ નહિ થાય. તમારું જીવન નિર્મલ બની જશે. તે તમને ને બીજાને અજબ આનંદ આપશે.

**[ ૧૮ ] ચતુર્ભૂજ રૂપના દર્શન માટે અર્જુનની પ્રાર્થના**

અર્જુનની પ્રાર્થના આગળ ચાલે છે. તે ગદ્‌ગદ્ સ્વરે અપરાધોની માફી માગ્યા પછી આગળ કહેવાનું શરૂ કરે છે કે 'હે પ્રભુ, તમારું આ સ્વરૂપ આ પહેલા મેં કદી પણ જોયું નથી. તેના દર્શનથી આનંદ થાય એ સ્વાભાવિક છે. તમારા આ વિરાટ સ્વરૂપનું દર્શન મળવાથી હું મારી જાતને બડભાગી માનું છું. પણ સાથે સાથે એક બીજી વાત પણ જણાવું છું કે આ ભયંકર રૂપના દર્શનથી મને ભય થયો છે, તેથી મારા મનમાં મૂંઝવણ થઈ રહી છે. મને સંતાપ થાય છે. તેથી હે પ્રભુ, હે દેવોના પણ દેવ ! તમારું આ વિરાટ રૂપ સંકેલી લો, ને મને તમારું દેવરૂપ એટલે દેવતા તરીકેનું દિવ્ય રૂપ બતાવો. હાથમાં ગદા ને ચક્ર તથા માથે મુકુટવાળું દિવ્ય રૂપ જોવાની મારી ઈચ્છા છે. માટે હે વિશ્વરૂપવાળા પ્રભુ ! હે હજારો હાથવાળા પરમેશ્વર ! તમે હવે ચતુર્ભુજ સ્વરૂપને ધારણ કરી લો !"

અર્જુનની આ પ્રાર્થના પર ઝીણવટથી વિચાર કરવાનો છે. વિશ્વરૂપના દર્શનથી ભયભીત થયેલા અર્જુને ભગવાનના દેવરૂપ અથવા ચતુર્ભુજ સ્વરૂપના દર્શનની ઈચ્છા કરી છે. કેટલાક વિદ્વાનો દેવ શબ્દને સંબોધન માને છે પણ અર્જુનની પ્રાર્થનામાં રજૂ થતા ભાવને ધ્યાનમાં લઈને મારી માન્યતા પ્રમાણે દેવ ને રૂપમ્ શબ્દોને એક સાથે વાંચવા જોઈએ. એક વિદ્વાને મારી પાસે દલીલ કરી કે ગીતાની બધી પ્રતોમાં દેવ ને રૂપમ્ એ શબ્દોને અલગ છાપેલા છે પણ તે દલીલ ઝાઝી વજનદાર નથી. છાપકામ કરવાનું કામ તો પ્રેસનું છે. ગીતાની રચના વખતે પ્રેસ ક્યાં હતાં ? હવે આપણે પ્રેસવાળાને સૂચના આપીએ તો બંને શબ્દો સાથે પણ છાપી શકાય એમાં શી મોટી વાત છે ?

અર્જુને ભગવાનના દિવ્ય રૂપને આજ સુધી જોયું નથી, પણ તે વિશે સાંભળ્યું જરૂર છે. એટલે તેને તે રૂપના દર્શનની ઈચ્છા થઈ શકે એવો કોઈ નિયમ નથી. એમ તો તેણે વિરાટ રૂપ પણ પહેલાં ક્યાં જોયું હતું ? ભગવાનના વર્ણન પરથી જ તેને તેનું દર્શન કરાવવાની ઈચ્છા થઈ. આપણે પોતે મુંબઈ ના જોયું હોય–પણ મુંબઈ જોઈને આવેલા માણસ પાસે તેનાં વખાણ સાંભળીએ એટલે તેને જોવાનું મન થાય છે. કોઈ મહાપુરૂષ કે યાત્રાના સ્થાન વિશે પણ એવું જ બને છે. તેની માહિતી મળવાથી તેની મુલાકાત લેવાનું મન થાય છે. ભક્તોને ભગવાનના દર્શનની ઝંખના હોય છે, પણ ભગવાનનું રૂપ તેમણે પહેલેથી જોયું નથી હોતું. ભગવાન વિશે વાંચીને, સાંભળીને કે વિચારીને તેમને તેમના દર્શનની લગની લાગે છે. અર્જુનના સંબંધમાં પણ એમ જ સમજી લેવાનું છે. ભગવાનનું દેવરૂપ તેણે જોયું નથી. તે વિશે તેને કેવલ માહિતી છે. તેથી જ અર્જુને તેના દર્શનની માગણી કરી. અર્જુનનું ભાગ્ય ઉઘડી ગયું હતું. ભગવાનની કૃપા તેના પર પૂરેપૂરી હતી. તેની પ્રત્યેક કામના પૂરી કરવા ભગવાન તૈયાર થઈને ઊભા હતા. પછી તે આવો ઉત્તમ અવસર શા માટે ચૂકે ? ભગવાનની કૃપાનો અવસર ફરીફરી ક્યારે આવવાનો હતો ?

જીવનના મહિમા ઓછો નથી. કુરૂક્ષેત્ર ને તીર્થરાજ પ્રયાગથી પણ તેનો મહિમા અધિક છે. બધી પવિત્ર વસ્તુઓથી તેની પવિત્રતા વધી જાય છે. આ જીવનના જંગમાં તમે મહારથી થઈને આવ્યા છો. અર્જુનની જેમ તમારા પર પણ પોતાની કૃપા વરસાવવા ભગવાન તૈયાર છે. તમારું દિલ તેમની આગળ ખોલી દો. તેમની કૃપાને માટે તલપાપડ ને તરસ્યા બનો. તેમના દૈવી દર્શન માટે કામના ને ઝંખના કરો તો

અર્જુનની જેમ તમે પણ તેમનું દર્શન કરીને કૃતાર્થ થઈ શકશો. આ અવસર હાથ આવ્યો છે, તો રખે તેને ખોઈ બેસતાં.

**[ ૧૯ ] ભગવાનનો ઉત્તર**

અર્જુનની પ્રાર્થના સાંભળીને ભગવાને કહ્યું કે, 'હે અર્જુન ! આવું વિરાટ રૂપ તારા વિના આજ સુધી બીજા કોઈયે જોયું નથી.' ગમે તેવા જ્ઞાનથી, યજ્ઞથી, દાન કરવાથી, ભયંકરમાં ભયંકર તપનો આશ્રય લેવાથી પણ આ રૂપનું દર્શન થવાનું કામ અસંભવ છે. મતલબ કે જ્યાં સુધી માણસને જ્ઞાનાદિનું અભિમાન હોય, ને આ લોક તથા પરલોકના ક્ષુદ્ર વિષયોમાં રુચિ કે આસક્તિ હોય, ત્યાં સુધી તેને ભગવાનનું દર્શન થઈ શકતું નથી. ભગવાનના દર્શનનો રામબાણ ઉપાય તો કેવલ પ્રેમ છે. પ્રેમ વિનાનું જ્ઞાન, દાન ને તપ પાંગળું સાબિત થાય છે. પ્રેમ વિનાનો યજ્ઞ પણ ભગવાનની પાસે પહોંચાડી શકતો નથી. કઠિન સાધના ને તપશ્ચર્યાથી સિદ્ધિ મળી શકે, શાંતિ, શક્તિ ને મુક્તિ પણ મળી શકે, પણ જો ભગવાનના દર્શનની ઈચ્છા હોય, ભગવાનના સ્વરૂપને જોવાની ઝંખના હોય તો હૃદયમાં પ્રેમ કે ભક્તિભાવ જગાવ્યા વિના છૂટકો નથી. પ્રેમ વિના પરમાત્માની પ્રાપ્તિ કોઈ કાળે થઈ શકે તેમ નથી. ભગવાનના અંતઃપુરમાં તો પ્રેમ કે ભક્તિ જ પહોંચાડી શકે છે. માટે સાધકોએ ભગવાનની અનન્ય ભક્તિનો આધાર લેવો.

અનન્ય ભક્તિ એટલે કેવલ ભગવાનમાં ભક્તિ. ભગવાન વિના બીજા કોઈમાં પણ મમતા, પ્રીતિ ને આસક્તિ ના હોવી તેનું નામ અનન્ય ભક્તિ. ચોવીસે કલાક ભગવાનના ચરણમાં વૃત્તિ રહેવી, ભગવાનની સતત સ્મૃતિ રહેવી, ભગવાન વિના સ્વપ્ને પણ કોઈ બીજી વ્યક્તિ કે વસ્તુની માયા ના થવી, ને સંસારમાં સર્વત્ર ભગવાનની ઝાંખી થવી, તેનું નામ અનન્ય ભક્તિ. એવી અનન્ય ભક્તિ કે પ્રીતિ હોય તો ભગવાનનું દર્શન થઈ શકે. હૃદયને પવિત્ર કરવાનો પ્રયાસ કરવાની સાથે સાથે પ્રાર્થનાનો આધાર લેવો તથા ભક્તો ને સંતોનો સમાગમ કરવો. વળી તેમની વાણીરૂપ ગ્રંથોમાં રસ લેવો એ બધાં સાધનોથી અનન્ય ભક્તિ જાગી શકે છે.

અનન્ય ભક્તિ કાંઈ એક–બે દિવસનો ખેલ નથી. તેની પ્રાપ્તિ માટેના પુરૂષાર્થમાં દિવસો, મહિના, વરસો ને જન્મો વહી જાય છે. એકધારી ને લાંબી સાધના વિના તે મળી શકતી નથી. સંતો, ભક્તો ને મહાપુરૂષનાં આશીર્વાદ તેની પ્રાપ્તિમાં બહુ મોટો ભાગ ભજવે છે. કોઈ કારણથી તેની પ્રાપ્તિમાં વિલંબ થાય તો નિરાશ ના થવું. પુરૂષાર્થ છોડી દઈને નાહિંમત બનીને બેસી પણ ના જવું. પ્રયાસ ને પ્રાર્થના સદાયે ચાલુ રાખવા. જે તીર્થયાત્રાએ નીકળ્યો છે, તે સાચી દાનતથી ચાલશે, તો ભલે લાંબે વખતે પણ પોતાના ધારેલા સ્થાને પહોંચી જશે. પણ જે થાકીને કંટાળીને યાત્રાના મારગમાં જ પથારી પાથરીને કાયમને માટે બેસી જાય છે, તેને માટે તીર્થના દર્શનની આશા ક્યાં છે ? માટે તમે ભક્તિના ભલે ઉમેદવાર હો, સાધારણ ભક્ત હો, કે ભક્તિના મહામાર્ગે પાપાપગલી જ કરતા હો, તો પણ નિરાશ ના થાશો. ક્યાં જવાનું છે. શા માટે જવાનું છે, ને કેવી રીતે જવાનું છે, એ યાદ રાખીને તમારા ગજા પ્રમાણે સદા આગળ વધો. તમારી ઈચ્છા સાચી હશે, ને તમે પ્રામાણિક હશો તો ભગવાન તમારા પર કૃપા કરશે, પોતાની અનન્ય ભક્તિનું તમને દાન દેશે, ને છેવટે જીવનને ધન્ય કરનારું દર્શન પણ આપશે.

ભગવાન કહે છે કે, 'અર્જુન, મારા વિરાટ રૂપથી હવે તારે ભયભીત થવાની જરૂર નથી. મારા ભયંકર રૂપના દર્શનથી હવે તારે વધારે વાર મૂંઝવણમાં પડવાની જરૂર નથી. ભયનો ત્યાગ કર; મનને પ્રેમ ને પ્રસન્નતાથી ભરેલું કર. તારી કામનાને ધ્યાનમાં લઈને હું ચતુર્ભુજ રૂપને ધારણ કરું છું. તે રૂપનું તું આનંદપૂર્વક દર્શન કર. મારું આ રૂપ પણ સહેલાઈથી જોઈ શકાય તેવું નથી. તે માટે પણ પ્રેમ ને અનન્ય ભક્તિની જરૂર પડે છે. દેવોને માટે પણ તેનું દર્શન દુર્લભ છે. તે પણ તેના દર્શનને ઝંખે છે.''

એમ કહીને ભગવાને અર્જુનને પોતાનું દેવરૂપ બતાવ્યું. પણ તે રૂપને કાયમને માટે ધારણ કરીને ભગવાન જો ઊભા રહે, તો તેમનું કામ કેવી રીતે ચાલે ? કુરૂક્ષેત્રની ભૂમિ પર હજી તો તેણે ઘણા ખેલ કરવાના છે. આ રૂપ તો તેમણે અર્જુનની કામના પૂર્ણ કરવા માટે જ બતાવ્યું છે. એટલે થોડી વાર પછી તેમણે તે રૂપ પણ સંકેલી લીધું, ને પોતાનું મનુષ્ય તરીકેનું શાંત સ્વરૂપ ધારણ કરીને તે અર્જુનની સામે પહેલાં જેવા હતા તેવા જ થઈને ઊભા રહ્યા.

ભગવાનને પોતાની સામે પહેલાંની જેમ શાંત સ્વરૂપમાં ઊભેલા જોઈને અર્જુનને કેટલો બધો આનંદ થયો હશે ને કેટલી શાંતિનો અનુભવ થયો હશે, તેની કલ્પના તમે પોતે જ કરી લેજો. તેને કેટલી રાહત મળી હશે તે તમે જ સમજી લેજો. ભગવાન તો પોતાના મૂળ સ્વરૂપમાં પાછા ફર્યા પણ અર્જુન શું તેના મૂળ સ્વરૂપમાં હવે પાછો કરી શકે ? તેની દશા પલટાઈ ગઈ. ભગવાનના દૈવી દર્શનથી તેના સ્વરૂપમાં આભજમીનનો ફેર પડી ગયો. આ વસ્તુ સારી પેઠે સમજી શકાય તેવી છે. તાપે તપેલા માણસ નદીમાં નહાઈ લે પછી શું પહેલાંના જેવો જ રહે છે કે ? દરિદ્ર માણસને ધનની પ્રાપ્તિ થાય પછી શું તેની દશામાં ફેર નથી પડતો ? રોગી ને નિરોગી બંનેની દશા શું જુદી જુદી નથી હોતી ? ભગવાનના વિરાટ રૂપના દર્શન પહેલાં અર્જુન એક સાધારણ માણસ હતો. હવે તે ભગવાનની કૃપા પામી ચૂકેલો અસાધારણ મહામાનવ બની ગયો. અજ્ઞાનના જુગ-જૂના રોગમાંથી છુટી ગયો. સંસારના સાધારણ ધનવાન માણસ કરતાં તે વધારે ને જરા જુદી જાતનો ધનવાન બની ગયો. તેનું તપેલું તન, મન ને અંતર છેક શીતલ થઈ ગયું ને નવી પ્રેરણા, નવી આશા, નવો નિશ્ચય ને નવું મનોબલ લઈને તે ભગવાનની સામે ઊભો રહ્યો. એક સાધારણ સાધક ને ઈશ્વરની કૃપા મેળવી ચૂકેલા, ઈશ્વરનો સાક્ષાત્કાર કરી ચૂકેલા સાધકમાં જે ફેર પડી જાય, તે પહેલાંના ને અત્યારના અર્જુનમાં દેખાઈ આવ્યો. બાગ પહેલાં ઉજ્જડ હતો, એટલે મુલાકાતીને ત્યાં આવવાનું મન પણ થતું નહિ, હવે તે ફળદ્રુપ બની ગયો. લીલાછમ ઘાસ ને ફળફૂલથી સુશોભિત થઈ ગયો. એટલે તેમાં મુલાકાતીઓ આવવા માંડ્યા, આનંદ કરવા માંડ્યા ને પંખીઓ મધુર ગીત ગાઈને કિલ્લોલ કરવા લાગ્યા. એક વખતની વેરાન ભૂમિ હવે હરીભરી બની ગઈ તેમાં સૂર્યનાં કિરણોમાં રંગબેરંગી બનતા ફુવારા પણ ઉડવા માંડ્યા. અર્જુનના મનની ઉજ્જડ ભૂમિની પણ એવી જ દશા થઈ. તેનો દેખાવ છેક બદલાઈ ગયો. ભગવાન જેવા કુશળમાં કુશળ માળીની કૃપાનું એ ફળ હતું. એ કૃપાની પ્રાપ્તિ જેને પણ થઈ જાય, તેનું જીવન એ પ્રમાણે બદલાઈ જાય છે.

### [ ૨૦ ] એક બીજો મહત્વનો સંદેશ

અર્જુનને મહત્વનો ઉપદેશ આપીને ભગવાન અધ્યાયના છેલ્લા શ્લોકમાં જીવનની ઉન્નતિ માટે એક બીજી જરૂરી વાત કહે છે. તેમાં આપણે માટે સુંદર સંદેશ સમાયેલો છે. તેને ઝીલીને જીવનમાં પ્રત્યેક કામ ભગવાનનું છે એમ સમજીને ભગવાનને માટે કરીએ; તન, મન ને અંતરથી ભગવાનના થઈ રહીએ અથવા ભગવાનમય થઈએ. ઊઠતાં, બેસતાં, હરતાં, ફરતાં, સૂતાં, જાગતાં આપણે ભગવાનની જ ભક્તિ કરીએ. ભગવાન વિના બીજા કોઈની માયામમતા કે આસક્તિમાં ના પડીએ. સંસારની મોહમાયાથી, સંસારના વિષયોથી અલિપ્ત થઈને પ્રભુનું જ સ્મરણ કરીએ. દરેકને પ્રેમથી બોલાવીએ, દરેક પર આપણો પ્રેમ વરસાવીએ, સૃષ્ટિના નાનામાં નાના જીવમાં પણ પ્રભુ રહેલા છે, જીવમાત્રમાં ભગવાનનો વાસ છે, એમ માનીને સૌને પ્રેમ કરીએ. કોઈની પ્રત્યે વેરભાવ કે દ્વેષ ના રાખીએ ને જીવનમાં કેવલ ભગવાનના થઈ રહીએ. ભગવાનના થવામાં જ ગૌરવ માનીએ.

કેટલાક માણસો સંસારની મોહમાયામાં લપટાયેલા રહે છે, સંસારના વિષયોમાં આસક્ત બનીને પ્રભુને વિસરી જાય છે. દિવસમાં એક પણ વાર પ્રભુને યાદ કરતા નથી તે બરાબર નથી. આપણામાં કહેવત છે કે 'મુખે સાંભરે સોની ને દુઃખે સાંભરે રામ.' એટલે કે માણસ સુખી હોય, પૈસાની રેલમછેલ હોય ત્યારે તેને રંગરાગ કરવાનું, મોજશોખ કરવાનું, દાગીના ઘડાવવાનું સૂઝે છે. પણ પ્રભુનું નામ લેવાની સૂઝ પડતી નથી. પણ જ્યારે દુઃખ પડે છે ત્યારે તે પ્રભુને યાદ કરે છે, તે શું બરાબર છે ? ગીતામાતાના આ સંદેશનો સાર એ છે કે જીવનમાં સુખી ને સફળ થવા માટે આપણે ભગવાન સાથે સંબંધ બાંધી દેવો જોઈએ. એ સંબંધ કાંઈ નવેસરથી બાંધવાનો નથી. એ તો અનાદિકાળથી બંધાયેલો છે. આપણે તેને તાજો કરવાનો છે. ભૂલાયેલો સંબંધ ફરીથી યાદ કરવાનો છે. જીવનમાં આ જ કામ મહત્વનું છે. તે થઈ જશે એટલે ભગવાનના વિરાટ રૂપ જેવા જગતની સાથે પણ આપણો સંબંધ બંધાઈ જશે. માનવ જાતિ તેમજ પશુપક્ષી ને વનસ્પતિ જેવા જગતના બધા સભ્યો આ સંદેશ ઝીલે ને જીવનમાં ઉતારે એવું આપણે ઈચ્છીશું. માનવની સાથે આપણે સારાયે સંસારનું મંગલ ઈચ્છીશું. પ્રભુ સૌને સદ્‌બુદ્ધી આપે ને જીવનને ઉજ્જવલ કરવાની પ્રેરણા કરે એવું ચાહીશું. ગીતામાતાનો આ ઉપદેશ જીવનની સફળતાની ચાવી છે. જો દરેક વ્યક્તિ આ ઉપદેશનો અમલ કરશે તો જીવનમાં જરૂર સફળ થશે તેમાં જરા પણ શંકાને સ્થાન નથી. પણ કવિની સુંદર ને ભાવભરી કવિતાને યાદ કરતાં આપણે પણ સારાય સંસારના મંગલને માટે પ્રાર્થના કરતાં ગાઈ ઊઠીશું કેઃ-

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ, સૌનું કરો કલ્યાણ.
નરનારી પશુ પંખીની સાથે, જીવજંતુનું તમામ.
દયાળુ પ્રભુ, સૌનું કરો કલ્યાણ.

☼ ☼ ☼

# અધ્યાય બારમો : ભક્તિયોગ

૧) કાકભુશુંડજી ને લોમેશ મુનિની વાત
૨) સાકાર ઉપાસનાનો વિરોધ નકામો છે
૩) ભક્તોને સાકાર માર્ગ વધારે ગમે છે
૪) ઈશ્વરનું સાક્ષાત દર્શન થઈ શકે છે
૫) મૂર્તિપૂજા વિશે
૬) વિવેકાનંદની વાત
૭) અર્જુનની પ્રશ્ન ને ભગવાનનો ઉત્તર
૮) સાકાર માર્ગ પણ સહેલો નથી
૯) ભક્તો ભગવાનમય થઈ જાય છે
૧૦) સાધકની જરૂર
૧૧) સમબુદ્ધિનો બીજો અર્થ
૧૨) મનને ઈન્દ્રિયોના સંયમની જરૂર
૧૩) પોતાનો સુધાર પોતાના હાથમાં
૧૪) ભક્તિ શૂરવીરની છે
૧૫) ભગવાન ભક્તોને રક્ષે છે ને તારે છે
૧૬) ભક્તોનાં બધાં દુઃખ ભગવાન દૂર કરે છે
૧૭) ભક્તોનાં લક્ષણ
૧૮) હરિદાસની વાત
૧૯) ભક્તોનાં બીજા લક્ષણો

**[૧] કાકભુશુંડજી ને લોમેશ મુનિની વાત**

ભગવાન રામચંદ્રની જીવનલીલાનું વર્ણન કરતા મહાન ગ્રંથ તુલસીરામાયણના ઉત્તરકાંડમાં એક સુંદર પ્રસંગ આવે છે. મેરૂ પર્વત પર એક વડનું વિશાળ વૃક્ષ છે. તેની છાયામાં લોમશ મુનિ બેઠા છે. તેમની પાસે જઈને કાકભુશુંડજી નમસ્કાર કરે છે. મુનિ બહુ કૃપાળુ છે. કાકભુશુંડજીના પ્રેમ ને નમ્રતાથી ભરેલાં વચન સાંભળીને તે તેમના આવવાનું કારણ પૂછે છે. કાકભુશુંડજી ઉત્તર આપે છે કે 'મુનિરાજ ! તમે કૃપાના ભંડાર છો. વળી વિદ્વાન ને સર્વજ્ઞ છો. મારા મનની વાત તમારાથી છૂપી નથી છતાં તમે પૂછો છો તો હું કહું છું કે મને સગુણ બ્રહ્મની આરાધનાનો ઉપદેશ આપો. ઈશ્વરના સાકાર સ્વરૂપની ઉપાસના કેમ કરવી તેની સમજ પાડવાની કૃપા કરો.'

કાકભુશુંડજીનાં વચન સાંભળીને લોમશ ઋષિએ ભગવાન રામનાં ગુણગાન ગાવાનું શરૂ કર્યું. રામના ગુણગાન તેમણે ખૂબ પ્રેમથી ગાવા માંડ્યાં, પરંતુ રામનાં ગુણગાન ગાઈને તે અટક્યા નહિ. તે વધારે બ્રહ્મજ્ઞાની હતા એટલે બ્રહ્મનો ઉપદેશ આપવા માંડ્યા. ઈશ્વરના નિરાકાર સ્વરૂપની વાતો કરવાનું તેમણે શરૂ કર્યું. ઈશ્વર અજન્મા છે, અદ્વૈત છે, નિર્ગુણ છે, નામરૂપથી રહિત છે. કેવલ અનુભવથી જાણી શકાય છે. મન ને ઈંદ્રિયોથી અતીત છે, ને હૃદયમાં રહેનારા છે એ પ્રમાણે વર્ણન કરવાનું તેમણે શરૂ કર્યું. તેમણે કહેવા માંડ્યું કે 'સાગરનું પાણી ને સાગરનાં તરંગો જુદાં નથી, તેમ તે ઈશ્વરમાં ને તારામાં કાંઈ જ ભેદ નથી. તું ઈશ્વરસ્વરૂપ જ છે. વાત જ્યારે આમ છે ત્યારે તેની પ્રાપ્તિ માટે ઉપાસના કરવાની રહે છે જ ક્યાં ? બસ. બીજા બધા વિચારોનો ત્યાગ કરી દઈને તું બ્રહ્મ છે એમ સમજી લે, ને પછી તે સમજને દ્રઢ કર. એટલું કરી લે, તો બીજું કાંઈ પણ કરવાનું બાકી નહિ રહે ''

આ પ્રમાણે હિમાલયના એ શાંત, શીતલ ને પાવન પ્રદેશમાં લોમશ મુનિએ અનેક જાતનો ઉપદેશ આપ્યો પણ તેથી કાકભુશુંડજીના મનને શાંતિ મળી નહિ મુનિના ચરણમાં મસ્તક મુકીને કાકભુશુંડજીએ ઈશ્વરના સાકાર સ્વરૂપની ઉપાસનાનું વર્ણન કરવા વારંવાર વિનંતી કરી. તેમણે કહ્યું કે, 'હે જ્ઞાનની મૂર્તિ જેવા મુનિવર ! તમારો ઉપદેશ સારો છે, પરંતુ મને તેથી શાંતિ મળતી નથી. મને તો ભગવાન રામનાં ગુણગાન સાંભળવાની ઈચ્છા છે. રામની ભક્તિ મને વધારે ગમે છે. રામનાં ચરણોમાં ભ્રમર થઈને રહેવાની મારી ઈચ્છા છે. રામચંદ્રજીને આંખ ભરી ભરીને જોઈ શકું, તેમનું દેવદુર્લભ દર્શન કરી શકું, એ જ મારી કામના છે. એકવાર તો આંખ ભરીને ભગવાન શ્રીરામને જોઈ લઉં ને જીવનને કૃતાર્થ કરૂં, તે પછી ભગવાનના નિરાકાર સ્વરૂપનો ઉપદેશ સાંભળીશ. હાલ તો મને સાકાર સ્વરૂપનો જ ઉપદેશ સંભળાવો.'

કાકભુશુંડજીના વચન સાંભળીને લોમશ મુનિએ ભગવાનની કથા શરૂ કરી પરંતુ તેમણે સાકાર કે સગુણ મતનું ખંડન કરવા માંડ્યું, ને નિરાકાર ને નિર્ગુણ મતની ઉત્તમતા બતાવવા માંડી. તે જોઈને કાકભુશુંડજીએ પણ નિરાકાર મતનું ખંડન કરવાનું ને સાકાર મતની શ્રેષ્ઠતા બતાવવાનું ચાલુ રાખ્યુ. તેમાં કેટલીય ચર્ચા થઈ, સવાલ જવાબ થયા, ને વાતાવરણ તંગ બન્યું. ચંદન આમ તો શીતલ કહેવાય છે. પણ તેનું સખત ઘર્ષણ કરવામાં આવે તો સંત તુલસીદાસ કહે છે કે તેમાંથી પણ અગ્નિ પ્રકટે છે. તે પ્રમાણે મુનિનો સ્વભાવ અત્યંત શીતલ હતો. હિમાલય જેવો ઠંડો હતો, છતાં વાદવિવાદ વધી જતા તેમના શરીરમાં પણ ક્રોધનાં ચિહ્નો પ્રગટ થયાં. મુનિ મહાન જ્ઞાની હતા, પરંતુ વારંવાર તિરસ્કાર ને અપમાન કરવા છતાં

ક્રોધ ના થાય એવા જ્ઞાની તો કોક જ હોય. મુનિ પણ ક્રોધમાં આવી ગયા. ક્રોધવશ થઈને જ્ઞાનનું વર્ણન કરવા માંડ્યા, ત્યારે કાકભુશુંડજીને વિચાર થવા માંડ્યાં કે જે બધે પરમાત્માનું દર્શન કરે છે, ને પરમાત્મા વિના ચરાચરમાં કોઈ બીજાને જોતો નથી, તેને ક્રોધ થાય ખરો ? તે કોના પર ક્રોધ કરે ? દ્વૈતભાવની જાગૃતિ વિના ક્રોધ કેવી રીતે થઈ શકે ? ને દ્વૈતભાવ શું અજ્ઞાન વિના થાય ખરો ? અજ્ઞાનને લીધે જે માણસ પોતાની ને જગતની અંદર પરમાત્માનું દર્શન કરતો નથી, ને ભેદભાવ જુએ છે. એવો માણસ પોતાને પરમાત્મામય કહેવા માંડે તો તેનું કથન કોણ સાંભળે ?

આ પ્રમાણે કાકભુશુંડજીના મનમાં તર્કવિતર્ક ઊઠવા માંડ્યા. લોમશ મુનિ નિરાકાર બ્રહ્મનો ઉપદેશ આપતા હતા, પણ તેની કાંઈ અસર થતી નહિ. કાકભુશુંડજી વારંવાર સાકાર ઉપાસનાનું જ પ્રતિપાદન કર્યા કરતા હતા. પરિણામે મુનિને અત્યંત ક્રોધ થયો ને તેમણે શાપ આપ્યો કે ‘હે મૂઢ, હું તને ઉત્તમ જ્ઞાનનો ઉપદેશ આપું છું, છતાં તું તે સમજતો નથી, ને મારી સામે ઉત્તર આપ્યા કરે છે માટે જા, અત્યારે ને અત્યારે જ કાગડો બની જા.’ પરિણામે કાકભુશુંડજી–અત્યાર સુધી બ્રાહ્મણ હતા. પણ હવે મુનિના શાપથી–કાગડો બની ગયા.

**[ ૨ ] સાકાર ઉપાસનાનો વિરોધ નકામો છે**

આગળ જતાં આ પ્રસંગ ઘણો રસિક બની જાય છે. તેની વિગતમાં ઉતરવાની આપણે જરૂર નથી. આપણે તો આ પ્રસંગમાંથી તારવવાની મહત્વની વાત એ છે કે આ સંસારમાં સાધનાના સાકાર ને નિરાકાર બે માર્ગ છે, ને તે બંને માર્ગની રુચિવાળા માણસો બધે મળે છે. તમે ધારશો તો પણ તે માર્ગ દૂર નહિ થઈ શકે. બંને માર્ગો માણસની પ્રકૃતિ પ્રમાણે નક્કી થાય છે ને જ્યાં સુધી માનવ ને માનવની પ્રકૃતિ રહેશે ત્યાં સુધી તે માર્ગો પણ સંસારમાં કાયમ રહેશે. કેટલાક વિદ્વાનો ને સંપ્રદાયોએ સાકાર ઉપાસનાનો વિરોધ કર્યો છે, ને પોતાના અનુયાયીઓને નિરાકારવાદી બનાવવાનો પ્રયાસ કર્યો છે. પણ તે પ્રયાસ હજી સુધી સફળ થયો નથી. માણસના સ્વભાવમાં રહેલી સાકાર ઉપાસનાની રુચિ હજી મટી નથી ને ભવિષ્યમાં કોઈ કાળે મટે એમ લાગતું પણ નથી. જે સંપ્રદાયના આચાર્યોએ ઈશ્વરના સાકાર સ્વરૂપનો ને તેની ઉપાસનાનો વિરોધ કર્યો છે, તે સંપ્રદાયના અનુયાયીઓએ ઈશ્વરની ઉપાસના બંધ તો કરી છે પણ ઈશ્વરને સ્થાને પોતાના આચાર્યો ને પૂજ્ય મહાપુરૂષોને બેસાડ્યા છે, ને તેમની ઉપાસના ચાલુ કરી છે. આમ સાકાર ઉપાસનાનો ક્રમ તો ચાલુ જ રહ્યો છે. ભલે તેના સ્વરૂપમાં ફેર પડ્યો હોય.

સાકાર ઉપાસનાની ભાવના માણસના મનમાં જડ ઘાલીને બેઠી છે. તે ભાવના સહજ ને સ્વભાવિક છે. તેનો વિરોધ કરવાની જરૂર પણ શી છે ? જે વસ્તુ માણસને વારસામાં મળી છે, અથવા સ્વાભાવિક છે તેનો સ્વાભાવિક રીતે વિકાસ થવા દેવો એ જ બરાબર છે. આપણે ધ્યાનમાં રાખવાની વાત એ જ કે માણસ જે પદ્ધતિને અપનાવે છે, તે તેને માનવતાથી રહિત કરનારી કે અનીતિમાન બનાવનારી તો નથી ને ? તે તેનું પતન કે અમંગલ તો નથી કરતી ને ? માણસ જે માર્ગને પસંદ કરે તે માર્ગ જો તેની ઉન્નતિ કરનારો જ હોય, તો તેનો વિરોધ આપણે શા માટે કરવો જોઈએ ? લોમશ મુનિની પેઠે જક્કી બનીને બધા માણસો આપણા જ પસંદ કરેલા માર્ગને પસંદ કરે એવું આપણે શા માટે માનવું જોઈએ ? સાધનાના માર્ગમાં એવી

સંકુચિતતા ને કટ્ટરતા નકામી છે. માણસનું પોતાનું ને બીજાનું કલ્યાણ કરવામાં તે ઉપયોગી થઈ શકતી નથી.

સાકાર ને નિરાકાર બંને માર્ગો સાચા છે, સારા છે, ને વિકાસને માટે કામના છે. એ બંનેનો સ્વીકાર કરવા આપણે તૈયાર રહીશું માટે જે માર્ગે જવું હોય તે માર્ગે જવાની આપણે છૂટ આપીશું. એ બાબત આપણે કોઈ પ્રકારની બળજબરી કરવાની ઈચ્છા રાખતા નથી. જેને પોતાની અંદર રહેલા પરમાત્માનું દર્શન કરવું હોય, ને તે પરમાત્માની ઝાંખી આખા જગતમાં કરવી હોય, તે ભલે તેમ કરે. કેટલાક માણસોની મનોવૃત્તિ જ એવી છે. નિરાકાર પરમાત્માના મનન ને ધ્યાનમાં તેમને આનંદ આવે છે. ઈશ્વરનું નિર્ગુણ સ્વરૂપ તેમને વધારે ગમે છે. સગુણ સ્વરૂપમાં તેમનું મન જ નથી લાગતું. તેમને તમે ઈશ્વરના સાકાર સ્વરૂપનું ધ્યાન કરવાનું કહો તો તેમને તે ફાવશે નહિ ને ધ્યાનની કલ્પના જ તેમને નહિ ગમે. તેમાં તેમને ખાસ રસ નહિ લાગે. જ્ઞાની ને યોગીના સંબંધમાં સામાન્ય રીતે એવું બને છે.

**[ 3 ] ભક્તોને સાકાર માર્ગ વધારે ગમે છે**

પણ બધાનો સ્વભાવ કાંઈ સરખો હોય છે ? જે ભક્તો છે તેમની વાત જુદી છે. માછલી જેમ પાણી વિના રહી શકતી જ નથી, તેમ તેમને ઈશ્વરના સાકાર સ્વરૂપ વિના ગમતું જ નથી. ભક્તોને સાકાર ઉપાસના વધારે ગમે છે જ્ઞાનીઓ તેમને નિરાકાર ઉપાસના માટે આમંત્રણ આપે, તો તે કહેશે કે તમારો માર્ગ તમને મુબારક હો ! તમારો માર્ગ સારો છે તેની ના નહિ પણ અમારે તો અમારો માર્ગ જ સારો છે. પરમાત્મા જડચેતનમાં બધે વ્યાપેલા છે, એમ માનવાથી અમારું દુઃખ દૂર નથી થતું. અમને તો પરમાત્માને ઉઘાડી આંખે જોવાની ઈચ્છા છે. ઈશ્વરની સાથે અમારે વાતો કરવી છે. પરમાત્માનો પ્રેમાળ સ્પર્શ પામીને કૃતાર્થ થવું છે. તે વિના અમને શાંતિ નહિ મળે. રસોડામાં બેસીને રસોઈના ગુણાનુવાદ ગાવાથી શું કોઈની ભૂખ ભાગે છે ? નદી કિનારે બેસીને આંખો મીચીને ધ્યાન ધરવાથી શું તરસ મટે છે ? ઈશ્વરનું સાક્ષાત્ દર્શન કરીએ નહીં ત્યાં સુધી અમારી ભૂખ પણ કેવી રીતે ભાગે ને પરમશાંતિની તીખી તરસ પણ કેવી રીતે મટે ? જડ ને ચેતનમાં બધે ભગવાનનો વાસ છે એ સાચું છે. પણ તે ભગવાનના પ્રત્યક્ષ દર્શન વિના અમને ચેન પડે તેમ નથી. નિરાકારનું વળી ધ્યાન શું ? તે ધ્યાનમાં વળી આનંદ શો ? છતાં તમને તે પસંદ હોય, ને તેમાં તમને આનંદ લાગતો હોય, તો તે આનંદ તમે ભલે લૂંટ્યા કરો. અમને તેમાં કાંઈ જ હરકત નથી. પણ અમારો આનંદ તો જુદો જ છે. વ્યાપક ઈશ્વરની સાથે વાતો કરીને અમારે કૃતાર્થ થવું છે. જડ ને ચેતનમાં રહેલા ઈશ્વરને અમારે અમારી નજર સામે જોઈ લેવો છે.

ઉદ્ધવજી જ્યારે ગોપીઓને જ્ઞાનનો ઉપદેશ આપવા ગયા, ત્યારે ગોપીઓએ તેમને આવો જ માર્મિક ઉત્તર આપ્યો હતો ને ? તેમના શબ્દોને ભક્તકવિ સુરદાસે પોતાના કાવ્યોમાં ખૂબ સુંદર ને આબેહુબ રીતે રજૂ કર્યા છે. ગુજરાતી ભાષાના ભક્ત કવિ દયારામે પણ ભક્તોની ભાવનાને રજૂ કરતું એક સુંદર પદ લખ્યું છે. તે કહે છે કે ભગવાન જ્યાં સુધી સાક્ષાત્ રીતે મળે નહિ ત્યાં સુધી મનને સુખ ના મળે.

પ્રગટ મળ્યે સુખ થાય, ગિરિધર પ્રગટ મળ્યે સુખ થાય ...

મીરાં, નરસી, શબરી ને તુકારામ જેવા સમર્થ ભક્તોની ભાવના આવી જ હતી. તેમના હૃદયમાં ભગવાનના સાકાર સ્વરૂપનો અનુરાગ હતો. હરિના દર્શન માટે તેમની આંખ તરસતી હતી. હરિને માટે તેમના અંતરમાં આતુરતા હતી. તેમનો જીવ પ્રભુને જોવા ને તેમની સાથે વાતો કરવા માટે અકળાતો હતો. તેમને સંસારનો કોઈયે પદાર્થ પ્યારો લાગતો ન હતો. સંસારના સુખ તેમને લુખા લાગતા હતાં. તેમનું પરમસુખ કેવલ પ્રભુમાં સમાઈ ગયું હતું, ને તે પ્રભુનું દર્શન કરવા આકુળવ્યાકુળ થઈને ફરતા હતા. કેટલાક એમ માને છે કે ભગવાનના સાકાર સ્વરૂપની ઉપાસના કરનારા ભક્તો જ્ઞાનની દૃષ્ટિએ પછાત હતા, પણ તેમની માન્યતા ખોટી છે. વ્યાસ, શુકદેવ, વાલ્મિકી, તુલસી, સુર, ચૈતન્ય મહાપ્રભુ ને વલ્લભાચાર્ય જેવા ભક્તો મહાન વિદ્વાનો હતા, એ વાતમાં કોને શંકા છે ? વ્યાસ ને શુકદેવ જેવા કેટલાક મહાપુરૂષો તો જ્ઞાનની ઊંચામાં ઊંચી કક્ષાએ પહોંચ્યા પછી પણ ભક્ત બનીને ભક્તિભાવમાં મગ્ન બની જીવતા હતા. ચૈતન્ય મહાપ્રભુ સમર્થ વિદ્વાન હતા, પરંતુ વિદ્વતાથી તેમનું સમાધાન ના થયું, ને તેમને શ્રીકૃષ્ણના દર્શનની લગની લાગી એટલે તેમણે સંન્યાસ લીધો, ને કૃષ્ણપ્રેમમાં મગ્ન બનીને જીવવાનું શરૂ કર્યું. ભક્તો અજ્ઞાની હોય છે, કે જ્ઞાનની દૃષ્ટિએ પછાત હોય છે, એ માન્યતા ખોટી છે. તેમણે ભલે પુસ્તકો ના વાંચ્યાં હોય, કેળવણી ના લીધી હોય, ને વાદવિવાદ કરવામાં પણ તે ભલે પાવરધા ના હોય, તેથી તેમનામાં જ્ઞાન નથી એમ માની લેવાનું સાહસ કરવાની જરૂર નથી. આ સંસારમાં એક ઈશ્વર જ મેળવવા જેવા છે. એ ઉત્તમ જ્ઞાન તેમને મળ્યું હોય છે ને ઈશ્વરની કૃપાથી તેમના દિલમાં જ્ઞાનનો કે વિવેકનો દીવો પ્રકટી ચુક્યો હોય છે. જ્ઞાનના પૂર્ણ સ્વરૂપ એવા પ્રભુને મેળવવાની લગની તેમના દિલમાં લાગી ગઈ હોય છે. પ્રભુને માટે તે ઝંખે છે, ને બેચેન બનીને ફરે છે. પ્રભુ જ્યારે પ્રકટ થઈને તેમની સામે ઊભા રહે, ત્યારે જ તેમને શાંતિ મળે છે. ભક્તિમાર્ગમાં રસ લેનાર એ મહાપુરૂષોને આપણે સન્માનની દૃષ્ટિથી જોવાના છે ને સહાનુભૂતિથી સમજવાના છે.

**[ ૪ ] ઈશ્વરનું સાક્ષાત દર્શન થઈ શકે છે.**

ઈશ્વરનું સાક્ષાત દર્શન થઈ શકે ખરૂં ? જરૂર થઈ શકે. એ બાબતમાં કોઈ પણ પ્રકારની શંકા કરવાની જરૂર નથી. આજ સુધી હજારો સાધકોને ઈશ્વરનું સાક્ષાત્ દર્શન થયું છે, ને હજી બીજા હજારોને થશે, એ વાતમાં કોઈ સંદેહ લાવવાનું કારણ નથી. ઈશ્વર છે, માટે તો તે ભક્તોની ભાવના પૂરી કરવા તેમની સામે પ્રકટ થઈ શકે છે. જો તે હોત જ નહિ તો ભક્તો મહેનત કરીને માથું પછાડીને મરી જાત, તો પણ તેમને મળી શકત જ કેવી રીતે ? જે વસ્તુ સંસારમાં હયાત જ નથી, તે વસ્તુ માણસને સાક્ષાત્ કેવી રીતે મળે ? માણસ ગમે તેટલી કલ્પના કરે કે ધ્યાન ધરે, પણ તે તેની સામે પ્રત્યક્ષપણે પ્રકટ થઈ શકે નહિ. કેટલાક માણસોનું કહેવું એવું છે કે ઈશ્વર તો માણસની અંદર છે. સંસારના પ્રત્યેક પદાર્થમાં રહેલા છે. તેમનું દર્શન માણસને પોતાની બહાર કેવી રીતે થઈ શકે ? તેમનું કથન ખાસ ધ્યાનમાં લેવા જેવું નથી. તે પાંગળું છે. ઈશ્વર માણસની અંદર વિરાજેલા છે એ સાચું છે, પરંતુ સંસારમાં બીજે બધે પણ તે જ રહેલા છે. માણસની બહાર પણ તે વ્યાપીને રહેલા છે. એટલે તો તેમનું દર્શન પોતાની અંદર ને બહાર બધે જ થઈ શકે છે.

મહાપુરૂષો જે માર્ગનો ઉપદેશ કરી ગયા છે તે માર્ગે ચાલવાથી સૌ કોઈને તેમના સાક્ષાત્ દર્શનનો આનંદ મળી શકે છે. તે માર્ગ કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના સૌ કોઈને માટે ઉઘાડો છે.

**[ ૫ ] મૂર્તિપૂજા વિશે**

સાકાર ભક્તિમાં માનનારા કેટલાક લોકો મૂર્તિપૂજાનો આધાર લે છે. તેમને મૂર્તિપૂજામાં ખૂબ આનંદ આવે છે. કેટલાક માણસોને એ ગમતું નથી. તે કહે છે કે મૂર્તિની વળી પૂજા શી ? મૂર્તિ તો જડ વસ્તુ છે. તેની પૂજા કરીને ચેતન સ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે ? મૂર્તિ પૂજામાં રસ લેનારા માણસો તેમની શંકાના સમાધાનરૂપે જવાબ આપે છે કે મૂર્તિની પૂજા શા માટે ના હોઈ શકે ? મૂર્તિને જડ શા માટે માનો છો ? તે તો ચેતનમયી છે. જગતના પ્રત્યેક પદાર્થમાં પરમાત્માનો વાસ છે, તો પછી મૂર્તિમાં પણ તેનો નિવાસ શા માટે ના હોય ? પરમાત્મા વિના કોઈપણ જગ્યા ખાલી નથી. વિશ્વનું પ્રત્યેક પરમાણું તેમનાથી ભરેલું છે તો પછી મૂર્તિ તેમના વિના ખાલી કેવી રીતે હોઈ શકે ? આજ સુધીમાં મૂર્તિ પૂજા કરીને કેટલાય લોકોએ પરમાત્માની પ્રાપ્તિ પણ કરી છે. જો મૂર્તિ પૂજા નકામી હોત, તો તે દ્વારા તેમની ઉન્નતિ કેવી રીતે થઈ શકત, ને તેમને લાભ પણ કેવી રીતે મળત ? વળી તમે જ કહો છો કે ઈશ્વર સર્વ શક્તિમાન છે, તે ધારે તે કરી શકે છે એમ પણ તમે માનો છો. તો પછી તેવા ઈશ્વરને માટે મૂર્તિમાં વાસ કરવાનું ને મૂર્તિમાંથી પ્રકટ થઈને ભક્તોને દર્શન આપવાનું શું અશક્ય છે ખરૂં કે ? જો એમ કહેશો કે તે અશક્ય છે, તો...તો તેનો અર્થ એવો થશે. કે તમે સર્વસમર્થ ઈશ્વરની શક્તિ પર કાપ મૂકવા માગો છો. ઈશ્વરને સર્વસમર્થ કહેવા ને માનવા છતાં તમે તેના સર્વસમર્થપણાનો પૂરેપૂરો સ્વીકાર કરતા નથી. આવું વલણ શું બરાબર છે ? માટે જે કામ ઈશ્વરનું છે તેનો નિર્ણય તમારી સાધારણ બુદ્ધિથી કરવાનું સાહસ કદી ના કરો. ઈશ્વર ક્યાં છે ને ક્યાં નથી, ને તેમનું દર્શન અમુક પ્રકારની પૂજા પદ્ધતિથી થઈ શકે કે નહિ, એવા ફોગટ વિવાદમાં કદી પણ ના પડો. એમ જ માનો કે ઈશ્વર બધે છે, ને બધામાં છે. તે કોઈ પણ પદ્ધતિથી દર્શન દઈ શકે છે. ફક્ત તેમના દર્શન માટેની લગની તમારા દિલમાં લાગી જવી જોઈએ, ને તમારી અંદર પ્રેમ કે ભક્તિની પતિતપાવની ગંગા પ્રકટી ઊઠવી જોઈએ.

મૂર્તિપૂજાનો વિરોધ કરનારા માણસોમાં કેટલાક વિદ્વાન કે પંડિત પણ છે ને મહર્ષિ દયાનંદની યાદ આપે છે. તે કહે છે કે તેવા મહાપુરૂષે પણ મૂર્તિપૂજાનો વિરોધ કર્યો છે. આપણે કહીશું કે ભારત ને સંસારમાં બીજા પણ કેટલાક મહાપુરૂષો થઈ ગયા છે જેમણે મૂર્તિપૂજાને મહત્વની માની છે. તમે કોની વાત સાંભળશો ? મારી સમજ પ્રમાણે આ વાત ચર્ચા કે વિવાદની નથી. તેને માટેની નકામી ચર્ચાનો અંત આવવો જોઈએ. મુખ્ય પ્રશ્ન રુચિનો છે. તમને મૂર્તિપૂજાની રુચિ છે કે નહિ એ મહત્વનો મુદ્દો છે. જો તમને તેની રુચિ હોય, તો તમે તેનો સ્વીકાર કરો ને જો તેની જરૂર ના જણાતી હોય, તો તેને મૂકી દો. આનાથી બે ડગલાં આગળ વધીને તમે ટીકા ને નિંદા કરવા માંડો, ને મૂર્તિપૂજાની તરફેણ કે વિરૂદ્ધના પ્રચારથી કડવાશ ફેલાવો ને કટ્ટરતા ધારણ કરી અંદર અંદર લડવા માંડો. એ વસ્તુ તમારું કે કોઈનું કલ્યાણ કરનારી નથી. મૂર્તિપૂજામાં તમે માનો કે ના માનો તે તમારી પસંદગીની વાત છે પણ નકામી ટીકા, નિંદા, કડવાશ, કટ્ટરતા ને લડાઈથી

તો તમારે દૂર રહેવું જ જોઈએ. ધર્મ કે આધ્યાત્મિકતાની વાત જવા દઈએ તો પણ સાચા માનવ થવા માટે સ્વભાવના કેટલાક દૂષણોનો ત્યાગ તમારે કરવો જ જોઈએ.

**[ ૬ ] વિવેકાનંદની વાત**

ભારત ને સંસારના એક બીજા મહાપુરૂષ સ્વામી વિવેકાનંદના જીવનપ્રસંગનો પણ ઊડતો વિચાર કરવા જેવો છે. મૂર્તિપૂજાનો વિચાર નીકળ્યો છે ત્યારે તે વિચાર આપણને મદદરૂપ થઈ પડશે. વિવેકાનંદ શરૂઆતમાં રામકૃષ્ણદેવના સમાગમમાં આવ્યા, ત્યારે તેમના વિચારો જુદા હતા. મૂર્તિપૂજા દ્વારા આગળ વધીને માણસ ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે છે એ વાતે તેમને માનવા જેવી લાગતી ન હતી. જીવનભરને માટે કદાચ તેમના વિચાર એવા જ રહ્યા હોત, પરંતુ તેમના સદ્‌ભાગ્યે તેમને રામકૃષ્ણદેવ જેવા મહાપુરૂષનું માર્ગદર્શન મળ્યું હતું. રામકૃષ્ણદેવ કેવલ વાતો કરનારા કે શુષ્ક વેદાંતી ન હતા. કેવલ ઉપરચોટિયા ભક્ત પણ ન હતા. તે અનુભવી ને સાક્ષાત્કારી પુરૂષ હતા. વિવેકાનંદની આગળ તે ઈશ્વરની વાતો કરતા. તેમને કાલી માતા પર પુષ્કળ પ્રેમ હતો. તે જોઈને વિવેકાનંદને આશ્ચર્ય થતું. છતાં પણ રામકૃષ્ણદેવને 'મા' દર્શન આપે છે તે સાચું હશે કે કેમ તે વિશે તેમને શંકા જ થયા કરતી.

પરંતુ ઈશ્વરની ઈચ્છા જુદી હતી. વિવેકાનંદ આગળ જતાં એક મહાન અનુભવી પુરૂષ થવા માટે સર્જાયેલા હતા. આ તો જીવનના ઘડતરનો કાળ હતો. 'મા'ના સાક્ષાત્ દર્શનથી વિવેકાનંદના જીવનમાં ભારે પલટો થઈ ગયો, તેમના વિચાર પણ ફેરવાઈ ગયા. મૂર્તિને તે આજ સુધી જડ સમજતા હતા પણ હવે તેમને ખાત્રી થઈ કે મૂર્તિ જડ નથી પણ ચિન્મય છે, ને માણસ ધારે તો તેનો આધાર લઈને ઈશ્વરની પાસે પહોંચી શકે છે.

પરમહંસદેવની કૃપાથી વિવેકાનંદને કેટલાય અજબ જેવા અનુભવો મળ્યા હતા. તે બધા અનુભવોએ તેમની કાયાપલટ કરવામાં બહુ ભારે ભાગ ભજવ્યો. તેને લીધે જ તે આગળ જતાં એક સમર્થ મહાપુરૂષ બની શક્યા, ને મૂર્તિપૂજાની યથાર્થતા તથા ઉપયોગિતા વિશે ઉપયોગી વિચારો રજૂ કરી શક્યા.

મૂર્તિપૂજાનો આંખ મીંચીને વિરોધ કરનારા માણસોએ આ વાતો શાંત ચિત્તે સમજવા જેવી છે. જે માણસોને મૂર્તિપૂજા પસંદ પડે, તે તેનો આધાર લે તેમાં કોઈને પણ શા માટે હરકત હોવી જોઈએ ? મૂર્તિપૂજાની જરૂર નહિ લાગે, ત્યારે તે મૂર્તિપૂજાને પોતાની મેળે જ મૂકી દેશે. જેમને મૂર્તિપૂજામાં રસ નથી, તેમના પર કોઈ જાતની બળજબરી કરવાની પણ જરૂર નથી. મૂર્તિપૂજામાં રસ લેનારે સમજી લેવું જોઈએ કે મૂર્તિપૂજા સાધન છે, સાધ્ય નથી. તે સાધનાનો ઉપયોગ કરીને તેમણે ભાવવિભોર બનવાનું છે. ભગવાનની ભક્તિગંગાને હૃદયમાં જગાવવાની છે, ને છેવટે ભગવાનનું દર્શન કરવાનું છે. મૂર્તિપૂજામાં ડૂબી જઈને તેમણે તેમના મૂળ આદર્શને ભૂલી જવાનો નથી. બાકી મૂર્તિનો આધાર લઈને ભજનારા કે મૂર્તિના આધાર વિના ઈશ્વરને ભજનારા ને ઈશ્વરને સાક્ષાત્ કરવા માગનારા ભક્તો સંસારમાં કાયમને માટે રહેવાના જ. ઈશ્વરના નિરાકાર સ્વરૂપને માનનારા ને ભજનારા પુરૂષોની પેઠે સાકાર સ્વરૂપને માનનારા ને ભજનારા પુરૂષો સદા રહેવાના જ. તેમાંથી કોઈનોય અનાદર કરવાની કે તિરસ્કાર કરવાની જરૂર નથી. વિવેકી પુરૂષે સૌને પ્રેમ ને સહાનુભૂતિથી જોવાના છે.

**[ ૭ ] અર્જુનનો પ્રશ્ન ને ભગવાનનો ઉત્તર**

બારમા અધ્યાયની શરૂઆતમાં આ સિદ્ધાંત સુંદર રીતે સમાવી લેવામાં આવ્યો છે. ઈશ્વરના સાકાર તથા નિરાકાર બંને સ્વરૂપને ભજનારા ભક્તો સંસારમાં છે. એ વાતનો બારમા અધ્યાયની શરૂઆતમાં જ સ્વીકાર કરવામાં આવ્યો છે. સમજુ માણસો એ વાતને સ્વીકારે છે. છતાં પણ ઈશ્વરના સાકાર સ્વરૂપને ભજનારા ભક્તો ને નિરાકાર સ્વરૂપને ભજનારા ભક્તો - એ બંનેમાં વધારે આદરણીય ને ઉત્તમ કોણ, એ વિશેનો વાદવિવાદ તેમની અંદર પણ ચાલે છે. નિરાકારમાં માનનારા સાકારનું ખંડન કરે છે, ને નિરાકારને સાકારથી શ્રેષ્ઠ ગણાવે છે તથા સાકારમાં માનનારા નિરાકારને ઉડાવી દેવાનો ને સાકારને સૌથી શ્રેષ્ઠ માનવાનો પ્રયાસ કરે છે. બારમાં અધ્યાયની શરૂઆતના શ્લોકમાં આ મનોદશાનું પ્રતિબિમ્બ પડ્યું છે. આવી મનોદશાવાળા માણસોનું પ્રતિનિધિત્વ રજૂ કરતાં અર્જુન ભગવાનને પૂછે છે કે 'હે પ્રભુ, તમારા ભક્તો બે જાતના છે. એક તો તમારા સગુણ રૂપની ઉપાસના કરનારા ને બીજા તમારા નિર્ગુણ, નિરાકાર ને અવિનાશી સ્વરૂપને સેવનારા. એ બંને પ્રકારના ભક્તોમાં મારે કયા ભક્તોને ઉત્તમ માનવા ? તમારી સાથે કયા ભક્તો વધારે પ્રમાણમાં એકાકાર બની ગયા છે એમ સમજવું ? તમે મારા ઘણા પ્રશ્નોના ઉત્તર આપ્યા છે. તો આ પ્રશ્નનો ઉત્તર પણ હવે કૃપા કરીને આપો.'

ભગવાને આગલા અધ્યાયમાં કહ્યું કે અનન્ય ભક્તિ વિના બીજા કોઈ સાધનથી મારું દર્શન થઈ શકતું નથી. એટલે ભક્તિ વિશે વધારે માહિતી મેળવવાનું અર્જુનને સ્વાભાવિક રીતે જ મન થયું છે. તેથી તેણે ઉપરનો પ્રશ્ન પૂછ્યો છે. તેના ઉત્તરમાં ખુલાસો કરતાં ભગવાન જે શબ્દો કહે છે તે ખાસ ધ્યાનમાં રાખવા જેવા છે. વધારે ભાગના માણસોનું માનવું એવું છે, કે ભગવાને સાકારરૂપે ભજનારા ભક્તોને ઉત્તમ કહ્યા છે પણ તેમનું માનવું બરાબર નથી. ભગવાનની ખૂબી જ એ છે કે જ્યારે જ્યારે આવા પ્રશ્નો ઊભા થાય ત્યારે ત્યારે તેનું સમાધાન તે અત્યંત કુનેહથી કરે છે. તેમની કુનેહનો પરિચય આપણને અત્યાર સુધીમાં સારી રીતે થઈ ચૂક્યો. કર્મ મોટું કે કર્મનો ત્યાગ, અથવા સંન્યાસ મોટો, જ્ઞાન મોટું કે કર્મ, એ પ્રશ્નોના ઉત્તર તેમણે કેટલી બધી ખૂબીપૂર્વક આપ્યા છે ! ગીતાનો વિચાર કરનાર માણસો એ વાત સારી પેઠે જાણે છે. ભગવાને કોઈને ઉત્તમ ને કોઈને અધમ બતાવવાની ચેષ્ટા કરી નથી. કોઈને ઉચ્ચ કે નીચ કહેવાનો તેમણે પ્રયાસ કર્યો નથી. તેમણે તો પ્રત્યેક વસ્તુની વિશેષતા બતાવી આપી છે, ને દરેકના ગુણધર્મની ચર્ચા કરી, જીવનના વિકાસને માટે બધાના મહત્વનો સ્વીકાર કર્યો છે. અહીં પણ તેમનું વલણ એવું જ રહ્યું છે. અર્જુનના પ્રશ્નોના ઉત્તર આપતાં તે કહે છે કે 'જે ભક્તો મારામાં મન જોડીને પરમ શ્રદ્ધાથી મારા પરાયણ બનીને મને ભજે છે. તે સૌથી ઉત્તમ ભક્તો છે. ને તે જ મારી સાથે એકાકાર થયેલા છે, એમ મારું માનવું છે ''

આ શબ્દોનો બરાબર વિચાર કરો તો સમજાશે કે ભગવાને સગુણ ભક્તોને ઉત્તમ કહ્યા નથી, તેમજ નિર્ગુણ ભક્તોને ઉત્તમ કહી બતાવવાનો તેમનો આશય નથી. ભક્ત સગુણ કે નિર્ગુણ ગમે તે રૂપમાં રુચિ રાખનારો હોય, તે પ્રશ્ન બહુ મહત્વનો નથી. મહત્વનો મુદ્દો તો એ છે કે તે પરમ શ્રદ્ધાથી સંપન્ન છે કે નહિ, ને ભક્તિનો આધાર લઈને તેણે તેના મનને સંસારના અસાર પદાર્થોમાંથી ને વિષયરસમાંથી પાછું વાળીને સંસારના સ્વામી ભગવાનમાં જોડ્યું છે કે નહિ. આ મુદ્દાને લક્ષમાં લઈને જ તેની કસોટી કરી શકાય છે. જો

એ કસોટીમાંથી તે પાર ઉતરે તો તે શ્રેષ્ઠ છે, માનનીય છે, પૂજ્ય છે ને ભગવાનની સાથે એકાકાર થયેલો છે એમ સમજી લેવું. તેવો માણસ સાકાર માર્ગનો મુસાફર હશે, તો પણ તેને આપણે વંદન કરીશું, ને જો તે નિરાકાર માર્ગનું અવલંબન લઈને આગળ વધનારો હશે, તો તેને આપણે વંદનીય સમજીશું. જુદાં જુદાં માર્ગો તો જુદાં જુદાં સાધનો છે. કહો કે જુદાં જુદાં પ્યાલા જેવા છે. તેમાં ભરેલો રસ એક ભગવાનનો જ છે. તેનું પાન કરીને માણસે વધારે ને વધારે શ્રદ્ધામય, પ્રેમમય ને પવિત્રતામય બનવાનું છે. પોતાના મનને ભગવાનમાં રસ લેતું કરવાનું છે, ને છેવટે ભગવાનનો સાક્ષાત્કાર કરવાનો છે. આજ કામ કિંમતી છે. તમે તેને કયા મત, માર્ગ કે સાધન દ્વારા કરો છો તે કિંમતી નથી. માણસની યોગ્યતા ને રુચિ પ્રમાણે સાધન જુદાં જુદાં ને અનેક હોઈ શકે છે પણ તે સાધનથી જે વસ્તુ મેળવવાની છે, કહો કે જે સાધ્ય છે, તે તો એક જ છે. શ્રદ્ધાભક્તિ, સંયમ, પવિત્રતાથી પરમાત્માની પ્રાપ્તિ કરનારા સૌથી શ્રેષ્ઠ છે, ને પૂજ્ય પણ તે જ છે. પરમાત્માની સાથેની એકતાનો આનંદ તેણે જ અનુભવ્યો છે એમ કહી શકાય. ભગવાને આપેલા ઉત્તરમાં આવો સુંદર સંદેશ સમાયેલો છે. તેને સમજવાથી શંકાનું સમાધાન થશે ને કટ્ટરતા જતી જશે. જીવનની ઉન્નતિ કરવાનો પ્રયાસ કરનાર પ્રત્યેક સાધકને સહાનુભૂતિથી જોવાની અજબ શક્તિ પણ તેથી પ્રાપ્ત થશે.

**[ ૮ ] સાકાર માર્ગ પણ સહેલો નથી**

સાકાર ને નિરાકાર બંને માર્ગો ઉપયોગી ને સરખા શક્તિવાળા છે. તે બંને માર્ગો તરફ માણસે માનની નજરે જોતાં શીખવાનું છે. છતાં નિર્ગુણ કે નિરાકાર માર્ગની સાધના વધારે કઠિન છે એ વાતનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. માણસ સામાન્ય રીતે આ નામ ને રૂપવાળા સંસારમાં રહેવાને ટેવાયેલો છે. નામ ને રૂપમાં તેનું મન રમ્યા કરે છે. નામ ને રૂપ વિનાની કોઈ દશાની કલ્પના પણ તે ભાગ્યે જ કરી શકે છે. તેની દશાની કલ્પના કરે તો પણ તેની પ્રાપ્તિનું કામ તો તેને માટે જરાપણ સહેલું થતું નથી, એટલે જ આપણે જોઈએ છીએ કે સારી કોટિના સાધકોમાંથી પણ બહુ જ ઓછા સાધકો નિરાકાર માર્ગની સાધના કરે છે. પરંતુ એનો અર્થ એવો નથી કે સગુણ કે સાકાર ઉપાસનાનો માર્ગ સહેલો છે. ના, આત્મિક ઉન્નતિના માર્ગમાં સહેલું તો કાંઈ જ નથી. ભગવાનના નામ ને રૂપમાં પ્રીતિ કે મમતાવાળો માણસ ભગવાનના નામમાં ને ભગવાનના રૂપના ધ્યાનમાં મનને જોડી શકતો નથી. એટલે તો સગુણ માર્ગના મુસાફરો પણ જગતમાં જવલ્લે જ જડે છે.

ભગવાનના મંગળ રૂપમાં મમતા કરીને તેમનું સાક્ષાત્ દર્શન કરવાનું કામ કાંઈ રમતવાત થોડી છે ? ધ્યાન, જ્ઞાન ને યોગમાં નિષ્ણાત માનતા માણસોને પણ તે કામ અઘરૂં લાગે છે. હૃદયમાં પવિત્ર પ્રેમની જાગૃતિ કરીને તે પ્રેમના પ્રભાવથી ભગવાનનો સાક્ષાત્કાર કરવો ને ભગવાનની સાથે વાતચીત કરવાનો લાભ લેવો એ કામ ધ્યાન, ધારણા ને સમાધિથી જરાય સહેલું નથી. સંસારના બીજાં કોઈયે કામ કરતાં તે કામ વધારે કપરૂં છે. પાણી પર ચાલવાનું, પર્વતને પાર કરવાનું, પવનને બાંધવાનું ને આકાશમાં ઈચ્છાનુસાર ઉડવાનું કામ હજી સહેલું છે; પરંતુ ભગવાનને પ્રત્યક્ષ કરવાના કામમાં તેથી પણ વધારે શક્તિ, સંયમ ને સંપની જરૂર પડે છે. લોઢાના ચણા ચાવવાનું કદાચ સરળ થઈ જાય, પણ ભગવાનની કૃપા મેળવવાનું મુશ્કેલ છે. તેવી કૃપા મેળવવાનો પરિશ્રમ કરી ચુકેલા ભક્તોનો આ અનુભવ છે. તેથી ડરી

જવાનું કે નિરાશ થવાનું નથી; પણ કામની ગંભીરતાને સમજી લઈ, તેમાં સિદ્ધિ મેળવવા માટે તૈયાર થવાનું છે.

**[ ૯ ] ભક્તો ભગવાનમય થઈ જાય છે**

ભગવાનના ભક્તોની દશા જુદી જ હોય છે. ભગવાનના સ્વરૂપનું નિરંતર ધ્યાન ધરવાથી તે ભગવાનમય થઈ જાય છે. ભગવાનના ગુણાનુવાદ ગાવામાં તેમને આનંદ આવે છે. તે વિના તેમને કાંઈ ગમતું જ નથી. રસોઈ ગમે તેટલી સુંદર ને સ્વાદિષ્ટ હોય તો પણ મીઠા વિના તેની મજા અધુરી જ રહી જાય છે. મીઠું તો જીવન છે. ઉત્તમ રસ છે. તેની આવશ્કતા આરોગ્યને માટે ઘણી વધારે છે. તે પ્રમાણે ભગવાનના પ્રેમરસ વિના ભક્તોને જીવનનો પૂરોપૂરો આનંદ મળી શકતો નથી. ભક્તોનું જીવન તેના વિના સૂકું બની જાય છે. જીવનનો સાચો સ્વાદ તેમને મળી શકતો નથી માટે ગમે તે ઉપાયે, ભગવાનના પરમ પવિત્ર પ્રેમનો સ્વાદ લઈને ભગવાનની સાથે તન્મય બની જવામાં તે પોતાનું અહોભાગ્ય સમજે છે. ભગવાનના જે સ્વરૂપને ભજતા હોય, તે સ્વરૂપની સાથે તે એકાકાર બની જાય છે. તેથી તેમની વાણી, તેમના વિચાર ને શરીરમાં પણ ફેર પડી જાય છે. શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ ને ચૈતન્ય મહાપ્રભુ જેવા મહાપુરૂષોના જીવનમાં આ વાતની ઝાંખી સહેજ થઈ શકે છે. તેમનું જીવન પ્રભુતાની પરિસીમાએ પહોચી ચૂક્યું હતું.

ગોપીઓને શ્રીકૃષ્ણ પ્રત્યે પ્રેમ હતો તેમના અંતરમાં શ્રીકૃષ્ણની ભક્તિગંગા ઉછાળા મારી રહી હતી. તેમની આંખો શ્રીકૃષ્ણના પ્રેમાંજનથી અંજાઈ ગઈ હતી. તેમને પણ સંસારમાં સઘળે શું શ્રીકૃષ્ણનું દર્શન થતું ન હતું ? તેમનું જીવન શ્રીકૃષ્ણમય બની ગયું હતું એમ જરાય સંદેહ વિના કહી શકાય. શુકદેવ ને પ્રહ્લાદની દશા પણ એવી જ હતી. ભગવાનની ભક્તિના પ્રભાવથી તેમનું જીવન જ અલૌકિક બની ગયું હતું. ભક્તોની દશા એવી જ હોય છે. જડ ને ચેતનમાં બધે તે પોતાના પ્રિયતમ પ્રભુનું દર્શન કરે છે. તેમના તન, મન ને અંતરમાં પ્રભુનો પ્રકાશ પથરાઈ ગયો હોય છે. પ્રભુનો રાગ ભરાઈ ગયો હોય છે ને તેમની વાતો તેમજ દૃષ્ટિમાં પ્રભુતા વાસ કરતી હોય છે. તેમનું જીવન પ્રભુમય બની ગયું હોય છે. કોઈ વસ્તુનો વારંવાર વિચાર કરવાથી તેની અસર માણસના સ્વભાવ પર પડ્યા વિના રહેતી નથી. વિચાર, ભાવના ને ચિંતનની છાપ માણસના જીવન પર પ્રબળ પ્રમાણમાં પડે જ છે. ભ્રમરનું ચિંતન કરતો કીડો છેવટે ભ્રમરમય બની જાય છે એમ કહેવાય છે, તે પ્રમાણે ભગવાનનું સ્મરણ ને મનન કરનાર ભક્ત બધી રીતે ભગવાનમય થઈ જાય છે. એટલે ભક્તિ માણસની કાયાપલટ કરી દે છે. માણસને જડમૂળમાંથી ફેરવી નાખીને અલૌકિક બનાવી દે છે. ભક્તિની આ શક્તિ છે. ભક્તિનું સેવન કરનારને તેનો અનુભવ મળી શકે છે. તેવો અનુભવ મેળવવા માટે સૌ કોઈ સ્વતંત્ર છે.

ઈશ્વરના સાકાર સ્વરૂપમાં રસ હોવો કે ન હોવો તે સાધકની ઈચ્છાની વાત છે. તે માટે કોઈ બળજબરી કરવાની જરૂર નથી. ભક્ત કવિ દયારામે ગાયું છે તેમ વ્યાપકથી વાતો કરી શકાતી નથી. તેથી જીવ અકળાય કે ના અકળાય તેનો આધાર સાધકના સ્વભાવ પર રહે છે. માટે કોઈ ખોટો આગ્રહ કરવાની જરૂર નથી. પરંતુ એક વાત નક્કી છે કે સાધકે ઈશ્વરના ચરણે પોતાનું સર્વ કાંઈ ધરી દેવું જોઈએ, ઈશ્વરને

માટે સર્વસ્વનો ત્યાગ કરવો જોઈએ. ઈશ્વરના ગમે તે સ્વરૂપને તે માને તે તેની ઈચ્છાની વાત છે, પરંતુ ઈશ્વરને માટે તેણે ફકીર બનવું જોઈએ. ઈશ્વરને મેળવવાની આ ગુરૂકુંચી છે. ઈશ્વરને માટે જે જરૂરી ત્યાગ કરતાં ડરે કે અચકાય, તેને ઈશ્વરની પૂર્ણ કૃપાનો અનુભવ થઈ શકે નહિ. ઈશ્વરની સાથેની એકતાનો આનંદ પણ તે લૂંટી શકે નહિ.

ભગવાનના ચરણે તમારી ભાવના ને ભક્તિના ભંડારને ખાલી કરી દો. તમારા જીવનધનનું સમર્પણ કરી દો. તમારી પ્રિયમાં પ્રિય વસ્તુનો ભગવાનને માટે ભોગ આપવો પડે તો પણ શોક કે વિલાપ કરો નહીં. ભગવાન જે વસ્તુની માગણી કરે તે વસ્તુ ગમે તેવી કિંમતી હોય તો પણ તેમની સમજીને તેમને અર્પણ કરવા સદા તૈયાર રહો. એમ કરવાથી પરિણામે તમને આનંદ જ થશે, ભક્તો કે સાધકો આ વાતને ભૂલી જાય છે, ને ઈશ્વરની પૂર્ણ કૃપાથી વંચિત રહી જાય છે. ઈશ્વરની કૃપાના રહસ્યને તે સમજી શકતા નથી.

ઈશ્વરને માટે આપેલો ભોગ કદી નકામો જતો નથી. ઈશ્વરના ચરણકમળમાં અપર્ણ કરેલી કોઈયે વસ્તુ નિષ્ફળ જતી નથી. ઈશ્વરને અર્પણ કરેલી વસ્તુ છેક સાધારણ હોય તો પણ અસાધારણ બનીને ઊગી નીકળે છે. બીજ ઘણું નાનું હોય છે પણ તેમાંથી જ વિરાટ વૃક્ષની રચના થાય છે. ભક્તનું ભાવબીજ પણ ભલે નાનું હોય તેમાંથી વિશાળ સંસારનું નિર્માણ થશે. ફક્ત તે બીજ ભાવબીજ હોવું જોઈએ. એટલે કે ભક્તના સમર્પણ ને ભોગની પાછળ પ્રેમ હોવો જોઈએ. તો તેની મજા જુદી જ હશે.

**[ ૧૦ ] સાધકની જરૂર**

સાધકની બીજી જરૂરત સમબુદ્ધિની છે. સમબુદ્ધિ એટલે સરખી બુદ્ધિ. સાધક ઈશ્વરના સાકાર સ્વરૂપમાં માને કે નિરાકાર સ્વરૂપમાં તો પણ સમબુદ્ધિ તેનો જીવનમંત્ર બની જવો જોઈએ. કોઈ પણ સંજોગોમાં તેણે ઉશ્કેરાઈ જવું નહિ. અવિવેકી, પામર કે ચંચલ બનીને ભાન ભૂલવું જોઈએ નહિ. મનની સ્થિરતાને તેણે ટકાવી રાખવી જોઈએ. સાગરનું દર્શન કદી કર્યું છે ખરૂં ? સાગરની પાસે જઈને તેનાં ઉછાળા મારતાં મોજાં કદી જોયાં છે ? મોજાં કેટલા સુંદર લાગે છે ! સાગરનાં સંતાનો જેવાં મોજાંને જોઈને અંગ્રેજી કવિ વર્ડઝવર્થનું અંતર જેમ મેઘધનુને જોઈને ઉછળી રહેતું તેમ તમારૂં અંતર આનંદમાં ઉછળીને તેમને ભેટવા આતુર થયું છે ખરૂં ? કિનારા પર વજ્ર જેવા ભારે પત્થર પડ્યા હોય છે તેમની સાથે મોજાં અથડાય છે. દિવસ ને રાત અથડાય છે પણ તેથી પત્થર શું પાછા હઠે છે ? તે તો અડગ થઈને ત્યાં ને ત્યાં જ સમાધિમાં ડૂબ્યા હોય તેમ ઊભા રહે છે. જેની બુદ્ધિ સ્થિર છે, તેની દશા પણ એવી જ હોય છે. જીવનમાં અનેક આઘાત ને પ્રત્યાઘાત આવ્યા જ કરે છે. હર્ષ ને શોક, લાભ ને હાનિ, નિંદા ને સ્તુતિ, સંપત્તિ ને વિપત્તિ તથા સુખ ને દુઃખનાં જુદાં જુદાં મોજાં જીવનના સાગરમાં ઉછળ્યા કરે છે. જીવનની શાંતિનો ભંગ કરીને જીવનને ખળભળાટથી ભરી દેવાનો પ્રયાસ કરે છે. પરંતુ સમબુદ્ધિવાળો તેથી ડરતો નથી. તેની સ્થિરતા ને દ્રઢતા અજબ હોય છે. તે સ્થિરતા ઢાલનું કામ કરે છે. જીવનના આનંદને અનુભવવા માટે બુદ્ધિની સ્થિરતા ખૂબ જરૂરી છે. તેને મેળવવામાં વિવેક બહુ મોટો ભાગ ભજવે છે. સાધકે મન કે બુદ્ધિને સ્થિર કરવા તરફ ખાસ ધ્યાન આપવું જોઈએ. તેની સાધના ગમે તેવી હોય, તેની ઉપાસનાનો પ્રકાર પણ ગમે તેવો હોય, તે દ્વારા બુદ્ધિની સ્થિરતા થાય છે કે નહિ એ વાત ખાસ જોવા જેવી છે. પત્થર જડ છે, પણ સાધક વિવેકી છે, ઈશ્વરે

તેને વિવેકની મહામોંઘી શક્તિનું દાન કર્યું છે, તે વિવેકનો ઉપયોગ કરીને તેણે સ્થિરતાની પ્રાપ્તિ કરવાની છે. માણસો જુદી જુદી જાતની સાધના કરે છે. મંત્ર, જપ, યજ્ઞ, તપ કે અનુષ્ઠાન કરે છે પણ આ મહત્વની વાત મોટે ભાગે ભૂલી જાય છે. મનની ચંચલતા પર તે કાબૂ કરતા નથી. એવી સાધનાથી શું વળે ? ગીતામાતાની સૂચના પ્રમાણે મનબુદ્ધિને શુદ્ધ ને સ્થિર કરવાની જરૂર છે.

**[૧૧] સમબુદ્ધિનો બીજો અર્થ**

સમબુદ્ધિનો બીજો અર્થ પણ છે. સમબુદ્ધિ એટલે સરખી બુદ્ધિ અથવા સમતાવાળી બુદ્ધિ. વધારે ભાગના માણસો વિષમ બુદ્ધિવાળા હોય છે. તેમની દૃષ્ટિ ભેદભાવવાળી ને મેલી હોય છે. સંસારમાં તે ભેદભાવનું દર્શન કરે છે. પોતાના ને પરાયા, મિત્ર ને શત્રુ તથા પ્રિય ને અપ્રિયના ભેદ તેમના દિલમાં ભરેલા હોય છે. તેનો પડઘો તેમની આંખમાં પડ્યા કરે છે. મુખાકૃતિ માણસના દિલનું દર્પણ છે. તેને જોવાથી માણસના દિલની ઝાંખી થઈ શકે છે. તેમાંયે ખાસ કરીને આંખની અંદર તે વધારે પ્રમાણમાં પ્રકટ થાય છે. એટલે માણસે પોતાના દિલને ધોવાનું છે, સાફ કરવાનું છે, ને ઉત્તમ ભાવોથી ભરી દેવાનું છે. એમ થતાં તેની દૃષ્ટિ પણ બદલાઈ જશે, તેના જીવનમાંથી ભેદભાવ કાયમને માટે દૂર થઈ જશે, ને કટુતા, વેરવૃત્તિ તથા વિષમતાનો અંત આવશે.

પ્રભુ બધાની અંદર વાસ કરે છે એમ સમજીને બધાની અંદર તેમનું દર્શન કરવાની ટેવ પાડો. એટલે સમતા આપોઆપ આવી જશે. સંસારના સઘળા પદાર્થોમાં ને સર્વ પ્રાણીમાં પરમાત્મનો પરમ પ્રકાશ રહેલો છે એમ માનીને સૌમાં તેમની ઝાંખી કરવાની ટેવ પાડો. એમ કરવાથી સમસ્ત સંસારમાં પરમાત્મા જ વ્યાપી રહ્યા છે, ને નવાં નવાં રૂપ ને નવાં નવાં રંગને ધારણ કરીને એ જ પોતાની અનાદિ કાળની રમત રમી રહ્યા છે, ત્યાં કોના તરફ રાગ ને કોના તરફ દ્વેષ ? કોણ પ્રિય ને કોણ અપ્રિય ? કોણ પોતાનું ને કોણ પારકું ? દિલ ને દૃષ્ટિમાં જ્યાં સમતા આવી ગઈ, એટલે વિચાર કરવાની શક્તિમાં પણ ફેર પડી જાય છે, ને બધી બાજી બદલાઈ જાય છે. એવી સમતા કેળવવાની જરૂર છે. નિશ્ચય કરો ને મહેનત કરો, તો કાંઈ જ મુશ્કેલ નથી.

કેટલાક માણસો પૂછે છે કે નિર્વૈર કેમ થવાય. આપણે કહીશું નિર્વૈર થવાનું કામ કાંઈ કઠિન નથી. એક પહેલવાનની સામે બીજા વધારે જબરા ને બળિયા પહેલવાનને મૂકો એટલે તે પહેલવાનનું કાંઈ જ નહિ ચાલે, તે પોબારા ગણી જશે. અંધકાર ભારે છે, પણ પ્રકાશ કાંઈ ઓછો પ્રબળ નથી. અંધકારથી ડરવાને બદલે તેની પાસે પ્રકાશને તૈયાર કરી દો એટલે તેના પ્રભાવથી અંધકાર આપોઆપ પલાયન થઈ જશે. અંધકારનો અંત કેમ આવી શકશે, એવી ચિંતા કરવાની જરૂર નથી. ઘરમાં ગંદકી વધી હોય તેને જોઈને બેસી રહેવાથી શું વળશે ? ગંદકીથી ગભરાવાની જરૂર નથી. સ્વચ્છતા પ્રત્યેનો પ્રેમ કેળવો. સ્વચ્છતાનું મહત્વ સમજી લો, ને સ્વચ્છતાની સાધના શરૂ કરી દો. ગંદકીનો ઉપાય કરો એટલે ગંદકીથી મુક્તિ મેળવશો. તે પ્રમાણે વેરભાવ ને બદલે પ્રેમભાવને પ્રકટ કરો. તમારા હૃદયને પ્રેમના પ્રવાહથી પુલક્તિ કરી દો. પાવન કરી દો. માનવને માટે જ નહિ, જીવમાત્ર માટેનો પવિત્ર પ્રેમ તેમાં જગાવી દો. માણસો માણસોની દયા ખાય છે, ને સેવા કરે છે, પણ બીજા જીવો પ્રત્યે પ્રેમ રાખતા નથી. બીજાં પ્રાણીઓના પરિતાપો જોઈને ને

વેદનાના શબ્દો સાંભળીને તેમનું અંતર તપી ઊઠતું નથી, વેદનામય પણ બનતું નથી. પ્રાણીઓની સેવા કરવા તે તૈયાર થતા નથી. આ વસ્તુ દુઃખદ ને માનવતાને માટે લાંછનરૂપ છે. માનવ જ નહિ, સંસારના સર્વે પ્રાણીઓ પ્રત્યે પ્રેમ જગાવો. પ્રભુ સૌમાં રહ્યા છે એમ માની સૌના તરફ પ્રેમભર્યો વર્તાવ કરો. સૌને પ્રેમથી બોલાવો ને સૌની સેવા કરવા તૈયાર રહો. કોઈનું બૂરૂં કે અહિત તો કરો જ નહિ. આવી રીતે પ્રેમના પરમ દેવતાના દિલમાં દૈવી આસન પર પ્રતિષ્ઠા કરો; શરીરના સુંદર મંદિરમાં પ્રેમના પરમદેવનો પ્રભાવ પારખ્યો નથી, ત્યાં સુધી જ તે તમારા પર શાસન કરે છે.

સાધકે જીવમાત્ર પ્રત્યે દયા રાખવી જોઈએ. માનવતાના પૂજારીઓએ જીવમાત્રને પ્રેમ, કરૂણા ને મધુરતાપૂર્વક જોવા જોઈએ. અબ્રાહમ લિંકન અમેરિકાના પ્રમુખ હતા. એકવાર તે પોતાના કામે જતા હતા. રસ્તામાં તેમણે કાદવમાં ખૂંપી ગયેલા એક બકરાને જોયો. ગાડીવાનને ગાડી ઊભી રાખવાની આજ્ઞા કરી ને તે ગાડીમાંથી નીચે ઊતર્યા ને બકરાને બહાર કાઢ્યો. જીવદયાનું આ કામ તેમણે પોતે જ કર્યું. તેથી તેમને કેટલો બધો સંતોષ મળ્યો. સાધકે એવી રીતે જીવમાત્ર પ્રત્યે પ્રેમ રાખીને સૌની સેવા કરવા તૈયાર રહેવાનું છે. સૌમાં ઈશ્વર છે એ જાણી લો તો એ કામ સહેલું થઈ રહેશે.

**[ ૧૨ ] મન ને ઈન્દ્રિયોના સંયમની જરૂર**

મન ને ઈન્દ્રિયોનો સંયમ પણ બહુ મહત્વનો છે. તેના તરફ સાધકે ખાસ ધ્યાન આપવું જોઈએ. સાધના કે ભક્તિને નામે મન ને ઈન્દ્રિયોના વિલાસમાં નહિ પડાય ને છેવટે ભાન ભૂલાય નહિ તે માટે તેણે સાવધ રહેવું જોઈએ. શરીરના રથને ઈન્દ્રિયોના ઘોડા જોડેલા છે. તેમને જો છૂટા મૂકી દેવામાં આવે તો, વિષયોના વનમાં ફરવા દેવામાં આવે તો, તે શું શું કરે ને ક્યાં જઈને અટકે તે કહેવાય નહિ. શરીરને તે બેહાલ બનાવી દે, ને અંદર બેઠેલા જીવાત્માને જોખમમાં મૂકી દે. જીવનના આનંદમાં તેથી ભંગ પડે, અંતરાય આવે, ને જીવનનો વિકાસ અટકી જાય. માટે જ તેમના પર કાબૂ પ્રાપ્ત કરવાની જરૂર છે. ઈન્દ્રિયોના અતિશય વિલાસથી કોઈને સુખ મળી શકતું નથી. આજ સુધી કોઈને પણ સુખ મળ્યું નથી. તેથી શક્તિનો નાશ થાય છે, અકાળે ઘડપણ આવે છે ને બીજા કેટલાક વ્યાધિ થાય છે.

મોટા ભાગનાં માણસો મૃગજળની પાછળ જ પડી રહ્યાં છે. અસલી આનંદનો ત્યાગ કરીને નકલી આનંદમાં જ રમી રહ્યાં છે. ભક્ત કે સાધકે સઘળી ઈન્દ્રિયોનો સંયમ કરવો જોઈએ. ઈન્દ્રિયોને વિષયી પદાર્થોમાંથી પાછી વાળી પરમાત્મામાં લગાડી દેવી જોઈએ, અથવા તો વિકાસને માર્ગે વાળવી જોઈએ. કાન દ્વારા પરમાત્માની કથાવાર્તાનું શ્રવણ કરવું જોઈએ. આંખ દ્વારા પરમાત્માના સ્વરૂપને બધે જોવું જોઈએ. જોવાની ટેવ પાડવી જોઈએ, ને શરીરથી તેમની સેવા કરવી જોઈએ, તેમની પ્રાપ્તિ માટે પુરૂષાર્થ કરવો જોઈએ.

એવો સંયમી, સૌના હિત ને સૌની સેવાની ભાવનાવાળો ને સમબુદ્ધિવાળો ભક્તપુરૂષ પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે. આ ત્રણે સાધનો [ સંયમ, સેવા ને સમબુદ્ધિ ] ની મદદથી જીવનનું શ્રેય સાધી શકાય છે. ગીતામાતાનો એ કોલ છે. આ ત્રણે સાધનોને સાધવા કે અપનાવવા તરફ સાધકો જેટલું ધ્યાન આપે એટલું ઓછું છે. એના વિના સાધનાનો સાચો આનંદ મળી શકતો નથી. માણસો તપ, વ્રત, જપ, તીર્થાટન ને

યજ્ઞાદિ કરે છે. પણ તેથી શું ? તે તો બધા બહારના સાધનો છે, તે સાધનોથી માણસે પોતાના સ્વભાવને સુધારવાનો છે, પોતાની જાતની શુદ્ધિ કરવાની છે, ને ઉત્તમ કે આદર્શ માનવ બનવાનું છે માણસને માણસાઈથી રહિત બનાવી દે તેવા સાધનોને આપણે માનની નજરે જોતા નથી. તેમના ગુણગાન પણ ગાતા નથી. માણસે સુધરવાનું છે. તે દશામાંથી ઉત્તરોત્તર આગળ આવવાનું છે. સાધના એટલા માટે જ નક્કી થઈ છે. સાધના દ્વારા સાધવાની વસ્તુ એ જ છે. એ પ્રમાણે ઉત્તરોત્તર આગળ વધીને છેવટે તેણે પરિપૂર્ણ થવાનું છે. માણસો જુદી જુદી જાતની કેટલીય સાધનાઓ કરે છે, પણ તેમના જીવનમાં ડોકીયું કરો તો વરસો પછી પણ તે એવા ને એવા જ દેખાય છે. સ્વભાવની સુધારણાની દૃષ્ટિએ તેમનામાં ખાસ ફેર પડેલો દેખાતો નથી. તે એક તલભર પણ આગળ વધેલા જણાતા નથી. એનો એ જ ક્રોધ, એની એ જ જૂની પૂરાણી કામવાસના, એનો એ અહંકાર, મદ ને દ્વેષભાવ તેમના જીવનમાં દેખાય છે.

કહે છે ને કે સાધુમહારાજની સાથે તેમની તુંબડી પણ તીર્થયાત્રાએ નીકળી. સાધુમહારાજ પાછા ફર્યા ત્યારે તે પણ પાછી ફરી, પણ તેનો સ્વભાવ બદલાયો નહિ. તે તો જેવી હતી તેવી ને તેવી કડવી જ રહી. મોટા ભાગના માણસોની દશા તે તુંબડી જેવી છે. તે સત્સંગી બને ને સાધના કરે, છતાં વરસો પછી પણ તેમનામાં કોઈ ખાસ ફેર પડતો નથી. એવી સાધનાથી શું વળે ? એવી સત્સંગતિ આપણું દુઃખ કેવી રીતે દૂર કરી શકે ? તેનાથી ક્લેશ, કષ્ટ ને બંધન કેવી રીતે કપાઈ શકે ?

**[ ૧૩ ] પોતાનો સુધાર પોતાના હાથમાં**

માણસ જો સાચેસાચ સુધરવા જ માગે તો તેનો માર્ગ સાફ છે. તેના વિના તેના માર્ગમાં અંતરાયરૂપ બને એવું બીજું કોઈ જ નથી. માણસ જો દૃઢ નિર્ધાર કરીને પુરૂષાર્થ કરવા મંડી જાય તો તેને માટે કંઈ પણ અશક્ય નથી.

અમે કાશ્મીરની યાત્રાએ ગયા હતા ત્યારે પાછા ફરતાં શ્રીનગરથી પઠાણકોટ સુધી મોટરમાં આવ્યા. મોટરનો માર્ગ ઘણો લાંબો, લગભગ ૨૫૦ માઈલ જેટલો છે ને વધારે ભાગનો માર્ગ પર્વતનો છે. એ માર્ગ વિશે કેટલીક માહિતી મળી. કહે છે કે પાકિસ્તાને કાશ્મીર પર આક્રમણ કર્યું તે પછી તરત જ મોટા માર્ગની રચના શરૂ થઈ. લાખ્ખો લોકોએ રાતદિવસ મહેનત કરીને માત્ર ત્રણેક માસ જેટલા થોડા વખતમાં એ માર્ગ પૂરો કર્યો. મોટા મોટા પહાડોને તોડી નાખ્યા ને સરખા કર્યાં. હવે તો તે માર્ગે મોટરો દોડે છે. એવા પહાડી માર્ગો તો ભારતમાં કેટલાય છે. તેમનો વિચાર કરવાથી શું આપણને પ્રેરણા મળતી નથી ? મારે કહેવાની મુખ્ય વાત એ છે કે મજબૂત પહાડોને પણ માણસે તોડી પાડ્યા છે ને કામમાં લીધા છે તો પોતાની જાતનો સુધાર કરવો એમાં તે વળી શી મોટી વાત છે ? માણસ ધારે તો પોતાની જાતના સુધારનું કામ સહેલાઈથી કરી શકે છે. પણ તે માટે તેણે તૈયાર થવું જોઈએ, તેની ઈચ્છા હોવી જોઈએ, ને તેણે સતત પરિશ્રમ કરવો જોઈએ. તે વિના કશું જ થઈ શકે તેમ નથી.

માણસો સાધના કરે સત્સંગ કરે, છતાં પણ સુધરે નહિ, તો નક્કી સમજવું કે તેમને સુધરવાની ઈચ્છા જ નહિ હોય. જેને સુધરવું છે, તે તો પોતાની મેળે પણ સુધરી શકે છે. તેને માટે સત્સંગની જરૂર છે જ એવું નથી. સત્સંગ તેને મદદ જરૂર કરી શકે છે. બાકી તો માણસે પોતે સુધરવાનો નિર્ણય કરવો જોઈએ. હું

તમારાં કપડાં સારામાં સારો સાબુ વાપરીને ધોઈ આપું, ને બગલાની પાંખ જેવા ધોળાં કરી દઉં, પણ તે કપડાં તમારાં હાથમાં આવ્યા પછી તમે જો ગંદા પાણીમાં બોળતા જાવ, તો તેમની સ્વચ્છતા કેવી રીતે સચવાશે ? કપડાંને ચોક્ખાં રાખવાની તમારી મરજી પણ જોઈએ, તે વિના મારા એકલાની મદદ કેટલીક ટકશે ? સત્સંગનું પણ એવું છે. તેનો લાભ લેનારને સુધરવાની ખરેખરી ઈચ્છા હોવી જોઈએ. નહિ તો સત્સંગ કે ઉપદેશની અસર 'તમે બોલો છો અને અમે સાંભળીએ છીએ' એવી ઉપરચોટિયા જ થશે.

મનની મજબૂતીની સાથે પ્રમાણિકતાની તરફ પણ ધ્યાન આપવાની જરૂર છે. ગયે વરસે અમે બજારમાંથી એક નાની સરખી છરી ખરીદી. છરી દેખાવે ઘણી સુંદર હતી. લાલ ને લીલા રંગવાળો તેનો હાથો, જોનારના મનને મોહિત કરી દે તેવો હતો, પણ કેટલાક વખત પછી તેને વાપરવાની શરૂઆત કરી, ત્યારે ખબર પડી કે તે તદ્દન નકામી હતી. શાક સમારવાનું કામ પણ સારી રીતે કરી શકે નહીં એવી તેની દશા હતી. કોઈ કારીગર પાસે ધાર કઢાવીએ ત્યારે જ તે કામ આપી શકે તેમ હતી. હજી એ છરીને અમે રાખી મૂકી છે. તમે જુઓ તો તમને પણ મોહ થયા વિના રહે નહિ. એવાં તેનાં રૂપરંગ કે વેશપલટાને વળગી રહીને બેસી રહેવાનું નથી. અંદર એક ને બહાર બીજી ને બહાર એક ને અંદરખાને બીજી એવી બેવડી અભિનય દિશાને તેણે પોષવાની નથી. બહાર ને અંદરથી તેણે એક રંગવાળા બનવાનું છે. પવિત્ર ને શક્તિશાળી થવાનું છે, તેમજ પ્રમાણિક ને નિખાલસ થઈ રહેવાનું છે. વિચાર, વાણી ને વર્તનની એકતાને પોષવાની છે. ત્યારે જ તેનો ઉદ્ધાર થઈ શકે. તે પોતાની જાતને ત્યારે જ તારી શકે.

**[ ૧૪ ] ભક્તિ શૂરવીરની છે**

સાધના ભક્તિનો માર્ગ કાંઈ રમત નથી. એ તો ખરાખરીનો ખેલ છે. સાધના કે ભક્તિના માર્ગમાં અનેક પ્રલોભનો આવે છે, ને વિઘ્નોનો મુકાબલો પણ કરવો પડે છે. જે તેથી ડરી જાય, હતાશ કે નિરાશ થઈ જાય, ને ફસાઈ જાય, તે તેને પાર કરી શકતો નથી, ને સાધનાની સફલતાના આનંદની પ્રાપ્તિ પણ કરી શકતો નથી. એટલે તો ભક્તિને 'શીશતણું સાટું' કહેવામાં આવે છે. નિર્બળ મનના માણસોનું તેમાં કામ નથી. ચંચલ ચિત્તવાળા સાધકો તેમાં પ્રવેશ કરી શકતા નથી. તેવા માણસો તો કોઈ આપત્તિ આવતાં પોતાના માર્ગને મૂકી દે છે. પ્રલોભનો આવતાં તેમાં ફસાઈ જાય છે. એવા માણસો શું કરી શકે ? ભક્તિની સાધના તો શૂરવીરને માટે છે. તે જ તેનો પાર પામી શકે છે.

માણસો થોડુંક કષ્ટ પડતાં બેચેન બની જાય છે ને સાધનાનો માર્ગ મૂકી દે છે, પણ કષ્ટ તો પ્રહ્લાદને પણ પડ્યું હતું. એ કષ્ટ કેટલું ભયંકર હતું ? ધ્રુવજીને જે યાતના સહન કરવી પડી તે પણ ક્યાં ઓછી હતી ? મીરાંને શું વિપત્તિ વેઠવી પડેલી નહિ ? મોરધ્વજ રાજાને અને ભક્ત સુધન્વાને શું સંકટ પડ્યાં નહતાં ? તેની આગળ આજના માણસનાં સાધારણ સંકટ શી વિસાતમાં છે ? કષ્ટો પડે કે ના પડે, ભક્તિમાર્ગની સાધનામાંથી કોઈએ પાછા હઠવું જોઈએ નહિ. પ્રભુની પ્રાર્થના કરવાથી, ભક્તિનું સતત સેવન કરવાથી બધાંયે કષ્ટો ને પ્રલોભનો દૂર થઈ જશે ને જીવન સફળ બનશે એવી દૃઢ શ્રદ્ધાથી સૌએ ભક્તિનો આનંદ અનુભવતા રહેવું જોઈએ.

**[ ૧૫ ] ભગવાન ભક્તોને રક્ષે છે ને તારે છે**

આ સંસારમાંથી તરી જવાનો માર્ગ એક જ છે. તેને તમે ભક્તિ કહો, શરણાગતિ કે સર્વ સમર્પણ કહો, કે પ્રેમ કહો. નામ જુદાં છે. શબ્દો કે પ્રયોગો અલગ અલગ છે, બાકી ભાવ એક જ છે બાળકની બધી સંભાળ માતા રાખે છે, તેમ તમે પણ ઈશ્વરરૂપી મહાન માતાના બાળક બની જાવ. બાળક જેમ માને પ્રેમ કરે છે તેમ તમે ઈશ્વરરૂપી માતાને પ્રેમ કરો. પછી તમારી બધી જ જવાબદારીઓનો ભાર તે ઉપાડી લેશે, ને તમારી બધી રીતે રક્ષા કરશે. તમારે કોઈ પણ જાતની ચિંતા કરવાની રહેશે નહિ. જીવનમાં પ્રલોભનો ને ભયસ્થાનોની સામે તમે નિર્ભય બની જશો ને સમૃદ્ધિ તેમજ સંકટમાં સલામત બનશો. સંસારનો કોઈયે જીવાત્મા આ વસ્તુની ખાત્રી કરી શકે છે. નાતજાત કે રૂપરંગના ભેદ વિનાના ઈશ્વરના મંદિરમાં પૂજારી બનીને કોઈપણ પ્રાણી પ્રવેશી શકે છે, ને ઈશ્વરની કૃપાથી જીવનનો ઉદ્ધાર કરી શકે છે. ગીતાના સુમધુર સંગીત દ્વારા ભગવાને, સમસ્ત માનવજાતિને–કહો કે સમસ્ત સૃષ્ટિને પોતાની કૃપાનો સંદેશ સંભળાવ્યો છે. ભગવાન કહે છે કે મારા સ્મરણમાં ને મનનમાં મગ્ન બનીને જે મારી કૃપા માટે ઝંખે છે, મારા ધ્યાનમાં મસ્ત બને છે, ને મારે માટે બીજા બધાં કર્મોનો ત્યાગ કર્યો છે, કેવળ મને પ્રસન્ન કરવાના કામમાં જ મન લગાડી દે છે, તેવા પ્રેમી ભક્તોને માટે મારા દિલમાં અપાર પ્રેમ જાગી જાય છે. બાળકને જોઈને જેમ માતાના અંતરમાં પ્રેમ ને આનંદ ઉભરાઈ ઊઠે છે, બાળકને ભેટવા માટે તેનું મન આતુર બની જાય છે, તે પ્રમાણે તેવા પ્રેમી ભક્તોને જોઈને મારા દિલમાં આનંદ આનંદ છવાઈ જાય છે, ને પ્રેમનો અતિરેક થાય છે. તેવા પ્રેમી ભક્તોને જોઈને મને શાંતિ વળે છે. છેવટે તેમને મારા દર્શન કે સમાગમનો લાભ આપીને કૃતાર્થ કરી દઉં છું, બધી રીતે ન્યાલ કરું છું.

માનવના સાંસારિક સુખ માટે જ નહિ, પણ આધ્યાત્મિક કલ્યાણ માટે આટલી ચોક્કસ ગેરંટી આપનાર બીજું કોણ હોઈ શકે ? પોતાના બાળકોને ઉદ્ધાર માટે આવો આશાભર્યો દસ્તાવેજ કરી આપનાર, આવો ઉત્તમમાં ઉત્તમ લેખ લખી આપનાર ઈશ્વર વિના બીજું કોણ હોઈ શકે ? પોતાની જાતની સલામતીની ને સદા માટેની સુખાકારીની ગેરંટી આપવાની શક્તિ પણ માણસમાં નથી, તો પછી બીજાની સલામતીની ચોક્કસ ગેરંટી તો તે કેવી રીતે આપી શકે ? કદાચ તે માટેનો લેખ લખી આપે, કે દસ્તાવેજ કરી આપે, તો પણ તેનો વિશ્વાસ શો ? પરંતુ ઈશ્વરને માટે તેવું નથી. ઈશ્વરની વાણી ‘અબી બોલ્યા અને અબી ફોક’ જેવી નથી. તે તો ચોક્કસ છે, ઈશ્વર તો સર્વ શક્તિમાન છે. પરમ સત્યમય છે. ભક્તોની રક્ષા કરવાનું તેમનું જીવનવ્રત છે. તે પ્રમાણે આજ સુધીમાં તેમણે અનેક ભક્તોની રક્ષા કરી છે એટલે તેમની વાણી સાચી છે, તેમાં શંકા કરવાનું કોઈ જ કારણ નથી. તેમાં વિશ્વાસ રાખવાની જરૂર છે. તેથી આપણને લાભ જ લાભ છે, અને ગેરલાભ કોઈ પણ દશામાં નથી. ભગવાને જે ગેરંટી આપી છે તેનો વિચાર કરીને ભગવાનમાં આપણી શ્રદ્ધાભક્તિ વધવી જોઈએ. ભગવાનને માટેનો અનુરાગ આપણા અંતરમાં વધારે ને વધારે પ્રમાણમાં જાગવો જોઈએ, ને ભગવાનની કૃપા મેળવવા આપણે આતુર બનવું જોઈએ.

ભગવાને આવી અભયવાણી સંભળાવી છે, પછી આપણે ભય રાખવાનું શું કારણ છે ? ભગવાનની આટલી બધી કૃપા છતાં પણ એવા કેટલાય અભાગી માણસો આ જગતમાં છે જે તેમને યાદ કરતા કે ભજતા નથી. તેમના નીતિ નિયમોની વિરૂદ્ધ વર્તવામાં ને તેમની હાંસી કરવામાં જ તેમને ગૌરવ લાગે છે. એવા

માણસો દુઃખી થાય છે, ચિંતાતુર બને છે, વિપત્તિ વેઠે છે છતાં ભગવાનની તરફ જોતાં નથી, ભગવાનની કૃપાનો વિચાર કરીને તેમને ભજતા નથી, ને ભગવાનની વધારે ને વધારે પાસે પહોંચવાનો પ્રયાસ કરતાં નથી એ આશ્ચર્ય છે, જગતનાં કેટલાક આશ્ચર્યોમાં આ પણ એક આશ્ચર્ય છે, ને મોટું આશ્ચર્ય છે. આપણે તેનો અંત લાવવાનો છે. તે કેવી રીતે તે જાણો છો ? ભગવાનના પ્રેમી બનીને. ભગવાનને પરમ શ્રદ્ધા ને ભક્તિથી ભજીને ને ભગવાનની કૃપા મેળવવાની મહેનત કરીને. તે મહેનતમાં છેવટે પાર ઉતરીને, સફળમનોરથ થઈને કે વિજયી બનીને માનવજીવનનું ગૌરવ આપણે આ રીતે જ જાળવી શકીશું. માનવજીવનની મહત્તાનું ગીત પણ એ રીતે જ ગાઈ શકીશું. નહિ તો પછી આપણામાં ને જંગલી જનાવરમાં ઝાઝો ફેર શો રહેશે ?

**[ ૧૬ ] ભક્તોનાં બધાં દુઃખ ભગવાન દૂર કરે છે**

ભક્તોનું મોટામાં મોટું દુઃખ કયું તે જાણો છો ? તે ભૂખે રહેવું પડે તો ભૂખે રહી શકશે, ટાઢ ને તાપ વેઠી શકશે, વેદના સહન કરવી પડે તો તેને પણ સહન કરી શકશે, તેમની રહીસહી સામગ્રી ને ઘરવખરી લૂંટી લો તો તે ચલાવી શકશે, ને ઘરની બહાર કાઢવામાં આવે તો ઘરની બહાર પણ રહી શકશે. સાધારણ માણસો તે બધાને વધારે મહત્વના માને છે એટલે તે રોઈ ઉઠશે. પણ ભક્તના કકળાટ કરવાનું ને વિલાપ કરવાનું કારણ જુદું જ હશે. તેમનુ મોટામાં મોટું દુઃખ બીજું જ છે. બધી વસ્તુ વિના રહેવાનો પ્રસંગ આવે તો તે રહી શકશે પણ ઈશ્વર વિના નહિ રહી શકે. ઈશ્વરનો વિરહ તેમને માટે ખૂબ દુઃખદાયક થઈ પડશે. ઈશ્વરના વિરહની વેદનામાંથી વહેલામાં વહેલી તકે બહાર નીકળવાની તે કોશીશ કરશે. ઈશ્વરની કૃપાથી એ દુઃખ ને વેદનામાંથી પણ તે છૂટી શકે છે. ભક્તોનાં સાધારણ દુઃખો તો ઈશ્વરની કૃપાથી દૂર થાય છે જ પરંતુ વિરહના મહાન દુઃખનો પણ અંત આવે છે. ભક્તો પર કૃપા કરીને ભગવાન તેમની સામે હાજર થાય છે ત્યારે ભક્તો આનંદમાં આવી જાય છે. ભગવાનના જે રમણીય રૂપને જોવાની ઝંખના લઈને તે વરસોથી જીવે છે, તે રૂપને પોતાની સામે પ્રગટ થયેલું જોઈને તેમના આનંદનું ઠેકાણું રહેતું નથી. તેમનું જીવન કૃતાર્થ થઈ જાય છે. તે વખતે તેમની દશા કેવી અલૌકિક થઈ જાય છે તે કોણ કહી શકે ? તેનું વર્ણન કરવાની તાકાત કોનામાં છે ? શેષ ને શારદાને પણ તેનો પૂરેપૂરો ચિતાર આપતાં સંકોચ થાય, તો પછી સાધારણ માણસનું તો તેમાં ગજું જ શું ? એટલે આપણે તે દશાના વર્ણનના ઊંડાણમાં નહિ ઉતરીએ. આપણે તો કેવલ એટલું કહીશું કે અત્યંત આનંદ ને સુખવાળી તે દશાનો અનુભવ કરીને ભક્તો પોતાનું બધું દુઃખ ભૂલી જાય છે, પોતાની વેદના ને વેઠેલી વિપત્તિને વિસરી જાય છે, ને સુખમય બની જાય છે. ભગવાનનું દર્શન થયું એટલે તેમના જીવનનો ભાગ્યોદય થઈ ચૂક્યો. તેમના સૌભાગ્યનો સૂરજ સોળે કળાએ ખીલી ચૂક્યો. તેમના દુઃખ, દર્દ, ક્લેશ, પરિતાપ ને મૃત્યુ પર કાયમને માટે પડદો પડી ચૂક્યો.

ભગવાનના દર્શનની ઝંખના કરનારા ભક્તોએ એવા મહાપુરૂષોના જીવનમાંથી પ્રેરણા લેવાની છે. ભગવાનની અભયવાણીમાંથી પણ તેમણે આશા, સ્ફુરણા ને હિંમત મેળવવાની છે. ભગવાન પોતાની રક્ષા કરવા ને છેવટે દર્શન દઈને બધા દુઃખોને દૂર કરવા તૈયાર છે એમ સમજીને તેમણે સદાયે આગળ વધવાનું છે. જીવનમાં જડતાનો સંચાર થાય, નિરાશા આવે, કે કોઈ કારણથી શોક છવાઈ જાવ, ત્યારે ભગવાનના અભયવચનને યાદ કરવાનાં છે. ભગવાને આપેલી બાંહેધરીને યાદ કરવાની છે, ભગવાનની કૃપા ને

કરૂણામાં વિશ્વાસ વધારવાનો ને હાલમડોલમ થતી સાધનાની નૈયાને ઠેકાણે લાવીને સ્થિર કરવાની છે. મનને મોહિત કરનારા પ્રસંગો જીવનમાં ઘણાયે આવશે. તેની અસરથી મન ચંચલ પણ બનવા માંડશે, કેટલીકવાર પુરૂષાર્થના ફળ ને સાધનાની સિદ્ધિ વિશે શંકા પણ ઊભી થશે. તેવે વખતે ભગવાનના કોલને યાદ કરો. ભક્તોની રક્ષા કરવા માટે અપાયેલા તેમના વચનને યાદ કરો. તેના પર વારંવાર વિચાર કરો. તેની સાથે પ્રાર્થનાનો આધાર લો. ચંચલતા, શંકા ને મિથ્યા મોહનાં વાદળાં એકાએક દૂર થશે, ને જીવનમાં નવું જોમ ને નવો પ્રકાશ ઊગી નીકળશે. ભક્તો કે સાધકોએ આ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

**[ ૧૭ ] ભક્તોનાં લક્ષણ**

ભક્તિના સૂરના અનુસંધાનમાં ભગવાન હવે ભક્તોનાં લક્ષણો કહી બતાવે છે. ભક્તોને ઓળખવા કેવી રીતે ? સાધારણ માણસમાં ને તેમનામાં શો ભેદ છે ? ભક્તોની નાડીપરીક્ષા કેવી રીતે કરવી ? ભક્તોને ઓળખીને તેમનો લાભ કેવી રીતે ઊઠાવવો ? એ બધાં મુદ્દા આપોઆપ ઊઠે છે. ભગવાન તેમનો ઉત્તર આપતા હોય, તેમનું સ્પષ્ટીકરણ કરતાં હોય તેમ પોતાની વાતને હવે આગળ ચલાવે છે.

ભગવાનના પ્રેમમાં મગ્ન બનેલા ભક્તો ઈશ્વરની કૃપા વિના મળી શકતા નથી. તેમનું દર્શન કાયમને માટે કલ્યાણકારક થઈ પડે છે. તેમના સમાગમથી માણસને શાંતિ મળે છે, માણસના અંતરના સૂતેલા સંસ્કારો તેમનો સત્સંગ કરવાથી જાગી ઊઠે છે. તે સંસ્કારોને પોષણ મળે છે. ભક્તોનો મહિમા એવો અજબ છે. પણ તેમનું દર્શન થાય કેવી રીતે ? તેમના દર્શનની ઉત્કટ ઈચ્છા થવાથી, તેમને મળવાની લગની લાગવાથી, તેમને માટે તરસ લાગવાથી અથવા કહો કે તેમને માટે આકુળવ્યાકુળ બનવાથી. તેવા મહાન ભક્તો ઘણા ઓછા છે છતાં તેમના દર્શન માટે જો હૃદય રડવા માંડે, તો તે જરૂર મળી રહે છે, દર્શન આપે છે ને જીવનને ઉજ્જવલ કરે છે. એવા મહાપુરૂષો સંસારને માટે આશીર્વાદરૂપ છે. તે જ્યાં વસે છે ત્યાં શાંતિ, પ્રેમ ને આનંદનું વાતાવરણ ફેલાઈ જાય છે. ભય, શોક, ચિંતા ને વેદના તેમની પાસે ફરકી શકતાં નથી. એટલે તેમના સમાગમમાં જે આવે છે તે પણ ભય, શોક, ચિંતા ને વેદનાથી પર થાય છે. તે કાંઈ એકાંત વનમાં, પર્વતમાં કે નદીના કોઈ પ્રદેશમાં નિવાસ કરે છે એમ નથી. જ્યાં ખૂબ કોલાહલ થતો હોય એવા વાતાવરણમાં પણ તે વાસ કરે છે. વસતિની વચ્ચે પણ સામાન્ય માણસોની સાથે તે રહેતા હોય છે. પરંતુ તેમને ઓળખવાની કળાનું જ્ઞાન નહિ હોવાથી તે ઓળખાઈ શકતા નથી, એ તો જ્યારે કોઈ જાણકાર ઝવેરીના હાથમાં પડે, ત્યારે ઓળખાય છે. અધિકારીજન તેમને જાણી લે છે કે આ તો હીરા છે, મોતી છે, રતન છે ને માણેક છે. બીજા સાધારણ માણસો તેમને કેવી રીતે ઓળખી શકે ? જેમને ભક્તિ માર્ગનો અનુભવ જ નથી. પ્રેમના પરમ દેવતાનો જેને જરા પણ પરિચય નથી, તે તેમને કેવી રીતે પારખી શકે ? મીરાં કહે છે કે 'ઘાયલકી ગતિ ઘાયલ જાણે' તે પ્રમાણે ભગવાનની પ્રેમભક્તિના પ્રભાવથી જેનું હૃદય ઘાયલ થયું છે, ભગવાનના પ્રેમરંગે જેનું હૃદય વત્તુઓછું પણ રંગાયું છે, તે જ ભગવાનના પ્રેમરંગે પૂરેપૂરા રંગાયેલા ને ભગવાનની ભક્તિથી ઘાયલ થયેલા ભક્તોને સમજી શકે છે. પિછાની શકે છે.

ભક્તોની દર્શનની ઈચ્છાવાળા માણસોએ ભક્તોનાં લક્ષણ જાણી લેવાં જોઈએ. ભક્તોને ઓળખવામાં તે તેમને મદદ કરશે. તેના જ્ઞાનથી સારા ને નરસા. સાચા ને ખોટા ભક્તોની વચ્ચે ભેદ પાડવાનું કામ સહેલું

બનશે. હંસ કેટલો વિવેકી છે ! પાણી ને દૂધમાંથી તે દૂધને અલગ કરી શકે છે એમ કહેવાય છે. માણસે પણ તેવા વિવેકી બનવાનું છે. હંસ બનીને તેણે સાચા ભક્તોને કે સંતોને ઓળખી કાઢવાના છે ને તેમનો લાભ લેવાનો છે. જો તેનામાં વિવેક કે કસોટી કરવાની શક્તિ નહિ હોય, તો એ બધું કેવી રીતે બની શકશે ? સારા ને નરસાની પસંદગી કરવાની કળામાં તે પારંગત કેવી રીતે બની શકશે ? માટે જ તેણે ભક્તોનાં લક્ષણ જાણવાની જરૂર છે.

સાધારણ માણસોને માટે તો ભક્તોના લક્ષણનું જ્ઞાન જરૂરી છે જ. પણ ભક્તોને માટે પણ તે ઓછું ઉપયોગી નથી. દર્પણમાં જોવાથી જેમ મુખ સાફ છે કે કેમ તે તરત જણાઈ જાય છે, તેમ ભગવાનને વર્ણવેલા લક્ષણો પરથી પોતે ખરેખર ક્યાં ને કેવાં છે તેની ભક્તોને પણ ખબર પડી જશે. ભક્તોનાં લક્ષણો કહી બતાવીને ભગવાને ભક્તોની સામે દર્પણ મૂકી દીધું છે. તે દર્પણમાં જેની મરજી હોય તે પોતાનું મોઢું જોઈ લે. જોઈને બેસી જ ના રહે, પણ મોં પર જે ડાઘ દેખાય તે દૂર કરવાની કોશીશ કરે ને સ્વચ્છ, નિર્મલ ને સુંદર બને. ભગવાને કહેલાં લક્ષણો જાણી લઈને માણસે પોતાના જીવનમાં ડોકિયું કરવાનું છે ને વધારે ને વધારે સારા થવાનો પ્રયાસ કરવાનો છે. ચારિત્ર્યનું ઘડતર કરવા તૈયાર થવાનું છે. બહારની ગમે તેટલી ભક્તિ કરવામાં આવે, પણ જો ચારિત્ર્યનાં ઘડતર તરફ ધ્યાન આપવામાં નહિ આવે તો ભક્તિનો આનંદ નહિ મળે. ભક્તની સાધના પાંગળી જ રહે, એથી આપણે વારંવાર કહ્યું છે કે ચારિત્ર્યનું ઘડતર સાધનાની મુખ્ય વસ્તુ છે.

ભક્તો માનવ જ નહિ, પરંતુ જીવમાત્ર પ્રત્યેના પ્રેમથી ભરેલા હોય છે એકલા મનુષ્ય પર પ્રેમ કરવાનું કોઈ કારણ નથી. એકલા મનુષ્યમાં જ કાંઈ ભગવાનનો વાસ નથી, તે તો જીવમાત્રમાં વસી રહ્યા છે. પશુ, પ્રાણી, પંખી ને વનસ્પતિ બધામાં રમી રહ્યા છે. એટલે ભક્તો તેમનું દર્શન જીવમાત્રમાં કરે છે. સમસ્ત સંસારમાં તે પોતાના પ્યારા પ્રભુની પ્રતિમા જુએ છે. સમસ્ત સંસારને પ્રેમ કરે છે.

ભક્તોનું હૃદય પ્રેમથી ભરેલું હોય છે. તેમના મનમાં જે ભાવનાઓ ઊઠે છે, તે પણ પ્રેમમય હોય છે. તેમના વિચારો પણ પ્રેમાળ હોય છે. તેમની વાણીમાં પણ જાણે પ્રેમદેવતા પ્રત્યક્ષ થતા હોય તેવું દેખાય છે. તેમની આંખ ને તેમની નજર પ્રેમથી ભરેલી હોય છે. તેમના મુખને જુઓ તો તે પણ પ્રેમથી પ્રકાશતું દેખાય છે. પ્રેમદેવતાનું જાણે વિશ્રાંતિસ્થાન હોય એવું લાગે છે. તેમનું શરીર પણ પ્રેમમય હોય છે. પ્રભુના પ્રેમમાં સ્નાન કરીને તેમનું તન, મન ને અંતર પાવન થયું હોય છે. બધી દશામાં ને બધે સ્થળે તે પ્રેમની મૂર્તિ જેવા જ દેખાય છે. એ પ્રેમ પ્રભુનો પવિત્ર પ્રેમ છે એટલે તેમાં મોહ ને મલિનતાનો અવકાશ જ નથી, વિલાસ તેમજ વાસનાને તેમાં સ્થાન જ નથી.

જ્યાં પ્રેમ જ પ્રેમ છે, ત્યાં દ્વેષ કેવી રીતે હોઈ શકે ? ભક્તો પ્રેમથી ભરેલા છે, એટલે તેમને કોઈયે પ્રાણી પ્રત્યે દ્વેષ કે વેરની ભાવના નથી. દ્વેષની આસુરી વૃત્તિ તેમનાથી દૂર ને દૂર રહે છે. મન, વચન ને કાયાથી તે કોઈના દ્વેષી બનતા નથી. બીજા માણસો કે પ્રાણીની વાત તો દૂર રહી પણ જેમણે તેમનું કાંઈ બગાડ્યું હોય છે, જે તેમનો તિરસ્કાર કરે છે, ને જે તેમના તરફ વેરભાવ રાખે છે, તેને પણ તે પ્રેમ કરે છે, આલિંગન આપે છે ને તેનું પણ મંગલ ઈચ્છે છે. બૂરૂં કરનારનું પણ ભલું કરવા તે સદા તૈયાર રહે છે. કોઈ

નીંદે, ટીકા કરે, ગાળ દે કે ઈજા કરે, તો પણ તે પોતાનો પ્રેમભાવ છોડીને શત્રુભાવ ધારણ કરી શકતા નથી. તેમનો સ્વભાવ જ એવો થઈ ગયો છે કે તે પ્રેમ વિના બીજું કાંઈ આપી શકતા જ નથી.

ઈતિહાસ આપણને શીખવે છે કે વેરની સાથે પ્રેમથી મુકાબલો કરો, તો તમારો વિજય થશે, ને ગમે તેવા વેર ને વેરીનું હૃદય પ્રેમના પ્રભાવથી, આજે નહિ તો કાલે, વહેલું કે મોડુ પલટાઈ જશે, ને પાવન બનશે. પ્રેમ ને શાંતિના ફળ સદા મીઠાં છે. દ્વેષ કે વેરનો માર્ગ કાંટાળો ને માણસનો પોતાનો નાશ નોતરનારો છે. માટે તેથી સદા દૂર રહેવું.

ભક્તો કોઈને પોતાના શત્રુ સમજતા નથી. બીજા ભલે તેમને શત્રુભાવથી જુએ, ને તેમને ત્રાસ આપવાનો પ્રયાસ કરે, તે તો પ્રેમથી ભરેલાં હોય છે, એટલે બધાને મિત્રતાથી જુએ છે. તેમનું હૃદય કરૂણાથી ભરેલું હોય છે. એટલે દીન, દુઃખી, રોગી, પતિત, અશાંત ને બંધનમાં સપડાયલા જીવો માટે તેમના દિલમાં દયાનાં ઝરણાં વહ્યાં કરે છે. પાપી ને પતિતને જોઈને સાધારણ માણસો મોં મચકોડે છે, ને તેમની નિંદા કરે છે. પણ ભગવાનના પ્રેમી ભક્તોનું વલણ તેવું હોતું નથી. તે તો બધામાં પોતાના પ્રિયતમ પ્રભુનું દર્શન કરે છે ને તેથી પાપી તથા પતિતને પણ આલિંગન કરવા તૈયાર રહે. સૌને તે સહાનુભૂતિથી જુએ છે ને પ્રેમરસમાં સ્નાન કરાવે છે. દીન દુઃખી ને રોગીને જોઈને તેમનું હૃદય રડી ઊઠે છે. તેમના દુઃખને દૂર કરવા તે બને તેટલો પ્રયાસ કરે છે, ને બંધનમાં બંધાયેલા તથા અશાંતિની આગમાં જલી રહેલા જીવોને મુક્તિ તથા શાંતિનો સંદેશો સાંભળીને મુક્ત ને શાંત કરવાની તે કોશીશ કરે છે તેમનું અંતર માખણ જેવું કોમળ હોય છે, પણ માખણમાં ને તેમનામાં તફાવત એટલો જ છે કે માખણ પોતાની ગરમીથી પીગળે છે જ્યારે તેવા મહાપુરૂષો પોતાના દુઃખ દર્દ ને તાપથી નહિ, પણ બીજાના તાપથી પીગળે છે કે દ્રવી જાય છે. તેમનો સ્વભાવ જ એવો હોય છે કે બીજાના દુઃખ દર્દને તે મૂંગે મોઢે જોઈ શકતા નથી. એ સ્વભાવને લીધે જ સંસારને પ્રેમ ને કરૂણાની મૂર્તિ જેવા બુદ્ધ, મહાવીર, ઈશુ, મહમ્મદ, જરથુસ્ત્ર ને શંકર મળી શક્યા છે. બીજા પણ કેટલાય મહાપુરૂષો, ઈશ્વરના સગુણ કે નિર્ગુણ સ્વરૂપમાં માનનારા ભક્તો સંસારમાં નાનાં મોટાં કલ્યાણનાં કામ કરતાં જીવી ગયા છે. પ્રેમ ને કરૂણાની મૂર્તિ જેવા એ મહાપુરૂષોને આપણા અનેકાનેક વંદન હો ! તેમની કૃપા આપણા પર વરસે ને તેમની જેમ આપણે પ્રેમ ને કરૂણાની મૂર્તિ બની જઈએ એવો આશીર્વાદ તે આપણને આપી દે. તે તો કૃપાળુ ને સૌનુંય હિત ચાહવાવાળા છે, એટલે કૃપા જરૂર કરશે.

જેનામાં કોઈપણ જાતનું અભિમાન છે તેને ભક્ત કહી શકાય જ નહિ. કોઈ ભક્તિ કરતો હોય, છતાં તેનામાં જો અભિમાનનો અંશ કાયમ હોય તો તેની ભક્તિ હજી કાચી છે એમ જ કહી શકાય. તુલસીદાસે અભિમાનને પાપનું મૂળ કહ્યું છે. અભિમાન અધોગતિ કરનારૂં છે. સાધકે તેનાથી દૂર જ રહેવું જોઈએ, ને સાચા સાધકો કે ભક્તો તેનાથી દૂર રહે છે. તેમનામાં અભિમાનનો છાંટો પણ હોતો નથી. તે અત્યંત નમ્ર હોય છે. ખીચડી જ્યાં સુધી કાચી હોય છે ત્યાં સુધી કઠણ હોય છે પણ પૂરેપૂરી પાકી થતાં તદ્દન નરમ થઈ જાય છે. તે પ્રમાણે શરૂઆતના કે અધકચરા બાળકોમાં અક્કડપણું ને અહંકાર વધારે દેખાય છે, પણ સાધના પાકી થતાં અથવા પ્રેમભક્તિના માર્ગે વધારે ને વધારે આગળ વધતાં, માણસ વધારે ને વધારે નમ્ર બનતો જાય છે.

અહીં આપણે અભિમાન ને ગૌરવ વચ્ચેનો તફાવત સમજી લેવો જોઈએ. ગૌરવ સારી વસ્તુ છે. તે સદ્‌ગુણ ગણાય છે. મહાપુરૂષોની અંદર આપણે તેનું દર્શન કરી શકીએ છીએ. પરંતુ અભિમાન એક અવગુણ છે, કહો કે અસુર છે. તેનો તો અંત જ લાવવો જોઈએ. મહાપુરૂષોએ સતત જાગ્રત રહીને ને પરિશ્રમ કરીને તેનું નમ્રતામાં રૂપાંતર કર્યું હોય છે. તેમના જીવનમાંથી પ્રેરણાનો પદાર્થપાઠ લઈને આપણે પણ સરળ ને નિર્મળ તથા નમ્ર બનતાં શીખવાનું છે.

ભક્તોના લક્ષણોને રજૂ કરતાં ભગવાન આગળ પર કહે છે કે 'ભક્તો નિર્મળ હોય છે. એટલે ભક્તોમાં મમતાનો અભાવ હોય છે. હું ને મારું બંને પરસ્પર સંકળાયેલાં છે. હું આવે ત્યાં મારું પણ આવી જ જાય. હું ને મારું બંને માતા ને પિતા જેવાં છે.' તે બંનેનો સમાગમ થતાં રાગ ને દ્વેષ, કામ ને ક્રોધ ને એવું બીજું દુર્ગુણોનું લશ્કર તૈયાર થાય છે, ને માણસ તેના પાશમાં સપડાય છે. પરંતુ ભક્તોની દશા તો જુઓ. તેમનામાં હું પણું કે અહંકાર જ નથી. પછી મારાપણાનો ભાવ કે મમતા તો હોય જ ક્યાંથી ? હું ને મારું બંનેને મારી નાંખીને તેમણે તું ને તારામાં વાસ કર્યો હોય છે. એટલે કે તે ઈશ્વરમય થયાં હોય છે. તેમનું સમગ્ર જીવન ઈશ્વરમય ને ઈશ્વરની સાથે એક થઈને સંવાદી થઈ ગયું હોય છે. તે સંસારમાં રહે છે, વ્યવહાર કરે છે તો પણ સંસાર ને વ્યવહારથી પર થઈને જીવી રહે છે. સંસારના છાંટા તેમને ઊડતા નથી તેમના પ્રભુપરાયણ જીવનમાં સંસારનો કોઈયે પ્રસંગ, કોઈયે વ્યવહાર અંતરાયરૂપ બનતો નથી. તેમની દશા 'સબમેં હૈ ઔર સબમેં નહિ' જેવી હોય છે. કડછી જેમ જુદાજુદા ખોરાકમાં ફરે, પણ ખોરાકના સ્વાદથી પર રહે છે. ખોરાકના જુદાજુદા સ્વાદ સંબધી પૂછો તો તેની પાસેથી કોઈ ખુલાસો નહિ મળી શકે; તે પ્રમાણે ભક્તો સંસારમાં રહેવા છતાં સંસારના સ્વાદથી પર રહે છે. સંસારનો ડાઘ તેમને લાગી શકતો નથી. વળી સંસારના ગમે તેવા સારા કે નરસા, અનુકુળ કે પ્રતિકુળ વાતાવરણમાં રહેવા છતાં પણ પ્રભુના પ્રેમનો અનુભવ કર્યા વિના તે રહી શકતા નથી. સમસ્ત સૃષ્ટિના સ્વામી અવિનાશી પરમાત્માને જ તે પોતાના માને છે, ને પ્રેમ કરે છે. તેમની સાથે તે મમતાના મીઠા સંબંધે બંધાઈ જાય છે. 'ગોવિંદો પ્રાણ અમારો રે' એવા પ્રેમભાવમાં તે ડૂબી જાય છે.

સંસારમાં રહીને તેઓ પોતાને ફાળે આવેલી ફરજો જરૂર બજાવે છે. તે પ્રમાણે કેટલાંક માણસોની સંભાળ રાખે છે, ને સેવા પણ કરે છે. કર્તવ્યનું પાલન તો માણસે કરવાનું જ છે. પોતાની ફરજ પણ બજાવવાની છે. જો બધા જ માણસો મમતાનું બહાનું કાઢીને પોતાની ફરજ બજાવવાનું છોડી દે, અથવા તો પોતાના કર્તવ્યનો ત્યાગ કરે, તો સંસારનું ચિત્ર કેવું કરૂણ ને કદરૂપું થઈ જાય તેની કલ્પના કરી લો. સંસારમાં ભયંકર ગડબડ ને અવ્યવસ્થા થઈ જાય. કોઈ કોઈના તરફ જુએ નહિ, ને કોઈને મદદ કરવાની કોશીશ પણ કરે નહિ. એવી દશામાં આ જગત જીવવા જેવું ભાગ્યે જ રહે. એટલે આપણે ફરજ કે કર્તવ્યના પાલનનો ભંગ કરવાનું કહેતા નથી. તેનો વિરોધ કરવાનો પાઠ પણ શીખવતા નથી. તેવા પાઠમાં આપણે માનતા પણ નથી. આપણે તો ગીતામાતાના બાળકો છીએ. ગીતામાતાનું દૂધ પીને ઉછરનાર છીએ. એટલે ગીતામાતાને વફાદાર રહેવામાં માનીએ છીએ. એટલે આ સંબંધમાં ગીતામાતા શું કહે છે તે પણ જાણી લઈએ.

અર્જુને ધનુષબાણ મૂકી દીધાં છે ને ભગવાને તેની આગળ ગીતાનું સનાતન સંગીત ગાવાની શરૂઆત કરી છે તેનું કારણ શું ? કારણ એ જ કે તેને મોહ થયો છે. સ્વજનોને જોઈને મમતા થઈ છે. તેમની સાથે લડવું સારું નથી એમ માનીને તેણે શસ્ત્રો છોડી દીધાં છે. એટલે તે પોતાની ફરજ ભૂલી ગયો છે. તેની યાદ અપાવવા જ ભગવાને ગીતાના સનાતન સંગીત દ્વારા પ્રયાસ કરવાની શરૂઆત કરી છે. એટલે મમતા ને મોહના ખોટા અંચળા હેઠળ અર્જુન પોતાનાં કર્તવ્યનો રાહ મૂકી દે એ ભગવાનને પસંદ નથી. તેવી જ આશા ભગવાન આપણી પાસે રાખે છે એટલે આપણે કર્તવ્ય, કર્મોને કરતાં કરતાં પણ મમતાથી મુક્તિ મેળવવાની કોશીશ કરવી જોઈએ. જીવનનો સાચો આનંદ ત્યારે જ મળી શકે. સંસારમાં રહેવું પણ મન ભગવાનમાં જ રાખવું. એ મહાન મંત્રની દીક્ષા ભગવાને સાધારણ માણસો ને ભક્તો બંનેને આપેલી છે. આપણે તેનો વહેલામાં વહેલી તકે લાભ ઉઠાવીએ ને જીવનને ઉજ્જવલ કરીએ.

અત્યંત તાપ પડે છે ત્યારે પર્વતો તપી ઊઠે છે, ને રસ્તાની રેતી પણ અગન વરસાવતી લાગે છે, પરંતુ તાપ ને છાયાની વચ્ચે ભક્તો અડગ ઊભા રહે છે, એ તેમની વિશેષતા છે. દુઃખથી તે ડગી જતા નથી ને સુખ જોઈને છકી જતા કે ભાન ભૂલતા નથી. સુખ મળે કે દુઃખ પડે, પ્રભુના પ્રેમરસનો આસ્વાદ લઈને તે આનંદ કરે છે. તેમનો સ્વભાવ જ એવો છે. સુખ ને દુઃખ બંનેને તે પ્રભુની પ્રસાદીરૂપ સમજે છે. પ્રભુની ઈચ્છા પ્રમાણે પોતાના જીવનમાં આવતાં એ અતિથિનો સત્કાર કરવા તે સદા તૈયાર રહે છે. કેટલાક ભક્તો તો ભગવાન પાસે દુઃખની જ માગણી કરે છે. તે કહે છે કે ‘પ્રભુ, તમે અમને દુઃખ જ આપજો. કેમ કે દુઃખમાં તમારું સ્મરણ વધારે સારી રીતે થઈ શકે છે.’ આપણે એ રીતે દુઃખની માગણી કરવાનો વિચાર રાખતા નથી. કેમ કે દુઃખ કેટલીકવાર માણસને નિર્બળ બનાવી દે છે, ચિંતાતુર કરી દે છે. તેની દશા ઘણી કફોડી કરી મૂકે છે. દુઃખમાં તેની શક્તિઓ કટાઈ જાય છે, ને તેને કોઈ સારું સાંસારિક કામ પણ સારી રીતે કરવાનું સુઝતું નથી, તો ઈશ્વરની ઉપાસના જેવું મોટું કામ તો સૂઝે જ કેવી રીતે ? સંસારમાં કેટલાક મહાપુરૂષો ગરીબી ને દુઃખમાં ઉછરીને મોટા થયા છે, ને વધારે શક્તિશાળી બન્યા છે એ વાત સાચી છે. છતાં પણ એ દુઃખ એ કોઈ ઈચ્છવા જેવી વસ્તુ નથી. તેવા મહાપુરૂષોને જો વધારે સારું ને સુખી વાતાવરણ મળ્યું હોત તો તેમનું જીવન વધારે મહાન બની શકત, ને તેમની શક્તિઓ વધારે પ્રમાણમાં સચવાઈ રહેત. વળી ઈશ્વરનું સ્મરણ કરવા દુઃખની જરૂર છે જ એમ પણ નથી. સુખ આવે કે દુઃખ બંને દશામાં આપણે તો ઈશ્વર સ્મરણ કરવું પડે છે.

સુખ ને દુઃખનો આધાર શેના પર રહે છે તે જાણો છો ? કરેલાં તેમજ કરવામાં આવતાં કર્મો પર. આજ સુધીમાં આપણે જે કર્મો કર્યાં છે, તેના ફળરૂપે આપણને સુખ કે દુઃખની પ્રાપ્તિ થાય છે. હવે કર્મોનો એ નિયમ છે કે જે વાવ્યું છે તે લણવાનું છે, ને જેવું કર્યું છે તેવું પામવાનું છે. એ નિયમ અફર છે. તે નિયમ પ્રમાણે જ કાંઈ સારું કે નરસું આવી મળે તે બડબડાટ કર્યા વિના કે કોઈને કોઈ જાતનો દોષ દીધા વિના શાંતિપૂર્વક ભોગવી છૂટવું. એમાં ડહાપણ રહેલું છે. સંતો કે ભક્તો એ ડહાપણથી ભરેલા હોય છે તેથી સુખ ને દુઃખમાં મનને સ્થિર રાખે છે. પ્રભુની ઈચ્છા પ્રમાણે જે વખતે જે દશા મળે, તેમાં તે પ્રસન્ન રહે છે, ને ન્યાય, નીતિ, સત્ય ને ધર્મનો માર્ગ છોડતા નથી. પ્રભુને ભૂલતા પણ નથી.

હરિશ્ચંદ્ર રાજા સતવાદી કહેવાય છે. તેમને તારામતી જેવી સ્વરૂપવાન સ્ત્રી હતી. તે અર્ધે વસ્ત્રે વનમાં ફર્યા ને નીચ ગણાતા માણસને ત્યાં પાણી ભરીને રહ્યા, છતાં તેમણે ધર્મનો ત્યાગ કર્યો નહિ. પરમાત્માને તે

ભૂલ્યા નહિ. પ્રહ્‌લાદને પણ કાંઈ ઓછા દુઃખ નથી પડ્યાં. તેના પિતાએ તેના પર કેટલાય કષ્ટો વરસાવ્યા, તો પણ તેમણે પરમાત્માને મૂક્યા નહિ. તેમના જેવા કષ્ટો સંસારમાં બીજા કોઈએ ભક્તે એટલી નાની ઉંમરમાં નથી વેઠ્યાં છતાં તે ડગ્યા નહિ. કષ્ટો પડવા છતાં પ્રેમમાં મગ્ન બનેલી મીરાંએ પ્રભુને મૂકી દીધા નહિ. નરસિંહ ને તુકારામ જેવા ભક્તોને પણ દુઃખ નથી પડ્યાં એમ નહિ. કૃષ્ણ ભગવાનની જેમના પર મીઠી નજર હતી, તે પાંડવોને પણ કેવાં કેવાં દુઃખોમાંથી પસાર થવું પડ્યું છે ? શક્તિના સાક્ષાત અવતાર જેવી સીતા ને પાર્વતી માતાએ પણ કેવાં કેવાં કષ્ટો વેઠ્યા છે ? સીતામાતાનું તો સમગ્ર જીવન જ દુઃખથી ભરેલું હતું. ને એવા કેટલાય ભક્તોએ એકેકથી ચઢી જાય તેવાં દુઃખો વેઠ્યાં છે, છતાં તેમણે ન્યાય, નીતિ ને ધર્મને છોડી દીધાં નથી. સત્યનો ત્યાગ કર્યો નથી. પ્રભુને ભજવાનું મૂકી દીધું નથી, તેમની સાધના ચાલુ જ રહી છે. એ મહાન સ્ત્રીપુરૂષોનો વિચાર કરીને આપણે પ્રેરણા મેળવવાની છે, ને સુખ તથા દુઃખની દશામાં પ્રભુને યાદ કરવાના છે, કવિ દલપતરામના શબ્દોમાં 'સુખદુઃખ મનમાં ના આણીએ' ની દશાએ પહોંચવાનું છે.

દુઃખ જોઈને કકળો, પોક મૂકો, રડો, વિલાપ કરો કે છેવટે આપઘાત કરવાનો પ્રયાસ કરો, તો પણ દુઃખ કાંઈ દૂર થવાનું નથી. એટલે નાહક કકળાટ કરવાનું છોડી દઈ, દુઃખમાં પ્રભુને યાદ કરો ને મદદ માગો. દુઃખ દૂર થાય તે માટે પ્રભુને પોકાર કરો. પ્રભુની પ્રાર્થનાનો આધાર લો. તમારી પ્રાર્થના સાંભળીને પ્રભુ તમારા દુઃખને દૂર કરશે, અથવા તો દુઃખને શાંતિથી સહન કરવાની શક્તિ આપશે, દુઃખના જે લેખ લખાઈ ચૂક્યા છે, તે ગમે તેવી પ્રાર્થનાથી પણ કેવી રીતે મટી શકશે, એવી નાહક શંકામાં પડતા નહિ. પ્રભુ તો સર્વશક્તિમાન છે. ખરા દિલથી તેમની પ્રાર્થના કરો તો તમારું ભારેમાં ભારે દુઃખ પણ તે દૂર કરી શકે છે. એમાં શંકા કરવાની હોય જ નહિ. એ વાતની અજમાયશ તો કરો. તમને તેની સચ્ચાઈની ખાત્રી થશે.

ક્ષમાનો ગુણ ભક્તોમાં સ્વાભાવિક રીતે જ ભરેલો હોય છે. તમે તેમની ટીકા કરો, નિંદા કરો, પજવણી કરો કે તેમને ત્રાસ આપો છતાં પણ તેમના અંતરનો પ્રેમ કદાપિ ઘટી જવાનો નથી. તમને મળવા, ભેટવા ને પ્રેમ કરવા તે સદા તૈયાર જ રહેવાના. કુહાડી ચંદન પર પ્રહાર કરે છે છતાં ચંદનનું ઝાડ સામો પ્રહાર કરતું નથી. ઊલટું, તે તો બદલામાં કુહાડીને પોતાની સુવાસ આપે છે. તેનો સ્વભાવ જ એવો છે. તે પ્રમાણે સંતો બીજાને પોતાની સુવાસનું દાન કરવા સદા તૈયાર રહે છે. બુરૂં કરનારનું પણ તે સદા ભલું કરે છે. તેમનું હૃદય પવિત્ર, પ્રેમાળ ને સાગર જેવું વિશાળ હોય છે. તે સમજે છે કે માણસ ભૂલો કરવા ટેવાયેલો છે, ને ભૂલો કરતાં કરતાં જ છેવટે સુધરે છે. વળી કોઈયે પોતાનું અહિત કર્યું કે પોતાની નિંદા કરી, તે પણ ઈશ્વરની ઈચ્છાને લીધે જ, ઈશ્વરનો તેમાં કોઈ શુભ હેતુ હશે ને તે દ્વારા ઈશ્વર પોતાનું મંગલ કરવા માગતા હશે એમ માનીને તે શાંતિ જાળવે છે. પ્રત્યેક કાર્યની પાછળ પ્રભુનો સંકેત સમજીને તે આનંદ અનુભવે છે.

**[ ૧૮ ] હરિદાસની વાત**

હરિદાસનું નામ ભક્તોમાં સારી પેઠે જાણીતું છે. તે ચૈતન્ય મહાપ્રભુના શિષ્ય હતા. જન્મે મુસલમાન હોવા છતાં તેમને ભગવાન શ્રીકૃષ્ણના દર્શનની લગની લાગી હતી. કૃષ્ણના પ્રેમમાં તે મગ્ન હતા. તે વખતના મુસલમાન નવાબો ને કાજીઓ એવી ધાર્મિક સહિષ્ણુતા કે ઉદારતામાં માનતા ન હતા. ધર્મને નામે સમાજમાં વધારે ભાગે સંકુચિતતા, કટ્ટરતા, બળજબરી ને અધર્મને જ પોષવામાં આવતાં હતાં. તે વખતના

કાજીએ હરિદાસજી મુસલમાન હોવા છતાં હિંદુ દેવતાની ઉપાસના કરે છે એવો આરોપ મૂક્યો. હરિદાસજી તો સાચા ભક્ત હતા. તેમણે કહ્યું કે 'દેવતા એક જ છે. તેને બધા પોતપોતાની રુચિ પ્રમાણે જુદા જુદા નામ ને રૂપથી ભજે છે, દેવતા ને કોઈ જાત થોડી છે ?'

પણ કાજી તો કટ્ટર હતો. તે કાંઈ એમ ને એમ સહેલાઈથી માની લે ? એક મુસલમાન હિંદુ ધર્મ અને દેવતાને માને ને સેવે તે તેનો મોટો અપરાધ હતો. જાણે આકાશ તૂટી પડવા જેવું હતું. તેણે હરિદાસજીને અપરાધી જાહેર કર્યાં, ને બાવીસ ફટકાની સજા ફરમાવી. હરિદાસના ઉઘાડા શરીર પર ફટકાનો માર પડવા માંડ્યો. કેટલો જંગલી જુલમ ! કેવો ઘોર અત્યાચાર ! ને તે પણ ધર્મને નામે. ફટકાના મારથી હરિદાસજી બેહોશ બની ગયા. કાજીના સૈનિકો સમજ્યા કે તેમનું મૃત્યુ થયું છે એટલે તે તેમને મૂકીને ચાલતા થયા.

લાંબે વખતે હરિદાસજી હોશમાં આવ્યા. તેમને થયું કે કાજીને મળવું જોઈએ. તે કાજીની પાસે હાજર થયા. તેમની નિર્ભયતા, સચ્ચાઈ ને પ્રભુપરાયણતા જોઈને કાજીનું હૃદય પલટાઈ ગયું. તેણે તેમની માફી માગી. ભગવાનના મહાન ભક્તે ઉત્તર આપ્યો કે 'હું તો બધે મારા પ્યારા પ્રિયતમ શ્રીકૃષ્ણને જ જોઉં છું. તે જ બધું કરે છે. જે વખતે તે મને જે દશામાં રાખે છે, તેમાં સંતોષ માનું છું. તે પ્રિયતમની ઈચ્છા પ્રમાણે જ બધું બને છે. પછી તેમાં માફી માગવાની વાત જ ક્યાં છે ? મને કોઈ પ્રત્યે વેર નથી. કોઈયે મારું બૂરૂં કર્યું અથવા તો કોઈ મારું બૂરૂં કરી શકે છે એમ હું માનતો જ નથી. પ્રભુની ઈચ્છા પ્રમાણે જ બધું થયા કરે છે ?'

હરિદાસના શબ્દો કાજીના હૃદય પર ભારે અસર કરી ગયા. પ્રેમ, નિર્વૈર ને ક્ષમાનો મહિમા એવો ભારે છે. તેને સમજીને આપણે જીવનમાં પ્રેમ, નિર્વૈર ને ક્ષમાના ગુણને અપનાવવો જોઈએ.

**[ ૧૯ ] ભક્તોનાં બીજા લક્ષણો**

સંસારના વધારે ભાગના માણસોની દશા કેવી છે ? શરીર ને ઈન્દ્રિયોના સુખની ઝંખના કરનારા માણસો ઠેર ઠેર દેખાય છે. ખાવું, સૂવું, બની શકે તેટલા ભોગવિલાસ કરવાં ને એક દિવસ એકાએક સંસારમાંથી વિદાય લઈને પાછા જન્મ ને મરણના ચક્રમાં પ્રવેશવું એ જ તેમનું કામ છે. પરમાત્માને મેળવવા ને બધી જાતનાં બંધનોને તોડીને મુક્ત થવા તે મહેનત કરતા નથી. તેવી જાતની મહેનત કરવામાં તેમને ગાંડપણ લાગે છે. ભક્તોની દશા એથી ઊલટી હોય છે. તે જાણે છે કે શરીર ને ઈન્દ્રિયોનું સુખ ગમે તેવું આકર્ષક ને મનને મોહિત કરનારું હોય તો પણ તે સુખ ક્ષણિક છે. માણસને સંપૂર્ણ શાંતિ આપનારું નથી. માણસનો ઉદ્ધાર કરવાને બદલે કેટલીકવાર તે તેના રસકસને ચૂસી લે છે, ને તેને બરબાદ કરી દે છે. છતાં ધારો કે તે સુખ સારું છે, પણ તેથી જ કાંઈ માણસે જીવનભર તેની પાછળ પડવાની જરૂર નથી. તેના જીવનનું ધ્યેય જુદું જ છે.

જીવનની બધી શક્તિને એકાગ્ર કરીને તેણે પૂર્ણતા મેળવવા કે પરમાત્માની પ્રાપ્તિ કરવા પ્રયાસ કરવાનો છે. તે પ્રયાસમાં તેણે સફળ થવાનું છે. પરમાત્માના દર્શનનું સુખ શરીર ને ઈન્દ્રિયોના સુખ કરતાં હજારો ગણું વધારે કિંમતી છે. તે પરમાત્માના મિલનનો આનંદ જગતના બીજા બધી જાતના આનંદથી વધારે છે. પૂર્ણતાની પ્રાપ્તિનું સુખ સૌથી શ્રેષ્ઠ છે. તેની સરખામણી સંસારના બીજા કોઈયે સુખ સાથે થઈ શકે તેમ નથી. તે સુખને મેળવવા માટે જ જીવનમાં સાધના કરવી જોઈએ એમ માનીને ભક્તો સંસારના

ક્ષણિક સુખમાંથી પોતાના મનને પાછું વાળી લઈને, સુખના પરમસ્વરૂપ પરમાત્મામાં જોડી દે છે ને પરમાત્મા સાથે પ્રીત કરે છે. પરમાત્માની પ્રાપ્તિ કરવા તે તલપાપડ બની જાય છે. તન, મન, વચનથી તે એક પરમાત્માને જ ભજે છે, ને જ્યારે પરમાત્માનું દર્શન થઈ જાય, સર્વ પ્રકારની અલ્પતાનો અંત આવીને જ્યારે પૂર્ણતા મળી જાય, ત્યારે જ તેમને શાંતિ મળે છે.

પરમાત્માના દર્શન માટે દૃઢ નિશ્ચય કરીને તેવા ભક્તો ક્ષણેક્ષણનો સદ્દપયોગ કરે છે તેમનું મન ઘણું મજબૂત ને તેમનો સંકલ્પ પ્રબળ હોય છે. ગમે તે હિસાબે પોતાનું કામ પૂરું કરવા તે પ્રયાસ કરે છે. તે વિના તેમને ચેન પડતું જ નથી. તેમના માર્ગમાં મુસીબતો આવે, વિઘ્નો આવે તો પણ તે ડરતા નથી. અંતરાયો આવે, તો પણ તે પોતાની આગેકૂચ અટકાવતા નથી. પ્રલોભનો તેમની સાધનાના પંથમા આવીને ઊભા રહે, તો તેમાં ફસાઈને તે પોતાનું ધ્યેય ભૂલતાં નથી. મજબૂત મનથી તે આગળ ને આગળ વધ્યે જ જાય છે. જ્યાં સુધી ધ્યેય પર પહોંચાય નહિ, ત્યાં સુધી વિસામો ખાવાનું કે હાશ કરીને બેસવાનું તેમને ગમતું નથી. સાધનાના માર્ગની આંટીઘૂંટીઓ તે સારી રીતે જાણે છે. એટલે ખૂબ સાવધાની ને કુશળતાપૂર્વક પોતાનું કામ કર્યે જાય છે. પરમાત્માને મેળવવાથી જ પરમ શાંતિ મળી શકે છે, ને પરમાત્માનો સાક્ષાત્કાર કરી તેમની સાથે એકતા સાધવાથી જ અક્ષય સુખના ભાગી થઈ શકાય છે.

ભક્તોનાં લક્ષણો જાણીને તમારે ભક્ત કે સંત બનવા તૈયાર થવાનું છે. તમારું જીવન એટલા માટે જ છે એ વાત યાદ રાખજો. ભક્તોનાં લક્ષણો અર્જુનની ને આપણી આગળ રજૂ કરવામાં ભગવાન શ્રીકૃષ્ણનો ને મહર્ષિ વ્યાસનો એ જ હેતુ છે કે સંસારના બધા સભ્યો એમને પોતાના જીવનમાં ઉતારે ને જીવનને પ્રભુમય કરી દે. આ પછી પણ ભગવાન ભક્તોનાં કેટલાંક બીજા લક્ષણો કહેવાનું ચાલુ રાખે છે. એ બધાં લક્ષણોનું સરવૈયુ કાઢીએ તો કહી શકાય કે ભક્તો શરીરે પવિત્ર હોય છે. તે ગંદકીના નહિ પણ સ્વચ્છતાના ઉપાસક હોય છે. તેમની વાણી મીઠી, સાચી ને વિચારવાળી હોય છે. તેમનું મન નિર્મલ હોય છે. કામ, ક્રોધ, દંભ ને અહંકાર જેવા અસુરો તેમની પાસે ફરકી શકતા નથી. ઉત્તમ વિચાર ને ભાવનાથી તે ભરેલા હોય છે. તેમની ચંચળતા દૂર થઈ હોય છે, તેમણે મન ને ઈન્દ્રિયો પર કાબૂ કર્યો હોય છે. ભય ને ચિંતાનો ત્યાગ કરીને તે પોતાની બધી જવાબદારી પ્રભુને સોંપીને નિશ્ચિત બની જાય છે. પ્રભુ જ્યાં રાખે છે ત્યાં રહે છે, ને જેમ રાખે તેમ રહીને પ્રભુની પ્રસન્નતા માટે પ્રયાસ કરે છે તેમની પ્રવૃત્તિ સંસારને માટે સદાય કલ્યાણકારક હોય છે.

આવા ભક્તોનાં દર્શન ખૂબ દુર્લભ છે. જેને તેમના દર્શનનો લાભ મળી જાય છે, તે સર્વ પ્રકારે સુખી થાય છે. જીવનના રણમાં ફરતા મુસાફરોને માટે તે ભક્તો મહાન શાંતિદાયક ને આશીર્વાદરૂપ સાબિત થાય છે. એટલે તેવા ભક્તોનો સમાગમ કરવા સદાય તૈયાર રહેવું.

શુદ્ધિ, સમતા ને પ્રભુપરાયણતા એ ત્રણ શબ્દોમાં ભક્તોનાં લક્ષણોનો સાર સમાઈ જાય છે. ભક્તોનું જીવન સદાને માટે એકસરખું હોતું નથી. કદીક તેમને સુંદર ભોજન મળે છે, તો કદીક ભૂખે પણ રહેવું પડે છે, કદીક પૃથ્વી પર તો કદીક પલંગ પર સૂવાનું મળે છે. કદી કદી તેમને પહેરવા માટે સારાં વસ્ત્રો ને ઓઢવા માટે શાલદૃશાલા મળી રહે છે, તો કદીક તે ઉઘાડા શરીરે ને ફાટ્યાં તૂટ્યાં વસ્ત્રો પહેરીને ફરે છે. કોઈવાર મઢૂલીમાં તો કોઈકવાર મહેલમાં ને કોઈકવાર વસતિમાં તો કોઈવાર વનમાં વિહાર કરે છે. સંજોગો પ્રમાણે

તે પોતાનું જીવન પસાર કરે છે. પરંતુ એક વાત સાચી છે કે બધી દશામાં તેમના અંતરનો તાર ભગવાનની સાથે જોડાયેલો જ રહે છે. ભગવાનના પ્રેમમાં તે ડૂબેલો રહે છે, ને પરમશાંતિ તથા આનંદનો અનુભવ કરે છે.

સાચા ભક્તો જ સાચા સંતો છે. આપણે એવા સાચા સંત કે ભક્ત થવાનો પ્રયાસ કરવાનો છે. આપણે પરમાત્માસ્વરૂપ, સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ને આનંદસ્વરૂપ છીએ. પરંતુ આપણા એ દરજ્જાથી આપણે કોઈ કારણથી ભ્રષ્ટ થયા છીએ. તેથી તો આપણે અસત્ય, અજ્ઞાન, શોક ને મોહમાં રમીએ છીએ. મુક્ત હોવા છતાં પણ બંધનોમાં સપડાઈએ છીએ, ને સ્વભાવે પવિત્ર હોવા છતાં અપવિત્ર થઈને ફરીએ છીએ, એ દશાનો અંત લાવીને આપણે આપણા મૂળ સ્વરૂપમાં ફરીથી પ્રતિષ્ઠિત થવાનું છે. જે સિદ્ધાંતો, નિયમો કે બંધારણનું પાલન કરવાથી એ કામ કરી શકાય, તે સિદ્ધાંતો, નિયમો કે બંધારણના માળખાને આપણે ધર્મ કહીએ છીએ. તેનાથી આપણે આપણા મૂળ સ્વરૂપને ધારણ કરીએ છીએ. જેનાથી ધારણ કરાય તે ધર્મ. ધર્મના માર્ગે ચાલવાથી જીવનનો વિકાસ સાધી શકાય, ને મુક્ત તથા પૂર્ણ બની શકાય તેમ છે.

તીર્થોમાં પ્રયાગરાજનો મહિમા વધારે ગણાય છે. નદીમાં ગંગા, ઝાડમાં પીપળો ને ઋતુમાં વસંત ભગવાનની વિભૂતિરૂપ મનાય છે, તે પ્રમાણે ધર્મના રહસ્યોની રજૂઆત કરનારી ગીતામાં આ અધ્યાય ધર્મના સાર રૂપ છે. ધર્મની કામધેનુને દોહીને મૃત્યુલોકનાં માનવીઓ માટે ભગવાને આ અધ્યાયમાં અમૃત કાઢી લીધું છે. તેનું શ્રદ્ધાપૂર્વક સેવન કરો તો દુઃખ, દર્દ, તાપ ને મૃત્યુમાંથી મુક્તિ મળી જશે એટલી બધી તેની શક્તિ છે. ભગવાન કહે છે કે 'હે અર્જુન, ધર્મનો આ સાર મેં તને ટૂંકમાં કહી સંભળાવ્યો. તેને શ્રદ્ધાપૂર્વક જીવનમાં ઉતારનાર ભક્ત મને અત્યંત પ્રિય છે.' ભગવાનના કૃપાપાત્ર થવા માટે ને ભગવાનનો પ્રેમ મેળવવા માટે શું કરવું જોઈએ તે વાતની સમજ પણ ભગવાનના આ છેલ્લા શબ્દો પરથી સહેજે પડે છે. જગતના બધા જ જીવો એ શબ્દો પ્રમાણે પ્રેમ કે ભક્તિને માર્ગે ચાલે ને જીવનને સફળ કરે એવું ઈચ્છીને આપણે ગીતાના હૃદય જેવા આ મહત્વના અધ્યાયની વિચારણા પૂરી કરીશું. મૃત્યુલોકનાં માનવીને આપણે સંદેશો મોકલીશું કે 'આવો ને આ અમૃતનું પાન કરો. અમૃતના પાનથી ધન્ય ને અમર બનો.'

☼ ☼ ☼

# અધ્યાય તેરમો : ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ

૧) સાધનામાં પથ્યની જરૂર
૨) નામજપન ક્યોં છોડ દિયા
૩) અનુભવની જરૂર
૪) સદાશિવ બ્રહ્મની વાત
૫) આત્માની અમરતા
૬) જ્ઞાન માટે નમ્રતા જરૂરી
૭) જ્ઞાનના મહાવાક્યો
૮) સાચો જ્ઞાની
૯) સરળતા, ગુરૂસેવા
૧૦) જ્ઞાનની સફળતા

**[૧] સાધનામાં પથ્યની જરૂર**

ગયા અધ્યાયમાં આપણે ભક્તિની સાધના સંબંધી ઉપયોગી વિચાર કરી ગયા. ભક્તિયોગનો આધાર લઈને ભગવાનની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે છે તથા મુક્તિ, શાંતિ, પરમાનંદ ને પૂર્ણતા કેવી રીતે થઈ શકે છે, તે આપણે જોયું. છેલ્લે છેલ્લે ભક્તોનાં લક્ષણો વિશે પણ વિચારી ગયા. સંસારના સભ્યોને આપણે ધર્મના સાર જેવી અમૃતમય ભક્તિનો આસ્વાદ લેવાનું આમંત્રણ પણ આપી ગયા. તેનો સ્વીકાર કરીને ભક્તિરસનું પાન કરવા સૌ કોઈ તૈયાર થશે એવી આશા પણ આપણે પ્રકટ કરી. અમૃતનો આખો પ્યાલો ભરીને ભગવાને આપણી સામે મૂક્યો છે, તેમાંથી થોડોક રસ પણ જો ચાખી લેવાય તો આપણા રૂપરંગ ફરી જાય. અરે, અમૃતના એ ઉત્તમોત્તમ રસનું એક બિંદુ પણ ચાખી લેવાય તો કોઈની પણ કાયાપલટ થઈ જાય. જીવનમાં અમૂલ ફેરફાર થઈ જાય. એવો તો ઉત્તમ ફેરફાર થઈ જાય કે જેની કલ્પના પણ કરી શકાય નહિ.

પ્રેમ કે ભક્તિની સાધના સરલ ને સહેલી છે છતાં તેમાં ચોકસાઈ રાખવાની જરૂર છે. પ્રેમ કે ભક્તિ જાગી ગઈ એમ ક્યારે કહેવાય ? હૃદય જ્યારે પવિત્ર બની જાય, સ્ફટિક જેવું શુદ્ધ થઈ જાય, ને તેમાં ઈશ્વર વિના બીજી કોઈયે વસ્તુ કે વ્યક્તિનો રાગ ના રહે, ઈશ્વરને મળવા માટે આતુર બનીને તે ઝંખવા ને રોવા માંડે, ને ઈશ્વર વિના તેને ચેન પડે નહિ ત્યારે પ્રેમ જાગ્યો એમ કહેવાય છે. મન પોતાની ચંચળતા દૂર કરીને, ઉત્તમ વિચાર ને ભાવોથી સુશોભિત બનીને, જ્યારે ઈશ્વરના ચરણોમાં જ લીન બને, ને ઈશ્વરના સ્મરણમનનમાં આનંદ માને, ત્યારે પ્રેમ થયો કે ભક્તિ જાગી એમ કહેવાય છે. તેને જગાવવામાં ઈશ્વરનું નામસ્મરણ ને ધ્યાન ખૂબ મદદ કરે છે. નામસ્મરણની શક્તિ ઘણી ભારે છે. મનને શુદ્ધ ને સ્થિર કરવામાં તે મહત્વનો ભાગ ભજવે છે, ને એકાગ્રતા અને આનંદ આપવામાં મોટો ફાળો આપે છે. એટલે સંતો તેમજ શાસ્ત્રોએ નામસ્મરણ કે જપ પર આટલો બધો ભાર મૂકેલો છે. કેવલ જપ કે નામસ્મરણથી પણ સિદ્ધિ મળી શકે છે. સાધનાની સિદ્ધિ માટે બીજા કોઈયે સાધનની જરૂર નથી. જપનું એક જ સાધન પૂરતું છે, એ મહાપુરૂષોના અનુભવની વાત છે. સાધકોની સર્વે જાતની ઈચ્છા, આશા ને મહત્વકાંક્ષાની પૂર્તિ માટે જપ એક અકસીર ઈલાજ છે. બધી જાતની સમસ્યાઓના ઉકેલ માટે તે એક રામબાણ ઉપાય છે, એ વાતમાં શંકા નથી.

ભક્તિ એક રસાયન છે. ભવરોગ ને બીજાં બધા જ દર્દોની દવા છે. તેમાં નામસ્મરણ ને પ્રભુના ધ્યાનનું મહત્વ વધારે છે. પણ તે યાંત્રિક હોવું નહિ જોઈએ, અંતરના ઊંડાણમાંથી ઊઠવું જોઈએ. તેની પાછળ પ્રેમ હોવો જોઈએ, લગન હોવી જોઈએ, રસ હોવો જોઈએ. તો જ તે આનંદ આપી શકે, ને એકાગ્રતા કે તલ્લીનતા જગાવી શકે. માણસ જે સાધના કરે, તે સમજ ને ભાવપૂર્વક થવી જોઈએ. ભાવ અથવા પ્રેમ તો સાધનાનો પાયો છે; તપ, વ્રત ને ઉપાસનાનો પ્રાણ છે. તેના વિના સાધના નીરસ બને છે. સાધનાની રસોઈ તે વિના ફીકી લાગે છે, માટે નામસ્મરણ, ધ્યાન ને બીજાં સાધનો પ્રેમપૂર્વક કરવા માંડો. તેમાં ભાવની ભરતી કરી દો ને હૃદયના રાગથી તેમને રંગી દો. પછી જુઓ કે કેવો આનંદ આવે છે ! તે સાધનો કેવાં રસભર્યા ને ચમત્કારિક બની જાય છે ! મનની સ્થિરતા ને જીવનના વિકાસમાં તે કેટલાં બધાં મદદરૂપ બને છે ! તેમનાથી તમને કેટલી બધી શાંતિ મળે છે ! તમારી જાતનો ઉદ્ધાર કરવામાં તે કેટલાં બધાં કામિયાબ નીવડે છે ! પણ પ્રેમ, લગન કે ભાવ કાંઈ એકાદ બે દિવસમાં આવે નહિ. આંખ ઉઘાડીને બંધ કરીએ

એટલીવારમાં કાંઈ તેની પ્રાપ્તિ થાય નહિ, કે તેનો ચમત્કાર પણ થાય નહિ. તે માટે તો દિવસો, મહિના ને વરસોની મહેનત કરવી પડશે. સતત સાધના કરવી પડશે. ધીરજ, ખંત ને ઉત્સાહથી થાક કે આળસ વિના આગેકૂચ કરવી પડશે. ત્યારે જ તેની પ્રાપ્તિ થશે. ગમે તેમ, સાધનાનો સાચો આનંદ લૂંટવો હોય તો તમારે તેની પ્રાપ્તિ કરવી જ જોઈએ. તે વિના કોઈ રીતે ચાલે નહિ.

દવા તો લીધી પણ તે માટેનું જરૂરી પથ્ય પાળ્યું નહિ. જે ચરી પાળવી જોઈએ તે ચરી પાળી નહિ. પછી દવાની અસર કેટલીક થાય ? નામસ્મરણ, ધ્યાન ને બીજી સાધના દવાનું કામ કરે છે, પણ તેનું સેવન કરનારે કેટલીક ચરી પાળવાની છે. સાધનાની આ બીજી મહત્વની વાત છે. ચરી પાળ્યા વિના સાધનાનો આનંદ ભાગ્યે જ મળી શકે, સાધના અસરકારક પણ ભાગ્યે જ થાય. એ ચરી કેવી છે તે ખબર છે ? ટૂંકમાં તેમને સદાચાર કે ચારિત્ર્યની ચોખ્ખાઈનું પાલન કહી શકાય. ચારિત્ર્યની ચોખ્ખાઈ સાધનાનો મૂળ પાયો છે તેની મજબૂતી વિના સાધનાની ઈમારત ભાગ્યે જ ઊભી કરી શકાય. માટે પ્રભુપ્રેમના પથિકોને આપણે કહીશું કે ચારિત્ર્યને ચોક્ખું કરજો. સાધનાના માર્ગમાં એ ખૂબ જ મદદરૂપ થઈ પડશે.

**[ ૨ ] નામજપન ક્યોં છોડ દિયા**

પ્રભુની સાથે પ્રેમ કરીને માણસ પોતાના જીવનને ધન્ય કરી શકે છે. પ્રભુના નામમાં મન લગાડીને પરમસુખનો ભાગી બની શકે છે. જીવનમાં કરવા જેવું મુખ્ય કામ તે જ છે. પણ બહુ જ થોડા માણસો એ કરવા જેવું મુખ્ય કામ કરે છે, એ એક આશ્ચર્ય છે. પ્રભુનું શરણ ને સ્મરણ માણસને માટે મંગલકારક છે. જે વસ્તુનો વહેલામાં વહેલી તકે ત્યાગ કરવો જોઈએ તે વસ્તુ માણસે પાળી છે; ને જેના સેવનથી તે સુખી થઈ શકે તેમ છે, તેને તેણે છોડી છે. કામ, ક્રોધ, અભિમાન, કપટ ને અસત્યનો ત્યાગ કરવાથી લાભ થાય છે. મમતા, મદ ને આસક્તિને છોડવાથી પણ લાભ છે પણ માણસે તેમને પ્રાણપ્રિય માનીને પકડી રાખ્યાં છે ને પ્રભુના નામ ને ધ્યાનનો તેણે ત્યાગ કર્યો છે. એ દશામાં તેના જીવનનું શ્રેય કેવી રીતે થઈ શકે ?

જેની સુંદરતા પાસે સમસ્ત સંસારની સુંદરતા પણ કાંઈ વિસાતમાં નથી, જેના પ્રકાશ પાસે હજારો સૂર્ય ને ચંદ્રનો પ્રકાશ પણ હિસાબમાં નથી, ને જેનું રૂપ, જેના ગુણ, જેની શક્તિ ને મધુરતા સૌથી શ્રેષ્ઠ છે, તે પરમાત્મામાં પ્રીતિ કરવાને બદલે તે પરમાત્માના પડછાયા જેવા સંસારમાં પ્રીતિ કરે છે. શાંતિની ઝંખના કરનારો માણસ સંસારના સુખોની પાછળ દોટ મૂકીને આખરે હતાશ, નાસીપાસ ને બરબાદ થઈ ગયો છે. તેની ઝંખના અધૂરી જ રહી છે. એથી ઊલટું, જે બડભાગી પુરૂષોએ શાંતિની શોધ માટે પોતાની અંદર ડોકિયું કર્યું; ને પરમાત્માની પાસે પહોંચવાનો પ્રયાસ કર્યો, તે પોતાના પ્રયાસમાં સફળ થયા ને જોઈતી વસ્તુ મેળવી ચૂક્યા. તેમનું જીવન પવિત્ર, પાવન કરનારું ને પ્રાણવાન બની ગયું. ભય, શોક, ચિંતા, બંધન ને મૃત્યુ પર વિજય મેળવીને તે પરમાનંદ, પરમશાંતિ ને મુક્તિ મેળવી દયા તથા અમૃતપદની પ્રાપ્તિ કરી શક્યા. સંસારમાં એવા પુરૂષો એક પછી એક થતાં જ રહ્યા છે. તેમની પરંપરા ચાલુ જ રહી છે. તેમનાં જીવન જગતને માટે નવજીવનની પ્રેરણા જેવાં છે, પરંતુ જગતના બહુ જ ઓછા સભ્યોએ તેમાંથી પ્રેરણા લીધી હોય એમ લાગે છે. એટલે જ વધારે ભાગના માણસો હજી અસત્ય, અનીતિ ને અધર્મમાં જીવે છે. દંભ, કપટ ને છળનો આશ્રય પણ એટલા માટે જ લે છે ને એટલા માટે જ ઈશ્વરવિમુખ જીવન જીવે છે.

તેરમા અધ્યાયની શરૂઆતમાં જ ભગવાન અર્જુનને ઉપદેશ આપે છે કે 'હે અર્જુન, આ શરીર ક્ષેત્ર કહેવાય છે, ને આત્મા ક્ષેત્રજ્ઞ છે. આત્મા શરીરમાં વાસ કરે છે; શરીરને શક્તિ, પ્રકાશ કે ચેતના આપે છે. શરીર તેના અસ્તિત્વથી જ ટકે છે.' આ પ્રમાણે ભગવાને આપણું ધ્યાન શરીર ને આત્માની અલગતા તરફ દોર્યું છે. એ વાત સૌએ સારી પેઠે સમજી લેવાની છે કે શરીર ને આત્મા અલગ છે, ને પોતાનું મૂળ સ્વરૂપ આત્મા છે. શરીર તો આત્માનું ઢાંકણ છે. આત્મા તેથી જુદો છે. આ વાત સાચી હોવા છતાં તેને સમજવામાં ને અનુભવવામાં માણસ કેટલીક વાર પાછો પડે છે. શરીરમાં લપટાઈને તે ભાન ભૂલે છે, ને શરીરનો પૂજારી થઈ જાય છે. ભારતના ઋષિવરો તો તત્વમ્ અસિના મહાવાક્યનો ઉપદેશ આપે છે ને કહે છે કે, 'હે માનવ, આ નાના સરખા સાધારણ શરીરને તારું મૂળ નહીં માનતો. આ શરીર તો તારું વસ્ત્ર છે. તું તો અમર, અવિનાશી ને અજન્મા આત્મા છે. જન્મ ને મરણ, હર્ષ ને શોક, રાગ ને દ્વેષ તથા અહંતા ને મમતાથી તું પર છે. જેમ શરીરથી તેમ મન, વાણી ને બીજી ઈન્દ્રિયોથી પણ તું પર છે. પંચમહાભૂતનું શાસન તારા પર ચાલી શકતું નથી. રૂપ, રંગ ને ગુણના ભેદ તને સ્પર્શી શકતા નથી.'

આત્માનું મૂળ સ્વરૂપ કેવું છે તેનું વર્ણન કરતાં મહાપુરૂષો કહે છે કે તે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. કેટલાક તેને સત્ય, શિવ ને સુંદર કહીને સંબોધે છે. શબ્દો જુદા, ભાવ એક. આત્માનો કદી નાશ થતો નથી. તેનું સ્વરૂપ સદા સરખું જ રહે છે. સંસારના બહારના કલેવરમાં ફેરફાર થઈ જાય, તેના બધા જ પદાર્થો જન્મે, વધે, વિકારવશ થાય, ને છેવટે નષ્ટ થાય. પરંતુ આત્મા તો એવો ને એવો જ રહે છે. તે સત્ય છે તેમ જ્ઞાનનો ભંડાર પણ છે. જ્ઞાનનું સાક્ષાત્ સ્વરૂપ છે. અજ્ઞાનરૂપી અંધકાર તેને અડી પણ શકતો નથી. શોક તો તેની પાસે ફરકી પણ કેવી રીતે શકે ? માટે તે પરમાનંદ સ્વરૂપ કહેવાય છે, સુંદર ને મંગલ મનાય છે. સંસારમાં જે સુંદરતાનું દર્શન થાય છે, તે તેની સુંદરતાની છાયારૂપ છે. સમસ્ત સંસારની સુંદરતા કરતાં પણ તેની સુંદરતા વધી જાય છે. અમંગલનો તો તેનામાં અંશ પણ નથી. તેનું સ્વરૂપ જ મંગલ છે. આ આત્મા જ મૂળ સ્વરૂપ છે છતાં વાસ્તવિક રીતે જોઈએ તો માણસ તેને ભૂલી ગયો છે અથવા તે સ્વરૂપનો અનુભવ કરી શકતો નથી એ ચોક્કસ છે.

માણસ મૂળમાં જ્ઞાન સ્વરૂપ છે છતાં જ્ઞાન મેળવવા માટે તે સ્કૂલ ને કોલેજમાં જાય છે, જ્ઞાનીઓનો સમાગમ કરે છે, ને ગ્રંથો વસાવે છે. એ છતાં પણ તેની જ્ઞાનપ્રાપ્તિની ભૂખ ભાગ્યે જ મટે છે. શાસ્ત્રો ને સંતો તેને સત્યસ્વરૂપ કહે છે પણ અસત્યના આધાર વિના તેનું જીવન ભાગ્યે જ ચાલે છે બોલવામાં, કરવામાં ને વિચારવામાં તે અસત્યનો જ આધાર લે છે. સત્ય તો તેના જીવનમાં શોધ્યું જડતું નથી ને તેના જીવનમાં આનંદ પણ ક્યાં દેખાય છે ? પરમ સુખ, પરમ શાંતિ ને પરમાનંદને બદલે તેના જીવનમાં દુઃખ, દર્દ, અશાંતિ ને શોકની છાયા દેખાય છે. તેમાં અવ્યવસ્થા, અસ્વચ્છતા ને આડંબર વ્યાપેલાં છે એમ કેમ ? કારણ કે તે પોતાના સત્યસ્વરૂપથી દૂર છે.

**[ 3 ] અનુભવની જરૂર**

કેટલાક એમ માને છે કે પોતે આત્મસ્વરૂપ છીએ એવો દૃઢ નિશ્ચય કરવાથી બધું કામ થઈ જાય છે. જીવનમાં શોક, મોહ ને વિષાદ દેખાય તો ભલે. મનમાં માની લેવામાં આવે કે આપણે તો નિત્યમુક્ત ને

શુદ્ધબુદ્ધ આત્મા છીએ, એટલે આપણું કામ પૂરું થાય છે, ને આપણે મુક્તિનો ઈજારો મેળવી લઈએ છીએ. તેમની માન્યતા સંબંધી આપણે એટલું કહીશું કે એકલા દૃઢ નિશ્ચયથી કશું જ કામ નહિ થાય. ગમે તેવો દૃઢ નિશ્ચય હોય, પણ તેની પાછળ જો અનુભવનું પીઠબળ નહિ હોય, તો શાંતિ કે મુક્તિ ભાગ્યે જ મળી શકશે. આત્મજ્ઞાન કાંઈ વાતો કરવાની વસ્તુ નથી. આપણે જે આત્મજ્ઞાનની વાત કરીએ છીએ તે મુખ્યત્વે અનુભવનું જ્ઞાન છે. તે માટે પુસ્તકોની મદદ કે બીજી મદદ લેવાની જરૂર તમને જણાતી હોય, તો ભલે, તેવી મદદ તમે લઈ શકો છો, પણ તે લઈને છેવટે તો તમારે અનુભવના આગળના પ્રદેશમાં જ પ્રવેશ કરવાનો છે. તે વિના શાંતિ ભાગ્યે જ મળી શકે.

મેં તર્ક કરવામાં કુશળ એવા કેટલાય પંડિતો જોયા છે. શાસ્ત્રોના સિદ્ધાંતોનું પોપટની પેઠે પારાયણ કરી જાય એવાં વિદ્વાનો પણ જોયાં છે. પરંતુ તેમના જ્ઞાનનો તેમના જીવનમાં મેળ બેસતો નથી. એક પંડિત સાથે તો મારે બહુ જ ઘનિષ્ઠ સંબંધ છે. તેમના જેવી વિદ્વતા બહુ ઓછા માણસોમાં જોવા મળે છે. તે આત્મજ્ઞાન કે વેદાંતના ભારે ઉપાસક છે. છતાં પોતાના જીવનનું નિરીક્ષણ પણ સારી રીતે કરે છે. તે મને વારંવાર ફરિયાદ કરે છે કે આટઆટલું જ્ઞાન હોવા છતાં હજી જોઈએ તેટલી શાંતિ નથી. આપણે આત્મસ્વરૂપ છીએ એવો દૃઢ નિશ્ચય હોવા છતાં કેટલીકવાર તે નિશ્ચયમાંથી ડગી જવાય છે. તેનું કારણ શું ? કારણ એ જ કે અનુભવની ઉણપ. મારે તેમને દરેક વખતે એવો ઉત્તર આપવો પડે છે. એ ઉત્તર સાચો છે. એ વાતનો તે સ્વીકાર કરે છે. આત્મા કે પરમાત્મા સંબંધી જ્ઞાન તો મેળવ્યું, પોતાના મૂળ સ્વરૂપનો નિશ્ચય પણ કરી લીધો; પણ આત્મા કે પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની ખાસ જરૂર છે. એ વિના જ્ઞાનની સાધના અધૂરી જ રહે છે. શરીરથી આત્મા અલગ છે એવો અનુભવ થઈ શકતો નથી. જ્ઞાનમાર્ગના સાધકોએ આ વાત ધ્યાનમાં રાખીને અનુભવના ઊંડાણમાં ઊતરવા ને આત્માનો સાક્ષાત્કાર કરવા સદાયે તૈયાર રહેવાનું છે.

**[ ૪ ] સદાશિવ બ્રહ્મની વાત**

જેમણે આત્માનો સાક્ષાત્કાર કરી લીધો છે, તે શરીરના ગુણધર્મોથી પર રહે છે, ને પોતાની જાતને શરીરથી અલગ અનુભવે છે. એવી અનુભવદશાએ પહોંચેલા મહાપુરૂષો સંસારમાં અવારનવાર થતા જ રહ્યા છે.

દક્ષિણ ભારતમાં શ્રી સદાશિવ બ્રહ્મ નામે યોગી થઈ ગયા. તે દેહભાવથી પર રહેતા. આત્માનો અનુભવ કરીને તે આત્માનંદમાં મસ્ત થઈને સદા રહેતા હતા. કોઈવાર દિવસો ને મહિના સુધી એક સ્થાનમાં વાસ કરે, તો કોઈવાર દિવસો સુધી વિચરણ જ કર્યા કરે. પણ બધી દશામાં તેમની તલ્લીનતા એકસરખી જ રહેતી. એકવાર તે મસ્ત દશામાં ફરતા ફરતા કોઈ મુસલમાન જમીનદાર કે નવાબના જનાનખાનામાં જઈ પહોંચ્યા. તેમના શરીર પર કોઈ વસ્ત્ર ન હતું. શરીર બિલકુલ ઉઘાડું હતું. તેમને જોઈને સ્ત્રીઓ ઊભી થઈ ગઈ, ને હોહા કરવા માંડી. કોઈએ શરમમાં પોતાનું મુખ છુપાવી લીધું. એક મુસલમાનના જનાનખાનામાં એક હિંદુ યોગી બિલકુલ નંગધડંગ દશામાં પહોંચી ગયો છે, એ સમાચાર થોડા જ વખતમાં મુસલમાનને મળી ગયા. સમાચાર સાંભળીને તેના ગુસ્સાનો પાર રહ્યો નહિ. ગુસ્સામાં ને ગુસ્સામાં હાથમાં ઊઘાડી તલવાર લઈને તે દોડવા માંડ્યો. તેને થયું કે યોગીએ જનાનખાનામાં પેસીને મોટો અપરાધ કર્યો છે માટે

તેને શિક્ષા કરવી જોઈએ. તે દોડતો દોડતો જનાનખાનામાં આવ્યો પણ સદાશિવ બ્રહ્મ તો જનાનખાનામાં પેસીને તરત જ બીજે બારણેથી બહાર નીકળી ગયા હતા. તે તો આત્માનંદમાં મગ્ન બનીને આગળ ને આગળ ચાલ્યા જતા હતા. મુસલમાને પાછળથી દોડી આવીને તેમના શરીર પર ક્રોધમાં તલવારનો ઘા કર્યો. ઘા તેમના જમણા હાથની કોણી પર વાગ્યો. તેથી કોણી પાસેથી તેમનો હાથ કપાઈ ગયો. હાથ પૂરેપૂરો કપાઈ ગયો નહિ એટલે કોણી પાસેથી લબડવા માંડ્યો.

એટલો બધો ભારે ઘા લાગ્યો તો પણ સદાશિવ બ્રહ્મ પર જાણે કાંઈ અસર જ થઈ નહિ. શરીરને તે પોતાની જાતથી પૃથક સમજતા હતા, એટલે આત્માનંદમા ડૂબેલા હોય તેમ તે આગળ ને આગળ ચાલવા માંડ્યા. તેમની અલૌકિક દશા જોઈને મુસલમાનને ભારે નવાઈ લાગી. શરીરમાં કાંટો કે ઠેસ વાગે છે તો પણ કેટલી પીડા થાય છે ! કોઈ દર્દ થાય તો પણ કેટલું અસહ્ય થઈ પડે છે ! ત્યારે સદાશિવ બ્રહ્મને તો તલવારનો ઘા થયો હતો છતાં તેમને જરા પણ પીડા થઈ નહિ, તેનું કારણ શું ? કારણ એ જ છે કે તે આત્માની સાથે ઓતપ્રોત હતા, પરમાત્માની સાથે એકતાનો અનુભવ કરતા હતા. તે સદા સમાધિમય દશામાં રહેતા હતા. એ દશાની કલ્પના કોઈ સાધારણ માણસને ક્યાંથી આવી શકે ? એથી જ પેલા મુસલમાનને ખૂબ નવાઈ લાગી. નવાઈ લાગે કે ન લાગે, સદાશિવ બ્રહ્મ તો એવી જ મસ્ત દશામાં આગળ ને આગળ જઈ રહ્યા હતા.

મુસલમાનને થયું કે આ તો મહાન સંત છે, એક ઉચ્ચ કક્ષાએ પહોંચેલા યોગી છે. તેમના પર પ્રહાર કરીને પોતે મોટો અપરાધ કર્યો છે એ વાત સમજાઈ ગઈ. તેને માટે દિલમાં દુઃખ થાય, પશ્ચાતાપ થાય, ને કરેલા અપરાધને માટે માફી માંગી ફરી તેવો અપરાધ ના કરવાનો નિર્ણય થાય, એ જ અપરાધનું મોટામાં મોટું ને સાચું પ્રાયશ્ચિત. સદાશિવ બ્રહ્મ આગળ ને આગળ વધ્યે જતા હતા. તેમના ચરણોમાં પ્રણામ કરીને મુસલમાને માફી માગી, 'પ્રભુ મારાથી બહુ મોટો અપરાધ થઈ ગયો. મારા અપરાધ સામે તમે જોશો નહિ. મને ક્ષમા કરો.'

સદાશિવ બ્રહ્મે મસ્તીમાં ને મસ્તીમાં કહ્યું : 'શાનો અપરાધ ? સંસારમાં મારો અપરાધ કોઈ કરી શકે તેમ છે જ નહિ.'

'તમારા હાથ પર મેં તલવારનો ઘા કર્યો છે.' મુસલમાને ખુલાસો કર્યો. યોગીને તલવાર વાગી છે તો પણ તેમને તેની ખબર નથી એ જાણીને તેને વધારે આશ્ચર્ય થયું. ખરેખર તેમની દશા અજબ હતી.

તેમણે કહ્યું કે 'તલવારનો ઘા ? મારા પર તલવારનો ઘા કોણ કરી શકે ? છતાં કરવામાં આવ્યો હોય તો કાંઈ હરકત નથી. તેમાં માફી માગવા જેવું છે જ શું ?' એમ કહીને તેમણે પોતાના તૂટેલા હાથ પર હાથ ફેરવ્યો. તેનો ચમત્કાર ભારે થયો. તૂટેલો હાથ તરત સારો થઈ ગયો ! એ ચમત્કાર જોઈને પેલો મુસલમાન ખૂબ ભાવભીનો થઈ ગયો. પણ યોગીએ તો આગળ ને આગળ ચાલવા જ માંડ્યું.

શરીરની અલગતાનો અનુભવ આ પ્રમાણે યોગી સદાશિવ બ્રહ્મનો સહજ અનુભવ હતો. એ મહાપુરૂષને આપણા વંદન છે, વારંવારના વંદન છે. તેમનાં આશીર્વાદ આપણા પર ઉતરે, તેમની કૃપાની વર્ષા આપણા પર વરસી જાય, ને આપણે આત્માના અખંડ આનંદની સ્થિતિ પ્રાપ્ત કરીએ તથા શરીરની

આસક્તિથી પર થઈએ, એવી કામના આપણે કરીશું. આત્માના અનુભવથી આપણા પણ અંગાગ આનંદમય થઈ જાય એવી આપણે પ્રાર્થના કરીશું.

**[ ૫ ] આત્માની અમરતા**

આત્મા અમર છે ને શરીર નાશવંત છે, તથા પોતાનું મૂળ સ્વરૂપ આત્મા છે. માટે કોઈ પણ સંજોગોમાં શરીરમાં આસક્તિ કરવા જેવી નથી, તેવી આસક્તિનો કોઈ અર્થ પણ નથી. આસક્તિ એક આત્મામાં જ કરવા જેવી છે. એ ફિલસુફી આ દેશમાં સારી પેઠે પ્રચલિત છે. એ ફિલસુફીને લીધે જ આ દેશનું સ્થાન સંસારમાં ગૌરવંતુ ગણાય છે. આત્માની અમરતાની ને એવી બીજી ફિલસુફીથી અંજાઈને સંસારના બીજા દેશો આ દેશ પ્રત્યે માનની નજરે જોતા થયા છે, ને તેની પાસે આધ્યાત્મિક પ્રકાશ કે માર્ગદર્શનની માંગણી કરે છે. આત્માની અમરતાનાં ગૌરવ ગીતો આ દેશમાં આજ લગી ઘણાં ગવાયાં છે, ને તે ગીતોની જીવંત મૂર્તિ જેવા મહાપુરૂષો પણ કેટલાય થઈ ગયા છે. શરીરને વિનાશી ને સાધારણ સમજીને ધર્મ કે સત્યને માટે ફના થનારાં ને મોટામોટા ભોગો આપનારાં સ્ત્રીપુરૂષો પણ આ દેશમાં ને આ દેશની બહાર ઘણાં થઈ ગયા છે. આત્માની ફિલસુફીના આ દેશમાં શોધાયેલા સિદ્ધાંતો માનવજાતિના આધ્યાત્મિક ઈતિહાસમાં અનુપમ સ્થાન ધરાવે છે. તે સિદ્ધાંતોએ આજ સુધી અનેક માણસોને પ્રેરણા ને પ્રકાશનું દાન કર્યું છે ને શ્રદ્ધા, સદ્‌ભાવના ને શક્તિ પૂરી પાડી છે. કેટલાયના જીવનને તેમણે જડતાથી મુક્ત કરીને ઉજાળ્યું છે.

આ દેશના ને આ દેશની બહારના બધા માણસોએ આત્માની અમરતાની ફિલસુફીને યાદ રાખવી જોઈએ, ને તેને જીવનમાં પચાવવાનો પુરૂષાર્થ કરવો જોઈએ. સાથેસાથે શરીરની મમતા, મોહવૃત્તિ ને આસક્તિનો ત્યાગ કરવો જોઈએ. આત્માના સાક્ષાત્કારને માટે સાધના કરવી જોઈએ. આધ્યાત્મિકતાની કેવલ વાતો કરવાથી કે જ્ઞાન ને વિજ્ઞાનની ચર્ચા કરવાથી સાચા આનંદની પ્રાપ્તિ થઈ શકે નહિ. સાચા આનંદની પ્રાપ્તિ માટે તો અનુભવના પ્રદેશમાં ઊતરવું પડશે. આત્મા ને પરમાત્માની મોટી મોટી વાતો કરનારા ને આત્મજ્ઞાનનો ઘમંડ રાખનારા કેટલાય માણસો શરીર ને વિષયોના મોહમાં ફસાયેલા દેખાય છે, ને ચારિત્ર્યની દૃષ્ટિએ નિર્બળ માલૂમ પડે છે. જે વાતો વિદ્વતા, ને જ્ઞાન ચારિત્ર્યને ચોક્ખું કરીને જીવનની જડતાને દૂર કરી નહી શકે તે વાતો, વિદ્વતા ને જ્ઞાનને શું કરવાનું ? એવી તપશ્ચર્યા ને ઉપાસના પણ શું કામની, જે તેનો આધાર લેનાર સાધકના જીવનને જેવું ને તેવું જ રાખે ને ઉજ્જવલ કરે નહિ ?

જ્ઞાન, ઉપાસના કે તપશ્ચર્યા જીવનના ઉદ્ધાર માટે છે. તે દ્વારા માણસે પોતાના જીવનને પવિત્ર, પ્રેમમય ને પૂર્ણ કરવાનું છે. જીવનમાં પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો છે. તે માટે પુરૂષાર્થ કરવાનો છે. એટલે જ્યાં પણ ચારિત્ર્યની મહાનતા, સત્યતા, પ્રેમ ને પ્રભુપરાયણતા અથવા આત્માની એકરૂપતા દેખાય છે, ત્યાં આપણું મસ્તક નમી પડે છે, હૃદય આનંદ ને આદરભાવથી ભરાઈ જાય છે ને તનમન શાંતિ મેળવે છે. કોરી વિદ્વત્તા ને વાચાળતા જોઈને આ પ્રમાણે બનતું નથી. કોરી વિદ્વત્તા આપણને છક કરી દે છે. મુગ્ધ પણ કરે છે, પણ પાવન કરતી નથી, ને પ્રેરણા કે શાંતિ પણ આપતી નથી. આપણે એવી કોરી વિદ્વત્તાના ઉપાસક બનવા માગતા નથી. આપણને કેવલ જ્ઞાન કે વેદાંતની વાતો કરનારા માણસો જોઈતા નથી. આપણે તો ચારિત્ર્ય, જ્ઞાન ને અનુભવની મૂર્તિ જેવા મહાન આત્મવીરોના દર્શન કરવા છે. તેવા આત્મવીર કે

અનુભવવીર થવાની આપણી ઈચ્છા છે. તે માટે આપણે ઈશ્વરના આશીર્વાદ માગીએ છીએ. ઈશ્વરની સાથે એકતા સાધી ચૂકેલા ઈશ્વરના કૃપાપાત્ર મહાપુરૂષોની કૃપા માગીએ છીએ તેના પ્રભાવથી આપણું જીવન જરૂર મહાન બની શકશે.

**[ ૬ ] જ્ઞાન માટે નમ્રતા જરૂરી**

આત્મા કે પરમાત્મા વિશેનું જે જ્ઞાન છે તે જ સાચું જ્ઞાન છે. વરસોવરસ હજારો વિદ્યાર્થીઓ સ્કૂલ ને કોલેજમાં દાખલ થાય છે, ભણે છે, હજારો વિદ્યાર્થીઓ કોલેજમાંથી ભણતર પૂરું કરીને બહાર આવે છે. એ બધા વિદ્યાર્થીઓ જુદાજુદા વિષયોનું શિક્ષણ મેળવે છે, પણ જે તેમની પાસે છે, તદ્દન પાસે છે, તે આત્મા કે પરમાત્માનું શિક્ષણ મેળવતા નથી. પરિણામ એ આવે છે કે બહારની દુનિયાની માહિતિ મેળવી ચૂકેલો માણસ પોતાની અંદરની દુનિયાથી છેક અજાણ રહે છે. કોઈ માણસ સંસારની બધી વિદ્યા ને સઘળી કળામાં પારંગત થઈ ચૂક્યો હોય, પણ પોતાની જાતને જાણી લેવાની કળામાં કુશળ હોય નહિ તો તેની કળાકુશળતા અધુરી છે. એ કળાની કુશળતા કોઈ સ્કૂલ, કોલેજ કે વિશ્વવિદ્યાલયમાં નહિ મળી શકે. તે માટે તો મોટે ભાગે માણસે પોતે જ મહેનત કરવી પડશે. જીવન આખું એક પાઠશાળા છે. આ સંસાર પણ એક મહાન યુનિવર્સિટી છે. જ્ઞાન મેળવવાની સાધના એમાં ચાલુ જ રહેવી જોઈએ. પોતાની જાતને ઓળખવાની કળામાં માણસે આગળ ને આગળ વધવું જ જોઈએ. ત્યારે જ તેને શાંતિ મળી શકે, ને ત્યારે જ તેનું મસ્તક ગૌરવથી ઊચું રહી શકે. જ્ઞાન મેળવવાની તેની તરસ પણ ત્યારે જ મટી શકે. તે વિના તે યુનિવર્સિટીનું ગમે તેટલું જ્ઞાન મેળવે તો પણ તેની અશાંતિ ટળવાની નથી.

આ વાતનો અનુભવ જીવનમાં ડગલે ને પગલે થઈ શકે છે. જેણે પોતાની જાતને જાણી છે, અથવા આત્મા કે પરમાત્માની સાથે જેણે સંબંધ બાંધ્યો છે, તેની પાસે યુનિવર્સિટીનું જ્ઞાન લઈ ચૂકેલા ને જ્ઞાનવિજ્ઞાનની જુદીજુદી શાખામાં પારંગત થઈ ચૂકેલા માણસો શંકાના સમાધાન ને શાંતિ માટે જમા થાય છે. તેમની પાસેથી જીવનની ઉન્નતિનો માર્ગ મેળવે છે. એ પરથી સાબિત થાય છે કે બહારનું જ્ઞાન માણસના અંતરને શાંતિ કે સંતોષ આપી શકતું નથી. માટે જ આપણા પ્રાતઃસ્મરણીય ઋષિવરોએ કહ્યું છે, 'હે માનવ, આજ સુધી જે બહારનું જ્ઞાન તેં મેળવ્યું છે, તેમાંનું બહુ જ ઓછું જ્ઞાન તને મદદરૂપ થાય તેવું છે. જેનું તારા જીવનમાં જરા પણ કામ નથી, એવો એ એક નિરર્થક બોજો છે. એ ભાર કે બોજાને મગજમાંથી કાઢી નાંખ. મગજને સાફ કર, શુદ્ધ કર, ને તેમાં આત્માનો પ્રકાશ પથરાવા દે. એ કામમાં મદદ મળે તે માટે કોઈ મહાપુરૂષનું સેવન કર. તે વિના જ્ઞાનનો આનંદ નહિ મળે.'

જ્ઞાનની પ્રાપ્તિ માટે અહંકારનો ત્યાગ કરીને જ્ઞાની પુરૂષોની પાસે પહોંચી જવું જોઈએ. એમ કરવામાં વિદ્યા, ધન, કુળ, બળ, કે બુદ્ધિનું મિથ્યાભિમાન આડે આવવું જોઈએ નહિ. નમ્રતા વિના જ્ઞાન મળવું મુશ્કેલ છે, એ વાત યાદ રહેવી જોઈએ, ને નમ્રાતિનમ્ર થઈ જવું જોઈએ. જેને જ્ઞાનની જરૂર છે, તેણે જ્ઞાનીની પાસે પહોંચી જવામાં કોઈ જાતનો સંકોચ  રાખવો જોઈએ નહિ. કેટલાક માણસો સંત, મહાત્મા કે જ્ઞાની પુરૂષોનો લાભ લેવાની ઈચ્છા કરતા હોય છે, પણ કોઈ પ્રકારના અભિમાનને લીધે તે તેમની પાસે જતા નથી. સંત, મહાત્મા કે જ્ઞાની પુરૂષોને તે પોતાને ત્યાં બોલાવે છે. એ પરિપાટી બહુ સારી નથી. નદીનું નિર્મળ

નીર કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ કે પક્ષપાત વિના વહ્યે જાય છે. જેને તરસ લાગી હોય કે ન્હાવાની મરજી હોય તે તેનો લાભ લઈ શકે છે. પાણી પોતે કાંઈ તેની પાસે આવે નહિ ને નદીનું નીર પણ તેની પાસે પહોંચી જાય, તો પણ જ્ઞાન મેળવવાનો પ્રયાસ કર્યા વિના તેને જ્ઞાનનો લાભ મળી શકે નહિ.

**[ ૭ ] જ્ઞાનના મહાવાક્યો**

પુસ્તકનું જ્ઞાન ને અનુભવનું જ્ઞાન જુદું જુદું છે. અનુભવસિદ્ધ જ્ઞાનથી જ માણસને શાંતિ ને સંતોષ મળી શકે છે. મહાપુરૂષો પાસે એ જ્ઞાનની મૂડી છે. તેને મેળવવા માટે માણસે નમ્ર ને ગુણગ્રાહી થવું જોઈએ. જે જ્ઞાન મળે તે ભલે થોડું હોય, પરંતુ જીવનમાં ભળી ગયેલું ને આચારમાં ઓતપ્રોત થઈ ગયેલું હોવું જોઈએ તો જ તે જીવનને અજવાળી શકે.

જ્ઞાનના ઉત્તમોત્તમ રહસ્યને સમાવી લેનારા કેટલાક મહાવાક્યો આપણે ત્યાં પ્રસિદ્ધ છે. અનુભવના નીચોડ જેવાં એ મહાવાક્યો ઘણી ઊંચી કોટિના આધ્યાત્મિક મસાલાથી ભરપુર છે. એ મહાવાક્યોમાંનું એક વાક્ય છે 'તત્વમસિ' એટલે કે તું તે છે, એના બે અર્થ છે. પહેલો અર્થ તો એ છે કે તું પરમાત્મા સ્વરૂપ છે. તું એટલે જીવાત્મા. જીવાત્મા ને પરમાત્મા એક છે. તાત્વિક રીતે તેમાં કાંઈ ભેદ નથી. અજ્ઞાન, મમતા, ક્લેશ ને કર્મના બંધનથી બંધાયેલો જીવ પોતાને પામર, અલ્પ, દુઃખી ને બંધાયેલો માને છે. જ્યારે એ અજ્ઞાન, મમતા ને આસક્તિથી મુક્ત થાય છે, ને પોતાના મૂળસ્વરૂપમાં સ્થિતિ કરે છે, ત્યારે તે પરમાત્મામય બની જાય છે. એટલે માણસે પોતાને પામર માનવાની જરૂર નથી. દીન, હીન ને કંગાલ સમજી લેવાની જરૂર નથી. આજે તે ગમે તે દશામાં હોય, પોતાના સાચા સ્વરૂપનો વિચાર કરીને તેમાં પ્રતિષ્ઠિત થવાનો તેણે પ્રયાસ કરવો જોઈએ.

તત્વમસિના જેવા જ ભાવનું એક બીજું મહાવાક્ય છે 'અયમાત્મા બ્રહ્મ.' આ આત્મા પરબ્રહ્મ અથવા પરમાત્મામય છે. ભારતના મહાન ઋષિવરોનો માનવજાતિને આ મહાન સંદેશ છે. એ જ જાતનો એક બીજો વિશેષ સંદેશ 'સર્વમ્ ખલુ ઈદમ્ બ્રહ્મ' ના મહાવાક્યમાં સમાયેલો છે. તેમાં સંસાર ને તેના સ્વામી પરમાત્મા વચ્ચેના સંબંધનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંસારમાં જે કાંઈ દેખાય છે ને અનુભવાય છે, તે બધું પરમાત્મામય છે, પરમાત્માનું જ સ્વરૂપ છે, એવો એ મહાવાક્યનો અર્થ થાય છે. પરમાત્મા પરમ જ્ઞાનમય છે એમ કહેનારું એક બીજું મહાવાક્ય આપણે ત્યાં પ્રસિદ્ધ છે ને તે 'પ્રજ્ઞાનમ્ બ્રહ્મ' કહેવાય છે. આ મહાવાક્યોની વાત જવા દઈએ તો પણ ગીતામાં આને મળતાં કેટલાંય મહાવાક્યો છે. તે બધાં જ જ્ઞાનના ભંડાર કે ભવ્ય વારસારૂપ છે. વરસોના ચિંતન, મનન ને અનુભવના પરિણામે એ મહાવાક્યો શોધાયાં, લખાયાં કે રચાયાં છે. તેમનાં રહસ્યને કેવળ બુદ્ધિ કે વિચાર દ્વારા સમજી નહિ શકાય. તેને સમજવા માટે તો અનુભવની દુનિયામાં ઊતરવું પડશે. અનુભવ વિના તેમનો મર્મ ભાગ્યે જ જાણી શકાશે. આપણે ત્યાં કેટલાંક વિદ્વાનો ને સંતો છે, જે આ મહાકાવ્યોનું મનન કર્યા કરે છે. તેમનું સતત ચિંતન કરે છે. ચિંતન ને મનન કરવાનો નિયમ તેમણે કરી લીધો હોય છે. મનનથી મદદ મળે છે પણ છેવટના સમાધાન ને છેવટની શાંતિને માટે અનુભવ કરતાં પણ શીખવું જોઈએ. જ્ઞાનનો સાચો આનંદ ત્યારે જ મળી શકે. એટલે મહાવાક્યોના શ્રવણ ને મનનથી સંતોષ માની લેવાને બદલે પરમાત્માનો સાક્ષાત્કાર કરવા તૈયાર થવું.

જેનું જ્ઞાન અનુભવની સાથે એક થયેલું કે આચરણમાં ઉતરેલું છે, તે જ સાચો જ્ઞાની છે, ને સુખી પણ તે જ છે. શાંતિ પણ તેને જ મળી શકે છે. એ ગીતામાતાનો સંદેશ છે. મણ ભર વિદ્વતા કરતાં અધોળ જેટલું આચરણ ઉત્તમ ને ઉપકારક છે, એવો ગીતામાતાનો સંદેશ છે. જ્ઞાન જો માણસના સ્વભાવમાં ફેરફાર કરી શકે નહિ, ચારિત્ર્યને ચોક્ખું કરે નહિ, ને તેના જીવનને પવિત્ર ને ઉત્તમ બનાવે નહિ, તો તેનો ખાસ અર્થ નથી. ભગવાન હવે જ્ઞાનીનાં લક્ષણો કહી બતાવે છે. જે લક્ષણોથી જ્ઞાનની શોભા વધે, તે જ્ઞાન સાચું જ્ઞાન ગણી શકાય. તે લક્ષણો જેનામાં જોવા મળે તેને સાચો જ્ઞાની માનવો અથવા તે લક્ષણો દેખાય ત્યાં જ્ઞાનનો સાચો પ્રકાશ થયો છે એમ સમજવું. એ લક્ષણો ક્યાં ક્યાં છે ? તેમની વિચારણા જેમને જ્ઞાન મેળવવું છે ને જ્ઞાની થવું છે, તે માણસોને ઘણી ઉપયોગી થઈ પડશે. એ લક્ષણોની મૂર્તિ બનીને કોઈપણ માણસ પોતાના જીવનને ઉજ્જવલ બનાવી શકે છે. તે તો હૃદયને પવિત્ર કરવા ને જીવનને અજવાળવા માટે છે. પ્રેરણા ને પ્રકાશ મેળવવા માટે છે. એટલે યજ્ઞ, અનુષ્ઠાન કે સાધના કરતા હોઈએ તેવા પવિત્ર ભાવથી તેની ચર્ચા કરવાની છે. તેમાં ગુણગ્રાહી વૃત્તિ રાખવાની છે. ટૂંકમાં કહીએ તો જીવનમાં તે લક્ષણોને અપનાવવા માટે વિચાર કરવાનો છે.

**[ ૮ ] સાચો જ્ઞાની**

જ્ઞાનનું પહેલું લક્ષણ અમાનીપણું, અહંકારરહિતપણું અથવા તો નમ્રતા છે. એટલે કે જ્ઞાનીમાં અમાનીપણું ને નમ્રતા હોવી જોઈએ. જ્ઞાનનો અહંકાર જેના અંતરમાં ઉતરી ગયો હોય; તે જ્ઞાની હોય તો પણ તેનામાં કાંઈક કચાશ છે એ નક્કી સમજી લેવું. જ્ઞાનીને પોતાના જ્ઞાનનું અભિમાન હોતું નથી. તેને કોઈના માનની આશા હોતી નથી. તમે તેનું સન્માન કરો કે ના કરો, તેની નિષ્ઠામાં કાંઈ ફેર પડતો નથી. તેનું સન્માન કરવામાં આવે તો તે પ્રસન્ન થતો કે હરખાતો નથી; ને સન્માન કરવામાં આવે નહિ, તો તે ગુસ્સે થતો નથી, કે તેને દુઃખ થતું નથી. પોતે માનની ઈચ્છા રાખ્યા વિના તે બીજાને માન આપવા સદા તૈયાર રહે છે. તે અત્યંત નમ્ર હોય છે. કોઈ તેની પ્રસંશા કરે તો તે ફુલાઈ જતો નથી. પ્રસંશા કરનારને તે કેટલીકવાર જવાબ આપે છે કે 'ભાઈ, પ્રસંશાને પાત્ર તો એક પરમેશ્વર છે. તેની જ પ્રસંશા કરો. મારી પ્રસંશાથી શું વળવાનું છે ?'

એક મહાન જ્ઞાની પુરૂષને અમે મળવા ગયા હતા. તેમણે જ્ઞાન ને ભક્તિનાં રહસ્ય વિશે ઘણાં પુસ્તકો લખ્યાં હતાં. તેમના ભક્તો, પ્રસંશકો તથા અનુયાયીઓ એમને અવતારી પુરૂષ માનતા હતા. તેમની પાસે જઈને અમે કહ્યું કે 'તમારું દર્શન કરીને અમને આનંદ થયો.' તો તેમણે બે હાથ જોડીને તરત કહ્યું કે, 'દર્શન ? મારું વળી દર્શન કેવું ? આ શરીર તો પંચમહાભૂતનું પૂતળું છે. તેનું દર્શન કરવાથી શું વળશે ? જે સંસારના સ્વામી છે, અવિનાશી છે, ને જેમના દર્શનથી બધી જાતનું દુઃખ ને દળદર દૂર થઈ જાય છે, તે પરમાત્મા જ દર્શનીય છે. તેમના દર્શનનો જ આનંદ લૂંટવા જેવો છે.'

મેં કહ્યું, 'તમારી વાત બરાબર છે, તમને શોભે એવી છે. પણ અમારી દૃષ્ટિ જુદી છે. શરીર પંચમહાભૂતનું પૂતળું છે એ સાચું, પણ તેની અંદર આત્મા કે પરમાત્માનો પરમ પ્રકાશ રહેલો છે. તેને લીધે જ શરીર આકર્ષક લાગે છે. તેનું દર્શન કરવા માટે જ અમે આટલે દૂર આવ્યા છીએ.'

છતાં પણ તે મહાપુરૂષના મુખ પર તો નમ્રતા દેખાતી હતી. તેમની દશા જ બાળક જેવી હતી. તેમની સરળતા ને સાદાઈ જોઈને અમે છક થઈ ગયા. એ બાળક જેવા નમ્ર પુરૂષ જ્ઞાનના ઉત્તમ ગણાતા ગ્રંથોના લેખક, ટીકાકાર ને સમર્થ વિચારક હશે એ વસ્તુ તેમની મુલાકાતે આવનાર માણસોથી પ્રથમ નજરે ભાગ્યે જ સમજી શકાય તેમ હતી. પણ સરળતા ને નમ્રતા હોય છે, ત્યાં જ સાચા જ્ઞાનનો વાસ હોય છે, ને મહાનતા પણ ત્યાં જ ફાલે છે ને ફૂલે છે.

જ્ઞાની જેમ નમ્ર તેમ સરળ કે સાફદિલ પણ હોય છે. વિચાર ને વર્તનમાં ચોક્ખા હોય છે. તેમના વિચાર, તેમની વાણી ને તેમના વર્તનમાં એકવાક્યતા હોય છે. જે પોતાની પાસે ખરેખર નથી, તે છે એમ કહેવાનો કે બતાવવાના પ્રયાસ તે કદીપણ કરતા નથી. તેમનામાં દંભનો અંશ લેશ પણ હોતો નથી.

સંસારમાં કેટલાય માણસો–વિદ્વાનો પણ એવા છે કે જેમને દંભના દાનવની સેવાપૂજા સારી લાગે છે. માણસો જ્ઞાન, ભક્તિ ને યોગસાધનાને નામે નવાનવા કીમિયા કરે છે, ને દાંભિક થઈને ફરે છે. ગળામાં માળા ધારણ કરે છે, કપાળે તિલક કરે છે, ને હાથમાં માળા લઈને પનઘટ પાસે કે જ્યાં લોકો વધારે પ્રમાણમાં ભેગાં થતાં હોય, ત્યાં ફરે છે ને બેસે છે. કેટલીકવાર તે હાથમાં જ્ઞાનનો એકાદ ગ્રંથ લઈને બેસી જાય છે, ને મહાન જ્ઞાની હોવાનો ડોળ કરે છે. કોઈવાર શરીરે રાખોડી ચોળી, કૌપીનધારી બનીને મહાન યોગેશ્વર હોય તેવો અભિનય કરીને તે બેસે છે પણ તેમના વિચાર ને વર્તનમાં આભ જમીનનો ફેર હોય છે. એવા દાંભિક માણસો લોકોને ભોળવીને કે ઠગીને પોતાનો સ્વાર્થ સાધી લે તો ભલે, બાકી ઈશ્વરની પ્રાપ્તિ કરી શકતા નથી, સાચું જ્ઞાન પણ મેળવી શકતા નથી. જીવનનું કલ્યાણ કરવા માટે જે કૃતનિશ્ચય છે, ને જેમણે સાચા અર્થમાં જ્ઞાની થવું છે, તેમણે દંભનું સેવન કરવાનું છોડી દેવું જોઈએ. વિચાર તથા વર્તનમાં સાફ બનવું જોઈએ. જ્ઞાન ને દંભને હજારો ગાઉનું છેટું છે. વિચાર તથા વર્તનમાં સરલ ને સાફ થવાની કોશીષ કરવી જોઈએ.

જ્ઞાનનું ત્રીજું લક્ષણ છે અહિંસા. જ્ઞાની પુરૂષ અહિંસાની મૂર્તિ જેવો હોવો જોઈએ. અહિંસાનો અર્થ ઉપલક રીતે જોતાં કોઈની હિંસા કરવી નહિ એવો થાય છે, પણ તેનો અર્થ જરા ઊંડો છે. તેનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. એક ભક્તે અહિંસાના વિશાળ અર્થનો સાદી, સરળ ને સચોટ ભાષામાં ખ્યાલ આપતાં લખ્યું છે કે :

'મન, વાણી, કાયાથી કોઈનું કિંચિત કૂડું થાય નહિ '

હિંસા એટલે કોઈને મારવું કે કોઈનો નાશ કરવો એમ જ નથી. મન, વાણી ને કાયાથી કોઈનું બુરૂં કરવું કે કોઈને ઈજા પહોંચાડવી એ પણ હિંસા જ છે. એટલા માટે માણસે પોતાના વિચારોને પવિત્ર રાખવા જોઈએ. કોઈનું પણ અહિત થાય તેવા વિચારો તેણે કરવા જોઈએ નહિ. એવી ભાવના ને લાગણીને વશ થવું જોઈએ નહિ કે જેને લીધે પોતાનું તથા બીજાનું અમંગલ કે પતન થાય. વાણીમાં પણ તેણે પવિત્ર થવું જોઈએ. સત્ય, પ્રિય ને મધુર તથા મંગલકારક વાણીનું તેણે સેવન કરવું જોઈએ. શારીરિક હિંસાથી તો તેણે પર રહેવું જોઈએ. શરીર, વાણી ને મનની ગુલામી ઘણી ઘાતક છે. તેમાં તેણે એટલી હદે બંધાવું જોઈએ નહિ કે તે સાચો માર્ગ ભૂલી જાય, માનવતાથી હાથ ધોઈ બેસે, તે પતનની ગર્તામાં પટકાઈ જાય. શરીર, વાણી ને મનની શક્તિઓનો યોગ્ય ઉપયોગ કરીને તેણે પોતાની જાતની ઉન્નતિ ને પરમાત્માની પ્રાપ્તિ માટે

પ્રયાસ કરવો જોઈએ. પોતાની મારફત કોઈને કોઈ પણ પ્રકારનો ક્લેશ થાય નહિ, કોઈ જાતનું કષ્ટ કે દુઃખ થાય નહિ, ને નુકશાન પહોંચે નહિ, તેને માટે માણસે તૈયાર રહેવાનું છે. તે ઉપરાંત કોઈનું શોષણ ના કરાય, કોઈના પર જોરજુલમ કે અત્યાચાર થાય નહિ, ને કોઈને કોઈ જાતનો અન્યાય થાય નહિ તે માટે પણ તેણે ચેતતા રહેવાનું છે. અહિંસાનું પાલન એ રીતે જ થઈ શકે. માનવનું સમગ્ર જીવન જ એવું સરલ, નિષ્કપટ ને પ્રેમમય બની જવું જોઈએ કે તેનાથી ભૂલેચૂકે પણ કોઈનું અહિત થાય નહિ.

જ્ઞાની પુરૂષોને માટે એ દશા સ્વાભાવિક થઈ ગઈ હોય છે. તે ભૂલ કે ભ્રાંતિથી પણ કોઈનું ખરાબ કરી શકતાં નથી. સ્વપ્ને પણ તેમના અંતરમાં કોઈનું ખરાબ કરવાની ભાવના ઊઠતી નથી. તે સૌનું સારું ચાહે છે, ને સારું કરવા પ્રયાસ કરે છે. મન, વચન ને કાયાથી તે પોતાના ને બીજાના કલ્યાણને માટે ઉત્તમ કર્મો કર્યા કરે છે. એવા જ્ઞાની પુરૂષો આ સંસારને માટે આશીર્વાદરૂપ છે. તે જ્યાં રહે છે ત્યાં પોતાની સુવાસ ફેલાવે છે, ને સૌનું મંગલ કરે છે. તેવા મહાપુરૂષોનાં જીવન સંસારને માટે આશા ને પ્રેરણા રૂપ છે. જીવનની જડતાને ટાળનાર જ્યોતિ જેવા છે. તેમને આપણા કોટિ કોટિ વંદન છે, અનેકવાર વંદન છે ! તેમનો સત્સંગ કે સમાગમ આપણને સદાને માટે મળ્યા કરે, ને આપણું પોતાનું જીવન તેમના જેવું પ્રકાશમય બની જાય એવી આપણે પરમકૃપાળુ પ્રભુને પ્રાર્થના કરીશું.

જ્ઞાનીનું બીજું મહત્વનું લક્ષણ ક્ષમા છે. ક્ષમાનો ગુણ જ્ઞાની પુરૂષોમાં સારી પેઠે વિકાસ પામેલો હોય છે. તેમના હૃદયમાં પ્રેમનાં ઝરણાં નિરંતર વહ્યા કરે છે, એટલે ક્ષમા તેમને માટે એક સ્વભાવગત ને સહજ વસ્તુ બની જાય છે. તેમનું કોઈ બુરૂં કરે કે બગાડે તો પણ તે માટે બદલો લેવાની વૃત્તિ તેમના દિલમાં જાગી શકતી નથી. બુરૂં કરનારનું પણ ભલું કરવા તે સદા તૈયાર રહે છે.

કોઈ કહેશે કે ભગવાન શ્રીકૃષ્ણ તો મહાન જ્ઞાની હતાં. છતાં તેમણે કૌરવોનો સંહાર કરવાની આજ્ઞા કેમ આપી ? કૌરવોને ક્ષમા જોઈતી ન હતી. તેમને ક્ષમા આપવામાં આવત તો પણ તે પાંડવોનો સંહાર કર્યા વિના રહેત જ નહિ. એટલે ભગવાન શ્રીકૃષ્ણની પાસે બીજો કોઈ માર્ગ જ ન હતો. તેમનો સ્વભાવ ક્ષમાશીલ હતો. વ્યક્તિગત રીતે તે કૌરવોને ક્ષમા કરત, પણ તેમની સામે સમસ્ત સમાજની સ્થિરતા, વ્યવસ્થા, સલામતી ને સુખાકારીનો પ્રશ્ન હતો. તેથી જ તેમણે અર્જુનને લડવાની આજ્ઞા કરી. તે વિના તેમની પાસે બીજો વિકલ્પ જ ન હતો. તેનો અર્થ એમ નથી કે જ્ઞાનીએ ક્ષમા રાખવી નહિ. ક્ષમાના વ્રતનું પાલન જ્ઞાનીને માટે ખૂબ જ જરૂરી છે.

**[ ૯ ] સરળતા, ગુરૂસેવા**

સરળતા તો જ્ઞાનીનું ઘરેણું છે. સરળતા ને પ્રામાણિકતા તેનામાં સ્વભાવથી જ સિદ્ધ થઈ ચૂકી હોય છે. તેના વિચાર, તેની વાણી ને તેનું વર્તન સાફ હોય છે. તે ઉપરાંત જે જ્ઞાની છે, ગુરૂ છે, ને મહાન છે, તેમના તરફ તે ભક્તિભાવ રાખે છે, તેમને પૂજ્યભાવથી જુએ છે, ને તેમની સંગતિ ને સેવા કરવા તે સદા તૈયાર રહે છે. ગંદકી તો તેને ગમતી જ નથી. ચાહે તે બહારની ગંદકી હોય કે અંદરની. નિર્મલતા ને પવિત્રતાનો તે ઉપાસક છે. તેની સ્થિરતા કે દૃઢતા પણ અજબ હોય છે. ગમે તેવા કપરા કે કઠિન સંજોગોમાં પણ તેનું મન મજબૂત ને સ્થિર રહે છે. ચંચળતા તેને સ્પર્શી શકતી નથી. દુઃખ, ભય, શોક ને પ્રલોભનો તેને

ડગાવી શકતાં નથી. પોતાની જાતનો સંયમ એ તો જ્ઞાનીનું પ્રિયમાં પ્રિય વ્રત હોય છે. સ્વછંદ ને સ્વેચ્છાચારનો તે વિરોધી હોય છે. શરીર ને ઇંદ્રિયોના સુખો તરફ તે ઉદાસીન હોય છે, તેમાં તેને અરુચિ હોય છે. છતાં પોતે સંયમી છે, ને શરીર તથા ઇંદ્રિયોના આકર્ષણથી પર છે, એ વાતનું તેને ગુમાન હોતું નથી. બધી દશામાં તે અભિમાનથી તો પર જ હોય છે. જન્મ, મૃત્યુ, ઘડપણ ને રોગ તથા બીજા દુઃખોનો વિચાર કરવાથી જીવનની મમતા ઓછી થાય છે, ને અજર–અમર થવાની પ્રેરણા મળે છે. શરીરની આસક્તિ પણ દૂર થાય છે.

બુદ્ધ ભગવાનનું જીવન બીજી રીતે સુખી હતું. પણ તેમણે જન્મ, મરણ ને વ્યાધિનો વિચાર કર્યો, એટલે તેમને થયું કે જીવનમાં જ્યાં સુધી આવાં મોટાં દુઃખ છે, ત્યાં સુધી શાંતિ કેવી રીતે મળી શકે ? એવા જીવનમાં મમતા કરવાથી શો લાભ ? જીવનની બધી શક્તિનો ઉપયોગ કરીને પરમ શાંતિ કે પરમસુખની શોધ કરવી જોઈએ. તો જ જીવનની ધન્યતા મળી શકે. તે પછી મહેલનો ત્યાગ કરીને એકાંતનો આશ્રય લીધો. એકાંતમાં રહીને તેમણે તપ કર્યું ને શાંતિ મેળવી લીધી. જ્ઞાની પુરૂષો એ પ્રમાણે જન્મ ને મૃત્યુનો વિચાર કરી પરમાત્માને અનુભવવા ને પરમાત્માનો સાક્ષાત્કાર કરવા પ્રયાસ કરે છે, ને પોતાના પ્રયાસમાં સફળતા મેળવીને જ ઝંપે છે. તેમનું મનોબળ ઘણું મજબૂત ને તેમની વિચારશક્તિ ઘણી ઊંડી હોય છે. તેનો આધાર લઈને તે જીવનના ઉત્તમોત્તમ વિકાસના વિરાટ કામમાં લાગી જાય છે. સાધારણ પુરૂષે પણ તેમના જીવનમાંથી પ્રેરણા લઈને પોતાના જીવનને ઉત્તમ બનાવવાનો પ્રયાસ કરવાનો છે. વિવેક, જ્ઞાન ને સમજણની સફળતા એમાં જ છે.

સારા કે નરસા ગમે તેવા સંજોગો આવે તો પણ જ્ઞાની પુરૂષોનું ચિત ચલાયમાન થતું નથી. પોતાની મરજી પ્રમાણેનું વાતાવરણ મળે કે નહિ મળે તો પણ તે સદા સ્થિર રહે છે. સંજોગો જેને ડગાવી ને ડરાવી દે, તથા વાતાવરણ જેની માનસિક શાંતિનો ભંગ કરી દે, તેને જ્ઞાની પુરૂષ કહેવાય નહિ. એવો ગીતામાતાનો નમ્ર અભિપ્રાય છે. જ્ઞાનીનું મન તો જ્યારે જુઓ ત્યારે સ્થિર, શાંત ને એકરસ હોય છે. ભગવાનના ચરણોમાં જ્ઞાનીનું મન મસ્ત બનીને જોડાયેલું રહે છે. સાચો જ્ઞાની કોઈ દિવસ ભક્તની ઠેકડી કરતો નથી. તેનો અનાદર પણ તેને ગમતો નથી. તેના દિલમાં પરમાત્માના પ્રેમનાં મોજા ઉછાળા માર્યા કરે છે. પરમાત્માના પ્રેમમાં તે સતત ડૂબેલો રહે છે. તેને પરમાત્મા વિના આ ચલાયમાન સંસારમાં બીજા કોઈના પર પ્રેમ હોતો નથી. દિલની દિલરૂબાના બધાં જ તારને એક કરીને તેણે પરમાત્માની સાથે જોડી દીધા હોય છે. તેમાંથી જે પ્રેમનું સંગીત છૂટે છે તે સંવાદમય ને અનેરૂં હોય છે.

એકાંતવાસ જ્ઞાનીને બહુ પ્રિય હોય છે. લોકોના સમુદાય કે કોલાહલમાં તેને રુચિ હોતી નથી. એકાંતમાં રહીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો તે સદા પ્રયાસ કરે છે. આત્મા ને પરમાત્મા વિશેનું વધારે જ્ઞાન મેળવવામાં તેને આનંદ આવે છે.

ભગવાન કહે છે કે 'અર્જુન, જેને જ્ઞાન મળ્યું છે તેનામાં આ બધાં લક્ષણો હોય છે. જેનામાં આનાથી ઊલટાં લક્ષણો દેખાય તેને હજી જ્ઞાનનું રહસ્ય પ્રાપ્ત થયું નથી, ને તે અજ્ઞાનમાં જ રમે છે એ નક્કી સમજી લેવું. આ બધા ઉત્તમ લક્ષણો વિનાનું જ્ઞાન સાચા અર્થમાં જ્ઞાન નથી, પણ બુદ્ધિનો બોજો અથવા મગજનો ભાર છે તેથી માણસનું સાચા અર્થમાં મંગલ થઈ શકતું નથી.'

**[ ૧૦ ] જ્ઞાનની સફળતા**

જ્ઞાનની સફળતા શેમાં છે તે ખબર છે ? પોતાની જાતને જાણી લેવામાં અથવા તો પરમાત્માની પ્રાપ્તિમાં. પરમાત્માનો સાક્ષાત્કાર કરવાથી શું થાય છે ? ગીતામાતા કહે છે કે પરમાત્માના સાક્ષાત્કારથી પરમશાંતિ મળે છે. શોક, મોહ ને અજ્ઞાનનાં રહ્યાસહ્યા અંકુર પણ દૂર થાય છે, ને અમરપદની પ્રાપ્તિ થાય છે. પરમશાંતિ પૂર્ણતા કે મુક્તિને મેળવવાનો બીજો કોઈ જ માર્ગ નથી. જેને પણ મુક્તિ, શાંતિ ને પૂર્ણતાનો આનંદ મેળવવાની ઈચ્છા હોય, તેણે પરમાત્માની પાસે ને પાસે પહોંચવાનો પ્રયાસ કરવો જોઈએ. પરમાત્માનો સાક્ષાત્કાર થાય નહિ ત્યાં સુધી જન્મ ને મરણનું ચક્ર ચાલુ જ રહે છે. તેમાંથી કોઈ છૂટી શકતું નથી.

પણ પરમાત્માનો સાક્ષાત્કાર કાંઈ સહેલો નથી. વધારે ભાગના માણસોને તેની ઈચ્છા પણ હોતી નથી. તે તો સંસારની અંદર આસક્ત થઈ જાય છે. સંસાર સુંદર ને સુખમય છે તેની ના નહિ પણ તે પ્રકૃતિરૂપી નટીનું સર્જન છે, ને પરમ સુંદર ને સૌથી સુખમય પરમાત્માની છાયારૂપ છે. વિવેકી માણસો તેવા સંસારમાં કે સંસારની વસ્તુઓમાં લપટાતા નથી. તેમાં આસક્ત થઈને ભાન ભૂલી જતા નથી, તેમજ પરમાત્માની પ્રાપ્તિ કરવાના કામને મૂકી દેતા પણ નથી. જે અવિવેકી કે અજ્ઞાની છે, તેમની વાત તેથી ઊલટી હોય છે. તે તો પરમાત્માને તદ્દન ભૂલી જાય છે ને સંસારને જ સર્વસ્વ સમજી લઈ તેમાં ડૂબી જાય છે. શરીર ને ઈન્દ્રિયોનાં સુખો તેમને ખૂબ જ પ્રિય લાગે છે. તેથી ઉત્તમ ને ઉપકારક સુખ બીજું કોઈ છે જ નહિ, એવી તેમની માન્યતા હોય છે. એવા માણસો પ્રકૃતિના પાશમાં સપડાય છે. તેમની વાસના ને કામનાઓ વધતી જ જાય છે, ને તેના પ્રભાવથી તે આવાગમનમાં ફર્યા કરે છે. જન્મજન્માંતર સુધી તેમના લલાટમાં એ જ લેખ લખાઈ જાય છે. પૂર્ણ ને મુક્ત જીવનનો આનંદ તેમને મળી શકતો નથી. જીવનની શક્તિઓનો વિકાસ કરીને તે સમસ્ત પ્રકારનાં દુઃખ ને અલ્પતામાંથી મુક્તિ મેળવી શકતા નથી.

આ બધા વિચારોની રજૂઆત કરીને ગીતામાતા આપણને સૂચના આપે છે કે માનવજીવન કોઈ તમાશો નથી. મૃત્યુ સુધી મૂંગે મોઢે ઉપાડવાનો કોઈ બોજો પણ નથી. માનવજીવન તો પ્રભુની મહાન ભેટ છે, અમૂલ્ય ઉપહાર છે, તેની શક્યતાઓ આપણે સમજીએ છીએ એથી પણ ઘણી વધારે છે. તેનો ઉપયોગ કરીને આ જીવનને સર્વોત્તમ બનાવવા પ્રયાસ કરવો જોઈએ. શુદ્ધ, બુદ્ધ, ને મુક્ત થવાની કોશીષ કરવી જોઈએ. તો માનવજીવન આપણે માટે મુક્તિનું દ્વાર ને પૂર્ણતાની પગદંડી થઈ શકે છે.

પરમાત્માનું દર્શન કરાવી આપનારો કોઈ એક માર્ગ થોડો છે ? પરમાત્માનું દર્શન જુદા જુદા માર્ગે થઈ શકે છે. જ્ઞાન, ભક્તિ ને કર્મ એ બધાં રાજમાર્ગો છે, ને તેમાંથી કોઈ પણ માર્ગનો આધાર લઈને સાધક પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે. એવો વિવેક જાગે પછી જુદા જુદા માર્ગો માટેના વિવાદ રહેતા નથી. કયો માર્ગ મોટો ને કયો ઊંચો ને કયો નીચે એ પ્રશ્ન પણ ઊઠતો નથી. બધા માર્ગો બહારના રૂપરંગની દૃષ્ટિએ જુદા હોવા છતાં પરમાત્માની પાસે પહોંચાડે છે, અથવા પરમાત્માની પ્રાપ્તિ કરાવે છે, માટે એક છે. એવી ખાત્રી થઈ જાય છે ને બધા માર્ગો કે સાધન પ્રત્યે સહાનુભૂતિની ભાવનાથી જોવાની દૃષ્ટિ પણ મળી રહે છે. આ જગતમાં હજારો માણસો છે. સૌની રુચિ જુદી જુદી છે. તે પ્રમાણે માર્ગો પણ જુદા જુદા છે. જેને જે માર્ગ

ઉત્તમ લાગે તે માર્ગે તે પ્રયાણ કરી શકે છે. માર્ગો કે સાધનોની વિવિધતા એ પ્રમાણે સંસારમાં માનવજાતિ જીવશે ત્યાં સુધી કાયમ જ રહેશે ને તે કાયમ રહે તેમાં હરકત પણ શી છે ? તેને દૂર કરીને કોઈ એક જ માર્ગનો આગ્રહ રાખવાનું કારણ પણ શું છે ? તેવા આગ્રહથી લાભ પણ શું છે ? લાભને બદલે હાનિનો સંભવ વધારે છે એ નક્કી સમજી લેજો.

સંસારમાં આંખ બધાને છે પણ આંખ હોવા છતાં કેટલાક માણસો અંધાપાનો અનુભવ કરી રહ્યાં છે. તેમને સમદૃષ્ટિની પ્રાપ્તિ થઈ નથી. સંસારના વિષમ જેવા દેખાતા પદાર્થોમાં એક પરમાત્માનું દર્શન થાય, અથવા સમાનરૂપે રહેલા પરમાત્માની ઝાંખી થાય ત્યારે સમદૃષ્ટિની પ્રાપ્તિ થઈ એમ કહેવાય છે. તેની પ્રાપ્તિ પછી માણસ ભેદભાવથી મુક્તિ મેળવે છે. તે પછી તે જે કાંઈ જુએ છે તે સાચું જુએ છે. ત્યાં સુધી તેની દૃષ્ટિ ને તેનું દર્શન અધુરૂં છે. તે જુએ છે છતાં પણ નથી જોતો. હૃદયના મળ જ્યારે દૂર થાય, ને પ્રેમ અથવા જ્ઞાનનો પવિત્ર પ્રકાશ તેમાં પથરાઈ જાય, ત્યારે માણસોની દૃષ્ટિ દૈવી બને છે. તે દૃષ્ટિમાં પરમાત્માના મહિમાનું પ્રતિબિંબ સહેલાઈથી પાડી શકે છે.

પરમાત્માને આપણે સમદર્શી કહીએ છીએ. સંસારના બધા જીવો પર તેમને સરખો પ્રેમ છે. સૌના તરફ તેમની અમીદૃષ્ટિ છે. પાપી ને પુણ્યશાળી, સારા ને નરસા તથા નાના ને મોટા બધા જીવોને માટે તેમના મંદિરનાં મંગલ દ્વાર સદા ખુલ્લાં રહે છે.

ભગવાનના એક ભાવિક ભક્તે મને પૂછ્યું કે 'ભગવાન શંકરને ધંતુરાના ફૂલ કેમ ચઢે છે ? ધંતુરામાં કોઈ ખુશબો હોય એવું તો દેખાતું નથી.'

મેં ઉત્તર આપ્યો કે "તેનાં ઘણાં કારણો હોઈ શકે છે. ગુલાબ, ચંપો, ચમેલી તો બહારથી સુંદર છે. તેમની સુવાસ પણ ઘણી. તેમને તો સૌ કોઈ લે. એટલે તે ભગવાન વિષ્ણુની સેવાપૂજામાં વપરાય .પણ જગતમાં કાંઈ એક જ ફૂલ છે ? બીજા ફૂલ નથી ? ધંતુરા ને આકડા પણ છે. બહારથી કદરૂપા ને સુવાસ વિનાનાં તે ફૂલનો ભાવ કોણ પૂછે ? માણસ તેમને નહિ લે પણ ભગવાન કાંઈ તેમનો અનાદર કરે કે ? અનાદર કરે તો તે ભગવાન શેના, સમદર્શી ને પ્રેમના સાગર શેના ? તે તો સૌને પ્રેમ કરનાર છે. તે શંકર બનીને ધંતુરાનો સ્વીકાર કરે છે ને હનુમાન થઈને આકડો અંગીકાર કરે છે. એમાંથી આપણને શિક્ષા મળે છે. સંસારમાં કાંઈ એકલા રૂપવાન કે ધનવાન જ નથી. ગરીબ, દરિદ્ર, દીન ને દુઃખી પણ છે. આપણે જો રૂપવાન ને ધનવાનને જ મહત્વનાં ને માનપાત્ર માનીએ, તો તેમનો ભાવ કોણ પૂછે ? આપણે તો બધાંને સરખા માનવાનાં છે. તેમનામાં પ્રભુનો પ્રકાશ જોવાનો છે, ને તેમને પણ પ્યાર કરવાનો છે. ભેદભાવની દૃષ્ટિ દૂર કરીને સૌમાં પ્રભુની ઝાંખી કરવાની કે એકતાનું દર્શન કરવાની દીક્ષા લેવાની છે. જીવનની મહત્તા એમાં જ રહેલી છે. તે મહત્તાની મૂર્તિ બનીને આપણે આપણા જીવનને ઉજ્જવલ કરીએ.

☼ ☼ ☼

# અધ્યાય ચૌદમો : ગુણત્રયવિભાગયોગ

૧) અર્જુનનું ભાગ્ય
૨) ગીતાના અઢાર કુંડનો મહિમા
૩) વિનય
૪) જ્ઞાનવૈરાગ્ય
૫) જ્ઞાનવૈરાગ્ય ને સાધના
૬) રાજયોગની ગેરસમજ
૭) રાજયોગની સાચી સમજ
૮) જ્ઞાની અને રાજયોગી
૯) જ્ઞાની મહાપુરૂષ
૧૦) જ્ઞાનીનું જીવન
૧૧) તમોગુણ
૧૨) ગુણોને જીતવાનો અર્થ
૧૩) ગુણાતીત દશા
૧૪) ગુણાતીત પુરૂષનાં લક્ષણ
૧૫) ગુણાતીત થવાના ઉપાય
૧૬) ગુણાતીત પુરૂષ વિષે

**[ ૧ ] અર્જુનનું ભાગ્ય**

ગુરૂ કે માર્ગદર્શન વિના માણસને કેટલીક બધી મુશ્કેલી પડે છે ? ગુરૂ કે માર્ગદર્શકને માટે માણસો શોધ પણ કેટલી કરે છે ! છતાં ભાગ્ય સારું ને સીધું હોય તો ગુરૂની પ્રાપ્તિ થાય છે, નહિ તો થતી નથી. માટે ગુરૂની જરૂર જીવનમાં ઘણી ભારે છે. આધ્યાત્મિક સાધનાના માર્ગમાં તો ગુરૂની મદદ ઘણી જરૂરી છે. કબીર કહે છે કે 'ગુરૂ બિન કૌન બતાવે વાટ ?' તે સાચું જ છે. ગુરૂ વિના સાચો માર્ગ કોણ બતાવે ? જીવનમાં એવા કેટલાય પ્રસંગ આવે છે જ્યારે માણસ મૂંઝાય છે, નિરાશા અનુભવે છે, ચિંતા ને વેદનામાં સપડાય છે, પ્રલોભનોનો ભોગ બનીને સાચો માર્ગ ભૂલી જાય છે. તેવે વખતે ગુરૂ વિના તેને આશા, પ્રેરણા ને પ્રકાશ કોણ આપે ? ગુરૂ તેને માટે પ્રાણ, સખા, સ્વજન ને પરમસ્નેહી થઈ પડે છે. જીવનની વિકટ યાત્રામાં તે તેના ભોમિયાની ગરજ સારે છે. આત્મા ને પરમાત્માનું મિલન કરાવનાર અથવા જીવ ને શિવની એકતા સાધી આપવામાં મદદ કરનાર એ સદ્ગુરૂને ઈશ્વરના આસન પર બેસાડવામાં આવ્યાં છે, ને સાક્ષાત પરબ્રહ્મ કહીને તેમની પ્રશસ્તિ કરવામાં આવી છે તે યોગ્ય જ છે. કેદાર, કાશી, ગંગા ને પારસમણીની સાથે તેમને સરખાવવામાં આવ્યા છે ને પરમશાંતિ, મુક્તિ ને જ્ઞાન મેળવવા માગનારા સાધકને માટે તેમનો આશ્રય ઉપયોગી કે આવશ્યક માનવામાં આવ્યો છે. પૂર્વના પુણ્યોના ઉદય વિના એવા સદ્ગુરૂની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે.

પણ એવા સદ્ગુરૂ કોઈ કારણથી આપણાં બારણાં ખખડાવતાં પોતાની કૃપાની વર્ષા વરસાવવા, આપણે ઘેર આવી પહોંચે તો ? એના જેવું બીજું સારું શું ? અર્જુનના સંબંધમાં પણ એવું જ બન્યું છે. ભગવાન, જે સમગ્ર જગતના ગુરૂ છે, તેની સામે સ્વેચ્છાથી ઊભા રહ્યા છે, ને તેને પાવન કરવા, પોતાની જ્ઞાનગંગાના નવા નવા પ્રવાહો તેની સામે વહેવડાવી રહ્યા છે. અર્જુનના એ ભાગ્યની ઈર્ષા કરવાની જરૂર નથી. તમે પણ અર્જુનની જેમ ભગવાનના આજ્ઞાંક્તિ ને શરણાગત શિષ્ય બની જાવ તો તમે પણ ભગવાનની એવી જ કૃપાનો અનુભવ કરી શકશો. તમારી આગળ પણ ભગવાન પોતાનું હૃદય ખોલી દેશે.

**[ ૨ ] ગીતાના અઢાર કુંડનો મહિમા**

હમણાં અમે બદરીનાથ જઈ આવ્યા. બદરીનાથનું ધામ ઘણું સુંદર છે. કેટલાય પ્રદેશો ને પર્વતોને પાર કરીને પ્રવાસી કે ભાવિક માણસ છેવટે ત્યાં પહોંચે છે, ને બદરીનાથનું દર્શન કરીને માર્ગમાં વેઠેલી બધી જ વિપત્તિ ભૂલી જઈને પોતાની જાતને કૃતાર્થ માનવા માંડે છે. પર્વતમાં વસેલા એ સુંદર પ્રદેશમાં કેટલેક ઠેકાણે ઝરણાં જોવા મળે છે. જ્યાંથી ઝરણાંનો જન્મ થાય છે, ત્યાં જઈને જુઓ તો ઝરણાંનું સ્વરૂપ ખૂબ નાનું દેખાય છે, પણ બાળક જેમ યુવાન બનતાં શરીરે મોટું થાય છે, તેમ ઝરણાંને પણ જાણે યુવાની આવે છે, ને તેમના રૂપરંગ ફરી જાય છે. એ જ ઝરણાં આગળ જતાં એકમાંથી અનેક રૂપે પલટાઈ જઈને ધોધમાર પ્રવાહના રૂપમાં વહેવા માંડે છે, ત્યારે આપણને આશ્ચર્ય લાગે છે ! ગીતાના જ્ઞાનપ્રવાહનું પણ એવું જ છે ને ? શરૂઆતમાં અર્જુનને મોહ ને વિવાદ થાય છે. પરિણામે તે સ્વધર્મનો ત્યાગ કરવા તૈયાર થઈ જાય છે. પોતાની સહજ ફરજ બજાવવાનું છોડી દઈ, ગાંડીવ મૂકી દઈને, શોકના સાગરમાં ડૂબી જઈને રથમાં બેસી જાય છે. વિષાદના એ નાના સરખા બીજમાંથી કૃષ્ણ જેવા કુશળ માળીએ કેટલું સુંદર, સુખકારક ને વિશાળ

વૃક્ષ તૈયાર કર્યું છે ! વિષાદના નાના સરખા ઝરણાંમાંથી આગળ જતાં કેટલા પ્રબળ પ્રવાહનું નિર્માણ થયું છે !

ઉપનિષદ્ કહે છે કે શરૂઆતમાં પરમાત્મા એક જ હતા. તેમને અનેકરૂપે પ્રકટ થવાની ઈચ્છા થઈ. તેમના એ સંકલ્પના પરિણામરૂપે સૃષ્ટિની ઉત્પત્તિ થઈ. એકમાંથી અનેક થવું અથવા એકને અનેકરૂપે કરવું એ તેમનો અનાદિકાળનો સ્વભાવ હોય એવું લાગે છે. અર્જુનના વિષાદના એક નાનાસરખા છતાં શક્તિશાળી બીજમાંથી કેટલી બધી વિશાળ વિચારસૃષ્ટિની રચના થઈ છે ! ગમે તેમ, તે સૃષ્ટિ છે ઉપકારક, તેની રચના આનંદ આપનારી, ઉન્નતિ માટેની પ્રેરણા પાનારી ને તેથી વધાવી લેવા જેવી છે. જ્ઞાન વિજ્ઞાનનો આ પ્રવાહ આંખને ઠારે તેવો છે, અમીમય કરનારો છે. તેથી તે વધારે ને વધારે વિશાળ થતો જાય છે તે આવકારદાયક છે.

ભાવિક માણસ પાણી દેખીને ન્હાવા પડે છે. બદરીનાથના માર્ગમાં ગરૂડગંગા, પાતાળ ને દેવપ્રયાગ, રૂદ્રપ્રયાગ, નંદપ્રયાગ, કર્ણપ્રયાગ તથા વિષ્ણુપ્રયાગ પાંચ ગંગાના મોટા સંગમ આવે છે. બધા માણસો કાંઈ બધે ઠેકાણે સ્નાન કરે ! પણ કેટલાય યાત્રી તે બધા જ સંગમમાં સ્નાન કરે છે ને જુદી જુદી બધી જ પ્રસિદ્ધ ગંગાનું આચમન લે છે. બદરીનાથમાં ગંગાના બરફ જેવા પાણીની પાસે જ ઉકળતા પાણીનાં પાંચેક કુંડ છે. કેટલાક માણસો કુંડનું ગરમ પાણી ઘેર કે ઊતારે મંગાવીને સ્નાન કરે છે, ત્યારે કેટલાક ભાવિક ને શ્રદ્ધાળુ માણસો વારાફરતી બધા જ કુંડમાં સ્નાન ને સંકલ્પ કરે છે, ને પોતાની જાતને કૃતાર્થ માને છે. એમ કરવાથી કૃતાર્થ થવાય છે કે કેમ એ જુદી વાત છે, પરંતુ એક વાત તો નક્કી છે કે ગીતાના જ્ઞાનપ્રવાહમાં સ્નાન કરવાથી માનવનું જીવન જરૂર કૃતાર્થ થઈ શકે છે.

જ્ઞાનવિજ્ઞાનના સિદ્ધહસ્ત શિલ્પી જેવા મહર્ષિ વ્યાસે સંસારના હિત માટે ગીતાની વિચારધારાના અઢાર કુંડ કરી નાખ્યા છે, સાધારણ નહિ પણ અઢાર અસાધારણ, ઉત્તમોત્તમ કુંડ. જેમાં જરાપણ ગંદકી ના મળે તેવા પવિત્ર કુંડ. સંસારની સ્પર્શ કરતા વેંત ધ્રુજાવી નાખે એવી મોહ નદીને કિનારે ઈશ્વરની અલૌકિક શક્તિના સ્મારકરૂપે એ કુંડની રચના થઈ છે. જે એમાં સ્નાન કરશે તે સંસારની અસહ્ય શીતથી બચી શકશે. તેના અંતરને ઉષ્મા ને આનંદ મળશે. પુરાણોની કેટલીક વાતોમાં આવે છે કે અમુક કુંડનો મહિમા ઘણો મોટો છે. તેમાં સ્નાન કરવાથી પાપ ને તાપ ટળી જાય છે. અમુક કુંડમાં ન્હાવાથી માણસ રોગમુક્ત થાય છે ને અમુક કુંડમાં ન્હાવાથી ઘરડાં સ્ત્રીપુરૂષને જુવાની પ્રાપ્ત થાય તેમ માણસ યુવાની મેળવે છે. અમુક કુંડમાં સ્નાન કરવાથી ધન, વિદ્યા, બળ ને યશ મળે છે, ને કુરૂપ હોય તે સુંદર બને છે. વળી અમુક કુંડમાં ન્હાવાથી પરમ પુણ્યની પ્રાપ્તિ થાય છે. કુંડના સ્નાનના મહિમાની આવી અનેરી વાતો વાંચી કે સાંભળીને કેટલાક માણસોને તે કુંડમાં ન્હાવાનું મન થઈ જાય છે. કેટલાક માણસો મહાન પરિશ્રમ વેઠીને તેવા કુંડ પાસે પહોંચી જાય છે, ને તેમાં ન્હાય છે પણ ખરા. પરંતુ ફલના મહિમા પ્રમાણે તેમના મનોરથ ભાગ્યે જ પૂરા થતાં જોવામાં આવે છે.

કેટલાક કુંડ તો દેખીતા જ એવા ગંદા હોય કે તેમનું આચમન કરવાનું કે તેમાં ન્હાવા ઊતરવાનું મન પણ થતું નથી. જો તેમાં ન્હાવાનું ને તેમના પાણીનું પ્રેમ કરીને પાન કરવાનું સાહસ કરવામાં આવે તો કેટલીકવાર ફલશ્રુતિ ઊલટી થવાનો સંભવ વધારે રહે છે. એટલે કે નિરોગીને માટે રોગી થવાનો, શરીરે શુદ્ધ,

કે પવિત્ર હોય તેને અપવિત્ર થવાનો ને સુંદર હોય તેને માટે કુરૂપ થવાનો સંભવ વધારે રહે છે. એવા કેટલાક કુંડો મેં જોયા છે. તેમની ઉત્તમ ફલશ્રુતિ પણ સાંભળી છે. છતાં તેમનું અસ્વચ્છ સ્વરૂપ જોઈને સ્નાન કરવાનું તો શું પણ આચમન લેવાનું ને સ્પર્શ કરવાનુંયે સાહસ કર્યું નથી. માણસો તેમાં દાતણ કરે છે, કોગળા કરે, કપડાં ધૂવે છે, ને એવી બીજી ગંદકી ઉમેરે છે તે જોઈને સ્નાન કરવાનો ઉત્સાહ ઠંડો પડી જાય છે. જે સાથે હોય છે તેમને કહું છું કે તમારી ઈચ્છા હોય તો પુણ્યની પ્રાપ્તિ કરી લો. મારું સ્નાન તો કોઈ બીજા ચોક્ખા પાણીથી જ થશે ને ખરેખર પછી બીજા નદી કે કૂવાના ચોક્ખા પાણીથી જ સ્નાન કરીને હું સંતોષ વાળું છું. આ દશામાં કુંડના સ્નાનની ફલશ્રુતિની સત્યાસત્યતા વિશે હું તમને મારો ચોક્કસ અભિપ્રાય કેવી રીતે આપી શકું ? અનુભવ વિના કોઈ પણ વિષય પર અભિપ્રાય આપવાનું કામ વિવેકી માણસને માટે સારું કહેવાય નહિ. તેમ છતાં કોઈ કુંડ ચોક્ખા હોય છે. બદરીનાથના કુંડ એવા ચોક્ખા છે. માણસો તેમને પણ ચોક્ખા રહેવા દે નહિ, ગંદા કરી મૂકે, પણ બદરીનાથમાં કાર્યકર્તાઓની વ્યવસ્થા જ એવી સુંદર છે કે કુંડ રોજ ઠલવાય ને ભરાય, એટલે ચોક્ખા જ રહે. બધે ઠેકાણે એવી વ્યવસ્થા થઈ શકે તો કેવું સારું ! બીજું ફળ તો ઠીક પણ આરોગ્યરૂપી ફળ કેટલા ઉત્તમ પ્રમાણમાં મળે !

પરમાત્માનો એક જ કુંડ એવો છે કે જે જીવનને કૃતાર્થ કરી શકે. જીવનના રૂપરંગ ફેરવી શકે. જીવનને સર્વ પ્રકારે સુંદર, શ્રેષ્ઠ, સંપત્તિશાળી ને શુદ્ધ બનાવી શકે એવો કુંડ એ એક જ છે. પ્રેમ કે જ્ઞાન તે પરમાત્માનું જ સ્વરૂપ છે. એટલે પરમાત્માના પરમપ્રેમ ને જ્ઞાનમાં સ્નાન કરનાર, તેનું આચમન કરનાર પણ જીવનનો આનંદ મેળવી શકે છે. ગીતા તે જ્ઞાનનું મૂર્ત સ્વરૂપ છે. ભગવાનના ભક્ત પ્રત્યેના પ્રેમનું પાકેલું પવિત્ર ફળ છે. તેને અઢાર વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યું છે, અથવા તેના ઓવારા—કુંડ કરવામાં આવ્યા છે. તેનો આસ્વાદ લેવાનો મને જરા એટલો અનુભવ છે, ને તે અનુભવના આધાર પર કહી શકું છું કે ગીતાના કુંડમાં સ્નાન કરવાથી માણસની કાયાપલટ થઈ જાય છે તેના કોઈયે ભાગના પવિત્ર પાણીનું આચમન કરવાથી જીવન ધન્ય થાય છે. કુંડના સ્નાનના ફળથી પણ વધારે ફળની પ્રાપ્તિ થાય છે. શરીર, મન ને આત્મા ત્રણેય પવિત્ર ને ઉત્તમ થાય છે. આ કાંઈ ગીતા પ્રત્યેનો મારો પક્ષપાત નથી. આ તો જરા જેટલા અનુભવનો જરા જેટલો નીચોડ છે. જે અનુભવશે, ગીતાના જ્ઞાનકુંડમાં જે સ્નાન કરશે, તે સૌને આ વાત સમજાશે. ને ગીતાના જ સંબંધમાં આ વાત શા માટે ? અહીં આપણે ગીતાનો વિચાર કરી રહ્યા છીએ એટલે તેની વાત કરીએ છીએ. બાકી પ્રેમ ને જ્ઞાનની પ્રતિમા જેવા કોઈયે ગ્રંથનો લાભ લેવાથી કે ગ્રંથ વિના જ પરમાત્માના પ્રેમ ને જ્ઞાનના વિગ્રહ જેવા નામ કે રૂપમાં સ્નાન કરવાથી જીવન મંગલ બનશે, એ વાત નક્કી છે.

### [ ૩ ] વિનય

હું બાળક છું. મારી શક્તિ અલ્પ છે. સીમિત છે. છતાં પણ મેં ગીતાના સનાતન સંગીતનો સ્વાદ લેવાનું ભગીરથ કામ શરૂ કર્યું છે. તે શું નાના મોઢે મોટી વાત જેવું નથી ? વિવેકી, વિદ્વાન ને જ્ઞાનમાં વૃદ્ધ ને વડીલ જેવા મહાપુરૂષો મારી આ અનધિકાર ચેષ્ટાને ચલાવી લેશે ને સપ્રેમ ચલાવી લેશે એની મને ખાત્રી છે. કેમ કે તેમની દશા માતાના જેવી છે. મેં તો તેમના બાળક તરીકે મારી જાતને જાહેર કરી દીધી છે એટલે

આગળની બીજી બધી જ જવાબદારી તેમના શિર પર રહી જાય છે. બાળકનો સ્વભાવ જ રમવાનો છે. રમતા રમતા કેટલીકવાર તે પોતાના શરીર ને વસ્ત્રોને મેલાં પણ કરી નાખે છે. તે દશામાં દોડી આવીને માતાના ખોળામાં બેસી જાય છે, ને કાલાઘેલા છતાં સંગીતમય શબ્દોથી વાતાવરણને ભરી દે છે. તેને જોઈને શું માતા તિરસ્કાર કરી ઉઠે છે કે ? શું માતા એમ કહે છે કે તારી કાલીઘેલી ભાષા બંધ કર ? ના. માતા તો વારંવાર તેની કાલીઘેલી વાતોને રસપૂર્વક સાંભળે છે, તેમાં ટાપશી પુરાવે છે, ને એમ કરીને સુખનો અનુભવ કરે છે.

કવિ કાલિદાસ તો ત્યાં સુધી કહે છે કે 'ના સમજાય તેવી અસ્પષ્ટ છતાં મધુરી ભાષામાં બોલનારા મલિન શરીરવાળા તે બાળકો જેના ખોળામાં બેસે છે ને ખોળાને મલિન કરે છે, તે માતાપિતા આ જગતમાં ધન્ય છે. તેમની ધન્યતાનો શબ્દચિતાર કોઈ કવિથી પણ આપી શકાય તેમ નથી.' કાલિદાસ દૃષ્યંતના મુખમાં શબ્દો મુકાવતા કહે છે કે **धन्यास्तदङ्गरजसा मलिनी भवन्ति ।** સાધારણ માતાપિતાના સંબંધમાં જ્યારે આવું છે. તો પછી માતાના જેવી વત્સલતાવાળા જ્ઞાનીઓના સંબંધમાં તો કહેવું જ શું ? મારી અલ્પતાને તે ચલાવી લેશે. મારા અવગુણોનું પિષ્ટપેષણ નહિ કરે. તેના ઉત્તમ સ્વભાવની ખાસિયત પ્રમાણે મારા અવગુણ ને મારી ત્રુટિ તેમની આંખમાં નહિ વસે ને મારા રજ જેટલા રહ્યાસહ્યા ગુણને તે ઘણાં કરીને માની લેશે. જ્ઞાનીજનોની પાસે તો હું બાળક છું. તેમનો પોતાનો છું. તેમના વિરાટ શરીરનો એક અવયવ છું. શરીરનો એકાદ અવયવ ગંદો હોય છે તો તેનો શું નાશ કરવામાં આવે છે ? અથવા તો તેના તરફ ઘૃણાની નજરે જોવામાં આવે છે ? ના ઉલટું તેની ગંદકી દૂર કરીને તેની શોભા વધારવાનો ને એ રીતે સારા શરીરને સુંદર ને સ્વચ્છ બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે, એ જ રીતે જ્ઞાનીજનો મને તેમનો સ્વજન સમજીને મારા રૂપરંગને પ્રેમ ને મમતાની નજર નિહાળશે એની મને ખાત્રી છે.

બદરીનાથની યાત્રામાં અમને એક લંગડો માણસ મળ્યો હતો. બદરીનાથના મંદિરમાં અમે તેને જોયો તો અમને આશ્ચર્ય થયું. તેનો એકે પગ કામ કરી શકતો ન હતો. જમીન પર હાથના ટેકાથી તે ચાલતો હતો. તે માણસે જ્યારે શરૂઆતમાં બદરીનાથ યાત્રાનો પ્રસ્તાવ પોતાના પરિચિત માણસોની પાસે રજૂ કર્યો હશે ત્યારે તે માણસોને કેટલું આશ્ચર્ય થયું હશે ? તેથી પણ વધારે આશ્ચર્ય જ્યારે તેણે યાત્રાની શરૂઆત કરી હશે ત્યારે લોકોને થયું હશે. લંગડો માણસ બદરીનાથની યાત્રા જેવી કઠિન યાત્રા કેવી રીતે ને કેટલા વખતમાં કરી શકે ? સાધારણ માણસને એ વાતનું આશ્ચર્ય જરૂર થાય, પણ લંગડા માણસનો વિશ્વાસ ભારે હતો. તે વિશ્વાસથી પ્રેરાઈને તે ઘેરથી ચાલી નીકળ્યો ને એક ધન્ય દિવસે પોતાના સ્વપ્નને સાકાર કરી શક્યો. બદરીનાથની પવિત્ર ભૂમિમાં તે આવી પહોંચ્યો. તે માણસ પાછો પોતાના વતનમાં ક્યારે પહોંચશે એ શંકા ઘણાને થતી હતી. પણ એવી શંકા નિરાધાર હતી. તે માણસને પોતાની જાતમાં ને સૌથી વધારે ઈશ્વરમાં શ્રદ્ધા હતી ને ઈશ્વરની કૃપાથી પોતાના દૂરના વતનમાં તે વિના પરિશ્રમે પહોંચી જશે એવી તેની દૃઢ માન્યતા હતી, ને તે કેટલી સાચી માન્યતા હતી તે તો જુઓ !

બદરીનાથથી અમે છૂટા પડ્યા તે પછી વીસેક માઈલનું અંતર કાપીને અમે કુંભારચટ્ટી આવી પહોંચ્યા તો ત્યાં શું જોયું તે ખબર છે ? તે લંગડો માણસ પણ સાંજ પડી ત્યારે તે જ ચટ્ટીમાં આવી પહોંચ્યો. તેને ત્યાં લાવનાર ઈશ્વર વિના બીજું કોણ હતું ? બીજા કોણે તેને આટલે બધે આવી પહોંચવાની શક્તિ પૂરી

પાડી ? અમને ખાત્રી થઈ કે ઈશ્વર પરનો તેનો વિશ્વાસ સાચો હતો, ને તે વિશ્વાસને લીધે જ તે ચાલવાની શક્તિ મેળવતો હતો. પાંગળાને પર્વત ઓળંગવાની શક્તિ આપનાર તરીકે ઈશ્વરની સ્તુતિ કરવામાં આવી છે, તે વાત અમને યાદ આવી ને સાચી થયેલી લાગી. એ તો ઠીક, પણ એક બે અંધ સ્ત્રીપુરૂષોને પણ અમે સહીસલામત રીતે બદરીનાથની યાત્રાના માર્ગને પાર કરતાં જોયાં. તેમની આંખે અંધારૂં હતું છતાં તે આગળ ને આગળ વધ્યે જતાં હતાં. તેમને પ્રકાશ આપનારૂં ને માર્ગ બતાવનારૂં કોણ હતું ? ઘરડા માણસો પણ યાત્રા કરતાં. તે થાકી જતાં, હાંફી જતાં. થોડીકવાર થાક ખાવા બેસતા, ને વળી ઊઠીને આગળ ચાલતાં. તેમને હિંમત આપનાર ને શક્તિ પૂરી પાડનાર ઈશ્વર વિના બીજું કોણ હતું ? ઈશ્વર પરની શ્રદ્ધા જ તેમને આગળ વધારી રહી હતી. શરૂઆતમાં માતાજી પગે ચાલીને યાત્રા કરી શકશે એવી આશા ઓછી હતી. તેમને માટે કોઈ સાધનની સગવડ કરવી પડશે એમ લાગતું હતું. પરંતુ તે શ્રદ્ધા જ તેમને શક્તિ દેનારી થઈ પડી ને તેમણે બધી યાત્રા કોઈ પણ જાતની તકલીફ વિના, પગે ચાલીને કરી.

ગીતાના આ પુણ્યમય ને પ્રબળ પ્રવાસનું પણ એવું જ છે. મારા જેવો એક સાધારણ બાળક પણ ગીતાનો પુણ્યપ્રવાસ કરતાં કરતાં છેક એટલે સુધી આવી પહોંચ્યો તે જાણીને કેટલાકને નવાઈ લાગે છે, પણ તેમાં નવાઈ જેવું કાંઈ જ નથી. ઈશ્વરની કૃપાથી શું થઈ શકે નહિ ? મારા જેવા વય ને વિવેક બન્ને દૃષ્ટિએ બાળકને ગીતાનો પુણ્યમય પ્રવાસ કરવાની શક્તિ આપનાર ઈશ્વર જ છે. ગીતાના સનાતન સંગીતનો સ્વાદ લેવાની શક્તિ આપનાર પણ તે જ છે. પછી મારે ડરવાનું કે સંકોચ પામવાનું કારણ ક્યાં છે ? ઈશ્વરરૂપી મહાન માતાના હાથમાં મેં મારી જાતને સોંપી દીધી છે. તેની શક્તિ ઘણી ભારે છે. તે શક્તિમાં મારી શ્રદ્ધા છે. તે જ બધું કામ કરાવી રહી છે. તેની કૃપાથી એક ધન્ય ઘડીએ આ પ્રવાસ પણ પૂરો થઈ જશે.

ભગવાન શ્રીકૃષ્ણ જેમ રંગમાં આવી ગયા હોય, તેમ પોતાનું શબ્દરૂપી સંગીત આ અધ્યાયમાં પણ ચાલુ જ રાખે છે. અર્જુનની આગળ પોતાનું સમસ્ત હૃદય ખોલી દઈને તેને કૃતાર્થ કરી દેવા તૈયાર થયા હોય તેમ ગીતાના સંગીતના નવા નવા સૂર તે છોડ્યે જ જાય છે. તેમના પવિત્ર વાણી પ્રવાહમાં મન મૂકીને મહાલવાનું સદ્ભાગ્ય અર્જુનને આપોઆપ જ મળી જાય છે. આપણને તે ભાગ્ય અનાયાસ જ મળી રહે છે. ભગવાન અર્જુનની આગળ ઉત્તમ જ્ઞાનની રૂપરેખા દોરી બતાવવાનો નિર્ણય કરે છે. તે જ્ઞાનની શક્તિ કેટલી છે ને તે જ્ઞાન મેળવવાથી શું થશે, તે વિશે આપણને વિચાર થાય તે પહેલાં જ તે કહી દે છે કે તે જ્ઞાનની પ્રાપ્તિ કરનારને પરમશાંતિ કે સિદ્ધિ મળી રહેશે. જન્મ ને મરણના ભયથી મુક્તિ મળશે, ને પરમાત્માની સાથે એકતાની પ્રાપ્તિ થઈ જશે.

ખરી રીતે જોઈએ તો ભગવાનના એ શબ્દો બધી જ જાતના આત્મજ્ઞાન કે તત્વજ્ઞાનને લાગુ પડે છે. જીવનનું ઉત્તમોત્તમ કલ્યાણ જ્ઞાનથી જ થઈ શકે છે. પરમશાંતિ ને સિદ્ધિ પણ તેથી જ મળી શકે છે. જીવશિવની એકતા પણ તેથી જ સાધી શકાય છે. જ્ઞાનરૂપી હોડીનો આધાર લઈને માણસ સંસારરૂપી સાગરને સહેલાઈથી તરી જાય છે. સંસારમાં સફળ થાય છે, ને પોતાની જીવનયાત્રાને સુખપૂર્વક પૂરી કરે છે. જીવનના કાયમી મંગલને માટે બીજો કોઈપણ ઉપાય કામ લાગી શકતો નથી. પણ તે જ્ઞાન કેવળ વાણીનો વિલાપ નથી. વિદ્વતાનું પ્રદર્શન કે મગજનો ભાર પણ નથી. માહિતીનો લાંબા વખતથી ને સંભાળપૂર્વક

કરેલો સંગ્રહ, ભાર, પ્રદર્શન કે વિલાસથી યશ કે ધન કદાચ મળી શકે, પણ શાંતિ કે સિદ્ધિ મળી શકે નહિ. પરમાત્મા સાથેની એકતાનો અનુભવ પણ થઈ શકે નહિ તે માટે તો ભારે પુરૂષાર્થ જોઈએ. જ્ઞાન જીવનમાં ઊંડે ઊતરી જવું જોઈએ. એવું અનુભવસિદ્ધ જ્ઞાન જ જીવનને અજવાળી શકે, તારી શકે, ને શાંતિ તથા સિદ્ધિનો આનંદ આપી શકે.

બીજી વાત છે કે માણસ જુદી જુદી જાતનું ગમે તેટલું જ્ઞાન પ્રાપ્ત કરે, ને જુદા જુદા જ્ઞાનનો શંભુમેળો કરે તેથી તેના જીવનનું મંગલ થઈ શકે નહિ, ને જીવનના તાત્વિક પ્રશ્નોના ઉકેલ દ્વારા તેને કાયમી શાંતિ પણ મળી શકે નહિ. જ્ઞાન ને વિજ્ઞાનનાં નવાં નવાં ક્ષેત્રોમાં માણસ આગળ ને આગળ વધતો જાય છે. તે નવી નવી શોધખોળ પણ કરે છે, ને પવન, પાણી, પૃથ્વી પર પ્રભુતા મેળવવાનો પરિશ્રમ કરે છે, છતાં તેને શાંતિ મળી છે અથવા સંસાર ને તેની પાછળ રહેલી શક્તિના રહસ્યને તે ઉકેલી શક્યો છે એમ કહી શકાશે નહિ. બહારની દુનિયા પર કાબૂ કરવા મથનારા ને બહારના વિષયોનું જ્ઞાન મેળવવા માગનારા માણસે જ્યાં સુધી પોતાની અંદરની દુનિયા પર કાબૂ પ્રાપ્ત કર્યો નથી, ને પોતાની તદ્દન પાસેના પાસેમાં પાસેના પદાર્થોની માહિતી મેળવી નથી, ત્યાં સુધી તેને શાંતિ ક્યાંથી મળી શકે, ને તેના બધા પ્રશ્નોનું નિરાકરણ પણ કેવી રીતે થઈ શકે ?

આપણે એમ નથી કહેતા કે બહારનું જ્ઞાન નકામું છે. બહારની શોધખોળો માનવજાતિના મંગલને માટે ઉપયોગી નથી એમ પણ કહેવાનો આપણો આશય નથી. આપણે તો એ જ કહેવા માંગીએ છીએ કે માણસ કેવળ બહારની દુનિયાનો ઉપાસક બની જાય તે બરાબર નથી. તેણે ધ્યાન આપવું જોઈએ, ને પોતાના સ્વભાવની શુદ્ધિ તથા પોતાની અંદર રહેલા પરમાત્મ તત્વની શોધ માટે તેણે પ્રયાસ કરવો જોઈએ. સંસારમાં શ્વાસ લેનારા ને પ્રવૃત્તિમાં ડૂબેલા માણસે બહારના ને અંદરના જ્ઞાનનો સમન્વય કરવો જોઈએ, ને તે દ્વારા જીવનને વધારે ઉજ્જવલ કરવાની કોશિશ કરવી જોઈએ. માણસ શું ને કેટલું જાણે છે તે જ મહત્વનું નથી. જે ને જેટલું જાણે છે તેને તેણે કટલા પ્રમાણમાં જીવનમાં ઉતાર્યું છે, અથવા તેની મદદથી તેણે કેટલે અંશે જીવનના ઘાટ ઘડ્યા છે, તે તેથી પણ વધારે મહત્વનું છે. આ વાત માણસની નજર સામે નિરંતર રહે તે જરૂરી છે. આજની દુનિયામાં તેની જરૂર ઘણી વધારે છે. માણસ જ્યારે જ્ઞાનમય જીવન જીવવાનો પ્રયાસ કરશે, જેને સાચું ને સારું સમજે છે તેને જીવનમાં ઉતારશે, ને બહારના વિષયોની માહિતી સાથે, પોતાની અંદરના વિષયોની માહિતી મેળવવા તરફ પણ ધ્યાન આપશે, ત્યારે જ તે જીવનનું સાચું શ્રેય પ્રાપ્ત કરી શકશે. શાંતિ ને સિદ્ધિ પણ તેને ત્યારે જ મળશે.

**[ ૪ ] જ્ઞાનવૈરાગ્ય**

જ્ઞાન ને વૈરાગ્ય બધી રીતે કલ્યાણકારક છે. વધારે વિશાળતાથી કહીએ તો આધ્યાત્મિક સાધનાનો માર્ગ માનવ અને માનવસમાજનું બધી રીતે મંગલ કરનારો છે. પણ તેના સંબંધમાં સાધારણ માણસોમાં જ નહિ પરંતુ વિદ્વાન ગણાતા માણસોમાં પણ કેટલીક ગેરસમજ ફેલાયેલી છે. જે માણસ જ્ઞાન, વૈરાગ્ય કે આધ્યાત્મિક સાધનાને માર્ગે વળે, તે જગત પ્રત્યે ઉદાસીન બને, ને જગતને જુઠું તથા ઝેરી ગણે, તેને જગતમાં કોઈ પ્રકારનો રસ લાગે નહિ, એવી કેટલાય લોકોની માન્યતા હોય છે. એ માન્યતા ખોટી છે એટલું

જ નહિ, પણ માણસને પોતાને માટે તથા સમાજને માટે નુકશાનકારક છે એ સારી પેઠે સમજી લેવાની જરૂર છે. કેટલાક જ્ઞાની ને ભક્ત કહેવાતા માણસો પણ સંસાર અસાર છે, દુઃખરૂપ છે, ઝેરનો ભંડાર છે, ને નકામો છે એવા ઉપદેશ આપતા ફરે છે. તે ઉપદેશની અસર અધકચરી અવસ્થાનાં માણસો પર વધારે ભાગે ખરાબ જ થાય છે. તેની અસરથી માણસોનું જીવન નીરસ બને છે. જીવન જાણે ભારરૂપ હોય ને સંસાર કોઈ શત્રુ કે અંતરાયરૂપ હોય તેમ સમજીને માણસો પોતાના કર્તવ્ય તરફ બેદરકાર બની જાય એ દશા સારી નથી. એ દશા નિરોગી નહિ પણ રોગી માનસની નિશાનીરૂપ છે. તે ઉપરાંત, જ્ઞાન વૈરાગ્ય ને સાધનાની સાચી સમજથી પર છે, માટે તેને સુધારવાની જરૂર છે.

આ સંસાર પરમાત્માંથી જ પ્રકટ થાય છે. તે પરમાત્માનું જ સ્વરૂપ છે. માટે પરમાત્માંની પેઠે તે પણ મંગલ, સુંદર, સત્યમય ને મધુર છે. પરમાત્માના પ્રેમરૂપી અમૃતથી તે પરિપૂર્ણ છે. તેને ઝેરી, જુઠ્ઠો ને નકામો કહેવો, ને તેમ કહીને તેનો તિરસ્કાર કરવાનો પાઠ શીખવવો એ અપરાધ છે. એ જ્ઞાન નહિ પણ અજ્ઞાન છે. આ જગત સારથી ભરેલું છે. તેમાં ડગલે ને પગલે ગ્રહણ કરવા જેવી ને જીવનની ઉન્નતિ માટે ઉપયોગી એવી સામગ્રી ભરેલી છે. તેનો ઉપયોગ કરી જીવન ને જગતના સારરૂપ પરમાત્માની પ્રાપ્તિ કરી શકાય છે. જીવન ને પૂર્ણ ને મુક્ત બનાવી શકાય છે. એવા જગતને અસાર કેવી રીતે કહી શકાય ? તે પરિવર્તનશીલ છે એ સાચું છે. તેનો આધાર લઈને તમે અપરિવર્તનશીલ એવા પરમાત્માની પાસે પહોંચી શકો છો. આ જગત તો પરમસુખ ને આનંદથી ભરેલું છે. પ્રેમ ને રસથી રંગાયેલું છે. તેમાં શ્વાસ લઈને તમે જીવનને ધારો તેવું બનાવી શકો છો; નરમાંથી નારાયણ પણ બની શકો છો. તમારી દૃષ્ટિને નિર્મલ કરી દો, તમારા અંતરને ઉત્તમ ભાવોથી ભરી દો, ને વિચારોની ઉચ્ચ સપાટી પર પહોંચી જાવ, તો જગત માટે સુખમય ને મંગલ થઈ જશે એ નક્કી છે.

સાચું છે કે માણસને જગતમાં જુદી જુદી રીતે દુઃખનો અનુભવ કરવો પડે છે ને ક્લેશ તથા કષ્ટો પણ સહેવા પડે છે. પણ તે કારણથી જગત ઝેરી છે, અસાર ને દુઃખરૂપ જ છે એમ માની લેવું બરાબર નથી. જીવનમાં દુઃખ ને કષ્ટ આવે છે પણ દુઃખ કે કષ્ટ કાયમને માટે રહેનારા છે એમ માનવું ભૂલભરેલું છે. મહાપુરૂષો કહે છે કે દુઃખને દૂર કરવાના ઉપાય છે. તે ઉપાય અજમાવીને માણસ જો ધારે તો દુઃખથી પર થઈ પરમસુખી બની શકે છે. કષ્ટોને પણ તરી શકે છે. તેમ કરવાને બદલે, જીવનમાં કોઈ દુઃખ પડવાથી કે એકાદ બે કડવા અનુભવો થવાથી, જીવન ને જગતને જે દુઃખરૂપ ને અસાર માની લે છે તે ભારે ભૂલ કરે છે એમ જ કહેવું જોઈએ. તેવા માણસો જ્ઞાની નહિ પણ અધકચરા જ્ઞાની કે અજ્ઞાની છે એવો મારો નમ્ર અભિપ્રાય છે. તેવા માણસોના ઉપદેશ બીજાને નીરસ ને નિરૂત્સાહ બનાવનારા ને અકર્મણ્ય કરનારા સાબિત થયા છે. તેથી લાભને બદલે હાનિ જ વધારે થઈ છે.

જ્ઞાન, વૈરાગ્ય કે સાધનાને નામે એક બીજી ભ્રમણા એવી ફેલાયેલી છે કે શરીર ગંદું, નષ્ટ થનારૂં, હાડમાંસ લોહીથી ભરેલું ને તિરસ્કારવા યોગ્ય છે, તેના તરફ જ્ઞાની, વૈરાગી, ભક્ત કે સાધકે બેદરકાર રહેવું જોઈએ, અથવા ઓછામાં ઓછું ધ્યાન આપવું જોઈએ. તેને સાફ રાખવું, શણગારવું કે પોષવું નહિ જોઈએ. જેટલા પ્રમાણમાં ન છૂટકે દવા લેવામાં આવે છે, તેટલા પ્રમાણમાં ન છૂટકે ખોરાક લેવો જોઈએ ને તે ખોરાક પણ સૂકો, રસકસ વિનાનો હોવો જોઈએ. આવા વિચારો ભારતના સાધુસમાજ ને સાધારણ માણસોમાં

વિશાળ રૂપમાં ઘર કરી બેઠા છે, પરંપરાથી ચાલતા આવ્યા છે. સાચું હોય તેને શોધવાની ને સ્વીકારવાની વૃત્તિ બહુ ઓછા માણસોમાં હોય છે. તેને લીધે આ બાબતે પણ હજી માણસો વધારે ભાગે જ્ઞાનને નામે અજ્ઞાનને ને સત્યને વળગી રહ્યા છે. આ બાબત ભારતની સાચી આધ્યાત્મિક દૃષ્ટિથી જુદી છે. તે તો કહે છે કે શરીર ગમે તેવું હોવા છતાં પણ ઈશ્વરનું મંદિર છે. પરમાત્માનું નિવાસસ્થાન છે. માટે તેને સ્વચ્છ ને સુશોભિત રાખવાની તથા સુદૃઢ કરવાની જરૂર છે. તે હાડમાંસનું માળખું છે એમ કહ્યા કરીને તેને તિરસ્કાર બુદ્ધિથી જોવાની જરૂર નથી. હાડ, ચામ ને લોહી કરતાં તેમાં ઘણું વધારે છે. ઘણું ઉત્તમ છે, ને સૌથી ઉત્તમ એવા પરમાત્માનો પ્રકાશ તેમાં પથરાયેલો છે ને શરીરનો આધાર લઈને માણસે મોટાં ને યાદગાર કામો કર્યાં છે. પોતાની ને બીજાની ભલાઈને માટે પ્રબળ પુરૂષાર્થ કર્યો છે, ને પરમાત્માની પ્રતીતિ કરી છે. એવા ઉત્તમ ને પરમાત્માની વિભૂતિ જેવા શરીરનો તિરસ્કાર કરવાનું કામ ડહાપણભર્યું નથી. તેવા શરીરને તો સારી પેઠે જીવનને જરૂરી એવા પદાર્થોથી પોષવું જોઈએ. ખૂબ જતન કરીને જાળવવું જોઈએ ને બનતું શક્તિશાળી બનાવીને પોતાના ને બીજાના હિતના કામમાં લગાડી દેવું જોઈએ.

**[ ૫ ] જ્ઞાન, વૈરાગ્ય ને સાધના**

જ્ઞાન, વૈરાગ્ય કે સાધનાને નામે એક ત્રીજી ગેરસમજ પણ ફેલાયેલી છે. તે ગેરસમજ કઈ છે તે જાણો છો ? તે ગેરસમજ એવી છે કે જ્ઞાની, વૈરાગી, ભક્ત કે સાધક હોય તેને પોતાના ઘર, કુટુંબ, સમાજ ને દેશ સાથે કાંઈ જ લાગેવળગે નહિ, તેમના તરફથી તેને માટે કોઈ ફરજ હોઈ શકે નહિ. બધા સાથેનો સંબંધ તે કાપી નાંખે, ને બધાં પ્રત્યે ઉદાસીન અથવા બેદરકાર બની રહે. 'જગત ને ભગતને વળી શું લાગેવળગે' એમ વધારે ભાગના લોકોનું માનવું હોય છે. ને તેથી જ કોઈ જ્ઞાની કે સાધક જો ઘર, કુટુંબ ને ગામ સાથે સંબંધ રાખે, ને સમાજ કે દેશના કોઈ હિતકાર્યમાં પડે તો તે માયામાં પડ્યો છે એમ માનીને તેની નિંદા કરવામાં આવે છે, તેને માટે તરેહ તરેહના તર્ક થાય છે. એમાં પણ ગેરસમજ રહેલી છે, ને તેનો અંત આવવો જોઈએ.

જ્ઞાની કે વિવેકી પુરૂષ કોઈની મમતા કરે નહિ, કોઈમાં આસક્તિ રાખે નહિ, એ વાત સમજી શકાય તેવી છે. પણ પોતાની ફરજ કે પોતાનો સેવાધર્મ બજાવવાનું છોડી દે એમાં દોષ રહેલો છે. એમ કહ્યા વિના ચાલે તેમ નથી. આપણે ત્યાં લાંબા વખતથી એવી માન્યતા ચાલી આવે છે કે ઘર, કુટુંબ, સમાજ ને એના બીજા સંબંધો માણસને બંધનમાં નાખનારા ને તેથી માયારૂપ છે. જ્ઞાની કે સાધકે તેનો ત્યાગ કરવો જોઈએ. પ્રેમ, કરૂણા, હિતકામનાની બધી જ વૃત્તિને તેણે દૂર કરવી જોઈએ. પરંતુ એ માન્યતા અજ્ઞાનમૂલક કે ખોટી છે. માણસને બંધનમાં રાખનારી વસ્તુ રાગદ્વેષ ને તેના સરદાર જેવું અજ્ઞાન છે. જેનામાં તેનો વાસ છે, ને જે પોતાના મન ને પોતાની ઈન્દ્રિયોનો ગુલામ છે, તે ઘર મૂકીને વનમાં વસે ને કુટુંબ કે સમાજને છોડીને એકલો રહેવા માંડે તો પણ બંધનમાંથી છૂટી શકતો નથી. એ ઉપરાંત, સંસારમાં કેટલાંય માણસો એવા થઈ ગયા છે કે જેમણે ઘર ને કુટુંબ તથા સમાજની વચ્ચે રહીને, પોતાને ફાળે આવી પડેલી ફરજનું પાલન કરતાં કરતાં જીવનનું શ્રેય કરી લીધું છે. બીજી રીતે વિચાર કરીએ તો સમજાશે કે જ્ઞાન અથવા સાધના માણસની દૃષ્ટિને વધારે નિર્મળ ને દૈવી બનાવવા માટે છે. તે દ્વારા માણસ બધે પરમાત્માનું દર્શન કરે છે, ને બધાંને

પ્રેમ કરે છે. તે દશામાં તે પોતાના કુટુંબ, સમાજ કે દેશ ને છેવટે સંસારના સભ્યો તરફ અરુચિ, ઉદાસીનતા કે ઉપેક્ષાના ભાવ કેવી રીતે રાખી શકે ? સાધનાની શરૂઆતમાં કદાચ તેવો ભાવ રહે તો પણ માણસ સાચા અર્થમાં જ્ઞાની બનતાં તે ભાવ કદી પણ ટકી શકે નહિ. આ વાત સમજી લેવાની જરૂર છે.

જ્ઞાની, વૈરાગી કે સાધકે ઘર ને કુટુંબનો સંબંધ છોડવો જ જોઈએ, એમ માનવા-મનાવવામાં અજ્ઞાન રહેલું છે. એ અજ્ઞાનની અસર નીચે આવીને કેટલાય ઊછરતી ઉંમરના યુવાનો ઘરબહાર ને નોકરીધંધા છોડી દે છે, ને કોઈ સંત, મહાત્મા કે આશ્રમનો આધાર લે છે. તેમના માતાપિતા તેમની પાછળ કલ્પાંત કરે છે, કેટલાય સંજોગોમાં તો યુવાન, સ્ત્રી ને બાળકો પણ રડે છે ને ટળવળે છે તથા નિરાધાર બને છે. છતાં વૈરાગ્ય ને વિચારવાયુની ખોટી અસર નીચે આવીને તે માણસો પોતાની ફરજનો ત્યાગ કરવામાં મોટાઈ માને છે; ને પોતાના સ્વજનોની સંભાળ લેવામાં ને સેવા કરવામાં-અરે જીવનભર તેમની સામે પ્રેમ ને દયાની દૃષ્ટિથી જોવામાં ને તેમની સાથે કોઈ જાતનો સંબંધ રાખવામાં પણ વૈરાગ્યની હાનિ સમજે છે ને પછી તે પોતે શું કરે છે ? જ્ઞાન મેળવવાની કે સાધના કરવાની શક્તિ, ઈચ્છા કે સમજ તો બહુ જ ઓછા માણસોમાં હોય છે. એટલે વધારે ભાગના વૈરાગીઓ તો નામ ને વેશને બદલી, પોતાના કે બીજાના હિત માટેનું કોઈપણ ખાસ કામ કર્યા વિના જીવનને ઘોર તમોગુણમાં જ પસાર કરે છે. માણસો પણ આવા વૈરાગ્યને સમર્થન આપે છે ને વખાણે છે એ આશ્ચર્ય છે.

આધ્યાત્મિક ઈતિહાસમાં મહાપુરૂષો ઘણા થઈ ગયા છે. તેમનાથી બીજાને લાભ પણ થયો છે. પણ લોહીના સંબંધથી તેમનો લાભ લેવાનાં જે ખરેખરા અધિકારી હતાં તે તેમના લાભથી કેટલીકવાર વંચિત રહ્યાં છે. એવા ઉદાહરણો પણ ઓછા નથી. એવા ઉદાહરણોનો ખુલાસો કરવા આપણે પેલા બહુ માફક આવી ગયેલા શબ્દો ‘જેવા જેના કર્મ’ ‘જેવાં સંસ્કાર,’ ‘જેવું પ્રારબ્ધ’ નો ઉપયોગ કરીએ છીએ. પણ માણસ ધારે તો પોતાના જીવનને નવો વેગ કે વળાંક આપી શકે છે.

જ્ઞાની, સંત કે સાધક તો પ્રેમની મૂર્તિ છે. તેનું જીવન સેવાભાવ ને ત્યાગની આધારશિલા પર રચાયલું છે. બીજાને એકરૂપ થવા તે સદાય તૈયાર રહે છે. જ્ઞાની, વૈરાગી કે સાધક જેમ તેમ બોલે, ફરે, ખાય ને રહે તથા સામાન્ય માણસો કરતાં તેમનો વ્યવહાર તો જુદો જ હોય એવી ગેરસમજ પણ આપણે ત્યાં સારી પેઠે ફેલાયેલી છે, એટલે જ્ઞાની ગમે તેવું વર્તન કરે તો પણ ચલાવી લેવામાં આવે છે. એટલું જ નહિ, કેટલીકવાર તો તેના વિલક્ષણ વર્તન પરથી તેની કિંમત વધારે કરવામાં આવે છે. જ્ઞાની કે સાધુ ગાળ કે અપશબ્દ બોલે, ગંદા રહે ને સાધારણ રીતે અસભ્ય લાગતી રીતભાત બતાવે તો કોઈને આશ્ચર્ય થતું નથી. કેટલીકવાર તેને તેના સિદ્ધપણાનું લક્ષણ માનવામાં આવે છે. એ ભૂલને સુધારવાની જરૂર છે. જે જ્ઞાની, વૈરાગી, કે સિદ્ધ થાય છે તે માનવતાના સ્વાભાવિક ગુણોથી ભ્રષ્ટ થઈને પશુદશા તરફ પ્રગતિ કરતો નથી. જંગલી જનાવરની જેમ પણ જીવતો નથી. તે તો ઉત્તમ માનવ બને છે. માનવતાના ગુણો તેનામાં સોળે કળાએ ખીલી ઊઠે છે, તે પ્રત્યક્ષ દેવતા બની રહે છે. તેનો વિચાર, તેની વાણી ને વર્તન સૌને માટે આદરણીય, આદર્શ ને બોધપાઠ લેવા જેવું કે અનુકરણીય થઈ જાય છે. જ્ઞાન, વૈરાગ્ય કે આધ્યાત્મિક ઉન્નતિને નામે તે કદી પણ સ્વેચ્છાચારી બનતો નથી. દુરાચારી તો કદી પણ થતો નથી. જો તેમ થતો હોય, ને તેમ થવામાં ગૌરવ ગણતો હોય તો તેની સમજણમાં કાંઈ દોષ છે એમ નક્કી સમજી લેવું.

**[ ૬ ] રાજયોગની ગેરસમજ**

થોડા વખત પહેલાં અમે એક જાણીતા સંત ને જ્ઞાની પુરૂષના દર્શને ગયા હતા. કોઈ શ્રીમંતને ત્યાં તેમનો ઉતારો હતો. તેમની મુલાકાત લઈને અમે ઊઠ્યા, એટલે તેમના ભક્તે કહ્યું કે 'મહાત્માજી ઘણા આગળ વધેલા છે, સમર્થ છે. આવા સિદ્ધ પુરૂષોનું દર્શન આજના અધર્મમય સમયમાં ભાગ્યે જ થઈ શકે છે. ઈશ્વરની કૃપા માનો કે આપણે તેમનું દર્શન કરી શક્યા. તે કાંઈ સાધારણ શ્રેણીના સંતપુરૂષ નથી. તે તો રાજયોગી છે.'

'રાજયોગી ?' મેં જરા કુતૂહલ બતાવતાં પ્રશ્ન કર્યો, 'રાજયોગી એટલે શું ?'

'કેમ તમને એટલી પણ ખબર નથી ?' તેમણે ખુલાસો કરવા માંડયો, 'મહાત્મા બે જાતના હોય છે. એક તો સાધારણ કોટિના ને બીજા અસાધારણ કોટિના. સાધારણ કોટિના મહાત્મા સાધક દશામાં હોય છે. એટલે સાધારણ ને કેટલીકવાર તો ગરીબ જેવી દેખાતી દશામાં રહે છે. પણ જે સમર્થ થઈ ગયા છે, અથવા તો રાજયોગમાં પ્રવેશી ચૂક્યા છે, તેમની વાત જુદી છે. તે તો કોઈ શ્રીમંત પુરૂષ કે રાજામહારાજાની જેમ ઠાઠમાઠથી રહે છે. રાજયોગના નામ પરથી જ તેના સારને સમજી લો. તે યોગનો આધાર લેનાર ન માત્ર રાજાના જેવો થઈ જાય છે, પણ રાજાની જેમ જીવનારો જ્ઞાની થાય છે. '

મેં કહ્યું : 'આ વાત તો આજે જ જાણી.'

તેમણે જરા આનંદમાં આવી ઉશ્કેરાઈ જતાં કહ્યું : 'કહ્યું નથી કે ગુરૂ વિના જ્ઞાન નહિ. જ્ઞાનનાં રહસ્યો જો પોતાની મેળે જ સમજાઈ જતાં હોત, તો આપણાં શાસ્ત્રોમાં ગુરૂ કરવાની પ્રથા પર આટલો બધો ભાર શા માટે મુકત ? સંતો ને કવિઓ કે ભક્તો પણ તેનાં આટલાં બધાં ગુણગાન શા માટે ગાત ? આપણાં શાસ્ત્રોના કેટલાક સિદ્ધાંતોનું આવું જ બન્યું છે. સાચો ધર્મ સમજનારા ને સમજાવનારા સાચા શાસ્ત્રી, પંડિત, સંત ને જ્ઞાની પુરૂષોના અભાવે તેમના સંબંધે કેટલીક ગેરસમજ ફેલાયલી છે. તમે યોગી છો ને જ્ઞાની પણ છો પરંતુ તમારામાં હજી થોડી કચાશ છે. એટલે જ તમે શીલ, સંયમ ને સાદાઈ તરફ આટલું બધું ધ્યાન આપો છો. શરૂઆતની દશામાં એ બધું બરાબર છે પણ પૂર્ણતાએ પહોંચતા, પૂર્ણ જ્ઞાની થતાં કે રાજયોગી બનતાં, કોઈ ખાસ નિયમ રહેતા નથી. પછી તો માણસ આઝાદ થઈ જાય છે. ખાવાપીવામાં, બોલવા ચાલવામાં કે પહેરવામાં પછી તેને કોઈ બંધન રહેતું નથી. તે તો પછી સુંદર ને રેશમી કપડાં પહેરે છે, બૂટ-મોજાં ધારણ કરે છે, વૈભવ–વિલાસમાં જીવવા માંડે છે, ને બધી જાતના ભોગ કરે છે; સમજાયું ને ?'

આવા અધકચરા માણસો જ્ઞાનના ગહન સિદ્ધાંતોને સમજનારા ને સમજાવનારા ગુરૂનો ઘમંડ રાખીને જો ઠેકઠેકાણે આ જ પ્રમાણે ખુલાસો આપતા ફર્યા કરશે, તો તેમની દ્વારા સાચું સમજવા માગનારા માણસોને સાચે જ નુકસાન થશે. કારણ કે આવા માણસો પ્રકાશ પામ્યાનો દાવો કરે છે, છતાં પોતે અંધકારમાં જ રમ્યા કરે છે. તેમને પોતાને જ હજી વધારે અનુભવ કરવાની, વધારે ઊંડો વિવેક કરવાની ને કોઈ સાચા સદ્ગુરૂનું શરણ લેવાની જરૂર છે. વધારે નવાઈની વાત તો એ છે કે જ્ઞાન કે યોગની દિશામાં આવા માણસોએ પૂરું પગલું પણ ભર્યું હોતું નથી અથવા જ્ઞાન કે યોગની યુનિવર્સિટીના તે વિદ્યાર્થી પણ બન્યા હોતા નથી. કેટલીકવાર તેમને તેના તરફ જવા અરુચિ પણ હોય છે, છતાં સિદ્ધહસ્ત કે કુશળ પુરૂષની પેઠે પ્રસંગ મળતાં

તે પોતાના અભિપ્રાય આપ્યા જ કરે છે, ને 'અમે પણ કાંઈક જાણીએ છીએ, સંસારના વ્યવહારમાં અમે પણ જ્ઞાની છીએ, અમને ઓછા કે સાધારણ સમજશો નહિ - એવી અસર પાડવાનો જાણ્યે કે અજાણ્યે પ્રયાસ કરે છે. આ પરિસ્થિતિ વારંવાર જોવા મળે છે.

મારા અનુભવની એક બીજી વાત કહું. ગુજરાતના એક ગામડામાં એક સંન્યાસી મહારાજ આવેલા. શરૂઆતમાં તે જમતી વખતે બધી વાનગી ભેગી કરીને તેમાં પાણી મેળવીને ખાતા. સ્ત્રીઓ તેમના દર્શન માટે આવતી તો તેમને તે દૂર બેસવા કહેતા. પોતાના ફોટા ને મિષ્ટાન્ન તરફ છેક અરુચિ – કહો કે એક જાતનો તિરસ્કાર બતાવતા. ગામના લોકોને તેમની તરફ ખૂબ આકર્ષણ થયું. બધાં તેમને સાક્ષાત્ ઈશ્વરની પેઠે માનવા ને પૂજવા માંડ્યા.

બે વરસ પછી મારે તે ગામમાં જવાનું થયું ત્યારે તે સંન્યાસી મહારાજ ત્યાં જ હતા. તેમની રીતભાત ફરી ગઈ હતી. તે રેશમી વસ્ત્રો પહેરવા માંડ્યાં હતાં. ચશ્મા ને ઘડિયાળ ધારણ કરવાનું તેમણે શરૂ કર્યું હતું. મિષ્ટાન્ન ને ફરસાણના હવે તે ખાસ રસિયા બન્યા હતા, ને તે બનાવવાની ભક્તજનોને પહેલેથી આજ્ઞા કરતા હતા. પોતાના ફોટાના પ્રચારમાં હવે તે ખાસ રસ લેતા હતા. દરેક વાનગીનો અલગ અલગ સ્વાદ લેતા થયા હતા. તે ઉપરાંત, દિવસમાં બેથી ત્રણવાર ભોજન કરતા હતા. ચાનો ક્રમ વધીને દિવસમાં દસેક વારનો થયો હતો કેમ કે ચાના તો તે પહેલેથી જ રસિયા હતા. વધુમાં તે સીગરેટના પણ રસિયા બન્યા હતા. હાથમાં સીગરેટનો ડબ્બો લઈને બહાર નીકળવું એ તો તેમનું જાણે પ્રિય વ્રત થઈ પડ્યું હતું. હવે તે સ્ત્રીઓની સાથે એકાંતમાં અલગ બેસતા, ને તેમની સાથે કલાકો લગી વાતચીત કરતા.

તેમની રીતભાતમાં આવો ફેરફાર જોઈને કેટલાય ભક્તોએ તેમનો સંગ છોડી દીધો હતો ને એકવાર જે તેમને ઈશ્વર જેવા કહેતા ને તેમની પૂજા કરતા તે તેમને રાક્ષસ ને અધમ કહી ગાળો દેતા હતા. એ વિચિત્ર વસ્તુ જોઈને મને ખાસ નવાઈ લાગી નહિ, કારણ કે સંસારમાં આવું આવું તો ઘણું બન્યા કરે છે. સાચા ને ખોટા તેમજ સારા ને નરસાનો ભેદ પાડવાની કે વિવેક કરવાની શક્તિના અભાવને લીધે માણસો વારંવાર ભૂલથાપ ખાય છે, ને ગેરરસ્તે દોરવાય છે. છતાં મેં આગળ પણ દ્રષ્ટાંત આપ્યું તેવા માણસો પણ હોતા નથી એમ નહિ. તેવા માણસો તે ગામમાં પણ હતા. તે કહેતા કે ' સંન્યાસી મહારાજ હવે રાજયોગી થયા છે. અત્યાર સુધી તે સાધક હતા. હઠયોગી હતા. હવે તેમણે સૌથી ઉત્તમ એવા રાજયોગમાં પ્રવેશ કર્યો છે. રાજયોગીને કોઈ બંધન જ ન હોય. સારા ને નરસા બધાથી તે પર હોય. તેને કોઈ નિયમ જ નહિ. તે તો ઈચ્છા પ્રમાણે કરે, ને વર્તે. માણસો આ વાતને સમજતા નથી માટે તેમને હવે ગાળો દે છે. પણ સાચી વાત સમજવી કાંઈ સહેલી છે ? રાજયોગીનું જીવન કૃષ્ણના જેવું થઈ જાય છે. કૃષ્ણના પર કલંક લગાડનારા માણસોની જેમ અમારા ગુરૂજી પર પણ અજ્ઞાની માણસો કલંક લગાડે છે, ને તેમની ટીકા કરે છે. પણ તેમાં તેમનું શું બગડવાનું ?' આવા માણસો પણ થોડી સંખ્યામાં મળી આવે છે ને વધારે ભાગે જ્ઞાની, સંન્યાસી કે મહાત્મા પુરૂષોનું પતન કરવા–કરાવવામાં મોટો ભાગ ભજવે છે

કેટલીક વાર જ્ઞાની કે મહાત્મા પુરૂષો પણ પોતાની ભૂલ કબૂલ કરવાને બદલે તેને ઢાંકવાનો ને પોતાના અવગુણને ગુણમાં ગણાવવાનો પ્રયાસ કરે છે. તે પોતે જ કહે છે કે 'અમે તો રાજયોગી છીએ. વેદાંતી છીએ. અમારે મન તો બધું બ્રહ્મ જ છે. અમે ગમે તે કરીએ, અમને શું અડે એમ છે ? પાણીથી અલગ

રહેતા કમળની જેમ અમે પણ બધાથી અલગ રહીને ભોગ ભોગવીએ છીએ. ગીતાના ઉપદેશનો અમે અમલ કરીએ છીએ, 'સબમેં હૈ ઔર સબમેં નહિ' જેવી અમારી દશા છે. તમે પણ અમારી પેઠે બધી મર્યાદાને ફગાવી દઈને વર્તન કરો. બ્રહ્મ તો અમર્યાદ છે. તમારે પણ અમર્યાદ બનવું જોઈએ. બધું ઈશ્વરમય છે એમ માનીને બધા સાથે આનંદ કરો. સાચું જ્ઞાન પ્રાપ્ત થશે ત્યારે તમે પણ અમારી જેમ સ્વૈરવિહારી બની જશો. હજી તમારામાં કચાશ છે.'

આવા જ એક જ્ઞાની ને પોતાને શંકરાચાર્ય કહેવડાવતા મહારાજ એક ગામમાં પધાર્યા હતા. તેમની સાથે સ્ત્રી પણ હતી. તેની સાથે તે પત્ની તરીકેનો સંબંધ રાખતા હતા. તેમણે પણ કેટલાક માણસોની શંકાનો ખુલાસો કરતાં કહેલું કે જ્ઞાનીને વળી ડર કેવો ? તેને વળી બંધન કેવું ? અમે કાંઈ સાધારણ યોગી નથી. અમે તો રાજયોગી છીએ. અમારે કોઈ બંધન જ નહિ. અમે તો રાજાની જેમ જીવનમાં આનંદ કરીએ.

આ ત્રણ શબ્દચિત્રો સમાજમાં ઠેર ઠેર દેખાતા ચિત્રોના માત્ર નમૂના છે. લોકોમાં રાજયોગ વિશે કેવી ગેરસમજ પ્રવર્તે છે તે બતાવવા માટે આ ચિત્રો રજૂ કર્યા છે. પહેલા બે ચિત્રોમાં રજૂ થયેલા ભાઈઓને મેં મારા વિચારથી વાકેફ કર્યા તેથી તેમને લાભ થયો. તે જ વિચારો જરા ફેરફાર સાથે અહીં રજૂ કરું છું.

**[ ૭ ] રાજયોગની સાચી સમજ**

રાજયોગ વિશેના પ્રચલિત–અથવા ઉપર કહ્યા તેવા માણસોના પ્રચલિત–ખ્યાલનો સાર આ પ્રમાણે કહી શકાય : એક ખ્યાલ અવો છે કે રાજયોગવાળો માણસ રાજાની જેમ ઠાઠમાઠથી રહે કે ભોગ જીવન જીવે, ને બીજો ખ્યાલ એવો છે કે તે મનસ્વી રીતે વર્તે છે.

આ બંને ખ્યાલ ખોટા છે એ સમજી લેવાની જરૂર છે. રાજવિદ્યા કે રાજયોગને ઠાઠમાઠ, ભોગવિલાસ કે મનસ્વીપણા અથવા સ્વેછાચાર સાથે કોઈ સંબંધ નથી. ગીતામાતાએ રાજવિદ્યા રાજગુહ્યયોગનું વર્ણન કર્યું છે. તેનો વિચાર કરનાર આ વાત સહેલાઈથી સમજી શકશે. રાજયોગ તો યોગની સાધનાનો એક પ્રકાર છે. તેનો મુખ્ય ઝોક ચિત્તની શુદ્ધિ, મનનો સંયમ ને ધ્યાન, ધારણા તથા સમાધિ પર ને તે દ્વારા છેવટે પરમાત્માના સાક્ષાત્કાર પર હોય છે. બધી જાતના યોગોમાં તેનું સ્થાન ઊંચું છે ને તે મહત્વનો છે માટે તેને રાજયોગ પણ કહેવામાં આવે છે. તે યોગનો આશ્રય લે, અથવા તે યોગને માર્ગે જે ચાલે તેને ને તે માર્ગે ચાલીને જે પરિપૂર્ણતાએ પહોંચે, તેને રાજયોગી કહી શકાય. તેવો માણસ સદ્ગુણની મૂર્તિ હોય, સાત્વિકતાથી સંપન્ન હોય, વ્યવસ્થિત ને નિયમિત જીવનવાળો હોય, મનને કાબૂમાં કરી ચૂકેલો હોય, ને ધ્યાનધારણા જેવી અંતરંગ ક્રિયાઓ દ્વારા શરીરમાં રહેલા પરમાત્મતત્વની અનુભૂતિ કરી બહાર બધે જ તેનો અનુભવ કરતો હોય, પરિણામે તેને પરમશાંતિ મળી હોય, કાયમને માટે તાજા રહેનારા વિવેક કે જ્ઞાનની પ્રાપ્તિ થઈ હોય, ને દુર્ગુણ, મમતા, અહંતા ને આસક્તિના બંધનોથી મુક્તિ મળી હોય, રાગદ્વેષ, ભય ને શોકથી તે પર હોય. રાજયોગ અથવા રાજવિદ્યાનાં સાચાં લક્ષણો આ પ્રમાણે કહેલાં છે તે લક્ષણો જે પુરૂષમાં મળે તેને રાજયોગી કે જ્ઞાની કહેવામાં કશી હરકત નથી. જ્ઞાની, વૈરાગી, યોગી કે ભક્તે ને સાધારણ માણસે પણ તે લક્ષણોને જીવનમાં ઉતારવા બનતો પ્રયાસ કરવો જોઈએ. એમાં જ મહત્તા ને જીવનની શોભા છે.

પણ સમય જતાં આ અર્થ ભૂલાયો છે, ને સાચી સમજના અભાવે કેટલાક માણસોએ ખોટો ને સગવડિયો અર્થ ઊભો કર્યો છે. તેવા માણસો કહે છે કે રાજયોગી તો ઠાઠમાઠથી રહે, ગાડી, મોટર ને વિમાનમાં ફરે, સોનાચાંદીના વાસણમાં જમે, પલંગ પર ને પંખા નીચે સૂએ, રેશમી કપડાં પહેરે ને ભોગવિલાસ કરે, કોઈ માણસ પોતાની રુચિ ને સગવડ કે શક્તિ પ્રમાણે વૈભવી જીવન જીવે ને ઠાઠમાઠમાં રહીને મોટર વિમાનમાં ફરે, તેમાં આપણને કે કોઈને પણ કશી હરકત હોઈ શકે નહિ. વળી આપણે એમ પણ કહેવા માગતા નથી કે જ્ઞાની, યોગી કે સાધક સદા દુઃખી ને કંગાલ જ રહે. તે કાયમને માટે કષ્ટમય ને દરિદ્રી જીવન જીવે એમ પણ આપણે ઈચ્છતા નથી. માણસ પોતાની પસંદગી પ્રમાણેનું જીવન જીવી શકે છે. પણ તે જીવન તેની માણસાઈને મિટાવી દેતું હોય નહિ, તેના આત્માને અપંગ બનાવી કે ગુંગળાવી નાખતું હોય નહિ, ને જીવનની ઉન્નતિ તરફ તેની ઉત્તરોત્તર ને આગળ ને આગળ લઈ જતું હોય, તો તે ગમે તેવું જીવન જીવે તેની સાથે આપણને નિસ્બત નથી. કોઈ હરકત પણ નથી. પણ જ્યારે ઠાઠમાઠ ને ચમકદમકવાળા ભોગી જીવનનો સંબંધ રાજયોગની સાથે જોડવામાં આવે છે, ત્યારે તે પદ્ધતિ ખોટી, ભ્રામક ને ગેરસમજ ઉત્પન્ન કરનારી હોઈ આપણને પસંદ પડતી નથી. એક વસ્તુના ભાવાર્થને જ્યારે પોતાની સગવડ ખાતર મારીમચેડીને વિકૃત રૂપમાં રજૂ કરવામાં આવે છે ત્યારે તેની સામે આપણે લાલબત્તી ધરવી પડે છે.

જે ભોગ માણસના મનને ચંચલ, મલિન ને પરવશ કરતો હોય, માણસને શરીર ને ઈન્દ્રિયોની આસક્તિમાં દિવસે દિવસે વધારે ને વધારે બાંધતો હોય, ચિત્તને વધારે ને વધારે લોલૂપ ને અશાંત કરતો હોય, માણસને વ્યસન ને દુર્ગુણ તથા દુષ્ટ વૃત્તિઓનો દાસ બનાવતો હોય, ને તેને પરમાત્માની નિષ્ઠાથી દૂર ને દૂર લઈ જતો હોય તે ભોગને યોગ કહેવો ને તેનો આધાર લેનારને રાજયોગીના ઝળક્તા નામે જાહેર કરવો એમાં યોગ શબ્દનું અપમાન ને રાજયોગના રહસ્યનું અજ્ઞાન જ રહેલું છે. વિલાસી સાધુઓ પોતાના વિલાસને ઢાંકવા ને પડદા પાછળનાં કૂકર્મોને સંતાડવા આવી રીતે પોતાને રાજયોગી કહેવડાવતા ફરે છે, ને તેમને રાજયોગી માનનારાં શિષ્યો પણ સારા પ્રમાણમાં મળી રહે છે એ આશ્ચર્ય છે. સ્વતંત્ર ને સાચી રીતે વિચાર કરવાની આપણી શક્તિ કેટલી હણાઈ ગઈ તેનો પુરાવો તેમાંથી મળી રહે છે. ને વધારે આશ્ચર્ય તો એ છે કે એમને સાથ આપનારા ને રાજયોગીમાં ખપાવનારા વધારે ભાગના માણસો સારી પેઠે શિક્ષિત હોય છે ! પણ એકલી સ્કૂલ–કોલેજની શિક્ષાથી શું વળે ? જીવનના ઘડતરની શિક્ષા માણસમાં હોવી જોઈએ. ત્યારે જ તે વિવેકી બની શકે ને સારાસારનો નિર્ણય કરી શકે.

**[ ૮ ] જ્ઞાની અને રાજયોગી**

પૂર્ણતાએ પહોંચતા, પૂર્ણ જ્ઞાની થતાં કે રાજયોગી બનતાં માણસને કોઈ બંધન રહેતું નથી. માણસ જ્ઞાની થાય, રાજયોગી થાય, કે પૂર્ણતાએ પહોંચે, તેથી કાંઈ તે સ્વચ્છંદી બની જતો નથી. આચારવિચાર કે ચારિત્ર્યના જે નિયમોને તેણે જીવનના ઘડતર માટે જરૂરી માન્યા છે, તે નિયમોને તે પ્રાણપ્રિય માને છે. સમસ્ત જીવનને માટે તે કામમના છે. તેથી સમગ્ર જીવનપર્યંત તે તેમને વળગી રહે છે, ને તેમનું પાલન કરે છે. તેમના દ્વારા પોતાના જીવનની ઉન્નતિનું કામ પૂરું થાય, પછી કાંઈ તે પ્રમાદી નથી બનતો, ગાફેલ

થતો નથી કે તેથી ઊલટા આચારવિચાર ને નિયમોનો પક્ષપાત કરતો નથી. આરોગ્યના નિયમોનું પાલન જીવનભરને માટે જરૂરી છે, પણ કોઈ એમ કહે કે એકવાર પૂરેપૂરા આરોગ્યની પ્રાપ્તિ થઈ જાય, પછી કોઈ સ્વેચ્છાચારી બને અથવા આરોગ્યના નિયમની વિરૂદ્ધ વર્તે તો ચાલે, તો તેની વાતને આપણે કેવી માનીશું ? તેના શબ્દોને આપણે કદી પણ સ્વીકારીશું કે ? આપણે તો તરત કહીશું કે 'ભાઈ, તમારી વાત ઠીક નથી. તંદુરસ્તીને સાચવવા માટે તો માણસે જીવનભર જાગ્રત રહેવું જોઈએ, ને તંદુરસ્તીના નિયમનું પાલન કરવું જોઈએ.'

વધારે સારા શબ્દોમાં કહેવું હશે તો કહીશું કે 'ભાઈ, તમારી વાત બરાબર નથી. જે ચોખ્ખા પાણીના ગુણને જાણે છે તે શું ખાબોચિયાનું ગંદુ પાણી પીવા લલચાશે કે ? જેને પોતાની પતિવ્રતા સ્ત્રી પર પ્રેમ છે. તે કાંઈ વેશ્યાની કામનામાં ફસાશે કે ?' તે પ્રમાણે તંદુરસ્તીના નિયમ જાણનાર માણસ તે નિયમથી વિરૂદ્ધ આચરણ ભાગ્યે જ કરી શકશે. ભૂલેચૂકે પણ નહિ કરે. તેવી રીતે પૂર્ણતાએ પહોંચેલા પુરૂષનો સ્વભાવ જ એવો થઈ જાય છે કે તે સ્વચ્છંદપણું કરી શકતો નથી કે દુરાચારી બનતો નથી. ચારિત્ર્યની ચોક્ખાઈને તે કાયમને માટે સાચવી રાખે છે. એટલે સાચો જ્ઞાની કે યોગી સ્વેચ્છાચારી બને છે, એમ માનવું બરાબર નથી. જે અધકચરા છે તેમને માટે સ્વેચ્છાચારી થવાનો ભય જરૂર રહે છે. તેવા માણસો કેટલીકવાર પોતાના સ્વેચ્છાચારને ઢાંકવા માટે જ્ઞાની ને રાજયોગી શબ્દનો આધાર લે છે. એટલે કે કહેતા ફરે છે કે 'અમે તો જ્ઞાની છીએ. એકલા યોગી નહિ પણ રાજયોગી છીએ. અમને શો ભય ? અમે બધાં જ નિયમથી પર છીએ. અમને કાંઈ જ અડતું નથી, અમે તો અલિપ્ત છીએ. બધું કરવાને ભોગવવા છતા બધાથી મુક્ત છીએ. આ તો અમારી લીલા છે.' એવા લીલાધરોની લીલા બહુ ગહન ને છેવટે તેમને ને બીજાને રસાતળમાં લઈ જનારી સાબિત થાય છે. તે જ્ઞાનનો દુરૂપયોગ કરવો નથી. આપણું ને બીજાનું પતન કરવું નથી. તેમની નજરમાં આપણે ભલે અજ્ઞાની કે અધૂરા જ્ઞાની જ બની રહેતા ! તેમનું જ્ઞાન ને તેમનો રાજયોગ તેમને જ મુબારક હો !

એવા માણસો પણ છે જે ચારિત્ર્યના ચોક્ખા છે. પણ તેમનું બાહ્ય જીવન વૈભવવાળું છે. તેમને વૈભવવાળા હોવાને લીધે જ રાજયોગી કહેવા તે બરાબર નથી. તેમને ભોગી કે વૈભવી કહી શકાય. રાજયોગને વૈભવ સાથે કાંઈ જ લાગતું વળગતું નથી એ યાદ રાખવું જોઈએ. બાકી જે વૈભવી ને ચારિત્ર્યહીન છે તેમને યોગી કે જ્ઞાની કહેવામાં ભૂલ થાય છે. તેવા માણસો પોતાના કર્મોને પ્રમાણભૂત બતાવવા કૃષ્ણનું નામ લે છે પણ તેમાં શ્રીકૃષ્ણના નામનો દુરૂપયોગ જ થઈ રહ્યો છે. કૃષ્ણને સ્વેચ્છાચારી માનવા એ બુદ્ધિનું દેવાળું સૂચવે છે. તેમનામાં અનેક ગુણ, ઊંડી બુદ્ધિ, ચારિત્ર્ય, વીરતા, સેવાપરાયણતા ને નમ્રતા હતાં. તેમનાં જીવનનું અધ્યયન કરીને તેમના ગુણને જીવનમાં ઉતારવાથી માણસ મહાન બની શકે છે. તેમની ઉપદેશવાણી ગીતા જ માણસના જીવનને પલટાવવા ને પૂર્ણ કરવા માટે પુરતી છે. તે જ પ્રમાણે જીવન જીવનાર માણસ પવિત્રતા, પ્રકાશ ને પરમાત્માને મેળવી લેશે તેનું જીવન સ્ફટિક જેવું નિર્મલ બનશે.

**[ ૯ ] જ્ઞાની મહાપુરૂષ**

વિવેકી કે જ્ઞાની પુરૂષ સદાયે ઈશ્વરની ઉપાસનામાં મગ્ન બની જાય છે. ઈશ્વર પરની તેની શ્રદ્ધા અડગ હોય છે. તેનો નાશ કોઈ કાળે ને કોઈયે કારણથી થતો નથી. તેનો જીવનવ્યવહાર ઈશ્વરની કૃપાથી સારી પેઠે ચાલ્યા કરે છે. એનો અર્થ એમ નથી કે જ્ઞાની કે વિવેકી પુરૂષે બે હાથ જોડીને બેસી રહેવું. જીવનના ભરણપોષણ માટે તે કોઈ કર્મ કરે તેમાં કોઈ હરકત નથી. ખાસ વાત તો એ છે કે બીજા કોઈ કામમાં મન લગાડવાનો તેને ભાગ્યે જ અવકાશ મળે છે. ઈશ્વરની ઉપાસનાનું પ્રચંડ કામ તે દિનરાત કર્યા કરે છે. બદલામાં, તેના જીવનની જરૂરતો આપોઆપ આવી મળે છે. તે કર્મ કરવાનું તે છોડતો નથી. ઈશ્વરની દયાળુતાની વાતો કરીને તે આળસુ કે એદી બનતો નથી. ફક્ત જેમ જેમ તે આગળ વધે છે તેમ તેમ તેના કર્મનું બહારનું સ્વરૂપ બદલાય છે.

જ્ઞાનીના જીવનનું આ રહસ્ય છે. તેને સમજી લઈને માણસે ઈશ્વરમાં શ્રદ્ધા વધારવાની છે, ને ઈશ્વરને ઓળખવા પ્રયાસ કરવાનો છે. જીવનની અશાંતિ ને અલ્પતાને દૂર કરવા એ રીતે તૈયાર થવાનું છે. પરમાત્માની પાસે પહોંચવાથી જીવનની બધી જ મુઝવણ ટળી જશે. અજ્ઞાનતાને લીધે ઉત્પન્ન થયેલી આસક્તિ ને બીજા બંધન દૂર થશે.

**[ ૧૦ ] જ્ઞાનીનું જીવન**

પરમાત્માની પાસે પહોંચી ચૂકેલો કે પહોંચવાનો પ્રયાસ કરનારો જ્ઞાની કે યોગી પુરૂષ કેવલ પોતાને માટે કર્મ કરે છે ને પોતાનું હિત સાધવાનો પ્રયાસ કરે છે, એમ કોઈએ ભૂલથી પણ સમજવાનું નથી. માણસ પોતાના ઘરમાં ધૂપ કરે, અગરબત્તી સળગાવે, કે ફૂલ ગોઠવે, તે કામ દેખીતી રીતે તો તેનું પોતાનું થયું. પણ તેની અસર શું બીજાની પર નથી પડતી ? તે કામ શું તેનું એકલાનું જ છે એમ કહી શકાશે ? ધૂપ, અગરબત્તી કે ફૂલની સુવાસ આજુબાજુના વાતાવરણમાં બધે જ ફરી વળે છે. બહાર પણ તેની અસર પહોંચી જાય છે.

અમે દેવપ્રયાગમાં રહેતા ત્યારે શાંતાશ્રમના ઓરડામાં સાંજે અગરબત્તી કરતા. પર્વત પરના ગામમાં જનારા યુવાનો સાંજે આશ્રમ પર આવતા, તે દૂરથી અગરબત્તીની સુવાસ લેતા આવતા, ને સુવાસ લેતા જતાં. તેમની પ્રસન્નતાનો પાર રહેતો નહિ. અમને તો લાભ થતો જ, પણ તેમને પણ લાભ થતો. માણસના પ્રત્યેક સારાનરસા કર્મોનું આવું છે. તે કર્મો તેના પર અસર તો કરે જ છે; પણ તેની આસપાસના વાતાવરણ ને જગત પર પણ વત્તીઓછી અસર કરે છે. કર્મની શક્તિ એવી અજબ ને પ્રબળ છે. જ્ઞાની કે યોગી પુરૂષનાં કર્મોનું પણ એ પ્રમાણે સમજી લેવાનું છે. તે કર્મો પવિત્ર ને ઉત્તમ ભાવનાથી ભરેલાં હોય છે. કોઈની પણ બુરાઈની કલ્પના કામનાથી રહિત હોય છે. તેની અસર બીજા પર પડ્યા વિના રહેતી જ નથી. તે જેમ તેનું પોતાનું હિત કરે છે, તેમ બીજાનું હિત કરનારાં પણ સાબિત થાય છે. ભલે તે હિતનું ક્ષેત્ર અથવા પ્રમાણ નાનું કે સાધારણ અથવા મોટું કે અસાધારણ હોય.

શાંતિની ઝંખના ને શોધ કરનારા કેટલાયે માણસો છે. જેને શાંતિ મળી છે, ને જેની મુંઝવણ ટળી છે, તથા મુંઝવણ ને અશાંતિને દૂર કરવાનો માર્ગ જે જાણે છે, તે અશાંતિ ને મુંઝવણમાં ફસાયેલા માણસોને મદદ કરવા એ જ રીતે તૈયાર રહે છે. માણસ ગમે તે દશામાં હોય, બીજાને મદદરૂપ થઈ શકાતું હોય તો

મદદરૂપ થવા તેણે તૈયાર રહેવું જોઈએ. મદદનો ઈન્કાર કે મદદને માટે આનાકાની કરવાનું કામ બરાબર નથી. આ જગત પરસ્પરના પ્રેમ ને સહકારથી જ ચાલે છે. જગતની વસ્તુઓનો ઉપયોગ પ્રત્યેક માણસ સ્વતંત્રપણે કરી રહ્યો છે. તેના બદલામાં જગત પ્રત્યેની ફરજના ભાન સાથે, જગતને માટે પણ તેણે વત્તું ઓછું કામ કરી છૂટવું જોઈએ.

વિવેકી કે જ્ઞાની પુરૂષો આ વાતને સમજે છે. તેથી તેમનું જીવન સ્વાભાવિક રીતે જ એક કે બીજી રીતે, બીજાના લાભને માટે હોય છે. મન, વચન ને કાયા તથા પોતાની બધી જાતની વિશેષતા કે શક્તિથી બીજાને મદદરૂપ થવા તે સદા તૈયાર રહે છે. તે પોતે પરમાત્માનો સાક્ષાત્કાર કરી ચૂક્યા છે, ને પરમાત્મામય બની ગયા છે. તેમનું જીવન પૂર્ણ, મુક્ત ને લોકોત્તર થઈ ચૂક્યું છે. જેમ નદીનું નીર સહજ રીતે જ સૌના કામમાં આવે છે, તેમ તેમના જીવનની સંપત્તિ સૌના કામમાં આવી શકે છે. કોઈ પણ વ્યક્તિ તેનો લાભ ઉઠાવીને પોતાની તરસ મટાડી શકે છે. તેમનું અસ્તિત્વ જગતને માટે ખરેખર આશીર્વાદરૂપ છે.

ભગવાન કહે છે કે, હે અર્જુન આ જગત પ્રકૃતિ ને પુરૂષના સહકારથી થાય છે. જગતમાં જેટલા પણ પદાર્થો છે તે બધા પ્રકૃતિ ને પુરૂષના સંયોગથી થયેલા છે. તે ઉપરાંત, બીજી એક જાણવા ને યાદ રાખવા જેવી વાત છે કે પ્રકૃતિ ત્રિગુણાત્મિકા એટલે ત્રણ જાતના ગુણવાળી છે. સત્વ, રજ ને તમ એ પ્રકૃતિના ત્રણ ગુણ છે. તે ત્રણ ગુણ પ્રકૃતિમાંથી પ્રકટ થયેલાં સંતાન જેવા છે એમ કહીએ તેના કરતાં એમ કહેવું વધારે બંધબેસતું થશે કે પ્રકૃતિનાં ત્રણ સ્વાભાવિક લક્ષણો છે. તે લક્ષણો પ્રકૃતિની ઉપજ જેવા જગતના બધા જ પદાર્થોમાં જોવા મળે છે. તે ત્રણ લક્ષણો કે ગુણોની અસરથી જીવાત્મા પંચમહાભૂતના આ શરીરમાં બંધાય છે. તે ગુણોની અસર નીચે આવી જવાને લીધે જીવાત્મા પોતાને શરીરથી અલગ રીતે અનુભવી શકતો નથી. જીવાત્મા ને શરીર બંને જુદાં જુદાં છે છતાં આ ગુણોના પ્રભાવમાં પડીને જીવાત્મા પોતે શરીર હોય એમ માની લે છે, ને શરીરનાં ગુણધર્મોની અસર નીચે આવે છે. પોતાના મૂળ ને સત્ય સ્વરૂપને તે ભૂલી જાય છે. પરિણામે તે દુઃખી થાય છે, ક્લેશ ભોગવે છે, ને મુક્ત હોવા છતાં બંધનમાં પડે છે. દુઃખ, ક્લેશ, તાપ ને બંધનમાંથી છૂટવાનો ઉપાય તેને માટે એક જ છે કે ત્રણ ગુણવાળી પ્રકૃતિના પાશમાંથી તે છૂટી જાય. ગુણોના બંધન ને રાગમાંથી મુક્તિ મેળવે ને પોતાનાં મૂળ સ્વરૂપને ઓળખી લે. ચોક્ખા પાણી પર લીલ જામી જાય છે, તેને લીધે પાણી ગંદુ દેખાય છે. તે લીલને દૂર કરવાથી નીચેનું નિર્મળ પાણી મળી શકે છે. તે પ્રમાણે જીવાત્માના શુદ્ધ સ્વરૂપને પ્રકૃતિએ ઢાંકી દીધું છે. ત્રણ ગુણથી તે સ્વરૂપ વિકૃત થયેલું દેખાય છે. તેનો યથાર્થ અનુભવ કરવાનું કામ મુશ્કેલ બન્યું છે. ગુણોની એ લીલને દૂર કરવાથી વાદળ ખસી જતાં જેમ ચંદ્રમા પૂરેપૂરો પ્રકાશી ઊઠે છે, તેમ તે સ્વરૂપ પ્રકાશી ઊઠશે. સાધના આને જ માટે છે. સ્વરૂપના આવા અનુભવને માટે જ યોગી ને જ્ઞાની પુરૂષો પ્રયાસ કરે છે. તેનો અનુભવ થતાં પ્રકૃતિ, પુરૂષ ને જગતનું રહસ્ય ઉકેલી જાય છે.

એ ત્રણે ગુણની અસર સંસારમાં વત્તેઓછે અંશે બધે જ જોવા મળે છે સત્વગુણનું સ્વરૂપ કેવું છે ? સત્વગુણ શુદ્ધ છે, નિર્મલ છે, ને પ્રકાશમય છે. તે માણસને સુખ આપે છે, ને જ્ઞાનમાં ગુલતાન કરે છે. સુખ ને જ્ઞાનનો પણ એક જાતનો નશો હોય છે, માણસ તેમાં સપડાઈને કેટલીકવાર અક્કડ અહંકારી ને ઉછાંછળો

બને છે. તેથી જ જે જ્ઞાન તેનો ઉદ્ધાર કરવા ને તેને બંધનમાંથી છોડી મુક્તિના પ્રદેશમાં લઈ જવાની શક્તિ ધરાવે છે, તે જ્ઞાનનો દાસ બનીને તે બંધનમાં પડે છે. આ વાતની ખાત્રી સહેલાઈથી થઈ શકે છે.

એટલે જ્યાં સ્વચ્છતા, નિર્મલતા, તેજસ્વિતા, પ્રભાવ, સુખ ને આનંદ દેખાય તથા જ્ઞાનની ઝાંખી થાય, ત્યાં સત્વગુણનું અસ્તિત્વ છે એમ સમજી લેવું. માણસ જ્યારે સ્વચ્છતા ને પવિત્રતાનો હિમાયતી બને, સ્વચ્છતા ને પવિત્રતાની પ્રાપ્તિ કરે, તેજસ્વી બને, નિરોગીતા ધારણ કરે, જ્ઞાનનો આનંદ મેળવે કે મેળવવાનો પ્રયાસ કરે ને તેને લીધે સુખ કે પ્રસન્નતાનો અનુભવ કરે, ત્યારે તે સત્વગુણની અસર નીચે આવ્યો અથવા તો સત્વગુણી થયો એમ કહેવાય છે. સત્વગુણ ઉત્તમ છે એટલે કે પ્રકૃતિના બીજા બે ગુણ રજોગુણ ને તમોગુણ કરતાં વધારે લાભકારક છે. આગળ વધેલા સાધકો, જ્ઞાનીઓ ને સજ્જનોમાં તેનું સ્વરૂપ સારી પેઠે પ્રકાશી ઊઠ્યું હોય છે. જેમનામાં તે ગુણનું દર્શન થાય છે, તેમને આપણે માનપાત્ર માનીએ છીએ, ને ઉત્તમ માનવ તરીકે ગૌરવના અધિકારી ગણીએ છીએ. તે ગુણનો વિકાસ જરૂરી છે. સાધકોને માટે તેની ઉપયોગિતા ઘણી ભારે છે. જીવનની ઉજ્જવલતા તેમજ સફળતામાં પણ તે ગુણની માવજત બહુ મોટો ભાગ ભજવે છે

રજોગુણ માણસને કર્મઠ ને રાગી બનાવે છે. જુદા જુદા પદાર્થોની તૃષ્ણા, કામના ને અસરથી માણસ આસક્તિની અસર નીચે આવીને અનેક જાતના કર્મ કરે છે. તેનો સ્વભાવ જ એવો થઈ જાય છે કે તે કર્મ કર્યા વિના શાંતિથી બેસી જ શકતો નથી. તેના બધાં કર્મો જરૂરી હોય છે અથવા તેના જીવનની ઉન્નતિમાં મદદરૂપ હોય છે એમ પણ નથી. વધારે ભાગના કર્મો કરવા ખાતર કરતાં, ચિત્તની ચંચલતાના પરિણામે થનારા ને અર્થ વગરનાં હોય છે. કેટલાંક કર્મો તો તેના ને બીજાના નાશ માટે પણ હોય છે. બહુ જ થોડાં કર્મો જરૂરી, ઉપયોગી કે ઉન્નતિ કરનારાં હોય છે છતાં તે કર્મ કર્યા જ કરે છે પેલી પ્રાચીન લોકવાર્તામાં એક ક્ષણ વાર પણ કર્મ કર્યા વિના નહિ રહેનાર ભૂતની વાત આવે છે. રજોગુણની અસર નીચે આવેલા મનની દશા તે પ્રેતના જેવી જ થઈ જાય છે. તે કામ, કામને કામની બૂમ પાડ્યા કરે છે. કામ આપો, કામ આપો, એ જ તેનો મૂળ મંત્ર હોય છે. સર્જન કે વિનાશનું કોઈ પણ કામ તેને જોઈએ છે.

કામ કરવાની એ વૃત્તિ ઘણી પ્રબલ હોય છે. તેનું દર્શન સંસારમાં ઠેર ઠેર થઈ રહે છે. એ વૃત્તિના પરિણામ બધે જોવા મળે છે. એક સાધારણ કીડીની અંદર પણ કર્મ કરવાની કેટલી બધી અદમ્ય વૃત્તિ દેખાઈ આવે છે ! તેને શાંતિથી બેસી રહેવાનો ઉપદેશ આપશો તો તે ભાગ્યે જ સાંભળશે. તે કહેશે કે 'ભાઈ, શાંતિથી બેસી રહેવાનું કેવું ? સંસાર એટલે કર્મ, કર્મ ને કર્મ. કર્મ કર્યા વિના રહી શકાય જ કેમ ?' ને તમારી વાત સાંભળવાની પણ ફુરસદ હોય નહિ તેમ તે આગળ ને આગળ ચાલવા માંડશે. માણસોનું તો કહેવું જ શું ? પશુ, પંખીની જેમ માણસ પણ રાગદ્વેષ, અહંકાર, મમતા, કામના ને તૃષ્ણાથી પ્રેરાઈને દિનરાત કર્મ કર્યા કરે છે. હજારો માણસો હજારો રીતે કર્મ કર્યા જ કરે છે. તે કર્મો જીવાત્માને અસર કરે જ છે. સારાં ને નરસાં કર્મની અસરથી કોઈ અછૂત રહી શકતું નથી. કર્મની વાસના ને કર્મના ફળના ભોગના બંધનમાં બંધાઈને જીવાત્મા આ સંસારની યાત્રા અનંતકાળ લગી કર્યા જ કરે છે. કર્મ કરવાની આ વૃત્તિ સાથે જો વિવેક કરવાની શક્તિ જોડાઈ જાય તો તો પછી કહેવું જ શું ? સોનામાં સુગંધ ભળી જાય, જીવનનું સ્વરૂપ જ પલટાઈ જાય છે. કર્મ કરવાની વૃત્તિ સારી ને ઉપયોગી છે પણ માણસમાં વિવેક હોતો નથી એટલે એ

વૃત્તિનો લાભ લઈને પોતાની જાતનો ને બીજાનો ઉદ્ધાર કરવાનાં કામો કરી શકતો નથી ને કેટલીકવાર તે પોતાને તથા બીજાને માથે આફત વહોરે છે. વિવેકની સાથે કર્મ કરવાની સહજ વૃત્તિનો સુમેળ કરવાની જરૂર એટલા માટે ખૂબ છે. તેથી કર્મો પ્રાણવાન બનશે ને ઉપયોગી થશે.

એ જરા જુદી વાત થઈ. રજોગુણની ચર્ચા કરતાં આપણે એટલી વાત સમજી લઈએ કે જ્યાં રાગ, તૃષ્ણા ને મમતા તથા તેમાંથી કરાતું કર્મ દેખાય, ત્યાં રજોગુણનું સામ્રાજ્ય ફેલાયું છે. સત્વગુણ કરતાં આ રજોગુણનું સ્થાન નીચું છે.

**[ ૧૧ ] તમોગુણ**

ત્રીજો ગુણ તમોગુણ છે. તેની ઉત્પત્તિ અજ્ઞાનમાંથી થયેલી છે. માણસને તે અજ્ઞાન ને મોહથી ભરી દે છે. પ્રમાદ, આળસ, જડતા ને ઊંઘ તેના મુખ્ય હથિયાર છે. તેથી તે માણસને મહાત કરે છે. જીવનમાં જ્યારે જડતા ફરી વળે, અજ્ઞાન ને મોહના આવરણથી અંતરાત્મા આચ્છાદિત બને, કાંઈ કામ કરવાનું ગમે નહિ, ને ઊંઘની પ્રીતિ વધારે પ્રબળ બને ત્યારે તમોગુણનું સામ્રાજ્ય ફેલાઈ ગયું એમ સમજી લેવું. તમોગુણ માણસનો વિનાશ કરે છે. તમોગુણી માણસ દરિદ્ર, એદી, ઊંઘણસી, અત્યંત કામૂક ને ક્રોધી હોય છે. સારાસારાનો વિચાર કરવામાં તો માનતો જ નથી. તેવો માણસ જીવનમાં દુઃખી રહે છે. માટે જ આપણે કહીએ છીએ કે તમોગુણનો ત્યાગ કરવો જોઈએ. એટલે કે તેને પલટાવી શુદ્ધ કરવો જોઈએ, ને લાંબા અભ્યાસ દ્વારા જીવનને સત્વગુણી કરવું જોઈએ.

તમોગુણને જીતવાનું કામ ધાર્યા જેટલું અઘરૂં નથી. તે માટે ફક્ત તૈયારી, નિર્ધાર ને પ્રયાસ કરવાની જરૂર છે. તેથી કોઈપણ કામ સાધી શકાય ને સાધનાના ક્ષેત્રમાં આગળ વધીને જેણે વિકાસની ઉત્તમમાં ઉત્તમ કોટિએ પહોંચવું છે તેણે પ્રમાદ, જડતા ને મોહવૃત્તિનો ત્યાગ કર્યે જ છૂટકો છે. કામ ને ક્રોધ જેવા દુર્ગુણોના પંજામાંથી તેણે છૂટવાની જરૂર છે. એદીપણાને છોડીને તેણે ચપળ, ઉત્સાહી ને પુરૂષાર્થી બનવાનું છે.

નિંદ્રાનો જય કરવાનું કામ પણ સાધકને માટે ઓછું ઉપયોગી નથી. સાધકે બિલકુલ નિંદ્રા લેવી જ નહિ ને એકદમ ઉજાગરા કરવા એમ કહેવાનો આપણો આશય નથી. આરોગ્ય ને આરામને માટે આવશ્યક નિંદ્રા લેવામાં હરકત નથી. પરંતુ તેણે નિંદ્રાપ્રિય બનવું જોઈએ નહિ. દિવસે ને રાતે મન મૂકીને ઊંઘવાની ટેવમાંથી તેણે છૂટવું જોઈએ. આ જીવન ઘણું કિંમતી છે. કાળ પણ કિંમતી છે ને તેનો ઉપયોગ કરીને ઘણું કિંમતી કામ કરવાનું છે. જીવનનો વધારે ભાગ આળસ ને ઉંઘમાં જ પસાર કરી દેવાથી તે કામ કેવી રીતે થશે ? ભર્તૃહરિએ પોતાના વૈરાગ્યશતકમાં કહ્યું છે કે પોતાના આયુષ્યનો અર્ધો ભાગ તો માણસ રાતે ઉંઘમાં જ પૂરો કરે છે. હવે અર્ધો ભાગ બાકી રહે છે તેનો અર્ધો ભાગ બાલ્યાવસ્થામાં રમતગમતમાં પસાર થઈ જાય છે ને યુવાનીમાં સ્ત્રી, ઘર ને સંતાનોમાં. જ્યારે વૃદ્ધાવસ્થા આવે છે ત્યારે શરીર શિથિલ થઈ જવાથી ખાસ કામ થતું નથી. હવે જે જીવનનો પા ભાગનો સમય બાકી રહ્યો, તે પણ કાંઈ સલામત રીતે પસાર થાય છે ખરો ? રોગ, ચિંતા, તકલીફ ને દુઃખથી એ સમય પણ ભરેલો હોય છે. રોગ ને દુઃખનો સામનો કરવામાં એ સમય પસાર થાય છે. જીવનનો વધારે ભાગનો વખત તો એમ ને એમ જ, કોઈ ખાસ પ્રકારના પ્રગતિ

માટેના પુરૂષાર્થ વિના પસાર થાય છે. હવે તમે જ કહો કે આવા જીવનમાં પુરૂષાર્થ માટેનો વખત કેટલો રહ્યો ? આવા જીવનમાં માણસના સુખ ને સલામતીનું સ્થાન કેટલું રહ્યું ?

આપણે તેમાં બે શબ્દો વધારીને કહીશું કે જીવનનો જે થોડોક સમય સુખ, શાંતિ, સલામતી ને પ્રગતિ માટે પુરૂષાર્થ કરવા જેટલો રહી જાય, તેમાં પણ જો માણસ આળસુ ને જડ બની રહે, તો પછી જીવનમાં તે શું કરી શકે ? તેનો ઉદ્ધાર કેવી રીતે થઈ શકે ? પોતાની પ્રગતિનો પુરૂષાર્થ કરવાનો અવકાશ જ તેની પાસે ક્યાંથી રહે ? આયુષ્યના શેષ સમયમાં જો તેણે કોઈ વસ્તુ કમાઈ લેવી હોય, તો આળસ ખંખેરી કાઢ્યા વિના છૂટકો નથી. જડતા ને ભ્રમણાનો ત્યાગ કરીને કર્મવીર બન્યા વિના છૂટકો નથી, ભર્તુહરિના કહ્યા કરતા પણ આગળ વધી ગયા હોય તો તો પછી કહેવાનું જ શું ? જરૂર કરતાં વધારે ઊંઘ લઈને માણસ પોતાના જીવન પર કાપ મૂકે છે, ને એ રીતે જીવતાં જ મૃત્યુનો અનુભવ કરે છે. જીવનનો કિંમતી વખત તે વેડફી નાખે છે. વિવેકી માણસ આ પ્રમાણે કરવાનું ભાગ્યે જ પસંદ કરશે. મધમાખી જેમ દિનરાત મહેનત કરીને મધ એકઠું કરે છે, તેમ ઊંઘ જેવા વ્યાપારમાંથી વખત બચાવીને જીવનનું ઉત્તમોત્તમ ધ્યેય મેળવવા, અમૃતપદની પ્રાપ્તિ કરવા તે રાત–દિન મહેનત કરશે.

આગળ વધેલા સાધકો નિદ્રાનું પ્રમાણ ધીરે ધીરે ઓછું કરી છેવટે નિંદ્રાનો જય કરી લે છે. કેટલાક યોગીઓ સમાધિ દશામાં જ આરામ લઈ લે છે. નિંદ્રા પર કાબૂ કરનારા કેટલાક સાધકો ઈચ્છે ત્યારે, ઈચ્છે ત્યાં ને ઈચ્છે તેટલા પ્રમાણમાં નિંદ્રા લઈ શકે છે.

તમોગુણની અસરથી વ્યક્તિ ને સમષ્ટિ બંનેએ પર થવાનું છે. આળસ, પ્રમાદ, અજ્ઞાન ને મોહવૃત્તિ માણસમાં ફેલાય તો જેમ માણસનો તેમ સમાજનો પણ નાશ કરે છે. સમાજનું તે અધઃપતન કરે છે. આગળ વધવાની ઈચ્છા રાખતા ને મજબૂત બનવા માગતા સમાજે પ્રમાદ ને આળસને પોષવાની જરૂર નથી. માણસો કેટલીકવાર દલીલ કરે છે કે ભારત ગરમ આબોહવાવાળો દેશ છે એટલે ભારતવાસી વધારે સુસ્ત ને આળસુ દેખાય છે. આપણે કહીશું કે એ દલીલ બરાબર નથી. આબોહવાને માણસની પ્રકૃતિ સાથે નિકટના સંબંધ છે એ સાચું. છતાં પણ બધો જ દોષ આબોહવાને માથે જ ઢોળી દેવાની વૃત્તિ બરાબર નથી. ભારતના જેટલા ને ભારતથી પણ વધારે ગરમ દેશો દુનિયામાં છે, જ્યાં પુષ્કળ કામ થઈ રહ્યું છે. માણસો પુરૂષાર્થી છે. આ દેશમાં પણ પુરૂષાર્થ કરનારા માણસો નથી એમ નહિ. તે બધા તમારા જેવી ગરમ હવામાં રહીને જ કામ કરે છે. છતાં તે હવાનો દોષ કાઢતાં નથી. વળી ભારતના ઠંડા ભાગોમાં પણ કેટલેક ઠેકાણે માણસો સુસ્ત બનીને ફરે છે, ને આળસુ મનોદશામાં જીવે છે. એટલે આબોહવાનો જ દોષ કાઢવો બરાબર નથી. જરાક ધ્યાન રાખીને જો સુધરવા પ્રયાસ કરો તો તમારી પ્રકૃતિને સુધારી શકો તેમ છો. તમોગુણ ને રજોગુણને છેવટે સત્વગુણમાં ફેરવવાનું કામ તમે સંસારની ગમે તેવી આબોહવામાં રહીને કરી શકો છે. ફક્ત તે માટે તમારે મક્કમ નિશ્ચય ને તેનો અમલ કરવા માટેનો પુરૂષાર્થ જોઈએ.

કોઈ પણ જાતનાં વિચારના આશ્રય હેઠળ તમોગુણનો બચાવ કરવો ઠીક નથી. પોતાનો વિકાસ કરવા ચાહનાર માનવ ને માનવસમાજે તેની પકડમાંથી છુટવાનો સંકલ્પ કરવો જ જોઈએ. તેના વિના વિકાસ કે શ્રેયનું સ્વપ્ન અધુરૂં જ રહી જાય.

સત્વગુણ, રજોગુણ ને તમોગુણ - ત્રણે માણસની અંદર વત્તાઓછા પ્રમાણમાં રહે છે એમ ગીતામાતાનું કહેવું છે. ત્રણેનું સ્વરૂપ માણસની અંદર વત્તાઓછા પ્રમાણમાં પ્રકટ થયા કરે છે. કોઈનામાં સત્વગુણ વધારે ને રજોગુણ તથા તમોગુણ ઓછો હોય છે. તો કોઈનામાં રજોગુણ વધારે ને સત્વગુણ તથા તમોગુણનું પ્રમાણ ઓછું હોય છે. ત્રણે ગુણોના પ્રમાણમાં એ ફેરફાર થયા કરે છે. પરંતુ એ વાત નક્કી છે કે માણસ ધારે ને પ્રયાસ કરે તો ત્રણે ગુણોના પ્રમાણમાં ફેરફાર કરી શકે છે. ગુણોનો સંયમ ને વિકાસ હંમેશા પ્રયત્નસાધ્ય છે એ સમજી લેવાની જરૂર છે. ગુણોના પ્રભાવનો વિચાર કરીને માણસે ગભરાવાનું કે બે હાથ જોડીને બેસી રહેવાનું નથી. પરંતુ ઉત્સાહ ને ખંત રાખી ગુણોના સારા પ્રભાવ નીચે આવવા કોશીશ કરવાની છે, ને ગુણોના ખરાબ પ્રભાવથી મુક્તિ મેળવવાની છે.

આટલી વાત કહ્યા પછી ગીતામાતા એક બીજી મહત્વની વાત તરફ આપણું ધ્યાન દોરે છે. તે કહે છે કે સત્વગુણની વૃદ્ધિથી જીવન ઉત્તમ બને છે. જીવનની ઉત્તમોત્તમ ઉન્નતિ માટે સત્વગુણની સંપત્તિને સાચવવાની ને વધારતા રહેવાની જરૂર છે. સૂર્યોદય થયા પહેલા આકાશમાં ઉષાના રમણીય રંગો ફરી વળે છે. તે પ્રમાણે જીવનમાં પરમાનંદ, મુક્તિ કે પૂર્ણતાનો સૂર્યોદય થતાં પહેલાં સત્વગુણ ખીલી ઊઠે છે. તે માણસને નિર્મળ સુખનો અનુભવ કરાવે છે, જ્ઞાન તરફ દોરે છે. માણસના મનને તે આત્મા–પરમાત્માના જ્ઞાનનો ચસકો લગાડે છે. રજોગુણની વૃદ્ધિથી માણસ લોભી, અસંતોષી ને કર્મઠ બને છે. વિવેક ને સત્વગુણના અંશ સાથે છૂટાછેડા લઈ ચૂકેલો રજોગુણ જીવનનું હિત કરવામાં ખાસ મદદ કરતો નથી. તેની નીચે આવેલો માણસ જીવનની ઉન્નતિના કામમાં ધ્યાન ખેંચે તેવી રીતે આગળ વધી શકતો નથી. તે બંને ગુણો કરતાં તમોગુણની અસર બહુ ઘાતક છે. તમોગુણી માણસ, આળસ ને અજ્ઞાનનો દાસ બની પોતાને હાથે જ પોતાના જીવનનો વિનાશ કરે છે. જે દશામાં હોય છે તેથી વધારે ને વધારે પછાત, પામર, જડ, દુઃખમય ને અંધકારમય દશામાં તે દિવસે દિવસે ધકેલાતો જાય છે, ને છેવટે જીવતો હોય છતાં મર્યા જેવો બની રહે છે.

### [ ૧૨ ] ગુણોને જીતવાનો અર્થ

ત્યારે શું આ ત્રણે ગુણોથી પર થઈ શકાય ખરૂં ? આ ત્રણે ગુણોને જીતવાનું કામ શું શક્ય ખરૂં ? જરૂર. જેનામાં નિશ્ચય છે, ધગશ, દૃઢતા ને ઉત્સાહ છે, તથા પરિશ્રમ કરવાની તમન્ના છે, તેને માટે અશક્ય જેવું કામ કયું છે ? માણસે બહાર દુનિયામાં ન કરી શકાય તેવાં લાગતા કામ પણ સિદ્ધ કર્યાં છે એ આપણે જાણીએ છીએ. તો પછી આ તો તેની અંદરની દુનિયાની વાત છે, પાસેમાં પાસેની દુનિયાની વાત છે. જેને તે લાંબા વખતથી જાણે છે, ને જેની સાથે તે તૂટ્યા તૂટે નહિ તેવા લાંબા વખતના સંબંધથી બંધાયેલ છે, તેની વાત છે. તેનો જય કરવાનું કામ અશક્ય કેવી રીતે હોઈ શકે ? હા, તે કઠિન હોઈ શકે, અઘરું ને દીર્ઘકાળનો પરિશ્રમ માગનારૂં પણ હોઈ શકે, પરંતુ અશક્ય તો ન જ હોઈ શકે. આજસુધીમાં કેટલાય માણસોએ તે કામ કરેલું છે. તેમના અનુભવ ને વિચારનો વારસો આપણી આગળ ખુલ્લો પડેલો છે. તેમાંથી આપણે જોઈતો લાભ ઊઠાવવાનો છે. તેથી આપણું કામ સરલ બનશે. બાકી શરૂઆતમાં જ તેની શક્યતાની શંકા કરીને બેસી જઈશું તો કામ કેવી રીતે થઈ શકશે ? ઊલટું, કામ વધારે કપરૂં બનશે. યાત્રાએ નીકળતાં

પહેલાં જ યાત્રાની કઠિનતા સાંભળીને જેના પગ ઢીલા થઈ ગયા, ને જેની છાતી બેસી ગઈ, તે યાત્રા કેવી રીતે કરી શકશે ? માટે હિંમત રાખો, વીરતાને ધારણ કરો, ને વિજયી થવાનો દૃઢ વિચાર કરો. કોઈ કામ અશક્ય છે એવા વિચારને મનમાં ફરકવા પણ દેશો નહિ. આ જીવન અશક્ય લાગતી વસ્તુને પણ શક્ય કરવા માટે છે. તેની શક્તિ અપાર છે. તેનો સંગ્રહ ને યોગ્ય ઉપયોગ કરો, તો તમે ધારશો તે કામ કરી શક્શો. જીવનની સિદ્ધિ નિર્બળને નહિ પણ બળવાનને જ મળી શકે છે. માટે બધી જાતની નિર્બળતા ને કાયરતાને હાંકી કાઢો.

સત્વગુણને જીતવાનો અર્થ એ છે કે સત્વગુણ સદાને માટે ચાલુ રહે તેવી શક્તિ પ્રાપ્ત કરવી. સત્વગુણની પ્રતિષ્ઠામાં સફળ તો થાવ પણ પછી રજોગુણ ને તમોગુણની ખોટી અસર નીચે અવાય નહિ તેનું ધ્યાન રાખવાનું છે. માણસ સંપત્તિ મેળવે છે તે ખૂબ મહેનત કરીને મેળવે છે. સામાન્ય સંસારમાં તેવું દેખાઈ આવે છે. પરંતું સંપત્તિને સાચવી શકવાની શક્તિના અભાવે પાછા કંગાલ ને દેવાળિયા પણ બની જાય છે. બલવાન ને નિરોગી માણસના સંબંધમાં પણ એવું દેખાય છે. કોઈ કારણથી બળ ને આરોગ્યની પ્રાપ્તિ તો થઈ, પણ તેને જાળવવાની કલા સિદ્ધ થઈ નહિ, તો નિર્બળતા આવતાં વાર લાગતી નથી, ને આરોગ્ય પણ કથળે છે. તે પ્રમાણે સત્વગુણનું સમજી લેવાનું છે. તે એક મોટી સંપત્તિ છે. તેનું જતન કરવા તૈયાર રહેવાની જરૂર છે. જે સાવધ રહે છે, તે સત્વગુણની સંપત્તિનો સદાને માટે સ્વામી થઈ જાય છે. તે સત્વગુણને પોતાનો સ્વાભાવિક ગુણ કરી લે છે. પછી તો એવું થઈ જાય છે કે સત્વગુણના જતનની ચિંતા પણ તેને કરવી પડતી નથી. તે સત્વગુણની મૂર્તિ બની જાય છે. તેનો સત્વગુણ ભૂલેચૂકે પણ દૂર થતો નથી. જેમ ફુલને માટે ફોરમ ને મધને માટે મીઠાશ સહજ બની જાય છે, તેમ માણસના જીવનમાં સત્વગુણ સહજ અંગરૂપ થઈ જાય છે. તેને છૂટો પાડવાનું કામ અશક્ય થઈ પડે છે. સત્વગુણ એ રીતે જીવનમાં ભળી જાય ને સહજ કે સ્વાભાવસિદ્ધ બની જાય ત્યારે તેનો જય થયો એમ કહી શકાય, સત્વગુણને જીતવાનો આ એક અર્થ છે.

બીજો અર્થ એ છે કે સત્વગુણનું અભિમાન હોવું જોઈએ નહિ. જેમ માણસને પોતાની સ્થૂલ સંપત્તિનું અભિમાન હોય છે. તેમ પોતાની ચારિત્ર્યરૂપી સૂક્ષ્મ સંપત્તિનું પણ અભિમાન હોઈ શકે છે. એ અભિમાન નકામું છે. ગૌરવ સારી વસ્તુ છે. પણ અભિમાન દરેક બાબતમાં અવગુણરૂપ છે. જે તેનો આશ્રય લે, તેને સત્વગુણી ભાગ્યે જ કહી શકાય. કારણ કે સત્વગુણ અભિમાન નહિ પણ નમ્રતા લાવે છે. છતાં તેનુંયે અભિમાન હોઈ શકે છે. તેનો ત્યાગ કરવો જોઈએ. સત્વગુણની દશા તો જીવનના વિકાસના પરિણામે પ્રાપ્ત થયેલી સહજ દશા છે. તે કોઈ અભિમાનને પોષવા જેવી દશા નથી, એ યાદ રાખવાનું છે. સત્વગુણની મૂર્તિ જેવા માણસોને મળો તો તે તદ્દન નિખાલસ ને નમ્ર દેખાશે. તેમનામાં અભિમાનનો અંશ પણ મળશે નહિ. જીવનના વિકાસનું બજાવવા જેવું કર્તવ્ય પોતે બજાવ્યું છે તેમાં અભિમાન શાનું ? સત્વગુણને ધારણ કરીને જે અભિમાની બને છે તે તો સત્વગુણના પાશમાં સપડાય છે. ને તેટલે અંશે તે સત્વગુણ તેના પર વિજય કરી લે છે. સત્વગુણના હાથે હાર ખાઈને સત્વગુણની સોનેરી જાળનો બંદી બને છે

સત્વગુણને જીતવાનો ત્રીજો અર્થ એ છે કે સત્વગુણને ભારરૂપે થવા દેવો નહિ. જીવનની સાધનામાં તેને મદદરૂપ કરી દેવો. તે દ્વારા પરમાત્માનું દર્શન કરી દેવું. એટલે તે સફળ ને સહજ થઈ જશે, ને ભારરૂપ

નહિ લાગે. પરમાત્માનું દર્શન કર્યા વિના ગુણોનો સંપૂર્ણ વિજય મુશ્કેલ છે, કાંઈ ને કાંઈ કચાશ જરૂર રહી જાય છે.

**[ ૧૩ ] ગુણાતીત દશા**

હવે ગુણથી પર થવું એટલે શું તેનો વિચાર કરવામાં મુશ્કેલી નહિ લાગે. કેટલાક માણસો એમ માને છે કે જીવનમાં બધા ગુણોનો શંભુમેળો કરી દેવો એનું નામ ગુણથી પર થવું છે. જીવનને એવું તો વિચિત્ર અજાયબ ઘર જેવું બનાવી દેવું અથવા વધારે શબ્દોમાં કહીએ તો કહી શકાય કે જીવનમાં ગુણોનો તો એવો મેળ કરી દેવો કે જેમાં કોઈ એક ગુણનું ચોક્કસ સ્વરૂપ જ જોવા મળે નહિ. તેનું નામ ગુણોથી પર થવું અથવા ગુણાતીત થવું છે એમ કેટલાક કહે છે. કેટલાક બીજા માણસો કોઈની સાથે વ્યવહાર ન કરવામાં કે પ્રવૃત્તિ વિના બેસી રહેવામાં તથા વિચાર, વૃત્તિ ને લાગણીની અસરથી પર રહેવામાં જ ગુણાતીત દશા સમાઈ જાય છે એમ સમજે છે. તો કેટલાક વૈરાગીનો વેશ ધારણ કરી હાથમાં ચીપિયા ને ચલમ લઈ જગતને પ્રપંચરૂપ કહેવામાં જ ગુણાતીત દશાનો સાર સમજે છે. સાધારણ માણસો એવા ગુણાતીત દશાનો હક કરનારા સાધુઓને જોઈને વધારે મૂંઝવણમાં પડે છે, ને ગુણાતીત કોને કહેવાય તે વિશે ખોટી સમજ ધારણ કરે છે. ગુણાતીત દશાનો હક કે ડોળ કરનારા સાધુઓ વધારે ભાગે મન–ઈન્દ્રિયોના દાસ, ઘોર અજ્ઞાનમાં જીવનારા ને તમોગુણમાં સબડનારા હોય છે. ગુણાતીત દશા કાંઈ સહેલી નથી. માટે જ કહેવામાં આવે છે કે ગુણાતીત દશાએ પહોંચેલા પુરૂષનાં દર્શન દુર્લભ છે. તે કોઈક જ વાર મળી આવે છે.

સત્વગુણનો જય કરવાથી અથવા સત્વગુણને સહજ કરી દેવાથી ગુણાતીત થઈ શકાય છે. ગુણાતીત દશા નામ કે વેશના કોઈ બહારની ઈચ્છા પ્રમાણે કરેલા ફેરફારની દશા નથી. તે તો અંદરની દશા છે ને તેને બહાર કરતાં અંદરની અવસ્થા સાથે વિશેષ સંબંધ છે. એટલે બહારની રીતે જોતાં ગુણાતીત પુરૂષ ગમે તેવા નામ રૂપરંગવાળો હોય; તેટલા પરથી જ તેની લાયકાત નક્કી કરવાનું ઠીક નથી. તેના ચારિત્ર્ય ને તેની જીવનપદ્ધતિને જોવાથી જરૂર પડે છે તેમજ તેનાં અંતરમાં ડોકિયું કરવું રહે છે.

ગુણાતીત દશા એટલે ગુણથી અતીત દશા, ગુણથી અતીત એટલે ગુણ વિનાની અથવા દુર્ગુણવાળી દશા નહિ પણ પૂર્ણ ગુણવાળી દશા. ગુણની પૂર્ણતાની દશા અથવા ગુણની પૂર્ણતાને પરિણામે પ્રાપ્ત થનારી દશા. ગુણ જેમાં સહજ થઈ જાય છે તેવી દશા. જ્યાં બધા જ ગુણ પૂરા થાય છે, કોઈ ગુણનું કામ ચાલતું નથી તે દશા. ગુણથી પોતે અતીત છે એ અનુભવ કરાવનારી દશા. આ પ્રમાણે જુદી જુદી રીતે સમજી શકાય છે.

ત્રણે ગુણ પ્રકૃતિના છે એ વાત આપણે જાણીએ છીએ ને પ્રકૃતિથી પર પરમાત્મા છે. એટલે પ્રકૃતિથી પર જે પરમાત્મા છે તેમની પાસે પહોંચી જવું, તેમનામાં પ્રતિષ્ઠિત થવું, તેમના મય થઈ જવું, તે ગુણથી પર થવું કે પ્રકૃતિથી પર થવું છે ને સાચા અર્થમાં તે જ ખરી ગુણાતીત દશા છે. તે દશામાં કોઈયે ગુણની અસર સાધકને રહેતી નથી. જાગ્રત થતાં ને વ્યવહાર કરવા માંડતાં, તેનામાં શુદ્ધ સત્વગુણનું દર્શન થાય છે. એ દશાએ પહોંચેલા પુરૂષને ગુણાતીત કહે છે. તેવો પુરૂષ વ્યવહાર કરે તો પણ તેનું મન પરમાત્મામાં જ જોડાયેલું રહે છે. પરમાત્મામાંથી તેનું ધ્યાન તૂટતું નથી, ને વ્યવહારમાં કર્મોનો મેલ તેને કદી પણ લાગતો

નથી. તેવા પુરૂષને સ્થિતપ્રજ્ઞ પણ કહી શકાય છે. અર્જુનની જિજ્ઞાસાને માન આપીને ભગવાન તેવા પુરૂષના કેટલાક લક્ષણોનું ટૂંકમાં વર્ણન કરે છે.

**[ ૧૪ ] ગુણાતીત પુરૂષનાં લક્ષણ**

ભગવાન કહે છે કે 'હે અર્જુન, ગુણાતીત પુરૂષનાં લક્ષણ કેવાં હોય તથા ગુણાતીત પુરૂષને કેમ જાણી શકાય તે વિશે તે મને પૂછ્યું છે. તો તે વિશે થોડો ખ્યાલ આપું છું તે સાંભળ. થોડો ખ્યાલ એટલા માટે કે સાગરને માપવાની ને આકાશને બાથમાં ભીડવાની કોની શક્તિ છે ? આકાશમાં કરોડો ગ્રહ અને નક્ષત્રો છે. તે બધાંની ગણતરી કરવાની કોની શક્તિ છે ? કદાચ તે શક્તિ યે કોઈને મળી જાય, પરંતુ ગુણાતીત પુરૂષનો મહિમા ઘણો મોટો છે. તેનું રહસ્ય ધાર્યા કરતાં ઘણું ઊંડુ છે. તેના ચારિત્રની વિશાળતા ઘણી ભારે છે. માટે તેનું સંપૂર્ણ વર્ણન કરવાનું કામ કપરૂં છે. નાના બાળકો જરાક પ્રસાદી કે મેવામીઠાઈ મળવાથી રાજી થઈ જાય છે તેમ તેમના સાધારણ જેટલા વર્ણનથી પણ તું આનંદ માનજે. ખરે બપોરે તપતા સૂરજની સામે દૃષ્ટિપાત કરીને જ સંતોષ માનવામાં આવે છે, તેમ તેમના મહિમા તરફ દૃષ્ટિ કરીને જ સંતોષ માનવો બરાબર છે. જેમ પંખી નદીના પાણીમાં પાંખ બોળીને એકાદ બિંદુ લઈ ઊડી જાય તેમ ગુણાતીત પુરૂષની યોગ્યતા તરફ ઉડતી નજર કરવાથી જ હેતુ સરી રહેશે. વખત ઘણો વીતી ગયો છે. હજી પણ વીતતો જાય છે. કુરૂક્ષેત્રના મેદાનમાં ઘોડાના હણહણાટ ને યોદ્ધાના અવાજ થઈ રહ્યા છે. એવે વખતે શરૂ થયેલી આ જ્ઞાનવિજ્ઞાનની પાઠશાળા હવે જલદી જલદી બંધ કરીએ. કેમકે કરવાનું મુખ્ય કામ બાકી છે.

ગુણાતીત પુરૂષના ભગવાને કહેલાં લક્ષણોનો સાર એ જ છે કે ગુણાતીત પુરૂષ પ્રવૃત્તિ ને નિવૃત્તિમાં સમાન રહે છે. કોઈ વસ્તુ તરફ તે દ્વેષ કે પક્ષપાત રાખતો નથી. ગુણોના રહસ્યને જાણીને બધે વખતે તે આત્મભાવમાં રહે છે ને તટસ્થતા ધારણ કરે છે. સુખ ને દુઃખ, માન કે અપમાન, મિત્ર કે શત્રુ, પ્રિય કે અપ્રિય, વ્યક્તિ કે વસ્તુ, નિંદા કે સ્તુતિ તેને ડગાવી શકતા નથી, કે તેની સ્થિરતા ને મમતાનો ભંગ કરતાં નથી. પત્થર, માટી ને સોનાને તે સરખાં ગણે છે. એટલે કે સોનાને વધારે મહત્વનું ને કિંમતી માનીને તેની પ્રાપ્તિ માટે તે ભાન ભૂલીને ગમે તેવા કીમીયા કરતો નથી, તૃષ્ણા ને સંકલ્પ–વિકલ્પથી મુક્તિ મેળવે છે. શાંતિની મૂર્તિ બની જાય છે. જીવન ને જગતના આઘાત ને પ્રત્યાઘાત તેને કાંઈ જ કરી શકતા નથી. તેની બધા પ્રકારની ચંચલતા શમી જાય છે. ભય, ક્રોધ ને કામવાસનાથી તે પર થાય છે.

બીજા અધ્યાયમાં કહેવામાં આવેલાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ એક રીતે આની જ વ્યાખ્યારૂપ છે. બારમા અધ્યાયમાં કહેલાં ભક્તનાં ને તેરમાં અધ્યાયમાં કહેલાં જ્ઞાનીનાં લક્ષણ પણ આને મળતા આવે છે, તેનું કારણ એ છે કે જ્ઞાન, ભક્તિ ને યોગ દ્વારા છેવટે તો માણસ એક જ આદર્શ પર પહોંચી જાય છે ને આદર્શ માનવ બની જાય છે. ગમે તે માર્ગ કે સાધનાનો આધાર લેવા છતાં છેવટે તો તેનું સ્વરૂપ એકસરખું થઈ જાય છે. તેનો વિકાસ કરવામાં બધા માર્ગો એકસરખા ભાગ ભજવે છે. બીજું જીવનના વિકાસની ઉત્તમોત્તમ દશાએ પહોંચેલા પુરૂષોનાં લક્ષણો મળતાં આવે છે. જીવનનો સર્વોત્તમ વિકાસ કરવાની ઈચ્છાવાળા સાધકે તે લક્ષણોની મૂર્તિ બનવા પ્રયાસ કરવો જોઈએ. કેમ કે કોઈ પણ સાધના માનવતાના પૂરેપૂરા વિકાસ માટે જ છે. જે સાધના માનવને સાચા અર્થમાં માનવ ના કરે, તે સાધના કોઈ ખાસ કામની નથી જ.

**[ ૧૫ ] ગુણાતીત થવાના ઉપાય**

ગીતામાતા કહે છે કે જન્મ ને મરણ, ઘડપણ, રોગ ને જુદી જુદી જાતનાં દુઃખ સંસારમાં દેખાય છે, માણસ શાંતિ, મુક્તિ ને અમર જીવનની કામના પણ કરે છે, ચિંતા, વેદના ને મૂંઝવણમાંથી છૂટવાનો પ્રયાસ કરે છે. પણ ત્રણ જાતના ગુણોની ગુલામીમાં રહેવાનું જ્યાં સુધી તે ચાલુ રાખશે, ત્યાં સુધી તેનો પ્રયાસ ભાગ્યે જ સફળ થશે, ને મુક્ત તથા અમર ને પૂર્ણ જીવનની તેની કામના પણ ભાગ્યે જ ફળશે. પ્રકૃતિના પીંજરામાં પુરાયેલા રહેવાથી, ને પુરાયલા રહેવામાં આનંદ માનવાથી, પૂર્ણ જીવનનું તેનું સ્વપ્ન ભાગ્યે જ સિદ્ધ થઈ શકશે. પૂર્ણ, મુક્ત ને અમર જીવનની પ્રાપ્તિ માટે તેણે પ્રકૃતિના પાશમાંથી છુટવું જોઈએ ને ગુણોની ગુલામીમાંથી મુક્તિ મેળવવી જોઈએ એટલે કે પ્રકૃતિ ને તેના ગુણધર્મોની મદદથી વધારે વિકાસ કરી તેણે પરમાત્માને જાણી લેવા જોઈએ. પોતાના સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો જોઈએ ને ગુણાતીત થવું જોઈએ. ગુણાતીત થવું કે પ્રકૃતિથી પર પરમાત્મા સાથે એક થવું બંનેનો અર્થ એક જ છે. એ રીતે ગુણાતીતનાં લક્ષણો જીવનમાં ઉતાર્યા વિના ને પરમાત્માને જાણ્યા વિના દુઃખ, દર્દ, મૂંઝવણ, વેદના ને અશાંતિમાંથી કોઈ છૂટી શકતું નથી, ને પૂર્ણતા કે મુક્તિ રૂપી મહાન મિલ્કત મેળવી શકતું નથી. ગીતામાતાના કથનનો સાર સમજીને આ જ જીવનમાં, આ શરીર છે તે પહેલાં જ, પૂર્ણતા ને મુક્તિ મેળવવા તૈયાર થઈ જજો.

ગુણાતીત થવા સીધો, સહેલો, સરલ ને સચોટ ઉપાય કયો છે તે જાણો છો ? ભક્તિ. પણ તે ધન ને કીર્તિ કમાનારી, બીજાને બતાવવા માટે થનારી ને બહારનાં સાધનોમાં જ રચ્યાં કરનારી, વેવલી કે સાધારણ ભક્તિ નહિ, મન ને ઈન્દ્રિયને પરમાત્મામાં પ્રેરિત કરનારી, માનવને પવિત્ર ને પ્રેમમય બનાવી દેનાર, ભગવાન વિના બીજા કોઈને નહિ ચાહનારી ને ભગવાનને જ સેવનારી એવી સાચી, અસાધારણ ને અનન્ય ભક્તિ. તેવી ભક્તિ માણસનો ભગવાન સાથે હસ્તમેળાપ કરાવી દે છે. ભગવાનની પાસે પહોંચાડી દેવામાં મહત્વનો ભાગ ભજવે છે, જ્ઞાની ને યોગી પણ પરમાત્મામાં મન જોડી પરમાત્માને ભજે તેથી તેમને પણ ભક્ત યોગી કહી શકાય. શબ્દોમાં ફેર છે. ભાવ એક જ છે. ભાવને ભૂલી જઈને આપણે શબ્દોની સાઠમારીમાં પડવું નથી, તે પદ્ધતિ હાનિકારક છે.

ભગવાન કહે છે કે અનન્ય ભક્તિયોગથી મને સેવે છે તે ગુણાતીત થઈ જાય છે. ગુણોને તરી તેમજ જીતી જાય છે ને પોતે પરમાત્મા બની જાય છે. ભક્તોને માટે ભગવાને આવી ચોક્કસ બાંહેધરી આપી છે. પછી ડરવાનું, ચિંતા ને શોક કરવાનું તથા પ્રમાદમાં પડીને વખત બગાડવાનું શું કામ છે ? ભય, ચિંતા ને શોક છોડી દો. પ્રમાદ દૂર કરો ને હિંમત આશા ને ઉત્સાહ ધારણ કરો. સરલતા, શુદ્ધિ ને શૂરવીરતાથી સુસજ્જ બનો. ભગવાનને ભજવા માંડો તો તમારું બધું જ કામ થઈ જશે. ગુણાતીત દશાનો લાભ થશે ને ભગવાનની પ્રાપ્તિ પણ થઈ જશે.

**[ ૧૬ ] ગુણાતીત પુરૂષ વિષે**

ગુણાતીત દશાના આદર્શ તરીકે કેટલીક વાર જડભરત ને દત્તાત્રેયને માનવામાં આવે છે. પણ તેમના નામ સાથે લોકોએ કેટલીકવાર ભળતી વાતો ઉમેરી દીધી છે ને તેમના જીવનમાંથી ઉત્તમ વાત શીખવાને બદલે કેટલાક લોકોએ પોતાને ફાવતી વાતો પકડી લીધી છે ને તેને લીધે જેમના જીવન માણસને પુરૂષાર્થી, તેજસ્વી, સેવાપરાયણ, સ્વમાની ને સત્યશીલ બનાવવાની શક્તિ ધરાવે છે તે માણસના જીવનના ઘડતરમાં બહુ જ ઓછો ભાગ ભજવે છે. વધારે ભાગના લોકોએ ને કેટલાક વિદ્વાનોએ પણ જડભરતને તેના નામની સાથે બંધબેસતો કરવા વિચિત્ર સ્વરૂપ આપી દીધું છે. તેમનો ખ્યાલ એવો છે કે જડભરત એટલે કોઈવાર નહિ ન્હાનાર, આળસુ, સુસ્ત ને મેલો થઈને પડી રહેનાર, વાળને ઠીક નહિ રાખનાર, ને ઠીક હોય તો પણ તેમાં ધૂળ જેવા પદાર્થો નાખીને બગાડી નાખનાર, જગતને મિથ્યા માની તેના વ્યવહારથી દૂર ને દૂર ભાગનાર તથા કોઈની સાથે બોલવા ચાલવાનો વ્યવહાર નહિ કરનાર, દીવેલ પીધું હોય કે ચિંતાના ભારથી ભારે બન્યું હોય તેવું ગંભીર, ભાવ વિનાનું, ઉદાસીન મોઢું રાખનાર, ને ધૂળ, ઢેફાં કે પત્થરમાં ગમે ત્યાં પડી રહેનાર, મળી જાય તો ન છુટકે ગમે તેવું ખાઈ લેનાર, શરીરનો અંત આવવાના વખતની રાહ જોઈને પડી રહેલ, જીવવા ઉપરાંત તેને બીજું કોઈ કામ નથી એવો માણસ. એટલે તો ચિત્રકારો પણ જ્યારે પ્રસંગ પડે છે ત્યારે જડભરતને કોઈ એદી, ગંદા ને ગમાર માણસ જેવો ચીતરી દે છે. કમભાગે માણસો પણ તેમની એવી કલ્પનાને યથાર્થ માને છે, ને ઉચ્ચ જીવન ને ગુણાતીત પદ પર આરૂઢ થવા માગનારા સાધકો વધારે ને વધારે આળસુ, ગંદા ને જડ થવાનો અભ્યાસ કરી જડભરતની નકલ કરવાનો પ્રયાસ કરે છે. દત્તાત્રેયના સંબંધમાં પણ કૈંક એવું જ છે. મહાપુરૂષોને આ રીતે સમજવાની વૃત્તિ કોઈના પણ લાભની નથી. તે ખોટી ને મહાપુરૂષોનું અપમાન કરનારી છે.

સલામતીની દૃષ્ટિએ મને જડભરત ને દત્તાત્રેયની સાથે સાથે જનક, વશિષ્ઠ, ઈશુ શંકર, બુદ્ધ ને ગાંધીજીનાં નામને યાદ કરવાનું યોગ્ય લાગે છે. તેનો અર્થ એવો નથી કે ગુણાતીત પુરૂષો એટલા જ છે, એ નામોમાં બીજાં નામો પણ ઉમેરી શકાય છે. મેં તો કેવલ તેમનો નિર્દેશ જ કર્યો છે. બાકી તેમની સંખ્યા મોટી કે અનંત પણ હોઈ શકે છે. સામાન્ય માણસોને માટે આ નામો વધારે પ્રેરણાદાયક છે. કેમકે આમાંના કેટલાંક–લગભગ બધા જ મહાપુરૂષો વ્યવહારની વચ્ચે વસતા હતા. વ્યવહાર કરતાં કરતાં ગુણાતીતપદે પહોંચ્યા પછી પણ બીજાનાં હિત માટે કામ કરતા હતા. શુદ્ધિ, સચ્ચાઈ, સમતા ને શીલના તે ઉપાસક હતા. તેમના જીવન સંસારને માટે આદર્શરૂપ કહી શકાય. તેમાંથી બોધપાઠ લઈને આપણે પણ આગળ વધીએ તો તેમના જેવા મહાન, મુક્ત, પૂર્ણ ને ગુણાતીત થઈ શકીએ.

☼ ☼ ☼

# અધ્યાય પંદરમો : પુરુષોત્તમયોગ

૧) ત્રણે તાપમાં પ્રબલ તાપ કયો ?
૨) રોટીનો પ્રશ્ન
૩) ભૌતિકવાદ નકામો છે
૪) સંસારરૂપી પીપળો
૫) સંસાર અવિનાશી કેમ ?
૬) સાચો જ્ઞાની કોણ ?
૭) પરમપદની પ્રાપ્તિનો ઉપાય
૮) પરમપદ
૯) જીવ અને શિવ
૧૦) પરમતત્વની પ્રાપ્તિ
૧૧) મૃત્યુ પછીની વાત
૧૨) જીવાત્માનું દર્શન
૧૩) ચારિત્ર્યશુદ્ધિની જરૂર
૧૪) જગતને વધુ સુંદર બનાવો
૧૫) જઠરાગ્નિરૂપે પ્રભુ
૧૬) ભગવાન સૌના હૃદયમાં છે
૧૭) પરમાત્માને જાણવો અને પામવો
૧૮) પુરુષોત્તમ યોગ

**[૧] ત્રણે તાપમાં પ્રબલ તાપ કયો ?**

એક ભાઈ તરફથી એક પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. તે ભાઈ વિદ્વાન, વૃદ્ધ, સંતપ્રેમી ને સત્સંગી છે. ગંગાકિનારે ઋષિકેશના આ સુંદર પ્રદેશમાં રહેતા રહેતા તેમને લગભગ ત્રીસેક વરસ થઈ ગયાં છે. નોકરી કરે છે ને સંતસમાગમ પણ કરતાં રહે છે. તમારામાંથી કોઈ બોલી ઊઠશે કે 'શું હિમાલયમાં વાસ કરનારા ને ગંગામાતાનું સેવન કરનારા માણસોને પણ પ્રશ્ન ઊઠે છે ?' આપણે તેમને ઉત્તર આપીશું કે જરૂર. પ્રશ્નો માનવના છે, એટલે માનવ જ્યાં પણ રહે છે, ત્યાં તે એક કે બીજા સ્વરૂપમાં ઊઠે છે. હિમાલય કે ગંગાના પ્રદેશમાં તે શા માટે નહિ ઊઠે ? શાંતિ, સુખ, મુક્તિની સમસ્યા તો ત્યાં પણ ઊઠે છે. માનવનું મન ત્યાં પણ પોતાનું કામ કર્યે જાય છે. ત્યાં વસનારા બધા માણસો પૂર્ણ, મુક્ત કે કૃતકામ થોડા જ છે ? તેમની વૃત્તિ, લાગણી ને ટેવ બીજા બધા પ્રદેશના માણસોને મળતી જ છે, તેમના વ્યવહાર પણ તેવા જ છે. તેવી રીતે તેમની સામે પણ પ્રશ્નો ઊભા થાય છે. ને તેના ઉત્તર તે શોધતાં રહે છે. તે ભાઈએ પૂછ્યું છે કે 'ત્રણ પ્રકારના તાપ કહેવામાં આવ્યા છે. આધ્યાત્મિક, આધિભૌતિક ને આધિદૈવિક. તેને બદલે હું એમ સમજુ છું કે શારીરિક તાપ, માનસિક તાપ ને બહારના કુદરત કે કોઈ પદાર્થ મારફત આવનારો તાપ, એ ત્રણેમાં પ્રબળ તાપ કયો છે ?''

સાચી વાત તો એ છે કે ત્રણ પ્રકારના તાપમાં ઈચ્છવા જેવો તાપ એકે નથી. ત્રણે તાપ નકામાં છે. ત્રણે અતિશય નુકશાનકારક છે. તે મિત્ર નહિ પણ શત્રુ છે. તેમની દોસ્તી નકામી છે. કાયમને માટે આપણા ઘરમાં અડ્ડો જમાવીને જો તે બેસી જાય તો આપણને નિર્બળ કરે ને બેહાલ બનાવી દે. તે ત્રણે તાપ દૂર થાય ત્યારે જ ખરો આનંદ મળી શકે છે. એટલે આપણું ધ્યેય તે ત્રણે તાપથી મુક્તિ મેળવવાનું હોવું જોઈએ. તે માટે આપણે મહેનત કરવી જોઈએ. યોગ્ય દિશામાં પુરૂષાર્થ કરવો જોઈએ. ત્રણે તાપ માણસને મૂંઝવી દે છે, અશાંત કરી દે છે, ને બેહાલ બનાવી મૂકે છે. તેમની શક્તિ અપાર છે, છતાં તેમના કરતાં આત્મા કે પરમાત્માની શક્તિ ઘણી મોટી છે. તેમનું શરણ લેવાથી તે ટળી શકે છે. તે ઉપરાંત જુદા જુદા જપ, તપ ને સત્કર્મથી તેમની પીડા દૂર થાય છે.

ત્રણે તાપ પ્રબલ છે. પણ શરીરનો તાપ સાધારણ રીતે વધારે પ્રબલ ને પ્રભાવવાળો છે. શરીર નબળું થાય છે, રોગી થાય છે ને અશક્ત બને છે, ત્યારે માણસ બેચેન બને છે. કોઈ ખાસ કામ કરવાનું તેને મન થતું નથી. જપ, તપ, ભજન જેવા કામ પણ થઈ શકતા નથી. માટે જ શરીરને શુદ્ધ, સ્વસ્થ રાખવા માટે આટલો બધો ઉપદેશ આપવામાં આવ્યો છે, ને શરીરને ધર્માનુષ્ઠાન માટેનું શરૂઆતનું સાધન કહેવામાં આવ્યું છે. જે ઉત્તમ મનોબલવાળા પુરૂષો છે, તે શરીરની દશાની પરવા કર્યા વિના પણ પ્રભુપરાયણ રહી શકે છે. પણ તેમની સંખ્યા બહુ જ અલ્પ હોય છે. તેવા પુરૂષો શરીરના તાપને સહી શકે પણ પરામાત્માના વિરહનો આધ્યાત્મિક તાપ સહી શકતા નથી. તે તાપ તેમને સૌથી વધારે પ્રબલ લાગે છે. તે તાપ મટી જાય તો પછી બીજા હજારો તાપ ભલેને પડે. તેમને તે શાંતિથી સહી લે છે. બીજા તાપ તેમની આંતરિક શાંતિ ને સ્થિરતાનો ભંગ કરતા નથી.

એટલે સાધારણ માણસોને માટે શારીરિક તાપ સૌથી વધારે પ્રબલ હોય છે, અને અસાધારણ માણસોને માટે આધ્યાત્મિક તાપ વધારે અસરકારક ઠરે છે. આધિદૈવિક તાપ અચાનક આવે છે, જાણ વિના

આવે છે, ને અચૂક આવે છે. એ અર્થમાં તેની પ્રબળતા પણ ઓછી નથી. ત્રણે તાપ પ્રબલ છે. પહેલવાન જેવા છે. પરંતુ શરીરનો તાપ માણસને કંઈક વધારે અસર કરે છે, ને સંતાપમાં નાખે છે. માટે સામાન્ય રીતે તે વધારે પ્રબલ કહી શકાય. તેનો ભોગ બનનાર ભાગ્યે જ સુખી થઈ શકે. માટે જ કવિએ કહ્યું છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા.'

**[ ૨ ] રોટીનો પ્રશ્ન**

બીજા ભાઈ પૂછે છે કે 'આજનો મુખ્ય પ્રશ્ન તો રોટી ને રોજીનો છે. હજારો માણસો આજે રોટી ને રોજી માટે રખડે છે. તેમને પહેરવાને માટે પૂરતાં વસ્ત્રો નથી, રહેવા માટે પૂરતાં પ્રમાણમાં આવાસ નથી. દેશની દૃષ્ટિએ વિચાર કરો તો પણ જણાશે કે દેશને આજે ભૌતિક સુધારણાની જ જરૂર છે. આવે વખતે ઈશ્વર, ધર્મ કે આધ્યાત્મિકતાની વાતો કરવી શું બરાબર છે ? તેમને સાંભળવાથી હિત પણ કોનું થવાનું છે ?'

આપણે તેમને ઉત્તર આપીશું કે, 'ભાઈ, જરા સામે નજર તો કરો. ગંગામાતા પોતાનો નિર્મલ પ્રવાહ લઈને વહી રહી છે. તેને તમે પૂછો કે તું શા માટે વહે છે અથવા તારું વહેવું શું બરાબર છે કે ? તો તે શું કહેશે ? તમને ગમે કે ના ગમે, બરાબર લાગે કે ના લાગે, ગંગાજી વહેતી રહેવાની. કારણ કે તે તેમનો સ્વભાવ છે. ગંગાનું જળ તમને જરા પણ જરૂરી ન જણાય તો તે પરથી કાંઈ આખા જગત વતી અભિપ્રાય આપવાની જરૂર નથી. જગતકાજી થઈ ને આપેલો ચુકાદો નકામો જશે ને વજન વિનાનો થશે. કેમકે બીજા કેટલાક લોકો છે જે ગંગાના ભક્ત છે. તેમનો અભિપ્રાય તમારાં કરતાં જુદો હોવાનો. છતાં ગંગાને કોઈનાયે અભિપ્રાયની પરવા ક્યાં છે ? તે તો પોતાનું સહજ કામ કર્યે જાય છે. તેવી રીતે ઈશ્વર, ધર્મ કે આધ્યાત્મિક્તા જેના જીવનમાં ભળી ગયાં છે, ઓતપ્રોત જ થયા છે, તે તેનો જ વિચાર ને તેની જ વાત કરે તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી, તેને માટે તે સ્વાભાવિક છે.

તે ઉપરાંત જે બીજો જરૂરી વિચાર કે પ્રશ્ન છે તે તરફ પણ ધ્યાન દોરીએ છીએ. માનવ એકલી રોટી કે રોજીની જ નહિ, પણ શાંતિની પણ ઝંખના કરે છે. મુક્તિ ને પૂર્ણતા પણ ચાહે છે. સંસારના ઉકેલની પણ ઈચ્છા રાખે છે. તે માટે તે પ્રયાસ પણ કરે છે. આ પ્રશ્નો–માનવના આંતરિક વિકાસના પ્રશ્નો–પણ સનાતન છે. તે પ્રશ્નોને પણ કેવી રીતે ઉડાવી દેવાય ? તેમની અવગણના કેવી રીતે કરાય ? એવો પ્રયાસ શું કદાપિ સફળ થઈ શકે કે ? પંખી બે પાંખે ઊડે છે, તે એક જ પાંખે ઊડે તો સારું એવો દુરાગ્રહ રાખીને તેની એક પાંખને તોડી પાડવામાં આવે તો ? શું તે સારી રીતે ઊડી શકે ? ઊડવાનું તો ઠીક, કદાચ તે રામશરણ પણ થઈ જાય. તે પ્રયોગ પંખીને પોતાના માટે પ્રાણઘાતક થઈ પડે. તેવી જ રીતે ભૌતિક કે આધ્યાત્મિક બેમાંથી એક પણ પાંખને તોડવાનો પ્રયાસ માનવના પોતાના જીવન માટે જુલમરૂપ ને ઘાતક થઈ પડે. માનવ જ્યાં સુધી આ પૃથ્વી પર શ્વાસ લેશે ત્યાં સુધી તેની આધ્યાત્મિક ઉન્નતિની ઝંખના કાયમ જ રહેશે. એટલે આધ્યાત્મિક ઉન્નતિનો વિચાર પણ સનાતન વિચાર છે. આપણે તેની અવગણના કરવા માગતા નથી. તેને હસી કાઢવાનું કે ઉડાવી દેવાનું વલણ આપણે કે કોઈએ સ્વપ્ને પણ અખત્યાર કરવાની જરૂર નથી.

**[ ૩ ] ભૌતિકવાદ નકામો છે**

માનવનું કામ એકલી રોટી કે રોજીથી જ પૂરું નથી થતું. એકલી ભૌતિક સુધારણાથી જ તેના જીવનનો હેતુ નથી સરતો. ધારો કે સંસારના સઘળા સભ્યોને રોટી ને રોજી મળી જાય, ને ઘર, વસ્ત્ર ને કેળવણીની તક સાંપડી જાય, તો તેટલાથી જ શું જરૂરી હેતુ સરી રહેશે ? જીવનને સાચા અર્થમાં જીવન કરવા ને સંસારને સ્વર્ગમય કરવા ઉપરાંત બીજી કેટલીક વસ્તુની પણ જરૂર રહેશે. માનવને માનવ થવા માટે બીજી ઘણી વસ્તુ જોઈશે. માણસને શરીર છે પણ એકલું શરીર નથી. શરીર ઉપરાંત મન, બુદ્ધિ, પ્રાણ, લાગણી બધું છે. તે બધાના પ્રશ્નો હલ કરવા પડશે. તે બધાની જરૂરતની પૂર્તિ કરવી પડશે. માણસ વિચારશીલ છે. વિચાર કરવાની શક્તિ ને જુદી જુદી લાગણી ધરાવે છે. તે શાંતિની ઝંખના કરે છે. ક્લેશ, યાતના તથા બંધનમાંથી મુક્તિ મેળવવા માગે છે. પ્રેમ, દયા, સેવાભાવ, સહકાર, ક્ષમા, પવિત્રતા તથા વિવેકશક્તિની ખીલવણીથી કામના કરે છે. તેને હૃદય છે એટલે કુદરતના વિવિધ દૃશ્યો ને સંસારના જુદા જુદા સંબંધો તેને અસર કરે છે. એવા માનવને કેવલ રોટી આપીને બેસી રહેવાથી શું વળશે ? તેને બીજી જાતની રોટી પણ જોઈએ છે. સંસ્કાર ને ભાવના જોઈએ છે, સત્ય ને પ્રકાશ જોઈએ છે. તે સૌન્દર્ય ને પવિત્રતાની, પ્રસંશા, પૂજા ને ચાહના કરે છે. આત્મિક ઉન્નતિની તેની અભિપ્સા છે. તેને માટે જરૂરી ખોરાક પૂરો પાડ્યા વિના કેમ ચાલશે ?

સંસાર આજે રોટીવાદથી પીડાય છે. યુદ્ધવાદ, ભોગવાદ, સત્તાવાદ ને સામ્યવાદ જેવા બીજા વાદો પણ તેમાં ફાલી રહ્યા છે. એ બધાની પાછળ માનવવાદ ભૂલાયો છે. બધું મેળવવાની સાથે માનવ આખરે માનવ છે, ને તેણે સાચા માનવ થવા ઉત્તરોત્તર પ્રયાસ કરવાનો છે, એ વાત વિસરાઈ ગઈ છે. ધર્મ નીતિ, ઈશ્વર કે આધ્યાત્મિક્તાનું મહત્વ ભૂલાયું છે. એ મહત્વ જો ફરી યાદ કરાય, ને સાચા માનવ થવા તરફ વધારે ને વધારે ધ્યાન દોરાય, તો સંસારના ઘણા પ્રશ્નો ઉકેલવામાં મદદ મળે. ઘણા વાદોની ભયંકરતા દૂર થાય, ને ભેદભાવ, શોષણ ને જોરજુલમ તથા જૂઠી રીતરસમોનો અંત આવે. માનવની અંદર મરી પરવારેલી માનવતાને જગાડીને, તેની અંદરના દેવતાને જાગ્રત કરીને ઘણું ઘણું કામ કરી શકાય. ઈશ્વર કે આધ્યાત્મિકતા એ બાબતમાં ખૂબ અસરકારક ભાગ ભજવશે. માટે માણસનું મન તે તરફ દોરાય ને તેમાં રસ લેતું થાય તેવા પ્રયાસની જરૂર છે. તેવા પ્રયાસ કોઈ પણ જાતની સ્વાર્થ ને સાંપ્રદાયિકતાની ગંધથી રહિત થઈને થતા હોય, તો ભલે હજારોની સંખ્યામાં થતા. તે આવકારદાયક લેખાશે. સંસારની સેવાની સામગ્રી જેવા સાબિત થશે.

### [ ૪ ] સંસારરૂપી પીપળો

પંદરમાં અધ્યાયની શરૂઆતમાં જ એક સુંદર સરખામણી આવે છે. સંસારને વૃક્ષની ઉપમા આપવામાં આવી છે. તે વૃક્ષ પણ કાંઈ જેવું તેવું વૃક્ષ નથી. વૃક્ષોમાં બાવળ, વડ, લીમડો, આંબો એવા ઘણા વૃક્ષો છે. તેમાંના કોઈની સાથે સંસારરૂપી વૃક્ષની સરખામણી કરવાને બદલે ભગવાન શ્રીકૃષ્ણે તેની સરખામણી અશ્વત્થ એટલે પીપળાની સાથે કરી છે. પીપળાનું નામ આકસ્મિક રીતે અપાયું હોય છતાં તેમાંથી જો સાર કાઢવાની ઈચ્છા હોય તો કાઢી શકાય છે.

દસમા અધ્યાયમાં પોતાની વિભૂતિનું વર્ણન કરતી વખતે પણ ભગવાનને પીપળાને યાદ કર્યો છે. **अश्वत्थ सर्ववृक्षाणाम्** । બધાં વૃક્ષોમાં હું પીપળો છું. જેને ભગવાન પોતાના પ્રતિનિધિ તરીકે પસંદ કરે તેની યોગ્યતા વિશે શંકાને સ્થાન જ ક્યાં છે ? ગમે તેમ, પણ પીપળો આપણે ત્યાં પવિત્ર મનાય છે ને પૂજાય છે. તેને પવિત્ર માનીને કાપવાનો પણ કેટલાક માણસોને સંકોચ થાય છે. પીપળો તો પરમેશ્વરનું સ્વરૂપ છે, બધા દેવો તેમાં વાસ કરે છે, તેને કાપનારનું ભલું ન થાય, તેને પાપ લાગે - તેમ લોકો માને છે. પીપળાને કાપવામાં પાપ માનનારા માણસ પોતાનાં નહિ તો પારકાં બધાં જ ઝાડને કાપવામાં પાપ માને તો ? પણ બીજાનાં ઝાડ તો તે પ્રેમથી કાપે છે. બીજાની લાગણી દુભાવે છે, ને વખત પર બીજાને દગો દેતાં, છેતરતાં, હેરાન કરતાં ને બીજાનું કાસળ કાઢતાં જરા પણ અચકાતા નથી. ત્યારે ફિલસુફી પાંગળી કે લૂલી લાગે છે. પીપળામાં દેવતાનો વાસ માનનાર માણસ પ્રભુના જીવતા જાગતા પ્રતિનિધિ જેવા માનવમાં દેવતાનો વાસ માનીને ચાલે તો ?

પીપળાની સાથે સંસારની સરખામણી કરવામાં આવે છે. પીપળો જેમ પવિત્ર છે, તેમ આ સંસાર પણ પવિત્ર છે, એવો ધ્વનિ આ સરખામણીમાં રહેલો છે. બીજું, પીપળો પ્રભુનો પ્રતિનિધિ છે. તેમ સંસાર પણ પ્રભુનો પ્રતિનિધિ છે, પ્રભુની પરમ વિરાટ વિભૂતિરૂપ છે, એ ભાવ પણ એમાં સમાયલો છે. એનો અર્થ એ થયો છે કે સંસારમાં સર્વત્ર પ્રભુના મહિમાનું દર્શન કરવાની જરૂર છે. સંસારના પ્રત્યેક પદાર્થમાં પ્રભુની ઝાંખી કરતાં શીખવાનું છે. સંસાર પ્રભુનું જ સ્વરૂપ છે. માટે તેની ઘૃણા કરવાની ને તેને નકામો કે અર્થહીન કહીને ઉડાવી દેવાની જરૂર નથી. અમૃતમય પ્રભુની તે ઉપજ છે માટે તેને વિષમય કહીને તેનાથી દૂર ને દૂર ભાગવાની વૃત્તિ કેળવવાની જરૂર નથી. પરમાત્માની વિભૂતિ હોવાથી પરમાત્માની જેમ તેમાં પણ પ્રેમ ને સુંદરતા રહેલાં છે. જ્ઞાનનાં પ્રકાશ, આનંદ ને પરમસુખથી તે સંપન્ન છે. પરમ સત્યરૂપી પરમાત્માનું સાકાર સ્વરૂપ સમજી, પરમાત્માના મહિમાનું પ્રતીક માની, પરમાત્માની ઝાંખી કરવાનું સાધન સમજી પ્રેમ ને આદરથી જોતાં શીખવાનું છે. તેની પવિત્રતા કાયમ રાખવાનો પ્રયાસ કરવાનો છે. એટલે કે તેમાં રહીને જીવનને નિર્મલ કરવાનું છે. ચારિત્ર્યને ચોક્ખું રાખવાનું છે. કોઈ એવું કામ કરવાનું નથી જેની અસરથી તેની પવિત્રતા ને પ્રભુતાને એક ક્ષણ માટે પણ ડાઘ લાગે. પ્રભુના કુદરતના નિયમથી વિરુદ્ધ કર્મોનો ત્યાગ કરવાનો છે ને બૂરા વિચાર તેમ જ બૂરી વૃત્તિથી દૂર રહેવાનું છે. ફૂલની જેમ માનવીએ આ સંસારની વિશાળ વાડીમાં પોતાના જીવનને ખીલવી દેવાનું છે. સંસારને સૂગની દૃષ્ટિથી જોનાર માણસોએ ગીતામાતાનો આ સંદેશ ખાસ સમજવા જેવો છે.

### [ ૫ ] સંસાર અવિનાશી કેમ ?

સાધારણ રીતે એમ મનાય છે કે સંસાર નાશવંત છે. સંસારના બધા જ પદાર્થો નાશ પામનારા છે. સંસારના સ્વામી પરમાત્મા અમર છે. તેમનો કદી નાશ નથી. સંસાર અ+શ્વ+ત્થ એટલે આવતી કાલે, ભવિષ્યમાં નહિ હોય તેવો છે. પણ ભગવાન સંસારરૂપી વૃક્ષને સનાતન ને અવિનાશી કહે છે ત્યારે આપણને નવાઈ લાગે છે. ભગવાને આ નવી ને પોતાના ખીસ્સાની વાત ક્યાં કાઢી ?

આપણે કહીએ છીએ કે સંસાર નાશવંત છે. તેની પાછળ આપણી સમજ કેવી હોય છે ? આપણે સમજીએ છીએ કે સંસારનો પ્રત્યેક પદાર્થ છેવટે નષ્ટ થાય છે. જે સ્વરૂપમાં તે આજે દેખાય છે તે સ્વરૂપમાં કાલે દેખાતો નથી, ને એક દિવસ છેવટે તે દેખાતો બંધ પણ થઈ જાય છે. શરીરનો જ વિચાર કરો. તેનું સ્વરૂપ કેટલું બધું બદલાતું જાય છે ! તેમાં જે મોટો ફેરફાર થાય છે. તે એક દિવસ કે એક પળમાં નથી થતો. પણ દિવસોના દિવસો ને પળોની પ્રવૃત્તિના પરિણામે થાય છે. તે યુવાન બને છે, વૃદ્ધ થાય છે, ને છેવટે મૃત્યુના હાથમાં પડે છે. બળીને રાખ થાય છે. આપણે કહીએ છીએ કે શરીરનો નાશ થયો. પણ વિચારકો ને વૈજ્ઞાનિકો કહે છે કે કોઈ વસ્તુનો તદ્દન નાશ થતો નથી. ફક્ત તેના સ્વરૂપમાં પરિવર્તન થયા કરે છે એટલું જ.

સૃષ્ટિ પ્રકૃતિમાંથી થાય છે તેથી વિકારવાળી છે. તેમાં ફેરફાર થયા કરે છે પણ તેનો કાયમને માટે નાશ થતો નથી. સંસાર પરમાત્માનું સ્વરૂપ છે. સંસારરૂપે પરમાત્મા પોતે જ મૂર્તિ થઈને રહેલા છે. તો પછી સંસારનો કાયમી વિનાશ કેવી રીતે થઈ શકે ? પરમાત્મા તો અવિનાશી છે. ને તાત્વિક રીતે જોતાં પરમાત્મા ને પ્રકૃતિ છેવટે તો એક જ છે. એટલે સંસારને ચંચલ, વિકારી કે પરિવર્તનશીલ કહી શકાય. સંસારનું વૃક્ષ સનાતન કાળથી ચાલ્યું આવે છે ને અનંત કાળ લગી ચાલતું જ રહેશે. શરૂઆતમાં પણ તે બીજરૂપે પરમાત્મામાં રહે છે. તેને વિનાશી કેમ કહી શકાય ? વિનાશી કહેવાથી તત્વજ્ઞાનના મૂળ સિદ્ધાંતનો ભંગ થઈ જાય. માટે જ ભગવાને તેને અવિનાશી કહ્યું છે. સંસારનો ભંડાર એવો છે જેનો વ્યય કદી થતો જ નથી. વાપરવા છતાં પણ તે ભંડાર સદા ભરેલો જ રહે છે. માટે ભગવાન તેને અવ્યય કહે છે. તે કાંઈ તેમની ગફલતનું કારણ નથી, સંપૂર્ણ સમજ કે જ્ઞાનનું જ પરિણામ છે.

**[ ૬ ] સાચો જ્ઞાની કોણ ?**

સંસારની સરખામણી પીપળાના ઝાડની સાથે કરવામાં આવી છે. પણ સાધારણ ઝાડ કરતાં સંસારનું ઝાડ જુદું જ છે. સામાન્ય રીતે ઝાડનું મૂળ નીચે હોય છે. પરંતુ સંસારરૂપી ઝાડનું મૂળ ઊંચે છે, માટે તેને ઉર્ધ્વમૂળ કહેવામાં આવ્યું છે. સંસારના બધાં જ પદાર્થોથી પર જે પરમાત્મા છે તેમાં તેનું મૂળ રહેલું છે. પરમાત્મા સૌથી ઉચ્ચ છે, શ્રેષ્ઠ છે. તેમનાથી ઉત્તમ એવું બીજું કોણ છે ? સંસારરૂપી ઝાડ તેમનામાંથી પ્રકટ થાય છે, વિકસે છે, ને ફાલેફૂલે છે. તે ઝાડની શાખાઓ નીચેના ભાગમાં પથરાયેલી છે. તેમાં જુદા જુદા લોક લોકાંતરો રહેલા છે. ઝાડની ડાળી પર પંખીઓ જેમ માળા બાંધીને વાસ કરે છે, તેમ જુદી જુદી પૃથ્વીઓ બ્રહ્માંડના વિરાટ શરીર પર શોભી રહી છે. તેની શાખાઓ પ્રવૃત્તિરૂપી પાંદડાંથી ભરચક થઈ છે. ત્રણ જાતના ગુણના પ્રભાવથી પ્રકટેલી વિષયરૂપી કૂંપળો પણ તેમાં ફૂટેલી છે. કર્મના સંસારથી તેનું પોષણ થાય છે ને કર્મની અસરથી તે વધે છે. સંસારનું વૃક્ષ આ પ્રમાણે અનેરૂં છે. તેની શાખા ઉપર ને નીચે બધે જ ફેલાયેલી છે.

તેનો પાર કોણ પામી શકે ? તેનો પાર પામવા માટે આજ સુધી ઘણા ઘણા પ્રયાસ થયા છે. કોઈ કોઈ બડભાગી માણસો તેનો થોડો ઘણો પાર પામી પણ ગયા છે. બાકી વિષયોમાં રમતા ને ગુણોથી બંધાયેલા સાધારણ માણસોનું તો ગજુ જ શું ? તેવા માણસો સંસારમાં રહે છે. પરંતુ તેમનામાં જિજ્ઞાસાનો

અભાવ હોય છે. તેને લીધે તેમને સંસારના સ્વરૂપ વિશે માહિતી મેળવવાનો કોઈ દિવસ વિચાર જ આવતો નથી. સંસારમાં શ્વાસ લઈને તે છેવટે જ્ઞાન વિના ખાલી હાથે વિદાય થાય છે.

પણ બધાના સંબંધમાં એવું બનતું નથી. કેટલાકની પ્રકૃતિ જુદી જ હોય છે. તેમને કોઈ અજાણી વસ્તુ આપીએ, તો તેની માહિતી મેળવવાનું તેમને મન થાય છે, ને તેની માહિતી માટે તે પ્રશ્નો પૂછી નાખે છે. બાળકોમાં પણ એ ખાસિયતનું દર્શન થાય છે. તેમની જિજ્ઞાસાવૃત્તિ ઘણી પ્રબળ હોય છે. જિજ્ઞાસુ પ્રકૃતિ ધરાવતા માણસો આ સંસાર કેવી રીતે ઉત્પન્ન થયો હશે, તેની પાછળ વ્યવસ્થા કરનારી કોઈ શક્તિ હશે કે કેમ, સંસારમાં જે દુઃખ ને બંધન દેખાય છે, તેને કાયમને માટે દૂર કરવાનો કોઈ ઉપાય છે કે નહિ, એવા વિચારો તેમને આવ્યા કરે છે, ને તેનો ઉકેલ કાઢવા તે પોતાનાથી બનતો પ્રયત્ન કરે છે. ગીતામાતા કહે છે કે સંસારના રહસ્યને જે જાણી લે છે તે જ સાચો જ્ઞાની છે. ચારે વેદનો પાઠ કરી જનાર, તેમને મોઢે બોલી જનાર કે બીજા ગ્રંથો ગોખી લેનારને જ્ઞાની કહી શકાય નહિ. સાચો જ્ઞાની તો તે જ છે જે આ સંસારમાં આવી ને સંસારના મૂળ આધારરૂપ પરમાત્માને જાણી લે, ને સંસારનાં સ્વરૂપને સમજી લઈ પોતાની પૂર્ણતા ને મુક્તિનો માર્ગ વહેલામાં વહેલી તકે શોધી લે. તેવો જ્ઞાની પુરૂષ સદાયે સન્માનીય ને નમવાયોગ્ય છે. તેને આપણા હજારોવાર પ્રણામ છે !

**[ ૭ ] પરમપદની પ્રાપ્તિનો ઉપાય**

સંસારનાં રહસ્યને જાણવાનું કામ શું સહેલું છે ? જીવનનો પાર પામવાનું કામ શું હાથવેંતમાં થઈ જાય તેવું છે ? આપણે કહીશું કે જરૂર. તમે ધારો તો સંસારના રહસ્યને જાણવાના કામને સહેલું કરી શકો છો. તે હાથવેંતમાં થાય તેવું નથી. તેની સિદ્ધિ માટે દૃઢ નિશ્ચય, મનોબલ ને પ્રખર પુરૂષાર્થ જોઈએ પણ તેને અત્યંત અઘરૂં કે અસંભવ માની લેવાની પણ જરૂર નથી. તે માટે જરૂરી પ્રયાસ કરવામાં આવે તો તેની સિદ્ધિ જરૂર થઈ શકે.

સંસારનું રહસ્ય જાણી શકાય, ને સંસારમાં રહીને પરમાત્માની પ્રાપ્તિ કરી શકાય, અથવા કહો કે પરમપદ પામી લેવાય, તેને માટે સંસારના સ્વામીનું શરણ લેવાની જરૂર છે. સંસારની બાજી તેમણે જ શરૂ કરી છે ને તેના પર કાબૂ રાખનાર પણ તે જ છે. માટે જ તેમનું શરણ લેવાની જરૂર છે. તેમને પ્રેમ કરવાની ને તેમની સાથે સંબંધ બાંધવાની જરૂર છે. આપણે કહીએ છીએ કે મૂળનું જ્ઞાન થઈ જાય એટલે ડાળી, પાંદડાં તો આપોઆપ હાથમાં આવી જાય ને જણાઈ જાય. તે પ્રમાણે સંસારના મૂળ એવા પરમાત્માને જાણી લેવાથી સંસારનું રહસ્ય આપોઆપ જણાઈ જશે. માટે સૌથી પહેલાં પરમાત્માને જાણી લેવાનો પ્રયાસ કરવાની જરૂર છે.

પરમાત્માનું શરણ સૌને માટે જરૂરી છે. પરમાત્માની પ્રાર્થના ને ઉપાસના સૌને માટે ઉપયોગી છે. પરમાત્માની કૃપાથી માણસ સંસારના રહસ્યનો ઉકેલ કરી શકશે. પરમાત્માની ભક્તિ જીવનને સફલ કરવાના કામમાં મદદ કરશે. જેમ મા ની મદદ લઈને બાળક ને ભોમિયાની મદદ લઈને પ્રવાસી મુશ્કેલ લાગતા માર્ગ પણ સહેલાઈથી પાર કરી દે છે, તેમ જીવનની સાધનાનું મુશ્કેલ જેવું કામ પ્રભુની કૃપાથી સરલ થશે, ને ભક્તિભાવથી મદદથી સફલ બનશે.

એ માટે અહંકારનો ત્યાગ કરવો જોઈએ. જે અહંભાવથી ભારેખમ છે, તે પ્રભુનું શરણ કેવી રીતે લઈ શકે ? નમ્રતામાં જ પ્રભુતા છે એમ કહ્યું છે તે સાચું છે. માણસે અત્યંત નમ્ર બનીને, મનની ચંચલતાનો ત્યાગ કરીને તથા ભાવવિભોર થઈને, પ્રભુના ચરણે પોતાનું સર્વ કાંઈ ધરી દઈને પ્રભુના થઈ રહેવું જોઈએ. જીવનની સફળતા, સંસારના ઉકેલ તથા પરમપદની પ્રાપ્તિ માટે એ અકસીર ઉપાય છે.

પ્રભુનું શરણ લેવાથી સંસારનાં બંધન તૂટી જાય છે. સૌથી પહેલાં તો જીવનના ઉત્તમ આદર્શ માટે દૃઢ નિરધાર કરવાની જરૂર છે. બંધનોથી મુક્તિ મેળવવી જ છે, અંધકારમાંથી પ્રકાશમાં જવું છે, પરમપદની પ્રાપ્તિ જરૂર કરી લેવી છે, એવો નિશ્ચય કરવો જોઈએ. કોઈપણ સંજોગોમાં તે નિશ્ચય ડગવો કે ભૂલવો ન જોઈએ. તેની સાથે કેટલીક બીજી તાલીમ મેળવવી જોઈએ. તે તાલીમ જુદી જુદી પરંતુ તેનો સાર સમજવાની જરૂર છે. અનાસક્તિ, ચારિત્ર્યશુદ્ધિ ને અધ્યાત્મ પરાયણતા તેનો સાર છે.

સંસારમાં રહેનાર માણસને જુદા જુદા લોકોનો પરિચય કરવો પડે છે, અનેક પ્રકારના પુરૂષોના પ્રસંગમાં આવવું પડે છે ને જુદાં જુદાં કામ કરવા પડે છે. સામાન્ય રીતે તે વ્યવહાર કે પરિચય તેને અસર પહોંચાડે છે. તેની અસરથી તેની અંદર કામ, ક્રોધ કે રાગદ્વેષ જન્મે છે. મિત્રતા ને શત્રુતાના ભાવ જાગે છે. તેને લીધે તે સુખ ને દુઃખના વિરોધી ભાવનો અનુભવ કરે છે, અહંતા ને મમતાના મીઠા બંધનથી બંધાય છે. આમ તેનું જીવન અસ્થિર ને અશાંત બની જાય છે માટે જ તેણે અનાસક્તિ કેળવવાની જરૂર છે. બધાની વચ્ચે રહેવા છતાં અહંકાર, મમતા ને રાગદ્વેષથી દૂર રહેવાની જરૂર છે. જુદી જુદી જાતના કર્મ કરવા છતાં તેની ખરાબ અસરથી અલગ રહેવાની જરૂર છે. કામ જરા અઘરૂં છે, કઠિન છે, પણ પરમપદના પ્રવાસીએ તેને પાર પાડ્યા વિના છૂટકો નથી. જીવનને ઉજ્જવલ કરવા માગનારા સાધકે તેને સાધ્યા વિના છૂટકો નથી.

અનાસક્તિનો ઉપદેશ સંતો ને શાસ્ત્રોનો મહત્વનો ઉપદેશ છે. અનાસક્તિની કળામાં નિપુણતા મળી ગઈ, તો પછી મુક્તિ ને શાંતિ હાથવેંતમાં છે. પરંતુ અનાસક્તિની સાધના કાંઈ એકાદ બે દિવસમાં સિદ્ધ થઈ જાય કે ? તે માટે વરસોનો પરિશ્રમ ને સતત સાવધાની જોઈએ. દુર્ગુણોને દૂર કરીને સદ્‌ગુણી થવું જોઈએ. માનાપમાનમાં સમતા રાખતા શીખવું જોઈએ. લૌકિક કામના ને બૂરી વાસનાનો ત્યાગ કરવો જોઈએ. સુખ ને દુઃખ, સ્તુતિ ને નિંદા તેમજ રાગ ને દ્વેષ જેવાં દ્વંદ્વમાંથી છૂટવાનો પ્રયાસ કરવો જોઈએ. પ્રભુપરાયણ થવું જોઈએ, ને વિવેકી બનવું જોઈએ. એ માટે ઉત્સાહ, ખંત ને હિંમત રાખી દિવસો સુધી મહેનત કરવી જોઈએ. એમ કરતાં કરતાં ચારિત્ર્યશુદ્ધિ થઈ જાય ને અનાસક્તિનું કામ સહેલું થાય. પછી તો આગળ જતાં સાધકની દશા અલૌકિક થઈ જાય. તે શુદ્ધિ ને સમતાની મૂર્તિ બની જાય. સંસારના આઘાત–પ્રત્યાઘાત તેને ડગાવી ન શકે એવી સદાની સ્થિરતામય તેની સ્થિતિ થાય. મોહ ને મમતામાંથી મુક્તિ મેળવીને તે પરમશાંતિની પ્રતિમા બની જાય. તેવા પુરૂષો જ પરમપદ અથવા પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે એમ કહીને ગીતામાતા આપણને સૂચના આપે છે. પરમાત્માની પ્રાપ્તિ કરવી હોય તો જીવનને સદ્‌ગુણી ને શુદ્ધ કરવા તૈયાર થાવ. અહંકાર ને મમતાને મારી નાખો. આસક્તિનો ત્યાગ કરો, અંત આણો. જીવનને પ્રભુમય કરવા પ્રયાસ કરો.

માણસોનું મનોબલ નબળું હોય છે. સાધકોમાંના પણ કેટલાક નિર્બળ મનોવૃત્તિનો ભોગ બન્યા હોય છે. આજે નહિ તો કાલે, આ જનમમાં નહિ તો બીજા જનમમાં, પરમાત્માની પ્રાપ્તિ કરી શકીશું. નહિ તો

કોઈક જનમમાં તો પરમપદ જરૂર પામીશું, એવા ઢીલા વિચારો રજૂ કરનાર સાધકો ઘણા મળે છે. તેમનું મનોબલ નબળું છે. પરમાત્માની પ્રાપ્તિનું મહત્વ તેમને સારી પેઠે સમજાયું નથી. નહિ તો તેમણે એવી ઢીલી નીતિનો ત્યાગ કરવો જોઈએ, તે નબળી મનોદશાનો અંત આણવો જોઈએ. માણસની મહત્તા કાયર કે ડરપોક થવામાં નહિ પણ વીર ને નીડર થવામાં રહેલી છે. એ યાદ રાખીને સાધકે સદા વીર બનવું જોઈએ. એટલે કે ઉત્તમમાં ઉત્તમ મનોબલની મૂર્તિ બનવું જોઈએ. ઉત્તમ ભાવના ને વિચારોથી સજ્જ થવું જોઈએ.

'આ જ જનમમાં મને પરમાત્માની પ્રાપ્તિ થઈ જશે. આ જ જનમમાં બનતી વહેલામાં વહેલી તકે પરમાત્માની પ્રાપ્તિ કરવા હું પ્રયાસ કરીશ. એ બાબતમાં બહુ વિલંબ થાય તે ઠીક નથી, ને વિલંબ નહિ જ થાય. કેમ કે પૂર્ણતાની પ્રાપ્તિ કરવાનો મારો દૃઢ નિશ્ચય છે. પરમાત્માના સાક્ષાત્કારનો મારો નિર્ણય અફર છે ને તેને સિદ્ધ કરીને હું જંપીશ; તેની સિદ્ધિ વિના મને ચેન નહિ પડે, શાંતિ નહિ વળે, કે સુખે શ્વાસ લેવાનું નહિ ગમે. તેની સિદ્ધિ માટે આકાશપાતાળ એક કરીશ અથવા ગમે તેવો ભોગ આપીશ. આ જ જનમમાં મને પૂર્ણતા કેમ નહિ મળે ? અત્યારથી જ જીવનની એકેક ક્ષણનો ઉપયોગ વિચારપૂર્વક કરવા માંડીશ તો આ જ જીવનમાં પરમસિદ્ધિ પ્રાપ્તિ કરવાનું કામ મારે માટે સહેલું શા માટે નહિ બને ? પ્રભુની કૃપા મારા પર જરૂર થશે ને હું મારા કામમાં જરૂર સફળ થઈશ. આજ સુધી અનેકના પર પ્રભુની કૃપા થઈ ચૂકી છે તો મારા પર કેમ નહિ થાય ? આજ સુધીમાં અનેક સાધકોને સિદ્ધિ મળી ગઈ છે, તો મને કેમ નહિ મળે ? મારે મેળવવી છે, માટે જરૂર મળશે. મારી ભાવના ઉત્તમ છે, મારો સંકલ્પ સાચો ને મારા વિચાર ચોક્ખા છે. મારામાં આશા ને શ્રદ્ધા છે, હિમ્મત છે, લગની છે, ઉત્સાહ ને અડગતા છે. પછી મને વિજય શા માટે નહિ મળે ? મારા પર પ્રભુની કૃપા છે. તેમની કૃપાથી આ જ જીવનમાં વહેલામાં વહેલી તકે મારું સ્વપ્ન સાચું પડશે.' એવા મનોબલ ને પ્રયાસ કરવો જોઈએ. તેની સિદ્ધિ કાલે નહિ પણ આજે જ કરી લેવાનો પ્રયાસ કરવો જોઈએ.

પોતાને માટે નબળા ખ્યાલ રાખવા ને નબળી ભાવનાનું સેવન કરવું એ એક જાતનો ભયંકર અપરાધ છે. વિચાર ને વર્તનમાં વીર બનેલા ને પવિત્ર થયેલા પુરૂષો જ પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે. એવું ગીતામાતાનું કહેવું છે.

### [ ૮ ] પરમપદ

તે પરમપદ કેવું છે ? સૂર્ય ને ચંદ્રનો પ્રકાશ ત્યાં પહોંચી શકતો નથી. સૂર્ય ને ચંદ્ર તો આ સ્થૂળ દુનિયાને જ પ્રકાશ પહોંચાડી શકે છે. પરમાત્મા, પરમપદ, મુક્તિ કે પૂર્ણતાનો પ્રદેશ તેથી પર છે. ત્યાં તો કેવળ પરમાત્માનો પ્રકાશ થઈ રહ્યો છે. બીજા કોઈયે બહારના પ્રકાશની મદદથી ત્યાં પહોંચી શકાતું નથી. ત્યાં પહોંચવા માટે અંદરના પ્રકાશ અથવા પરમાત્માના પરમ પ્રકાશનું અનુસંધાન કરવું પડે છે.

ઉપનિષદ્ પણ કહે છે કે : 'પરમાત્માની પાસે સૂર્ય, ચંદ્ર, તારા કે વીજળી પ્રકાશી શક્તાં નથી, તો પછી અગ્નિની તો વાત જ શી કરવી ? તે તો પ્રકાશી શકે જ ક્યાંથી ?' મતલબ કે પરમપદ પોતે પોતાની મેળે જ પ્રકાશિત છે. એક સાથે હજારો સૂર્ય, ચંદ્ર, હજારો તારા ને કરોડો વીજળીનો પ્રકાશ કરવામાં આવે, ને અગ્નિ કે આગિયાના અબજો જેટલા સમૂહ એક સ્થળે એકઠા કરવામાં આવે, તો પણ તે પ્રકાશ પરમાત્માના પરમપદનું દર્શન કરવામાં લેશ પણ મદદ ન કરી શકે, પરમાત્માની ઝાંખી કરાવવામાં તે જરા પણ કામ ન

લાગે. તેની ઝાંખી માટે તો બહારના જગતમાંથી વૃત્તિ હઠાવી લઈને અંદરના જગતમાં પ્રવેશ કરવો જોઈએ. તન ને મનનાં બારીબારણાં બંધ કરીને અંદરના પ્રકાશને જોવાનો પ્રયાસ કરવો જોઈએ. ત્યારે જ કાંઈક સફળતા મળી શકે.

પરમાત્માનું પરમપદ જન્મ ને મરણની અસરથી પર છે. તેની પ્રાપ્તિ થાય ત્યારે જ માણસને જન્મ ને મરણના ચક્રમાંથી મુક્તિ મળી શકે છે એ વિના બીજો કોઈ જ ઉપાય નથી. જન્મ ને મરણમાંથી મુક્તિ મેળવવાની વાતને આપણે ત્યાં ઘણી મહત્વની માનવામાં આવી છે, ને જીવનના અંતિમ પુરૂષાર્થ તરીકે ગણવામાં આવી છે. જન્મ ને મરણમાંથી છૂટવાની કલ્પના માણસોને બહુ જ રુચિકર થઈ પડી છે. તેનું એક કારણ કદાચ એ પણ હોઈ શકે કે જગતમાં જન્મીને માણસ વારંવાર દુઃખ ભોગવે છે ને મુસીબતોનો સામનો કરે છે. મૃત્યુ પણ તેને એટલું જ ભયાનક લાગે છે. પ્રેમ ને મમતાના બધા જ સંબંધો ને પોતાના પ્રિયમાં પ્રિય પદાર્થોથી અલગ કરીને મૃત્યુ તેને કોઈક અજાણ્યા પ્રદેશમાં લઈ જાય છે. એટલે જન્મ ને મરણમાંથી છૂટવાનું તેણે સારું માન્યું. જન્મ થવાને લીધે જ જીવનની જુદી જુદી ઉપાધિ ઊભી થઈ છે. જન્મ એ જ જીવનનાં જુદાં જુદાં દુઃખ દર્દનું કારણ છે. મૂળ વિના શાખા ક્યાંથી ? તેમ જન્મ થાત જ નહિ તો જુદી જુદી જાતની ઉપાધિ ને અટપટી અવનવી સમસ્યાઓ ઊભી થાત જ નહિ. માટે જન્મ થાય નહિ, શરીરને ધારણ કરવું ન પડે, એવો ઉપાય અજમાવી દો. એવા વિચારોમાંથી અજ્ઞાનીઓએ આપઘાત જેવા ઉપાયો ને જ્ઞાનીઓએ આત્મદર્શન જેવા ઉપાયો નક્કી કર્યા છે.

ગમેતેમ, પણ મને જન્મમરણમાંથી છૂટવાની વાત પર બહુ ભાર દેવાનું મન થતું નથી. જન્મ ને મરણ પર વિજય મેળવવાની, ઈચ્છાનુસાર ને અનંત કાળ લગી જીવવાની ને ઈચ્છાનુસાર શરીરનો ત્યાગ કરવાની શક્તિ મને ગમે છે. તેવી દશા પ્રત્યે મને પ્રેમ છે, ને તેને હું માનની નજરે જોઉં છું, પરંતુ જન્મ ને મરણને હાઉ માનીને તેનાથી ડરતા રહેવાની વૃત્તિ મને પસંદ નથી. જન્મ ને મરણને તે છે તેના કરતાં પણ વધારે ભયંકર કે બિહામણાં માની લેવાની વૃત્તિ મારી દૃષ્ટિએ ઠીક નથી. આવકારદાયક નથી. તેવી વૃત્તિથી માણસ જીવન પ્રત્યે વધારે ને વધારે ઉદાસીન બને છે ને મરણથી સદાયે ડરતો ફરે છે. જન્મ ને મરણથી નિરર્થક રીતે ડરવાને બદલે આપણે જન્મની મહત્તા સમજવાની, જીવનની શક્તિ ને શક્યતાનો વિચાર કરવાની ને મરણની ઉપયોગિતા ઓળખવાની જરૂર છે. એમ થતાં જીવનમાં રસ ઉત્પન્ન થશે. જીવન ભારરૂપ ને અમંગલ નહિ પણ શ્રેયસ્કર માલુમ પડશે, ને મૃત્યની બીક તથા સૂગ જતી રહેશે.

જીવનના ઉત્તમોત્તમ આદર્શ તરીકે આપણે મુખ્ય મહત્વ પૂર્ણતા કે પરમાત્માની પ્રાપ્તિના આદર્શને આપવાનું છે. તેને સિદ્ધ કરવાનો પ્રયાસ કરવાનો છે. પરમાત્માની પ્રાપ્તિ માટે પુરૂષાર્થ કરવાની જરૂર છે. પરમાત્માની પ્રાપ્તિ થશે એટલે પરમશાંતિ, મુક્તિ, પૂર્ણતા ને પરમપદ આપોઆપ આવી જશે, ને જન્મ ને મરણનો પ્રશ્ન પણ ઉકલી જશે.

### [ ૯ ] જીવ અને શિવ

જીવ અને શિવ બે એક છે. તાત્વિક રીતે તેમનામાં કોઈ ભેદ નથી. જે ભેદ દેખાય છે તે વ્યવહારિક છે. શરીરની અંદર જીવાત્માનું રૂપ ધારણ કરીને પરમાત્મા પોતે વિરાજી રહ્યા છે. 'ઈશ્વર–અંશ જીવ

અવિનાશી' કહીને આ જ સંબંધની શાખ પુરવામાં આવી છે. પરંતુ શરીરધારી જીવાત્મા એ વાતનો અનુભવ કરી શકતો નથી. તે તો પોતાને દીન, હીન ને પરાધીન માને છે. પોતાનું મૂળ ગૌરવ વિસરી જઈને તે પ્રકૃતિનો દાસ બનીને જીવે છે. જુદાં જુદાં કર્મો કરીને તેના ફળને અનુભવે છે. પરિણામે તે હર્ષ ને શોક અથવા સુખ ને દુઃખનો અનુભવ કરે છે, ને જન્મ ને મરણનો વજ્રલેખ પણ લખાવી લે છે. જેની સાથે તેનો સાચો સંબંધ નથી, તે દેહ, ગેહ ને કુટુંબ-કબીલામાં પ્રીતિ કરે છે, મમતા બાંધે છે, ને જે ખરેખર તથા કાયમને માટે પોતાના છે તે પરમાત્માનો પરિચય કરવાનું ભૂલી જાય છે.

સંસારમાં રહેનારા જીવની દશા કેવી છે ? પોતાનું વતન છોડીને દૂર દેશના પ્રવાસે નીકળેલા કોઈ પ્રવાસી જેવી. વતનથી નીકળતી વખતે તેને સ્પષ્ટ ખ્યાલ હોય છે કે પોતે કોણ છે, ક્યાં જવા નીકળ્યો છે, ને પોતાનું ઘર ને સાચું સ્વજન પણ કોણ છે ? પરંતુ પ્રવાસ કરતાં કરતાં તે એવા કોઈ સ્થળમાં આવી પહોંચે છે, જ્યાં તેનું મન લાગી જાય છે. પોતે આગળ ને આગળ પ્રવાસ કરવાનો છે એ વાતની યાદ હોવા છતાં તે સ્થળના મોહમાં પડીને ત્યાં ઉતારો કરે છે ઘર બાંધે છે, આસપાસના માણસો સાથે પ્રીતિ કરે છે, વેપાર ને લગ્ન કરે છે, પિતા બને છે ને છેવટે પોતાના મૂળ વતનની વાત પણ ભૂલી જાય છે. કોઈકવાર કોઈ કારણથી તેને પોતાનું વતન ને પોતાના સ્વજન યાદ આવે છે, તો પણ નવા સંબંધ ને નવા સ્થળની માયા એટલી બધી થઈ હોય છે કે તે તેનો ત્યાગ કરી શકતો નથી. સંસારની સફરે નીકળેલો આ જીવરૂપી પ્રવાસી પણ એ જ પ્રમાણે વચ્ચે મુકામ કરીને નવો સંસાર શરૂ કરે છે, ને પોતાના અસલ વતનને ભૂલી જાય છે, જો તે વિવેકી બને ને વચગાળાની મોહમાયા કાપી નાખીને પોતાના અસલ વતન ને સાચા સ્વજન જેવા પરમાત્મા પાસે પહોંચવાનો પ્રયાસ કરે; તો તેનો ઉદ્ધાર થઈ જાય, ફેરો સફળ થઈ જાય.

### [૧૦] પરમતત્વની પ્રાપ્તિ

જીવ ને શિવની એકતાનો અનુભવ કરવાથી શાંતિ મળે છે, ને જીવન સર્વ પ્રકારે આનંદમય બને છે. એ અનુભવ આ શરીરમાં રહીને જ કરવાનો છે. કેટલાક માણસોની માન્યતા એવી છે કે જીવ શિવની એકતાની અનુભૂતિ અથવા પરમતત્વની પ્રાપ્તિ આ શરીરમાં નહિ થઈ શકે. શરીર તેને માટે અંતરાયરૂપ છે. તેથી શરીરના અંત માટે રાહ જોવી જોઈએ. શરીર છૂટી જાય તે પછી જ પરમપદ કે પરમાત્માની પ્રાપ્તિ થઈ શકવાની, ને પૂર્ણતા પણ ત્યારે જ મળવાની. તેમની આ માન્યતા ભૂલભરેલી છે. આત્મિકવિકાસની ઉચ્ચોચ્ચ દશાની પ્રાપ્તિ શરીરધારીને માટે અશક્ય છે એમ માનવું ભૂલભરેલું છે. માણસ બંધનમાં સપડાયેલો ને ત્રુટિ તથા ઉણપનો ભોગ બનેલો છે એ સાચું, ગમે તેટલો પરિશ્રમ કરવા છતાં પણ તે બંધન, ઉણપ ને ત્રુટિ દૂર કરી નહિ શકે એમ માનવામાં અજ્ઞાન રહેલું છે. માણસ ધારે ને પ્રયાસ કરે તો આ જ શરીરથી પૂર્ણતા મેળવી શકે છે, પોતાની અલ્પતાનો અંત લાવી પરમપદ પણ પ્રાપ્ત કરી શકે છે. આજ સુધી એવા કેટલાય માનવીઓ થઈ ગયા છે જે તેમના જીવનમાં મહેનત કરીને આત્મિક વિકાસની ઉચ્ચોચ્ચ દશાએ પહોંચી ચૂક્યા હતા.

પરમતત્વની પ્રાપ્તિ માટે શરીર અંતરાયરૂપ નથી. ઊલટું, શરીર તે માટે મદદરૂપ બને છે. જીવ-શિવની એકતાનો અનુભવ પણ શરીર દ્વારા જ થઈ શકે તેમ છે. તે માટે શરીરના અંતની રાહ જોવાની જરૂર

નથી. યાદ રાખો કે સારું કે નરસું અથવા ઉત્તમ કે અધમ જે કાંઈ મેળવવું હોય તેને માટે શરીર જ સાધનરૂપ છે, ને શરીરમાં રહીને જ તે મેળવી શકાય છે. પૂર્ણતા, પરમશાંતિ કે પરમાત્મા કોઈ એવી વસ્તુ નથી જેનો અનુભવ આ શરીરમાં થઈ શકે નહિ. અરે, તેનો અનુભવ આ જ શરીરમાં કરી શકાય છે. પૂર્ણતાનો મહાન યજ્ઞ શરીરના આધાર વિના થઈ શકતો નથી. શરીર તે માટેની મુખ્ય વેદી છે એમ સમજીને શરીરને પ્રેમ ને સન્માનની નજરે જોવાની જરૂર છે. સાધકોએ આ વાત ખાસ યાદ રાખવાની છે. અંતરના અંતરતમમાં લખી રાખવાની છે. તેમાંથી પ્રમાદનો ત્યાગ કરી, જીવનના ઉત્તમોત્તમ વિકાસ માટે તૈયાર થવાનું છે.

**[૧૧] મૃત્યુ પછીની વાત**

આ જ જીવનમાં પુરૂષાર્થ કરીને જેણે જીવ-શિવની એકતાનો અનુભવ કરી લીધો, તેણે જન્મ ને મરણમાંથી છૂટવાનો પરવાનો લઈ લીધો. જન્મ ને મરણમાંથી તેને મુક્તિ મળી ગઈ. દુઃખ ને દર્દ પર તેનો વિજય થયો, ને તેની અલ્પતા, અવિદ્યા ને અશાંતિ કાયમને માટે પલાયન થઈ ગઈ, ટળી ગઈ. પરંતુ એવો અનુભવ તો કરોડમાંથી કોઈકને જ થાય છે. કરોડમાંથી કોઈ એકાદ-બે ને જ તેવા અનુભવની ઈચ્છા થાય છે. બીજા કેટલાક તો જીવનના વિકાસની ને જીવ-શિવની એકતાની વાતને ટાઢા પહોરનાં ગપ્પાં જેવી માને છે. કેટલાંક તેને આશ્ચર્યપૂર્વક સાંભળે છે. કેટલાકને તે માનવા જેવી નથી લાગતી. તો કેટલાક તેની સિદ્ધિ કે સત્યતાને સંશયની દૃષ્ટિએ જુએ છે. કોઈક વિરલા પુરૂષો તેના અનુભવ માટે પ્રયાસ કરે છે. તેમનો માર્ગ પણ કંટકમય હોતો નથી એમ નહિ. તેમના માર્ગમાં પણ મુશ્કેલીઓ, પ્રલોભનો ને આવરણ આવે છે. તે સૌને પાર કરીને છેવટની કસોટીમાં પણ સફળ થઈને પાર ઉતરનારા વિરલા પુરૂષો સંસારની વસ્તીના પ્રમાણમાં બહુ જ થોડા, આંગળીને વેઢે ગણી શકાય તેટલા હોય છે.

તેવા પુરૂષો તો જીવનની બાજી જીતી ચૂક્યા. તેમનું જીવન ને શરીરધારણ સર્વ પ્રકારે સફલ થયું. જીવનના જંગમાં જવામર્દની જેમ તે વિજેતા બન્યા. તે તો હવે શાંતિ, મુક્તિ ને પૂર્ણતાના પ્રદેશમાં પહોંચી ગયા. જ્યાં શોક ને મોહની છાયા નથી, રાગ ને દ્વેષની જ્વાળા નથી, ચિંતા, ક્લેશ ને મૂંઝવણ નથી, અલ્પતા કે અજ્ઞાનનો અંધકાર નથી, તે પરમ પ્રદેશમાં તે તો જીવતાં જ પ્રતિષ્ઠિત થયા. પરંતુ બીજાનું શું ? જે અહંતા ને મમતાના દાસ છે, કે ક્રોધ, લોભ, મોહ ને અજ્ઞાનના બંધનમાં બંધાયલા છે, તેમનું શું ? તેવા માણસો તો અબજોની સંખ્યામાં છે. તેમના વંશજોનો અંત સંસારમાંથી કાયમને માટે આવે તેમ લાગતું નથી. તેવા માણસો તો જન્મ ને મરણના ફેરા ફર્યા જ કરશે. શંકરાચાર્યે કહ્યું છે તેમ તેમને માટે 'પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનની જઠરે શયનમ્' નો લેખ લખાઈ ચુકેલો છે. પરમાત્માની પ્રાપ્તિ કરેલા માણસો કરતાં તેમની ગતિ જુદી જ હોય છે. તે માણસોની આખરી દશા જાણીતી છે. તેમનું મૃત્યુ થાય છે. જન્મ ને મરણની તેમની સફર ત્યાં સુધી ચાલુ રહે છે, જ્યાં સુધી પેલા વીરલા પુરૂષોની જેમ તે જીવ-શિવની એકતાનો અનુભવ કરતા નથી. દરેકને માટે એવું જ સમજી લેવાનું છે.

પરંતુ મૃત્યુ વખતે ને મૃત્યુ પછી શું થાય છે ? સાધારણ બુદ્ધિના માણસો પણ જાણે કે મૃત્યુ વખતે શરીર છૂટું પડે છે, ને જીવાત્મા તેને છોડી જાય છે. હંસલો ઊડી જાય છે, ને પીંજર પડી રહે છે એમ કહેવામાં આવે છે તે ખરૂં છે. ભગવાન કહે છે કે જીવાત્મા એકલો જતો નથી. જેમ રાજાની સાથે તેનું લશ્કર પણ

વિદાય થાય, તેમ જીવાત્માની સાથે મન, આંખ, કાન, નાક, જીભ ને ચામડી પણ વિદાય થાય છે. જીવાત્મા જે નવું શરીર ધારણ કરે તેમાં તે બધાં પ્રવેશ કરે છે ને આમ પાછો નવો સંસાર શરૂ થાય છે. એનો અર્થ એમ નથી કે આ સ્થૂળ નાક, કાન, જીભ ને આંખ મૃત્યુ પછી માણસની સાથે જાય છે. સ્થૂળ નહિ પણ સૂક્ષ્મ નાક, કાન, જીભ, આંખ ને ચામડી અથવા તે બધાના સૂક્ષ્મ ગુણધર્મો ને સંસ્કારો જીવાત્માનો સંગાથ કરે છે, ને નવા શરીરમાં પ્રવેશે છે. મતલબ કે શાસ્ત્રો ને સંતો જેને સૂક્ષ્મ શરીર કહીને સંબોધે છે, તે સૂક્ષ્મ શરીર સ્થૂળ શરીરમાંથી છુટું પડે છે. શરીરમાં પ્રવેશ કરવાની ને શરીરનો ત્યાગ કરવાની ક્રિયા જીવ ને શિવની એકતા અથવા પરમાત્માનો સાક્ષાત્કાર થતાં સુધી વારાફરતી ચાલ્યા કરે છે, જન્મ ને મરણની ઘટમાળ એમ ચાલ્યા જ કરે છે. શરીરમાં રહીને જ સારાંનરસાં કર્મો કરવામાં આવ્યા હોય, તે પ્રમાણે નવા શરીરની પ્રાપ્તિ થાય છે. સારાં કર્મ કરનારને સારું શરીર, સારું વાતાવરણ તથા ખરાબ કર્મ કરનારને ખરાબ શરીર ને ખરાબ વાતાવરણ મળે છે. પણ નક્કી કયું શરીર મળશે તે કહેવું મુશ્કેલ હોય છે.

કઠ ઉપનિષદમાં નચિકેતાએ યમને મૃત્યુ પછી જીવાત્માનું શું થાય છે એવો પ્રશ્ન પૂછ્યો છે. તેના ઉત્તરમાં યમદેવે જે ખુલાસો કર્યો છે તે આ વાતની સાક્ષી પૂરે છે. તે કહે છે કે હૃદયમાં એક્સો એક નાડી છે. તે દરેકમાંથી સો સો નાડી ફૂટે છે. તે દરેકની ૭૨,૦૦૦ જેટલી શાખાઓ છે. તેમાં વ્યાનવાયુ ફર્યા કરે છે. હૃદયના ઉપરના ભાગમાં એક બીજી સુષુમ્ણા નામે નાડી છે. તે દ્વારા પ્રાણવાયુનો પ્રવેશ કરાવનાર યોગી અંતકાલે એ દશામાં રહીને જન્મ ને મરણથી મુક્તિ મેળવે છે. એ વિધાન પરથી જ અંતકાલે વાયુને સુષુમ્ણામાં પ્રવેશ કરાવીને બ્રહ્મરંધ્ર ભેદીને શરીર છોડવાની પ્રથા જોરદાર બની હશે. ગીતામાતાએ પણ તે પ્રથાનો અગાઉ નિર્દેશ કરેલો છે. પરંતુ એ પ્રથાને અજમાવ્યા વિના કે કોઈ બીજી રીતે પરમાત્માનો સાક્ષાત્કાર કર્યા વિના આવાગમન ચાલુ જ રહે છે. કોઈ કાળે મટી શકતું નથી.

મૃત્યુ પછી જીવાત્મા મન જેવા પોતાના પુરાણા સાથીની સાથે શરીર છોડીને બીજા શરીરમાં પ્રવેશ કરે છે, એ વાત પરથી એક બીજી વાત સમજવા જેવી છે. જીવાત્મા પોતાની સાથે કર્મનો ભંડાર ભરી જાય છે, તથા મન પણ પોતાની કામના ને પોતાનાં સંસ્કાર લઈ જાય છે. તેના આધાર પર નવા શરીરમાં તે નવી લીલા શરૂ કરે છે. એટલે નવા શરીરને માટે કરવી જોઈતી તૈયારી આ શરીરમાં જ કરી શકાય છે. જો આ જીવનમાં પુરૂષાર્થ કરીને પૂર્ણતાએ પહોંચવાની ને જન્મમરણથી મુક્તિ મેળવવાની શક્તિ હોય નહિ, તો આવતા જીવનની તૈયારી કરીને માણસ પોતાનું શ્રેય સાધી શકે છે. જે કર્મનો ભંડાર, વાસના ને સંસ્કાર સાથે તેણે આગળ વધવાનું છે તે કર્મ, વાસના ને સંસ્કારને શુદ્ધ, ઉત્તમ ને ઉપકારક કરવાનું કામ તે આ જીવનમાં કરી શકે છે. ને એ રીતે પોતાના હવે પછીના જીવનના ઘડતરમાં મહત્વનો ભાગ ભજવી શકે છે. નવા જીવનના ઘડતરની એ સ્વતંત્રતા કાંઈ ઓછી ઉપયોગી નથી. તેનું મૂલ્ય ઘણું જ છે. તે સ્વતંત્રતાને સમજી તેનો સદુપયોગ કરી, માણસ પોતાના જીવનનો શિલ્પી થઈ શકે છે. આજે જે જીવન તે જીવી રહ્યો છે, તે તેના પોતાના વિચાર ને વર્તન અથવા કર્મના ફળરૂપ છે, ને હવે પછીનું જીવન તેના આજના વિચાર ને વર્તન પર આધાર રાખશે, એ સમજીને ઉત્તમ વિચારનું સેવન કરતા શીખવાનું છે, ને વર્તનને પણ ઉત્તમ કરવાનું છે. કર્મનો નિયમ તેની સામે ખુલ્લો મૂકી દેવામાં આવ્યો છે. સારાનું સારું ને ખરાબનું ખરાબ ફળ નક્કી છે.

જીવનની ઉન્નતિ કરવાની તક આમ માનવના હાથમાં છે. છતાં દુઃખની વાત છે કે બહુ જ થોડા માણસો તેનો સદુપયોગ કરે છે. વધારે ભાગના માણસો તો વિવેકને ગીરે મૂકીને ચાલે છે, ને આંખ મીંચીને આગળ વધે છે. માનવશરીરના શણગારરૂપ બુદ્ધિનો તે સદુપયોગ કરતા નથી. પરિણામે તેમનાં કર્મો તેમને ને બીજાને માટે હાનિકારક થાય છે. તે પોતે જ પોતાના પતનના કારણ બને છે. સમજૂ માણસોને આપણે કહીશું કે આ જીવનમાં જીવ-શિવની એકતા કરી લેવાની શક્તિ ના હોય તો ભલે, પણ આ જીવનને ઉત્તમોત્તમ બનાવવાની કોશીશ જરૂર કરજો. પરમાત્માની પ્રાપ્તિના મહાન યજ્ઞમાં આ જીવનને ઉત્તમ આહુતિરૂપ કરી દેજો. ક્ષણેક્ષણનો સદુપયોગ કરજો; દુર્ગુણ, દુષ્ટ વૃત્તિ ને દુષ્કર્મનો ત્યાગ કરજો ને આદર્શ માનવ થવા પ્રયાસ કરજો. શરીર છોડીને જવાનું થાય તે પહેલાં એવું ભાથું તૈયાર કરજો જે આગળ પર ખરેખર કામ લાગે. એ રીતે જો અત્યારથી જ આત્માના ઉન્નતિના કામમાં લાગી જશો તો એક જીવનમાં જીવ-શિવની એકતા જરૂર કરી લેશો. જે પ્રવાસ શરૂ કરે છે તેને માટે તે પૂરો થવાની આશા જરૂર રહે છે. પણ જે શરૂ કરતો જ નથી, ને ઊલટું જે દિશામાં જવાનું છે તેથી ઊલટી દિશામાં આગળ વધે છે, તેને માટે ઉન્નતિની કોઈ આશા જ ક્યાં રહે છે ?

**[ ૧૨ ] જીવાત્માનું દર્શન**

જીવાત્મા શરીરનો ત્યાગ કરે છે એ લગભગ બધા જાણે છે. પણ તેનો અનુભવ કોણ કરે છે ? જીવાત્માને શરીર છોડતી વખતે કોઈ જોઈ શકે છે ખરૂં ? ભગવાન કહે છે કે શરીરમાં રહેનારા, ભોગ ભોગવનારા ને શરીરનો ત્યાગ કરીને જનારા જીવાત્માને મૂઢ લોકો જોઈ શકતા નથી. વિદ્વાન, વિવેકી ને ડહાપણનો દાવો કરનારા માણસો પણ જીવાત્માને જોવામાં સફળ થતા નથી. કહે છે કે પરદેશના વૈજ્ઞાનિકોને જીવાત્માને જોવાની જિજ્ઞાસા થઈ. મૃત્યુ વખતે કોઈ વસ્તુ શરીર છોડીને બહાર જાય છે કે નહિ, ને બહાર જતી હોય તો તે કેવી છે તે જાણવાની તેમને ઈચ્છા થઈ. તેમણે કાચની કેબિન તૈયાર કરી, ને મરણની નજીક આવી પહોંચેલાં એક માણસને તેમાં સુવાડ્યો, પણ એમ કાંઈ જીવાત્માનું દર્શન થાય ? માણસનું મૃત્યુ થઈ ગયું પણ શરીરમાંથી નીકળેલો પદાર્થ કોઈના જોવામાં આવ્યો નહિ. જીવાત્મા તો ગમે ત્યાંથી પોતાનો માર્ગ કરી શકે છે. તે અત્યંત સૂક્ષ્મ છે. કાચની કેબિન કે લાકડાંની પેટી - ગમે તેમાં પૂરાયેલાં શરીરમાંથી પણ બહાર નીકળીને તે પોતાનો માર્ગ કરી શકે છે. વૈજ્ઞાનિકો તેને જોઈ શક્યા નહિ પણ કહે છે કે કેબિનના કાચમાં તેમણે તડ પડેલી જોઈ. તે પરથી તેમને ખાત્રી થઈ કે કોઈ વસ્તુ શરીરને છોડીને બહાર નીકળી ગઈ છે. કાચમાં તડ પડી હોય કે નહિ પડી હોય તે વસ્તુ બહુ મહત્વની નથી. બહારની દુનિયામાં કોઈ પ્રકારનો ફેરફાર ન થાય તો પણ, જીવાત્મા શરીરનો ત્યાગ કરે છે. એની ખાત્રી મૃત્યુ પછીની શરીરની દશા પરથી સહેજે થઈ રહે છે. ચેતન શરીર એકદમ જડ થઈ જાય છે ને તેનું બધું જ કામ અટકી જાય છે તે કાંઈ જેવી તેવી વાત નથી. શરીરની અંદરની દુનિયામાં કાંઈ મોટો ફેરફાર જરૂર થાય છે. એની સૂચના તે પરથી મળી રહે છે.

ઉપનિષદ્ કહે છે કે એક વાળના અગ્ર ભાગના સો ટૂકડા કરો. તેમાંના પ્રત્યેક ટૂકડાના વળી સો ટૂકડા કરો. તેવા સૂક્ષ્મ થયેલા ટૂકડા કરતાં પણ જીવાત્મા સૂક્ષ્મ છે, સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. હવે તમે જ વિચાર કરો કે

તેવો જીવાત્મા બહારના પ્રયોગોથી જોઈ શકાય ખરો ? શાસ્ત્રો તેને સ્થૂલ પણ કહે છે. છતાં તે સ્થૂલ દૃષ્ટિનો વિષય થઈ શકતો નથી એમ પણ સાથે સાથે જાહેર કરે છે. ચક્રો ને કુંડલિની પણ સૂક્ષ્મ વસ્તુઓ છે. હજારો શરીરને ચીરીને જોવાથી પણ તેમનું દર્શન ભાગ્યે જ થઈ શકે. તે પ્રયોગમાં માણસને નિરાશ જ થવું પડે, તેમાં કાંઈ આશ્ચર્ય નથી. પ્રયોગની પદ્ધતિ સાચી હોય તો જ તેનું સંતોષકારક પરિણામ આવી શકે ને ?

ત્યારે શું જીવાત્માનું દર્શન કોઈ રીતે થઈ શકે જ નહિ ? શરીરની અંદર રહેનારા ને શરીર છોડીને બહાર જનારા જીવાત્માને જોવા માટે કોઈ ઉપાય જ નથી ? તે ઉપાય અજમાવીને કોઈ માણસ શું જીવાત્માનું દર્શન કરી શકે નહિ ? ચક્રો ને કુંડલિનીનાં દર્શન પણ થઈ શકે નહિ ? આપણે કહીશું, કેમ નહિ ? ભારતના ઋષિવરો જીવાત્માની ઝાંખી પોતાના શરીરની અંદર કરી શક્યા હતા. માટે તો તે તેના સ્વરૂપનું વર્ણન કરી ગયા છે. યોગીઓ ચક્રો ને કુંડલિનીના અનુભવ કરી ચૂક્યા છે. તેમનો અનુભવ કરવાની સાધનાપદ્ધતિ પણ તેમણે રજૂ કરી છે. તે પ્રમાણે ચાલીને તેમના જેવા અનુભવ આજે પણ કરી શકાય છે. તે બાબત નિરાશ થવાની જરૂર નથી. શ્રી રામકૃષ્ણ પરમહંસદેવે પોતાને થયેલા કુંડલિનીના દર્શન અનુભવનું વર્ણન ભક્તોની પાસે કરી બતાવ્યું છે. તેવી રીતે બીજા મહાપુરૂષોને પણ અનુભવ થયેલા છે. એટલે તેવા અનુભવ કોઈપણ સાધક કરી શકે છે. ભગવાન કહે છે કે જ્ઞાનરૂપી દૈવીચક્ષુથી જીવાત્માનું દર્શન કરી શકાય છે. માટે સાધનાનો આધાર લો. હૃદયને પવિત્ર કરો. પ્રેમમય કરો, ને જ્ઞાનની મૂર્તિ બની અંતરમાં ડૂબકી મારો, તમારી અંદર દૃષ્ટિપાત કરો, શોધ કરો, તો જરૂર સફળ થશો. જે જીવાત્માને માટે તે જ વાત ચક્રો ને કુંડલિની જેવી બીજી વસ્તુઓને માટે સમજી લેવાની છે.

**[ ૧૩ ] ચારિત્ર્યશુદ્ધિની જરૂર**

ભગવાન કહે છે કે યોગી પુરૂષો પોતાના શરીરમાં જીવાત્માને જોઈ શકે છે. તેનો અર્થ એમ નથી કે એકાદ બે દિવસ ધ્યાનધારણા કરવાથી કે પોતાની અંદર ડુબકી મારવાથી જીવાત્માને જોઈ શકાય છે. ના, આત્માનો સાક્ષાત્કાર કંઈ એટલી સહેલી વસ્તુ નથી. તે માટે ઉપરાઉપરી પ્રયાસ કરવો પડે છે. રાત ને દિવસ સખત પરિશ્રમ કરવો પડે છે. દૂધમાં ઘી રહેલું છે, ને શેરડીના સાંઠામાં સાકર સમાયેલી છે, પણ તે શું દૂધ ને શેરડીની પાસે પહોંચવા માત્રથી જ હાથમાં આવી જાય છે કે ? દૂધને જમાવવું ને મથવું પડે છે. તે બધી ક્રિયા દરમ્યાન ધીરજ ને તકેદારી રાખવી પડે છે. ત્યારે છેવટે ઘી મળી શકે છે. શેરડીના સાંઠાને પણ પીલવો પડે છે. તેના રસને ગરમ કરી, ઉકાળીને ગોળમાં પલટાવવો પડે છે તે બાદ તેમાંથી સાકર થઈ શકે છે. કદાચ કોઈ યંત્રની મદદથી ઘી ને સાકર સહેજમાં બની જાય, તો પણ વિના પ્રયાસ તો તે પણ નહિ થઈ શકે. મહેનત છોડી દઈને આળસુ બનીને બે હાથ જોડીને બેસી રહેવાથી કંઈ જ વળે નહિ. જ્યારે સાધારણ વસ્તુ માટે સતત પરિશ્રમ કરવો પડે છે, ત્યારે આત્માના સાક્ષાત્કાર જેવી અસાધારણ વસ્તુ માટે તો કેટલો બધો પરિશ્રમ કરવો પડે તે સમજી શકાય તેમ છે. તે માટે નિયમિત સાધનાની જરૂર છે.

થોડા દિવસ સાધના કરવાથી કેટલીકવાર ધાર્યું પરિણામ નહિ આવવાથી સાધકો નિરાશ થઈ જાય છે, ને ધીરજ તથા ઉત્સાહ ખોઈ બેસે છે. પણ તે ઠીક નથી. સાધનાનો પંથ કાંઈ સરલ ને ટૂંકો નથી. ઈશ્વરના દર્શન કે આત્માના સાક્ષાત્કારની સાધનામાં દિવસો, મહિના, વરસો ને કેટલીકવાર તો જન્મો વીતી જાય છે.

તે માટે સાધકે તૈયાર રહેવું જોઈએ. ચંદ્રમા વરસોથી ચમકે છે છતાં તેની મધુરતા ઓછી થતી નથી તે પ્રમાણે સાધકે શીતલ ને મધુર બની, પ્રેમ, રસ, પ્રેરણા ને ઉત્સાહની મૂર્તિ બની, સાધનામાં લીન બનીને રોજ આગળ ને આગળ વધવાનું છે. શ્રદ્ધાથી સજ્જ થઈને પોતાની પૂર્ણતાનો પંથ પૂરો કરવાનો છે. આજે નહિ તો કાલે, એક ધન્ય દિવસે મારું ધ્યેય હું જરૂર સાધી લઈશ. મારા આદર્શ પર હું જરૂર પહોંચી જઈશ એ નિશ્ચય સાથે આગળ વધવાનું છે. કોઈયે પ્રકારની પરિસ્થિતિથી નિરાશ બનીને તેણે પોતાનો પ્રયાસ મૂકી દેવાનો કે ઢીલો કરવાનો નથી. દુઃખ ને નિરાશાની સામે સ્મિત કરીને મહાપુરૂષોએ પોતાનો પુરૂષાર્થ કેવી રીતે ચાલુ રાખ્યો ને છેવટે પ્રગતિના અંતિમ પદ પર તે કેવી રીતે પહોંચી ગયા, તે યાદ કરવું. તેમ કરવાથી પ્રેરણા ને પ્રકાશ મળશે, નબળું પડી ગયેલું મનોબળ ફરી બળવાન બનશે. ને જીવનમાં તાજગી ફરી વળશે મહાપુરૂષોના જીવન શક્તિના અખૂટ ખજાના જેવાં છે. સાધકને માટે તેનું મનન ઘણું ઉપયોગી છે.

સાધનાની સફળતા માટે મુખ્ય જરૂરત ચારિત્ર્યની છે. પરમાત્માના સાક્ષાત્કારમાં પણ ચારિત્ર્ય મોટો ભાગ ભજવે છે. ગમે તેવી જાતજાતની ને ભાતભાતની સાધના કરવામાં આવે, પણ તેનાથી જો ચારિત્ર્ય શુદ્ધિ થાય નહિ તો કોઈ હેતુ સરે નહિ. ચારિત્ર્યની શુદ્ધિ કરી, મન ને ઈન્દ્રિયો પર કાબૂ કરી, જે વિચાર, વાણી ને વર્તનમાં એકતા સાધે છે, તે સાધનાનો સાચો આનંદ મેળવી લે છે, ને પરમાત્માનું દર્શન પણ તે જ કરી શકે છે. સાધકોને માટે આ વાતમાં મહાન સંદેશ રહેલો છે.

**[ ૧૪ ] જગતને વધુ સુંદર બનાવો**

સૃષ્ટિમાં જુદા જુદા રૂપે પોતે કેવી રીતે રહેલા છે તેનું વર્ણન ભગવાનને આ અગાઉ કરેલું છે. તે પ્રમાણે સૃષ્ટિ પોતાનું જ સ્વરૂપ છે તે વાતની ખાત્રી કરાવવા અગિયારમા અધ્યાયમાં તેમણે વિશ્વરૂપદર્શન કરાવ્યું છે. આ અધ્યાયમાં પણ સૃષ્ટિની સાથે પોતાનો કેવો અતૂટ સંબંધ છે તે વાત તે ફરીવાર કહી બતાવે છે. તેમાં બે વાતો જરા વધારે ધ્યાન ખેંચે તેવી છે. પહેલી વાત તો એ કે પૃથ્વીની અંદર રહીને પ્રભુ પોતે જુદા જુદા પદાર્થોને ધારણ કરે છે. પૃથ્વીની અદંર પ્રભુ પોતે રહ્યા છે, એ વાત જો સમજાઈ જાય તો આ પૃથ્વી પ્રત્યે આપણી માનવૃત્તિ વધે. પૃથ્વીના કોઈ પણ અંગની ઉપેક્ષા કરવાનો વિચાર પણ આપણને ઘાતક લાગે. પૃથ્વીમાં બધે સ્થળે પ્રભુનો મહિમા જોવાની આપણે ટેવ પાડીએ, ને પૃથ્વીને પૂજ્યભાવથી જોતાં શીખી જઈએ. ધરતીમાતાનું મૂલ્ય સમજીએ, ને ધરતીને રસ ને કસવાળી કરવા અખૂટ પરિશ્રમ કરીએ. ગંદકી તો આપણને ગમે જ નહિ. ગંદકીને પોષવાની વાત પણ આપણે પંસદ કરીએ નહિ, સ્વચ્છતાના પૂજારી થઈએ, ને ધરતીને પવિત્ર રાખવા તૈયાર રહીએ.

ધરતીને પવિત્ર રાખવાનો અર્થ એટલો જ નથી કે તેમાં ગંદકી કરીએ નહિ. પવિત્રતાનો એક બીજો અર્થ પણ છે, ને તે અર્થ વધારે ઊંડો છે. પૃથ્વી સુંદર છે. તેના પરનાં સઘળાં સર્જનમાં પ્રભુએ કરેલું માનવરૂપી સર્જન વધારે ચમત્કારિક ને સુંદર છે. માનવશરીર પ્રભુની ઉત્તમોત્તમ કલાકૃતિ છે. માનવનો મહિમા ઘણો મોટો છે. પરંતુ પ્રભુની મહાન કલાકૃતિ જેવો માનવ કેટલીક વાર ન્યાય, નીતિ ને ધર્મની મર્યાદાનો ભંગ કરીને એવાં કર્મો કરે છે, જે તેને દાનવ જેવો કરી દે છે. તેનું પોતાનું જીવન તો તેથી દૂષિત ને દુઃખમય બને છે, પણ બીજાને પણ તે દૂષિત ને દુઃખમય કરી દે છે. વિચાર, વાણી ને વર્તનથી માણસ

ધારે તો સંસારને સુખમય કરી શકે છે, ને પોતાને તથા બીજાને માટે તેમાં સ્વર્ગની રચના પણ કરી શકે છે. સાથે સાથે તેને નરકની નિશાનીરૂપ બનાવવામાં તે મોટો ભાગ ભજવી શકે છે. જ્યારે તે માનવતાને ભૂલી જઈને દાનવ જેવા કામ કરવા માંડે છે ને વિચાર વાણી ને વર્તન દ્વારા સ્વર્ગને બદલે નરકની નિશાનીઓ ઊભી કરવામાં કારણરૂપ બની પૃથ્વીને ગંદી કરે છે. પૃથ્વીની સુંદરતા ને પવિત્રતાને કાયમ રાખવામાં મદદરૂપ થવાનો માનવ પોતાનો ધર્મ ચૂકે છે.

પૃથ્વીની કેવલ પૂજા કરવાથી કાંઈ વળે નહિ. એવા કેટલાક લોકો પણ છે, જે અક્ષત, ચંદન, ધૂપદીપથી પૃથ્વીની પૂજા કરે છે. પણ તે પૂજા અધૂરી છે. તેને પૂરી કરવા માણસે પોતાના જીવનને શુદ્ધ ને સેવામય કરી દેવાનું છે. પોતે જ્યાં સુધી આ ધરતી પર શ્વાસ લે છે, ત્યાં સુધીમાં ધરતીના ધનમાં વધારો કરવા ને ધરતીના ગૌરવને જાળવી રાખવા તેણે પ્રયાસ કરવાનો છે. ધરતી પર જે પ્રાણી જીવી રહ્યા છે તે બધાં પ્રભુનાં જ સ્વરૂપ છે, પ્રભુનાં જ સંતાન છે એમ સમજીને મદદરૂપ થવા તૈયાર થવાનું છે. કોઈનું હિત કદાચ ન થાય તો સમજી શકાય છે. પરંતુ કોઈ પણ દશામાં કોઈનું અહિત તો ન જ થાય તેને માટે જાગ્રત રહેવાનું છે.

**[ ૧૫ ] જઠરાગ્નિરૂપે પ્રભુ**

ભગવાને કહેલી બીજી વાત પણ સુંદર છે. ભગવાન કહે છે કે જઠરાગ્નિરૂપે જીવોના શરીરમાં હું જ રહેલો છું ને ચાર જાતના અન્નને પચાવું છું. સૌથી પહેલાં તો આપણી પોતાની વાત. આપણે ખાઈએ છીએ તે જાણે ખાવાનું નાસી જતું હોય એમ ઝડપથી ખાઈએ છીએ. માણસો પીરસવાના પદાર્થો પૂરા પીરસાયા પણ નહિ હોય ને જમવાનું શરૂ કરી દે છે. તેમની ખાવાની ક્રિયા યાંત્રિક બની જાય છે. તેમાં રસ નથી રહેતો. તેને બદલે આપણી પદ્ધતિમાં જરા પરિવર્તન કરવું જોઈએ. ભોજનની થાળી પાસે શાંતિથી બેસો ને વિચાર કરો કે શરીરની અંદર જઠરાગ્નિ બનીને બેઠેલા—જલી રહેલા ભગવાનને આ ભોજન અર્પણ કરું છું. તેથી તે તૃપ્તિ મેળવશે, ને શરીરને રસ, બળ ને તાજગી દેશે. આ પ્રમાણે ભાવના કરીને શાંતિથી જમો તો જમવામાં અજબ આનંદ આવશે. જમવાની ક્રિયા યાંત્રિક નહિ પણ ભાવમય બનશે. તે ઉપરાંત શુદ્ધ ને સારો ખોરાક લેવાનો આગ્રહ વધશે. કેમ કે જે ખોરાક પહોંચાડવાનો છે તે શરીરને નહિ પણ શરીરમાં બિરાજેલા પ્રભુને પહોંચાડવાનો છે. તેમને પહોંચાડવાની વસ્તુ કે વાનગી તો પવિત્ર ને પાપરહિત જ હોવી જોઈએ ને ?

હવે બીજાની વાત. સૌના શરીરમાં જઠરાગ્નિરૂપે પ્રભુ પોતે રહેલો છે એ વાત યાદ રાખવાથી બીજા પ્રત્યેના આપણા વલણમાં પણ ભારે ફેર પડી જશે. ભારતીય સંતોએ અન્નદાનનો મહિમા મુક્ત કંઠે ગાયો છે. ભૂખ્યાને અન્ન આપવું એ એક મહાન યજ્ઞ છે, એમ પણ કહેવામાં આવ્યું છે. ભારતમાં એ ભાવના કઠિન ને વિપરીત વખતમાં પણ વિસરાઈ નથી. અતિથિને દેવતા માનવાની પ્રથા પ્રાચીન કાળથી ચાલી આવે છે. તો પણ એમાં અપવાદ નથી એમ નહિ. દીવા નીચે અંધારૂં હોય જ છે તેમ એ ભાવનાનો વિરોધ પણ જોઈ શકાય છે. ખાસ કરીને ભણેલા માણસો માટે કેટલાકની ફરિયાદ છે કે ભણેલા માણસો અન્નદાનનો વિરોધ કરે છે. અલબત્ત, એ વિધાન બધાને લાગુ પડતું નથી. સાચી વાત તો એ છે અન્નદાનમાં માનનારા ને ન

માનનારા માણસો ભણેલા ને અભણ બંને પ્રકારના હોય છે. તે પ્રશ્ન મોટે ભાગે ભાવના ને રુચિ પર આધાર રાખે છે.

માનવ ઉપરાંત બીજા બધાં જ પ્રાણીઓમાં પ્રભુ જઠરાગ્નિ બનીને બિરાજેલા છે એટલે માનવની જેમ બધાં પ્રાણી તરફ ઉમદા વર્તન રાખવાની જરૂર છે.

**[ ૧૯ ] ભગવાન સૌના હૃદયમાં છે**

નાનકદેવે કહ્યું છે કે પ્રભુને શોધનારા હે મુસાફર, તું વનમાં શોધ કરવા શા માટે જાય છે ? નિર્લેપ ને સૌની અંદર રહેનારા પ્રભુ તારી અંદર પણ વિરાજી રહ્યા છે. ફૂલમાં સુવાસ જરૂર રહેલી છે. તેવી રીતે દર્પણમાં છાયાનો પણ વાસ છે. તે પ્રમાણે હરિ સૌની અંદર રમી રહ્યા છે. માટે હે ભાઈ, તેમની શોધ તારી અંદર જ કરવા માંડ, તેમ કરવાથી તે તને જરૂર મળી જશે.

કાહે રે, બન ખોજન જાઈ ?
સર્વ નિવાસી સદા અલેપા, તોહી સંગ સગાઈ.

ભગવાનની વાણીમાં એવો જ ભાવ સમાયેલો છે. 'હે અર્જુન, સૌના હૃદયમાં મારો વાસ છે.' એમ કહીને ભગવાન એવી જ વાતની યાદ આપે છે. ભગવાન સૌના હૃદયમાં રહેલા છે એ વાત જો બરાબર સમજાઈ જાય તો માનવનો ઉદ્ધાર થઈ જાય. તેના જીવનમાં બે મહત્વના ફેરફાર થઈ જાય. ભગવાનને મેળવવા માટેની બહારની શોધ તે પડતી મૂકે. તે સમજી જાય કે નદીના કિનારા ને પર્વતોની ગુફામાં ભગવાનની શોધ કરવાની જરૂર નથી. તે માટે ઘરબહાર ને વ્યવહારનો ત્યાગ કરવાની પણ જરૂર નથી. જટાજુટથી પંડિત બનવાની કે વિભૂતિ ચોળવાની પણ જરૂર નથી. ધર્મપુસ્તકના ઢગલામાં રમવાની જરૂર પણ નથી. ભગવાન પોતાની અંદર છે માટે તેમની ઝાંખી કરવા અંદરના પ્રદેશમાં દૃષ્ટિપાત કરવાની જરૂર છે. વૃત્તિઓને બહારની દુનિયામાંથી પાછી વાળી, મનને એકાગ્ર કરી, પોતાની અંદર બિરાજેલા પરમાત્માનું દર્શન તે કરી લેશે. પરિણામે તેના જીવનમાં અલૌકિક આનંદ છવાઈ રહેશે. તેનું રોમેરોમ રસથી ભરાઈ રહેશે.

માણસ સુંદરતાથી અંજાય કે આકર્ષાય છે, પ્રેમ, શાંતિ, આનંદ ને રસની ઝંખના કરે છે, અમરતાને ઈચ્છે છે ને બંધન તોડીને મુક્તિ મેળવવાના મનોરથ કરે છે. પણ આશ્ચર્ય એ છે કે તે પોતાની અંદર ડોકિયું કરતો નથી. પ્રેમ, શાંતિ, આનંદ, રસ, પ્રકાશ ને સુંદરતાના ભંડારરૂપ પરમાત્મા તેની અંદર જ બિરાજી રહ્યા છે. તેમની પાસે પહોંચવાથી મૃત્યુ, દુઃખ ને બંધનથી સહેજે છૂટી શકાય તેમ છે. છતાં માણસ ગફલતમાં રહે છે, એ શું આશ્ચર્ય નથી ?

પોતાની અંદર રહેલા પરમાત્માનું દર્શન કરીને 'અદ્ભુત આનંદ' મેળવતાં પહેલાં જ્ઞાની કવિ અખાને કાંઈ ઓછી મુશ્કેલી પડી નથી. પોતે માનેલી ધર્મની બેને તેને ઘરેણું કરવાનું કહ્યું તે પ્રસંગ પરથી તેને વૈરાગ્ય થયો. તે પછી અધ્યાત્મમાર્ગથી અપરિચિત એવા એ અખાએ જિજ્ઞાસુ બનીને કાશી ને વૃંદાવન જેવા કેટલાય પ્રદેશોમાં શોધ કરી, તેના કહેવા પ્રમાણે તેણે ગુરૂ કર્યા. કેટલાય કડવા અનુભવ મેળવ્યા, ને છેવટે અનુભવથી ઘડાઈને કંચન બનીને પાછલા જીવનમાં 'અદ્ભુત આનંદ'ની પ્રાપ્તિ કરી. આનંદની ઈચ્છા

કરનારને એ પ્રમાણે અવનવા અનુભવોમાંથી પસાર થવું પડે છે ને લાંબા સમય સુધી ધીરજ રાખીને તપવું પડે છે. પણ તેને અંતે જે પ્રાપ્તિ થાય છે તે અજોડ ને અણમોલ હોય છે. સમસ્ત જીવનને તે ધન્ય કરે છે. માટે તેને માટેનું કષ્ટ, સહન ને તપ તદ્દન સાર્થક છે. તે કોટી ગણું થઈને ઊગી નીકળે છે.

ભગવાન સૌના હૃદયમાં રહેલા છે એ વાત જો બરાબર સમજી લેવામાં આવે તો જીવનમાં બીજો નોંધપાત્ર ફેરફાર એ થાય કે બીજા જીવો પ્રત્યેના આપણા વર્તનમાં મોટો ફેર પડી જાય. સૌમાં પ્રભુનો વાસ છે માટે આપણે સૌને પ્રેમ કરીએ, મદદરૂપ થઈએ ને કોઈનું અહિત કરવાનો વિચાર સરખો કરીએ નહિ. પરસ્પર ભેદભાવ દૂર કરીએ ને પ્રાણીમાત્રને પ્રભુનું જીવતું જાગતું મંદિર માની મનોમન વંદન કરીએ. મંદિરો માણસે ઊભા કર્યાં છે તે તો સુંદર છે જ, પણ પ્રભુએ પોતે ઘડેલું શરીરરૂપી મંદિર શું ઓછું સુંદર કે અલૌકિક છે ? તેની સજીવતા, અલૌકિક્તા બીજાં બધાં મંદિરોથી ચઢી જાય છે. તેની અંદર વિરાજેલા પ્રભુ વિચાર, વાણી, ઊર્મિ ને વર્તન દ્વારા પોતાને પ્રકટ કરે છે, આંખની અંદર ઓતપ્રોત થઈને સંસારને જોયા કરે છે. તેમને જોવાની કળા શીખી લઈએ તો જીવનની કાલિમા દૂર થઈ જાય. નવા પ્રકાશની પ્રાપ્તિ થાય. મતલબ કે આપણું જીવન પ્રેમ, સેવા, શાંતિ ને સમતાથી સુશોભિત બની જાય. કોઈનું દમન ને શોષણ તથા કોઈના પર અત્યાચાર ને જોરજુલમ આપણાથી કદી પણ થાય નહિ. કોઈને અન્યાય કરવાનો વિચાર સરખો પણ આપણને આવે નહિ. આદર્શોને યાદ કરવાથી કે ગોખવાથી નહિ પણ જીવનમાં ઉતારવાથી જ જીવન મહાન બને છે.

**[ ૧૭ ] પરમાત્માને જાણવો અને પામવો**

સંસારના સઘળા પદાર્થો પરિવર્તનશીલ છે. તેમને નાશવંત પણ કહેવામાં આવે છે. શરીર પણ નાશવંત છે, વિકારી છે. પરંતુ તેની અંદર રહેલો જીવાત્મા વિકારી નથી, તે અવિનાશી છે. હજારો કે કરોડો શરીરોનો નાશ થાય, તો પણ તેનો નાશ કદી પણ થઈ શકતો નથી. તે જીવાત્મા પરમાત્માનું સ્વરૂપ છે. તાત્વિક રીતે તે બંનેમાં કશો ભેદ નથી. એક જ પ્રભુએ અભિનયની અનુકૂળતા ખાતર જાણે બે વેશ ધારણ કરેલા છે. જીવાત્મા અહંકાર, મમતા, અજ્ઞાન ને ગુણોની અથવા ગુણમયી સૃષ્ટિની આસક્તિમાં બંધાયેલો છે. કર્મના પાશમાં સપડાયેલો છે, તેથી તે અલ્પતા ને દુઃખનો અનુભવ કરે છે, તથા પોતાને પરમાત્માથી જુદો સમજે છે. આનું નામ ભેદગ્રંથિ, ભેદભાવની એ ગાંઠ જ્યારે શાસ્ત્રો, સંતો ને સ્વાનુભવની મદદથી તૂટી જાય, ત્યારે આનંદ થઈ જાય. સાધના પૂરી થાય ને સમજાઈ જાય કે જીવ ને શિવ બે નહિ પણ એક છે.

પરમાત્મા સૌથી ઉત્તમ છે. તેમનું સેવન કરવાથી પરમ લાભ થાય છે એ વાત જે જાણી લે છે તેની દશા કેવી થઈ જાય છે ? ભૂખ્યા માણસને કોઈ રીતે ખબર પડે કે અમુક ઠેકાણે ફળનું વન છે અથવા તો પકવાનનો ખુલ્લો ભંડાર છે ને કોઈ પણ તેનો ઉપયોગ કરી શકે છે. તો તે શું કરશે ? શું તે શાંતિથી બેસી રહેશે ? ભૂખની દવા કરવા તે શું પેલા વનની મુલાકાત નહિ લે ? પરમાત્મા વિશે જે માહિતી મેળવી લે છે તેનું પણ એમ જ સમજી લેવાનું છે. તે જાણે છે કે પરમાત્મા સૌના માતા–પિતા છે. તેમને સેવવાથી પરમસુખ મળી શકે છે ને બધી જાતનાં દુઃખ–દર્દ ટળી જાય છે. તેમને મેળવવામાં જ જીવનનું શ્રેય સમાયેલું છે. તે પછી જીવનની એક ક્ષણને તે નકામી ગુમાવતો નથી. પ્રત્યેક ક્ષણ કિંમતી ધન છે એમ માનીને તેનો

સદ્ઉપયોગ કરવા તે તૈયાર રહે છે, ને પ્રભુની પ્રાપ્તિ માટે પાગલ બને છે. બધી રીતે તે પ્રભુનો સાચો ને શ્રેષ્ઠ ભક્ત બનવાનો પ્રયાસ કરે છે. પ્રભુની કૃપાપ્રસાદી પામવાનું સૌભાગ્ય મેળવવા તે તલપાપડ થઈ જાય છે ને તન, મન ને વચનથી પ્રભુની પ્રસન્નતા માટે કામ કરે છે. પ્રભુનો મહિમા જાણીને તેના દિલમાં પ્રભુદર્શનની લગની લાગે છે. પ્રભુથી દૂર રહેવાનું તેને જરા પણ પસંદ પડતું નથી. પ્રભુના અનન્ય અનુરાગથી તેનું અંતર ઉભરાઈ જાય છે.

જ્ઞાનની સાથે એ રીતે ભક્તિનો સમન્વય થવો જોઈએ. પરમાત્માના સાક્ષાત્કાર માટે ઝંખવું કે તલસવું પણ જોઈએ. પરમાત્માના અનુરાગી થવું જોઈએ ને પરમાત્માની આસક્તિ કરવી જોઈએ. મતલબ કે ભક્તિનો અનુભવ પણ કરવો જોઈએ. ભક્તની દશા ઘણી ઊંચી છે. પ્રભુના પ્રેમપ્રકાશથી તેનું જીવન પવિત્ર ને ઉજ્જવલ થયું હોય છે. ત્યાં કટુતા, સંકુચિતતા ને અંધકારનું નામનિશાન હોતું નથી. કોઈ એક ધન્ય જન્મમાં બધાએ એ દશાએ પહોંચવું પડશે. જીવનનો આદર્શ એ જ છે. એ માટે જ આ જીવન છે.

### [ ૧૮ ] પુરૂષોત્તમ યોગ

આ અધ્યાયના અંતમાં ભગવાન કહે છે કે, 'હે અર્જુન, મેં તારી પાસે આ છૂપામાં છૂપું શાસ્ત્ર રજુ કર્યું છે.' ભગવાને આ અધ્યાયને સાધારણ શબ્દોનાં સંગ્રહનું કે ઉપદેશનું નહિ પણ શાસ્ત્રનું મોટું નામ આપ્યું છે. શાસ્ત્ર એ બીજું શું છે ? જીવનના ઘડતરના સિદ્ધાંતોનો સાર. ગીતાના અઢાર અધ્યાયમાં આ અધ્યાય એટલા માટે જ વધારે પવિત્ર ને ઉત્તમ મનાય છે, ને સારા પ્રસંગે આખી ગીતા વતી તેનો પાઠ થાય છે.

શાસ્ત્ર ને શસ્ત્ર એ બે શબ્દોની રચનામાં થોડોક જ ફેર છે. શસ્ત્ર દ્વારા પોતાની કે બીજાની રક્ષા પણ કરી શકાય છે, ને કોઈનો નાશ પણ કરી શકાય છે. શાસ્ત્ર પણ માણસને તારે છે, રક્ષે છે, પણ જો માણસ તેનું પોપટ પારાયણ જ કરે, આચરણ ના કરે ને વધારામાં અહંકારી થઈને સ્વાર્થ કે લાલસા માટે તેનો ઉપયોગ કરવાનું શરૂ કરે, તો તે દ્વારા પોતાના ને બીજાના પતનનો માર્ગ ખુલ્લો કરે છે. ભગવાને કહેલા આ શાસ્ત્રના સંબંધમાં એમ થવું જોઈએ નહિ. મહર્ષિ વ્યાસે તેને પુરૂષોત્તમ યોગનું નામ આપેલું છે. તેમાં ઉત્તમ પુરૂષ - પરમાત્માનું વર્ણન છે. તે ઉપરાંત, પરમાત્મા સાથે યોગ કરવાની સૂચના છે, એટલે આ અધ્યાયનો વિચાર કરીને માણસે પવિત્ર બની પુરૂષોત્તમ–પરમાત્મા સાથે સંબંધ બાંધવાનો છે, ને છેવટે પરમાત્માનું દર્શન કરી, તેમની સાથે એકતા સાધી, જીવનને કૃતાર્થ કરવાનું છે. સંસારનાં સઘળાં ધર્મશાસ્ત્રોનું લક્ષ્ય ભગવાને છેલ્લી લીટીમાં કહી બતાવ્યું છે.

☼ ☼ ☼

# અધ્યાય સોળમો : દૈવાસુરસંપદ્વિભાગયોગ

૧) શરૂઆત–શુદ્ધિનો યજ્ઞ
૨) દૈવી સંપત્તિ : અભય વિષે
૩) પવિત્રતાની વાત : એક બેનની વાત
૪) માતાજીનો પ્રસંગ : ભય છોડી દો
૫) કલ્પિત ભયની વાત
૬) નિર્ભયતાને કેળવવાના ઉપાય
૭) સત્વ સંશુદ્ધિ
૮) મન ને ઈંદ્રિયોનો સંયમ
૯) દાન ને યજ્ઞ
૧૦) અહિંસા : વાતાવરણનો વિચાર
૧૧) હિંસાનું વાતાવરણ
૧૨) માંસાહાર વિષે ગાંધીજી, દયાનંદ ને અરવિંદ
૧૩) હિંસા ને માંસાહાર : જંગલી દશાની નિશાની
૧૪) શોખની હિંસા : શિકાર
૧૫) ગાય ને બીજા પશુની હિંસા
૧૬) દૈવી સંપત્તિવાળાનાં બીજા લક્ષણો
૧૭) શૌચ, અદ્રાહ ને અનીતિપણાનો અભાવ
૧૮) જીવનની ઉન્નતિ માટે દૈવી સંપત્તિની જરૂર
૧૯) આસુરી સંપત્તિ માટે લડવા તૈયાર થાવ
૨૦) આસુરી સંપત્તિનું વર્ણન-૧
૨૧) આસુરી સંપત્તિનું વર્ણન–૨
૨૨) સોળમાં અધ્યાયનું મહત્વ
૨૩) કામ, ક્રોધ, લોભનો ત્યાગ–નરકના ત્રણ દ્વાર

**[૧] શુદ્ધિનો યજ્ઞ**

ગંગાકિનારાનો આ પ્રદેશ કેટલો બધો સુંદર લાગે છે ! વરસાદના દિવસો છે એટલે તેની સુંદરતા વધી ગઈ છે. આ પ્રદેશ હિમાલયની તળેટીનો છે, એટલે ગરમી સારા પ્રમાણમાં પડે છે. પર્વતો પણ એટલા ઊંચા નથી, પણ પર્વતની ઉપરના પ્રદેશ કરતાં તળેટીના પ્રદેશને પોતાનું જુદું જ સૌન્દર્ય હોય છે. એ સૌન્દર્યનું દર્શન અહીં સારા પ્રમાણમાં થઈ રહ્યું છે. આ વરસે વરસાદ મોડો શરૂ થયો એટલે ગરમી ખૂબ રહી. ધરતીમાતાને ભારે તપશ્ચર્યા કરવી પડી. માણસો તો નિરાશ જેવા બની ગયા, પણ પ્રભુની લીલાની કોને ખબર છે ? થોડા દિવસો પહેલાં વરસાદ શરૂ થયો. ને હજી તો થોડા જ દિવસો થયા છે ત્યાં વાતાવરણમાં કેટલો બધો ફેરફાર થઈ ગયો છે ! આ સામેનું મેદાન સૂકું હતું તે ઘાસથી ભરાઈ ગયું છે. લીલીછમ જાજમ બીછાવી હોય તેવું તે શોભી રહ્યું છે. સામેના ઝાડ નીરસ લાગતા હતાં તે હવે રસાલ બની ગયા છે. પત્રેપત્રે ને વિટપવિટપે રસનું સામ્રાજ્ય વ્યાપી ગયું છે. પર્વતની સામે દૃષ્ટિપાત કરો. યુવાનીને ખોઈ બેઠેલા, ચિંતા ને વેદનામાં ડૂબેલા પર્વતો તદ્દન સૂકા ને જોતાંવેંત દયા ઉપજાવે તેવા હતા; વરસાદે તેમનામાં કેવી ક્રાંતિ કરી નાખી છે ! ઝાડપાનથી ભરચક બનીને ને નવયુવાન બનીને તે ગૌરવપૂર્વક ઊભા રહ્યા છે. તેમનો આનંદ જાણે માતો નથી.

પ્રભુની પ્રેમવર્ષા પણ જીવનમાં આવી જ ક્રાંતિ કરી નાખે છે ને ? દુઃખ, શોક ને ચિંતામાં ડૂબેલું તથા નીરસ બનેલું જીવન પ્રભુના પ્રેમરસના પ્રભાવથી પરમ સુખમય, આનંદમય ને રસમય બની જાય છે. તેની અંદર નવો પ્રાણ પ્રગટે છે, તેની જડતા દૂર થાય છે, તેનો ત્રિતાપ ટળી જાય છે. માટે જ પ્રભુના પ્રેમની અમૃતમય વર્ષાની ઈચ્છા કરવાની જરૂર છે. હૃદયમાં ભાવના ને પ્રેમનું પૂર આવે છે, ત્યારે મોટે ભાગે તે હાવભાવ ને વાણી દ્વારા પ્રકટી ઊઠે છે. ભગવાન શ્રીકૃષ્ણના હૃદયમાં આવેલું પ્રેમનું પૂર સુદામા જેવા મિત્રની મુલાકાત વખતે, ગોપીઓના પ્રસંગ વખતે ને એમ અનેક વાર પ્રકટી ઊઠ્યું છે. કુરૂક્ષેત્રના મેદાનમાં અર્જુનને માટે પણ તે પ્રકટવા માંડ્યું છે. પ્રભુના પ્રેમની આ મંગલ વર્ષાએ અર્જુનનું ખરેખર મંગલ કર્યું છે, તેની નિરાશા દૂર થઈ ગઈ છે, ચિંતા ટળી ગઈ છે ને જડતા મટી ગઈ છે. તેનામાં નવજીવન ને પ્રાણનો સંચાર થયો છે. પ્રભુની આ સંગીતમય પ્રેમવર્ષાથી તમારી અંદર પણ કોઈ ફેરફાર થયો છે ખરો ? આશા, પ્રેરણા ને પ્રેમરસથી તમારું જીવન ઊભરાઈ ગયું છે ખરૂ ? જો એનો ઉત્તર હામાં મળતો હોય તો નક્કી માનજો કે તમે બડભાગી છો, પ્રભુની તમારા પર કૃપા છે. ગીતાના સંગીતનું તમારું શ્રવણ સફળ થયું છે. ન થયું હોય તો પછી વધારે સાવધાન બનજો. આટલા સુમધુર સંગીતની, પ્રભુની આટઆટલી મંગલ પ્રેમવર્ષાની અસર હજી તમારા પર નહિ થઈ હોય, હજી તમારા જીવનમાં યુવાની નહિ જાગી હોય તો ટટ્ટાર બની જજો. આવો ઉત્તમ લ્હાવો લેવાનો અવસર ફરી ફરી મળતો નથી.

ગીતાના સંગીત–શ્રવણનો દિવસોથી ચાલી રહેલો આ યજ્ઞ શુદ્ધિયજ્ઞ છે. પોતાની જાતને વધારે ને વધારે પ્રમાણમાં સાફ કરવા ને પ્રેમમય તથા શાંતિમય બનાવવા તેનો ઉપયોગ કરવાનો છે. શુદ્ધિના આ મહાન યજ્ઞમાં આજ સુધી આપણે મોટી મોટી પંદર આહુતિ આપી ચૂક્યા છીએ હવે સોળમી આહુતિ આપવાનું કામ શરૂ કરીએ છીએ.

**[ ૨ ] દૈવી સંપત્તિ : અભય વિષે**

સોળમી આહુતિ એટલે ગીતાનો સોળમો અધ્યાય. સોળમાં અધ્યાયનું સ્થાન ઘણું ઊંચું છે. શુદ્ધિના મહાયજ્ઞમાં તે ખૂબ કામ લાગે તેવો અધ્યાય છે. ગીતાકારે તેને દૈવાસુર સંપદ્વિભાગ યોગ કહ્યો છે. દૈવી ને આસુરી બે પ્રકારની સંપત્તિનું તેમાં વર્ણન છે. દરેક માનવમાં એ બે પ્રકારની સંપત્તિનો સમાવેશ થયેલો છે. સારી ને નરસી પ્રકૃતિ સૌમાં રહેલી છે. કોઈની અંદર સારી સંપત્તિનું પ્રમાણ વધારે હોય છે, તો કોઈનામાં ખરાબ સંપત્તિનું, તો કોઈનામાં બંને પ્રકારની સંપત્તિનું સંમિશ્રણ હોય છે. માનવ એટલે દૈવી ને આસુરી સંપત્તિ અથવા ગુણવગુણનું મિશ્રણ. દૈવી સંપત્તિ ને આસુરી સંપત્તિનું યુદ્ધ હરેકના જીવનમાં ચાલ્યા જ કરે છે. પાંડવ ને કૌરવની યાદવાસ્થળી પેઠે તેમની લડાઈ અંદરના કુરૂક્ષેત્રના મેદાનમાં ચાલ્યા કરે છે. કોઈ તેમને રામ ને રાવણની ઉપમા આપે છે. દૈવી સંપત્તિ માણસને દેવતા જેવો કરી દે છે, ને આસુરી સંપત્તિ તેને રાક્ષસ જેવો બનાવી દે છે. તે બેમાંથી કોઈ પણ સંપત્તિનો આશ્રય લેવા માટે માણસ સ્વતંત્ર છે. સોળમાં અધ્યાયની શરૂઆત જ બંને જાતની સંપત્તિના વર્ણનથી થાય છે.

દૈવી સંપત્તિના વર્ણનમાં સૌથી પહેલું સ્થાન અભયનું છે. જીવનને દૈવી બનાવવાની ઈચ્છા કરનારા સાધકે અભયને કેળવ્યા વિના છુટકો નથી એમ ગીતામાતાનું કહેવું છે. બધા પ્રકારના ભયને દૂર કરીને તેણે નિર્ભય બની જવું જોઈએ. ભય શા માટે હોવો જોઈએ ? જે સૌનું સારું તાકે છે, ભૂલેચૂકે પણ કોઈનું અહિત કરવાની ઈચ્છા રાખતો નથી, જે વિચાર, વાણી ને વર્તનથી પવિત્ર છે, તેને ભય શા માટે ? જેણે કોઈ અપરાધ કર્યો હોય છે, તે બીજાથી ડરતો ફરે છે. જે ચોરી છુપીથી કોઈ કામ કરવાની ઈચ્છા રાખે છે અથવા કોઈ પાપ કરવાનો વિચાર કરે છે, તેને બીજાનો ભય જરૂર હોય છે. પરંતુ નિષ્પાપ ને નિરપરાધી માણસને કોનો ભય ? તેને માટે ભયભીત થવાનું કોઈ કારણ નથી. તે તો હંમેશા નિર્ભય થઈને જ જીવે છે.

માણસો સાપ, વીંછી ને જંગલી જનાવરથી ડરે છે એ તો સમજવાનો પ્રયાસ કરીએ તો કૈંક અંશે સમજી શકાય તેવું છે. પરંતુ ઉંદર, બિલાડી, ભૂતપ્રેત, મૃત્યુ, દુઃખ ને અંધકારથી પણ ડરે છે એ ખરેખર નવાઈ લાગે તેવું છે. રાતે એકલા બહાર નીકળતાં ને ગામમાં જ કોઈ ઠેકાણે જતાં પણ તે ડરે છે. એકલા મુસાફરી કરતાં ડરનારા માણસો પણ નથી એમ નહિ, પરંતુ ઉઘાડો દિવસ હોય ને પોતાના જ ઘરમાં એકલા બેસવાનું હોય તો પણ માણસોને બીક લાગે છે. એવા માણસો વન કે ખેતરમાં એકલા જવાનું સાહસ જ કરી શકતા નથી. મહાભારતના યુદ્ધમાં જવાનું કહો તો કદાચ ચાલ્યા જાય, પણ એકલા ખેતરમાં જવાનું, જરાક દૂર પેશાબ કરવા જવાનું કે શૌચ જવાનું સાહસ તે કરી શકતા નથી.

લગભગ પાંચેક વરસ પર અમે દેવપ્રયાગમાં રહેતા હતા. ત્યાં કેટલાક યાત્રીઓ આવ્યા. એકાંતમાં આવેલી અમારી મઢુલીને જોઈને તેમને ભારે આશ્ચર્ય થયું. 'અહોહો, તમે આવી ભયંકર જગ્યામાં રહો છો ?' તે બોલી ઊઠ્યાં, 'તમને ખરેખર ધન્ય છે. અમને તો આવી જગ્યામાં એક દિવસ પણ ગમે નહિ. દિવસે તો ઠીક, પણ રાતે કેવી રીતે રહી શકાય ? ખરેખર તમે ભારે તપ કરો છો.' ને રાત પડી એટલે તેમને ઉતારે જવાની ઉતાવળ થઈ.

તેમનો ભય સમજી શકાય તેવો હતો. ઊંચા ઊંચા પર્વત, આંબાની ભારે ઘટા, જંગલ ને તેની વચ્ચે મઢુલી જોઈને તેમને જે વિચાર જાગ્યા તે સ્વાભાવિક હતા. પરંતુ તેમને શી ખબર કે મઢુલીની એ જગ્યા તો

સારી હતી. તેથી પણ એકાંત ને છેક ભયંકર લાગે તેવી જગ્યાઓમાં માણસો નિવાસ કરે છે. તે ત્યાં કેવી રીતે રહેતા હશે ? તેમનું મનોબળ કેવું મજબૂત હશે ? મનોબળ ને નિર્ભયતા કેળવીએ તો એવા એકાંત સ્થાનમાં રહેવાનું કામ કપરૂં નથી. મનને થોડીક કેળવણી આપવાની જરૂર છે. પછી જંગલ પણ મંગલ લાગશે, ને એકાંત પર્વતો પણ સ્વર્ગસુખ આપનારા સાબિત થશે. કેળવણીનો જો અભાવ હશે, તો વસ્તીની વચ્ચે વસવા છતાં પણ ભયનું ભૂત મન પર સવાર થયેલું જ રહેશે.

**[ 3 ] પવિત્રતા : એક બેનની વાત**

ઋષિકેશના આ સ્થાનમાં અમારી બાજુમાં એક બેન રહે છે તેના પિતા સંન્યાસી હતાં. તેમના મૃત્યુ પછી તે એકલી પડી છે. ઉંમર પિસ્તાલીસેક વરસ હશે. પણ તેનામાં ભયવૃત્તિ ઘણી ભારે છે. સાંજે લગભગ પાંચ વાગે એટલે તે ઘરનાં બારીબારણાં બંધ કરીને અંદર પેસી જાય છે. ઋષિકેશની ગરમી ઘણી છે. વરસાદ પડે એટલે જરાક ઠંડક લાગે બાકી ઉકળાટનો પાર નહિ હોય. ઉનાળો તો ઘણો ભારે હોય છે. એવી ગરમીમાં અંદર બેસવાનું કેવી રીતે ગમે ? ગરમીમાં સ્વાભાવિક રીતે બહાર ખુલ્લામાં બેસવાનું કે ગંગાસ્નાન કરી ગંગાકિનારે ફરવાનું મન થાય. રાતે બહાર ખુલ્લામાં સુવાનું ગમે. પરંતુ તે બેન તો સાંજે ઘરમાં પેસે તે છેક સવાર સુધી. વચ્ચે કોઈ કામ પ્રસંગે એકાદ વાર બહાર નિકળે તો નિકળે. બાકી અંદર ને અંદર. શરીર સારૂં નહિ, એટલે બહારે ફરવા જવાનું સંભવિત નહિ ગણાય પણ ઘરની બહાર મજાનો ચોક છે, સાંજે ત્યાં બેસી શકાય ને રાતે ઊંઘ આવે ત્યાં સુધી થોડો વખત સૂઈ પણ શકાય. તેની અસર શરીર ને મન પર કેટલી સારી થાય ?

બેનને મેં એકવાર એવી સલાહ આપી. તો તેણે કહ્યું, 'હજી તમને ખબર નથી. ઋષિકેશની વસ્તી ઘણી ખરાબ છે. હું એકલી છું. મારે મારી પવિત્રતાની રક્ષા કરવાની છે એટલે મારે સાવધ રહેવું જોઈએ. આજકાલ તો કોઈનો ભરોસો નથી. દિવસે કે રાતે કોઈ આવી ચઢે ને મારી પવિત્રતાનો ભંગ કરે તો શું થાય ? કેટલું ખરાબ દેખાય ? એટલે ગરમી લાગે કે નહિ લાગે, પણ મારે તો અંદર પુરાયા વિના છુટકો જ નથી.'

મેં કહ્યું : 'વાત બરાબર છે. પણ તે માટે સમી સાંજથી જ ઘરમાં પુરાવાની જરૂર નથી. મોડી રાતે અંદર ચાલ્યા જવું. આ સ્થાન તો સારૂં છે. જગ્યા બંધિયાર છે. આજુબાજુ કોઈ ને કોઈ માણસો રહે છે. અમે બહાર સૂઈએ છીએ. આખી રાત મંદિરનો ચોકીદાર બધે આંટા મારે છે ને ચોકી કરે છે. પછી આટલું બધું ડરવાનું શું કારણ ?

'પણ ન કરે નારાયણ ને કાંઈ થઈ જાય તો ?' તે બેને ચાલુ રાખ્યું, 'કોઈ મારા પર હુમલો કરે તો શું કરૂં ? હું તો અપંગ છું.'

મેં કહ્યું : 'પગે ભલેને અપંગ હો, મન તો નથી ને ? જો મન અપંગ હશે તો તો ઘર ને બહાર બધું સરખું છે, પણ મન મજબૂત ને નિરોગી હોય તો ડરવાનું કાંઈ જ નથી. પગ પણ નહિ હોય તો કાંઈ નહિ, હાથ તો છે ને ? પ્રભુએ હાથ આપ્યા છે, દાંત આપ્યા છે. તે ઉપરાંત લાકડી પણ છે. જે વખતે જે સુઝે તેનાથી સામનો થઈ શકે છે. તમારું મન મજબૂત હશે તો કોઈની પણ બીક રાખવાનું શું કારણ છે ?'

'તો પણ અમે સ્ત્રી જાતિ છીએ એટલે ભય લાગે જ. વળી પહેલેથી સાવધાન પણ રહેવું જોઈએ ?' તેમણે બચાવ કરવા માંડ્યો.

'બરાબર છે.' મેં કહ્યું 'તમારી વાત મારી સમજમાં આવી શકે છે. માણસે સાવધાન જરૂર રહેવું જોઈએ. પણ, સાવધાનીના નામે અતિ ભયને સેવવાની જરા પણ જરૂર નથી. સાવધાની પૂરતું અંદર સુવાય તે સારું છે. પણ કોઈ આવી પહોંચશે કે હુમલો કરશે તો શું થશે એવો સતત ભય રાખીને દિવસો, મહિના ને વરસો સુધી તાપમાં બફાવું, ખુલ્લી હવાથી વંચિત રહેવું ને દુઃખી થવું એ ક્યાંની વાત ? ખરાબ પુસ્તકો વાંચવાથી ખરાબ થવાશે એમ માનીને સારાં ને ખરાબ બધાં પુસ્તકો વાંચવાનું મૂકી દેવાનું સારું કહેવાશે કે ?' બેનને મેં ઉત્તર આપ્યો. પરંતુ તેમના હૃદયની ભાવના મને ખૂબ સારી લાગી.

પોતાની પવિત્રતાની રક્ષા કરવાની ચિંતા તેમના દિલમાં કાયમ છે, ને તેને માટે તે થોડી ઘણી તકલીફ પણ સહન કરે છે, વેઠે છે, એ જોઈને મારા દિલમાં તેમના પ્રત્યે માન ઉત્પન્ન થયું. આજે શીલરક્ષા ને પવિત્રતાની ભાવનાનો સ્ત્રીપુરૂષોમાંથી લોપ થતો જાય છે. કેટલાંક સ્ત્રીપુરૂષો તો સ્વેચ્છાચારી થવામાં ગૌરવ, જ્ઞાન ને સભ્યતાની નિશાની સમજે છે, ને તેમાં સ્વતંત્રતાની છાપ પણ જુએ છે. શરીર, શીલ ને સમાજનો સર્વનાશ કરનારી તે સભ્યતા જરા પણ અનુકરણીય કે ઈચ્છનીય નથી. પરંતુ આ બેનની વાત જુદી હતી. કાદવની વચ્ચે જેમ કમળ ખીલે, તેમ આજના વધતાં જતાં વિલાસી વાતાવરણની વચ્ચે તે બેનની પવિત્રતા ખરેખર હૃદયસ્પર્શી હતી. પરંતુ તે પવિત્રતાની રક્ષા માટે તેમણે જે પદ્ધતિ પસંદ કરી હતી, તે જરા વિચિત્ર હતી. તે પદ્ધતિથી ભય ઘટવાને બદલે દિવસે દિવસે વધતો ગયો હતો. હિંમત, નીડરતા, ઈશ્વર પરની દૃઢ શ્રદ્ધા ને આત્મવિશ્વાસમાં ગાબડું પાડવામાં તેણે ભારે ભાગ ભજવ્યો હોય એવું દેખાતું હતું. એ પરિસ્થિતિ બહુ વખાણવા જેવી ન હતી, એટલે મને થયું કે ગાડી છે સારી, પણ જરા જુદી દિશામાં ચાલી રહી છે. તેને ઠીક કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

મેં કહેવા માંડ્યું : 'તમારી પવિત્રતાની ભાવના જોઈને મને આનંદ થયો છે. પવિત્રતાની રક્ષા માટે જાગ્રત રહેવું જોઈએ તે બરાબર છે, પણ તે માટે અતિશય ભયભીત થવાની જરૂર નથી. બધી દશામાં નિર્ભય બનવું જોઈએ. તે ઉપરાંત ઈશ્વર પર શ્રદ્ધા રાખવી જોઈએ. તેની છત્રછાયામાં સદાને માટે નિશ્ચિંત બનવું જોઈએ. યાદ રાખો કે આપણી પવિત્રતાની રક્ષાકુંચી આપણી પાસે જ છે. જ્યાં સુધી આપણું મન રહેશે ને આપણી પોતાની ઈચ્છા નહિ થાય, ત્યાં સુધી આપણી પવિત્રતા સલામત છે. તેનો નાશ કરવાની તાકાત ત્રિભુવનની કોઈ પણ વસ્તુમાં નથી. અહીં તો વાતાવરણ ઘણું સારું છે પણ ઈતિહાસમાં એવાયે પ્રસંગો છે કે જ્યારે સ્ત્રીઓને પ્રતિકૂળ વાતાવરણમાં રહેવું પડ્યું હતું તે વખતે પણ તેમની શ્રદ્ધા ડગી નથી. ઈશ્વર પરનો તેમનો વિશ્વાસ ઓછો થયો નથી. મોટામાં મોટાં ભોગ આપીને પણ તેમણે પોતાની પવિત્રતાની રક્ષા કરી છે.

જુઓને, અશોકવનમાં સીતાજી એકલાં હતાં. રાવણે તેમનું હરણ કર્યું હતું. છતાં પણ રાવણની તાકાત ન હતી કે તેમની ઈચ્છા વિરૂદ્ધ તે તેમના શરીરનો સ્પર્શ પણ કરી શકે ? રાક્ષસીઓથી ઘેરાયેલા અશોકવનમાં તેમની રક્ષા કોણે કરી ? દિનરાત તે પોતાના પ્રિયતમ રામના સ્મરણમાં લીન હતાં. તેમના હૃદયમાં રામની મંગલમય મૂર્તિ રમી રહી હતી. તેમની સમસ્ત વૃત્તિ ભગવાન રામના ચરણકમળમાં જ કેન્દ્રિત થઈ હતી. તેમના રોમેરોમમાં રામનો રણકાર હતો. આ જ તેમની રક્ષા હતી. તેમની પવિત્રતાની રક્ષા

કરનારું કવચ પણ આ જ હતું. તેનો પ્રભાવ એટલો બધો હતો કે રાવણ તેમના શરીરનો સ્પર્શ કરવાની હિંમત કરતાં પણ ડરતો હતો. તેને ભય હતો કે રખેને પોતે ભસ્મિભૂત થઈ જશે. સીતામાતાની પવિત્રતા કેટલી બધી પરાકાષ્ઠાએ પહોંચી હતી તેનો વિચાર તો કરો.

પોતાનાં પ્રિયજનોથી દૂર લંકામાં બેઠેલાં સીતામાતાની એ પવિત્રતાને અણીશુદ્ધ રાખવામાં કોણે મદદ કરી ? 'મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઈ'.. ગિરિધરના પ્રેમમાં મગ્ન બનનાર ને ભાઈ, બંધુ તથા સગા સોઈને છોડીને એકલી ફરનાર મીરાંની પવિત્રતાની રક્ષા કોણે કરી ? તેની હિંમત, ધીરજ ને શ્રદ્ધા કેટલી ભારે હશે તેનો વિચાર તો કરો. પદ્મિની ને ચિતોડની બીજી રજપૂત રમણીઓની પવિત્રતાનો નાશ કરવાનો મુસલમાન બાદશાહે વિચાર કર્યો, તેથી શું તે ભયભીત બની ગઈ, ફફડીને મરી ગઈ કે બાદશાહને તાબે થઈ ? વીર બનીને શીલ ને સતીત્વની રક્ષા માટે તે અગ્નિમાં કુદી પડી ને સતી થઈ. તેમની ઈચ્છાની વિરૂદ્ધ, તેમની પવિત્રતાનો નાશ કોણે કર્યો ? આજે પણ એવી વીર માતાઓ ને કુમારીકાઓ છે. ભલે તેમની સંખ્યા ઓછી હોય. સ્ત્રી કે પુરૂષ જો પવિત્રતાને પ્રિય માને તો તેની રક્ષા જરૂર કરી શકે છે. પણ પોતાનું જ મન બગડ્યું હોય, પોતાને જ વિલાસ અથવા શરીરસુખની ઈચ્છા થઈ હોય, ને તેને માટે આમતેમ ફાંફાં મારવાનું શરૂ કર્યું હોય તો પછી કોઈ જ ઉપાય નથી. હજારો રક્ષકો પણ તેની રક્ષા કરી શકે નહિ. ગમે તેવી પરિસ્થિતિમાંથી પણ તે પોતાનો માર્ગ કરી લેશે.'

મારી વાત સાંભળીને તે બેનની હિંમત વધી પણ વરસોથી સેવેલી શંકાને બીક કંઈ એકદમ દૂર થઈ શકે ? તે તો ચાલુ જ રહી પણ જીવનમાં થોડો ઘણો ફેર પડ્યો ખરો. અવિશ્વાસને લીધે જો મનોબળ નબળું પડી જાય કે મરી જાય તો તે ખૂબ જ હાનીકારક છે. કોઈ પણ સંજોગોમાં મનોબળ તો મજબૂત જ રહેવું જોઈએ. તેની સાથે સાથે ઈશ્વરપરાયણતા ભળે તો રક્ષાનું કામ સહેલું થઈ પડે. તે માટેનો ભય પણ ભાગી જાય.

**[ ૪ ] માતાજીનો પ્રસંગ : ભય છોડી દો**

વાત નીકળી છે ત્યારે માતાજીના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે તે પણ કહી દઉં. વરસો પહેલાંની વાત છે. માતાજી કોઈ કામ પ્રસંગે અમદાવાદ આવ્યા હતા. ત્યાં પોતાના કુટુંબી કહેવાતા એક ભાઈને ત્યાં ઉતર્યા હતાં. તે ભાઈ પોતાના ખરાબ ચારિત્ર્ય માટે જાણીતા હતા. રાતે સુવાનો વખત થયો એટલે માતાજીની સાથે તેમણે વાતો કરવા માંડી. તેમની વાતો પરથી માતાજી સમજી ગયા કે ભાઈની દાનત બગડી છે, પણ તેઓ ડર્યા નહિ. ઈશ્વર પર તેને શ્રદ્ધા હતી. ઈશ્વર પોતાની રક્ષા જરૂર કરશે એવો તેમને વિશ્વાસ હતો. તે હિંમત એકઠી કરીને બહાદુરીપૂર્વક કહેવા માંડ્યા કે, 'ભાઈ, હું તારી બેન છું એમ માનીને આ મકાનમાં રહેજે. મને અડવાનો પણ પ્રયાસ કર્યો તો આવી બન્યું સમજજે.'

માતાજીના શબ્દોની ધારી અસર થઈ. પેલા ભાઈએ જાણ્યું કે પોતાની બદદાનત જણાઈ ગઈ છે ને આ સ્ત્રી તેને વશ થાય તેવી નથી. તેણે તરત હાથ જોડ્યા ને કહ્યું : 'મારી ભૂલ થઈ છે. પણ હવે એવી ભૂલ નહિ થાય, મને માફ કરો ને શાંતિપૂર્વક સૂઈ જાવ.'

તેમની અંદર થયેલા આ ફેરફારથી માતાજીને આનંદ થયો, પણ એમ કાંઈ ઊંઘ આવે કે ? દૂર પથારી કરીને રાતભર ને અર્ધઊંઘ્યા જેવા પડી રહ્યા ને સવારે ઊઠીને વિદાય થયાં.

પવિત્રતા ઘણી કિંમતી વસ્તુ છે સ્ત્રીઓને માટે જ કિંમતી ને જરૂરી છે ને પુરૂષો માટે નથી, એમ ભૂલેચૂકે પણ સમજવાનું નથી. સ્ત્રી કે પુરૂષ સૌને માટે શરીર ને મનની પવિત્રતા કામની છે. તેનું મૂલ્ય ઘણું મોટું છે. તેનું જતન કરવા સૌએ પ્રયાસ કરવાનો છે. પણ તે માટે કાયર, ડરપોક કે ભયભીત બનવાનું નથી. ભય તો બધા જ સંજોગોમાં ખરાબ છે. કાયરતા પણ બધાને માટે બદી છે. માણસે નિડર, બહાદુર ને હિંમતવાન બનવાનો પ્રયાસ કરવો જોઈએ. ડરવાની જરૂર હોય તો એક ઈશ્વરથી, ધર્મથી ને નીતિથી. મતલબ કે ધર્મ ને નીતિની મર્યાદામાં રહીને જીવવામાં ને ઈશ્વરપરાયણ થવાનો તેણે પુરૂષાર્થ કરવાનો છે. તે ડર કાયર બનાવનારો, હાનિ કરનારો નથી, પણ લાભકારક છે. બાકી સાચી વાત તો એ છે કે જે માણસના દિલમાં ઈશ્વર, ધર્મ ને નીતિને માટેનો અનુરાગ છે; તેને કોઈથી પણ ડરવાનું શું કારણ છે ? ઈશ્વરથી પણ તેણે શા માટે ડરવું જોઈએ ? ઈશ્વર તો પ્રેમ ને દયાની મૂર્તિ છે, કરૂણા ને ક્ષમાનો સાગર છે. તે કોઈ હિંસક જંગલી જનાવર નથી કે તેનાથી ડરવાનું કોઈ કારણ હોઈ શકે. તેનું તો સ્મરણ જ પ્રેમને પ્રકટ કરનારું છે. તો પણ માણસો કહ્યા કરે છે કે ભાઈ, ઈશ્વરને માથા પર રાખીને બોલો. ઈશ્વરથી ડરીને ચાલો. તેનો ભાવ એવો છે કે ઈશ્વરને પ્રેમ કરો, ને ઈશ્વરી નિયમને અનુકૂળ એવું વર્તન કરો.

**[ ૫ ] કલ્પિત ભયની વાત**

કેટલાક ભય માણસે માની લીધેલા હોય છે. તેને કલ્પિત ભય પણ કહી શકાય. વાસ્તવમાં તેનું અસ્તિત્વ હોતું નથી પણ માણસને તે ભમાવે છે ને ભયભીત કરે છે. જુઓને, હું એક સાધારણ વાત કહું. શિયાળામાં અમે જે ગામમાં રહેતા હતાં, ત્યાં મને સવારે લગભગ સાડા ચાર વાગે શૌચ જવાની ટેવ હતી. તે વખતે અંધારૂં રહેતું. વળી જરા દૂર જવું પડતું એટલે બેટરી લઈને નીકળવાનો નિયમ રાખ્યો હતો. માર્ગમાં એક કૂવો આવતો હતો. એક સવારે ત્યાં થઈને પસાર થતો હતો. તે વખતે એમ લાગ્યું કે કૂવાની પાસે કોઈક ઊભું રહ્યું છે. મને થયું કે આવે વખતે અહીં કોણ હશે ? થોડેક પાસે જઈને બેટરી કરી તો તેના પ્રકાશમાં એક નાનું સરખું ઝાડ દેખાયું. તેના પાંદડાં પર ચન્દ્રમાનો સાધારણ પ્રકાશ પડતો હતો. તેથી દૂરથી જાણે કોઈ માણસ ઊભું હોય એવો ભાસ થતો. મેં ખાત્રી કરી જોઈ એટલે મારી શંકા ટળી.

પછી તો લગભગ રોજ એ ઝાડને જોતો પણ કોઈ વાર શંકા થતી નહિ. પરંતુ કોઈ બીજો સાધન વિનાનો માણસ હોય ને તે પૂરતી ખાત્રી ન કરે તો ? તે તો ઝાડને બદલે કોઈ માણસ કે ભૂત જ માની, ભયભીત થઈને નાસવા માંડે ને આખા ગામમાં વાત ફેલાવે કે અમુક ઠેકાણે તો ચોર આવે છે કે ભૂત થાય છે. કેટલીકવાર તો ભયના માર્યા માણસને તાવ પણ આવી જાય. તેને ઠીક કરવા લાગતાં વળગતાં માણસો ભૂવાને બોલાવે, દોરાધાગા કરાવે ને બાધા લે. એ માણસ તો એ માર્ગે જતાં ડરે, પણ વાત સાંભળનારા પણ ડરે. અંધારે ત્યાં કોઈ ભાગ્યે જ એકલું નીકળવાની હિંમત કરે. કોઈ વાર ભોગજોગે ત્યાંથી નીકળવાનો પ્રસંગ આવે તો મૂઠીઓ વાળીને ઉતાવળે પગલે ત્યાંથી પસાર થઈ જાય. વાત ઘણી નાની ને પાયા વિનાની છે.

પણ તે આટલી બધી વધીને અસરકારક બની જાય. કલ્પિત ભયનું સ્વરૂપ આવું હોય છે. ભય ન હોય, ભયનું કારણ ન હોય ત્યાં તે પોતાનું કામ કરે છે ને વધે છે. માનવ સ્વભાવ પર તે ભારે અસર કરે છે.

**[ ૬ ] નિર્ભયતાને કેળવવાના ઉપાય**

જીવનમાં સતત જાગ્રત રહેવાથી ને પોતાની જાતને ધ્યાનપૂર્વક કેળવવાથી માણસ નિર્ભય બની શકે છે. માણસ મૂળ અભયરૂપ આત્મા છે. આત્માને કોનો ભય છે ? પરંતુ આત્મભાવ ને આત્માના અનુભવજ્ઞાનથી માણસ દૂર છે એટલે તે ડગલે ને પગલે ડરે છે. જે જવાંમર્દ ને સૌના પર શાસન કરનારો છે તે આમ ડરપોક બની ગયો છે ને ગુલામ થયો છે. એ ડરપોક ને ગુલામી મનોદશાનો ત્યાગ કરવા તેણે તૈયાર થવું જોઈએ. આત્મભાવને દૃઢ કરવાનો ને સર્વાત્મભાવમાં સ્થિર થવાનો પ્રયાસ કરવો જોઈએ. તો જ એ કામ સફળ થાય.

નિર્ભયતા કેળવવામાં ભક્તિમાર્ગની સાધનાનો ફાળો પણ ઓછો નથી. ભક્તિમાર્ગનો સાધક સમજે છે કે ઈશ્વર બધે ને બધાની અંદર છે એમ સમજવાથી તેને માટે કોઈનાથી ડરવાનું કારણ રહેતું નથી. જેને ઈશ્વરની સર્વવ્યાપકતાનું ભાન છે, ને ઈશ્વરમાં વિશ્વાસ છે, તે કોઈનાથી પણ નહિ ડરે, ને નિરર્થક ચિંતા પણ નહિ કરે. તે ઉપરાંત જેનામાં સત્યતા છે, પવિત્રતા છે, ને સૌના હિતની કામના છે, તેને કોઈનો પણ ભય રહેતો નથી. એટલે જ કેટલીક વાર કહેવામાં આવે છે કે જેના પેટમાં પાપ હોય છે તે બીજાથી ડરતાં ફરે છે, તે કામ પણ ચોરીછૂપીથી કરે છે.

પવિત્ર પુરૂષને કુદરતી રીતે જ કોઈનો ડર રહેતો નથી. એટલે સંપૂર્ણપણે નિર્ભય બનવા માટે ઈશ્વરપરાયણતાની સાથે સાથે હૃદયની પવિત્રતાની સિદ્ધિ પણ જરૂરી છે. દૈવી સંપત્તિનાં લક્ષણોમાં અભય પછી એટલા માટે જ હૃદયની પવિત્રતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દૈવી સંપત્તિની પ્રાપ્તિ કરવા માગનારે હૃદયની પવિત્રતાને કેળવવી જોઈએ. વિચાર, ભાવના કે લાગણીને સ્વચ્છ ને ઉન્નત બનાવવાની સાથે બૂરા વિચાર, બૂરી ભાવના ને નબળી લાગણીથી દૂર રહેવું જોઈએ. તેને માટે જીવનને વ્યવસ્થિત કરવું જોઈએ. નિયમિત બનવું જોઈએ ને વિચાર ને વર્તનની એકવાક્યતા કરવી જોઈએ. જેવા અંદર તેવા જ બહાર બનવું જોઈએ.

**[ ૭ ] સત્વસંશુદ્ધિ**

હૃદયની પવિત્રતા કે સત્વશુદ્ધિની સાધના કાંઈ સહેલી નથી તે ભારે જાગૃતિ ને પુરૂષાર્થ માગી લે છે. જે પોતાને સુધારવાની ઈચ્છા કરે છે તેને માટે તે તેની સાધના બની જાય છે, પણ જે અપૂર્ણ ને ત્રુટિપૂર્ણ હોવા છતાં પોતાને પહેલેથી જ સંપૂર્ણ માની લે છે, ને અહંકારમાં ઉન્નત બનીને ફરે છે, તે પોતાની સુધારણાના મંદિરના દ્વાર પોતાને હાથે જ બંધ કરી દે છે. તેના ઉદ્ધારની આશા નકામી છે. માટે માણસે પોતાની જાતના સાચા વિવેચક બનવું જોઈએ. પોતાની ભૂલો કે નબળાઈઓ પ્રત્યે આંખમીંચામણા કરવાની ને તેમને સદ્ગુણમાં ખપાવવાની વૃત્તિથી દૂર રહેવું જોઈએ. મેલાં વસ્ત્રને જોઈને સ્વચ્છ માણસને કેવી સૂગ ચઢે છે ? તેમને સાફ કરવામાં માણસ કેટલો બધો રસ લે છે ! સુગંધમય સાબુથી શરીર ને કપડાં સાફ કરે

છે, પણ મનને શણગારવા તરફ બહુ ઓછા માણસો ધ્યાન આપે છે. મનનો મેલ જોઈને બહુ ઓછા માણસોને સૂગ ચઢે છે ને બહુ જ ઓછા માણસો તેને દૂર કરવા કોશિશ કરે છે. શું સારા શ્રેષ્ઠ ને સુધરેલા મનાતા માણસને માટે એ શોભાસ્પદ છે ?

જેનું મન મેલું છે તેને સારો, શ્રેષ્ઠ કે સુધરેલો માણસ કહી શકાય નહિ. શ્રેષ્ઠતા ને સુધાર કાંઈ બહારથી આવતાં નથી. ઉજ્જળાં ને સારાં કપડાં તથા વૈભવી જીવનની પદ્ધતિ પર તેનો આધાર નથી. તે તો મુખ્યત્વે અંદરથી આવે છે. અંદરની વસ્તુ છે, એટલે માણસે અંદરથી સુધરવાનો પ્રયાસ કરવો જોઈએ. જેમ બહારથી બગલાની પાંખ જેવાં સ્વચ્છ વસ્ત્રો પહેરીને ફરવાનું ગમે છે તેમ અંદરથી પણ સાફ થવાની રુચિ તેણે કેળવવી જોઈએ. મનની મલિનતાને ધોઈ નાંખવાનો પ્રયાસ કરવો જોઈએ. માણસ ગમે તેટલો વિદ્વાન કે શ્રીમંત હોય, મનની મલિનતા તેનામાં કાયમ હશે, તો તેની વિદ્વતા ને શ્રીમંતાઈ વ્યર્થ છે. તે તેને દીપાવી શકશે નહિ. તેમજ તેના કે કોઈના જીવનમાં પ્રાણ પણ પ્રગટાવી શકશે નહિ એ સમજી લેવા જેવું છે. માણસો કેટલીકવાર વિદ્વતા ને શ્રીમંતાઈનું અભિમાન રાખે છે ને તેનો આશ્રય લઈને અનીતિના કામ પણ કરે છે, પણ તેમનું અભિમાન નકામું છે. વિદ્વતા ને શ્રીમંતાઈ જો માણસની માણસાઈને મિટાવી દઈને તેને પશુથી બદતર શ્રેણીમાં મુકતા હોય તો તેમનો કાંઈ જ અર્થ નથી. વિદ્વતા ને વૈભવથી માણસે વધારે ને વધારે નમ્ર ને પરગજુ બનવું જોઈએ તથા ચારિત્ર્યને ચોક્ખું કરવું જોઈએ. આજે તો કેટલા ભણેલા ને શ્રીમંત માણસો કરતાં ગામડાનાં અભણ અને ગરીબ માણસો વધારે સરળ, સીધા, દયાળુ ને ચોક્ખા હૃદયના દેખાય છે. તેનો અર્થ એમ નથી કે ભણેલા ને શ્રીમંત માણસો સરળ, સીધા, ચોક્ખા તથા દયાળુ હોતા નથી. માણસ ગમે ત્યાં ને ગમે તે પરિસ્થિતિમાં હોય તો પણ હૃદયને શુદ્ધ કરવાની તેની સાધના ચાલુ રહેવી જોઈએ. હૃદયશુદ્ધિની સાધના વિના જીવન નકામું છે. જીવનની ઉત્તમતા માટે તે ખૂબ જરૂરી છે.

હૃદયશુદ્ધિની સાધના ખૂબ ધીરજ ને સંભાળપૂર્વક કરવાની છે. દિવસો સુધી સતત સાવધ રહીને પરિશ્રમ કરવાથી તેની સિદ્ધિ થઈ શકે છે, માટે મનને મજબૂત કરવાની જરૂર છે. નિશ્ચયબળને કેળવતા રહેવાની જરૂર છે. હૃદયશુદ્ધિના પ્રયાસમાં થોડા વખતમાં ઈચ્છાનુસાર સિદ્ધિ નહિ મળે તો નાસીપાસ થવાની જરૂર નથી. પોતાની જાતની ઉન્નતિ માટે ઉત્કટ આશા ને ઉત્સાહ ધારણ કરીને સાધકે સદા પુરૂષાર્થ કરતાં રહેવું જોઈએ. નદી કેટલા ઉત્સાહથી આગળ વધે છે ! ભયંકરમાં ભયંકર અવરોધો આવે તેને પણ દૂર કરીને, તેમની વચ્ચેથી પણ માર્ગ કરીને, તે આગળ વધે છે. તેની પાસે જઈને પૂછો કે આમ કેમ ? તો તે શું કહેશે ? એ જ કે પ્રગતિ ને ઉત્સાહ તો મારો સ્વભાવ જ છે. પ્રેરણાનું પાન કરીને તો હું જીવું છું ને આશા તથા અનુરાગ મારી રગેરગમાં ભરેલાં છે, રમી રહ્યાં છે. તેની તાકાતથી હું આગળ ને આગળ વધતી જાઉં છું. સાધકે પણ તે રીતે આગળ ને આગળ વધતા રહેવું જોઈએ. જીવનને ઉજ્જવળ કરવાની ઈચ્છાવાળા માણસે પ્રગતિ, પુરૂષાર્થ, પ્રેરણા ને ઉત્સાહને પોતાનો જીવનમંત્ર બનાવવાની જરૂર છે. પીછેહઠ, નિરાશા ને વિષાદ પોતાની પાસે પણ નહિ ફરકે ને ભૂલેચૂકે કોઈ વાર ફરકે તો પોતાની પ્રગતિમાં નડતરરૂપ નહિ બને તેનું તેણે ધ્યાન રાખવાનું છે.

### [ ૮ ] મન ને ઈન્દ્રિયોનો સંયમ

મનની શુદ્ધિની જેમ મનનો સંયમ પણ જરૂરી છે. આત્મિક ઉન્નતિમાં તે પણ બહુ મહત્વનો ભાગ ભજવે છે. માટે દૈવી સંપત્તિથી સંપન્ન ને સુશોભિત થવા માગનારા સાધકે તેને પણ સાધવાની જરૂર છે. મનના સંયમની સાથે ઈન્દ્રિયોનો સંયમ પણ ભૂલાવો ન જોઈએ. મન ને ઈન્દ્રિયો બહુ બળવાન છે. ભલભલા ડાહ્યા ને બળિયા માણસને પણ તે પોતાના પાશમાં બાંધી દે છે. ઉપનિષદ્‌માં શરીરને રથ સાથે સરખાવતાં કહેવામાં આવ્યું છે કે આત્મા રથમાં બેઠેલો વીર છે. શરીર રથ છે, બુદ્ધિ સારથિ છે, ને મન લગામ છે. શરીરના રથને ઈન્દ્રિયોરૂપી ઘોડા જોડવામાં આવ્યા છે. જેનો બુદ્ધિરૂપી સારથિ કુશળ હોય તે માણસ પોતાના મનની લગામને ને ઈન્દ્રિયોના ઘોડાને વશ રાખી સહીસલામત રીતે આ સંસારના વિકટ પંથને પાર કરી જાય છે, ને પરમાત્માના પરમપદની પ્રાપ્તિ કરે છે. એટલે બુદ્ધિને કેળવવાની તથા મન ને ઈન્દ્રિયોને કાબૂમાં રાખવાની જરૂર છે. મનની લગામ ને ઈન્દ્રિયોના ઘોડા જો હાથમાં નહિ રહે તો અંદર બેઠેલા આત્માનું અધઃપતન થશે. સાધારણ ને નિર્બળ મનના માણસો મન ને ઈન્દ્રિયોના ગુલામ બનીને બરબાદ થયા છે એ સાચું છે. તેમાં ખાસ નવાઈ લાગે તેવું નથી. પરંતુ ભણેલા, આગળ વધેલા ને પોતાને ઉત્તમ કહેવડાવનારા માણસો પણ ઈન્દ્રિયોના રસાસ્વાદમાં બંધાઈ બેભાન બન્યા છે, એવા પ્રસંગો કાંઈ ઓછા નથી. જેમના માટે મોટી મોટી આશા હતી, જે શક્તિશાળી હતા, ને ઉન્નતિની સારી કક્ષાએ પહોંચી ચૂક્યા હતા, તેવા ઉત્તમ કોટિના સાધકો પણ મનની લગામ ને ઈન્દ્રિયોના ઘોડાને વશમાં ન રાખી શકવાથી જીવનની ઉજ્જવળ કારકીર્દી ખોઈ બેઠા છે. વિવેકની જરાક ખામીને લીધે આવું ભારે પરિણામ આવ્યું છે. માટે માણસે સદાય જાગ્રત રહેવું જોઈએ. ઉન્નતિના આસન પરથી ગબડી ન પડાય, પણ તે આસન વધારે ઊંચું થતું જાય એનું ધ્યાન રાખવું જોઈએ.

પોતાની ભૂલને જે ભૂલ તરીકે ઓળખે છે. તેને માટે સુધરવાની આશા છે. તે જરૂર ભાગ્યશાળી છે. તેથી પણ વધારે ભાગ્યશાળી તે છે, જે ભૂલને જાણી લઈને કાયમને માટે દૂર કરવા કોશિશ કરે છે તેને માટે સુધરવાની આશા પણ વધારે મોટી છે. પોતાની ત્રુટિને પકડી પાડવી ને તેને દૂર કરવી એ બુદ્ધિમાન માણસની નિશાની છે. એ વસ્તુ તેના સ્વભાવમાં ભળી ગયેલી છે. તેને લીધે તેનો ઉદ્ધાર ચોક્કસ થઈ શકે છે. એ વસ્તુ જ તેને દિનપ્રતિદિન આગળ વધારે છે, પરંતુ કેટલાક એવા માણસો પણ છે, જે ભૂલને ભૂલ તરીકે ઓળખતા જ નથી. એટલું જ નહિ ઓળખવા માગતા પણ નથી. તે પોતાને ત્રુટિરહિત ને સર્વગુણસંપન્ન જ સમજી બેઠા હોય છે. તેમની ભૂલ કે ત્રુટિ કોઈ સદ્‌ભાવથી પ્રેરાઈને તેમના જ લાભ માટે તમે બતાવો તો પણ તેઓ માનશે નહિ, સ્વીકારશે નહિ ને તે દુષણ નહિ ભૂષણરૂપ છે એમ બતાવવાનો પ્રયાસ કરશે. એવા માણસોનો ઉદ્ધાર કેવી રીતે થઈ શકે ? જેમને પોતાની સુધારણા કરવાની બિલકુલ ઈચ્છા નથી, તેમની સુધારણા કોણ કરી શકે ? માણસે પોતે પોતાની મેળે જાગવું જોઈએ તથા પોતાની સુધારણા કરવા તૈયાર થવું જોઈએ. તે વિના તેના ઉદ્ધારની આશા નકામી છે.

વિષયાશક્તિ પ્રબળ છે. તેમાં જે ફસાય છે ને ભાન ભૂલે છે, તે ધન એકઠું કરી શકે, વૈભવ મેળવી શકે ને શત્રુને હરાવીને સામ્રાજ્ય પણ મેળવી લે પરંતુ પોતાની અંદરના સામ્રાજ્યના અધિપતિ થવાનું તેને માટે અશક્ય છે. પરમાત્માના પરમ ધનને મેળવવા વિષયાશક્તિનો ત્યાગ કરવો જ જોઈએ, મન ને ઈંદ્રિયો પર કાબૂ કરવો જોઈએ. તે વિના શાંતિ, મુક્તિ કે પૂર્ણતાનો અનંત વૈભવ કદી પણ મળી શકે નહિ. મન ને

ઈંદ્રિયોનો સંયમ કઠિન છે એ સાચું છે, પરંતુ તે બહુ ઉપયોગી છે અને ભારે લાભકારક છે, તેથી ગમે તે ઉપાયે પણ તેને સાધ્યા વિના છૂટકો નથી. માણસ જો પોતાની જાતનું નિરીક્ષણ કરે, પોતાની નબળાઈને જાણી લે ને દૂર કરવા મહેનત કરે તો તેનું કામ ઘણું સહેલું બની જાય, ને થોડા વખતમાં જ તે સિદ્ધિ મેળવી લે એ નક્કી છે. જીવન ઘણું ઝડપી છે. તેનો અભિનય પૂરો થાય તે પહેલાં જ પોતાના ધ્યેયની સિદ્ધિ માટે માણસે સંકલ્પ કરવો જોઈએ ને તેની સફળતા સારું આકાશપાતાળ એક કરવાં જોઈએ, એટલે કે ભારેમાં ભારે પુરૂષાર્થ કરવો જોઈએ.

**[ ૯ ] દાન ને યજ્ઞ**

દાન ને સ્વાધ્યાયને દૈવી સંપત્તિમાં ગણાવવાની સાથે સાથે યજ્ઞ ને તપનો પણ તેમાં સમાવેશ કર્યો છે. માણસનું સમસ્ત જીવન યજ્ઞમય બની જવું જોઈએ. પોતાની વિદ્યા, શક્તિ કે સંપત્તિ દ્વારા તેણે પરમાત્માની પૂજા કરવાનું વ્રત લેવું જોઈએ. તે દ્વારા પરમાત્માને પ્રસન્ન કરવા પુરૂષાર્થ કરવો જોઈએ અથવા પોતાના તન, મન ને અંતરથી ઈશ્વરની આરાધના જરૂર કરવી જોઈએ. ઈશ્વરની સૃષ્ટિને કામ આવવા તૈયાર રહેવું જોઈએ. દૈવી સંપત્તિને મેળવી ચૂકેલા માનવમાં યજ્ઞની ભાવના ઉત્તમોત્તમ રૂપમાં રજૂ થાય છે. તેવા માનવના વિચાર, વચન ને વર્તનમાં બીજાનું હિત કરવાની સ્વાભાવિક શક્તિ હોય છે. દાન તેનો સ્વભાવ થઈ જાય છે, કેમ કે તે એકલપટો થઈ શકતો જ નથી. નદીનું નીર સૌને માટે વહ્યાં કરે છે. ઝાડની છાયા કોઈને પણ શાંતિ આપવા તૈયાર રહે છે. દૈવી સંપત્તિથી સંપન્ન થયેલા માનવનું પણ એમ જ સમજી લેવાનું છે. તેનું જીવનધન સૌને માટે ખુલ્લું હોય છે. જે ચાહે તે તેનો લાભ ઉઠાવી શકે છે. તે દ્વારા તે સૌને કામ આપવા ને મદદરૂપ થવા તૈયાર રહે છે. પોતાના જ સુખ, હિત ને ઉદ્ધારનો વિચાર કરીને તે બેસી રહેતો નથી. સમસ્ત સૃષ્ટિને તે પોતાની માને છે. એટલે બીજાની સલામતી, શાંતિ ને સમૃદ્ધિ માટે પણ કામ કરે છે. યજ્ઞ ને દાનની ભાવના તેના જીવનમાં તાણા ને વાણાની જેમ જડાઈ જાય છે.

સાધારણ માણસને અહંકાર થઈ જાય છે. દાન કરીને પોતે કોઈ ભારે મોટું પરાક્રમ કરી નાખ્યું અથવા બીજાનો મોટો ઉપકાર કરી નાખ્યો એમ માનીને તે ભારેખમ બની જાય છે. કેટલીકવાર તેને કીર્તિદાન વધારે ગમે છે. એટલે કે દાનની જાહેરાતમાં તેને રસ આવે છે. દાન કરીને પંકાવાની ઈચ્છા તેને ઘણી હોય છે. દાન કરવાનું નક્કી કરતાં પહેલાં તે કેટલીક કલમો રજૂ કરે છે. 'ધર્મશાળા માટે ધન આપું, પણ ધર્મશાળા મારા નામની થવી જોઈએ. છાત્રાલયમાં મોટી રકમ આપું, પણ શરત એ કે મારા નામની આરસની તખ્તી મૂકાવી જોઈએ.' એવી એવી તેની શરત હોય છે. દાન કરવાથી જ તેમને સંતોષ મળતો નથી. દાન કર્યું છે તે જણાવવાની પણ તેમને ઝંખના હોય છે. વળી તેમના દાનનો ઉદ્દેશ જરા જુદો પણ હોય છે. પોતે કરેલા દાનથી કોઈનું ભલું થશે કે કેમ એ વિચાર કરતા પણ તેમના મનમાં મહત્વનો વિચાર પુણ્યપ્રાપ્તિનો હોય છે. દાન કરવાથી પાપ ધોવાય છે, પુણ્ય મળે છે, આગળના ભવમાં સુખસાહ્યબી ભોગવવા મળે છે ને ભય, દુઃખ તથા રોગ ટળે છે, એવા વિચારથી તે દાન કરવા પ્રેરાય છે. મતલબ કે પોતાને લાભ થવાનો છે માટે તે દાનેશ્વરીનું બિરૂદ ધારણ કરે છે.

વૈરાગ્યશતકમાં વાપરેલા ભર્તૃહરિના શબ્દોમાં કહીએ તો આ લોકમાં સુખી થવા ને આ લોક પછી 'સ્વર્ગરૂપી ગામડામાં એકાદ નાની કુટીરમાં વાસ કરવાનું ફળ' મળે તે માટે દાન કરે છે. જીવનમાં જે કદાપિ બીજાને માટે ઘસાતા નથી, તથા રોટલાની ઈચ્છાથી આંગણામાં ઊભેલા કૂતરાને પણ જે લાકડી મારવામાં કસર રાખતા નથી, અતિથિ, ગરીબ ને સાધુને જોઈને જે મુખ મચકોડે છે, નહિ બોલવા જેવા વચન બોલે છે ને પૈસો હોવા છતાં પોતે સારું ખાતા નથી ને ઘરમાં કોઈને ખાવા દેતા નથી, તે માણસો જીવનભરનું પુણ્ય એકઠું કરી લેવા માટે ગ્રહણ કે સંક્રાંતિ પર ગંગાનદીને કિનારે કે કોઈ તીર્થમાં જઈને બેસે છે, ત્યારે ઘણાને આશ્ચર્ય થાય છે. પાંચ-દસ રૂપિયાના પૈસા પાઈ લઈને બેસે છે ને જે આવે તેને આપે છે ! કોઈ વાર કાપડના ટુકડા અથવા મૂઠી અનાજ આપે છે. આવાં દૃશ્યો ઘણાં જોવા મળે છે.

દૈવી સંપત્તિવાળા પુરૂષોની વાત એથી જુદી જ હોય છે. તેમને માટે દાનનો મહિમા ગ્રહણ કે સંક્રાંતિ જેવા ખાસ પ્રસંગ પૂરતો મર્યાદિત હોતો નથી. દાન તેમને માટે રોજીન્દા જીવનની એક કુદરતી ક્રિયા થઈ પડે છે. કોઈ પુણ્ય કમાવા માટે નહિ, પણ પોતાના ખાસ સ્વભાવ તરીકે, ફરજ તરીકે તે બીજાને મદદરૂપ થવા સદાય તૈયાર રહે છે. 'સુખ, શાંતિ ને મુક્તિ મને પ્રિય છે, તેમ સૌને પ્રિય છે' એ ભાવનાની અનુભૂતિમાંથી બીજાને મદદરૂપ થવાની તેની વૃત્તિ પ્રકટી હોય છે. બીજાને મદદરૂપ થઈને કોઈ પણ પ્રકારનો પુરસ્કાર ને યશ મેળવવાની તેને ઈચ્છા નથી. કોઈ જાહેરાતની પણ તેને કામના નથી. બીજાને મદદ મળે છે એ વાત જ તેને સંતોષનારી ને આનંદ આપનારી સાબિત થઈ પડે છે. બીજાને માટે મદદરૂપ થવાની વૃત્તિ કેળવીને આ જ જીવનમાં ને આ પૃથ્વી પર તે સ્વર્ગસુખનો અનુભવ કરે છે ને બીજાને કરાવે છે.

પરમાત્માની પ્રાપ્તિ માટે તન ને મનને ચોક્ખા કરવા, કાબૂમાં રાખવા ને બીજા સાધનોનો આશ્રય લેવો તેને તપ કહી શકાય, તેનું ધ્યેય મુક્તિ, શાંતિ, પૂર્ણતા કે પરમાત્માની પ્રાપ્તિ છે. તે માટે ઉત્તમ ગ્રંથોનું વાચન, મનન, ઉત્તમ પુરૂષોનો સંગ ને સુંદર તથા શાંત સ્થળોનો સમાગમ ખૂબ જરૂરી છે ને તેને સત્સંગતિ કહી શકાય છે. ભગવાને અધ્યાય શબ્દોનો પ્રયોગ કરીને આ વાતની સૂચના કરી છે. આપણે તેનો વિશાળ અર્થ લેવાનો છે. સ્વાધ્યાયમાં પ્રેમ એ દૈવી, સંપત્તિવાળા પુરૂષનું એક ખાસ લક્ષણ છે.

જેના દિલમાં કપટ કે મેલ નથી, તે સદા સરળ જ હોય છે, વળી તે તેજસ્વી હોય છે. તેના વ્યવહારમાં કદી આડંબર કે દંભની છાયા પણ હોતી નથી. તેનું જીવન બીજાને માટે આશીર્વાદરૂપ થઈ પડે છે. જે સ્થળમાં તે રહે છે ને જે પુરૂષોના પરિચયમાં આવે છે તે તેના સમાગમથી શાંતિ મેળવે છે. તેમને માટે તે દેવદૂત જેવો બની રહે છે.

### [ ૧૦ ] અહિંસા : વાતાવરણનો વિચાર

દૈવી સંપત્તિના લક્ષણોમાં આગળ જતાં અહિંસાની ગણતરી કરવામાં આવી છે. અહિંસાનું સ્થાન દૈવી સંપત્તિમાં ઘણું અગત્યનું છે, એટલે દૈવી સંપત્તિવાળા સાધકે અહિંસાની મૂર્તિ બનવા પ્રયાસ કરવો જોઈએ. આજે વાતાવરણ હિંસાનું છે. વેરઝેર, ધિક્કાર, કડવાશ, ઈર્ષા ને ઘર્ષણ વધ્યાં છે ને વધતા જાય છે. કેટલાક તો ત્યાં સુધી કહે છે કે ભાઈ, આ યુગ જ હિંસાનો છે, અહિંસાનો નથી. અહિંસા બોલવા પૂરતી બરાબર છે.

તેની કલ્પના પણ સુંદર છે તેની પણ ના નહિ પણ તેનું આચરણ અત્યારે અસંભવ છે. આપણે કહીશું કે અહિંસાનું આચરણ અસંભવ નથી, ફક્ત તે માટે સતત પુરૂષાર્થ કરવાની જરૂર છે. આપણે વેરસ્વરૂપ નથી, પણ પ્રેમસ્વરૂપ છીએ. પ્રેમની ઈચ્છા કરીએ છીએ ને આપણને સૌ વેર નહિ પણ પ્રેમભાવે જુએ એમ ઈચ્છીએ છીએ. એટલે પ્રેમ અથવા અહિંસા માટે આપણું અંતર આતુર છે. આપણે માટે તેની સાધના સ્વાભાવિક છે. જે આપણને પ્રિય છે, ને આપણે માટે સ્વાભાવિક છે, તેની સિદ્ધિ કરવા ને તેને આચરણમાં ઉતારવા આપણે તૈયાર થવું જોઈએ. જ્યાં જવાનું છે તે સ્થળે જતાં માર્ગમાં ઘણી મુશ્કેલી પડે છે એવી ચિંતા કરીને નિરાશ થવાથી શું તે સ્થળે જઈ શકાશે ? માર્ગની મુશ્કેલીઓનો વિચાર કરીને તેનો ઉપાય શોધવો જોઈએ તો યાત્રાનું કામ સહેલું બને. કોઈ વસ્તુ અસંભવ છે કે કોઈ કામ કઠિન છે એમ માનીને નાહિંમત બનીને કદી પણ બેસવું નહિ.

રહી આજના વાતાવરણની વાત. તો તે સંબંધમાં આપણે એટલું જ કહીશું કે વાતાવરણ કંઈ આકાશમાંથી ઉતરી આવતું નથી. વાતાવરણને માણસો જ તૈયાર કરે છે. માટે વાતાવરણથી ડરવાની જરૂર નથી. ઈચ્છા ને પ્રયત્ન કરો તો સારા વાતાવરણનું નિર્માણ પણ કરી શકશો. બધા જ માણસો જો વાતાવરણનો દોષ કાઢીને બેસી રહે તો અંદર ને બહારની દુનિયામાં સુધારણા કેવી રીતે થઈ શકે ? તેને બદલે જો બધા માણસો અથવા મોટી સંખ્યાના માણસો મહેનત કરવા મંડી જાય, તો સંસારમાં ઘણો ફેરફાર થઈ જાય. બહાર ને અંદર - બંને ઠેકાણે ક્રાંતિ થઈ જાય, ને વાતાવરણ પણ બદલાઈને સારું થઈ જાય. યુગની વાતને આગળ કરીને નાહિંમત થવાથી હેતુ નહિ સરે. વાતાવરણ ને યુગ બંને જેવા છે તેવા જ છે. તમારે કેવા થવું છે, કેવા યુગ ને વાતાવરણમાં રહેવું છે, તે તમે નક્કી કરી લો, તે પછી કાર્યક્રમ બનાવીને કામ કરવા મંડી પડો તો ગમે તે વાતાવરણમાં રહીને પણ સફળ થઈ શકશો, આગળ જતાં એવી શક્તિ પણ મેળવી શકશો કે વાતાવરણને તમે અસર પહોંચાડી શકશો અથવા નવયુગનું નિર્માણ કરી શકશો.

વાતાવરણ કે યુગના પર દોષનો ટોપલો નાખી દેવાની વૃત્તિ બરાબર નથી. તે વૃત્તિને આપણે આવકારવા ને પૂજવા માગતા નથી. તેવી વૃત્તિવાળા માણસોને આપણે કહીશું કે વાતાવરણ જીવનના ઘડતરમાં મોટો ભાગ ભજવે છે, એ સાચું છે, પરંતુ વાતાવરણને માણસ ધારે તો તૈયાર કરી શકે છે, એ પણ એટલું જ સાચું છે. તમે વાતાવરણને તૈયાર કરવાની તૈયારી કરો. જીવનમાં જેમણે ઉન્નતિ કરી છે તેમને માટે કોઈએ વાતાવરણ પહેલેથી તૈયાર કર્યું ન હતું. તેમનો માર્ગ નિષ્કંટક ને સાફ જ હતો એમ ન માનશો. તેમાંના કેટલાક તો તદ્દન વિરોધી વાતાવરણમાં જનમ્યા ને ઉછર્યા હતા. કેટલાકને રસ ને કસ વિનાની ધરતીમાં–મરુભૂમિમાં જીવવું પડ્યું હતું, તેમના માર્ગમાં અનેક પ્રકારના અંતરાય હતા. ચિંતા, વ્યથા, સંકટ ને વિરોધનો તેમને સતત સામનો કરવો પડ્યો હતો. છતાં તેમનો નિશ્ચય દૃઢ હતો. આદર્શની જ્યોતિ તેમના અંતરમાં નિરંતર જલ્યા કરતી હતી. તેને જલતી રાખવા ને તેના પ્રકાશથી સમસ્ત જીવનને પ્રકાશિત કરવા તે કૃતસંકલ્પ હતા. પરિણામે તે સફળ થયા. મરુભૂમિને ઉત્તમ ઉદ્યાનમાં પલટાવી શક્યા ને નર્કાગારમાં સ્વર્ગની સુવાસ ફેલાવી શક્યા.

મહાત્મા ગાંધીજી શું આ જ યુગમાં રહીને અહિંસાનું પાલન કરીને દૈવી સંપત્તિની મૂલ્યવાન મૂર્તિ બન્યા નહોતા ? યોગીરાજ શ્રી અરવિંદ ને રમણ મહર્ષિ શું આ જ યુગમાં જીવીને ઉન્નતિની ઊંચામાં ઊંચી

કક્ષાએ પહોંચ્યા નહોતા ? એ મહાપુરૂષો તો હાલ જ થઈ ગયા છે, ને આપણી નજર સામે જીવી ગયા છે. વર્તમાન સમયમાં એવા કેટલાક મહાપુરૂષો થઈ ગયા છે. દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, રામતીર્થ, તિલક ને ટાગોર જેવા મહાપુરૂષો દ્વારા ભારતે પોતાનું હૃદય ખુલ્લુ કર્યું છે ને સમસ્ત સંસારે તેમના જીવનનું પિયુષ પીધું છે. તેમની શ્રેણીમાં શોભતા સંત વિનોબા તો હજી આપણી સામે ફરીને પોતાનું જીવનકાર્ય કરી રહ્યા છે. એ પ્રમાણે તમે પણ ઉન્નતિ કરી શકો છો. તેમના જેવી અથવા તેમનાથી પણ અનેરી પદવીએ પહોંચી શકો છો. ચારે બાજુ વેર, ઈર્ષા, અસત્ય, અનાચાર ને હિંસાની વાત થતી હોય તો પણ તમે તમારું જીવન સુધારી શકો છો. તમારું ઘર બચાવી શકો છો ને એથી આગળ વધીને બીજાને બચાવવા કે સુધારવામાં મહત્વનો ફાળો આપી શકો છો. ઘરમાં બાળકોને જીવલેણ દરદ થયું હોય ત્યારે તેનો ચેપ લાગવાના ભયથી માતા તેમનો ત્યાગ કરે છે ? માતાને પોતાની જાતમાં શ્રદ્ધા હોય છે, ઈશ્વરની દયામાં વિશ્વાસ હોય છે, તેથી તે ઉપચાર કર્યે જાય છે, ને બધાની અજાયબી વચ્ચે તેમાં સફળ થાય છે. તમે પણ એ રીતે શક્તિ મેળવો તો તમારો ને બીજાનો યોગ્ય ઉપચાર કરી શકશો.

બાકી યુગ ગમે તેટલો પ્રતિકૂળ ને વાતાવરણ ગમે તેટલું વિરોધી હોય તો પણ, તેનો ત્યાગ કરવાનું કામ બીજી રીતે મુશ્કેલ છે. પૃથ્વી ગમે તેવી હોય તેનું વાતાવરણ આપણને ગમે કે ન ગમે, છતાં આપણે આ જ પૃથ્વી પર શ્વાસ લઈએ છીએ. યુગ, વાતાવરણ કે પૃથ્વીનો ત્યાગ કરીને આપણે સૂર્યલોક, ચંદ્રલોક કે એવા બીજા લોકમાં જઈ શકીએ તેમ નથી. કદાચ તે માટેના પ્રયોગો સફળ થાય ને આપણને તેવી શક્તિ મળી જાય તો પણ શું ? તે લોકનું વાતાવરણ પણ આપણી ઉન્નતિને અનુકૂળ હશે તેની શી ખાત્રી ? ત્યાંનું વાતાવરણ અહીંથી પણ વધારે વિરોધી નહિ હોય તેની કોને ખબર છે ? તે લોકમાંથી કોઈ સમાચાર લખે ત્યારે કૈંક સમજી શકાય. પણ ઋષિઓ દિવ્યદૃષ્ટા હતા. પોતાની દિવ્ય દૃષ્ટિથી સૃષ્ટિનું દર્શન કરીને તે લખી ગયા છે કે બીજા બધા લોકો કરતાં આ મૃત્યુલોક ઉત્તમ છે. દેવતાઓ પણ તેમાં જન્મ લેવાની ઈચ્છા રાખે છે. એ વાતમાં આપણો વિશ્વાસ હોય કે ન હોય, પણ આપણે આ પૃથ્વી પર રહીએ છીએ ત્યાં સુધી અહીં રહીને જ કામ કાઢી લેવાનું છે એ વાત તો સહેલાઈથી સમજી શકાય તેવી છે. એટલે આ પૃથ્વી પર જે વાતાવરણ મળ્યું છે તેમાંથી આપણે માર્ગ કાઢવાનો છે. આપણી અંદર જે દુર્ગુણો છે તેમને દૂર કરીને સદ્ ગુણી થવાનું છે. સારા વિચાર, સારી વૃત્તિ ને સારા વર્તનથી સુશોભિત થવાનું છે. ટૂંકમાં કહી શકાય કે દૈવી સંપત્તિથી સંપન્ન થવાનું છે. દૈવી સંપત્તિની પ્રાપ્તિનો અર્થ એ જ છે.

**[ ૧૧ ] હિંસાનું વાતાવરણ**

જે લોકો એમ કહે છે કે આજે વાતાવરણ હિંસાનું છે તેમનું કથન કાંઈ સાવ ખોટું નથી. જગતમાં હિંસાના પરમાણું સારી પેઠે પ્રસરી રહ્યાં છે. હિંસાના દાનવની આરાધના જગતમાં યુગોથી થતી આવી છે. તેની અસર આજે પણ જોવા મળે છે. એટમ ને હાઈડ્રોજનથી થતી બોમ્બની શોધ એનો પ્રત્યક્ષ પૂરાવો છે. મોટા પ્રમાણમાં હિંસા કરવાના અથવા પોતાના પર કરાતા આક્રમણને અટકાવવા મોટા દેશો એવાં કેટલાંક વિનાશક શસ્ત્રો પાછળ કેટલુંય ધન ખરચી રહ્યા છે. કેટલાક બુદ્ધિમાન માણસો પોતાની બુદ્ધિ એમાં કામે લગાડે છે ને વરસોના પરિશ્રમ પછી તેમની શોધ થાય છે. એ શસ્ત્રોના પ્રયોગ કરવામાં આવે છે, ત્યારે તેની

અસર ઘણી ભયંકર થાય છે. માણસો ભયભીત થાય છે. જાન ને માલની હાનિ થાય છે, ને પૃથ્વી, પવન ને પાણી પણ ખરાબ થાય છે. એ શસ્ત્રોની શોધના સમાચાર જાણીને લોકોના મનમાં યુદ્ધનો ભય, સલામતીની શંકા ને અશાંતિ કાયમ રહે છે. સંસ્કૃતિનો નાશ કરવામાં એ શસ્ત્રો બહુ મોટો ભાગ ભજવે છે, શુભ અને અશુભ, મંગલ ને અમંગલ ને ધારેલું કે ના ધારેલું બધાનો નાશ કરીને સંસારને સ્મશાનમાં પલટાવી દે છે. એટલે જ ડાહ્યા માણસોએ તેમની સામે વિરોધનો અવાજ ઊઠાવ્યો છે, ને તેમના પ્રયોગો બંધ કરવાની ને તેમના પર પ્રતિબંધ મૂકવાની માનવતાભરી અપીલ કરી છે. પરંતુ જેમના હાથમાં શસ્ત્રોનો ઈજારો છે તેમને તે અપીલ હજી સ્પર્શી શકી નથી. શસ્ત્રોની પાછળ જેટલો પરિશ્રમ કરવામાં આવે છે, ને જેટલા નાણાં ખરચાય છે, તેટલો પરિશ્રમ ને તેટલું ખર્ચ જો પ્રજાની સુખાકારી માટે કરવામાં આવે તો શાંતિ ચોક્કસ ને જલદી આવશે. ગરીબી, અજ્ઞાન, શોષણખોરી, રોગ ને સીતમનો અંત લાવવાનો પ્રયાસ કરવાથી શાંતિ વહેલી સ્થપાશે એ સમજી લેવાની જરૂર છે.

જગતમાં અહિંસાના દેવતાનું દર્શન દુર્લભ થઈ ગયું છે એ તો સાચું. પરંતુ દેશનું દર્શન તો કરો. ત્યાં પણ શું દેખાય છે ? હિંસાનું વાતાવરણ ત્યાં પણ નથી એમ નહિ. મોટાં ને નાનાં શહેરોની મુલાકાત લો તો કતલખાના મોટી સંખ્યામાં દેખાશે. દેશભરમાં કેટલાં કતલખાના છે, ને તેમાં દરરોજ કેટલાં પ્રાણીની કતલ કરવામાં આવે છે, તેનો નક્કી હિસાબ કરવામાં આવે, તો તેનો આંકડો ખૂબ મોટો ને ચોંકાવનારો સાબિત થશે. મોટા શહેરોના બજારમાં ફરવા નીકળો તો માંસની દુકાનો સહેજે જોવા મળશે.

એ પછી સમાજ ને ઘરનું નિરીક્ષણ કરો. ચામડાનો વપરાશ આજે વધતો જાય છે. પશ્ચિમનું અનુકરણ કરીને માણસો પાકીટ, થેલા, પેટી બધું ચામડાનું રાખવા લાગ્યા છે. એટલું બધું ચામડું પ્રાણીઓની કતલ કર્યા વિના ક્યાંથી આવે ? માણસ પોતાનું જીવન ચર્મમય બનાવીને એટલે કે જીવનમાં ચામડાની વસ્તુઓનો વપરાશ વધારીને ચામડાના ધંધાને પોષણ ને પ્રોત્સાહ આપે છે. કતલખાનાને કાયમ કરવામાં તેમજ પશુની હત્યામાં જાણ્યે કે અજાણ્યે, સીધી કે આડકતરી રીતે મદદરૂપ બને છે. આ વસ્તુ કેટલી ખરાબ કહેવાય ? સમાજમાં ચામડાની વસ્તુ વાપરનારા કોઈ હોય જ નહિ, તો ચામડાંનો ધંધો કેટલોક ચાલે ? માંસ ખાવાનું બંધ થાય, તો પશુઓની કતલ શા માટે થાય ? સભ્યતા ને સુધારને માટે ભારે નામોશીરૂપ કતલખાનાં પણ તુરત બંધ થાય એટલે જીવહિંસાને ચાલુ રાખવામાં હિંસાના પરિણામે મળનારી વસ્તુઓ વાપરનારનો હિસ્સો કાંઈ નાનોસૂનો નથી, એ વાત સહેજે સમજી શકાશે.

સુધરેલા કહેવાતા કુટુંબોમાં ચામડાનો વપરાશ ઘણો વધી પડ્યો છે. ઘરમાં હરણ ને વાઘનું ચામડું રાખવું, મૃગ કે સાબરના શીંગડાં રાખવા ને હાથીદાંત મૂકવા એ એક ફેશન ગણાય છે. એમાં વધારો કરી માંસ ને મદિરાનું સેવન કરવામાં લોકો ગૌરવ લે છે, ને સુધારાની નિશાની સમજે છે. વિવેકી પુરૂષો કહેશે કે એ નિશાની સુધારાની નહિ પણ કુધારાની છે ને તેમાં ગૌરવ લેવા જેવું કશું જ નથી.

### [૧૨] માંસાહાર વિષે ગાંધીજી, દયાનંદ ને અરવિંદની વાત

માંસાહારનું સમર્થન કરનારા કહે છે કે ‘રોટલી ને દાળભાત તે કાંઈ ખોરાક છે ! તેમાં કશો કસ નથી. તે તો નબળા માણસોનો ખોરાક છે. માંસમાં કેટલો સ્વાદ છે ! માણસો માંસાહાર નથી કરતા માટે તો તેમનું

મગજ નબળું રહે છે. શરીર પણ શક્તિ વિનાનું બને છે, ને જીવન ટૂંકુ થાય છે. માણસે શક્તિશાળી થવા, બુદ્ધિને ખીલવવા ને જીવનશક્તિને વધારવા માંસાહારી થવું જોઈએ. માંસાહાર તરફ સૂગ કેળવવાની જરૂર નથી. તેવી સૂગથી જ દેશનું અધઃપતન થયું છે. માંસાહાર કાંઈ ખરાબ વસ્તુ પણ નથી. સંસારનું નિરીક્ષણ કરો તો જણાશે કે મોટા ને બળિયા જીવો નાના ને નબળા જીવોને મારીને જીવે છે. માટે જ કહ્યું છે કે **जीवो जीवस्य जीवनम् ।** એક પ્રાણી બીજા પ્રાણીનું જીવન છે. જગતના બધા જીવોમાં ઉત્તમ કહેવાતો માણસ એ નિયમ પ્રમાણે ચાલે એમાં કશું જ ખોટું નથી. જૂના જમાનામાં કેટલાક ઋષિઓ પણ માંસાહાર કરતા. તેથી શક્તિ મેળવીને તે કેવા મહાન ગ્રંથો લખી ગયા છે, ને કેવાં મોટાં કામ કરી ગયા છે તેનો વિચાર તો કરો.'

માંસાહારનું સમર્થન કરવા માગનારા માણસોની એ બધી દલીલોનો રદિયો આપવાનું અઘરૂં નથી. ખરૂં જોતાં તો આજ સુધીમાં અનેકવાર વિવેકી પુરૂષોએ તેવી દલીલોના ઉત્તર આપી દીધા છે, તેથી તે દલીલો પોકળ સાબિત થઈ ચૂકી છે. છતાં આપણે તેમનો ઉપલક વિચાર કરી જઈએ.

માંસાહારમાં જેમને સ્વાદ લાગે છે તેમણે સમજી લેવું જોઈએ કે માંસાહાર પર તેમને રુચિ છે ને તે માંસાહાર કરવા ટેવાયેલા છે, માટે જ તેમને સ્વાદ લાગે છે. શરાબીને શરાબમાં, ચોરને ચોરીમાં ને વ્યભિચારીને વ્યભિચારમાં પણ સ્વાદ લાગે છે તે પ્રમાણે કૂતરાંને હાડકામાં પણ કોઈ અનેરો સ્વાદ લાગે છે તેથી તો તેને ચાટ્યા કરે છે. એટલે શું એમ માની લેવું કે તે બધી વસ્તુમાં ખરેખર સ્વાદ છે ? ને ધારો કે તેમાં સ્વાદ હોય તો પણ તે સ્વાદ ઈચ્છવા જેવો છે કે કેમ એ પ્રશ્ન તો રહે જ છે. માંસાહારમાં સ્વાદ છે એ વાત સાંભળીને તમે માંસાહારની તરફેણમાં મત નહિ જ આપી શકો. સ્વાદ શામાં નથી ? કોણે કહ્યું કે દાળ, ભાત ને રોટલીમાં સ્વાદ નથી ? તેમાં સ્વાદ માનનારા કરોડો માણસો જગતમાં જીવી રહ્યાં છે. કુદરતે કેવી સુંદર ને સ્વાદમય વસ્તુઓનું સર્જન કર્યું છે તે તો જુઓ. કેવાં કેવાં ફૂલ ને મધથી પણ મીઠાં ફળ તેને ખોળે ખીલી ને શોભી રહ્યાં છે ! તે ઉપરાંત મૃત્યુલોકમાં અમૃત જેવું દૂધ, દહીં, ઘી ને માખણ તથા મધ પણ હાજર છે. તેનો તો સ્વાદ માણી જુઓ. બીજા સ્વાદ તેની પાસે ફીક્કા લાગશે. માંસાહારની ટેવ તેની આગળ નીરસ લાગશે, જંગલી જેવી સાબિત થશે.

માંસાહારથી શક્તિ મળે છે, એ વાત પણ ખોટી છે. માંસાહારથી તરફેણ કરનારા લોકોએ એ વાત ઉપજાવી કાઢી છે. તેનાથી મોટી ભ્રમણા બીજી કઈ હોઈ શકે ? અનાજ ખાવાથી શક્તિ નથી મળતી એમ માનવામાં અજ્ઞાન રહેલું છે. આયુષ્યને વધારવામાં માંસાહાર મોટો કે નાનો ભાગ ભજવે છે એ માન્યતા નિરાધાર છે. મહાત્મા ગાંધીજી હમણાં જ થઈ ગયા છે. તે માંસાહારના વિરોધી હતા એ સૌ કોઈ જાણે છે. તે સાધારણ ને સાદો ખોરાક લેતાં હતાં, છતાં પણ તે કેટલા બધા શક્તિશાળી હતા તેનો વિચાર તો કરો. મોટી ઉંમર સુધી દેશની આઝાદી ને દુનિયાની શાંતિ માટે તે ઝઝૂમ્યા. તેમનું શરીર, મન ને તેમનો અંતરાત્મા ત્રણે શક્તિના ભંડારરૂપ હતા. શારીરિક, માનસિક ને આત્મિક શક્તિની ઉચ્ચોચ્ચ કોટીએ તે પહોંચ્યા હતા. શરીરને તગડું બનાવવામાં કે ફૂલાવીને પહેલવાન જેવું ભારેખમ કરવામાં શક્તિનો સમાવેશ થતો નથી. શરીરની શક્તિ તો તંદુરસ્તી ને કામ કરવાની સ્ફૂર્તિમાં રહેલી છે. શક્તિ ગાંધીજીમાં ન હતી એમ કોણ કહેશે ? તેમની પાસે જે શક્તિ હતી, તે સિકંદર, નેપોલિયન ને બીજા શૂરવીરો કરતાં પણ વધારે હતી. ભયાનક શસ્ત્રો ને બોમ્બની પણ તેની પાસે વિસાત ન હતી. તે શક્તિથી તે જીવનભર લડ્યા, માનવતાની સેવા કરીને દેશને

અહિંસક રીતે આઝાદ કર્યો. શસ્ત્રોથી સજ્જ થયેલો સામ્રાજ્યવાદનો કિલ્લો તેમની સામે તૂટી પડ્યો. એથી વધારે બીજી કઈ શક્તિ હોઈ શકે ? તે શક્તિ દૂધ, ફળ ને અનાજથી જ મળી શકી હતી. માંસાહાર કરવાથી નહિ. પણ માંસાહારથી દૂર દૂર રહેવાથી જ એ શક્તિ ખીલી શકી હતી.

તે ઉપરાંત મહર્ષિ દયાનંદનો વિચાર કરો. દૂધ ને રોટલી ખાનારા એ વીર સંન્યાસી પુરૂષે દેશમાં ક્રાંતિ કરવા કેટલો બધો પરિશ્રમ કર્યો ! તેમનું બુદ્ધિબળ કેટલું અપાર હતું ! વેદના તે મહાન પંડિત હતા, તેમનું શરીર પણ સુદૃઢ હતું. એટલે માંસાહાર કરવાથી વધારે શક્તિ મળે છે ને આગળ વધવા માટે માંસાહાર કરવો જોઈએ એ માન્યતા ખોટી છે.

**[ ૧૩ ] હિંસા ને માંસાહાર : જંગલી દશાની નિશાની**

છતાં પણ માનવા ખાતર થોડી વારને માટે માની લો કે માંસાહારમાં સ્વાદ ને શક્તિ રહેલાં છે. તે છતાં માંસાહાર કરવાનું કોઈ કારણ નથી. માણસ વિવેકી ગણાય છે, તેને બુદ્ધિ છે. તેનો ઉપયોગ કરીને તેણે આગળ વધવું જોઈએ. વિવેકી બનીને તેણે સારાને ગ્રહણ કરવું જોઈએ ને ખરાબનો ત્યાગ કરવો જોઈએ. એમાં સ્વાદ કે શક્તિનો વિચાર આડે ન આવે તે જોવાની તેની ફરજ છે. તેણે કોઈ પણ સંજોગોમાં સ્વાદના ગુલામ થવાનું નથી. જે સ્વાદ ને શક્તિ બીજાને માટે મારક કે નુકશાનકારક સાબિત થાય તે સ્વાદ ને શક્તિને શું કરવાના ? રોમ બળી રહ્યું હતું ત્યારે નીરો સંગીતના સ્વાદમાં મગ્ન હતો એમ કહેવાય છે. તે શું ઉત્તમ લાગે છે ? પહેલાના રોમન રાજાઓને જંગલી જનાવર ને મલ્લોની કુસ્તી કરાવવાનો શોખ હતો. મરણતોલ કુસ્તીમાં બેમાંથી એક મરી જાય તે જોવામાં તેને સ્વાદ લાગતો. જોનારા પણ તેમાં ભાગ લેતા. તે સ્વાદ શું સારો હતો ? એક સંતપુરૂષે તે સામે વિરોધ ઊઠાવ્યો, કેમ કે તે વિવેકી હતો. માણસે એકલા સ્વાદને જોવાનો નથી. તેના સારાસારનો વિચાર પણ કરવાનો છે. એવો વિચાર કરવામાં આવે તો માંસાહાર ને માટે કરાતી પ્રાણીઓની હિંસા એક શરમજનક જંગલી વસ્તુ જણાશે.

હવે તો માણસ સુધર્યો છે, ને દિવસે દિવસે વધારે ને વધારે સુધરતો જાય છે. એ દશામાં સર્વ પ્રકારની હિંસાનો તેણે બને તેટલો ત્યાગ કરવો જોઈએ. બુદ્ધે પશુબલિ સામે અવાજ ઊઠાવ્યો, તે વસ્તુને આપણે સારી માનીએ છીએ તેમ પશુની હિંસા ને માંસાહાર સામે પણ આપણે અવાજ ઊઠાવવો જોઈએ. શરીરમાં થઈ રહેલા જઠરાગ્નિના યજ્ઞને માટે માણસો માંસાહાર કરે છે તે જરાય ઠીક નથી. માણસે સમજી લેવું જોઈએ કે પોતાની જેમ બધા જીવોને પોતાનું જીવન પ્રિય છે. તેથી કોઈની પણ હત્યા કરવામાં અપરાધ ને પાપ છે. હત્યાના પરિણામે મળતું ફળ ભોગવવામાં પણ પાપ છે. નરબલિ ને પશુબલિની પેઠે માંસાહાર ને તેને માટે પશુપંખીની હિંસા પણ જંગલી દશાની નિશાની માનવી જોઈએ.

પહેલા માણસ જંગલી દશામાં જીવતો હતો ત્યારે તે પશુપંખીને મારતો ને ખાતો. માણસ મારી ખાનાર જાતિઓ પણ ઘણી હતી ને આજે પણ તેમનો છેક અભાવ નહિ હોય. પહેલાંની પરિસ્થિતિ જુદી હતી. તે પ્રમાણે જીવનના નિભાવની પદ્ધતિ પણ જુદી હતી. પરંતુ આજે તો માનવ આગળ વધ્યો છે. આજે તો તે ખેતી કરી શકે છે. ફળ ને શાકભાજી ઉગાડી શકે છે, ને દૂધનો ઉપયોગ પણ કરી શકે છે. તે ઉપરાંત મેવામિઠાઈ પણ ખાઈ શકે છે. જાતજાતનાં સાધન એટલા વધી પડ્યા છે કે ખાદ્ય પદાર્થોને દૂર દૂરના

પ્રદેશમાંથી મંગાવી પણ શકે છે, તે દશામાં પશુ, પ્રાણી ને કુદરતની વાતો ટાંકી બતાવીને અથવા તો જૂના જમાનાનો પૂર્વજોનાં ઉદાહરણ લઈને હિંસા ને માંસાહારને જરૂરી માનવાનું વલણ બિલકુલ ડહાપણભર્યું નથી એ સમજી લેવાની જરૂર છે. આ પૃથ્વી ઘણી વિશાળ છે. તે ભરચક અનાજ આપી શકે છે. બધાં માણસો માંસાહારી મટીને શાકાહારી થઈ જશે તો તેનું અનાજ નહિ ખૂટે. એટલે માણસોએ માંસાહારનું મિથ્યાપણું સમજી લેવાની જરૂર છે. માંસાહાર કરવાની વૃત્તિ કેવી રીતે થાય ? મરેલા કે મારેલા પશુ–પંખીના માંસને મોંમા મૂકાય જ કેવી રીતે ? અરે, માંસ તે કોઈ ખાવાની ચીજ છે ? પવન ને પાંદડા ખાવ, પાણી પીઓ ને છેવટે ભૂખે મરો તો પણ માંસાહારનો વિચાર સરખો કરશો નહિ. તમારા ભોજનની થાળીમાં કોઈ છાંટો કલંકિત કરશો નહિ.

**[ ૧૪ ] શોખની હિંસા : શિકાર**

જીવનને જાળવવા કે શરીરને ટકાવવા જે હિંસા થાય છે તે હિંસા જુદી છે પણ તે ઉપરાંત એક જુદી જ જાતની હિંસા છે તે શોખની હિંસા કહી શકાય. તેનો કોઈ ઉપયોગ નથી. કેવળ આદતને આધીન થઈને તે કરવામાં આવે છે. શિકાર કરવાની ટેવ જેવી બીજી કેટલીક ટેવોનો તેમાં સમાવેશ થઈ શકે છે. તેનો પણ ત્યાગ થવો જોઈએ.

શિકારની શૂરાતન કેળવાય છે એમ કહેવામાં આવે છે. માનવા ખાતર એ વાત માની લઈએ તો પણ શુરાતન કેળવવા માટે શિકાર સિવાયના બીજા ઘણા નિર્દોષ માર્ગો છે. જેનાથી કોઈને નુકશાન થાય તેવા સાધનને બદલે શૂરવીરતા કેળવવા ને આનંદ લૂટવા નિરાપદ અથવા કોઈને નુકશાન ન કરનારા સાધનનો આશ્રય લેવો જોઈએ. વિવેક તો એમ જ કહે છે. જે પ્રાણીઓથી વસ્તીને નુકશાન થતું હોય અથવા વસ્તીના મોટા ભાગને ભય હોય, તે પ્રાણીઓની હિંસા કરવાની વાત સમજાય તેવી છે. પરંતુ જે જંગલમાં પોતાના ઘરમાં શાંતિથી રહે છે, વસ્તીને નુકશાન કરતા નથી તેવાં પ્રાણીઓનો શિકાર કરવાનું કામ જરા પણ સારું નથી. એમ તો પછી પારકી સ્ત્રીનું બળજબરી હરણ કરનાર ને ઘરના રક્ષકોને મારી ઘરમાં લૂંટ કરનાર લૂંટારાને પણ વીર કહેવો પડે, ને તેનું કામ વીરતાને પોષનાર છે એમ માનવું પડે. નિર્બળ, અનાથ ને દુઃખી પ્રત્યે દયા રાખીને તેને મદદ કરવામાં વીરતા રહેલી છે. બીજાની રક્ષા કરવામાં વીરતા સમાયેલી છે. જે વીરતા બીજાની હિંસા કરવામાં ગૌરવ લે છે, ને બીજાનો નાશ કરવાથી કેળવાય છે, તે વીરતા આપણને જોઈતી નથી. શાંતિની ઝંખના કરતા જગતને તે ભારે થઈ પડશે.

કુદરતને ખોળે ખેલનારાં પંખીઓ કોઈનું શું બગાડે છે ? તેમને મારી નાખવામાં માણસને શો આનંદ આવતો હશે ? પણ બધા માણસો હજી સાચા માનવ નથી. કેટલાક દાનવ પણ છે. તેમનાં દિલ નિર્દય ને કઠોર છે. તેવા માણસો શિકાર કરેલી વસ્તુને ખાવા પણ બેસી જાય છે. તેમ કરતાં તેમનું રૂંવાડું પણ હાલતું નથી. આમ માણસો માણસોની હત્યા કરતાં પણ શરમાતા નથી. માણસોની હત્યા તેમને મન રમત વાત થઈ પડી છે. માણસોની હત્યા કરવા તે નવાં નવાં શસ્ત્રો શોધે છે. નવી નવી યોજનાઓ કરે છે ને અપાર પ્રમાણમાં જાનમાલને હોડમાં મૂકે છે છતાં પણ તે શાંતિચાહક ને સભ્ય માણસોમાં ખપે છે એ આશ્ચર્ય છે ? માનવજાતિના એ સુધરેલા શિકારીઓ માનવતાને ભૂલીને ભયંકર અપરાધ કરી રહ્યા છે એમાં શંકા નથી.

વાતવાતમાં ચપ્પુ ને છરા ખોસી દેવાના બનાવો તો હવે સામાન્ય થઈ ગયા છે ગોળીઓ મારવાના બનાવો પણ ઘણા બને છે. તેમાં પકડાતા આરોપીઓને શિક્ષા પણ થાય છે. તેવી રીતે નિર્દોષ પશુપંખીનો શોખ કે આનંદને ખાતર શિકાર કરનાર પણ શિક્ષાને પાત્ર ગણવા જોઈએ, તેવા માણસો અપરાધી ગણવા જોઈએ. તેને બદલે ગાડી આજે જુદી જ દિશામાં ચાલે છે. આજે તો મરેલા વાઘ, સિંહ કે દીપડા સાથે શિકારીના ફોટા પાડવામાં આવે છે, ને તેને ઈનામ પણ મળી રહે છે. કોઈ ભારે બહાદુરીનું કામ કર્યું હોય તેમ તેના ગુણ ગાવામાં આવે છે. કેટલું વિચિત્ર !

શિકાર કરનારા કેટલીક વાર દલીલ કરે છે કે વાઘ ને સિંહ જેવાં પ્રાણી તો ભયંકર છે. લોકોને તેમનાથી નુકશાન પહોંચે છે. તેમનો શિકાર કરવામાં શી હરકત છે ? આપણે કહીશું કે તમારા હૃદયને તપાસી જુઓ તો જણાશે કે તમે કોઈની દયાથી નહિ પણ શોખથી શિકાર કરવા પ્રેરિત થયા છો. તેમ કરવામાં તમને આનંદ આવે છે, એ મોટું કારણ છે. વસ્તીમાં આવીને તે ઉપદ્રવ મચાવે છે, તે વખતે તમે લોકોની રક્ષા માટે તૈયાર થાવ તેમાં તમારી બહાદુરી છે. તેવી બહાદુરી આવકારદાયક છે, પણ વધારે ભાગે વાત એથી ઊલટી જ બને છે. જંગલી જનાવરો કોઈને નુકશાન કરતાં નહિ હોય તો પણ, તેમને શોધવા તમે તેમના ઘર–જંગલમાં પહોંચો છો; તેમને ફસાવવાની યુક્તિ કરો છો, ને છેવટે ચોરીછુપીથી તેમનો શિકાર કરો છો, એ કઈ જાતની બહાદુરી છે ? એ આવકારદાયક બહાદુરી તો નથી જ.

જંગલી જનાવરો જંગલમાં ન રહે તો બીજે ક્યાં રહે ? તમે તેમને ત્યાં પણ શાંતિથી રહેવા દેતા નથી, ને બંદૂક તથા તીરકામઠાં લઈને પહોંચી જાવ છો. તમારા કામને આક્રમણ શા માટે ન કહેવાય, ને તે માટે તમને ગુન્હેગાર ગણીને તમારા પર કામ કેમ ન ચલાવાય ? ખૂન ને યુદ્ધ કરનારા માણસો પણ તમારા જેવી દલીલ કરે છે. તે પણ કહે છે કે આ માણસ ને આ પ્રજા સમાજને માટે ભયરૂપ છે તથા હિંસક, અપરાધી ને જંગલી છે માટે તેનો નાશ કરવો જોઈએ. એ પદ્ધતિ સારી છે એમ કોણ કહી શકશે ? કેટલાક લોકો શિકાર કરેલાં પ્રાણીના ચામડાથી ઘરના ખંડને શણગારે છે. મુલાકાતીઓને તે બતાવી તેમાં ગૌરવ લે છે પણ એમાં ગૌરવ લેવા જેવું છે જ શું ? ઊલટું, માણસ જો સમજુ હોય તો શરમાવા જેવું છે. માણસ શિકારી થવામાં ગૌરવ લે છે, એ તેનું અધઃપતન બતાવે છે. ખરી રીતે તેણે ભક્ષક નહિ પણ રક્ષક થવામાં ગૌરવ લેવું જોઈએ.

એટલે શિકારના શોખનો ત્યાગ કરવા માણસે તૈયાર રહેવું જોઈએ. ઈશ્વરે તેને બળ આપ્યું છે, બુદ્ધિ આપી છે, ને સૃષ્ટિમાં સૌના કરતાં આગળના આસન પર બેસાડ્યો છે. તો તે આસન તેણે શોભાવવું જોઈએ. બળ ને બુદ્ધિનો ઉપયોગ કોઈને રંજાડવા માટે ન કરવો જોઈએ, નિરર્થક હિંસા કરીને પોતાના હાથને લોહીથી ખરડવા ન જોઈએ. જીવનને બનતું અહિંસક કરવાનો પ્રયાસ કરવો જોઈએ. ગીતામાતાની દૃષ્ટિ પ્રમાણે ત્યારે જ તે દૈવી સંપત્તિથી સંપન્ન થયો એમ કહેવાશે. માનપાત્ર પણ ત્યારે જ મનાશે. બાકી તે દાનવ ગણાશે એમાં સંદેહ નહિ.

### [ ૧૫ ] ગાય ને બીજા પશુની હિંસા

ગાયને માતા કહેવામાં આવે છે. માતાતુલ્ય પવિત્ર માનીને તેને પૂજવામાં આવે છે. તેના શરીરમાં બધા દેવતા વાસ કરે છે એમ કહેવાય છે. તે વાતમાં આપણે માનીએ કે ન માનીએ, પણ એક વાત તો માનવી જ પડશે કે ગાય બહુ ઉપયોગી છે. ખેતીપ્રધાન દેશની તે મોટી મૂડી છે. ખેતી માટે યંત્રો વાપરવામાં આવે તો પણ, ગાય ઘણી કિંમતી છે ને કિંમતી જ રહેવાની. તેનું દૂધ કેટલું અમૃતમય છે ! સ્વભાવે તે શાંત ને અહિંસક છે. કુદરતની કરૂણ કવિતા જેવી ગાય પશુઓમાં કોઈ મહાન ઋષિ જેવી લાગે છે. તેનું જીવન તપસ્વિનીનું જીવન છે. જીવતાં તો સેવા કરે છે, પણ મૃત્યુ પછી પણ તે ઉપયોગી થઈ પડે છે. તેનું પ્રત્યેક અંગ ઉપયોગી છે. ગૌમાતાની હત્યા પણ આજના યુગમાં ચાલે છે એ શરમની વાત છે. ગૌહત્યાનો અંત આવવો જોઈએ. ગૌહત્યા એક મહાન ગુન્હો ગણાવો  જોઈએ, ને ગાયની રક્ષાનું વ્રત લેવાવું જોઈએ. શ્રીમંતો મોટર રાખે છે, તેની સાથે ગાય રાખે તો કેટલું સારું ? સાધારણ માણસો પણ ગૌસેવામાં પોતાનો ફાળો આપી શકે છે. ધર્મપ્રાણ કહેવાતા ભારતમાં ગૌહત્યા તો શું કોઈ પ્રાણીની હત્યા પણ ન થવી જોઈએ.

એક રાજ્યના મુખ્ય પ્રધાને કહેલું કે ઘરડાં ને નકામાં ઢોરની હત્યા કેવી રીતે બંધ કરી શકાય, ત્યારે મને ભારે નવાઈ લાગેલી. જવાબદાર માણસો આવા વિચાર જાહેર કરે છે તે ખરેખર ખેદજનક છે. જો તેમનો વિચાર સાચો હોય તો તેમનાં ને બીજાનાં વૃદ્ધ થઈ ચૂકેલાં ને કામ ન આપનારાં સંબંધીઓ ને માતાપિતાને વહેલામાં વહેલી તકે મારી નાખવાં જોઈએ. શું તે બરાબર છે ? તો પછી ઘરડાં ઢોરને પણ કેવી રીતે મારી શકાય ? જ્યાં સુધી શક્તિ હતી ત્યાં સુધી તેમણે કામ આપ્યા કર્યું છે. હવે જીવનના છેલ્લા દિવસોમાં શરીર ઘસાઈ ગયું છે, ત્યારે શું તેમને શાંતિનો શ્વાસ લેવાનો ને પેન્શન ખાવાનો હક નથી ? તે હક તો સરકાર પોતાના નોકરોને માટે પણ મંજૂર રાખે છે, તો પછી પશુઓએ શો ગુન્હો કર્યો ? ઘરડાં ઢોર નકામાં નથી. તેમને પાળવાનું કામ ભારે નથી. જો યોગ્ય વ્યવસ્થા થાય તો તેમને પાળવાનું ખર્ચ તે સહેલાઈથી પૂરું પાડે તેમ છે. ખાતર જેવી ઉપયોગી વસ્તુ તે પૂરી પાડે છે. તો પછી તેમને નકામા માની મારી નાખવાની મંજૂરી શા માટે આપવી જોઈએ ? એવી મંજુરી આપનારા નેતાઓ પોતાને ગાંધીજીના ચુસ્ત અનુયાયી ને ભક્તો કહેવડાવે છે એ વાત અજબ છે. શું ગાંધીજીના વિચારો આવા છીછરા હતા ? ભલભલાં પાપી ને અપરાધીને મારવામાં પણ નહિ માનનારાં, અહિંસાની મૂર્તિ જેવા ગાંધીજી શું  ઘરડાં ઢોરોને મારી નાખવામાં માનતા હતાં ? તેમના જેવા ગૌભક્તને સ્વપ્ને પણ એવો વિચાર ન આવી શકે. ગાય ને બીજાં પશુઓની હિંસા બંધ કરવામાં સરકાર ને સમાજ બંને પોતાનો ફાળો આપી શકે છે. કોઈએ પોતાની સંયુક્ત જવાબદારીમાંથી છૂટવાનો પ્રયાસ કરવો જોઈએ નહિ.

બાબરે હુમાયુને માટે જે વીલ કર્યું હતું તેમાં એણે સ્પષ્ટ આજ્ઞા કરેલી કે આ દેશમાં ગાયની હત્યા કદી પણ થવી જોઈએ નહિ. એ જાણીને મને બહુ આનંદ થયો. અકબર જેવા બીજા મુગલ બાદશાહો પણ ગૌહત્યાના સખત વિરોધી હતાં. ગૌહત્યાનો વધારે પ્રચાર અંગ્રેજ રાજ્યમાં થવા માંડ્યો. પરદેશીઓએ નાખેલી ઘણી બેડીઓને આપણે તોડી નાખી છે. અહિંસક રીતે આઝાદ થઈને ગુલામીની બેડી પણ તોડી નાખી. હવે ગૌહત્યા ને બીજા પશુની હત્યાની બેડીને પણ તોડી નાખવાની છે. ત્યારે જ આપણું મસ્તક ગૌરવથી ઊંચું થઈ શકશે.

સ્વરક્ષા તેમજ પરરક્ષા માટે ન છૂટકે, છેલ્લા છેલ્લા ઉપાય તરીકે હિંસાનો આશ્રય લઈ શકાય છે. તેવી હિંસા ગીતાને કબૂલ છે. બાકી બીજી બધી હિંસાનો માણસે ત્યાગ કરવો જોઈએ. રક્ષા માટે પણ હિંસા ન થાય તો તેના જેવું ઉત્તમ બીજું શું હોઈ શકે ?

**[ ૧૯ ] દૈવી સંપત્તિવાળાનાં બીજા લક્ષણો**

દૈવી સંપત્તિવાળા માણસના લક્ષણોની રજૂઆત કરતાં ભગવાન વળી કહે છે કે સત્ય, અક્રોધ, ત્યાગ અને શાંતિનું દર્શન તેવા માણસમાં સહેજે થઈ રહે છે. તે સત્યનો ઉપાસક હોય છે. ગમે તેવા વિરોધી વાતાવરણમાં પણ તે કોપાયમાન થઈને શરીર, મન ને વચનનો કાબૂ ખોઈ બેસતો નથી. તે સદાયે સ્વસ્થ રહે છે. સત્યને માટે ગમે તેવો ભારેમાં ભારે ત્યાગ કરવા પણ હસતાં હસતાં તૈયાર રહે છે. સ્વાર્થનો ત્યાગ કરે છે. દુષ્ટ વિચાર ને વૃત્તિ છોડી દે છે. ભય, કપટ ને વેરનો ત્યાગ કરે છે, ને પરમાત્માને માટે ફકીર બને છે અથવા પોતાનું સર્વ કાંઈ કુરબાન કરે છે. જ્યારે જુઓ ત્યારે તે શાંતિની મૂર્તિ જેવો દેખાય છે. તે શાંતિ સ્વાભાવિક હોય છે, કૃત્રિમ કે બનાવટી હોતી નથી. હૃદય સાફ થવાથી અથવા મનનો મેલ ધોવાઈ જવાથી તેનો ઉદય થયો હોય છે. આમ તે સનાતન હોઈ તેના સમાગમમાં જે કોઈ આવે છે તે સનાતન શાંતિની અસર નીચે આવીને ઊંડુ સુખ અનુભવે છે. તેના સમાગમથી તાપ મૂંઝવણ ને અશાંતિ દૂર થાય છે. નવજીવનની પ્રાપ્તિ થઈને કોઈ દેવદૂતની જેમ સંસારમાં તે જીવી રહે છે, ને જીવોને માટે મહાન આશીર્વાદરૂપ થઈ પડે છે.

તેના દિલમાં જીવમાત્ર પ્રત્યે પ્રેમ હોય છે, એટલે દયાની લાગણી તેનામાં આપોઆપ આવે છે. તેનું હૃદય ખૂબ કરૂણ હોય છે. માખણ પણ મૃદુ છે, પરંતુ માખણમાં ને તેનામાં એક મોટો તફાવત એ છે કે માખણ પોતાના દુઃખે, પોતાના અગ્નિથી પીગળે છે, જ્યારે તે પારકાની પીડા જોઈને પીગળી જાય છે, રોઈ ઉઠે છે, ને તેમના દુઃખને દૂર કરવા પ્રયાસ કરે છે. કોઈ પણ જાતના પક્ષપાત વિના બધાં પ્રત્યે તેને સરખો પ્રેમ હોય છે. સરખી દયાની લાગણી હોય છે, ને તેથી બધાની સેવા કરવા તે તત્પર રહે છે.

ભગવાને બીજા લક્ષણોની સાથે લજ્જાનો પણ દૈવી સંપત્તિમાં સમાવેશ કર્યો છે. તો અહીં લજ્જાનો અર્થ શો કરશો ? એ જ કે દૈવી સંપત્તિવાળા પુરૂષનો સ્વભાવ એવો થઈ ગયો છે કે તે ખોટા કામો કરતા શરમાય છે. ધર્મ, નીતિ ને ઈશ્વરની વિરૂદ્ધ ચાલવાનું તેને પસંદ પડતું નથી. તેની પ્રકૃતિ પ્રમાણે તેમ કરતાં તેને સહજ સંકોચ થાય છે. ક્ષમાનો તો તે સાગર હોય છે. કોઈ તેની વિરૂદ્ધ ગમે તેટલું બોલે કે તેનું બગાડે તો પણ તેને તે ઉદાર દિલે ક્ષમા કરે છે. જે વેર કરે તેને પણ પ્રેમ કરવા તે તૈયાર રહે છે તે ઉપરાંત તે જાણે છે કે માનવ ગુણ ને દોષ બંનેનો ભંડાર છે એટલે કોઈકવાર કોઈ કારણ વગર તે કોઈ અપરાધ, ભૂલ કે કુકર્મ કરી બેસે, તો તેનો નિરસ્કાર કરવાની જરૂર નથી. તેને માટે તેને દંડ દેવાની પણ જરૂર નથી. તેણે કેવા સંજોગોમાં ભૂલ કરી છે તેનો સહાનુભૂતિપૂર્વક વિચાર કરી, ને તેને બની શકે તો સુધરવાની તક આપો, સુધરવામાં સહાયતા કરો. એ પદ્ધતિ વધારે સારી ને અસરકારક છે. વેરનો બદલો વેરથી લેવાની વાત આકર્ષક ને દેખીતી રીતે સારી હશે, તેમાં કેટલાકને બહાદુરી પણ દેખાતી હશે, પરંતુ વેરના બદલામાં વેર કરવામાં બહાદુરી નથી. બહાદુરી તો વેરીને પણ ક્ષમા કરવામાં ને પ્રેમથી પલાળવા તૈયાર રહેવામાં રહેલી

છે. માટે જ વેરને નહિ પણ પ્રેમને ને ક્ષમાને વીરનું ભૂષણ કહેવામાં આવ્યું છે. આપ–લેના સિદ્ધાંત પર જ સંસારનો વ્યવહાર ચાલી શકે.

કોઈએ કહ્યું છે કે પ્રલયકાળના પવનથી કદાચ મેરૂ ડગે, આકાશ, પૃથ્વી ને આખું બ્રહ્માંડ ડોલવા માંડે, પણ મહાપુરૂષોનાં મન ડગતાં નથી. સંપત્તિ આવે કે વિપત્તિ, સુખ આવે કે દુઃખ, અમીરી આવે કે ગરીબી, તૂટીફૂટી ઝૂંપડીમાં રહેવાનું બને કે આંખને આંજી દેનારા મહેલમાં ને કોઈ સ્તુતિ કરે કે નિંદા, તો પણ પોતાના કર્તવ્યમાંથી, સત્યના પસંદ કરેલા પંથમાંથી મહાપુરૂષો પાછા વળતા નથી. તે જાણે છે કે સુખ, દુઃખ, સંપત્તિ ને વિપત્તિ તો આવનારાં ને જનારાં છે, શરીરનું ને સમસ્ત સંસારનું એવું છે. માટે તેનાથી પ્રભાવિત કે ચલિત થયા વિના જે વખત મળ્યો છે, જે ઉત્તમ અવસર હાથ લાગ્યો છે તે દરમ્યાન બને તેટલો વધારે ને વધારે વિકાસ કરી લેવો. તેમનું સંકલ્પબળ ઘણું મજબૂત હોય છે, ને તેવી મજબૂત હોય છે તેમની શ્રદ્ધા. તેમની ધીરજ વિશે પણ એમ જ કહી શકાય. ચિંતા, વિષાદ, વેદના, વિપત્તિ ને પ્રલોભનથી ભલભલાનું મન ડગમગી જાય, ભલભલા માણસો નિરાશ ને નાહિંમત બની માર્ગની અધવચ્ચે જ બેસી જાય, પણ તે તો પોતાના પ્રવાસનો નક્કી કરેલો પંથ કાપતા જ રહે છે, છેવટની ક્ષણ સુધી તેમની ધીરજ ને હિંમત કાયમ રહે છે. તેમની શ્રદ્ધા અડગ રહે છે. ધીર, ગંભીર ને ચોક્કસ ગતિથી તે આગળ ને આગળ પગલાં ભરતાં રહે છે. કોઈ પણ વખતે નકામી ઉતાવળ કરીને પોતાનું ને બીજાનું કામ તે બગાડી મૂકતા નથી. નકામી અશાંતિ ઊભી કરતાં નથી, કે આવેશમાં આવીને સાન ને ભાન ભૂલી જતા પણ નથી.

**[ ૧૭ ] શૌચ, અદ્રોહ ને અનીતિપણાનો અભાવ**

ગંદકી તો તેમને ગમે જ કેમ ? ગંદકી તો તેમને જરા પણ પસંદ પડતી નથી. દુર્ગુણ, દુષ્ટ વિચાર ને વૃત્તિ જીવનની ગંદકી છે. તેને દૂર કરી જીવનને નિર્મળ કરવા તે તૈયાર થાય છે. તેને માટે તો તે સાધના કરે છે. એવી રીતે તે પવિત્રતાના હિમાયતી ને પ્રેમી છે. તેમને તનની, મનની, અંતરની, ઘરની, કુટુંબની, સમાજની, દેશની કે દુનિયાની કોઈ પણ જાતની ગંદકી ગમે જ કેવી રીતે ? દૈવી સંપત્તિમાં શૌચનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેનો અર્થ એ થયો છે કે શૌચ એ દેવતા છે. તેની પૂજાથી જીવનનો ઉદ્ધાર થાય છે, જીવન ઉજ્જવળ બને છે. જીવનને અજવાળવાની ઈચ્છાવાળા પ્રત્યેક સાધકે તેની સાથે પ્રેમ કરવો જોઈએ. જીવનનું બરાબર નિરીક્ષણ કરીને રહીસહી ગંદકી પણ દૂર કરવા તૈયાર થવું જ જોઈએ. જે ગંદકીનો પ્રેમી, પૂજારી, પ્રસંશક ને હિમાયતી છે, તે દૈવી સંપત્તિના આનંદથી વંચિત રહેશે, ને જીવનની ઉન્નતિના ઉત્તમ કામમાં પાછળ પડી જશે.

અંદરની પવિત્રતાનું મૂલ્ય ઘણું મોટું છે. એટલે તે હોય તો બહારની પવિત્રતા વિના ચાલી શકે એવી દલીલ કેટલીક વાર કરવામાં આવે છે. તેના સંબંધમાં કહીશું કે અંદરની પવિત્રતાનું મૂલ્ય પણ ઓછું નથી. તે ઘણું મોટું છે. માટે તેની તરફ દુર્લક્ષ કરવાની જરૂર નથી. ગંદકી–ચાહે તે અંદરની હોય કે બહારની–ભૂષણ નહિ પણ દૂષણરૂપ છે, માટે તેને કાઢી નાખવા તૈયાર થવું જોઈએ. બધી દશામાં તે બદી છે ને જીવનની શોભામાં ઘટાડો કરે છે. માટે અંદરની પવિત્રતા હોય તો બહારની પવિત્રતા વિના ચાલી શકે એમ માનવું બરાબર નથી. બહારની પવિત્રતા વિના ચાલી શકે એમ માનો છો જ શા માટે ? અંદર એક ને બહાર બીજો

એવા બેવડા રંગની નીતિને અપનાવો નહિ. મહાપુરૂષોએ બહાર ને ભીતર બંનેની શુદ્ધિનું સમર્થન કર્યું છે. માટે તો સાધકે જેના પર બેસીને આત્મશુદ્ધિની સાધના કરવાની છે તે આસન ને પૃથ્વી તથા વાતાવરણની શુદ્ધિનું ખાસ ધ્યાન રાખવું એમ કહેવામાં આવ્યું છે. ખોરાક ખૂબ સુંદર ને સ્વચ્છ હોય, પણ જેનાથી તે ખાવાનો છે તે હાથ ગંદો હોય તો શું ખાવાનું ગમશે કે ? તેવી રીતે ખાવું એ સભ્યતાની વિરૂદ્ધ ગણાય છે. તેથી તો ખાતા પહેલાં હાથપગ ને મુખ ધોઈ નાખવામાં આવે છે. કોઈ જમવા આવે તો તેને પણ આસને બેસાડતાં પહેલાં પાણી આપવામાં આવે છે, જેથી તે શરીરે સ્વચ્છ થઈ શકે. તેની પાછળની ભાવના ઉત્તમ છે. આજે તમે બહારની ગંદકીને ચલાવી લેવા જેવી માનો તો કાલે ઊઠીને અંદરની ગંદકીને પણ નભાવી લો એમ પણ બને. કેમકે ગંદા રહેવાની વૃત્તિનો એક વાર સ્વીકાર કર્યા પછી તે વધતી જાય છે. પ્રત્યેક સદ્ગુણ તેમજ દુર્ગુણનું તેવું છે. તે વધવાની તક શોધે છે.

કોઈ પણ દુર્ગુણને કોઈ પણ જગ્યાએ રહેવાની તક જ ન આપો. તનમાં, મનમાં, વાણીમાં કે અંતરમાં, કોઈ પણ ઠેકાણે તેને રહેવા ન દો. તેની સાથે સમાધાન કે વ્યાપારના કરાર જ કરો નહિ. આગળ જતાં તે તમને ગુલામ કરી દેશે, તમારી સ્વતંત્રતાને ધૂળમાં મેળવશે. માટે તેને નવ ગજના નમસ્કાર કરો. સંબંધ બાંધો તો સદ્ગુણોની સાથે જ બાંધો. તે તમારા માટે મદદરૂપ ને મંગલ થઈ પડશે. સજ્જનની મૈત્રી કરવાનું ને દુર્જનથી દૂર રહેવાનું નીતિકારો પણ કહી ગયા છે. દુર્ગુણ મોટામાં મોટો દુર્જન છે. તે માણસને બેહાલ કરી દે છે. ગંદકી તેની સેનાનો આગળ પડતો સૈનિક છે. વિવેકી પુરૂષે તેનાથી દૂર રહેવું. તપ કે વૈરાગ્યને નામે પણ તેનું પોષણ કરવું નહિ. પરમાત્માને આપણે પ્રેમ ને પવિત્રતાની પ્રતિમા કહીએ છીએ. તેમનો પુજારી પવિત્રતાથી દૂર કેવી રીતે રહી શકે ? ગંદકીમાં આનંદ માનીને તે તેમની પ્રાપ્તિ કેવી રીતે રહી શકે ? તેમની ઝાંખી કરવા માટે તેણે પ્રેમમય ને પવિત્ર બનવું જ જોઈએ, બીજો કોઈ ઉપાય નથી.

દૈવી સંપત્તિવાળા પુરૂષમાં બીજાં કયા લક્ષણો હોય છે તે જાણો છો ? અદ્રોહ ને અમાનીપણું, તે કોઈનો દ્રોહ કરતો નથી. કોઈને દગો દેતો નથી ને સત્યના સિદ્ધાંતને કદી છોડતો નથી. અસત્યનો અંગીકાર કરીને પોતાની જાતને છેહ દેતો નથી. ભલું કરનારની ભલાઈ યાદ રાખીને તેનું ભલું કરવા સદા તૈયાર રહે છે. બુરૂં કરનારનું પણ તે કદી અમંગલ કરતો નથી. અમંગળ કરવાનો વિચાર પણ તેને આવતો નથી. તે સ્વમાની જરૂર હોય છે, પણ અભિમાની ને માનનો ભૂખ્યો હોતો નથી. માન મળે તો પણ ઠીક ને નહિ મળે તો પણ ઠીક, તેથી તેની સ્થિતિનો ભંગ થતો નથી. તે ઉન્મત્ત અથવા નિરાશ બની જતો નથી. નમ્રતાની તો તે મૂર્તિ હોય છે. બીજાને માન આપવા તે સદા તૈયાર રહે છે. તેમાં આનંદ માને છે, ને માન લેવામાં પોતે સૌથી છેલ્લો રહે છે. માન મેળવવા માટે તે જૂઠું બોલતો નથી. ધન નથી ખરચતો કે ખોટો પ્રચાર પણ કરતો નથી. લોકો તેની લાયકાત જોઈને ને તેની વિશેષતાનું દર્શન કરીને તેને આપોઆપ માન આપે છે. સામાન્ય રીતે માણસો માનના ભૂખ્યા હોય છે. કોઈ પણ જાતની લાયકાત ન હોય છતાં વધારેમાં વધારે માન મેળવવા તે તૈયાર રહે છે. માન ન મળતાં ઘવાય છે ને ગુસ્સે પણ થઈ જાય છે. એ વલણ દૈવી સંપત્તિનું વલણ નથી. દૈવી સંપત્તિ જુદી જ હોય છે.

### [ ૧૮ ] જીવનની ઉન્નતિ માટે દૈવી સંપત્તિની જરૂર

દૈવી સંપત્તિનું વર્ણન કર્યા પછી ભગવાન આસુરી સંપત્તિનો ઉલ્લેખ કરવાનું શરૂ કરે છે. કહેવું હોય તો કોઈ પણ પ્રકારની હરકત વિના કહી શકાય કે દૈવી સંપત્તિ સદ્‌ગુણનો ભંડાર છે ને આસુરી સંપત્તિ દુર્ગુણનો. જીવનના વિકાસ ને સંસારની શાંતિ માટે જે જરૂરી છે તે દૈવી સંપત્તિમાં છે. આસુરી સંપત્તિમાં નામ પ્રમાણે જ ગુણ રહેલા છે. તે માણસના જીવનમાં ગંદકી ભરી દે છે, ને માણસને અસુર જેવો બનાવી દે છે. માનવતાનો નાશ કરી, તેને દાનવતાનો પ્રતિનિધિ બનાવી દે છે. જેને બંધનોમાંથી છૂટવું હોય, દુઃખ, દર્દ, કલેશ ને અશાંતિને પેલે પાર પહોંચીને પરમાત્માના પરમપદની પ્રાપ્તિ કરવી હોય, તેણે દૈવી સંપત્તિની મૂર્તિ બન્યા વિના ચાલવાનું નથી. જે જે સારું ને શ્રેષ્ઠ છે તેને તેણે જીવનમાં ઉતારવાની જરૂર છે. તે વિના જીવનમુક્ત કદી પણ બની શકાય નહિ. પૂર્ણતા ને પરમાત્માની પ્રાપ્તિ પણ ન કરી શકાય. દૈવી સંપત્તિ સાધકોની મહામૂલ્યવાન ને જરૂરી સંપત્તિ છે. તેના વિના કોઈ સાધક સાચા અર્થમાં સાધક બની શકે જ નહિ. સાધારણ જીવનવ્યવહારની વાત કરીએ તો પણ દૈવી સંપત્તિ તેની સફળતામાં બહુ મોટો ભાગ ભજવે છે.

આજકાલ માણસો એમ માનવા માંડ્યા છે કે પૈસા કમાવા ને વ્યવહારિક જીવનમાં સફળતા મેળવવા જૂઠું બોલવું પડે ને છળકપટ પણ કરવાં પડે. તે વિના પૈસો નથી, મોભો નથી, વૈભવ નથી ને સત્તા તેમજ પ્રતિષ્ઠા પણ નથી. એના જેવો ભૂલભરેલો વિચાર બીજો કયો હોઈ શકે ? જો બધા જ માણસો એ વિચારને અપનાવે અથવા એ ગુરૂમંત્ર પ્રમાણે ચાલવા માંડે, તો ધરતી નરકના રૂપમાં ફેરવાઈ જાય. માનવજાતિનાં દુઃખનો ભાર ઘણો વધી જાય ને શાંતિની સમસ્યા એક સ્વપ્ન જેવી બની રહે. પરંતુ દશા એટલી ખરાબ નથી. ભયંકર અંધકાર વચ્ચે પ્રકાશના થોડાંક કિરણ પણ હજી ફૂટ્યા કરે છે. થોડા માણસો એવા પણ છે જે ન્યાય, નીતિ, સત્ય ને ધર્મમાં માને છે. માનવતાનું મહત્વ જાણે છે, ને ઈશ્વરથી ડરીને ચાલે છે. તે માણસો કહે છે કે ધન, મોભો ને પ્રતિષ્ઠા એ જ જીવનનું સર્વસ્વ નથી. એશઆરામ ને વૈભવવિલાસ એ જ કાંઈ માનવશરીર દ્વારા પ્રાપ્ત કરવાની વસ્તુઓ નથી. માનવતાનું મૂલ્ય તે બધી વસ્તુઓથી મોટું છે. માનવતાની માવજત જીવનની એક જરૂરી વસ્તુ છે. જીવનની શોભા તેથી જ વધે છે સુખ, શાંતિ ને ઉત્તમ ગતિ પણ તેથી જ મળે છે. માનવતાના આધાર પર જ જીવનની સફળતા કે નિષ્ફળતાનો આંક કાઢી શકાય છે. માટે ગમે તે સંજોગોમાં માનવતા તો નહિ જ છોડીએ. ધર્મ, નીતિ ને ન્યાયને તિલાંજલી તો નહિ જ આપીએ. સચ્ચાઈ, પ્રમાણિકતા ને દયાને નેવે તો નહિ જ મૂકીએ. તેમ કરતા ભલે ભોંય પર સૂવું પડે, ભૂખે મરવું પડે, ને કેટલુંક કષ્ટ પણ વેઠવું પડે, પરંતુ માનવતાની વિરૂદ્ધ એવું કોઈ પણ કામ કરવાની તૈયારી અમે નહિ જ કરીએ.

ધન, સૌન્દર્ય, પદ, પ્રતિષ્ઠા ને વૈભવવિલાસ તો વિનાશી છે. તે તો આજે છે ને કાલે નથી. તેવી વિનાશી વસ્તુની પાછળ પાગલ થઈને અવિનાશી ઈશ્વર, ધર્મ ને સત્યનો ત્યાગ નહિ જ કરીએ. એવા માણસો વ્યવહારમાં શુદ્ધ રહેવાનો બનતો પ્રયાસ કરી છૂટે છે. તે કદાચ ધનના ઢગલા પર બેસી શકતા નહિ હોય, ને અમીરીપણાથી અછૂત રહેતા હશે, પરંતુ અંતરની અમીરી તો તે મેળવી જ લે છે. સદ્‌ગુણની સંપત્તિના તે સ્વામી થઈ જાય છે. સમય પર તેમની શાખ પણ વધે છે. લોકોને તેમના પર વિશ્વાસ બેસે છે, ને તે સન્માનના અધિકારી બને છે. તેવા માણસો પૃથ્વીને પાવન કરનારા છે. કહો કે સાચા માનવ અથવા માનવદેવતા છે. તેમના જીવનમાંથી બોધપાઠ લઈને સૌએ અનુકરણ કરવા જેવું છે. જો બધા જ માણસો તેમના જેવા થવાનો પ્રયાસ કરે તો સંસારનું સ્વરૂપ બદલાઈ જાય. ઘણી ઘણી વિકટ સમસ્યાઓ ને

યાતનાઓનો અંત આવે. દુઃખ, દર્દ, અત્યાચાર, અનીતિ ને ધોખેબાજીનો અંત આવે. માણસ પોતે ક્લેશ ને બંધનમાંથી છૂટી જાય ને સમાજને પણ તેમાંથી મુક્ત કરવામાં મદદરૂપ થાય. સંસારમાં નંદનવન, સ્વર્ગ કે રામરાજ્યની સ્થાપના પછી કોઈને કરવી પડે ખરી કે ? માણસની અંદર રાવણનું રાજ્ય મટીને રામનું ધર્મરાજ્ય સ્થપાયું, એટલે બહાર તો તે આપોઆપ આવે.

આસુરી સંપત્તિ રાવણરાજ્યની નિશાની છે. દૈવી સંપત્તિ રામરાજ્યની અને આસુરી સંપત્તિ ને બદલે દૈવી સંપત્તિની પ્રતિષ્ઠા કરવામાં વ્યક્તિ તેમ જ સમષ્ટિ સૌનું હિત રહેલું છે. માટે જ ગીતામાતા જાહેર કરે છે કે દૈવી સંપત્તિ હિતને માટે છે. તેથી માણસનું મંગળ થાય છે. મુક્તિનો આનંદ મેળવવા માટે તેની પ્રાપ્તિ જરૂરી છે. જેનાથી તેનું દર્શન થાય તે માણસને આદર્શ ને ઉત્તમ કહી શકાય. જે પોતાનું મંગળ ચાહે, પોતાની ઉન્નતિની જેને ઈચ્છા હોય તે દૈવી સંપત્તિને મેળવવા ને ખીલવવાનો પ્રયાસ કરે છે. માણસ જીવનના બગીચાનો માળી છે. માળી કરતા પણ વધારે રસથી ને નિષ્ઠાથી તેને સુશોભિત કરવા કે ખીલવવા તેણે તૈયાર રહેવાનું છે. તે સંપૂર્ણપણે સુશોભિત થતાં તેની સાથે બીજાની આંખને પણ આનંદ આપશે. તેની સાથે જે જે તે બગીચાની મુલાકાત લેશે, જે જે તેના સમાગમમાં આવશે, તે તેની સ્વર્ગીય શોભા ને સુવાસથી ધન્ય બની જશે. દુઃખ, દર્દ ને અશાંતિને ભૂલી જશે, ને તાપથી મુક્તિ મેળવશે. પોતાની ને બીજાની ભલાઈનું આવું ઉત્તમ કામ કરવાનું મન કોને નહિ થાય ? ભગવાન આપણને તે કામ માટે તૈયાર થવાની પ્રેરણા કરે છે.

સાથે સાથે ભગવાન અર્જુનને એક મોટી વાત કહી નાખે છે. કહો કે અર્જુનને એક પ્રકારનું મોટું પ્રમાણપત્ર આપી દે છે. તે કહે છે કે, 'અર્જુન, તું દૈવી સંપત્તિથી ભરેલો છે. દૈવી સંપત્તિવાળા ઘરમાં તારો જન્મ થયેલો છે, માટે તું તો બડભાગી છે. તારે કોઈ ચિંતા કરવા જેવી નથી. છતાં પણ તને શોક થયો છે તે આશ્ચર્ય નથી ? શું સત્યવાદીઓને કદી અસત્યના વિચાર આવે ? પતિવ્રતાનું મન ગમે ત્યાં ભટકી શકે ? ને વીર પુરૂષ શું રણને જોઈને કદી પાછો પડે ? નાહિંમત ને શોક તો આસુરી સંપત્તિના ચિન્હો છે. તારામાં તે ક્યાંથી આવ્યા ? અને તને શોક કેમ થયો ? તું દૈવી સંપત્તિથી ભરેલો છે, માટે શોક ને ભય દૂર કરીને લડવા તૈયાર થઈ જા.

### [ ૧૯ ] આસુરી સંપત્તિ માટે લડવા તૈયાર થાવ

ભગવાન અર્જુનને શોક ન કરવાની આજ્ઞા કરે છે. ખરેખર, ભગવાનની આજ્ઞા પ્રમાણે પણ શોકથી રહિત થવાનું છે. મોહને ખંખેરી કાઢવાનો છે, આપણે અખંડ ને અનંત આનંદરૂપ છીએ એ સમજી લેવાનું છે, ને પરમાનંદમાં પ્રતિષ્ઠિત થવાનું છે. જીવનના જટિલ જંગમાં લડવા માટે તૈયાર થવાનું છે. કોની સામે, ખબર છે ? આસુરી સંપત્તિની સામે. કૌરવપક્ષના જે યોદ્ધા સામે અર્જુને લડવાનું છે તે ઘણા બળવાન છે, યુદ્ધકળામાં પૂરા નિપુણ છે. દિગ્વિજયી યોદ્ધાઓને પણ પોતાના પાશમાં સપડાવવાની તેમનામાં શક્તિ છે. તેમણે સમસ્ત સંસારમાં પોતાની જાળ ફેલાવી દીધી છે. પંડિતો, પહેલવાનો, રાજપુરૂષો ને ધનવાનો પણ તેમના પ્રભાવથી પર નથી. છતાં તેમનાથી ડરવાની કે ગભરાવાની જરૂર નથી. હિંમત ને શ્રદ્ધાપૂર્વક સામનો કરો તો તે હારી જશે. તમે તેમના પર જય મેળવશો. જીવનની સફળતા માટે તેમના પરનો વિજય જરૂરી છે.

જે પ્રજા ગુલામ હોય છે તે દરેક રીતે નિર્બળ બને છે ને ચૂસાય છે. આસુરી સંપત્તિનું શાસન ગુલામીનું શાસન છે. તે માણસના રસકસનો નાશ કરે છે. તેને ફગાવી દઈને દૈવી સંપત્તિના સ્વતંત્ર શાસનની સ્થાપના કરવી જોઈએ. જીવન ત્યારે જ પ્રાણમય બની શકે. કોઈ દેશની પ્રજા રાજકીય ગુલામીમાંથી મુક્તિ મેળવે ને આઝાદીનો આનંદ લે તે ઈચ્છવા જેવું છે. પણ ફક્ત બહારની આઝાદી મેળવીને તે બેસી રહે તો તેની ઉન્નતિ થઈ શકે નહિ. તેણે અંદરની આઝાદીને સિદ્ધ કરવા પણ પ્રયાસ કરવો જોઈએ. મતલબ કે સદાચારી થવાનો કે દૈવી સંપત્તિની મૂર્તિ બનવાનો પણ પ્રયાસ કરવો જોઈએ. આજે દેશ આઝાદ થયો છે પણ દૈવી સંપત્તિથી સંપન્ન થવાનું હજી બાકી છે. દૈવી સંપત્તિની સાધના હજી બાકી છે. જગતના મોટા ભાગના–લગભગ બધા જ દેશોના સંબંધમાં એવું છે. માનવતાની ખીલવણીનો અભાવ બધે દેખાઈ આવે છે. જગતના ઝેરને દૂર કરી તેને અમૃતમય કરવું હોય તો માનવતાના માનવતાના માળી થયા વિના ચાલવાનું નથી.

**[ ૨૦ ] આસુરી સંપત્તિનું વર્ણન –૧**

દૈવી ને આસુરી સંપત્તિનાં લક્ષણોમાં આભજમીનનો ફેર છે. એક માણસનો ઉદ્ધાર કરે છે, તો બીજાથી માણસનું અધઃપતન થાય છે. દૈવી સંપત્તિની વાત તો થઈ ગઈ. હવે સ્વાભાવિક રીતે જ આસુરી સંપત્તિનો વારો આવે છે. આસુરી સંપત્તિની સેના અધર્મની સેના છે, ને દૈવી સંપત્તિની ધર્મની. કૌરવ ને પાંડવની સેનાની જેમ બંને સેના માનવના અંતરમાં વ્યૂહ રચીને ઊભી રહી છે. ધર્મની દૈવી સેનાનો સેનાપતિ સત્ય છે, તો અધર્મની ને આસુરી સેના અસત્યના સેનાપતિના હાથ નીચે સુસજ્જ થયેલી છે. એ આસુરી સંપત્તિનો પહેલો સરદાર દંભ છે. પછી દર્પ, અભિમાન, ક્રોધ, કઠોરતા ને અજ્ઞાન - એ બધા સરદારોની ગણતરી કરવામાં આવી છે. એટલે આસુરી સંપત્તિની અસર નીચે આવનાર માણસ દંભી હોય છે. તેનું હૃદય નિખાલસ હોતું નથી. અંદર ને બહાર બંને ઠેકાણે તે બેવડો અભિનય કરે છે ને તેનું વર્તન પણ દંભના ઉત્તમ ઉદાહરણ જેવું હોય છે. નમ્રતા ને સરળતાનો તેનામાં છાંટો પણ હોતો નથી. ધન, બળ, રૂપ, ગુણ ને વિદ્યાના જુદા જુદા અભિમાનથી તે મત્ત બન્યો હોય છે. કેટલીકવાર કોઈ ખાસ કારણ ન હોય તો પણ અભિમાની થઈને તે ફર્યા કરે છે. તેની વાણી કઠોર હોય છે. સત્યની સાથે તો તેણે છૂટાછેડા લીધા હોય તેવું વર્તન હોય છે. અસત્યના અસુરની આરાધના તેને વધારે ગમે છે.

વાતવાતમાં તપી જવું, કોઈનું અપમાન કરી દેવું ને ગુસ્સે થઈ જવું એ તેને મન રમત વાત થઈ પડી હોય છે. ક્રોધના આવેશમાં ભાન ભૂલીને તે ન કરવાનાં કામ પણ કરી બેસે છે. હાલતાં ચાલતાં જેની તેની સાથે તકરાર કરી બેસે છે ને બગડી બેસે છે. અજ્ઞાનની તો તે મૂર્તિ હોય છે. સાચી વાત સારી રીતે સમજાવવા બેસો તો પણ તે નહિ સમજે ને કેટલીક વાર સમજવાની ઈચ્છા પણ નહિ કરે. સત્યનું દર્શન પણ તે પોતાના જ ચશ્માથી કરશે. તેથી સત્યને ઓળખવા ને આવકારવાને બદલે સત્યની ટીકા ને નિંદા કરવામાં તેને વધારે આનંદ આવશે. અજ્ઞાનરૂપી અંધકારમાં રમવાને લીધે જ્ઞાનના પ્રકાશથી તે જીવનને અજવાળીને પોતાનો ઉદ્ધાર નહિ કરી શકે.

કોઈ આંધળા માણસને જોઈને લોકોને દયા આવે છે. આંખ વિનાના માણસનો વ્યવહાર સુગમતાથી કેવી રીતે ચાલે ? એટલે તેના તરફ હમદર્દી થાય એ સમજી શકાય તેવું છે, પરંતુ અજ્ઞાનીની દશા અંધ કરતાં પણ વધારે બૂરી ને દયા ખાવા જેવી છે. જ્ઞાનરૂપી મહાન આંખથી જે વંચિત છે, તેને માટે તો આંખ હોવા છતાં પણ કાયમને માટે અંધારૂં છે. તેનું જીવન મરણ જેવું બની જાય છે, માટે જ અજ્ઞાનને દૂર કરીને જ્ઞાનની પ્રાપ્તિ કરવા તરફ આપણે ત્યાં આટલું બધું ધ્યાન દોરવામાં આવ્યું છે. જ્ઞાનનો અર્થ કેવળ પુસ્તકનું અધ્યયન નથી. ડીગ્રીની પ્રાપ્તિનો પણ તેમાં સમાવેશ થતો નથી. ભાષાજ્ઞાનની વિપુલતા એ પણ કાંઈ જ્ઞાન નથી. જ્ઞાન સ્કૂલ કે કોલેજમાં જવાથી જ મળી જાય છે એમ પણ નથી. જ્ઞાન તો કેળવણી છે. માણસને કેળવે છે, ઉત્તમ બનાવે છે, ને સત્યાસત્યનો નિર્ણય કરવાની સ્વતંત્ર શક્તિ આપે છે. ટૂંકમાં, વિવેકનું દાન કરે છે. એ વિના જીવનની ઉન્નતિ કેવી રીતે સાધી શકાય ? માટે જ જ્ઞાનને દૈવી સંપત્તિ ને અજ્ઞાનને આસુરી સંપત્તિ કહેવામાં આવે છે. એક પ્રકાશ ને બીજો અંધકાર. એક માણસને દેવતા બનાવી દે છે કહીએ તો તે પણ બરાબર નથી, કેમકે દેવતાનું પદ કોઈ ઉત્તમ કે આદર્શ પદ નથી. દેવતા પણ કામના ને રાગદ્વેષથી ભરપુર હોય છે. પરમાત્માનો પ્રકાશ તેમનાથી દૂર હોય છે, પરંતુ જ્ઞાની તો તેથી પણ આગળ વધી જાય છે. રાગદ્વેષથી પર થઈને તે પરમાત્મા પાસે પહોંચી જાય છે, પરમાત્મામય બની જાય છે. બીજું, અજ્ઞાન માણસને દાનવની કોટિએ પહોંચાડી દે છે. તેના વિકાસને રોકી દે છે.

દૈવી ને આસુરી બંને પ્રકૃતિ જગતમાં જોવા મળે છે, માણસમાં તેનું વત્તુઓછું પ્રમાણ હોય છે. પણ તેનો અર્થ એમ નથી કે તે વજ્રલેપની જેમ અટળ છે. માણસ ધારે તો તેમના સ્વરૂપમાં ફેરફાર કરી શકે છે. માણસ મૂળ તો દૈવી સંપત્તિવાળો છે. આત્મામાં કોઈ ગંદકી નથી એટલે તે પોતાના સ્વભાવને ઓળખી લઈને દૃઢનિશ્ચયી બનીને જો પ્રયાસ કરે, તો આસુરી સંપત્તિની અસરમાંથી મુક્તિ મેળવીને તે દૈવી સંપત્તિની મૂર્તિ બની શકે. ધારે તો એ કામ તેને માટે ઘણું સહેલું છે.

**[ ૨૧ ] આસુરી સંપત્તિનું વર્ણન–૨**

આસુરી સંપત્તિનું વધારે વર્ણન કરવાનું કામ ભગવાન હજી ચાલુ રાખે છે. તેનો સાર એ છે કે આસુરી સંપત્તિવાળા માણસમાં સદ્‌ગુણ, સદ્‌બુદ્ધિ, ને સારા વર્તનનો અભાવ હોય છે. સમદૃષ્ટિ તો તેની પાસે હોય જ ક્યાંથી ? તે દુર્ગુણનો ભંડાર હોય છે. તેની બુદ્ધિ નઠારી હોય છે ને તેનું વર્તન પણ અધર્મમય તથા બીજાને માટે હાનિકારક હોય છે. સત્ય ને અસત્ય, સારૂં ને નઠારું તથા લાભકારક ને હાનિકારક શું છે તેનો નિર્ણય કરવાની તેની શક્તિ હોતી નથી. પરિણામે જે ન કરવું જોઈએ તે કામ તે કર્યે જાય છે, ને કરવા ઘટે તેવા શુભ કામ તે છોડી દે છે. આસુરી સંપત્તિવાળામાં આચાર-વિચારની સમજ હોતી નથી. ગંદા રહેવામાં તેમને આનંદ આવે છે. સત્ય તો તેમને માટે હજારો ગાઉ છેટું હોય છે. તેમની વાતો બનાવટી જ હોય છે. કહ્યું છે ને કે 'પડી ટેવ તે તો ટળે કેમ ટાળી,' પડી ટેવ ટાળવી હોય તો જરૂર ટળી શકે છે. ટેવની ગુલામી કાંઈ એવી ગુલામી નથી, જેને ફગાવી ન શકાય પ્રયાસ કરવાથી ગમે તેવી પુરાણી ને જડ ઘાલીને બેઠેલી ટેવ પણ ટળી શકે છે, પણ તેને ટાળવાની ઈચ્છા હોવી જોઈએ. તેની નિરર્થકતા અને ભયંકરતા જાણી લેવી જોઈએ, સારી ટેવ જીવનની ઉન્નતિ માટે કેટલી બધી ઉપયોગી છે તે પણ સમજી લેવું જોઈએ. સારી ને ખરાબ ટેવ

વચ્ચે અમૃત ને ઝેર જેટલો ફેર છે. એકના સેવનથી જીવન સુખમય ને અમૃતમય બની જાય છે, જ્યારે બીજાનો નશો જીવનને બરબાદ કરી દે છે અથવા પ્રાણહીન બતાવે છે. કયો માણસ અમૃતને બદલે ઝેરને પસંદ કરે ? પોતાના જીવનની ઉન્નતિને કોણ ચાહતું નથી ?

પણ આસુરી સંપત્તિના માણસો એમાં અપવાદરૂપ છે. બૂરી ટેવોનું બંધન તેમને સારું લાગે છે. કેટલાક તો તેમાં જ સલામતી ને સુખનું દર્શન કરે છે. પોતે જે ઘરમાં બેઠા છે તે ઘરને આગ લગાડવા જેવો તેમનો પ્રયાસ છે. તેમાં તેમને આનંદ આવે છે. શરીર ને ઈન્દ્રિયોના ભોગવિલાસમાં ડૂબેલા તે લોકો વિચાર પણ કરતા નથી કે સંસારમાં આત્મા કે પરમાત્મા નામની કોઈ વસ્તુ છે ને તેની અનુભૂતિમાં પણ આનંદ છે. તેને માટે પ્રયાસ કરવાની તો વાત જ ક્યાં રહી, પરમાત્માનું અસ્તિત્વ તે કદી સ્વીકારતા નથી. દૈવી સંપત્તિવાળા માણસો કહે છે કે સંસારમાં સર્વત્ર પરમાત્મા રહેલા છે. પરમાત્મા વિના બીજું કાંઈ જ નથી. પરંતુ આસુરી સંપત્તિવાળા માણસો પરમાત્માને માનવા જ તૈયાર હોતા નથી. પરમાત્માને માનવાની ને ભજવાની જરૂર જ તેમને જણાતી નથી. તે તો ધન, ધરા ને રમામાં મસ્ત રહે છે. કામના ને વાસનાને જ સેવ્યા કરે છે ને સૃષ્ટિનો કદાચ નાશ થાય તો પણ જેનો નાશ જ ન થાય એવી ઈચ્છાના દાસ બનીને દિનરાત પ્રવૃત્તિ કર્યા જ કરે છે.

તેમના કર્મો કોઈને માટે પણ લાભકારક હોતા નથી. ઊલટું, તે બીજાને માટે ભયંકર ને નુકશાનકારક સાબિત થાય છે. ગમે તેમ કરીને ધન મેળવવાનું, શરીરસુખ મેળવવું ને બીજા ભલે રસાતાલમાં જાય પણ પોતે જીવતા રહીને સમૃદ્ધ થવું એ તેમનું ધ્યેય હોય છે. દયા તો તેમના દિલને સ્પર્શી શકતી જ નથી. કામ ને ક્રોધનું તે ઘર હોય છે. દ્વેષ ને અહંભાવે તેમને ત્યાં થાણું નાખ્યું હોય છે. બીજાની સુખાકારી, સમૃદ્ધિ ને ઉન્નતિ જોઈને તે બળી જાય છે. કોઈનું ભલું થતું હોય તો તેને બગાડવામાં તેને આનંદ આવે છે. જે દિવસે તે કોઈના પર અન્યાય કરતા કે સીતમ વરસાવતા નથી, તે દિવસ તેમને આકરો લાગે છે. ચિંતા ને તૃષ્ણાથી તેમનું ચિત્ત ચકડોળે ચઢ્યું હોય છે. ત્રણ જાતની એષણાનો તેમને સન્નિપાત થઈ ચૂક્યો હોય છે. સંસારમાં વળી ઈશ્વર છે જ ક્યાં ? અમે જ ઈશ્વર છીએ. અમે સર્વ પ્રકારે સુખી, સિદ્ધિસંપન્ન, શક્તિશાળી ને શ્રેષ્ઠ છીએ. અમારી બરાબરી કરી શકે એવું છે જ કોણ ? એવા એવા ભ્રમ ભરેલા વિચાર કરીને તે લોકો પ્રમત્ત બનીને ફર્યા કરે છે. વિવેકથી ભ્રષ્ટ થયેલા તે લોકો શું સાચું ને શું ખોટું તેનો વિચાર કરી શકતા નથી. એવા લોકો આ જગતમાં જન્મ્યા જ ન હોત તો પણ જગતને કાંઈ નુકશાન ન હતું. જન્મીને તેમણે પોતાને, પોતાના માતાપિતાને, પોતાના કુળને કલંક લગાડ્યું છે. તેના કરતા તો તે પત્થર થઈને જન્મ્યા હોત તો પણ કાંઈ હરકત ન હતી.

કર્મ તેવું ફળ એ નિયમ જાણીતો છે. તે પ્રમાણે જેમને આ જન્મમાં કુકર્મ કરતાં પાછું વાળીને જોયું નથી, આવું ઉત્તમ મનુષ્ય શરીર મેળવીને તેમણે ધર્મ, જ્ઞાન કે ન્યાયનીતિનું અનુષ્ઠાન કરવાને બદલે અધર્મ, અનીતિ કરવામાં જ આનંદ માન્યો છે, તેમને માટે ઉજ્જવળ ભાવિની આશા કેવી રીતે રાખી શકાય ? ભગવાન કહે છે કે તે નરાધમોને હું વારંવાર આસુરી યોનિમાં જ નાંખું છું, જેથી અનંતકાળ લગી, તે પોતાના દુષ્ટ કર્મોનો દંડ ભોગવી શકે. 'મતિ તેવી ગતિ' ના નિયમ પ્રમાણે તેવા લોકોને ઉત્તમ ગતિની પ્રાપ્તિ ના

થઈ શકે એ સમજી શકાય તેવું છે. તેમની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે, એટલે આ જીવનમાં જ તે દુર્ગતિને પ્રાપ્ત થયા છે.

ભગવાનની વાણી આસુરી સંપત્તિના અફ્રાવાળા માણસોને ચેતવણીરૂપ થવી જોઈએ. તેમણે જાગવું ને સાવધાન બનવું જોઈએ તથા શુદ્ધ ને સદ્ગુણી થવાનો સંકલ્પ કરવો જોઈએ. દુષ્ટ કર્મોમાં જે આનંદ આવે છે તે આનંદ કાયમનો નથી. માટે મનને તેમાંથી પાછું વાળીને સત્કર્મોમાં લગાડવું જોઈએ. સારા વિચાર ને સારી ભાવનાની સાથે પ્રીતિ કરવી જોઈએ. આ જીવન કાંઈ આંખ મીંચીને એમનેમ જીવી જવા કે બરબાદ કરી દેવા માટે નથી. તેનું મૂલ્ય ઘણું મોટું છે. તેને પોતાની અવનતિનું નહિ પણ ઉન્નતિનું સાધન બનાવવું જોઈએ. પૂર્ણતા કે મુક્તિના મંદિરમાં પ્રવેશવાના પગથિયારૂપ બને એ રીતે તેનો ઉપયોગ કરવો જોઈએ.

**[ ૨૨ ] સોળમાં અધ્યાયનું મહત્વ**

આ અધ્યાય જીવનના આદર્શનો અધ્યાય છે. કોઈ કુશળ કલાકારની જેમ ભગવાને આ અધ્યાયમાં જીવનની બે સામાન્ય બાજુઓનું શબ્દચિત્ર રજૂ કર્યું છે. માણસે તેમાં પોતાનું પ્રતિબિંબ જોઈ લેવાનું છે. પોતાની અંદર ડોકિયું કરીને નક્કી કરવાનું છે કે પોતાનું સ્થાન ક્યાં છે. પોતે કોની અસર નીચે છે - દૈવી સંપત્તિ કે આસુરી સંપત્તિની તે સમજી લેવાનું છે. એ પછી બીજો નિર્ણય એ કરવાનો છે કે પોતે મુક્તિના માર્ગે પ્રયાણ કરવું છે કે આસુરી વૃત્તિ વધારીને સંસારમાં એક અસુરનો ઉમેરો કરીને કલેશ, પરિતાપ, બંધન ને દુર્ગતિમાં સપડાવું છે. મને ખાત્રી છે કે વિચાર કરવાને ટેવાયેલો કોઈ માણસ નરાધમ થવાની ને કલેશ, બંધન દુર્ગતિને નોતરવાની ઈચ્છા નહિ જ કરે. કેમકે બધા માણસો સુખ, શાંતિ ને મુક્તિને ચાહે છે. અધમ નહિ પણ ઉત્તમ બનવામાં સૌ ગૌરવ લે છે, તો પછી આ શબ્દચિત્ર આપણે માટે ખૂબ ઉપયોગી થવું જોઈએ. આ અધ્યાયમાં અંકિત કરવામાં આવેલા બે જાતના શબ્દચિત્રોમાંથી પહેલા, સારા, ને દૈવી સંપત્તિના શબ્દ ચિત્ર પ્રમાણે આપણી જાતનું ઘડતર કરવા આપણે પ્રયાસ કરવો જોઈએ. જીવનને ઉજ્જવળ કરવા તે જરૂરી છે.

આપણે તો જીવનમાંથી આસુરી સંપત્તિના ડાઘને દૂર કરવા આજે જ તૈયાર થઈએ ને આપણો નવો અવતાર કરી દઈએ. ગીતામાતાનું શરણ ત્યારે જ સફળ થશે. આપણે ઈચ્છીએ છીએ કે સંસારનાં બધા જીવો સુખ, શાંતિ ને સમૃદ્ધિને માર્ગે વિકાસ કરે, આસુરી સંપત્તિના અવશેષો દૂર કરી દૈવી સંપત્તિની ભવ્ય ઈમારત ઊભી કરવા માટે સૌ કમર કસે. સંસારમાંથી દુઃખ, દર્દ, અન્યાય, અનીતિ ને યાતનાનો અંત આવે. યુદ્ધ ને શોષણ દૂર થાય. ભય, શોક, ચિંતા ને પરિતાપ ટળી જાય. સંપ, સેવા, પ્રેમ, ભ્રાતૃભાવ ને સહકારનો પ્રસાર થાય. માળામાં રહેતાં પંખીની પેઠે જુદા જુદા દેશની પ્રજા એકતાનો અનુભવ કરીને સંસારમાં શ્વાસ લે અથવા કહો કે જીવે ને જીવવા દે. માણસ ધારે તો સંસારનું એ સુખમય ને આદર્શ ચિત્ર દોરી શકે છે. તેને અંકિત કરવામાં બને તેટલો વ્યક્તિગત ફાળો પણ આપી શકે છે. સમાજના બધા જ વર્ગો જો પોતાના ને બીજાના હિતને માટેના મહાન કામમાં લાગી જાય, તો આદર્શનું એ ચિત્ર જરૂર સાકાર થાય. એ દિવસ વહેલામાં

વહેલો આવે ને તેને માટેના પુરૂષાર્થમાં મદદરૂપ થવાની પ્રેરણા પ્રભુ સૌને પૂરી પાડે એવું આપણે ઈચ્છીએ છીએ.

**[ ૨૩ ] કામ, ક્રોધ, લોભ : નરકના ત્રણ દ્વાર**

દૈવી ને આસુરી સંપત્તિનો વિચાર પૂરો કરીને ભગવાન એક બીજા જરૂરી વિચાર તરફ આપણું ધ્યાન ખેંચે છે. તે કામ, ક્રોધ ને લોભને જીતવાનો અથવા કામ, ક્રોધ ને લોભથી દૂર રહેવાનો વિચાર છે. જીવનના ઘડતરમાં એ બહુ મહત્વનો ભાગ ભજવે છે. ભગવાને કામ, ક્રોધ ને લોભ ત્રણેને નરકના દ્વાર કહ્યાં છે. છતાં આશ્ચર્ય છે કે માણસો કામ, ક્રોધ ને લોભનો ત્યાગ કરવાની તૈયારી કરતા નથી. પોતાની જાતનું અધઃપતન કરનાર ને બધી રીતે બેહાલ કરીને છેવટે જીવતા નરકમાં ધકેલી દેનાર નરકનાં એ ત્રણ દ્વારમાં પ્રવેશ કરનારાં માણસો આનંદ માને છે. અવિવેકથી અંધ બનીને ભાન ભૂલેલા માણસો ભલે ગમે તે કરે, વિવેકી પુરૂષે તો સદા સાવધાન રહીને નરકની યાતનાનો અનુભવ કરાવનારાં એ ત્રણે દ્વારથી દૂર રહેવા મહેનત કરવી જોઈએ. તેના પાલન વિના શાંતિ, પૂર્ણતા કે પરમાત્માની પ્રાપ્તિ કદી પણ થઈ શકે નહિ. જીવનના વિકાસની સાધના તેના વિના ફલવતી બની શકે નહિ. કામ, ક્રોધ ને લોભથી મુક્ત થયેલો સાધક જ પોતાની જાતના કલ્યાણની સાધના કરીને પરમપદની પ્રાપ્તિ કરી શકે છે. કામી, ક્રોધી ને લોભી કદી પરમાત્માને મેળવીને કૃતાર્થ થઈ શકતો નથી.

કામ ને ક્રોધની વૃત્તિને વેગ મળે એવા વાતાવરણનો ત્યાગ કરવાથી તેને જીવનમાં મદદ મળે છે. કેટલીક વાર એવું પણ બને છે કે માણસ જ્યાં સુધી વાતાવરણથી દૂર રહે છે ત્યાં સુધી એમ લાગે છે કે કામ–ક્રોધ પર વિજય જાણે થઈ ચૂક્યો. પરંતુ તે વખતે તેનો પૂરો વિજય થયો હોતો નથી. અનુકૂળ વાતાવરણ નહિ મળવાથી તેનો વેગ દબાઈ ગયો હોય છે અથવા તેની રસવૃત્તિ ઓછી થઈ હોય છે, એટલું જ. અનુકૂળતા મળતાં તે ફરી તાજી થાય છે ને જોર પકડે છે. ધરતી સૂકી હોય તે વરસાદ વરસતાં લીલીછમ થઈ જાય છે. હૃદયના ખૂણે રહી ગયેલી વિષયોની રસવૃત્તિ યોગ્ય વાતાવરણ મળી રહેતાં પાંગરે છે, ને તેને અંકુર ફૂટે છે. એ પ્રમાણે નહિ થાય તે માટે કામ–ક્રોધને ઉત્પન્ન કરનારા વાતાવરણનો ત્યાગ કરનારા સાધકે વિચાર કરતાં શીખવું જોઈએ. કામ–ક્રોધ તથા લોભની બૂરી અસરનો વિચાર કરવો જોઈએ, ને તેના પરિણામે થતા નુકશાનનો ખ્યાલ કરવો જોઈએ. એક વાર નહિ પણ વારંવાર વિચાર કરવો જોઈએ. એમ કરવાથી તેમની વિનાશકતાનો ખ્યાલ પાકો બનશે ને તેમના તરફ અરુચિ ઉત્પન્ન થશે. પછી કામ, ક્રોધ ને લોભને ઉત્તેજન આપનારા વાતાવરણમાં પણ તેમની અસરથી દુર રહેવાનું અતીત બળ મળી જશે. એમાં મદદ મળે તે માટે માણસે આત્મનિરીક્ષણ કરતાં રહેવાની જરૂર છે.

કામ, ક્રોધ ને જીતવામાં પ્રાર્થના ને સંત તથા ઈશ્વરનું શરણ પણ ઘણો મોટો ભાગ ભજવે છે. વિષયોને વશ કરવાની મહેનત કરનારા માણસનું ગજું કેટલું ? પોતાની અલ્પતાનો આંક કાઢીને જો તે નમ્રાતિનમ્ર બની જઈને કોઈ શક્તિશાળી સંત કે સંતોનાયે સંત જેવા ઈશ્વરનું શરણ લે, તેમની કૃપા માગે, તો તેમની કૃપાના પ્રભાવથી તે જરૂર નિર્ભય બને ને તરી શકે. સંતોનો સમાગમ બૂરાઓને મટાડીને જીવનને ઉન્નત કરવામાં ભારે મદદરૂપ બને છે. સંતોનો પ્રત્યક્ષ સમાગમ અશક્ય હોય, તો તેમનો પરોક્ષ સમાગમ

કરી શકાય છે. તેવા સમાગમનું મુખ્ય સાધન તેમના ગ્રંથો છે અથવા તેમની વાણી છે. તે જ શાસ્ત્રો તરીકે ઓળખાય છે. માણસની મતિ મૂંઝાય ને સારાસારનો નિર્ણય ન કરી શકે, વિકાસ કરવા માટેનું જરૂરી ભાથું તેના ભંડારમાં ખૂટી જાય, ત્યારે સંતોના શબ્દો કે શાસ્ત્રો તેને માર્ગદર્શન કરાવી શકે છે, ને પ્રેરણા પૂરી પાડે છે. તેને માટે તે જીવનને તાકાત દેનારો પ્રાણવાન ખોરાક થઈ પડે છે. તેની મદદ લઈને ચાલનારો પ્રવાસી પોતાના જીવનપંથના બધાં જ ભયસ્થાનો ને પ્રલોભનોમાંથી સરળતાપૂર્વક પસાર થઈ જાય છે ને છેવટે પોતાના ધ્રુવપદની પ્રાપ્તિ કરી લે છે. શાસ્ત્રો ને સંતોની સહાયતા લઈને ચાલનારો માણસ સદા સલામત રહે છે. ઈશ્વરનું શરણ લેનાર માણસ પોતાની સલામતિ ને શાંતિનો કાયમી લેખ લખાવી લે છે. ઈશ્વરની પરમ કૃપાથી તે કામ, ક્રોધ જેવાં દૂષણોથી મુક્તિ મેળવે છે.

કામ ને ક્રોધને જીતવાનું શક્ય છે ખરું ? કામ ને ક્રોધને જરૂર જીતી શકાય છે, એટલું જ નહિ પણ તેને જીતવાની જરૂર છે. તે વિના જીવનનું પરમ મંગલ થઈ શકતું નથી, એ સારી પેઠે સમજી લેજો. આજ સુધી અનેક સ્ત્રી પુરૂષોએ તેમના પર વિજય મેળવ્યો છે. પ્રાચીન કાળથી માડીને આજ સુધી એવાં સ્ત્રીપુરૂષો અસંખ્ય થઈ ગયાં છે. તમે પણ પ્રયાસ કરવાની શરૂઆત કરો તો તેમની જેમ કામ–ક્રોધને જીતી શકશો. તેમને જીત્યા વિના ચાલે તેમ નથી.

કામ ને ક્રોધ જીવનમાં જરૂરી છે, ને તેમના વિના માણસનું આરોગ્ય ને શૂરાતન કથળી જાય છે એવી દલીલ પણ થતી નથી એમ નહિ. આપણે એટલું જ કહીશું કે તે દલીલ બાલિશ ને નકામી છે. કામના જયથી દયાનંદ, રામકૃષ્ણદેવ, ગાંધીજી કે બીજા કોઈનુંય આરોગ્ય બગડ્યું નથી. હકીકત તો એમ જ પુરવાર કરે છે. ઊલટું સુધર્યું છે. કોઈ સંયમી માણસને કોઈ દર્દ થયું હશે, પણ તેનું કારણ સંયમ નહિ પણ કોઈ બીજું અથવા તો તંદુરસ્તીના નિયમનો ભંગ હશે, એ નક્કી છે. ક્રોધને જીતવાથી તો વીરતા વધે છે. ક્રોધની શક્તિ અપાર છે. ભલભલા પહેલવાનો ને વીરપુરૂષોને પણ તે પછાડી નાખે છે ને મહાત કરે છે. તેના જેવો શૂરવીર સંસારમાં બીજો કોણ છે ? તેની સામે ટક્કર ઝીલીને જે તેને હરાવે છે, ને તેની અસરથી જે પર રહે છે તે છે. તે તો પહેલવાનોનો પણ પહેલવાન ને વીરોનો પણ વીર થયો. તેની વીરતા કેવી રીતે ઓછી થાય તે કહેશો ? તે ઘટતી નથી પણ વધે છે, વધારે વિશાળ બને છે. કામ ને ક્રોધના વેગની સામે શાંત રહેવામાં ઓછા શૂરાતનની જરૂર નથી પડતી ને તેથી પણ વધારે શૂરાતન કામ ને ક્રોધના વેગ જ ન ઊઠે તે માટે જોઈએ છે. એ દશાની પ્રાપ્તિ કરનાર સૌથી મોટો વીર ને વંદનીય છે.

શાસ્ત્રોના અનુભવ વચન આપણી સામે છે. જીવનની ઉન્નતિ માટે તેમનો આધાર લઈએ. જીવનનો પરિપૂર્ણ વિકાસ કરવા માટે જરૂરી વિધિવિધાન શાસ્ત્રોની મદદથી આપણે સહેલાઈથી જાણી શકીએ છીએ. સંતો ને શાસ્ત્રોની શિક્ષાની ઉપેક્ષા કરીને જે ફાવે તેમ વર્તે છે, તેને સિદ્ધિ, શાંતિ ને પરમગતિની પ્રાપ્તિ થતી નથી. તેનું જીવન બરબાદ બની જાય છે. માટે સંતો ને શાસ્ત્રોને આદર્શ બનાવીને આગળ વધીએ. તેમ કરવાથી માર્ગ ભૂલીને આડમાર્ગે ભમવાનો કે પતન થવાનો ભય નહિ રહે. સત્યનો પરમ પ્રકાશ પ્રત્યેક પગલે આપણને દોરવણી આપશે.

☼ ☼ ☼

# અધ્યાય સત્તરમો : શ્રદ્ધાત્રયવિભાગયોગ


૧) વિજય માટે પુરુષાર્થ કરવાની જરૂર
૨) અધ્યાયની શરૂઆતનો પ્રશ્ન
૩) શ્રદ્ધાભેદ
૪) શ્રદ્ધા પ્રમાણે ઉપાસના
૫) સમજપૂર્વક સાધનાની પસંદગી
૬) આસુરી સાધના કે ઉપાસના
૭) આસુરી વૃત્તિના બીજા પ્રકાર
૮) ત્રણ જાતનો ખોરાક
૯) અનીતિનો ખોરાક પાપરૂપ
૧૦) કૃષ્ણની ભૂમિમાં સાત્વિક ખોરાકની અછત
૧૧) રાજસ ખોરાકનો વિચાર–૧
૧૨) રાજસ ખોરાકનો વિચાર–૨
૧૩) તામસ ખોરાકનો વિચાર– એઠું ખાવાની ટેવ
૧૪) સંતનુ ઉચ્છિષ્ટ ખાવાની ખરાબ ટેવ
૧૫) આહારથી આયુષ્ય વધે છે ?
૧૬) ત્રણ પ્રકારનો યજ્ઞ
૧૭) તપ, કામ પર કાબુ મેળવવાનો આસુરી માર્ગ
૧૮) વાણીનું તપ
૧૯) માનસિક તપ : પ્રસન્નતા
૨૦) મૌન–માનસિક તપ શા માટે
૨૧) દાનની ભાવના
૨૨) દાન સ્વાભાવિક બનવું જોઈએ
૨૩) દાનનો અવકાશ ને એક શંકા
૨૪) દાન લેવાની પદ્ધતિ
૨૫) દાન કે સેવા કરવાની પદ્ધતિ જાહેર કે ગુપ્ત
૨૬) ૐ તત્સત્ : પ્રભુનું મંગલ નામ
૨૭) શ્રદ્ધાની જરૂર

### [૧] વિજય માટે પુરુષાર્થ કરવાની જરૂર

સોળમાં અધ્યાયના સુમધુર સંગીતનો સાર સમજી લીધો ને ? ખરી રીતે તો તે જીવનના વિકાસનો અને સાધનાની સિદ્ધિનો સાર છે. સાધારણ માણસ પણ સમજી શકે એટલી સરળતાથી જીવનનું ઘડતર કરવાની સાધનાનું રહસ્ય તેમાં રજૂ કરવામાં આવ્યું છે માણસ પોતે ક્યાં છે, કઈ દિશામાં છે, ને તેણે કઈ દિશામાં જવાનું છે તેનો આબેહૂબ ચિતાર તેમાં આપવામાં આવ્યો છે. પોતાની જાતનો સુધાર કરવાની પ્રેરણા ને કળા પૂરી પાડવામાં આવી છે. તે પ્રમાણે ચાલીને તે પોતાનો સુધાર ને ઉદ્ધાર કરી શકે છે.

શાંતિ ને સિદ્ધિ કાંઈ એક-બે દિવસમાં મળે નહિ. એક-બે દિવસના ઉપર ઉપરના પરિશ્રમથી કાંઈ જીવન સફળ બને નહિ. જીવનને શુદ્ધ ને દિવ્ય બનાવવા અથવા પલટાવી નાખવા સતત પરિશ્રમ કરવો પડશે, ગમે તેવા વાતાવરણમાંથી પણ માર્ગ કરવો પડશે. જે માનવ પુરૂષાર્થી છે, હિંમત ને આશાથી ભરેલો છે, તેની ધગશ, હિંમત ને આશા કદી તૂટવી ન જોઈએ. જીવનને પ્રગતિની પરાકાષ્ટાએ પહોંચાડવાના પ્રયાસમાં તેણે કદી પાછા પડવું ન જોઈએ. ભલેને તેને સફળ થતાં દિવસો, મહિના, ને વરસો કે જન્મો લાગે. માર્ગમાં મુશ્કેલી આવે, તેથી હિંમત ન હારતાં, એક શૂરવીર સૈનિકની જેમ તેણે આગળ ને આગળ વધતાં રહેવું જોઈએ. એ માટેની પ્રેરણા તેને નદી પાસેથી મળી શકે છે.

નદી વહેવા માંડે છે ત્યારે પોતાના માર્ગમાં આવતા પદાર્થોને ગણકારે છે ખરી ? પોતાના સંગીતમાં તે એટલી બધી મસ્ત હોય છે કે તેની તરફ જોવાની પણ તેને ફુરસદ નથી. બધામાંથી માર્ગ કરીને તે આગળ ને આગળ ધપ્યે જાય છે. મોટાં મોટાં ઝાડને ઉખાડી નાખીને આગળ વધ્યે જાય છે. પ્રગતિ ઝંખનારા સાધકે એવી સ્કુર્તિ, શક્તિ ને ઉત્કટતાથી આગળ વધવાનું છે. નદીને પોતાની ગુરૂ બનાવવાની છે. અંતરાયને ગણકાર્યા વિના આળસુ થઈને ક્યાંય પણ અટક્યા વિના ને કશાથી પણ ડર્યા વિના તેણે આગળ વધવાનું છે. એવા મનોબળથી સંપન્ન સાધકને સિદ્ધિનો આનંદ જરૂર મળી જશે.

### [૨] અધ્યાયની શરૂઆતનો પ્રશ્ન

સોળમા અધ્યાયને અંતે ભગવાને કહ્યું છે કે શાસ્ત્રની વિધિ છોડી દઈને જે મનમાની રીતે વર્તે છે તેને સુખ, શાંતિ, સિદ્ધિ કે પરમ ગતિની પ્રાપ્તિ થઈ શકતી નથી. તે વાત ધ્યાનમાં રાખીને અર્જુને કેટલાક ખુલાસાની માગણી કરી છે. સત્તરમાં અધ્યાયની શરૂઆતમાં જ તે પૂછે છે કે, 'હે પ્રભુ, એવા કેટલાક લોકો પણ છે જે શાસ્ત્રની વિધિ છોડી દઈને કેવલ શ્રદ્ધાથી ઉપાસના કરે છે, અથવા સાધનોનો આશ્રય લે છે તેમને વિશે શું સમજવું ? તેમની નિષ્ઠા કેવી જાતની ગણવી ?'

ભગવાન અર્જુનના પ્રશ્નનો જવાબ આપવાને બદલે કેટલીક બીજી હકીકત રજૂ કરે છે, ને નિષ્ઠાનો નિર્ણય કરવાનું કામ અર્જુનની સ્વતંત્ર બુદ્ધિ પર છોડી દે છે. માણસને શાસ્ત્રના વિધિવિધાનની સમજ નહિ હોય, છતાં તેને આગળ વધવાની ઈચ્છા હોય, તો તે શ્રદ્ધાપૂર્વક પોતાને યોગ્ય લાગે તે રીતે આગળ વધી શકે છે. મુખ્ય વસ્તુ શ્રદ્ધા ને પ્રેમ છે. તેથી પ્રેરિત થઈને માણસ સાધના કરે તો તેનો વિકાસ જરૂર થઈ શકે છે. અલબત્ત, તે પ્રેમ ને શ્રદ્ધાભાવ ઈશ્વરમાં હોવો જોઈએ. ધ્રુવ, વાલ્મિકી ને પાર્વતીએ જે તપ કર્યું તે પ્રેમથી પ્રેરાયેલું હતું. તેની પાછળ શાસ્ત્રીય વિધિવિધાનનું બળ બહુ જ ઓછું હતું. છતાં તે તપ પરમાત્માને માન્ય

હતું. શ્રદ્ધાથી ભરેલું ને ઉત્તમ હેતુથી પ્રેરાયેલું હતું, માટે સફળ થયું ને બીજાને માટે માનપત્ર તથા અનુકરણીય બની શક્યું. શાસ્ત્રના સિદ્ધાંતોની સંપૂર્ણ સમજ સાથે ઉપાસના કે સાધના કરનારા માણસો બહુ ઓછા હોય છે. મોટા ભાગના માણસો તો જેમ સમજાય તેમ કર્યે જાય છે. પરંતુ તેમનો હેતુ શુદ્ધ હોય છે. આત્મશાંતિ કે પરમાત્માની પ્રસન્નતાની પ્રાપ્તિ કરવા તે ઝંખતા હોય છે. વળી શાસ્ત્રના રહસ્યની સમજ ન હોવા છતાં તે અનીતિ કે અધર્મને પોષણ મળે એવું કોઈ કર્મ કરતા નથી. તેવું કર્મ ન થાય તે માટે તે સાવધ રહે છે. પાછળથી તેમનો સ્વભાવ જ એવો થઈ જાય છે કે અનીતિનું કામ તેમનાથી થઈ શકતું જ નથી. બાકી શાસ્ત્રના વિધિવિધાન તેમના જીવનમાં ભાગ્યે જ જોવા મળી શકે છે.

ગોપીઓ ભગવાનને પૂજતી હતી. ભગવાન તેમના સર્વસ્વ હતા. પણ તેમની પ્રેમ ને ઉપાસનાની પદ્ધતિ કટ્ટર શાસ્ત્રીય વિધિવિધાનમાં માનનારને સંતોષી શકે તેવી ભાગ્યે જ હતી. તેથી જ તેવા લોકોએ ગોપીઓના પ્રેમને અશાસ્ત્રીય કહેવાનું સાહસ કર્યું છે. સાચી વાત તો એ છે કે તેવા લોકો ગોપીઓને સમજવામાં જ ભૂલ કરે છે. તે તો પ્રેમ ને શ્રદ્ધાથી ભરેલી હતી. શાસ્ત્રનાં વિધિવિધાન જ્યાં પૂરા થાય છે ત્યાંથી તે આગળ વધી હતી. વિધિવિધાનથી પર એવા પંથની તે પ્રવાસી હતી. શાસ્ત્રની કે સમાજની જરાય ચિંતા કર્યા વિના સત્ય ને પરમાત્માને વફાદાર રહીને શ્રદ્ધા, ભક્તિથી તે આગળ ને આગળ વધ્યે જતી હતી. તેથી તે પરમાત્માની કૃપા મેળવી શકી. તેમની નિષ્ઠા ને ભક્તિ ઉત્તમ ને અનુકરણીય ગણાવા લાગી.

ન્હાઈને શુદ્ધ થઈને આસન પર અમુક જ દિશા તરફ મુખ રાખીને બેસવું તથા વિધિપૂર્વક જપ કરવા એ બધા નિયમો સારા છે, પણ પ્રેમમાર્ગમાં આગળ વધેલા સાધક એ નિયમોથી પર જણાય તો તેમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. તે નિયમો તેમના જીવનમાંથી સાધનાને અમુક તબક્કે આપોઆપ છૂટી જાય છે, ને છતાં પણ તેમની ઉન્નતિમાં કોઈ બાધ આવતો નથી. કેટલાક એવા સાધકો પણ છે જે સાધનાની શરૂઆત કરે છે. તેવા સાધકોને કેટલીક શંકા હોય છે. કોઈ વાર તેવા સાધકો મારી પાસે આવે છે ને પૂછે છે કે 'મંત્રજપ કરીએ છીએ. પણ ન્યાસ વગર કરીએ છીએ તો ફળ મળશે કે નહિ ? અમે તો એમ સાંભળ્યું છે કે ન્યાસ ન કરીએ તો મંત્રનું ફળ ન મળે.'

મારે તેમને કહેવું પડે છે કે શાસ્ત્રોના આદેશો પણ જુદા જુદા છે. ઉપનિષદો પણ સર્વસામાન્ય છે. તેમાં કલિસંતરણ ઉપનિષદ જુઓ તો જણાશે કે ગમે તે દશામાં પણ જપ કરવાનું ફળ મળે છે એમ કહ્યું છે. તેમાં તો કહ્યું છે કે જપ માટે કોઈ ખાસ વિધિની જરૂર જ નથી. બસ બની શકે તેટલા પ્રેમથી જપ કરો. વળી જ્યારે વખત મળે ત્યારે કરો. તે જરૂર ફળદાયક થશે. એટલે મારો અભિપ્રાય તો એવો છે કે શ્રદ્ધા ને રુચિ પ્રમાણે કામ કરતા રહેવું. જો તમને ન્યાસ વગેરે કરવાની રુચિ હોય તો તમે તેનો આધાર જરૂર લો. તેમાં કોઈને પણ હરકત નહિ હોઈ શકે. પણ જો ન્યાસ વગેરે વિના ચલાવી લઈને કેવલ મંત્રજપ કરવાની તમારી ઈચ્છા હોય, તો તમે તેમ કરો. તેમાં પણ કોઈને શી હરકત હોઈ શકે ? આખરે તમે કામ તો સારું કરો છો. કોઈ ખરાબ કામ કરતા નથી કે જેથી ડરવું ને શંકાશીલ થવું પડે. માટે ડર ને શંકાનો ત્યાગ કરો ને તમારી રુચિ મુજબ આગળ વધો. સાધકની અંદર શ્રદ્ધા ને પ્રેમ જાગી જાય તો પોતાની સાધના માટે ભલેને તે કોઈ એવો માર્ગ અખત્યાર કરે જે તેની પહેલાંના શાસ્ત્રોના માર્ગ સાથે મેળ ખાતો નહિ હોય, છતાં પણ તે જરૂર

સફળ થશે. તેની સાધના માનને પાત્ર જ ગણાશે. શાસ્ત્રીય પદ્ધતિ સાથે તેની સાધના બરાબર બંધબેસતી નહિ હોય તો પણ તેની નિષ્ઠા વિશે શંકાશીલ બનવાની જરૂર નથી.

શાસ્ત્રો મહાપુરૂષોના અનુભવના નીચોડરૂપ છે. તેમની કેટલીક વાતો સર્વસામાન્ય હોય છે. પણ મહાપુરૂષો સંસારમાં કાયમને માટે થયા જ કરવાના ને પોતપોતાને યોગ્ય લાગે તે માર્ગે વિકાસ કરતા રહેવાના. તેમનો વિકાસ શાસ્ત્રોમાં કહેલી એક જ પદ્ધતિનો હોવો જોઈએ, એવો દુરાગ્રહ આપણે શા માટે રાખીએ ? માણસ સ્વતંત્ર છે. તેને વિકાસ કરવાની ને તે માટેની સાધનાની પસંદગી કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ. પહેલેથી તેને અમુક રૂઢિ, શાસ્ત્ર કે વિધિના બંધનમાં બાંધી દેવાની જરૂર નથી. શાસ્ત્રની વિધિમાં ઉમેરો કે સુધારો કરવાની છૂટ પણ હોવી જોઈએ. સાથે સાથે પોતાના સ્વતંત્ર અનુભવનું શાસ્ત્ર રચવાની સ્વતંત્રતા આપવામાં આવે તો પણ કશી હરકત નથી. એનો અર્થ એમ નથી કે પોતાના પહેલાંનાં મહાપુરૂષોનો જે અનુભવ વારસો તેને સહજ રીતે મળી ચૂક્યો છે, તેની તે ઉપેક્ષા કરે અથવા તેનો લાભ લે નહિ. તેનો લાભ તે જરૂર લે, પણ વધારે મહત્વ પોતાના વ્યક્તિગત અનુભવને આપે.

આ વાત મહાપુરૂષોની છે. બધા પુરૂષો એવા હોતા નથી. વાલ્મિકી, ધ્રુવ, ગોપી કે એકલવ્ય હજારોમાં કોઈક જ થઈ શકે છે. વધારે ભાગના માણસો તો સાધારણ હોય છે. તેમણે શાસ્ત્રની વિધિ પ્રમાણે ચાલવું જ રહ્યું. મહાપુરૂષોના અનુભવપૂર્ણ વચનમાં તેમણે શ્રદ્ધા રાખવી જ રહી. પ્રજાના હિતનો ખ્યાલ રાખીને પ્રજાના પ્રતિનિધિ ભેગા મળે છે ને બંધારણ ઘડે છે. તેને પ્રજા માન આપે છે. તે પ્રમાણે ધર્મશાસ્ત્રના સંબંધમાં પણ સમજી લેવાનું છે કે શાસ્ત્ર ધર્મનું બંધારણ છે. ધર્મપ્રેમી માણસે તેને માન આપવું જોઈએ ને વફાદાર રહેવું જોઈએ. વ્યક્તિ ને સમષ્ટિની સલામતી માટે તે જરૂરી છે એ વાતને ધ્યાનમાં રાખીને જ આપણે ત્યાં શાસ્ત્રોને પ્રમાણભૂત માનવાનું ને શંકાસમાધાન કરવા શાસ્ત્રોનું શરણ લેવાનું કહ્યું છે તેમાં કાંઈ ખોટું નથી.

**[ 3 ] શ્રદ્ધાભેદ**

સાધનાની શ્રદ્ધા પણ ભગવાન કહે છે તેમ જુદી જુદી હોય છે. ભગવાને તેના ત્રણ ભેદ પાડી દીધા છે - સાત્વિક, રાજસ ને તામસ. શ્રદ્ધા વિના માણસ રહી શકતો નથી. શ્રદ્ધા તેના જીવનમાં ભળી ગયેલી વસ્તુ છે. તેનો સંપૂર્ણ ત્યાગ કરવાનું કામ અશક્ય છે. દરેક માણસને કોઈને કોઈ વસ્તુમાં તો શ્રદ્ધા હોવાની જ. શ્રદ્ધાથી જ પ્રેરાઈને તે કર્મ કરવાનો. શ્રદ્ધાના પ્રકાર જુદા જુદા હોય છે. સંસારમાં સૌને અમુક એક જ વિષય કે વ્યક્તિ પર શ્રદ્ધા હોય એવું ભાગ્યે જ બને છે. સાધકો સારા હોય, પ્રમાણિક હોય, ને વિવેકી પણ હોય, છતાં ઈશ્વરના એક જ રૂપમાં સૌને શ્રદ્ધા હોય એવું ભાગ્યે જ બને છે. તુલસીદાસને માટે રામ સર્વસ્વ હતા. પરંતુ સુરદાસ શ્રીકૃષ્ણમાં જ મગ્ન હતા. રામકૃષ્ણદેવ તો બધા સ્વરૂપોમાં માનતા હતા; પરંતુ 'મા' પ્રત્યેનો તેમનો પ્રેમ જુદો જ હતો. પુષ્પદંત જેવા ભક્તે શંકરને માટે જ પોતાના અંતરમાં આસન તૈયાર કર્યું હતું. શંકરને સાકાર સ્વરૂપ પર પ્રીતિ ન હતી એમ નહિ, પરંતુ ખાસ નિષ્ઠા નિરાકારમાં હતી. એ પ્રમાણે કોઈ પારસીને જરથુસ્તમાં, મુસલમાનને મહંમદમાં, જૈનને મહાવીર ને બૌદ્ધને બુદ્ધમાં ને ખ્રીસ્તી ધર્મમાં માનનારને 'ઈશ્વરના પુત્ર' ઈશુમાં શ્રદ્ધા હોય છે. બધા ચાહે છે પરમશાંતિ ને પરમાત્માની પ્રાપ્તિને પણ તે માટેની ઉપાસના જુદી હોય છે. તે માટેના પ્રતીક પણ જુદાં હોય છે ને તેમાં એકવાક્યતા હોવી જ જોઈએ એમ માનવાનું કોઈ જ

કારણ નથી. બધાંને એક જ લાઈનમાં ને એક જ લાકડીએ હાંકવાનો પ્રયાસ પરસ્પર ભય, શંકા, ચિંતા ને કડવાશ ઊભી કરે છે. ઘર્ષણ પણ જગાવે છે. પરિણામે જાનમાલની ખુવારી કરે છે. માણસ પોતાની પ્રગતિનો પંથ પસંદ કરવામાં સ્વતંત્ર છે, તે તેના ને બીજાના લાભમાં છે. તેની સ્વતંત્રતા પર કાપ મૂકનારો કે તરાપ મારનારો કોઈ પણ પ્રયાસ પ્રશંસનીય ગણાવો જોઈએ નહિ. તેવા પ્રયાસને પ્રત્યેક સમજુ માણસે વખોડી કાઢવો જોઈએ. પ્રગતિ માટેના માર્ગને પસંદ કરવાની સ્વતંત્રતા સાધનામાં ખૂબ જરૂરી છે એ વાત ભૂલાવી જોઈએ નહિ.

શ્રદ્ધાનો આધાર મુખ્યત્વે સાધકના હૃદય પર રહે છે. જેવું સાધકનું હૃદય, તેવી તેની શ્રદ્ધા. સામાન્ય માણસને પણ આ જ વાત લાગુ પડે છે. સંસારમાં જુદા જુદા કેટલાય ધર્મો છે, ધર્મગુરૂઓ ને ધર્મપુસ્તકો પણ કેટલાંય છે, ધર્મના સિદ્ધાંત પણ જુદા જુદા છે. તે બધાને પોતપોતાના અનુયાયી મળી રહે છે. બધાની અંદર આસ્થા રાખનારા ને બધા પર આદર રાખનારા માણસો મળી રહે છે, ને હજી પણ જો કેટલાક બીજા ધર્મગ્રંથો રચાય ને કેટલાક બીજા પંથ કે સંપ્રદાય ઊભા થાય તો તેમને પોતપોતાના અનુયાયી મળી રહે એ હકીકત છે. એ હકીકતથી ડરવાનું કોઈ કારણ નથી. મુખ્ય વાત એ છે કે માણસ વિકાસ કરે છે, આગળ વધે છે અથવા આગળ વધવા પ્રેરાય છે. એ એક જ વાત આપણને આનંદ આપવા પૂરતી થવી જોઈએ. એ જાણીને આપણા અંતરમાં આદરભાવ જાગવો જોઈએ. તે કેવી રીતે આગળ વધે છે, કઈ પદ્ધતિનો આધાર લઈને આગળ વધે છે ને કઈ ક્રિયા કે પ્રણાલિકા પર પ્રેમ રાખે છે, તે વાત ગૌણ છે. તે કટ્ટરતા ને કડવાશ જગાવનારી ન બને તેનું ધ્યાન રાખવાનું છે. સંકુચિતતા નહિ પણ ઉદારતા, દ્વેષ નહિ પણ પ્રેમ ને તિરસ્કાર નહિ પણ સહાનુભૂતિ આપણો જીવનમંત્ર બને ત્યારે જ તેમ થઈ શકે. તે માટે વિવેકી થવાની જરૂર છે.

જે અવિવેકી છે તે અહંકારી બને છે, ને પોતાની જ વાતને સાચી માનીને બીજા બધાની વાતનો તિરસ્કાર કરે છે. એટલું જ નહિ, એથી બે ડગલાં આગળ વધીને પોતાની વાતને બધા માને ને માને નહિ તો બદલામાં દંડ ભોગવવા તૈયાર રહે એવી ઈચ્છા રાખે છે. વિવેકી પુરૂષ સૌને સમભાવે સમજવાનો પ્રયાસ કરે છે. જ્યાં જ્યાં સારું દેખાય ત્યાં ત્યાંથી તેને ગ્રહણ કરવા તૈયાર રહે છે. તે જાણે છે કે એક ઘરમાં રહેનારા બાળકો પોતાની રુચિ પ્રમાણે જુદો જુદો ખોરાક ખાય છે, છતાં પ્રેમથી રહે છે. બાળકને તેવો જુદો જુદો ખોરાક તેમના આરોગ્ય માટે આવશ્યક હોય છે. તે પ્રમાણે જગતરૂપી વિશાળ ઘરમાં રહેનારા માણસો એક કુટુંબના સભ્યો જેવા છે. પોતાના આરોગ્યને ધ્યાનમાં લઈને તે પોતાની રુચિ પ્રમાણે ધર્મ કે સાધનાનો જુદો જુદો ખોરાક ખાય તો તેમાં હરકત શી છે ? તે વસ્તુ સારી છે, સ્વાભાવિક છે, ને તેથી આવકારદાક છે, તેમાંથી વેરભાવ, વાદ ને ઘર્ષણ પ્રકટે તો તે ઠીક કહેવાય નહિ. એવા વિવેકથી સૌ સજ્જ થાય તો ધર્મ, સંપ્રદાય ને સાધનાને નામે ચાલતી બળજબરી બંધ થાય, વ્યાપારવૃત્તિ ને કટ્ટરતાનો અંત આવે. આ વાત દરેક ધર્મપ્રેમીએ યાદ રાખવાની છે. એક હાથમાં છરી કે તલવાર ને બીજા હાથમાં ધર્મગ્રંથ લઈને બીજાનું બળજબરીપૂર્વક ધર્માંતર કરવાનું જંગલી વલણ હવે બંધ થવું જોઈએ, ને સેવા, શિક્ષા ને ઉદ્ધારને નામે પછાત વર્ગોમાં પેસી જઈ તેમની પાસે પોતાના ધર્મના ગુણગાન ગાઈને તેમના ધર્મની વગોવણી કરી, યુક્તિપ્રયુક્તિથી પોતાના ધર્મનો પ્રચાર કરવાની ઠગવિદ્યાનો પણ અંત આવવો જોઈએ. કોઈ પણ સ્વમાની

દેશ એવી સુધારેલી ઠગવિદ્યાને ચલાવી શકે નહિ. દરેક માણસની મૂળભૂત શ્રદ્ધાને ધ્યાનમાં લઈને તેનો આદર કરતાં શીખીએ તો કામ ઘણું સહેલું થઈ જાય.

**[ ૪ ] શ્રદ્ધા પ્રમાણે ઉપાસના**

પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે માણસો ઉપાસનાના જુદા જુદા પ્રતીક પસંદ કરે છે. ભગવાન કહે છે કે 'હે અર્જુન, જે સાત્વિક પ્રકૃતિના માણસો છે તેમની શ્રદ્ધા સાત્વિક હોય છે, તે દેવતાની ઉપાસના કરે છે. જે રાજસ પ્રકૃતિના છે તેમની શ્રદ્ધા રાજસ હોય છે. તે યક્ષ ને રાક્ષસની ઉપાસના કરે છે, તામસ પ્રકૃતિના માણસોની શ્રદ્ધા તામસિક હોય છે. તમોગુણી વસ્તુમાં તેમને રસ પડે છે, ને વિશ્વાસ બેસે છે. તેવી વસ્તુઓ સાથે સંબંધ બાંધવામાં તેમને આનંદ આવે છે. તેથી તે ભૂતપ્રેત જેવી મલિન વસ્તુની ઉપાસના કરે છે, ને તેમને સાધવા પાછળ શક્તિ ખરચે છે.'

સાધારણ જગતમાં પણ આપણે જોઈએ છીએ કે માણસ જેવો હોય છે તેવા માણસની શોધમાં રહે છે. પોતાના સમોવડિયાનો સ્નેહ શોધે છે. પેલા સંસ્કૃત વચનમાં કહેવામાં આવેલી વાત જાણીતી છે કે મિત્રતા સરખા ગુણ ને સમાન ટેવવાળા માણસો વચ્ચે થઈ શકે છે. તેવી મિત્રતા ટકે પણ ખરી. તે પ્રમાણે આધ્યાત્મિક જગતમાં પણ સમજી લેવાનું છે. માણસ પોતાને ગમતા ને પોતાની અંદર તેવા ગુણધર્મોની ઝાંખી થાય તેની સાથે પ્રેમ ને મમતાની ગાંઠે બંધાવા ઝંખે છે. સાધકો જ્ઞાન, ભક્તિ ને યોગના જુદા જુદા માર્ગ પસંદ કરે છે તેનું કારણ પણ એ જ છે. પોતાના સ્વભાવ કે ગુણધર્મ પ્રમાણે જુદા જુદા માર્ગ તેમને સારા લાગે છે. એટલે જ આપણે જોઈએ છીએ કે કોઈ ધ્યાન કરવામાં આનંદ માને છે તો કોઈ કીર્તન કરવામાં. કોઈને ચિંતન, મનન ને અધ્યયનમાં આનંદ આવે છે તો કોઈને યોગાભ્યાસમાં. કોઈને કર્મમાં જ સાધના ને સેવાનો સાર સમાઈ જતો હોય એમ લાગે છે, તો કોઈ બાહ્યકર્મનો ત્યાગ કરીને આત્માનંદમાં મગ્ન બની બેસી રહેવામાં જ કૃતાર્થતા માને છે. કોઈ એકાંતમાં રસ લે છે તો કોઈ વસ્તીમાં. કોઈને ચર્ચા ને પ્રવચન કરવાનું ને ઉપદેશ કરવાનું સારું લાગે છે તો કોઈને જીવનભર મૂક બનીને જીવ્યા કરવાનું. શ્રદ્ધા, સ્વભાવ ને રુચિના ભેદને લીધે સાધકોના જીવનમાં આમ વિવિધતા દેખાય છે. વિવિધતામાં આનંદ અનુભવવાની અનેકતામાં એકતા જોવાની ને માનવપ્રકૃતિના સુંદર ચિત્રની પાછળ પરમાત્મારૂપી ચિત્રકારની કલાનું દર્શન કરવાની એ શક્તિ મેળવી લો એટલે આનંદ આનંદ થઈ રહેશે. જગતમાં બધે ઈશ્વરની લીલાનું દર્શન કરવાની ને સૌને પ્રેમ કરવાની ટેવ પડશે. આપણા ઋષિઓએ કેવળ મંગળ વસ્તુઓમાં પરમાત્માનું દર્શન નથી કર્યું. અમંગલ જેવા દેખાતા પદાર્થોમાં પણ તેમણે પરમાત્માનો પ્રકાશ જોયો છે. તે માટે વિવેક જોઈએ. પવિત્ર હૃદય જોઈએ ને ભક્તિ અથવા જ્ઞાન જોઈએ. એનું જ નામ દિવ્ય દૃષ્ટિ. તે પ્રાપ્ત થતાં પત્થર ને ધૂળમાં પણ સુંદરતાનું દર્શન થશે. પૂર્ણિમાની રાતની જેમ અમાસની ઘોર અંધારી રાત પણ આકર્ષક લાગશે, ને લીલાછમ વૃક્ષોની જેમ સુકાં ને પર્ણ વિનાનાં ઉજ્જડ દુકાળની અસર નીચે આવેલાં વૃક્ષો પણ રસમય દેખાશે. ડાહ્યા ને મૂર્ખ, શિક્ષિત ને અશિક્ષિત તથા સુંદર ને કુરૂપ સૌ પોતપોતાના સ્થાનમાં બરાબર લાગશે. પછી ભેદભાવ, વાદવિવાદ ને અથડામણનો અંત આવશે. જીવન સંવાદમય બની જશે.

માણસે ઉત્તરોત્તર સારી શ્રદ્ધાને કેળવવા ને ઊંચી કક્ષામાં જવા તૈયાર થવું જોઈએ. ભૂતપ્રેતની ઉપાસના સારી હોય ને કેટલાકની શ્રદ્ધા ને રુચિને અનુકૂળ હોય તો પણ વિવેકી માણસે તેમાં પડવાની જરૂર નથી. સાધના કરવી જ છે તો પછી ભૂતપ્રેત ને રાક્ષસની શા માટે કરવી ? ઈશ્વરની શા માટે ન કરવી ? ઈશ્વરની સાધના કે ઉપાસના માણસનું બધી રીતે મંગલ કરે છે. ભૂત, પ્રેતને રાક્ષસ જેવા જીવોની ઉપાસના કેટલીકવાર માણસનું અધઃપતન કરે છે. આત્મિક ઉન્નતિ કરીને પૂર્ણતા, શાંતિ ને પરમ પદની ઈચ્છા અતૃપ્ત જ રહી જાય છે. ઊલટું, તેવી ઉપાસનાથી માણસની કામના વધતી જાય છે, ને અહંકાર, મમતા ને બંધનની ગાંઠ વધારે ને વધારે મજબૂત બનતી જાય છે. પરમગતિ પણ દૂર રહે છે. મૃત્યુ વખતે એવા ઉપાસકોને અપાર કષ્ટ પડ્યાનાં ઘણા ઉદાહરણ છે.

**[ ૫ ] સમજપૂર્વક સાધનાની પસંદગી**

સાધના માટે માર્ગની પસંદગી કરતી વખતે માણસે ખૂબ શાંતિ રાખીને વિચાર કરવો જોઈએ. સાધ્ય ને સાધનની પસંદગીમાં ઉતાવળ કરવી જોઈએ નહિ. જે સાધન પસંદ કરવામાં આવે, તેની અસર પોતાના સ્વભાવ ને જીવન પર કેવી થવા સંભવ છે તેનો પૂરતો વિચાર કરીને પછી જ કોઈ નિર્ણય પર પહોંચવું જોઈએ. જે ઉપાસના કે સાધના થાય તે લૌકિક કામનાથી પ્રેરિત થઈને થવી જોઈએ નહિ. તેનો ઉદ્દેશ આત્મિક ઉન્નતિ, મુક્તિ કે પૂર્ણતાનો હોવો જોઈએ. માણસે પરમાત્માને છોડીને સાધારણ દેવતા, આસુરી દેવતા કે રાક્ષસ ને ભૂતપ્રેતની ઉપાસના શા માટે કરવી જોઈએ ? તેવી ઉપાસનાનો વિચાર શા માટે કરવો જોઈએ ? જેનાથી પોતાનું દળદર ફીટે નહિ, દુઃખ મટે નહિ, ને ચિંતા ટળે નહિ, તેનો આશ્રય શા માટે લેવો જોઈએ ? તેમની સેવાપૂજા ને પ્રસન્નતા માટે પોતાનો સમય ને શક્તિને બરબાદ શા માટે કરવાં જોઈએ ? જે વેપારમાં લાભ નથી, સાર નથી ને ઉદ્ધારની આશા નથી, તે વેપારમાં મન લગાડવાથી શો લાભ ! માટે વિવેકી પુરૂષે સદા ઈશ્વરની ઉપાસનામાં મન લગાડી દેવું. પરમાત્માના ચરણોમાં તન, મન ને અંતરધન ધરી દેવું. તેમની પ્રસન્નતા માટે કૃતસંકલ્પ થઈને સાધના કરી દેવી. તેમની પૂજા, સેવા ને પ્રસન્નતા માટે જ આ જીવન છે. આ ઉત્તમ શરીર, જેનાં શાસ્ત્રો ને સંતોએ મુક્તકંઠે વખાણ કર્યા છે, તે પણ એટલા માટે જ મળેલું છે. તન, મન ને અંતરની કૃતાર્થતા તેમાં જ છે કે તે પરમાત્માની આરાધનામાં લાગી જાય. પરમાત્માને પ્રકટવાનું સાધન બની જાય. પરમાત્માને છોડી બીજા સારા કે નરસા, દેવતા, રાક્ષસ કે ભૂતપ્રેતની ઉપાસના કરવાથી શું વળવાનું છે ? કોઈ પોતાનું અહિત ઈચ્છતું નથી, તો પછી પોતાનું સર્વ પ્રકારે હિત કરનાર પરમાત્માને કોણ નહિ ચાહે ? પરમાત્માની ઉપાસના કોણ નહિ ઈચ્છે ?

જીવનમાં લાંબા વખતથી જે ગાંઠ પડી ગઈ છે, અશાંતિ ને ક્લેશની હોળી સળગી રહી છે, ને વેદનાની વર્ષા વરસી રહી છે, તેને દૂર કરવા પરમાત્માનું શરણ લીધા વિના છૂટકો નથી. એ જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી. એના વિના બીજો એક પણ અકસીર ઉપાય નથી. જીવનનું મંગલ ચાહનારે તેનો આધાર લઈ લેવો જોઈએ. માણસ ધારે તો પોતાની જાતને સુધારી શકે છે. ગમે તેવી ભૂલમાં પડેલો માણસ પણ જો ચેતે તો ભૂલ સુધારીને આગળ વધી શકે છે. તેમ કરવામાં કોઈએ સંકોચ રાખવો ન જોઈએ. ખોટી શરમ કે માનની ખોટી લાગણી પણ તેમ કરતાં આડે આવવી ન જોઈએ. પ્રતિષ્ઠા ને પદનો વિચાર પણ તેમ

કરતાં આડે આવવો ન જોઈએ. જીવન તો એક મોટી પ્રયોગશાળા છે. તેમાં પ્રયોગ કરતાં કરતાં માણસે પરમ સત્યની શોધમાં સફળ થવાનું છે. તેમાં કેટલીક શક્તિ જોઈશે, કેટલાક વખતનો ભોગ પણ આપવો પડશે ને કેટલીક ત્રુટિને દૂર કરવા, ભૂલને સુધારવા તૈયાર પણ રહેવું પડશે. તેનો ઈન્કાર કર્યે કેમ ચાલશે ?

માણસ ચાહે કે ના ચાહે પણ તેણે પરિવર્તનને વશ થવાનું જ છે. ચાહે પરિવર્તન મંગલ હો કે અમંગલ ને સારાને માટે હો કે ખરાબને માટે. પલટાતા જતા સંસારમાં તે ધારે તો પણ સ્થિર ને નિષ્ક્રિય રહી તેમ નથી. સંસારનો સ્વભાવ જ ચંચલ છે. પ્રકૃતિ પોતે પણ પરિવર્તનશીલ છે. તેનાથી તે અછૂત કેવી રીતે રહી શકે ? તેથી અછૂત રહેવાનો પ્રયાસ કરવો તે પણ ઠીક નથી. સારી વસ્તુ તો એ છે કે સંસાર ને પ્રકૃતિની ખાસિયત જાણી લઈને તે તેનો લાભ ઊઠાવે, સુધરવાની કોશિશ કરે, ને પીછેહઠ નહિ પણ આગેકૂચ કરવાનો નિશ્ચય કરે, તે માટે કદમ ઊઠાવે. તમોગુણ ને રજોગુણનું રૂપાંતર કરી, તેનો અવશેષ દૂર કરી, શુદ્ધ સત્વગુણની મૂર્તિ થવાનો પ્રયાસ કરે. દૈવી સંપત્તિનો વિકાસ કરીને દાનવ નહિ પણ માનવ છેવટે પૂર્ણ માનવ કે પુરૂષોત્તમ બનવાનો સંકલ્પ કરે, તો જ જીવન ઉન્નત કે ઉજ્જવલ બની શકે.

**[ ૬ ] આસુરી સાધના કે ઉપાસના**

તમોગુણી માણસો જે તપ કરે છે તે કેટલીકવાર ભારે ભયંકર હોય છે. એવી ઉપાસના કે સાધનામાં માનનારા માણસો શરીરને ગંદુ રાખે છે, ને અખાદ્ય વસ્તુનું સેવન કરે છે. જીવતા પ્રેત જેવો તેમનો દેખાવ ને તેવું તેમનું જીવન હોય છે. માંસ, મદિરા વગેરે માદક પદાર્થોનું તે છૂટથી સેવન કરે છે. તેમની પૂજા કે ઉપાસનાની વિધિ પણ અશ્લીલ હોય છે. દેવી કે દેવતાને તૃપ્ત ને પ્રસન્ન કરવા પશુનો ને કેટલીકવાર માણસોનો પણ વધ કરે છે. તેથી દેવી કે દેવતા પ્રસન્ન થાય છે એમ તે પોતાના મેળે જ માની લે છે. ઉપાસના, તપ કે સાધનાને નામે જીવહત્યાના એવા પ્રસંગો હજી પણ બન્યા કરે છે આશ્ચર્ય એ છે કે કોઈ કોઈ પંડિત ને પ્રતિષ્ઠિત કહેવાતા માણસો પણ તેનું સમર્થન કરે છે, ને તેમાં સાથ આપે છે.

**[ ૭ ] આસુરી વૃત્તિના બીજા પ્રકાર**

આસુરી વૃત્તિવાળી સાધનાના બીજા પણ કેટલાક પ્રકાર છે. કેટલાક લોકો કોઈ હેતુથી પ્રેરાઈને જીવનભર અથવા વરસો સુધી હાથને ઊંચો ઊઠાવી રાખે છે. તેનું પરિણામ એ આવે છે કે હાથ લોહી વિનાનો સૂકી લાકડી જેવો થઈ જાય છે. કેટલાક વરસો પહેલાં મેં એક એવા સાધુને જોયો હતો. તેનો હાથ ખૂબ ભયંકર દેખાતો હતો. હાથની સાથે એવી ઘોર સખતાઈ કરવાનું શું કારણ હશે ? મેં તે સાધુને પૂછ્યું નથી. પણ તેવી સખતાઈનો તે એક પ્રકારના તપમાં સમાવેશ કરે છે એ વાત નક્કી છે. કેવું વિચિત્ર તપ ! તેની તાલીમનો વિચાર જ કંપાવી નાંખનારો છે તો પછી તેની તાલીમમાં કેટલું બધું કષ્ટ હશે તેની કલ્પના કરી લેજો. તેમાં કેટલી બધી મહેનત ને કેટલા બધા મનોબળની જરૂર પડતી હશે ? ને તેટલી મહેનત કર્યા પછી પણ બદલામાં માણસને શું મળે છે ? હાથ ઊંચો કરીને તપ કરવાથી શું પહેલાની પુરાણકથાઓમાં આવે છે તેમ ઈંદ્રનું આસન ડોલી ઊઠે છે ? અથવા તો કોઈ શક્તિ કે સિદ્ધિની પ્રાપ્તિ થાય છે ? કોઈ પ્રકારની પરમગતિ, પ્રસન્નતા, પરમશાંતિ કે પૂર્ણતા પણ મળે છે ? તેનો ઉત્તર નકારમાં જ આપવો પડશે. ને

વધુમાં ઉમેરવું પડશે કે પૂર્ણતા કે શાંતિની વાત તો દૂર રહી, પણ શરીરની અસ્વસ્થતા ને કુરૂપતા ભેટમાં મળે છે. તેવા હાનિકારક સાધનોનો આશ્રય કોણ લેશે ? બીજાં કેટલાય સારાં સાધનો છે. તેનો આધાર લઈને કેટલાય સાધકો પરમશાંતિ કે પૂર્ણતાની પ્રાપ્તિ કરી ગયા છે. તે સાધનોનો આધાર શા માટે લેવો નહિ ? માની લો કે હાથ ઊંચો રાખવાથી કોઈ સિદ્ધિ મળી જાય છે, તો પણ વિવેકી સાધકે એવા ભયંકર સાધનને અજમાવવાની જરૂર નથી. તેણે તો સારા સાધનનો જ આધાર લેવો.

હાથને કાયમ માટે ઉપર ઊઠાવી રાખવામાં મનોબળની જરૂર પડે છે, કષ્ટ પણ પડે છે. તેનો વિચાર કરતાં આપણને થાય છે કે એટલું કષ્ટ જો પરમાત્માની પ્રસન્નતા માટે, હૃદયની શુદ્ધિ ને સંયમ કરવા પાછળ ઊઠાવવામાં આવે તો ? તો માણસ જરૂર મહાન બની શકે, પૂર્ણતાએ પહોંચે. પરમાત્માનો કૃપાપાત્ર તે બને ને ચમત્કાર સરજી શકે. પરંતુ તે માટે ઈચ્છા થવી જોઈએ.

કેટલાક માણસો તપશ્ચર્યા કરે છે, પણ અહંકાર ને દંભથી પ્રેરાઈને કરે છે. તેમનામાં નમ્રતા ને નિખાલસતા હોતી નથી. કામના, આસક્તિ ને ગર્વથી તે અંધ હોય છે. શરીરને કષ્ટ આપીને તે સાધના કરે છે, ને કેટલીકવાર એવી સખત સાધના કરે છે કે તેમનો અંતરાત્મા દુઃખી થાય છે. તપશ્ચર્યા કે સાધના દુઃખી થવા કે વધારે ને વધારે ગમગીન બનવા માટે નથી. તે તો બધી જાતના દુઃખને દૂર કરવા માટે છે. તેના પ્રભાવથી માણસ સુખશાંતિનો અનુભવ કરે છે ને આનંદની મૂર્તિ બની જાય છે. માણસના સ્વભાવમાં તે આમૂલ ફેરફાર કરી દે છે. જેમ જેમ માણસ આગળ વધતો જાય છે, તેમ તેમ શાંતિ ને પ્રસન્નતાની પાસે પહોંચતો જાય છે. જે સાધના કે તપસ્યા માણસના અંતરાત્માને અશાંત કરતી હોય કે દુઃખ પહોંચાડતી હોય તે સાધના આસુરી નિશ્ચયવાળી કે તમોગુણી છે એવો ગીતામાતાનો નિર્ણય છે.

અહીં એક શંકા થવાનો સંભવ છે. તપસ્યા કે સાધના શું કષ્ટ વિના થઈ શકે છે ? આત્મોન્નતિ કે ઉપાસનાનો માર્ગ કાંઈ આરામનો માર્ગ નથી. તે માર્ગે પગલાં ભરનારને ગુલાબ પરથી પસાર થવું પડે છે એમ નથી. તેને તો કંટક, કીચડ ને કાંકરાનો મુકાબલો પણ કરવો પડે છે. કોઈ પણ જાતની સાધના કષ્ટ માગી લે છે. પરમાત્માની પ્રાપ્તિ પણ કષ્ટ સહન કર્યા વિના ક્યાં થઈ શકે છે ? કવિએ પણ કહ્યું છે કે 'મહા કષ્ટ પામ્યા વિના કૃષ્ણ કોને મળ્યા ?' ઈશ્વરને માટે તપ, વ્રત, ઉપવાસ કરવામાં આવે છે. તેમાં પણ શું કષ્ટ નથી ?

વાત સાચી છે. પણ શાંતિથી સમજીએ તો ગેરસમજ થવાનો સંભવ નહિ રહે. યોગની સાધના પણ ભારે મહેનત માગી લે છે. પણ સાધક પોતાના ગજા પ્રમાણે મહેનત કરીને કે કષ્ટ સહીને તેમાંથી શાંતિ ને આનંદ મેળવી લે છે. એટલે તેવી સાધના ઉત્તમ છે. તેમાં જે કષ્ટ દેખાય છે તે કષ્ટને સાધક પ્રેમપૂર્વક સહન કરે છે. એવી ઉત્તમ સાધનામાં ને ગીતા જેને આસુરી વૃત્તિવાળી સાધના કહે છે તેમાં આભજમીનનો ફેર છે. માટે બંનેને એક ત્રાજવે તોળાય નહિ. આસુરીવૃત્તિવાળી સાધનામાં સાધક હદ ઉપરાંતનું કષ્ટ ભોગવે છે. કેટલીકવાર કષ્ટ ભોગવવાની જરૂર ન હોય તો પણ બીજાને બતાવવા માટે દુઃખી થતાં પણ ભોગવે છે ને કોઈ જાતની ચોક્કસ સમજ વિના, કોઈ જાતના વિકાસના હેતુ વિના કેવળ ભોગવવાને ખાતર કષ્ટ ભોગવે છે. એવાં તપ સંસારમાં ઘણાં થાય છે જેની પાછળ કોઈ ઉચ્ચ હેતુ હોતો નથી. જે કેવળ પરંપરાને માન આપવા કરાય છે. કેટલીક વાર તપની ભાવનાથી માણસ કોઈ પણ જાતના વિશેષ હેતુ વિના દિવસોના

દિવસો ઉપવાસ કર્યા કરે છે. કષ્ટ પડે તે સહન ન થાય ને સહન કરવાની જરૂર ન હોય તો પણ કર્યા કરે છે. કેટલીક વાર તો ઉપાસનાની અતિશયતાથી તેવાં માણસો રામશરણ પણ થઈ જાય છે. તેવા તપની ગણતરી ઉત્તમ તપમાં ન કરી શકાય. ગીતામાતાએ તેને આસુરી તપ કહ્યું છે તે યોગ્ય જ છે.

ઉત્તમ ને અધમ સાધનાને સમજવામાં ગોટાળો ન થાય તે માટે અધમ સાધનાનાં ગીતાએ કહેલાં લક્ષણનો સાર ફરીવાર યાદ કરી લઈએ. અધમ કે આસુરી સાધના

(૧) અશાસ્ત્રીય હોય છે. વિવેકી મહાપુરૂષોએ તેનો આશ્રય લીધો હોતો નથી.

(૨) અશાસ્ત્રીય હોવાની સાથે ભયંકર હોય છે.

(૩) દંભ ને અહંકારથી ભરેલી હોય છે

(૪) આસક્તિ ને લૌકિક પદાર્થોની કામનાવાળી હોય છે.

(૫) કામનાને શાંત કરનારી નહિ, પણ વધારનારી હોય છે.

(૬) શરીર ને ઈન્દ્રિયોને ભારે, સમજ વગરનું ને કેટલીક વાર બિનજરૂરી કષ્ટ આપનારી હોય છે અને

(૭) અંતરાત્માને આનંદ આપનારી હોતી નથી.

છતાં માણસ સ્વતંત્ર છે. પોતાની સ્વતંત્રતાનો ઉપયોગ કરવા તેને છૂટ છે. તે પ્રમાણે તે ગમે તે સાધનાની પસંદગી કરી શકે છે. પરંતુ ચોરી કે ખૂન કરવાની ને જુગાર રમવાની પૂર્ણ સ્વતંત્રતા હોવા છતાં પણ માણસ તેનો ઉપયોગ કરતાં અચકાય છે. તેનો ઉપયોગ સારો મનાતો નથી. તેની ને સમાજની સુખાકારી માટે તેનો ઉપયોગ મોકુફ રાખવાનું જ સારું મનાય છે. તેમાં તેની સ્વતંત્રતા પર કાપ પડતો નથી પણ સ્વતંત્રતાની શોભા ને સ્વતંત્રતાનો સદુપયોગ ગણાય છે. તે પ્રમાણે આસુરી સાધનાનો આશ્રય લેવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવા છતાં પણ, વિવેકી સાધક દૈવી ને શાસ્ત્રીય અથવા સાત્વિક સાધનાનો આધાર લેવા પ્રેરાશે, ને એ રીતે પોતાની મૂળભૂત સ્વતંત્રતાનો સદુપયોગ કરી જીવનને ઉજ્જવલ કરશે એવી આશા છે.

**[ ૮ ] ત્રણ જાતનો ખોરાક**

સાધનાની આટલી વાત કરીને ભગવાને હવે આહાર, યજ્ઞ, દાન ને તપની વાત પર આવે છે. અનુકૂળતા માટે ભગવાને તે બધાના સાત્વિક, રાજસ ને તામસ એવા ત્રણ ભેદ પાડી દીધાં છે.

જેનાથી આયુષ્ય, બલ, આરોગ્ય તથા જીવનશક્તિ વધે તથા સુખ મળે તેવો ખોરાક ઉત્તમ છે. સાત્વિક પ્રકૃતિના માણસોને તેવો ખોરાક પ્રિય હોય છે. મોટે ભાગે તે ખોરાક સૂકો નહિ પણ રસમય હોય છે. ખોરાક શરીરને ટકાવી રાખવા ને જીવનશક્તિ વધારવા જરૂરી છે. તેથી તેની પસંદગી પૂરતા વિચારપૂર્વક કરવી જોઈએ. ગમે તેવો ખોરાક તનને ને મનને ભારે હાનિ પહોંચાડે છે. માટે પૂરતી તકેદારી રાખીને તન ને મનને પોષણ આપે તેવો ખોરાક લેવો જોઈએ.

દુનિયામાં એવા માણસો ઘણા છે જે પ્રમાણિકપણે મહેનત કરીને ખાય છે. ખેડુતની વાત તે બધામાં સૌથી ન્યારી છે. પરિશ્રમ કરીને પ્રાપ્ત કરેલા અનાજનો તે ઉપયોગ કરે છે. તે અનાજના કણેકણમાં પવિત્રતા ને શ્રદ્ધાનો વાસ હોય છે. બીજા માણસો પણ છે જે ખેતી કરતાં નથી પરંતુ બીજા પ્રકારનો પરિશ્રમ કરે છે, પ્રમાણિકપણે પૈસા મેળવે છે ને નીતિમય જીવન જીવે છે. જીવનના સઘળાં ક્ષેત્રોમાં એવા માણસો મળી આવે

છે. આજકાલ ગમે તેમ કરીને ધન મેળવવાની ને વૈભવી થવાની હોડમાં વધારો થયો છે. એટલે તેવા માણસોની સંખ્યા જરા ઓછી છે. છતાં જીવનની પવિત્રતાની કિંમત સમજનારા ને ન્યાયનીતિને વફાદાર રહીને જીવન જીવનારા માણસો પણ છે. પોતાના પગ પર ઊભા રહેનારા તેવા પ્રમાણિક માણસોનો ખોરાક સાત્વિક કહી શકાય. તેને ઉત્તમ કહેવામાં કોઈ હરકત નથી.

બીજી જાતનાં માણસો પોતે કાંઈ કરતાં નથી, પણ બીજા પર નભે છે. નભાવનો અધિકાર હોતો નથી છતાં નભે છે. વળી તે કોટિમાં એવા લોકોનો સમાવેશ થાય છે જે જૂઠું બોલીને, પટાવીને કે લાંચ લઈને પેટ ભરવાનો કે માલદાર બનવાનો પ્રયાસ કરે છે. તેમને માટે એવું જીવન સ્વાભાવિક થઈ ગયું હોય છે. એટલે તેમને તેમાં કાંઈ ખોટું લાગતું નથી ને તે ખૂંચતું પણ નથી. બીજા મહેનત કરે ને પોતે તેના પર જીવે એવી તેમની વૃત્તિ હોય છે, તેમના ખોરાકને રાજસ કહેવામાં હરકત નથી. તેને મધ્યમ ખોરાકના નામથી પણ ઓળખી શકાય.

ત્રીજી જાત તામસ અથવા કનિષ્ઠ ખોરાક ખાનારાની છે. જે જાતના માણસો કેવા હોય છે તે જાણો છો ? ચોરી, ખૂન ને લૂંટફાટ કરીને ને ધન માટે દગો કરતાં પણ અચકાતાં નથી. ગરીબ અને અભણ લોકોને પોતાની જાળમાં ફસાવી, તેમની ગરીબી તથા અજ્ઞાનતાનો લાભ લઈ, ચોપડીઓમાં ખોટું લખાણ કરી ને બીજી રીતે તાલેવંત થવાની તરકીબ કરે છે. અન્યાય, અનીતિ ને અધર્મ કરવાની કળામાં તે પારંગત હોય છે. સટ્ટાખોરી, જુગાર ને શોષણનીતિના તે પૂરા પ્રેમી ને હિમાયતી હોય છે. બીજાને નુકશાન થાય, શોષવું પડે કે બીજાનું સત્યાનાશ વળી જાય, તેની તેમને દરકાર નથી. 'વર મરો કે કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો' એ કહેવત જાણીતી છે તે લોકો તો તેનાથી યે આગળ વધી જાય છે કેમ કે ગોર તો વધારે ધન લઈને પણ વરકન્યાના વિવાહ કરી આપવાનું ઉપયોગી કામ કરે છે પરંતુ તે લોકોથી તો એટલુંય થતું નથી. કોઈને ઉપયોગી થવા કે કોઈનું ભલું કરવા તે ટેવાયેલા જ નથી. બીજાનું બુરું કરવામાં જ તેમને આનંદ આવે છે. ગમે તેમ થાય પણ પોતાનું પેટ પુરાય ને ધરાય એવી તેમની ઈચ્છા હોય છે. એવા લોકો સંસારમાં શોધ્યા પણ જડવા જોઈએ નહિ. એમ થાય તો સંસારમાં સોનાનો સૂરજ ઊગે. સંસારની સીકલ ફરી જાય. એવો સંસાર ને એવો સમાજ આપણે ઈચ્છીએ છીએ, જેમાં એવા લોકો નહિ હોય. એવા સમાજ ને સંસારની રચના કરવાનો આપણો પ્રયાસ છે. કહો કે સંસારના બધા જ સમજુ માણસોનો પ્રયાસ છે. જેમાં સૌની ઉન્નતિની ખાત્રી હોય, તક હોય ને કોઈની પણ અવનતિ માટે અવકાશ નહિ હોય. જેમાં સૌનાય મંગલની બાંહેધરી હોય, ને કોઈનાય અમંગલનો ભય નહિ હોય. તે માટે માણસના મનને સુધારવું ને બદલવું પડશે, ને જીવન ને જીવનની પદ્ધતિમાં ફેરફાર કરવો પડશે. માણસ ને માણસના જીવનમાં ફેર પડશે, એટલે સમાજ ને સંસાર આપોઆપ સુધરશે. થડને પાણીનો લાભ આપો એટલે ડાળી પાંદડાને આપોઆપ પહોંચી જશે. મૂળ વાત આવી છે. એવી ઉત્તમ પરિસ્થિતિની આપણે આશા રાખીએ છીએ. બધા માણસો સાત્વિક બને, ઉત્તમ બને ને સાત્વિક કે ઉત્તમ આહાર મેળવે એમ આપણે ઈચ્છીએ છીએ. પણ આજે તો પરિસ્થિતિ જુદી છે. જૂઠ, કપટ, છળ ને શોષણનો અંત હજી આવ્યો નથી. બીજાનું બગાડીને પોતાનું સુધારવા માગતા માણસો હજી મોટા પ્રમાણમાં છે. તેમનો ખોરાક તામસ અથવા કનિષ્ઠ ખોરાક કહી શકાય.

તેમનો ખોરાક ભલેને દૂધ, મધ, રસ ને ફળથી યુક્ત હોય; શરીરને પોષણ આપનારા તત્વોથી તે ભલેને ભરપૂર હોય; જોતાવેંત જ રસ છૂટે એવી સામગ્રીથી તે ભલેને સુશોભિત હોય; ને સાત્વિક કે ઉત્તમ ખોરાકની ઉપર ઉપરની બધી શરતોથી સંપન્ન હોય, છતાં તે ખોરાક તામસી છે, કનિષ્ઠ છે, ને હાનિકારક છે એ નક્કી સમજી લેવું. એવા ખોરાકની ઈચ્છા રાખવી ને તેનો ઉપભોગ કરવો ઠીક નથી. તેના કરતાં તો ભૂખ્યે મરવું હજાર દરજ્જે સારું છે. એથી ઊલટું, પ્રામાણિકપણે પ્રાપ્ત થયેલો અથવા મહેનત કરીને મેળવેલો ખોરાક ભલેને સૂકો હોય, વાસી જેવો હોય ને સુશોભિત ન હોય, સાત્વિક ખોરાકની ઉપર ઉપરની શરતોથી મુક્ત હોય ને જોતા ગમે નહિ એવો હોય, તો પણ તે ઉત્તમ ને આવકારદાયક છે, ને પહેલા પ્રકારના ખોરાક કરતાં તેનું સ્થાન આગળ પડતું ને ગૌરવભર્યું છે એ નક્કી છે. એવો પ્રામાણિક પરિશ્રમના પરિણામે મળનારો ખોરાક જો દૂધ ને ફળ તથા બીજા રસાળ પદાર્થોથી સંપન્ન હોય તો કહેવું શું ? તેનો સ્વાદ ઓર હોય છે. તેના પ્રત્યેક કોળિયામાં–અરે કણેકણમાં સંતોષ, તૃપ્તિ, મીઠાશ ને જીવનશક્તિ હોય છે. જાણે અમૃતનો અક્ષય ભંડાર જ સમજી લો. તન, મન ને અંતરને પલટાવી નાખવાની ને અજવાળવાની તેમાં અજબ તાકાત હોય છે. તેવો ખોરાક સૂકો કે રસ વિનાનો હોય તો પણ તેની લિજ્જત જુદી જ હોય છે. તેમાં સ્વર્ગસુખ લાગે છે. ચાહે તે મજૂર હોય, કિસાન હોય, શિક્ષક હોય કે ફેરિયો હોય, પોતાની કમાણીનો ને ચોકખી કમાણીનો રોટલો ખાવામાં તેને જે આનંદ આવે છે તે બીજાના પીરસેલા પકવાનમાં આવતો નથી.

**[ ૯ ] અનીતિનો ખોરાક પાપરૂપ**

સમજુ માણસે સારી રીતે સમજી લેવાની જરૂર છે કે અનીતિને માર્ગે મેળવેલો ખોરાક સારો નથી. તેની અસર સારી થતી નથી. તેને ખાવામાં પાપ છે. અપરાધ છે. ન્યાય, નીતિ ને હકની મર્યાદામાં રહીને મેળવેલી વસ્તુ ઉત્તમ ને પુણ્યરૂપ છે. પારકાનું ગમે તે રીતે અહિત કરીને બીજાને ભોગે જે તાગડધિન્ના કરે છે ને માલમલીદા ઉડાવે છે, તે પાપ જ કરે છે. તેમનું કામ માનવતાની વિરૂદ્ધ છે, ને તેમને માટે કલ્યાણકારક નથી એ સમજી લેવાની જરૂર છે. ભોજનની થાળી પર બેસતી વખતે તેણે વિચાર કરવાનો છે કે, તે થાળી પર તેનો ન્યાયપુરસર હક છે કે નહિ. તે તેણે જોવાનું છે. તે થાળીની સામગ્રી પાછળ કોઈના આંસુ, કોઈનો અભિશાપ કે કોઈનો વિષાદ તો નથી ? કોઈના શોષણના છાંટા તો તેના પર પડ્યા નથી ? કોઈના ત્રાણ, પતન કે સર્વનાશના પરિણામે પ્રાપ્ત થયેલી સંપત્તિમાંથી તો તેનું સર્જન થયું નથી ? કોઈ નિર્દોષ કે નિરપરાધ જીવના લોહીથી તે ખરડાયેલી તો નથી ? કોઈ પવિત્ર પ્રાણીના મુગા પોકારના પડછંદા તો તેમાં પડ્યા નથી ? અસત્ય ને અધર્મની છાયા સરખી તેમાં પડી છે ? તેની પાછળ લૂંટ, ચોરી, છળકપટ અથવા કોઈ કુકર્મ તો નથી ? તેનો પ્રત્યેક ભાગ પરિશ્રમ કે પરસેવાના ટીપમાંથી ભરેલો છે ને ? પોતાની સેવા કે લાયકાત બદલ સૃષ્ટિ ને સૃષ્ટિના સ્વામી તરફથી જે ન્યાયપૂર્વકનો ભાગ મળવો જોઈએ તેનો અંશ તો તેમાં છે ને ? એ પ્રશ્નો તેણે પોતાના અંતરાત્માને પૂછવાના છે, ને તેના યોગ્ય ઉત્તરને શોધવાનો છે. જીવનને પવિત્ર ઉત્તમ ને આદર્શ બનાવવા તેવો વિચાર ખૂબ ઉપયોગી છે. માણસો એ વિચાર પ્રત્યે દુર્લક્ષ કરે છે એ સાચે જ ખેદજનક છે. તેથી પણ વધારે ખેદજનક વાત તો એ છે કે કોઈને અન્યાય કરીને, છેતરીને, દબાવીને કે ચૂસીને ધન મેળવવામાં ને ઉપયોગ કરવામાં તે બહાદુરી માને છે. તેમાં તેમને કાંઈ જ ખોટું

લાગતું નથી. તેમ કરવામાં તે ગૌરવ લે છે. જીવનના સંગ્રામમાં ટકી રહેવા ને સંગીન દશાની પ્રાપ્તિ કરવા તેમના કીમિયા આવશ્યક ને અકસીર છે તેમ તે માને છે. સંસારનું સદ્‌ભાગ્ય છે કે બધા માણસો તેવા નથી. મહેનત, નીતિ ને હકની મર્યાદામાં રહીને જીવનારા ને ખાનારા માણસો પણ છે. ભલે તેમનું સંખ્યાબળ થોડું હોય ને દર્શન દુર્લભ જેવું હોય.

કેટલાક માણસો મશીનની જેમ ખાયે જાય છે. મોંમાં ઝટપટ કોળિયા નાખીને, પૂરા ચાવવાની તકલીફ ઉઠાવ્યા વિના જલદી જલદી ગળ્યે જાય છે. ખાતી વખતે નિરર્થક ઉતાવળ કરે છે. કોઈ ખાસ કામ ન હોય, જલદી ન હોય, છતાં તેમને ઉતાવળે ખાવાની ટેવ પડી ગઈ હોય છે. ન્હાવાની ને ખાવાની બંને ક્રિયાઓ ભારે મહત્વની છે. શરીર અને મન પર તે ભારે અસર પહોંચાડે છે. તે જેમતેમ કરવી ઠીક નથી. આરોગ્યશાસ્ત્રના જાણકાર જાણે છે કે ખોરાકને સારી રીતે ચાવવાની ને શાંતિથી ખાવાની જરૂર છે. ઉતાવળથી ખાધેલો ખોરાક સારી રીતે ચાવી શકાતો નથી, ને તેને પચાવવામાં પણ મુશ્કેલી પડે છે. ઉતાવળે ખાનાર માણસ ખોરાકના કુદરતી સ્વાદને ખોઈ બેસે છે, માટે ખાવાની ક્રિયા ખૂબ શાંતિથી થવી જોઈએ. અલબત્ત, શાંતિનો અતિરેક થવો જોઈએ નહિ. કેટલાક માણસો જમવાનાં આસન પર ગુંદરિયા થઈને બેસે છે ને ઊંઘતાં ઊંઘતાં ખાતા હોય તેમ ખાય છે. તેમને ઊઠાડવાનું કામ અઘરૂં થઈ પડે છે. ઘરના માણસોની ધીરજ ખૂટી જાય છે. એટલે અતિશય ઉતાવળ ને અતિશય ઢીલાશ બંને અવગુણ બની જાય છે. મધ્યમસરની શાંતિથી જરા પણ ઉતાવળ ન થાય એ રીતે જમવું જોઈએ.

ખાવાનું કામ યાંત્રિક ન બની જાય તેનું ધ્યાન રાખવાનું છે. યંત્રની જેમ ઉતાવળે ખાવું ને વિચાર વિના ખાવું બરાબર નથી. ખાવાની એ પદ્ધતિની તામસ કે કનિષ્ઠ પદ્ધતિમાં ગણતરી કરી શકાય. જે શાંતિથી ખાય છે પણ વિચાર વિના ખાય છે તેમની પદ્ધતિ રાજસ કે મધ્યમ કહી શકાય, તેવા માણસો ખાતી વખતે ખૂબ ઠાઠમાઠ કરે છે ને જુદી જુદી વાતો કરી આનંદ કરતાં વખત પૂરો કરે છે. તામસ પદ્ધતિના માણસો ખાતી વખતે આનંદ કરતાં નથી, સજાવટ પણ કરતા નથી કે પ્રસન્ન પણ રહેતાં નથી. તે તો ક્રોધ, ચિંતા, શોક ને ભય ઉત્પન્ન થાય એવી વાતો ખાસ ખાતી વખતે જ શરૂ કરે છે અથવા બીજા તેવી વાતો શરૂ કરે તેના ભોગ બને છે. પરિણામે ભોજન તેમને માટે શાંતિકારક થતું નથી, પણ ક્લેશકારક થાય છે. તેમને માટે તે અમૃતમય નહિ પણ વિષમય બની જાય છે. તેના શરીર પર તેની ખરાબ અસર થાય છે. ઘરના કેટલાક લોકોને ખાતી વખતે કલહ કરવાની ટેવ હોય છે. પરિણામે તે ખાવાના ઉત્તમ સમયને અધમ કરી મૂકે છે. એવા લોકોને મારી પ્રાર્થના છે કે ખાતી વખતે કૃપા કરીને દુઃખ, દર્દ ને ચિંતાના ગીત ગાવાનું બંધ કરજો. ગ્લાનિ થાય તેવી વાતોના ચોપડા ઉકેલવાનું બંધ કરજો. આનંદ થાય તેવી વાતો કરો નહિ ને આટલું કરશો તો પણ તમે જમનારની સુંદર સેવા કરી શકશો. જમનારે પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે જમતી વખતે પ્રસન્ન રહેવાની જરૂર છે. ચિંતા, દુઃખ ને વેરવૃત્તિ દૂર કરી કોઈ ઉત્સવમાં શામેલ થતા હોઈએ એ રીતે આનંદ ને શાંતિમાં મગ્ન બનવાની જરૂર છે. એથી ખોરાકમાં અનેરો આનંદ આવશે.

સાત્વિક કે ઉત્તમ પદ્ધતિ પ્રમાણેનું ભોજન એવું ઉત્સવ-ભોજન હોય છે. તેવું ભોજન કરનારા માણસો ખોરાકનું પૂરું પોષણ મેળવે છે. ભોજન કરવાની ક્રિયા કોઈ જડ ક્રિયા ન બની જાય તે માટે ભોજન કરતી વખતે વિચાર અથવા ભાવના કરવાની જરૂર છે. ભોજનની થાળી સામે બેસો ત્યારે વિચાર કરો કે થાળીમાં જે

ભોજન છે તે પ્રભુનો પ્રસાદ છે. પ્રભુને તે મનોમન અર્પણ કરો. શરીરના પોષણ માટે જરૂરી વસ્તુઓનો જ ભોજનમાં ઉપયોગ કરો. ભોજન જમતાં પહેલાં ને જમતી વખતે વિચાર કરો કે પ્રભુના પ્રસાદ જેવું આ ભોજન મારા તન, મન ને અંતરને પવિત્ર કરશે, તાજગી દેશે, પવિત્ર લોહી ને બળ ઉત્પન્ન કરશે, ને પ્રભુની પાસે પહોંચવામાં પ્રભુની સૃષ્ટિની સેવા કરવામાં મદદ કરશે. એવી ભાવના કરવાથી ભોજનનો સ્વાદ વધી જશે. ભોજન કોઈ જડ ક્રિયા નહિ પણ સાધના બની જશે, ને ભોજનની સામગ્રી સંજીવની થઈ રહેશે. એવું ભોજન સાત્વિક અથવા ઉત્તમ ભોજન કહી શકાય.

**[ ૧૦ ] કૃષ્ણની ભૂમિમાં સાત્વિક ખોરાકની અછત**

દૂધ, દહીં, ફલ, રસ, દાળ, ભાત, રોટલી, શાક, ખીચડી જેવો ખોરાક સાત્વિક છે. એક વખત એવો પણ હતો કે દેશ સુખી ને સમૃદ્ધ હતો. દેશમાં ઘી, દૂધ ને દહીંની નદીઓ વહેતી, મતલબ કે તેની પ્રચુરતા હતી. તે જમાનામાં ઘી–દૂધ વેચાતા નહિ. બધા પોતપોતાને જોઈતા ઘી–દૂધ મેળવી લેતા. આજે પરિસ્થિતિ બદલાઈ છે. ભગવાન શ્રીકૃષ્ણની ભૂમિમાં તેમને પ્રિય ઘી–દૂધની આજે અછત થઈ ગઈ છે. ઘી–દૂધમાં ભેળસેળ થાય છે ને ભગવાન શ્રીકૃષ્ણને માનનારા ને પોતાને તેમના ભક્ત કહેવડાવનારા લોકો તેમાં ભેળસેળ કરીને વેપાર કરતા અચકાતા નથી. ઘી–દૂધની વાત તો ઠીક, પણ તેલ ને બીજા ખોરાકમાં પણ ભેળસેળ કરવામાં આવે છે. એ દશામાં સાત્વિક ખોરાકની ને સશક્ત બનવાની આશા કેવી રીતે રાખી શકાય ? દૂધ વેચનારા દૂધમાંથી પહેલેથી જ માખણ કાઢી લે છે. પછી તેમાં પાણી મેળવે છે ને વેચે છે. એવા દૂધમાં કસ ક્યાંથી રહે ? ઘીમાં વેજીટેબલ ને બીજા પદાર્થો મેળવવામાં આવે છે. ફળની વાત જરા જુદી છે પણ ફળ ખાવાની શક્તિ બધા માણસોમાં ક્યાંથી હોય ? પ્રજાનો મોટો વર્ગ ગરીબ છે. તેને બે ટંક પેટપૂરતાં રોટલા ખાવાના જ સાંસા છે, તો તે ફળ કેવી રીતે ખાઈ શકે ? ઘી–દૂધ સારા મળે તો પણ તેનો મુક્ત ઉપયોગ કેવી રીતે કરી શકે ? સાત્વિક ને જીવનને જરૂરી એવા પદાર્થોનું પોષણ તેને ક્યાંથી મળે ? પદાર્થોમાં ભેળસેળ કરવાની વૃત્તિ એટલી બધી વધી ગઈ છે કે વાત નહિ. આરોગ્યને માટે જે ઉપયોગી છે તે દવાઓમાં પણ ભેળસેળ ! નકલી દવાઓ પણ વધી પડી છે. ભેળસેળ ને નકલની આ પ્રથા પ્રજાના રસકસનો નાશ કરી રહી છે, તેની સાત્વિકતા મારી રહી છે, ને વધારામાં અનેક જાતના, નવા નવા અસાધ્ય દેખાતા રોગને ફેલાવી રહી છે. એ પ્રથાનો જેટલો જલદી નાશ થાય તેટલું સારું છે. ધન કમાવાની જ એકમાત્ર લાલસાવાળા વેપારીઓને પ્રજાના આરોગ્ય કે ભગવાનની લાગણીની પડી નથી. તે તો પોતાનું કામ કર્યે જ જાય છે. એ કામનો અંત આણવા પ્રજાએ ને પ્રજાની સરકારે બનતું બધું જ કરી છૂટવું જોઈએ.

સાધારણ સ્થિતિના માણસો ઘી–દૂધ, ફળ કે દહીં ભલે ન ખાઈ શકે પણ તે કેટલીક મોટી ટેવોમાંથી મુક્તિ મેળવે તો સારું. દારૂ કે શરાબ પીવાની ને બીજાં માદક પીણાં પીવાની ટેવ તદ્દન બિનજરૂરી છે. તંબાકુ ખાવાની ને બીડી સીગારેટ પીવાની ટેવ પણ કેટલી ખરાબ છે ! આરોગ્યને માટે તેની કશી જ જરૂર નથી, છતાં પણ કેટલાક વિદ્વાન ને સુધરેલા કહેવાતા માણસો તેને વળગી રહ્યા છે, ને તેમાં ગૌરવ માને છે, એ ભારે અજાયબીની વાત છે. વધારે દુઃખ ને અજાયબી તો એ છે કે કેટલીક ભણેલી ને સારા ઘરની સંસ્કારી કહેવાતી સ્ત્રીઓ પણ એ ટેવમાં ફસાયેલી છે. પુરૂષ સમોવડી બનવાની ભાવનાવાળી સ્ત્રીઓ એ બાબતમાં

પણ પુરૂષોની નકલ કરવા નીકળી પડે છે ને પુરૂષ સમોવડી થવાના મિથ્યા પ્રયાસ કરે છે. મિથ્યા એટલા માટે કે હજારો પ્રયાસ કરવા છતાં પણ કુદરતે તેને પુરૂષ કરતાં જે જુદું શરીર આપ્યું છે તેને તે બદલી શકે તેમ નથી. છતાં તે ધુમ્રપાન જેવી ટેવોમાં પુરૂષની નકલ કરે છે. તેની અસર શરીર ને મન પર ઘણી ખરાબ થાય છે. ધુમ્રપાન કરવાની ને માદક પીણાં પીવાની વૃત્તિનો સમાવેશ આસુરી વૃત્તિમાં થવો જોઈએ, ને સમજુ સ્ત્રીપુરૂષે તેથી દૂર રહેવું જોઈએ. કોલેજમાં જનારો કેટલોક વિદ્યાર્થી વર્ગ પણ એ ખરાબ ટેવમાં ફસાયલો હોય છે. અમીર તેમજ ગરીબ બધાએ એ આસુરી આદતમાંથી મુક્તિ મેળવવી જોઈએ. તે વિના તે અસભ્ય દશામાં જીવે છે એમ સમજી લેવું.

ઘી–દૂધ જેવા પુષ્ટિકારક પદાર્થો વિના પણ ભોજન સાત્વિક થઈ શકે છે. ભલે ને તે કેવલ રોટી અથવા સાધારણ સામગ્રીનું બનેલું હોય. અમીરી ને ગરીબી મનની અથવા વિચારની પણ હોઈ શકે છે. એકલા ધનની હોતી નથી. ધનની ગરીબી કરતાં મનની ગરીબી વધારે ભયંકર છે. મનની ગરીબીથી માણસ વધારે દરિદ્ર બને છે. માણસ પાસે પુરતું ધન ન હોય પણ મજબૂત મન ને પવિત્ર વિચાર હોય તો તે પણ તેનું સદ્ભાગ્ય છે. તે લૂંટ્યું લૂંટાતું ને ખર્ચ કર્યે ખૂટતું નથી. તેનો ઉપયોગ કરીને ગરીબ માણસ પણ પોતાના ભોજનને ઉત્તમ ભાવનાથી ભરપૂર, સ્વાદિષ્ટ ને પકવાન કરતાં પણ કિંમતી બનાવી શકે છે.

**[ ૧૧ ] રાજસ ખોરાકનો વિચાર–૧**

રાજસ પ્રકૃતિના માણસોને કેવું અન્ન ગમે છે તે જાણો છો ? કડવું, ખાટું, ખારૂં, ખૂબ તીખું તથા સુકું. રસમય પદાર્થો તેમને ગમે છે ખરા, પણ તે કડવા, ખાટા, ખારા કે તીખા હોય તો જ ગમે છે. મધુર પદાર્થો તરફ તેમની ગતિ ઓછી કે નહિ જેવી હોય છે. તેવા માણસો કહે છે કે ખોરાકમાં ખટાશ, ખારાશ કે તીખાશ નહિ હોય તો સ્વાદ શો ? તેમની માન્યતા એવી હોય છે કે સ્વાદ તો ખટાશ, ખારાશ ને તીખાશમાં જ છે. સાદા ને મધૂર પદાર્થોનો આનંદ તે લૂંટી શકતા નથી. તેમને ખબર નથી કે સાદા, મસાલા વગરના ને મધુર પદાર્થોમાં પણ અનેરો સ્વાદ રહેલો છે. તેઓ રસોઈમાં મસાલા, આમલી ને મરચાનો છૂટથી ઉપયોગ કરે છે. દાળ કે શાકનો રંગ લાલ થાય કે દેખાય ત્યારે જ તેમને સંતોષ વળે છે. તેવો રંગ નહિ હોય તો તેમનો રસ ઊડી જાય છે, ને તે દાળશાકમાં લાલ મરચું નંખાવે છે. વાત એટલેથી જ પૂરી થતી નથી. જમતી વખતે તીખું અથાણું અથવા મરચું લઈને બેસવાની તેમને ટેવ હોય છે. મહેનતું માણસો લુખા રોટલા ને મરચાં લઈને બેસે છે તે ઘણી વાર જોવામાં આવે છે. કેટલાક મરચાંને બદલે કાંદા ને રોટલા લઈને બેસે છે. બીજી વસ્તુ તેમને ભારે પડે છે, મોંઘી પડે છે, ને એ વસ્તુ ફાવી ગઈ છે, એટલે તેમને સ્વર્ગસુખ લાગે છે. કેટલાક તો થોકબંધ મરચાં ને કાંદા લઈને બેસે છે. તે વસ્તુ તેમને સદી ગઈ છે એટલે નડતરરૂપ થતી નથી. પરિશ્રમ કરવાથી તેમના શરીરનું બંધારણ જ એવું થઈ ગયું છે કે કોઈ પણ પદાર્થને પચાવવાનું તેમને માટે સહેલું થઈ પડે છે. પરંતુ બેઠકિયા ને હાથપગ ભાગ્યે જ હલાવનારા માણસો પણ સ્વાદથી પ્રેરાઈને આમલી ને મરચાંનો પુષ્કળ ઉપયોગ કરે છે. તેથી તેમને લાભને બદલે હાનિ વધારે થાય છે. માણસ ખોરાક માટે જે પદાર્થની પસંદગી કરે તેની પસંદદગી કેવળ જીભની ઉત્તેજના કે સ્વાદને ખાતર કરવાની નથી. આરોગ્ય ને શરીરના પોષણ માટે તે પદાર્થ કેટલે અંશે કિંમતી છે તેનો વિચાર કરીને જ તેણે તેની પસંદગી કરવાની છે.

પણ બહુ જ થોડા માણસો આ બીજી વાતનો વિચાર કરે છે વધારે ભાગના માણસો તો સ્વાદને જ મહત્વનો માને છે. એટલે સુધી કે ખોરાક આરોગ્ય કે પોષણની દૃષ્ટિએ ખાસ કામનો નહિ હોય પણ તેમાં તેમને સ્વાદ દેખાતો હોય એટલે તે તેનો ઉપયોગ કરે છે.

જે બુદ્ધિને ગીરો મૂકીને, વગર વિચારે જે મળ્યું ને જેમાં મન લાગ્યું તે ખાયે જાય છે, તે શરીરને બગાડી મૂકે છે, ને પોતે કરેલી ભૂલનો ભોગ થઈને ડૉક્ટર ને દવાખાનાને શોધતો ફરે છે. શરીર તો બરબાદ થાય છે, પણ સાથે સાથે ધન પણ બરબાદ થાય છે. આમલીનાં રસિયા માણસો પાછળથી ઉધરસ, ખાંસી, કફ ને દમથી પીડાય છે. તેમના શરીરમાં પીડા થાય છે. એવાં કેટલાંય માણસો મેં જોયા છે. કેટલાક એવા પણ જોયાં છે જેમને અતિશય મસાલા ને મરચાંને લીધે ગરમી ફૂટી નીકળી હોય છે ને ગળામાં ચાંદી પડી હોય છે, છાતીમાં દર્દો પણ થયાં હોય છે. છતાં તે આમલી ને મરચાં છોડતા નથી. મરી જવું પડે તો ભલે, પણ આમલી ને મરચાં વિના તો ન ચાલે, એ તેમની દલીલ હોય છે.

માણસની નબળાઈ જ એ છે કે પોતે પાડેલી ટેવોનો અથવા ઉપજાવેલી આદતોનો તે દાસ બની જાય છે, ગુલામ બની જાય છે. એ ટેવો સારી હોય તો તો ખાસ હરકત નથી. તે તેનો ઉદ્ધાર કરશે. પણ વધારે ભાગે તે ટેવો ખરાબ હોય છે ને તેનું પતન કરે છે. તેને અધોગતિના માર્ગે ધકેલે છે. એવી ટેવો ને દૂર કરવા તે કમર કસે તે જરૂરી છે, વધારે ભાગે એવું બને છે કે માણસ શરૂઆતમાં જે ટેવોને ખરાબ માનતો હોય તે ટેવોનો દાસ બનતા લાંબે ગાળે તેમને તે સારી માનવા માંડે છે, ને તેમની રસવૃત્તિમાંથી છૂટવાની ઈચ્છા પણ કરતો નથી. તેવી ઈચ્છાને પણ તે નિરર્થક માને છે. એનાથી વધારે ખરાબ દશા બીજી કઈ હોય ?

જે પોતાની ત્રુટિને જાણી લે છે, ને દૂર કરવાનો પ્રયાસ કરે છે. તે વહેલો કે મોડો તેને જરૂર દૂર કરે છે. જે ત્રુટિને જાણી લે છે, તેને દૂર કરવી જોઈએ એમ સમજે છે પણ તેને દૂર કરવામાં પોતાની નિર્બળતાનો અનુભવ કરે છે, તે પણ કોઈ રીતે શક્તિ ને સહાયતા મળી રહેતાં તેને દૂર કરી શકે છે. પરંતુ જે પોતાની ત્રુટિને ત્રુટિ તરીકે માનતો જ નથી તેનું શું ? જે દૂષણને ભૂષણ માને છે ને માનવાનો પ્રયાસ કરે છે, તેના ઉદ્ધારની આશા કેવી રીતે રાખી શકાય ? ગામડાનાં ઘરડાં માણસો કહે છે તેમ તેના પૂર્વના પુણ્ય ઉઘડે ને તેને સદ્‌બુદ્ધિ સૂઝે તો જ તેનો ઉદ્ધાર થઈ શકે. અગાઉના ભવની પુણ્યાઈ પાકી હોય તો જ તેને સદ્‌બુદ્ધિ આવે અને તો જ તે સદ્‌માર્ગે વળી શકે. બાકી બીજો કોઈ માણસ પણ તેનો ઉદ્ધાર કેવી રીતે કરી શકે ? ઉદ્ધારની ઈચ્છાવાળા માણસના ઉદ્ધારનો કોઈ પણ ઉપાય થઈ શકે. પણ પતનની ગર્તામાં પડેલાં માણસને તેમાં જ આનંદ આવતો હોય તો તેને બહાર કોણ કાઢી શકે ?

આઝાદ પંખીને પહેલાં આઝાદી પ્રિય હતી. વનમાં સ્વૈરવિહાર કરીને તે આનંદ કરતું હતું. પીંજરામાં પૂરાયેલા પંખીને પેખવાનો પ્રસંગ કોઈવાર આવતો તો તેને ભારે દુઃખ થતું. મનમાં થતું કે આ પંખીને શું આનંદ હશે ? આનું જીવન કેટલું બધું દુઃખી છે. આની આઝાદી હરાઈ ગઈ છે. કોઈના ઘરમાં તે બંદી બન્યું છે. તેનું સ્વાભાવિક સ્મિત ને સંગીત છૂટી ગયું છે, ને ઉડ્ડયન અટકી પડ્યું છે. આ દશામાં સુખ ક્યાંથી હોય ? પણ બન્યું એવું કે એકવાર તે જ પંખી કોઈ કારણથી કોઈના હાથમાં પકડાઈ ગયું. તેને પીંજરામાં કેદ કરવામાં આવ્યું. શરૂઆતમાં તો તે મરવા જેવું થઈ ગયું. તેને જરાય ન ગમ્યું. વખત કાઢવાનું કામ તેને માટે કપરૂં થઈ પડ્યું. પરંતુ.... થોડા દિવસ પછી પીંજરાના નવા જીવનથી પણ ટેવાઈ ગયું. હવે તેને તેમાં

જ સુખ દેખાવા માંડ્યું. કોઈ દયાળુ માણસે તેની પાસે પહોંચીને તેને ઉડાડી દેવા માટે પીંજર ખોલી નાખ્યું. છતાં તે ન ઊડ્યું. દયાળુ કવિને તે જોઈને આશ્ચર્ય થયું. તેણે પોતાની કવિતામાં ગાયું કે અરેરે, આદત એવી બૂરી વસ્તુ છે જે ગુલામીને પણ ગૌરવભરી બનાવે છે, ને આઝાદીના આત્માને પણ મારી નાખે છે.

ભાઈઓ, પંખીના પ્રસંગમાંથી પ્રેરણા લેજો. આદતના ગુલામ ન બનો. તેની ગુલામી તમને ગૌરવભરી, આશીર્વાદરૂપ નહિ લાગે, ને તમારો પવિત્ર ને મુક્ત અંતરાત્મા મૃતપ્રાય નહિ થઈ જાય, તેનું ધ્યાન રાખજો. આહારની જ નહિ પણ જીવનની બધી આદત વિશે આ વાત યાદ રાખવાની છે.

**[ ૧૨ ] રાજસ ખોરાકનો વિચાર–૨**

જીવનની ઉન્નતિની ઈચ્છાવાળા સાધકે તો આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે. સાત્વિક આહારવિહાર કરવા તરફ તેણે ખાસ ધ્યાન રાખવાનું છે. આહારની અસર શરીર ને મન પર ઘણી થાય છે, માટે તેણે આંખ મીંચીને જે મળે તે આહાર કરવાનો નથી. આહારની પસંદગીમાં વિવેકી બનવાનું છે. શાસ્ત્રોએ એટલા માટે જ આહાર પર ભાર મૂક્યો છે. ખાસ કરીને યોગમાર્ગના સાધકોએ સાધનદશામાં મરચું, આમલી, તેલ ને છેવટે મીઠું પણ છોડી દેવું પડે છે. પ્રાણાયમની સાધના માટે એવો ત્યાગ જરૂરી છે. નહિ તો તેની વિકૃત અસર થવાનો ભય રહે છે. છતાં કેટલાક સાધકો રસમય, મધુર ને સાદા ખોરાકને બદલે તીખા ને ખાટા પદાર્થ ખાવાનું વધારે પસંદ કરે છે. તે વિના તેમને ચાલતું જ નથી. મરીમસાલાનો યોગ્ય પ્રમાણમાં પ્રયોગ કરાય તે સમજી શકાય છે. મરચાંનો પણ સાધારણ ઉપયોગ થાય તે સમજી શકાય છે. જો કે શરીરને માટે તે કેટલા પ્રમાણમાં જરૂરી છે તે જાણી લેવું જોઈએ.

ભોજનમાં મિષ્ટાન કે મિઠાઈ રોજ હોવા જ જોઈએ એવો આગ્રહ પણ કેટલાક રાખે છે. કેટલાકને ભોજનમાં એક સાથે અનેક પદાર્થો હોય તો જ આનંદ આવે છે. બંને જાતના માણસોએ પોતાની પદ્ધતિ સુધારવાની છે. રોજ રોજ મીઠાઈ ને મિષ્ટાન ખાવાથી વધારે શક્તિ મળે છે એમ માનવું ભૂલભરેલું છે. ઊલટું, એથી શરીર બગડવાનો સંભવ વધારે રહે છે. મિષ્ટ પદાર્થો શરીરને માટે સારા છે. પણ તે પ્રમાણસર હોવા જોઈએ. એક સાથે અનેક પદાર્થો ખાવાની પદ્ધતિ પણ સારી નથી. તેથી પેટ પર જુદી જુદી જાતની અનેક વાનગીઓને પચાવવાનો નિરર્થક બોજો આવી પડે છે. મિષ્ટાન ને મીઠાઈને ખાઈને પચાવવાનું ઘણું કઠિન છે. એવા ભારે પદાર્થો ખાઈને જે પરિશ્રમ કરતા નથી, તે પેટના દર્દોથી પીડાય છે, મજૂરો ને મહેનતુ માણસો સાદો ખોરાક ખાય છે. મીઠાઈ, મેવા ને મિષ્ટાન ન ખાવાનું તેમના ભાગ્યમાં જ હોય છે. છતાં તે કેટલા સશક્ત હોય છે ! કેમકે તેમનું પેટ તંદુરસ્ત હોય છે. ભારે મહેનત કરીને તે પોતાનો ખોરાક પચાવી દે છે. એવી રીતે સશક્ત બનવા માટે માણસે મહેનત કરવી જોઈએ. ભોજનના થાળને જુદી જુદી ચિત્તાકર્ષક સામગ્રીથી સજાવીને બેસી રહેવાથી જરૂરી હેતુ નહિ સરે. તે સામગ્રી આરોગ્યને અનુકૂળ બને તેવો પ્રયાસ પણ કરવો જોઈએ.

ખરી રીતે તો સહેલા શબ્દોમાં ખોરાકની વ્યાખ્યા કરવી હોય તો એમ કરી શકાય કે આરોગ્યને ઉપયોગી ખોરાકને સાત્વિક કે ઉત્તમ ખોરાક કહેવાય, આરોગ્યને ખાસ ઉપયોગી નહિ પરંતુ સ્વાદિષ્ટ, ચિત્તાકર્ષક ને ભારે ખોરાકને રાજસ મધ્યમ ખોરાક કહેવાય, ને જેમાં સ્વાદ ન હોય છતાં સ્વાદ લાગતો હોય,

ને જે આરોગ્યને માટે હાનિકારક હોય, તે ખોરાકને તામસ કે કનિષ્ઠ ખોરાક કહી શકાય. એ વ્યાખ્યા પરથી પોતે પોતાના હિતને માટે કેવા ખોરાકનું સેવન કરવું એ સહેજે સમજી શકાય છે.

**[ ૧૩ ] તામસ ખોરાકનો વિચાર–એઠું ખાવા ખવડાવવાની ખરાબ ટેવ**

તામસ ખોરાકનું વર્ણન કરતાં ભગવાન કહે છે કે રસકસ વિનાનો, અપવિત્ર, એંઠો, દુર્ગંધવાળો ને લાંબા વખતનો રાંધેલો ખોરાક તામસ ખોરાક છે. તામસી પ્રકૃતિના માણસોને એવો ખોરાક વધારે ગમે છે. કેટલાક એવા માણસો જોવા મળે છે જેમને ઠંડુ ખાવાની ટેવ હોય છે. સવારે કે સાંજે તે હાથે કરીને વધારે રાંધી રાખે છે. જેથી રસોઈ પડી રહે ને સવારે કે સાંજે ખાવા કામ લાગે. તેવા ખોરાકમાં વધારે સ્વાદ લાગે છે. વખત ઘણો હોય છે, છતાં તે તાજી રસોઈ બનાવતાં નથી. એઠું ખાવામાં પણ તેમને આનંદ આવે છે. એઠું ખાવાની પ્રથા આપણે ત્યાં સારી પેઠે પ્રચલિત છે. કેટલાંક કુટુંબોમાં તો એવો ખ્યાલ છે કે સ્ત્રી પોતાના પતિની એંઠી થાળીમાં જ ખાવા બેસે. પતિની થાળીમાં જે ઉચ્છિષ્ટ પડી રહ્યું હોય તેને તે પ્રસાદ માનીને આરોગે. મોટેરા તરફથી કહેવામાં આવે છે કે એ પ્રથા સ્ત્રીના પુણ્યને વધારનારી ને સૌભાગ્ય દેનારી છે. પરંતુ પુણ્યના વધારાનો પ્રશ્ન સ્ત્રીને જ માટે કેમ ઊભો થયો ને સૌભાગ્યની ચિંતા પણ તેને જ માટે કેમ કરવામાં આવી, તે કોઈ કહી શકતું નથી. પુરૂષ તે પ્રશ્નમાંથી કેમ બાકાત રહ્યો ? શું તેને પુણ્ય કમાવાની ને પોતાના લગ્નજીવનને અખંડ રાખવાની જરૂર નથી ? સ્ત્રીની એંઠી થાળીમાં તે તો ભાગ્યે જ ખાય છે, ને સ્ત્રીનું ઉચ્છિષ્ટ પણ ભાગ્યે જ આરોગે છે. પુણ્ય કમાવાની એ પ્રથા કેવલ સ્ત્રીને માટે જ સુરક્ષિત રાખવામાં આવી છે ! ને તેથી પુણ્ય મળે છે ને સૌભાગ્ય ટકે છે. એવું કોણે કહ્યું ?

પુણ્ય ને પાપ માણસની પોતાની પેદાશ છે ને સૌભાગ્ય તો આ ચલાયમાન સંસારમાં કોઈનું અખંડ રહ્યું નથી ને રહેવાનું નથી. મીરાં ને ગોપીઓની જેમ જે અજરામર પ્રભુને જ પોતાના પ્રિયતમ માનશે, ને તેમની સાથે મમતાની મધુરી ગાંઠે બંધાઈ જશે, તેનું જ સૌભાગ્ય સદાને માટે ટકી રહેશે. બાકી આ વિનાશી સંસારમાં કશું જ અમર નથી. કોઈ આજે તો કોઈ કાલે, સૌને અહીંથી વહેલા કે મોડા વિદાય થયા વિના છુટકો નથી. તો પછી અખંડ સૌભાગ્ય મેળવવા એઠું ખાવાની પ્રથા શા માટે ચાલુ રાખીશું ? પ્રેમ વધારવા માટે પણ એવી પ્રથા જરૂરી નથી. પ્રેમમાં વધારો કરવા ને સૌભાગ્ય સુખી બનાવવા ને ટકાવવા પ્રેમ, સેવા, મીઠાશ ને સહકારના ઘણા સાધનો છે, ઘણા અકસીર ઉપાયો છે. તેનો આધાર લેવાથી જીવન પુણ્યમય બની જશે. બાકી એઠું ખાવાથી તો કેટલીક વાર નુકશાન ને રોગ થવાનો સંભવ રહે છે. માટે પ્રેમ ને પુણ્ય ને નામે ચાલતી એ કૃત્રિમ પ્રથાનો ત્યાગ કરવો જોઈએ.

મોટાં માણસોએ પણ જમવા માટે જુદા જુદા વાસણનો ઉપયોગ કરવો જોઈએ. ઘણાં ઘરમાં જોવા મળે છે કે બે બેનો, ભાઈ–બેન, બે ભાઈ, પતિપત્ની કે ઘરનાં મોટા માણસો એક જ થાળીમાં સાથે જમવા બેસે છે. એ વસ્તુ સહજ થઈ ગઈ હોય છે એટલે કોઈને ખૂંચતી નથી, ને કોઈ તેનો વિરોધ પણ કરતું નથી. એક થાળીમાં ખાનારાં માણસોની સંખ્યા કેટલીક વાર વધી પણ જાય છે. એ દશામાં ખાવાની પ્રથા કેવી વિચિત્ર લાગે તેનો ખ્યાલ કરી લેજો. રોટલી જેવા પદાર્થોની વાત સમજ્યા, પણ દાળ ને શાક જેવા પ્રવાહી ને ઢીલા પદાર્થો ખાવાનું કામ એ દશામાં કેવું કઢંગુ બને ! પણ માણસોને તેમાં કોઈ અજબ રસ લાગે છે.

તેવા માણસોની રસવૃત્તિ વિશે શું સમજવું ? તે બુઠ્ઠી બની ગઈ કે કટાઈ ગઈ છે એમ જ કહેવું જોઈએ. ભેગા ખાવાની એ રીત સ્વચ્છતા ને આરોગ્યના નિયમની વિરૂદ્ધ છે માટે તેનો અંત આવવો જોઈએ. દૂધ, ચા, પાણી જેવી વસ્તુ પણ સ્વચ્છ હોવી જોઈએ. તે પોતે સ્વચ્છ હોય તેટલું જ પૂરતું નથી, જે પાત્રમાં તેને રાખવામાં આવે તે પાત્ર પણ સ્વચ્છ હોવું જોઈએ. તેવી વસ્તુ પણ કોઈને એંઠી કરીને કે એંઠા વાસણમાં આપો નહિ. ખોરાકની તામસી પદ્ધતિનો સદાને માટે ત્યાગ કરો ને વિરોધ કરો.

ટેવને લીધે નહિ, રુચિને લીધે પણ નહિ, પરંતુ કંગાલિયતને લીધે કેટલાક માણસો એઠું ખાવા પ્રેરાય છે. કન્યાકુમારી તરફની યાત્રા કરનાર જાણે છે કે ત્યાં ખાધેલી પત્તળને ઝૂંટવી લઈને ચાટી જવા કેટલાય લોકો ખાનારની પાસે રાહ જોતાં ઊભા હોય છે. કહે છે કે તે દરિદ્ર હોવાથી એમ કરે છે. પત્તળ નાખી દેતાં તે પડાપડી કરે છે ને જે મળે તે ખાઈ જાય છે. એમ માની લઈએ કે તે દરિદ્ર છે પણ તેમનો વર્તાવ જરાય સારો નથી. દરિદ્ર માણસે પણ સ્વમાની બનવું જોઈએ. માનવતાને ભૂલવી જોઈએ નહિ ને પશુથી બદતર કોટિમાં પહોંચવું જોઈએ નહિ. પોતાનું એઠું અનાજ કોઈને પણ નહિ ખાવું પડે તે માટે માણસે સાવધ રહેવું જોઈએ. કેટલાક મોટા માણસો ઘરના નોકર, મજૂર ને પોતે જેને હલકી કોમના માને છે તેવા માણસોને વધેલું ને એઠું અન્ન આપવામાં કાંઈ જ હરકત જોતા નથી. બલ્કે, તેમને તે એઠું ખાવાના જ અધિકારી માને છે. એ માન્યતા ખોટી છે. માણસે સૌમાં ઈશ્વરનું સ્વરૂપ જોઈને ને પોતાનો આપેલો પદાર્થ સૌના શરીરમાં રહેનારા પ્રભુને પહોંચવાનો છે એમ સમજીને જેને આપવાનો આવસર આવે તેને પવિત્ર અન્ન આપવું જોઈએ. એ તેની ફરજ છે. એ ફરજનો જાણી જોઈને ત્યાગ કે અનાદર કરવામાં અપરાધ રહેલો છે. હું તો કહું કે મનુષ્ય જ નહિ, પ્રાણીઓને પણ બની શકે ત્યાં સુધી ધ્યાન રાખીને ચોખ્ખો ખોરાક જ આપવાનો આગ્રહ રાખો.

પ્રજાનો મોટો ભાગ ગરીબ છે. ગરીબ ને મધ્યમ વર્ગના માણસો જીવનને ભારે મુસીબતથી ચલાવે છે. કેટલાક માણસોની દશા એવી કફોડી છે કે એક ટંક રાંધે છે ને બે ટંક ચલાવે છે. રાતે જે વધ્યું હોય તે વીણી ખાય છે. બાળકોને ને મોટેરાને પેટપૂરતું અનાજ માંડ મળી રહે છે. તેમના નસીબમાં કાયમને માટે ટાઢું અનાજ લખાયેલું છે. કેટલાક માણસો પૈસેટકે સુખી હોય છે છતાં આળસ કે આદતને લીધે એક ટંક રાંધે છે ને બે ટંક ચલાવે છે. સમય હોય, શક્તિ હોય ને સગવડ પણ હોય, છતાં તે તાજી રસોઈ બનાવતા નથી. એવી આળસ ઠીક નથી. રોજ રોજ ટાઢું ખાવાની એ આદતનો અંત આવવો જોઈએ. કોઈ કોઈ કુટુંબમાં એવું પણ જોવા મળે છે કે ઘરનો મુખ્ય માણસ જો સાંજે જમે તો નવી રસોઈ બને છે, નહિ તો ટાઢી રસોઈ ખાવામાં આવે છે. એવા કુટુંબના લોકો એમ માનતા લાગે છે કે પુરૂષના શરીરને જ પોષણની ને તાજા તથા સારા ખોરાકની જરૂર છે, ને સ્ત્રીઓ ને બાળકો તો ગમે તેવું અન્ન ચલાવી શકે. માણસ માણસ વચ્ચે અજ્ઞાનને લીધે ઉત્પન્ન કરવામાં આવેલી એ ભેદભાવની રેખા દૂર થવી જોઈએ. સ્ત્રી હો કે પુરૂષ ને બાળક હો કે વૃદ્ધ, પોષણની જરૂર સૌને છે.

### [ ૧૪ ] સંતનુ ઉચ્છિષ્ટ ખાવાની ખરાબ ટેવ

સંત મહાત્માનું એઠું ખાવાની ટેવ પણ કેટલેક ઠેકાણે પ્રચલિત છે. તેવી ટેવોમાં માનનારા માણસો કહે છે કે સંત પુરૂષનું ઉચ્છિષ્ટ તો મોટું ભાગ્ય હોય તો જ મળે છે. તેથી મોટાં મોટાં પાપનો નાશ થઈ જાય છે. શ્રીમદ્ ભાગવતમાં આવતા દેવર્ષિ નારદનો પ્રસંગ ટાંકી બતાવતાં તે કહે છે કે સંતોનું ઉચ્છિષ્ટ ખાવાથી નારદજીનું હૃદય નિર્મળ થઈ ગયું ને તેમાં શુદ્ધ જ્ઞાનનો ઉદય થયો. એ વાત શું જાણીતી નથી ? એટલે સંતોના ઉચ્છિષ્ટથી જ હૃદય શુદ્ધ થઈ ગયું એમ શા માટે માની લેવું ? સંતોના સમાગમ, ઉપદેશ ને સંતોની સેવા તથા કૃપાએ તેમાં મોટો ભાગ ભજવ્યો હશે. વળી નારદજીને જે સંતોનો સંગ કરવાનું સદ્ભાગ્ય સાંપડ્યું તે સંતો સાચા ને અસાધારણ સંતો હતા. તે પોતાનો ઉદ્ધાર કરી ચૂક્યા હતા, ને કોઈનોયે ઉદ્ધાર કરવા સમર્થ હતા. તેમનું ઉચ્છિષ્ટ ખાવાથી કોઈ પણ પ્રકારના ભોગ, ત્યાગ કે સાધના વિના પોતાનો ઉદ્ધાર કરી લેવાની વૃત્તિ સારી નથી. પોતાનો ઉદ્ધાર એટલો સસ્તો નથી. કોઈનું એઠું ખાયા વિના, ખોટા વિચાર, ભાવ ને બૂરાં કર્મોથી મુક્તિ મેળવવાનું કામ માણસ જો ધારે તો પોતાની મેળે કરી શકે છે, ને બહુ સારી રીતે કરી શકે છે. એટલે પોતાની જાતને સુધારવા તેણે એ રીતે તૈયાર થવું જોઈએ. પરંતુ માણસોની માન્યતા જુદી જ હોય છે. સંત કે સદ્ગુરૂનું ઉચ્છિષ્ટ ખાઈને સીધા સ્વર્ગે પહોંચી જવાનો અથવા વૈકુંઠની ટિકિટ લઈ લેવાનો મનોરથ સેવનારા માણસો ઘણા હોય છે.

બદરીનાથની યાત્રાએ થોડાં વરસ પહેલાં એક સંત આવ્યા હતા. સાથે મોટી ભક્તમંડળી હતી. મંડળીના ઘણા માણસોને મહારાજ થૂંકે તે બને તો ઝીલી લેવાની ને ચાટી જવાની ટેવ હતી. તેમને મન તે મહાપ્રસાદ ગણાતો. એ વિધિ જોનારાને વિચિત્ર લાગતી પણ તેમનો તેમાં ભારે પ્રેમ ને વિશ્વાસ હતો. સંતોના પગ ધોઈને આચમન લેવાની, શરીરે છાંટવાની કે પીવાની પ્રથા પણ ખૂબ પ્રચલિત છે. કોઈવાર પ્રેમી પુરૂષો મારા પગ ધોવાનો આગ્રહ કરે છે પણ મારે તેનો વિરોધ કરવો પડે છે. તે કહે છે કે શાસ્ત્રોમાં પણ આ પ્રથાનું સમર્થન કરવામાં આવ્યું છે, તેથી ભક્તોનું કલ્યાણ થાય છે. તેના ઉત્તરમાં મારે કહેવું પડે છે કે વાત સાચી છે. પણ હું હજી સાચો સંત થયો નથી. એટલે મારા પગ ધોવાથી કોઈ જ પુણ્ય નહિ મળે, લાભ પણ નહિ થાય. સાચા સંતના ચરણ ધોઈને તમે પાવન થવાનો પ્રયાસ કરો તો મને વાંધો નથી. પરંતુ સાચા સંત પોતાના ચરણ ધોવાની મંજૂરી ભાગ્યે જ આપી શકશે. સંતોના ચરણ ધોઈને પાવન થવાની ઈચ્છા રાખવા કરતાં તેમના ઉપદેશનો અમલ કરવા તૈયાર થાવ તો મારી દૃષ્ટિએ પાવન થશો. શાસ્ત્રોમાં સંતનું ચરણામૃત લેવાનું કહ્યું છે એ વાત સાચી છે. પણ સંતના લક્ષણો પણ ગણાવ્યાં છે. તેવાં લક્ષણોવાળા મહાપુરૂષને તે કથન લાગુ પડી શકે છે. અમારા જેવા નામધારી કે સાધારણ સંતોને નહિ.

કેટલાક સંતમહાત્માને પણ પૂજાવાની કે પ્રાદપ્રક્ષાલન કરાવવાની વિધિનો શોખ હોય છે. તેથી તેમની અહંતા પોષાય છે. તે લોકોને સમજાવે છે કે સંતોની પૂજા કરવી જોઈએ. સંતોના ચરણ ધોવાં જોઈએ, ને તેમનો જૂઠો પ્રસાદ લેવો જોઈએ. તેથી પાપનો નાશ થાય છે. ખરી રીતે તો તેમને બીજાના પાપના નાશની એટલી ચિંતા નથી. કોઈ પણ હિસાબે પૂજાવું એ જ તેમની ભાવના હોય છે. ભક્તો તેમની વાતોને સાચી માને છે, ને પછી પ્રાદપ્રક્ષાલન, પૂજા, સેવા ને ઉચ્છિષ્ટ ખાવાની પ્રથા શરૂ થાય છે. મોટા મોટા મંડલેશ્વરો ને મહાત્માઓ પણ એમાં સૂર પૂરાવે એ આશ્ચર્યની વાત છે. મારી નમ્ર માન્યતા પ્રમાણે એ પ્રથાનો અંત આવવો જોઈએ. સમજુ સંતપુરૂષોએ તેનો વિરોધ કરવો જોઈએ. પ્રજાએ પણ તેને પોષવાનું

બંધ કરવું જોઈએ. ઈશ્વરદર્શી ને આદર્શ સંતોને માટે કોઈ પ્રેમ બતાવે એ સમજી શકાય તેવું છે, પણ ગમે તેવા સાધુઓ પ્રત્યે શાસ્ત્રનું નામ લઈને ને આંખ મીંચીને એકસરખો વ્યવહાર કરવામાં આવે તે બિલકુલ સારૂં નથી એ સમજી લેવું જોઈએ.

**[ ૧૫ ] આહારથી આયુષ્ય વધે છે ?**

ગીતાના રસિયા એક વિદ્વાન ભાઈએ મારી પાસે એક શંકા રજૂ કરી છે. તે કહે છે કે સાત્વિક આહારનું વર્ણન કરતાં ભગવાન કહે છે કે સાત્વિક આહાર આયુષ્ય, ચેતન, બલ ને આરોગ્યને વધારે છે. તો શું આહારથી આયુષ્ય પણ વધી શકે છે ?

ભાઈએ જે શંકા કરી છે તેના સમાધાનની પહેલી રીત તો એ છે કે 'આયુઃ સત્વબલારોગ્ય–સુખ–પ્રીતિ– વિવર્ધનાઃ' એ ગીતાના આખાયે ચરણને સાથે લઈ લેવું ને આયુષ્યનું સત્વ, બલ, આરોગ્ય વધારનાર ખોરાક સાત્વિક ખોરાક છે. એવો અર્થ કરવો એટલે આયુષ શબ્દને ષષ્ઠી તત્પુરૂષ સમાસ સમજવો ને બીજા શબ્દોને દ્વંદ્વ સમાસના અર્થમાં લેવો. એમ કરવામાં આવે તો જે ઊભી થઈ છે તે શંકા જ નહિ રહે. આ એક સમાધાન. બીજું સમાધાન એવું જ છે કે સાત્વિક ખોરાક આયુષ્યને વધારે છે, એ વાતને સાચી માનવી. આ શરીર માણસને પૂર્વજન્મનાં કર્મ પ્રમાણે મળે છે. પરંતુ શરીરથી નવા કર્મ કરવા માટે પણ માણસને સ્વતંત્રતા છે. એટલે નવાં કર્મ કરીને તથા શુદ્ધ સાત્વિક આહારનો આશ્રય લઈને તે પોતાના જીવનને સશક્ત બનાવી શકે છે ને વધારી પણ શકે છે. એટલે સુધી કે તેને ચિરંજીવ કે અમર પણ બનાવી શકે છે. આજ સુધી કેટલાય મહાપુરૂષોએ સાત્વિક ખાનપાનનો આધાર લઈને સાધનાની શક્તિથી આયુષ્યને વધાર્યું છે ને અમર જીવનની પ્રાપ્તિ કરી છે. પણ તે માટે ખાનપાનની સાથે માણસે સાધના પર પણ પ્રીતિ રાખવી જોઈએ. એકલા ખાનપાન પર આધાર રાખવાથી તે દીર્ઘજીવી કે મૃત્યુંજય ભાગ્યે જ બની શકે છે. જો ખોરાકથી જ જીવન વધતું હોય તો પુષ્ટિકારક ને સાત્વિક ખોરાક ખાનારા માણસો લાંબુ જીવન જીવે પણ સંસારમાં એવું દેખાતું નથી. ખોરાકથી જીવનશક્તિ વધે છે, પણ જીવનની મર્યાદા વધારવા માટે કેવલ સ્થુલ ખોરાકનો નહિ પણ માનસિક સાધનાના સુક્ષ્મ ખોરાકનો આધાર લેવો જોઈએ. ગીતાનો શબ્દાર્થ સમજતી વખતે આ વિચાર ધ્યાનમાં રાખવો. સહેલાઈથી સમજવા માટે આયુનો અર્થ જીવનશક્તિ કરી શકાય છે.

**[ ૧૬ ] ત્રણ પ્રકારનો યજ્ઞ**

આહારની વાત પૂરી કરીને ભગવાન ત્રણ પ્રકારના યજ્ઞની વાત કહેવાનું શરૂ કરે છે. યજ્ઞ કરવો જરૂરી છે, ને યજ્ઞથી પોતાને ને સમાજને લાભ થાય છે, એમ માનીને જે યજ્ઞ વિધિપૂર્વક કરવામાં આવે છે તે યજ્ઞ સાત્વિક છે. તેવા યજ્ઞનો જે આશ્રય લે છે તેને કોઈ સાંસારિક ઈચ્છા, આકાંક્ષા કે લાલસા હોતી નથી.

કેટલાક માણસો દંભ ને અહંકારથી પ્રેરાઈ ને યજ્ઞ કરે છે. તેથી પોતાની બડાઈ બતાવવાનો પ્રયાસ કરે છે. તે ઉપરાંત, લૌકિક કે પરલૌકિક ફળની ઈચ્છાથી યજ્ઞ કરે છે. કોઈ કીર્તિને ખાતર, ધનને ખાતર, સંતાન સારું, રોગનિવારણ ખાતર, મુકદ્દમામાં જીતવા માટે કે નોકરી માટે પણ યજ્ઞ કરે છે. તો કોઈ યજ્ઞ દ્વારા સ્વર્ગ જેવા સુખકારક લોકની પ્રાપ્તિની ઈચ્છા રાખે છે. તેવા માણસોનો યજ્ઞ રાજસ કે મધ્યમ કોટિનો

કહેવાય છે. તામસ અથવા કનિષ્ઠ કોટિના યજ્ઞમાં મંત્ર કે વિધિની ચોકસાઈ હોતી નથી. શ્રદ્ધા પણ હોતી નથી. કોઈ ઊંચી ભાવનાથી પ્રેરાઈને પણ તે યજ્ઞ થતો નથી. તેવો યજ્ઞ, યજ્ઞ કરનારને ને બીજાને નુકશાન કરે છે તેથી તેનો ત્યાગ કરવો જોઈએ. કેટલીકવાર બીજાનું બૂરૂં કરવાની ભાવનાથી પ્રેરાઈ ને પણ માણસ તેવા યજ્ઞનો આધાર લે છે ત્યારે તે યજ્ઞનો આશીર્વાદ પણ અભિશાપરૂપ થઈ જાય છે. યજ્ઞનો અર્થ સેવા, પૂજા કે ઉપાસના કરી શકાય છે.

**[ ૧૭ ] કામ પર કાબુ મેળવવાનો માર્ગ**

તપના સંબંધમાં સાધારણ માણસોના મનમાં કેવા કેવા વિચિત્ર વિચારો ફેલાયેલા હોય છે ! ભગવાને તપની બને તેટલી સહેલી સમજ પૂરી પાડવાનો પ્રયાસ કર્યો છે, ને તે પ્રયાસ સફળ નીવડ્યો છે. શારીરિક તપ, વાચિક તપ ને માનસિક તપ તે ત્રણ પ્રકારના તપનું ભગવાન વર્ણન કરે છે, તે પછી તેના સાત્વિક, રાજસ ને તામસ એવા ત્રણ ભેદ પાડે છે. દેવતા, બ્રાહ્મણ, ગુરૂ ને વિદ્વાનોની પૂજા, સ્વચ્છતા, સરળતા, બ્રહ્મચર્ય ને અહિંસાનું પાલન શારીરિક તપમાં આવી જાય છે. શરીરથી કોઈને નુકશાનરૂપ ન થવાય તેનું સૌએ ધ્યાન રાખવાનું છે, તે ઉપરાંત બ્રહ્મચર્યના પાલનને પણ ખાસ મહત્વનું માનવાનું છે.

બ્રહ્મચર્ય પાલન એક મહાન તપ છે માણસ બીજું કોઈ તપ ન કરે, બીજી કોઈયે સાધના ન કરે, ને બ્રહ્મચર્યના પાલનની જ સાધના કરે, તો તેટલાથી પણ તેનો ઉદ્ધાર થઈ શકે છે. તેને ભારે શક્તિ મળે છે, ને આત્મદર્શનમાં મદદ મળે છે. બ્રહ્મચર્યનું પાલન પોતે જ મહાન સાધના છે. તેની દૃઢતા માટે માણસે પ્રયત્નશીલ થવું જોઈએ. જુદાં જુદાં ગમે તેટલાં સાધનોનો આશ્રય લેવામાં આવે, પણ જો બ્રહ્મચર્યની ઉપેક્ષા થાય તો શાંતિ, સિદ્ધિ કે પૂર્ણતા ભાગ્યે જ મળી શકે, બ્રહ્મચર્ય પ્રત્યે ઉદાસીન રહેવાથી સાધના નિષ્ફળ જાય છે.

કામવાસનાના વિજયનું કામ સહેલું નથી પરંતુ અઘરૂં હોવા છતાં કરવા જેવું જરૂરી છે કેમકે તે લાભકારક છે, ને સાધનાની સિદ્ધિનો તેના પર મોટો આધાર રહે છે. માણસ જો વિચારશીલ બને, પોતાની જાતની શુદ્ધિનો પ્રયાસ કરે, કે પ્રભુના પ્રેમને પોતાની અંદર વધારે ને વધારે પ્રમાણમાં પ્રગટ કરે, તો કામવાસનાનો વિજય સહેલો બની જાય. કામવૃત્તિને પવિત્ર પ્રેમમાં પલટાવવાનું તેને માટે સરળ બને. કામવાસનાથી મુક્ત થવા માટે માણસો મહેનત કરે છે, એ જોઈને આપણને આનંદ થાય છે. કામુકતાના વધતા જતા વાતાવરણમાં તેવા માણસોના સમાગમથી આપણને સંતોષ થાય છે ને ખાત્રી થાય છે કે પવિત્રતાની ધગશ સાથે જીવનારા માણસો પણ જગતમાં છે ખરા. એવા માણસો હયાત છે ને હશે ત્યાં સુધી માનવજાતિનું ભાવિ ઉજ્જવલ છે એમ માનવાને કારણ મળે છે.

કામવાસનાનું મૂળ ઉદ્‌ભવસ્થાન મન છે. મનમાંથી જ તે પ્રગટ થાય છે, શરીર પર તો તેની અસર થાય એટલું જ. એટલે કામવાસનાને વશ કરવાની ને પલટાવવાની જરૂર છે. મનને નિર્મલ કરીએ. પ્રભુના પવિત્ર પ્રેમથી ભરી દઈએ ને સ્ત્રી કે પુરૂષ સૌમાં પ્રભુના પવિત્ર પ્રકાશનું દર્શન કરવાની ટેવ પાડીએ, તો વાસના ને વિકાર મૂળમાંથી જ ટળી જાય. પછી તે ઊઠે જ નહિ. પવિત્ર પ્રેમ વિના બીજું કાંઈ જ ન રહે. કોઈકવાર તેની અસર થાય તો પણ, પ્રેમના પ્રબળ પ્રવાહમાં તે નહિવત્ થઈ જાય એ માર્ગ સારો ને સચોટ

છે. આવો સુંદર માર્ગ છે પછી શરીરના અંગને નિર્મૂલ કરવાના ક્રૂર માર્ગનો આધાર લેવાની શી જરૂર છે ? કામવાસનાનો અમલ તો મનની મદદથી પણ થઈ શકે છે. હાથના સ્પર્શથી ને દૃષ્ટિથી પણ તેના સ્વાદ લઈ શકાય છે. એટલે શરીરના એકાદ અંગને કાપી નાખવાથી કામવાસનાનો અમલ કરવાની તક રહેતી નથી એ દલીલ પાયા વિનાની છે.

મૂળ વાત તો એ છે કે કામવાસના થાય જ નહિ ને તે માટે તો મેં કહ્યું તેમ મનને પવિત્ર કરવાની જરૂર છે. મનની વૃત્તિને બદલવાની જરૂર છે. મનની વૃત્તિ બદલાશે એટલે હાલ જે મન બધે ભેદભાવ ને વિકારનું દર્શન કરે છે, તે અભેદભાવ ને નિર્મલતાનું દર્શન કરશે. માટે વૃત્તિને શુદ્ધ કરવાની ને પ્રભુમય બનાવવાની જરૂર છે. કામવાસનાની ફરિયાદનો અંત જો શરીરના એકાદ અવયવની સાથે ક્રુરતા કરવાથી આવી જતો હોય તો તે માર્ગ પ્રમાણમાં ઘણો સહેલો થાત ને ઘણા માણસો તેનો આધાર લેત. પણ સમજુ માણસોને આપણે એવા જંગલી માર્ગની ભલામણ કરતા નથી. તેની સાધના કરવાની સલાહ આપણે કોઈ પણ સંજોગોમાં આપતા નથી. અલબત્ત, મહાત્માજીનું મનોબલ ઘણું સારું કહેવાય. કામવાસનાથી મુક્તિ મેળવવાની તેમની ધગશ પણ ઘણી ભારે કહેવાય. તેમની સુધારાની ભાવના પણ પ્રસંશનીય ગણાય. પરંતુ તે માટેનો તેમનો પ્રયાસ અનુકરણીય નથી. તે માટે જે સાધનાનો તેમણે આધાર લીધો તે સાધનાના વખાણ થઈ શકે તેમ નથી. તેમની પદ્ધતિ સમજુ કે અણસમજુ કોઈ પણ માણસને માટે અપનાવવા જેવી નથી. તેમનો ઈલાજ અકસીર ને આદર્શ નથી. શરીરને અત્યંત કષ્ટ આપીને કરાતી એવી તપસ્યા [ જો તેને તપસ્યા કહી શકાતી હોય તો ] તદ્દન અશાસ્ત્રીય છે. માણસનું મંગલ કરવાની બાંયેધરી વગરની છે. તેથી ગીતામાતાની ભાષામાં તામસિક તપસ્યાથી પણ હલકી રાક્ષસી તપસ્યા છે. આસુરી કોટિની એ સાધનપદ્ધતિનો વિવેકી સાધકોએ સદાને માટે ત્યાગ કરી દેવો જોઈએ. બ્રહ્મચર્ય ખરેખર મુલ્યવાન છે, ને સાધકે તેના પાલનમાં દૃઢ રહેવું જોઈએ. સાંસારિક જીવન જીવનારા માણસોને પણ તે ઉપયોગી છે. તેમણે પણ તેને અપનાવવું જોઈએ. પણ તે માટે વધારે ભાગે પ્રભુની પ્રાર્થના ને વિચારનો આધાર લેવો જોઈએ. પોતાની જાતને સુધારવાનો આગ્રહ રાખવો જોઈએ. એમ કરવાથી કામ ઘણું સહેલું થશે ને કામવાસનામાંથી કાયમને માટે મુક્તિ મેળવવામાં મદદ મળશે.

**[ ૧૮ ] વાણીનું તપ**

વાણીના તપમાં સત્ય ને મધુર વચન તથા સ્વાધ્યાયનો સમાવેશ થાય છે. કેટલાક લોકોને એવી રીતે બોલવાની ટેવ હોય છે કે તેમની વાણી સાંભળીને બીજાને દુઃખ થાય ને ખરાબ લાગે, પરંતુ કેટલાક લોકો મધુરભાષી પણ હોય છે. તેમની વાણી એટલી બધી મીઠી હોય છે કે તેને સાંભળવાથી ભલભલા દુઃખી માણસનું દુઃખ પણ દૂર થાય, અશાંતને પણ શાંતિ મળે, ને તૂટી પડેલું દિલ સંધાઈને સાજું થાય. વિરોધી વાતાવરણને પણ તે અસર કરી અનુકૂળ કરી દે, લડતા લોકોની વચ્ચે સંધિ કરી દે, ને દુશ્મનને મિત્ર કરે. એથી ઊલટું, કોઈ કોઈની વાણી એવી કર્કશ, કડવી કે તીખી હોય છે કે વાત નહિ. તે બોલવા માંડે એટલે જાણે અંગારા ઊડતા હોય એવું લાગે. શાંતિવાળા માણસોને પણ તેમની વાણી અશાંત કરી દે ને બેચેન બનાવી દે. મિત્રોમાં પણ કટુતા, કલેશ ને વેરભાવ જગાવી દે, કેટલીકવાર તેમના દિલમાં મેલ નથી હોતો

એમ પણ દેખાય છે. પરંતુ વાણી પર સંયમ ન હોવાથી તે સૌને અપ્રિય થઈ પડે છે. છેક છેવટ સુધી સુધરી રહેલા કામને તે વાણીનો થોડોક દુરૂપયોગ કરીને બગાડી નાખે છે.

વાણી કોઈ સાધારણ વસ્તુ નથી. તે એક મોટી શક્તિ છે, તેનો પ્રભાવ ઘણો ભારે છે. તે તો સભ્ય કે સુસંસ્કૃત માણસની મોટી મૂડી છે. તે મૂડીને ગમેતેમ વેડફી નાખવાની નથી. તેનો સદ્ઉપયોગ કરવાનો છે. વધારે ભાગના માણસો હજી આ વાતને સમજતા નથી. એ જોઈને આપણને ખેદ થાય છે. ઘરના સભ્યો મનોમન પ્રતિજ્ઞા લે કે પરસ્પર મીઠી વાણીનો પ્રયોગ કરીશું તો ઘરનું વાતાવરણ કેટલું બધું બદલાઈ જાય ? પરસ્પર કડવા ઠપકા દેવાની, મ્હેણાં મારવાની ને ગાળાગાળી કરવાની પ્રથાનો અંત આવે. બધા સભ્યો એકમેકને પ્રેમ ને સહાનુભૂતિથી જોતાં શીખે ને ઘર સુખી, શાંતિમય ને નાનકડા વૈકુંઠ જેવું થઈ જાય ઘરની બહાર પણ માણસે મધુરભાષી થવા ને પોતાના વ્યવહારમાં પ્રેમ, નમ્રતા ને મધુરતા લાવવા પ્રયાસ કરવો જોઈએ. સૃષ્ટિમાં મધુરતા ભરવા માટે સૌએ તૈયાર થવું જોઈએ, કલિષ્ઠતા કે કટુતા ભરવા નહિ. શિક્ષક, સિપાઈ, સત્તાધીશ, શેઠ, નોકર, દાક્તર, વકીલ ને વેપારી સૌએ પ્રેમ, મીઠાશ ને નરમાશથી વાત કરતાં શીખવું જોઈએ. એમ થાય તો સંસાર ઘણો બદલાઈ જાય. એમ થવું જ જોઈએ ને તે માટે દરેકે પોતાની જાતને કેળવણી જોઈએ.

**[ ૧૯ ] માનસિક તપ : પ્રસન્નતા**

માનસિક તપ પણ ઘણું મહત્વનું છે. મનની પ્રસન્નતા, શાંતિ, મૌન, સંયમ ને ભાવ તથા વિચારોની શુદ્ધિનો માનસિક તપમાં સમાવેશ થાય છે. માણસોએ પ્રસન્ન રહેતા શીખવવાની જરૂર છે. પ્રસન્નતા માણસને મળેલું મોટામાં મોટું વરદાન છે. તે એક મોટો સદ્‌ગુણ છે. તેને વધારે ને વધારે કેળવવાની જરૂર છે. પ્રસન્ન માણસ પોતાના દુઃખ કે શોકને ભૂલી શકે છે ને જ્યાં જાય છે ત્યાં આનંદ આપે છે. બીજાના દુઃખને તે હળવું કરે છે. માણસો સાંસારિક ચિંતાથી ઘેરાયેલા છે. તે પ્રસન્નતા ખોઈ બેઠેલા દેખાય છે. તેમને જોઈને મને આશ્ચર્ય થતું નથી. આશ્ચર્ય તો સાધકોને જોઈને થાય છે. જેમને કોઈ મોટી જવાબદારી નથી, ઉપાધિ નથી, ચિંતા નથી કે કામના નથી. તેવા શાંતિમય વાતાવરણમાં રહેનારા સાધકોમાં પણ પ્રસન્નતા દેખાતી નથી ત્યારે મને ભારે નવાઈ લાગે છે. તેમના મુખ પર શોકની છાયા પથરાયેલી હોય છે. તેમની વાણી નીરસ હોય છે ને તેમની આંખ ઉદાસીનતાથી ભરેલી દેખાય છે. તેમના અંતરમાંથી શાંતિ ને આનંદનો ખજાનો ખૂટ્યો હોય એવો ભાસ થાય છે. કેટલાક સાધકોને પ્રસન્નતા ગમતી હોય છે, છતાં તેમના મનમાં એવો પૂર્વગ્રહ બંધાઈ ગયો હોય છે કે જે સાધના કરે અથવા આત્મોન્નતિ ને ઈશ્વરદર્શન માટે મહેનત કરે, તે તો ભારે ગંભીર હોય. તે તો ભૂલેચૂકે પણ હસે નહિ. સંસારને મિથ્યા માનીને તેના પ્રત્યે તે ઉદાસીનતા ધારણ કરે એવા પૂર્વગ્રહવાળા સાધકોનો આ દેશમાં અભાવ નથી.

મારી પાસે હમણાં હમણાં એક સાધક આવે છે. તે આવે છે ત્યારે તેમનું મોઢું ખૂબ ગંભીર હોય છે, અજાણ્યા માણસને તે કોઈ દવા પીને આવતા હોય તેવું લાગે. કેટલીક વાર તેમની ગંભીરતા કૃત્રિમ પણ લાગે. તે પોતે જ્ઞાનમાર્ગી છે, જ્ઞાનના ઉમેદવાર છે, એટલે તેમને એમ લાગે છે કે જ્ઞાની કે જ્ઞાની થવા ઈચ્છનારે આનંદને તિલાંજલી આપી દેવી જોઈએ. સંસારનો અનુભવ કરીને તેણે પ્રસન્ન થવાનું નથી પણ

કોઈ કડવો ઘૂંટડો ગળતો હોય એવો અનુભવ કરવાનો છે. એવું માનનારા માણસો ઘણા મળે છે પણ આપણે કહેવું પડે છે કે તેમની માન્યતા ખોટી છે. જ્ઞાની તો આનંદ સ્વરૂપ પરમાત્માને ઓળખવાનો પ્રયાસ કરે છે. જેમ જેમ તે પરમાત્માની પાસે ને પાસે પહોંચતો જશે, તેમ તેમ તે વધારે ને વધારે આનંદમય બનશે, ને આનંદનો અનુભવ કરતો જશે. તે આનંદ તેની આંખમાં ઓતપ્રોત થઈ જશે ને તેની વાણીમાંથી ટપકવા માંડશે. તેના મુખ પર તે ફરી વળશે. તે ખૂબ જ શાંત ને પ્રસન્ન દેખાશે. જ્ઞાની કે ઈશ્વરપરાયણ પુરૂષને માટે પ્રસન્નતા એ પ્રમાણે સ્વાભાવિક બની જશે. તેને જોઈને બીજાને પણ શાંતિ ને આનંદ મળશે. એટલે જ્ઞાની કે ઈશ્વરપરાયણ પુરૂષ ગંભીર ને ઉદાસીન હોય છે ને પ્રસન્ન નથી હોતો એમ માનવું ભૂલભરેલું છે. શરૂઆતની દશામાં કોઈ કારણથી તે પ્રસન્ન ન દેખાય તે સમજી શકાય તેમ છે, પરંતુ આગળ વધ્યા પછી ને પરિપૂર્ણ થયા પછી તો તે પ્રસન્નતાની મૂર્તિ બની જાય છે.

જેમને સાધના સાથે કોઈ સંબંધ નથી એવા માણસો પણ પ્રસન્ન રહેવાની કળામાં પારંગત થઈને ઘણો મોટો લાભ મેળવી શકે છે. પ્રસન્નતાની અસર આરોગ્ય પર પણ ઓછી નથી થતી. માટે તો બધા પ્રસન્નતા ને આનંદમાં રહે એમ આપણે ઈચ્છીએ છીએ. કોઈને કાગળ લખીએ ત્યારે પણ લખીએ છીએ કે તમે આનંદમાં હશો. આપણે તો સૌને પ્રસન્નતા ધારણ કરવાની ભલામણ કરીશું.

સાચી પ્રસન્નતા ક્યારે આવે ? મન નિર્મળ થાય ત્યારે. નિર્મલ મનમાં પ્રભુનો પ્રેમ પ્રકટે અથવા જ્ઞાનનો પવિત્ર પ્રકાશ પથરાવા માંડે ત્યારે પ્રભુની કૃપાપ્રસાદી મળવા માંડે છે. તેને પરિણામે પ્રસન્નતાનો અનુભવ થવા માંડે છે. પ્રસન્નતાનું સાચું રહસ્ય આ છે, એટલે પ્રસન્નતાની ઈચ્છાવાળા સાધકે મનને નિર્મલ કરવા ને પ્રભુના પ્રેમથી ભરી દેવા પ્રયાસ કરવો જોઈએ, જ્ઞાનના પવિત્ર પ્રકાશથી પાવન કરવું જોઈએ. પરમાનંદ, પરમશાંતિ કે પ્રસન્નતાને પ્રાપ્ત કરવાનો એ રામબાણ ઉપાય છે.

જેમનું મન નિર્મલ હોતું નથી તેવા સાધારણ શ્રેણીના માણસો પણ કેટલીક વાર પ્રસન્ન સ્વભાવના દેખાય છે. તેમનું મોઢું સદા હસતું જ હોય છે. તેવા માણસો એક ઉમદા ભેટથી સંપન્ન છે એમ કહેવામાં કોઈ જાતની અતિશયોક્તિ નથી. પરંતુ ભગવાન જે પ્રસન્નતાની વાત કરે છે તે પ્રસન્નતા એકલા તનની નથી પણ મુખ્યત્વે મનની છે. તે પરમાત્માની કૃપાના ફળરૂપે જ પ્રાપ્ત થઈ શકે છે. માટે તો ભગવાને 'પ્રસાદ' શબ્દનો સૂચક પ્રયોગ કર્યો છે.

**[ ૨૦ ] મૌન–માનસિક તપ શા માટે**

કોઈને શંકા થવાનો સંભવ છે. મૌન તો વાણીનો વિષય છે. તેનો સમાવેશ વાણીના તપમાં કરવાને બદલે માનસિક તપમાં કેમ કરવામાં આવ્યો છે ? શું કોઈ ભૂલ થઈ છે ? શંકા સારી છે, પણ તેના સમાધાનમાં આપણે કહીશું કે મૌનને માનસિક તપ કહેવામાં કોઈ જાતની ભૂલ થતી નથી. તેમાં તો મહાન રહસ્ય રહેલું છે. માણસો મૌનવ્રત રાખે છે એટલે કે બોલવાનું બંધ કરે છે પણ તેમના મનની પ્રવૃત્તિ બંધ થાય છે ખરી ? મન તો પોતાનું કામ કર્યે જ જાય છે. વાણી તો મનની પુત્રી છે અથવા કહો કે પ્રતિનિધિ છે. મન વાણી દ્વારા પોતાને વ્યક્ત કરે છે. વાણીનું મૂળ મનમાં રહેલું છે. માટે વાણીને બંધ કરનારા માણસે મનને પણ શાંત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. એકલી વાણી બંધ કરવાથી શાંતિ નહિ મળે, મળશે તો તેનું

પ્રમાણ તદ્દન ઓછું હશે. મુખ્ય વસ્તુ એ છે કે મનને શાંત કરવું. મન જ્યારે શાંત થશે ત્યારે મૌન એક સ્વાભાવિક વસ્તુ બની જશે. મન નિર્મલ થતાં ને પરમાત્માના પ્રેમનો અનુભવ કરતાં વાણી આપોઆપ વિરમી જશે. એનું નામ સ્વાભાવિક મૌન. મૌન આમ મુખ્યત્વે વાણીનો નહિ પણ મનનો વિષય છે. તેનો મુખ્ય આધાર મન પર છે. તેથી જ ભગવાને તેનો માનસિક તપમાં સમાવેશ કરેલો છે.

જે વાણીનું મૌન રાખે છે તેમણે તેટલાથી અટકી જવાનું નથી, પણ પોતાના મનને પણ શુદ્ધ ને શાંત અથવા ચંચલતાથી રહિત કરતાં શીખવાનું છે. એ સંદેશ યાદ રાખવાનો છે. મન ને વાણીનો સંબંધ કેટલો નજીકનો છે તે આપણે જાણીએ છીએ. 'હૈયે તેવું હોઠે'ની કહેવત આપણે ત્યાં પ્રસિદ્ધ જ છે. મનમાં મીઠાશ ને પ્રેમ હોય તો વાણી પણ મીઠી ને પ્રેમાળ બની જાય છે. મનમાં શાંતિ હોય તો વાણી શાંતિમય થાય છે ને જો મન કટુતા, ધિક્કાર, દ્વેષ ને અશાંતિથી ભરેલું હોય તો વાણીમાં પણ તેના પડઘા પડવા માંડે છે. ભયભીત માણસની વાણી ભયથી ભરેલી ને શોકિતની શોકની અસરવાળી જણાઈ આવે છે. એટલે વાણીની સાધનાનો મનની સાથે મહત્વનો સંબંધ છે. વાણીની સાધના કરવા માગનાર મનની સાધના પ્રત્યે ઉદાસીન રહી શકે નહિ. ઉદાસીન રહે તો તેનું પરિણામ માઠું આવે. ખરી રીતે તો વાણીની સાધના મનની જ સાધનાનું નાનું સરખું અંગ છે તેથી જ ભગવાને તેનો માનસિક સાધનામાં સમાવેશ કર્યો છે, ને મૌનને વાણીનું નહિ પણ મનનું તપ કહ્યું છે.

વિચાર ને ભાવને શુદ્ધ કરવાનો પ્રયાસ સાધકોને માટે બહુ જરૂરી છે. બૂરા વિચાર ને ભાવનો સાધકે સદાને માટે ત્યાગ કરવો જોઈએ. તે મનમાં ઊઠે જ નહિ એવી શક્તિ કેળવી શકાય તો તેથી ઉત્તમ બીજું કશું નથી. એવી શક્તિ કેળવવાનું કામ કપરૂં હોય તો પણ બૂરા વિચાર ને ભાવના મનમાં ઊઠે તો તેમને ઓળખી લઈને તેમને વશ થવું નહિ એટલી શક્તિ તો મેળવી લેવી જ જોઈએ. એ વાતમાં તો કોઈ જાતની બાંધછોડ થઈ જ ન શકે. જેને બૂરા વિચાર, ભાવ ને બૂરાઈ પર પ્રેમ છે, તે આત્મોન્નતિની સાધનામાં હજારો ઉપાયે પણ સફળતા નહિ મેળવી શકે. ઉત્તમ વિચાર ને ભાવમાં સ્નાન કરવાની ટેવ કેળવવાની જરૂર છે, મન સદાયે નિર્મલ રહે ને પવિત્ર ભાવનાથી ભરપૂર બની રહે તે માટે સાધકે પ્રયાસ કરવો જોઈએ. ભાવ અથવા વિચારની શુદ્ધિ થઈ એટલે સાધનાની મોટી કેડી લાંબે સુધી સહીસલામત રીતે કપાઈ ગઈ એમ સમજી લેવું. ભાવનાની શુદ્ધિ આદર્શ સાધકનું મહત્વનું લક્ષણ છે. તે લક્ષણ જેનામાં નહિ જડે તે ગમે તેવો ચમત્કારી, શક્તિશાળી કે વિદ્વાન હોય છતાં સાચો સાધક કે તપસ્વી કહી શકાય નહિ. વિચાર ને ભાવની શુદ્ધિ થાય એટલે મનની શુદ્ધિ સહેલાઈથી થઈ જાય ને શાંતિનો અનુભવ પણ થઈ શકે.

તપ શાને માટે છે ? તપ કરીને માણસે પોતાની ઉન્નતિ કરવાની છે. પોતાની જાતને શુદ્ધ ને શક્તિશાળી બનાવીને, પરમાત્માની પ્રાપ્તિ કરીને જીવનને સફળ કરવાનું છે. લોકોને ચકિત કરવા, ધન કમાવવા કે પ્રતિષ્ઠા મેળવવા તપ કરવાનું નથી. તે દ્વારા પોતાનો ઉદ્ધાર કરવાનો છે. પોતાનું હિત કરવાની સાથે સાથે બીજાના હિત માટે તૈયાર રહેવાનું છે. તપ કોઈના અહિત માટે તો હોય જ નહિ એ યાદ રાખવાની જરૂર છે. તપથી પોતાને કોઈ ખાસ લાભ ન થાય, પોતાનું મંગલ ન કરી શકાય ને વધારામાં બીજાનું અમંગલ થાય, બીજાને નુકશાન પહોંચાડવા માટે તેનો આધાર લેવાય, તો તે તપ આસુરી કે અધમ પણ છે

એમાં શંકા નથી. સમજુ માણસ તેવા તપનો કદી પણ આધાર લે નહિ. તેનું સમર્થન પણ કરે નહિ તે જરૂરી છે.

**[ ૨૧ ] દાનની ભાવના**

યજ્ઞ, તપ, ને દાનની ભાવના જીવનને ઉજ્જવલ કરવા જરૂરી છે. તે ભાવનાથી પોતાનું ને સમાજનું શ્રેય થાય છે. જે વ્યક્તિ, સમાજ કે દેશ એ ભાવના ભૂલી જાય છે તે પોતાનું પતન નોતરે છે. પોતાના ઉદ્ધારના મંગલ મંદિરના દ્વાર તે પોતાની મેળે જ બંધ કરી દે છે. ભેદભાવ ને વિષમતા તેની અંદરથી દૂર થતા નથી. તેનું જીવન બીજાને માટે આશીર્વાદરૂપ બનતું નથી. પોતાની પાસે જે કંઈ છે, તે દ્વારા બીજાને મદદરૂપ થવા તૈયાર રહેવાની ભાવના દાનની ભાવનાની પાછળ કામ રહી છે. જે કંઈ એટલે એકલું ધન નહિ, પણ વિદ્યા, બલ, અન્ન, વસ્ત્ર, સંપત્તિ બધું જ. એટલે દાન એકલા ધનનું જ થઈ શકે છે, અથવા ધન હોય તો જ બીજાને મદદરૂપ થઈ શકાય છે, એ વાત ખોટી છે. ધનનો વિશાળ અર્થ કરીએ તો કહી શકાય કે પોતાની પાસે જે જે વિશેષતા છે તે એક જાતનું કિંમતી ધન જ છે. તે બધી જાતના ધનનો ઉપયોગ બીજાની સેવામાં કરી શકાય છે. બીજાની મદદમાં એ ધનસંપત્તિ વાપરી શકાય છે. એટલે બીજાને મદદરૂપ થવાની ભાવના દાનની વ્યવસ્થાના મૂળમાં રહેલી છે એ યાદ રાખવાનું છે.

સાધારણ માણસોમાં એક બીજો વિચાર પણ પ્રચલિત થયેલો દેખાય છે કે જેની પાસે ઘણું ધન ને ઘણી સંપત્તિ હોય તે જ બીજાને મદદ આપી શકે અથવા દાન કરી શકે. એ વિચાર પણ ભૂલભરેલો છે. જેની પાસે ઘણું ધન ને ઘણી સંપત્તિ છે તે તો દાન કરવા તૈયાર રહે જ. પરંતુ તેનો અર્થ એમ નથી કે જેની સાધનસંપત્તિ સાધારણ છે તે બીજાને મદદરૂપ થઈ જ ન શકે. બીજાને મદદરૂપ થવાની ભાવના માણસના મન પર આધાર રાખે છે. કેટલાક શ્રીમંતોના ઘરમાં રાંધેલું અનાજ ઘણું વધે છે, તેને તે ફેંકી દે છે, પણ કોઈ માગવા આવે તો તેને આપતા નથી. કપડાં કેટલાય હોય છે પણ વસ્ત્ર વિનાના માણસોને મદદ કરવામાં તેનો ઉપયોગ કરતા નથી. ત્યારે કેટલાંક શ્રીમંતો હજારો રૂપિયાનું દાન કરે છે, અન્નક્ષેત્ર ચલાવે છે, દવાખાના કાઢે છે, ને વિદ્યાર્થી ને વિધવાઓને છૂટે હાથે મદદ કરે છે. સાધારણ સ્થિતિના ને ગરીબ માણસો પણ થોડામાંથી થોડું બીજાને આપવા સદા તૈયાર રહે છે. તેમને એવી ચિંતા થતી નથી કે આપણી પાસે થોડું ધન, થોડું અન્ન ને થોડી સંપત્તિ છે, તે બીજાને આપી દઈશું તો આપણે શું કરીશું ? પછી આપણે માટે શું ને કેટલું રહેશે ? ના, તેમને એવા સંકુચિત વિચાર આવતા નથી.

સેવા, દાન કે મદદ અસાધારણ દશાના માણસો જ કરી શકે છે એવું કશું નથી. માણસ સાધારણ દશામાં હોય કે અસાધારણ દશામાં, સેવા કરવાનો માર્ગ તેને માટે ઉઘાડો છે. દાન અથવા સેવાની ક્રિયા બીજાને કાંઈક આપવાની ક્રિયા છે. મૂળ વાત એ છે કે માણસની પાસે દિલ જોઈએ. તેનું દિલ જાગૃત જોઈએ. જો તે જાગૃત હશે, બીજા પ્રત્યેના પ્રેમ ને સેવાભાવથી ભરપૂર હશે ને બીજાને મદદરૂપ થવાની ભાવનાવાળું હશે, તો બીજાની સેવા કરવા, દાન આપવા તે જરૂર તૈયાર થશે. પણ જો તે ભાવનાહીન, પ્રેમહીન ને મરણતોલ દશામાં હશે, તો બીજાની સેવા, સહાયતા અથવા દાનનો આલાપ તેમાં ભાગ્યે જ ઊઠી

શકશે. બીજાને મદદરૂપ થવા સમય, સાધન ને શક્તિ હોવા છતાં પણ તે ભાગ્યે જ તૈયાર થશે. દાનની ક્રિયા આ પ્રમાણે યાંત્રિક નથી, પ્રાણવાન ને જીવંત છે.

દાનથી માણસને પોતાને પણ લાભ થાય છે. સેવા કરનાર કે દાન દેનારનું દિલ ઉદાર બને છે. બીજાનાં દુઃખદર્દ તરફ હમદર્દી બતાવવાની તેને તક મળે છે. પોતાની સેવાભાવનાને તે પોષી શકે છે, ને જગતના જુદા જુદા જીવોની અંદર વિરાજી રહેલાં પરમાત્માનો અનુભવ કરવામાં સફળતા મેળવે છે. એ અનુભવનો આનંદ કાંઈ ઓછો નથી. દાન કે સેવા એ રીતે એક મોટી સાધના છે. તેથી જ સ્વામી વિવેકાનંદ કહે છે તેમ દાન દેનાર કે સેવા કરનારે જેને દાન દેવાનું કે જેની સેવા કરવાની છે તેનો આભાર માનવાની જરૂર છે. સ્વામીજી તો ત્યાં સુધી કહે છે કે દાન દેનારે સામેની વ્યક્તિને પ્રેમથી પગે લાગવું ને કહેવું કે કૃપા કરીને મારા હિત માટે મારા દાનનો સ્વીકાર કરો ને એ રીતે મને મારી જ સેવા કરવાની તક આપો.

સમાજને માટે તે મહાન આશીર્વાદરૂપ છે એ કહેવાની જરૂર ભાગ્યે જ હોય. પરસ્પર પ્રેમ ને મદદ અથવા સહકારના આધાર પર જ સમાજની સલામતી ને સુદૃઢતાનો આધાર રહે છે. દાન ને સેવાની ભાવનાથી સમાજ સુખી બને છે ને ભેદભાવથી મુક્તિ મેળવે છે.

**[ ૨૨ ] દાન સ્વાભાવિક બનવું જોઈએ**

દાન કરવા માટે બહુ દૂર જવાની જરૂર નથી. દાન કોને કરવું એવી ચિંતા કરવાની ને દાનને માટે કોઈ મંગલ મુહૂર્તની પસંદગી કરવાની પણ જરૂર નથી. દાન કે સેવાની ભાવનાનો અમલ કરવાનો અવસર મળે તે અવસર મંગલ છે એમ જ સમજી લેવું ને તેનો લાભ લેવા તૈયાર થવું. સારું કે મંગલ કામ કરવા માટે મુહૂર્તની જરૂર નથી. મંગલ કામ પોતે જ સમયને સુધારી દે છે. એટલે કે જે વખતે સારું કામ કરવામાં આવે તે વખત તે કામના પ્રભાવથી મંગલ બની જાય છે. કેટલાક માણસો ખાસ પ્રસંગોમાં જ દાન કરવામાં માનતા હોય છે. જન્મદિનનો ઉત્સવ હોય ત્યારે, કોઈનું મૃત્યુ થયું હોય ત્યારે, ગ્રહણ કે સક્રાંતિ હોય ત્યારે, તે હજારો રૂપિયાનું દાન કરે છે. પોતાના ગજા પ્રમાણે અન્ન, વસ્ત્ર ને ધન આપે છે. કેટલાક માણસો ઘરમાં હોય ત્યારે બીજાને માટે ફૂટી બદામ પણ ખરચતા નથી પરંતુ યાત્રામાં નીકળે છે ત્યારે છૂટે હાથે દાન કરે છે. કુંભમેળાના ખાસ અવસર પર દીન–દુઃખી ને સંત સાધુને માટે સદાવ્રતની વ્યવસ્થા કરે છે, સપ્તાહ કે સંકીર્તન કરાવે છે, એવા માણસો સારું કામ કરે છે એમાં શંકા નથી. પરંતુ તે કામ કેવળ ઉત્તમ કે ખાસ પ્રસંગો પૂરતું–યાત્રા, વ્રત, પર્વ ને ઉત્સવ–પ્રસંગ પૂરતું મર્યાદિત રહી જાય છે એ ઠીક થતું નથી. દાન ને સેવાની ભાવનાને જીવનમાં કાયમને માટે વણી લેવાની છે. દરેક પ્રસંગ ને સ્થળમાં તેનો અમલ ચાલુ રહે તેવી ચોકસાઈ રાખવાની છે. એટલે કે દાન ને સેવાની ભાવના માણસને માટે સ્વાભાવિક બની જવી જોઈએ. માણસનું સમગ્ર જીવન બીજાની સેવા માટે વપરાય ને બીજાને મદદરૂપ થાય એમ થઈ જવું જોઈએ. દાનની ભાવનાની એ પરાકાષ્ઠા છે. માણસે એ પરાકાષ્ઠાએ પહોંચવાનો પ્રયાસ કરવો જોઈએ.

**[ ૨૩ ] દાનનો અવકાશ ને એક શંકા**

દાન ને સેવાના અધિકારી માણસો માણસને પોતાની આજુબાજુ જ મળી રહે છે. ઘરમાં, કુટુંબમાં, ગામમાં ને પોતાના પરિચિત સમાજમાં એવાં કેટલાંય માણસો હોય છે જેમને સેવા ને મદદની જરૂર હોય છે. તેમને મદદ કરવાની માણસને સ્વતંત્રતા છે. પોતાના કુટુંબ ને ગામમાં એવા કેટલાય સ્ત્રીપુરૂષો હોય છે જે આર્થિક રીતે દુઃખી હોય છે, ને જેમને સેવા સહાયતાની જરૂર હોય છે. તેમને મદદ કરવાની તક ઝડપી લેવાને બદલે માણસો દૂરના સ્થાનોમાં અને દૂરના માણસો પાસે પહોંચી જાય છે એ કેટલી વિચિત્રતા છે ! પોતાની આસપાસની, તદ્દન નજીકની દુનિયાની ઉપેક્ષા કરવાની વૃત્તિ બરાબર નથી. સેવા કે દાનની શરૂઆત પોતાની પાસેની દુનિયાથી થવી જોઈએ. દૂરના માણસોને માટે માણસ હજારો રૂપિયા વાપરી નાખે, પણ પોતાની પાસેના માણસોના સુખ–દુઃખમાં ભાગીદાર ન બને, તો તેનું દાનેશ્વરીપણું તેના કુટુંબ ને સમાજને શું કામનું ?

કોઈ કોઈ વાર માણસો મને પૂછે કે 'દાન કરવા માટે કોઈ યોગ્ય પાત્રની પસંદગી કેવી રીતે કરવી ? કોઈ સુપાત્ર છે તેની ખબર કેવી રીતે પડે ?' તેમને મારે કહેવું પડે છે કે દાન કરવાની ભાવના હોય તો તેનો અમલ કરવાના માર્ગ ઘણા છે. પાત્રની પસંદગી માટે બહુ દૂર જવાની જરૂર નથી. દૂરના માણસોને તમે બરાબર ઓળખી ન શકો અથવા ભાગ્યે જ ઓળખી શકો એટલે કોણ પાત્ર છે ને કોણ નથી એની સમજ ન પડે. પરંતુ તમારી નજીક ને તમારા પરિચયમાં એવા કેટલાય લોકો છે જેમની પાત્રાપાત્રતા તમે સારી પેઠે સમજી શકો છો. એવા લોકોમાં કોઈ વિધવાઓને મદદની જરૂર હોય છે, કોઈ કુટુંબ, ધંધા કે નોકરીના અભાવે પોતાના દિવસ જેમતેમ કરી કઠીનાઈમાં કાઢતું હોય છે. કેટલાય હોશિયાર વિદ્યાર્થી ફી ને પુસ્તકો માટેના પૈસા નહિ હોવાથી ભણવાની મુશ્કેલી અનુભવતા હોય છે. કેટલીય વૃદ્ધ ડોસીઓ સાધન ન હોવાથી જેમતેમ કરીને દહાડા કાઢતી હોય છે. તમારી પાસે જો શક્તિ કે સંપત્તિ હોય તો તેમને મદદ કરી શકો છો. તેમના જીવનને તમે જાણતા પણ હોવ છો એટલે પાત્રાપાત્રની પસંદગીનો ખાસ પ્રશ્ન પણ રહેતો નથી. તેમની સેવા કરીને તમે તમારા હૃદયમાં રહેલી દાનની ભાવનાનો અમલ કરી શકો છો. દાન આપવા માટે કોઈ સારી ને સદ્ધર સંસ્થાની શોધ કરવાની જરૂર નથી. માણસો હાલતી ચાલતી સંસ્થા જેવા છે. તેમના ચરણોમાં તમે તમારી નાનીમોટી સાધારણ કે અસાધારણ ભેટ ધરી શકો છો. પાત્ર કે અપાત્રની પસંદગી કેવી રીતે કરશો ? જેને મદદની જરૂર છે તે બધા પાત્ર જ છે. તમારી પાસે આપવા જેવું કાંઈ હોય તો તેમને આપી છૂટો.

ડાહ્યા માણસો કહે છે કે ભૂખ્યાને રોટલો આપવા જેવું દાન બીજું એકે નથી. તે બાબતમાં પાત્રની પસંદગીનો પ્રશ્ન પણ ઊઠતો નથી. જે ભૂખ્યો છે, ને જેને રોટલાની જરૂર છે તે રોટલાને પાત્ર છે. તેને રોટલો આપવામાં આવે અથવા પાસે બેસાડીને ખવડાવવામાં આવે, તો તે કામ ઘણું ઉત્તમ છે.

માણસો શંકા કરે છે કે કોઈને મદદ કરતા રહીએ તો તેના મનમાં આશા બંધાય છે કે હવે મદદ કાયમને માટે મળ્યા કરશે. પણ પાછળથી આપણાથી મદદ ન કરી શકાય તો ? તો પછી સામેના માણસનું જીવન મુશ્કેલીમાં ન મૂકાય ? તેવા શંકાશીલ માણસોને માટે મારી પાસે એક જ સમાધાન છે કે ભાઈઓ, ખોટી શંકા શા માટે કરો છો ? ભવિષ્યના મિથ્યા ઘાટ ઘડવાને બદલે વર્તમાનને વફાદાર રહો, ને વર્તમાનનો વિચાર કરીને પ્રવૃત્તિ શરૂ કરો એટલું પૂરતું છે. આજે કોઈને મદદરૂપ થઈ શકાય તેમ છે, ને તમારી પાસે અવસર છે, તો પ્રેમપૂર્વક તેનો લાભ લઈ લો. એ અવસરને ખોઈ નાખશો તો સારા કામથી

વંચિત રહી જશો. એક ઉત્તમ ધર્મકામ કરવાને સંતોષ નહિ મેળવી શકો. માટે બીજી ચિંતા છોડી દો. પ્રભુએ તક આપી છે તો આજે તેનો ઉપયોગ કરી લો. પ્રભુના હાથમાં હથિયાર બનીને કોઈની સેવા કરી લો. તમારે કોઈની કાયમ માટે સેવા કરતા જ રહેવું એવું થોડું છે ? તમારાથી થઈ શકે એટલી સેવા કરો. તે તમારા લાભમાં જ છે. આગળની વાત પ્રભુ પોતે સંભાળી લેશે. તેને સૌની ચિંતા છે. તે વિશ્વંભર છે. તમારા જેવાં બીજા કેટલાય હથિયાર ઉત્પન્ન કરીને તે બીજાની સેવા કરાવી શકે છે. એટલે જેમને સેવાની જરૂર છે તેમના ભવિષ્યનો પ્રશ્ન પ્રભુ પર છોડી દો. તમે વર્તમાનનો વિચાર કરો, ને જે વખત વહી રહ્યો છે તે દરમ્યાન તમારાથી થાય તેટલું ભલાઈનું કામ કરી લો. અને તે રીતે મોટી કમાણી કરી છે એમ સમજી લો. કવિ બાલાશંકર કહે છે તે ખબર છે ને કે 'ઘડી જાયે ભલાઈની મહાલક્ષ્મી ગણી લેજો' તે પ્રમાણે ઉત્તમ ઘડીરૂપી મહાલક્ષ્મીનો લાભ લઈ લો. તમારા જેવી શંકા કરીને જો બધા માણસો બેસી રહે તો કોઈ કોઈની સેવા કરી શકે જ નહિ. માટે એ શંકા નકામી છે એ સમજી લો.

**[ ૨૪ ] દાન લેવાની પદ્ધતિ**

કેટલાક માણસો દાન આપવામાં કે સેવા કરવામાં સુખ સમજે છે. બીજા કેટલાક માણસો એવા પણ છે જે દાન લેવામાં ને સેવા કરાવવામાં આનંદ માને છે. એટલું જ નહિ, તેમાં ગૌરવ પણ અનુભવે છે. દાન લેવાનો કે સેવા કરાવવાનો અધિકાર તેમને વારસામાં મળ્યો હોય ને વંશપરંપરા યાવચ્ચંદ્રદિવાકરૌ ચાલવાનો હોય એવી રીતે તે વર્તે છે. માણસ મુશ્કેલીમાં મુકાય, દુઃખનો અનુભવ કરે ને અસહાય બની જાય એ સમજી શકાય તેવું છે. એવી દશામાં તેને મદદની જરૂર હોય, એ પણ સમજી શકાય તેવું છે પણ સેવાની કાયમી કામના રાખીને કોઈ જીવે તે જરા વિચિત્ર લાગે. પણ એવા માણસો આપણે ત્યાં ઘણા છે, જે સેવા કે દાન લઈને બદલામાં બીજાને કશું આપતા નથી. અમુક ઘર, કુટુંબ કે કુળમાં જન્મ્યા એટલે માગીને જ પેટ ભરાય અથવા બીજાના દાન ને બીજાની સેવા પર જ જીવાય એવી માન્યતા તેમના દિલમાં દૃઢ થઈ ગઈ છે. એ માન્યતા માણસનું મંગલ કરનારી નથી. તેને સ્વતંત્ર બનાવી પોતાના પગ પર ઊભો રાખનારી ને તેનો ઉદ્ધાર કરનારી નથી. તે માન્યતા ભૂષણ નહિ પણ દૂષણરૂપ છે. બીજાની સામે હાથ લંબાવવામાં, કંગાલિયત ને યાચનાની વૃત્તિ લઈને ઊભા રહેવામાં ને કાયમને માટે કોઈ પણ પ્રકારની લાયકાત વિના બીજા પર આધાર રાખી બીજાના દાનની આશાએ જીવવામાં સ્વમાની માણસને ગૌરવ નહિ પણ ગૌરવની હાનિ લાગશે, હીણપત દેખાશે.

ત્યાગી ને ઈશ્વરપરાયણ પુરૂષોની વાત જુદી છે. છતાં બીજા પાસેથી જે સેવા લે તેથી વધારે અમુલખ સેવાનો લાભ બીજાને આપવા માટે તેમણે તૈયાર રહેવાનું છે. બીજાની સેવા પર જીવવાનું પસંદ કરીને તે પ્રમાદી બની જાય, તો તે ભૂલે છે, ને અપરાધ કરે છે એ નક્કી છે. તે સિવાયના બીજા માણસોએ પણ દાન લેવાની પ્રથાને જીવનધર્મ બનાવી દેવાની જરૂર નથી. સમાજમાં દાન દેનારા ને સેવા કરનારા માણસો વધે તે ઈચ્છવા જેવું છે. પરંતુ દાન લેનારા ને સેવા કરાવનારા માણસોની સંખ્યા પણ જો વધ્યા કરે તો તે તંદુરસ્ત સમાજની નિશાની નથી. દાન ને સેવાનો લાભ લેનારા માણસો જે સમાજમાં ઓછા પ્રમાણમાં હોય તે સમાજ સુંદર ને ઉત્તમ કહેવાય.

મોટા શહેરોમાં, તીર્થોમાં, રેલમાં ને મંદિર જેવી બીજી જાહેર જગ્યાઓમાં દાન લેનારા માણસો મોટી સંખ્યામાં જોવા મળે છે. તેમાં પણ કોઈ પર્વનો પ્રસંગ આવે, ત્યારે તો તેમનો મેળો ભરાય છે. કેટલાક મનના કંગાલ લોકો પણ જોવા મળે છે. કોઈ દાન આપે અથવા તો કોઈ અન્ન–વસ્ત્ર જેવી વસ્તુ વહેંચવા બહાર પડે, એટલે તેવા લોકો તેની આસપાસ ઉમટી પડે છે, ને વસ્તુ લેવા માટે પડાપડી કરે છે. તે વખતે બહુ કઢંગુ દ્રશ્ય ઊભું થાય છે. એવા માણસો પણ છે જે દાન આપનારને દમદાટી આપે છે, ને બળજબરીથી દાન લે છે. કોઈ શાપ આપવા ને અમને આપવાથી તમારું ભલું થશે, તમે વૈકુંઠના વાસી થશો, તમારા બાલબચ્ચાં સુખી થસે, તમારી બધી કામના પૂરી થશે' એવા આશીર્વાદ આપવા, તો કોઈ 'અમને નહિ આપો તો નુકશાન થશે. પાપ લાગશે ને મોટો અધર્મ થશે' એવી ધમકી આપવા પણ તૈયાર થાય છે. દાન લેવાની એ પદ્ધતિ તામસી છે. તે પદ્ધતિનો અંત આવવો જોઈએ.

સાધુઓએ તો દાન, ભિક્ષા કે સેવા લેતી વખતે સારી પેઠે શાંતિ જાળવવી જોઈએ. પણ શાંતિપૂર્વક ભિક્ષા લેનારા સાધુ બહુ થોડા હોય છે. ભિક્ષા લેવાની ક્રિયા ઘણી પવિત્ર ને ગંભીર છે. પણ બધા કાંઈ એમ થોડું જ સમજે છે ? ત્યાં ધક્કામુક્કી પણ ચાલે છે ને કોઈવાર બોલાચાલી પણ થઈ જાય છે. ઉનાળામાં અમે બદરીનાથ જઈ આવ્યાં. ત્યાં મંદિર તરફથી ધર્માર્થે ખીચડી વહેંચાય છે. તે લેવા સાધુ ને બીજા લોકો ભેગા થાય છે. પણ ખીચડી વહેંચવાનું શરૂ થાય છે ત્યારે વધારે ભાગના લોકો પડાપડી કરે છે એ બધું જોઈને અમને ભારે ખેદ થયો. માણસો કંગાલ બનવાનું પસંદ કરે છે ને સ્વમાન ખોઈ બેસે છે એ ખરેખર ખેદજનક છે.

બધા માણસો કાંઈ એવા થોડા જ હોય છે ? હાથીની જેમ શાંતિ ને ગંભીરતા ને ગૌરવપૂર્વક ઊભા રહેનારા ને શિસ્તનું પાલન કરનારા માણસો પણ હોય છે. અલબત્ત, તેમની સંખ્યા ઓછી હોય છે. તે ઉપરાંત કોઈ પણ દશામાં હાથપગ હાલે ત્યાં સુધી, કોઈનું દાન ને કોઈની સેવા લેવામાં નહિ માનનારા માણસો પણ કોઈ કોઈવાર મળી આવે છે. તે સ્વમાની ને સ્વાવલંબી હોય છે. સંકટની વચ્ચેથી પણ માર્ગ કરીને આપમેળે આગળ વધવા માટે તે મહેનત કરે છે ને મહેનતનો રોટલો ખાવાની ઈચ્છા રાખે છે. લેવા કરતાં આપવામાં વધારે માને છે. સેવા કરાવવા કરતાં બીજાની સેવા કરવાનું તેમને વધારે પસંદ પડે છે. બીજાના મંગલ માટે પોતાની પ્રિયમાં પ્રિય વસ્તુનો ત્યાગ કરવામાં કે ભોગ આપવામાં પણ તેમને સંકોચ થતો નથી. પોતાનું જીવન બીજાની ભલાઈના કામમાં વપરાય તેવી તેમની ઈચ્છા હોય છે.

### [ ૨૫ ] દાન કે સેવા કરવાની પદ્ધતિ જાહેર કે ગુપ્ત

આપણે ત્યાં કહેવત છે કે તમારો જમણો હાથ જે આપે તે ડાબા હાથને જાણવા દો નહિ. મતલબ કે કોઈને દાન દો કે કોઈની સેવા કરો તો તે બને ત્યાં સુધી ગુપ્તતાથી કરો. વધારે ભાગના લોકોને કીર્તિદાન ગમતું હોય છે. તેમનું નામ દાનેશ્વરી તરીકે લોકોમાં પ્રસિદ્ધ થાય તેવી તેમની કામના હોય છે. જે માણસો તેમની નાડ જાણે છે, તે તેમના સ્વભાવનો સારી પેઠે લાભ ઊઠાવે છે.

કેટલાક માણસો એવા હોય છે કે તેમના દાન કે તેમની સેવાના કોઈ ગુણગાન કરે તો તેમને નથી ગમતું. કેટલીકવાર તે નનામું દાન કરે છે. જેને મદદની જરૂર છે તેને એવી રીતે મદદ કરે છે કે કોઈને

ખબર જ ન પડે. એ રીતે મદદ કરવામાં તેમને અજબ આનંદ આવે છે. તે કહે છે કે ધન બધું પ્રભુનું છે. સંપત્તિ તેની છે. આપણે તો તેના સાચવનારા, રખેવાળ માત્ર છીએ. રક્ષા કરવાની શક્તિ પણ પૂરી તો પ્રભુમાં જ છે. ધન કે સંપત્તિ પર પૂરો અધિકાર પ્રભુનો જ છે. તેનો સદુપયોગ કરવાની સદ્‌બુદ્ધિ પણ તે જ આપે છે. દાન ને સેવા માટેની પ્રેરણા તે જ કરે છે. તો પછી દાન ને સેવાનો યશ તેને જ ઘટે છે. તે જ દાન દેનાર ને સેવા કરનાર છે. તેનું છે ને તેને યોગ્ય લાગે તેમ તે આપે છે. તેને ઠેકાણે દાનેશ્વરી બની બેસવું ને સેવકનો ઈલ્કાબ ધારણ કરવા તલપાપડ થવું એ ઠીક નથી. બીજાની વસ્તુ આપવામાં આપણે હથિયારરૂપ થઈએ તેમાં આપણાં નામની જાહેરાત શી ?

દાન ને ખાસ કરીને ગુપ્તદાન એક મહાન યજ્ઞ છે, કહો કે સાધના છે. માણસોને શુદ્ધ કરીને પરમાત્માની પાસે પહોંચાડી દેવામાં મોટી મદદ કરે છે. જે પોતાનું ને બીજાનું ભલું ચાહે તે તેનો આધાર જરૂર લે. તેથી સંસારમાંથી ભૂખમરો, રોગ, ગરીબાઈ ને અસમાનતા દૂર થવામાં મોટી મદદ મળશે. કોઈની દયા ખાઈને નહિ પણ જીવમાત્ર પ્રત્યેના પવિત્ર પ્રેમથી પ્રેરાઈને માણસ દાન કે સેવાની ભાવનાનો આધાર લે તો સંસારનું ચિત્ર બદલાઈ જાય ને વધારે સુંદર થાય એમાં સંદેહ નહિ.

**[ ૨૬ ] ૐ તત્સત્ : પ્રભુનું મંગલ નામ**

ઉત્તમ ને શુભ કામ પ્રભુને અર્પણ કરતાં શીખવાની જરૂર છે. ગીતામાતા કહે છે કે ૐ તત્સત્ એ પ્રભુનું એક મંગલ નામ છે. તે નામના રટણ ને મનનમાં રસ લેતા શીખવું જોઈએ. ૐ તત્સત્‌ના ઘણા અર્થો છે. એક અર્થ એવો પણ છે કે પ્રભુ સત્યસ્વરૂપ છે ને હું તે પ્રભુસ્વરૂપ છું. પ્રભુ સત્યરૂપ છે માટે તેમને પ્રેમ કરતાં ને ભજતાં શીખવું જોઈએ. સત્યની ઉપાસના કરવી જોઈએ. એ વિચારમાંથી પ્રેરણા મેળવીને આપણે જીવનને પ્રભુમય કરવા કોશિશ કરવી જોઈએ. જીવનમાં ધર્મ ને નીતિનો પ્રકાશ પાથરી દેવો જોઈએ.

ૐ તત્સત્ માં એ રીતે માનવની મોટી આશા રહેલી છે. માનવ તેમાંથી પ્રેરણાનું પિયૂષ પી શકે છે. પ્રેરણાનું પાન કરીને મહાન, મુક્ત ને પૂર્ણ પુરૂષોત્તમ બની શકે છે. જીવનના ઉદ્ધારનું કામ ૐ તત્સત્‌ના વિચારથી સારી રીતે થઈ શકે છે. માટે જ પ્રત્યેક શુભ કાર્યમાં આદિ ને અંતકાળે તેનું સ્મરણ કરવામાં આવે છે.

પણ પ્રભુના નામ તો અનેક છે. તે બધાં જ સાચા ને શક્તિશાળી છે. તેમાંથી કોઈનો પણ આધાર લઈને માણસ તરી શકે છે, પૂર્ણતા મેળવે છે ને જીવનને ધન્ય કરે છે. પ્રભુના કોઈ પણ નામનો પ્રભાવ અજબ છે. વાલ્મિકીએ નામનો ઊલટો જપ કર્યો પણ છતાં પ્રભુદર્શન કર્યું. સિદ્ધિ માટે પંડિતાઈ નહિ પણ પવિત્રતા ને પ્રેમની જરૂર પડે છે ને તેથી સંપન્ન કોઈએ સાધક સંસારને સહેલાઈથી તરી શકે છે. પ્રભુના નામમાં પ્રેમ કરીને શ્રદ્ધા જગાવીને આપણે પણ તરી જઈએ ને કૃતાર્થ થઈએ એ આવશ્યક છે. આ ઉત્તમ અવસર મળ્યો છે તો તેને વ્યર્થ ગુમાવીએ નહિ. તેનો પૂરેપૂરો લાભ લઈને ધની ને ધન્ય થવામાં કાંઈ બાકી ના રાખીએ, જેથી પસ્તાવું ન પડે. બહુ મોડું થાય તે પહેલાં જ જાણી જઈએ ને કામે લાગીએ.

**[ ૨૭ ] શ્રદ્ધાની જરૂર**

પ્રભુના નામની શક્તિ અજબ છે પણ સાધકને તેમાં શ્રદ્ધા હોવી જોઈએ. પ્રભુના નામનું રટણ પ્રેમ ને વિશ્વાસપૂર્વક થયા કરવું જોઈએ. યજ્ઞ, તપ, દાન, સાધના કે કર્મની પાછળ શ્રદ્ધાનું બળ ના હોય તો તેનો આશ્રય લેનારને ભાગ્યે જ આનંદ મળી શકે. પોતાની જાતમાં, કર્મની પ્રામાણિકતા કે ઉત્તમતામાં ને પરમાત્મામાં શ્રદ્ધા હોવી જરૂરી છે. સાધારણ કામને પાર પાડવા માટે પણ શ્રદ્ધાની જરૂર પડે છે, તો પછી સાધનાના કામમાં ને જીવનમાં વિકાસનાં બીજાં કામમાં તો તેની જરૂર પડે જ એ સહેજે સમજી શકાય તેમ છે. કેટલાક સાધકોમાં શ્રદ્ધાનો અભાવ હોય છે. તેથી તેમના મનમાં તરેહ તરેહના તર્કો ને શંકાઓ ઉત્પન્ન થાય છે. તે તેમના વિકાસને રોકી દે છે. સાધારણ માણસો ને સાધકો સંસારમાં જે મોટા કામ કરી ગયા છે તેની પાછળ શ્રદ્ધાનું મહાન બળ રહેલું હતું. માટે સાધકે શ્રદ્ધાને કેળવતા રહેવું જોઈએ. સાધનાનું ધારેલું કામ પ્રભુની કૃપાથી જરૂર થઈ શકશે, ને પોતાના પર પ્રભુની કૃપા વરસી રહી છે, એવી શ્રદ્ધાથી તેણે આગળ ને આગળ વધવું જોઈએ. જે અચળ શ્રદ્ધાથી સજ્જ બનશે, તે જીવનના ઉત્તમોત્તમ વિકાસે પહોંચી જશે. માટે જ ગીતા કહે છે કે શ્રદ્ધાથી સજ્જ બનો. જે કરો તે પ્રેમથી કરો, અશ્રદ્ધાથી કરેલું કામ આનંદ આપી શકતું નથી ને જીવનને સફળતાના શિખરે પણ પણ પહોંચાડી શકતું નથી.

☼ ☼ ☼

# અધ્યાય અઢારમો : મોક્ષસંન્યાસયોગ


૧) મહેનત કરીને જીવનને ઉજ્જવલ કરો
૨) બેવડી યાત્રા : બદરીનાથ યાત્રાની યાદ
૩) કર્મ ને કર્મનો ત્યાગ
૪) યજ્ઞ, તપ ને દાન વિષે ભગવાનનું મંતવ્ય
૫) કર્મ કરવાની કળા
૬) ફળનો ત્યાગ : ફળની ઈચ્છા નહિ
૭) ફળની ઈચ્છાથી થતો લાભ
૮) કર્મફળનો ત્યાગ કરે એ જ ત્યાગ
૯) કર્મની સિદ્ધિ માટે પાંચ કારણો
૧૦) ખેતીની વાત
૧૧) સાધનાનો વિચાર
૧૨) કર્મયોગીને ઉપયોગી બીજી વાત
૧૩) જ્ઞાનની વાત
૧૪) સંતો કે ભક્તોનું ભણતર
૧૫) મહાપુરૂષોની જ્ઞાનમય પ્રવૃત્તિ
૧૬) કર્મનું રહસ્ય
૧૭) સાત્વિક સુખ–૧
૧૮) સાત્વિક સુખ–૨
૧૯) રાજસ સુખ
૨૦) તામસ સુખ
૨૧) ચાર વર્ણનાં કર્મ
૨૨) દોષમય કર્મ
૨૩) ભગવાનનો આદેશ
૨૪) ઈશ્વર સૌના રક્ષક
૨૫) ગુહ્યમાં ગુહ્ય વાત
૨૬) અધિકારની વાત
૨૭) ગીતાની અસર
૨૮) પ્રમાણ અને પૂર્ણાહુતિ

**[૧] મહેનત કરીને જીવનને ઉજ્જવલ કરો**

એક ખેડૂતે એક ઠેકાણે જમીન ખરીદી, જમીન તદ્દન ખરાબ દશામાં હતી. તેમાં ઠેકઠેકાણે ખાડા ને ટેકરા હતાં. વળી કાંટા પણ પથરાયલા હતા. વરસોથી માવજત વિના પડી રહેલી એટલે તેમાં રસકસ પણ દેખાતો ન હતો. છતાં ખેડૂતને જમીનની જરૂર હતી, જમીન વિના તેને ચાલે તેમ ન હતું, એટલે હિંમત કરીને જરા વધારે પૈસા આપીને પણ તે જમીન તેણે ખરીદી. લાગતા વળગતાં લોકો ને સંબંધીઓને ખબર પડી એટલે તેમાંના કેટલાક ખેડૂતને મીઠો ઠપકો દેવા આવ્યા. કોઈ કહેવા માંડ્યા કે 'ભાઈ, ભારે કરી. મોં માંગ્યા પૈસા ખરચીને એ જમીન કરતાં બીજી સારી જમીન લીધી હોત તો ?' બીજા કહેવા માંડ્યાં કે 'જમીનવાળાએ તને ઠગી લીધો છે. છેક કાઢી નાખવા જેવી જમીન તારા માથામાં મારી છે. વૈતરૂ કરીને મરી જઈશ તો પણ જમીનમાંથી કાંઈ નહિ મળે.' લોકોની વાત સાંભળીને ખેડૂતના ઘરના સભ્યોને પણ થવા માંડ્યું કે સોદો કરવામાં ભૂલ થઈ. પરંતુ ખેડૂતનું મન મજબૂત હતું. તેણે ઘરનાં માણસોને પ્રેરણા ને ઉત્સાહથી ભરી દીધાં. તેમણે કહ્યું કે ઈશ્વરે જે ધાર્યું તે થયું. હવે વીતી ગયેલી વાતનો વસવસો શો કરવો. ઈશ્વર બધું સારાને માટે જ કરે છે. મહેનત કરીશું તો રોટલો જરૂર મળશે. જમીન ભલેને ગમે તેવી હોય આપણે તેને સુધારીને ઉપજાઉ બનાવવા મહેનત કરીશું તો મહેનત જરૂર ફળશે.

પછી તો ખેડૂતના દિકરાને પણ હિંમત આવી. બાપનો વિચાર તેને ગમી ગયો. ઘરના બધાં માણસોએ તેમને સહકાર આપ્યો. ખાડા ને કાંટાથી ભરેલા ભરેલા ઉજ્જડ ખેતરને રાતદિવસની મહેનત પછી તેમણે સુંદર બનાવ્યું. તાપ કે ટાઢને જોયા વિના ઘરના બધાં જ માણસોએ પોતાનાથી થાય તેટલું કામ કર્યું. વખત પર જમીનનું ખેડાણ થયું. તેમાં બી પડ્યું ને વરસાદની મહેર થઈ, પછી તો બે વરસ લાગલગાટ એટલું બધું પાક્યું કે ખેડૂતનું અંતર આનંદથી ઊભરાઈ ગયું. તેની ગણતરી શાહુકારમાં થવા માંડી ને જે તેને ઠપકો આપવા આવેલા તે તેની ઉન્નતિ જોઈને આભા બની ગયા. ઉજ્જડ ખેતર હવે લીલુંછમ બની ગયું.

ખેડૂતની એ ઉન્નતિનું કારણ સમજાય છે ? લોકોની વાતો સાંભળીને તે નિરાશ થઈને બેસી રહ્યો હોત, તો તેનું કામ કેવી રીતે થઈ શકત ? નિરાશ થવાને બદલે આવી પડેલી પરિસ્થિતિનો સામનો કરીને તે આગળ વધ્યો તો છેવટે સુખી થયો, ને પોતાના સ્વપ્નને સાચું કરી શક્યો. તે પ્રમાણે તમે પણ નિરાશ ન થશો, હિંમત હારી ના જતાં. તમારી અંદરની ને બહારની પરિસ્થિતિ ગમે તેવી પ્રતિકૂળ હોય તો પણ મનને ડગાવી દેશો નહિ, શ્રદ્ધાથી રહિત બનશો નહિ. આ જીવન એક ઉત્તમ ખેતર છે. તેથી તેને ધર્મક્ષેત્ર કહેવામાં આવ્યું છે. તમે તેના ખેડૂત છો. એ વાત નક્કી થઈ ગઈ છે, ને ખેતર તમારે ફાળે આવી ગયું છે. માટે હવે તેની નકામી ચિંતા કરશો નહિ. પરિસ્થિતિની વિપરીતતા ને કઠિનતા જોઈને અર્જુનની પેઠે કંપી ઊઠશો નહિ. જીવનનું ક્ષેત્ર ખાડા, ટેકરા ને કાંટા કાંકરાથી ભરેલું છે. તેના રસકસ ઊડી ગયા છે. તેને જોઈને હિંમત હારી જઈને માથે હાથ મૂકીને બેસી ન જતાં. પેલા ખેડૂતની પેઠે પ્રેરણા ને શ્રદ્ધાથી સંપન્ન થાવ, ને બધી શક્તિ એકત્ર કરીને જીવનની ઉન્નતિના મહાન કામમાં લાગી જાવ. સાધનાની સિદ્ધિને પંથે પ્રવાસ કરનારાં બધા પ્રવાસીઓના પંથ પહેલેથી કાંઈ સાફ ન હતા. તેમાંના કેટલાકની આગળ તમારા કરતાં પણ વધારે મુશ્કેલી ને મૂંઝવણ હતી. લોકોએ પણ તેમના માર્ગમાં વિઘ્નો ઊભા કરી તેમને હેરાન કરીને તેમની કસોટી કરવામાં કસર રાખી ન હતી. છતાં તેનો વિચાર કરીને તે બેસી રહ્યા નહિ, નાસીપાસ થયા નહિ અને મનોબળને

મજબૂત કરતાં ને અનુકૂળ સાધનોનો ઉપયોગ કરતાં તે આગળ ને આગળ વધતા જ રહ્યા. તો છેવટે પરમપદ પામી શક્યા. તેમ તમે પણ આગળ વધો. વાતાવરણ ને વિઘ્નોથી ડર્યા વિના તેમને સાફ કરવા માટે કમર કસો ને પ્રયાસ કરો. માયકાંગલા વિચારોને છોડી દો ને ઉત્તમ વિચારોની મૂર્તિ બનો. ખેડૂતની જેમ દિનરાત પરિશ્રમ કરો તો જરૂર કૃતાર્થ થશો. જીવનના વિકાસની કલ્પનાની છબીને જીવનમાં ઉતારી શકશો.

જીવનના ખેતરમાં શ્રદ્ધાનું ખાતર નાખો, વિવેકથી તેનું ખેડાણ કરો, ને પછી તેમાં પ્રભુના નામનું બી વાવો. પ્રભુના પ્રેમનો વરસાદ ને સત્સંગરૂપી સૂર્યનો પ્રકાશ તેના પર પડવા દો. પછી તેમાંથી જ્ઞાનભક્તિના અંકુર ઊઠશે. તે તમારા જીવનને સફળ ને શાંતિમય કરશે. જો ઈચ્છા કરશો તો અનેક નહિ પણ એક જ જન્મમાં તમે આ મહાન કામમાં સફળ થઈ શકશો. સત્સંગની વાતો સાંભળવામાં, ઉતારવામાં પણ હવે આનંદ લેવા માંડો તો કામ સહેલું થઈ જશે.

બહારની દુનિયા કેવી છે તેની બહુ ચિંતા કરો નહિ. તેવી ચિંતાથી કંઈ નહિ વળે. કોઈ ખાસ ઉપયોગી હેતુ પણ નહિ સરે. બહારની દુનિયા ગમે તેવી હોય, તમારે કેવી દુનિયા જોઈએ છે તે નક્કી કરી દો. બહારની દુનિયા તો પોતાનું કામ કર્યે જ જવાની. તેને પલટાવવાનું કામ મુશ્કેલ છે, તમારી શક્તિ બહારનું છે. તેની પ્રતિકૂળતાથી ડરો નહિ. તે છેક અનુકૂળ બની જાય ત્યાં સુધી રાહ જોઈને નિરર્થક બેસી રહેવાનું પસંદ કરો નહિ. એવી રાહ જોતાં તો આખી જિંદગી ચાલી જશે, છતાં પણ બહારની દુનિયા ને બહારનું વાતાવરણ એવું જ રહેશે એટલે તેની ચિંતા નકામી છે. તેના કરતાં તમારી અંદરની દુનિયાની ચિંતા કરવા માંડો. અંદરની દુનિયાનું ઘડતર કરવા ઈજનેરની જેમ કામે લાગી જાવ. બહારની દુનિયાનો સહકાર મળે કે ન મળે, અંદરની દુનિયાની રચનાનો નિશ્ચય કરો, બ્રહ્મા બનીને તે નિશ્ચયને પાર પાડવાનો પ્રયાસ કરો. આજ સુધી અનેક માણસોએ એમ કર્યું છે, તેમાં સફળતા મેળવી છે, તેમ તમે પણ છેવટે સફળ થશો. પછી બહારની દુનિયા કેવી છે તેની ચિંતા કરવાની જરૂર નહિ રહે. બહારનું વાતાવરણ ગમે તેવું પ્રતિકૂળ હશે તો પણ તમારૂ કામ અટકશે નહિ. માટે હિંમત ને ઉત્સાહ ધારણ કરો, મનોબળને મજબૂત બનાવો ને ગમે તે હિસાબે તથા વહેલામાં વહેલી તકે જીવનનું ધ્યેય સિદ્ધ કરવા પ્રયાસ કરો. નિરાશાજનક ભાવો ને વિચારોને તો પાસે પણ ફરકવા ના દો. તે ચોરનું કામ કરે છે. તમને બેહાલ ને કંગાળ કરીને દયાજનક દશામાં છોડી દે છે. જે દિવસ જાય છે તે જીવનમાંથી ઓછા થતા જાય છે. આ ભાડૂતી ઘરને ખાલી કરીને કૂચ કરી જવાનો વખત પ્રત્યેક પળે વધારે ને વધારે પાસે આવતો જાય છે. આ સુંદર સૃષ્ટિમાં શ્વાસ લેવાનો સમય આપણે માટે પ્રત્યેક દિવસે ઓછો થતો જાય છે માટે આળસ ને ચિંતામાં બેસી રહેવું નકામું છે. શંકામાં સપડાઈને કોઈ પણ જાતના પુરૂષાર્થ વિના વખત વેડફી નાખવાનું નકામું છે. બહુ મોડું થાય તે પહેલા જાગો, ચેતો ને કામ કરવા મંડી પડો. મહેનત કરશો તો કઠિન કામને પણ સહેલું કરી શકશો.

### [ ૨ ] બેવડી યાત્રા : બદરીનાથની યાત્રાની યાદ

ગીતાના સંગીતનો સ્વાદ લેતાં લેતાં આપણે આટલે સુધી આવી પહોંચ્યા. ગીતાના સનાતન સંગીતના મુખ્ય અઢાર સૂર છે. તેમાંથી છેલ્લા સૂરનો સ્વાદ લેવાનું આપણે શરૂ કર્યુ છે. અઢારમો અધ્યાય એ ભગવાને છોડેલા સનાતન સંગીતનો છેલ્લો સૂર છે. ઈશ્વરની કૃપાથી આપણે આટલે સુધી આવી પહોંચ્યા.

યાત્રી શ્રદ્ધાળુ હોય તો તે કઠિન, લાંબી યાત્રા કરીને છેવટે યાત્રાના છેલ્લા મુકામને છોડીને આગળ વધે છે, ત્યારે તેના અંતરમાં જેવો આનંદ હોય તેવો આનંદ અંતરમાં ઊભરાઈ રહ્યો છે. કોઈ શૂરવીર સંગ્રામમાં સફળતા મેળવતાં મેળવતાં વિજયનું છેલ્લું નિશાન તાકે, તેવી આપણી દશા છે. અથવા તો વરસોથી દેવું લઈને ફરનારો માણસ દશા સુધરતાં દેવું વાળવા માટે તૈયાર થાય, તેના મનમાં દેવાની છેલ્લી રકમ ભરપાઈ કરતી વખતે જેવી પ્રસન્નતા ને સંતોષની લાગણી થાય, તેવી લાગણી આજે મારા મનમાં થઈ રહી છે. કોઈનો સોંપેલો માલ તેને પાછો સોંપી દઈને માણસ શાંતિનો શ્વાસ લે છે. મોટી જવાબદારી માથા પરથી ઉતરી ગઈ એવો આનંદ અનુભવે છે. તે પ્રમાણે મારા મનમાં પણ આજે આનંદ થઈ રહ્યો છે. જે ઈશ્વરનું છે તે ઈશ્વરને સોંપતા આનંદ કેમ ન થાય ? ઈશ્વરની પ્રેરણાથી આ ભારે કામ શરૂ થયું છે. તેની પ્રેરણાથી જ ગજું નહિ હોવા છતાં પણ, ગીતાના સંગીતનો સ્વાદ લેવાનું આ ભગીરથ કામ શરૂ થયું છે ને તેની શક્તિથી જ તે આટલે સુધી આવી પહોંચ્યું છે. એથી પ્રસન્નતા ને સંતોષ શા માટે ન થાય ? ગીતાના આ સનાતન સંગીતનો સ્વાદ લેનાર પણ પ્રસન્નતા ને સંતોષ અનુભવશે, જરૂર અનુભવશે એની મને ખાત્રી છે.

બદરીનાથની યાત્રા કેટલી લાંબી ને કઠિન છે ! હાલ તો ઠેઠ સુધી મોટરો દોડવા માંડી છે એટલે ઘણી સરળતા થઈ છે. બાકી અગાઉ એવું ન હતું. છતાં હિમાલયના આકર્ષણથી યાત્રીઓ દૂરદૂરથી ચાલી નીકળતા. ઘરડી ડોશીઓ ને અશક્ત માણસો પણ લાકડીને ટેકે મોટા મોટા પર્વતોને પાર કરતાં આગળ વધતાં. 'બદરી વિશાલકી જય' ને 'ગંગામૈયા કી જય'ના પોકાર કરતા યાત્રીઓ આગળ વધતા ત્યારે વાતાવરણ ઘણું ભવ્ય ને ભાવના ભરેલું લાગતું. મુશ્કેલીઓની સામે સ્મિત કરતાં કરતાં માણસો આગળ વધતાં. તેમના દિલમાં શ્રદ્ધા હતી. તેથી પ્રેરાઈને તે આગળ ને આગળ ચાલ્યાં જતાં. આજે પણ એવું જ છે. ચાલવાનું થોડું છે, તો પણ પ્રવાસીઓમાંના કેટલાક થાકે છે. પણ હનુમાનચટ્ટી સુધી પહોંચે છે એટલે તેમનામાં નવો પ્રાણ આવે છે. હનુમાનચટ્ટીથી બદરીનાથ ફક્ત પાંચ માઈલ રહી જાય છે. જે માઈલના માઈલ ચાલીને આવ્યા છે તેમને માટે પાંચ માઈલ શું હિસાબમાં ? ખૂબ ઉત્સાહથી તે આગળ વધે છે. પણ પાંચ માઈલ ભારે કપરા છે. વચ્ચે ચઢાણ આવે છે તે જોઈને યાત્રીનો ઉત્સાહ ઠંડો પડી જાય છે. છેવટ સુધી હસતાં હસતાં આવેલા લોકો પણ ગંભીર બની જાય છે. રોકાતા ને શ્વાસ ખાતા ચાલે છે ને રસ્તાની વિકટતાની વાતો એકદમ ઓસરી જાય છે, છતાં પણ આશા અડગ રહે છે. કારણ કે પ્રત્યેક પગલે યાત્રા ઓછી થતી જાય છે, ને પ્રવાસની પૂર્ણતા પાસે પહોંચતી જાય છે. એટલીવારમાં તો થાકેલા યાત્રી પર્વતની લગભગ ટોચ પર આવી પહોંચે છે. ત્યાં ચાની દુકાન છે. તેનો લાભ લે છે. તાજાં સૂર્યનાં કિરણ પણ અહીં પહેલવહેલા જ મળી જાય છે એટલે આરામ કરવાનું ગમે છે. શરીરમાં ઉષ્મા આવે છે, થાક ઓસરી જાય છે ને વધારામાં આનંદ આનંદ થઈ જાય છે.

બદરીનાથ હવે લગભગ સવા માઈલ રહી જાય છે. એટલું અંતર તો સહેલાઈથી કાપી શકાશે એમ લાગવાથી માણસોને જરા વધારે વાર વિશ્રામ લેવાનું મન થાય છે. સ્થળ પણ સુંદર છે. ઊંચા ઊંચા પર્વત પર બરફ છવાયેલો રહે છે ને સૂર્યના સોનેરી કિરણોના સ્પર્શે ચમકે છે. જ્ઞાનથી માણસની મુક્તિ થાય છે, તેમ સૂર્યના પ્રકાશથી તેની પણ કોઈ કોઈ ઠેકાણે મુક્તિ થતી દેખાય છે. તેમાંથી પાણીના પ્રવાહ નીકળે છે. તેથી પર્વતની શોભા કેટલી વધી જાય છે ! પર્વતોનું સૌન્દર્ય એવું અનુપમ છે કે વાત નહિ. આંખ તેનો

આનંદ અનુભવે છે પણ તેને વાણી નથી એટલે કેવી રીતે કહી બતાવે છે. યાત્રીના મુખ પર જે આનંદ દેખાય છે તેને જોઈને તેમના અંતરમાંના આનંદનું અનુમાન સહેજે કરી શકાય છે. નીચે ગંગા છે. તેના પર પણ કોઈ કોઈ સ્થળે બરફના થર જામી ગયા હોય છે. તેની શોભા પણ એવી અનેરી છે કે જોયા કરે પણ મન ધરાય નહિ. તે બધું જોઈને છેવટે યાત્રી આગળ વધે છે. થોડેક દૂર જાય છે એટલે એકદમ ઊંચાઈ પર આવી પહોંચે છે. પવનના સુસવાટા ચાલે છે પણ હવે તેને શાંતિ થાય છે. થાય છે કે પોતાની મહેનત ફળી. જે મહાન ને પવિત્ર ઉદ્દેશથી આ પુરાણપ્રસિદ્ધ ને સંતસેવિત ભૂમિમાં પ્રસ્થાન કર્યું તે ઉદ્દેશ સફળ થયો એટલે આનંદ !

પર્વતની ટોચ પરથી એકાદ માઈલ દૂર સામે જ બદરીનાથ દેખાય છે. મંદિર, ગામ, ગંગા ને ગંગા પરના પુલનું દર્શન થાય છે. નરનારાયણ પર્વત પણ જોઈ શકાય છે. અંતર ઉછળી પડે છે. થોડીકવાર ત્યાં ઊભા રહીને બદરીનાથની ભૂમિને નમસ્કાર કરવાનું મન થાય છે. સાથે સાથે કપાઈ ગયેલા પંથ તરફ પણ દૃષ્ટિ પડે છે. કેટકેટલા પર્વતને પસાર કરીને, વનને વટાવી છેવટે આ અલૌકિક સ્થાનમાં આવી પહોંચ્યા તેનો વિચાર આવતાં હૃદય ગદ્‌ગદ્‌ થઈ જાય છે. જેની ઈચ્છા વિના પાંદડું પણ હાલતું નથી, જેની કૃપાથી પંગુ પણ પર્વતને પાર કરવાની શક્તિ મેળવે છે, તે પ્રભુની કૃપાની કલ્પના કરીને ધન્યતાનો અનુભવ કરે છે. પર્વતની ટોચ પરથી આગળ જતાં હવે ઉતરાણ આવે છે. જે કસોટી થવાની હતી તે થઈ ચૂકી. પડવાનું કષ્ટ પણ પડી ચૂક્યું. હવે રસ્તો સાફ ને સીધો છે. મેદાની પ્રદેશમાંથી પગદંડીને રસ્તે પસાર થતાં થતાં માણસો પ્રસન્નતાનો અનુભવ કરતાં આગળ વધે છે. તેમનું મન કેટલું શાંતિમય હશે તેની કલ્પના કરી લેજો.

મારી કલ્પના બદરીનાથના એ પ્રદેશમાં પહોંચી ગઈ તેનું કારણ તમે સહેજે સમજી શકશો. એક તો આ વરસે મેં બદરીનાથની યાત્રા કરી છે. તેથી તેનાં સંસ્મરણો તાજા છે, ને બીજું કારણ એ કે બદરીનાથની યાત્રા પૂર્ણ કરીને તેનાથી લેશ પણ ઉતરતી નહિ તેવી, બલ્કે તેથી પણ અનેરી, ગીતામાતાની આ બીજી યાત્રા પૂર્ણ કરવાની પળે પણ હું પહોંચી ગયો છું. વરસો પહેલાં બદરીનાથની પહેલી યાત્રા કરી, ત્યારે ઈચ્છા થયેલી કે જો અનુકૂળતા મળે તો બદરીનાથની ઉત્તમ ભૂમિમાં બેસીને ગીતાનું ચિંતન કરું ને તેને શબ્દના શરીરે રજૂ કરું. પરંતુ તે ઈચ્છા પાર પડી નહિ, કેમકે ઈશ્વરની ઈચ્છા જુદી હતી. છતાં બદરીનાથની ભૂમિમાં બેસીને ગીતાના સનાતન સંગીતનું થોડુંક શ્રવણ કરવાની ને તે સંગીતના સ્વરકાર થવાની સાધારણ તક મળી એ વાત પણ ઓછી મહત્વની નથી. એક વરસમાં આમ બે મોટી યાત્રા કરવાની તક મળી તે આનંદની વાત છે. ગીતાના સંગીતના છેલ્લા સૂરનો સ્વાદ લેવાનું શરૂ કરતી વખતે બદરીનાથના યાત્રીની પેઠે મારું મન પણ પ્રસન્ન થાય છે, ને જે જે લાંબો રસ્તો કપાયો છે, અત્યાર સુધી જે સ્વાદ લૂંટાયો છે, તે ઈશ્વરની કૃપા વિના લૂંટાત કે કપાત નહિ એમ ખાત્રી થતાં ઈશ્વરનો વારંવાર આભાર માનવાનું મન થાય છે. હવે તો યાત્રા થોડીક બાકી રહે છે એમ જાણીને અંતર આનંદનો અનુભવ કરે છે.

### [ 3 ] કર્મ ને કર્મનો ત્યાગ

અઢારમો અધ્યાય તો ગીતાનો સાર છે. ભગવાને તેમાં ગીતાની અમૂલ્ય ઔષધિનો અર્ક ભરી દીધો છે. ગીતા વેદ, ઉપનિષદ્ ને માનવના વિકાસના અંતિમ આદર્શનું પ્રતિનિધિત્વ રજૂ કરે છે. ગીતાનું

પ્રતિનિધિત્વ અઢારમો અધ્યાય કરે છે. એમાં ગીતાનો નીચોડ છે. એને ગીતાના મંગલ મંદિરનો સુવર્ણ કળશ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. ગીતાના ઉપસંહાર જેવા આ અધ્યાયમાં ગીતાના મહત્વના મુદ્દાઓનો ફરી વાર વિચાર કરવામાં આવ્યો છે.

ગીતાના આજ સુધી ચર્ચાઈ ચૂકેલા મહત્વના મુદ્દાઓમાં એક મુદ્દો કર્મ અથવા કર્મના ત્યાગ ને સંન્યાસનો છે. કર્મનો વિષય એટલો બધો ગહન છે કે ભલભલા પંડિતો પણ તેનો પાર પામી શકતા નથી. ગીતાની પોતાની જ ભાષામાં કહીએ તો જ્ઞાનીઓ પણ તેથી મોહિત થયા છે, ને તેનું રહસ્ય શોધવામાં નિષ્ફળ નીવડ્યા છે. સાધારણ માણસનું તો પછી કહેવું જ શું ? કર્મ ને કર્મના ત્યાગના ઊંડા રહસ્યોનું પાર પામવાનું તેને માટે તો કેટલું બધું કપરૂં હોય ? છતાં પણ કર્મના રહસ્યોનો ખ્યાલ તેને પણ આવી શકે, ને જ્ઞાની પુરૂષો તેના વિશે વધારે પ્રકાશ પામી શકે, તે માટે ભગવાને કર્મયોગનો એક અલગ અધ્યાય ઊભો કર્યો છે, ને તે ઉપરાંત, ગીતામાં વારંવાર કર્મયોગના મહત્વના સિદ્ધાંતનો ઉલ્લેખ કર્યો છે, આ અધ્યાયની શરૂઆત પણ કર્મના વિચારથી થઈ રહી છે.

અધ્યાયના આરંભમાં અર્જુન કહે છે કે, 'પ્રભુ, સંન્યાસ ને ત્યાગનું રહસ્ય જાણવાની મારી ઈચ્છા છે તો તે વિશે મને કંઈક કહી બતાવો.' અર્જુનની જિજ્ઞાસાના જવાબમાં ભગવાન પોતાનો અમૂલ્ય જ્ઞાનભંડાર ખુલ્લો કરી દે છે. જ્ઞાનની ગંગાનો પવિત્ર પ્રવાહ વહેતો મૂકે છે. તે પ્રવાહ કેટલો લાંબો છે ! પોતાના વિચારને વ્યક્ત કરવાનું કોઈ નિમિત્ત શોધી રહ્યા હોય, ને અર્જુનની જિજ્ઞાસાનું નિમિત્ત મળતાં ખૂબ આનંદમાં આવી ગયા હોય, તેમ તે આગળ બોલતા જ જાય છે. તેમની ગાડી એકેય સ્ટેશન કર્યા વિના આગળ ને આગળ દોડતી જાય છે. બીજા શ્લોકથી ઉપડીને ૭૨ શ્લોક સુધી તે કોઈ સ્ટેશન જ કરતી નથી. પણ હરકત નહિ. ગાડીમાં પ્રવાસ કરતાં કંટાળો આવતો નથી. જ્ઞાનના પવિત્ર ગંગાપ્રવાહમાં આપણે આગળ ને આગળ વધ્યે જઈએ છીએ, પણ તેથી થાક લાગતો નથી, આનંદ આવે છે. કેમ કે જ્ઞાનનો એ પ્રવાહ કૃત્રિમ નથી, કુદરતી છે. અંતરને આરામ આપનારો ને શાંતિનું દાન દેનારો છે. નવી સ્કુર્તિ, નવી પ્રેરણા ને નવા પ્રકાશથી ભરી આપણે આગળ ને આગળ તણાતા જઈએ છીએ ! તેમાંથી બહાર નીકળવાનું મન થતું નથી. એવો તે રસાળ છે. ચાલો એનો થોડો ઘણો લાભ લઈએ.

અર્જુનની જિજ્ઞાસાનો જવાબ આપતાં ભગવાન ત્યાગ ને સંન્યાસની ચર્ચા કરે છે. તે ચર્ચા કર્મની સાથે સંકળાયેલી હોવાથી કર્મની વિચારણા પણ રજૂ કરે છે. ભગવાન કહે છે કે કામ્ય કર્મોના ત્યાગને કેટલાક પંડિતો સંન્યાસ કહે છે ને બીજા કેટલાક પુરૂષો બધા કર્મોના ફળના ત્યાગને ત્યાગના નામથી ઓળખે છે. પહેલા પ્રકારના લોકો કહે છે કે બધાં કર્મો દોષથી ભરેલાં છે. તે માણસને બાંધે છે, ને રાગદ્વેષ તથા સુખદુઃખના દ્વંદ્વોમાં નાખી દે છે. જે કર્મ કરવામાં આવે છે તેનું ફળ માણસે જરૂર ભોગવવું પડે છે. કેટલીકવાર તો તે ફળ લાંબે વખતે કે જન્માંતરમાં પણ મળે છે. એટલે કર્મના ફળને ભોગવવા તેણે જન્મમરણના સતત ચક્રમાં ફરવું પડે છે. જો તે કર્મ કરે જ નહિ તો ફળને ભોગવવાનો ને તે માટે જન્મમરણના ચક્રમાં ફર્યા કરવાનો પ્રશ્ન પણ રહે નહિ. માટે કર્મ કરવા જ નહિ એ સૌથી વધારે ઉત્તમ ને ડહાપણ ભર્યું છે. એવા લોકો કર્મનો ત્યાગ કરીને એકાંતમાં બેસી જાય છે. શરીર પડે ત્યાં સુધી કોઈ પ્રકારની પ્રવૃત્તિ કરતાં નથી, ને સંસારના સારા ને નરસાં બંને જાતના વ્યવહારથી દૂર રહે છે.

બીજી જાતના માણસો કહે છે કે કર્મનો કાયમનો ત્યાગ શરીરધારી માટે શક્ય છે જ નહિ. જેણે શરીર ધારીને શરીરમાં રહેવાનું પસંદ કર્યું છે, તે પસંદ કરે ન કરે, કર્મ કર્યા વિના તેને ચાલે તેમ જ નથી. શરીરમાં રહીને જીવવું, શ્વાસ લેવો ને શરીરનું પોષણ કરવું એ પણ એક જાતનું કર્મ જ છે. કર્મ માણસનો સ્વભાવ છે. એવી એક પણ અવસ્થા નથી જેમાં તે કર્મથી રહિત બની શકે. જીવનમાં કર્મ સતત રીતે ચાલી રહ્યું છે. જ્યારે વસ્તુસ્થિતિ એવી છે ત્યારે કર્મનો તિરસ્કાર કરવાનું કામ ઠીક નથી. કર્મો દોષથી ભરેલાં છે એ સાચું છે. પણ માણસ જો કર્મ કરવાની કળા શીખી લે તો નિર્દોષ કે પવિત્ર કર્મ કરીને કર્મના બંધન ને જન્મમરણમાંથી છૂટી શકે છે. ઉત્તમ કર્મો કરીને, પરમાત્માનો સાક્ષાત્કાર કરીને, શાંતિ ને મુક્તિ પણ મેળવી શકે છે. જો કર્મની સાથે છૂટાછેડા લઈને તે કાયમને માટે દૂર વન કે પર્વતના પ્રદેશમાં જઈને બેસી જશે, તો તેનો ઉદ્ધાર કેવી રીતે થઈ શકશે ? આજે તે જે દશામાં જીવી રહ્યો છે, તેનાથી આગળ વધી તે પૂર્ણતા ને આનંદ કેવી રીતે મેળવી શકશે ? એટલે કર્મનો ત્યાગ તેના પોતાના હિતને માટે બરાબર નથી.

બૂરા કર્મનો ત્યાગ તેણે જરૂર કરવો જોઈએ. કેમકે તે તેનું ને કોઈનું અમંગલ કરે તેમ છે. પરંતુ ઉત્તમ કર્મોનો ત્યાગ કરીને તો તે પોતાને માટે આફત નોતરશે, મુસીબત વ્હોરી લેશે. માટે પોતાની ઉન્નતિ કરનારા યજ્ઞ, દાન, તપ ને એવાં બીજાં કર્મો તેણે કરવાં જ જોઈએ. તે કર્મો કરવાની કળામાં તેણે પ્રવીણ થવું જોઈએ. જો કર્મની કળામાં તે કુશળતા મેળવી લે, તો કર્મ કરવા છતાં પણ કર્મના બંધનથી તે મુક્ત રહી શકે. એવાં ઉત્તમ કર્મો કર્તાની ઉન્નતિ તો કરે જ, પણ જે સમાજમાં તે રહેતો હોય તે સમાજની ને સમગ્ર સંસારની ઉન્નતિમાં પણ મદદ કરે. સૌને માટે તે મંગલ ને આશીર્વાદરૂપ બને. સમાજ ને સંસારના હિત માટે પણ માણસ નિષ્ક્રિય બનીને બેસી ન રહે, પરંતુ શ્વાસ હોય ત્યાં સુધી ઉત્તમ કર્મો કર્યા કરે તે જરૂરી છે. સમાજ એકમેકના સહકારથી ચાલે છે. તેની ઉન્નતિ માટે સૌની સેવાની જરૂર છે. માણસ પોતે આ સંસારમાં અમુક ચોક્કસ સમાજમાં જન્મે છે. તે પછી માતા-પિતા, કુટુંબ, ગુરૂ, સમાજ ને દેશની મદદ મેળવે છે. બીજાની મદદ મેળવીને તો તે મોટો થાય છે. યુવાની પહેલાંનો બધો સમય ને કેટલીકવાર તો યુવાનીનો અમુક સમય તે બીજા પર આધાર રાખીને ને બીજાની મદદ મેળવીને જ પસાર કરે છે. તેવી રીતે બીજાને મદદરૂપ થવા ને બીજાની સેવા કરવા તે બંધાયેલો છે. બીજા પણ મદદની આશાથી તેના તરફ મીટ માંડી રહ્યાં છે. તેમને મદદ કરવાની તેમની ફરજ છે. અશક્ત ને અપંગ અથવા અવસ્થાવાન બનતા બીજા તેની સારવાર કરે છે ને સંભાળ રાખે છે. તે પ્રમાણે તેણે પણ બીજા અશક્ત, અપંગ ને અવસ્થાવાનની સેવા કરવા તૈયાર રહેવું જોઈએ. એ તેનો સહજ ધર્મ છે. એની અવગણના કરવાથી તેનું ને બીજાનું હિત કેવી રીતે સાધી શકાશે ? એટલે જે કર્મો ઉત્તમ છે, મંગલ છે, તેની ને બીજાની ઉન્નતિ માટે ઉપયોગી છે, તે કર્મો તો તેણે કરવાં જ જોઈએ. તેમનો ત્યાગ કોઈ પણ સંજોગોમાં ને કોઈ પણ કારણથી આવકારદાયક નથી. તેવા ત્યાગનો અમે વિરોધ કરીએ છીએ.

ગીતાનો જન્મ થયો તે વખતે ઉત્તમ કર્મોમાં માનનારા ને બધા કર્મોના ત્યાગમાં માનનારા આ બંને જાતના માણસો સારા પ્રમાણમાં હશે. તે વખતની પરિસ્થિતિનો પડઘો ગીતામાં સારી પેઠે પડ્યો છે. પરંતુ ગીતાના જન્મ વખતે પ્રચલિત હોવા છતાં એમના વિચારો કેવલ ગીતાના જમાના પૂરતા જ મર્યાદિત છે એમ નથી. એ વિચારો સનાતન સંસારના, બધા દેશોમાં ને બધી પ્રજામાં, જ્યાં જ્યાં માનવ શ્વાસ લે છે, ત્યાં

ત્યાં બધે જ એ વિચારો વ્યાપક છે. કર્મ ને કર્મના ત્યાગના પ્રશ્નો બધે ઠેકાણે ઊભા થાય છે. બધા જમાના માટે તે સાચા છે. માટે તે આજે પણ એટલા જ મહત્વના છે. ગીતાની વિશેષતાનો વિચાર કરવામાં એ વિચારો બહુ મદદરૂપ થઈ શકે તેમ છે. કૌરવ ને પાંડવના યુદ્ધની તૈયારીની એક સાધારણ ભૂમિકાથી શરૂ કરીને તેમાં એવા અસાધારણ પ્રશ્નો ને વિચારોનો સમાવેશ કરવામાં આવ્યો છે જે પ્રશ્નો સ્વાભાવિક છે, માનવના પોતાના ને સનાતન છે.

કૌરવ ને પાંડવનું યુદ્ધ પુરૂં થયું તેને વર્ષો વીતી ગયાં. તે એક દૂરના ભૂતકાળની ઘટના બની ગઈ. પરંતુ તેના પરથી તૈયાર થયેલું ગીતાનું કલેવર આજે પણ ટકી રહ્યું છે. ગીતાનું ગૌરવ આજે પણ એવું જ અજોડ બનીને ઊભું રહ્યું છે. તેના પરથી રચાયેલો ગીતાનો ઈતિહાસ આજે પણ આપણને આનંદ આપે છે. તેની અમરતાનું કારણ શું ? એક મોટું કારણ એ જ કે તેમાં માનવના સનાતન પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અર્જુન ને કૌરવ-પાંડવનાં યુદ્ધને નિમિત્ત બનાવીને તેમાં જીવનનાં અનેક જરૂરી ને જટિલ કોયડાઓનો બહુ સરલ, ઉત્તમ ને પ્રેરણાત્મક રીતે ઉકેલ આપવામાં આવ્યો છે. માટે જ તે આજે જીવંત છે ને જ્યાં સુધી માનવ ને માનવની બુદ્ધિ પૃથ્વી પર રહેશે ત્યાં સુધી તે જીવંત જ રહેશે. વૃદ્ધાવસ્થા કે વ્યાધિ તેને સ્પર્શી પણ શકશે નહિ.

**[ ૪ ] યજ્ઞ, તપ ને દાન વિષે ભગવાનનું મંતવ્ય**

કર્મ ને કર્મના ત્યાગ વિશે બે મુખ્ય વિચારધારાનો પરિચય આપીને છેવટે ભગવાન પોતાનું મંતવ્ય રજૂ કરે છે. તે કહે છે કે જીવનને પવિત્ર, પ્રભુપરાયણ ને પૂર્ણ કરનારાં યજ્ઞ, દાન, તપ ને સાધનાનાં બીજાં કર્મો માણસે કરતાં રહેવાની જરૂર છે. તેમનો ત્યાગ ઠીક નથી. માણસ વ્યવહારમાં હોય કે વ્યવહારની બહાર, ઘરમાં હોય કે વનમાં, ત્યાગી હોય કે ભોગી, ને ગમે તેવા વાતાવરણમાં વસતો હોય તો પણ જીવનની ઉન્નતિના કર્મો તેણે કરવાં જ જોઈએ. માણસ ઘર, કુટુંબ ને સમાજનો ત્યાગ કરે, તથા સંન્યાસી થઈને એકાંતમાં વાસ કરે તો પણ તેણે પ્રમાદી બનવું ન જોઈએ. કર્મનો સદંતર ત્યાગ કરીને નિષ્ક્રિય બનવાનું પસંદ કરવું જોઈએ નહિ. કોઈ કારણથી ત્યાગ તો કર્યો, સંન્યાસનો આશ્રય તો લીધો, પણ તેને ઉજ્જવલ કરવા તેણે કમર કસવી જોઈએ. બહારનો ત્યાગ કરીને બેસી રહેવાથી કાંઈ નહિ વળે. ત્યાગ કે સંન્યાસ કાંઈ આદર્શ નથી. તે સાધ્ય નથી પણ સાધન છે. તેનાથી સાધવાની વસ્તુ તો જુદી જ છે. તેને સંયમ કહો, પૂર્ણતા, મુક્તિ કે પરમાત્માની પ્રાપ્તિ કહો, કે કોઈ બીજું નામ આપો, પણ તેની પ્રાપ્તિ કરવાની છે. ત્યાગ કે સંન્યાસ તેની પ્રાપ્તિની અનુકૂળતા માટે છે. પોતાની બધી શક્તિ ને બધો સમય તે આદર્શને સિદ્ધ કરવામાં વાપરી શકાય તેને માટે છે.

એટલે ત્યાગી થઈને પણ માણસે કર્મ તો કરવાનું જ છે. કર્મ કરીને તેણે વિકાસ કરવાનો છે. પોતાની જાતનું ઘડતર મૂકી દેવાથી જ્યાં ઊભો છે ત્યાંથી તે કેવી રીતે આગળ જઈ શકે ? માટે બીજા પદાર્થોનો ત્યાગ કરવામાં આવે તો ભલે, પણ કર્મનો ત્યાગ કરવાની જરૂર નથી. બીજી વસ્તુનો ન્યાસ તેને મદદ કરશે પણ તેથી આગળ વધીને કોઈ ભ્રમણા, રૂઢિ કે પૂર્વગ્રહને વશ થઈને જો તે કર્મનો પણ સંન્યાસ લેશે, ને તેમાં ગૌરવ ગણશે, તો તેને માટે તે ઘાતક થશે. પોતાને હાથે તે પોતાને નુકશાન કરશે એ સમજી

લેવાની જરૂર છે. સંન્યાસી દુર્ગુણનો ત્યાગ કરે, ખોટા વિચાર, વિકાર ને વાસનાનો ત્યાગ કરે, ને અહંતા તથા મમતાથી મુક્તિ મેળવે, તે તેના લાભમાં છે પણ કર્મનો ત્યાગ કરવાનો વિચાર પણ ન કરે. જે વસ્તુઓ જીવનના વિકાસની વચ્ચે આવે છે, અથવા જે પોતાની પ્રગતિમાં અંતરાયરૂપ છે, તેનો ત્યાગ તે જરૂર કરે, પરંતુ પ્રગતિને પોષનારી વસ્તુનો ત્યાગ કરીને પોતાનું અધઃપતન કરવાનું આંધળુ સાહસ તે કદાપિ ના કરે.

કર્મ કરવાથી ઉપાધિ વધે છે, ક્લેશ થાય છે ને કેટલીકવાર દુઃખનો અનુભવ કરવો પડે છે, એમ માનીને પણ કર્મ કરવાનું મુલતવી રાખવાનું ડહાપણભર્યું નથી. કર્મ કરવાથી ઉપાધિ હોય તો પણ દૂર થાય છે. ક્લેશ કપાઈ જાય છે ને દુઃખથી મુક્તિ પણ મળી શકે છે. કર્મનું પરિણામ કેવું આવશે, ને તેની અસર કેવી થશે તે કર્મ કરનાર માણસ પર અવલંબે છે. કર્મ કરવામાં પણ કુશળતાની જરૂર પડે છે. કર્મ કોઈ સાધારણ વસ્તુ નથી. કોઈ જડ, યાંત્રિક પ્રવૃત્તિ પણ નથી. તે તો મહાન સાધના છે. યોગ અથવા કળા છે, તેને કળાત્મક રીતે કરવામાં આવે તો તે માણસનો ઉદ્ધાર કરે છે. માટે કર્મ કરવાની કળામાં પારંગત થઈ જવું જોઈએ. તેને બદલે અજ્ઞાન અથવા મોહને વશ થઈને જો કોઈ કર્મનો જ ત્યાગ કરવા તૈયાર થઈ જાય, તો તે મોટી ભૂલ કરે છે એ નક્કી સમજી લેવું.

અર્જુનની દશા એવી જ હતી, સ્વજનોને જોઈને તેને મોહ થયો હતો. તેનું મન ભ્રાંતિમાં ભમ્યા કરતું હતું. તેથી તે પોતાની ફરજ અથવા જવાબદારીનું ભાન ભૂલી જઈને શૂન્યમનસ્ક થઈને ઊભો રહ્યો. તેને શોક થયો હતો. શોકના અતિરેકમાં ગાંડીવ મૂકી દઈને કર્તવ્યમૂઢ દશામાં ઊભો હતો. કર્તવ્ય-કર્મનો ત્યાગ કરીને સંન્યાસી થઈ જવા ને ભિક્ષા પર જીવવા તે તૈયાર થઈ ગયો હતો. માટે તો ભગવાનને ગીતાની પ્રેરણાવાણી વહાવવાની ફરજ પડી. તે વાણીનો પ્રવાહ હવે પૂરો થવાની તૈયારીમાં છે, ત્યારે અર્જુનની જિજ્ઞાસાનો જવાબ આપતાં ભગવાન તેનું ધ્યાન ખેંચતા ફરીવાર કહે છે કે કર્તવ્ય-કર્મનો ત્યાગ કોઈપણ સંજોગોમાં ઠીક નથી. સંસારમાં રહીને માણસે પોતાને ફાળે આવેલી ફરજ જરૂર બજાવવી જોઈએ. મિથ્યા મોહને વશ થઈને પોતાની જવાબદારીથી દૂર ભાગવાની ભ્રમણામાં તેણે પડવું જોઈએ નહિ. સ્વધર્મનું પાલન કરવા તેણે તૈયાર થવું જોઈએ. જીવનમાં ઉન્નતિના કામ કરવામાં આનંદ માનવો જોઈએ.

જે વાત ત્યાગીને માટે સાચી છે તે વ્યવહારપરાયણ માણસને માટે પણ સાચી છે. વ્યવહારમાં પડેલો સાધારણ માણસ પણ સદા સાવધાન રહે ને કર્મ કરે તે જરૂરી છે. કર્મની પસંદગી કરવામાં કુશળતા રાખી પોતાની ઉન્નતિ માટે જરૂરી કર્મો તેણે કરવાં જોઈએ. કર્મ કર્યા વિના તેની ઉન્નતિ કેવી રીતે થઈ શકશે ?

**[ ૫ ] કર્મ કરવાની કળા**

સંન્યાસી ને સંસારી, બંનેને માટે કર્મ કરવાની જરૂર વિશે શંકા નથી. પણ જે કર્મ કરવાના છે તે અહંકારરહિત થઈને કરવાં જોઈએ. વળી ઉત્તમ કર્મો કરવા જોઈએ. અનીતિ કે અધર્મને પોષનારા કર્મોથી દૂર રહેવું જોઈએ. તે ઉપરાંત, કર્મના ફળનો ત્યાગ કરતાં શીખવું જોઈએ. કર્મના ફળનો ત્યાગ એટલે શું તે વિશે આપણે આગળ ઉપર વિચાર કરી લીધો છે. માણસ કર્મના ફળની અસર નીચે આવે છે, એમ સામાન્ય રીતે દેખાય છે. સારું ફળ મળવાથી તે સુખી થાય છે, અહંકારી બની જાય છે, ને પોતાની ઈચ્છા વિરૂદ્ધનું ખરાબ ફળ મળવાથી દુઃખી થાય છે, તથા કેટલીકવાર નિરાશાનો અનુભવ કરે છે. કર્મના ફળની અસરથી

તેની માનસિક અવસ્થામાં એ રીતે ભારે ફેરફાર થાય છે. તેને બદલે કર્મના ફળની અસરથી અલિપ્ત રહેવાની શક્તિ તેણે કેળવવાની છે. કર્મ કરવા છતાં કર્મના ફળની સારીનરસી અસરથી પર રહેવાય એવી કળામાં તેણે કુશળ બનવાનું છે. પછી કર્મનું ફળ તેને ચંચલ કરી નહિ શકે, હર્ષ ને શોક કે સુખ ને દુઃખના ઝૂલા પર ઝૂલાવી નહિ શકે. કર્મના ફળનો ત્યાગ તેને માટે સહજ બની રહેશે. કર્મ કરવા છતાં પણ તેને સંન્યાસનો આનંદ મળી શકશે, અથવા તે અકર્મની દશાનો અનુભવ કરી શકશે.

ફળના ત્યાગનો એક બીજો અર્થ પણ કરી શકાય છે. તે પ્રમાણે કર્મના ફળનો પ્રભુના ચરણમાં ત્યાગ કરવાની ટેવ પાડવી અથવા તો કર્મનું જે ફળ મળે તે પ્રભુને અર્પણ કરવું. પ્રભુને અર્પણ કરેલી વસ્તુ પ્રભુની થઈ જાય છે. તેના પર માણસનો અધિકાર રહેતો નથી. માણસની પાસે તે વસ્તુ રહે તો એક સંરક્ષક તરીકે તેને તેણે સાચવવી જોઈએ. તે વસ્તુ પ્રભુની છે માટે તેનો ઉપયોગ પ્રભુને માટે ને પ્રભુના જગતને માટે થવો જોઈએ, કેવળ સ્વાર્થને માટે તેનો ઉપયોગ થાય નહિ. આનું નામ તે વસ્તુનો ત્યાગ. એવા ત્યાગની તાલીમ લેવાથી કર્મ કરવા છતાં કર્મથી અલિપ્ત રહી શકાય, ને કર્મ પોતાને તથા બીજાને માટે મદદરૂપ બની જાય. કર્મના ફળના ત્યાગની આ ભાવના કેળવવાની જરૂર છે. તે કેળવવાથી માણસ એકલપટો નહિ બને. સૌના ઉત્કર્ષ ને હિતમાં તે રાજી રહેશે, રસ લેશે ને પોતાની વિદ્યા, લક્ષ્મી શક્તિ તથા સંપત્તિનો સૌના હિત માટે સદ્‌ઉપયોગ કરવા તૈયાર રહેશે. તેનું જીવન યજ્ઞમય બની જશે. કર્મ તેને માટે સાધનારૂપ થઈ જશે. કર્મયોગનો લાભ લઈને તે પૂર્ણ મુક્ત બની તથા પરમાત્માની ઝાંખી કરી પોતાનો ઉદ્ધાર કરી લેશે. કર્મની કળામાં એક બીજું રહસ્ય પણ રહેલું છે. કર્મના દોષની અસર નીચે માણસ આવ્યા વિના રહેતો નથી. કર્મમાં ગુણ ને દોષ બન્ને રહેલા છે. કર્મના ગુણ માણસને મમતા ને રાગથી રંગી દે છે. તેથી તે બંધાય છે, ને પોતાનું મૂળસ્વરૂપ ભૂલી જાય છે.

દયા કે પ્રેમ રાખવાથી હંમેશા લાભ થાય છે. પ્રેમ ને દયા માણસનું ભૂષણ છે. તેના વિના માણસ જડ, પથ્થર કરતાં પણ નપાવટ ને નકામો બની જાય છે. તેનું જીવન રસ વિનાનું, ભયંકર મરૂભૂમિ જેવું બની જાય છે. પ્રેમ ને દયા દુનિયાના પ્રત્યક્ષ દેવતા છે. તેમને ઈશ્વરના ઉત્તમ આસન પર બેસાડવામાં આવ્યા છે. તેમની ઉપેક્ષા કરવાથી માણસ સુખશાંતિનો અનુભવ ભાગ્યે જ કરી શકશે, પરમાત્માની પાસે પણ ભાગ્યે જ પહોંચી શકશે. માણસની ઉન્નતિમાં તે મદદરૂપ છે. તેનો આશ્રય લઈને માણસ પોતાનો ઉદ્ધાર કરી શકે છે. માટે તેનાથી દૂર રહેવાની કે તેની ઉપેક્ષા કરવાની વાતને આપણે ટેકો આપી શકીએ નહિ.

પ્રેમ ને દયાના આવેગની અસર નીચે આવી જઈને માણસ જો પોતાના કર્તવ્યને ચૂકી જતો હોય, તો તે તેની ત્રુટિ છે. તે ત્રુટિને દૂર કરવાની જરૂર છે. તેને બદલે પ્રેમ ને દયાને દૂર કરવાનો માર્ગ લેવો તે બરાબર નથી. રોગને દૂર કરવા શરીરનો નાશ કરવાનું સારું નથી ગણાતું. રોગનું નિદાન શોધીને રોગનો ઈલાજ કરવાનું જ સારું ગણાય છે. તે પ્રમાણે મમતા ને મોહના નિદાનને શોધવાની જરૂર છે. મમતા ને મોહ મનમાં છે, પ્રેમ ને દયામાં નથી. માટે મનને સાફ કરવા તૈયાર થવું જોઈએ, પ્રેમ ને દયાનો ત્યાગ કરવો નહિ. પ્રેમ ને દયાથી પ્રેરાઈને કર્મ જરૂર કરો, પરંતુ પ્રેમ ને દયાના નશામાં ડૂબીને વિષયગામી ન બનો કે કર્તવ્યને ભૂલો નહિ. કર્મ કરવા છતાં તેના ફળથી મુક્તિ મેળવો. સાર એટલો જ છે.

કર્મથી જેમ પ્રેમ, દયા, મમતા ને આસક્તિ ઉપજે છે, તેમ વેર, નિર્દયતા, તિરસ્કાર ને ઉદાસીનતા પણ થાય છે. કર્મના સ્વરૂપ પર તેનો આધાર રહે છે. આસુરી વૃત્તિવાળા માણસોનાં કર્મ બીજી જાતનાં હોય છે. તે પણ માણસને બાંધે છે, ને પતનની ગર્તામાં ધકેલી દે છે. માટે તેનાથી પણ સાવધ રહેવું જોઈએ. કર્મની કળાનું આ જ્ઞાન ઘણું ઉપયોગી છે. કર્મથી ન લેપાવાનો અથવા અસંગ રહીને કર્મ કરવાનો સાર એમાં સારી પેઠે સમાઈ જાય છે. એ સાર સમજી લેવા ને તે પ્રમાણે કર્મ કરવા તત્પર થવા ભગવાન આપણને પ્રેરણા કરે છે. તે કહે છે કે કર્મ કરો પણ કર્મના ફળનો ત્યાગ કરો. કર્મના ફળની અસરથી મુક્તિ મેળવો ને અસંગ રહીને કર્મ કરો.

**[ ૬ ] ફળનો ત્યાગ : ફળની ઈચ્છા નહિ**

ગીતાનો આ સંદેશ માણસો જરા જુદી રીતે સમજ્યા છે. વધારે ભાગના માણસોમાં આ વિશે જરા જુદી સમજ પ્રવર્તે છે. કર્મના ફળનો ત્યાગ એ ગીતાનો ખાસ સંદેશ છે તેનો અર્થ તે ફળની ઈચ્છા ન રાખવી એવો કરે છે. મારી દૃષ્ટિએ તે અર્થ બરાબર નથી. ગીતાની પોતાની દૃષ્ટિએ તે બંધબેસતો નથી. કેમકે ભગવાને અર્જુનને યુદ્ધમાં ભાગ લઈને વિજયી થવા ને રાજ્યનો ભોગ કરવા કહ્યું છે. એટલે યુદ્ધની પાછળ ફળનો ખ્યાલ રહેલો છે. તે ખ્યાલથી પ્રેરાઈને ભગવાન અર્જુનને યુદ્ધ કરવાની આજ્ઞા કરે છે. આ સંબંધી મેં આગળ પર પ્રકાશ ફેંક્યો છે. પરંતુ અહીં તેનો ફરીવાર ઉલ્લેખ થઈ રહ્યો છે. કેમકે આ અધ્યાય ગીતાના સંગીતમય ઉપદેશના ઉપસંહાર જેવો છે. તેથી તેનો ઉડતો વિચાર કરવાની જરૂર ઊભી થઈ છે.

ગીતાએ કર્મના ફળનો ત્યાગ કરવાનું કહ્યું છે એટલે ફળનો ત્યાગ જરૂરી છે. પરંતુ કેટલાક માણસો ફળના ત્યાગને બદલે ફળની ઈચ્છાનો ત્યાગ કરવાનું સમજી બેઠા છે. તે કહે છે કે ગીતાએ કર્મ કરવાનું કહ્યું છે, પણ ફળની ઈચ્છા ન રાખવાની આજ્ઞા કરી છે. માટે કર્મ કરવાં પણ ફળની ઈચ્છા ન રાખવી. એ પ્રમાણે તેમણે ફળના ત્યાગ અને ફળની ઈચ્છાના ત્યાગને એક માની લીધાં છે. પરંતુ તે માન્યતા તટસ્થ રીતે વિચારીએ કે તપાસીએ તો સાચી ઠરતી નથી. ફળનો ત્યાગ ને ફળની ઈચ્છાનો ત્યાગ બંને જુદી જુદી વસ્તુ છે એ સમજી લેવાની જરૂર છે. તેની સાથે એ પણ સમજી લેવાનું છે કે ફળની ઈચ્છા રાખવામાં આવે તેમાં કોઈ દોષ નથી.

ફળની ઈચ્છા રાખીને કર્મ કરવા એ માણસનો સ્વભાવ છે. સાધારણ કે અસાધારણ ને નાના કે મોટા બધા માણસો એ સ્વભાવથી પ્રેરાઈને કર્મ કરે છે. ભગવાન પોતે પણ જો તેમના શબ્દોને સાચા માની લે તો પોતાને કોઈ લાભની કામના નથી તે છતાં સંસારના હિત માટે કર્મ કરે છે. તેમના અવતારરૂપી મહાન કર્મની પાછળ પણ ધર્મની સ્થાપના ને અધર્મના નાશની ઈચ્છા જ રહેલી છે. એટલે ફળની ઈચ્છા રાખીને કર્મ કરવામાં કશી જ હરકત નથી. છતાં ધારો કે કોઈ માણસ ફળની ઈચ્છા વિના કર્મ કરે તો પણ કર્મનું ફળ તો તેને મળવાનું જ છે. તે ફળનો ત્યાગ કરતાં, તેના પર પોતાનો નહિ પણ ઈશ્વરનો ને ઈશ્વરની દુનિયાનો અધિકાર સમજતાં, ને તેનો નિઃસ્વાર્થ ઉપયોગ કરતાં શીખવાની જરૂર છે. એ જ વસ્તુ સૌથી વધારે મહત્વની ને જીવનને ઉજ્જવલ કરનારી છે. ગીતામાતા તેનો જ ઉપદેશ આપે છે એ યાદ રાખવાની જરૂર છે.

ગીતામાતાના મતને વધારે ભાગના માણસો સમજ્યા હોય એવું દેખાતું નથી, તેથી ગીતાને નામે તેમણે કેટલીક ગેરસમજ ઊભી કરી છે, તેને દૂર કરવાની જરૂર છે. તે માટે આપણે જ્યારે તક મળી ત્યારે કર્મના ફળના આ મુદ્દા પર પ્રકાશ ફેંકવા પ્રયાસ કર્યો છે. તેનો સાર એ જ છે કે માણસ કર્મ કરવા સ્વતંત્ર છે. તેની ઉન્નતિ માટે કર્મ જરૂરી છે. તેથી તે કર્મ જરૂર કરે. જે કર્મ કરે તે ફળનો વિચાર કરીને, ફળની ઈચ્છાથી પ્રેરાઈને કરે. ફળની ઈચ્છા ભલે રાખે પણ કર્મના ફળનો ત્યાગ કરવા તે સદાય તૈયાર રહે. ફળ પર પોતાનો માલિકી હક સ્થાપિત કરવા ને સ્વાર્થી બની તેનો ઉપયોગ કરવા તે કદી પણ તૈયાર ન થાય. આ વાતને સારી રીતે સમજવા માટે એક સારા સાધકનો વિચાર કરો. તે મન લગાડીને સાધના કરે છે તે સાધનાના ફળરૂપે શક્તિ મેળવવાની અથવા પરમાત્માની પ્રાપ્તિ કરવાની ઈચ્છા પણ રાખે છે, પણ પોતાની ઈચ્છા પ્રમાણે ફળ મળે કે ના મળે તેથી નિરાશ થતો નથી કે અહંકારી પણ બનતો નથી. સાધનાનું કર્મ તે કર્યા જ કરે છે. તે કર્મના ફળરૂપે તેને શક્તિ મળે પછી તે દ્વારા બીજાને સહાય કરવા સદા તૈયાર રહે છે, બીજાની સેવા કરવા તત્પર રહે છે. મારી સમજ પ્રમાણે ગીતામાતાને આ જ વાત કહેવાની છે. આ લાંબા વખતથી માની લીધેલા ને સેવેલા વિચારની વિરુદ્ધ લાગે, તેથી તેનો ત્યાગ કરવાની જરૂર નથી. કેટલાક માણસોએ આજ સુધી આપેલા અભિપ્રાય ને ઉપદેશની સાથે બંધબેસતી ન લાગે, તેથી તેને સાંભળીને આશ્ચર્યનો અનુભવ કરવાની જરૂર પણ નથી. બધા પ્રકારના પૂર્વગ્રહોથી પર થઈને તેનો શાંતિપૂર્વક ને તટસ્થ ભાવે વિચાર કરવાનો છે. તો તેનો સાર સહેજે સમજી શકાશે.

ફળનો ત્યાગ ને ફળની ઈચ્છાનો ત્યાગ-બંનેને એક માનીને ભેળવી દેવાની જરૂર નથી. માણસે ફળની ઈચ્છા ન રાખવી અથવા ફળની ઈચ્છાનો ત્યાગ કરવો એમ કહેવાનો આશય હોત તો ગીતામાતા તે આશય સાફ શબ્દોમાં પ્રગટ કરત. 'કર્મફળ ત્યાગ' કહેવાને બદલે તે 'કર્મફલેચ્છા ત્યાગ' કહેત, તેમ કહેવામાં શી હરકત હતી ? પણ ગીતામાતાએ એવું કોઈ ઠેકાણે કહ્યું નથી. એટલે કર્મના ફળની ઈચ્છાના ત્યાગ પર ભાર મૂકવાની જરૂર નથી.

**[ ૭ ] ફળની ઈચ્છાથી થતો લાભ**

કેટલાક માણસો દલીલ કરે છે કે કર્મ કર્યું એટલે ફળ તો મળવાનું જ છે. કર્મનો એ નિયમ જ છે તો પછી ફળની ઈચ્છા રાખવાની જરૂર શી ? ઈચ્છા નહિ રાખો તો પણ ફળ તો મળવાનું જ છે. તેમની દલીલના ઉત્તરમાં આપણે કહીશું કે વાત ઠીક છે. પણ કર્મના ફળની ઈચ્છા રાખવામાં હરકત પણ શી છે, દોષ પણ શો છે ? અલબત્ત, કર્મનું ફળ આપવાનું કામ ઈશ્વરનું કે કુદરતનું છે, એટલે કોઈ કહેશે કે તે પારકાને હાથ પડેલી વસ્તુ છે. તેના પર માણસનો અધિકાર નથી. માટે તેની ઈચ્છા રાખવી ઠીક નથી. જે વસ્તુ પર પોતાનો કાબૂ કે અધિકાર નથી તેની ઈચ્છા કેવી ? પણ તેમનું કથન ગળે ઉતરે તેવું નથી. કર્મના ફળ પર ઈશ્વર ને કુદરતનો અધિકાર છે, તેનો અર્થ એમ નથી કે કર્મ કરનાર માણસનો કશો જ અધિકાર કે હક નથી. ફળ આપવાની સત્તા કુદરત કે ઈશ્વરની હોવા છતાં પણ ફળની ઈચ્છા રાખવાની તેને સ્વતંત્રતા છે. ફળની ઈચ્છા રાખવી તે તેનો જન્મજાત હક છે. તે હકમાંથી તેને કોઈ વંચિત કરી શકે તેમ નથી. તે સ્વતંત્રતાને છીનવી લેવાય તેમ નથી ને તેને છીનવી લેવાની જરૂર પણ શી છે ? ફળની ઈચ્છા રાખીને કર્મ

કરવામાં આવે તેથી ફળને નક્કી કરવાની કુદરત કે ઈશ્વરની સત્તા પર કોઈ પ્રકારનો કાપ મૂકાતો નથી. માટે ફળની ઈચ્છા રાખીને કર્મ કરવાની સ્વાભાવિક વૃત્તિથી પ્રેરાઈને માણસ ભલે કર્મ કર્યા કરે. હા, ફળને નક્કી કરવાની વિધિમાં તે કોઈ રીતે દખલ કરતો હોય તો તે જુદી વાત છે. બાકી ફળની ઈચ્છા રાખવાની ના પાડવાથી કોઈ જ હેતુ સરે તેમ નથી.

કર્મનું ફળ મળવાનું છે એ સાચું છે. પણ ફળનો વિચાર કરીને ને ફળની ઈચ્છા રાખીને કર્મ કરવાથી લાભ થાય છે. ફળનો વિચાર કરીને કર્મ કરવા માટે ટેવાયેલા માણસો કયા કર્મનું ફળ કેવું આવશે તેનું અનુમાન સારી રીતે કરી શકશે, પરિણામે પોતાની ને બીજાની ઉન્નતિને પોષનારાં કર્મ કરવા તૈયાર થશે. અનીતિ ને અધર્મમાં તે નહિ રમે. પોતાનું ને બીજાનું અહિત કરનારાં બૂરાં કર્મ તે કદી પણ નહિ કરે. કર્મોની પસંદગી કરવાની કળામાં કુશળતા મેળવી તે કળાનો ઉપયોગ તે જીવનનો સુધારો કરવાના પવિત્ર કામમાં સહેલાઈથી કરી શકશે. વળી ફળની ઈચ્છા રાખીને કર્મ કરવાથી ફળની પ્રાપ્તિ માટે પૂરા ઉત્સાહથી પોતાની સમગ્ર શક્તિને કામે લગાડીને કામ કરવા માંડશે. રેલના ડ્રાઈવરની પાસે અમુક ચોક્કસ સ્ટેશને પહોંચવાનું ધ્યેય હોય છે. તેને ધ્યાનમાં રાખીને તે રેલને ચલાવે છે. કોઈ ચોક્કસ ફળ કે ધ્યેયની ઈચ્છા વિના મનમાં ઠીક લાગે તેમ જો તે રેલગાડીને ચલાવ્યે રાખે, તો તેને માટે તો તેવો સ્વૈરવિહાર કદાચ વિનોદનું કારણ થઈ પડે, પણ ગાડીમાં બેઠેલા માણસોને તે ભયમાં મૂકી દે ને નુકશાન કરે. જીવનની રેલગાડીના ડ્રાઈવરને માટે પણ કર્મના ફળનું જ્ઞાન એ રીતે જરૂરી છે. કર્મના ફળની ઈચ્છાથી પ્રેરાઈને અથવા જીવનના ધ્યેયને દૃષ્ટિ સામે રાખીને કર્મ કરવાની તેને માટે જરૂર છે.

પર્વતોના શિખર ચઢવાની ઈચ્છાવાળા માણસો કેવો ભારે ને પ્રશંશાપાત્ર પ્રયાસ કરે છે ! એકાદ બે પ્રયાસમાં સફળતા ન મળે તેથી નિરાશ થયા વિના આગળ ને આગળ વધે છે, ને વારંવાર પ્રયાસ કરે છે. પર્વત પર ચઢવાની ઈચ્છાથી પ્રેરાઈને તે કેટલું સતત કર્મ કરે છે. કર્મના ફળની ઈચ્છા હોવાથી તેમનો ઉત્સાહ વધે છે, ને સંકટો તથા પ્રલોભનને પાર કરીને તે આગળ વધે છે. એમ કરતાં એક ધન્ય ઘડીએ તેમનો વિજય થાય છે. એટલે કર્મના ફળની ઈચ્છા કર્મ કરનારને નડતરરૂપ થતી નથી, ઊલટી મદદરૂપ થઈ પડે છે. ફળની ઈચ્છા રાખ્યા વિના કર્મ કરવાથી ફળ તો મળવાનું જ છે. છતાં ફળની ઈચ્છા રાખીને કર્મ કરવાથી લાભ થાય છે. વળી ફળની ઈચ્છા રાખીને કર્મ કરવું એ માણસનો સ્વભાવ છે. તે સ્વભાવનો વિરોધ કરવાનું કોઈ કારણ નથી. તે સ્વભાવ જીવનના વિકાસમાં ઉપયોગી થઈ પડે એનું ધ્યાન રાખીએ તો તેનાથી ડરવાનું કોઈ કારણ રહેતું નથી. આ વિશે આપણે આ પહેલાં પૂરતો વિચાર કરી લીધો છે. એટલે અહીં આટલો ઉપલક વિચાર બસ થઈ પડશે.

### [ ૮ ] કર્મફળનો ત્યાગ કરે એ જ ત્યાગ

ભગવાન કહે છે કે કર્મનો કાયમને માટે ત્યાગ કરવાનું કામ શરીરધારીને માટે શક્ય નથી. મન, વચન ને કાયાથી કર્મ થયા જ કરે છે. બધું કામ છોડી દઈને માણસ સમાધિસ્થ બની જાય કે દિવસ રાત ઊંઘવા માંડે તો પણ કર્મ તો ચાલ્યા જ કરવાનું. મનનું કામ તો તે દશામાં પણ ચાલ્યા જ કરવાનું. જાગતો કોઈ કામ ના કરે ને એક જગ્યાએ બેસી રહે તો પણ મનનું કામ તો ચાલુ જ રહેવાનું. તે કદાચ એકાદ

મિનિટ માટે બંધ પડે તો પણ, શ્વાસની ક્રિયા તો ચાલુ જ રહેવાની. વળી માણસ પોતાની ને બીજાની ઉન્નતિ માટે કર્મ ન કરે ને જડ બનીને બેસી રહે એમ માનવાનું મન પણ થતું નથી. અકર્મી થવાની વાત વિવેકી માણસને ભાગ્યે જ પસંદ પડી શકે. એટલે શરીરધારીને માટે કર્મ છોડવાનું અશક્ય છે તે વાત સાચી છે. માટે કર્મના ત્યાગની ઈચ્છા ભૂલભરેલી છે. કર્મનો ત્યાગ કરવાથી કોઈ ત્યાગી થઈ શકે નહી. ખરો ત્યાગી તે જ છે જે કર્મનો નહિ પણ કર્મના ફળનો ત્યાગ કરે છે. ફળનો ત્યાગ કરવાનું કામ કઠિન છે. તે ભારે કુશળતા માગી લે છે. જે માણસ કુશળતાપૂર્વક ફળનો ત્યાગ કરી શકે, તે મહાન છે ને માનનો અધિકારી છે. તેનું બહુમાન કરવામાં હરકત નથી.

કેટલાક ત્યાગી પુરૂષોમાં એવો ભ્રમ ફેલાયેલો છે કે કર્મ કરવાથી બંધનમાં પડાય છે ને ઉપાધિ વધે છે. માટે ત્યાગી પુરૂષે કર્મનો પણ ત્યાગ કરવો. એ ભ્રમની અસર નીચે આવીને તે ખાસ કર્મ કરતા નથી, ને જીવનને ભારરૂપ સમજી મૃત્યુની રાહ જોતા બેસી રહે છે. કોઈ ત્યાગી પુરૂષ કર્મ કરે અથવા લોકસેવાની ભાવના સેવે તો તેની તે ટીકા કરે છે. તે ટીકા કેટલીકવાર નિંદાનું સ્વરૂપ પણ ધારણ કરે છે. ત્યાગી પુરૂષોને માટે એવો વર્તાવ જરાપણ શોભાસ્પદ કહી શકાય નહિ. કર્મ કરવાથી કોઈ બંધનમાં પડતું નથી તથા કર્મ કરવાથી ઉપાધિ પણ વધતી નથી. બંધન કે ઉપાધિનો આધાર માણસની મનોવૃત્તિ પર રહે છે. મનોવૃત્તિ સુધરે તો કર્મ કરવા છતાં માણસ મુક્તિનો આનંદ મેળવી શકે છે ને મનોવૃત્તિ બગડે તો કર્મ કર્યા વિના બેસી રહે તો પણ તે બંધનમાં પડે છે. ગીતામાતાએ કર્મનું એ ઉત્તમ રહસ્ય આપણી આગળ ખુલ્લું કરી દીધું છે. તે પ્રમાણે ચાલવાથી કર્મનો ભય ભાગી જાય તેમ છે. માણસ દિનરાત કર્મ કર્યા કરે, ને ભારેમાં ભારે કર્મ કરે, છતાં પણ ફળનો ત્યાગ કરવાની કળામાં પારંગત થઈને ત્યાગી થઈ શકે છે. એટલે કે ત્યાગનો આનંદ મેળવી શકે છે. પ્રખર પ્રવૃત્તિમાં પડીને પણ નિવૃત્તિનો રસ માણી શકે છે. બહારની અવસ્થા પરથી માણસનું મૂલ્ય થઈ શકતું નથી. બહારની અવસ્થા ગમે તેવી હોય, માણસનું મન ક્યાં છે ને કેવું છે તે જ મહત્વની વસ્તુ છે. માટે જ ગીતા કહે છે કે કર્મનો ત્યાગ કરવાની ભ્રમણામાં પડો નહિ. કર્મને છોડવાનું નથી. કર્મના ફળને છોડવાનું છે. સાચા ત્યાગી થવા માટે કર્મના ફળનો ત્યાગ કરતાં શીખી લો. ગીતામાતાનું શબ્દસંગીત કેટલું સુંદર છે !

દેહધારી કદીયે ના કર્મ ત્યાગ કરી શકે,
કર્મના ફળને ત્યાગે તે જ ત્યાગી ગણાય છે.

કર્મના ત્યાગની કળામાં કુશળતા મેળવી લો એટલે કર્મ કરતાં કરતાં રાજા જનકની જેમ સિદ્ધિ મેળવી શકશો. શરીર પરના કપડાંની જેમ કર્મનું આવરણ તમારાથી કાયમને માટે અલગ રહેશે. જળમાં કમળની પેઠે સંસારમાં રહીને કર્મ કરવા છતાં તમારું તન, મન ને અંતર હસતું રહેશે, સંસારની ગંદકીથી મુક્ત રહેશે. કર્મ તમારે માટે જીવનના પરમ સાફલ્યની સાધના બનશે. પરમપદની પગદંડી બનશે ને પરમાત્માની સાથે તમારો હસ્તમેળાપ કરવામાં મદદરૂપ થશે.

### [ ૯ ] કર્મની સિદ્ધિ માટેનાં પાંચ કારણો

આટલું કહીને ભગવાન કર્મની સિદ્ધિ માટે મહત્વની પાંચ વસ્તુનો ઉલ્લેખ કરે છે. બધાં કર્મોની સિદ્ધિમાં એ પાંચ વસ્તુ ખાસ ભાગ ભજવે છે. એ પાંચ વસ્તુ કઈ છે તે જાણો છો ? ભગવાને તેનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે :

(૧) અધિષ્ઠાન અથવા યોગ્ય સ્થાન.

(૨) કર્તા.

(૩) સાધન

(૪) બીજી જુદી જુદી પ્રવૃત્તિ

(૫) દૈવ અથવા પ્રારબ્ધ.

એ પાંચ વસ્તુનો સમન્વય કે સુમેળ સાધી શકાય, તો કોઈ પણ કર્મમાં સિદ્ધિ મેળવી શકાય, એ વાતને સમજાવવા માટે આપણે એક સાધારણ ઉદાહરણ લઈએ. રસોઈના કામનો જ વિચાર કરીએ. રસોઈના કામને માટે સૌથી પહેલા તો યોગ્ય સ્થાનની જરૂર પડે છે. ગમે તેવા સ્થાનમાં રસોઈનું પવિત્ર કામ કરી શકાય નહિ. તેને માટે ચોખ્ખા સ્થાનની જરૂર પડે છે. ગંદી જગ્યા હોય તો પણ તેને ચોખ્ખી કર્યા પછી જ રસોઈ કરવાની શરૂઆત કરી શકાય છે.

પણ એકલા સ્થાનથી કાંઈ રસોઈ ન થાય. ધારો કે સારામાં સારું ને ચોખ્ખું સ્થાન મળી ગયું પણ રસોઈ કરનાર માણસ જ ન હોય તો રસોઈ કેવી રીતે થઈ શકે ? માટે સ્થાનની સાથે કર્તા અથવા રસોઈ કરનાર વ્યક્તિ પણ જોઈએ. તે વ્યક્તિને રસોઈનું જ્ઞાન હોવું જોઈએ.

હવે ધારો કે રસોઈ કરવાની યોગ્ય જગ્યાની સાથે રસોઈ કરનાર વ્યક્તિ પણ છે. પણ રસોઈ કરવાના સાધન નથી. તો શું રસોઈનું કામ થઈ શકશે ? રસોઈ કરવાના માટે લોટ, દાળ, ચોખા તથા મસાલા જેવી સામગ્રીની જરૂર પડે છે. તે ઉપરાંત વાસણ પણ જોઈએ. સારાં વાસણ ન હોય તો ચાલે, પણ ગમે તેવાં, હેતુ સારી શકે તેવાં, વાસણ તો જોઈએ જ. વળી ચૂલો પણ જોઈએ. એ વિના પાકશાસ્ત્રની સિદ્ધિ કેવી રીતે થઈ શકે ?

થોડા દિવસ પહેલા હું ગંગાકિનારે બેઠો હતો. ત્યાં બે નાની ઉંમરના છોકરાઓ આવી પહોંચ્યા. તેમની પાસે કપડામાં લોટ હતો. તે તેમણે એક પતરાના ટુકડા પર કાઢ્યો ને તે પતરા પર જ ગંગાજલની મદદથી તેને ગુંદવા માંડ્યા. છોકરાઓ પર્વતવાસી હતા, ને મજૂરી કરવા ઋષિકેશમાં આવ્યા હતા. લોટ ગુંદીને રસોઈ માટે કોઈ સારા સ્થાનની શોધમાં ઉપડી ગયા. સદ્‌ભાગ્યે ગંગાકિનારે તેમને મનપસંદ સ્થાન મળી ગયું. તે સ્થાનને તેમણે સાફ કર્યું. ત્યાં પત્થર ગોઠવીને ચુલો કર્યો, પતરાના ટુકડાની લોઢી બનાવી, પછી દીવાસળી કાઢીને વીણી રાખેલાં લાકડાંને સળગાવવાનો પ્રયાસ કર્યો. કેટલાય વખતે તે પોતાના પ્રયાસમાં સફળ થયા. ગંગાકિનારે ખુલ્લા મેદાનમાં તેમની રસોઈ બનવા માંડી. તેમના પ્રયાસે મને વિચાર કરતો કરી દીધો. મારા દિલમાં કરુણા ભરી દીધી મને થયું કે દેશમાં આવા સાધનહીન ને ગરીબ બાળકો કેટલાં હશે ? અહીં ઋષિકેશમાં જ એવા બાળકો ને મોટા માણસોની સંખ્યા સારા પ્રમાણમાં છે. ઋષિકેશની બહાર પણ ગરીબી ને સાધનહીન દશાનો અભાવ નથી. સાધનસંપન્ન ને શ્રીમંત માણસો તો આંગળીને વેઢે ગણી શકાય તેટલા થોડા જ છે. વધારે ભાગના માણસો તો આવું જ કષ્ટમય ને અસહાય જીવન જીવે છે.

ગરીબાઈ કે દીનતાનાં બીજા કેટલાય દૃશ્યો જોવાનો દેશના પ્રવાસ દરમ્યાન મને અવસર મળ્યો છે. તે દૃશ્યોમાંનાં કેટલાંક મારી આંખ આગળ તાજાં થયાં, ને મારૂં અંતર હાલી ઊઠ્યું. દીનતા ને દર્દનો અંત આ દેશમાંથી ક્યારે આવશે ? સમાજના પ્રત્યેક સભ્યને જીવનની જરૂરિયાત પૂરતું મળી રહે તેવા દિવસ ક્યારે ઊગશે ? આજે તો તેની આશા જ રાખવી રહી. બંને બાળકોએ રોટલા બનાવવાનું શરૂ કર્યું. લૂખા રોટલા એ જ તેમનું આજનું ભોજન હતું. તેમની પાસે કોઈ આદર્શ રસોડું ન હતું. રસોઈની ઉત્તમ ને સંપૂર્ણ સામગ્રી પણ ન હતી. છતાં જે હતું તેથી તેમણે કામ શરૂ કર્યું.

સાધન વિના રસોઈ કેવી રીતે થઈ શકે ? સાધન સાધારણ કે અસાધારણ ગમે તેવાં હોય, પણ તેમની જરૂર તો છે જ. તેમના વિના રસોઈના કામમાં સિદ્ધિ ન જ મળી શકે. રસોઈ માટે સુંદર સ્થાન, કર્તા એટલે રસોઈની કળા જાણનાર વ્યક્તિ ને સામગ્રી હોય, ધારો કે એ ત્રણે વસ્તુ ભેગી થઈ જાય પણ શું એટલાથી જ રસોઈ થઈ જાય ખરી ? રસોઈની સામગ્રી ને રસોઈના સ્થાનનું દર્શન કરતા રહેવાથી શું રસોઈ થઈ શકશે ? રસોઈ કરનાર વ્યક્તિ જો બે હાથ જોડીને બેસી રહેશે તો શું રસોઈની સિદ્ધિ કદાપિ થઈ શકશે ? રસોઈની સિદ્ધિ હાથપગ હલાવવાનું બંધ કરીને, આળસુ બનીને બેસી રહેવાથી નહિ થાય. તે માટે તો આળસ છોડીને કામ કરવું પડશે. ચુલો તૈયાર કરીને તેના પર રસોઈને ચઢાવવી પડશે, ચોક્કસ વખતે ને ચોક્કસ પ્રમાણમાં તેની અંદર મસાલા નાખવા પડશે. તેને પૂરતા પ્રમાણમાં અગ્નિ મળી રહે તેનું ધ્યાન રાખવું પડશે, તે બળી જાય કે કાચી રહી જાય નહિ તે માટે સાવધાન રહેવું પડશે. ત્યારે જ રસોઈની સિદ્ધિ થઈ શકશે. રસોઈ એક કળા છે. તે કળામાં જુદી જુદી ચેષ્ટા કે પ્રવૃત્તિની જરૂર પડે છે. તેના વિના રસોઈનું કામ ભાગ્યે જ સફળ થાય.

હવે પાંચમી વાત. ઋષિકેશના પેલા બે પર્વતીય બાળકોની વાત મેં તમારી પાસે રજૂ કરી છે. તેમણે પૂરા ઉત્સાહથી રસોઈ બનાવવાનું શરૂ તો કર્યું, પણ અધવચ્ચે જ જો વરસાદ પડે કે પવનના વેગથી અગ્નિ ઓલવાઈ જાય તો ? તેમની રસોઈની સિદ્ધિ કેવી રીતે થઈ શકે ? ન ધારેલું વિઘ્ન આવવાથી તેમનું કામ આકસ્મિક ને અણધારી રીતે જ અટકી પડે. એટલે રસોઈની સિદ્ધિ માટે બહારના વાતાવરણની અનુકૂળતા પણ જરૂરી છે. તે માટે અનુકૂળ પ્રારબ્ધ જોઈએ. પ્રારબ્ધ અનુકૂળ હોય તો વાતાવરણ અનુકૂળ બને ને બધું કામ નિર્વિઘ્ને પૂરું થાય, નહિ તો તેથી ઊલટું બને. કેટલીક વાર એવું પણ બને છે કે ખૂબ પ્રેમપૂર્વક ને મહેનત કરીને તૈયાર કરેલી રસોઈ તે ખાઈ શકતો નથી. ખાવાની તૈયારી કરે છે ત્યાં જ કોઈ એવું કામ આવી પડે છે, અથવા એવો પ્રસંગ બને છે કે ખાવાનું મુલતવી રાખવું પડે છે. કોઈવાર બે ત્રણ કોળીયા ભર્યા હોય ને તરત થાળી ઉપરથી ઊઠવું પડે છે. તો કોઈવાર ભોજનની બધી વ્યવસ્થા થઈ ગઈ હોય છતાં ભૂખ્યા રહેવું પડે છે. ઘરમાં કોઈનું મૃત્યુ થતાં કે મૃત્યુના સમાચાર સાંભળતાં કે કોઈ ઓચિંતું કામ આવી પડતાં એવું જ થાય છે.

ગયે વરસે અમે એક ભાઈને ખૂબ પ્રેમથી ભોજન કરવાનું કહ્યું. તેમણે ભોજન કરવાનું કબૂલ પણ કર્યું, ભોજન ઉત્તમ પ્રકારનું બનાવ્યું. પરંતુ ભોજન સમયે તેમને અચાનક બહારગામ જવું પડ્યું, ને ભૂખ્યે પેટે મુસાફરી કરવી પડી. એવા અનુભવ વત્તે ઓછે અંશે બધાને થતાં હશે. વળી એમ પણ થાય છે કે રસોઈ તૈયાર હોય ત્યારે જેના આવવાની આશા પણ ન હોય તેવો પરિચિત કે અપરિચિત માણસ એકાએક આવી

ચઢે છે, ને તેને જમવા બેસાડવો પડે છે. આપણે પોતાને માટે જ કોઈ વાર એવો પ્રસંગ ઊભો થાય છે કે કલ્પના વિનાના માણસો સાથે જમવા બેસવું પડે છે. એટલે જ આપણે કહીએ છીએ કે દાણે દાણે ખાનારનું નામ લખ્યું છે. ગીતામાતા તેનું કારણ દૈવી કહે છે. તમે તેને માનો કે ન માનો, પણ કોઈક કારણ તો માનવું જ પડશે. કેમકે આ સંસારમાં કોઈ કર્મ કારણ વિના થતું નથી. તમને જે અચાનક થનારા લાગે છે તે કર્મોની પાછળ પણ ચોક્કસ કારણ અથવા વ્યવસ્થા હોય છે. તેની માહિતી ન હોવાથી જ તમને તે કર્મોના સંબંધમાં આશ્ચર્ય થાય છે. જો કર્મોનાં પૂર્વાપર સંબંધ સમજી લેવાની શક્તિ મળી જાય, તો તેનું આશ્ચર્ય કદી પણ ન થાય. સંસારમાં સઘળાં કર્મો પોતપોતાના સ્થાનમાં બરાબર લાગે. એ શક્તિ અથવા દૈવી દૃષ્ટિ સાધના વિના મળતી નથી. તેને માટે પોતાની અંદર અંતરના અંતરતમમાં શોધ કરવી પડે છે, ઉતરવું પડે છે, ને પરમાત્માની સાથે એકતા સાધવી પડે છે. પરમાત્માની સાથે સંબંધ સ્થાપિત કર્યા વિના શંકર ભગવાનના ત્રીજા નેત્ર જેવી એ દિવ્યદૃષ્ટિ ભાગ્યે જ મળી શકે છે. એના વિના કાર્યકારણનો સંબંધ સમજવાનું કામ કઠિન થઈ પડે છે. કર્મના રહસ્યનું જ્ઞાન અસંભવ બની જાય છે.

દૈવ અથવા પ્રારબ્ધ કોઈ બળજબરીથી લાદેલી વસ્તુ નથી. માણસની મરજી વિના તેનું ઘડતર અચાનક થાય છે, ને તે અચાનક આવીને ઊભું રહે છે એમ પણ નથી. તે તો માણસે પોતે કરેલા કર્મનો સમૂહ છે. કર્મનું તે સ્વરૂપ માણસે પોતે પોતાની મેળે જ તૈયાર કરેલું છે. હવે તે તેણે ભોગવવાનું છે. વર્તમાન કાળમાં ઉત્તમ કર્મો કરીને ઉત્તમ ને અનુકૂળ પ્રારબ્ધનું નિર્માણ કરવાની તેને સ્વતંત્રતા છે. તે સ્વતંત્રતાનો લાભ લેવાની તેને છૂટ છે. દૈવનો અર્થ કુદરત કરીએ તો પણ એમ જ કહી શકાય કે કુદરત દ્વારા આવી પડતાં સુખદુઃખ પણ માણસના પોતાના કર્મના ફળરૂપે અથવા કર્મના સનાતન નિયમને બંધબેસતા થાય એ રીતે જ આવે છે. કર્મની સિદ્ધિમાં કરેલા કર્મો એ રીતે બહુ મહત્વનો ભાગ ભજવે છે. માટે જ ગીતામાતા કર્મની સિદ્ધિમાં દૈવને જવાબદાર માને છે.

### [૧૦] ખેતીની વાત

ગીતાના મત પ્રમાણે જે પાંચ કારણો કર્મની સિદ્ધિમાં ભાગ ભજવે છે, તેમનો વિચાર આપણે ટૂંકમાં કરી લીધો. તેમાં સરળતા થાય તે માટે રસોઈના કર્મનો ઉલ્લેખ પણ કરી લીધો. વધારે સારી રીતે સમજાય તે માટે થોડો વધારે વિચાર કરી લઈએ.

ખેતીના કર્મનો વિચાર કરી જુઓ. ખેડૂતને ખેતી કરવાની ઈચ્છા હોય પણ તેની પાસે ખેતીને લાયક જમીન હોય નહિ તો ખેતી કેવી રીતે થઈ શકે ? જમીન મળી જાય તો પણ, જેવી તેવી જમીનથી કામ ન ચાલે. જમીન ખાડા ટેકરાવાળી હોય તો તેને સપાટ કરવી પડે. તેમાંથી ગંદકી દૂર કરવી પડે ને એટલાથી જ કાંઈ જમીન ખેતીને લાયક થોડી જ બની જાય છે ? તેમાં ઊંચી જાતનું ખાતર પણ નાંખવું પડે, જમીનને રસાળ બનાવવી પડે, તેની રક્ષા માટે વાડ કરવી પડે ત્યારે તે તૈયાર થાય. એટલે અધિષ્ઠાન તૈયાર થયું એમ કહી શકાય. તે પછી જમીન ખેડનાર ખેડૂત જોઈએ. તેના વિના ખેતી કેવી રીતે થઈ શકે ? ખેડૂત પણ જેવો તેવો ન ચાલે. ખેતીના કામનું તેને જ્ઞાન હોવું જોઈએ. કયી ઋતુમાં કેવી રીતે કયો પાક કરી શકાય તે તેને આવડવું જોઈએ. તે વિષયમાં તે પ્રવીણ ન હોય તો બીજને બગાડી નાખે, ખેતરને બગાડે ને તેની

મહેનત નિરર્થક ઠરે. તેથી ઊલટું, ખેતીનું સારું જ્ઞાન હોય તો સમયસર સારું અનાજ પકવી શકે. તે જમીનનો પૂરો લાભ લઈને સુખી થઈ શકે. ખેતીના સારા જ્ઞાનવાળા મહેનતુ ખેડૂતોએ ખેતરને લીલાછમ કરી દીધાં છે, તે જોઈને આપણી આંખ ઠરી જાય છે. જ્ઞાન કે આવડત વિનાનો ખેડૂત તેવું સુંદર કામ ક્યાંથી કરી શકે ? એટલે ખેતીના કર્મને માટે ખેતીની કળામાં કુશળ કર્તા હોવો જોઈએ. ખેતીની પદ્ધતિમાં પાવરધો ખેડૂત હોવો જોઈએ. ગીતાની દૃષ્ટિએ કર્મની સિદ્ધિ માટેની એ બીજી જરૂરત.

ખેતર સારું હોય, ને ખેડૂત પણ સારો માહિતગાર મળી આવે પણ ખેડૂતની પાસે ખેતી કરવાના સાધનનો છેક અભાવ હોય, તો પણ ખેતી ન થાય. ખેતી માટે બળદ, હળ, કોસ, દોરડા વગેરે સાધન જોઈએ. સાધન વિના જેમનું કામ અટકી પડ્યું હોય એવા કેટલાય ખેડૂતો આ દેશમાં જોવા મળે છે. સારાં ને અદ્યતન સાધનોની મદદથી ખેતીમાં સફળ થનારા ખેડૂતો પણ મળી આવે છે. એટલે ખેતીનો મોટો આધાર સાધન પર રહે છે તેની ના નહિ.

હવે એ દશાની કલ્પના કરો કે જેમાં સારું ખેતર છે, ખેતીના કામમાં કુશળ ખેડૂત છે, ને જરૂરી સાધનો પણ મળી આવ્યાં છે, ને પછી તમે જ કહો કે ખેતર, ખેતીનું જ્ઞાન ને ખેતીના સાધનો હોવા છતાં જો ખેડૂત બે હાથ જોડીને બેસી રહેશે તો અનાજ ઉગી જશે કે ? ખેડૂત જો મહેનત જ નહિ કરે તો પાક કેવી રીતે થઈ શકશે ? ખેતરમાં મીઠા પાણીનો સુંદર કૂવો છે, પણ તેને જોયા કરવાથી તેનું પાણી ખેતરમાં નહિ આવે. તે માટે તો કોસ ફેરવવો પડશે અથવા પોતાની પાસેના એવા જ કોઈ બીજા સાધનનો આધાર લેવો પડશે. હાથમાં હળ લઈને કે બીજા હથિયારથી ખેતરને ખેડવું પડશે. સમય પર સારામાં સારું બી નાંખવું પડશે ને તે પછી પણ ખેતરની જરૂરી દેખરેખ રાખવી પડશે. એટલે જ આપણે ખેડૂતને મહેનતનો રોટલો ખાનારો કહીએ છીએ, ને ખેતીના કામને મહેનતનું કામ ગણીએ છીએ. ખેડૂત ખેતીનું સારામાં સારું જ્ઞાન ધરાવતો હોય, ને તેને ઉત્તમ જમીન, ખાતર, બી ને બીજાં સાધન પૂરાં પાડવામાં આવે, પણ તે આળસુનો પીર હોય તો શું થાય ? ખેતીનું કામ ક્યાંથી સફળ થાય ? ખેતી માટેની જરૂરી પ્રવૃત્તિ તેણે કરવી જ જોઈએ.

તે ઉપરાંત એક બીજી વાત પણ વિચારવાની રહે છે. ખેતીની સિદ્ધિનો આધાર તેના પર પણ ઓછો રહેતો નથી. અત્યારનો જ વિચાર કરી જુઓ. હાલ દેશની દશા કેવી છે તે જાણો છો ? બિહાર, બંગાળ, આસામ ને બીજા પ્રદેશોમાં નદીઓમાં પ્રચંડ પૂર આવ્યા છે. તેથી લાખો લોકો ઘરબાર વિનાના ને બેહાલ બની ગયા છે. જમીન પર ખેડૂતોની આશા હતી, પણ તે આશા તૂટી ગઈ છે. ખેતરો સાફ થઈ ગયાં છે, ને પાકનો નાશ થઈ ગયો છે. લોકોની દશા દયાજનક થઈ પડી છે. કુદરતની દયા પર જીવનારો ખેડૂત આ દેશમાં આમ પણ ઘણું દયાજનક ને અચોક્કસ જીવન જીવે છે. તેનું ભાવિ ભાગ્યે જ સલામત હોય છે. મહેનતનું ફળ તેને ભાગ્યે જ પૂરેપૂરું મળી રહે છે. કોઈવાર અતિવૃષ્ટિ થાય તો કોઈ વાર અનાવૃષ્ટિ. કોઈ વરસે નદીઓના પાણી પાક પર ફરી વળે, તો કોઈ વરસે સારા પાકની આશા હોય ત્યારે તીડ પડે, પાકમાં રોગચાળો ફાટી નીકળે, કે કસમયનો વરસાદ ખાનાખરાબી કરે. બધું જ બરાબર હોય, ને ગરીબ ખેડૂતે સારા પ્રમાણમાં મહેનત કરી હોય, ત્યારે તે પોતે કે ઘરનાં માણસો બિમાર પડે કે પછી પોતાની જીવાદોરી જેવો બળદ મરી જાય. ખેડૂતની દશા કાંઈ ઓછી કપરી છે ? ખેડૂતના જીવનની કવિતા કાંઈ ઓછી કરૂણ છે ? બધી જાતના વિઘ્નોથી પર રહીને ખેતીના કામમાં સફળ થનારા ખેડૂતો પણ નથી એમ નહિ. તેવા ખેડૂતો

પણ છે જે ખેતી કરીને માલદાર બન્યા છે. પોતાના પરિશ્રમનું ફળ તે ભોગવી રહ્યા છે. ધરતી તેમની સાચી માતા બની છે, ને તેમને માટે ખરેખર આશીર્વાદરૂપ સાબિત થઈ છે. છતાં તેવા સુખી ખેડૂતોની વચ્ચે દુઃખી ખેડૂતો પણ વસી રહ્યા છે. તેમની સંખ્યા પણ નાનીસૂની નથી. વળી તેવા ખેડૂતોને પણ કુદરત કે દૈવને આધીન રહેવું પડે છે. ખેતીના કર્મની સિદ્ધિમાં દૈવ એ રીતે ખાસ ભાગ ભજવે છે.

**[ ૧૧ ] સાધનાનો વિચાર**

કર્મની સિદ્ધિના ગીતાએ કહેલા જરૂરી પાંચ મુદ્દા સાધનાના સંબંધમાં લાગુ પાડો તો પણ વાત સરળતાથી સમજાઈ જશે. સાધનાના ઉત્તમ ને ઉપયોગી કર્મને માટે સૌથી પ્રથમ સારા સ્થાન કે વાતાવરણની જરૂર પડે છે. સંતો ને શાસ્ત્રોએ શાંત, શુદ્ધ ને સુંદર સ્થાન પર ભાર મૂક્યો છે તેનું કારણ એ જ છે. એવા સ્થાનમાં મનની સ્થિરતા સહેલાઈથી સાધી શકાય છે ને સાધનાનું કામ સહેલું બને છે. જેવી રીતે બહાર તેવી રીતે અંદર પણ સમજી લેવાનું છે. સાધકે પોતાની અંદર પણ વાતાવરણ તૈયાર કરવાનું છે. તે માટે પણ બહારનું વાતાવરણ ખૂબ મદદ કરે છે.

પણ એટલા અધિષ્ઠાનથી શું થાય ? વાતાવરણ સારું હોય પણ તેનો લાભ લેનાર ન હોય તો નકામું. આપણે ત્યાં કેટલાય એકાંત સ્થળો ને મંદિરો છે પણ તેનો ઉપયોગ કરનારા સારા સાધકોની અછત છે. સારાં ને બધી રીતે અનુકૂળ સ્થળો જોઈને મને વારંવાર વિચાર આવે છે કે તે સ્થળોમાં કોઈ આદર્શ સાધકો રહેતા હોત તો તેમને શાંતિ સહેલાઈથી મળી શકત, ને જીવનની પૂર્ણતાના ધ્યેયને તે થોડો જ પ્રયાસ કરીને પહોંચી વળત. કોઈક સારા સાધકોને સારું સ્થાન નથી મળતું, વાતાવરણ તેમની વિરૂદ્ધ હોય છે એટલે તે મૂંઝાય છે. તેમની શક્તિ ખીલી શકતી નથી પણ કટાઈ જાય છે. આદર્શ સાધક ને આદર્શ સ્થાન બંનેને સુયોગ થઈ જાય તો કામ ઘણું સહેલું બની જાય.

સ્થાન સારું હોય, ને સાધક પણ સારો હોય, પણ તેને માર્ગ બતાવનાર ગ્રંથ કે ગુરૂ ન હોય, ને પોતાની અંદરથી માર્ગદર્શન મેળવીને આગળ વધવાની તાકાત પણ તેનામાં ન હોય, તો તેનું કામ કઠિન બની જાય. એકલે હાથે પૂરતી માહિતી વિના, સાધના કરવાનું તેને માટે મુશ્કેલ બને છે. કોઈ બહારના કે અંદરના સાધનની સહાયતા મળી જાય તો પણ સાધક ઉત્સાહી, ઉમંગી ને સતત પુરૂષાર્થ કરનારો ન હોય, તો સાધનામાં સફળ થવાનું તેને માટે અશક્ય બની જાય છે. સાધનામાં મન લગાડીને તેને માટે મોટામાં મોટો ભોગ આપવાની તેની તૈયારી હોવી જોઈએ. વળી ખોટી ભ્રમણા ને પ્રલોભનાદિના પાશમાં તેણે સપડાવું ન જોઈએ. અહંતા ને મમતામાંથી મુક્તિ મેળવવી જોઈએ ને એવી જરૂરતને પૂરી કરવી જોઈએ.

એ બધી વસ્તુની પૂર્તિ થાય તો પણ દૈવની પ્રતિકૂળતા હોય તો સાધનાની સિદ્ધિમાં વિલંબ થઈ શકે છે. માટે તો સારા સારા સાધકોને પણ વરસોનાં વરસો તપવું પડે છે, ને સિદ્ધિ માટે રાહ જોવી પડે છે. સાધનાની સફળતા માટે ધીરજ રાખીને યોગ્ય સમયની પ્રતીક્ષા કરવી પડે છે. વખત લંબાય તેથી હતાશ થવાથી કંઈ વળતું નથી. યોગ્ય ઘડી આવી પહોંચતાં સિદ્ધિની પ્રાપ્તિમાં પળનો વિલંબ થતો નથી.

કર્મની સિદ્ધિના ગીતાએ કહેલા પાંચ મુદ્દા એ પ્રમાણે કોઈ પણ કર્મના સંબંધમાં લાગુ પાડી શકાય છે.

**[ ૧૨ ] કર્મયોગીને ઉપયોગી બીજી વાત**

કર્મની સિદ્ધિના કારણરૂપ પાંચ મુદ્દાની વાત કરીને ભગવાન કર્મયોગીને એક બીજી વાતનો ઉલ્લેખ કરે છે. કર્મ કરવા છતાં પણ સકર્તા રહી શકાય, કર્મના પાશમાં ન સપડાવાય, તે માટે તેની માહિતી જરૂરી છે, કુરૂક્ષેત્રના મેદાનમાં સંબંધીઓ તેમજ પૂજ્ય વડીલજનોને જોઈને અર્જુનને મોહ થયો છે. સ્વજનોની હત્યા કરવાથી પાપ લાગશે ને ભયંકર દુઃખ ભોગવવું પડશે એ વિચારને લીધે તેના પગ ઢીલા થઈ ગયા છે. તે દશામાં તે લડવા માટે કેવી રીતે કબૂલ થાય ? ભગવાન તેને યુદ્ધમાં ભાગ લઈ ને વિજયનો ભાગી બનાવવાની ઈચ્છા રાખે છે. પણ તેના મનમાં પાપનો વિચાર છે ત્યાં સુધી કેવી રીતે સફળતા મેળવી શકાય ? માટે ભગવાન તેની આગળ પોતાના જીવનનો અનુભવ રજૂ કરે છે. ભગવાને પોતે પોતાના જીવનમાં નાના મોટા અનેક યોદ્ધાઓનો નાશ કર્યો હતો. મામા કંસને પણ મારી નાખ્યા હતા. અર્જુનની શંકાને જો સાચી માની લઈએ તો સંહારનાં એ કર્મો ભગવાનને માટે પાપરૂપ ગણાવા જોઈએ. તેને પરિણામે તેમને દુઃખ ભોગવવાનું ભાવિ નક્કી થાય. મહાભારતના યુદ્ધ પહેલાંના પ્રસંગોને જવા દઈએ તો પણ કૌરવો સાથેના યુદ્ધમાં અર્જુનના સારથિ બનીને તે આવી પહોંચ્યા છે. અર્જુનને લડવા માટે સમજાવી રહ્યા છે. એ રીતે તે યુદ્ધમાં સહકાર કરી રહ્યા છે, પક્ષકાર થયા છે. યુદ્ધમાં લડવાની યુક્તિ બતાવીને, ભીષ્મ જેવા મહાબળવાન યોદ્ધાનો મુકાબલો કરીને તે યુદ્ધમાં સક્રિય ભાગ પણ લઈ રહ્યા છે, અર્જુનની ચિંતા સાચી હોય તો તેમને પાપ જરૂર લાગવું જોઈએ. પોતાને સૃષ્ટિના સ્વામી, ધર્મના રક્ષક ને અધર્મના સંહાર તરીકે ઓળખાવનાર ભગવાન ભૂલેચૂકે પણ શું પાપકર્મમાં પ્રવૃત્ત થઈ શકે કે અધર્મ કરી શકે ? કદાપિ નહિ. તેવી કલ્પના પણ અર્થ વિનાની છે. તેવી શંકા અસ્થાને છે.

પરંતુ એટલાથી જ કાંઈ અર્જુનના મનનું સમાધાન ન થઈ શકે. તેના મનને કોરી ખાનારી પાપની ચિંતા કાંઈ એટલાથી જ ન શમે. વસ્તુસ્થિતિના ઊંડાણમાં ઊતર્યા વિના તેની શંકા ભાગ્યે જ ટળી શકે. માટે ભગવાન તેની આગળ પોતાના અનુભવની વાતની રજૂઆત કરે છે. ધર્મ ને ન્યાયની રક્ષા માટે છેલ્લા ઉપાય તરીકે કરવામાં આવતું આ યુદ્ધ ધર્મયુદ્ધ છે. તેમાં ભાગ લેવાથી પાપ નહિ લાગે બલ્કે તેની અવગણના કરવાથી જ પાપ લાગશે. કેમકે એ રીતે ક્ષત્રિયના ધર્મની રક્ષા માટે લડવાના ને જરૂર પડ્યે મરી ફીટવાના સ્વધર્મનો ભંગ થશે. અનીતિ, અધર્મ ને અનાચરણને પોષણ મળશે, એમ કહીને ભગવાન અર્જુનને કર્મના રહસ્યનું જ્ઞાન આપે છે. પોતે તે રહસ્યની મદદથી સંસારની રક્ષાનું કર્મ કરવા છતાં પણ અકર્તા રહ્યા છે, કર્મના બંધનમાં સપડાયા નથી. અર્જુન પણ તેની મદદ મેળવી લે, તેને ડરવાનું કોઈપણ કારણ ન રહે ને એકલા અર્જુનની વાત શા માટે કરીએ ? ભગવાનનો ઉપદેશ એકલા અર્જુનને માટે થોડો છે ? તેના પર એકલા અર્જુનનો અધિકાર થોડો છે ? તે તો સમસ્ત સંસારને માટે છે. તેનો લાભ લેવાની છૂટ સૌ કોઈને છે. તેનો લાભ લઈને જે ચાહે તે કર્મના બંધનમાંથી છૂટી શકે છે. ભગવાનનો ઉપદેશ કેવલ કોરો ઉપદેશ નથી. તેની પાછળ અનુભવનું પીઠબળ છે. તેથી જ તે વજનદાર ને વિશ્વાસલાયક છે, તેથી જ તેની ઉત્તમતા, સત્યતા ને કલ્યાણકારકતા વિશે શંકા કરવાનું કોઈ કારણ રહેતું નથી. તે પ્રમાણે ચાલવાથી કોઈપણ માણસનો ઉદ્ધાર થઈ શકશે, એમાં સંદેહ નથી. અર્જુનને ભગવાન પાસેથી જે મહાન પ્રેરણા ને શાંતિ મળી

રહી છે, તેનું મૂળ કારણ આ જ છે. જે વાત ભગવાન કહી રહ્યા છે તે તેમના જીવનમાં જડાઈ ગયેલી, આચરણમાં ઉતરી ચૂકેલી ને ભાવમાં વણાઈ ગયેલી છે.

ભગવાને કહેલી વાત કાંઈ નવી નથી. આ પહેલા ઠેકઠેકાણે તેનો ઉલ્લેખ થઈ ચૂક્યો છે, છતાં તેનો રસ એવો જ અખૂટ છે. રસિકોએ સુંદરતાનું વર્ણન કરતાં કહ્યું છે કે તે પ્રત્યેક પળે નવીનતા ધારણ કરે છે. તેને જોયા કરો ને તેનો રસાસ્વાદ લીધા કરો, પણ તમે કદી ધરાવાના કે થાકવાના નથી. દરેક વખતે નવા નવા રસનો અનુભવ થયા કરવાનો. તેવી રીતે ભગવાનની વાણીમાંથી પણ નવો નવો રસ ટપકતો રહે છે. તેનું પાન કરીને આપણને તૃપ્તિ થતી નથી કે થાક પણ લાગતો નથી. તેથી તન, મન ને અંતરનું વધારે ને વધારે પોષણ થાય છે. ઉષા ને સંધ્યાના રંગ તો આપણે રોજેરોજ જોઈએ છીએ ને તારા ને ચંદ્રની માધુરી પણ લગભગ રોજ માણીએ છીએ. છતાં તે પરથી વૈરાગ્ય થયો હોય એમ જાણ્યું નથી. તો પછી સૃષ્ટિની સમગ્ર સુંદરતા ને મધુરતા કરતાં અનેક ગણા વધારે સુંદર ને મધુર ભગવાનની વાણી પરથી આપણને વૈરાગ્ય કેવી રીતે થઈ શકે ? એવો વૈરાગ્ય કોઈ કાળે ન થાય એવું આપણે ઈચ્છીએ છીએ. ભગવાન ને તેમની વિશેષ વસ્તુ પરથી વૈરાગ્ય થઈ જાય તો જીવન નીરસ ને જડ બની જાય. એવા જીવનમાં આનંદ ક્યાંથી રહે ? તેનો અર્થ પણ શો રહે ?

ભગવાન કહે છે કે કર્તાપણાનું અભિમાન મૂકી દો તથા જે કર્મ કરવામાં આવે તેની સારીનરસી અસરથી મનને મુક્ત રાખવાની કળા શીખી લો. આ બે વાતો સમજી લો તો પાપ ને પુણ્ય જેવું કાંઈપણ રહેશે નહિ. કદાચ આખી સૃષ્ટિનો સંહાર કરવાનો વખત આવે તો પણ તમને તેનું પાપ નહિ લાગે. ભગવાનના હાથના હથિયાર બનીને ફરજનું પાલન કરવા માટે જે કર્મ કરાશે, તે તમને બાંધી નહિ શકે. ભગવાનના શબ્દોનું રહસ્ય અર્જુનને માટે નવું હતું છતાં પ્રેરક હતું, એટલે અર્જુનના અંતરમાં ઊઠેલા શંકા ને ભયના તોફાનને તેણે શમાવી દીધું.

**[ ૧૩ ] જ્ઞાનની વાત**

ભગવાનનો બીજો સંદેશ જ્ઞાનનો સંદેશ છે. તેનો ઉલ્લેખ આ અગાઉ અનેકવાર થઈ ચૂક્યો છે, પરંતુ હવે ગીતાનો ઉપદેશ પૂરો થતો હોઈ, મુખ્ય સાર-વાતોનો ઉપસંહાર કરવામાં આવે છે તેથી તે અસ્થાને લાગતો નથી. ભૂલેલા સાધકો કામની વાતોને ફરીવાર યાદ કરી જાય ને કાયમને માટે ગાંઠે બાંધી રાખે તે જરૂરી છે. કેમકે આ ઉપસંહારનો લાભ હવે ફરી મળવાનો નથી. ભગવાનના આ અધ્યાયના શબ્દો હવે છેલ્લા જ છે. તેને ધ્યાન દઈને સાંભળી લેજો.

જ્ઞાનના રહસ્ય પર પ્રકાશ ફેંકતા ભગવાન કહે છે કે સંસારના સઘળા પદાર્થોમાં એક પરમાત્માની સત્તા રહેલી છે. એ રીતે બહારના રૂપરંગની દૃષ્ટિએ જુદા હોવા છતાં બધાં પદાર્થો તત્વતઃ એક છે. જેને ઉત્તમ પ્રકારના જ્ઞાનની માહિતી થઈ છે તે આ પ્રમાણે સમજી લે છે. પરિણામે તેનું જીવન એકતા ને સમતાની મૂર્તિ જેવું બની જાય છે. તે અહંતા, મમતા, ભેદભાવ ને રાગદ્વેષથી મુક્તિ મેળવે છે. તે આ જ જગતમાં રહે છે ને કર્મ કરે છે. તેને માટે કોઈ નવા જગતનું નિર્માણ થતું નથી પરંતુ દૃષ્ટિ પલટાઈ જાય છે. તેની વૃત્તિમાં ફેર પડી જાય છે. બહારથી જોતાં તે જગતમાં રહેતો દેખાય છે પણ અંદરખાનેથી પરમાત્મામાં

વાસ કરે છે. જગતમાં તે બધે પરમાત્માનું દર્શન કરે છે. એ દશાને અભેદ દશા કહેવામાં આવે છે. તે જ્ઞાન અદ્વૈતજ્ઞાન પણ કહેવાય છે. તેની પ્રાપ્તિ કરનાર જ્ઞાની અથવા ઋષિ કહેવાય છે. ભારતના કેટલાક ઋષિવરો તેની પ્રાપ્તિ કરી ચૂક્યા હતા.

જ્ઞાન શા માટે છે ને જ્ઞાન મેળવીને માણસે ક્યાં પહોંચવાનું છે અથવા કેવા થવાનું છે, તેનો ખ્યાલ ભગવાનના શબ્દો પરથી સહેજે આવી જાય છે. આજે જ્ઞાનનો પ્રચાર વધ્યો છે. જ્ઞાન લેનાર ને આપનાર પણ વધ્યા છે તે આનંદની વાત છે. પણ ભગવાન જેનો નિર્દેશ કરવા માગે છે તે એકતા ને સમતાનો પ્રચાર ઓછો છે. તેનો પ્રચાર કેવી રીતે થઈ શકે ? તે કોઈ બળજબરીથી લાદવાની વસ્તુ નથી. અનુભવી માણસના જીવનમાં તેની સુવાસ આપોઆપ ઊઠવા માંડે છે. પુસ્તકો ને પ્રવચનોની મદદથી તેના મહિમાનો ખ્યાલ આપી શકાય, પણ અંતિમ આધાર તો અનુભવ જ છે. માણસે તેનો અનુભવ કરતાં શીખવાનું છે. તેમાં મદદ મળે તે માટે ભય, તિરસ્કાર, ને ભેદભાવ જગાવનારા સાહિત્યનો પ્રચાર બંધ કરવો જોઈએ. સાહિત્ય, શિક્ષા, સમાજના સિદ્ધાંતો ને રાજકારણમાં - એમ કહો કે જીવનમાં બધાં જ અંગોમાં નિર્ભયતા, પ્રેમ, મધુરતા ને એકતાની ભાવનાનો પ્રચાર થવો જોઈએ. સમસ્ત સંસારની વાત જવા દઈએ ને સંસારના પ્રતિનિધિ જેવા માનવની વાત કરીએ તો પણ કહેવું ને કબૂલવું પડે છે કે માણસ હજી જ્ઞાન કરતાં વધારે પ્રમાણમાં અજ્ઞાનમાં જ જીવી રહ્યો છે. તેથી જ તેનામાં ભેદભાવ, તિરસ્કાર, રાગદ્વેષ, હિંસાખોરી, અસમાનતા ને રંગભેદની નીતિ જેવી બીજી ગેરરીતિઓ કાયમ છે. તેના પાશમાંથી મુકિત મેળવીને તેણે જીવનની શુદ્ધિ કરવાની છે, પોતાની ને બીજાની સેવા કરવાની છે, તથા પ્રભુપરાયણ બનવાનું છે. ત્યારે જ તેનું જ્ઞાન સફળ થશે. જ્ઞાનનો સાચો મર્મ ત્યારે જ સમજી શકાશે.

જે જ્ઞાન માણસને પવિત્ર, પ્રેમમય, પ્રભુપરાયણ ને દૈવી સંપત્તિથી સંપન્ન ન કરે, જે પોતાના સત્યસ્વરૂપ આત્મા કે પરમાત્માનો પરિચય ન કરાવે ને જન્મમરણ તથા જગતના રહસ્યને ન જણાવે, તે જ્ઞાનને શું કરવાનું ? તે જ્ઞાન માણસનું શું ભલું કરે ? જુદા જુદા વિષયોની માહિતી મેળવીને મગજને સંગ્રહસ્થાન જેવું કરવું તેનું નામ જ્ઞાન નથી. ડીગ્રી મેળવીને સત્તા કે શ્રી મેળવીને ખુશ થવું તે પણ જ્ઞાન નથી. પુસ્તકો લખવામાં, વાંચવામાં, વિચારવામાં ને પ્રવચનો કરવામાં, પટુતા પ્રાપ્ત કરવામાં પણ જ્ઞાનનો સમાવેશ થતો નથી. જ્ઞાન તો અનુભવમાં છે, અભેદ દર્શનમાં છે, પરમાત્માની ઝાંખી કરવામાં ને પૂર્ણતા મેળવવામાં છે. ભવસાગરની ભૂલભૂલામણીમાંથી બહાર નીકળવામાં છે. તેને ગ્રંથ કે શિક્ષક સાથે કંઈ જ લેવાદેવા નથી. નિરક્ષર કહેવાતા માણસો પણ તેની પ્રાપ્તિ કરી ગયા છે ને સાક્ષર તેનાથી અછૂત રહ્યા છે.

નિરક્ષર કે સાક્ષરની સાંસારિક વ્યાખ્યા ગમે તેવી હોય, ગીતામાતા તો કહે છે કે સંસારમાં સર્વત્ર રહેલા પરમાત્માના દર્શન કરીને જે સમતામાં સ્થિતિ કરે તે જ સાક્ષર. બાકી બધા જ નિરક્ષર. પંડિત પણ તે જ જે પરમાત્માને જાણી લે. આચાર વિનાના કેવલ વાચાળ, પોથી-પંડિતોને ગીતા પંડિતોનો માનભર્યો ઈલ્કાબ આપવા તૈયાર નથી. આજના કેટલાક ભણેલા માણસો, પંડિતો ને સાક્ષરો કરતાં તો નિરક્ષર કહેવાતા કે ઓછું ભણેલા મજૂર, ખેડુત ને ફેરિયાઓમાં વધારે શ્રદ્ધા, સચ્ચાઈ ને સ્વાશ્રયની ભાવના જોવામાં આવે છે. સંપ સહકાર પણ સારા પ્રમાણમાં દેખાય છે. આંખને આંજી નાખે તેવો પોશાક તેમની પાસે ન હોય ને તેમનામાંના વધારે ભાગના માણસો સમાજ, શિક્ષણ ને રાજકારણના અટપટા વિષયોની ચર્ચા કરવાની તથા

વિજ્ઞાનના કોયડા ઉકેલવાની શક્તિ ન ધરાવતા હોય તેથી શું થયું ? તેમના તન, મન ને અંતર વધારે તંદુરસ્ત છે. તેટલે અંશે તે આગળ વધેલા છે. સ્કૂલ ને કૉલેજની કેળવણી લઈને તેમના કરતા જે પોતાને શ્રેષ્ઠ માને છે ને તેમને પછાત અને જંગલી કહી તિરસ્કારની નજરે જુએ છે, તેમને સુધરેલા ને શિક્ષિત કેવી રીતે કહી શકાય ? તેનો વિચાર તમે તમારી મેળે જ કરી લેજો. માણસને કેળવણીની જરૂર છે તેની ના નહિ. જીવનના ઘડતરમાં તે મદદ કરે છે તેની પણ ના નહિ, પણ જે કેળવણી તેને પરાવલંબી, પરાધીન, અસ્થિર, આળસુ, અહંકારી ને અક્કડ બનાવે, તથા પોતાના જેવા બીજા માણસો માટે ભેદભાવ જગાવે, તે કેળવણીથી તેનો કે કોઈનોય ઉદ્ધાર કેવી રીતે થાય ? દુઃખી, રોગી, એકલવાયા ને અનાથને જોઈને જે પીગળે નહિ, ને બીજાની વેદનાના પરિણામે પ્રેમ, હમદર્દી ને દયાના પ્રવાહ બનીને વહેવા માંડે નહિ; સત્ય ને સંયમને જે અપનાવે નહિ, ને તન ને મનના બંધનમાંથી મુક્ત કરીને માણસને પરમશાંતિ આપે નહિ, તે કેળવણીને શું કરવાની ?

બુદ્ધિ ને હૃદય બંનેને ન્યાય આપનારી ને આત્માનો વિકાસ કરનારી કેળવણી જ આદર્શ કેળવણી છે. તે કેળવણીને આપણે જીવન ઉજ્જવલ કરનારી કેળવણી કહી શકીશું. નિરક્ષરતાને આપણે પસંદ કરતા નથી પણ માનવતાનો મૃત્યુઘંટ વગાડનારી સાક્ષરતા પણ આપણને સારી લાગતી નથી. માનવતાની માવજત કરીને પરમાત્માની પાસે પહોંચાડનારી સાક્ષરતાનો આપણે સત્કાર કરીએ છીએ. જ્ઞાન પણ તે જ જે માનવની જડતાને દૂર કરી તેને પોતાનું સત્યસ્વરૂપ સમજવામાં કે સત્યમય પરમાત્માનું દર્શન કરવામાં મદદ કરે. એવા જ જ્ઞાનની આપણે જરૂર છે. એવા જ્ઞાનના પૂજારી થવા સૌએ તૈયાર થવાનું છે. તે કોઈ પુસ્તક, પુસ્તકાલય કે પાઠશાળામાં જ છે એમ નથી, તે તો સમસ્ત સંસારમાં ને માનવના અંતરાત્મામાં રહેલું છે. તેનો અનુભવ કરવાની જરૂર છે.

પ્રકૃતિ એક મોટી પાઠશાળા છે. કહો કે યુનિવર્સિટી છે. તેનો લાભ લેવાની કળા જાણી લો તો તમે પરમ જ્ઞાનની પ્રાપ્તિ કરી શકશો. નિર્મળ નીરમાં પોતાના અંતરને ઓતપ્રોત કરી દઈને વહી જતી નદી, ફોરમથી ભરપુર બનીને સહજ સ્મિત કરતાં ખીલી ઊઠેલા ફૂલ, પંખીના સુમધુર સૂર ને સંધ્યા, ઉષા, તારા ને વિશાળ સાગર સાથે ખેલનારા સૂરજનું નૂર, બધામાં તમને જ્ઞાનના ભંડાર ભરેલા લાગશે. તેનો સંપર્ક સાધીને તમે પુસ્તક, પાઠશાળા ને યુનિવર્સિટી કરતાં પણ વધારે શ્રેષ્ઠ શિક્ષણ મેળવી શકશો. માનવ સ્વભાવનું ને જીવનના પ્રસંગોનું નિરીક્ષણ કરવાથી પણ તમે ઘણું ઘણું મેળવી શકશો. તમારી આજુબાજુની દુનિયાનો વિચાર કરવાથી જ્ઞાનનાં કેટલાંય રહસ્યો સમજી શકશો. તે બધાનો લાભ લેવા તૈયાર રહેજો. કેવળ પુસ્તકપ્રિય, ડીગ્રીપ્રિય કે ગ્રંથકીટ બનતા નહિ. તમારી યુનિવર્સિટીના વર્તુળને વધારે ને વધારે વિશાળ બનાવજો, સમસ્ત સૃષ્ટિમાંથી શિક્ષા મેળવીને સંયમી, સમબુદ્ધિ ને ઉદાર થવાનો પ્રયાસ કરજો.

**[ ૧૪ ] સંતો કે ભક્તોનું ભણતર**

બહારના જ્ઞાનને જ જ્ઞાન માનનારા માણસો કોઈ વાર કોઈ સંત કે ભક્તની મુલાકાત લે છે, ત્યારે તે કેટલું ભણેલા છે તે જાણવા પ્રયાસ કરે છે. તે પરથી સમજી શકાશે કે તે પ્રયાસ બહુ સારો નથી. સંત, જ્ઞાની, ભક્ત કે યોગી કેટલું ભણ્યા છે તે જાણવાની કંઈ જ જરૂર નથી. ભણતરનો અર્થ જો સ્કૂલ-કોલેજનું ભણતર કરવામાં આવે, તો તેવા ભણતરની તેમને જરૂર નથી એ જાણી લેવું જોઈએ. સ્કૂલ કે કોલેજનું ભણતર આત્મિક સાધનાના માર્ગમાં જરા પણ જરૂરી નથી. કોઈ તેનો આશ્રય લે તો ખોટું પણ નથી, તેથી વંચિત રહેલો માણસ પણ પવિત્ર ને સંયમી બનીને પરમાત્માની પ્રાપ્તિ સાધના કરી શકે છે. એમ કરીને આજ સુધી કેટલાંય સાધકો સફળ થઈ ગયા છે. એટલે ખાસ વસ્તુ બહારનું ભણતર નથી, પણ અંદરનું ભણતર છે ને અંદરના ભણતરની પરીક્ષા કેવી રીતે કરી શકાય ? સંત કે જ્ઞાની પુરૂષમાં કેટલું જ્ઞાન ભરેલું છે, કેળવણીની પોતાની વિશિષ્ટ પદ્ધતિનો આધાર લઈને તેણે પોતાની જાતને કેટલા પ્રમાણમાં કેળવી છે, તેનો નિર્ણય કોણ ને કેવી રીતે કરી શકે ? જેની પાસે અંતરદૃષ્ટિ હોય તે તેમના લાંબા સમાગમ પછી જ તેનું રહસ્ય સમજવામાં સાધારણ જેવી સફળતા મેળવી શકે. એટલે બહારના ભણતર પર બહુ ભાર મૂકવાની જરૂર નથી. બહારના ભણતરવાળો પુરૂષ સારો સાધક કે સંત હશે એમ માની લેવાનું પણ કોઈ કારણ નથી.

એક મહાપુરૂષ ભારે અનુભવી ને ઈશ્વરદર્શી હતા. તે સ્કૂલ કે કોલેજમાં ગયા ન હતા પણ તેમનું અનુભવસિદ્ધ જ્ઞાન મોટા મોટા પંડિતોને પણ ચકિત કરી દે તેવું હતું. એક વાર એક યુનિવર્સિટીમાં કેળવણી લઈને નીકળેલા જિજ્ઞાસુએ તેમને પૂછ્યું કે તમારૂ જ્ઞાન હેરત પમાડે તેવું છે. તમે કેટલું ભણ્યા છો તે કહેશો ?

તે મહાપુરૂષે સ્મિત સાથે ઉત્તર આપ્યો કે, 'તે કેવી રીતે કહી શકાય ? તમે અનુભવ કરો તો ખબર પડે. મારો અભ્યાસ પુસ્તકની મદદ વિના જ થયો છે. મારી પાસે ભણતરની કોઈ આધુનિક ડીગ્રી નથી. અનુભવ કરીને તમે જ નક્કી કરો તે ખરું.'

તે મહાપુરૂષની વાત સાચી હતી. ઉપર ઉપરથી જોનારને તેમની યોગ્યતાનો ખ્યાલ ક્યાંથી આવી શકે ? આપણે હમણાં જ કહી ગયા કે ડીગ્રી કાંઈ ભણતર નથી. ભણવાની ક્રિયા તો જીવનમાં નિરંતર ચાલ્યા જ કરે છે. આ જીવન યુનિવર્સિટી છે ને કુદરત એક મોટું વિશ્વવિદ્યાલય, માણસ જો વિચારશીલ હોય તો તેમાંથી ઘણું જ્ઞાન મેળવી શકે છે. ચોવીસ ગુરૂ પાસેથી શિક્ષા લેનારા દત્તાત્રેય શું ભણ્યા હતા ? તેમની વિચાર કરવાની શક્તિ જાગ્રત હતી તો તે મહાન બની શક્યા. કબીર, સૂર, મીરાં, નરસિંહ ને તુકારામ કઈ યુનિવર્સિટીમાં દાખલ થયા હતા ? આધુનિક પદ્ધતિની યુનિવર્સિટીમાં નહિ, પણ પ્રભુના પ્રેમની મહાન યુનિવર્સિટીમાં. પરિણામે તે મહાન જ્ઞાની થઈ શક્યા. શબરી ને વૃંદાવનની ગોપીઓનો વિચાર કરો. સદન કસાઈ, નામદેવ ને ચોખામેળાનો ખ્યાલ કરો. હમણાં હમણાં થઈ ગયેલા શ્રીરામકૃષ્ણ પરમહંસ ને સાંઈબાબાનો વિચાર કરો. આધુનિક ભણતરથી તે છેક અછૂત રહ્યા હતા એમ કહીએ તો ચાલે. છતાં તેમને નિરક્ષર કે અશિક્ષિત કહેવાનું સાહસ કોણ કરી શકે ?

યુનિવર્સિટીને પત્થર કે ઈંટના મકાન પૂરતી સીમિત કરી દેવાની જરૂર નથી. તે તો ઘણી વિશાળ ને વિરાટ છે. ભણવા ને સમજવા જેવા એક પરમાત્માના શબ્દને તે ભણીને સમજી ચૂક્યા હતા, અક્ષય પદાર્થની તેમણે પ્રાપ્તિ કરી હતી. એ રીતે વિચાર કરો તો તેમનું ગૌરવ અસીમ લાગ્યા વિના રહેશે નહિ, જીવનની

મોટામાં મોટી કળા, શુદ્ધ સંયમી ને પૂર્ણ થવાની અથવા પરમાત્માને ઓળખવાની કળા છે. બધી કળાથી તે કળા ચઢી જાય છે. કળાનું મુખ્ય ધ્યેય તે જ છે. મહાપુરૂષો તે કળાના રસિયા હોય છે, ને તેમાં પારંગત થઈને કૃતાર્થ થયા હોય છે. માટે તે 'માસ્ટર ઓફ આર્ટસ, કે 'એમ. એ.' છે, એમ કહી શકાય. તત્વજ્ઞાનની મદદથી તેમણે મૂળ તત્વને જાણી લીધું છે, સમસ્ત સમસારમાં તેનો અનુભવ કરીને તે સૌની સાથે એકતા અનુભવે છે. બીજાનાં દુઃખ તેમને સ્પર્શે છે ને તેને દૂર કરવાની ઈચ્છા રાખે છે, માટે 'ડૉકટર ઓફ ફિલોસોફી' કે પી. એચ. ડી. છે ને નરમાંથી નારાયણ થવાને લીધે તેમનો દરજ્જો તેથી પણ ઊંચો છે.

આધુનિક વિશ્વવિદ્યાલયો પાસે તેમને માટે યોગ્ય એવી ડીગ્રી જ ક્યાં છે? ગીતાએ તેમને સ્થિતપ્રજ્ઞ, યોગી, પૂર્ણ પુરૂષ કે ગુણાતીતની ડીગ્રી આપી દીધી છે. ભક્ત, જ્ઞાની ને મુક્તાત્મા કહીને પણ તેમનો પરિચય કરાવ્યો છે. કબીર, સૂર, નરસી ને તુકારામ જેવા મહાપુરૂષો એવા મહાન ડીગ્રીધારી હતા. ડીગ્રીધારી કરતાં પણ તેમનું જ્ઞાન વધારે હતું. તેમનું જીવન પૂર્ણ, મુક્ત ને કૃતકામ હતું. તેવા મહાન પુરૂષોના ભણતરની કલ્પના કોણ ને કેવી રીતે કરી શકે ? તે કેટલું ભણ્યા છે એ જાણવાનો પ્રયાસ પણ કેટલો વિચિત્ર ગણાય ? સૃષ્ટિના સ્વામી ને સંસારની શાશ્વત સેવામાં તેમણે પોતાની જાતને કુરબાની કરી છે. માટે તેમનો દરજ્જો આઈ. સી. એસ. થી પણ ઊંચો છે.

માણસે વિચાર કરતા શીખવાની ને શુદ્ધ થઈને અભેદ દર્શન કરવાની જરૂર છે. તે વિનાનું ભણતર કોડીની કિંમતનુંયે નથી. સાચાં જ્ઞાનની મૂર્તિ બનીને બહાર પડનારા સ્નાતકોની આપણને આવશ્યકતા છે. જે જ્ઞાનથી ભેદભાવ વધે, કુસંપ થાય ને અહંકાર તથા અન્યાયને પોષણ મળે તે જ્ઞાનથી માણસે દૂર રહેવાની જરૂર છે. તે જ્ઞાનને ઉત્તમ જ્ઞાન કહી શકાય નહિ.

**[૧૫] મહાપુરૂષોની જ્ઞાનમય પ્રવૃત્તિ**

મહાપુરૂષો જ્ઞાનની મૂર્તિ જેવા હોય છે. તેમની પ્રવૃત્તિ જ્ઞાનમય હોય છે. તેમની સાધારણ જેવી ક્રિયા પાછળ પણ ઊંડું રહસ્ય રહેલું હોય છે. તેમના સમાગમથી માણસને કાંઈ ને શીખવાનું મળે છે. બદરીનાથમાં એક મહાપુરૂષ રહેતા હતા. એક જિજ્ઞાસુએ તેમની મુલાકાત લીધી. તેમનું સ્થાન શાંતિમય હતું. જિજ્ઞાસુને શાંતિ મળી. બહાર ચારે તરફ આકાશને અડવા માટે હરીફાઈ કરી રહેલા ઊંચા ઊંચા પર્વતો હતા, આશ્રમની બાજુમાં અલકનંદા અત્યંત નિર્મળ બનીને વહી રહી હતી. પવિત્રતા પોતે જાણે પ્રવાહના રૂપમાં પ્રકટ થઈ હોય એમ લાગતું હતું. વાતાવરણ શાંત ને હૃદયસ્પર્શી હતું. સંતની કુટિયા પણ સાફ હતી. અંદરની વસ્તુઓ વ્યવસ્થિત હતી. તેમની તરફ પેલા જિજ્ઞાસુનું ધ્યાન ખેંચાયું તો ત્યાં તેણે એક અજબ જેવી વસ્તુ જોઈ. સંતના આસનની સામે એક પાણીથી ભરેલી બાટલી પડી હતી બહાર ગંગાનું આટલું બધું પાણી છે ને ઝરણાં પણ સારા પ્રમાણમાં છે. છતાં બાટલીમાં પાણી રાખવાનું શું કારણ ? કોઈ આરાધ્યદેવીની જેમ સંતપુરૂષે તે બાટલીને પોતાની પાસે જ રાખી હતી, જિજ્ઞાસુને આશ્ચર્ય થયું. કેટલીક ઉપલક વાતો કરી લીધા પછી તેણે પૂછ્યું કે 'મહારાજ, આ બાટલીમાં પાણી લાગે છે. તે રાખવાનું કારણ શું, તેમાં કાંઈ રહસ્ય ભરેલું છે ?'

સંતે સ્મિત સાથે ઉત્તર આપ્યો કે 'ભાઈ, બાટલી તો મારી પ્રેરણાદેવી છે. દત્તાત્રેયે ચોવીસ ગુરૂ પાસેથી શિક્ષા મેળવી. તેમ મને પણ આ બાટલી પાસેથી શિક્ષા મળે છે. બાટલી કેવી સાફ છે ! તેની અંદરનું

પાણી પણ કેટલું નિર્મળ છે ! મારું હૃદય પણ તેવું જ નિર્મળ બની જાય ને તેમાં પ્રભુનો પવિત્ર પ્રેમ પ્રગટે એવી મારી ઈચ્છા છે. તેમ થતાં જીવન સફળ થશે. એ આદર્શને નજર સામે રાખીને હું આ અલૌકિક ભૂમિમાં બેઠો છું. બાટલી ને તેની અંદરનું પાણી મને એ આદર્શની સતત યાદ આપે છે. ગંગાને જોઈને મને એ જ વિચાર આવે છે કે મારું જીવન પણ આવું પવિત્ર, પ્રેમમય ને મધુર બનીને બીજાને સુખ, શાંતિ ને આનંદનો અનુભવ કરાવતું ક્યારે વહેવા માંડશે ? એ ગંગાના પ્રતીક જેવું આ પાણી મને એ જ પ્રેરણા આપ્યા કરે છે. એ પ્રેરણા ને આદર્શની યાદ જો ભૂલાઈ જાય તો જીવન નીરસ બની જાય, એકાંતવાસ ને સાધનાનો કાંઈ અર્થ રહે નહિ, ને વિકાસ અટકી જાય. એવું ન બને તેથી આ બાટલીને મેં મારી સામે રાખી છે ને જ્યાં જવાનું થાય છે ત્યાં તેને મારી સાથે લઈ જાઉં છું. તીર્થાટન ને ગ્રંથોના અધ્યયનથી પણ જે હેતુ ના સરે તે શુદ્ધ ભાવનાને પોષવાનો હેતુ તેનાથી સંગીનતાથી સરી રહે છે. હવે તમે જ કહો તેને મેં મારી પ્રેરણાદેવી કહી છે તેમાં કાંઈ ખોટું છે ?'

આ સાદા, સીધા ને સરળ ખુલાસાથી જીજ્ઞાસુને સંતોષ થયો. ત્યાંથી પાછા વળ્યા પછી એક બીજા મહાપુરૂષને તેણે આ વિશે વાત કરી. તે મહાપુરૂષે શાંતિથી સમજાવ્યું કે 'ભાઈ, મહાપુરૂષોની જીવનચર્યા એવી જ રહસ્યમયી હોય છે. સંસાર જ્ઞાનમય છે કેમ કે તે જ્ઞાનરૂપી પરમાત્માનું સાકાર સ્વરૂપ છે. તેના અણુએ અણુમાં અલૌકિકતા ને પ્રત્યેક પદાર્થમાં પ્રેરણા ભરેલી છે. ફક્ત તેનો લાભ લેતાં આવડવું જોઈએ. મહાપુરૂષોનું જ્ઞાન એવા સાધારણ લાગતા પદાર્થોમાંથી પ્રકટ થાય છે. તેથી તે હૃદયસ્પર્શી ને અદ્‌ભુત હોય છે તમે પણ દૃષ્ટિ કેળવો ને તેનો લાભ લેતા શીખી લો તો ઉત્તમ જ્ઞાનની પ્રાપ્તિ કરી શકશો. જીવન તમારે માટે મોટું વિશ્વવિદ્યાલય બની જશે.'

મહાપુરૂષોની વાણી તો પ્રેરણારૂપ થઈ જ પડે છે. પણ તેમની સાધારણ ક્રિયાઓ પણ મહાન પ્રેરણાથી ભરેલી હોય છે. મહાપુરૂષોના જીવનની આવી અનેક વાતો રજૂ કરી શકાય. પણ અહીં તો આટલી વાતો જ બસ થશે. તેમાંથી આપણે સાર ગ્રહણ કરવાનો છે. સમજી લેવાનું છે કે મહાપુરૂષો હાલતા ચાલતા વિશ્વવિદ્યાલય જેવા છે. કોઈ પણ જાતના ભેદભાવ વિના તે સૌને માટે શિક્ષારૂપ થઈ પડે છે. તેમની પાસેથી અવનવી શિક્ષા મળી રહે છે. જીવનના ઘડતરની જરૂરી સામગ્રી મળી રહે છે. તેની કોઈ ફી નથી. ફી માનો તો તેમનો સત્સંગ કરવાની રુચિને માની શકાય. ગરીબ ને અમીર, નિરક્ષર ને સાક્ષર, સ્ત્રી ને પુરૂષ, સૌને માટે તેમના દ્વાર ઉઘાડાં છે. લોકજીવન પર તેમની અસર ઘણી ભારે પડે છે. કેટલાયને સુધારવામાં, પથભ્રષ્ટને સાચા પથનું દર્શન કરાવવામાં ને ઉદ્ધારવામાં મદદરૂપ થઈ પડે છે. સમાજ પર તેમનો ઉપકાર ઘણો ભારે છે. લોકમાનસને કેળવવામાં ને પ્રજાને પ્રેરણારૂપ થવામાં તેમનો હિસ્સો ઘણો મોટો છે. માટે જ તેમની સેવા ને સમાગમ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

**[ ૧૬ ] કર્મનું રહસ્ય**

મહાપુરૂષોનાં કર્મો મંગલ હોય છે. તે કોઈ તરફના રાગદ્વેષથી પ્રેરાઈને નહિ, પણ તટસ્થ ભાવે ને સૌના હિતની કામનાથી કરવામાં આવે છે. અહંકાર ને આડંબર તો તેમની પાસે ફરકી શકતાં પણ નથી. સરળતા ને નમ્રતાની મૂર્તિ બનીને નિસ્વાર્થ ભાવે સૌની સેવા કરવા તે તૈયાર રહે છે. તેમનું જીવન પ્રેમ,

પવિત્રતા, સેવા ને સમર્પણનું સાકાર સ્વરૂપ હોય છે. સાધારણ માણસોનાં કર્મો અહંકાર, કામના ને રાગદ્વેષથી પ્રેરાઈને થાય છે. સ્વાર્થ વિના બીજો વિચાર તેમને આવી શકતો જ નથી. પણ અજ્ઞાની તદ્દન ખરાબ દશામાં જીવી રહ્યા છે, તેમની વાત તો તેથી પણ જુદી છે. તે વધારે ભાગે આસુરી સંપત્તિથી ભરેલા હોય છે. એટલે તેમના કર્મો મોહમય, હિંસા કરનારા હોય છે. તેવા કર્મોનો ત્યાગ કરીને માણસે ઉત્તમ બનવા પ્રયાસ કરવો જોઈએ.

માણસો કર્મ કરે છે, પણ તેમનામાં ધીરજ, ઉત્સાહ ને પ્રેરણાનો અભાવ દેખાય છે. હિંમત, નીડરતા, આશા ને શ્રદ્ધા પણ ભાગ્યે જ જોવા મળે છે. તેમનાં કર્મો વધારે ભાગે વેઠ માનીને ન છૂટકે કરાતાં યાંત્રિક કર્મો હોય છે. તેમના વિના ન ચાલી શકે તેવું પણ હોતું નથી. જીવનમાંથી અભય, સ્થિરતા, શાંતિ ને આનંદ કેમ અદૃશ્ય થઈ ગયા છે ? વિદ્યાર્થી, શિક્ષક, દાક્તર, વકીલ, સમાજસેવક કે રાજપુરૂષના મુખ પર કેમ નૂર નથી ? માનવી પ્રસન્નતા ને પ્રેમને બદલે નીરસતા ને દ્વેષ કેમ મેળવવા માંડ્યો છે ? એ રીતે પ્રજાનું જીવન સુધરી શકે નહિ, જીવનનો આનંદ તેને મળી શકે નહિ. ચિંતા, ઈર્ષા, ભય ને કામ ક્રોધને દૂર કરી તથા શરીર, મન ને ઈન્દ્રિયો પર કાબુ કરીને માણસે સંસારમાં શ્વાસ લેવો જોઈએ. પ્રેમ, દયા, પવિત્રતા ને સેવાભાવને અપનાવવા જોઈએ. ત્યારે જ જીવન નંદનવન બની શકે, તેથી પણ ઉત્તમ થઈ શકે, ને સંસાર પણ ત્યારે જ શાંતિમય બની શકે.

**[ ૧૭ ] સાત્વિક સુખ–૧**

ભગવાને બધી વસ્તુઓની પેઠે સુખને ત્રણ વિભાગમાં વહેંચી દીધું છે. સાત્વિક સુખ, રાજસ સુખ ને તામસ સુખ. આપણી પદ્ધતિ પ્રમાણે તેને ઉત્તમ, મધ્યમ ને કનિષ્ટ સુખ કહી શકીએ. સાત્વિક કે ઉત્તમ સુખ કેવું છે તે જાણો છો ? શરૂઆતમાં તે દુઃખકારક દેખાય છે અથવા કડવું ઝેર જેવું લાગે છે, પરંતુ પાછળથી તેનો સ્વાદ વધી જાય છે. છેવટે તે અમૃતમય સાબિત થાય છે. મધ જેવું મીઠું થઈ પડે છે, ને તન, મન તથા અંતરને તાજગી આપે છે, જીવનને અમૃતમય કરી દે છે, ને પ્રસન્નતા તથા પરમાનંદથી ભરી દે છે, નવજીવનનું દાન કરે છે.

માતા બાળકને દવા પાય છે, તે વખતે બાળકની દશા કેવી કરૂણ થઈ જાય છે ! તે રડવા માંડે છે ને ધમપછાડા કરે છે. હાથપગ પકડીને માતા તેને બળજબરીથી દવા પાય છે. તેનું મોઢું પણ બગડી જાય છે. પણ માતા તે તરફ ખાસ ધ્યાન આપતી નથી. તે જાણે છે કે દવા બાળકને કડવી ને દુઃખદાયક લાગે છે પણ અંતે તેને માટે સુખકારક છે. માટે તે તેને બળજબરીથી પણ પાયા કરે છે. બાળક મોટું થાય છે ને સમજવા માંડે છે, ત્યારે માતાએ કરેલો ઉપકાર યાદ કરીને ગદ્‌ગદ્‌ બની જાય છે. મોટા માણસોને પણ દવા પીવાનો પ્રસંગ આવે છે ત્યારે તેમનું મોઢું બગડી જાય છે. પણ તે જાણે છે કે દવાનું પરિણામ સારૂં છે. દર્દને દૂર કરીને અંતે તે આરોગ્યનો આનંદ આપે છે. તેથી આંખો મીંચીને પણ તે દવા પી જાય છે. કેટલીકવાર માણસો લીમડાનો રસ પીવાનો નિર્ણય કરે છે. તેના ગુણની તેમને ખબર હોય છે પણ રસ પીવા ભેગા થાય છે ત્યારે કેટલાકનું મન પાછું પડે છે. કડવાશનો કંટાળો હોવાથી તેવા માણસો લીમડાના રસમાં ખાંડ નાંખીને તેને સ્વાદિષ્ટ કરવાનો પ્રયાસ કરે છે. બીજા માણસો લીમડાના ગુણને જાણે છે, એટલે એમને એમ જ

પીવાનું પસંદ કરે છે, પણ તેમનું મોં કેટલીકવાર બગડી જાય છે. લીમડાનો રસ તેમને માટે દુઃખદાયક દવા જેવો થઈ પડે છે પણ પરિણામે તે ભારે સુખકારક થઈ પડે છે. શરીરના વિકાર દૂર કરીને નવજીવન આપે છે. દવા ને લીમડાના રસનું એ સુખ સાત્વિક અથવા ઉત્તમ કહી શકાય.

સત્સંગનો વિચાર કરો. સત્સંગ શરૂઆતમાં કડવો લાગે છે. સાધારણ રીતે માણસોને તેમાં ખાસ રસ લાગતો નથી. તે ગપાટા મારવાનું પસંદ કરે કે વખતને આળસમાં પસાર કરી નાંખે, પણ સત્સંગનો આનંદ લે નહિ. કોઈ સારા સ્થાનમાં કે સારા પુરૂષની પાસે જવાનું ન ગમે. સારા ગ્રંથનું સેવન પણ તેમને ભારરૂપ ને કડવું લાગે. સત્સંગનો પૂરો અવકાશ હોય, ને તેનો લાભ લેવાના બધા રસ્તા ખુલ્લા હોય, તો પણ તે લાભ ન લે. કેટલીક વાર તો તેમના ઘરની બાજુમાં જ હરિકથા થતી હોય, કીર્તન ચાલતું હોય કે કોઈ મહાપુરુષની પધરામણી થઈ હોય, તો પણ તેનો લાભ લેવાની ઈચ્છા પણ તેમને ન થાય. ભલેચૂકે કોઈવાર સત્સંગમાં જવાનું થયું હોય, તો જ્યાં સુધી સત્સંગ ચાલે ત્યાં સુધી તેમને જરાય ચેન ન પડે ને શાંતિ ન થાય. કોઈ શિકારીની જાળમાં સપડાયેલા પંખીની પેઠે તે નિરાધાર બની જાય. તેમને માટે તેટલો વખત જુગ જેવો વીતી જાય, ને ઝેરરૂપ સાબિત થાય. પણ એ દશા કાંઈ કાયમને માટે ટકી રહે છે ? વખત વીતતાં તેવાં માણસો પણ સત્સંગનો સ્વાદ સમજે છે. તેમને સત્સંગ કે કથા કીર્તનમાં રસ પડે છે ને પછી તો તેમની દશા ખૂબ વિચિત્ર થઈ પડે છે. તેમના દિલમાં સત્સંગની ભૂખ લાગે છે. સત્પુરૂષો ને સદ્‌ગ્રંથોના સમાગમની તેમને તીવ્ર તરસ લાગે છે ને તેમના વિના તે બેચેન બની જાય છે. સત્સંગ શરૂઆતમાં તેમને માટે કલેશકારક ને કંટાળારૂપ હતો, તે હવે આનંદદાયક થઈ પડે છે. રસના અખૂટ ઝરા જેવો ને અંતરને શાંતિ દેનારો ને આરામ આપનારો થઈ પડે છે. માછલીને પાણીની બહાર રાખવાથી તે જીવી શકતી નથી ને ટળવળાટ કરી મૂકે છે તેમ સત્સંગ વિના તેમની દશા કફોડી થઈ જાય છે. તેના વિના તેમને જીવન નીરસ, અસાર ને ભારરૂપ લાગે છે. પછી તો તેમની અવસ્થા જ એવી થઈ જાય છે કે સત્સંગ તેમને માટે સ્વાભાવિક થઈ પડે છે. કોટિ ઉપાયે પણ તેને તે છોડી શકતા નથી. બહારના સત્સંગનો આનંદ લૂંટ્યા કરે છે.

એક ગામમાં એક મહાત્મા પુરૂષ પધારેલા. તેમનું પ્રવચન ગોઠવેલું. ગામના રસિયા માણસો ટોળે વળ્યા હતા. તેમને માટે તે ઉત્સવનો દિવસ હતો. ગામમાં ચૌટે ને ચકલે લોકોની ઠઠ જામી હતી. બધે મહાત્મા પુરૂષની વાતો ચાલતી હતી. નક્કી સમયે પ્રવચન શરૂ થયું. ગામમાં ઠેકઠેકાણે લાઉડસ્પીકરની વ્યવસ્થા હતી એટલે બધાને પ્રવચનનો લાભ મળે તેમ હતું. પ્રવચન શરૂ થયું ને સાંભળનારને ખૂબ આનંદ થયો. વિષયની રજૂઆત કરવાની શૈલી, ભાષાની સરળતા, પ્રવાહિત ને સચોટતા ખૂબ અજબ હતી. માણસો મંત્રમુગ્ધ બનીને, કાગળ પર દોરેલી આકૃતિની જેમ જ્યાં હતાં ત્યાં ઊભા રહ્યાં, કોઈને કંટાળો આવતો ન હતો. કોઈ હાલતું કે ચાલતું ન હતું. કોઈ જાતની ગડબડ કરવાની તો હિમ્મત જ કોની ચાલે ? એ વખતે એક વેપારીની દુકાન પાસે ખાટલો ઢાળીને વેપારીનો યુવાન પુત્ર સૂતો હતો. તે કોલેજનો વિદ્યાર્થી હતો. એટલે ધર્મની વાતોમાં તેને ખાસ રસ ન હતો. મેકોલેએ શરૂ કરેલી ને દેશી તથા વિદેશીઓએ પોષેલી કેળવણીની અસર તેના પર સારી રીતે થઈ હતી. તે માનતો કે ધર્મથી દેશની પ્રજાની પડતી થઈ છે, ધર્મ તો ધતીંગ છે માટે તેનો અંત આવવો જોઈએ. યોગાનુયોગ પણ એવો હતો કે તે વખતે 'ધર્મથી પ્રજાનું પતન થાય છે કે અધર્મથી' એ મુદ્દાની આસપાસ પ્રવચન ચાલી રહ્યું હતું. તેથી વિદ્યાર્થીના એક ખાસ મિત્રને તેમાં ખૂબ રસ

પડ્યો. તેણે વિદ્યાર્થી પાસે પહોંચીને કહ્યું કે, 'અરે, તારી દુકાનની પાસે જ આ જ્ઞાનની પવિત્ર ગંગા પ્રકટીને વહી રહી છે, ત્યારે તું ઊંઘવાનો પ્રયાસ કરી રહ્યો છે ? તેમાં સ્નાન કરવાનું કે તેમાંથી આચમન લઈને કૃતાર્થ થવાનું મન પણ તને નથી થતું ?'

વિદ્યાર્થીએ ઉશ્કેરાઈને કહ્યું કે, 'મને તો એવા પ્રવચનોમાં કંઈ જ રસ લાગતો નથી. રાતે પ્રવચનો સાંભળીને મારે ઉજાગરો કરવો નથી. હા, સીનેમા જોવા જવાની તૈયારી હોય તો તે માટે હું તૈયાર છું. બાકી આ સાધુસંતો ને પુરાણીઓ તો ધર્મનો વેપાર કરવા માંડ્યા હોય તેવું લાગે છે.'

તેના મિત્રે તેને બળજબરીથી પ્રવચન સાંભળવા તૈયાર કર્યો. કહ્યું કે 'વધારે નહિ તો પાંચ મિનિટ તો સાંભળ. તેટલામાં કાંઈ બગડી નહિ જાય.' છેવટે લાચાર થઈને તેણે સાંભળવાનું શરૂ કર્યું. પ્રવચન કેટલું સુંદર હતું તેની ખબર તેને ત્યારે જ પડી. તેને ખાત્રી થઈ કે આવા ઉત્તમ વાર્તાલાપને ન સાંભળવાથી તેને ભારે નુકશાન થાત. કૉલેજમાં જે જ્ઞાનની છાયા પણ તેને દેખાતી નહિ, તે જ્ઞાન તેની તરફ જાણે અસ્ખલિત પ્રવાહ બનીને વહી રહ્યું હતું. તેને થયું કે વરસો ને જન્મોની કેળવણીની કિંમતી વાત સહેજમાં સાંભળવા મળી રહી છે.

બીજે દિવસે કેટલાક બીજા મિત્રોએ તેની મુલાકાત લીધી, ને રાતના પ્રવચનની વાત કાઢી, ત્યારે તેનું હૃદય ગદ્ગદ્ થઈ ગયું. તેણે કબૂલ કર્યું કે 'આવું પ્રવચન મેં અત્યાર સુધી સાંભળ્યું નથી. સાંભળવા બેઠો પછી એવો રસ પડ્યો કે વાત નહિ. ઊઠવાનું મન પણ ન થયું. બે કલાક જેટલો વખત ક્યાં વીતી ગયો તેની ખબર જ ન પડી ! રાત્રે સાડા દસે લગભગ પ્રવચન પૂરું થયું. તે વખતે અંતરમાં ઉથલપાથલ મચી ગઈ હતી. એમ થતું હતું કે જ્ઞાનનો પવિત્ર પ્રવાહ હજી પણ આગળ ને આગળ ચાલ્યા કરે તો સારું. ખરેખર એ અનુભવ અનેરો હતો. બધો વખત ઉત્તમ રીતે પસાર થઈ ગયો હતો. ધર્મ વિશે મારા મનમાં કેટલીક ગેરસમજ હતી તે દૂર થઈ તેનું મને સુખ છે'

**[ ૧૮ ] સાત્વિક સુખ-૨**

આનું નામ સાત્વિક સુખ. તેનું પરિણામ મધુર ને અમૃતમય હોય છે. તપશ્ચર્યાનું સુખ પણ એવું જ છે. તપશ્ચર્યા માટે એકાંતમાં રહેવું પડે છે, ને મન તથા ઈન્દ્રિયો પર કાબૂ રાખવો પડે છે. તે શરૂઆતમાં કઠિન થઈ પડે છે. કેટલાક સાધકો શરૂઆતમાં કંટાળી પણ જાય છે. સાધના ને તપને અધવચ્ચે મૂકી દેનારા સાધકો પણ ઓછા હોતા નથી. પણ મજબૂત મનના સાધકો જાણે છે કે કડવી દવા ગુણકારી હોવાથી ગ્રહણ કરવા જેવી છે. તેમ સંયમ ને સાધના શરૂઆતમાં પીડાકારક હોવા છતાં અંતે કલ્યાણકારક છે. અત્યારે મહેનત કરીશું ને કષ્ટ ભોગવીશું તો ભવિષ્યમાં સાધના સફળ થતાં લીલાલહેર થઈ જશે, બધી જ ચિંતા ટળી જશે ને દુઃખદર્દ મટી જશે, જીવન શાંતિમય, આનંદમય ને ધન્ય બની જશે. તેથી તે તપશ્ચર્યા કે સાધનામાં લાગી જાય છે.

ગુલાબની ઈચ્છા છે તો કાંટા ખમવા પણ તૈયાર રહેવું પડશે. અગ્નિનો ઉપયોગ કરવો છે તો ગરમીનો અનુભવ કરવા તૈયાર રહેવું પડશે ને ગંગામાં ન્હાવાની મરજી હોય તો પછી ઠંડકનો વિચાર કરીને ગભરાયા કરવાથી શું વળશે ? એમ તપ કે સાધનાનો લાભ લેવો હોય તો શરૂઆતમાં કેટલીક મૂંઝવણ ને

મુસીબતોનો સામનો કરવા પણ તૈયાર રહેવું જ પડશે. પણ એટલું યાદ રાખો કે તે મૂંઝવણ ને મુસીબત કાયમની નથી. ચિંતા, વ્યથા કે વિપત્તિ સનાતન નથી. સ્થાયી નથી પણ અસ્થાયી છે. તેને જોઈને કે તેનો વિચાર કરીને ગભરાઈ ને ડરી જતાં નહિ. આગળ જતાં તે દૂર થશે, ને જીવનમાં આનંદ આનંદ ફરી વળશે. સાધનાનો પંથ એવો જ છે. માટે જ કહ્યું છે કે 'માંહી પડ્યા તે મહાસુખ માણે દેખનારા દાઝે જોને.' સાધનાનું સુખ શરૂઆતમાં કલેશકારક લાગવા છતાં છેવટે સ્વર્ગસુખથી પણ વધારે સનાતન ને આશીર્વાદરૂપ સાબિત થાય છે, માટે તેનો આશ્રય લેવા તૈયાર થવું જોઈએ.

અભ્યાસનું કામ ઘણાખરા વિદ્યાર્થીઓને કંટાળાભર્યું લાગે છે. શરૂઆતમાં બહુ ઓછા વિદ્યાર્થીને વાંચવામાં રસ આવે છે. નિશાળે જવાનો કંટાળો પણ કેટલાકને હોય છે. નિશાળમાં જવાનું થાય એટલે તેમને જેલમાં જવા જેવું લાગે. ક્યારે રજા પડે ને, ક્યારે રવિવાર આવે છે, તેની ગણતરી તે કર્યા કરે છે. આડા દિવસોમાં પણ નિશાળમાંથી કોઈને કોઈ બહાનું કાઢી છુમંતર થઈ જવાના કીમિયા કરે છે. માથું ને પેટ દુઃખવાનું કારણ ઉપજાવી કાઢીને ગેરહાજર રહેવાની કળામાં તે કુશળ હોય છે. વાંચવાની તો તેમને બાધા જ હોય છે. વખત ઘણો મળે છે પણ તેનો લાભ લઈને અભ્યાસ કરવાને બદલે રમતગમત ને તોફાન કરવામાં તેમને આનંદ આવે છે. ભણવામાં રસ લેનારા વિદ્યાર્થીઓને પણ શરૂઆતમાં ઓછો શ્રમ પડતો નથી. પરંતુ અંતે તેનું ફળ સારું આવે છે. ભણીગણીને સારી જગ્યા મળતાં તેમને આનંદ થાય છે. તેમનો જીવનસંગ્રામ સહેલો બને છે. સાથે સાથે જ્ઞાનનો લાભ તો થાય છે જ.

ઘણા વિદ્યાર્થીઓ ભણવાનો ને મફત ભણવાનો અવસર મળ્યા છતાં તેનો લાભ લેતા નથી. તે સારી સ્થિતિવાળા વિદ્યાર્થીઓને જોઈને પાછળથી પસ્તાય છે, પણ વખત વીતી ગયા પછી પશ્ચાતાપ કરવાથી શું વળે ? તેમને મળેલી તકનો તેમણે દુરૂપયોગ ન કર્યો હોત તો તેમનું જીવન વધારે ઉત્તમ થાત. મહેનતુ વિદ્યાર્થીઓની જેમ તેમણે પણ શરૂઆતથી જ ધ્યાન દઈને અભ્યાસ કર્યો હોત, તો તેમને માટે પશ્ચાતાપ કરીને દુઃખી થવાનો પ્રશ્ન જ ન રહેત. એટલે જ આપણે વિદ્યાર્થીઓને કહીએ છીએ કે હાલ વિદ્યા મેળવવાનો વખત છે. તો મન લગાડીને સારી પેઠે વિદ્યા મેળવજો તો આગળ ઉપર સુખી થશો. એ કામ શરૂઆતમાં કડવું પણ પાછળથી મીઠું લાગશે, હાલ ઝેર જેવું જણાતું હશે, પણ છેવટે અમૃતમય થઈ પડશે.

રસોઈનું કામ કેટલાકને કંટાળાભર્યું લાગે છે. તેમાં પુરૂષ કે સ્ત્રીનો પ્રશ્ન નથી. એવી ઘણી સ્ત્રીઓ છે જેમને રસોઈ કરવાનું જરા પણ ફાવતું નથી. હોટલમાંથી ભાણું મંગાવીને કે ચવાણું ફાકીને બેસી રહેવાનું તે વધારે પસંદ કરે છે. રસોઈની બલા ટાળવા કેટલીક સ્ત્રીઓ રસોયા પણ રાખી લે છે. પોતે બેસી રહે છે. એમાં કાંઈ ખોટું ગણાતું નથી. આજે પવન જ એવો ઊલટો વાય છે કે હાથપગ હલાવ્યા વિના પેટ ને શરીર વધારતા રહીને બેસી રહેવામાં શ્રીમંતાઈ, સભ્યતા ને સુખ સમજાય છે. જીવનને જરૂરી શ્રમ બધાએ કરવો જોઈએ. તેનાથી કોઈ પણ જાતનાં નક્કર કારણ વિના છટકવાનો પ્રયાસ વખાણવા લાયક નથી. છતાં એવો પ્રયાસ ચાલે છે, ને તેમાં શરમને બદલે ગૌરવ ગણાય છે. ઘણી સ્ત્રીઓ રસોઈ કરવામાં આનંદ પણ અનુભવે છે.

મને એક કૉલેજની કેળવણી પામેલી બેનનો પરિચય છે. તેમણે પરદેશમાં પણ કેટલોક વખત પસાર કર્યો છે. તેમની સ્થિતિ ઘણી સારી છે. ધારે તો તે રસોઈ માટે કોઈ પુરૂષ કે સ્ત્રીને રાખી શકે છે. પરંતુ તે તો

હાથે જ રસોઈ કરી લે છે. કહે છે કે 'મારા બાળકોની ને પતિની હું આટલી સેવા તો કરું ! તેમને સરસ રસોઈ બનાવીને જમાડું તો ખરી ! રસોઈયો રાખવાથી આજે જે જમવામાં આનંદ આવે છે તે આનંદ ઊડી જાય. મારે ઘરમાં એટલું બધું કામ પણ નથી કે મને વખત મળે નહિ. રસોઈ કરવાથી કસરત ને આનંદ બંને મળી રહે છે.'

તે બહેનની વાત સાંભળીને મારા દિલમાં તેમને માટે માન જાગે છે. ભણેલી સ્ત્રીઓએ તે બહેનની વાતમાંથી પ્રેરણા લેવાની છે. ધનિક સ્ત્રીઓએ પણ તેમાંથી ધડો લેવાનો છે. કોઈ કોઈ બહેનો કહેશે કે અમે વધારે વખત રસોડામાં જ ગોંધાઈ રહીએ તો પછી જ્ઞાન કેવી રીતે મેળવીએ, સમાજની સેવાનો વખત કેવી રીતે કાઢીએ, સત્સંગ ક્યારે કરીએ ? આપણે કહીશું કે રસોઈ કરવાથી જ્ઞાન નથી મળતું એમ નહિ. જ્ઞાન મેળવવાનો, સેવા કરવાનો ને સંત્સંગનો લાભ લેવાનો વખત તમે કાઢી શકો છો. સેવા ને સંત્સંગ કરવાનું કામ સારું છે. એમાં શંકા નહિ પણ સેવાનું કામ ઘરમાં પણ છે જ. સમાજની સેવા ને સત્સંગ માટે ઘરની સ્વાભાવિક ફરજની ઉપેક્ષા કરવાની જરૂર નથી. દૂરની સેવા માટે પોતાની સેવા માટે આંખમીંચામણા કરવાની જરૂર નથી. ઘરના સભ્યોની સેવાને ભૂલી જઈને કે ગૌણ ગણીને જે સમાજની સેવા કરવા નીકળી પડે છે, તેની પ્રવૃત્તિ પ્રસંશાપાત્ર નહિ કહી શકાય. સત્સંગ માટે પણ પોતાની ફરજનો ત્યાગ કરવાની જરૂર નથી. ફરજનું જ્ઞાન થાય ને તેનું પાલન કરવાની તાકાત મળે, તે માટે જ સત્સંગ છે.

જે બહેનની મેં વાત કરી છે તે બહેન સવારે મારી પાસે આવતી ત્યારે વહેલી ઊઠી, રસોઈનું કામ પરવારીને પછી જ આવતી. તે કહેતી કે સત્સંગનો લાભ મને મળે છે પણ તેને લીધે ઘરના બીજા સભ્યોને અન્યાય ન થવો જોઈએ. મારા રોજિંદા કામમાં ચૂક ન પડવી જોઈએ. વાત બરાબર છે. ઘરનું કામ કરીને સત્સંગનો સમય કાઢવો જોઈએ. ઘરની સેવા કર્યા પછી જ બહારની સેવાના ક્ષેત્રમાં આગળ વધવું જોઈએ.

ગામડામાં એક બીજી બહેન છે તેના પતિ મોટા ભક્ત છે. સંતસાધુ ને અતિથિને જમાડવાનો તેમનો નિયમ છે. કેટલીક વાર તે બહેનને રાતે જમી લીધા પછી પણ ફરી રસોઈ કરવી પડે છે. કોઈ વાર એકી સાથે અનેકના રોટલા ટીપવા પડે છે. પરંતુ જ્યારે જુઓ ત્યારે તે શાંત જ હોય છે. પતિની આજ્ઞા મળતાં જરા પણ બબડાટ ને અણગમા વિના રસોઈ કરવા તૈયાર હોય છે. રસોઈ કરવામાં રસ લેનારી એવી કેટલીક સ્ત્રીઓ જોવા મળે છે. કેટલાક પુરૂષો પણ રસોઈ કરવામાં રસ લે છે. રસોઈ કરવામાં કુશળમાં કુશળ સ્ત્રીઓની બરાબરી પણ તે કરી શકે છે. ત્યારે કેટલાકને હાથમાં વેલણ પકડવાનો પણ કંટાળો હોય છે. હાથે રસોઈ કરવાનું કામ તેમને માટે ભગીરથના ગંગાવતરણના કામ કરતાં પણ ભારે થઈ પડે છે. છતાં પણ એક વાત નક્કી છે કે રસોઈનું પરિણામ સારું આવે છે. પરિશ્રમપૂર્વક તૈયાર કરેલ રસોઈ પણ અંતે અમૃતમય લાગે છે. ચુલા પાસે બેસવાનો કંટાળો છેવટે તો ઉપકાર કરનારો સાબિત થાય છે. શરૂઆતમાં તેમાં દુઃખ લાગે તો પણ પાછળથી તો સુખ ને સુખ જ છે.

યાત્રાનું કામ પણ શું એવું નથી ? યાત્રામાં તકલીફ પડે છે, કષ્ટનો સામનો કરવો પડે છે. તેથી કલેશકારક લાગે છે. પણ પરિણામે તે આનંદકારક થઈ પડે છે. બદરીનાથ, કેદારનાથ, અમરનાથ કે કૈલાસની યાત્રા ઉત્તરોત્તર કપરી છે. તેમાં માણસને તકલીફ પડે છે. કોઈ વાર તેમનો ઉત્સાહ ઊડી જાય છે ને હિંમત ઓછી થાય છે. પરંતુ પરિશ્રમને અંતે જ્યારે તે યાત્રાના મૂળ ધામમાં પહોંચે છે, ત્યારે તેનું અંતર

ઉલ્લાસથી ભરાઈ જાય છે. તેને થાય છે કે પરિશ્રમ સફળ થયો. આ અનુભવ ઘણાને થયો હશે. પહેલાં દુઃખમય પણ પછી સુખમય - સાત્વિક સુખનું લક્ષણ જ એ છે.

સેવાનું કામ ઓછું કપરું છે ? સેવાના ક્ષેત્રમાં પડેલાં સાચા માણસો જાણે છે કે સેવાનો માર્ગ સરળ નથી, પણ કાંટાળો છે. ટીકા, નિંદા, રાગ ને દ્વેષનો તેમાં સામનો કરવો પડે છે. પ્રલોભનોથી ચેતતા રહેવું પડે છે ને સેવાનો અહંકાર ન થાય તે માટે સાવધાન રહેવાની જરૂર રહે છે. કેટલાક સેવકોનું મન કાચું ને કોમળ હોય છે. તે વિરોધીની નિંદાથી ઉદાસીન બને છે. ને હતાશ થાય છે પણ મજબૂત મનના માણસો કોઈની પરવા કરતા નથી. ઈશ્વર તથા સત્યને વફાદાર રહીને તે પોતાનું કામ કર્યે જાય છે. સેવા કરતાં જાગતી કટુતા ને વિષવૃત્તિને તે ઘોળીને પી જાય છે. શરૂઆતમાં મુશ્કેલી જરૂર પડે છે પણ પાછળથી તેમને ને બીજાને લાભ થાય છે. આરંભમાં કેટલીક ગેરસમજ થાય તો પણ અંતે લોકો તેમની સત્યતા કે પ્રમાણિકતા જાણીને તેમની કદર કરે છે. કેટલીકવાર તો પોતાના મંગલ માટે પ્રયાસ કરનારા પુરૂષોની કદર પ્રજાએ તેમના મૃત્યુ પછી કરી છે. સોક્રેટિસ ને ઈશુનાં ઉદાહરણ એવાં જ છે. એટલે શરૂઆતમાં ગમે તેવો દુઃખમય તો પણ સેવાનો માર્ગ છેવટે સુખમય થઈ પડે છે. સેવાનું સુખ, તપસ્યા ને સંયમના સુખની જેમ છેવટે અમૃતમય થઈ પડે છે. તેથી તે સાત્વિક સુખ છે.

**[ ૧૯ ] રાજસ સુખ**

પરંતુ કેટલાક સુખ એવાં છે જે આરંભે અમૃત જેવાં લાગે. માણસને તેના ઉપભોગમાં ખૂબ આનંદ આવે પણ અંતે દુઃખમય થઈ પડે, અથવા વિષની જેમ પોતાની વિકૃત અસરથી તેને બરબાદ કરે, નિર્બળ બનાવે, ને ક્લેશમાં મૂકી દે. તે સુખને રાજસ અથવા મધ્યમ સુખ કહેવામાં આવે છે. પતંગિયાને દીપકના પ્રકાશમાં પડવામાં સુખ લાગે છે પણ તેથી તેનો નાશ થઈ જાય છે. હાથીને શિકારીએ તૈયાર કરેલી બનાવટી હાથિનીને આલિંગન કરવાનું મન થઈ આવે છે. તેમાં તેને આનંદ લાગે છે પણ તે તેના બંધનનું કારણ થઈ પડે છે, ને તેથી છેવટે દુઃખમય થઈ રહે છે. મદારીનું સંગીત સાંભળવામાં સાપને સુખ લાગે છે, પણ તેના પરિણામે તેને જીવનભરની કેદમાં સપડાવું પડે છે. એ પ્રાણીઓને વિવેક વિનાનાં માનીએ તો પણ, વિવેકી હોવાનો દાવો કરતો માનવ પણ ક્ષણિક સુખથી લોભાઈ ને વિષયરસની ઈચ્છા ક્યાં કરતો નથી ? શરીરના આકર્ષણ ને ભોગમાં તે સુખ સમજે છે, ને ઈન્દ્રિયોનો દાસ બને છે, પણ તેથી તેને સુખ મળતું નથી. જેને તે સુખ સમજે છે, તે તો સુખનો આભાસ જ હોય છે, ને છેવટે દુઃખમય થઈ પડે છે. તેની શક્તિને ચૂસી લે છે, તેનું પતન કરે છે. માટે જ સમજુ માણસો શરીર ને ઈન્દ્રિયોના અતિશય લાલનપાલનથી દૂર રહેવાનું પસંદ કરે છે. લંપટ માણસોનું શરીર ઘસાઈ જાય છે, કૌવત જતું રહે છે, ને મનોબળ નબળું પડે છે. તે અકાળે ઘરડા થાય છે, ને કેટલીકવાર અસાધ્ય દર્દોના ભોગ બને છે. કામવાસના તેમને માટે છેવટે દુઃખકારક થઈ પડે છે.

શરાબ અને દારૂ પીવામાં કેટલાક માણસોને આનંદ આવે છે. નશો કરવામાં તેમને સુખ લાગે છે. પરંતુ તેમને માટે તે છેવટે દુઃખમય થઈ પડે છે. તેમના તન, મનની બરબાદી થાય છે. તેમના ઘરના સભ્યો ને સમાગમમાં આવનારા બીજા માણસોને માટે પણ તે દુઃખદાયક થઈ પડે છે. તેથી તેને રાજસ સુખ

કહી શકાય. નશાબાજ માણસની દશા પશુ ને પ્રેતથી પણ ખરાબ થઈ જાય છે. એ સંબંધી તાજેતરમાં બનેલો એક પ્રસંગ કહી બતાવું.

એક કુલીન કહેવાતા માણસના મકાનમાં અમે ઉતારો કર્યો. તેમનો અમારા પર પ્રેમ હતો. તેથી અમે વારંવાર તેમના આતિથ્યનો લાભ લેતાં. તેમના ગુણ માટે તે વખાણતા. બધા ભાઈઓમાં તે શ્રેષ્ઠ મનાતા. અમે પણ તેમને માનની નજરે જોતાં. મકાન મોટું હતું. તેમાં એક ઓરડીમાં એક યુવાન સ્ત્રી પણ રહેતી હતી. એક દિવસ પેલા ભાઈ પોતાની રોજની ટેવ મુજબ ભાંગ જેવા પદાર્થનો નશો કરીને તે સ્ત્રીની ઓરડી પાસે આવ્યા, ને જેમ તેમ બકવાદ કરવા માંડ્યા. બાજુમાં જ અમારો ઉતારો હતો. એટલે તેમનો બકવાદ સ્વાભાવિક રીતે જ અમારા કાને પડવા માંડ્યો. તે ઘણા ગંદા કે અશ્લીલ શબ્દો બોલતા હતા. માતાજીએ બહાર જઈને જોયું તો તેમને ઘણું આશ્ચર્ય થયું. પેલી યુવાન સ્ત્રી બારણાં બંધ કરીને ઓરડીમાં બેસી ગઈ હતી. બારણાં ઉઘાડવાની તેની તો હિંમત જ ક્યાંથી ચાલે ? તે સ્ત્રીને સંબોધીને તે ભાઈ બિભત્સ શબ્દો બોલી રહ્યા હતા. મને પણ ઘણું આશ્ચર્ય થયું. તે ભાઈ આટલી બધી હલકટ મનોદશાએ પહોંચી શકે તેની અમને કલ્પના પણ ન હતી.

થોડીવાર પછી હું બહાર નીકળ્યો. તે વખતે તો ભાઈ પોતાના મકાન તરફ પાછા વળતા હતા. મને જોઈને તે ઊભા રહ્યા ને વાત કરવા માંડ્યા. પણ તેમના શબ્દોનું ઠેકાણું ન હતું. કેમકે તેમનું મગજ નશાની અસર નીચે હતું. થોડી વાત કરીને તે લથડતે પગે ચાલવા માંડ્યા. પાછળથી અમને ખબર પડી કે તે ભાઈ રોજ નશો કરતા હતા. ફક્ત તે દિવસે તેની માત્રા વધી ગઈ હતી એટલું જ.

નશો એવી વસ્તુ છે જે માણસને પામર કરી દે છે, તેની માનવતાનો નાશ કરે છે. ડાહ્યા દેખાતા માણસો પણ તેની અસર નીચે આવીને ગાંડા બની જાય છે, ને ન કરવાના કામ કરે છે. માણસને તે બધી રીતે બરબાદ કરે છે. માટે તેનો ત્યાગ કરી દેવો જોઈએ.

જુગારનું પણ એવું જ સમજી લેવાનું છે. જુગારમાં માણસને શરૂઆતમાં સુખ લાગે છે. કેટલાક મનોરથ કરીને તે તેમાં ભાગ લે છે. પરંતુ અંતે દુઃખી થાય છે. જુગાર ન રમાયો હોત તો મહાભારતનું ભયંકર યુદ્ધ થવાનું એક જબરજસ્ત કારણ દૂર થઈ જાત. જુગારથી કેટલાય કુટુંબો પાયમાલ થઈ ગયા છે. માણસો બેહાલ બની ગયા છે. માટે સમજુ માણસે તેનાથી દૂર રહેવું જોઈએ. કેમકે આરંભમાં તેમાં ગમે તેવો આનંદ લાગે તો પણ પરિણામે તે વિષમય થઈ પડે છે, ને તેનો આધાર લેનારનો નાશ કરે છે.

ચોરીનું કામ પણ એવું જ ને ? ચોરી કરવામાં ચોરને આનંદ આવે છે. તે ખૂન કરતાં પણ અચકાતો નથી. કદાચ શરૂશરૂમાં થોડા વખતને માટે તે ધનવાન ને સુખી પણ બની જાય છે. પણ તેનું સુખ છેવટ સુધી ટકતું નથી. કરેલા કર્મોનું ફળ તેને જરૂર ભોગવવું પડે છે. સારા કર્મનું સારું તેમ ખરાબનું ખરાબ ફળ જરૂર મળે છે. કર્મનો એ નિયમ અફર છે. તે કદી મિથ્યા થઈ શકતો નથી. ચોક્કસ સમયે તે પોતાનું કામ કર્યે જ જાય. ચોરને આખરે દંડ થાય છે, ને દુઃખ ભોગવવું પડે છે. કુકર્મનો અંત ખરેખર કલેશ, દુઃખ ને યાતનામય છે એ નક્કી સમજી લેવાનું છે. તેનું જે સુખ છે તે રાજસ સુખ છે.

**[ ૨૦ ] તામસ સુખ**

હવે તામસ કે કનિષ્ટ સુખની વાત. તામસ સુખ આરંભે તેમ જ અંતે માણસને મોહ પમાડે છે. પોતાના પાશમાં સપડાવીને માણસને બરબાદ કરે છે. માણસનો ઉદ્ધાર કરવાની તેનામાં શક્તિ હોતી નથી. દાખલા તરીકે ઊંઘને લઈ શકાય. ઊંઘ શરૂઆતમાં તેમજ છેવટે માણસને આનંદકારક લાગે છે ને મોહમાં નાખે છે. માણસ જો તેનો સદુપયોગ ન કરે, ને તેનો દાસ બની જાય, તો તેનો અમુલ્ય સમય બરબાદ થઈ જાય છે. પરિમીત પ્રમાણની ઊંઘ સારી છે પણ પ્રમાદી કે ઊંઘણશી થવું ખરાબ છે. તેથી લાભ નહિ પણ હાનિ જ થાય છે.

આળસનું પણ તેવું જ છે. જેમણે જીવનની ઉન્નતિ કરવી હોય અથવા કોઈ મહત્વની નક્કર વસ્તુ મેળવવી હોય, તેમણે આળસની સાથે દોસ્તી કર્યે નહિ ચાલે, પ્રમાદ ને આળસ બંનેનો ત્યાગ કરીને તેમણે મહેનતુ ને ચોક્કસ બનવું પડશે. સાધકોએ તો આ વાત ખાસ ગાંઠે બાંધે રાખવાની છે. જીવન ખૂબ કિંમતી છે. તેની પ્રત્યેક પળ મહામુલ્યવાન છે. તેને જો પ્રમાદ, આળસ ને ઊંઘમાં વેડફી નાખવામાં આવે તો તેનો પૂરો લાભ કેવી રીતે મળી શકે ? તેનો સદુપયોગ કરીને કરવાનું મોટું કામ કેવી રીતે થઈ શકે ? પ્રમાદી ને એદી માણસ પોતાનો ઉદ્ધાર કદી પણ ન કરી શકે, એમ કહેવામાં કાંઈ ખોટું નથી.

**[ ૨૧ ] ચાર વર્ણનાં કર્મ**

ત્રણ પ્રકારનાં સુખનું વર્ણન કર્યા પછી ભગવાન બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શુદ્રના કર્મોનું વર્ણન શરૂ કરે છે. આપણે તેનો વિશેષ વિસ્તાર નહિ કરીએ. આપણે તો એટલું જ કહીશું કે દરેક માણસ જો તે કર્મોને વફાદાર રહે તો પોતાના જીવનને સફળ કરી શકે. સાથેસાથે ઉત્તમ કે આદર્શ સમાજના ઘડતરમાં તે પોતાનો ઉત્તમ ફાળો આપી શકે. જીવનને આદર્શ કરવા માગનારા માણસોએ એ કર્મોને જીવનમાં ઉતારીને ઉત્તમ પુરૂષ બનવાનો પ્રયાસ કરવો જોઈએ. તેવો પ્રયાસ આવકારદાયક લેખાશે. ચારે વર્ણોનાં કર્મની વ્યવસ્થા પ્રાચીન ભારતમાં વૈજ્ઞાનિક પદ્ધતિ પ્રમાણે તૈયાર થઈ હતી. તેને તૈયાર કરનાર ઋષિમુનિઓ માનવમનનું ઊંડું જ્ઞાન ધરાવતા હતા. માનવસ્વભાવની તેમની સમજ ચોક્કસ હતી. આજે એ વ્યવસ્થા ડહોળાઈ ગઈ છે. પણ તેથી તેની ટીકા કરવાનું કામ બરાબર નથી. એ વ્યવસ્થાનો વિચાર કરીને માણસ પોતાના જીવનને આજે પણ ઉત્તમ બનાવી શકે છે. દરેક વર્ણના ઉપયોગી ગુણકર્મોનો પોતાના જીવનમાં સમન્વય કરવાની સૌને સ્વતંત્રતા છે.

ઉત્તમ કે આદર્શ માણસ કેવો હોય તેનું શબ્દચિત્ર ગીતામાતાએ ઠેર ઠેર દોરી બતાવ્યું છે. વર્ણના કર્મના વર્ણન પરથી આપણે એવું એક બીજું શબ્દચિત્ર દોરી શકીએ. તે પ્રમાણે આદર્શ માણસ :

(૧) મન ને ઈન્દ્રિયોના સંયમથી સંપન્ન હોય અથવા તેવો સંયમ કરવાનો પ્રમાણિકપણે પ્રયાસ કરતો હોય.

(૨) ગીતામાં આગળ કહી બતાવેલા તપની મૂર્તિ જેવો હોય.

(૩) તન ને મનની નિર્મલતાવાળો હોય.

(૪) ક્ષમાશીલ ને નમ્ર હોય.

(૫) જ્ઞાનવિજ્ઞાનમાં રસ લેનારો, ઈશ્વરમાં માનનારો ને શ્રદ્ધાવાળો હોય.

બ્રાહ્મણની એ વિશેષતાથી સંપન્ન થવાનો તે પ્રયાસ કરે. તેની સાથે સાથે ક્ષત્રિયના નીચેના ગુણધર્મ કે કર્મ પણ તેનામાં હોય તે :

(૧) વીર હોય, તેજસ્વી ને ચતુર હોય.

(૨) ધીરજવાળો હોય.

(૩) અધર્મ ને અન્યાય સામે લડનારો હોય.

(૪) દીન, દુઃખી ને અનાથનો રક્ષક હોય.

(૫) દાન દેનારો, પોતાની શક્તિ ને સંપત્તિથી બીજાની સેવા કરનારો ને પ્રતાપી હોય.

તે ઉપરાંત, વૈશ્યના ગુણકર્મ કે ધર્મમાંથી જરૂરી વાતનો પણ તે સ્વીકાર કરે. તે પ્રમાણે તે :

(૧) ગાયનો રક્ષક, પાલક કે ભક્ત હોય.

(૨) બધાં પશુ-પંખી ને પ્રાણી તરફ પ્રેમ રાખનારો હોય.

(૩) ખેતીમાં રસ લેનાર ને ખેડૂતોને માનની નજરે જોનારો હોય. ને

(૪) વ્યાપારમાં રસ લેનાર એટલે કે પોતાના જીવન દ્વારા બીજાને મદદરૂપ થવા સદા તૈયાર રહેનારો હોય. તથા શુદ્રની જેમ તે બીજાની બનતી સેવા કરવાનો પ્રયાસ કરનારો હોય.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શુદ્રે ગીતામાં કહેલા ગુણધર્મ ને કર્મને કેળવવા પ્રયાસ કરવો જોઈએ. તેમ કરવામાં જેમને રસ પડતો ન હોય તેમણે આપણે કહ્યું તે પ્રમાણે જીવનમાં બધાના સદ્‌ગુણો ને સત્કર્મોનો સમન્વય કરવાનો પ્રયાસ કરવો જોઈએ. તેથી જીવન સફળ બની શકશે.

પોતાને ફાળે આવેલા કર્મનું બરાબર પાલન કરવાથી સિદ્ધિની પ્રાપ્તિ થઈ શકે છે, એમ ભગવાનનું કહેવું છે. સ્વકર્મ ને સ્વધર્મનું પાલન સદા શ્રેયસ્કર થઈ પડે છે. તેમાં પ્રમાદ કરવામાં નુકશાન રહેલું છે. માતાને ફાળે બાળકના ઉછેરનું કામ આવ્યું હોય, તો તેમાં તેણે રસ લેવો જોઈએ. રણમાં લડવાની તૈયારી કરનારા સૈનિકોને જોઈને પોતાના સહજ કર્મનો ત્યાગ કરીને તેણે રણચંડી બનવાની ઘેલછા કરવાની જરૂર નથી. બાળકનો ઉછેર કરીને તે મોટી સેવા કરી રહી છે. તેનું મૂલ્ય સૈનિકની સેવાથી જરા પણ ઓછું નથી. ભિખારી કે સાધુને સદાવ્રતનું ખાવાનું સુખપૂર્વક મળતું હોય તે જોઈને કોઈ વેપારી મહેનત કરીને ખાવાને બદલે મફતિયું ખાવાનાં સ્વપ્નાં સેવે તો તે નકામું છે. ભગવાને સ્વકર્મ કે સ્વધર્મના પાલનની આ વાત ગીતાની શરૂઆતમાં કહી દીધી છે. તે ફરી કહી બતાવવાનું કારણ એટલું જ છે કે અર્જુન પોતાના સ્વધર્મને ભૂલી ગયો છે. તે જાગ્રત બને, ને પોતાને ફાળે આવેલા કર્મનું પાલન કરે, એવી તેમની ઈચ્છા છે. બીજાનો ધર્મ ગમે તેટલો સુંદર, સરળ ને આકર્ષક હોય તો પણ, માણસે તેને અપનાવવાની ને પોતાના ધર્મને છોડી દેવાની જરૂર નથી પણ પોતાના ધર્મમાં દૃઢ રહેવાનું છે. ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીને પોતાના ધર્મનું પાલન કરવાનું છે. કર્મ પણ ઈશ્વરને અર્પણ કરવાના છે. કર્મના કુસુમથી ઈશ્વરની પૂજા કરવાની છે. તેમ કરવાથી કર્મ ઈશ્વરની કૃપાની કેડીરૂપ બનીને તેનો ઉદ્ધાર કરી દેશે.

### [ ૨૨ ] દોષમય કર્મ

પોતાના કર્મ કે ધર્મમાં કોઈ દોષ દેખાય, ને બીજાનું કર્મ ને બીજાનો ધર્મ નિર્દોષ લાગે તો પણ પોતાના કર્મ-ધર્મનો ત્યાગ કરવાનું બરાબર નથી. બધા કર્મો થોડા કે વધારે દોષથી ભરેલાં છે. તે દોષને દૂર કરવાનો પ્રયાસ કરવાને બદલે કર્મનો ત્યાગ કરવા તૈયાર થવાનું બરાબર નથી. પોતાના સહજ કર્મને કરતા રહેવાની જરૂર છે. દોષનો વિચાર કરવા જઈશું તો કોઈ કામ કરવાનું ઠીક નહિ લાગે.

ઈંટ બનવાનું કામ કેટલું દોષમય છે ! એક ભાઈએ મારું ધ્યાન તેમના તરફ ખેંચ્યું ત્યારે જ મને ખબર પડી. તે પોતે ઈંટ બનાવવાનું કામ કરતા હતા એટલે તેમણે પોતાના અનુભવની વાત કહી બતાવી કે ઈંટ પાડવાનો ધંધો ખરાબ છે. તેમાં કરોડો કીડીની હિંસા થાય માટે તે ધંધાને છોડી દેવાનો મારો વિચાર છે. મેં કહ્યું, 'તમારી વાત સારી છે. તમારી આજીવિકાનું કોઈ બીજું સાધન મળી રહેતું હોય તો તમે તે ધંધો છોડી દો. તેમાં કાંઈ ખોટું નથી. '

પણ થોડા વખત પછી તે ભાઈએ તે ધંધો ફરી શરૂ કર્યો. કેમકે તેમાં કમાણી સારી હતી. તે તેમનો પરંપરાગત ધંધો હતો. મેં કહ્યું, 'કાંઈ હરકત નહિ. ધંધો બીજાને માટે લાભકારક છે. વળી તમારી આજીવિકાના જૂના સાધનરૂપ છે. માટે તેનો આધાર લેવામાં કોઈ હરકત નથી.'

મુંબઈમાં એક કૉલેજના વિદ્યાર્થીએ મારી મુલાકાત લીધી. તેમણે કહેવા માંડ્યું કે, 'હું સાયન્સનો વિદ્યાર્થી છું. અભ્યાસ વખતે મારે ફરજીયાત દેડકાને કાપવા પડે છે. મારે એકલાને જ નહિ, પણ બધાને તેમ કરવું પડે છે. કેમકે તે વિના શરીરની અંદરના અવયવોનું ચોક્કસ જ્ઞાન થઈ શકતું નથી. રોજ આવી હિંસા કરવી પડે છે. તો મારે તે કરવી કે નહિ ?'

મેં કહ્યું, કૉલેજમાં અપાતી કેળવણીની પદ્ધતિ એમ હોય તો હિંસા કર્યા વિના છૂટકો જ નથી. જો હિંસાથી દીલ ધવાતું ને ડંખતું હોય તો કેળવણીનો મોહ મૂકી દેવો, નહિ તો પછી તેટલી હિંસાને અનિવાર્ય સમજીને ચાલવા દેવી. આજનું વિજ્ઞાન કેળવણી આપવાની કોઈ અહિંસક પદ્ધતિ શોધી કાઢે તો સારું ને ઈચ્છવા જેવું છે. કેમકે નિર્દોષ જીવોની હિંસા સારી ન કહેવાય, પણ તેવી પદ્ધતિ ન શોધાય ત્યાં સુધી, તમારે કેળવણી લેવી જ હોય તો ચાલુ પદ્ધતિનો આધાર લીધા વિના છૂટકો નથી.'

મારી વાતથી તેમને જરા સંતોષ થયો.

ખેતીનું કામ કેટલું બધું કિંમતી છે ! ખેડૂતને જગતનો તાત કહેવામાં આવે છે તે આપણે જાણીએ છીએ ને માનીએ છીએ કે તેમાં લેશપણ અતિશયોક્તિ નથી. સંસાર તે વિના ભાગ્યે જ જીવી શકે. છતાં કોણ કહેશે કે તે કામ દોષમય નથી ? જીવોની હિંસા તેમાં પણ થયા વિના રહેતી નથી. પણ હિંસા અનિવાર્ય છે, એટલે તેના વિના છૂટકો પણ નથી. બદલામાં સંસારને પાર વિનાનો લાભ થાય છે. ખેડૂતે ખેતીની હિંસાનો વિચાર કરીને હાથ ધોઈને બેસી જવાની જરૂર નથી.

કેટલાક માણસો એવા પણ છે જે માને છે કે દાતણ કરવાથી જીવોની હિંસા થાય છે માટે દાતણ કરવાની જરૂર નથી. તે દૃષ્ટિએ વિચારીએ તો તેમને ન્હાવાની, ખાવાની ને જીવવાની પણ જરૂર ન રહે. માણસ શ્વાસ લે છે તેમાં પણ અનેક જીવ હોય છે તેમનો નાશ થાય છે. તે ચાલે છે ત્યારે પણ કેટલાય જીવોની હત્યા થાય છે, માટે તેણે ચાલવાનું પણ બંધ કરવું જોઈએ. પણ એમ કરવાથી કામ કેવી રીતે ચાલશે ? તેનું શરીરધારણ જ હિંસાના પ્રતીકરૂપે લેખાવે માટે તેણે પોતાની હત્યા કરવી જોઈએ એમ કોણ

કહેશે ? આપઘાત જેવું પાપ બીજું કોઈ નથી. એટલે તેની ભલામણ કોઈ ડાહ્યો માણસ ભાગ્યે જ કરશે. દાતણ કરવાથી હિંસા થતી હશે, પણ દાતણ ન કરવાથી પણ હિંસા નથી થતી ને ગંદકી નથી વધતી એવું કોણે કહ્યું ? માટે જેટલું જરૂરી તેટલું કર્મ તો માણસે કરવું જ રહ્યું. તેમાં કોઈ દોષ દેખાય તો પણ તેને મૂકી દેવાની જરૂર નથી. આપણા ઋષિવરો પૃથ્વી પર વિચરણ કરતા. તે જાણતા કે તેથી કેટલાક જીવોને જાણ્યે-અજાણ્યે હાનિ પહોંચાડાતી હશે. પણ તેથી શું થાય ? પૃથ્વી પર હરવા ફરવાનું કામ કાંઈ થોડું જ મૂકી દેવાય ? પૃથ્વીને તે માતા માનતા. તેથી રોજ તેને વંદન કરી લેતા, ને ભૂલેચૂકે થયેલા અપરાધ બદલ તેની ક્ષમા માગતા. તેના પર પગ મૂકવાથી પણ તેને હાનિ થાય છે એમ તે માનતા હતા. પણ પગ મૂકીને ચાલ્યા વિના છૂટકો ક્યાં હતો ? તેથી તે રોજ પ્રાર્થના કરતા કે 'હે પૃથ્વી માતા, અમે તમને પગનો સ્પર્શ કરીને ચાલીએ છીએ તે માટે અમને માફ કરજો.'

**समुद्रवसने देवि, पर्वतस्तनमङ्ले ।**
**विष्णु पत्नि नमस्तुभ्यं पादस्पर्श क्षमस्व मे ॥**

કર્મમાં કોઈ ને કોઈ દોષ રહેલા છે, તેને જોઈને કર્મનો તિરસ્કાર કરવાની કે નિષ્કર્મમય બનવાની જરૂર નથી. બની શકે તો દોષ દૂર કરીને કર્મને પવિત્ર કરવાનો પ્રયાસ કરો. નહિ તો પછી દોષ અનિવાર્ય હોય, ટાળ્યો ટળે નહિ તેવો હોય ને તમારા તથા બીજાના હિતમાં મદદરૂપ હોય, તો તેને ચલાવી લો.

સહજ કર્મનું પાલન કરતાં કરતાં ધર્મવ્યાધ તરી ગયા. તે માંસ વેચવાનો ધંધો કરતાં ને પ્રભુનું સ્મરણ પણ કરતા. તેથી તેમનો ઉદ્ધાર થયો. કબીર વણકરનું કામ કરતાં. નામદેવ દરજી હતા. સદન કસાઈ ને મહારાષ્ટ્રના પ્રસિદ્ધ મહાપુરૂષ શ્રી જનાર્દન સ્વામી દૌલતાબાદના કિલ્લાના સંરક્ષક કે કિલ્લેદાર હતા. પોતપોતાના સ્વાભાવિક કર્મ ધર્મનું પાલન કરતા તે પાવન થઈ ગયા, એ પ્રસિદ્ધ જ છે. પ્રભુની કૃપા મેળવીને તે ધન્ય થઈ ગયા, ને તેમનો ઉદ્ધાર થયો. તેવી રીતે સ્વકર્મ ને સ્વધર્મ દ્વારા કોઈનો પણ ઉદ્ધાર થઈ શકે છે.

દમદાટી આપીને, પૈસા વગેરેનું પ્રલોભન બતાવીને કે બીજાના ધર્મની નિંદા ને પોતાના ધર્મની વધારે પડતી સ્તુતિ કરીને લોકોને ધર્મભ્રષ્ટ કરવાનું કામ જંગલી છે. બળજબરીથી ધર્મપરિવર્તન કરાવવાની પદ્ધતિ પણ હલકી છે. તેવી પદ્ધતિ આજે પણ ચાલી રહી છે. એ સુધરેલા કહેવાતા સમાજને માટે શરમજનક છે. તેનો અંત આવવો જોઈએ.

**[ ૨૩ ] ભગવાનનો આદેશ**

જીવનના મંગલ માટે જ્ઞાન, ભક્તિ, યોગ ને કર્મના ચારે માર્ગ સારા ને અકસીર છે. એકાંતમાં વાસ કરીને મન ને ઈન્દ્રિયોના સંયમ દ્વારા માણસ પોતાની અંદર રહેલા પરમાત્માનું દર્શન કરી શકે છે. પ્રેમ દ્વારા તે પરમાત્માને સાક્ષાત કરી શકે છે. જ્ઞાન દ્વારા તેમને સંસારના જડ ને ચેતન બધા પદાર્થોમાં અનુભવી શકે છે ને કર્મ કરીને હૃદયની શુદ્ધિ કરી તેમની કૃપાથી તેમની ઝાંખી કરી શકે છે. ચારે માર્ગ ઉત્તમ છે. તે સંબંધી મોટાં નાના વિવાદમાં ઉતરવાની જરૂર નથી. ભગવાને ચાર ઉત્તમ સાધનને તૈયાર કરીને સૌની સામે મૂકી દીધાં છે. તેમાંથી જેને જે યોગ્ય લાગે ને માફક આવે તેને ગ્રહણ કરી લે. તે માટે તે સ્વતંત્ર છે. અર્જુનને માટે

કયો માર્ગ સારો છે ? ભગવાને તેને બધા માર્ગની સમજ પૂરી પાડી છે. હવે તે આજ્ઞા કરે છે કે 'તું મારામાં મન રાખીને કર્મ કર, ને જે કરે તે મને અર્પણ કરી દે. તો તું શાંતિ ને ઉત્તમ ગતિને મેળવી શકીશ. તારે માટે આ સાર વાત છે. તે પ્રમાણે ચાલશે તો સુખી થશે, નહિ તો નાશ પામશે. તારો ઉદ્ધાર અશક્ય બની જશે. જડતા ને અહંકારને લીધે તું લડવાની ના કહેશે તો પણ લડ્યા વિના રહી શકશે નહિ. કેમ કે તારી પ્રકૃતિ જુદી છે. અધર્મ સામે લડવું એ તેનો સહજ ગુણ છે. માટે વધારે વિલંબ કરવાનો વિચાર છોડી દઈને ધનુષ્યબાણ ઉપાડી લે ને લડવા માટે તૈયાર થા, ખોટો વૈરાગ્ય ને શોક છોડી દે.'

એકલા અર્જુનને માટે જ નહિ, આપણે માટે પણ ભગવાનનો આદેશ ઉપયોગી છે. તે પ્રમાણે આપણે જરાય બડબડાટ વિના ઈશ્વરના હાથમાં હથિયાર બનીને આપણે ફાળે આવેલ કર્મ કરતા રહીએ.

**[ ૨૪ ] ઈશ્વર સૌના રક્ષક**

ભગવાન કહી રહ્યા છે કે 'હે અર્જુન, ઈશ્વર સૌ પ્રાણીના હૃદયમાં રહેલા છે તે વાત સાચી છે. સંસારમાં જે કાંઈ દેખાય છે કે અનુભવાય છે, તે બધું ઈશ્વરરૂપ છે. ઈશ્વર જ સંસારમાં વિવિધ સ્વરૂપોમાં પ્રકટ થઈને વિલસી રહ્યા છે. તેમના વિના બીજું કાંઈ છે જ નહિ. ફક્ત માણસે પોતાની દૃષ્ટિને ફેરવી દેવાની અથવા શુદ્ધ કરવાની જરૂર છે. તેમ થતાં ઈશ્વરનો સાક્ષાત્કાર તેને માટે સહજ થઈ જશે. ઈશ્વરને શોધવા તેણે વન, પર્વત કે જંગલમાં જવાની જરૂર નહિ રહે. તપશ્ચર્યા કરીને શરીરને કૃશ કરી દેવાની જરૂર પણ નહિ રહે. જેના જેના સંબંધમાં આવવાનું થાય તે બધાં ઈશ્વરનાં જ સ્વરૂપ છે એમ માનવાની ટેવ પાડવાની જરૂર છે. માતા-પિતા, ભાઈ-બેન, પતિ-પત્ની કે મિત્રના રૂપમાં જ પ્રભુ આપણા જીવનમાં આવે છે ને પ્રેમ કરે છે એમ સમજી તેમના પ્રેમની ઉપેક્ષા કરવાની ખોટી વૃત્તિને છોડી દેવી જોઈએ. તેમના પ્રેમને પૂજનીય માનવો જોઈએ. તે દ્વારા ઈશ્વરના પરમ પ્રેમનો બને તેટલો અનુભવ કરવો જોઈએ. તે ઉપરાંત, કુદરતના રૂપરંગમાં પણ ઈશ્વરની ઝાંખી કરતાં શીખવું જોઈએ. વિરાટ બ્રહ્માંડ ઈશ્વરની વિભૂતિ છે એમ અનુભવવું જોઈએ.

ઈશ્વર પર શ્રદ્ધા રાખીને પોતાને માટે નક્કી થયેલાં કર્મ કરતા રહેવાની જરૂર છે. જેણે ઈશ્વરનું શરણ લીધું છે તેણે પછી કોઈથી ડરવાની જરૂર નથી. ઈશ્વરના હાથમાં તેણે પોતાના જીવનની લગામ સોંપી દીધી છે એટલે તે નિર્ભય છે. ઈશ્વર જેને બચાવવા ધારે તેને કોણ મારી શકે તેમ છે ? કીડીથી માંડીને કુંજર સુધીના બધા જીવોની તે જ રક્ષા કરે છે. આ વાત નીકળી છે ત્યારે મને તાજેતરમાં બનેલો એક પ્રસંગ યાદ આવે છે. તે પ્રસંગ અહીંથી થોડેક દૂર પર્વતીય પ્રદેશમાં બનેલો છે. ત્યાંના ઘોર જંગલમાં એક ગાયનું બચ્ચું ચરી રહ્યું હતું. તેના પર એક વાઘે તરાપ મારી. બચ્ચું ખીણમાં હતું, ને વાઘ પર્વત પર હતો. વાઘે તરાપ મારી, પણ બચ્ચું નીચે બેસી ગયું, તેથી વાઘ નિશાન ચૂકીને જરા આગળ વધી ગયો. ત્યાં એક ભારે ઝરણું હતું. તે તેમાં પડી ગયો. પર્વતની ખીણમાં આવેલા એ ઝરણામાં વાઘ અટવાઈ ગયો. જમા થયેલું પાણી ખૂબ ઊંડું હતું, તેમાંથી બહાર નીકળવાનો ભગીરથ પ્રયાસ કરવા છતાં તે નિષ્ફળ ગયો. તેને તલમાત્ર પણ સફળતા ન મળી. આખરે તે થાકી ગયો ને હતાશ થયો.

બાજુમાં નરેન્દ્રનગર શહેર હતું. ત્યાંના પોલીસ આવી પહોંચ્યા. વાઘ પણ ચતુર હતો. તે આંખ મીંચીને પડી રહ્યો. તેણે સમજી લીધું કે હવે મોત નજીક આવ્યું, તથા પોલીસના રૂપમાં યમદૂતો જ આવી

પહોંચ્યા છે પણ પોલીસ પણ ક્યાં ઓછા ચતુર હતા ? તેમણે ખીણ પરથી એક મોટો પથ્થર નાખ્યો. તે વાઘ પર પડતાં જ તેણે આંખ ઉઘાડીને ઉપર જોયું. પછી તો શી વાર ? ઉપરા ઉપરી ગોળી છુટી, ને પોલીસના હાથે તે માર્યો ગયો. કેટલી યુક્તિ પ્રયુક્તિ કરીને પછી પોલીસે તેને બહાર કાઢ્યો. ગાયનું બચ્ચું બચી ગયું, ને જે અન્યને મારવા માટે તૈયાર થયો હતો તે પોતે જ મરી ગયો.

એટલે ઈશ્વર જેને બચાવવા ધારે છે તેને કોણ મારી શકે ? તેનો વાળ પણ કોણ વાંકો કરી શકે ? જેણે ઈશ્વરને પોતાના જીવનનું સુકાન સોંપી દીધું છે, તેને કોઈ ભય કે કોઈ ચિંતાથી ડરવાનું કારણ નથી. તેણે કોઈ કારણે મૂંઝાવાની, ગભરાવવાની કે હિંમત હારવાની જરૂર નથી, નિરાશ થવાથી ને દુઃખના ગુરુભારથી દબાઈને પોક મૂકીને રોવાની પણ જરૂર નથી. તેણે ઈશ્વરનું શરણ લીધું છે, એટલે ઈશ્વર તેની રક્ષા કરવા તૈયાર છે. તેને દુઃખી નહિ થવા દે, કલેશ ચિંતા ને પરિતાપમાં સપડાવવા નહિ દે, તેનું સર્વ પ્રકારે મંગલ કરશે. એવી શ્રદ્ધાથી તેણે સંસારમાં શ્વાસ લેવાનો છે. ઘરમાં કે વનમાં, વસ્તીમાં કે વિજનમાં, તેણે નિશ્ચિત રહેવાનું છે. ઈશ્વરની કૃપાથી તેને શાંતિ મળશે, ને પરમપદની પ્રાપ્તિ થશે. ઈશ્વરની છત્રછાયામાં રહીને તેણે કોઈપણ કારણથી કોઈપણ જાતનો શોક કરવાની જરૂર નથી. માતા પોતાના બાળક પર કેટલી બધી મમતા રાખે છે ! ઈશ્વરની મમતા તેથી જરા પણ ઓછી નથી. પોતાના પ્રેમી ભક્તો માટે તે બધું જ કરી છૂટે છે. એ વાતમાં ભક્તોએ શ્રદ્ધા રાખવી જોઈએ ને પ્રત્યેક પરિસ્થિતિમાં ઈશ્વરને ભજતા રહીને આનંદ માનવો જોઈએ.

**[ ૨૫ ] ગુહ્યમાં ગુહ્ય વાત**

આનું નામ ગુહ્ય જ્ઞાન. ગુહ્યમાં ગુહ્ય જ્ઞાનની વાત આ જ છે. તેનો ઉપસંહાર કરતાં ભગવાન કહે છે કે 'અર્જુન, તું મારો પ્રેમી ભક્ત છે. વળી સખા છે. તેથી તારી પાસે મારું હૃદય રસમય બનીને વહેવા માંડે છે. તેથી ગુહ્યમાં ગુહ્ય વાત પણ બહાર નીકળી પડે છે. મારા અનુભવનો અમુલ્ય ભંડાર હું તારી પાસે નહિ તો બીજા કોની પાસે ખોલવા તૈયાર થાઉં ? બીજો કોણ તેને માટે વધારે લાયક છે ? માટે જ મેં તારી આગળ ગુહ્ય જ્ઞાનની અનેક વાતો અત્યાર સુધી રજૂ કર્યા કરી છે. સૌથી વધારે ગુહ્ય જ્ઞાનની ગુરૂકુંચી, જે પોતાની ખાસ વિશ્વાસુ ને અંતરંગ વ્યક્તિના હાથમાં જ આપવામાં આવે તે, તારા હાથમાં આપી દઉં છું. તું મારામાં મનવાળો થા. મારો પ્રેમી અને ભક્ત થા. સંસારમાં રહીને મારાં ચરણોમાં તારું સર્વ સમર્પણ કરીને મારી પ્રસન્નતા માટે પ્રયાસ કર. બધામાં મારું દર્શન કરીને મને વંદન કર, ને તન, મન, વચન ને અંતરને મારાં જ પ્રેમરસથી પરિપ્લાવિત થઈ જવા દે. આટલું કર. પછી તું ગમે ત્યાં રહે ને ગમે તે કરે, પણ મારી પરિપૂર્ણ કૃપાનો અનુભવ કરી શકશે ને મને મેળવી લેશે એમાં સંદેહ નથી.'

દુઃખ, દળદર, અશાંતિ ને ચિંતામાં ડૂબેલા ને બંધનમાં જકડાયેલા માણસોને ભગવાનનો આ સંદેશ બહુ કામ લાગે તેવો છે. તેમણે જ્ઞાનની આ ગુહ્ય વાતને વિચારવાની છે. ભગવાને આપેલી આ ગુરૂકુંચીનો ઉપયોગ કરીને પોતાના દિલનાં દ્વાર ઊઘાડી નાંખવાના છે, ને જીવનનું કલ્યાણ કરવા કટિબદ્ધ થવાનું છે. આ ગુહ્યમાં ગુહ્ય વાતમાં ભગવાને ગીતાનો સાર સમાવી લીધો છે. તે સાર એટલો બધો મહત્વનો છે કે

ગીતાના સંગીતમાં ભગવાને તેને આ અધ્યાયને અંતે ફરીવાર રજૂ કર્યો છે. આપણે તેના પર વિચાર કરીએ ને તેનો લાભ ઊઠાવીએ.

તે સારના અનુસંધાનમાં ભગવાન કહે છે કે 'બધી ચિંતા, મૂંઝવણ, વ્યથા ને બધી જાતના વિચાર ને વિષાદનો ત્યાગ કરીને મારું શરણ લઈ લે. મારી પ્રેરણા ને મારી આજ્ઞા અનુસાર વર્તી લે. પાપ કે પુણ્યની ચિંતા ન કર, ને નફો તથા નુકશાનના વિચારમાં નિરર્થક અટવાયા ન કર. તું ગમે તેવો પાપી હોઈશ તો પણ મારું શરણ લઈશ ને મને પ્રેમ કરતો થઈશ, એટલે હું એક નિમીષમાત્રમાં જ તારો ઉદ્ધાર કરી દઈશ. મારામાં વિશ્વાસ રાખ. પછી તને કોઈ પણ જાતની ચિંતા કરવાનું કારણ નહિ રહે. મારામાં ભાવભક્તિ ને શ્રદ્ધા રાખ.'

ભગવાનના શબ્દો કેટલા સુંદર છે ! માણસના ઉદ્ધારના દસ્તાવેજ જેવા એવા શબ્દો બીજું કોણ ઉચ્ચારી શકે ? માણસના કલ્યાણની ગેરંટી આવી અકસીર રીતે ને દૃઢતાપૂર્વક તેમના વિના બીજું કોણ આપી શકે ? એવી શક્તિ બીજા કોનામાં છે ? આવી ચોક્કસ બાંહેધરી મળ્યા છતાં પણ જો ભગવાનનું શરણ લેવાની ઈચ્છા કોઈને ન થાય તો તેને મૂર્ખ નહિ તો બીજું શું કહેવું ? તેના ઉદ્ધારની આશા કેવી રીતે રાખી શકાય ? પોતાના ભાગ્યને તેણે પોતાના હાથે જ વિકૃત કર્યું છે, ને ફોડી નાખ્યું છે, એમ નહિ તો બીજું શું સમજવું ? તે ગમે તેટલો જ્ઞાની હોય તો પણ તેના જ્ઞાનને શું કરવું ? ગમે તેવો ધની કે વૈભવી હોય તો પણ તેના ધન ને વૈભવનું શું કરવું ? ઈશ્વરને ભૂલેલો ને ઈશ્વરના પ્રેમ વિનાનો માણસ ગમે તેટલો પંડિત, ચતુર કે પહેલવાન હોય તો પણ તેની પંડિતાઈ, ચતુરાઈ ને પહેલવાન વૃત્તિનું શું કરવું ? જેણે ઈશ્વરની આરાધના કરી ને ઈશ્વરનું શરણ લીધું તે જ સંસારમાં સૌથી મોટો ચતુર, ધનવાન, વિદ્વાન ને પહેલવાન છે, ને પ્રસંશનીય તથા પૂજ્ય પણ તે જ છે.

સર્વ ધર્મોનો ત્યાગ કરીને પોતાનું શરણ લેવાનો ભગવાને આપેલા ઉપદેશ બહુ અગત્યનો છે. એ ઉપદેશનો અર્થ એવો નથી કરવાનો કે માણસે હિંદુ, મુસ્લીમ, ખ્રીસ્તી કે બૌદ્ધ ધર્મ જેવા ધર્મનો ત્યાગ કરવો. ધર્મનો ત્યાગ નથી કરવાનો, પણ મન ને ઈન્દ્રિયોના ગુણધર્મનો ત્યાગ કરવાનો છે. તેમાં ફસાઈને મૂળ વાતને વિસરી જવાની નથી. વળી પ્રકૃતિના ગુણધર્મથી મુક્તિ મેળવાની છે. સત્વ, રજ ને તમ ત્રણે ગુણની પકડમાંથી છૂટવાનું છે. ત્રિગુણાતીત થવાનું છે. તેનો નિર્દેશ ભગવાને આ અગાઉ પણ કરી દીધો છે. એટલે સર્વ ધર્મનો અર્થ સર્વ ગુણધર્મ કરવાનો છે. ધર્મનો ત્યાગ કરવાથી તો માણસનું પતન જ થાય, માટે તેવા ત્યાગની તો કલ્પના પણ કરવાની નથી.

ધર્મનો ત્યાગ કરવાની વાત શ્રીમદ્‌ભાગવતમાં પણ આવે છે. પણ જરા જુદી રીતે. ભાગવતના માહાત્મયમાં ત્રીજા અધ્યાયમાં ગોકર્ણે પોતાના પિતાને આપેલો ઉપદેશ છે. તે ઉપદેશને યાદ કરવાથી આ વાત સમજાઈ જશે. જુઓ તે શું કહે છે :–

धर्मं भजस्व सततं त्यज लोकधर्मात्,
सेवस्य साधुपुरूषांजहि कामतृष्णाम् ।
अन्स्य दोषगुणचिंतनमाशु मुकत्वा,
सेवाकथारसमहो नितरां पिब त्वम् ॥

લોકલાજ ને લૌકિક ધર્મોનો ત્યાગ કરીને જીવનને ઉજ્જવલ કરનારા સનાતન ધર્મનું પાલન કરો. સંતપુરૂષોનો સમાગમ કરો. કામના ને તૃષ્ણાને છોડી દો. બીજાના ગુણદોષનો વિચાર મૂકી દઈને પ્રભુની સેવાપૂજા ને કથાવાર્તાના રસનું પાન કરો. તે જ કલ્યાણકારક છે.

એ ઉપદેશવચનમાં જીવનના ઉદ્ધારનું રહસ્ય સમાઈ જાય છે. જીવનને ઉજ્જવલ કરવા માટે આવશ્યક એવી વાતોનો તેમાં સમાવેશ થાય છે. તે પ્રમાણે ચાલવાથી કોઈપણ કૃતાર્થ થઈ શકે છે. તેમાં લૌકિક ધર્મોનો ત્યાગ કરવાની વાત કરી છે. તેને સમજવા માટે ગોપીઓના જીવનને લઈ શકાય. પ્રભુના પ્રેમને માટે તેણે કુળ કે લોકની મર્યાદાનો ત્યાગ કરી દીધો. કહો કે તેમનાથી તેનો સહજ ત્યાગ થઈ ગયો. લોકલાજનો વિચાર તેમના માર્ગની વચ્ચે આવી શક્યો નહિ. તે માટે ભગવાન પોતે પોતાના શ્રીમુખે તેમના વખાણ કર્યા છે.

એટલે ધર્મ ને અધર્મની ચિંતા મૂકી દઈને માણસે એક ઈશ્વરનું શરણ લેવું જોઈએ. સર્વ પ્રકારનો ભય છોડી દઈને એક ઈશ્વરની કૃપાના ચાતક બનવું જોઈએ. માનવજીવન એટલા માટે જ મળેલું છે, તે તેણે ભૂલવું ન જોઈએ. ભગવાને આપેલા ઉપદેશના છેલ્લા શબ્દો તેણે અંતરના અંતરતમમાં લખી રાખવા જોઈએ ને તે પ્રમાણે જીવનનું ઘડતર કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

### [ ૨૬ ] અધિકારની વાત

ભગવાન કહે છે કે જ્ઞાનનો આ ઉપદેશ જે ભક્ત કે તપસ્વી ન હોય, તેને આપવાની જરૂર નથી. ગીતાનું આ સુમધુર સંગીત જેની ઈચ્છા તેને સાંભળવાની ના હોય અથવા જે મારી ઈર્ષા ને નિંદા કરનારો હોય, તેને સંભળાવવાની જરૂર નથી. એનું કારણ કોઈ એવું ન માની લે કે ગીતા કોઈ અમુક ખાસ વર્ગનો જ ગ્રંથ છે, ને કોઈ ખાસ વર્ગ તરફ પક્ષપાત કરીને તૈયાર થયો છે. તે તો સારા સંસારની મિલકત છે. સમસ્ત માનવજાતિની તે મૂડી છે, આપણે તો ત્યાં સુધી કહેવા તૈયાર છીએ કે જડ ને ચેતન બધાં જ —પશુ, પક્ષી ને વનસ્પતિ પણ તેનો લાભ ઊઠાવી શક્તાં હોય તો ભલે ઊઠાવે. તેમનો પણ તેના પર અબાધિત અધિકાર છે. છતાં ભગવાનના શબ્દો આપણને સાવધાન કરવા માટે છે તેની ના નહિ. ગીતા જેવા મહાન ગ્રંથને વાંચવા તથા સાંભળવા માટે કેવા અધિકારની જરૂર છે, તેનો તેમાં સંકેત છે. તેને ધ્યાનમાં લઈને ગીતાના પ્રેમીએ પોતાની અંદરથી ઈર્ષા ને દ્વેષ જેવા દુર્ગુણોને દૂર કરીને તપસ્વી તથા ભક્ત થવાનો પ્રયાસ કરવો જોઈએ. ગીતાના શ્રવણ, મનન ને આચરણથી મોટો લાભ થાય છે. જે તેનું અધ્યયન કરે છે તે મોટો યજ્ઞ કરે છે એમ સમજી લેવું. એ યજ્ઞની તોલે બીજો કયો યજ્ઞ આવી શકે તેમ છે ?

### [ ૨૭ ] ગીતાની અસર

ઉપદેશની આટલી વાત પૂરી કરીને ભગવાન પૂછે છે કે 'હે અર્જુન, મારી વાત ધ્યાનમાં રાખીને તેં સાંભળી તો ખરી ને ? રણમેદાનમાં વિવિધ વાતાવરણ વચ્ચે શાંતિપૂર્વક ઊભા રહીને તારો મોહ દૂર કરવા માટે મેં જે ઉપદેશ આપ્યો તે તેં ધ્યાનપૂર્વક સાંભળ્યો તો ખરો ને ? તેથી તારો અજ્ઞાનને લીધે ઉત્પન્ન થયેલો મોહ દૂર થયો કે નહિ ? મારા અત્યાર સુધીના શબ્દોથી શું તારો શોક ટળી ગયો ? કે પછી મારો

બધો પ્રયાસ નકામો જ ગયો ? કથામાં બેઠેલા કેટલાક શ્રોતાજનો જેમ કથાની વાતને એક કાને સાંભળીને બીજા કાનેથી કાઢી નાખે છે, તેમ તેં મારી વાતને સાંભળીને કાઢી તો નથી ને ?'

અર્જુન ઉત્તર આપતાં ગળગળો થઈને બોલી ઊઠે છે કે 'પ્રભુ ! એ શું બોલ્યા ? વેદ, પુરાણ ને ઉપનિષદો લખાયાં પણ ક્યાંય જ્ઞાનામૃતની આવી પતિતપાવની ને શોકવિદારણી ગંગા દેખાય છે ખરી ? ઉપદેશની આવી અમર વાણી બીજે ક્યાં દેખાય છે ? આવું સનાતન ને સ્વર્ગીય સંગીત શું ક્યાંય પણ સાંભળવામાં આવી શકે છે ? વળી આ સંગીતના સ્વરકાર તો તમે છો. તમે, પરમાત્મા પોતે, આના જનક છો. પછી મારો તો શું પણ કોઈનો પણ મોહ શું તેની આગળ ટકી શકે ? તેની સામે શું કોઈનો પણ વિષાદ ટકી શકે ? કોઈનું પણ અજ્ઞાન શું તેની આગળ કાયમ રહી શકે ? મારો મોહ ખરેખર દૂર થઈ ગયો છે. ભૂલાઈ ગયેલું જ્ઞાન ફરી તાજુ થયું છે. મારી શંકા ટળી ગઈ છે. તમારી કૃપાથી મને નવજીવનની પ્રાપ્તિ થઈ છે. તમારી આજ્ઞાનુસાર વર્તવા માટે હવે હું સંપૂર્ણપણે તૈયાર છું. તમારાં મધુથીયે મધુર વચન સાંભળીને હું ધન્ય થઈ ગયો છું. માર્ગ ભૂલેલાને ફરી પાછો માર્ગ મળી ગયો છે. અંધને જાણે આંખ મળી છે. તરસથી આકુળવ્યાકુળ થયેલા પ્રવાસીને અમૃત જેવું મીઠું ને આનંદ આપનારું પાણી મળ્યું છે. ભૂખ્યાને ભોજન મળ્યું છે. એવું ભોજન મળ્યું છે જે તેની ભૂખને કાયમને માટે મટાડી દે, ને જેનો રસ કદીપણ ખૂટે નહિ. આ બધું તમારા પ્રતાપથી જ થયું છે. હું તો મરણપથારીએ પડ્યો હતો. તમે ન હોત તો મારી અંદર પ્રાણસંચાર કોણ કરત ? તમે તો મારાં માતાપિતા છો. તમે મારા પર ઉપકાર કર્યો છે. તેનો વિચાર કરીને હું ગદ્ગદ્ થઈ જાઉં છું. તમારા ઉપકારનો બદલો મારાથી કોઈ રીતે વાળી શકાય તેમ નથી. મારો તો નવો જ અવતાર થઈ ગયો છે. તમારી આ કૃપા બદલ તમારા ચરણોમાં મારા કોટિ કોટિ પ્રણામ છે ! વારંવાર પ્રણામ છે !

જોયું ? ગીતાના સંગીતની શરૂઆતમાં ને અત્યારે, હવે છેવટે, અર્જુનની અવસ્થામાં કેટલો બધો ફેર પડી ગયો છે ? ગીતાના શાબ્દિક સંગીતની શક્તિ વિશે તમે તે પરથી વિચાર કરી લેજો. અર્જુનની જેમ જે માણસ એ સંગીતનો સ્વાદ લેશે તે ધન્ય બની જશે, ને તેનો નવો અવતાર થશે, એમાં કોઈ સંદેહ છે ? હવે તમે વિચાર કરો કે ગીતાને મહાન કેમ કહેવામાં આવે છે, ને આટલા બધા આદરની દૃષ્ટિથી શા માટે જોવામાં આવે છે ! ધર્મ ને તત્વજ્ઞાનનો એ સાર છે. ઉત્તમ જીવનના આદર્શનો નીચોડ છે. જીવનની સાધનાનું એમાં સરવૈયું છે. એ એક ધર્મગ્રંથનું શરણ લો તો બીજા કોઈ પણ ગ્રંથની જરૂર રહે નહિ. અર્જુનની જેમ તેના મનનથી કોઈ પણ માનવને જ્ઞાન, શાંતિ, સ્મૃતિ ને નવજીવન મળી રહે.

વ્યાસની કૃપાથી યુદ્ધભૂમિથી દૂર રહીને આ બધી લીલા જોઈ રહેલા સંજય પર ગીતાની અસર કેટલી અલૌકિક થઈ ગઈ છે ! માણસ નદીનું મીઠું નીર મળતાં ખોબે ખોબે પીવા માંડે, તેમ તે આંખ ને કાન દ્વારા ભગવાનના જ્ઞાનરસનું પાન કરે છે. તેનું જીવન પણ અર્જુનના જીવનની જેમ કૃતાર્થ થઈ ગયું છે. શરીર શાંત થયું છે. મનની પ્રસન્નતા માતી નથી ને શું બોલવું તે સૂઝતું કે સમજાતું નથી. ધન્યતાના અનુભવને લીધે અંતર આનંદમાં ડૂબી ગયું છે ને તેનો આનંદ અવારનવાર આંખોમાંથી ટપક્યા કરે છે. તેનું શરીર જાણે નવું થયું છે. ભગવાન ને અર્જુનના સંવાદને સંભારીને તે વારંવાર પ્રસન્નતાનો અનુભવ કરે છે. ભગવાનના સુંદર સ્વરૂપને સંભારીને તે રોમાંચિત બને છે.

શું આપણી દશા પણ કૈંક અંશે આવી થઈ છે ખરી કે ? શું આપણને પણ શાંતિ, સ્મૃતિ ને પ્રસન્નતાની પ્રાપ્તિ થઈ ગઈ છે ? તો તો સમજી લેવું કે આપણો પ્રયાસ સફળ થયો. ભગવાનને પ્રેમ કરવાથી ને તેમનું શરણ લેવાથી જ જીવન સુખી બનશે, ને વૈભવ ને શ્રીથી સંપન્ન થઈ શકશે એ વાત આપણે સદા યાદ રાખીએ.

**[ ૨૮ ] પ્રણામ અને પૂર્ણાહુતિ**

છેલ્લે એકવાર ફરીથી આપણે ગીતાના ગાનાર ને ગુંથનાર ભગવાન શ્રીકૃષ્ણ ને મહર્ષિ વ્યાસને વંદન કરીએ ! ભગવાનની પરમ કૃપાના અધિકારી અર્જુનને વંદન કરીએ ને આજ સુધી જેમણે ગીતા પર ટીકા કરી છે કે કાંઈપણ કામનું લખ્યું છે તે ગીતાપ્રેમી સ્ત્રીપુરૂષોને પણ વંદન કરીએ. જે ભૂમિમાં આ ગીતાના સંગીતના વિચારની શરૂઆત ને પૂર્ણાહૂતિ થઈ તે હિમાલયની પતિત પાવન ભૂમિને ને તેના ગૌરવ જેવી ગંગાને વંદન કરીએ, ને સાથે સાથે મારી સાથે રહેતા ને જ્ઞાનામૃતનું પાન કરતાં જગદંબા સ્વરૂપ માતાજીને વંદન કરીએ. કેમકે એમણે મારી સર્વ પ્રકારે સેવા કરીને આજે વરસોથી મારી સાધનામાં સહાયતા કરી છે, ને આ ભગીરથ કામને પૂરું કરવાનો વખત મેળવવામાં પણ મદદ પહોંચાડી છે. તેમની સેવા પણ ઓછી નથી. જેની કૃપાથી મારા જીવનની પ્રત્યેક ક્રિયા થઈ રહી છે તે જગદંબાને તો ભૂલાય જ કેમ ? આ કામ તેની કૃપાનું જ ફળ છે— કહો કે તેનું જ કામ છે. તેના ચરણોમાં પણ મારા કોટિકોટી પ્રણામ છે ! તેની કૃપા નિરંતર વરસ્યા કરે ને જીવનને કૃતાર્થ કરે, તથા ભૂલેચૂકે પણ મનમાં કદી મોહ કે અજ્ઞાન ન ઉઠે એવી પ્રાર્થના છે. આશા છે કે તે જરૂર સાંભળશે.

બે દિવસથી વરસાદ પુષ્કળ પ્રમાણમાં પડ્યા કરે છે. તેને રાતનો વખત વધારે પસંદ હોય તેમ લાગે છે. ગરમીનું પ્રમાણ વધારે હતું, પણ વરસાદને લીધે હવે ઠંડક થઈ ગઈ છે. વાતાવરણ ખૂબ આનંદમય બની ગયું છે. હરિયાળીથી ભરેલા પર્વતો આંખ ને અંતરને અમીમય કરી દે છે. ગંગામાતા પણ નિર્મલ થઈ ગયા છે, ને પ્રસન્નતાથી વહ્યા કરે છે. વર્ષાઋતુએ બધો દેખાવ બદલી નાખ્યો છે. તે રીતે ભગવાનના પ્રેમની વર્ષા જેવા ગીતાના સંગીતે પણ મારા હૃદયને રસાળ કરી દીધું છે, ને જીવનને અમીમય કર્યું છે. એ સંગીતનો સ્વાદ લેવા સૌ કોઈ તૈયાર થાય એમ ઈચ્છું છું. અર્જુનની જેમ જગતના બધા જ જીવો પ્રભુનો પ્રેમપ્રસાદ પ્રાપ્ત કરીને દુઃખ, દર્દ, શોક, મોહ, બંધન અને અજ્ઞાનથી મુક્તિ મેળવે, ને જગત એવી રીતે અમૃતમય બને એમ ઈચ્છું છું.

છેલ્લે છેલ્લે એક બીજી વાત કરી લઈએ. ગીતાના ૭૦૦ શ્લોક છે. તેમાં કોઈ શ્લોક નકામો નથી. કોઈની કિંમત ઓછી છે એમ પણ નહિ. ખરી રીતે તો એકેક શ્લોક એકેક મંત્ર જેવો છે. તેમાં જીવનને ઉજ્જવલ કરવાની સંપૂર્ણ શક્તિ છે. એકેક શ્લોકમાં એકેક સંહિતા સમાયેલી છે. છતાં ગીતાના રહસ્યને રજૂ કરનારા ચાર શ્લોકો યાદ કરવા હોય તો આપણે આ પ્રમાણે યાદ કરી શકીએ :–

(૧) एवमुकत्वार्जुनः संख्ये रथोपस्य उपाविसत् ।
विसृज्य सशरं चापं शोकसंविरनमानसः ॥

(૨) अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च मास ।

गतासूनगतासूंश्च नानुशोचंति पण्डिताः ॥

(३) नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसदान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसन्देह करिष्ये वचनं तव ॥


(४) यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो घनुर्धर ।
तत्र श्रीविजयो भूतिर्धुवा नीतिर्मतिर्मम ॥

ચારને બદલે ત્રણ શ્લોકો યાદ કરવા હોય તો પહેલો શ્લોક છોડી દેવાય. બે શ્લોક યાદ કરવા હોય તો પહેલા બે શ્લોક છોડી દેવાય અને એક જ શ્લોકમાં ગીતાના સાતસો શ્લોકના રહસ્યને રજૂ કરવું હોય, ને ગીતાના ઉપદેશનો સાર એક જ શ્લોકમાં સમાવી લેવો હોય, તો પહેલા ત્રણે શ્લોક છોડી દેવાય ને કેવલ છેલ્લો ચોથો શ્લોક યાદ કરાય.


ગીતાના સનાતન અને સુમધુર સંગીતને સુણવાની ને જીવનમાં ઉતારવાની કે ઝીલવાની પ્રભુ સૌને શક્તિ આપો અને અર્જુનની જેમ સૌ શોક અને મોહથી મુક્તિ મેળવો એવી પ્રાર્થના સાથે સર્વેશ્વર પ્રભુને વારંવાર વંદન કરીને આ વિચારણા પૂરી કરીશું.

☼ ☼ ☼

**(સમાપ્ત)**



## About the Author



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

# શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

*